અર્વાચીન તેમજ પ્રાચીન ઉત્કૃષ્ટ આરાધક રત્નોના આશ્ચર્યપ્રદ, પ્રેરણાપ્રદ દ્રષ્ટાંતોનો અમૂલ્ય ખજાનો

# બહુરત્ના વસુંધરા



ચાલો અનુમોદના કરીએ-પ્રેરણા લઈએ

ભાગ : ૧-૨-૩-૪

ગણિ મહોદયસાગર

# "બહુરત્ના વસુંધરા"

## 'ચાલો, અનુમોદના કરીએ/ પ્રેરણા લઈએ.'

**વિભાગ - ૧**

[જન્મથી અજૈન પરંતુ આચરણથી વિશિષ્ટ જૈન હોય તેવા વર્તમાનકાલીન આરાધકરત્નોના અનુમોદનીય પ્રેરક દૃષ્ટાંતોનો સંગ્રહ]


**સંયોજક - સંપાદક**

અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના વિનેય
આગમાભ્યાસી પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.



**પ્રકાશક**

શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ
૧૦૨, લક્ષ્મી એપાર્ટમેન્ટ
૨૦૬, ડૉ. એની બેસન્ટ રોડ
વરલી નાકા, મુંબઈ - ૪૦૦૦૧૮

**પ્રાપ્તિ સ્થાન :**

(૧) કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ
૧૦૨, લક્ષ્મી એપાર્ટમેન્ટ, ૨૦૬, ડૉ. એનીબેસન્ટ રોડ,
**વરલી નાકા, મુંબઈ** - ૪૦૦૦૧૮ ફોન: ૪૯૪૩૯૪૨,૪૯૩૬૨૬૬

(૨) ૭૨ જિનાલય ઓફિસ
૨૧, કેશવજી નાયક રોડ, **ભાત બજાર, મુંબઈ** ૪૦૦૦૦૯
ફોન : ૩૭૬૧૭૩૯, ૩૭૬૦૪૭૧

(૩) ડૉ. રતિલાલભાઈ વોરા
શાંતિ ક્લિનીક, ઈલોરા શોપિંગ સેન્ટર સામે,
દફતરી રોડ, **મલાડ(ઈસ્ટ)**, મુંબઈ - ૪૦૦૦૯૭

(૪) દીપકભાઈ ગાલા
**૭૨ જિનાલય મહાતીર્થ**, ગુણનગર, પો. તલવાણા, તા.માંડવી (કચ્છ)
પીન : ૩૭૦૪૬૫

(૫) સુઘોષા કાર્યાલય
તળેટીરોડ, **પાલીતાણા**(સૌરાષ્ટ્ર)

(૬) પાર્શ્વનાથ ઉપકરણ ભંડાર
એસ.ટી.સ્ટેન્ડ પાસે, **શંખેશ્વર તીર્થ** (ગુજરાત)

(૭) બરોડા ફેમીલી સેન્ટર
રાવપુરા, **વડોદરા** - ૩૯૦૦૦૧. ફોન: ૪૨૨૯૭૫

(૮) લક્ષ્મીચંદભાઈ શામજીભાઈ છેડા
૧૫,સ્વપ્નલોક, લો ગાર્ડન પાસે, ૬૫૯૫૫૨૫
એલીસબ્રીજ, **અમદાવાદ** - ૩૮૦૦૦૬. ફોન : ~~૪૬૯૫૨૨૫~~


પ્રથમ આવૃત્તિ સંવત-૨૦૫૨ નકલ : ૫૦૦૦

[redacted]

**મુદ્રણ સહયોગ**
કહાન પબ્લીકેશ[redacted]
૩૫, શ્રીજી કોમ્પ[redacted]
ફોન નં. ૬૫૭૬૨૮૫

**મુદ્રક**
સાહિત્ય મુદ્રણાલય
સીટી મીલ કંપાઉન્ડ
અમદાવાદ-૩૮૦૦૨૨

સિધ્ધાચલ શણગાર



શ્રી આદિનાથ ભગવાન

ગિરનાર મહાતીર્થ મંડન



શ્રી નેમિનાથ ભગવાન



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી

નમો અરિહંતાણં



વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી

# નમ્ર વિનંતિ

સુજ્ઞ વાચક વૃંદને નમ્ર વિનંતિ કે આ પુસ્તકમાં રજૂ થયેલ છે તેવા જન્મે અજૈન પરંતુ આચરણથી જૈન હોય તેવા હજી પણ બીજા દૃષ્ટાંતો આપના ખ્યાલમાં હોય તો વ્યવસ્થિત રીતે નામ-ઠામ સહિત લખીને શીઘ્ર નીચેના સરનામે મોકલાવવા જેથી દ્વિતીયાવૃત્તિમાં તેમનો પણ સમાવેશ થઈ શકે.

તેવી જ રીતે વિશિષ્ટ કોટિના આરાધક [**Extra ordinary**] વર્તમાન કાલીન શ્રાવક-શ્રાવિકાઓના દૃષ્ટાંત તેમજ અસાધારણ કોટિના આરાધક સાધુ - સાધ્વીજી ભગવંતોના દૃષ્ટાંત પણ લખી મોકલાવવા. જેથી આ પુસ્તકના બીજા - ત્રીજા ભાગમાં તેમનો પણ સમાવેશ કરી શકાય.

દૃષ્ટાંત મોકલવાનું સરનામું

પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા.
C/O શા ધીરજલાલ આણંદજી રાંભીયા,
ચિત્રકૂટ સોસાયટી, સેક્ટર નં-૨,
પ્લોટ નં. ૧૧૦, બંગલા નં. ૯
ગાંધીધામ - કચ્છ પીનઃ ૩૭૦૨૦૧

પ્રકાશક

# સાદર સમર્પણ

ગુજરાતી તથા સંસ્કૃતમાં પ્રભુ ભક્તિમય સેંકડો સ્તવન-સ્તુતિ-ચૈત્યવંદન પૂજાઓ વિગેરે ભાવવાહી ભક્તિ સાહિત્યની તથા સંસ્કૃતમાં ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, સમરાદિત્યકેવલી ચરિત્ર, શ્રીપાલ ચરિત્ર, દ્વાદશપર્વ કથા, આદિ ગ્રંથોની રચના કરનાર,.....

મુંબઈથી શિખરજી તથા શિખરજીથી પાલિતાણા જેવા મહાન ઐતિહાસિક છ'રી પાલક સંઘોની પ્રેરણા તથા નિશ્રા દ્વારા પ્રભુ શાસનની અદ્ભુત પ્રભાવના કરનાર!...

૭૨ જિનાલય મહાતીર્થ, ૨૦ જિનાલય આદિ અનેક જિનમંદિરોની પ્રેરણા અંજનશલાકા પ્રતિષ્ઠા દ્વારા લાખો આત્માઓને પ્રભુ સાથે પ્રીત બાંધવામાં સહાયક આલંબનો પૂરા પાડનાર......

જૈફ વયે પણ દરરોજ શ્રીઅરિહંત પરમાત્મા આદિ પંચ પરમેષ્ઠી ભગવંતોને ૧૦૮ ખમાસમણ આપનાર....!

મારા જેવા અનેક આત્માઓને સંસારની કેડીએથી સંયમના પુનિત પંથે પ્રસ્થાન કરાવનાર....!

તપ-ત્યાગ, તિતિક્ષા, ક્ષમા, સમતા, નમ્રતા, સહનશીલતા, ભદ્રિકતા, અપ્રમત્તતા, સાદગી વિગેરે અગણિત ગુણરત્નોના મહાસાગર તથા સદ્ગુણાનુરાગી, યથાર્થનામી,.......

અનંત ઉપકારી, ભવોદધિતારક, વાત્સલ્ય વારિધિ, શાસન સમ્રાટ, ભારતદિવાકર, તપોનિધિ **અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરુદેવ**

**આચાર્ય ભગવંત શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના ચરણોમાં સાદર સવિનય સમર્પણ**

ગુરુગુણચરણરજ

**ગણિ મહોદયસાગર**

(ગુણબાલ)

✠ ✠ ✠



સાદર સમર્પણ

## ઋણ સ્વીકાર - સાદર સ્મૃતિ

(૧) અનંત ઉપકારી, ભવોદધિતારક, વાત્સલ્ય વારિધિ, સચ્ચારિત્ર ચૂડામણિ, અનન્ય પ્રભુભક્ત, શાસન સમ્રાટ, ભારત દિવાકર, તીર્થપ્રભાવક, દિવ્યકૃપાદાતા, **અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

(૨) સળંગ ૨૬મા વર્ષીતપના આરાધક, શુભાશિષદાતા, વર્તમાન અચલગચ્છાધિપતિ, **તપસ્વીરત્ન, પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** .......

(૩) સૂરિમંત્રપંચ પ્રસ્થાન સમારાધક, સાહિત્ય દિવાકર, **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** ......

(૪) લેખન આદિ શુભ પ્રવૃતિઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રુપે સહાયક બનતા વિનીત શિષ્ય - પ્રશિષ્યો, તેજસ્વી વક્તા **મુનિરાજ શ્રી દેવરત્નસાગરજી**, સ્વાધ્યાય પ્રેમી **મુનિરાજ શ્રી ધર્મરત્નસાગરજી**, તપસ્વી મુનિરાજ **શ્રી કંચનસાગરજી**, સેવાભાવી **મુનિરાજશ્રી અભ્યુદયસાગરજી** તથા નૂતન **મુનિરાજશ્રી ભક્તિરત્નસાગરજી**..

(૫) રત્નત્રયીની આરાધનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહાયક બનતા તમામ ગુરુબંધુઓ, નાના - મોટા મુનિવરો, નામી-અનામી સર્વે શુભેચ્છકો, હિતચિંતકો આદિ....

(૬) મુમુક્ષુ અવસ્થામાં ૫વર્ષ પર્યંત સંસ્કૃત પ્રાકૃત વ્યાકરણ, ન્યાય, કાવ્ય, ષટ્દર્શન આદિનો સુંદર રીતે અભ્યાસ કરાવનાર **પંડિત શિરોમણિ શ્રી હરિનારાયણ મિશ્ર**(વ્યા. ન્યા. વેદાંતાચાર્ય)

આદિ અગણિત ઉપકારી આત્માઓનું સાદર સ્મરણ કરતાં ગૌરવ તથા આનંદ અનુભવું છું.!....

- **ગણિ મહોદયસાગર**

## સુકૃતના સહયોગી દાતાઓની હાર્દિક અનુમોદના

(૧) **સ્વ. સંઘવી શ્રેષ્ઠીવર્યશ્રી મૂળજીભાઈ ચાંપશી સાવલા**:- સુદેવ સુગુરૂ સુધર્મ પ્રત્યે અપાર ભક્તિ, શ્રી જિનશાસન પ્રત્યે અવિહડ શ્રધ્ધા, શ્રીભગવતી સૂત્રાદિ જિનાગમો વિષેના પ્રવચન શ્રવણની અનન્ય જિજ્ઞાસા, અનેક ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં વહેવડાવેલી દાનની ગંગા વિગેરે દ્વારા જીવનને જીવી જાણ્યું તેવીજ રીતે કેન્સર જેવા અસાધ્ય દર્દને પણ પરલોકની તૈયારી માટે અગાઉથી નોટીસ આપનાર તરીકે ઉપકારક માનીને હસતાં હસતાં, નવકાર ગણતાં સમાધિમૃત્યુને આપે માણી પણ જાણ્યું. આપની પ્રથમ પુણ્યાતિથિ નિમિત્તે આપના પરિવાર તરફથી પ્રસ્તુત પ્રકાશનમાં મળેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

(૨) **સ્વ. નરેન્દ્રભાઈ વીરજી દેઢિયા** :- ભુજપુર ગામના તેજસ્વીરત્ન તથા સ્વાધ્યાય પ્રેમી **મુનિરાજશ્રી ધર્મરત્નસાગરજી** મ.સા.ના સંસારપક્ષે વડિલબંધુ, સુદેવ-સુગુરૂ-સુધર્મ પ્રત્યે અત્યંત બહુમાન ધરાવનાર, સૌજન્યશીલતા નિખાલસતા, નિઃસ્વાર્થ પરોપકાર, ગુપ્તદાનં વિગેરે સદ્‌ગુણોને કારણે આજે પણ લોકહ્રદયમાં જીવંત, ધાર્મિક કે વ્યાવહારિક નાના મોટા કાર્યોમાં ઉદારરીતે લાભ લેનાર, ૪૨ વર્ષની વયે હાર્ટએટેકના કારણે એક મહિના સુધી હોસ્પીટલમાં પણ ધર્મધ્યાનપૂર્વક પરલોકવાસી બનેલા એવા આપની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે આપના પરિવાર તરફથી આ પ્રકાશનમાં મળેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

(૩) **સંઘમાતા હંસાબેન આણંદજી રાંભિયા** :- સંયમના પંથે પ્રયાણ કરવા ઈચ્છતા આપના પતિદેવ(હાલ તપસ્વી **મુનિરાજશ્રી અભ્યુદયસાગરજી મ.સા.**)ને સમજપૂર્વક સહર્ષ સંમતિ આપીને તથા અનેક સાધર્મિકોને શ્રી સિધ્ધાચલજી આદિ તીર્થોની યાત્રા કરાવવા વિગેરે દ્વારા આપશ્રીએ મહાન સુકૃત ઉપાર્જન કરેલ છે.હવે બાકીની જિંદગીમાં સ્વ-સ્વરૂપની અનુભૂતિ એ જ આપનું મુખ્ય લક્ષ્ય રહયું છે. આપના એ લક્ષ્યને શીઘ્ર પ્રાપ્ત કરો એવી શાસનદેવને હાર્દિક પ્રાર્થના સાથે 'બહુરત્ના વસુંધરા' ના પ્રકાશનમાં આપેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના

(૪) **સંઘમાતા મણિબેન રામજી શાહ**:- શ્રી જિનબિંબ માટે હીરાજડિત રત્નની ટીલડી તથા ચક્ષુ વિગેરે ભરાવવા માટે સદૈવ તૈયાર રહેનાર, શત્રુંજય મહાતીર્થની સામૂહિક ૯૯ યાત્રાના આયોજનમાં સંઘમાતા બનીને લાભ લેનાર, પ્રાયઃ નિયમિત બ્યાસણા વિગેરે તપ-ત્યાગ ભક્તિ તથા અનેકવિધ આરાધનામય જીવન જીવતા એવા આપનું મુખ્ય લક્ષ્ય નિશ્ચયથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ રહયું છે. આપના લક્ષ્યને શીઘ્ર પ્રાપ્ત કરનારા બનો એવી અરિહંત પરમાત્માને હાર્દિક પ્રાર્થના. પૂ.ગણિવર્યશ્રી મહોદય સાગરજી મ.સા.ની પ્રેરણાથી પ્રસ્તુત પ્રકાશનમાં આપેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

સ્વ. સંઘવીશ્રી મૂળજીભાઈ ચાંપશી સાવલા
કચ્છ - નાની તુંબડી (ખેડાવાલા)



હસ્તે સંઘમાતા લક્ષ્મીબેન મૂળજીભાઈ સાવલા
શાંતિલાલભાઈ મૂળજી સાવલા
મુકેશભાઈ મૂળજી સાવલા સપરિવાર

સ્વ. નરેન્દ્રભાઈ વીરજી વેરશીં દેઢિયા
કચ્છ - ભુજપુર (મલાડ)



હસ્તે વીરજીભાઈ વેરશીં દેઢિયા
હંસાબેન વીરજી દેઢિયા
નીતાબેન નરેન્દ્રભાઈ દેંઢિયા સપરિવાર

સંઘમાતા હંસાબેન આણંદજી રાંભીયા
કચ્છ - મેરાઉ (હાલ દહીસર)



હસ્તે સુપુત્રો ધીરજભાઈ આણંદજી
ડુંગરશીભાઈ આણંદજી
ઉલ્લાસભાઈ આણંદજી સપરિવાર

સંઘમાતા મણિબાઈ રામજી વેલજીશાહ
કચ્છ-બિદડા (હાલ મદુરાઈ)



હસ્તે સુપુત્રો રમણિકભાઈ રામજી શાહ
હેમંતભાઈ રામજી શાહ સપરિવાર

# જરા થોભો.....વાંચો અને આગળ વધો. ...

**(સંપાદકીય)**

વિ.સં.૨૦૪૮-૨૦૪૯માં અમને ચાતુર્માસમાં તેમજ ગુજરાતમાં વિહાર દરમ્યાન કેટલાક જન્મથી અજૈન પરંતુ આચરણથી સવાયા જૈન હોય એવા વિશિષ્ટ કોટિના આરાધક આત્માઓનો પરિચય થતો રહ્યો કે જેમને યાદ કરતાં અહોભાવ ઉત્પન્ન થાય તથા જેમનું જીવન અનેક આત્માઓને માટે ખૂબજ પ્રેરણાદાયક છે. પ્રવચનાદિમાં પણ તેવા આત્માઓનાં અર્વાચીન દૃષ્ટાંતો સવિશેષ અસરકારક નીવડતા હોઈ તેવા દૃષ્ટાંતોની ટૂંકી નોંધ ડાયરીમાં લખવાનું શરૂ કર્યું.

અહોભાવ ઉત્પન્ન થાય તેવું લગભગ સાધુ જેવું જીવન જીવતા હોય તેવા કેટલાક ઉત્તમ આરાધક શ્રાવકોના પણ અર્વાચીન દૃષ્ટાંતો મળવા લાગ્યા તેની પણ ટૂંકી નોંધ થતી ગઈ.

ચોથા આરાની કે મહાવિદેહ ક્ષેત્રની યાદ અપાવે તેવું ઉચ્ચ સંયમી જીવન જીવનારા કેટલાક મુનિવરો પણ પરિચયમાં આવ્યા.

માર્ગાનુસારિતાની ભૂમિકામાં રહેલા કેટલા આત્માઓનું પણ ખૂબજ અનુમોદનીય જીવન દૃષ્ટિગોચર થયું.

પ્રવચનમાં તેમજ સત્સંગમાં આવા આરાધક રત્નોના દષ્ટાંતોની રજુઆત થતાં ધાર્યા કરતાં ઘણી જ વિશિષ્ટ સુંદર અસર થતી જોવાઈ. ક્વચિત્ ક્ષમાપના પત્રોમાં આવા ૨-૪ દૃષ્ટાંતો સંક્ષેપમાં રજુ કરતાં પણ ચારે બાજુથી અત્યંત અનુમોદનાના ઉદ્ગારો અભિવ્યક્ત કરતા પત્રો આવવા લાગ્યા.

પરિણામે શ્રીદેવ-ગુરુની અસીમ કૃપાથી એવી અંતઃસ્ફુરણા થઈ કે ભારતભરમાં શ્રીજિનશાસનમાં અનેક સંઘોમાં-ગામ-નગરોમાં આવા આવા અનેક દૃષ્ટાંતો વિદ્યમાન હશે. તેમનું જો વ્યવસ્થિત સંકલન કરીને પ્રકાશિત કરવામાં આવે તો પ્રમોદભાવના ભાવવાની પ્રભુ આજ્ઞાનું પાલન થાય.. તે તે આરાધક આત્માઓને પણ પ્રોત્સાહન અને વધુ સારું જીવન જીવવાનું બળ મળે તેમજ બીજા અનેકાનેક આત્માઓને અનુમોદના અને જીવંત પ્રેરણા દ્વારા ખૂબજ લાભ થાય.

આવી ભાવનાથી પ્રેરાઈને આવા દૃષ્ટાંતોનો સંગ્રહ કરવા માટે

સં.૨૦૪૯નાં ચાતુર્માસમાં એક વિગતવાર પરિપત્ર બહાર પાડી ચારેય ફિરકાઓના પ્રાયઃ તમામ સાધુ - સાધ્વીજી ભગવંતોને તેમજ સંઘોને મોકલાવવામાં આવેલ. જેના પ્રતિસાદ રૂપે કેટલાક દૃષ્ટાંતો તેમજ આવા પ્રયત્ન બદલ હાર્દિક અભિનંદન અને અનુમોદનાની પણ અનુમોદનાના અનેક પત્રો પ્રાપ્ત થયા. જેનાથી આ શુભ કાર્ય માટેના ઉત્સાહમાં અભિવૃધ્ધિ થઈ.

ત્યારબાદ પાલિતાણા - અમદાવાદ વિગેરે સ્થળોમાં પણ વિવિધ સમુદાયોના મુનિવરાદિનો રૂબરુ સંપર્ક સાધી તેમની પાસેથી પણ કેટલાક દૃષ્ટાંતો સંગ્રહિત કર્યા.

શક્યતા મુજબ તે તે આરાધક આત્માઓને રૂબરુ મળી ને પ્રશ્નોતરી દ્વારા તેમની આરાધનાની જાણકારી મેળવી.

આ બધા પ્રયત્નોની ફલશ્રુતિ સ્વરૂપે આજે આ પુસ્તક ધર્મપ્રેમી, જિજ્ઞાસુ, વાચક વૃંદના કરકમલમાં આવી રહ્યું છે તે બદલ અંતઃકરણમાં અપાર આનંદની અનુભૂતિ થાય તે સહજ છે.

પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન વહેલું કરવાની ભાવના હતી પરંતુ સંયોગવશાત્ વચ્ચે 'જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર?' (ચાર આવૃતિ - કુલ ૧૨૦૦૦ નકલ) નામના અત્યંત લોકપ્રિય બનેલ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ 'Miracles of Mahamantra Navkar' પુસ્તકનું તથા 'પ્રભુ સાથે પ્રીત' પુસ્તકનું સંપાદન કરવાની તથા સર્વપ્રથમવાર ગિરનારજી મહાતીર્થની સામૂહિક ૯૯ યાત્રામાં નિશ્રા આપવાની જવાબદારી આવી પડી. જેથી ધાર્યા કરતાં ઠીક ઠીક વિલંબ થવાથી ઘણા જિજ્ઞાસુઓને રાહ જોવી પડી. પરંતુ હવે વિશેષ રાહ જોવી ન પડે તે માટે હાલ પુસ્તકનું કુલ ૩ વિભાગમાં વર્ગીકરણ કરી, **'જન્મથી અજૈન પરંતુ આચરણથી જૈન હોય' તેવા ૭૨ વિશિષ્ટ** અર્વાચીન દૃષ્ટાંતોનો પ્રથમ વિભાગ પ્રકાશિત કરવામાં આવેલ છે.

દ્વિતીય વિભાગમાં વર્તમાનકાલીન વિશિષ્ટ કોટિના આરાધક જૈન શ્રાવક-શ્રાવિકાઓની દૃષ્ટાંતો પણ જેમ બને તેમ જલ્દી પ્રકાશિત કરવાની ભાવના છે.

ત્યારબાદ ત્રીજા વિભાગમાં વિશિષ્ટ કોટિના આરાધક વર્તમાનકાલીન સાધુ - સાધ્વીજી ભગવંતોના દૃષ્ટાંતો સાથે પ્રાચીન મહાપુરુષોના અનુમોદનીય દૃષ્ટાંતો પણ પ્રકાશિત કરવાની ભાવના છે.

પુસ્તક અલગ અલગ વિભાગમાં પ્રકાશિત થાય તો પુસ્તકનું કદ

તેમજ કિંમત અલ્પ રહેવાથી વિવિધ ધાર્મિક કે વ્યાવહારિક પ્રસંગે સાધર્મિકોને કે સગા-સ્નેહીઓને પ્રભાવનારૂપે આ પુસ્તકનો કોઇ પણ એક ભાગ સુગમતાથી આપી શકાય આવું પણ હિતસૂચન કેટલાક હિતેચ્છુ આત્માઓ તરફથી મળેલ છે. એ પણ આ પુસ્તકને અલગ અલગ વિભાગોમાં પ્રકાશિત કરવા પાછળ નિમિત્ત કારણ છે.

છેલ્લે બધા વિભાગોનું સંયુક્ત પ્રકાશન પણ થશે.

**'જે થાય તે સારાને માટે જ'** એ સુવાક્ય મુજબ પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં થયેલ વિલંબ પણ વધુને વધુ દૃષ્ટાંતોનો સંગ્રહ થવામાં નિમિત્ત બન્યું છે.

દૃષ્ટાંતોનુ સંકલન કરતાં કરતાં નીચેનો શ્લોક વારંવાર યાદ આવતો રહ્યો છે અને એની યથાર્થતા પણ વધુને વધુ સ્પષ્ટ થતી રહી છે. આ રહ્યો એ શ્લોક-

**पदे पदे निधानानि, योजने रसकुंपिका ।**
**भाग्यहीना न पश्यंति, बहुरत्ना वसुंधरा ।।**

[**ભાવાર્થ : આ પૃથ્વીમાં** ડગલે - પગલે નિધાન રહેલા છે અને પ્રત્યેક યોજને સુવર્ણસિધ્ધિરસની કુંપિકાઓ રહેલી છે. પરંતુ ભાગ્યહીન આત્માઓ તેમને જોઇ શકતા નથી. બાકી આ પૃથ્વી(વસુંધરા) તો ખરેખર ઘણા રત્નોવાળી જ છે.!..]

**આ શ્લોકમાં સૂચિત જડ નિધાનો કે રસકુંપિકાઓ ભલે કદાચ કાળના પ્રભાવે હાલ દૃષ્ટિગોચર થતા ન હોય પરંતુ ડગલે પગલે / અનેક સંઘોમાં વિશિષ્ટ આરાધક ચૈતન્યરત્નોનાં દર્શન તો આજે પણ અચૂક થઇ શકે છે. તે માટે ભાગ્ય કરતાં પણ મુખ્યત્વે શ્રીદેવ-ગુરુની અસીમ કૃપાથી વિકસિત થયેલી, અને સત્સંગ તેમજ સદ્વાંચનથી પરિકર્મિત થયેલી ગુણદૃષ્ટિ અને પ્રમોદભાવનાનો ભવ્ય પુરુષાર્થ અપેક્ષિત છે.**

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ આવી અનુભૂતિ વધુને વધુ સ્પષ્ટ થતી રહી છે.

એટલે અત્રે રજુ થઇ રહેલા દૃષ્ટાંતો તો અંશમાત્ર છે, બાકી શ્રી જિનશાસન તો આવા આવા અનેકાનેક આરાધક ચૈતન્યરત્નોની ખાણ છે. માટે જ તો ચતુર્વિધ શ્રીસંઘને રત્નોનું ઉત્પત્તિસ્થાન, રોહણાચલ પર્વતની ભૂમિ વિગરેની ઉપમા સિંદૂરપ્રકર વિગેરેમાં તેમજ શ્રીનંદીસૂત્ર આદિ આગમોમાં

આપવામાં આવેલ છે. માટે જેમજેમ આવા છુપા આરાધક રત્નોની ભાળ મળતી જશે તેમતેમ આ પુસ્તકની આગામી આવૃત્તિઓમાં પ્રકાશિત થઇ શકશે. સુજ્ઞ વાચકોને આવા દૃષ્ટાંતો શીઘ્ર લખી મોકલાવવા નમ્ર વિનંતિ.

આ પુસ્તકના વિવિધ વિભાગોમાં પ્રકાશિત થઇ રહેલા આરાધક આત્માઓમાંથી શક્ય તેટલા વધુને વધુ આત્માઓને પ્રત્યક્ષ મળીને પ્રશ્નોત્તરી દ્વારા તેમની આરાધનાની જાણકારી મેળવવા પ્રયત્ન કર્યો છે. કેટલાક દૃષ્ટાંતો ધર્મચક્રપ્રભાવક **પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી જગવલ્લભવિજયજી મ.સા., પૂ. ગણિવર્યશ્રી ગુણસુંદરવિજયજી મ.સા., પૂ.ગણિવર્ય શ્રી ભુવનસુંદરવિજયજી મ.સા., મુનિરાજશ્રી અક્ષયબોધિવિજયજી, મુનિરાજશ્રી મહાબોધિવિજયજી વિગેરે** મુનિવરાદિ પાસેથી તેમના અનુભવ સ્વરૂપે સાંભળીને લખ્યા છે, તો કેટલાક દૃષ્ટાંતો વિવિધ આત્માઓ પાસેથી પત્રવ્યવહાર દ્વારા પણ પ્રાપ્ત કર્યા છે. કેટલાક દૃષ્ટાંતો શાસનપ્રભાવક **પ.પૂ.પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.** દ્વારા લિખિત 'મુનિ જીવનની બાળપોથી' તથા' મારી તેર પ્રાર્થનાઓ' તથા **મુનિરાજ શ્રી ભદ્રેશ્વરવિજયજી** દ્વારા સંકલિત 'જૈન આદર્શ પ્રસંગો'ના આધારે રજુ કર્યા છે. ત્રીજા વિભાગમાં રજુ થનાર પ્રાચીન મહાપુરૂષોના દૃષ્ટાંતો વૈરાગ્યદેશનાદક્ષ **પ.પૂ.આ.ભ.શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.** દ્વારા સંપાદિત **'મુક્તિનું મંગલ દ્વાર'** પુસ્તકમાંથી લીધેલ છે.આ સર્વે મહાત્માઓનો તેમજ અન્ય પણ નામી-અનામી અનેક આત્માઓએ પ્રસ્તુત પુસ્તકના સંકલન/ સંપાદનમાં વિવિધ સ્વરૂપે પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહયોગ આપ્યો છે.તે સર્વેને અત્રે કૃતજ્ઞભાવે યાદ કરી હાર્દિક આભારની લાગણી વ્યક્ત કર્યા સિવાય રહી શકાય તેમ નથી.

દીક્ષા લેવાની તીવ્ર તાલાવેલી હોવા છતાં પણ માત્ર બિમાર માતાની સેવા ખાતર વેવિશાળનું બંધન સ્વીકારી, સગાઇ પછી અને લગ્ન પહેલાં જ સજોડે યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કરી, લગ્નબાદ પણ ૧૦ વર્ષ સુધી (દીક્ષા પર્યંત) એ અસિધારાવ્રતનું નિર્મળપણે પાલન કરી, સજોડે દીક્ષિત થયેલા **મુનિરાજશ્રી જયદર્શનવિજયજી**એ ખૂબજ આત્મીયભાવે પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં દિલચશ્પી દાખવીને મનનીય પ્રસ્તાવના લખી આપીને પુસ્તકની ઉપયોગિતામાં અભિવૃધ્ધિ કરી છે તે બદલ તેમનો પણ હાર્દિક આભારી છું. તેમનું આશ્ચર્યપ્રદ દૃષ્ટાંત આ પુસ્તકના દ્વિતીય વિભાગમાં પ્રગટ થશે.

અત્રે રજુ થયેલ દૃષ્ટાંતો વધુ વિશ્વસનીય બને તેમજ જિજ્ઞાસુ આત્માઓ

તે તે આરાધકોને રૂબરુ મળીને યા પત્ર દ્વારા ઉપબૃંહણા કરીને વધુ પ્રોત્સાહિત કરી શકે તથા તેમના સંપર્કથી સ્વયં પણ તેવા સદ્‌ગુણો પ્રાપ્ત કરી શકે તે માટે શક્યતા મુજબ તે તે આરાધકોના નામ-ઠામ અત્રે રજુ કરવામાં આવ્યા છે. **સુજ્ઞ વાચકવૃંદને નમ્ર વિનંતિ કે બની શકે તો તે તે આરાધકોને એકાદ પોસ્ટકાર્ડ લખીને તેમની ઉપબૃંહણા-અનુમોદના કરવી જેથી તેમને આરાધનામાં હજી પણ આગળ વધવા માટે બળ મળી રહે તેમજ આપણા જીવનમાં પણ તેવી વિશિષ્ટ આરાધના કરવાની શક્તિ પ્રગટે.**

પ્રાયઃ દરેક બાબતોમાં સાપેક્ષ રીતે લાભ/ગેરલાભ બંને ઓછે-વત્તે અંશે સમાયેલા હોય છે અથવા તો સિક્કાની બે બાજુ હોય છે તેમ એક એવું પણ હિતસૂચન આવેલ કે નામ-ઠામ વિના કેવળ આરાધકોનાં દૃષ્ટાંત જ પ્રકાશિત કરવા(નામ-ઠામ કોઇ પૂછે તો જ જણાવવા) કારણકે વર્તમાનની એ વિષમતા છે કે આરાધનાનું કેટલુંક પાસું સુંદર હોય તેવા કેટલાકનું બીજું પાસું એટલું સુંદર નથી હોતું ,તેવી વ્યક્તિઓનાં નામ-ઠામ સાથે પ્રસંગો છપાય, તો આખી વ્યક્તિ ભદ્રિક જીવો માટે અનુમોદનીય બની જાય... ઈત્યાદિ

આ વાત સાપેક્ષ દૃષ્ટિએ બરાબર હોવા છતાં ઉપરોક્ત હેતુસર અત્રે આરાધકોના નામ-ઠામ રજુ કરવાનું સાહસ કર્યું છે. વાચકવૃંદ ઉપરોકત હિતસૂચનને નજર સમક્ષ રાખીને હંસની માફક ક્ષીર-નીર ન્યાયે આરાધકોના જીવનમાંથી સદ્‌ગુણોને ગ્રહણ કરશે અને છદ્મસ્થદશાસુલભ ત્રુટિઓ પ્રત્યે માધ્યસ્થ્યભાવ ધારણ કરશે એવી આશા. જ્યાં સુધી છદ્મસ્થદશા છે ત્યાં સુધી દરેક જીવોમાં ગુણ-દોષ બંને ઓછે-વત્તે અંશે હોવાના જ છે. તેથી અત્રે રજુ થયેલ આરાધકોના જીવનમાં પણ કોઇક બાબતમાં ત્રુટિઓ હોય તો તેમાં આશ્ચર્ય નથી પરંતુ સ્વાભાવિક છે. **કારણકે અનાદિકાલથી મિથ્યાત્વથી મૂઢ બનેલા, કર્મોથી ઘેરાયેલા, સ્વસ્વરૂપથી અજ્ઞાત એવા આ જીવમાં અનંત દોષો હોય તો પણ તેમાં કશું આશ્ચર્ય નથી પરંતુ આવા પણ જીવમાં એકાદ નાનકડો પણ સદ્‌ગુણ પ્રગટેલો દેખાય તો તેને મહા આશ્ચર્યરૂપ માની તેની હાર્દિક અનુમોદના અને અવસરોચિત વાણીથી ઉપબૃંહણા કરવાનો મહાપુરૂષોનો ઉપદેશ છે.**

અત્રે રજુ થયેલ દૃષ્ટાંતોના પાત્ર સ્વરૂપ આરાધક આત્માઓને પણ વિનમ્રભાવે હિતસૂચન કરું તો તે અસ્થાને નહિ ગણાય કે પ્રસ્તુત પુસ્તકમાં તમારૂં દૃષ્ટાત તમારા સ્વયં વાંચવામાં આવે ત્યારે યા તો તે વાંચીને કોઇક

ભાવુક આત્મા તમારી ઉપબૃંહણા/પ્રશંસા કરે ત્યારે માનકષાયને પોષણ ન મળે તે માટે જાગૃતિપૂર્વક આત્મનિરીક્ષણ દ્વારા પોતાનામાં જે જે ખામીઓ જણાય તેનો વિનમ્રભાવે માનસિક કે કાયિક એકરાર કરવો અને ગંભીરતાપૂર્વક તે તે ત્રુટિઓ/દોષોને શીઘ્ર સુધારી લેવા પુરૂષાર્થ કરવો કે જેથી તમારું આલંબન કોઇને પણ મોક્ષમાર્ગથી વિમુખ ન બનાવે પરંતુ સવિશેષ સન્મુખ બનાવનારું નીવડે.

પ્રસ્તુત પુસ્તકની કંપોઝ તથા પ્રિન્ટીંગ સંબંધી તમામ જવાબદારી, કહાન પબ્લીકેશન્સ વાળા અધ્યાત્મરસિક સુશ્રાવક **શ્રીમનુભાઇ દોશીએ** પોતાને આંખની ઠીક ઠીક તકલીફ હોવા છતાંપણ ચીવટપૂર્વક સંભાળી લીધી છે તેથી તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

**શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટે** 'જેનાં હૈયે શ્રીનવકાર, તેને કરશે શું સંસાર?' વગેરે પુસ્તકોની માફક આ પુસ્તકના પ્રકાશનમાં સહર્ષ સંમતિ દર્શાવી છે તેથી તેના **મુખ્ય ટ્રસ્ટી સોલીસીટર શ્રી હરખચંદભાઇ કુંવરજી ગડા** આદિ ટ્રસ્ટીમંડળ તેમજ પ્રકાશનમાં સુંદર સહયોગ આપનાર દાતાઓ સર્વે ધન્યવાદને પાત્ર છે.

છદ્મસ્થદશાવશાત્ પુસ્તકમાં ક્યાંય પણ શ્રી જિનાજ્ઞા વિરૂધ્ધ લખાયું હોય, અથવા દૃષ્ટાંતોમાં વાસ્તવિકતાથી ઓછું અધિકું યા વિપરીત લખાયું હોય તો તે બદલ હાર્દિક મિચ્છામિ દુક્કડં. સુજ્ઞ વાચકો તે બદલ ધ્યાન દોરશે તો નવી આવૃત્તિમાં સુધારો કરી લેવામાં આવશે.

પ્રસ્તુત પુસ્તકના મનનપૂર્વક વાંચન દ્વારા અનેકાનેક આત્માઓ ગુણાનુરાગી તેમજ વિશિષ્ટ કોટિના આરાધક બનીને શીઘ્ર મુક્તિપદના અધિકારી બનો એ જ શુભાભિલાષા.......

**-- ગણિ મહોદયસાગર**
**સં. ૨૦૫૨**
**પોષ દશમી**
**મણિનગર**

卐 卐 卐

## પ્રસ્તાવના અને સ્તવના

**પ્રસ્તાવક : ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા.**

'પ્રમોદ ભાવમાં મોદ માણી, ગુણીના ગુણ જે ગાવે
દોષ દફન અને ગુણ વપનના, બેવડા ફળ તે પાવે;
તે તત્ત્વને જ ગુણશિરોમણિ, પરમાત્મા સમજાવે
કે કરણ કરાવણ ને અનુમોદન સરખાં ફળ નીપજાવે.'

દેવતાએ દિવ્યમાયાથી દુર્ગંધ વછૂટતો કૂતરો વિકુર્વ્યો કાયા બનાવી કાળી ડિબાંગ પણ તે અપલક્ષણો વચ્ચે પણ લાક્ષણિક વાસુદેવને મરેલા તે શ્વાનની ઉજ્જવલ દંતપંક્તિ ખૂબ જ ગમી. ભ્રમરભોગી જેવા ભુક્તભોગી યોગી સ્થૂલભદ્રસૂરીશ્વરજીને વેશ્યા કોશાની કાયામાં પવિત્રતા દેખાણી જેને પ્રગટ કરી વાસના ઓકાવી કોશાને શ્રાવિકા બનાવી નાખી. પ્રભાવનાની લાલચમાં સપડાયેલ બાળમાનસમાં સ્વ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.ને સદ્ભાવનાની સરિતા દેખાણી, તેથી જ તો મુન્ના જેવા બાળને મુનિ બનાવી તેની યોગ્યતા વિકસાવી આચાર્યપદવી સુધી પહોંચાડી શાસનની પ્રભાવના પણ કરાવી. બસ આ જ પ્રમાણે કોઈક બાલિશ બળવાખોરે ગાંધીજી ઉપર ગંદો પત્ર લખ્યો, જે વાંચી તે મહાપુરૂષે પોતાની ભૂલ દર્શાવનારને દિલથી નવાજ્યો ને કાગળ ફાડી નાખી તેમાં ભરાવેલ ટાંચણી ઉપયોગમાં લઇ લીધી. નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉપર જોડો ફેંકાણો ત્યારે ભરસભામાં ઊભા થઈ ણ થંભાવી , જોડો ફેંકનાર પાસે બીજો જોડો પણ માંગ્યો જેથી જોડી પૂરી થાય ને ઉપયોગી થાય.

આવી અનેક અવનવી વાતો વિસ્મય કરાવે પણ સૂક્ષ્મ સંશોધક ચોક્કસ પામી શકે કે વિપત્તિને પણ સંપત્તિ તરીકે સ્વીકારી શકનાર વ્યક્તિમાં મૈત્રી ભાવથી પણ વધુ ઊંચો કોઈ ગુપ્તભાવ ગૂંથાયેલો છે. જેને જૈન - જૈનેત્તરો પ્રમોદભાવના કહે છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને માધ્યસ્થ્ય ભાવના ભાવવાની ભવ્યકળા જેને લાધી જાય તે જીવાત્મા કદાચ સ્વર્ગના સુખોને પણ આંબી જાય.

મૈત્રી ભાવના સર્વ જીવો માટે ભાવવાની છે તેથી તેમાં વ્યાપક ફેલાણ હોય છે, જ્યારે પ્રમોદ ભાવના ગુણાધિક પ્રતિ ભાવી આનંદવાનું હોય છે તેથી

તેમાં ઊંડાણ વધુ હોય છે. કહેવાની જરૂર નથી કે જેમ તપનું અજીર્ણ ક્રોધ છે, જ્ઞાનનું અજીર્ણ માન છે, તેમ ગુણ વૃધ્ધિનું અજીર્ણ ઈર્ષ્યા-અસૂયા છે. ઈતિહાસ કહે છે જ્યારે-જ્યારે, જ્યાં-જ્યાં, જેટલી-જેટલી વાર મહાભારત યુધ્ધો ખેલાણા, રામાયણો રચાણા, બળવાની હોળી પ્રગટી, લૂંટફાટો થઈ, ખોટ ધંધો ને ખાટ ધંધો વધ્યો, દગાબાજીઓ દેખાણી કે દગલબાજ સ્પર્ધાઓ ગોઠવાણી, ત્યારે ત્યારે તે દુર્ઘટનાના મૂળમાં પ્રમોદ ભાવનાનો વિનાશ મલાઈ મારી ગયો હતો કારણકે પ્રમાદને વશ પડી પુણ્યાત્મા પણ પામરાત્મા બની ગયો હતો અને પ્રમોદભાવથી પડી પ્રકોપભાવમાં ચડી ગયો હતો.

જો તે જીવાત્મા જીરવી શકયો હોત પરનો પ્રકર્ષ કે સહી શક્યો હોત સામેવાળાની સિધ્ધિ - પ્રસિધ્ધિઓ તો કદાચ ઐતિહાસિક કથા વાર્તાઓના પાના કોઈક કદરૂપી કથાને બદલે ગુણીઓની ગૌરવગાથાથી ગૂંજતા હોત પણ...

**'પણ'** શબ્દ વચમાં આડો આવી કહે છે કે મુશ્કેલ છે એટલુંજ નહિ ઘણું દુષ્કર છે બીજાના બધાય ગુણોને ગૂંથી-ગૂંથી તે તે ગુણવાનોની ગુણપ્રશંસા કરી ગૌરવ વધારવાનું. અનાદિ કાળથી આપણા આત્માએ અન્ય અન્ય કૈંક જીવાત્માઓ સાથે મૈત્રી સાધી મૈત્રીભાવનાના સંસ્કારો ધબકતા રાખ્યા પણ તે સ્વાર્થી મિત્રતા માર્ગમાં આગળ આગળ ધપે તે પહેલાંજ ભાંગી પડી કારણકે બે મિત્રોમાંથી એક મિત્ર બીજા કરતાં ગુણોમાં, વૈભવમાં, સુખમાં, આગળ વધી ગયો તે પેલા મિત્રથી ન ખમાયું. બસ આમ ઈર્ષ્યા અદેખાઈના આટાપાટામાં અટવાયેલા એ આત્માએ મિત્ર ખોયો, મૈત્રી ખોઈ અને મૈત્રીથી વધી પ્રમોદ ભાવનામાં પ્રગતિ કરવાને બદલે પ્રમાદમાં પડી પછડાટ ખાધી.

ગુણવાનોના ગુણો જોઈ રાજીરાજી થવું ને જાહેરમાં ગુણાધિકનું ગૌરવ વધારવું ઘણું જ અઘરું છે; કારણકે જીભલડીને ખાવું જેટલું ગમે છે તેટલુંજ ખાંડવું પણ ગમે છે. તે આડુંઅવળું ખાઈ જેટલી એંઠી નથી થઈ, તેટલીતો ગુણવાનોની નિંદા કરી એંઠીજૂઠી થઈ છે. **'મિત્તી મે સવ્વ ભૂએસુ'** ને ગોખી નાખનાર પણ લેવાયેલ પરીક્ષા વખતે ગૂંગો બની જઈ નાપાસ થયો છે.

આવી વિષમ માનસિક સ્થિતિ-પરિસ્થિતિની વચ્ચે અન્યના ગુણો વિષે ચિંતવન કરવું દુર્લભ તેથીય વધી કથન કરવું દુષ્કર અને સૌથી વધુ ગુણાધિકોના ગુણો ગોતી ગોતી લેખન કરવું તે તો અતિદુષ્કર છે. ગુણાનુરાગના મહેકતા બાગનો મહાન માળી જ અતિદુષ્કરને પણ સુકર રૂપે સાધી શકે છે.

કદાચ તે જાણતો હોય છે કે ગુણવાનોના ગુણોનું ચિંતન - મનન-કથન કે લેખન પોતાનેજ બમણો નફો કરાવે છે., કારણકે ગુણાનુવાદથી સામે રહેલ શત્રુ પણ મિત્ર બની શકે છે અને અનુમોદનાની ઓથે સામેવાળાના સંખ્યાબંધ ગુણોની ગંગા પોતાનામાં જ ઉતરી પડી પવિત્રતા પ્રદાન કરે છે.

નારદની જેમ એક બીજાને લડાવી મારી લોકેષણા ખાટી જતાં છાપાબાજીના આ યુગમાં તાતી જરૂર છે એવા સાહિત્યની જે ગુણશાળીમાં તો ગુણો દેખાડે જ પણ તેથીય વધુ દોષવાળાના દોષોને સ્વાભાવિક્ને ગૌણ ગણી તેનામાં રહેલા ગુણોને ગોતી-શોધી દર્શાવે.

જ્ઞાની પરમાત્મા તીર્થંકરો સ્વયં પ્રમોદ ભાવનાની પરાકાષ્ઠા હોય છે. સ્વયં અતિશયયુક્ત કેવળી થઇ ગુણોમાં શિખરે બિરાજે છતાંય દોષોની ખાણ જેવા મિથ્યાત્વીઓને પણ ગુણવાળા ગણી પહેલે ગુણઠાણે રહેલા જાહેર કરે છે. ધનાઢ્ય દશ વિશિષ્ટ શ્રાવકોની ઉપબૃંહણા-પ્રશંસા જાહેરમાં પ્રભુ વીરે એટલે ન્હોતી કરી કે તેઓ ધનવાન હતા, પણ તેથીય ઘણા વધુ ગુણવાન હતા. ભૌતિક સમૃધ્ધિની સિધ્ધિઓ તે દશેયને રાગનું નહિ પણ ત્યાગનું કારણ બની હતી, માટેજ તેઓના વખાણ થયા, તેવી જ રીતે જાહેરમાં પ્રભુ વીરે ગુણાઢ્ય પુણિયા શ્રાવકને પ્રશંસી લીધો હતો; જોકે તેની પાસે ભૌતિક સામગ્રીઓ નગણ્ય હતી પણ આધ્યાત્મિક મૂડીમાં મુઠ્ઠી ઊંચું સામાયિક હતું.

આપ્ત પુરૂષ પરમાત્મા સ્વયં પરમપ્રમોદ ભાવના વડે અન્યના નાના ગુણોને પણ નવાજી લે, એટલું જ નહિ પણ 'ગુણવંત તણી અનુપબૃંહણા'ને સમ્યક્ત્વની મલિનતા કહે ત્યારે જ્ઞાની તે જ કહેવાય જે તે આપ્તપુરૂષના પગલે ચાલે અથવા સમક્તિના અતિચારોથી બચવા ગુણવાનોના ગુણો તેનામાં તથા પોતાનામાં વધારવા તે તે ગુણોને જાહેરમાં જાહેર કરે.

**'બહુરત્ના વસુંધરા' - ચાલો અનુમોદના કરીએ!**

ઉપરોક્ત શીર્ષક ધરાવતું આ નાનું મજાનું નવલું પુસ્તક ઉપબૃંહણા અનુમોદના-પ્રશંસાના માધ્યમે આલેખાયેલું એક અનેરૂં સર્જન છે. પ્રમોદભાવનાની પગથારે પૂર્વપુરૂષોએ પ્રાચીન કથાવાર્તાઓને કેટલાય શાસ્ત્રોમાં સાંકળી લીધી છે, જેથી આજે પણ ભૂતકાલીન ભવ્યાત્માઓના ગુણો ગુંજન કરતા કાનમાં અથડાય છે. પણ આધુનિક ઈર્ષ્યાપ્રધાન વાતાવરણ વચ્ચે પ્રાચીન પરંપરાને જાળવી અર્વાચીન સત્ય ઘટનાઓના માધ્યમે લોકો સુધી તે ગુણોની ગંગાને લિખિતરૂપે વહેતી કરવાનું પુણ્ય ગંગાસ્નાનના પુણ્ય કરતાં કંઇક

અદકેરૂં જ રહેવાનું.

ગુણગંગોત્રીમાં ગોથા લગાવવા આવું સુંદર સાહિત્ય સર્જન કરવાનો એક અભિનવ પ્રયાસ કરનાર ગુણીયલ મહાત્મા છે **પૂ.ગણિવર્યશ્રીમહોદય સાગરજી મ.સા.**, જેઓ ગુણસમ્રાટ **સ્વ.પૂ.આ.શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**ના પરમવિનેય તો છે જ ઉપરાંત તેઓશ્રીની કૃપા ઝીલી લેનાર યોગ્યાત્મા પણ છે, ગુણાનુરાગી તો છે જ.

ત્રણ - ચાર વરસ પૂર્વે ગણિવર્ય મ.સા.ને પ્રમોદભાવનાના પ્રવાહમાં વહેતાં વહેતાં વિચાર સ્ફૂરી ઉઠયો કે કેમ નહિ, ભૂગર્ભમાં દટાયેલા, દબાયેલા અને છૂપાયેલા રત્નોને કાઢી તેનો સ્વયંભુ પ્રકાશ અન્યોને પણ માણવા દઈએ. તેથી અનેકોને પ્રેરણાનું પીઠબળ તો પ્રાપ્ત થશેજ ઉપરાંત આરાધકોના ઉત્સાહમાં અભિવૃધ્ધિ થશે, અનુમોદકને પુણ્યસંચય અને કર્મક્ષય બેઉ સંપ્રાપ્ત થશે અને તેથીય વધીને સમાજ સકળમાં પ્રમોદભાવ પાંગરી ઉઠશે. ભાવનાની નાવ તૈયાર હતી તેમાં વળી ગુરુકૃપાનો વેગ મળ્યો, તેથી કચ્છથી ગુજરાત તરફના વિહાર દરમ્યાન જૈન જ નહિ પણ જૈનેતરો, સાધુ-સંતો જ નહિ પણ સામાન્ય સજ્જનના પણ લાક્ષણિક ગુણોને નોંધપોથીમાં ટપકાવી ટપકાવી જે ભાજનને છલકતું ભરી દીધું તે જ છે આ પુસ્તકની રચના પાછળનો નાનો ઈતિહાસ.

લેખકશ્રીની નવકાર વિષયક સત્ય આધુનિક ઘટમાળાના પુસ્તકની સફળતા પછી આ અવનવો પ્રયાસ પણ લોકયશને ખાટી જ જશે, તેમા શંકા નથી. પણ તે બધાયથી અલિપ્ત ગુણી અને ગણિ શ્રી મહોદયસાગરજી મ.સા. નિઃસ્વાર્થ ભાવે અપેક્ષા રાખે છે કે આ પુસ્તકને સૌ કોઇ વાંચે - વિચારે ને વાગોળે, જેથી વર્તમાનમાં વિચરતા સાધુ-સાધ્વીઓ કે વિરાજતા સજ્જનો પ્રતિ જે વર્ગને અજ્ઞાન ભરેલી નફરત છે તે દૂર થાય, બસ તે જ અપેક્ષા પૂર્તિને તેઓ સર્જનની સફળતા માનશે.

'કરણ-કરાવણ ને અનુમોદન' સરખાં ફળ નીપજાવે. આગમાભ્યાસી ધ્યાનપ્રિય, મધુરવક્તા, ને ગુણાનુરાગી ગણિવર્ય શ્રી સુપેરે જાણે છે કે આપણો અનાડી આત્મા કાંકરામાંથી ઘઉં વીણવાને બદલે ઘઉં છોડી કાંકરા વીણવામાં કુશળ છે. સિનેમાના કે જગનાટકના સો સારા દ્રશ્ય જોયા પછી તેને સહેલાઈથી ભૂલી જઈ, બસ, એક ભૂંડું દ્રશ્ય મન-મગજમાં સંગ્રહી લેવામાં પાવરધો છે. બીજાએ ગોળની રાબ પીવડાવી તેના ઉપકારને થયો ન થયો કરી, કોઈએ મને ગાળ કેમ આપી તેવા દુષ્ટ વિચારમાં પ્રમોદભાવનાનો ભૂક્કો બોલાવી દેવામાં

તે હોંશિયાર છે. માટે જ અવળી રાહે ચડેલ આત્માને અનુમોદના વડે અપૂર્વ લાભની કમાણી કરી લેવા આ પુસ્તક એક અનેરૂં માર્ગદર્શન આપશે, તેમાં લગીરે શંકા નથી.

આ અનુમોદના કોઈના અવર્ણવાદની પીઠિકા ઉપર રચાયેલી નથી કે નથી તેમાં તુચ્છ સ્વાર્થ સાધનાના કારણો. તેથી જરૂર વાંચકોની પ્રીતિ સંપાદન કરવામાં સફળતા વરશે. ઉપરાંત આવું સુંદર સર્જન સૌ કોઇ કરે તેવી શુભેચ્છા.

બાકી જ્યાં ગુણવાનો પણ નથી પૂજાતા, ત્યાં દુર્ગુણોની દુર્ગંધ ફેલાઇ જતાં વાર નથી લાગતી. હું ભલે પાસ થાઉં કે નપાસ, પરંતુ મારા પ્રતિસ્પર્ધીને પરીક્ષામાં મારા કરતાં એક પણ માર્ક વધુ ન મળવો જોઈએ. મારા પાડોશી ને મારા કરતાં બમણું મળવાનું હોય તો મારી એક આંખ ફૂટી જાઓ જેથીહું કાણો થાઉં પણ પાડોશી તો બંને આંખે આંધળો જ બની રહે. કેમ નહિ! આ વખતે પણ કુદરતનો કોપ ઉતરેને અનેક પશુઓ મરે તો ચામડું ચીરવાનો ધંધો જામી ઉઠે. પહેલા તું મર, પછી તને કરશું અમર બીમારી ઘટી છે એટલેજ ધંધો ઠપ્પ પડી ગયો છે, આવા અનિશ્ચિત દાકતરી ધંધા કરતા બીજા ધંધામાં પડયો હોત તો સારું. આવી આવી ક્લિષ્ટ ભાવનાઓ પ્રમોદભાવની પ્રતિપક્ષી છે. તેવી તુચ્છ વિચારધારા ક્યારેય ગુણવાનમાં ગુણ જોવા ન દે , બલ્કે ગુણવાનમાં દોષો દેખાડી સમાજમાં પણ બગાડ ફેલાવી નાખે. આવા બધાય ગુપ્ત રહસ્યોને જાણનાર સજ્જનો, માટે જ ગરમની સામે નરમ થઇ નીતિનિયમોથી નાગાઓને પણ લોકલજ્જામાં જકડી રાખે છે. ક્યારેક તો આવી અનુમોદના હોઠની હોય છે, હૈયાની નહિ. તાળી વગાડી વળતર વાળનાર વાણિયા જેવી લોભી વૃત્તિ તેવી ઠગારી પ્રશંસામાં પાંગરતી રહે છે. રખે ને આપણે પણ દિશા ભૂલી ગુમભાન બનીએ.

ઓલમ્પિક રમતગમતમાં પણ એક સૌજન્ય દર્શાવાય છે કે જ્યારે એક ખેલાડી હારે ત્યારે તે જીતેલા પ્રતિ ઈર્ષ્યામાં અટવાઇ ન જાય તેથી તે હારેલો પોતાના હાથેજ જીતેલાને જાહેરમાં અભિનંદે. તેમ કર્યે ભલે તે હારેલો જીતેલાની જીતને-ગુણવત્તાને ગૌરવ આપી શકે, પણ ઓછામાં ઓછું ઈર્ષ્યામાં આવી આત્મહત્યા ન કરી નાખે.

આપણે પણ આ પુસ્તક વાંચી નિખાલસ ભાવે અનુમોદના કરી ગુણવાનોના ગુણો ત્યારે જ સંપ્રાપ્ત કરી શકીશું જ્યારે અનુમોદનામાં ગુણાનુરાગ પણ ભળેલો હશે. ગુણાનુરાગ વગરનો ગુણાનુવાદ હાસ્યપ્રદ બને છે, કારણકે

તેમાં છૂપા કોઇ સ્વાર્થનું પોષણ થતું હોય છે.

પચ્ચીસ વર્ષથી કામ કરતા નોકરને તેની પાંત્રીસમી જન્મગાંઠના દિવસે સિલ્વર જ્યુબીલીનો નાનો કાર્યક્રમ ગોઠવી શેઠે જાહેર કર્યું કે કેટલાય વરસોથી આપણા ઘરમાં નોકર રામુ કામ કરી રહ્યો છે. તો આ પ્રસંગે આપ સૌને મારૂં સૂચન છે કે તેની લાગટ નોકરીના બહુમાન રૂપે આપણે સૌએ આજથી તેને રામુના નામે ન બોલાવી રામચંદ્ર તરીકે બોલાવવો. નોકર રામુ આ સાંભળી જરાય ખુશ ન થયો કારણકે શેઠે ગુણાનુવાદ કર્યો હતો પણ ગુણાનુરાગ નહિ, નહિતો શેઠની જાહેરાતમાં પોતાના કામની કદરદાની રૂપે પગાર વધારાની વાત આવ્યા વગર ન રહેત.

એક વેપારીને વરસાદ માટે મેઘરાજાને મનાવતા જોઇ ખેડૂતે પૂછ્યું 'ભાઇ! તમારા કેટલા ખેતર છે? તે ક્યાં છે? જે માટે તમે વરસાદ ઝંખી રહ્યા છો?' વેપારી એ જવાબ વાળ્યો 'ભાઇ! હું તારી જેમ ખેડુ નથી પણ છત્રીનો વેપારી છું માટે મેઘરાજાની પ્રશંસા-સ્તુતિ કરી રહ્યો છું.'

ભોળા ભાટે ભોગપ્રેમી રાજાને ખુશ કરવા કાલ્પનિક ગીતો રચી ગાયા, સાંભળતાં જ રાજવી ઓવારી ગયો, ને અતિરેક - ઉતાવડમાં ભાટને પાચં ગામ ઇનામમાં આપી દીધા. બાજુમાં બેઠેલા મંત્રીની મતિ મુંઝાઇ ગઇ કે બે-પાંચ ગીતોની બક્ષિશમાં તે કાંઇ ગામોની ભેંટ દેવાય? પણ હવે શું થાય? જાહેરાત જાહેરમાં થઇ ગઇ હતી.; તેથી પ્રશંસાના પાત્ર ભાટને ગામ દેવા પડે પણ સાપ મરે ને લાકડી તૂટે નહીં તેવો કોઇ ઉપાય કરી ઇનામ પાછું ખેંચી લેવા કીમિયો શોધી કાઢયો. રાજા સાથે ભાટની ફરી મુલાકાત અટકાવી, રાજા વતી રાજાશાહી સૂરમાં સંભળાવ્યું, "જુઓ ભાટજી! જેમ તમે અમારા રાજાને કલ્પના ગીતો સંભળાવી કર્ણસુખ આપ્યું, તેમ તમને પણ કર્ણસુખ આપવા પાંચ ગામનું ઇનામ જાહેર કરવામાં આવેલ છે, માટે સાચેસાચ ગામ ન મળ્યાનું દુઃખ ન લગાડશો."

બસ આવી સ્વાર્થજનિત, દંભભરેલી, પ્રશંસા-અનુમોદના આત્માને લાભકારી તો ન જ બને બલ્કે ક્યારેક બેઉ પક્ષે નુકશાનકારી બને , કારણકે માયાના મિશ્રણથી અનુમોદનાનું નિમિત્ત જ અનુમોદનાના પ્રતિપક્ષ નિંદાનું નઠારું કારણ બને છે.

જૈન કથાનુયોગનું પર્યાલોચન કર્યે પ્રાપ્ત થયા વગર નહિ રહે કે કેટલીય કથાઓ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપે પ્રમોદ ભાવનાની અભિવ્યક્તિ કરતી સુંદર

ઘટનાઓ ઉપર આધારિત છે. જયારે જયારે જે જે કાળમાં જીવતા જીવોના પ્રગટેલા ગુણો જાહેરમાં પ્રશંસાયા છે, ત્યારે ત્યારે તે તે જીવોમાં જીવંત જાગૃતિનો સંચાર થતો જોવામાં આવ્યો છે. આમ પ્રમોદભાવનાની પગકેડીએ પ્રગતિ સાધતાં જીવાત્મા દર્શનવિશુધ્ધ બને છે, ક્રમે-ક્રમે જ્ઞાનશુધ્ધ પણ બની ગુણઠાણામાં પણ પ્રગતિ સાધી સિધ્ધ બની શકે છે.

આ અનુમોદનીય પુસ્તકની પ્રસ્તાવનાના પ્રસંગે સ્તવના તો આવા સુંદર સાહિત્યના સર્જક તથા સર્જનની કરીએ કે જેઓએ ભૂગર્ભમાં ભળી ગયેલા ભૂતકાળને નહિ પણ, વર્તમાનની વાટે વિકસતા ગુણવાનોના ગૌરવને ગુંજિત કરવા નૂતન પ્રયાસ કરી હજુ પણ સુધારી લેવા જાણે સંકેત કર્યો છે.

એક વ્યક્તિમાં અનેક દોષો દેખાઇ જવા સાવ સુલભ છે, જ્યારે અનેક જીવોનો એક ગુણ પણ જો ગણવો ગણાવવો હોય તો તે દુષ્કર સાધવા જેવું છે.કારણ એટલું જ છે કે આપણા આત્માએ આજ લગી અવળી રીતિ-નીતિને જ વ્હાલી બનાવી અનેકના ઉત્સાહ તોડી નાખ્યા છે. પોતાની પીળી પડી ગયેલી આંખોમાં કમળાની બીમારી ન સમજી શકવાથી જગતની સાવ સફેદ સુવિશુધ્ધ વસ્તુને કે વ્યક્તિને પણ પીળા દોષવાળી માની લીધી છે. તેથીજ ગુણીજનોના ગુણો ગાવાના બદલે પોતાના સ્વાર્થનું રોવાનું આગળ કર્યું છે.

તો ચાલો, અવળાને સવળું કરવા महाजनो येन गतः स पंथाः ને પસંદ કરીએ. સાધુ-સંતો ,શ્રાવક-શ્રાવિકાઓ સુધીજ નહિ પણ સજ્જન કે સામાન્યની સીમારેખામાં સંગ્રહાયેલા સૂક્ષ્મ પણ સદ્‌ગુણને સૌજન્યના સથવારે વધાવી લઇએ. ગુલશનના ગુલ, ગુલાબ, કે ગુલનારની મહેંકતા જ માણીએ, શા માટે ગુલની ધૂલ, શૂલ કે સ્થૂલ દશાને દોષરૂપે દેખીએ? વળી,

"ધર્મરત્ન પ્રકરણ"ની પ્રાકૃત ભાષાની ગાથાને ગોખી આતમના ગુપ્ત ગોખો અજવાળી લઇએ.

गुणरागी गुणवंतं बहुमन्नइ निग्गुणे उवेहेइ।
गुणसंगहे पयट्टइ, संपन्नगुणं न मइलेइ॥

ગુણાનુરાગી ગુણવાનોને બહુમાને, નિર્ગુણોની ઉપેક્ષા કરે, ગુણસંગ્રહમાં પ્રવર્તે, ને પ્રાપ્ત ગુણોને મલિન થવા ન દે. ઉપા. શ્રીયશોવિજયજી.મ.સા. પણ અમૃતવેલિની સજ્ઝાયમાં સુંદર સંદેશ સમાવતા લખે છે કે -

**"થોડલો પણ ગુણ પર તણો, સાંભળીને હર્ષ મન આણ રે;**
**દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજ આતમા જાણ રે."**

## પ્રકાશકીય

અમારા **પૂજ્ય માતુશ્રી કસ્તૂરબાઈ** તથા **પિતાશ્રી બાબુભાઈ** ઊર્ફે **કુંવરજી જેઠાભાઈ**, જેમણે અમારામાં સુસંસ્કારો ના બીજ રોપ્યા, ધર્મપ્રત્યેની શ્રધ્ધા જગાવી, ધર્મમય જીવન જીવવાની પ્રેરણા આપી તેમના અમારા ઉપર ખૂબજ ઉપકારો છે. એમના ઉપકારોનું ઋણ યત્કિંચિત અંશે પણ અદા કરવા માટે ઘણા સમયથી અમારા હૈયામાં એવી ભાવના રહ્યા કરતી હતી કે સમ્યક્જ્ઞાનના પુસ્તકોનું સુવ્યવસ્થિત રીતે પ્રકાશન - પ્રસારણ માટે એક પ્રકાશન ટ્રસ્ટની સ્થાપના કરવી. એ ટ્રસ્ટને અમારા પૂજ્ય માતુશ્રીના નામ સાથે જોડવું. અને એના અન્વયે અચલગચ્છીય તમામ સાધુ - સાધ્વીજી ભગવંતો દ્વારા લિખિત - સંપાદિત પુસ્તકોનું પ્રકાશન તથા વ્યવસ્થિત વિતરણ કરવું.

અમારી આ ભાવના પરમોપકારી, શાસનસમ્રાટ, ભારતદિવાકર, **અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.** આગળ રજૂ કરતાં તેઓશ્રીની સાનંદ અનુમતિ તથા આશીર્વાદ સાંપડતાં અમારા ઉત્સાહમાં અભિવૃધ્ધિ થઈ, અને તેની ફલશ્રુતિ સ્વરૂપે સં.૨૦૪૪ના અક્ષય તૃતીયાના શુભ દિવસે સ્થપાયેલ શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ તરફથી અત્યાર સુધીમાં છપાયેલ સાહિત્યની યાદી આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવી છે. તેમાં આગમાભ્યાસી **પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.** દ્વારા સંયોજિત સંપાદિત **"બહુરત્ના વસુંધરા - ચાલો અનુમોદના કરીએ"** (ભાગ-૧) નામના પ્રસ્તુત પુસ્તકનો ઉમેરો કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

ટૂંક સમયમાં જ તેના અન્ય બે ભાગ પણ પ્રકાશિત કરવાની અમારી ભાવના છે.

પૂ. ગણિવર્યશ્રી દ્વારા સંપાદિત **"જેના હૈયે શ્રીનવકાર તેને કરશે શું સંસાર?"** પુસ્તકની માફક આ પુસ્તક પણ અત્યંત લોકોપયોગી બનશે તેમાં શંકાને સ્થાન નથી જ.

રૂા ૧૦૦૧ આપીને જેઓ અમારા ટ્રસ્ટના કાયમી સભ્યો બનશે તેમને ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થનાર દરેક પુસ્તકો પોસ્ટ દ્વારા ભેટ મોકલાવવાની અમારી યોજના છે. આશા છે કે પૂજ્યોની કૃપાથી તથા આપ સહુના સાથ સહકારથી અમારી શુભ ભાવના સુંદર રીતે પાર પડશે જ.

સદ્વાંચનનો જીવન ઘડતરમાં ઘણો મોટો ફાળો હોય છે. એટલે જ

એક તત્ત્વચિંતકે કહ્યું છે કે, "તમે કેવા પુસ્તકો વાંચો છો તથા કેવા મિત્રો સાથે સોબત રાખો છો"? એટલું જ કહો તો હું તમારું જીવનચરિત્ર કહી દઉં!..

આજના જમાનામાં સિને સાહિત્ય વિગેરે વિલાસી સાહિત્યની લાખો નકલોએ યુવા માનસને અત્યંત વિકૃત બનાવી મૂક્યું છે ત્યારે આવું સંસ્કારપોષક સાત્ત્વિક સાહિત્ય વધુને વધુ પ્રકાશિત તથા પ્રસારિત થાય એ અત્યંત જરૂરી છે.

પ્રસ્તુત પ્રકાશનના સંપાદક પૂજ્ય ગણિવર્યશ્રીનો, તથા માનનીય દ્રવ્ય સહાયકોનો તેમજ પ્રિન્ટીંગમાં અત્યંત સહયોગ આપનાર **શ્રી મનુભાઈ આર. દોશી,** કહાન પબ્લીકેશન્સનો તેમજ સાહિત્ય મુદ્રણાલયનો અત્યંત આભાર માની વિરમું છુ.

**લિ. કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ વતી**
**સોલીસીટર હરખચંદ કુંવરજી ગડા**
(ટ્રસ્ટી) કચ્છ - બાડાવાલાના
જય જિનેન્દ્ર સહ પ્રણામ

卐 卐 卐

## અનુક્રમણિકા


| અનુ. | વિષય | પાનું |
|---|---|---|
| ૧ | પ્રાપ્તિ સ્થાન | 2 |
| ૨ | નમ્ર વિનંતિ | 3 |
| ૩ | સાદર સમર્પણ | 4 |
| ૪ | ઋણ સ્વીકાર-સાદર સ્મૃતિ | 5 |
| ૫ | સુકૃતના સહયોગી દાતાઓની અનુમોદના | 6 |
| ૬ | જરા થોભો..વાંચો અને આગળ વધો (સંપાદકીય) | 7 |
| ૭ | પ્રસ્તાવના અને સ્તવના | 13 |
| ૮ | પ્રકાશકીય | 20 |
| ૯ | અનુક્રમણિકા | 22 |

| નં. | દૃષ્ટાંતો | જ્ઞાતિ | ગામ | પાનું |
|---|---|---|---|---|
| ૧ | કાયમ ઠામ ચોવિહાર અવઢ એકાશણા કરતા વનમાળીદાસભાઇ | ભાવસાર | અમદાવાદ | ૧ |
| ૨ | બે દ્રવ્યથી ૭૭ વર્ષ એકાશણા કરનાર | બ્રાહ્મણ | અડાલજ | ૬ |
| ૩ | નવકાર મહામંત્રને સિધ્ધ કરનાર સરપંચ લાલુભા વાઘેલા | હિન્દુ ગરાસીયા | ટ્રેન્ટ | ૧૦ |
| ૪ | ક્રોડ નવકારના આરાધક, નિદ્રા વિજેતા જયંતિલાલભાઇ વીરાણી | પટેલ | જામનગર | ૧૬ |
| ૫ | ૨૮ વર્ષની વયે સજોડે બ્રહ્મચર્ય સ્વીકારતા રામસંગભાઇ લીંબડ | દરબાર | વઢવાણ | ૧૭ |
| ૬ | એક જ દ્રવ્યથી ઠામ ચોવિહાર ૫૦ ઓળીના આરાધક દાનુભાઇ રવાભાઇ | દરબાર | સુરેન્દ્રનગર | ૨૨ |
| ૭ | ભક્તિ-મૈત્રી-શુધ્ધિનો ત્રિવેણી સંગમ અજોડ તપસ્વી શેષમલજી પંડયા | બ્રાહ્મણ | મદ્રાસ | ૨૩ |
| ૮ | જૈન ધર્મ તથા માતાની સેવા માટે | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | લગ્ન નહીં કરનાર પપ્પુભાઈ | સરદાર | પુના-ખડકી | ૨૪ |
| ૯ | 'કમ્મે સૂરા સો ધમ્મે સૂરા યાને ' | | | |
| | હઠીજી દીવાનજી ઠાકોર | રજપુત | આંગણવાડા | ૨૫ |
| ૧૦ | અનાનુપૂર્વીથી નિયમિત નવકાર ગણતા | | | |
| | કરસનભાઈ જાડેજા | રજપુત | કચ્છ-કુમરા | ૨૭ |
| ૧૧ | નવકાર મહામંત્રના આરાધક | | કચ્છ | |
| | સરપંચ બહાદૂરસિંહજી જાડેજા | રજપુત | આસંબીયા | ૨૮ |
| ૧૨ | જૈન પાઠશાળાના અધ્યાપક | | | |
| | મુમુક્ષુ લાધુસિંહજી સોલંકી | રજપુત | જાડોલી | ૨૮ |
| ૧૩ | ૮ વર્ષની ઉંમરે ધર્મચક્રતપ કરનાર | | | |
| | યોગીન્દ્રકુમાર રાઠોડ | રજપુત | ખરડ | ૨૯ |
| ૧૪ | એકાશણા સાથે લાખ નવકાર જપનાર | | | |
| | લક્ષેશકુમાર ભૂપેન્દ્રભાઈ | ભાવસાર | ભરૂચ | ૩૦ |
| ૧૫ | સાધર્મિક ભક્તિનું અજોડ દૃષ્ટાંત | | | |
| | લક્ષ્મણભાઈ | વાળંદ | જોધપુર | ૩૧ |
| ૧૬ | સલૂનમાં પણ દેવ-ગુરુના ફોટા રાખતા | | | |
| | પુરુષોત્તમભાઈ પારેખ | વાળંદ | સાબરમતી | ૩૩ |
| ૧૭ | સેવાભાવી સ્વાતંત્ર્યસેનાની | | | |
| | વૈદ્યરાજ અનુપ્રસાદભાઈ | વાળંદ | મણિનગર | ૩૫ |
| ૧૮ | બસપ્પામાંથી મુનિ વિદ્યાચંદ્રવિજય બન્યા | લિંગાયત | નરગુંડા(આંધ્ર) | ૩૬ |
| ૧૯ | શ્રીફળની પ્રભાવનાનું નિમિત્ત | | | |
| | શિવપ્પાને આ.ગુણાનંદસૂરિ બનાવે છે | લિંગાયત | નિપાણી | ૩૭ |
| ૨૦ | અધ્યાત્મપરાયણ પ્રોફેસર | | | |
| | કેશુભાઈ ડી. પરમાર | ક્ષત્રિય | જંબૂસર | ૩૯ |
| ૨૧ | પ્રોફેસર પી.પી.રાવની | | મુંબઈ | |
| | જૈન ધર્મ પર દૃઢ શ્રધ્ધા | બ્રાહ્મણ | વિલેપાર્લા | ૪૧ |
| ૨૨ | વર્ધમાન તપનો થડો બાંધતા | | તરૌની | |
| | પં.વૈદ્યનાથજી મિશ્ર | બ્રાહ્મણ | (બિહાર) | ૪૩ |

૨૩ ડૉ.મુકુંદ સોનેજીમાંથી બન્યા
શ્રધ્ધેય સંતશ્રી આત્માનંદજી વૈષ્ણવ કોબા ૪૪
૨૪ બે પુત્રીઓને દીક્ષા અપાવનાર
સુપ્રસિધ્ધ પેઈન્ટર એમ.શંકરરાવ બેંગ્લોર ૪૮
૨૫ વર્ધમાન તપનો થડો બાંધતા મહારાષ્ટ્રીયન
પેઈન્ટર બાબુભાઇ રાઠોડ રજપુત મણિનગર ૪૮
૨૬ ધર્મરંગથી રંગાયેલ
પેન્ટર જોષી પરિવાર બ્રાહ્મણ રતલામ ૪૯
૨૭ જૈન ધર્મના કટ્ટર વિરોધીનું હૃદય પરિવર્તન
અમૃતલાલભાઇ રાજગોર બ્રાહ્મણ વાલવોડ ૫૦
૨૮ અજોડ જીવદયા પ્રેમી
ઠાકોર મંગાભાઇ ભગત ઠાકોર પાટડી ૫૨
૨૯ પર્યુષણના આઠેય દિવસ પાંખી પાળતા
કાંયાભાઇ લાખાભાઇ માહેશ્વરી હરિજન કચ્છ-બિદડા ૫૫
૩૦ સત્સંગ મંડળ ચલાવતા
લાલજીભાઇ ભગત હરિજન ચિત્રોડા ૫૬
૩૧ ઝાડુ કાઢતા હરિજન લાલજીભાઇની
અત્યંત અનુમોદનીય નીતિમત્તા હરિજન ૫૭
૩૨ પૂજા કરવી છે પણ મંદિરને અભડાવવું નથી.
ભાગ્યશાળી ભંગીની ભવ્યભાવના ભંગી અમદાવાદ ૫૮
૩૩ સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરતાં દેવકી
મૂળજીભાઇ માસ્તર હરિજન વણસોલ ૬૦
૩૪ "મારા જેવો દુનિયામાં કોઇ સુખી નહિ હોય"
પીતાંબરદાસ મોચી મોચી લખતર ૬૧
૩૫ માસક્ષમણ તથા સિધ્ધિતપ કરનાર
રમેશભાઇ મોચી મોચી ધંધુકા ૬૨
૩૬ માસક્ષમણ તથા બ્રહ્મચર્ય વ્રત લેતા
મોહનભાઇ મોચી મોચી ગઢડા ૬૩

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭ | ત્રણેય ઉપધાન કરતા ધર્માજી ગાયકવાડ | મોચી | લક્ષ્મણપુર | ૬૪ |
| ૩૮ | સાધુ સેવાકારી શિવાભાઇ | કોળી | ભાવનગર | ૬૫ |
| ૩૯ | મુસ્લિમ યુવાને પિતાનો વારસો જતો કર્યો પણ જૈન ધર્મ ન જ છોડયો | મુસ્લિમ | અમદાવાદ | ૬૬ |
| ૪૦ | ઓળી તથા ઉપધાનની આરાધના કરતો ખાટકી યુવાન નબી | ખાટકી (કસાઇ) | મદ્રાસ | ૬૭ |
| ૪૧ | સચિત્ત પાણી પણ નહિ પીતા રામકુમાર કૈવટ | કૈવટ (ખલાસી) | મધુબની (બિહાર) | ૬૮ |
| ૪૨ | પાંચ તિથિ કપડા નહિ ધોનાર રામજીભાઇ | ધોબી | કોંઠ | ૬૯ |
| ૪૩ | શ્રાવકોના સત્સંગથી કબીરપંથી શ્રી બાબુભાઇનું જીવન પરિવર્તન | વણકર | કુક્ષી | ૭૦ |
| ૪૪ | જીવદયા ખાતર કુલ પરંપરાગત ધંધો બદલનાર ગણપતભાઇ પંચાલ | લુહાર | કરબરિયા (મહેસાણા) | ૭૧ |
| ૪૫ | છ'રીપાલક સંઘના સંઘપતિ બનતા કાંતિભાઇ એન. પીઠવા | લુહાર | સુરેન્દ્રનગર | ૭૩ |
| ૪૬ | જિનબિંબ ભરાવનાર ભાણજીભાઇ | પ્રજાપતિ | થાનગઢ | ૭૪ |
| ૪૭ | દર વર્ષે પચીસેક બાળકોને જૈન તીર્થોની યાત્રા કરાવતા દિલીપભાઇ માલવીયા | સુથાર | પિંડવાડા | ૭૪ |
| ૪૮ | વિરોધ થવા છતાં રોજ પ્રભુદર્શન તથા પૂજા કરતા રીજુમલજી નથમલજી-પોલિસ | ખત્રી | બાડમેર | ૭૫ |
| ૪૯ | પ્રભુદર્શન માટે દર રવિવારે જૂનાગઢ જતા ખેમાભાઇ રમાભાઇ | ભરવાડ | કટોસણતીર્થ | ૭૬ |
| ૫૦ | પ્રભુદર્શન વિના પાણીનું ટીપું પણ નહિ પીતા બિપીનભાઇ ભૂલાભાઇ | પટેલ | બારડોલી | ૭૭ |
| ૫૧ | માસક્ષમણ કરનાર સુખાભાઇ | પટેલ | ધોલેરા | ૭૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૨ | સાધુસેવા તથા સામાયિક કરતા વિજયભાઇ દરબાર | રજપુત | પીપળી | ૭૯ |
| ૫૩ | સાધુસેવાકારી ઘનશ્યામસિંહ ડૉક્ટર | રજપુત | હેબતપુર | ૭૯ |
| ૫૪ | ૨ કલાક ઊભા ઊભા નવકાર જપતા જસભાઇ | પટેલ | નડીયાદ | ૮૦ |
| ૫૫ | જમાઇને પણ રાત્રિભોજન નહિ કરાવનાર મોતિલાલજી ગણપતજી | પાટીદાર | બડવાહ (મ.પ્ર.) | ૮૦ |
| ૫૬ | પ્રજ્ઞાચક્ષુ જ્યોતિપ્રસાદ અગ્રવાલ | વૈષ્ણવ | તિનસુકિયા | ૮૧ |
| ૫૭ | મહાતપસ્વી સીતારામ બરગે | મહારાષ્ટ્રીયન | કોરેગાંવ(મહા.) | ૮૨ |
| ૫૮ | ઓળી તથા અઠ્ઠાઇ સાથે ૬૪ પ્રહરી પૌષધ કરતા ગજરાજભાઇ મંડરાઇ | મોચી | ડોંબીવલી | ૮૨ |
| ૫૯ | આત્મસાધક ડૉ.પ્રફુલ્લભાઇ | મોચી | કચ્છ-આસંબીયા | ૮૪ |
| ૬૦ | રોજ ૧૦૮ લોગસ્સની આરાધના કરતા કુ.મીનાબેન જગજીવનભાઇ | મહારાષ્ટ્રીયન | શાયન | ૮૫ |
| ૬૧ | માત્ર ૧૦ વર્ષની વયે પાંચ પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ કરનાર બાલિકા લક્ષ્મી | નેપાલિયન | કલકત્તા | ૮૬ |
| ૬૨ | પાંચ પ્રતિક્રમણ કંઠસ્થ કરનાર ત્રણ બાલિકાઓ | દરજી | ધોરાજી | ૮૭ |
| ૬૩ | લગ્ન થવા છતાં બાલ બ્રહ્મચારી મુમુક્ષુ કુ. કલાબેન પુંડલીક માલવે | ક્ષત્રિય | આકોલા | ૮૭ |
| ૬૪ | મીરાંબાઇ જેવા પ્રભુભક્ત થવાની ભાવના ભાવતા નીતાબેન ચંદુભાઇ | દરબાર | ગાંગવા | ૮૮ |
| ૬૫ | વૈધવ્યમાં ધર્મનો શણગાર સજતા દેવકુંવરબેન હાથીભાઇ | કાઠી-દરબાર | બોટાદ | ૮૯ |
| ૬૬ | વર્ષીતપ કરતા ગુરુભક્ત કમળાબેન | પ્રજાપતિ | બોટાદ | ૯૦ |
| ૬૭ | શાસ્ત્રાધ્યયન કરતા-કરાવતા શારદાબેન | મહારાષ્ટ્રીયન | મુંબઇ ઘાટકોપર | ૯૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૮ | વર્ષીતપના આરાધક જ્યોત્સ્નાબેન પંચાલ | લુહાર | મણિનગર | ૯૧ |
| ૬૯ | સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરતા વાલબાઈમા | રબારી | માંડવી આશ્રમ | ૯૧ |
| ૭૦ | રોજ જિનપૂજા કરતા હાંસબાઈમા | ખવાસ | કચ્છ મોટીખાખર | ૯૨ |
| ૭૧ | છ'રીપાલક સંઘના દર્શનથી અજૈન બાલિકાઓને સંયમ સ્વીકારવાની જાગેલી તીવ્ર ભાવના | | દાઉદપુર | ૯૩ |
| ૭૨ | છ'રીપાલક તીર્થયાત્રા સંઘના પ્રભાવે સાત મહાવ્યસનોનો ત્યાગ કરતા હજારો જૈનેતરો | | | ૯૪ |


卐 卐 卐

## (૧)
## કાયમ ઠામચોવિહાર અવઠ્ઠ એકાશણાના અજોડ આરાધક વનમાળીદાસભાઇ જગજીવનદાસ ભાવસાર (ઉ.વ. ૬૯)

### (સત્સંગનો પ્રભાવ)

ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં મહુડી પાસે આવેલા વાગ્પુર ગામમાં સં. ૧૯૮૫માં મા.સુ.૧૪ તા ૨૫-૧૨-૨૮ના જન્મેલા વનમાળીદાસભાઈના પિતાશ્રી જગજીવનભાઇ ભાવસાર કપડા રંગવાનો રંગાટનો ધંધો કરતા અને કુળ પરંપરાગત વૈષ્ણવ ધર્મ પાળતા હતા. પરંતુ કપડા રંગાવવા માટે આવતા **શ્રાવકોના પરિચયથી તેમને અહિંસા પ્રધાન જૈન ધર્મનો રંગ લાગી ગયો!** પરિણામે કપડા રંગવામાં ઉકાળેલા પાણી દ્વારા થતી અપ્કાય તેમજ ત્રસકાય જીવોની પુષ્કળ વિરાધનાથી તેમનું હૃદય દ્રવી ઊઠયું અને તેમણે એ ધંધાને તિલાંજલિ આપી દીધી. **સંગ તેવો રંગ અને સોબત તેવી અસર તે આનું નામ !..**

૭ વર્ષની બાલ્યવયમાં વનમાળીદાસભાઈ પોતાના પિતાશ્રી સાથે અમદાવાદ આવ્યા. કોઈની પણ સત્પ્રેરણાનો તરત અમલ કરવાનો જન્મજાત સ્વભાવ ધરાવતા તેમણે એ જ વર્ષે અમથીબા નામના વિધવા શ્રાવિકાની પ્રેરણાથી નવકારશી તથા જિનપૂજા શરૂ કરી દીધી !..

સં.૨૦૦૫માં માત્ર ૨૦ વર્ષની વયે પૂ. માનવિજયજી મ.સા.ની પ્રેરણાથી **યાવજ્જીવ સુધી નવકારશી તથા ચોવિહાર કરવાની પ્રતિજ્ઞા લીધી**. તે વખતે તેમના લગ્નને માત્ર ૧ વર્ષ માંડ થયું હતું. ! ઉગતી યુવાનીમાં પણ નિયમબધ્ધ જીવન જીવવાની કેવી અનુમોદનીય ભૂમિકા!..

તેમના લગ્ન સં. ૨૦૦૪માં હીરાબેન સાથે થયાં હતા અને સં. ૨૦૨૦માં **૩૫ વર્ષની વયે સજોડે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારી લીધું. તેમાં પણ નિમિત્ત સારા મિત્રની સોબત જ બની !..**

બન્યું એવું કે - એક વખત તેમના **એક મિત્રે કહ્યું કે - હું અંધારી રાતના પણ સોયમાં દોરો પરોવી શકું છું, કારણકે હું ૩૫ વર્ષથી બ્રહ્મચર્ય પાળું છુ તેથી મારી આંખોમાં એવી શક્તિ ઉત્પન્ન થઈ છે !..** આ પ્રસંગની તેમના માનસ ઉપર ઘેરી અસર થઇ અને તેમણે પણ

તરત નિર્ણય કરીને પોતાની ધર્મપત્નીની સંમતિથી માત્ર ૬ મહિનામાં જ સજોડે ચોથું વ્રત સદાને માટે સ્વીકારી લીધું !.. ધર્મના કામમાં ઢીલ કેવી? આના અનુસંધાનમાં તેમણે કહયું કે - "ધર્મની વાતનો અમલ આવતી કાલ પર મુલત્વી ના રાખવો. આજ આજ ભાઈ અત્યારે જ, અમલમાં મૂકવો. નહિતર આજે ફેઈલ તો આવતી કાલે પણ ફેઈલ જશો. ! (अभी नहीं तो कभी नहीं !)હા, પાપવિચારનો અમલ કરવા માટે 'આજે નહિ, કાલે વાત' આ નીતિ બરાબર છે. ચઢતા પરિણામે નવકારશી ચોવિહારના અભિગ્રહનું પાલન કરતા વનમાળીદાસભાઈને અનુક્રમે એવા પરિણામનો આવિર્ભાવ થયો કે નવકારશી - ચોવિહાર તો ઘણા કરે, આપણે તો પ્રભુએ બતાવેલ ઉત્કૃષ્ટ પચ્ચક્ખાણ અવઢ્ઢના કરીએ જેથી જલ્દી કર્મક્ષય થાય. આવી ભાવનાથી તેમણે સં.૨૦૨૩માં પોષ વદિ ૧૪ના દિવસે અમદાવાદમાં લુણશાવાડાના ઉપાશ્રયે પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ.સા. પાસે **યાવજ્જીવ માટે અવઢ્ઢ એકાશણાના પચ્ચક્ખાણ લઈ લીધા !!!**

યોગાનુયોગ યાવજ્જીવ નવકારશી - ચોવિહારના તેમજ અવઢ્ઢ એકાશણાના આ બંને પચ્ચક્ખાણ વદિ ૧૪ના દિવસે જ લેવાયા અને ચઢતા પરિણામે તેનું સુંદર પાલન થવાથી તેઓ કહે છેકે વદિ ૧૪ના નિયમ લઈએ તો કાયમ બરાબર પળાય !..

**'પરિસ્થિતિ એ પ્રારબ્ધને આધીન છે પરંતુ ધર્મપુરૂષાર્થ એ આપણા હાથની વાત છે.'** - તથા ' છોડને ઉછેરતાં સમય લાગે છે, પરંતુ કાપતાં વાર લાગતી નથી, તેથી વિકટ સંયોગોમાં પણ નિયમનું પાલન ચીવટપૂર્વક કરવું જોઈએ ' એવું મક્કમતાપૂર્વક કહેતા વનમાળીદાસભાઈને એકવાર તબીયતના કારણે મોટાભાઈના અત્યંત આગ્રહથી અવઢ્ઢને બદલે પુરિમઢ્ઢનું પચ્ચક્ખાણ પાળવું પડયું, પરંતુ પાછળથી તેમના અંતરાત્માને એટલું દુ:ખ થયું કે બીજે જ દિવસે તેના પ્રાયશ્ચિત્ત તરીકે ચોવિહાર ઉપવાસ કરી લીધો ! ત્યારપછી આ નિયમમાં ફેરફાર કરવાનો પ્રસંગ આવ્યો નથી. છેલ્લા ૩૦ વર્ષથી તેમનો આ નિયમ સુંદર રીતે પળાય છે.

આ પણ હજી ઓછું હોય તેમ **છેલ્લા ૧૧ વર્ષથી તો તેઓ અવઢ્ઢ એકાસણા સાથે ઠામ ચોવિહાર જ કરે છે**. એટલે ૨૪ કલાકમાં ફક્ત એક જ વાર જમતી વખતે પાણી પીએ છે તે સિવાય પાણી પણ

વાપરતા નથી !..

આજ્ઞાંકિત સુશીલ ધર્મપત્ની તથા સુવિનીત બે પુત્ર તથા પૌત્રાદિ વિશાળ પરિવાર હોવા છતાં એકત્વભાવનાની પુષ્ટિ માટે તેઓ **અમદાવાદમાં હઠીસિંગની વાડીની ધર્મશાળાના ઉપાશ્રયમાં એકલા રહે છે**. સંથારા ઉપર સૂએ છે. કાચા પાણીથી સ્નાન કરતા નથી. રોટલી તથા શાક જેવી તદ્દન સાદી રસોઇ જાતે જ બનાવીને અવઢ્ઢ એકાશણું કરી લે છે! દર બેસતે મહિને ફક્ત એકજ દ્રવ્યથી આયંબિલ કરે છે.

**૪૦ વર્ષથી કેરી બંધ છે**. ખાંડની કોઇ વસ્તુ વાપરતા નથી. સૂકો મેવો તથા ભાજીને પણ ૧૬ વર્ષથી ત્યાગી છે.

પર્યુષણમાં ઉભયટંક વ્યાખ્યાન શ્રવણાદિ કારણે રસોઇ કરવાનો સમય ન મળે તો તેઓ **માત્ર કેળા ખાઇ ને ઠામ ચોવિહાર અવઢ્ઢ એકાશણું કરી લે છે**. કેળાથી એકાશણું કર્યા બાદ તેઓ થોડા કાળા મરી વાપરે છે જેથી કોઇ વિક્રિયા ન થાય !...

સં. ૨૦૩૧માં લુણશાવાડામાં કોઇ કચ્છી જૈન સાધ્વીજીની પ્રેરણાથી ૧૪ નિયમ ધારવાની શરૂઆત કરી અને તે જ દિવસથી **ઘી - ગોળ સિવાયની ચારેય વિગઇનો ત્યાગ કરેલ છે**. !

નિયમિત અને સંયમી જીવનશૈલીના કારણે તેઓ કદી બીમાર પડતા નથી છતાં પ્રારબ્ધવશાત્ ક્વચિત્ પણ જો તાવ જેવું લાગે તો **ડૉકટરી દવાઓનું સેવન ન કરવાનો નિયમ ધરાવતા વનમાળીદાસભાઇ ચોવિહાર ઉપવાસ કરી ( ज्वरस्य लङ्घनं श्रेय : )(તાવમાં લાંઘણ કરવું સારું.) આ આયુર્વેદના વચનાનુસાર તાવને ભગાડી દેતા અને કહેતા કે 'મહેમાન (તાવ) ને ખાવા પીવા જ ન આપીએ તો ક્યાં સુધી આપણા ઘરમાં ટકી શકે !...'**

આટ આટલા તપ - ત્યાગ પણ હજી ઓછા લાગતા હોય તેમ આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાં લુણસાવાડા મોટી પોળમાં પૂ. મુનિરાજ શ્રી ૐકાર વિજયજી મ.સા. એક ભાઇને ૫૦૦ આયંબિલની પ્રેરણા કરી રહ્યા હતા તે સાંભળીને વનમાળીદાસભાઇએ એકાંતરા ૫૦૦ આયંબિલ શરૂ કરી દીધા અને નિર્વિઘ્ને પરિપૂર્ણ કર્યા !

જીવદયાપ્રેમી વનમાળીદાસભાઇએ તેઉકાયની નિરર્થક વિરાધના

થી બચવા માટે જીંદગીભર સ્વહસ્તે ઈલેક્ટ્રીક લાઈટ ચાલુ ન કરવાની પ્રતિજ્ઞા લીધેલ છે, એટલું જ નહિ પરંતુ કેટલાક વર્ષ પહેલાં તેમણે સ્વયં ચૂલો પણ સળગાવવો ન પડે તે માટે **માત્ર શેકેલા ચણાના ભુક્કા સાથે ઘી, ગોળ મિક્સ કરીને કે મમરા સાથે મીઠું, મરચું મિક્સ કરીને અવઢ્ઢ એકાશણાનો પ્રયોગ ૧૦૮ દિવસ પર્યંત કર્યો હતો !**

ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવન જીવતા વનમાળીદાસભાઈ **પગમાં પગરખા પણ પહેરતા નથી.** કવચિત્ ઉનાળામાં પણ બપોરના સમયે તડકામાં બહાર જવાનો પ્રસંગ આવે ત્યારે પણ તેઓ છાંયડાનો ત્યાગ કરીને **ખુલ્લા પગે તડકામાં જ ચાલે છે** ! શા માટે? કારણ કે - નાના જીવ- જંતુઓ છાંયડાનો આશ્રય લઈને રહેલા હોય તેથી છાંયડામાં ચાલવા જતાં પગ નીચે ચગદાઈ જવાની શક્યતા રહે. એટલે પોતાને ભલે તડકો સહન કરવો પડે પણ બીજા જીવોને જરા પણ તકલીફ ન પડવી જોઈએ ! કેવી ઉદાત્ત વિચારસરણી !! કેવું ઉમદા ઉત્તમ જીવન !!!...

**રોજ ઉભયટંક પ્રતિક્રમણ તથા નિયમિત જિનપૂજા કરતા** વનમાળીદાસભાઈ **રોજ ચાર સામાયિક અચૂક કરે છે.** સં ૨૦૫૦માં પૂ.આશ્રી શ્રેયાંસચંદ્રસૂરિજીના ચાતુર્માસમાં કોઈ મુનિરાજશ્રીના આગમના યોગોદ્વહનની તપશ્ચર્યાનું પારણું કરાવવાના લાભ માટે સામાયિકનો ચડાવો બોલાઈ રહ્યો હતો, ત્યારે વનમાળીદાસભાઈ ૫૦૦૦ સામાયિકનો ચડાવો બોલ્યા હતા. ત્યારબાદ કોઈ આગેવાન શ્રાવકે તેમને આગળ ન વધતાં બીજાને લાભ આપવા ઈશારો કરતાં તેઓ ત્યાં જ અટકી ગયા. ચડાવો લઈને દીપચંદભાઈ એ પ્રથમ વહોરાવવાનો લાભ લીધો તો પણ વનમાળીદાસભાઈએ ૩ **વર્ષમાં ૬૦૦૦ સામાયિક કરવાનો નિયમ લઈ લીધો** અને રોજ ચાર સામાયિક અચૂક કરે છે. તેમના ધર્મપત્ની હીરાબેન પણ રોજ ચાર સામાયિક તથા જિનપૂજા કરે છે. સુપુત્રો તથા પૌત્રો પણ પ્રભુદર્શન રોજ કરે છે.

૫ વર્ષ પહેલાં તેમણે **શ્રાવકના ૧૨ વ્રતોનો વિધિવત્ સ્વીકાર કરી લીધો છે.**

આટલા ઉત્કૃષ્ટ તપ - ત્યાગ સાથે અપ્રમત્તતા પણ કેટલી !

તેઓ દિવસે કદી સૂતા નથી. **શિયાળામાં રાત્રે ૨ાા-૩ વાગે ઊઠી જાય.** ઉનાળામાં ૪ વાગે ઊઠી જાય અને જાપ તથા કાઉસ્સગ્ગ કરવા લાગી જાય. રોજ બે સામાયિક દરમ્યાન ૨૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે છે. તથા રોજ ૧૦ હજાર વખત અરિહંત... અરિહંત.. પદનો જાપ આંગળીના વેઢાથી કરે છે.

**તેઓ કહે છે કે - 'મરતી વખતે અરિહંતને યાદ કરવા હોય તે જીવતાં જ તેની ટેવ પાડવી જોઈએ !**

દેહ અને આત્માના ભેદજ્ઞાનના સચોટ લક્ષ્યપૂર્વક **રોજ આત્મસિધ્ધિશાસ્ત્રનો સ્વાધ્યાય કરે છે. છાપું કદી વાંચતા નથી!**

ગુજરાતી ૭ ચોપડી તથા અંગ્રેજી ૧ ચોપડીનો વ્યાવહારિક અભ્યાસ ધરાવતા વનમાળીદાસભાઈ પ્રારબ્ધ અને પ્રામાણિક પુરુષાર્થવશાત્ સેંચુરી મીલના શેરોમાંથી સારી આવક ધરાવે છે. સિંધી માર્કેટમાં કાપડની દસ દુકાનો છે, તે તેમના ત્રણ ભાઈઓ સંભાળે છે. પોતે આરાધનામય નિવૃત જીવન ગાળે છે. અત્યાર સુધીમાં હઠીસીંગની વાડીના આયંબિલખાતામાં તથા ભોજનશાળામાં ૧-૧ લાખ રૂા. તથા પાલિતાણામાં સિધ્ધક્ષેત્ર ભોજનશાળામાં ૧૧ લાખ સહિત **૫૫ લાખ રૂા.નું વિવિધ ક્ષેત્રોમાં સમ્યક્ દાન કરેલ છે. દરરોજ ૧૦૦ રૂા.નું ચણ પક્ષીઓને નાખે છે ! પક્ષીઓ માટે પાણીના કુંડા તેઓ ભરે તથા ઉપાશ્રય - પાઠશાળામાંથી કચરો જાતે કાઢે છે !**

**દરરોજ દેરાસરના ભંડારમાં ૫ રૂા. અચૂક નાખે છે. ' દેરાસર રૂપી આત્મનિરીક્ષણ કેન્દ્રમાં જવું હોય તો ૫રૂા. ની ટિકિટ કઢાવ્યા સિવાય કેમ જવાય? '** આ હતા તેમના ઉદ્ગારો !...

૨-૩ મુનિવરો પાસેથી વનમાળીદાસભાઈ વિષે થોડું જાણ્યા પછી વિશેષ જાણવા માટે તા. ૨૦-૬-૯૫ના દિવસે અમે હઠીસીંગની વાડીમાં ગયા ત્યારે તેઓ જિનપૂજા કરી રહ્યા હતા. પૂજા કર્યા બાદ તેઓ ઉપાશ્રયમાં આવ્યા ત્યારે તેમની સાથે પ્રશ્નોત્તરી કરીને ઉપરોક્ત આરાધનાની વિગત જાણી ત્યારે છેલ્લે તેમણે ઉમેર્યું કે - 'આ બધું જાણીને તમે મને છાપે કે છાપરે ન ચડાવતા હો !.. કેવી નિરભિમાનિતા અને નિઃસ્પૃહતા !...

પ્રિય વાચકો ! જોયુંને ? જાતે ભાવસાર હોવા છતાં વનમાળીદાસભાઇ જિનેશ્વર ભગવંતની આજ્ઞાઓનું કેવું સુંદર પાલન કરી રહ્યા છે ? માટે જ તો કહ્યું છે ને કે -:

"જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તો મુક્તિ લહે, તેમાં ભેદ ન કોય"

'આ તો પાળે એનો ધર્મ છે. શૂરાઓનો ધર્મ છે!...
પ્રભુનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને;
પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને ...'

પ્રભુ "મહા-વીર"ના સંતાનો એવા આપણે આ વૃત્તાંત વાંચીને કર્મક્ષય માટે શૂર-વીર અને ધીર-ગંભીર બનવાનો સંકલ્પ કરીશુંને ???

❁ ❁ ❁

## (૨)
## બે જ દ્રવ્યથી ૭૭ વર્ષ એકાશણા કરનાર અડાલજના બ્રાહ્મણ

આજથી ૨૦ વર્ષ પહેલાં સં ૨૦૩૩માં ધર્મચક્રતપ પ્રભાવક પ.પૂ. **પંન્યાસ પ્રવર શ્રી જગવલ્લભવિજયજી ગણિવર્ય મ.સા.** વિહાર કરતાં અનુક્રમે ગાંધીનગર પાસે આવેલા અડાલજ ગામમાં પધાર્યા ત્યારે દેરાસર પાસે એક ભાઇએ તેમને "મત્થએણ વંદામિ - સુખશાતા?" કહીને પૂછ્યું કે - 'મહારાજ સાહેબ વ્યાખ્યાન વાંચશો?'

મ.સા.એ કહ્યું કે, 'તમે આયોજન કરો તો મને વાંચવામાં વાંધો નથી.'

પેલા ભાઇએ કહ્યું કે - "મ.સા. વ્યાખ્યાનનું આયોજન તો શ્રાવકો કરી શકે."

મ.સા.એ આશ્ચર્ય સાથે પૂછ્યું કે - 'શું તમે શ્રાવક નથી' ?

'હું બ્રાહ્મણ છું,' પેલા ભાઇએ ખુલાસો કર્યો.

'તો પછી તમને જૈન સાધુના વ્યાખ્યાન શ્રવણનો આટલો રસ

કેવી રીતે જાગ્યો છે ?' મ.સા.એ જિજ્ઞાસાવશાત્ પૂછ્યું.

બ્રાહ્મણ : મ.સા. આપના પ્રશ્નનો જવાબ આપતા પહેલાં હું એક પ્રશ્ન આપને પૂછવા માંગુ છું, પૂછું?

મ.સા. : પૂછો ખુશીથી.

બ્રાહ્મણ : આપને મારી ઉંમર કેટલી લાગે છે?

મ.સા. : હશે ૫૦-૫૫ વર્ષ આસપાસની ઉમર. પણ આ પ્રશ્નનો મારા ઉપરોક્ત પ્રશ્ન સાથે શો સંબંધ છે?

બ્રાહ્મણ : "સંબંધ છે જ એટલે જ આપશ્રીને મારે પ્રશ્ન પૂછવો પડયો છે. **મ.સા.! ચોર્યાશીના ચક્કર પૂરા કરીને પંચ્યાશીમાં પ્રવેશ કર્યો છે !..**

"તો આવા અફલાતુન આરોગ્યનું રહસ્ય સમજાવશો ?" મ.સા.એ ભારે આશ્ચર્ય સાથે પૂછયું.

બ્રાહ્મણ : **આ બધો પ્રતાપ અને પ્રભાવ જૈન ધર્મનો જ છે**

મ.સા. : કેવી રીતે ? વિગતવાર સમજાવો.

બ્રાહ્મણ : સાંભળો. મારી ઉંમર જ્યારે ૧૪ વર્ષની હતી ત્યારે અમારા ગામમાં એક જૈન સાધુ મહારાજ પધાર્યા હતા. મકરસંક્રાંતિના એ દિવસોમાં અમે છોકરાઓ ઉપાશ્રયની બહાર ઓટલા ઉપર બેસીને ગપ્પા મારતા હતા. મ.સાહેબે અમને જોઈને કહયું, "છોકરાઓ, આવો, હું તમને વાર્તા કહું તથા પ્રભુકીર્તન કરાવું."

વાર્તા સાંભળવાના રસથી અમે તરત ઉપાશ્રયમાં ગયા. મહારાજ સાહેબે વાર્તા સંભળાવીને અમને પૂછયું - 'બોલો તમારામાંથી કોને જલ્દી મરી જવું છે?'

આવો વિચિત્ર સવાલ સાંભળીને એક પણ છોકરાએ આંગળી ઊંચી ન કરી.

પછી મ.સા.એ ફરીથી પૂછયું - 'તમારામાંથી કોને રોગ વિનાનું લાંબુ આયુષ્ય ભોગવવું છે ?'

એટલે એક પણ અપવાદ વિના બધાજ છોકરાઓએ પોતાની આંગળી ઊંચી કરી દીધી.

ત્યારે મ.સા.એ કહયું : જુઓ બાળકો જેમણે પણ આરોગ્ય

સહિત લાંબુ જીવવું હોય તેમણે નીચેની ત્રણ બાબતોનો પોતાના જીવનમાં ખાસ અમલ કરવો જોઇએ.

(૧) **ગમે તેટલું ખાવું નહિ.**- ભુખ હોય તેના કરતા થોડું ઓછું ખાવું અર્થાત્ હંમેશાં ઊણોદરી કરવી.

(૨) **ગમે તે ખાવું નહિ.** - સાદું સાત્ત્વિક ભોજન જ કરવું. વધુ પડતા ઘી - તેલયુક્ત ભારે ખોરાક કે મસાલેદાર ભોજન કરવું નહિ. સારી રીતે પચી જાય તેવો હલકો ખોરાક જ લેવો.

(૩) **ગમે તેટલી વાર ખાવું નહિ.** કકડીને ભુખ લાગે ત્યારેજ ખાવું. એક કે બે ટંકથી વધારે વખત ખાવું નહિ.

બસ આ ત્રણ બાબતોનો અમલ કરી જુઓ એટલે ટૂંક સમયમાં જ તમને એના પ્રભાવની ખબર પડશે.

મ.સા.ની વાત્સલ્યયુક્ત નિઃસ્વાર્થ વાણી બીજા અનેક બાળકો સહિત મારા હૃદયને એવી તો સ્પર્શી ગઇ કે બીજા જ દિવસથી મેં તેનો અમલ શરૂ કરી દીધો. બે દિવસ એકાશણા (એક જ ટાઇમ ભોજન ) ની પ્રતિજ્ઞા મ.સા. પાસેથી લીધી અને માત્ર રોટલો તથા છાશ આ બે જ દ્રવ્યથી બે દિવસ એકાશણા કર્યા. એનાથી મને ઘણી જ સ્ફૂર્તિનો અનુભવ થયો. પરિણામે **મારી શ્રધ્ધા એટલી સુદઢ બની ગઈ કે ત્રીજે જ દિવસે મેં મ.સા. પાસેથી યાવજ્જીવ માત્ર બે જ દ્રવ્યથી એકાશણા કરવાની પ્રતિજ્ઞા લઈ લીધી !..**

મ.સા.એ ખૂબજ પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ અને હિતશિક્ષા સાથે પ્રતિજ્ઞા આપી.

આ વાતને આજે ૭૦ વર્ષના વહાણા વઇ ગયા. છતાંપણ હજી સુધી એક પણ દિવસ આ નિયમનો ભંગ થવાનો અવસર આવ્યો જ નથી. માત્ર રોટલો અને છાશ અથવા રોટલો અને મરચું આ બે જ દ્રવ્યથી આનંદપૂર્વક એકાશણા ચાલુ છે. **પરિણામે આજે ૮૫ વર્ષની ઉંમરે પણ આંખ-કાન, હાથ-પગ વિગેરે બધી ઇન્દ્રિયો તથા અવયવો તદ્દન નીરોગી છે. માથું કેવી રીતે દુઃખે કે તાવ કેવો હોય તેનો મને અનુભવ નથી ! આજે પણ ૫ કિ.મી. દૂર અમારા ખેતરે પગે જ આવ-જા કરું છું, આ બધો પ્રતાપ જૈન ધર્મના એકાશણાનો છે તેથી**

**જ હું જૈન સાધુ ભગવંતો ના વ્યાખ્યાન અચૂક સાંભળું છું.'**

એક બ્રાહ્મણના મુખેથી જૈન ધર્મ અને જૈન સાધુ ભગવંતો વિષેના આવા શ્રધ્ધા અને અહોભાવયુક્ત ઉદ્ગારો સાંભળીને મ.સા.ને ખૂબજ આનંદ થયો. તેમણે એ બ્રાહ્મણની ખૂબજ ઉપબૃંહણા કરી અને ત્યારપછી તેઓ જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં વ્યાખ્યાનમાં આ દૃષ્ટાંત ખાસ રજુ કરતા જે અનેકોને ખાસ પ્રેરણાદાયક બનતું.

આ ઘટના પછી ૬ વર્ષ બાદ મ.સા. સં.૨૦૩૯માં આણંદ પાસે વડતાલ ગામમાં વ્યાખ્યાનમાં આ દૃષ્ટાંત વર્ણવી રહ્યા હતા. ત્યારે યોગાનુયોગ અડાલજ ગામના એક શ્રાવક પણ પોતાના કોઈ કાર્ય પ્રસંગે વડતાલ આવ્યા હતા. અને વ્યાખ્યાનમાં હાજર હતા. તેમણે કહ્યું કે, 'મ.સા. આ દૃષ્ટાંત તો અમારા ગામનું છે.' ત્યારે મ.સા.એ પૂછ્યું કે, 'હાલ એમના શું સમાચાર છે?'

પેલા શ્રાવકે કહ્યું કે,' હમણાં ૧૫ દિવસ પહેલાં જ એ બ્રાહ્મણનો સ્વર્ગવાસ થયેલ છે. બન્યું એવું કે મધ્યાહ્ન સમયે તેમના પુત્રવધુએ વિનંતિ કરી કે પિતાજી! ચાલો એકાશણું કરી લો. તેમણે કહ્યું કે, "આવું છું" આટલું કહીને તેઓ પોતાના ઘરનાજ એક ખૂણામાં જ્યાં તેઓ નિયમિત પ્રભુજીની છબી સમક્ષ નવકાર મહામંત્રનો જાપ કરતા હતા ત્યાં જઈને કુદરતી સંકેતાનુસાર **પદ્માસન વાળીને બેઠા અને નવકાર ગણતાં ગણતાં પાંચજ મિનિટમાં તદ્દન નીરોગી અવસ્થામાં ખૂબજ સાહજિકતાથી ઈચ્છામૃત્યુપૂર્વક તેમણે દેહપિંજરનો ત્યાગ કર્યો**.ત્યારે બપોરના ૧૨.૩૯ વાગ્યાનો વિજય મુહૂર્તનો સમય હતો. તેમના પુત્રવધુએ તે વખતે તેમના મસ્તક ઉપર અચાનક પ્રકાશનો ઝબકારો જોયો હતો!..'

પ્રિય વાચક! જોયું ને ઊણોદરીપૂર્વકના માત્ર બે જ દ્રવ્યોથી યાવજ્જીવ એકાશણાની પ્રતિજ્ઞાનો કેવો અદ્ભુત અચિંત્ય પ્રભાવ છે?!..

ખરેખર જૈનધર્મ કેટલો બધો વૈજ્ઞાનિક છે. તેના પ્રત્યેક વિધિ-નિષેધો પાછળ આત્મિક એને શારીરિક બંને પ્રકારના આરોગ્યનું રહસ્ય સમાયેલું છે. હોટલો, ભેળપુરી વિગરેની રેંકડીઓ તથા રેસ્ટોરન્ટો અને ફાસ્ટ ફૂડ તેમજ માંસાહારના પૂરજોશમાં ચાલી રહેલ પ્રચારના આ જમાનામાં માનવસમાજ જૈનધર્મના આહાર વિજ્ઞાનને સમજીને અમલમાં

મૂકે તો અબજો રૂા.ની દવાઓ અને હોસ્પીટલો વિના પણ સમાજનું દ્રવ્ય-ભાવ આરોગ્ય કેવું જળવાઈ રહે?!..

ખેર, સામાજિક લેવલે આ વાત જ્યારે શક્ય બને ત્યારે પણ વ્યક્તિગત જીવનમાં આ વાતનો અમલ કરવા માટે તો આપણે સહુ સ્વતંત્ર જ છીએ ને ? ચાલો ત્યારે ધરમના કામમાં ઢીલ કેવી ?!..

卐 卐 卐

## (૩)
## નવકાર મહામંત્રને સિધ્ધ કરનાર સરપંચ લાલુભા મફાજી વાઘેલા (હિન્દુ ગરાસીયા)

'શ્રધ્ધાળુ શ્રોતા અને અનુભવી સદ્‌ગુરૂનો યોગ કલિકાલમાં પણ અદ્‌ભૂત પરિણામો નીપજાવી શકે છે તે લાલુભાના પ્રત્યક્ષ દ્રષ્ટાંતથી સમજી શકાશે.

સં.૨૦૩૭માં વૈશાખ મહિનાની કોઈ ધન્ય ઘડીએ **ટ્રેન્ટ ગામ (તા.વિરમગામ, જિ. અમદાવાદ)** ના વતની લાલુભાને વાંકાનેર - ટંકારા ની વચ્ચે આવેલ જડેશ્વર મહાદેવની ધર્મશાળામાં **નવકાર મહામંત્ર આરાધક પ.પૂ.પં.શ્રી મહાયશસાગરજી ગણિવર્ય મ.સા.નો સત્સંગ સાંપડયો.**

વિહાર કરતાં કરતાં પૂજ્યશ્રી, આજુબાજુમાં જૈન સ્થાન ન હોવાથી જડેશ્વર મહાદેવની ધર્મશાળામાં એક દિવસ રોકાયા હતા અને ભવિતવ્યતાવશાત્‌ ટ્રેન્ટના સરપંચ લાલુભા પણ પોતાના ભાણેજના હૃદયના વાલ્વના સફળ ઓપરેશન બાદ માનતા પૂરી કરવા માટે જડેશ્વર મહાદેવના દર્શન કરવા આવ્યા. ત્યાં ધર્મશાળમાં ઉપરોક્ત જૈન મહાત્માને જોઈને કોઇ અગમ્ય સંકેત મુજબ લાલુભા પોતાના ભાણેજને સંપૂર્ણ રીતે સારું થઈ જાય તેવી ભાવનાથી તેમના આશીર્વાદ લેવા માટે ગયા. 'સવિ જીવ કરું શાસન રસી' ની ભાવનામાં રમતા પૂજ્યશ્રીએ વાત્સલ્ય નીતરતી

વાણીથી તેમને વ્યસનત્યાગ માટે પ્રેરણા કરી.અને 'કમ્મે સૂરા સો ધમ્મે સૂરા' એ ઉક્તિને ચરિતાર્થ કરતા શૈવ ધર્માનુયાયી લાલુભાએ તરત હાથમાં પાણી લઇને શંકર તથા સૂર્યનારાયણની સાક્ષીએ, **રોજની ૧૦૦ બીડી પીવાના વર્ષો જૂના વ્યસનને એક જ ધડાકે સદાને માટે જલાંજલિ આપી દીધી**. તેમની આવી પાત્રતા જોઇને પૂજ્યશ્રીએ પણ યથાયોગ્ય રીતે ઉપબૃંહણા કરી. પરિણામે ચાતુર્માસ દરમ્યાન ખાસ પૂજ્યશ્રીના દર્શન કરવા માટે લાલુભા અમદાવાદ ગયા. પોતાના ભાણેજને સંપૂર્ણ સારું થઇ જતાં લાલુભાની પૂજ્યશ્રી પ્રત્યેની શ્રધ્ધા વૃધ્ધિંગત બનતી ગઇ. તેની ફલશ્રુતિ રૂપે સં.૨૦૩૮ના પૂજ્યશ્રીના જામનગરમાં ચાર્તુમાસ દરમ્યાન પત્ર દ્વારા પૂજ્યશ્રીના સમાચાર મેળવીને ચાર વખત જામનગર જઇ આવ્યા. પ્રશ્નોત્તરી દ્વારા શૈવધર્મ તથા જૈનધર્મના તત્ત્વોનું રહસ્ય સમજ્યા. પહેલાં મહિનામાં બે વખત અગિયારસના ફળાહાર યુક્ત ઉપવાસ કરનાર લાલુભા હવે ફક્ત અચિત્તપાણીયુક્ત શુધ્ધ ઉપવાસ કરવા લાગ્યા. સાત મહાવ્યસનો, કંદમૂળ તથા રાત્રિભોજનનો કાયમને માટે ત્યાગ કર્યો. **સગાભાઇની દીકરીના લગ્નપ્રસંગે પણ તેમણે રાત્રિભોજન ન જ કર્યું!..** સવારના રોજ નવકારશી અને સાંજે ચઉવ્વિહારના પચ્ચક્ખાણ કરવા લાગ્યા. રોજ એક બાંધી નવકારવાળીનો જાપ શરૂ કર્યો. જૈનધર્મ પ્રત્યે અતૂટ શ્રધ્ધાવાળા બન્યા.

આ ચાતુર્માસમાં ઉપધાન તપની ક્રિયા જોઇને તેમનામાં ક્રિયારૂચિ ઉત્પન્ન થઇ અને **રોજ મૌનપૂર્વક એક સામાયિક કરવાનો પ્રારંભ કર્યો.** તથા દર વર્ષે પર્યુષણમાં પોતાના ઉપકારી ગુરૂદેવશ્રી જ્યાં પણ હોય ત્યાં જઇને તેઓશ્રીની પાવન નિશ્રામાં **એકાંતરા ચાર ઉપવાસ તથા ચાર એકાશણાપૂર્વક ૬૪ પ્રહરી પૌષધ કરવા લાગ્યા. આ ક્રમ છેલ્લા ૧૨ વર્ષથી અતૂટપણે ચાલુ જ છે.!...**

ટ્રેન્ટ ગામમાં એક પણ જૈન ઘર ન હોવા છતાં જૈન ધર્મ પાળતા લાલુભાનો શરૂઆતમાં ગામલોકોએ ઘણો વિરોધ કર્યો ત્યારે લોકવિરોધને શમાવવા માટે વ્યવહારદક્ષતા વાપરીને લાલુભા પોતાના ગુરૂદેવશ્રીના માર્ગદર્શન મુજબ શૈવમંદિરમાં જઇને પણ -

भवबीजाङ्कुर जनना रागाद्याः क्षयमुपागता यस्य।

ब्रह्मा वा विष्णु र्वा, हरो जिनो वा नमस्तस्मै॥
ભાવાર્થ :- સંસારરૂપી બીજમાંથી અંકુર ઉત્પન્ન કરનાર રાગ દ્વેષાદિ દોષો જેમના નાશ પામી ગયા હોય તેવા જે કોઇ પણ દેવ - બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે જિનેશ્વર પ્રભુ હોય તેમને મારા નમસ્કાર થાઓ.) આ શ્લોક બોલીને બાહ્ય દૃષ્ટિથી શિવલિંગને નમસ્કાર કરતા દેખાતા લાલુભા ભાવથી તો શ્રી જિનશ્વર પ્રભુને જ નમસ્કાર કરતા હતા!

ગજબનો ગુરૂસમર્પણભાવ ધરાવતા લાલુભાએ સં.૨૦૪૫માં **ગુરૂદેવશ્રી સાથે વર્ષીતપનો પ્રારંભ કર્યો અને પારણું પણ ગુરૂદેવ સાથે જ હસ્તિનાપુર તીર્થમાં કર્યું!**

સં.૨૦૪૮માં વર્ધમાન આયંબિલ તપનો પાયો નાંખ્યો, તેમજ કષાયજય તપ તથા **ધર્મચક્રતપ પૂર્ણ કર્યા બાદ વીરમગામથી પ્રભુજીને ટ્રેન્ટ ગામમાં પધરાવીને ઠાઠ-માઠથી સ્નાત્ર ભણાવીને આખા ગામને જમાડયું !.. પરંતુ પોતે તપ નિમિત્તે અપાતી પ્રભાવનાનો પણ નમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો.**

સં.૨૦૪૯માં ફા.સુ.૧૩ના દિવસે શત્રુંજય ગિરિરાજની છ ગાઉની યાત્રા તથા આદિનાથ દાદાની પૂજા કરી. એ જ વર્ષે ચાતુર્માસના અંતમાં ગરવા ગિરિરાજની છત્રછાયામાં, ઉપકારી ગુરૂદેવશ્રીની નિશ્રામાં ઉપધાન તપ કરીને મોક્ષમાળાનું પરિધાન કર્યું! શ્રાવકના ૧૨ વ્રતમાંથી કેટલાક વ્રતો-નિયમો સ્વીકાર્યા. પરિગ્રહનું પરિમાણ કર્યું. સરકારી જીનમાં વર્ષો સુધી ચોકીદાર તરીકે નોકરી કર્યા બાદ ખેતીવાડી કરતાં ખેતીવાડીમાં પણ જીવદયાનો સવિશેષ લક્ષ રાખવા લાગ્યા.

ખાનદાન કુળમાં જન્મ પામેલ સંતાનોને પણ આજના ટી.વી. યુગમાં મા-બાપને પગે લાગતાં શરમ આવે છે ત્યારે **૬૦ વર્ષના લાલુભા આજે પણ દરરોજ પોતાના માતુશ્રીને અચૂક પગે લાગવામાં ગૌરવ અને આનંદ અનુભવે છે.**

વ્યવહાર સમ્યક્ત્વને નિર્મળ બનાવવા માટે તેમણે સમેતશિખર, હસ્તિનાપુર, શત્રુંજય, રાજગૃહી, પાવાપુરી, ચંપાપુરી, વારાણસી આદિ અનેક તીર્થોની યાત્રા ભાવપૂર્વક કરીને જીવનને ધન્ય બનાવ્યું.

જ્યારે પણ ટ્રેન્ટથી વીરમગામ જવાનું થાય ત્યારે ત્યાં જે પણ

જૈન મુનિવર હોય તેમને ભાવપૂર્વક વંદન કરી વ્યાખ્યાન સાંભળે તથા ચાતુર્માસ દરમ્યાન ત્યાં જે પણ સામૂહિક તપશ્ચર્યા ચાલતી હોય તેમાં જોડાય.

ધાર્મિક સૂત્રોમાં ગુરૂવંદનવિધિના સૂત્રો તથા સામાયિક લેવા પાળવાની વિધિના સૂત્રો કંઠસ્થ કર્યા છે.

વ્યાખ્યાનાદિમાં જે પણ સારું સાંભળે તેને તાત્કાલિક અમલમાં મૂકવાની વૃત્તિ ધરાવતા લાલુભાએ સં.૨૦૪૨માં અંધેરી(મુંબઇ)માં પર્યુષણ દરમ્યાન પોતાના ઉપકારી ગુરૂદેવશ્રીના મુખેથી ક્ષમાપના વિષે પ્રવચન સાંભળ્યું અને તરત પોતાના **પ્રતિસ્પર્ધી ચેરમેનને ત્યાં સામે જઈને ક્ષમાપના કરી - ખમાવ્યા. આ જોઈને ચેરમેન પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને સદાને માટે લાલુભાના જીગરીદોસ્ત બની ગયા.**

**નવકાર તેમજ ધર્મનિષ્ઠાના પ્રભાવે લાલુભાના જીવનમાં સર્જાયેલ ચમત્કારિક ઘટનાઓ**

**(૧)**

**લોહીની ઊલટી બંધ થઈ ગઈ**

રોજના નિત્યક્રમ પ્રમાણે લાલુભા મૌનપૂર્વક સામાયિકમાં હતા ત્યારે તેમના ઘરે આવેલ તેમના ભાણેજને અચાનક લોહીની ઊલટી થતાં કુટુંબીજનો ખૂબ ગભરાઇ ગયા અને છોકરાને અમદાવાદ હોસ્પીટલમાં લઇ જવા માટે તૈયારી કરવા લાગ્યા. ગજબની નવકારનિષ્ઠા ધરાવતા લાલુભાએ મૌન હોવાથી ઇશારાથી ગરમ(અચિત્ત) પાણી મંગાવ્યું અને એક બાંધી નવકારવાળીનો જાપ કરીને તે નવકારવાળીને પાણીમાં નાંખી.ત્યારબાદ તેને બહાર કાઢીને ભાણેજને તે પાણી પીવડાવતાં લોહીની ઊલટી બંધ થઇ ગઇ. હોસ્પીટલમાં જવાની જરૂર જ ન રહી!

**(૨)**

**સર્પનું ઝેર ઉતરી ગયું.**

ટ્રેન્ટ ગામના યુવાન કોળીના દીકરાને ખેતરમાં ઝેરી સર્પ કરડવાથી, છોકરો મૃતઃપાય થઇને ઢળી પડયો. તેને ગાડામાં નાખીને મા-બાપ રડતાં રડતાં લાલુભા પાસે આવીને છોકરાને બચાવી લેવા માટે કરગરવા લાગ્યા.

દયાળુ લાલુભાએ ગુરૂદેવને યાદ કરીને ઉપર મુજબ એક બાંધી નવકારવાળીથી અભિમંત્રિત જલનો ઝેરથી બેભાન બનેલા છોકરાના મુખ ઉપર છંટકાવ કર્યો અને બધાના આશ્ચર્ય વચ્ચે છોકરો તરત આળસ મરડીને ઉભો થઇને ચાલતો થઇ ગયો. ઝેર ઉતરી ગયું. છોકરાના મા-બાપ અહોભાવથી લાલુભાને પૈસા આપવા લાગ્યા. પરંતુ નિઃસ્પૃહી લાલુભાએ એક પણ પૈસો ન લેતાં જીવદયામાં એ રકમને વાપરી નાખવા ભલામણ કરી. પોતે સરપંચ હતા ત્યારે લાલુભાએ ખૂબ જ નીતિપૂર્વક અનેક ગ્રામવાસીઓના ઝઘડા ઘર બેઠે પતાવ્યા હતા.પરંતુ કોઇ પાસેથી એક પણ પૈસો લીધો ન હતો!..

(૩)

## છ મહિનાનું પેટનું અસહ્ય દર્દ ગાયબ થઇ ગયું!

ટ્રેન્ટ ગામમાં સાયકલથી ટપાલ પહોંચાડતા બ્રાહ્મણ પોસ્ટમેનને પેટમાં અસહ્ય દર્દ ઉપડયું. છ મહિના સુધી અમદાવાદ જઇ ઘણા ઉપચારો કરાવ્યા છતાં દર્દે મચક ન આપી. આખરે લાલુભા પાસે આવીને વિનંતિ કરતાં ઉપર મુજબ ૧૦૮ નવકારથી અભિમંત્રિત જલ પીવડાવતાં દર્દ સદાને માટે દૂર થઇ ગયુ!..

(૪)

એક વખત લાલુભાને કાળા વીંછીએ હાથમાં ડંખ આપતાં આખા હાથમાં અવર્ણનીય, અસહ્ય ભયંકર પીડા થવા લાગી. આ જોઇને તેમની માતાએ ગારુડી માંત્રિકને બોલાવવાની તૈયારી કરી. પરંતુ લાલુભાએ તેમ કરતાં અટકાવીને એક રૂમમાં બેસી, દરવાજો બંધ કરી એક કલાક સુધી એકાગ્ર ચિત્તે શ્રધ્ધાપૂર્વક નવકાર મહામંત્રનો જાપ કર્યો પરિણામે વીંછીના ડંખની ભયંકર પીડા પણ એક કલાકમાં સંપૂર્ણ દૂર થઇ જતાં અનેક લોકોને જૈનધર્મ તથા નવકાર મહામંત્ર પર શ્રધ્ધા થઇ.

(૫)

## ધરણેન્દ્ર નાગરાજનાં દર્શન થયાં

એક વખત નિત્યક્રમ પ્રમાણે લાલુંભા જીનમાં સામાયિક લઇને શંખેશ્વર પાર્શ્વનાથની છબી પોતાની સમક્ષ પધરાવીને જાપ કરી રહ્યા હતા. સામાયિક પાળવાને દશેક મિનિટની વાર હતી ત્યાં તો અચાનક વિશાળ

કાયા ધરાવતા ધરણેન્દ્ર નાગરાજ ત્યાં આવી પહોંચ્યા અને પાર્શ્વનાથ પ્રભુની છબી પર પોતાની વિશાળ ફણા ધારણ કરીને થોડીવાર સ્થિર રહ્યા. આ દૃશ્ય જોઇને લાલુભા ક્ષણવાર તો સ્તબ્ધ થઇ ગયા. પરંતુ જાપમાં સ્થિર રહ્યા. ત્યાંથી ગભરાઇને ઊઠી ન ગયા. આખરે થોડીવારમાં ફણા સંકોચીને નાગરાજ થોડે દૂર ખૂણામાં રાખેલ લોખંડના સામાનમાં અલોપ થઇ ગયા. સામાયિક પાર્યા બાદ લાલુભાએ ત્યાં તપાસ કરી પરંતુ નાગરાજ પછી દેખાયા જ નહિ.

(૬)

## ખારા સમુદ્રમાં મીઠી વીરડી

સં.૨૦૪૩માં દુષ્કાળ વખતે આજુબાજુના ખેતરોમાં બોરીંગ નંખાતાં ખારું પાણી નીકળ્યું. પરંતુ લાલુભાના ખેતરના બોરીંગમાં જ મીઠું પાણી નીકળતાં લાલુભાએ બધાને છૂટથી મીઠું પાણી આપીને બધાનો પ્રેમ સંપાદન કર્યો.

(૭)

## જીવદયાનો ચમત્કાર

એક વખત ટ્રેન્ટ ગામના ખેતરોમાં જીરાના પાકમાં બંટી નામનો રોગ વ્યાપક પ્રમાણમાં ફેલાયો હતો. પરંતુ ખેતરમાં કદીપણ જંતુનાશક દવા નહિ છંટાવતા લાલુભાના ખેતરમાં જીરાનો એ રોગ લાગુ ન પડયો. આ જોઇને ગામ લોકોને જૈનધર્મ પ્રત્યે ભારે અહોભાવ થયો!..

લાલુભાના એક પુત્ર જયેશે નવસારીમાં પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી **ચંદ્રશેખરવિજયજી મ.સા.** દ્વારા પ્રેરિત તપોવનમાં ધોરણ ૮ થી ૧૦ સુધી અભ્યાસ કરીને જૈન ધર્મના સુંદર સંસ્કારો મેળવ્યા છે.

**સુપ્રસિધ્ધ કથાકાર શ્રી મોરારીબાપુ વિગેરે જૈનેતર સાધુ સંતો પણ લાલુભાના આચાર વિચાર અને ઉચ્ચારને જોઇ-સાંભળીને જૈનધર્મથી ખૂબજ પ્રભાવિત થયા છે.**

ખરેખર લાલુભાનું જીવન જૈનકુળમાં જન્મેલા અનેક આત્માઓ માટે પણ ખાસ પ્રેરણાદાયક છે.

લાલુભાને કોટિ કોટિ ધન્યવાદ સાથે તેમને ધર્મમાર્ગે વાળનાર પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદન.

## (૪)
## ક્રોડ નવકારના આરાધક નિદ્રા વિજેતા જયંતિલાલ જયરામભાઇ વીરાણી (પટેલ)

જામનગરમાં પટેલ જ્ઞાતિમાં જન્મ પામેલા ગવર્મેન્ટ ડીપ્લોમા ઇલેકટ્રીક થયેલા જયંતિલાલભાઇ (ઉ.વ.૫૨) વિદ્વર્ય **પૂ. ગણિવર્ય શ્રી અરૂણવિજયજી મ.સા.**નું ચાતુર્માસ જામનગરમાં ૧૨ વર્ષ પહેલાં થયેલ ત્યારથી તેમના પ્રવચન-સત્સંગથી પૂર્વજન્મના જૈનત્વના સંસ્કાર જાગ્રત થતાં જૈન ધર્મ પામ્યા છે. હાલ તેમની વિશિષ્ટ દિનચર્યા નીચે મુજબ છે.

**તેઓ રાત્રિના પથારી કરીને સૂતા નથી પરંતુ બેઠા બેઠા જ અલ્પતમ આરામ કરીને પરોઢિયે ૩ વાગે સામાયિક લઈને પદ્માસનમાં બેસીને નવકાર મહામંત્રનો જાપ કરે છે.**

**૧ ક્રોડ નવકારના જાપ કરવાની ભાવના સાથે રોજ લગભગ ૩૩ બાંધી નવકારવાળી ગણે છે. હાલમાં જ તેમના ૧ ક્રોડ નવકારજાપ પૂર્ણ થયેલ છે.**

ઉભયટંક પ્રતિક્રમણ તથા નિયમિત સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે. હંમેશાં બ્યાસણાનું પચ્ચક્ખાણ કરે છે. ચાર વર્ષથી જ્ઞાનપંચમીના બંને પાંચમના ઉપવાસ કરે છે. પ્રથમ બ્યાસણું જિનપૂજા પછી તથા બીજીવાર દુકાનેથી પાછા આવીને બપોરે ૨ વાગ્યે કરે છે. **રોજ સૂર્યાસ્તથી ૯૬ મિનિટ પહેલાં ચોવિહારનું પચ્ચક્ખાણ કરે છે.**પ્રથમ બ્યાસણું કર્યા પછી વીરાણી ઇલેકટ્રીક સ્ટોર્સ નામે પોતાની દુકાને જતાં પહેલાં રોજ ઓછામાં ઓછા ૧૦રૂા. જીવદયાના કાર્યો(કબૂતરને ચણ, કીડીને સાકર, માછલીને લોટ, કૂતરાને રોટલા ઇત્યાદિ) માં ખર્ચે છે. ૯ વર્ષથી સજોડે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારેલ છે.

પહેલાં વર્ષમાં ૬ અઠ્ઠાઇ દરમ્યાન ૮-૯ ઉપવાસ કરતા. હજી પણ પર્યુષણમાં ૮ ઉપવાસ કરે છે.સિધ્ધિતપ પણ કરેલ છે. દર આઠમ પાંખીના ઉપવાસ કરે છે. અવારનવાર અઠ્ઠમ કરે છે. છેલ્લા ૩ વર્ષમાં વર્ધમાન આયંબિલ તપની ૩૩ ઓળી કરેલ છે. ૧૦૦ ઓળી તથા

ચોવિહાર ઉપવાસથી વીસ સ્થાનક તપ પૂર્ણ કરવાની તીવ્ર ભાવના છે.બધા ઉપવાસ ચોવિહાર જ કરે છે અને બ્યાસણા દરમ્યાન ઉનાળામાં પણ નવસેકું ગરમ પાણી જ વાપરે છે.

દર ફાગણ સુદ ૧૩ના શત્રુંજય મહાતીર્થની છ ગાઉની પ્રદક્ષિણા કરે છે. પરંતુ પાલમાં જમતા નથી તેમજ પ્રભાવના પણ લેતા નથી.

પાલિતાણામાં પૂ.સાધુ સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ ભક્તિ માટે રૂા. સાત હજારનો સદ્વ્યય કરેલ છે. હંમેશાં ખુલ્લા પગે ચાલે છે.

પૂર્વજન્મમાં પોતે જૂનાગઢમાં જૈન શ્રાવક હતા તેવું જાતિસ્મરણ જ્ઞાન તેમને થયેલ છે. સં૨૦૪૫માં જામનગરમાં અમારા ચાતુર્માસ દરમ્યાન ૪ મહિના સુધી ચોવીસે કલાક અખંડ જાપનું આયોજન થયેલ ત્યારે પાછલી રાતના જાપમાં જયંતિલાલભાઈ પટેલનો સહયોગ ખૂબજ અનુમોદનીય હતો.

જયંતિલાલભાઈની ઉત્કૃષ્ટ આરાધનાની ભૂરિ ભૂરિ અનુમોદના. **તેમનું સરનામું નીચે મુજબ છે.**

વીરાણી ઈલેકટ્રીક વર્કસ, દિગ્વિજય પ્લોટ નં.૫૮, મુ.પો. જામનગર (સૌરાષ્ટ્ર) પીનઃ ૩૬૧૦૦૫ ફોન : પી.પી. ૭૭૭૩૩

## (૫)

## ૨૮ વર્ષની વયે સજોડે બ્રહ્મચર્યવ્રત સ્વીકારી ઉપાશ્રયમાં જ ભોજન તથા શયન કરતા દરબાર રામસંગભાઈ બનેસંગભાઈ લીંબડ

કેટલાક મહાત્માઓના મુખેથી દરબાર શ્રીરામસંગભાઈની અત્યંત અનુમોદનીય આરાધનાઓની કેટલીક વાતો પાલિતાણામાં સાંભળી હતી અને યોગાનુયોગ જૂનાગઢથી વડોદરા જતાં તા. ૬-૬-૯૫ના રોજ **વઢવાણમાં જ રામસંગભાઈની પ્રત્યક્ષ મુલાકાત થઈ ત્યારે** તેમની

આરાધનાની વિગત જાણવા માટે જિજ્ઞાસા વ્યક્ત કરતાં પ્રથમ તો તેમણે વિનમ્રભાવે જણાવ્યું કે, 'જેમ વૃક્ષના મૂળિયા ગુપ્ત રહે તેમ ઝાડ મજબુત બને તેવી રીતે સુકૃત પણ ગુપ્ત રહે તેજ ઇચ્છનીય છે.પરંતુ આખરે અમારી પ્રબળ જિજ્ઞાસા આગળ તેમણે નમતું જોખ્યું અને સહજભાવે કેટલીક વિગત જણાવી. તેમજ તેમના વીશસ્થાનક તપના ઉજમણા પ્રસંગે પ્રકાશિત થયેલ આમંત્રણ પત્રિકા પણ પત્રિકા લખનાર પાઠશાળાના પ્રાધ્યાપકશ્રી જીતુભાઇ પાસેથી પ્રાપ્ત થઇ તેમાં પણ રામસંગભાઇની આરાધનાની કેટલીક વિગત હતી. તેના આધારે પ્રસ્તુત લેખ તૈયાર કરવામાં આવેલ છે.[સંપાદક]

'સંગ તેવો રંગ' અને 'સોબત તેવી અસર' એ કહેવત મુજબ તથા એ પ્રકારની સોબતના કારણે ચા-બીડી વિગેર અનેક વ્યસનોથી ભરપૂર એવા રામસંગભાઇ દરબારને આજથી લગભગ ૧૭ વર્ષ પહેલાં તેમની પડોશમાં રહેતા **જૈન મિત્ર શ્રી ચંદ્રકાંતભાઇ લાડકચંદ શાહે** વ્યાખ્યાનશ્રવણ માટે પ્રેરણા કરી. તે વખતે વઢવાણમાં સંવેગી ઉપાશ્રયમાં પરમશાસન પ્રભાવક પ.પૂ.આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. નાશિષ્ય પૂ.આ.શ્રી વિજયમુકિતચંદ્રસુરીશ્વરજી મ.સા.ના શિષ્ય **શ્રી પૂ. મુનિરાજ શ્રી જયભદ્રવિજયજી મ.સા.નુ** ચાર્તુમાસ હતું. જૈન મિત્રની પ્રેરણાથી રામસંગભાઇ મિત્રની સાથે ઉપાશ્રયમાં વ્યાખ્યાન શ્રવણ કરવા જવા લાગ્યા. ધીરે ધીરે જિનવાણીનો રંગ લાગતો ગયો. પૂર્વજન્મના જૈનત્વના સંસ્કારો પ્રબુધ્ધ થતા ગયા. વ્યસનો છુટતા ગયા. સામાયિક પ્રતિક્રમણાદિ ધર્મક્રિયાઓમાં રસ જાગતો ગયો. પર્યુષણમાં ૬૪ પ્રહરી પૌષધ કરવા માટે મિત્રે પ્રેરણા કરી પરંતુ રોજ સવારે સ્નાન કરી ગણપતિની પૂજા નિયમિત કરવાની કુળપરંપરાગત ટેવવાળા રામસંગભાઇને પૌષધ ગમતા હોવા છતાં ગણેશપૂજામાં વિક્ષેપ ન પડે તે માટે પૌષધ ન સ્વીકાર્યા પરંતુ આઠે દિવસ મોટા ભાગનો સમય ઉપાશ્રયમાં ગાળવા લાગ્યા.

ચાર્તુમાસ બાદ શિયાણી તીર્થ સુધી મ.સા.ને વળાવવા પણ ગયા. પછી તો વઢવાણમાં જે કોઇ જૈન સાધુ ભગવંતો પધારે તેમના વ્યાખ્યાન-વાચનાદિનો લાભ લેવા લાગ્યા. પ્રજ્ઞાચક્ષુ અમૂલખભાઇ પાસે બે પ્રતિક્રમણાદિના સૂત્રો કંઠસ્થ કર્યા.

**પરમાત્માની સ્વદ્રવ્યથી નિયમિત અષ્ટપ્રકારી પૂજા કરતા થઇ ગયા. સુખડ કેસર પણ જાતે ઘસે તથા પ્રક્ષાલ માટેનું પાણી પણ પોતાના ઘરેથી જ લાવે. પૂજા માટે ચાંદીના ઉપકરણો પણ વસાવી લીધા!**

જે કાંઇ પણ સારું જાણવા મળે તેનો તુરત અમલ કરવાની પ્રકૃતિ ધરાવતા અને એક પુત્ર તથા બે પુત્રીના પિતા બનેલા રામસંગભાઇએ ૨૮ વર્ષની વયે બ્રહ્મચર્યનો મહિમા જાણ્યો અને ધર્મપત્ની ઝીકુબાઇની સહર્ષ સંમતિપૂર્વક **પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.** પાસે યાવજ્જીવ સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત સ્વીકારવા માટે ગયા. ત્યારે પ્રથમ તો આચાર્ય ભગવંતે તેમને પ્રેકટીસ સ્વરૂપે એકાદ વર્ષ માટે આ અસિધારા-વ્રત સ્વીકારવાની ભલામણ કરી. **પરંતુ ક્ષાત્રવટ ધરાવતા આ દંપતિએ યાવજ્જીવ માટે જ વ્રત સ્વીકારવાનો પોતાનો મક્કમ નિર્ણય દૃઢતાપૂર્વક રજુ કરતાં આચાર્ય ભગવંતે આશીર્વાદપૂર્વક તેમને યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રત ઉચ્ચરાવ્યો.**

આ વ્રતનું અણિશુધ્ધ રીતે પાલન થઇ શકે તે માટે રામસંગભાઇએ કુટુંબીજનોની સંમતિપૂર્વક દુકાનના સમય સિવાય દિનરાત ઉપાશ્રયમાં જ રહેવાનો પ્રારંભ કર્યો. ગાદલાનો પરિત્યાગ કરી સંથારા પર જ શયન કરવા લાગ્યા. જમવા માટે ટિફિન પણ ઉપાશ્રયમાં જ મંગાવવા લાગ્યા. તેમાંથી પણ સુપાત્રદાન-સાધર્મિકભક્તિ કર્યા પછી જ પોતે વાપરે. **બસ વિગેરેની મુસાફરીમાં પણ જો વિજાતીયનો અનાયાસે સ્હેજ પણ સંઘટ્ટો થઇ જાય તો એક ધાન્યના આયંબિલનો સંકલ્પ કર્યો.** એ રીતે લગભગ ૨૦૦ જેટલા આયંબિલ થઇ ગયા. બાદ **આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.**ના માર્ગદર્શન મુજબ તેમાં યથાયોગ્ય ફેરફાર કર્યો.

વ્રતપાલન દ્વારા જેમ જેમ અંતરના અધ્યવસાયો નિર્મળ બનતા ગયા તેમ તેમ ભૂતકાળમાં અજ્ઞાનદશામાં થયેલા પાપો ખટકવા લાગ્યા અને આખરે સમજણ મળતાં એ પાપોની શુધ્ધિ માટે **અધ્યાત્મયોગી પ.પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. પાસે વિધિવત્ નિર્દંભભાવે ભવ આલોચના સ્વીકારી ચડતા પરિણામે બે વર્ષમાં પ્રાયશ્ચિત પરિપૂર્ણ કર્યું. આત્માને સુનિર્મલ બનાવી લીધો.**

વર્ધમાન આયંબિલ તપનો પાયો નાખી અત્યાર સુધીમાં ૩૫ જેટલી ઓળીઓ કરી લીધી.તેમજ સમ્યક્જ્ઞાનની આરાધના માટે જ્ઞાનપંચમી તપ પણ વિધિપૂર્વક કર્યું.

**જયણાપ્રેમી રામસંગભાઇ લઘુશંકા, વડીનીતિ કે સ્નાનનું પાણી પણ ગટરમાં ન પરઠવતાં પારિષ્ઠાપનિકા સમિતિના ઉપયોગપૂર્વક નિર્જીવભૂમિમાં પરઠવે છે.**

દરરોજ બે ટાઇમ પ્રતિક્રમણ તથા પર્વતિથિએ પૌષધ ગ્રહણ કરે છે.

દરેક તીર્થંકર ભગવંતો જેની આરાધના દ્વારા આગલા ત્રીજા ભવે તીર્થંકર નામ કર્મ બાંધે છે તે વીશસ્થાનકનો મહિમા સાંભળીને રામસંગભાઇએ પણ વીશસ્થાનક તપનો પ્રારંભ કર્યો અને ૩ વર્ષ તથા ૩ મહિનાના ટૂંકા ગાળામાં ૩૮૦ ઉપવાસ તથા ૨૦ છઠ્ઠ સહિત વીશસ્થાનક તપ ચઢતા પરિણામે વિધિપૂર્વક પરિપૂર્ણ કર્યું. વિશિષ્ટ તપની પૂર્ણાહુતિ નિમિત્તે ઉજમણું કરવું જોઇએ એવી શાસ્ત્રવાણી અનુસાર રામસંગભાઇએ યથાશક્તિ પૂજા ભણાવવાપૂર્વક ઉજમણું કરવાનું વિચાર્યું ત્યારે તેમના માતા-પિતા ઉપરાંત ધર્મપત્ની ઝીકુબાઇ તથા નાનાભાઇ દીપસંગે ખૂબ જ ઉલ્લાસભર્યો સહયોગ આપ્યો અને સકળસંઘનું સાધર્મિક વાત્સલ્ય તથા સ્વજ્ઞાતિનું પ્રીતિભોજન તેમજ વીશસ્થાનકપૂજન તથા ત્રણ છોડના ઉજમણા સહિત જિનેન્દ્રભક્તિમય **ત્રિદિવસીય મહોત્સવમાં રૂા. ૫૧ હજારનો સદ્વ્યય કર્યો.**

**મહોત્સવની રથયાત્રામાં તમામ દરબાર જ્ઞાતિજનોએ પણ ઉલ્લાસભેર ઉપસ્થિત રહી ભાવભરી અનુમોદના કરી હતી !**

એક વખત રામસંગભાઇના **માતુશ્રી ધનુબાઇએ** જૈન પાઠશાળાના પ્રાધ્યાપક શ્રી જીતુભાઇને જમવાનું આમંત્રણ આપ્યું ત્યારે જીતુભાઇએ કહ્યું કે તમે કંઇ પણ વ્રત-નિયમ ગ્રહણ કરશો તો જ જમવાનું આમંત્રણ સ્વીકારીશ અને તરતજ માતા ધનુબાઇએ નિયમિત જિનપૂજા તથા ચોવિહાર કરવાની પ્રતિજ્ઞા લીધી. જે આજે પણ અખંડ રીતે ચાલુ છે. **તેઓ પણ જાતે જ સુખડ ઘસીને જિનપૂજા કરે છે.**

રામસંગભાઇના ધર્મપત્ની પણ જિનદર્શન, સૂતાં-ઊઠતાં ૧૨-

૧૨ નવકાર સ્મરણ તથા વ્યાખ્યાન શ્રવણાદિ આરાધના કરે છે.

તેમનો સુપુત્ર મહીપતસિંહ તથા સુપુત્રી તેમજ નાનાભાઇ દીપસંગના સંતાનો પણ નિયમિત જૈન પાઠશાળામાં જાય છે.

કંદમૂળ તો હવે રામસંગભાઇના ઘરમાં હોય જ ક્યાંથી?

નાનાભાઇ દીપસંગભાઇ પણ રામસંગભાઇને ધર્મકાર્યોમાં પૂરતો સહયોગ આપે છે. તેઓ પોતે તથા મહીપતસિંહ કરિયાણાની દુકાનને સારી રીતે સંભાળે છે જેથી રામસંગભાઇ થોડા કલાક દુકાનમાં પ્રામાણિકતાપૂર્વક વ્યવસાય કરી બાકીનો સમય ધર્મારાધનામાં પસાર કરી શકે છે.

હવે તો તેમના જીવનમાં એક જ લગની છે કે 'સસ્નેહી પ્યારા રે સંયમ કબ હી મિલે'!

**જ્યાં સુધી ચારિત્ર ન સ્વીકારી શકાય ત્યાં સુધી તમામ લીલોતરી તેમજ મગ સિવાય તમામ કઠોળનો તેમણે પરિત્યાગ કર્યો છે.!...**

ખરેખર, ધર્મી પડોશીની મિત્રતા તથા જિનવાણીનું શ્રવણ કેવું અજબ ગજબનું જીવન પરિવર્તન કરાવીને 'કમ્મે સૂરા' આત્માને કેવા 'ધમ્મે સૂરા' બનાવી શકે છે, તથા કુટુંબમાં એક આત્મા સમ્યક્ધર્મ પામે તો સમગ્ર પરિવાર ઉપર તેની કેવી સુંદર છાપ પડે છે, તેનું જ્વલંત ઉદાહરણ શ્રીરામસંગભાઇ છે. તેમના ચારિત્ર સ્વીકારવાના મનોરથને શાસનદેવ જલ્દી પરિપૂર્ણ કરે એ જ શુભભાવના.

卐 卐 卐

## (૬)
## એક જ દ્રવ્યથી ઠામચોવિહાર ૫૦ ઓળીના આરાધક શ્રી ગોહીલ દાનુભાઇ રવાભાઇ દરબાર

પ.પૂ.આ.ભ.શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.,પ.પૂ.આ.ભ.શ્રી વિજયમાનતુંગસૂરીશ્વરજી મ.સા.,પ.પૂ.આ.ભ.શ્રી વિજયપુણ્યપાલ સૂરીશ્વરજી મ.સા.,પ.પૂ.આ.ભ.શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.,પૂ.મુનિરાજ શ્રી કાંતિવિજયજી મ.સા., વિગેરેના પ્રવચન શ્રવણ દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી જૈનધર્મની વિશિષ્ટ કોટિની આરાધના કરતા શ્રીદાનુભાઇ દરબાર(ઉ.વ.૭૩)ના જીવનની વિશેષતાઓનો પરિચય સં.૨૦૪૯ના પોષ મહિનામાં **સુરેન્દ્રનગરમાં** જ થયો.

શ્રાવક કુળમાં જન્મ પામવા છતાં અને રોજ પ્રભુપૂજા, તપશ્ચર્યાદિ આરાધના કરવા છતાં ઉભયટંક પ્રતિક્રમણ કરનારા શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જાય છે ત્યારે દાનુભાઇ દરબારનો ધાર્મિક ક્રિયાઓ પ્રત્યેનો અનન્ય સદ્ભાવ ખરેખર પ્રેરણાદાયક અને અત્યંત અનુમોદનીય છે.

**તેઓ રોજ ઉભયટંક ઉપાશ્રયમાં આવીને પ્રતિક્રમણ કરે છે.** સવારનાં કદાચ બીજા કોઇ પ્રતિક્રમણ કરનાર ન મળે તો પણ તેઓ એકલા પણ રાઇ પ્રતિક્રમણ અચૂક કરે જ !

રોજ ભાવોલ્લાસપૂર્વક જિનપૂજા કરતા દાનુભાઇ સુરેન્દ્રનગરના બધા જિનાલયોના દર્શન કરાવવા માટે અમારી સાથે હોંશે હોંશે ચાલ્યા હતા અને ૭૦ વર્ષની ઉંમરે પણ ૨૫ વર્ષના તરવરિયા યુવાનની માફક સ્ફૂર્તિપૂર્વક ચાલતા હતા.

**તેમણે વર્ધમાન આયંબિલ તપની ૫૦ ઓળી ઠામચોવિહાર સાથે ફક્ત એકેક દ્રવ્યથી જ કરી છે! દા.ત. કોઇ ઓળી ફક્ત મગથી તો કોઇ ઓળી ફક્ત ખીચડીથી જ કરી છે.** ઘણા વર્ષોથી ચૈત્ર તથા આસો મહિનાની નવપદજીની ઓળી ચાલુ જ છે. મહિનામાં પાંચ તિથિ આયંબિલ ચાલુ જ છે.

દોઢ વર્ષ સળંગ એકાશણા કર્યા બાદ હાલ આઠ વર્ષથી

કુટુંબીઓની વિનંતિથી બ્યાસણા કરી રહ્યા છે. ફક્ત ૧૩ મહિનામાં ત્રણેય ઉપધાનની આરાધના કરી છે. ચાતુર્માસમાં લીલોતરીનો ત્યાગ કરે છે. મસ્તકના વાળનો વર્ષમાં બે વાર લોચ કરાવે છે!

સજોડે બ્રહ્મચર્યવ્રત વિધિપૂર્વક ઘણા વર્ષોથી સ્વીકારેલ છે.સાધુની માફક ગાદલા વિગેરેના ત્યાગ કરી સંથારા ઉપર જ શયન કરે છે. **૨૫ છ'રી પાળતા સંઘોમાં યાત્રિક તરીકે જોડાઈને અનેક તીર્થોની યાત્રા કરી છે.** સુરેન્દ્રનગર જવાનું થાય ત્યારે દાનુભાઈને ખરેખર મળવા જેવું છે. (**સરનામું** : ભગીરથ ટેલીકોમ, વાસુપૂજ્ય સ્વામી મોટા દેરાસર પાસે, મુ. પો. સુરેન્દ્રનગર પીનઃ૩૬૩૦૦૧)

卐 卐 卐

## (૭)
## ભક્તિ-મૈત્રી-શુધ્ધિનો ત્રિવેણી સંગમ
## અજોડ તપસ્વી શેષમલજી પંડયા(બ્રાહ્મણ)

મદ્રાસમાં નવનિર્મિત ચંદ્રપ્રભસ્વામી જિનાલયની સામે રહેતા તપસ્વીરત્ન શેષમલજી પંડયા નવકારમહામંત્રના અજોડ આરાધક, અધ્યાત્મયોગી પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. ના સત્સંગથી જૈન ધર્મ પામ્યા છે.

**તેમણે વર્ધમાન આયંબિલ તપની ૧૦૦+૧૫ ઓળી કરી છે. તેમાં ૧ થી ૯૪ સુધીની ઓળીઓમાં એકાંતરે ઉપવાસ કરતા બધી ઓળીના બધા આયંબિલ ઠામચોવિહાર પુરિમઢના પચ્ચક્ખાણ પૂર્વક મોટે ભાગે બે જ દ્રવ્યથી અભિગ્રહપૂર્વક કર્યા. ૬૮મી ઓળી માત્ર ભાત અને પાણીથી કરી ! ૧૦૦મી ઓળી એક જ ધાન થી કરી!**

તેમના ઘરમાં પણ સુંદર ગૃહજિનાલય છે. તપશ્ચર્યા તથા પ્રભુભક્તિની સાથે અનુકંપા અને જીવમૈત્રી ખૂબ સુંદર રીતે આત્મસાત્ કરી છે. **મદ્રાસમાં ગરીબો તથા ભૂખ્યાને નિત્ય ભોજનની અદ્ભુત**

**વ્યવસ્થા કરીને તેઓ સુંદર શાસન પ્રભાવના કરી રહ્યા છે.**

આમ ગૃહજિનાલય આદિ દ્વારા શ્રેષ્ઠ **જિનભક્તિ**,દીન દુઃખી પ્રત્યે અનુકંપા દ્વારા **જીવમૈત્રી**, અને અજોડ તપશ્ચર્યા દ્વારા **આત્મશુધ્ધિ** ના ત્રિવેણી સંગમ દ્વારા શેષમલજી પંડયા પોતાના માનવભવને સાર્થક બનાવી રહ્યા છે અને અનેકોને માટે ઉત્તમ પ્રેરણા રૂપ બની રહ્યા છે. તેમના જીવનમાં રહેલા ભક્તિ-મૈત્રી-શુધ્ધિ આદિ સદ્ગુણોની ભૂરિ ભૂરિ હાર્દિક અનુમોદના !

卐 卐 卐

## (૮)
## જૈન ધર્મની આરાધના તથા માતાની સેવા માટે લગ્ન નહિ કરનાર સરદાર પપ્પુભાઇ

મહારાષ્ટ્રમાં પૂના ખડકીમાં રહેતા સરદારજી પપ્પુભાઇ (ઉ.વ.૩૦) ને એક દિવસ જૈન પાડોશી દેરાસરમાં દર્શન કરવા લઇ ગયા. વીતરાગ પરમાત્માનું મનોહર મુખારવિંદ જોઇને આ ભાઇ ને એટલો આનંદ થયો કે ત્યારથી તેઓ રોજ દેરાસરમાં જઇને નિયમિત પ્રભુદર્શન કરે છે (પરંતુ તેમને પ્રેરણા કરનાર શ્રાવક અનિયમિતપણે દર્શન કરે છે!)

ધીરધીરે સાધુ ભગવંતોના સત્સંગથી સરદારજીને જૈન ધર્મનો રંગ વધુને વધુ લાગતો ગયો અને તેની ફલશ્રુતિ સ્વરૂપે **તેમણે અઠ્ઠાઇ તથા માસક્ષમણ પણ કરી લીધા!...**

સં.૨૦૫૦માં ધર્મચક્રતપ પ્રભાવક પ.પૂ.પંન્યાસપ્રવરશ્રી જગવલ્લભવિજયજી મ.સા.ના ખડકીના ચાર્તુમાસમાં તેમણે **ધર્મચક્રતપ જેવા દીર્ઘ તપની આરાધના પણ કરી લીધી એટલુંજ નહિ પરંતુ એ તપના તમામ તપસ્વીઓને એક દિવસ બ્યાસણા કરાવવાનો લાભ પણ તેમણે લીધો.**

**૩૦ વર્ષની યુવાન વય થવા છતાં પણ આ સરદારજી લગ્ન**

**કરતા નથી તેની પાછળ બે ઉમદા હેતુ રહેલા છે.** એક તો માતાની સેવા માટે તથા બીજું કારણ એ છે કે જો લગ્ન કરે તો સામાન્યતઃ પોતાની જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કરવા પડે. અને જો કન્યાને તપ-ત્યાગમય જૈનધર્મ ન ગમે તો કદાચ લગ્નજીવનને ટકાવવા માટે જૈન ધર્મ તેમને છોડવો પડે કે જે તેમને કોઈ પણ સંયોગોમાં મંજૂર નથી. !..

**આજના અત્યંતવિલાસી વાયુમંડળમાં રહીને પણ ભરયુવાનીમાં જૈનધર્મની આરાધના ખાતર સ્વેચ્છાએ બ્રહ્મચર્યનું પાલન કરી રહેલા સરદારજી પપ્પુભાઈ કોટિ કોટિ ધન્યવાદને પાત્ર છે. !!!**

ખરેખર બહુરત્ના વસુંધરા(પૃથ્વી ઘણા રત્નો વાળી છે.) આ ઉક્તિ યથાર્થ જ છે ને ?!

## (૯)
## કમ્મે શૂરા સો ધમ્મે શૂરા ચાને હઠીજી દીવાનજી ઠાકોર

અંગ્રેજીમાં કહેવત છે કે - Every saint has his past and every man has his future, (અર્થઃ- પ્રાયઃ દરેક સંતોને પણ તેમનો પાપોથી ખરડાયેલો ભૂતકાળ હોય છે (આ ભવ કે પૂર્વ ભવોની અપેક્ષાએ) તથા દરેક (પાપી) માણસને પણ તેનો (ઉજ્જવળ) ભવિષ્ય કાળ હોઈ શકે છે, અર્થાત્ ગમે તેવો પાપાત્મા પણ કાયમ માટે પાપી નથી રહેવાનો. શુભ નિમિત્તો મળતાં એ સજ્જન કે સંત બની શકે છે. માટે ગમે તેવા પાપીનો પણ કદાપિ તિરસ્કાર ન કરતાં પ્રેમ અને સહાનુભૂતિ દ્વારા તેને સુધરવાની પુનઃ તક આપવી જ જોઈએ.

**બનાસકાંઠા જિલ્લાના આંગણવાડા ગામ(પો.જામપુર, તા. કાંકરેજ)** માં રહેતા હઠીજી દીવાનજી ઠાકોર(ઉ.વ.૪૭) નું જીવન પણ

કાંઈક આવો જ સંદેશો આપણને આપી જાય છે.

હઠીજીને પૂછો તો એ પણ કહેશે કે જેસલ જાડેજાની માફક મેં તમામ પાપો કર્યા છે. આંગણવાડા અને આજુબાજુના તમામ ગામોમાં આ હઠીજીની હાક વાગતી. દારુ તો તે એક સાથે પાંચ સાત લીટરનું કેન સીધુંજ મોઢે માંડીને પીતા અને દારુનો વેપાર કરતા. પરંતુ કોઈ ધન્યપળે હઠીજીના જીવનમાં ગજબનું પરિવર્તન આવ્યું.

અત્યારે હઠીજી આંગણવાડા ગામમાં પ્રથમ પંકિતની વ્યક્તિ ગણાય છે. જીવદયા તો હવે જૈનથીય આગળ વધે એવી છે.તેમના ખેતરમાં સસલા, તેતર, મોર નિર્ભય રીતે રહે છે. આ હઠીજી કીડી જેવા ઝીણાં જીવજંતુની પણ ખૂબ જયણાં કરે છે. જૈનદેરાસરમાં સવાર-સાંજ નિયમિત જાય છે.આરતી બોલવી અને ઉતારવી તેમનો નિત્યક્રમ છે. નાહી ધોઈને પૂજા કર્યા સિવાય મોઢામાં કંઈપણ લેતા નથી. ચકલાને રોજ દાણા નાખે છે અને ઢોરોને પાણી પીવા માટે સ્પેશ્યલ હવાડો બનાવેલ છે. ગામમાં લાઈટ જાય અને પાણીની તકલીફ પડે ત્યારે આ હઠીજી આખા ગામને પોતાનું ઓઈલ એન્જીન ચલાવીને પાણી પૂરું પાડે છે.

જે હઠીજીને કોઈ શેર મીઠું ન આપતા તેને આજે સવાલાખ રુપિયાનું ધીરાણ કરનાર પણ મળ્યા છે. એમનું ઘર નંદનવન જેવું લાગે. ભગવાનને પ્રક્ષાલના દૂધ માટે ખાસ ગાય રાખી છે. ને ગાયનું દૂધ દેરાસરમાં ફ્રી આપે છે. એમના વર્તનમાં નીતિમત્તાનું ધોરણ ખૂબ ઊંચું જોવા મળે છે. તે પૂર્ણ શાકાહારી છે. જે શાકાહારી નથી હોતા એવા એમના કુટુંબીઓને ત્યાં પાણી પણ પીતા નથી કે ખાતા નથી. થોડું ભણેલ હોઈ હઠીજી ધાર્મિક પુસ્તકો વાંચવામાં ખૂબ રસ ધરાવે છે. તેઓ તમામ વ્યસનોથી મુક્ત છે. અને લોકોને પણ વ્યસનો છોડવા આગ્રહ કરે છે. આ વ્યક્તિને જો બરાબર પ્રોત્સાહિત કરવામાં આવે તો તેઓ તેમની રીતભાત અને વર્તન દ્વારા અનેકને અનુકરણીય બની શકે.

## (૧૦)
## અનાનુપૂર્વીથી નિયમિત નવકાર ગણતા
## જાડેજા કરસનજી હાજાજી

**કચ્છ-માંડવી તાલુકાના ડુમરા ગામમાં સં. ૨૦૪૭માં અચલગચ્છીય સા.શ્રી સુરેન્દ્રશ્રીજી** આદિનું ચાર્તુમાસ થયું. તે વખતે તેમના સત્સંગથી કરસનજી જાડેજા (ઉં.વ. ૬૫) જૈનધર્મ પામ્યા. એ ચાર્તુમાસમાં તેમણે અઠ્ઠાઇ કરી તથા જિનપૂજા, ચોવિહાર વિગેરે આરાધનાઓનો પ્રારંભ કર્યો. ત્યારથી માંડીને દરેક ચાતુર્માસમાં કરાવાતી નાની મોટી દરેક તપશ્ચર્યા તથા આરાધનામાં અનુકૂળતા મુજબ જોડાય છે. સં.૨૦૪૯માં સમવસરણતપ પણ કરેલ. ભુજથી શંખેશ્વરના છ'રી પાળતા સંઘમાં યાત્રિક તરીકે જોડાયેલ. સમેતશિખરજી, પાલિતાણા, આદિ અનેક જૈન તીર્થોની યાત્રા કરી છે.

તેઓ દરરોજ અનાનુપૂર્વી દ્વારા નવકાર જાપ કરે છે. અનાનુપૂર્વીની પુસ્તિકામાં એક થી નવ સુધીના આંકડા આડા અવળા ક્રમમાં લખેલા હોય છે. તેમાં એક પછી એક જે આંકડા લખેલ હોય તેટલા નંબરનો નવકાર મહામંત્રનો પદ મનમાં બોલવાનો હોય છે. દા.ત. ૩ લખેલ હોય તો નવકારનું ત્રીજુ પદ 'નમો આયરિયાણં' બોલવું અને ૭ લખેલ હોય તો સાતમું પદ 'સવ્વપાવપ્પણાસણો' બોલવું. આનાથી ચિત્તની ચંચળતા ઓછી થાય છે.

## (૧૧)
## નવકાર મહામંત્રના આરાધક
## સરપંચ બહાદુરસિંહજી જાડેજા(રજપૂત)

કચ્છ-માંડવી તાલુકાના મોટા આસંબીઆના સરપંચ બહાદુરસિંહજી જાડેજા(ઉ.વ.૫૫) **અધ્યાત્મ યોગી પ.પૂ.આ.ભગવંત શ્રીમદ્‌વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા.**ના સત્સંગથી જૈન ધર્મ પામ્યા છે.

**નવકાર મહામંત્ર ઉપર તેઓ ગજબની શ્રધ્ધા ધરાવે છે. હાલતાં ચાલતાં કે મુસાફરી આદિમાં તેમની જીભ ઉપર નવકાર મહામંત્રનું જ રટણ ચાલુ હોય છે.**

રોજ દેરાસરમાં જઈને પ્રભુદર્શન કરે છે તથા વ્યાખ્યાનશ્રવણનો યોગ હોય તો તેઓ જરૂર લાભ લે છે.

ભગવાન મહાવીર તથા તેમના શાસન પ્રત્યે તેઓ ભારે આદર ધરાવે છે.

ગામના સરપંચ હોવા છતાં સ્વભાવે તેઓ ખૂબ વિનમ્ર, વિનયી અને મિલનસાર છે. પોતાના ઉપકારી ગુરુ ભગવંતોને વંદન કરવા માટે તેઓ દૂર દૂર પણ પહોંચી જાય છે.

## (૧૨)
## જૈન ધાર્મિક પાઠશાળાના શિક્ષક
## મુમુક્ષુ લાધુસિંહ સોલંકી (રજપૂત)

રાજસ્થાનમાં પિંડવાડાની બાજુમાં જાડોલી ગામમાં જૈન ધાર્મિક પાઠશાળામાં શિક્ષક તરીકે બાળકોમાં જૈન ધર્મના સંસ્કારોનું સિંચન કરી રહેલા યુવાન લાધુસિંહ સોલંકી (ઉ.વ.૩૬) **પ.પૂ.આ.ભગવંત શ્રી વિજય**

**જિતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**ના સત્સંગથી જૈનધર્મ પામ્યા છે. તેમણે **ચાર કર્મગ્રંથ સુધીનો અભ્યાસ કરી લીધો છે. !!!**

૨ વર્ષ પહેલાં વર્ધમાન તપની ૧૦૦+૧૨ ઓળીના આરાધક **પ.પૂ. પંન્યાસ શ્રી કનકસુંદરવિજયજી મ.સા.**ની નિશ્રામાં તેમણે વર્ધમાન તપનો પાયો નાખ્યો અને અત્યાર સુધીમાં ૧૩ ઓળી કરી લીધી છે. સં. ૨૦૫૧ના ચાર્તુમાસમાં તેમણે **સિધ્ધિતપ જેવું મહાન તપ પણ કરી લીધું.**

અવારનવાર મસ્તકના વાળનો **લોચ પણ કરાવે છે** અને દીક્ષા લેવાની ભાવના ધરાવે છે. જૈનેતર કુળમાં જન્મીને પણ ચાર કર્મગ્રંથ સુધીનો અભ્યાસ કરીને ધાર્મિક પાઠશાળાના શિક્ષક તરીકે સેવા આપતા લાધુસિંહ સોલંકીના દષ્ટાંત માંથી પ્રેરણા મેળવીને સહુ સમ્યક્જ્ઞાનની અભિરૂચિ કેળવી સમ્યક્જ્ઞાનામૃતના પાન દ્વારા પોતાના આત્માને નિકટ મોક્ષગામી બનાવે એ જ શુભાભિલાષા.

## (૧૩)
## ૮ વર્ષની ઉંમરે ધર્મચક્રતપ કરનાર યોગીન્દ્રકુમાર પ્રવીણભાઇ રાઠોડ (રજપૂત)

ગુજરાતમાં **ધંધુકા પાસે આવેલ ખરડ ગામમાં** રહેતા ભીમજીભાઈ રાઠોડ(રજપુત) ને શાસન સમ્રાટ **પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.** ના સત્સંગથી જૈન ધર્મનો એવો તો દૃઢ રંગ લાગ્યો કે એમના પુત્ર પ્રવીણભાઈ તથા પૌત્ર યોગીન્દ્રકુમાર પણ જૈન ધર્મનું સુંદર રીતે પાલન કરી રહ્યા છે.

સં.૨૦૪૧માં ધર્મચક્રતપ પ્રભાવક **પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી જગવલ્લભવિજયજી ગણિવર્ય મ.સા.**નું ચાર્તુમાસ ધંધુકામાં થયું ત્યારે તેઓશ્રીની પ્રેરણાથી યોગીન્દ્રકુમારે **માત્ર ૮ વર્ષની બાલ્યવયમાં ૮૨ દિવસનું ધર્મચક્ર જેવુ મોટું તપ કર્યું એટલુજ નહિ પરંતુ ચાર્તુમાસ પછી ધંધુકાથી શંખેશ્વરજીનો છ'રી પાળતો સંઘ નીકળ્યો તેમાં પણ યાત્રિક તરીક જોડાઈને તેણે હોંશે હોંશે પગપાળા યાત્રા કરી.**

ત્રણ ત્રણ પેઢીઓથી જૈનધર્મનુ સુંદર રીતે પાલન કરી રહેલ રાઠોડ પરિવારને કોટિ કોટિ ધન્યવાદ!

## (૧૪)
## એકાશણા સાથે લાખ નવકાર જપતો કિશોર લક્ષેશકુમાર ભૂપેન્દ્રભાઇ ભાવસાર

**ભરુચમાં** સમડીવિહાર તીર્થોધ્ધારના માર્ગદર્શક, **લબ્ધિ-વિક્રમગરુકૃપાપ્રાપ્ત પ.પૂ.આ.ભ.શ્રી વિજયરાજયશસૂરીશ્વરજી મ.સા.**નું ચાતુર્માસ સં.૨૦૪૯માં ભરૂચમાં થયું ત્યારે પૂજ્યશ્રીના સત્સંગથી **ભાવસાર વૈષ્ણવકુળમાં જન્મેલ માત્ર ૧૧ વર્ષની ઉમરના લક્ષેશકુમારે(જન્મ તા. ૧૭-૯-૮૩)એકાશણાની તપશ્ચર્યા સાથે ૧લાખ નવકારમહામંત્રના જાપની આરાધના કરી. પર્યુષણમાં અઠ્ઠાઇ તપ પણ કરેલ, ઉપધાન તપ પણ શીઘ્ર કરી લેવાની ભાવના ધરાવે છે.** અલ્પ સમયમાં ચૈત્યવંદન, ગુરુવંદન તથા સામાયિક વિધિના સૂત્રો કંઠસ્થ કરી લીધા છે !!.. તેનું સરનામું નીચે મુજબ છે.

લક્ષેશ વી . ભાવસાર, દાજીકલાની ખડકી, લલ્લુભાઇ ચકલા, ભરૂચ - ૩૯૨૦૦૧

લક્ષેશકુમાર ખૂબ સમ્યક્જ્ઞાનાભ્યાસ કરીને સંયમ સ્વીકારી માનવભવને સફળ બનાવે એવી હાર્દિક શુભેચ્છા.

(ટી.વી. વિડીયોના આ યુગમાં જૈનકુળમાં જન્મેલ બાળકોને પણ ધાર્મિક પાઠશાળામાં કે મ.સા. પાસે મોકલાવીને ધાર્મિક સૂત્રોનો અભ્યાસ કરાવવામાં મા-બાપોને કેટલીયે કઠિનતાનો અનુભવ થતો હોય છે તેવા કાળમાં જૈનેતર કુળમાં જન્મેલ બાળક નાની વયે અને ટૂંક સમયમાં આટલી પ્રગતિ સાધી લે તે સત્સંગ સાથે પૂર્વ જન્મના શુભ સંસ્કારોને આભારી છે.)

લક્ષેશકુમારની પડોશમાં રહેતા રતિલાલભાઇ પુંજાભાઇ ગાંધી(ઉ.વ.૬૬)

**જન્મે પ્રજાપતિ(કુંભાર) હોવા છતાં ૧૨ વર્ષ પહેલાં ભરૂચથી પાલિતાણા પદયાત્રામાં જોડાયા હતા ત્યારથી જૈનધર્મ પાળે છે.** રોજ દેરાસરમાં જઈને પ્રભુદર્શન કરે છે. રવિવાર તથા રજાના દિવસે જિનપૂજા કરે છે. ઘણા વર્ષોથી બ્રહ્મચર્યનું પાલન કરે છે. અઠ્ઠાઇ વિગેરે તપશ્ચર્યા કરેલ છે. મોટે ભાગે તેઓના એકાશણા ચાલુ હોય છે.

♦ ♦ ♦

## (૧૫)
## સાધર્મિક ભકિતના અજોડ દષ્ટાંત રૂપ
## લક્ષ્મણભાઇ વાળંદ

**રાજસ્થાનમાં જોધપુરમાં ઘણા વર્ષોથી દિવસ-રાતનો મોટા ભાગનો સમય ઉપાશ્રયમાં જ ગાળતા લક્ષ્મણભાઈ** (હાલ ઉ.વ. ૬૦) લગભગ જાતે વાળંદ હોવાથી વ્યવસાય તરીકે લોકોના વાળ કાપતાં કાપતાં સત્સંગના પ્રભાવે એવા તો જૈનધર્મમાં ઓતપ્રોત થઇ ગયા છે કે હવે તો તેઓ **દિવસ રાત અવનવી આરાધનાઓ દ્વારા પોતાના કર્મોને કાપવાનો જ મુખ્ય ધંધો કરી રહ્યાં છે.!...**

**પ.પૂ. આ.ભ.શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિજી, પ.પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરિજી તથા પ.પૂ.પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.નો** તેમના જીવનના વિકાસમાં મુખ્યત્વે ફાળો છે.

**નવપરણિત જમાઈરાજની સાસુજી જેવી સરભરા કરે તેનાથી પણ અદકેરી સાધર્મિક ભક્તિ માટે લક્ષ્મણભાઈ ખાસ જાણીતા છે.**

કોઇ પણ વિશિષ્ટ સામૂહિક અનુષ્ઠાનોમાં લક્ષ્મણભાઇ પંહોચી જાય અને બધા આરાધકોને ઉકાળેલું પાણી ઠંડુ કરીને પીવડાવે.

સં.૨૦૨૮માં પાલનપુરમાં ઉનાળાના વેકેશનના દિવસોમાં પ.પૂ. **આ. ભ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. આ. ભ. શ્રી વિજયગુણરત્ન સૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં** ૨૫૦ યુવાનોને ઉકાળેલું પાણી પીવાનું મહત્વ સમજાવીને શિબિર દરમ્યાન પણ ઉકાળેલું પાણી પીવા માટે પ્રેરણા કરવામાં આવી ત્યારે યુવાનો એકી અવાજે

બોલી ઉઠયા કે 'આવી સખત ગરમીમાં ઉકાળેલું પાણી શી રીતે પીવાય?' ત્યારે લક્ષ્મણભાઇ કહેકે '**તમને બધાને બરફ કરતાં પણ ઠંડું બનાવી ને ઉકાળેલું પાણી પીવડાવવાની જવાબદારી મારી'.**

**પરિણામે પહેલે દિવસે ૧૦૦ યુવાનો તૈયાર થયા. લક્ષ્મણભાઇએ અનેક પરાતોમાં ઉકાળેલા પાણીને ઠારીને વારંવાર ઉથલાવીને પાણીને એવું તો ઠંડું બનાવી દીધું કે બીજે જ દિવસે ૨૫૦ યુવાનો ઉકાળેલું પાણી પીવા તૈયાર થઇ ગયા.**

તેઓ પોતે પીવામાં તો ઉકાળેલું જ પાણી વાપરે પરંતુ **હાથ-પગ ધોવા પણ ઉકાળેલા પાણીનો જ ઉપયોગ કરે** અને પરિચયમાં આવનાર સહુને ગાળેલા તથા ઉકાળેલા પાણીનું ખાસ મહત્વ સમજાવે.

**કોઇ પણ સાધુ ભગવંતો પધારે એટલે તેમના નખ કાપી આપવાની ભક્તિ તેઓ અચૂક કરે તથા આગ્રહપૂર્વક વિનંતિ કરીને પોતાના ઘરે વહોરાવવા માટે પણ ખાસ લઇ જ જાય.**

ઓછામાં ઓછું બ્યાસણાનું પચ્ચક્ખાણ કાયમ કરતા લક્ષ્મણભાઇએ વર્ધમાન આયંબિલ તપની ૪૫ ઓળી કરી લીધી છે. દર વર્ષે બે વાર નવપદજીની ઓળીમાં પણ ૯ આયંબિલપૂર્વક આરાધના અચૂક કરે. ઉભયટંક પ્રતિક્રમણ તથા અષ્ટપ્રકારી જિનપૂજા રોજ કરે. **કોઇક વાર લાંબી મુસાફરીનો પ્રસંગ આવે ત્યારે પણ વચ્ચેના સ્ટેશને ઉતરીને પૂજા પ્રતિક્રમણ કર્યા પછી જ આગળ વધે. ટિકિટ પણ તે રીતે જ કઢાવે. કેવી ધર્મદઢતા?!!..**

પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પાલિતાણામાં તેમણે ઘણા ચાતુર્માસ રહી આરાધના કરી છે. ૨-૩ વાર ૯૯ યાત્રા પણ કરી છે . અનેક છ'રી પાળતા સંઘોમાં જોડાઇને તીર્થયાત્રાઓ કરી છે. મસ્તકના વાળનો લોચ કરાવે છે. રોજ ૧૪ નિયમ ધારે છે. રાત્રિના સમયે ચાલવું પડે તો જીવરક્ષા માટે દંડાસણનો ઉપયોગ અચૂક કરે છે.

પોતાની એક પુત્રી તથા દોહિત્રોને પણ જૈન ધર્મના ખૂબજ સારા સંસ્કાર આપ્યા છે,. **પોતાના સગા નાના ભાઇ ને તેમણે કહ્યું કે તું જો મારો સાધર્મિક બને(અર્થાત્ જૈન ધર્મ સ્વીકારે) તો મારો ફલેટ**

**તથા મૂડી તને આપું કારણકે મારી સંપત્તિને પાપાનુબંધી બનાવવાની મારી ઈચ્છા નથી.**

કેટલી દીર્ઘદૃષ્ટિ પૂર્વકની આત્મજાગૃતિ!!! સહુને તારવાની કેવી ઉમદા પરાર્થવૃત્તિ!! લક્ષ્મણભાઇના જીવનમાંથી સહુ સાધર્મિક ભક્તિ, જીવદયા પરાર્થવૃત્તિ, ધર્મદૃઢતા આદિ સદ્‌ગુણોને પોતાના જીવનમાં અપનાવે એજ મંગલ ભાવના.

## (૧૬)
## સલૂનમાં દેવ ગુરૂના ફોટા રાખતા પુરુષોત્તમભાઇ કાલીદાસ પારેખ(વાળંદ)

"મહારાજ સાહેબ મને એવા આશીર્વાદ આપો કે હવે આ ભવમાં જ **શુધ્ધ સમકિનની પ્રાપ્તિ થઈ જાય અને ૫-૭ ભવોમાં જ વહેલામાં વહેલી તકે ૮૪ લાખના ચક્કરમાંથી છુટી જવાય અને મોક્ષે પહોંચી જવાય..."**

આ શબ્દો કોઇ જૈનકુળમાં જન્મેલા શ્રાવકના મુખમાંથી નહિ પરંતુ સાબરમતી રામનગરમાં ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયથી માત્ર ૨ મિનિટના અંતરે એક સલૂનમાં વાળંદ તરીકે વ્યવસાય કરી રહેલા પુરુષોત્તમભાઈ ના મુખેથી અમને સાંભળવા મળ્યા ત્યારે અમારા આનંદ અને આશ્ચર્યની અવધિ ન રહી ...

આજથી લગભગ ૩૫ વર્ષ પૂર્વે ગુલાબકાકા તથા મણિકાકાના હુલામણા નામથી ઓળખાતા સુશ્રાવકો પ્રસંગોપાત્ હજામત કરાવવા માટે પરુષોત્તમભાઈ પાસે જતા અને તેમની પ્રેરણાથી પુરુષોત્તમભાઇ ઉપાશ્રયે જતા થયા. પરિણામે શાસન સમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રીવિજયનેમિ સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના **પ.પૂ. આ. ભ. શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મ.સા.** તથા **પ.પૂ. આ. ભ. શ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.** વિગરેના ચાતુર્માસમાં એઓશ્રીના સત્સંગથી પુરુષોત્તમભાઈ જૈન ધર્મનો રંગ લાગ્યો અને ઉત્તરોત્તર સુદઢ બનતો ગયો.

જેની ફલશ્રુતિરૂપે તેઓ ઘણા વર્ષોથી રોજ અષ્ટપ્રકારી જિનપૂજા

કરે છે. વ્યાખ્યાન શ્રવણનો યોગ હોય તો અચૂક સાંભળે છે.મહિનામાં પાંચ આયંબિલ કરે છે. રોજ ચોવિહાર કરે છે. સામાયિક પ્રતિક્રમણ તેમજ પર્યુષણમાં ૬૪ પ્રહરી પૌષધ કરે છે. છેલ્લા ૪ વર્ષથી ઉપાશ્રયમાં જ સૂએ છે. બ્રહ્મચર્ય પાળે છે.

સં.૨૦૩૦માં પ.પૂ. ચંદ્રશેખરવિજયજી મ.સા.ના ચાતુર્માસ વખતે તેઓ ૧ મહિનાની શિખરજી વિગરે અનેક જૈન તીર્થોની યાત્રા ટૂરમાં ગયા હતા. સાબરમતીથી પાલિતાણા તેમજ વલભીપુરથી પાલિતાણાના છ'રી પાળતા સંઘોમાં જોડાઈને તીર્થયાત્રા કરી છે.

તેમના ઘરના બધા સભ્યો જૈન ધર્મ પાળે છે. કંદમૂળ વિગેરે અભક્ષ્ય ખાતા નથી.

સલૂનમાં પણ અરિહંત પરમાત્મા તથા ગુરુભગવંતોના ફોટા રાખ્યા છે. જેથી વારંવાર પોતાના લક્ષ્યનું સ્મરણ થયા કરે (આજે કેટલાક જૈનો પણ પોતાના ઘરમાં આશાતનાના કાલ્પનિક ભયથી દેવ - ગુરુના ફોટા કે ધાર્મિક પુસ્તકો રાખતા નથી પરંતુ અભિનેતા - અભિનેત્રીઓના ફોટા યુક્ત કેલેન્ડર રાખવામાં તેમને પ્રભુ આજ્ઞાનું ઉલ્લંઘન રૂપ આશાતના દેખાતી નથી, તેમણે પુરૂષોત્તમભાઈના દૃષ્ટાંતમાં થી પ્રેરણા લઈને સુધારો કરવા જેવો છે. આશાતનાના ભયથી દેવ-ગુરૂની છબીઓ કે ધાર્મિક પુસ્તકાદિ ઉપકરણોની ઘરમાંથી હકાલપટ્ટી કરવી એ તો જૂ લીખના ભયથી વસ્ત્રોના ત્યાગ જેવી વિચિત્ર વાત કહેવાય. આશાતના ન થાય તેની પૂરતી કાળજી રાખીને પણ ધાર્મિક ઉપકરણાદિ ઉત્તમ આલંબનો ઘરમાં અચૂક વસાવવા જ જોઈએ)

જૈનકુળમાં જન્મેલા પણ કેટલાક આત્માઓ સાધુ સાધ્વીજી ભગવંતો સામે મળે ત્યારે વિવેક ચૂકી જાય છે અને કેટલાક તો વળી અજ્ઞાનતાને કારણે, 'કેમ મહારાજ મજામાં છો ને ?' આવા શબ્દો દ્વારા કોઈ ગૃહસ્થ સાથે વ્યવહાર કરતા હોય તે રીતે સાધુ સાધ્વીજી સાથે વાતચીત કરતા હોય છે.જ્યારે પુરૂષોત્તમભાઈ પોતાના સલૂન પાસેથી રસ્તા ઉપરથી કોઈપણ સાધુ સાધ્વીજી પસાર થાય ત્યારે આદરપૂર્વક હાથ જોડીને મોટેથી 'મત્થએણ વંદામિ સાહેબ સુખશાતામાં છો?' એ રીતે બોલવાનું ચૂકતા નથી.

અમારી સાથેના વાર્તાલાપમાં તેમના મુખમાંથી ઉદ્‌ગારો સરી

પડયા કે, 'સાહેબ! પૂર્વજન્મમાં કુળમદ કર્યો હશે એટલે આજે વાળંદ કુળમાં જન્મ્યો છું પરંતુ હવે એવા આશીર્વાદ આપો કે આવતા ભવે મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધર સ્વામી પાસે જન્મ પામી તેમના વરદ હસ્તે દીક્ષા લઉ કારણકે દીક્ષા વિના ઉધ્ધાર નથી. જૈન શાસનની આરાધના સારી રીતે કર્યા સિવાય ભવથી નિસ્તાર થાય તેમ નથી.

એમની વાણીમાં સ્પષ્ટપણે ઝળકી રહેલો જિનશાસન પ્રત્યેનો અહોભાવ, સંસાર પ્રત્યેનો નિર્વેદ ભાવ, સંયમ પ્રત્યેનો સમર્પણભાવ જોઈને અમારુ અંતર પણ તેમના પ્રત્યે અનુમોદનાના ભાવથી ગદ્ગદ થઇ ગયું.

卐 卐 卐

## (૧૭)
## સેવાભાવી સ્વાતંત્ર્યસેનાની વૈદ્યરાજ અનુપ્રસાદ વાળંદ

અમદાવાદ મણિનગરમાં રહેતા અનુપ્રસાદભાઇ વૈદ્ય જાતે વાળંદ હોવા છતાં નાનપણથી શ્રાવકો સાથેના સહવાસથી જૈન ધર્મ પામ્યા. સંગ તેવો રંગ અને સોબત તેવી અસર તે આનું નામ.

અમદાવાદમાં હાજા પટેલની પોળમાં લાંબેશ્વર દેરાસરના ખડકીના નાકે રહેતા તેમના મામા મગનલાલભાઇ તથા તેમના પુત્ર બાબુભાઇ પણ શ્રાવકો સાથેના સહવાસથી જૈનધર્મ પાળતા હતા. અનુપ્રસાદભાઇએ એકાશણા, આયંબિલ, ઉપવાસ, અઠ્ઠમ ઉપરાંત અઠ્ઠાઇની તપશ્ચર્યા પોતાના જીવનમાં કરી છે. દેરાસરમાં ચૈત્યવંદના ઉપરાતં પડોશી ગોવિંદજી ભાઇ (કચ્છી) સાથે ઘરે પ્રતિક્રમણ પણ કરે છે.

નિઃસ્પૃહી અનુપ્રસાદભાઇ સ્વાતંત્ર્યસેનાની હોવા છતાં સરકાર તરફથી અપાતું પેન્શન લેતા નથી . વર્ષોથી વૈદ્યનો વ્યવસાય કરતા અનુપ્રસાદભાઇ સાધુ સાધ્વી ભગવંતોની ફ્રી સેવા કરે છે

પહેલાં દરરોજ ૧૫ રૂા. જેટલી દવા ગરીબ ગૃહસ્થોને ફ્રી આપતા

અનુપ્રસાદભાઇ આજે પણ દર મહિને ૧૦૦ રૂા.ની દવા ફ્રી આપે છે.

ખંભાતના ૩ સાધ્વીજીઓ સ્વ સા.શ્રી દિવ્યપ્રભાજી, સ્વ.સા.શ્રી ચારિત્રશ્રીજી તથા સા.શ્રી લલિત દર્શનાશ્રીજી તેમના વિશેષ ઉપકારી છે. તેમના દર્શનાર્થે દર વર્ષે તેઓ જતા.

આર્થિક સ્થિતિ સામાન્ય હોવા છતાં પણ પ્રભુભક્તિના પ્રતીક તરીકે તેમણે દેરાસરમાં પ્રભુજીની અંગરચના માટે ૪ તિથિ નોંધાવી છે.

( સં.૨૦૪૯માં અમારું ચાતુર્માસ મણિનગરમાં હતું ત્યારે ઉપાશ્રયથી અનુપ્રસાદજીનું ઘર ૨ કિ.મી. દૂર હોવા છતાં ૮૪ વર્ષની વયે પણ તેઓ અવારનવાર પ્રવચનમાં આવતા તથા અઠ્ઠમ દરમ્યાન તાવ હોવા છતાં તેમણે દઢ મનોબળથી અઠ્ઠમ પૂર્ણ કરી - સંપાદક)

તેમનું સરનામું નીચે મુજબ છે.

૭,મહેશકુંજ સોસાયટી, જૂના ઢોરબજાર પાસે, બળીયાકાક રોડ, શાહ આલમ ટોલનાકા, મણિનગર(વેસ્ટ) અમદાવાદ-૩૮૦૦૨૮

## (૧૮)
## લિંગાયત બસપ્પામાંથી મુનિ વિદ્યાચંદ્રવિજય બન્યા

કર્ણાટક રાજ્યમાં જમખંડી પ્રદેશમાં ધારવાડ જિલ્લામાં આવેલ નરગુંડ ગામમાં લિંગાયત કોમમાં જન્મ પામેલા બાળક બસપ્પા કોઇ એવું પ્રારબ્ધ લઇને આવેલા કે તેના જન્મથી ૩ મહિના પૂર્વેજ તેના પિતાનું અવાસન થયું અને જન્મ બાદ માત્ર ૬ મહિનામાં તેની માતા પણ પરલોકે સીધાવી ગઇ

તેના પાલક પિતા શંકરપ્પા(લિંગાયત) ના એક મુસ્લિમ મિત્રે બાળકને ઉછેરીને મોટો કર્યો.

એ મુસ્લિમ ભાઇને શાસન સમ્રાટ પ.પૂ. આ. ભ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સા. પાસે દીક્ષા લેવાની ભાવના હતી પરંતુ સંયોગવશાત્ ન લઇ શક્યા. છેવટે તેમણે બસપ્પાને પૂ.આ.ભ.ને સોંપી

દીધો. કેટલોક સમય સુધી તાલીમ આપ્યા પછી તેઓશ્રીએ બસપ્પાને દીક્ષા આપી મુનિશ્રી વિદ્યાચંદ્રવિજયજી નામ સ્થાપન કર્યું

હાલ ૪૬ વર્ષની વયના તેમણે અત્યાર સુધીમાં ૨ વર્ષીતપ, ૩ ચોમાસી તપ. ૧ સોળભત્તું, ૩ અઠ્ઠાઇ આદિ તપશ્ચર્યા દ્વારા આત્માને ભાવિત કરેલ છે.

તપશ્ચર્યાની સાથે સાથે, તેમણે કેળવેલ વૈયાવચ્ચનો ગુણ ઉડીને આંખે વળગે તેવો અનુમોદનીય છે. 'સહાય કરે તે સાધુ' આ વ્યાખ્યાને તેઓ સુંદર રીતે ચરિતાર્થ કરી રહ્યા છે. પોતાના ગરૂદેવશ્રીના સ્વર્ગવાસ બાદ હાલ તેઓ પ.પૂ. આ. ભ. શ્રી વિજયશ્રેયાંસચંદ્રસૂરિજીની સાથે વિચરી રહ્યા છે.(તા.૧૯-૬-૯૫ના અમદાવાદમાં ભગવાનનગરના ટેકરાના ઉપાશ્રયમાં તેઓશ્રીના દર્શનનો લાભ મળ્યો હતો.-સંપાદક)

## (૧૯)
## શ્રીફળની પ્રભાવનાનું નિમિત્ત
## લિંગાયત શિવપ્પાને આ.ગુણાનંદસૂરિ બનાવે છે.

સિધ્ધાંત મહોદધિ, કર્મ સાહિત્ય નિષ્ણાત, વાત્સલ્ય વારિધિ, પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા. વિહાર કરતા કરતા અનુક્રમે મહારાષ્ટ્રમાં નિપાણી ગામમાં પધાર્યા. સચ્ચારિત્રચૂડામણિ પૂજ્યશ્રી ના દર્શન વંદન તેમજ વ્યાખ્યાન શ્રવણાર્થે ખૂબજ સારી સંખ્યામાં લોકો ઉમટયા હતા. વ્યાખ્યાન બાદ શ્રીફળની પ્રભાવના થઇ રહી હતી ત્યારે લિંગાયત કોમનો એક છોકરો નામે શિવપ્પા શ્રીફળની પ્રભાવના લઇ બીજી વાર પાછલા દરવાજેથી આવીને પ્રભાવના લે છે. આ રીતે તેણે ૨૫ શ્રીફળ લીધા. છેવટે એક આગેવાન શ્રાવકનું ધ્યાન જતાં તેને પકડીને ધમકાવવા લાગ્યા તથા શ્રીફળ પાછા લઇ લીધા. અચાનક આચાર્ય ભગવંતનું લક્ષ આ તરફ ગયું. દીર્ઘદૃષ્ટા અને સમયજ્ઞ સૂરિપુંગવે તરતજ

આગેવાન શ્રાવકને ઈશારો કરી તેને છોડાવ્યો અને શ્રીફળ પાછા અપાવ્યા.

પોતાના આવા અપરાધની ઉપેક્ષા કરીને નિષ્કારણ વાત્સલ્ય વરસાવનારા આચાર્ય ભગવંત પ્રત્યે બાળકનું હૈયું અહોભાવથી ઓવારી ગયું તેણે આચાર્ય ભગવંતની માફી માંગી. યથાર્થનામી પૂજ્યશ્રીએ તેને પ્રેમથી નવડાવી દીધો. પરિણામે તે બાળક નિયમિત તેઓશ્રીનો સત્સંગ કરતો થઈ ગયો. આખરે તેણે દીક્ષા લીધી. શિવપ્પા મુનિ ગુણાનંદ વિજય બને છે. અને કેટલાક વર્ષો બાદ એમની યોગ્યતા જોઈ ગુરૂદેવ તેમને સૂરિપદે આરૂઢ કરે છે. અત્યંત નિરભિમાની અને સાદગી ભર્યું જીવન જીવતા આ.ભ. ગુણાનંદસૂરિજીની વાચનાશ્રવણનો લાભ નવસારી તપોવનની અંજનશલાકા પ્રસંગે અમને મળ્યો હતો.

આમ પ્રભાવનાનું નિમિત્ત અને આ.ભ.નું વાત્સલ્ય શિવપ્પાને મુનિ અને સૂરિ બનાવે છે. કોઈ પણ જાતની ભૂલને સુધારવા માટે આક્રોશ કે તિરસ્કારને બદલે પ્રેમ અને વાત્સલ્ય કેવો ગજબનો ચમત્કાર સર્જી શકે છે તે આ દૃષ્ટાંતમાંથી ખાસ જાણવા મળે છે.જો આ ગુણોને આત્મસાત્ કરવામાં આવેતો ઘર ઘરમાં ફૂલી ફાલી રહેલા સંઘર્ષો અને કલેશો ક્યાંય અદ્રશ્ય થઈ જાય અને પ્રેમ અને વાત્સલ્યને કારણે ધરતી ઉપર જ સ્વર્ગીય વાતાવરણનો અનુભવ થયા વગર રહે નહિ.

પંજાબકેસરી પ.પૂ.આ.ભ.શ્રી વિજયવલ્લભસૂરિ સમુદાયના હાલના ગચ્છાધિપતિ શાસનપ્રભાવક **પ.પૂ.આ.ભ.શ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા. પરમાર ક્ષત્રિયજ્ઞાતિમાં** જન્મ્યા હતા.

શાસનસમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રી વિજયનેમસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના સ્વ. ગચ્છાધિપતિ શાસનપ્રભાવક **પ.પૂ.આ.ભ.શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ.સા. બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા.** અને ખંભાતમાં એક જૈન શેઠને ત્યાં રસોઈયા તરીકે કામ કરતા હતા પરંતુ સત્સંગના યોગે જીવન પરિવર્તન થયેલ.

હાલ વિમલગચ્છના ગચ્છનાયક **પ.પૂ.પંન્યાસપ્રવરશ્રી પ્રદ્યુમ્નવિમલવિજયજી મ.સા. પણ બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા.** તેમના લઘુબંધુએ પણ દીક્ષા લીધેલ છે.

પ.પૂ.પંન્યાસ પ્રવરશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્ય પ્રવચનકાર **મુનિરાજ શ્રીચંદ્રજિતવિજયજી** તથા **મુનિરાજ શ્રીઇન્દ્રજિતવિજયજી** બંને બંધુઓ પટેલ જ્ઞાતિમાં જન્મ્યા છે.

❖ ❖ ❖

પ્રજાપતિ બાલુભાઈએ ૮ કોટિ મોટી પક્ષ સ્થાનકમાં જૈન દીક્ષા લીધી અને પંડિતરત્ન પૂ. છોટાલાલ સ્વામીના શિષ્ય **પ્રાણલાલ મુનિ** બન્યા. તેમણે કરેલી ગુરૂસેવા ખરેખર અનુમોદનીય હતી.

■ ■ ■

## (૨૦)
## અધ્યાત્મ પરાયણ પ્રોફેસર
## કેસુભાઇ ડી. પરમાર(ક્ષત્રિય)

ગુજરાતમાં ભરૂચ જિલ્લામાં જંબૂસરગામમાં શ્રાવક પોળમાં રહેતા પ્રો. કેશુભાઇ પરમાર અધ્યાત્મયોગી પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના સત્સંગથી જૈન ધર્મ પામ્યા છે.

તાજેતરમાં જ તેઓ કોલેજમાં પ્રો. તરીકેના અધ્યાપન કાર્યથી નિવૃત્ત થયા છે પરંતુ જ્યારે તેઓ કોલેજમાં ભણાવતા હતાં ત્યારે પણ ધોતિયું અને ખેસ પહેરીને રોજ જિનપૂજા કરતાં જરાપણ સંકોચ ન અનુભવતા બલ્કે અનેરો આનંદ અને ગૌરવ અનુભવતા હતા.

પ.પૂ. પંન્યાસજી મહારાજના કેટલાક વિશિષ્ટ કૃપાપાત્ર બનેલા આરાધકોમાં તેમનું નામ મોખરે છે. કૌટુંબિક જવાબદારી નિભાવતાં નિભાવતાં પણ તેઓ પંન્યાસજી મહારાજની કૃપાના બળે ધ્યાન દ્વારા અંતરાત્મામાં ડૂબકી લગાવીને અવર્ણનીય આત્માનંદની અનુભૂતિ કરતા રહે છે.

નિયમિત સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા, નવકાર મહામંત્રનો જાપ, ઘરે તેમજ મુસાફરીમાં પણ ઉકાળેલા પાણીનો જ ઉપયોગ વિગેરે શ્રાવક જીવનને ઉચિત આચારો તેમના જીવનમાં સહજપણે વણાઈ ગયેલા છે . દીક્ષા ન લઈ શકાય ત્યાં સુધી કેટલીક વસ્તુઓનો ત્યાગ પણ તેમણે કરેલ છે. હાલતાં ચાલતાં કે મુસાફરીમાં પણ નવકાર મહામંત્રનું સ્મરણ સાહજિક રીતે તેમનું ચાલતું જ હોય છે. તેના પ્રભાવે બસ અકસ્માતમાં કેવો ચમત્કારિક બચાવ થયો તેનું વર્ણન '**જૈના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર?**' (સંપાદક તથા પ્રકાશક પ્રસ્તુત પુસ્તિકા મુજબ)માં વર્ણવાયેલ છે. ત્યાંથી જાણી લેવું.

છેલ્લા ૧૦ વર્ષથી તેઓ અમારા પરિચયમાં આવ્યા છે ત્યારથી પ્રાયઃ દર વર્ષે એકાદ વખત તો દર્શનાર્થે આવી જ જાય છે.

**બંધ આંખે કલાકો સુધી અસ્ખલિતપણે,અંતરાત્માના ઊંડાણને સ્પર્શીને નીકળતી તેમની પ્રાસાદિક અને પ્રાસયુક્ત આધ્યાત્મિક વાણીનો આસ્વાદ એકવાર પણ જેમણે ચાખ્યો હોય તેઓ જિંદગીભર તેમને ભૂલી શકતા નથી. તેઓશ્રી બધોજ યશ પોતાના પરમોપકારી ગુરૂદેવ પંન્યાસજી મહારાજને જ આપે છે.**

વકતૃત્વ શક્તિની માફક તેમની લેખનશૈલિ પણ અદ્ભુત અને અસરકારક છે. પત્રલેખનમાં પણ ચીલાચાલુ વિગતને બદલે આધ્યાત્મિક અમૃત જ છલકાતું જોવા મળે! પંન્યાસજી મહારાજના જીવન કવન સંબંધી દળદાર પુસ્તકનું સુંદર આલેખન તેમણે કર્યું છે. જે ખરેખર વાંચવાલાયક છે.

તેમના ધર્મપત્ની પુષ્પાબેન પણ ખૂબજ સેવાભાવી, શાંત, સરળ સ્વભાવી સુશીલ સન્નારી છે. જંબૂસરમાં પધારતા કોઈપણ સમુદાયના સાધુ સાધ્વીજીભગવંતોની ગોચરી પાણી વિગેરે દ્વારા તેઓ ખૂબજ સુંદર

વૈયાવચ્ચ કરે છે.

બાપ કરતાં બેટા સવાયા એ ઉક્તિ મુજબ તેમના બે સંતાનો પૈકી નાના સુપુત્ર સુરેશકુમાર પૂર્વ જન્મનો કોઇ યોગભ્રષ્ટ આત્મા હોય તેમ ૩૨ વર્ષની ભર યુવાવસ્થામાં પણ સંસારના વાતાવરણથી નિર્લેપ રહીને બ્રહ્મચારી અને અંતર્મુખ જીવન જીવી રહેલ છે. કુંડલિની શક્તિના જાગરણથી સહજ કવિત્વ શક્તિ તેમને વરેલી છે. સુંદર ગઝલો તથા કાવ્યો બનાવે છે. તેઓ પણ કલાકો સુધી સહજ સ્ફુરણાથી આધ્યાત્મિક વાર્તાલાપ આપી શકે છે.

**આવા આત્માઓની આધ્યાત્મિક શક્તિઓનો સકળ શ્રીસંઘને લાભ મળે તે માટે સાધન સંપન્ન સુશ્રાવકોએ તેમની ઉચિત રીતે સાધર્મિક ભક્તિ કરવી જોઇએ. સુજ્ઞેષુ કિં બહુના?** ચાલો આપણે અંગ્રેજી ભાષામાં તેમની આધ્યાત્મિક સાધનાની અનુમોદના કરીએ [G....o....o....d = ગુડ..ગુડ..ગુડ..!!]

## (૨૧)

## ગ્રેજ્યુએટ થયેલા આંધ્રના બ્રાહ્મણ પ્રો. પી.પી. રાવની જૈન ધર્મ પર દૃઢ શ્રધ્ધા

આંધ્રમાં બ્રાહ્મણ કુળમાં જન્મેલા અને કુલપરંપરાગત વૈષ્ણવ ધર્મ પાળતા શ્રી પી.પી.રાવ(ઉ.વ.૬૫) જૂના જમાનામાં સારો અભ્યાસ કરી ગ્રેજ્યુએટ થયેલા છે.તેમને પહેલેથી વાંચનનો ઘણો શોખ છે. જિજ્ઞાસુ અને સંશોધક વૃત્તિના હોવાથી તેમણે ઘણા ધર્મો અને દર્શનો વિષે પુષ્કળ સાહિત્ય વાંચ્યું હતું પરંતુ તેમને જોઇએ તેવો સંતોષ થતો ન હતો. દરેક ઠેકાણે કંઇને કંઇક ઓછપ-અધૂરાશ જણાયા કરતી હતી.

રીટાયર થયા પછી જૈન શ્રાવકની પેઢીમાં રહેતાં જૈનોના આચાર - વિચાર તરફ આકર્ષાયા. ખૂબ જિજ્ઞાસાપૂર્વક જૈન ધર્મના દરેક વિધિ - નિષેધ અંગે ઝીણવટભરી રીતે અનેક પ્રશ્નો પૂછીને પોતાના મનનું સમાધાન મેળવવા લાગ્યા.

જૈન ધર્મના અંગ્રેજી ભાષામાં છપાયેલ પુસ્તકો જ્યાંથી મળે ત્યાંથી મેળવીને ખૂબ વાંચ્યા. તેની ફલશ્રુતિ સ્વરૂપે હવે તેમને **દઢ શ્રધ્ધા થઇ ગઇ છે કે બીજા બધા ધર્મો કરતાં સર્વજ્ઞ અને વીતરાગ પરમાત્મા દ્વારા પ્રણીત જૈન ધર્મ જ સર્વાંગ સંપૂર્ણ છે.** પોતે શક્ય એટલા જૈન આચારો પાળે છે. તેમનું હાલનું સરનામું નીચે મુજબ છે.[શ્રી પી.પી.રાવ ૨,જીવન અપ્સરા, ૧૪૭ એ સંત ફ્રાન્સીસ રોડ, વિલેપાર્લા(વેસ્ટ) મુંબઇ નં ૪૦૦૦૫૬ ફોન : ૬૧૫૧૩૫૭

દરેક ધર્મોના મુખ્ય મુખ્ય ગ્રંથોનો અભ્યાસ કરનાર ઇંગ્લેંડના સુપ્રસિધ્ધ ફિલોસોફર અને નાટ્યકાર બર્નાર્ડ શો એ ગાંધીજીના સુપુત્ર દેવીદાસ ગાંધી પાસે આવતા ભવમાં જૈન કુળમાં જન્મ પામવાની ઇચ્છા દર્શાવી હતી. એમને પણ તટસ્થ રીતે સર્વધર્મોનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યા પછી જૈન ધર્મ જ સર્વશ્રેષ્ઠ હોવાની દૃઢ પ્રતીતિ થઇ હતી. બીજા પણ ઘણા તટસ્થ અજૈન વિદ્વાનોએ જૈન ધર્મ વિષે ઘણા જ ઊંચા અભિપ્રાયો આપ્યા છે. ત્યારે મહાન પુણ્યોદયે જૈનકુળમાં જન્મ પામેલા પ્રત્યેક આત્માઓનું કર્તવ્ય છે કે ખૂબજ જિજ્ઞાસા અને ખંતપૂર્વક જૈન શાસનના સિધ્ધાંતોનો અભ્યાસ કરી અચિંત્ય ચિંતામણિ રત્નથી પણ અધિક મહિમાવંત એવા જિનશાસન પ્રત્યે સમજપૂર્વક દૃઢ શ્રધ્ધા કેળવી સુંદર રીતે તેની ઉપાસના કરી દેવદુર્લભ માનવ ભવને સફળ બનાવે,

પ્રત્યેક જૈન મા-બાપોએ પોતાના બાળકોને મહેસાણા જેવી જૈનતત્ત્વજ્ઞાન વિદ્યાપીઠોમાં જૈન પાઠશાળાઓમાં, ધાર્મિક શિબિરોમાં તેમજ સાધુ સાધ્વીજી ભગવંતો પાસે ઉપાશ્રયોમાં મોકલાવીને, તેમજ ઘરે પંડિતો કે ધાર્મિક અધ્યાપકોને ટ્યુશન માટે બોલાવીને, ઘરમાં આકર્ષક ધાર્મિક પુસ્તકો વસાવીને તેમજ સ્વયં પણ યથાશક્ય સમજણ આપીને જૈન ધર્મના સર્વોત્તમ કલ્યાણકારી સિધ્ધાંતોના રહસ્યોથી નાનપણથી જ પોતાના સંતાનોને સારી રીતે વાકેફ કરવા જોઇએ અન્યથા આધુનિક વિલાસી વાયુમંડળમાં તેમના જીવનનું નિકંદન નીકળી જતાં વાર નહિ લાગે અને સરવાળે મા-બાપોનેજ પસ્તાવાનો વારો આવશે. સુજ્ઞેષુ કિં બહુના?

## (૨૨)
## વર્ધમાન આયંબિલ તપનો થડો બાંધતા બુઝર્ગ બ્રાહ્મણ પંડિતશ્રી વૈધનાથજી મિશ્ર

સં. ૨૦૫૦માં અમારું ચાતુર્માસ અમદાવાદમાં નારણપુરા ચારરસ્તા પાસે અચલગચ્છ જૈન ઉપાશ્રયમાં થયું, ત્યારે મારા શિષ્ય **મુનિરાજશ્રી ધર્મરત્નસાગરજીને** સંસ્કૃત કાવ્ય-ન્યાય આદિનો અભ્યાસ કરાવવા માટે બિહારના પં. શ્રી વૈદ્યનાથ મિશ્ર (ઉ.વ.૬૬) અમારી સાથે રહ્યા હતા.

પર્યુષણ બાદ વર્ધમાન આયંબિલ તપનો થડો બાંધવા માટે પ્રેરણા કરતાં કેટલાક ભાઈ બહેનોએ સમૂહમાં થડો બાંધેલ. તે વખતે પંડિતજીને સ્વાભાવિક પ્રેરણા કરતાં તેમને પણ ભાવના થઈ ગઈ અને જિંદગીમાં એક પણ આયંબિલ કે ઉપવાસનો અનુભવ ન હોવા છતાં તેમણે થડો બાંધવાનો પ્રારંભ કરી દીધો. ૧આયંબિલ , ૧ ઉપવાસ, ૨આયંબિલ ઉપર ૧ ઉપવાસ એ રીત ચડતાક્રમે ૫ આયંબિલ પર ૧ ઉપવાસ એ રીતે કુલ ૨૦ દિવસ સુધી સળંગ ચડતા પરિણામે તેઓશ્રીએ આ તપશ્ચર્યા પૂર્ણ કરી. આ તપશ્ચર્યાથી તેમને શારીરિક તેમજ માનસિક એટલી સ્ફૂર્તિ તથા પ્રસન્નતાનો અનુભવ થયો કે ભવિષ્યમાં આયંબિલની ઓળીઓ તથા વર્ષીતપ કરવાના મનોરથ પણ તેઓ સેવવા લાગ્યા. જૈન ધર્મ પ્રત્યેનો તેમનો સદ્ભાવ ખૂબજ વધી ગયો. સંઘે તેમનું યથોચિત બહુમાન કરેલ છે.

તેઓએ સંસ્કૃત વ્યાકરણ તથા ન્યાયમાં આચાર્ય સુધીની ડીગ્રીઓ પ્રાપ્ત કરેલી છે. સંસ્કૃત કોલેજોમાં પ્રિન્સીપાલ તરીકે પણ કાર્ય કર્યું છે. તેમનું સરનામું નીચે મુજબ છે. પં.શ્રી વૈદ્યનાથ મિશ્ર, મુ.પો. તરૌની, વાયા નેહરા, જિ. દરભંગા ( બિહાર) પીનઃ ૮૪૭૨૩૩

**આ ચાતુર્માસ દરમ્યાન કચ્છ ભૂજના એક બ્રાહ્મણ યુવાન નરેન્દ્રભાઈ રમણલાલ મહેતાએ પણ અટ્ઠાઈ તપ અમારી નિશ્રામાં કરેલ.**

## (૨૩)
## વૈષ્ણવ ડૉ.મુકુંદ સોનેજીમાંથી બન્યા
## શ્રધ્ધેય સંતશ્રી આત્માનંદજી

સં.૨૦૪૫માં મણિનગર(અમદાવાદ)માં અમારું ચાતુર્માસ થયું.તેનાથી પૂર્વે અમદાવાદથી મહેસાણા તરફ જતાં તથા પાછા વળતાં બે વખત કોબા જવાનું થયું. ત્યારે આત્મસાધક શ્રી આત્માનંદજી સાથે પ્રત્યક્ષ ધર્મચર્ચા કરવાનો અવસર મળ્યો. તે દરમ્યાન તેમની અંતર્મુખતા, થોડી થોડી વારે 'હું આત્મા છું' એ વાક્યના ધીમા ઉચ્ચાર દ્વારા વ્યક્ત થતી આત્મજાગૃતિ વિગેરે જોઇને ખૂબ આનંદ થયેલ.

[તેમના જીવન-કવન વિષે પ્રગટ થયેલ એક પરિપત્ર અત્રે અક્ષરશઃ રજૂ કરવામાં આવેલ છે. - સંપાદક]

નામ : પૂજ્ય સંતશ્રી આત્માનંદજી

જન્મ : તા. ૨-૧૨-૧૯૩૧ના રોજ અમદાવાદ મુકામે સંસ્કારી વૈષ્ણવ કટુંબમાં જન્મ.

પરંપરાગત શિક્ષણ : M.B.B.S.,M.R.C.P. & H(England)

સામાન્ય ભૂમિકા : શ્રીમદ્ રાજચન્દ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર કોબાના સંસ્થાપક,પ્રેરણામૂર્તિ, શ્રદ્ધેયશ્રી આત્માનંદજીને પશ્ચિમ ભારતની અને ખાસ કરીને ગુજરાતની જનતા એક ઉત્તમ આધ્યાત્મિક સંતપુરૂષ તરીકે ઓળખે છે. સ્વ-પર કલ્યાણમાં અહોનિશ લાગેલા રહેતા આત્માનંદજી તેમના સાધના-પ્રધાન જીવન અને વિશાળ શાસ્ત્રજ્ઞાન દ્વારા અનેક સાધકોને મોક્ષમાર્ગમાં આગળ વધવા વિધવિધ પ્રકારે માર્ગદર્શન પૂરું પાડે છે. તેમનાં પ્રેરણાદાયી, અનુભવવાણીથી નીતરતા પ્રવચનોનું શ્રવણ કરતાં અને તેમના સંસ્કારી, શિષ્ટ, આધ્યાત્મિક છતાં વ્યવહારુ અને સર્વોપયોગી સાહિત્યનું અગવાહન કરતાં, એક પ્રભાવશાળી પ્રજ્ઞાવંત પ્રવકતા, મહાન ભક્ત-સાધક અને સિધ્ધહસ્ત લેખક તરીકેની તેમના વ્યક્તિત્વની અમીટ છાપ પડયા વિના રહેતી નથી.

અભ્યાસ તથા વ્યવસાય :

ઈ.સ. ૧૯૫૬માં બી.જે.મેડિકલ કોલેજમાંથી M.B.B.S. ની ડીગ્રી પ્રાપ્ત કરી. ત્યારબાદ મહારાષ્ટ્રમાં ખોપોલી મુકામે, મુંબઈ ખાતે જે.જે.હોસ્પિટલમાં અને ગુજરાતમાં માણસા મુકામે મેડિકલ ઓફિસર તરીકે સેવાઓ આપી.

ગૃહસ્થાશ્રમ પ્રવેશ અને અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ : ઈ.સ. ૧૯૬૦માં તેઓએ ડૉ. શર્મિષ્ઠાબેન સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો.

ઈ.સ. ૧૯૬૧માં ઈંગલેન્ડ ગયા, ત્યાં પાંચ વર્ષના રોકાણ દરમિયાન M.R.C.P. તથા D.T.M. & H.ની ડિગ્રીઓ પ્રાપ્ત કરી ઈ.સ. ૧૯૬૬માં સ્વદેશ પાછા ફર્યા.

## જીવનના મહત્ત્વના પ્રસંગો

બાળપણથી જ એકાંત-ચિંતન, યોગાભ્યાસ, ભજન-કીર્તન, સત્સંગ અને આધ્યાત્મિક વાંચનના સંસ્કારવાળા આ મેડિકલ કૉલેજના વિદ્યાર્થીને ઈ.સ. ૧૯૫૪માં 'કુન્દકુન્દાચાર્યના ત્રણ રત્નો' અને ઈ.સ. ૧૯૫૭માં 'શ્રીમદ્ રાજચન્દ્ર વચનામૃત' ગ્રન્થોનો સુયોગ પ્રાપ્ત થયો અને ગીતા-ઉપનિષદ અને સંત-સાહિત્યથી સંસ્કારિત તેમનું ચિત્ત જૈન ધર્મની સૂક્ષ્મતા અને વૈજ્ઞાનિકતાથી પ્રભાવિત થયું. ઈ.સ.૧૯૫૪થી સાત વર્ષ સુધી તેઓએ મુખ્યપણે અધ્યાત્મપ્રધાન જૈનશાસ્ત્રોનું ઊંડું અવગાહન કર્યું.

ફેબ્રુઆરી, ૧૯૬૯માં મોઢાના છાલાની તીવ્ર બીમારી દરમ્યાન ગહન ચિંતન-મનનના પરિપાકરૂપે તેમના જીવનમાં શુદ્ધ આત્મજ્ઞાન ઉદય પામ્યું. પરિણામ એ આવ્યું કે જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ અર્થે આગળની સાધક-દશા પ્રગટાવવા માટે વ્યાવસાયિક પ્રવૃત્તિને સંક્ષેપી, સ્વપરકલ્યાણમય સાધનાના લક્ષવાળી જીવન પ્રણાલિકા તરફનો ઝોક શરૂ થયો.

ઈ.સ ૧૯૭૫માં અમદાવાદ મુકામે સત્સંગ સ્વાધ્યાય ભક્તિની વૃદ્ધિના આશયથી શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર ની સ્થાપના કરી.

ઈ.સ. ૧૯૭૬માં આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું.

ઈ.સ ૧૯૮૨માં શાંતિમય વાતાવરણમાં સાધક જીવનના સર્વતોમુખી વિકાસ અર્થે શહેરના કોલાહલથી દૂર શ્રીમદ્ રાજચન્દ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્રની કોબા મુકામે સ્થાપના કરી.

ઈ.સ. ૧૯૮૪માં ગિરનાર મુકામે વિશિષ્ટ નિયમ-વ્રતોને અંગીકાર કરીને આત્માનંદજી નામ ધારણ કર્યું.

ઈ.સ.૧૯૮૪માં આફ્રિકા-ઈંગલેન્ડની ધર્મયાત્રા અને ઈ.સ.૧૯૮૭માં અમેરિકા-કેનેડા-ઈંગ્લેન્ડ-ની ધર્મયાત્રા દ્વારા વિદેશસ્થિત સાધક-મુમુક્ષુઓને પ્રબુદ્ધ જીવન જીવવાનું ઉત્તમ માર્ગદર્શન પરું પાડ્યુંને વિદેશમાં સારી એવી ધર્મ પ્રભાવના થઈ.

ઈ.સ. ૧૯૯૦ના ઓક્ટોબર મહિનામાં લંડનના બંકિંગહામ પેલેસમાં પ્રિન્સ ફિલિપ્સને આંતર રાષ્ટ્રીય જૈન સમાજ તરફથી જૈન ડેકલેરેશન ઓન નેચર અર્પણ કરવામાં આવ્યું, તેમાં અગ્રગણ્ય સભ્ય તરીકે તેઓ ઉપસ્થિત રહ્યા હતા તથા લંડન-આફ્રિકામાં વિવિધ સ્થળોએ સત્સંગ-ભક્તિ-પ્રવચનો દ્વારા ધર્મપ્રભાવના કરી હતી.

ઈ.સ.૧૯૯૩માં શિકાગો ખાતે જૈનપ્રતિનિધિ તરીકે વિશ્વધર્મપરિષદમાં વક્તવ્ય આપ્યું.

## સત્સાહિત્યની સેવા-ઉપાસના

અનેક ગ્રન્થોના લેખક-સંપાદક શ્રી આત્માનંદજીએ પોતાના સાધક જીવનના વિવિધ અનુભવોની સાથે સત્સાહિત્યની ગૂંથણી કરીને ,સતત સરસ્વતીની સાધનાના ફળરૂપે સમાજને નીચેના ગ્રન્થો ભેટ ધર્યા છે અને સમાજના વિશાળ વર્ગને સંસ્કારી, આધ્યાત્મિક, અધિકૃત અને ઉપયોગી પાથેય પૂરું પાડ્યું છે.

(૧) સાધના સોપાન

(૨) સાધક-સાથી ભાગ ૧-૨ (ગુજ.-અંગ્રેજી)

(૩) ભક્તિમાર્ગની આરાધના

(૪) ચારિત્ર્ય સુવાસ

(૫) અધ્યાત્મજ્ઞાન પ્રવેશિકા(ગુજ. અંગ્રેજી)

(૬) અધ્યાત્મ-તત્ત્વ-પ્રશ્નોતરી

(૭) અધ્યાત્મને પંથે

(૮) આત્મસ્મૃતિ ગ્રંથ

(૯) તેનો તું બોધ પામ

(૧૦) સાધક-ભાવના

(૧૧) અર્વાચીન જૈન જ્યોતિર્ધરો

(૧૨) તીર્થાંજલિ

આ સત્સાહિત્ય ઉપરાંત દિવ્યધ્વનિ નામનું આધ્યાત્મિક માસિક પણ ઇ.સ. ૧૯૭૭થી નિયમિત પણે તેમના માર્ગદર્શન હેઠળ પ્રગટ થાય છે.

**જીવનનો અભિગમ**

વિદ્યાની બહુમુખી ઉપાસના, સત્સંગ-સ્વાધ્યાય ભક્તિ-ચિંતન-તીર્થયાત્રા-સદાચાર પાલન-ગુણગ્રાહકતા ઇત્યાદિ આત્મસાધનાનાં વિવિધ અંગોનું આરાધન અને ભક્તિ-સંગીતના માધ્યમથી પોતાના, સાધકોના અને ધર્મપ્રેમી જનતાના ભાવોને પવિત્ર અને ઊર્ધ્વગામી બનાવવા પ્રત્યેનો તેમના જીવનનો અભિગમ અને પુરુષાર્થ રહ્યો છે.

આપણે પ્રભુને પ્રાર્થના કરીએ કે ભારતીય સંસ્કૃતિના, આધ્યાત્મિક સાધનાના, સત્સાહિત્યના, અધ્યાત્મ સંગીતના, માનવમાત્રના અને વિશેષ કરીને સાધકોના પરમ પ્રેમી શ્રી આત્માનંદજી દીર્ઘકાળ સુધી પોતાની સાધના કરતાં-કરતાં આપણને સૌને નિયમિત-શિસ્તબદ્ધ વિદ્યાર્થી, ઉત્તમ નાગરિક, પ્રબુદ્ધ સાધક, સાચા ભક્ત-ધર્માત્મા અને સેવાભાવી વાનપ્રસ્થાશ્રમી બનવા માટે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડે અને તેમના સાન્નિધ્યમાં આપણે વ્યક્તિગત અને સમૂહગત ઉન્નતિ તરફ લઇ જનારું દિવ્ય જીવન જીવતાં શીખીએ.

## (૨૪)
## બે પુત્રીઓને દીક્ષા અપાવનાર
## સુપ્રસિધ્ધ પેઇન્ટર એમ. શંકરરાવ

બેંગ્લોરમાં એમ. શંકરરાવ નામે સુપ્રસિધ્ધ ચિત્રકાર રહે છે **તેમની ચિત્રકળાની કદર સ્વરૂપે ભારત સરકારે તેમનું જાહેર સન્માન કરેલ.** જૈનધર્મ વિષેના ચિત્રો બનાવતાં બનાવતાં ગુરુભગવંતો પાસેથી માર્ગદર્શન મેળવતાં મેળવતાં તેમનો અંતરાત્મા જાગ્રત થઇ ગયો. પરિણામે તે પોતે વ્રતધારી શ્રાવક બની ગયા. અને પોતાની બે સુપત્રીઓને દીક્ષા અપાવેલ છે. પોતે પાંચ તિથિ આયંબિલ કરે છે. પ્રતિદિન પ્રતિક્રમણ, પૂજા, સ્વાધ્યાય વિગેરે કર્યા બાદ ૧૧ થી ૫ વાગ્યા સુધી ફક્ત જૈન ધર્મના જ ચિત્રો બનાવે છે. સાત ક્ષેત્રોમાં દાન પણ સારું આપે છે. [તેમનું સરનામું તથા બે દીક્ષિત સાધ્વીજી ભગવંતોના નામ જાણવા મળશે તો દ્વિતીયાવૃત્તિમાં સમાવેશ કરવાની ભાવના છે.]

✿ ✿ ✿

## (૨૫)
## વર્ધમાન આયંબિલ તપનો થડો બાંધતા
## મહારાષ્ટ્રીયન પેઇન્ટર બાબુભાઇ રાઠોડ

સં ૨૦૪૯માં અમારું ચાતુર્માસ **અમદાવાદમાં મણિનગરમાં અચલગચ્છ જૈન ઉપાશ્રયમાં** થયું . ત્યારે ઉપાશ્રયમાં કાયમી તિથિ દાતાઓ વિગેરેની નામાવલિ લખવા માટે આવતા મહારાષ્ટ્રીયન પેઇન્ટર બાબુભાઇ રાઠોડ(ઉ.વ.૫૭) પ્રાયઃ રોજ વ્યાખ્યાનમાં આવવા લાગ્યા.**'ઉપમિતિ ભવ પ્રપંચા મહાકથા' ગ્રંથરત્ન વિષેના પ્રવચનોમાં તેમને ખૂબજ રસ પડવા માંડયો.**

પર્યુષણ પહેલાં **સંઘપ્રમુખશ્રી લક્ષ્મીચંદભાઈ છેડા સહિત**

**કેટલાક ભાઈ બહેનોએ વર્ધમાન આયંબિલ તપનો થડો બાંધ્યો.** ત્યારે પેઈન્ટર શ્રી બાબુભાઈને પ્રેરણા કરતાં, જીવનમાં એક પણ આયંબિલ કે ઉપવાસ કર્યો ન હોવા છતાં તેઓ તરત તૈયાર થઇ ગયા અને ચઢતા પરિણામે નિર્વિઘ્નતાએ કુલ ૧૫ આયંબિલ તથા પાંચ ઉપવાસ યુક્ત ૨૦ દિવસનું આ તપ પૂર્ણ કર્યું,એટલું જ નહિ પરંતુ આ તપ પછી માત્ર ત્રણ જ દિવસ પારણું કરીને પર્યુષણમાં ૮ દિવસનું ક્ષીરસમુદ્ર તપ શરૂ કરી દીધું. તેમાં પણ પાંચ એકાશણા ઉપર અઠ્ઠમ કર્યો!..

પર્યુષણ બાદ **સંઘના મંત્રીશ્રી ટોકરશીભાઈ મારૂ તથા એક ૧૬વર્ષના કિશોર સહિત કેટલાય શ્રાવકોને લોચ કરાવતા જોઈને બાબુભાઈને પણ** લોચ કરાવવાની ભાવના થઇ હતી. વર્ધમાન તપ દરમ્યાન ધોતિયું - પછેડી પહેરીને જિનપૂજા પણ તેઓ કરતા હતા.

**એ ચાતુર્માસમાં રોહિતભાઈ ઠક્કર(ઉ.વ.૪૦) નામના એક અજૈન યુવાનભાઇ પણ દરરોજ ૨ કી.મી. દૂરથી પગે ચાલીને સમયસર વ્યાખ્યાનમાં આવતા હતા. તેમણે ચાર મહિનાનું સળંગ મૌન સ્વીકારેલ અને મોટા ભાગનો સમય જાપમાં ગાળતા હતા !..** સં.૨૦૫૧માં સા.શ્રી ચારૂધર્માશ્રીજી ઠાણા ૨ના ચાતુર્માસ દરમ્યાન બાબુભાઈએ પર્યુષણમાં અઠ્ઠાઈતપ પણ કરેલ.

✠ ✠ ✠

## (૨૬)
## ધર્મરંગથી રંગાયેલ પેઇન્ટર જોષી પરિવાર

સં. ૨૦૩૦માં **પ.પૂ.પંન્યાસ પ્રવર શ્રી અશોકસાગરજી મ.સા.**નું ચાતુર્માસ રતલામ હાતોદ (જિલ્લો ઇંદોર - મધ્યપ્રદેશ)માં થયું, ત્યારે પેઈન્ટીંગના કામ નિમિત્તે પેઈન્ટર જોષી ( હાલ ઉંમર ૫૦ વર્ષ લગભગ) પૂજ્યશ્રીના પરિચયમાં આવ્યા અને સત્સંગ દ્વારા જૈન ધર્મ પામ્યા. પછી તો ધીરે ધીરે તેમના આખા પરિવારને જૈનધર્મનો રંગ લાગ્યો. ઘરના બધા સભ્યો રોજ દેરાસરમાં જઈને પ્રભુદર્શન કરે છે.

રોજ બાંધી નવકારવાળી ગણે છે. કંદમૂળનો ત્યાગ કરે છે.!..

**તેમના નાનાભાઈ શ્યામભાઈ(ઉ.વ.૨૮) એ પાંચ પ્રતિક્રમણના સૂત્રો કંઠસ્થ કરેલ. પર્યુષણમાં ૬૪ પ્રહરી પૌષધ કરતા તથા દીક્ષાની ભાવના ધરાવતા હતા !...**

શાસ્ત્રમાં કહ્યું છે કે

साधूनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधवः।
तीर्थं फलति कालेन, सद्यः साधुसमागमः ॥

(અર્થ : સાધુ ભગવંતોનું દર્શન પણ જીવને પવિત્ર બનાવનાર છે. ખરેખર સાધુ ભગવંતો સંસાર તારક તીર્થ સ્વરૂપ છે. તેમ છતાં ફરક એટલો છે કે તીર્થની ઉપાસનાનું ફળ કાલાંતરે મળે છે. જ્યારે સાધુનો સત્સંગ તાત્કાલિક ફળ આપનાર થાય છે.)

આ શાસ્ત્રવચનોનું રહસ્ય આવા દષ્ટાંતો દ્વારા સચોટ રીતે સમજાય છે.

સહુ જીવો સત્સંગ દ્વારા માનવભવને સફળ બનાવે એ જ શુભેચ્છા.

✠ ✠ ✠

## (૨૭)
## જૈન ધર્મના કટ્ટર વિરોધી નું હૃદય પરિવર્તન
## અમૃતલાલભાઇ રાજગોર(બ્રાહ્મણ)

ગુજરાતમાં ખેડા જિલ્લામાં ભાદરણ તાલુકાના **વાલવોડ ગામમાં** જૈન દેરાસરની પાછળ રહેતા અમૃતલાલભાઈ રાજગોર (ઉ.વ. ૫૨) એક વખત જૈનધર્મના કટ્ટર વિરોધી હતા.

૧૦૩ વર્ષનું આયુષ્ય ભોગવનાર મહાતપસ્વી સુસંયમી સ્વ. પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી સિધ્ધિસૂરીશ્વરજી મ.સા.નું સમાધિમંદિર બનાવવાની ત્યાંના સંઘને ઘણી ભાવના હતી. તેના માટે દેરાસરની બાજુમાં જે અનુકૂળ ખાલી જગ્યા હતી તે અમૃતલાલભાઇ રાજગોરની માલિકીની હોવાથી સંઘના આગેવાન શ્રાવકોએ યોગ્ય કિંમતે તે જમીન સંઘને વેચાતી

આપવા વિનંતિ કરી. પરંતુ જૈનધર્મના કટ્ટર વિરોધી અમૃતલાલભાઈ કોઈ પણ કિંમતે એ જમીન સંઘને આપવા તૈયાર ન હતા.

**પરંતુ એક રાત્રે સ્વ. સિધ્ધિસૂરીશ્વરજી મ.સા.એ સ્વપ્નમાં અમૃતલાલભાઈને દર્શન આપ્યા અને સંઘને જોઈતી જમીન આપવા માટે પ્રેરણા કરી. આ ઘટનાથી તેમના હૃદયમાં જૈનસાધુ ભગવંતો પ્રત્યે ભારે આદર પેદા થયો અને બીજે જ દિવસે તેમણે સંઘના આગેવાનોને સામેથી બોલાવીને વિના મૂલ્યે પોતાની જમીન સંઘને સર્મપિત કરી દીધી !!!..**

પછી તો ઉત્તરોત્તર જૈન શાસન પ્રત્યે તેમના હૃદયમાં બહુમાનભાવ વધતો ગયો અને અનુક્રમે તેઓ નિયમિત જિનપૂજા કરતા થઈ ગયા. ચાર વર્ષથી નવપદજીની આયંબિલની ઓળી કરે છે. **એક વખત ઓળી કરાવવા માટે અન્ય ત્રણ દાતાઓ સાથે એમણે પણ ભાગ લીધો અને પોતે ચાલુ ઓળીમાં છેલ્લે અઠ્ઠમ તપ કર્યો.** તેઓ નિયમિત નવકારવાળી ગણે છે. તેમના ધર્મપત્ની પણ રોજ દેરાસરમાં જઈ પ્રભુદર્શન કરે છે. !

ફક્ત એક જ વખતના આચાર્ય ભગવંતના સ્વપ્ન દર્શન દ્વારા અમૃતલાલભાઈનું કેવુ સુંદર હૃદય પરિર્વતન અને સુખદ જીવન પરિવર્તન થઈ ગયું !

કહ્યું છે કે 'દુર્જન સાથેની મૈત્રી કરતાં પણ સજ્જન સાથેની દુશ્મનાવટ સારી.' આ ઉક્તિનું હાર્દ પ્રસ્તુત દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ થાય છે.

પ્રભુ મહાવીર સ્વામીને ડંખ આપનાર ચંડકૌશિક તથા વાદ દ્વારા હરાવવા તૈયાર થયેલ ઈન્દ્રભૂતિ ગૌતમ કે તેજોલેશ્યા ફેંકનાર ગોશાલકનું પણ કેવું સુભગ હૃદય પરિવર્તન થઈ ગયું.!..

જો ઉત્તમ આત્માઓ સાથેની દુશ્મનાવટ પણ આવું સુંદર પરિણામ લાવી શકતી હોય તો તેમના પ્રત્યેના આદર અને ભક્તિભાવ પૂર્વક કરાયેલો સત્સંગ જીવનમાં કયા આધ્યાત્મિક ચમત્કારો ન સર્જી શકે એ જ એક સવાલ છે. !...

☺ ☺ ☺

# (૨૮)
# અજોડ જીવદયાપ્રેમી ઠાકોર મંગાભાઇ કાળાભાઇ ભગત

**પાટડી ગામ (જિ. સુરેન્દ્રનગર-ગુજરાત)** ના ઠાકોર મંગાભાઇને પાંચ વર્ષના મૂકીને માત-પિતા પરલોકે સીધાવ્યા ત્યારે તેમનું પાલનપોષણ કરનાર કુટુંબમાં કોઇ સગું- વહાલું ન હતું. પરંતુ નોંધારાના આધાર રૂપે પડોશમાં રહેતા જૈન પરિવારે તેમને પોતાના ઘરે રાખ્યા. પાલન-પોષણ કરીને મોટા કર્યા. શેઠના ઘરે ભેંસો હતી. તેને ચારવા માટે મંગાભાઇ સીમમાં લઇ જતા અને પાછા વળતાં બળતણ માટે લાકડા લઇ આવતા.

એક દિવસ લાકડામાંથી ઉધઇ નીકળી. શેઠાણી મંજુબેન જયણા ખૂબ જ પાળતા હતા. તેથી તેમણે ઉધઇવાળું લાકડું મંગાભાઇને બતાવ્યું અને કહ્યું કે જો, 'પૂંજ્યા વિના લાકડું સળગાવાયતો કેટલા જીવોને બાળી નાખવાનું પાપ આપણને લાગે !' શેઠાણીના અંતરમાં રહેલા દયાના ભાવ મંગાભાઇના જીવનમાં વણાઈ ગયા. તેમણે નિશ્ચય કર્યો કે હવેથી બરાબર જોઇને જીવજંતુ રહિત જ લાકડા લાવવા તથા લીલા ઝાડને કાપવા નહિ. પગમાં પગરખા પહેરવા નહી. દરેક જીવો ઉપર દયા રાખવી. જૈન મુનિની વાણી સાંભળવી.

તેમણે સાતે વ્યસનના ત્યાગની પ્રતિજ્ઞા લીધી. પક્ષીઓને અનાજ તથા કૂતરાઓને રોટલા જાતે જઇને આપતા. બીજા કોઇ શિકાર કરતા હોય તેમને પણ સમજાવીને અટકાવતા. **પશુ-પક્ષીઓ જાણે તેમના કુટુંબીજનો હોય તેમ તેઓ તેમની સેવા કરતા થાકતા નહી.**

એક વખત દુષ્કાળના કારણે તળાવના પાણી સૂકાઇ ગયા. તેથી માછલા, કાચબા આદિ જલચર જીવોને હિંસક લોકો મારવા લાગ્યા. તે જોઇને મંગાભાઇને ખૂબજ કરૂણા ઉત્પન્ન થઇ. તેમણે ભક્ત મંડળી ભેગી કરી. સહાય માટે પાટડી જૈન મહાજનને વાત કરી. મહાજનના આગેવાનો ખોડીદાસભાઇ છબીલદાસ, કાંતિભાઇ ગાંધી, તથા

પોપટલાલભાઈ ઠક્કર આદિએ બળદગાડા, ઘઉંના લોટની કણેક આદિ સામગ્રી પૂરી પાડી. તે લઈને મંગાભાઈ વિગેરે તળાવના કાંઠે ગયા અને લોટની કણેક પાણીમાં નાખતાં તેને ખાવા માટે આવતા **માછલા વિગેરે જલચર જીવોને પાણીથી યુક્ત પીપમાં નાખી ગાડામાં પીપ લઈને પૂરતા પાણીવાળા તળાવમાં નાખવા લાગ્યા. આ રીતે તેમણે ૮૦૦ કાચબા તથા અગણિત માછલાઓને બચાવ્યા!**

મંગાભાઈ ધાર્મિક વાતો એવી કરતા કે **તેમના સમાગમમાં આવતા દરબાર, પટેલ, ઠાકોર, ભરવાડ, રબારી, વાઘરી, વિગેરે જ્ઞાતિઓના લોકો પણ દારૂ, માંસાહાર તથા જીવહિંસાનો ત્યાગ કરવા** લાગ્યા. ધન્ય છે તે શ્રાવિકાને કે જેમણે મંગાભાઈના જીવનમાં જીવદયાનો મંગલ દીપક પ્રગટાવ્યો કે જે દીપકે બીજા અનેકોના જીવનમાંથી હિંસાનો અંધકાર દૂર કર્યો.

**મંગાભાઈની એક પુત્રી તથા ત્રણ પૌત્રીઓએ સંયમ સ્વીકારેલ છે. તથા બે પ્રપૌત્રી સંયમની ભાવનાથી સાધ્વીજી પાસે ધાર્મિક અભ્યાસ કરી રહેલ છે.!...** જેની વિગત નીચે મુજબ છે.

મંગાભાઈની પુત્રી કમુબેન પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂ.સા.શ્રી વસંતશ્રીજી મ.સા.ના શિષ્યા **પૂ.સા.શ્રી કિરણમાલાશ્રીજી** તરીકે સુંદર સંયમ પાળી રહ્યા છે.તેમણે સંસ્કૃત આદિનો સુંદર અભ્યાસ કર્યો છે. સેંકડો સ્તવનો-સ્તુતિઓ કંઠસ્થ છે. કંઠ પણ સુમધુર છે.

મંગાભાઈના ત્રણ પુત્ર છે. તેમાં સૌથી મોટા પુત્ર રણછોડભાઈની બે પુત્રીઓ ગૌરીબેન તથા લક્ષ્મીબેન ઉપરોક્ત સા. શ્રી કિરણમાલાશ્રીજીના શિષ્યા બની અનુક્રમે **પૂ.સા.શ્રીપાવનપ્રજ્ઞાશ્રીજી** તથા **પૂ.સા.શ્રી અક્ષયપ્રજ્ઞાશ્રીજી** તરીકે સુંદર ચારિત્ર જીવન જીવી રહ્યાં છે.

મંગાભાઈના દ્વિતીય પુત્ર ચકુભાઈની દીકરી તરલાબેન પણ સંસારપક્ષે પાટડીના વતની **પૂ.સા.શ્રી જયમાલાશ્રીજીના શિષ્યા પૂ.સા.શ્રી તત્ત્વશીલાશ્રીજી** તરીકે રત્નત્રયીની સુંદર આરાધના કરી રહ્યા છે.

મંગાભાઈના પૌત્ર ફરસુરામ ચકુભાઈની બે પુત્રીઓ રેખા તથા

રક્ષા ઉપરોક્ત પૂ.સા.શ્રી તત્વશીલાશ્રીજીની પાસે સંયમની ભાવનાથી ધાર્મિક અભ્યાસ કરી રહેલ છે.

મંગાભાઈનું કુટુંબ પાટડી ગામના દરવાજા બહાર વસતું હોઈ ત્યાંથી પસાર થતા જૈન સાધ્વીજીઓને જોઈને ઉપરોક્ત ચારે આત્માઓને અનુમોદના થતી કે અમે પણ ક્યારે આવા ધોળા કપડાવાળા સાધ્વીજી બનીએ! **यादृशी भावना तादृशी सिध्धि:** અને **साधूनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधव:** એ સૂક્ત મુજબ સત્સંગના પ્રભાવે તેમની ભાવના સાકાર બની.

ધન્ય છે તેમના માતા પિતાને કે જેમણે જીવદયાનો ધર્મ પાળ્યો અને તેના પુણ્ય પ્રભાવે સંતાનો સંયમી બન્યા !

પશુસેવા, માનવસેવા તથા સંતસેવા, નિયમિત પ્રભુ દર્શન, સતત નવકાર સ્મરણ આદિના કારણે 'ભગત' તરીકે ઓળખાતા મંગાભાઈ આજે પાર્થિવ દેહે હયાત નથી( ૧૮ વર્ષ પહેલાં તેમનો દેહવિલય થયો) પરંતુ તેમના સુપુત્ર રણછોડભાઈ આજે પણ પિતાજીના પગલે પગલે કૂતરાઓના રોટલા માટે લોટની ઝોળી ગામમાં ફેરવી પશુસેવા કરી રહ્યા છે. ગામમાં દર વર્ષે જ્યારે પણ રથયાત્રા વરઘોડો નીકળે ત્યારે રથમાં જોડવા માટે પોતાના બળદો નિઃસ્વાર્થ ભાવે આપવાનો લાભ રણછોડભાઈ જ લે છે.

૬૦ વર્ષની ઉંમરે મંગાભાઈ એ શત્રુંજય મહાતીર્થની ૬ ગાઉની પ્રદક્ષિણા ફા.સુ.૧૩ના કરી હતી. **મંગાભાઈની અંતિમ સમાધિના સ્થાને ગામલોકોએ દેરી બનાવીને તેમના પગલા સ્થાપિત કર્યા છે. જીવમાત્રની સેવા દ્વારા મંગાભાઈએ કેવી અદ્‌ભૂત લોકચાહના પ્રાપ્ત કરી હશે તે આના ઉપરથી સમજી શકાય છે.**

ખરેખર માણસ જન્મથી નહિ પરંતુ કાર્યોથી જ મહાન બની શકે છે. મંગાભાઈના જીવનમાંથી પ્રેરણા મેળવીને સહુ જીવો નિઃસ્વાર્થ સેવાને પોતાનો જીવનમંત્ર બનાવે એ જ શુભ ભાવના.

● ● ●

## (૨૯)
## પર્યુષણના આઠેય દિવસ પાંખી પાળતા
## હરિજન કાંયાભાઇ લાખાભાઇ

કચ્છકેસરી, અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના સા. શ્રી પૂર્ણાનંદશ્રીજીના કચ્છ - બિદડા ગામ (તા. માંડવી-કચ્છ (ગુજ.) પીનઃ૩૭૦૪૩૫) માં થયેલ ચાતુર્માસ દરમ્યાન તેમના સત્સંગ દ્વારા છેલ્લા સાત વર્ષથી જૈન ધર્મની આરાધના કરતા હરિજન કાંયાભાઇ (ઉ.વ.૬૭) નું જીવન ખરેખર ખૂબજ પ્રેરણાદાયક તથા અનુમોદનીય છે.

સં.૨૦૪૮ માં અમારુ ચાતુર્માસ બિદડામાં થતાં કાંયાભાઇના જીવનને નજીકથી નિહાળવાનો અવસર સાંપડયો.

ચાતુર્માસ દરમ્યાન દરરોજ બે ટાઇમ વ્યાખ્યાનમાં નિયમિત આવતા. વ્યાખ્યાનમાં દરરોજ સામાયિક લઇને બેસવાની પ્રેરણાનો એમણે તાત્કાલિક અમલ કર્યો. દરરોજ દૈવસિક પ્રતિક્રમણ પણ નિયમિત કરતા.

રોજ દેરાસરમાં જઇને પ્રભુદર્શન કરી દેરાસરના ભંડારમાં યથાશક્તિ દ્રવ્ય અચૂક નાખે.

**ક્વચિત્ અનિવાર્ય સંયોગવશાત્ સવારનાં ગુરુવંદન ન થઇ શક્યા હોય તો છેવટે રાત્રે સૂતા પહેલાં તો અચૂક ઉપાશ્રયે આવીને ત્રિકાલ વંદના કરે જ.**

ચાતુર્માસ દરમ્યાન પ્રાયઃ દરેક સામુદાયિક તપશ્ચર્યામાં તેમનું નામ અચૂક હોય જ. **વર્ધમાન આયંબિલ તપનો થડો(પાયો) બાંધ્યો. અઠ્ઠમ કર્યો. તથા મસ્તકના વાળનો લોચ પણ હોંશપૂર્વક કરાવ્યો.**

**પર્યુષણના આઠે દિવસ પાંખી પાળે. ખેતરે જાય નહીં. ઘરના કોઇ પણ સભ્ય અભક્ષ્ય ભક્ષણ ન કરે.**

પર્યુષણ બાદ પોતાના ઉપકારી સાધુ-સાધ્વીજી ભગવંતો નજીકના કે દૂરના ગામોમાં જ્યાં બિરાજમાન હોય ત્યાં વંદન કરવા જાય.

સંઘ સાથે પાલિતાણા, આબુ, શંખેશ્વર, ભદ્રેશ્વર, સુથરી આદિ અનેક તીર્થોની યાત્રા કરી.

**સં.૨૦૪૯ના ચાતુર્માસમાં પર્યુષણ દરમ્યાન અમારી પાસે મણિનગર (અમદાવાદ) આવીને ૬૪ પ્રહરી પૌષધ સાથે અટ્ઠાઈ કરી!**

હાલ નિયમિત જિનપૂજા પણ કરે છે.

સં.૨૦૫૦માં અમારું ચાતુર્માસ અમદાવાદમાં નારણપુરામાં થયું તથા સં.૨૦૫૧માં વડોદરામાં અચલગચ્છ જૈન ઉપાશ્રયમાં ચાર્તુમાસ થયું. આ **બંને ચાતુર્માસોમાં પણ કાંયાભાઈની તબીયત કંઈક નાદુરસ્ત હોવા છતાં ઠેઠ કચ્છથી ગુજરાતમાં અમારી પાસે આવીને ૬૪ પ્રહરી પૌષધ સાથે એકાશણા, ઉપવાસ, અટ્ઠમ, આદિ તપશ્ચર્યા કરી !..**

કર્મસંયોગોએ મહેતારજ મુનિ આદિની માફક હરિજન કુળમાં જન્મ પામવા છતાં પોતાની કરણી દ્વારા ભવાંતરમાં જૈન કુળમાં જન્મ પામવાની તૈયારી આવા આત્માઓ કરતા હોય છે.

ચાલો આપણે કચ્છી ભાષામાં કચ્છી કાંયાભાઈની આરાધનાની અનુમોદના કરીએ.

[કતરો ખાસો ?.. કતરો ખાસો ?.. બોરો ખાસો... બોરો ખાસો !!!

## (૩૦)
## સત્સંગ મંડળ ચલાવતા
## લાલજીભાઇ ભગત (હરિજન)

**ગુજરાતમાં ચિત્રોડા ગામ (તા. ઈડર, જિ. બનાસકાંઠા)**માં રહેતા લાલજીભાઇ ભગત(ઉ.વ.૬૫) હરિજન કુળમાં જન્મ્યા છે પરંતુ નાનપણથી જ સત્સંગ દ્વારા જૈનધર્મ પાળે છે. આત્મજ્ઞાની શ્રીમદ્રાજચંદ્ર પ્રત્યે તેઓ અનન્ય આસ્થા ધરાવે છે અને **સત્સંગ મંડળ ચલાવે છે. એ મંડળના ૬૦૦ સભ્યો છે.**

તે બધા જ સભ્યોએ આત્માર્થી બા.બ્ર.સુશ્રાવક **શ્રી ગોકુળભાઈ**(કે

જેઓ મૂળ માંડલના વતની છે પણ હાલ અમદાવાદમાં પાલડી વિસ્તારમાં રહે છે) ના સત્સંગથી પ્રભાવિત થઈને સાતેય વ્યસનોનો ત્યાગ કર્યો છે. એટલું જ નહિ પરંતુ **હોટલનું પાણી પણ તે બધા પીતા નથી! લગભગ બધા જ સભ્યોને શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત આત્મસિધ્ધિશાસ્ત્ર વિગેરે આધ્યાત્મિક રચનાઓ કંઠસ્થ છે અને રોજ સ્વાધ્યાય કરે છે. આખાય હરિજનવાસમાં ઠેર ઠેર આધ્યાત્મિક સુવાક્યો લખ્યા છે.**

[૬૦૦ હરિજનો હોટલનું પાણી પણ પીતા નથી! આ બાબત કેટલી બધી અનુમોદનીય તથા અનુકરણીય છે !!]

આજે કેટલાય એવા આત્માઓ છે કે જેમને ઘરનું ખાવાનું ભાવતું જ નથી. પરંતુ હોટલો, રેસ્ટોરન્ટો અને રેંકડીઓના ચટાકેદાર ભોજન જ ભાવે છે. પછી ભલેને તે ગમે તેટલા દિવસના વાસી, કે અભક્ષ્ય કાં ન હોય ! આવા આત્માઓ આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા લઈને કંઈક પરિવર્તન કરે તો સારું એ જ શુભાભિલાષા).

★ ★ ★

## (૩૧)
## ઝાડુ કાઢતા હરિજન લાલજીભાઈની અત્યંત અનુમોદનીય નીતિમત્તા

લાલજીભાઈ નામના હરિજનભાઈ શેરીઓમાંથી ઝાડુ કાઢીને કચરો સાફ કરવાની મ્યુનિસીપાલિટીમાં નોકરી કરે છે. એક દિવસ સોસાયટીમાં બંગલા પાસે ઝાડુ કાઢતાં તેમને સાચા હીરાનો હાર મળ્યો. **બાહ્ય દૃષ્ટિએ ગરીબ પરંતુ અંતરની અમીરાતને વરેલા લાલજીભાઈએ હીરાનો હાર ઉપાડીને બાજુના બંગલામાં રહેતા શેઠાણીને ખાત્રી કરીને તેમનો હાર સોંપી દીધો!!!**

તેમની પ્રામાણિકતાની કદર કરવા માટે શેઠાણીએ તેમને જમવા માટે આપ્યું તો પ્રથમ તો તેમણે સવિનય અસ્વીકાર કર્યો પરંતુ **શેઠાણીએ ભોજનનો અસ્વીકાર કરવાનું કારણ આગ્રહપૂર્વક પૂછતાં તેમણે**

**ખુલાસો કરતાં કહ્યું કે, મારે તમારું ભોજન નહિ ચાલે કારણકે તેમાં કંદમૂળ હોય, કોથમીર હોય તથા વાસી પણ હોય. જ્યારે મારે તો આ બધાનો ત્યાગ છે !...**

તેમ છતાં શેઠાણીનો આગ્રહ ચાલુ રહેતાં તેમણે થોડી સાકર અને ભાત લીધા!.. શેઠાણીએ બક્ષિસ તરીકે રૂપિયા આપવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તેમણે રૂા.ની સામે પણ જોયું નહિ !!

આજે જ્યારે Top to Bottom ( ઉપરથી નીચે સુધી) સર્વત્ર નીતિમત્તાનું ધોરણ સાવ તળિયે જઇ બેઠું છે, વ્યાપાર વિગેરેમાં પ્રામાણિકતાનું પાલન એ લગભગ અશક્યવત્ મનાય છે કે Out of Date ગણાય છે, તેવા આ પડતા પંચમકાળમાં આવા ચીંથરે વીંટેલા રત્ન જેવા પ્રામાણિક આત્માઓના જીવનમાંથી સહુ કોઇએ ધડો લેવા જેવો છે.

❋ ❋ ❋

## (૩૨)

## 'પૂજા કરવી છે પણ મંદિરને અભડાવવું નથી ' ભાગ્યશાળી ભંગીની ભવ્ય ભાવના

આજથી લગભગ ૧૮ વર્ષ પહેલાંની આ વાત છે. ધર્મચક્રતપ પ્રભાવક **પ.પૂ.પંન્યાસ પ્રવર શ્રીજગવલ્લભવિજયજી મ.સા.** અમદાવાદમાં શાહીબાગ વિસ્તારમાં આવેલ ગિરધરનગર જૈનસંઘના ઉપાશ્રયમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. તે વખતે ઉપાશ્રયમાં જગ્યા હોવા છતાં એક ભાઇ ઉપાશ્રયના પ્રવેશદ્વાર પાસે બહાર પગથિયા ઉપર એક બાજુ બેસીને ભારે રસપૂર્વક વ્યાખ્યાન સાંભળી રહ્યા હતા. પૂજ્યશ્રીને અચાનક આનો ખ્યાલ આવતાં પગથિયા ઉપર બેસવાનું કારણ પૂછ્યું. ત્યારે પેલા ભાઇ એ નમ્રતાથી ખુલાસો કરતાં કહયું કે, **'સાહેબ! હું જાતે ભંગી છું તેથી અહીં બેસીને વ્યાખ્યાન સાંભળું છું.**!.. કર્મસંયોગે ભંગીના ખોળિયામાં રહેવા છતાં તેની જિનવાણીશ્રવણ

કરવાની અભિરૂચિ જોઈને મ.સા.ને તેના પ્રત્યે ખૂબ જ વાત્સલ્યભાવની લાગણી ઉત્પન્ન થઈ.

તેની સાથે પ્રેમપૂર્વક વાર્તાલાપ કરતાં જાણવા મળ્યું કે તેઓ **વર્ધમાનતપની ૨૮૦ ઓળીના આરાધક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.સા.ના સત્સંગથી જૈનધર્મ પામ્યા હતા. રોજ નવકારશી - ચોવિહાર તથા નવકાર મહામંત્રની માળા ગણતા હતા.**

ગિરધરનગરમાં અનેક ભાવિકોને રોજ જિનપૂજા કરવા જતાં જોઈને તેમણે એક વખત આચાર્ય ભગવંત પાસે પોતાની આંતર આરઝુ વ્યક્ત કરતાં કહ્યું કે **'ગુરૂદેવ! મારે પણ રોજ પૂજા કરવી છે પણ મંદિરને અભડાવવું નથી. કૃપા કરીને મારા માટે કોઈ ઉપાય બતાવો.'**

કરુણાનિધિ આચાર્ય ભગવંતે તેને ઉપાય દર્શાવ્યો. તે મુજબ તેણે પોતાના ઘરે ૧૮ અભિષેક યુક્ત પ્રભુજીને પધરાવીને રોજ પ્રભુપૂજાની ભવ્ય ભાવના પૂર્ણ કરી. કેવો મહાન આત્મા!!

**જૈન કુળમાં જન્મ પામવા છતાં અને જિનમંદિર બાજુમાં હોવા છતાં આળસ, અજ્ઞાનતા આદિ કોઈને કોઈ કારણવશાત્ જિનપૂજા નહિ કરતા આત્માઓ આ દૃષ્ટાંતમાં વર્ણવેલ આત્માને રોજ સવારે ભારે અહોભાવથી યાદ કરીને નમસ્કાર કરશે તો એક દિવસ જરૂર એમનો પણ પુણ્યોદય જાગ્રત થશે અને પ્રભુભક્તિના પુનિત પંથે તેમનો આત્મા પણ પ્રસ્થાન કરશે એમાં શંકા નથી...**

(૩૩)

## સાધુ સાધ્વીજીની વૈયાવચ્ચ કરતા મૂળજીભાઇ માસ્તર (હરિજન)

ગુજરાતમાં મહેમદાબાદ તથા નડિયાદની વચ્ચે આવેલ **દેવકી વણસોલ** ગામમાં હાલ એક પણ જૈન ઘર નથી. પરંતુ હરિજન કુળમાં જન્મેલા મૂળજીભાઈ માસ્તરના ઘરનું વાતાવરણ જૈનકુળ જેવું જ છે. તેઓ ગ્રેજ્યુએટ છે. **વિહારમાં આવતા સાધુ - સાધ્વીજી ભગવંતોને ભાવપૂર્વક વિનંતિ કરીને પોતાના ઘરે ઉતારે છે અને ખૂબ ઉલ્લાસપૂર્વક** ગોચરી **પાણી વહોરાવે છે.** .!!.. ઘણા સાધુ સાધ્વીજી ભગવંતો તેમને ત્યાં ઊતરે છે.

આવી રીતે કેટલાક અજૈન ગામોમાં વિવિધ કોમના સદ્ગૃહસ્થો ખૂબજ ભાવપૂર્વક જૈન સાધુ - સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ કરે છે. જાણે સાક્ષાત્ ભગવાન પોતાના આંગણે પધાર્યા હોય તેવા હર્ષોલ્લાસપૂર્વક સેવા તથા સત્સંગ કરે છે, જે ભૂરિશઃ અનુમોદનીય તથા અનુકરણીય છે.

જ્યારે બીજી બાજુ 'घरकी मुर्गी दाल बराबर' એ કહેવત મુજબ જૈન કુળમાં જન્મેલા પણ કેટલાક આત્માઓ આ બાબતમાં પોતાનું કર્તવ્ય ચૂકી જતા જોવા મળે છે. એવા આત્માઓએ આવા દૃષ્ટાંતોમાંથી ખાસ પ્રેરણા લઈને પોતાના કર્તવ્યમાં જાગ્રત બનવાની તથા સત્સંગની ભૂખ જગાડવાની ખાસ જરૂર છે.

## (૩૪)
## "મારા જેવો આ દુનિયામાં કોઇ સુખી નહિ હોય"
## પીતાંબરદાસ મોચી

સુરેન્દ્રનગર પાસે **લખતર** ગામમાં જૈન સ્થાનક પાસે બેસીને જોડા સીવીને આજીવિકા ચલાવતા મોચી પીતાંબરદાસ (ઉ.વ.૪૨) છેલ્લા ૧૮ વર્ષ થયા જૈન ધર્મ પામ્યા છે.

સં.૨૦૪૯માં પોષ મહિનામાં વિહાર દરમ્યાન લખતરમાં ત્રણ દિવસની સ્થિરતા થતાં પીતાંબરદાસનો સંપર્ક થયો.

ઉપાશ્રય કે સ્થાનકમાં કોઈપણ સાધુ - સાધ્વીજી પધારે એટલે તેમના દર્શન - વંદન -સત્સંગ અને સેવાનો લાભ લેવા માટે પીતાંબરદાસ અચૂક પહોંચી જાય. જાણે સાક્ષાત્ ભગવાન પધાર્યા હોય તેવો આનંદ અનુભવે.

અમારી ત્રણ દિવસની સ્થિરતા દરમ્યાન **તેઓ દરરોજ ૬-૭ વખત ઉપાશ્રયમાં આવતા.** સ્વ-રચિત દેવ-ગુરૂભક્તિના ગીતો હોંશે હોંશે ગાઈ સંભળાવતા.

**કંદમૂળ આદિ અભક્ષ્ય ભક્ષણથી દૂર રહેતા પીતાંબરદાસે જીવનમાં ૨૨ પ્રતિજ્ઞાઓ સ્વીકારી છે. દરરોજ ચોવિહાર (રાત્રિ ભોજન ત્યાગ) કરે છે.(જૈન કુળમાં જન્મીને પણ વિના સંકોચે કંદમૂળ ભક્ષણ તેમજ રાત્રિભોજન કરતા અને જમાનાના નામે પોતાનો બચાવ કરતા આત્માઓએ આમાંથી ખાસ પ્રેરણા લેવા જેવી છે.)**

જોડા સીવતાં વચ્ચે વચ્ચે ટાઈમ મળે ત્યારે તરત પોતાની પાસે રાખેલ સ્લેટમાં 'સારા કામ કરવાભાઈ, ખરાબ કામ કરવા નહિ! સારી દાનત રાખવી ભાઈ, ખરાબ દાનત રાખવી નહિ....' ઈત્યાદિ સુવાક્યો લખતા રહે . વિહાર કરતી વખતે તેમણે ખૂબજ આગ્રહ અને ભાવપૂર્વક અમને ટપાલ વહોરાવી અને પ્રેરણાપત્ર લખવા વિનંતિ કરી. ગામના પાદર સુધી અમને વળાવવા ચાલ્યા.

મણિનગરમાં ચાતુર્માસ દરમ્યાન તેમના વીશેક પત્રો આવ્યા . દરેક પત્રો ઉપરોક્ત પ્રકારના સુવાક્યોથી જ ભરપૂર હોય. ક્વચિત્ ફુલસ્કેપ

પાનાના ચાર પૃષ્ઠ ભરીને સુવાક્યો લખી મોકલાવે.

તેઓ નિયમિત દેરાસરમાં જઈને પ્રભુદર્શન તથા પ્રાર્થના કરે છે કે, **'હે ભગવાન! મને વધારે પૈસા ન આપીશ કારણકે પૈસા વધે તો પાપ વધે.' વળી તેઓ કહેતા કે 'મહારાજ સાહેબ! મારા જેવો આ દુનિયામાં સુખી કદાચ કોઈ નહિ હોય!!!'**

કરોડો રૂપિયા અને ટી.વી.સેટ વિગેરે અનેકવિધ લેટેસ્ટ સુખની સામગ્રીના સેટ વચ્ચે એરકંડીશન ફ્લેટમાં રહેવા છતાં 'અપસેટ માઈન્ડ' ધરાવતા શ્રીમંતોએ સાચા અર્થમાં સુખી થવાનો કીમીયો શીખવા માટે પીતાંબરદાસને ખાસ મળવા જેવું છે !!!

તેમનું સરનામુ નીચે મુજબ છે.

પીતાંબરદાસ મોચી. જૈન સ્થાનક પાસે, મુ.પો.તા. લખતર. જિ. સુરેન્દ્રનગર (ગુજરાત) પીનઃ ૩૮૨૭૭૫

## (૩૫)
## માસક્ષમણ તથા સિધ્ધિતપ કરનાર
## રમેશભાઇ મોચી

સં ૨૦૪૧માં **ધર્મચક્રતપ પ્રભાવક પ.પૂ.પંન્યાસ પ્રવર શ્રી જગવલ્લભવિજયજી ગણિવર્ય મ.સા.**નું ચાતુર્માસ ધંધૂકામાં થયેલ. ત્યારે ઉપાશ્રયની બારીમાંથી વરસાદ આવતો અટકાવવા માટે આગેવાન શ્રાવકની સૂચનાથી રમેશભાઈ મોચી પ્લાસ્ટીક બાંધી રહ્યા હતા. તે વખતે મ.સા. એક જૈન યુવાનને ધર્મચક્રતપ માટે પ્રેરણા કરી રહ્યા હતા. એ યુવાને તો ના પાડી પરંતુ **મોચી યુવાને આ સાંભળીને સ્વયં કહ્યું કે 'મ.સા. હું તૈયાર છું આ તપ કરવા માટે!!'**

મ.સા.એ કહ્યું કે રોજ ઉપાશ્રયમાં રહીને આ તપ અને તેની આરાધના કરવી પડશે. રમેશભાઈ કબૂલ થયા. ધર્મચક્રતપની ભાવના

થી પ્રથમ અઠ્ઠમ કરી. એ અઠ્ઠમ ખૂબ જ સરળતાથી થઇ જતાં તેને માસક્ષમણ કરવાના ભાવ જાગ્યા! મ.સા.એ તેમની આ ભાવનાને અનુમોદન આપ્યું અને ૩-૩ ઉપવાસના પચ્ચક્ખાણ લેતાં લેતાં નિર્વિઘ્નતાએ માસક્ષમણ ઉપાશ્રયમાં રહીને જ પરિપૂર્ણ કર્યું.!..

બીજા વર્ષે સિધ્ધિતપ જેવું મહાન તપ પણ કરી લીધું!

**હવે તે નિયમિત નવકારશી - ચોવિહાર તથા જિનપૂજા કરે છે.**

સુપાત્રદાનનો લાભ લે છે. અને કુલપરંપરાગત મોચીનું કામકાજ કરીને આજીવિકા ચલાવે છે.

રમેશભાઈની આરાધના તથા તેમને આરાધનામાં જોડનાર પૂ. પંન્યાસશ્રીની ભૂરિ ભૂરિ અનુમોદના!..

## (૩૬)
## માસક્ષમણ તથા બ્રહ્મચર્યવ્રત સ્વીકારતા
## શ્રી મોહનભાઇ મોચી

ભાવનગર જિલ્લાના ગઢડા (સ્વામીનારાયણ) ગામના નિવાસી શ્રી મોહનભાઇ જન્મથી મોચી અને ધર્મથી ચુસ્ત સ્વામીનારાયણી હોવા છતાં સં ૨૦૩૧ના (અમીગુરૂના) ચાતુર્માસમાં તેમના જૈનમિત્રો સાથે ઉપાશ્રયમાં આવવા લાગ્યા.

વ્યાખ્યાન શ્રવણમાં રસ સાથે શ્રધ્ધા વૃધ્ધિ પામતાં તેઓએ આયંબિલ, ઉપવાસ આદિ તપશ્ચર્યાનો પણ પ્રારંભ કર્યો અને માસધરથી સંવત્સરી સુધીમાં **માસક્ષમણની મહાન તપશ્ચર્યા ખૂબજ અપ્રમત્તતા અને ઉલ્લાસપૂર્વક ચઢતા પરિણામે પરિપૂર્ણ કરી.** આવી વિશિષ્ટ તપશ્ચર્યામાં પણ તેઓ વ્યાખ્યાનમાં નિયમિત હાજરી આપતા હતા.

**ગઢડા સ્થાનકવાસી જૈનસંઘે સ્વતંત્ર રીતે તેમનું વિશેષ**

બહુમાન કરવા શોભાયાત્રા કાઢી અને સાર્વજનિક ધર્મસભામાં બહુમાન કર્યું.

મોહનભાઈના પત્નીએ પણ ધર્મપત્ની તરીકે પોતાના પતિના પગલે પગલે ૧૬ ઉપવાસ કર્યા.

આ રીતે વીતરાગ પ્રભુના ધર્મને પામેલા મોહનભાઇ ખૂબ જ ઉપયોગપૂર્વક સામાયિક-પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરી રહયા છે. અને શેષકાળમાં તેમજ ચાતુર્માસિમાં પ્રાયઃ મોટી તપશ્ચર્યા કરે છે. આયંબિલની ઓળીની પણ આરાધના કરે છે. જૈન સાધુ-સાધ્વી ભગવંતો પ્રત્યે અનન્ય શ્રધ્ધા ભક્તિ ધરાવે છે.

'આવો લોકોત્તર જૈન ધર્મ પામીને હવે પુદ્દગલમાં રાચવું નથી' એવી ભાવનાથી સજોડે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારી મોચીનો ધંધો બંધ કરી 'મહાવીર કિરાણા હાઉસ' નામની કરીયાણાની દુકાન ચલાવતાં મોહનભાઇ જૈનધર્મનું અનુમોદનીય રીતે પાલન કરી રહયા છે.

આ છે જૈનશાસનની અને સત્સંગની બલિહારી!

☐ ☐ ☐

## (૩૭)
## ત્રણેય ઉપધાન કરતા
## ધર્માજી ગાયકવાડ(મોચી)

કર્ણાટક રાજ્યમાં ધારવાડ જિલ્લામાં આવેલ લક્ષ્મણપુર ગામમાં મોચી કુળમાં જન્મેલા ધર્માજી ગાયકવાડ(ઉ.વ.૬૫ લગભગ) દશેક વર્ષ પહેલાં પ.પૂ. પ્રવર્તક શ્રી ધર્મગુપ્તવિજયજી મ.સા.ના સત્સંગથી જૈનધર્મ પામ્યા છે.

હાલ તેઓ રોજ જિનપૂજા, નવકારશી, ચોવિહાર તથા નવકાર મહામંત્રનો જાપ કરે છે. ભાવથી સામાયિક કરે છે.

તેમણે ત્રણે ઉપધાનની આરાધના કરી લીધી છે. ૬૮ એકાશણાપૂર્વક નવકાર મહામંત્રની સાધના કરી છે.

(૧)પૂના થી પાલિતાણા (૨)નીપાણીથી કુંભોજગિરિ તથા (૩) જૂનરથી પાબળ તીર્થ આ ત્રણ છ'રી પાલક સંઘોમાં યાત્રિક તરીકે જોડાઇને તેમણે તીર્થયાત્રાઓ પણ ભાવથી કરી છે !

❋ ❋ ❋

## (૩૮)
## સાધુ સેવાકારી શિવાભાઇ કોળી

ભાવનગરમાં દાદાસાહેબના ઉપાશ્રયમાં જ દિવસ-રાત રહેતા શિવાભાઇ કોળી (ઉ.વ.૬૦) ત્રીસેક વર્ષોથી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયઉદયસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.ના સત્સંગથી જૈન ધર્મ પામ્યા છે.

બિમાર કે વૃધ્ધ વિગેરે સાધુ ભગવંતોની દરેક પ્રકારની વૈયાવચ્ચ એવા સુંદર ભાવપૂર્વક કરે છે, કે તેના પ્રભાવે તેમની સુવાસ ચોમેર પ્રસરેલી છે. તેઓ મોટાભાગે એકાંતરા આયંબિલ કરે છે. રોજ જિનપૂજા કરે છે. નવરાશના સમયમાં નવકાર મહામંત્રની માળા તેમના હાથમાં ફરતી જ હોય. !...

શાસ્ત્રોમાં વૈયાવચ્ચને અપ્રતિપાતી ગુણ કહ્યો છે. અર્થાત્ અન્ય કેટલાક સદ્ગુણો નિમિત્તવશાત્ નાશ પણ પામી શકે છે પરંતુ વૈયાવચ્ચનો સદ્ગુણ જીવને અચૂક મોક્ષ પમાડીને જ રહે છે. મોક્ષ પર્યંત દરેક ભવમાં તેના સંસ્કાર સાથે રહે છે. પૂર્વભવમાં ૫૦૦ સાધુઓની સુંદર સેવા કરનાર બાહુ અને સુબાહુ મુનિ ભરત ચક્રવર્તી અને બાહુબલિ બનીને મોક્ષગામી બને છે. શિવાભાઇ પણ સુંદર સાધુ સેવા દ્વારા આવું વિશિષ્ટ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જિત કરી નિકટ મોક્ષગામી બને એ જ શુભ ભાવના.

◆ ◆ ◆

## (૩૯)
## મુસ્લિમ યુવાને પિતાનો વારસો જતો કર્યો પણ જૈન ધર્મ ન જ છોડયો

અમદાવાદમાં પાલડી વિસ્તારમાં રહેતા **મુસ્લિમ યુવાન સુલેમાનને** તેની સાથે નોકરી કરતી એક જૈન કન્યા(ગુણસંવત્સર જેવા મહાન તપના આરાધક એક મુનિરાજની સંસારી અવસ્થાની સુપુત્રી) **સાથેનો પરિચય થતાં** આખરે બંને જણાએ પ્રેમલગ્ન કરી લીધા.

આજથી લગભગ ૧૭ વર્ષ પહેલાં એ યુવાન ધર્મચક્રતપપ્રભાવક **પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રીજગવલ્લભવિજયજી ગણિવર્ય મ.સા.**ના પરિચયમાં આવ્યો.

મહારાજ સાહેબે તેને જૈન ધર્મનું સ્વરૂપ સમજાવ્યું તથા મુસ્લિમ ધર્મના કેટલાક સુપ્રસિધ્ધ શબ્દોનું જૈનધર્મની રીતે અર્થઘટન કરી બતાવ્યું. દા.ત.

**અલ્લા = જે કોઈની લા- લ્હાય - નિસાસો ન લે તે = જૈનસાધુ**
**અકબર = જેની કબર ન હોય અર્થાત જેનું કદી મૃત્યુ ન થાય તે =સિધ્ધ ભગવંતો**
**ખુદા = જે ખુદને જાણે તે = અરિહંત પરમાત્મા**

પરિણામે તે યુવાનને જૈન ધર્મ પ્રત્યે ભારે આદર ઉત્પન્ન થયો. પંન્યાસશ્રીની પ્રેરણાથી તેણે **માંસ, મદિરા, તથા કંદમૂળનો સદાને માટે ત્યાગ કર્યો. રોજ જિનમંદિરમાં પ્રભુદર્શન કરે છે અને રવિવારે બાજુના ગામમાં જઇ જિનપૂજા પણ કરે છે. નવકાર મહામંત્રનું ભાવપૂર્વક સ્મરણ કરે છે.**

તેના માતા-પિતાએ તેને 'જૈન ધર્મ છોડી દે નહિતર તને પિતાનો વારસો નહી મળી શકે' એવી રીતે સમજાવીને જૈન ધર્મ છોડાવવા પ્રયત્ન કર્યો ત્યારે તેણે **ગૌરવ અને ખુમારી સાથે કહી દીધું કે, 'મને પિતાનો વારસો નહિ મળે તો ચાલશે પરંતુ મહાભાગ્યોદયે મળેલ ચિંતામણિ રત્નથી પણ અધિક મહિમાવંત દયામય જૈન ધર્મ તો નહીં**

જ છોડું!...'

આખરે તે વારસાહક્ક જતો કરીને અલગ રહેવા લાગ્યો અને નામ પરિવર્તન કરી સુંદર રીતે જૈન ધર્મ પાળી રહેલ છે.

આ રીતે પ્રસિધ્ધ થવાની તેની ઈચ્છા ન હોવાથી તેના નૂતન નામ - ઠામ અત્રે પ્રકાશિત કરેલ નથી.

રાત-દિવસ રૂપિયા પાછળની આંધળી દોટના કારણે જન્મથી પ્રાપ્ત થયેલ જિનશાસનની અણમોલ આરાધનાની ઉપેક્ષા કરનારા તથા વારસાહક્કને ખાતર સગાભાઈ કે પિતાની સામે કોર્ટમાં કેસ માંડનારા આત્માઓ આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવીને મહાપુણ્યોદયે મળેલા જિનશાસનના મહિમાને સમજીને આરાધતા થાય તો કેવું સારું! પ્રભુકૃપાએ સહુને તેવી સન્મતિ પ્રાપ્ત થાઓ એવી હાર્દિક શુભાભિલાષા.

卐 卐 卐

## (૪૦)
## ઓળી તથા ઉપધાનની આરાધના કરતો ખાટકી (કસાઇ) યુવાન નબી

શાસનપ્રભાવક **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. મદ્રાસમાં પધાર્યા.** તે વખતે મૂળ રાજસ્થાનના વતની પરંતુ મદ્રાસમાં રહેતા એક ખાટકીનો યુવાન પુત્ર નબી પૂજ્યશ્રીના પરિચયમાં આવ્યો. સત્સંગના પ્રભાવે પૂર્વજન્મના સુષુપ્ત સંસ્કાર જાગ્રત થયા. તેને જૈન ધર્મ પ્રત્યે ખૂબજ આકર્ષણ થયું.અનુક્રમે તેણે આચાર્ય ભગવંતની પુનિત નિશ્રામાં ૯ દિવસ આયંબિલપૂર્વક નવપદજીની ઓળીની સુંદર આરાધના કરી. ત્યારબાદ તેણે ઉપધાન તપની આરાધના પણ ચઢતા પરિણામે કરી. મદ્રાસ જૈન સંઘે તેનું સુંદર રીતે બહુમાન કર્યું.

આજે જૈનકુળમાં જન્મેલા એવા કેટલાય આત્માઓ હશે જેમણે ૪૦-૫૦ વર્ષની ઉંમર થવા છતાં જિંદગીમાં કદાચ એકેય આયંબિલ નહિ કર્યું હોય અથવા એક વાર પણ નવપદજીની ઓળી નહિ કરી હોય.

એવા આત્માઓએ આ ખાટકી યુવાન નબીના દૃષ્ટાંતમાથી પ્રેરણા મેળવીને આયંબિલ આદિ તપશ્ચર્યા માટે પુરૂષાર્થ કરવા જેવો છે.

(૪૧)

## સચિત્ત પાણી પણ નહિ પીતા

## રામકુમાર કૈવટ(ખલાસી)

બિહાર રાજ્યમાં અરટિયા જિલ્લાના મધુબની ગામ (પો. અમ્હારા, વાયા. ફારસીગંજ)માં રહેતા રામકુમાર કૈવટ જાતિમાં જન્મ પામ્યા હોવાથી તેમના પરિવારમાં માંસાહાર આદિ સ્વાભાવિક રીતે થતું હતું. પરંતુ ફારસીગંજમાં ચાતુર્માસ બિરાજમાન **સ્વ. સુમેરમુનિજી તથા વિનોદમુનિજીના** સંપર્કમાં પ્રસંગોપાત આવવાનું થતાં તેઓશ્રીના સદુપદેશથી માંસ-મદિરા આદિ સાત મહાવ્યસનોના ત્યાગની પ્રતિજ્ઞા લીધી. એટલુંજ નહિ પરંતુ પોતાના પરિવારમાં પણ માંસાહાર સર્વથા બંધ કરાવી દીધો.

ત્યારબાદ દશેક વર્ષથી બિહાર, બંગાળ, આસામ, ઓરીસા, મધ્યપ્રદેશ, તથા મહારાષ્ટ્રમાં ઉપરોક્ત મુનિવરો તથા તેમના ગુરૂભાઈઓની સાથે રહીને સેવાનો લાભ લે છે. પરિણામે બને ત્યાં સુધી **સચિત્ત(કાચું) પાણી પણ વાપરતા નથી. રાત્રિભોજન કરતા નથી. દરરોજ સામાયિક કરે છે તથા નવકાર મહામંત્રની માળા ગણે છે.** મુનિવરોની સેવા કરતાં કરતાં તેમણે સારું એવું ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. ઉપવાસ, અઠ્ઠમ તથા **અઠ્ઠાઈ સુધીની તપશ્ચર્યા** પણ કરી છે. સાધુ સંતોની સેવા ખૂબ જ ભાવથી કરે છે.

ખરેખર સત્સંગ રૂપી પારસમણિ કથીરને પણ કંચન બનાવે છે.

આવા જીવોના વૃત્તાંતમાંથી પ્રેરણા પામીને સહુ જીવો સત્સંગપ્રેમી બનો એ જ શુભાભિલાષા.

## (૪૨)
## પાચં તિથિ કપડાં નહિ ધોનાર ધોબી રામજીભાઇ

અમદાવાદ જિલ્લામાં આવલ કોંઠ ગામ(તા.ધોળકા)માં સં.૧૯૯૩માં **પ.પૂ.આ.ભ.શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.**નું ચાતુર્માસ થયું. ત્યારે ત્યાં કપડા ધોવાનો વ્યવસાય કરતા એક ધોબી ભાઇએ **પૂજ્યશ્રીની પ્રેરણાથી મહિનામાં પાંચ તિથિ કપડાં ન ધોવાનો નિયમ સ્વીકાર્યો. તેમના સુપુત્ર રામજીભાઈ તથા પૌત્રો આજે પણ આ નિયમ પાળી રહ્યા છે.**

[ પર્યુષણની અઠ્ઠાઈમાં પણ એકાદ દિવસ પોતાનો આરંભ સમારંભનો વ્યવસાય બંધ નહિ રાખી શકતા આત્માઓએ આ રામજીભાઇ ધોબીના પરિવાર પાસેથી ખાસ પ્રેરણા લેવા જેવી છે.!..]

તેમના ઘરમાં આજે પણ કંદમૂળ તેમજ અન્ય મોટા અભક્ષ્યો કોઇ વાપરતા નથી!..

જૈન ધર્મ પ્રત્યે તેઓને ખૂબજ સદ્ભાવ છે. કોઈ પણ મુનિ-ભગવંતોના વ્યાખ્યાન હોય તો તેઓ અચૂક સાંભળે છે.

આ જ કોંઠ ગામમાં ખેંગારભાઇ દરબારે પણ **પ.પૂ.આ.ભ.શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી વ્રત નિયમો સ્વીકારેલ.**

卐 卐 卐

## (૪૩)
## શ્રાવકોના સત્સંગથી કબીરપંથી વણકર
# શ્રી બાબુલાલભાઇનું જીવન પરિવર્તન

**મધ્યપ્રદેશના કુક્ષી ગામમાં** (મુખર્જી માર્ગ, વોર્ડ નં. ૧૨, રામદેવ ગલી, જિ. ધાર, પીન : ૪૫૪૩૩૧) રહેતા શ્રીબાબુલાલભાઇ જવરચંદજી(ઉ. વ. ૭૫)નો જન્મ વણકર જ્ઞાતિમાં થયો છે. તેઓ કુલપરંપરાથી કબીરપંથી છે.પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી તેઓ સુશ્રાવક શ્રી ખેમચંદજી તથા તેમના પુત્ર મણિલાલભાઈ તથા પૌત્ર મનોહરલાલભાઈ એડવોકેટના નિકટના પરિચયમાં આવ્યા છે. આ આખોય પરિવાર જૈન ધર્મના રંગથી સારી રીતે રંગાયેલ છે. પરિણામે તેમના સત્સંગની ખૂબજ સુંદર અસર બાબુલાલભાઈ ઉપર થઈ છે. તેની ફલશ્રુતિ સ્વરૂપે તેઓ રોજ દેરાસરમાં જઈને પ્રભુદર્શન કરે છે. રાત્રે ચોવિહારનું પચ્ચક્ખાણ કરે છે. તથા નિયમિત રીતે નવકાર મહામંત્રની માળા ગણવાનો નિયમ લઈ લીધેલ છે.

**આઠેક વર્ષ પહેલાં પ.પૂ.આ. ભગવંત શ્રીમદ્ જયંતસેનસૂરીશ્વરજી મ.સા.** વિહાર કરતાં કરતાં અનુક્રમે કુક્ષી ગામમાં પધાર્યા ત્યારે બાબુલાલભાઈએ અંત:પ્રેરણાથી અનેક લોકોની ઉપસ્થિતિમાં પ.પૂ. આચાર્ય ભગવંત પાસે જિંદગીમાં કદીપણ મદ્યપાન ન કરવાની પ્રતિજ્ઞા લઈ લીધી. એમના પરિવારમાં પણ કોઈ મદ્યપાન કરતું નથી.

પર્યુષણ પર્વ આદિ દિવસોમાં તેઓ નિયમિત વ્યાખ્યાન શ્રવણ કરે છે. અને યથાશક્તિ વ્રત પચ્ચક્ખાણનું પાલન કરે છે.

શાસ્ત્રોમાં ચતુર્વિધ શ્રીસંઘને જંગમતીર્થની ઉપમા આપવામાં આવી છે. સંસાર સાગરથી તારે તે તીર્થ. ચતુર્વિધ સંઘમાં શ્રાવક - શ્રાવિકાઓનો પણ સમાવેશ થાય છે. એટલે જેઓ તત્ત્વત્રયીની ઉપાસના અને રત્નત્રયીની આરાધના દ્વારા પોતે તરે અને પોતાના સંપર્કમાં આવનાર જીવોને તારવામાં નિમિત્તભૂત બને એવા શ્રાવક - શ્રાવિકાઓનો સમાવેશ તીર્થ સ્વરૂપ ચતુર્વિધ સંઘમાં થાય છે. પ્રસ્તુત દૃષ્ટાંતમાં સુશ્રાવક શ્રી ખેમચંદજી તથા તેમના પુત્ર-પૌત્રોના સત્સંગથી એક વણકરના

જીવનમાં શુભ પરિવર્તન આવ્યું, તેમ દરેક શ્રાવક - શ્રાવિકાઓએ પોતાનું જીવન એવું બનાવવું જોઇએ કે જેથી પોતે તરીને બીજાને તારી શકે. છેવટે પોતાના ઘરના સભ્યોને તો અચૂક તારી શકે. તે માટે પ્રથમ પોતે ચુસ્તપણે જિનાજ્ઞાના પાલક બનવું જોઇએ. ખેમચંદભાઇ સપરિવારનું દૃષ્ટાંત સહુને માટે પ્રેરણા રૂપ બનો એ જ શુભેચ્છા.

## (૪૪)
## જીવદયા ખાતર કુલપરંપરાગત ધંધો બદલનાર ગણપતભાઇ પંચાલ

સં.૨૦૩૫માં વર્ધમાન તપોનિધિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયભુવનભાનુ સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય **પ.પૂ.આ.ભ.શ્રી વિજયજગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.**નું ચાતુર્માસ તેઓશ્રીની જન્મભૂમિ મહેસાણા જિલ્લાના ખેરાળુ તાલુકાના **કરબટિયા ગામમાં થયું**. ત્યારે એ ગામમાં ફલોરમીલ (અનાજ દળવાની ઘંટી) તથા લુહારનો ધંધો કરતા ગણપતભાઇ પંચાલ (ઉ.વ.૫૦) ને તેમના સત્સંગ રૂપી પારસમણિનો પાવન સ્પર્શ થતાં જ **જીવદયાની દૃષ્ટિએ એ બંને ધંધા બંધ કરીને દૂધ - દહીંનો વ્યવસાય શરૂ કરી દીધો!...[જૈનકુળમાં જન્મીને પણ રોજ અસંખ્ય કે અનંત સ્થાવર તથા ત્રસ જીવોની હિંસા થતી હોય તેવા ૧૫ પ્રકારના કર્માદાનના ધંધાઓમાંથી કોઇને કોઇ પ્રકારના વ્યવસાય કરી રહેલ સુશ્રાવકો આમાંથી પ્રેરણા લે તો સારું.]**

ઉત્તરોત્તર ધર્મરૂચિ વૃધ્ધિ પામતાં તેઓશ્રી નિયમિત જિનાલયમાં ગભારાનું શુધ્ધિકરણ તેમજ પક્ષાલ તથા સ્વદ્રવ્યથી અષ્ટ પ્રકારી પૂજા કરે છે.

અવારનવાર આયંબિલ, ઉપવાસ આદિ તપશ્ચર્યા કરે છે.

**અઠ્ઠાઈ તેમજ ઉપધાન પણ કરી લીધેલ છે.!..**મસ્તકના વાળનો લોચ પણ કરાવે છે.

**તેમની સુપુત્રીએ પાંચ પ્રતિક્રમણ કંઠસ્થ કરી લીધા છે તથા દીક્ષા લેવાની ભાવના ધરાવે છે.**

ટી.વી. વિડિયોના આ યુગમાં જૈનકુળમાં જન્મેલા સંતાનોને પણ તેમના મા-બાપોને પાઠશાળાએ જતા કરવામાં કે પ્રતિક્રમણાદિ શીખવાડતાં કદાચ નાકે દમ આવી જતો હોય છે. એવા કાળમાં લુહાર જ્ઞાતિના ગણપતભાઈએ પોતાની સુપુત્રીને પાંચ પ્રતિક્રમણ સુધીનો ધાર્મિક અભ્યાસ કરાવ્રાવીને ખરેખર અત્યંત ઉમદા આદર્શ પૂરો પાડયો છે.
**તેમના પરિવારમાં નીચે મુજબના દરેક સભ્યો એ અઠ્ઠાઈ તપ વિગેરે કરેલ છે.**

**(૧) ચંચલબેન નારાયણદાસ પંચાલ(૧૬ ઉપવાસ, ૬૪ પ્રહરીપૌષધ, વીશસ્થાનક વર્ધમાન તપ વિગેરે**
**(૨) સરોજબેન નારાયણદાસ પંચાલ (૩) ગણપતભાઈ નારાયણદાસ પંચાલ (૪) રમીલાબેન નારાયણદાસ પંચાલ (૫) મનીષાબેન ગણપતભાઈ પંચાલ (૬) કૈલાસબેન ગણપતભાઈ પંચાલ**

卐 卐 卐

## (૪૫)
## છ'રીપાલક સંઘના સંઘપતિ બનતા
## કાંતિલાલભાઇ એન. પીઠવા(લુહાર)

**સુરેન્દ્રનગરમાં એટલાસ એન્જિનીયરીંગ કું.ના માલિક કાંતિલાલભાઈ એન. પીઠવા જાતે પંચાલ એટલે કે લુહાર છે.**

પરંતુ કેટલાક વર્ષો પહેલાં **અધ્યાત્મમૂર્તિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા.**ના પરિચય અને સત્સંગથી જૈન ધર્મ પામ્યા. પૂજ્યશ્રીએ સ્વહસ્તે તેમને નવકાર-મહામંત્ર લખી આપેલ. આજે પણ તેઓ નિયમિત નવકારવાળી ગણે છે. પર્વ દિવસોમાં જિનપૂજા કરે છે. તેમને જિનવાણી શ્રવણ કરવાનો અનેરો રસ છે. દર વર્ષે ધર્મકાર્યોમાં સારી રકમનો સદ્વ્યય કરે છે.

**પંદરેક વર્ષ પહેલાં પ.પૂ.પં.શ્રીદાનવિજયજી ગણિવર્ય મ.સા.ની નિશ્રામાં સુરેન્દ્રનગરથી શંખેશ્વરજી તીર્થનો છ'રી પાળતો સંઘ નીકળેલ ત્યારે કાંતિલાલભાઈએ તેમાં સંઘપતિ બનવાનો લાભ લીધેલ.**

તેમણે અત્યાર સુધીમાં પાલિતાણા, ગિરનાર, શંખેશ્વર, મહેસાણાની પંચતીર્થી વિગેરે અનેક જૈનતીર્થોની યાત્રા ભાવપૂર્વક કરી છે.

## (૪૬)
## જિનબિંબ ભરાવનાર
## પ્રજાપતિ ભાણજીભાઇ

સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લાના **થાનગઢમાં** વાસુકી પ્લોટમાં રહેતા પ્રજાપતિ ભાણજીભાઇ ( ઉ.વ.૭૦) સં.૨૦૩૪ **પૂ.પં શ્રી ભદ્રશીલવિજયજી મ.સા.**ના ચાતુર્માસમાં સત્સંગથી જૈન ધર્મ પામ્યા. ઉત્તરોત્તર સત્સંગનો રંગ વૃધ્ધિ પામતો ગયો. પરિણામે તેઓ **નિયમિત જિનપૂજા કરે છે.!**

સમેતશિખર - પાલિતાણા વિગેરે **અનેક તીર્થોની તેમણે યાત્રા કરી છે.**

બોરીવલીમાં ચંદાવરકર લેનના દેરાસરમાં પ.પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય-રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં **પંચધાતુના જિનબિંબ ભરાવેલ છે.**

સાધુ-સાધ્વીજી ભગવંતોની **સુંદર વૈયાવચ્ચ કરે છે.** પ્રાયઃ દર વર્ષે ચૈત્ર તથા આસો મહિનામાં નવપદજીની **શાશ્વતી ઓળીની આરાધના આયંબિલપૂર્વક તેઓ અચૂક કરે છે.**

પોતાની **છેલ્લી જિંદગી પાલિતાણામાં** આદીશ્વર દાદાની ભક્તિ તથા સાધુ-સાધ્વી ભગવંતોની વૈયાવચ્ચ કરવામાં વીતાવવાની તેમની ભાવના છે.

તેમના સ્વર્ગસ્થ ભાઈએ પણ અપંગ હોવા છતાં માસક્ષમણ કરેલ. તેમનામાં પણ ધર્મશ્રધ્ધા ખૂબજ અનુમોદનીય હતી.

## (૪૭)
## દર વર્ષે પચીસેક બાળકોને જૈનતીર્થોની યાત્રા કરાવતા
## દિલીપભાઇ બી. માલવીયા (સુથાર)

પિંડવાડા (વેલાજી સ્ટ્રીટ જિ. શિરોહી, રાજસ્થાન)માં રહેતા દિલીપભાઇ માલવીયા જાતે સુથાર છે. વર્ધમાન તપની ૧૧૫(૧૦૦+૧૫) ઓળીના આરાધક **પ.પૂ.પં.શ્રી કનકસુંદરવિજયજી ગણિવર્ય મ.સા.ના** સત્સંગથી ચા બીડી-તમાકુ આદિ વ્યસનોને તિલાંજલિ આપી મહિનામાં પાંચ તિથિ કે તેથી

પણ વધુ આયંબિલ કરે છે. કંદમૂળ ભક્ષણ તેમજ રાત્રિભોજન પ્રાયઃ કરતા નથી. વ્યાખ્યાન શ્રવણ આદિ આરાધના કરે છે. તેઓ અંગ્રેજીમાં બાળવર્ગો ચલાવે છે તથા **દર વર્ષે પચીસેક બાળકોને પાલિતાણા, રાણકપુર આદિ વિવિધ જૈન તીર્થોની યાત્રાઓ પોતાના ખર્ચે કરાવે છે.!..**

સુથાર જ્ઞાતિમાં જન્મેલા દિલીપભાઈ જો આવી રીતે બાળકોને જૈન તીર્થયાત્રા કરાવતા હોય તો સાધનસંપન્ન સુશ્રાવકોએ આમાંથી પ્રેરણા મેળવી આવા આયોજનો ગોઠવવા યોગ્ય છે. દિલીપભાઈને હાર્દિક ધન્યવાદ!

## (૪૮)
## વિરોધ થવા છતાં રોજ પ્રભુદર્શન તથા પૂજા કરતા રીજુમલજી નથમલજી ખત્રી-પોલીસ

બાડમેર (આઝાદ ચોક, રાજસ્થાન પીનઃ ૩૪૪૦૦૧)માં પોલીસ તરીકેની ડયુટી બજાવતા રીજુમલજી ખત્રી (ઉ.વ.૫૬) ના જીવનમાં આજથી ૧૮ વર્ષ પહેલાં માંસ-મદિરા-બીડી-તમાકુ વિગેર વ્યસનો હતા પરંતુ **ખરતરગચ્છીય પૂ. મુનિશ્રી વિમલસાગરજી મ.સા.ના વ્યાખ્યાનશ્રવણ તથા સત્સંગથી એમના જીવનનો રાહ બદલાયો.** તેમણે ઉપરોક્ત બધા જ વ્યસનોનો સંપૂર્ણ ત્યાગ કર્યો! એટલુંજ નહિ પરંતુ રોજ દેરાસરમાં જઈને પ્રભુદર્શન તથા પૂજા કરવાનું પણ ચાલુ કરી દીધું. ધર્મપ્રભાવે તેમની આર્થિક પરિસ્થિતિમાં પણ સુધારો થવા લાગ્યો.

પરંતુ તે સમયે બાડમેરમાં જૈનેત્તર થઈને જૈન દેરાસરમાં દર્શન કરનાર ખાસ કોઈ ન હતું. જેથી તેમને **ઘરમાં તથા સમાજમાં ભારે વિરોધનો સામનો કરવો પડયો. ખુદ તેમના પત્નીએ પણ આપઘાત કરવાની ધમકી આપી તેમ છતાં રીજુમલજી ધર્મશ્રધ્ધાથી ચલિત ન થયા.** આખરે દૃઢ શ્રધ્ધા આગળ સહુને નમતું જોખવું પડયું. 'यतो धर्मस्ततो जयः' મહાભારતના પાત્ર માતા ગાંધારી દ્વારા દુર્યોધનને ઉદ્દેશીને કહેવાયેલા આ શબ્દો મુજબ તેમની ધર્મશ્રધ્ધાનો વિજય થયો. આજે પણ પોલિસ તરીકેની ડયુટીની સાથે સાથે પ્રભુદર્શન તથા પૂજા કરવાનો તેમનો નિયમ બરાબર જાળવી રહ્યા છે. **અચલગચ્છીય મુનિરાજશ્રી મલયસાગરજીની** પ્રેરણાથી તેમની ધર્મભાવના સવિશેષ દૃઢતર

બની છે.

ખરેખર જૈનેતર કુળમાં જન્મવા છતાં વિરોધના વાતાવરણ વચ્ચે પણ મક્કમતાપૂર્વક પ્રભુદર્શન તથા પૂજાનો નિયમ જાળવનાર રીજુમલજીનું દૃષ્ટાંત અનુમોદનીય તથા અનુકરણીય છે!

✦ ✦ ✦

## (૪૯)
## પ્રભુદર્શન માટે દર રવિવારે જૂનાગઢ જતા ભરવાડ ખેમાભાઇ રમાભાઇ

સં.૨૦૪૫માં ગુજરાતમાં ભોયણી તીર્થ પાસે આવેલ **કટોસણ તીર્થમાં** દીક્ષાપ્રદાનનિમિત્તે માલવભૂષણ, મહાતપસ્વી, **પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ.સા.**ની પધરામણી થઇ.

સંઘના આગેવાન શ્રાવક સાથે ભરવાડ ખેમાભાઇ પણ પ્રસંગોપાત ઉપાશ્રયમાં આવ્યા. તપસ્વી આચાર્ય ભગવંતની સૌમ્ય અને સુપ્રસન્ન મુખમુદ્રા, કરુણા અને વાત્સલ્ય વરસાવતાં નેત્રોએ ખેમાભાઇ પર ગજબનું કામણ કર્યું તેઓ તેમના અનન્ય ભક્ત બની ગયા.

ઉપરોક્ત સત્સંગ અને પ્રેરણાની ફલશ્રુતિ સ્વરૂપે ખેમાભાઇ રોજ નવકારશી તથા ચોવિહાર અને નવકાર મહામંત્રનો જાપ કરે છે. રોજ દેરાસરમાં જઇને પ્રભુદર્શન કરે છે. માંસ મદિરા આદિ સાતેય મહા-વ્યસનોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કર્યો છે.

**દૂધની ડેરીમાં સરકારી નોકરી કરતા ખેમાભાઇની બદલી જૂનાગઢ પાસે મેંદરડા ગામે થઇ છે. જ્યાં જિનાલય ન હોવાથી દર રવિવારે જૂનાગઢ જઇને પ્રભુદર્શન અચૂક કરે છે.**

સં.૨૦૫૦માં પોતાના ઉપકારી આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં અમદાવાદથી પાલિતાણાનો છ'રી પાળતો સંઘ નીકળ્યો ત્યારે **સંઘના ૧૫૦ જેટલા યાત્રિકો વિગેરેની ચાર દિવસ સુધી રોજ દૂધની ભક્તિ ખેમાભાઇએ કરી.**

તેમની કુળપરંપરા પ્રમાણે પુત્રના પ્રથમ મુંડન પ્રસંગે (માંગ ઊતરાવતી વખતે) કુકડાની કલગીનું બલિદાન આપવાની પ્રથા હતી. પરંતુ સત્સંગ દ્વારા

જીવદયા પ્રેમી બનેલા ખેમાભાઈએ પોતાના પુત્રની માંગ ઊતરાવતી વખતે અનેક જણાનો વિરોધ હોવા છતાં, હિંમત કરીને આ પ્રથા બંધ કરી. **તેમણે જ્ઞાતિજનોને સ્પષ્ટ કહ્યું કે, 'મા તો દયાળુ હોય. તેને આવા બલિદાનની જરૂર ન હોય'** .... ઈત્યાદિ

છેવટે કુળદેવીએ કોઈના શરીરમાં પ્રવેશ કરીને ખેમાભાઈની દયાળુતા જોઈને કહ્યું કે 'તમે નાળિયેર ચડાવશો તો પણ ચાલશે.' આની ફલશ્રુતિ સ્વરૂપે તેમની જ્ઞાતિના ૭૦ પરિવારોમાં આ ઘાતકી પ્રથા બંધ થઈ! જીવદયા પ્રેમી ખેમાભાઈને કોટિ કોટિ ધન્યવાદ!.....

## (૫૦)
## પ્રભુદર્શન વિના પાણીનું ટીપું પણ નહિ પીતા બિપીનભાઇ ભૂલાભાઇ પટેલ

શાસનપ્રભાવક, યુવાપ્રતિબોધક **પ.પૂ. પંન્યાસપ્રવર શ્રીચંદ્રશેખરવિજયજી મ.સા.ના બારડોલીમાં થયેલ ભવ્યાતિભવ્ય ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીના પ્રેરક પ્રવચનોથી** "Turning Point of the life " **જીવન પરિવર્તનને પામેલા બારડોલી (જિ.સુરત, પીન ૩૯૪૬૦૧ )ના બિપીનભાઈ પટેલ (ઉ.વ.૩૮) જન્મે અજૈન હોવા છતાં છેલ્લા ૧૧ વર્ષથી ચાતુર્માસમાં રોજ એકાશણાના પચ્ચક્ખાણ કરે છે.**

શેષકાળમાં પણ દરરોજ નવકારશી તથા ચોવિહાર પચ્ચક્ખાણ કરે છે.

કંદમૂળનો યાવજ્જીવ ત્યાગ કર્યો છે. વર્ધમાન આયંબિલ તપની ૧૦ ઓળી પૂરી કરેલ છે. દર વર્ષે નવપદજીની બંને ઓળી એક ધાન્યથી અને એક જ દ્રવ્યથી કરે છે.

**દરરોજ શ્રીજિનેશ્વર પ્રભુના દર્શન કર્યા વિના મોઢામાં અન્ન નો દાણો કે પાણીનું ટીપું પણ ન નાખવાની તેમની ટેક છે.** [નજીકમાં જિનમંદિર હોવા છતાં નિયમિત પ્રભુદર્શન કરવાની ઉપેક્ષા સેવતા શ્રાવક - શ્રાવિકાઓએ આમાંથી ખાસ પ્રેરણા લેવા જેવી છે.]

સં.૨૦૪૯માં પ્રખરપ્રવચનકાર **પૂ.પં. શ્રી રત્નસુંદરવિજયજી મ.સા.**ના બારડોલીમાં ચાતુર્માસ દરમ્યાન ચાલુ એકાશણાના તપમાં પર્યુષણ દરમ્યાન અઠ્ઠાઈ કરી અને પારણામાં પણ એકાશણું જ કરેલ! નવકાર તથા ગુરુવંદન આદિના સૂત્રો કંઠસ્થ કરી લીધા છે. દરરોજ નવકાર મહામંત્રની બે બાંધી નવકારવાળીનો જાપ નિયમિત કરે છે.

જીવનમાં ધર્મમાર્ગે હજી ઘણા જ આગળ વધવાની તેમની પ્રબળ ભાવના છે. અને તેથી જ બારડોલીમાં ચાતુર્માસ પધારતા કોઈપણ મહાત્માના શ્રીમુખે થી જિનવાણીનું શ્રવણ તેઓ કદી ચૂકતા નથી!..

## (૫૧)
## માસક્ષમણ આદિ કરનાર સુખાભાઇ પટેલ

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં આવેલ **ધોલેરા ગામમાં** જૈન દેરાસરમાં ૪૦ વર્ષ પૂર્વે મદદનીશ પૂજારી તરીકે કાર્ય કરતા સુખાભાઈ પટેલ (ઉ.વ. ૭૫) ને સાધુ ભગવંતોના સત્સંગથી જૈન ધર્મ તરફ આકર્ષણ થયું અને તેની ફલશ્રુતિ સ્વરૂપે તેમણે **એક માસક્ષમણ, એક સોળભત્તું તથા ત્રણ અઠ્ઠાઈની તપશ્ચર્યા કરેલ છે.!...**

સ્વ.પૂ. ચતુરમુનિ મ.સા.ના દીર્ઘ સાંનિધ્યના પરિણામે તેમણે **ચારિત્રના પંથે પુનિત પ્રસ્થાન કરવાની પૂરી તૈયારી કરી લીધી હતી** પરંતુ કોઈ અંતરાય કર્મના ઉદયથી તે શક્ય ન બન્યું .

હાલ તેઓ ધોલેરામાં જૈન સ્થાનકમાં સેવા આપતાં ધર્મમય જીવન જીવી રહ્યા છે.

ચારિત્રના પંથે પ્રયાણ કરવાની તેમની ભાવના આવતા ભવે શીઘ્ર પરિપૂર્ણ થાય તેવી શાસનદેવને પ્રાર્થના.

♣ ♣ ♣

## (૫૨)
## સાધુસેવા તથા સામાયિક કરતા વિજયભાઇ દરબાર

ખંભ તથી પાલિતાણાના વિહાર માર્ગમાં આવતા **પીપળી ગામ (તા. ધંધુકા. જિ. અમદાવાદ)** માં રહેતા વિજયભાઇ દરબાર (ઉં.વ. ૫૫) વિહારમાં પીપળી પધારતા જૈન સાધુ સાધ્વીજી ભગવંતોની ગોચરી - પાણી આદિની વ્યવસ્થા ખૂબ જ ભાવપૂર્વક કરે છે. ઘણી વખત સાધુ ભગવંતો સાથે પાદવિહાર કરીને પીપળીની બંને બાજુના ગામ સુધી જાય છે. સત્સંગના પરિણામે તેમણે સામયિક વિધિના સૂત્રોનો અભ્યાસ કરી લીધો છે. અને સામાયિક લઇને ધાર્મિક વાંચન કરતા રહે છે. ચાતુર્માસ દરમ્યાન પોતાના પૂર્વ પરિચિત મુનિ ભગવંતો જ્યાં હોય ત્યાં વંદનાર્થે જાય અને તેમની નિશ્રામાં કેટલોક સમય રહીને ઉપવાસ - આયંબિલ આદિ તપશ્ચર્યા પણ કરે છે.

◆ ◆ ◆

## (૫૩)
## સાધુ સેવાકારી
## શ્રી ઘનશ્યામસિંહ ડૉક્ટર

ખંભાતથી પાલિતાણાના વિહારમાર્ગમાં આવતા **હેબતપુર ગામ(જિ.અમદાવાદ)** માં એક પણ જૈન ઘર ન હોવા છતાં ત્યાંના વતની શ્રી ઘનશ્યામસિંહ ડૉક્ટર(ઉં.વ. ૫૧) ત્યાં પધારતા દરેક સાધુ - સાધ્વીજી ભગવંતોની સુંદર વૈયાવચ્ચ કરે છે.

આ રસ્તેથી પસાર થતા છ'રી પાલક યાત્રા સંઘ માટે પણ આગળ પાછળના મુકામની સુવિધા ગોઠવવામાં તેઓશ્રી ખૂબ જ સુંદર સહયોગ આપે છે. તેઓશ્રીના આવા સત્કાર્યોની હાર્દિક અનુમોદના.

**ઉપરોક્ત ત્રણેય દૃષ્ટાંતોના મુખ્ય પાત્રો (૧) સુખાભાઇ (૨) વિજયભાઇ તથા (૩) ઘનશ્યામસિંહભાઇનું શ્રી ધોલેરા શ્વે.મૂ.જૈન સંઘે જાહેરમાં બહુમાન કરેલ તે બદલ શ્રીધોલેરા સંઘને પણ હાર્દિક ધન્યવાદ. આમાંથી અન્ય સંઘો પણ પ્રેરણા લેશે અને આવા ઉમદા સત્કાર્યો**

કરનાર આત્માઓની ઉપબૃહંણા કરી પ્રોત્સાહિત કરશે તો તે આરાધકોના જીવનમાં વધુને વધુ સત્કાર્યો કરવાનો ઉલ્લાસ જાગશે તથા સંઘોને પણ ઘણા લાભ થશે.

## (૫૪)
## ૨ કલાક ઊભા ઊભા નવકાર જપતા જસભાઇ પટેલ

**નડીયાદમાં** શિવનગર સોસાયટીમાં રહેતા જસભાઇ પટેલ (ઉ.વ. ૬૦ લગભગ) **સત્સંગથી** જૈન ધર્મ પામ્યા છે અને **ઘણા વર્ષોથી** દરરોજ નિયમિત **પણે સવાર સાંજ એક - એક કલાક દેરાસરમાં પ્રભુ સન્મુખ ઊભા ઊભા અત્યંત એકાગ્રતાથી નવકાર મહામંત્રનો જાપ તથા જિનભક્તિ કરે છે.!..**

જાપ દરમ્યાન આંખ કે મન ક્યાંય ભાગે નહિ એવી તેમની એકાગ્રતા સવિશેષ અનુમોદનીય છે. તેમણે અઠ્ઠાઇ વિગેરે ઘણી તપશ્ચર્યા કરી છે તથા પાલિતાણા વિગેરે ઘણા તીર્થોની યાત્રા પણ કરી છે.

## (૫૫)
## જમાઇને પણ રાત્રિભોજન નહિ કરાવનાર મોતિલાલજી ગણપતજી પાટીદાર

**મધ્યપ્રદેશમાં** બડવાહ ગામ(જિ. ખરગોન)માં રહેતા મોતીલાલજી(ઉ.વ.૬૮) પાટીદાર કોમમાં જન્મેલા છે અને કપાસના વેપારી છે. પરંતુ જૈન મુનિવરોના સત્સંગથી ઘણા વર્ષોથી તેમનો સંપૂર્ણ પરિવાર ચુસ્ત રીતે જૈન ધર્મ પાળે છે.

**તેમના સંપૂર્ણ પરિવારમાં રાત્રિભોજન કોઇ પણ કરતા નથી એટલુંજ નહિ પરંતુ કોઇપણ મહેમાન (પછી તે જમાઇરાજ કેમ ન હોય!) આવે તો પણ તેમને રાત્રિભોજન કરાવતા નથી.!...**

[આજે શહેરી જીવનશૈલીમાં જૈન કુળમાં જન્મેલા પણ ઘણા આત્માઓ

રાત્રિભોજન ત્યાગી શકતા નથી. સંપૂર્ણ પરિવારમાં રાત્રિભોજન બંધ હોય તેવા બહુ ઓછા પરિવાર હોય છે. ત્યારે જૈનેતર પરિવારમાં રાત્રિ ભોજન કરણ - કરાવણ કોટિએ ચુસ્તપણે બંધ હોય એવું આ દષ્ટાંત અત્યંત અનુમોદનીય તથા અનુકરણીય છે.]

તેઓ ગાળેલું પાણી જ વાપરે છે. અન્ય ખાદ્ય સામગ્રીનો પણ જીવોત્પત્તિ ન થાય તે રીતે ખૂબ જ યતનાપૂર્વક ઉપયોગ કરે છે. સાધુ-સાધ્વી ભગવંતોને ભાવથી વહોરાવીને સુપાત્રદાનનો લાભ લેતા રહે છે.

**હાલમાં મોતીલાલજીને પૂર્વકર્મસંયોગે લકવાની અસર થયેલ હોવા છતાં પણ નિયમિત પગે ચાલીને વ્યાખ્યાન સાંભળવા અચૂક જાય છે.** જિનવાણી શ્રવણનો કેવો અનુમોદનીય રસ છે.!

સંપૂર્ણ પરિવારને હાર્દિક ધન્યવાદ.

## (૫૬)
## પ્રજ્ઞાચક્ષુ જ્યોતિપ્રસાદ અગ્રવાલ(વૈષ્ણવ)

શ્રી જ્યોતિપ્રસાદ અગ્રવાલ(ઉ.વ. ૫૨) ને અશાતા કર્મના ઉદયથી નાનપણથીજ **નેત્રજ્યોતિ ચાલી ગઈ. પ્રજ્ઞાચક્ષુ બની ગયા તોપણ લગની પુરુષાર્થ અને ધર્મશ્રધ્ધાના બળે બી.એ. સુધીનો વ્યાવહારિક અભ્યાસ કર્યો.**

જન્મથી અગ્રવાલ વૈષ્ણવ હોવા છતાં ઈ.સ.૧૯૭૬માં શ્રી યુગલજી ના પ્રવચનો થી દ્રવિત થઇને દિગંબર જૈન ધર્મનો સ્વીકાર કર્યો. શ્રાવકના વ્રતો સ્વીકાર્યા. ત્યારથી માંડીને આજ સુધી નિયમિત પ્રભુદર્શન તથા જિનવાણીનું શ્રવણ કરતાં કરતાં ધર્મમય જીવન શાંતિથી જીવી રહ્યા છે. ધર્મપત્ની તથા બે પૂત્રીઓને પણ જૈન ધર્મના સંસ્કારોથી ભાવિત કરેલ છે.
સરનામું :- ઓલ હાઉસ, મુ.પો.તિનસુકિયા, જિ. અસમ(મ.પ્ર.)

## (૫૭)
## મહા તપસ્વી
## શંકરરાવ સીતારામ બરગે (મહારાષ્ટ્રીયન)

મહારાષ્ટ્રમાં સતારાની બાજુમાં **કોરેગાંવમાં** રહેતા **શંકરરાવ સીતારામ બરગે**(ઉ.વ. ૫૫ લગભગ) **સં.૨૦૪૭માં સા.શ્રી** વિનયપ્રભાશ્રીજીના ચાતુર્માસમાં એમના સત્સંગથી જૈન ધર્મ પામ્યા. રોજ **નવકાર મહામંત્ર** ગણવા **લાગ્યા અને પર્યુષણમાં અઠ્ઠાઈ કરી.**

**કંદમૂળ તથા રાત્રિભોજનનો સદાને માટે ત્યાગ કર્યો.**

[આજે જૈન કુળમાં જન્મેલા પણ કેટલાક આત્માઓ અનેક ઉપદેશો સાંભળવા છતાં પણ નરકના ૪ દ્વારોમાં જેમનો સમાવેશ થાય છે તેવા આ બે પાપો છોડી શકતા નથી. તેઓ આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા લે તો સારું.]

સં.૨૦૪૮માં **પ.પૂ.આ.ભ.શ્રીવિજયભદ્રગુપ્તસૂરીશ્વરજી મ.સા.**ની પ્રેરણાથી માસક્ષમણ કર્યું. તથા સં૨૦૪૯માં ધર્મચક્રતપ પ્રભાવક **પ.પૂ.પંન્યાસ પ્રવર શ્રી** જગવલ્લભવિજયજી ગણિવર્ય **મ.સા.ની નિશ્રામાં ૫૧ ઉપવાસ ચઢતા પરિણામે કર્યા.**

હવે તેઓ ચાતુર્માસમાં ૬૮ ઉપવાસ કરવાની વિશિષ્ટ ભાવના રાખે છે.

આમ માત્ર ૪ વર્ષના ટૂંકા ગાળામાં ઉત્તરોત્તર ચડતા પરિણામે તપ-ત્યાગ આદિ દ્વારા તેમણે સાધેલો આત્મવિકાસ ખરેખર અહોભાવ ઉત્પન્ન કરાવે તેવો છે.

ચાલો, આપણે મરાઠી ભાષામાં મહારાષ્ટ્રીયન શંકરરાવભાઈની તપશ્ચર્યાની અનુમોદના કરીએ

**[कित्ती कित्ती चांगला?.. लइ लइ चांगला!!!]**

## (૫૮)
## ઓળી તથા અઠ્ઠાઇ સાથે ૬૪ પ્રહરી પૌષધ કરતા ગજરાજભાઇ મંડરાઇ-મોચી

મોચી કુળમાં જન્મેલા ગજરાજભાઇ મંડરાઇ (ઉ.વ.૪૭) હાલ પાંચ બાળકોના પરિવાર સહિત મુંબઇ-ડોંબીવલીમાં રહે છે અને જોડા સીવવાનું કામ કરે છે. કર્મ સંયોગે તેમને રહેવા માટે ઘર નથી એટલે જ્યાં જ્યાં જગ્યા મળે ત્યાં ઝુંપડું બાંધીને રહે છે. રોજ કમાય અને રોજ ખાય એવી ગરીબ પરિસ્થિતિમાં જીવન જીવતા ગજરાજભાઇની અંતરની અમીરાત અનેરી છે. ક્યારેક મ્યુનિસીપાલિટીવાળા તેમના ઝુંપડા તોડી નાખે ત્યારે ફૂટપાથ પર અથવા જ્યાં જગ્યા મળે ત્યાં સૂઇ રહે છે. ફરીથી મહેનત કરીને ઝુંપડું બાંધે છે.

આવી હાલતમાં સમય વ્યતીત કરતાં ગજરાજભાઇના જીવનમાં ભાગ્યોદય થયો. તેઓ જ્યાં જોડા સીવવા બેસતા એની બાજુમાં એક કચ્છી શ્રાવકની દુકાન છે. ઋણાનુબંધવશાત્ એ શ્રાવકને ગજરાજભાઇ પ્રત્યે અનુકંપા જાગી. બે વર્ષ પહેલાં તેમણે પોતાની એક ખાલી પડેલી રૂમમાં એમજ રહેવા માટે તેમને જગ્યા આપી અને અવાર-નવાર એમના જેવું કંઇક કામકાજ પણ આપતા-અપાવતા.

એમ કરતાં કરતાં પર્યુષણના દિવસો નજીકમાં આવ્યા ત્યારે શ્રાવિકાએ સુખી થવા માટે ધર્મ આરાધના કરવા પ્રેરણા કરી અને જૈન ધર્મ વિષે થોડી સમજ આપી. હળુકર્મી એવા ગજરાજભાઇને ધર્મની વાત ખૂબજ ગમી ગઇ અને તેમણે પર્યુષણમાં ૮ એકાશણા કર્યા! પછી તો રોજ દેરાસરમાં પ્રભુદર્શન કર્યા બાદ જ ધંધાની શરૂઆત કરવા લાગ્યા. માંસાહર તથા કંદમૂળ ત્યાગની પ્રતિજ્ઞા લઇ લીધી. રાત્રિભોજનત્યાગની પ્રતિજ્ઞા ટૂંક સમયમાં લેનાર છે.પર્વતિથિઓમાં બ્રહ્મચર્યનું પાલન કરે છે. નવકાર મહામંત્રનો જાપ કરે છે. નીતિથી ધંધો કરે છે અને ઇમાનદારીથી જીવે છે.

**ગયા વર્ષે પર્યુષણમાં આઠ ઉપવાસ સાથે ૬૪ પ્રહરી પૌષધ કરેલ! તથા નવપદજીની ઓળીમાં ૯ આયંબિલ કરેલ તેમાં પણ છેલ્લે દિવસે પૌષધ કરેલ!** હવે તો તેઓ સંયમની ભાવના પણ ભાવે છે. તેમને ધર્મ કરવો ખૂબજ ગમે છે. તેઓ કહે છે કે - ખરેખર જૈન ધર્મ ખૂબજ મહાન છે.આવો મહાન ધર્મ મળવા બદલ હું મારી જાતને ખૂબજ ભાગ્યશાળી માનું છું અને હવે બાકીની જીંદગી ધર્મારાધના કરતાં કરતાં ગરૂ ભગવંતોના ચરણોમાં વીતાવવી છે.' ગજરાજભાઇને તથા તેમને જૈનધર્મ પમાડનાર શ્રાવક પરિવારને હાર્દિક ધન્યવાદ સહ અનુમોદના. અન્ય શ્રાવકો પણ એમાંથી પ્રેરણા મેળવે એ જ શુભભાવના.

## (૫૯)
## આત્મસાધક ડૉ. પ્રફુલ્લભાઇ ઝેડ. જણસારી(મોચી)

આજથી લગભગ ૨૫ વર્ષ પૂર્વે મુમુક્ષુ તરીકે કચ્છ મોટા આસંબીયામાં મારો ધાર્મિક તથા સંસ્કૃતનો અભ્યાસ ચાલુ હતો ત્યારે ડૉ. બાબુભાઇના સુપુત્ર ડૉ. પ્રફુલ્લભાઇનો થોડો પરિચય થયેલ; પરંતુ ત્યારપછી વર્ષો બાદ જ્યારે સં.૨૦૫૧માં ગિરનારતીર્થમાં સામૂહિક ૯૯ યાત્રા દરમ્યાન મહાશિવરાત્રિના ભવ્ય પ્રસંગે પોતાના માતુશ્રીની ભાવનાનુસાર ડૉ. પ્રફુલ્લભાઇ ગિરનાર આવેલા ત્યારે તેમના જીવનમાં વણાઇ ગયેલી અંતર્મુખતા, આત્મલક્ષિતા, સહજ સાધકતા, સાંસારિક ભાવો પ્રત્યેની ઉદાસીનતા તથા આત્માનંદની મસ્તી વગેરે જોઇને ખૂબજ આનંદ થયો. શૈવધર્મી બાવાઓનું સરઘસ જોવાનું પણ તેમને કોઇજ કૂતુહલ ન હતું. - સંપાદક

કર્મસંયોગે મોચી કુટુંબમાં જન્મ પામવા છતાં પુરુષાર્થ અને ગુરૂકૃપાથી ઉપરોક્ત ભુમિકાએ પહોંચેલા ડૉ. પ્રફુલ્લભાઇ **'મનુષ્ય જન્મથી નહિ પરંતુ કર્મથી (પોતાના સત્કાર્યોથી) મહાન બની શકે છે.'** એ શાસ્ત્રોક્ત વાતના દૃષ્ટાંત રૂપ છે.

અબોલ પ્રાણીઓ પ્રત્યે અપાર કરૂણાવંત સંત તરીકે કચ્છમાં પ્રખ્યાત થયેલા શ્રી વાલદાસજી મહારાજને ગુરૂ તરીકે સ્વીકારીને ડૉ. પ્રફુલ્લભાઇ **રોજ સવારે પદ્માસનમાં બેસીને ૩ કલાક ધ્યાન કરતા. પરંતુ હવે તો તેઓ જણાવે છે કે હવે ચોવીસે કલાક સહજ આનંદમય સ્થિતિ રહે છે. હવે ક્યાંય જવાની રૂચિ રહી નથી .જે સમય મળે તે સમય નિજ સ્વરૂપમાં વીતાવતાં ખૂબ આનંદ-પરમાનંદ-નિજાનંદનો અનુભવ થાય છે.**

**કોઇ પણ જાતની અપેક્ષા રાખ્યા વિના જીવનમાં વધુને વધુ સહજ સરળ બનાય તો નિજાનંદ પામવા માટે ક્યાંય ગુફામાં જવાની કે કશું કરવાની જરૂર રહેતી નથી.**

સહુ પાઠકો ડૉ. પ્રફુલ્લભાઇના જીવનમાંથી પ્રેરણા મેળવીને જીવનમાં સહજતા સરળતા સાથે અંતર્મુખતા-આત્મલક્ષિતા પ્રાપ્ત કરે એ જ શુભ ભાવના

ડૉ. પ્રફુલ્લભાઇનું સરનામું નીચે મુજબ છે.
ઘર-મુ. પો. મોટા આસંબીયા, તા. માંડવી, કચ્છ પીનઃ ૩૭૦૪૫૫
દવાખાનુ-મુ.પો. રામપર વેકરા, તા. માંડવી - કચ્છ-

## (૬૦)
## રોજ ૧૦૮ લોગસ્સ આદિની આરાધના કરતા
## કુ. મીનાબેન જગજીવનભાઇ (મહારાષ્ટ્રીયન)

મહારાષ્ટ્રમાં થાણા જિલ્લામાં **શિરસાડ** ગામમાં જન્મેલ કુ. મીનાબેન(ઉ.વ. ૧૫) ને પ્રારબ્ધયોગે ૫ વર્ષની બાલ્યાવસ્થાથી જ કામકાજમાં જોડાવું પડયું. પરંતુ આગળ જતાં તેના ભાગ્યે જોર પકડયું. અને ૯ વર્ષની ઉંમરે તે **મુંબઇ - શાયનમાં રહેતા ધર્મસંસ્કારથી યુક્ત કચ્છી જૈન જગજીવનભાઈ શાહના** ઘરમાં કામ કરતાં કરતાં પોતાના નિખાલસ, વિનીત સ્વભાવ અને કામકાજની ચીવટના કારણે ઘરમાં નાના-મોટા સહુનું અદ્ભુત પ્રેમપાત્ર બની ગઇ. પરિણામે પુષ્પાબેન અને જગજીવનભાઇએ તેને પોતાની પુત્રી તરીકે જ સ્વીકારી લીધી છે.

ઘરમાં ધાર્મિક વાતાવરણને લીધે કુ. મીના નિયમિત પાઠશાળામાં જવા લાગી અને જોતજોતામાં નવકાર મહામંત્રથી માંડીને ચૈત્યવંદન - ગુરૂવંદન સામાયિક વિધિના સૂત્રો તથા રત્નાકરપચીશી, ભક્તામરસ્તોત્ર આદિ કંઠસ્થ કરી લીધા છે.

રોજ જિનપૂજા, નવકારશી તથા ચોવિહાર કરે છે. **સવારે ૪-૩૦ વાગે ઉઠીને ૧૦૮ નવકાર, ૧૦૮ લોગસ્સ, ૧૦૮ ઉવસગ્ગહરંનો જાપ તથા અહૈં નમઃ અને સરસ્વતી દેવીના મંત્રની ૧-૧ માળા ગણે છે.**

રોજ સવારે વડીલોને પગે લાગે છે. દેરાસરે જતાં પગમાં ચપ્પલ પહેરતી નથી. વ્યાખ્યાન શ્રવણનો યોગ હોય તો જરૂર લાભ લે છે. કંદમૂળ ત્યાગની પ્રતિજ્ઞા લીધેલ છે. બપોરે સામાયિક - જાપ તથા સ્વાધ્યાય કરે છે. સેવાની એક પણ તક ચૂકતી નથી.

**રોજ રાત્રે સૂતાં પહેલાં સ્વયં સ્ફુરણાથી પ્રભુને પ્રાથના કરે છે કે, 'હે પ્રભુ, બધાનું દુઃખ મને મળો. મારું સુખ બધાને મળો. પાર્શ્વનાથ ભગવંતનું શરણું ભવોભવ મળજો.' ... ઇત્યાદિ**

સહુ જીવો સાથે ક્ષમાયાચના કરી દિવસ દરમ્યાન થયેલી ભૂલોનો પશ્ચાત્તાપ કરી પછી જ શયન કરે છે. પૂર્વ જન્મના સંસ્કાર અને વર્તમાનમાં ધાર્મિક સંસ્કારો યુક્ત ઘરના વાતાવરણના લીધે કુ.મીના રોજ ભાવના ભાવે છે કે, 'સસ્નેહી પ્યારા રે સંયમ કબહી મિલે !...'

મીનાબેનની ભાવના જલ્દી સફળ બને એવી હાર્દિક શુભેચ્છાઓ .

સહુ વડીલો પોતાના સંતાનોમાં આવા સુંદર સંસ્કારો નાખે તો કેવું સારું થાય ??..

મીનાબેનનું સરનામું નીચે પ્રમાણે છે.

જગજીવનભાઈ વિસનજી શાહ, ૩૪ ચમન હાઉસ, ૩જે માળે, બ્લોક નં.,૨૩ શાયન(વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૨૨.

■ ■ ■

## (૬૧)
## માત્ર ૧૦ વર્ષની વયે પાંચ પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ કરનાર નેપાલિયન બાલિકા લક્ષ્મી

**વર્ધમાન તપોનિધિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વારિષેણસૂરીશ્વરજી મ.સા.નું** સં૨૦૪૯માં **કલકત્તામાં** ચાતુર્માસ થયું. ત્યારે ત્યાં લક્ષ્મી નામે ૧૦ વર્ષની ઉંમરની નેપાલિયન બાલિકા રહેતી હતી. તેની પડોશમાં જૈન શ્રાવકનું ઘર હતું. સત્સંગના પ્રભાવે તેને જૈન સાધુ, જૈન આચાર્ય તથા જૈન ધર્મ ખૂબ જ ગમવા લાગ્યા. પરિણામે તેણે અનુક્રમે પાંચ પ્રતિક્રમણ સૂત્રો ૧૦ વર્ષની બાલ્યાવયમાં કંઠસ્થ કરી લીધા. પાઠશાળામાં બધા વિદ્યાર્થીઓમાં તેણીએ પ્રથમ ક્રમાંક મેળવ્યો. રોજ જિનપૂજા સામાયિક તથા કેટલાક વ્રત નિયમોનું પાલન કરવા લાગી એટલું જનહિ પરંતુ **આ નાની બાલિકાએ પોતાના માતા-પિતાને પણ શાકાહારી બનાવવા માટે પ્રયત્નો કર્યા !...**

હાર્દિક ધન્યવાદ લક્ષ્મીને તથા તેનો આત્મવિકાસ કરનાર સત્સંગને!..

❑ ❑ ❑

## (૬૨)
## પંચ પ્રતિક્રમણ કંઠસ્થ કરનાર દરજીની ત્રણ બાલિકાઓ

સૌરાષ્ટ્રમાં ધોરાજી ગામમાં દરજી બાલિકાઓ ત્રણ બહેનો છે. છેલ્લા એક વર્ષથી જૈનધર્મ પામ્યા છે. તેમના પિતાશ્રી એકસીડંટમાં મૃત્યુ પામેલ છે. તેઓની મોટીબા ઉપાશ્રયમાં કાજો લેવાનું કામ કરે છે. ઉપાશ્રયની પાછળ રહે છે. નિયમિત પ્રતિક્રમણ-દર્શન કરવા જાય છે. અભ્યાસમાં પંચપ્રતિક્રમણ થવા આવેલ છે. અતિચાર ત્રણ ચાર વાર સભામાં બોલેલ છે. ઉપાશ્રયમાં જે આરાધના, એકાશણા, ઉપવાસ, જાપ આદિ થાય તેમાં સૌ પ્રથમ ભાગ લે છે. નિયમિત વડીલોને પગે લાગે છે. વંદન કરવા નિયમિત આવે છે. જિનપૂજા પણ કરે છે. કંદમૂળનો ત્યાગ છે. આમ ત્રણે બહેનોને પ્રોત્સાહિત કરીએ તો ભાવિમાં જૈનશાસનમાં ઉત્તમ શ્રાવિકા કે સાધ્વી બની શકે એવી કરણી જોવાય છે .તેઓ ત્રણેના નામો અનુક્રમે **અલ્પાબેન, ભાવિષાબેન, પૂજાબેન** છે.(ઉમર વર્ષ ૧૩, ૧૦, ૮)

ચાલો આપણે ગુજરાતીભાષામાં ત્રણે બાલિકાઓની ઉપબૃંહણા કરીએ [કેટલું સારું? કેટલું સારું?... બહુ સારું .. બહુ સારું]

◆ ◆ ◆

## (૬૩)
## લગ્ન થવા છતાં બાલબ્રહ્મચારી
## મુમુક્ષુ કુ. કલાબેન પુંડલીક માલવે (ક્ષત્રિય)

મૂળ ચિત્તોડગઢ (રાજસ્થાન)ના પરંતુ આકોલા(મહારાષ્ટ્ર)માં જ જન્મ તથા ઉછેરને પામેલા કુ. કલાબેન માલવે(ઉ.વ. ૩૨)ને નાનપણથી જ સ્થાનકવાસી જૈન મહાસતીજીઓના સત્સંગથી ધર્મનો રંગ લાગ્યો હતો.

**૧૧ વર્ષની કાચી ઉંમરે તેમના લગ્ન થઈ ગયા તેમછતાં તેઓ સાસરે ગયા જ નથી!**

વ્યાવહારિક પાંચ મરાઠી ચોપડીનો અભ્યાસને પામેલા કલાબેન છેલ્લા ૪ વર્ષથી આઠ કોટિ મોટી પક્ષના **ભાવનાબાઈ મહાસતીજી સાથે રહીને**

**પાંચ પ્રતિક્રમણ, દશવૈકાલિક સૂત્રના ૪ અધ્યયન, ૨૫ બોલ, છ કાયના બોલ, ભક્તામર સ્તોત્ર વિગેરનો સુંદર અભ્યાસ કરેલ છે.**

મૂળ મરાઠી હોવા છતાં હાલ ગુજરાતી ભાષામાં સારી રીતે બોલી તથા વાંચી શકે છે.

અત્યાર સુધીમાં ૩ અઠ્ઠાઇ, ઘણી અઠમો તથા ઘણા આયંબિલની તપશ્ચર્યા કરી છે.

સં.૨૦૪૯માં અમારું ચાતુર્માસ મણિનગરમાં હતું ત્યારે પર્યુષણ બાદ દર્શનાર્થે આવેલ હૈદ્રાબાદના કેટલાક શ્રાવક - શ્રાવિકાઓ સાથે કુ. કલાબેન માલવે પણ આવેલા.

ત્યારે પ્રસંગોપાત 'બહુરત્ના વસુંધરા'ના પ્રકાશન અંગે વાત નીકળતાં કલાબેનની વાત હૈદ્રાબાદના શ્રાવકોએ કરી. તેઓ સં.૨૦૫૦માં શિયાળામાં હૈદ્રાબાદમાં દીક્ષા લેવાના હતા તે મુજબ તેઓ હાલ મહાસતીજી તરીકે વિચરી રહ્યા હશે.

કહેવાય છે કે **પારસમણિ કરતાં પણ સત્સંગનો મહિમા વધારે છે.** પારસમણિ તો લોખંડને સોનું બનાવે છે પરંતુ પોતાનો જેવો પારસમણિ બનાવી શકતો નથી. જ્યારે સાધુ સંતોનો સંગ કરનાર આત્મા એક દિવસ પોતે જ સાધુ સંત બની શકે છે. કુ. કલાબેન માલવે આનું પ્રત્યક્ષ ઉદાહરણ છે.

## (૬૪)
## મીરાંબાઇ જેવા પ્રભુભક્ત થવાની ભાવના ભાવતા નીતાબેન ચંદુભાઇ (દરબાર)

**કચ્છ-માંડવી તાલુકાના મઉ ગામના વતની ચંદુભાઈ દરબાર છેલ્લા ૩૦ વર્ષથી હાલારમાં** જામનગર જિલ્લાના ગાંગવા ગામમાં રહે છે. તે બાજુના શિકા ગામમાં આવેલી તેલની ફેકટરીમાં નોકરી કરે છે. તેમને સંતાનોમાં ૯ પુત્રી તથા ૧ પુત્ર છે . તેમાં **સાતમા નંબરની સુપુત્રી નીતાબેન**(હાલ ઉ.વ.૨૧)ને પૂર્વજન્મના સંસ્કારવશાત્ નાનપણથીજ ભક્ત કવયિત્રી મીરાંબાઈ જેવા બનવાની લગની હતી. પરંતુ કુટુંબીજનોએ પરાણે તેમના લગ્ન ધંધુકાની

બાજુમાં આવેલ વાગડ ગામમાં કરી દીધા!.. પરંતુ કર્મસંયોગે અઠવાડિયામાં જ સાસરેથી પાછા ફરવું પડયું.

**અચલગચ્છીય સા. શ્રી આર્યરક્ષિતાશ્રીજી તથા સા.શ્રી દેવરક્ષિતાશ્રીજી** સં. ૨૦૪૯નું ચાતુર્માસ જામનગરમાં કરીને શેષકાળમાં વિહાર કરતા અનુક્રમે ગાંગવા ગામમાં પધાર્યા. નાનપણથીજ સત્સંગપ્રેમી નીતાબેન વાર્તા સાંભળવા નિમિત્તે ઉપાશ્રયમાં ગયા. સાધ્વીજીની વાત્સલ્યપૂર્ણ વાણીએ તેમના હૃદયમાં આગવું સ્થાન જમાવ્યું. પરિણામે માતા-પિતાની રજા મેળવી **બે મહિના સુધી સાધ્વીજી ભગવંતો સાથે રહીને ગિરનારજી, પોરબંદર, માંગરોળ વિગેરે તીર્થોની યાત્રા કરી તથા તે દરમ્યાન ચૈત્યવંદન વિધિ તેમજ બે પ્રતિક્રમણના સૂત્રો કંઠસ્થ કરી લીધા.** રોજ જિનપૂજા , નવકારશી, ચોવિહાર તથા બાંધી નવકારવાળીનો જાપ કરે છે. **ત્રણ વાર અઠ્ઠાઇ તપ કરી લીધેલ છે. કોઇ પણ જૈન સાધુ સાધ્વીજી ભગવંતો પધારે તો તેઓ ભાવથી ગોચરી પાણી વહોરાવી સત્સંગનો લાભ લે છે.**

'જે થાય છે સારાને માટે જ' એ ઉક્તિ મુજબ નીતાબેનને સાસરેથી અઠવાડિયામાં જ પાછા ફરવાનું નિમિત્ત પણ આત્મવિકાસને માટે જ બન્યું ને? માટે જ કહયું છે કે 'પરિસ્થિતિ એ ભાગ્યાધીન છે પરતું ધર્મ પુરુષાર્થ એ મનુષ્યને સ્વાધીન છે.' સહુ માનવી હર કોઇ સંયોગોમાં પણ ધર્મપુરૂષાર્થ દ્વારા માનવભવને સફળ બનાવે એ જ શુભેચ્છા.

* * *

## (૬૫)
## વૈધવ્યમાં ધર્મનો શણગાર સજતા
## શ્રીમતી દેવકુંવરબેન હાથીભાઇ કાઠી-દરબાર

બોટાદ નિવાસી દેવકુંવરબેન હાથીભાઇ કાઠી-દરબાર પરિવારના પુત્રી અને પુત્રવધૂ છે. અશુભ કર્મોદયે તેમના પતિ શ્રીહાથીભાઇનું હૃદયરોગથી અવસાન થતાં વિયોગ વ્યથાને લીધે આર્તધ્યાન થવા લાગ્યું. પરંતુ તેમના પિતૃપક્ષના સંસ્કાર અને જૈન **સાધુ-સાધ્વીજી** ભગવંતોના **સત્સંગથી** જૈન **ધર્મ પ્રત્યે બહુમાન-ભક્તિ ઉત્પન્ન થતાં તેઓ** નવકાર મહામંત્ર, **સામાયિક,**

**છકાયના બોલ વિગેરે જ્ઞાનાભ્યાસ કરતાં કરતાં ધર્મધ્યાન કરી રહ્યા છે.**

જાપ, આયંબિલની ઓળી, ઉપવાસ આદિ તપશ્ચર્યા દ્વારા તન મન આત્માને પવિત્ર બનાવી રહ્યા છે.

તેમના પુણ્યોદયે તેમના **સાસુ-ફોઈ પણ હંમેશાં નવકાર મહામંત્રની અનાનુપૂર્વી ગણે છે.** સત્સંગ, પ્રાર્થના, વ્યાખ્યાનમાં અચૂક હાજરી આપે છે. અને **જૈન ધર્મની આરાધના કરી જીવન ઉજજવળ બનાવી રહ્યા છે.** તેમના નાના બાળકો રણજીત તથા માયાને પણ સુંદર સંસ્કાર તથા સામાયિક શીખવાની પ્રેરણા આપી રહ્યા છે.

* * *

## (૬૬)
## વર્ષીતપ કરતા ગુરુભક્ત
## શ્રીમતી કમળાબેન લલ્લુભાઇ પ્રજાપતિ

બોટાદ નિવાસી પ્રજાપતિ જ્ઞાતિના શ્રીમતી કમળાબેનના પતિ લલ્લુભાઈને ભયંકર બિમારી લાગુ પડતાં માંગલિક તેમજ ઉપદેશ શ્રવણ નિમિત્તે પૂ. અમીચંદજી મહારાજનો પરિચય થયો. પરિણામે તેમના પરિવારમાં જૈન ધર્મ પ્રત્યેની શ્રધ્ધા અને ગુરૂભક્તિ દિન - પ્રતિદિન વૃધ્ધિંગત બનતી રહી. તેની ફલશ્રુતિ રૂપે **ગુપ્તદાન દ્વારા ગરીબોના આધાર સ્તંભ બની અનેક ધાર્મિક સંસ્થાઓમાં પણ ગુપ્તદાનની સરવાણી વહાવી રહ્યા છે.**

શ્રી કલ્યાણજીભાઇ પ્રજાપતિનો પરિવાર 'કલ્યાણ પરિવાર' તરીકે ઓળખાય છે. નિષ્કામ ભક્તિના કરનારા એ ભક્તોને નામની નહિ પરંતુ કામની મહત્તા છે. **એકવાર પોતાના ગુરૂ પૂ. અમીચંદજી મહારાજની જન્મભૂમિ ભૃગુપુરને ધુમાડાબંધ રીતે જમાડીને ગુરૂભક્તિનો મહિમા વધાર્યો હતો .**

**આદર્શ પતિવ્રતા ગૃહિણી શ્રીમતી કમળાબેને ગત વર્ષે જ વર્ષીતપની આરાધના પરિપૂર્ણ કરી છે.** તેમનો પરિવાર ધર્મમાર્ગે ખૂબજ આગળ વધે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

## (૬૭)
## શાસ્ત્રાધ્યયન કરતા-કરાવતા
## શારદાબેન મહારાષ્ટ્રીયન

**ઘાટકોપર(મુંબઇ)માં રહેતા શારદાબેન (ઉ.વ.૬૦) જાતે મહારાષ્ટ્રીયન છે.** પરંતુ સત્સંગથી જૈન ધર્મ પામીને એટલો જ્ઞાનાભ્યાસ કર્યો છે કે આજે તેઓ સ્થાનકવાસી જૈન સમાજને માન્ય **૩૨ આગમોને વાંચી શકે છે તથા દીક્ષાર્થી બહેનોને ભણાવે છે.** વ્યાખ્યાનમાં કેટલીક વાર મહાસતીજીઓને પણ જવાબ દેતાં વિચાર થઇ પડે તેવા પ્રશ્નો પૂછે છે.

## (૬૮)
## વર્ષીતપના આરાધક
## જ્યોત્સ્નાબેન પંચાલ(લુહાર)

મણિનગરમાં(અમદાવાદ) જૈનસ્થાનક સામે રહેતા જ્યોત્સ્નાબેન જયંતિલાલ પંચાલ(લુહાર) પડોશી શ્રાવકોના સત્સંગથી ચુસ્ત જૈન ધર્મ પાળે છે. સાધુ-સાધ્વીજી ભગવંતોને ભાવથી વહોરાવે છે. વ્યાખ્યાન શ્રવણની તક ચૂકે નહિ. વર્ષીતપ પણ કરેલ છે.!..

## (૬૯)
## સાધુ - સાધ્વીની વેયાવચ્ચ કરતા
## રબારી વાલબાઇમા

**કચ્છ-માંડવી પાસે આવેલા જૈન આશ્રમમાં કર્મચારી તરીકે કામ કરતા** કચ્છ નાના ભાડિયા ગામના રબારી કોમના વાલબાઇમા(ઉ.વ.૭૨) રોજ સવારે જિનમંદિરમાં ખૂબજ ભાવપૂર્વક પ્રભુદર્શન કરે છે. ગરીબ હોવા છતાં દેરાસરના ભંડારામાં રોજ યથાશક્તિ કંઇપણ રકમ અચૂક નાખે છે. પોતે

વૃધ્ધ હોવા છતાં આશ્રમમાં સ્થિરવાસ રહેલા વયોવૃધ્ધ તેમજ બિમાર સાધુ - સાધ્વીજીની ખૂબજ ભાવથી અનેક પ્રકારે વૈયાવચ્ચ કરે છે. જીવદયાના પ્રતિક તરીકે ધાર્મિક હોલમાંથી કાજો ખૂબજ જયણાપૂર્વક દરરોજ કાઢે છે. રોજ ભક્તામર શ્રવણ કરે છે. વ્યાખ્યાન સાંભળે તથા બપોરે ૧ કલાક નવકાર મહામંત્રનો જાપ કરે છે. સાધુ-સાધ્વીજીની સેવા કરતા વાલબાઈમાની હાર્દિક અનુમોદના.

☆ ☆ ☆

## (૭૦)
## રોજ જિનપૂજા કરતા હાંસબાઇમા(ખવાસ)

**કચ્છ-માંડવી તાલુકાના મોટી ખાખર ગામમાં** રહેતા હાંસબાઈમા(ઉં.વ.૭૦) ખવાસ જ્ઞાતિમાં જન્મ્યા છે પરંતુ ઉપાશ્રયની નજીકમાં ઘર હોવાથી સાધ્વીજીઓના સત્સંગથી તેમજ શ્રાવિકાઓના પરિચયથી લગભગ ૧૫ વર્ષથી જૈનધર્મ પામ્યા છે. તેઓ દરરોજ નવકારશી, ચોવિહાર કરે છે. પ્રતિક્રમણ તથા જિનપૂજા પણ દરરોજ કરે છે. પાંચ પ્રતિક્રમણ વગેરેનો અભ્યાસ કરેલ છે. આઠમ પાંખીના પાંખી પાળે છે અર્થાત્ ખેતર વાડીએ જતા નથી તથા પૌષધ પણ કરે છે.

અવારનવાર આયંબિલ, ઉપવાસ, અઠ્ઠમ વિગરે તપશ્ચર્યા કરે છે. કંદમૂળ વિગેરે અભક્ષ્યોનો ત્યાગ કરેલ છે. ચોમાસામાં મોટા ભાગે ઉપાશ્રયમાં સાધ્વીજી પાસે સૂએ છે. હાંસબાઈમા ની આરાધનાની હાર્દિક અનુમોદના.

☆ ☆ ☆

## (૭૧)
## છ'રીપાલક સંઘના દર્શનથી અજૈન બાલિકાઓને સંયમ સ્વીકારવાની જાગેલી તીવ્ર ભાવના

નમસ્કાર મહામંત્ર સમારાધક **પ.પૂ.પં.શ્રી અશોકસાગરજી મ.સા. તથા પૂ.પં.શ્રી હેમચંદ્રસાગરજી મ.સા., પૂ.પં.શ્રી જિનચંદ્રસાગરજી મ.સા.** આદિની નિશ્રામાં નીકળેલ સુરતથી સમેતશિખરજીનો છ'રી પાલક યાત્રા સંઘ અનુક્રમે **દાઉદપુર ગામની** ભાગોળે પધાર્યો.

જે ખેતરમાં સંઘનો પડાવ નંખાયો હતો તે ખેતરના માલિકની બે પુત્રીઓ આખો દિવસ સાધ્વીજીઓ વિગેરેની દિનચર્યા જોઇને ખૂબજ પ્રભાવિત થઇ. તેમના અંતરમાં પણ આવા સાધ્વીજી બનવાના કોડ જાગ્યા. **પરિણામે બંને બહેનો રાત્રે દોઢ વાગે ઘરેથી છાનીમાની નીકળીને વિહારના માર્ગમાં ૧ કી.મી. દૂર પૂલ નીચે બેસી રહી.** સવારના સંઘ ત્યાંથી પસાર થતો હતો ત્યારે સંઘની સાથે ભળી ગઇ. ૧૫ કિ.મી. સંઘની સાથે પગે વિહાર કર્યો. સામા મુકામે પહોંચ્યા બાદ પોતાને દીક્ષા આપવા માટે સાધ્વીજી ભગવંતોને ખૂબજ આજીજી કરી. સાધ્વીજીઓએ તેમને સમજાવ્યું કે દીક્ષા લેવી હોય તો માતા-પિતાની સંમતિ હોવી જોઇએ. એટલીવારમાં તો તેમના વડીલો પણ બાલિકાઓને શોધતાં શોધતાં ત્યાં પહોંચી ગયા. સાધ્વીજીઓએ તેમને સાચી હકીકત સમજાવી. છોકરીઓ કોઇ રીતે ઘરે જવા તૈયાર નહતી, પરંતુ તેમના વડીલોની અપેક્ષા મુજબ મહામુસીબતે તેમને સમજાવીને ઘરે મોકલવામાં આવી. પરંતુ ઘરે જતાં પહેલાં તેઓ માંસભક્ષણ ત્યાગ આદિ નિયમો સ્વીકારતી ગઇ.

ધન્ય છે છ'રી પાલક તીર્થયાત્રા સંઘને!... ધન્ય છે સાધ્વીજી ભગવંતોને!.. જેમની નિર્દોષ દિનચર્યા જોઇને એક જ દિવસમાં અજૈન બાલિકાઓને પણ સાધ્વીજી બનવાના કોડ જાગી ગયા.

(૭૨)

## છ'રીપાલક તીર્થયાત્રા સંઘોના પ્રભાવે હજારો જૈનેતરોએ કરેલ સાત મહાવ્યસનોના ત્યાગની પ્રતિજ્ઞા

ઉપરોક્ત સંઘ દરમ્યાન તેમજ તેનાથી અગાઉ સં.૨૦૪૦માં અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની તારક નિશ્રામાં નીકળેલ મુંબઈથી સમેતશિખરજી મહાતીર્થના છ'રી પાલક સંઘ તેમજ સં ૨૦૪૧માં તેઓશ્રીની નિશ્રામાં નીકળેલ સમેતશિખરથી શત્રુંજય મહાતીર્થના છ'રીપાલક યાત્રા સંઘ દરમ્યાન હજારોની સંખ્યામાં જૈનેતરોએ માંસ-મદિરા જુગાર વેશ્યાગમન-પરસ્ત્રીગમન-ચોરી તથા શિકાર આ ૭ મહા વ્યસનોના ત્યાગની પ્રતિજ્ઞા લીધી તથા નમસ્કાર મહામંત્રનુ સ્મરણ રોજ કરવાનો સંકલ્પ કર્યો. તેમને નમસ્કાર મહામંત્રનું કાર્ડ તથા નવકારવાળી ભેટ આપવામાં આવતી હતી. અનેક પોલીસો વિગેરએ પણ શ્રી સંઘની દિનચર્યા જોઈને ગદ્ગદ હૃદયે સંઘની ભૂરિ ભૂરિ અનુમોદના કરી હતી અને વ્યસનત્યાગના નિયમો સ્વીકાર્યા હતા.

બલિહારી છે શ્રી જિનશાસનની કે જેમાં જીવોના આત્મિક ઉત્થાન માટે આવા આવા અનેકવિધ શુભ આલંબનોનું આયોજન કરવામાં આવ્યું છે.....

# કસ્તુર પ્રકાશન ટ્રસ્ટનાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| | | કિંમત રૂા.. |
| ❋૧. | જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર?(૪ થી આવૃત્તિ) | ૩૦ |
| ૨. | શિવં સુન્દરં | ૭ |
| ૩. | સર્વ મંગલ માંગલ્યં | ૧ |
| ૪. | પર્વોનું ભૂષણ જીવનનું આભૂષણ | ૧૦ |
| ૫. | સંસારનું મરણ, મુક્તિનું શરણ | ૧૦ |
| ૬. | મને જવા દો, હું નહિ અટકું | ૧૦ |
| ૭. | સરસ્વતી ઉપાસના | ૫ |
| ૮. | નિકલા સૂરજ, હુઆ સબેરા | ૨ |
| ૯. | શ્રી શત્રુંજય ગુણસ્તવમાલા | ૫ |
| ❋૧૦. | શ્રીવર્ધમાન શક્રસ્તવ(દ્વિતીયાવૃત્તિ) (નિત્ય સ્વાધ્યાય) | |
| ❋૧૧. | ગિરનાર મંડનશ્રી નેમિનાથ ગુણગુંજન | ૧૫ |
| ❋૧૨. | Miracles of mahamantra Navkar | ૫૦ |
| ❋૧૩. | પ્રભુ સાથે પ્રીત | ૪૦ |
| ❋૧૪. | બહુરત્ના વસુંધરા ભાગ.૧ | ૧૫ |
| ૧૫. | બહુરત્ના વસુંધરા ભાગ.૨ | પ્રેસમાં |

નોંધ : ❋ આવી નિશાનીવાળા પુસ્તકો જ હાલ ઉપલબ્ધ છે.

## પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા. દ્વારા લિખિત/સંપાદિત સાહિત્યની યાદી

| | | કિમંત રૂા. |
|---|---|---|
| ૧. | દાદાશ્રી કલ્યાણસાગરસૂરિજી જીવન ચરિત્ર(હિન્દી) | |
| ૨. | આરાધના દીપિકા | |
| ૩. | દેશ વિરતિ દીપિકા | |
| ૪. | શ્રાવક જનતો તેને રે કહીએ | |
| ૫. | શ્રાવકના ૧૨ વ્રતોનો ચાર્ટ | |
| ૬. | શ્રાવકના ૨૧ ગુણોનો ચાર્ટ | |
| ૭. | ૧૪ નિયમ ધારો-ચાર્ટ | |
| ૮. | મનવા! ધર તું નવપદ ધ્યાન | |
| ૯. | ચાહ એક, રાહ અનેક | |
| ૧૦. | શ્રી શત્રુંજય ગુણ સ્તવમાલા | |
| ❋૧૧. | દર્શન-વંદન-સામાયિક વિધિસૂત્રો(અંગ્રેજી-હિન્દી-ગુજરાતી) | ૧૦ |
| ❋૧૨. | ભક્તિ સુધા | ૨૦ |
| ❋૧૩. | જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર!(૪થી આવૃત્તિ) | ૩૦ |
| ❋૧૪. | શ્રી વર્ધમાન શક્રસ્તવ(સાર્થ)(દ્વિતીયાવૃત્તિ) | અમૂલ્ય |
| ❋૧૫. | Miracles of Mahamantra Navkar | ૫૦ |
| ❋૧૬. | ગિરનાર મંડન શ્રીનેમિનાથ ગુણ ગુંજન | ૧૫ |
| ❋૧૭. | પ્રભુ સાથે પ્રીત | ૪૦ |
| ❋૧૮. | બહુરત્ના વસુંધરા ભાગ.૧ | ૧૫ |
| ૧૯. | બહુરત્ના વસુંધરા ભાગ.૨ | પ્રેસમાં |

નોંધ : ❋ આવી નિશાનીવાળા પુસ્તકો જ હાલ ઉપલબ્ધ છે.

# "બહુરત્ના વસુંધરા"

'ચાલો, અનુમોદના કરીએ/પ્રેરણા લઈએ'

## ભાગ - બીજો

વર્તમાનકાલીન કેટલાક વિશિષ્ટ આરાધક
શ્રાવક-શ્રાવિકાઓના અત્યંત અનુમોદનીય - પ્રેરક
આશ્ચર્યપ્રદ દૃષ્ટાંતોનો સંગ્રહ

• સંયોજક - સંપાદક •

અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.** ના વિનેય
આગમાભ્યાસી **પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ. સા.**

★ પ્રકાશક ★

**શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ**
૧૦૨ લક્ષ્મી એપાર્ટમેન્ટ
૨૦૬ ડો. એનીબેસન્ટ રોડ
વરલી નાકા - મુંબઈ - ૪૦૦૦૧૮

## -: પ્રાપ્તિસ્થાન :-

(૧) **કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ**
૧૦૨, લક્ષ્મી એપાર્ટમેન્ટ, ૨૦૬ ડૉ. એનીબેસન્ટ રોડ
**વરલી નાકા-મુંબઈ** - ૪૦૦૦૧૮ ફોન : ૪૯૪૩૯૪૨, ૪૯૩૬૨૬૬

(૨) કચ્છી ભવન, મુ. પો. **શંખેશ્વર તીર્થ**, જિ. મહેસાણા (ઉ. ગુજરાત)
પીન : ૩૮૪૨૪૬/ ફોન : ૦૨૭૩૩ - ૭૩૩૬૩

(૩) **૭૨ જિનાલય ઓફિસ,**
૨૧ કેશવજી નાયક રોડ, **ભાતબજાર, મુંબઈ**-૪૦૦૦૦૯.
ફોન : ૩૭૬૧૭૩૯ - ૩૭૬૦૪૭૧

(૪) **ડૉ. રતિલાલભાઈ વોરા**
શાંતિ ક્લિનીક, ઈલોરા સોપીંગ સેન્ટર સામે,
દફતરી રોડ, **મલાડ (પૂર્વ) - મુંબઈ** - ૪૦૦૦૯૭.

(૫) **મોહનલાલ પાસુ ભાઈ ગોસર**
ત્ર્યંબક ભુવન-બીજે માળે, રૂમ નં. ૧૬
ફળકે રોડ, **ડૉંબીવલી (પૂર્વ)** ફોનઃ ૪૬૫૯૪૯

(૬) સુઘોષા કાર્યાલય
તલેટી રોડ, **પાલિતાણા** (સૌરાષ્ટ્ર), ૩૬૪૨૭૦

(૭) **બરોડા કેમીલી સેન્ટર**, રાવપુરા, ટાવર પાસે
**વડોદરા** - ૩૯૦૦૦૧, ફોન : ૪૨૨૯૭૫

(૮) **લક્ષ્મીચંદભાઈ શામજી છેડા**
૧૫ સ્વપ્નલોક, લો ગાર્ડન પાસે,
એલીસ બ્રીજ, **અમદાવાદ**-૩૮૦૦૦૬. ફોન : ૪૬૯૫૨૫

પ્રથમ આવૃત્તિ સં. ૨૦૫૩ જેઠ સુદિ ૧૫

કિં. રૂ. ૪૦

મુદ્રક :- કલ્પક પ્રીન્ટ્સ- સુરેન્દ્રનગર.

## વાચક વૃંદને વિનંતિ

સુજ્ઞ વાચક વૃંદને નમ્ર વિનંતિ કે આ પુસ્તકમાં રજુ થયેલ છે તેવા ઉત્તમ આરાધક શ્રાવક - શ્રાવિકાઓના હજી પણ બીજા દૃષ્ટાંતો આપના ખ્યાલમાં હોય... તેવી જ રીતે આ પુસ્તકના પ્રથમ ભાગમાં તેમજ દ્વિતીય ભાગના પરિશિષ્ટમાં રજુ થયેલ છે તેવા જન્મે અજૈન પરંતુ આચરણથી જૈન હોય તેવા દૃષ્ટાંતો આપના ખ્યાલમાં હોય તો પ્રકાશકના સરનામે અથવા સં. ૨૦૫૩ના ચાતુર્માસ દરમ્યાન નીચેના સરનામે લખી મોકલાવવા વિનંતિ, જેથી દ્વિતીયાવૃત્તિમાં તેમનો સમાવેશ થઈ શકે.

તેવી જ રીતે અસાધારણ કોટિના આરાધક વર્તમાનકાલીન સાધુ-સાધ્વીજી ભગવંતોના દૃષ્ટાંતો પણ નીચેના સરનામે મોડામાં મોડા સં. ૨૦૫૩ના શ્રાવણ પૂનમ પહેલાં બનતી ત્વરાએ લખી મોકલાવવા જેથી આ પુસ્તકના ત્રીજા ભાગમાં પ્રકાશિત થઈ શકે. ત્રીજા ભાગનું સંપાદન કાર્ય ચાલુ છે. માટે દૃષ્ટાંતો શીઘ્ર મોકલાવવા વિનંતિ. મોડા આવનાર દષ્ટાંતોનો સમાવેશ છેવટે બીજી આવૃત્તિમાં થઈ શકશે.

દરેક સુજ્ઞ વાચક આટલો સંકલ્પ કરે કે ઓછામાં ઓછું એકાદ દૃષ્ટાંત તો મારે અચૂક લખીને અનુમોદનાનો મહાન લાભ લેવો જ છે !...

ભાગ૧-૨ માં જેમના દષ્ટાંતો રજૂ થયા છે તેમનું વિશિષ્ટ બહુમાન પૂ. ગણિવર્યશ્રીની નિશ્રામાં શંખેશ્વર તીર્થમાં ભા.સુ.૧૫, મંગળવાર તા. ૧૬-૯-૯૭ ના થશે એ પ્રસંગે સહુ ને અચૂક હાજર રહેવા વિનંતિ.

### દષ્ટાંતો મોકલવાનું સરનામું

પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ. સા.
'કચ્છી ભવન'
મુ. પો. શંખેશ્વર તીર્થ
જિ. મહેસાણા (ઉત્તર ગુજરાત)
પીન : ૩૮૪૨૪૬
(ફોન : ૦૨૭૩૩-૭૩૩૬૩)

- પ્રકાશક

# સાદર સમર્પણ

ગુજરાતી તથા સંસ્કૃતમાં પ્રભુભક્તિમય સેંકડો સ્તવન- સ્તુતિ- ચૈત્યવંદન પૂજાઓ વિગેરે ભાવવાહી ભક્તિ સાહિત્યની તથા સંસ્કૃતમાં ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર, સમરાદિત્ય કેવલી ચરિત્ર, શ્રીપાલ ચરિત્ર, દ્વાદશ પર્વકથા આદિ ગ્રંથોની રચના કરનાર...

મુંબઈથી શિખરજી તથા શિખરજીથી પાલિતાણા જેવા મહાન ઐતિહાસિક છ'રી પાલક સંઘોની પ્રેરણા તથા નિશ્રા દ્વારા પ્રભુશાસનની અદ્ભુત પ્રભાવના કરનાર...

૭૨ જિનાલય, ૨૦ જિનાલય આદિ અનેક જિનમંદિરોની પ્રેરણા, અંજનશલાકા, પ્રતિષ્ઠા દ્વારા લાખો આત્માઓને પ્રભુ સાથે પ્રીત બાંધવામાં સહાયક આલંબનો પૂરા પાડનાર...

જૈફ વયે પણ દરરોજ શ્રી અરિહંત પરમાત્મા આદિ પંચ પરમેષ્ઠી ભગવંતોને ૧૦૮ ખમાસમણ આપનાર...!

મારા જેવા અનેક આત્માઓને સંસારની કેડીએથી સંયમના પુનીત પંથે પ્રસ્થાન કરાવનાર...

તપ-ત્યાગ-તિતિક્ષા, ક્ષમા, સમતા, નમ્રતા, સહનશીલતા, ભદ્રિકતા, અપ્રમત્તતા, સાદગી વિગેરે અગણિત ગુણરત્નોના મહાસાગર તથા સદ્ગુણાનુરાગી યથાર્થનામી...

**અનંત ઉપકારી, ભવોદધિતારક, વાત્સલ્યવારિધિ,**

**શાસન સમ્રાટ, ભારત દિવાકર, તપોનિધિ, અચલગચ્છાધિપતિ,**

**પ. પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીગુણસાગર સૂરીશ્વરજી મ. સા. ના ચરણોમાં સાદર સવિનય સમર્પણ.**

**- ગુરુ ગુણ ચરણરજ**
**ગણિ મહોદયસાગર**
(ગુણબાલ)

## સુકૃતના સહયોગી

(૧) શાહ એન્જિનીયરીંગ કું. - ગાંધીધામ-કચ્છ
(૨) ધનવંતીબેન દામજી ગોસર - ઘાટકોપર - મુંબઈ
(૩) પુરબાઈ કલ્યાણજી - કોકલિયા કચ્છ
(૪) રતિલાલભાઈ મગનલાલ ગાલા - નાના આસંબીયા
(૫) સોમચંદભાઈ વિસનજી ધરમસીં- મંજલ રેલડીયા

## અમો આભારી છીએ

પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ. સા. દ્વારા સંપાદિત અને અમારા તરફથી પ્રકાશિત થયેલ

**"જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર"** (કિં. રૂ. ૬૦)

પુસ્તકની ૫૦૦ નકલ જ્ઞાનભંડારો તેમજ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને સાદર ભેટ રૂપે મોકલાવવા માટે નીચેના સંઘોએ જ્ઞાનખાતામાંથી આપેલ સહયોગ બદલ અમો તેમના ઋણી છીએ. ભવિષ્યમાં પણ આવી રીતે સાથ સહકારની સહુ સંઘો પાસે અપેક્ષા.

| સંઘ | નકલ |
|---|---|
| (૧) અમદાવાદ અચલગચ્છ જૈન સંઘ | ૧૦૦ |
| (૨) ભુજપુર અચલગચ્છ જૈન સંઘ (સા. શ્રી ભુવનશ્રીજીના ૪૦ વર્ષના સંયમ પર્યાયની અનુમોદનાર્થે તેમજ ભુજપુરમાં તેમના પ્રથમ ચાતુર્માસ નિમિત્તે) | ૧૦૦ |
| (૩) બિદડા ક. વી. ઓ. દેરાવાસી જૈન સંઘ | ૧૦૦ |
| (૪) જખૌ રત્નટૂંક તથા સાધારણ ફંડ | ૫૦ |
| (૫) નરેડી અચલગચ્છ જૈન સંઘ | ૫૦ |
| (૬) માંડલ અચલગચ્છ જૈન સંઘ | ૫૦ |

# સંઘવી શ્રી બાબુભાઈ તથા સંઘમાતા કસ્તૂરબેન આદિની અનુમોદનીય આરાધના

★ સજોડે મુંબઈથી સમેતશિખરજી તથા શિખરજીથી પાલિતાણાના છ'રી સંઘોમાં પદયાત્રા કરી. તેમજ પ્રથમ સંઘમાં સંઘપતિ- સંઘમાતા બનવાનો પણ લાભ લીધો.

★ સં. ૨૦૪૫માં પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ. સા. આદિ ઠાણાની નિશ્રામાં સંઘપતિ - સંઘમાતા બનીને સેંકડો સાધર્મિકોને સિદ્ધગિરિની ૯૯ યાત્રા કરાવી તેમજ સ્વયં પણ ૨ વાર ૯૯ યાત્રા વિધિપૂર્વક કરી...!

★ સજોડે પાંચ વર્ષીતપ તેમજ વીશસ્થાનક તપની આરાધના વિધિવત્ કરી છે ! હાલ પણ વર્ષીતપ સજોડે ચાલુ છે.

★ ઘણા વર્ષોથી ઉભય ટંક પ્રતિક્રમણ તેમજ ચોવિહાર - નવકારસી ચાલુ છે.

★ સજોડે ચતુર્થવ્રત સ્વીકારેલ છે.

★ ૧૭ વર્ષોથી જ્ઞાનપંચમી તથા નવપદજીની ઓળીઓ ચાલુ છે.

★ દરરોજ સવારે પ્રતિક્રમણ બાદ સિદ્ધગિરિ તેમજ સિદ્ધિચક્રની આરાધના અનન્ય શ્રદ્ધા પૂર્વક કરે છે. અને એના પ્રભાવે જ નાના-મોટા દરેક કાર્યો નિર્વિઘ્નતાએ થાય છે એમ માને છે.

★ આ ઉપરાંત બાબુભાઈએ ૧૦ વાર અઠ્ઠાઈતપ, એકવાર ૧૬ ઉપવાસ (સોળભત્તું), સિદ્ધિતપ, શ્રેણિતપ, ધર્મચક્ર તપ જેવા મોટા તપ તેમજ પાંચ કલ્યાણકના ૧૨૫ ઉપવાસ, ૯૬ જિનના ઉપવાસ, તથા વર્ધમાન તપની ૨૦ જેટલી ઓળીથી જીવનને તપોમય બનાવેલ છે.

★ છેલ્લા ૮ વર્ષમાં અનેક વાર લોચ પણ કરાવેલ છે.

★ ૭૨ જિનાલય, દંતાણી, શંખેશ્વર-કચ્છી ભવન વિગેરે અનેક ધર્મસ્થાનોમાં મોટી રકમોનું દાન આપેલ છે.

★ **તેમના સુપુત્ર શ્રી હરખચંદભાઈએ સોલીસીટર** તરીકે હોવા છતાં અનેકવિધ જવાબદારીઓ વહન કરતાં કરતાં એકાંતરા ૫૦૦ આયંબિલ તથા વર્ધમાન તપની ૪૦ જેટલી ઓળીઓ કરી લીધેલ છે. ૨ વાર અઠ્ઠાઈ તપ કરેલ છે. નિયમિત જિનપૂજા તેમજ ચોવિહાર - નવકારસી કરે છે.

★ અંતરીક્ષજી તીર્થના કેસમાં પોતાની સુંદર સેવા નિઃસ્વાર્થભાવે આપેલ છે. અનેક સંઘોના ધાર્મિક ટ્રસ્ટોના બંધારણ તેઓએ વિના મૂલ્યે તૈયાર કરી આપેલ છે.

★ અનેક કુટુંબોના ઝઘડા પરસ્પરને સમજાવીને વિના કોર્ટે પતાવેલ છે.

★ સંઘવીશ્રી **બાબુભાઈના સુપુત્રી અ. સૌ. નિર્મળાબેન ઝવેરચંદભાઈ દેવજી દેઢિયા** (કચ્છ-ગોધરાવાલા) એ ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતની ૧૦૮ અઠ્ઠમો દ્વારા આરાધના પૂર્ણ કરી એ નિમિત્તે માતુશ્રી રતનબાઈ દેવજી દેઢિયા પરિવાર તરફથી ગામાઈઓ તથા સગા વહાલા વિગેરેમાંથી ૨૨૫ જેટલા સાધર્મિકોને સં. ૨૦૫૩માં પોષદશમી પ્રસંગે ભીલડીયાજી તીર્થમાં સ્વ ખર્ચે તેડી જઈને સમૂહ અઠ્ઠમ સાથે પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ. સા. ની નિશ્રામાં અર્હત્ મહાપૂજન ભણાવેલ તથા કુલ ૧૪ જણા સાથે એમણે પણ સજોડે ચતુર્થ વ્રત નાણ સમક્ષ સ્વીકારેલ.

શ્રી બાબુભાઈ ઉર્ફે કુંવરજી જેઠાભાઈ ગડા
(બાડાવાલા)



પ્રસ્તુત પુસ્તકમાં જેમનો સૌથી વધુ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. એવા ધર્મનિષ્ઠ, સંઘવી સુશ્રાવક

શ્રી કસ્તૂરબેન કુંવરજી ગડા (બાડાવાલ



જેમના ધર્મમય જીવનની અનુમોદનાર્થે "કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ"ની સ્થાપના કરવામાં આવી છે, એવા

## ઋણ સ્વીકાર - સાદર સ્મૃતિ

(૧) અનંત ઉપકારી, ભવોદધિતારક, વાત્સલ્ય વારિધિ, સચ્ચારિત્ર ચૂડામણિ, અનન્ય પ્રભુભક્ત, શાસન સમ્રાટ, ભારત દિવાકર, તીર્થપ્રભાવક, દિવ્યકૃપાદાતા, **અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ. સા.**

(૨) સળંગ ૨૯મા વર્ષીતપના આરાધક, શુભાશિષદાતા, વર્તમાન અચલગચ્છાધિપતિ, **તપસ્વીરત્ન, પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર- સૂરીશ્વરજી મ. સા...**

(૩) સૂરિમંત્રપંચપ્રસ્થાનસમારાધક, સાહિત્ય દિવાકર, **પ. પૂ. આ. ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા...**

(૪) લેખન આદિ શુભ પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહાયક બનતા વિનીત શિષ્ય-પ્રશિષ્યો, તેજસ્વી વક્તા **મુનિરાજ શ્રી દેવરત્નસાગરજી**, સ્વાધ્યાય પ્રેમી **મુનિરાજ શ્રી ધર્મરત્નસાગરજી**, તપસ્વી મુનિરાજ **શ્રી કંચનસાગરજી**, સેવાભાવી **મુનિરાજશ્રી અભ્યુદયસાગરજી** તથા નૂતન **મુનિરાજશ્રી ભક્તિરત્નસાગરજી....**

(૫) રત્નત્રયીની આરાધનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહાયક બનતા તમામ ગુરુબંધુઓ, નાના - મોટા મુનિવરો, નામી-અનામી સર્વે શુભેચ્છકો, હિતચિંતકો આદિ...

(૬) મુમુક્ષુ અવસ્થામાં ધાર્મિક સૂત્રો (સાથ)નો સુંદર અભ્યાસ કરાવનાર તેમજ સંયમની પ્રેરણા આપનાર પરમોપકારી **યોગનિષ્ઠ, તત્ત્વજ્ઞ સ્વ. સા. શ્રી ગુણોદયશ્રીજી મહારાજ આદિ...**

(૭) મુમુક્ષુ અવસ્થામાં ૫ વર્ષ પર્યંત સંસ્કૃત પ્રાકૃત વ્યાકરણ, ન્યાય, કાવ્ય, ષટ્દર્શન આદિનો સુંદર રીતે અભ્યાસ કરાવનાર **પંડિત શિરોમણિ શ્રી હરિનારાયણ મિશ્ર** (વ્યા. ન્યા. વેદાંતાચાર્ય)

(૮) પ્રસ્તુત પુસ્તકનો પ્રથમ ભાગ વાંચીને રૂબરુમાં તેમજ પત્રો દ્વારા હાર્દિક અનુમોદના અભિવ્યક્ત કરીને બીજા તથા ત્રીજા ભાગના શીઘ્ર પ્રકાશન માટે પ્રોત્સાહિત કરનાર સહુ ગુણાનુરાગી આત્માઓ ...

આદિ અગણિત ઉપકારી આત્માઓનું સાદર સ્મરણ કરતાં ગૌરવ તથા આનંદ અનુભવું છું. !...

- **ગણિ મહોદયસાગર**

## સુકૃતના સહયોગી દાતાઓની હાર્દિક અનુમોદના

**(૧) સ્વ. સંઘવી શ્રેષ્ઠીવર્ય શ્રીમૂળજીભાઈ ચાંપશી સાવલા :-** સુદેવ સુગુરૂ સુધર્મ પ્રત્યે અપાર ભક્તિ, શ્રી જિનશાસન પ્રત્યે અવિહડ શ્રધ્ધા, શ્રીભગવતી સૂત્રાદિ જિનાગમો વિષેના પ્રવચન શ્રવણની અનન્ય જિજ્ઞાસા, અનેક ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં વહેવડાવેલી દાનની ગંગા વિગેરે દ્વારા જીવનને જીવી જાણ્યું તેવીજ રીતે કેન્સર જેવા અસાધ્ય દર્દને પણ પરલોકની તૈયારી માટે અગાઉથી નોટીસ આપનાર તરીકે ઉપકારક માનીને હસતાં હસતાં, નવકાર ગણતાં સમાધિમૃત્યુને આપે માણી પણ જાણ્યું. આપની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે આપના પરિવાર તરફથી પ્રસ્તુત પ્રકાશનમાં મળેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

**(૨) સ્વ. નરેન્દ્રભાઈ વીરજી દેઢિયા :-** ભુજપુર ગામના તેજસ્વીરત્ન તથા સ્વાધ્યાય પ્રેમી મુનિરાજશ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ના સંસારપક્ષે વડિલબંધુ, સુદેવ-સુગુરૂ-સુધર્મ પ્રત્યે અત્યંત બહુમાન ધરાવનાર, સૌજન્યશીલતા નિખાલસતા, નિઃસ્વાર્થ પરોપકાર, ગુપ્તદાન વિગેરે સદ્‌ગુણોને કારણે આજે પણ લોકહૃદયમાં જીવંત, ધાર્મિક કે વ્યાવહારિક નાના મોટા કાર્યોમાં ઉદાર રીતે લાભ લેનાર, ૪૨ વર્ષની વયે હાર્ટએટેકના કારણે એક મહિના સુધી હોસ્પીટલમાં પણ ધર્મધ્યાનપૂર્વક પરલોકવાસી બનેલા એવા આપની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે આપનાર પરિવાર તરફથી આ પ્રકાશનમાં મળેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

**(૩) સંઘમાતા હંસાબેન આણંદજી છાંભિયા :-** સંયમના પંથે પ્રયાણ કરવા ઈચ્છતા આપના પતિદેવ (હાલ તપસ્વી મુનિરાજશ્રી અભ્યુદય- સાગરજી મ.સા.)ને સમજપૂર્વક સહર્ષ સંમતિ આપીને તથા અનેક સાધર્મિકોને શ્રી સિધ્ધાચલજી આદિ તીર્થોની યાત્રા કરાવવા વિગેરે દ્વારા આપશ્રીએ મહાન સુકૃત ઉપાર્જન કરેલ છે. હવે બાકીની જિંદગીમાં સ્વ-સ્વરૂપની અનુભૂતિ એજ આપનું મુખ્ય લક્ષ્ય રહ્યું છે. આપના એ લક્ષ્યને શીઘ્ર પ્રાપ્ત કરો એવી શાસનદેવને હાર્દિક પ્રાર્થના સાથે 'બહુરત્ના વસુંધરા'ના પ્રકાશનમાં આપેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

**(૪) સંઘમાતા મણિબેન રામજી શાહ :-** શ્રી જિનબિંબ માટે હીરાજડિત રત્નની ટીલડી તથા ચક્ષુ વિગેરે ભરાવવા માટે સદૈવ તૈયાર રહેનાર, શત્રુંજય મહાતીર્થની સામૂહિક ૯૯ યાત્રાના આયોજનમાં સંઘમાતા બનીને લાભ લેનાર, પ્રાયઃ નિયમિત બ્યાસણા વિગેરે તપત્યાગ ભક્તિ તથા અનેકવિધ આરાધનામય જીવન જીવતા એવા આપનું મુખ્ય લક્ષ્ય નિશ્ચયથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ રહ્યું છે. આપના લક્ષ્યને શીઘ્ર પ્રાપ્ત કરનારા બનો એવી અરિહંત પરમાત્માને હાર્દિક પ્રાર્થના. પૂ.ગણિવર્યશ્રી મહોદય સાગરજી મ.સા.ની પ્રેરણાથી પ્રસ્તુત પ્રકાશનમાં આપેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

## ગુણાનુરાગનો મહિમા શાસ્ત્ર દૃષ્ટિએ

ઉત્તમ ગુણાણુરાઓ નિવસઈ હિયયંમિ જસ્સ પુરિસસ્સ
આતિત્થયરપયાઓ, ન દુલ્લહા તસ્સ રિદ્ધીઓ !!

(જે પુરુષના હૃદયમાં ઉત્તમ એવો ગુણાનુરાગ વસે છે તેના માટે તીર્થંકર પદ સુધીની ઋદ્ધિઓ દુર્લભ નથી પરંતુ સુલભ છે.)

તે ધન્ના તે પુન્ના, તેસુ પણામો હવિજ્જ મહ નિચ્ચં ।
જેસિં ગુણાણુરાઓ, અકિત્તિમો હોઈ અણવરયં

(તેઓ ધન્ય છે, તેઓ પુણ્યશાળી છે, તેમને મારો હંમેશાં નમસ્કાર હોજો; કે જેમના હૃદયમાં અકૃત્રિમ એવો ગુણાનુરાગ સદા વસે છે.)

કિં બહુણા ભણિએણં, કિંવા તવિએણ કિં વ દાણેણં ।
ઈક્કં ગુણાણુરાયં, સિક્ખહ સુક્ખાણ કુલભવણં ॥

(વધારે ભણવાથી, વધારે તપ કરવાથી કે વધારે દાન આપવાથી સર્યું; પરંતુ સુખોના કુલ ભવન જેવા એક ગુણાનુરાગને જ શીખો.)

જઈવિ ચરસિ તવ વિઉલં, પઢસિ સુયં કરિસિ વિવિહ કટ્ઠાઈ ।
ન ધરસિ ગુણાણુરાયં, પરેસુ તા નિષ્ફલં સયલં ॥

(હે જીવ ! તું ભલે ઉગ્ર તપ કરતો હોય, ઘણું શ્રુતજ્ઞાન ભણતો હોય કે વિવિધ પ્રકારના પરિસહોના કષ્ટો સહન કરતો હોય; પરંતુ જો બીજા જીવો પ્રત્યે ગુણાનુરાગને ધારણ કરતો નથી તો તે બધું નિષ્ફલ જાણવું !...)

સોઉણ ગુણુક્કરિસ્સં, અન્નસ્સ કરેસિ મચ્છરં જઈવિ
તો નૂણં સંસારે, પરાહવં સહસિ સવ્વત્થ ॥

(હે જીવ ! જો તું બીજા જીવોના ગુણોના ઉત્કર્ષને સાંભળીને ઈર્ષ્યા કરતો હોય તો તું ચોક્કસ આ સંસારમાં સર્વત્ર પરાભવને સહન કરીશ.)

# જરા થોભો...વાંચો અને આગળ વધો...

## (સંપાદકીય)

વિ. સં. ૨૦૪૮-૨૦૪૯માં અમને ચાતુર્માસમાં તેમજ ગુજરાતમાં વિહાર દરમ્યાન કેટલાક જન્મથી અજૈન પરંતુ આચરણથી સવાયા જૈન હોય એવા વિશિષ્ટ કોટિના આરાધક આત્માઓનો પરિચય થતો રહ્યો કે જેમને યાદ કરતાં અહોભાવ ઉત્પન્ન થાય તથા જેમનું જીવન અનેક આત્માઓને માટે ખૂબ જ પ્રેરણાદાયક છે. પ્રવચનાદિમાં પણ તેવા આત્માઓનાં અર્વાચીન દૃષ્ટાંતો સવિશેષ અસરકારક નીવડતા હોઈ તેવા દૃષ્ટાંતોની ટૂંકી નોંધ ડાયરીમાં લખવાનું શરૂ કર્યું.

અહોભાવ ઉત્પન્ન થાય તેવું લગભગ સાધુ જેવું જીવન જીવતા હોય તેવા કેટલાક ઉત્તમ આરાધક શ્રાવકોના પણ અર્વાચીન દૃષ્ટાંતો મળવા લાગ્યા તેની પણ ટૂંકી નોંધ થતી ગઈ.

ચોથા આરાની કે મહાવિદેહ ક્ષેત્રની યાદ અપાવે તેવું ઉચ્ચ સંયમી જીવન જીવનારા કેટલાક મુનિવરો પણ પરિચયમાં આવ્યા.

માર્ગાનુસારિતાની ભૂમિકામાં રહેલા કેટલા આત્માઓનું પણ ખૂબજ અનુમોદનીય જીવન દૃષ્ટિગોચર થયું.

પ્રવચનમાં તેમજ સત્સંગમાં આવા આરાધક રત્નોના દૃષ્ટાંતોની રજુઆત થતાં ધાર્યા કરતાં ઘણી જ વિશિષ્ટ સુંદર અસર થતી જોવાઈ. ક્વચિત્ ક્ષમાપના પત્રોમાં આવા ૨-૪ દૃષ્ટાંતો સંક્ષેપમાં રજુ કરતાં પણ ચારે બાજુથી અત્યંત અનુમોદનાના ઉદ્‌ગારો અભિવ્યક્ત કરતા પત્રો આવવા લાગ્યા.

પરિણામે શ્રીદેવ-ગુરુની અસીમ કૃપાથી એવી અંતઃસ્ફુરણા થઈ કે ભારતભરમાં શ્રીજિનશાસનમાં અનેક સંઘોમાં-ગામ-નગરોમાં આવા આવા અનેક દૃષ્ટાંતો વિદ્યમાન હશે. તેમનું જો વ્યવસ્થિત સંકલન કરીને પ્રકાશિત કરવામાં આવે તો પ્રમોદભાવના ભાવવાની પ્રભુઆજ્ઞાનું પાલન થાય... તે તે આરાધક આત્માઓને પણ પ્રોત્સાહન અને વધુ સારું જીવન જીવવાનું

બળ મળે તેમજ બીજા અનેકાનેક આત્માઓને અનુમોદના અને જીવંત પ્રેરણા દ્વારા ખૂબજ લાભ થાય.

આવી ભાવનાથી પ્રેરાઈને આવા દૃષ્ટાંતોનો સંગ્રહ કરવા માટે સં. ૨૦૪૯ના ચાતુર્માસમાં એક વિગતવાર પરિપત્ર બહાર પાડી ચારેય ફિરકાઓનાં પ્રાયઃ તમામ સાધુ-સાધ્વીજી ભગવંતોને તેમજ સંઘોને મોકલાવવામાં આવેલ. જેના પ્રતિસાદ રૂપે કેટલાક દૃષ્ટાંતો તેમજ આવા પ્રયત્ન બદલ હાર્દિક અભિનંદન અને અનુમોદનાની પણ અનુમોદનાના અનેક પત્રો પ્રાપ્ત થયા. જેનાથી આ શુભ કાર્ય માટેના ઉત્સાહમાં અભિવૃદ્ધિ થઈ.

ત્યારબાદ પાલિતાણા - અમદાવાદ વિગેરે સ્થળોમાં પણ વિવિધ સમુદાયોના મુનિવરાદિનો રૂબરુ સંપર્ક સાધી તેમની પાસેથી પણ કેટલાક દૃષ્ટાંતો સંગ્રહિત કર્યા.

શક્યતા મુજબ તે તે આરાધક આત્માઓને રૂબરુ મળીને પ્રશ્નોત્તરી દ્વારા તેમની આરાધનાની જાણકારી મેળવી.

આ બધા પ્રયત્નોની ફલશ્રુતિ સ્વરૂપે આજે આ પુસ્તક ધર્મપ્રેમી, જિજ્ઞાસુ વાચકવૃંદના કરકમલમાં આવી રહ્યું છે તે બદલ અંતઃકરણમાં અપાર આનંદની અનુભૂતિ થાય તે સહજ છે.

પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન વહેલું કરવાની ભાવના હતી પરંતુ સંયોગવશાત્ વચ્ચે 'જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ?' (પાંચ આવૃત્તિ - કુલ ૧૯૦૦૦ નકલ) નામના અત્યંત લોકપ્રિય બનેલ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ 'Miracles of Mahamantra Navkar' પુસ્તકનું તથા 'પ્રભુ સાથે પ્રીત' પુસ્તકનું સંપાદન કરવાની તથા સર્વપ્રથમવાર ગિરનારજી મહાતીર્થની સામૂહિક ૯૯ યાત્રામાં નિશ્રા આપવાની જવાબદારી આવી પડી. જેથી ધાર્યા કરતાં ઠીક ઠીક વિલંબ થવાથી ઘણા જિજ્ઞાસુઓને રાહ જોવી પડી. પરંતુ હવે વિશેષ રાહ જોવી ન પડે તે માટે હાલ પુસ્તકનું કુલ ૩ વિભાગમાં વર્ગીકરણ કરી, **'જન્મથી અજૈન પરંતુ આચરણથી જૈન હોય;** તેવા ૭૨ વિશિષ્ટ અર્વાચીન દૃષ્ટાંતોનો પ્રથમ ભાગ ગત વર્ષે પ્રકાશિત કરવામાં આવેલ છે.

પ્રસ્તુત દ્વિતીય ભાગમાં વર્તમાનકાલીન વિશિષ્ટ કોટિના આરાધક

જૈન શ્રાવક-શ્રાવિકાઓના દૃષ્ટાંતો પ્રકાશિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ ત્રીજા વિભાગમાં વિશિષ્ટ કોટિના આરાધક વર્તમાનકાલીન સાધુ-સાધ્વીજી ભગવંતોના દૃષ્ટાંતો સાથે પ્રાચીન મહાપુરુષોના અનુમોદનીય દૃષ્ટાંતો પણ પ્રકાશિત કરવાની ભાવના છે.

પુસ્તક અલગ અલગ વિભાગમાં પ્રકાશિત થાય તો પુસ્તકનું કદ તેમજ કિંમત અલ્પ રહેવાથી વિવિધ ધાર્મિક કે વ્યાવહારિક પ્રસંગે સાધર્મિકોને કે સગા-સ્નેહીઓને પ્રભાવના રૂપે આ પુસ્તકનો કોઈ પણ એક ભાગ સુગમતાથી આપી શકાય આવું પણ હિતસૂચન કેટલાક હિતેચ્છુ આત્માઓ તરફથી મળેલ છે. એ પણ આ પુસ્તકને અલગ અલગ વિભાગોમાં પ્રકાશિત કરવા પાછળ નિમિત્ત કારણ છે.

છેલ્લે બધા વિભાગોનું સંયુક્ત પ્રકાશક પણ થશે.

**'જે થાય તે સારાને માટે જ'** એ સુવાક્ય મુજબ પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં થયેલ વિલંબ પણ વધુને વધુ દૃષ્ટાંતોને સંગ્રહ થવામાં નિમિત્ત બન્યું છે.

દૃષ્ટાંતોનું સંકલન કરતાં કરતાં નીચેનો શ્લોક વારંવાર યાદ આવતો રહ્યો છે અને એની યથાર્થતા પણ વધુને વધુ સ્પષ્ટ થતી રહી છે. આ રહ્યો એ શ્લોક-

**પદે પદે નિધાનાનિ, યોજને રસકુંપિકા ।**
**ભાગ્યહીના ન પશ્યંતિ, બહુરત્ના વસુંધરા ॥**

[ભાવાર્થ : આ પૃથ્વીમાં ડગલે - પગલે નિધાન રહેલા છે અને પ્રત્યેક યોજને સુવર્ણસિદ્ધિરસની કુંપિકાઓ રહેલી છે. પરંતુ ભાગ્યહીન આત્માઓ તેમને જોઈ શકતા નથી. બાકી આ પૃથ્વી (વસુંધરા) તો ખરેખર ઘણા રત્નોવાળી જ છે !...]

**આ શ્લોકમાં સૂચિત જડ નિધાનો કે રસકુંપિકાઓ ભલે કદાચ કાળના પ્રભાવે હાલ દૃષ્ટિગોચર થતા ન હોય પરંતુ ડગલે પગલે/અનેક સંઘોમાં વિશિષ્ટ આરાધક ચૈતન્યરત્નોનાં દર્શન તો આજે પણ અચૂક થઈ શકે છે. તે માટે ભાગ્ય કરતાં પણ મુખ્યત્વે શ્રીદેવ-ગુરુની અસીમ કૃપાથી વિકસિત થયેલી, અને સત્સંગ તેમજ સદ્વાંચનથી પરિકર્મિત થયેલી ગુણદૃષ્ટિ અને પ્રમોદભાવનાનો ભવ્ય પુરુષાર્થ અપેક્ષિત છે.**

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ આવી અનુભૂતિ વધુને વધુ સ્પષ્ટ થતી રહી છે.

એટલે અત્રે રજુ થઈ રહેલા દૃષ્ટાંતો તો અંશમાત્ર છે, બાકી શ્રી જિનશાસન તો આવા આવા અનેકાનેક આરાધક ચૈતન્યરત્નોની ખાણ છે. માટે જ તો ચતુર્વિધ શ્રીસંઘને રત્નોનું ઉત્પત્તિસ્થાન રોહણાચલ પર્વતની ભૂમિ વિગેરેની ઉપમા સિંદૂરપ્રકર વિગેરેમાં તેમજ શ્રીનંદીસૂત્ર આદિ આગમોમાં આપવામાં આવેલ છે. માટે જેમ જેમ આવા છુપા આરાધક રત્નોની ભાળ મળતી જશે તેમ તેમ આ પુસ્તકની આગામી આવૃત્તિઓમાં પ્રકાશિત થઈ શકશે. સુજ્ઞ વાચકોને આવા દૃષ્ટાંતો શીઘ્ર લખી મોકલાવવા નમ્ર વિનંતિ.

આ પુસ્તકના વિવિધ વિભાગોમાં પ્રકાશિત થઈ રહેલા આરાધક આત્માઓમાંથી શક્ય તેટલા વધુને વધુ આત્માઓને પ્રત્યક્ષ મળીને પ્રશ્નોત્તરી દ્વારા તેમની આરાધનાની જાણકારી મેળવવા પ્રયત્ન કર્યો છે. કેટલાક દૃષ્ટાંતો ધર્મચક્રપ્રભાવક **પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી જગવલ્લભવિજયજી મ. સા. પૂ. ગણિવર્યશ્રી ગુણસુંદરવિજયજી મ. સા., પૂ. ગણિવર્ય શ્રી ભુવનસુંદરવિજયજી મ. સા., ગણિવર્યશ્રી અક્ષયબોધિવિજયજી, મુનિરાજશ્રી મહાબોધિવિજયજી** વિગેરે મુનિવરાદિ પાસેથી તેમના અનુભવ સ્વરૂપે સાંભળીને લખ્યા છે, તો કેટલાક દૃષ્ટાંતો વિવિધ આત્માઓ પાસેથી પત્રવ્યવહાર દ્વારા પણ પ્રાપ્ત કર્યા છે. કેટલાક દૃષ્ટાંતો શાસનપ્રભાવક **પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.** દ્વારા લિખિત 'મુનિ જીવનની બાળપોથી' તથા 'મારી તેર પ્રાર્થનાઓ' તથા **મુનિરાજ શ્રી ભદ્રેશ્વરવિજયજી** દ્વારા સંકલિત 'જૈન આદર્શ પ્રસંગો'ના આધારે રજુ કર્યા છે. આ સર્વે મહાત્માઓનો તેમજ અન્ય પણ નામી-અનામી અનેક આત્માઓએ પ્રસ્તુત પુસ્તકના સંકલન/સંપાદનમાં વિવિધ સ્વરૂપે પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહયોગ આપ્યો છે. તે સર્વેને અત્રે કૃતજ્ઞભાવે યાદ કરી હાર્દિક આભારની લાગણી વ્યક્ત કર્યા સિવાય રહી શકાય તેમ નથી.

દીક્ષા લેવાની તીવ્ર તાલાવેલી હોવા છતાં પણ માત્ર બિમાર માતાની સેવા ખાતર વેવિશાળનું બંધન સ્વીકારી, સગાઈ પછી અને લગ્ન પહેલાં જ સજોડે યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કરી, લગ્નબાદ પણ ૧૦ વર્ષ સુધી (દીક્ષા પર્યંત) એ અસિધારાવ્રતનું નિર્મળપણે પાલન કરી, સજોડે દીક્ષિત થયેલા **મુનિરાજશ્રી જયદર્શનવિજયજી**એ ખૂબજ આત્મીયભાવે પ્રસ્તુત પુસ્તકના

પ્રકાશનમાં દિલચશ્પી દાખવીને મનનીય પ્રસ્તાવના લખી આપીને પુસ્તકની ઉપયોગિતામાં અભિવૃદ્ધિ કરી છે તે બદલ તેમનો પણ હાર્દિક આભારી છું. તેમનું આશ્ચર્યપ્રદ દૃષ્ટાંત આ પુસ્તકમાં પ્રથમ ક્રમાંકમાં રજુ થયેલ છે.

અત્રે રજુ થયેલ દૃષ્ટાંતો વધુ વિશ્વસનીય બને તેમજ જિજ્ઞાસુ આત્માઓ તે તે આરાધકોને રૂબરુ મળીને યા પત્ર દ્વારા ઉપબૃંહણા કરીને વધુ પ્રોત્સાહિત કરી શકે તથા તેમના સંપર્કથી સ્વયં પણ તેવા સદ્‌ગુણો પ્રાપ્ત કરી શકે તે માટે શક્યતા મુજબ તે તે આરાધકોના નામ-ઠામ અત્રે રજુ કરવામાં આવ્યા છે. **સુજ્ઞ વાચકવૃંદને નમ્ર વિનંતિ કે બની શકે તો તે તે આરાધકોને એકાદ પોસ્ટકાર્ડ લખીને તેમની ઉપબૃંહણા-અનુમોદના કરવી જેથી તેમને આરાધનામાં હજી પણ આગળ વધવા માટે બળ મળી રહે તેમજ આપણા જીવનમાં પણ તેવી વિશિષ્ટ આરાધના કરવાની શક્તિ પ્રગટે.**

પ્રાયઃ દરેક બાબતોમાં સાપેક્ષ રીતે લાભ/ગેરલાભ બંને ઓછે-વત્તે અંશે સમાયેલા હોય છે અથવા તો સિક્કાની બે બાજુ હોય છે. તેમ એક એવું પણ હિતસૂચન આવેલ કે નામ-ઠામ વિના કેવળ આરાધકોનાં દૃષ્ટાંત જ પ્રકાશિત કરવા (નામ-ઠામ કોઈ પૂછે તો જ જણાવવા) કારણકે વર્તમાનની એ વિષમતા છે કે આરાધનાનું કેટલુંક પાસું સુંદર હોય તેવા કેટલાકનું બીજું પાસું એટલું સુંદર નથી હોતું, તેવી વ્યક્તિઓનાં નામ-ઠામ સાથે પ્રસંગો છપાય, તો આખી વ્યક્તિ ભદ્રિક જીવો માટે અનુમોદનીય બની જાય...ઈત્યાદિ

આ વાત સાપેક્ષ દૃષ્ટિએ બરાબર હોવા છતાં ઉપરોક્ત હેતુસર અત્રે આરાધકોના નામ-ઠામ રજુ કરવાનું સાહસ કર્યું છે. વાચકવૃંદ ઉપરોક્ત હિતસૂચનને નજર સમક્ષ રાખીને હંસની માફક ક્ષીર-નીર ન્યાયે આરાધકોના જીવનમાંથી સદ્‌ગુણોને ગ્રહણ કરશે અને છદ્મસ્થદશાસુલભ ત્રુટિઓ પ્રત્યે માધ્યસ્થ્યભાવ ધારણ કરશે એવી આશા. જ્યાં સુધી છદ્મસ્થદશા છે ત્યાં સુધી દરેક જીવોમાં ગુણ-દોષ બંને ઓછે-વત્તે અંશે હોવાના જ છે. તેથી અત્રે રજુ થયેલ આરાધકોના જીવનમાં પણ કોઈક બાબતમાં ત્રુટિઓ હોય તો તેમાં આશ્ચર્ય નથી પરંતુ સ્વાભાવિક છે. કારણકે **અનાદિકાલથી મિથ્યાત્વથી મૂઢ બનેલા, કર્મોથી ઘેરાયેલા, સ્વસ્વરૂપથી અજ્ઞાત એવા આ જીવમાં અનંત દોષો હોય તો પણ તેમાં કશું આશ્ચર્ય નથી; પરંતુ આવા પણ જીવમાં એકાદ નાનકડો પણ સદ્‌ગુણ પ્રગટેલો દેખાય તો તેને મહા આશ્ચર્યરૂપ માની તેની હાર્દિક**

અનુમોદના અને અવસરોચિત વાણીથી ઉપબૃંહણા કરવાનો મહાપુરૂષોનો ઉપદેશ છે.

અત્રે રજુ થયેલ દૃષ્ટાંતોના પાત્ર સ્વરૂપ આરાધક આત્માઓને પણ વિનમ્રભાવે હિતસૂચન કરું તો તે અસ્થાને નહિ ગણાય કે પ્રસ્તુત પુસ્તકમાં તમારૂં દૃષ્ટાંત તમારા સ્વયં વાંચવામાં આવે ત્યારે, યા તો તે વાંચીને કોઈક ભાવુક આત્મા તમારી ઉપબૃંહણા/પ્રશંસા કરે ત્યારે માનકષાયને પોષણ ન મળે તે માટે જાગૃતિપૂર્વક આત્મનિરીક્ષણ દ્વારા પોતાનામાં જે જે ખામીઓ જણાય તેનો વિનમ્રભાવે માનસિક કે વાચિક એકરાર કરવો અને ગંભીરતાપૂર્વક તે તે ત્રુટિઓ/દોષોને શીઘ્ર સુધારી લેવા પુરૂષાર્થ કરવો કે જેથી તમારું આલંબન કોઈને પણ મોક્ષમાર્ગથી વિમુખ ન બનાવે પરંતુ સવિશેષ સન્મુખ બનાવનારૂં નીવડે.

પ્રસ્તુત પુસ્તકની કંપોઝ તથા પ્રિન્ટીંગ સંબંધી તમામ જવાબદારી, "કલ્યાણ" માસિકના માનદ સંપાદક **શ્રી કીરચંદભાઈ જે. શેઠે** ચીવટપૂર્વક સંભાળી લીધી છે તેથી તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

**શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટે** 'જેનાં હૈયે શ્રીનવકાર, તેને કરશે શું સંસાર ?' વગેરે પુસ્તકોની માફક આ પુસ્તકના પ્રકાશનમાં સહર્ષ સંમતિ દર્શાવી છે તેથી તેના **મુખ્ય ટ્રસ્ટી સોલીસીટર શ્રી હરખચંદભાઈ કુંવરજી** ગડા આદિ ટ્રસ્ટીમંડળ તેમજ પ્રકાશનમાં સુંદર સહયોગ આપનાર દાતાઓ સર્વે ધન્યવાદને પાત્ર છે.

પ્રસ્તુત પુસ્તકનો પ્રથમ ભાગ વાંચીને સેંકડો આત્માઓએ રૂબરુમાં તેમજ પત્રો દ્વારા ભૂરિ ભૂરિ હાર્દિક અનુમોદના અભિવ્યક્ત કરીને બીજા તથા ત્રીજા ભાગના શીઘ્ર પ્રકાશન માટે પ્રોત્સાહિત કરેલ છે. તે સહુ સદ્ગુણાનુરાગી આત્માઓનો આભાર વ્યક્ત કરવા માટે શબ્દો ઓછા પડે છે!...

અને અંતે-

**गच्छतः स्खलनं क्वापि, भवत्येव प्रमादतः ।**

**हसन्ति दुर्जनास्तत्र, समादधति सज्जनाः ॥**

["ચાલનાર કે કોઈપણ શુભ કાર્ય કરનાર આત્માની છદ્મસ્થદશાવશાત્ પ્રમાદને લીધે ક્યાંક પણ ભૂલચૂક થાય છે, પરંતુ દુર્જન

પુરુષો એ ભૂલ ઉપર હસે છે જ્યારે સજ્જન પુરુષો ભૂલનું સમાધાન કરે છે."]

આ શ્લોક મુજબ પ્રસ્તુત પુસ્તકમાં ક્યાંય પણ શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય અથવા દૃષ્ટાંતોમાં વાસ્તવિકતાથી ઓછું અધિકું યા વિપરીત લખાયું હોય તો તે બદલ હાર્દિક મિચ્છામિ દુક્કડં. સુજ્ઞ વાચકો તે બદલ ધ્યાન દોરશે તો નવી આવૃત્તિમાં સુધારો કરી લેવામાં આવશે.

પુસ્તકના પ્રથમ ભાગના પ્રિન્ટીંગ વખતે જ સગવડ ખાતર બીજા તથા ત્રીજા ભાગ માટે ટાઈટલ ચિત્ર છપાઈ ગયેલ. પરંતુ હવે ત્રણે ભાગનું સંયુક્ત પ્રકાશન થશે ત્યારે મુખપૃષ્ઠ ચિત્ર બદલાવવામાં આવશે તથા પાકા પૂઠાની બાઈડીંગ થશે જેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવા વિનંતિ.

પ્રસ્તુત પુસ્તકના મનનપૂર્વક વાંચન દ્વારા અનેક આત્માઓ ગુણાનુરાગી તેમજ ગુણવાન અને વિશિષ્ટ કોટિના આરાધક બનીને શીઘ્ર મુક્તિ પદના અધિકારી બનો એ જ શુભાભિલાષા

- ગણિ મહોદયસાગર

સં. ૨૦૫૩ ચૈત્ર સુદિ ૧

ચારૂપ તીર્થ

## કવર પૃષ્ઠના ચિત્રનો પરિચય

કવરપૃષ્ઠ નં.૧ ઉપર પુસ્તકના નામ પ્રમાણે વિવિધરંગી રત્નોનું ચિત્ર છે; જ્યારે કવર પૃષ્ઠ નં. ૪ ઉપર અનુક્રમે બ્રાહ્મણ, રજપુત, ખેડુત, ભરવાડ, પ્રોફેસર, સુથાર, મોચી તથા મુસલમાનનાં રેખાચિત્રો છે. દરેક ચિત્રની નીચે "જૈનં જયતિ શાસનં" લખેલું છે તે એમ સૂચવે છે કે પુસ્તકના પ્રથમ ભાગમાં આવા પ્રકારની વિવિધ જ્ઞાતિઓના લોકો પણ જૈન ધર્મ વિશિષ્ટ રીતે પાળે છે તેમના દષ્ટાંતો છે.

ત્યારબાદ રાજા-મંત્રી, શ્રાવક તથા શ્રાવિકાના ચિત્રો છે. તે આ પુસ્તકના બીજા ભાગના વિષયને સૂચવે છે.

ત્યારબાદ શ્વેતાંબર મૂ.પૂ., સ્થાનકવાસી, તેરાપંથી તથા દિગંબર મુનિઓનાં ચિત્રો સૂચવે છે કે ત્રીજા ભાગમાં ચારેય ફિરકાના વિશિષ્ટ આરાધક સાધુ-સાધ્વીજી ભગવંતોના દષ્ટાંતો છે.

## PREFACE CUM PRAISE (પ્રસ્તાવના અને સ્તવના)

લેખક - ગચ્છાધિપતિ પૂજ્ય આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા. ના
પ્રશિષ્ય મુનિ જયદર્શન વિ. મ.

શ્રદ્ધારૂપી શ્રીથી શ્રીમંત, વિવેકરૂપી વિદ્યાથી વિદ્વાન અને ક્રિયારૂપી કસબથી કલાકાર અમારા અદકેરા જિન પરમાત્માના શાસનનો અમારો શ્રાવક તે સામાન્ય જન નહિ પણ જિનાજ્ઞા વાસિત જૈન નબીરો છે. જ્યારે લૌકિક ધર્મના અનુયાયીમાં પણ ગુણોના ગુણાકાર જોવા મળી જાય તો અલૌકિક ને અઘરા કહેવાતા ધર્મના ધર્મીમાં તેજ ગુણો ગણ્યા ગણાય નહિની માત્રામાં મળે તો આશ્ચર્ય શું ?

''બહુરત્ના વસુંધરા'' પુસ્તકનો આ દ્વિતીય ભાગ તેવા જ અર્વાચીન આદર્શ દૃષ્ટાંતો રજૂ કરવા રજા માગી રહ્યો છે, જેનું કારણ એ પણ ખરૂં કે આ સર્જન પાછળનો મુખ્ય હેતુ છદ્મસ્થાવસ્થામાં રહેલા છિદ્રો-દોષો વચ્ચે પણ ચિત્ર-વિચિત્ર ગુણો ગોતી તેને ગાવાનો છે, પણ તેથી રખે ને કોઈ માની લે કે તે તે દ્રષ્ટાંતોના આધાર પાત્રો કર્મમળથી સાવ કોરા છે, ન્યારા છે કે સર્વગુણ સંપન્ન છે. કારણ ચોખ્ખું છે કે જ્યાં સુધી સાધકાત્મા સિદ્ધિઓના સોપાન સર કરતો સિદ્ધ પદને પ્રાપ્ત નથી કરતો ત્યાં સુધી અપેક્ષાએ કેવળી બની ગયા પછી પણ ચાર અઘાતી કર્મોથી લડવાનું બાકી જ રહે છે, પછી જ સંસારમુક્ત બની સિદ્ધશિલાએ સ્થિર થાય છે. આમ વ્યવહાર નયની ગુણ પરાકાષ્ઠા જ્યારે કેવળજ્ઞાન સુધી સંકેત-સફર કરાવી શકે છે, ત્યારે નિશ્ચય નય તો કેવળીઓને પણ કર્મ કલંકથી કંઈક અમુક્ત કહી સિદ્ધાવસ્થા પૂર્વેની સર્વ સ્થિતિઓને અપૂર્ણ દેખાડે છે, જે સત્ય પણ છે.

છતાંય તે તે કાળે ઘટેલી ઘટનાઓના આધારે ફક્ત તીર્થંકર કે સામાન્ય કેવળજ્ઞાનીઓની જ નહિ, પણ શ્રાવક-શ્રાવિકાઓની યશોગાથાથી પણ જૈન-કથાનુયોગ ભરપૂર ભર્યો છે, તેથીય વધીને પશુ-પંખીઓની પણ પ્રગતિ નોંધવામાં જ્ઞાનીઓએ ક્ષોભ-સંકોચ ન રાખી કમાલ કરી નાખી છે, સમડી મરી રાજકુંવરી સુદર્શના બની, પૂર્વભવનો મિત્ર મરી ઘોડો બન્યો પણ પુણ્યોદયે તીર્થપતિ પરમાત્માને પામી સ્વર્ગે સંચર્યો, ચંડકૌશિક જેવો દૃષ્ટિવિષધારી ભુજંગ આત્મદૃષ્ટિ આત્મસાત્ કરી કર્મજંગ જીતી ગયો, પાડો મરીને ધર્મ પસાયે દેવલોકનો દેવ કેવી રીતે બન્યો, હાથીના ભવની જીવદયાએ મેઘકુમાર જેવા મેધાવી મહાપુરૂષ રૂપે કેવો રૂડો જન્મ ને જીવન આપ્યું, શ્રી નવકાર પ્રતાપે દેવ મટી વાંદરો બનેલ જીવ ફરી દેવલોકની

દુનિયામાં પ્રવેશી ગયો, એમ નાનો તુચ્છ દેડકો શુભધ્યાન બળે મરી દિવ્ય શક્તિવાળો દેવતા થયો.

અરે ! પાણીના પોરા રૂપે જન્મેલ જીવો એક ધર્માત્માની જયણાથી એક વૃક્ષ ઉપર યક્ષો બન્યા, વનસ્પતિના ભવમાં અટવાયેલો જીવાત્મા બાજુની જ કાંટાળી વનસ્પતિની ભોંક સમતાથી સહન કરી માતા મરૂદેવા બન્યા, તીર્થંકર આદીશ્વર જેવા પુણ્યશિરોમણિ ને જન્મ આપી તેજ ભવમાં પોતાના જન્મ-મરણની ઝંઝાળ સમેટી લીધી. આજ પ્રમાણે ઉંદર, પોપટ-મેના, હંસ, માછલી, બળદ કે સિંહના જીવો પોતપોતાના ભવમાં જ ગુણ વૈભવોનો અંશમાત્ર પામી કેવી રીતે પ્રગતિ કરી ગયા, તેની અજબ-ગજબની કથા વાર્તાઓથી જૈન શાસ્ત્રો સમૃદ્ધ છે. તેવા તુચ્છ દશાના જીવોને મળેલ ઉચ્ચ દિશાની ગૌરવગાથા જો ગવાય, તો તેથીય ઘણાજ HIGH STAGE માં રહેલ HONERABLE સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાઓના ગુણ પ્રકર્ષનો પરિચય પ્રદાન કરવા-કરાવવામાં ગુણાનુરાગ સિવાય શું સમજી શકાય ?

પશુ-પંખી કે ઝાડ-પાન જેવી તિર્યંચ ગતિના તે જીવોની પ્રગતિ ઘણી જ અલ્પ છે, કારણકે તેમાંના મોટા ભાગના જીવોની પ્રગતિ દેવ કે માનવ રૂપે થઈ છે, કદાચ અટકી પણ ગઈ છે, કોઈક ફરી પતનની પગથારે પડી ગયા હશે તોય અચંબો નહિ. છતાંય અસિદ્ધ દશા સુધી જો ગુણવિકાસના વિવિધ વિષયો વાર્તા રૂપે પ્રસ્તુત કરવામાં પૂર્વજોએ કંજૂસાઈ કરી હોત તો આવી અપૂર્વ અને આશ્ચર્યકારી ઘટનાઓ કોણ જાણત ? વાંચન પછી ચિંતન, મનન, નિદિધ્યાસન કરી તેમાં રહેલ રહસ્યોની ઊંડાઈ સુધી કોણ ડૂબકી લગાડી શકત ?

આ પુસ્તિકામાં તેવી તુચ્છ ગણાતી તિર્યંચગતિના જીવોના બયાન નથી, પણ ઉચ્ચમાં ઉચ્ચ ગણાતી મનુષ્યગતિ, અને તેમાંય અતિ ઉચ્ચ આરાધનાનો ઉજ્જવલ પંથ પામેલા જૈન પથિકોના જીવન-કવનનો એકાંશ પ્રસ્તુત છે. ચતુર્વિધ શ્રી સંઘમાં જેમ ગૌરવ પદે સાધુ તથા સાધ્વી ભગવંતો છે તેમ તેમના 'અમ્મા-પિયા'ની ઉપમા જિનેશ્વરોના શ્રીમુખે પામનાર આરાધક શ્રાવક-શ્રાવિકાઓનો પણ સમન્વય છે. અમારા ધર્મશાસનનો તે ગૃહસ્થ પાપની પર્ણકુટિમાં રહે છે, આરંભ-સમારંભ પણ કરે છે, છતાંય પુણ્યાત્મા એટલે છે કે તે હંમેશ પુણ્યવંતા પવિત્રાત્મા ગુરુ-ગુરુણીના પડખા સેવતો જીવે છે, પાપોથી બીવે છે.

પરિગ્રહી તે શ્રાવક વિવિધ વસ્તુઓ-વાનગીઓનો સંગ્રાહક વેપારી છે, તો તેના વ્યાપારમાં નફાની નોંધણી કરાવનાર વસ્ત્ર-પાત્ર-ભિક્ષા ગવેષક

ગ્રાહક જેવા ભિક્ષુક સાધુ-સંતો છે, ચતુર્વિધ શ્રીસંઘના બે ભાગ પૂજ્ય છે, બે ભાગ પૂજક. છતાંય મોક્ષ પુરૂષાર્થ માટે પોતપોતાના સ્થાને રહી શક્તિ ગોપવ્યા વગર ધર્મપુરૂષાર્થ કરનાર ચારેય ભાગ છે. તેથી જ તો શાસ્ત્રકારોએ જેમ પૂજ્ય હેમચંદ્રાચાર્યને અભિવંદ્યા છે તેમ પૂજક એવા કુમારપાળ ને અભિનંદ્યા છે, જેમ ગુરુ પદે રહેલા વજસ્વામિ પૂજાણા છે તેમ શિષ્ય પદે રહેલ જાવડશા જેવા શ્રાવકરત્ન પણ ગવાણા છે.

પ્રભુ માર્ગના મુસાફર મુનિવરો સંસારની સાથે સંસારી ગૃહસ્થોની માયાનો પણ ત્યાગ કરી આરાધનામાં અગ્રસર બને છે, જ્યારે સંસારીઓ તેજ ત્યાગીઓના રાગી બની સાંસારિક માયાજાળ વચ્ચે પણ મુનિમહંતોની માયા રાખે છે. સાધુ સર્વઆરાધક છે તો શ્રાવક દેશારાધક, સાધુને વિરતિ સર્વથી છે તો ગૃહસ્થ શ્રાવકને દેશથી ખરી, સમતાના આજીવન સાધક શ્રમણો છે, તો શ્રમણોપાસક સામાયિકના માધ્યમે સાધુ જેવો જ આરાધક-સાધક બનવા અધિકારી છે. માટે જ તો પ્રતિક્રમણ માંડલીમાં સાધુની સાથે પ્રતિક્રમણ કરતા તે તે વિશિષ્ટ શ્રાવકની સવિશેષ આરાધનાની અનુમોદના સાધુ સ્વયં પૂર્વકાળના પુણ્યશાળી ગૃહસ્થોને યાદ કરી બોલીને નહિ પણ ગાઈને કરે છે. પ્રતિક્રમણ વખતે સાંજે સજ્ઝાયના આદેશોની સત્તા સંસારી ઉપાસકને ન આપી સાધુને સુપ્રત કરવા પાછળ આપ્તપુરૂષોનો તે ઉદ્દેશ્ય કંઈક રહસ્યમય છે. સવારના પ્રતિક્રમણમાં સજ્જન શ્રેષ્ઠી કે સામાન્ય શ્રાવકના ગુણોને સ્મરણમાં લઈ સાધુ પણ શું શ્રાવક-શ્રાવિકાની ધર્મસત્તા કે સતીવ્રતની પ્રશંસા નથી કરતા ? ભરહેસરની સજ્ઝાય તેનું ઉદાહરણ છે જ તો.

અરે ! વધુ તો શું કહેવું, પણ જેમ સાધુ-સાધ્વીની આશાતના પણ પાપરૂપ ગણાવાઈ છે તેમ શ્રાવક-શ્રાવિકાઓની પણ આશાતના-અવગણનાથી બચવા જ્ઞાનીઓએ સાધુ-સાધ્વીઓને સાંજના પ્રતિક્રમણમાં તેઓ વડે બોલાતા પવિત્ર શ્રી શ્રમણ સૂત્રના માધ્યમે ગુપ્ત ઈશારો કરી જ દીધો છે. તે શ્રાવક-શ્રાવિકા વગરનો સંઘ ચતુર્વિધ કેવી રીતે બને ? આવા ઉત્તમ Four Fold વાળા SANGH ની શ્રેષ્ઠતાને સમજવા આગમપુરૂષોએ નંદીસૂત્ર નામના આગમમાં સાધુને ઉદ્દેશી શું શું નથી કહ્યું ?

HIS HIGHNESS ના સ્થાપિત શ્રી સંઘને કંઈક આવી ઉપમાઓ પણ ઓછી કહેવાય...

સ = SUPREME STRUCTURE OF ALL THE EARTHLY ASSOCIATIONS.
A = APPEARANCE OF VERY VIRTUOUS AND APPRECIATIVE PEOPLE.
ઘ = NAVIGATION TO SWIM-OVER UNFATHOMABLE

SAMSAR SAMUDRA.

G = GLORIOUS AND INDESCRIBABLE ESTABLISHEMENT OF JINESHWARS.

H = HISTORY OF HIS HIGHNESS AND HOLYMEN CONCERNING JAINISAM.

શ્રમણ-શ્રમણી રત્નોને જો COLLEGE STUDENT કહીએ તો શ્રાવક-શ્રાવિકાઓ પણ SCHOOL STUDENT જેવા કેમ ન ગણાય ? અલબત્ત સૌએ પોતપોતાના સ્થાનની સાધનામાં સફળતા સાથે ધર્મપરીક્ષામાં PASS થવાનું છે.

આ પુસ્તકના કોઈક પાત્રો ન જાણે મુમુક્ષુઓ હશે ને ભાવિમાં દીક્ષા લેશે, તો કોઈ શ્રાવક મટી શ્રમણ પણ બની ગયા હશે. છતાયં જેમના જેમના ઉદાહરણો ગુણાનુરાગી ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ. સા. એ આલેખ્યા છે તે સૌએ તો ખાસ પોતાની પ્રશસ્તિ વાંચી લગીર લેવાઈ નથી જવાનું પણ તે પછી ઊંડાણમાં ઊતરી તપાસ કરવાની છે કે પોતામાં હજુ કર્મ-કર્દમ કેટલો બધો જામેલો હશે કે ગમે તેવા ગુણોના વિશેષ આવિર્ભાવ છતાંય આ ક્ષેત્રથી આ કાળમાં મોક્ષ મળે તેવું પુણ્યાનુબંધી પુણ્ય જે ખૂટે છે તે જ તેના પાપોદયની ચાડી ખાય છે. વધુ તો શું કહીએ પણ જેમ પોતાને છદ્મસ્થ તરફથી પ્રશંસા પુષ્પો મળ્યા છે કે મળશે તેથીય વધુ આશા-અપેક્ષા તો કેવળીઓના CERTIFICATE ની જરૂરી. આગારી મટી અણગારી બનનાર સાધકે તો સાવ સાવધ થઈ ચેતી જવાનું છે કે ઉપબૃંહણાની ઊંચાઈ ઉપર ચડ્યા પછી પતનની પગથારે પગ ન પડી જાય, બલ્કે એક ગુણવિશેષની ઉપલબ્ધિમાં છકી ન જઈ મુક્તિની લબ્ધિ કેમ લાધી જાય તેની ચિંતા કરવાની છે. સંસારાવસ્થાના સરવાળા કદાચ સો સુધી સાંપડી પણ ગયા હોય તોય સન્યાસાવસ્થામાં તો શૂન્યાવસ્થાથી જ સર્જન-અર્જન કરી પાપોનું વિસર્જન કરવું બાકી રહે છે. તેમ જે ગૃહસ્થ ઉપર ગણિશ્રીજીએ પ્રશંસા પુષ્પો વેર્યા છે તેણે તેની પુષ્પમાળા પહેરવા પહેલાં પાછા પગલાં ભરી પોતાની પરાધીનતા પીછાણવાની છે કે કેવી કર્મની કાટખીલી કે પોતે હજુ મોહરાજાની જીહજૂરીમાંથી જ બહાર નથી આવી શક્યો ત્યાં ભાડૂતી અલંકારોથી શણગાર સજી લોકમાં ગુણશ્રીમંત તરીકે ગણાય તોય શું ? જે હોય તે, સારમાં એટલું જ કે સૌએ પોતપોતાના પગને પ્રગતિ પંથે ધપાવવા જ કટિબદ્ધ બનવાનું છે, સંકલ્પ કરવાનો છે, પૂર્વજોના પરાક્રમો સામે પોતાની પામરતા પેખવાની છે, અન્યથા પિતાના મુખે પોતાની પ્રશંસા પ્રથમ વાર જ પરાણે સાંભળવામાં સફળ થયેલા ચિત્રકાર પુત્રની તે પછીની પ્રગતિ સાવ અટકી ગયા જેવો બેતાલ થયા વગર નહિ રહે. કદાચ ગુણસમૃદ્ધિ વસ્તુપાળ-તેજપાળ જેવા શ્રાવક રત્નો અને અનુપમાદેવી જેવી

શ્રાવિકા-શિરોમણિ ગુરુમુખે પ્રશંસા પામેલા છતાંય પોતે નાનામાં નાના બાળશ્રાવક કે સામાન્ય ગણાતા શ્રાવક-શ્રાવિકાઓનો પગ દૂધપાણીથી પખાળી પોતાની લઘુતાના દર્શન કરાવતા હતા. તેઓ જાણતા હતા કે શ્રાવક-શ્રાવિકા જેવી મહામૂલી મૂડીને સ્વયં ગુણશ્રેષ્ઠ તીર્થંકરો પણ "ણમો તિથ્થસ્સ" કહી જો નવાજે તો પોતે તો તેવા ઉત્તમાત્માઓના ચરણ પ્રક્ષાલ કરી કે શ્રીસંઘની ધૂળ પણ માથે ચઢાવી અપ્રત્યક્ષ રૂપે કોઈ તિર્થંકર, ગણધર કે નિકટભવી જીવોને જ અભિવંદી રહ્યા છે, પોતાની યોગ્યતા પણ તે વડે વિકસાવવા પ્રયાસ કરી રહ્યા છે.

ગુણી ગણિવર્યશ્રી જાણે છે કે નેમ-રાજૂલની જોડીએ છેલ્લા ભવમાં ભવના ફેરા સદાય માટે સમાપ્ત કર્યા પણ તે પૂર્વના નવ ભવોમાં તેમની સાધના શ્રાવક-શ્રાવિકાના સ્વાંગમાં કે દેવભવમાં મિત્રો તરીકે કલ્યાણમૈત્રી તરીકે પાંગરી હતી. જંબૂસ્વીમીએ છેલ્લા ભવમાં છેલ્લા કેવળીનું બિરૂદ મેળવ્યું તે પહેલાંનો ઈતિહાસ સાધુપદની અપ્રાપ્તિમાં ઝૂરી ઝૂરી છઠ્ઠના પારણે આયંબિલ કરી શ્રાવકાવસ્થામાં જ કર્મોને હળવા કરવાનો હતો. શ્રાવકની સ્થિતિમાં જીવદયાને જગવી એક જીવાત્મા ચક્રવર્તી અને તીર્થપતિ જેવી બેવડી કમાણી કરનાર પ્રભુ શાંતિનાથ બની શકે, સાધુની સપ્રેમ સેવા કરનાર વૈદરાજપુત્ર પ્રગતિ પામી જો નાભિરાજના સુપુત્ર આદિનાથ તીર્થંકર બની શકે, અબળાવસ્થામાં અનુત્તમ બાકુળા વહોરાવી ચંદનબાળા જો ઉત્તમ સંયમ પ્રભુવીર પાસે પામી તેજ ભવમાં મુક્તિની મઝલ કાપી શકે, નિર્મળ સમ્યક્દર્શનના પ્રભાવે શ્રાવિકા સુલસા આવતી ચોવીશીના તીર્થપતિનું RESERVATION કરાવી શકે તો તે શ્રાવક-શ્રાવિકાઓ રૂપે આરાધના કરનાર પણ કેટલા ભાગ્યવંતા કહેવાય ? નવકારશી જેવું તપ પણ ન કરી શકનાર શ્રેણિક શ્રાવકનું શ્રાવકપણું શું વગોવી શકાય ? પચાસ પચાસ વરસ સુધી ધર્મવગર ભટકનાર કુમારપાળની નિંદા કરી શકાય ? અરે ! ચારિત્ર વગર જ મરી જનાર સમકિતી કૃષ્ણને નરક મળ્યાની વાતો હોંશે હોંશે કરી શકાય ?

જવાબ મળશે, નહિ જ ! કારણ કે એ તો જ્ઞાનીએ જણાવ્યું છે તેથી આપણે જાણી ગયા છીએ કે તેવા કર્મભારી શ્રાવકો પણ ભાવિમાં તીર્થંકરો કે ગણધરો થઈ શાસન શોભાવવના છે, તો જેના ભાવિ ઉત્થાનની ભવિષ્યવાણી આપણે જાણી નથી શક્યા તેવા જાતિરત્નો કર્મરજથી ખરડાયેલા હોય તો તેના દોષો દેખી તેને દુર્ગુણી કેમ કહી શકાય ? બનવા જોગ છે નાદાન બાળ જેવો દેખાતો બાળશ્રાવક ચાંગો હોયને ભાવિમાં પ્રભાવક આચાર્ય બનનાર હોય, ન જાણે તે નાનો સાવ નાનો-નાજુક નાગકેતુ

હોય પણ તેજ ભવમાં મોક્ષ મેળવી જનાર હોય, કોણ જાણે છે કે બાળ સુલભ રમત રમનાર વજ્રકુમાર ભાવિમાં વજ્રસ્વામી બની પરમાત્માની પાટ-પરંપરાને દીપાવશે. દરિદ્ર દેખાતો શ્રાવક કદાચ પુણ્યવંતો પુણીયો શ્રાવક હોય. તકલીફમાં મૂકાયેલો તાપસનો ઉપસર્ગ સહન કરનાર દુઃખી દેખાતો તે અંદરથી ઘણો જ સુખી હોય ને તેથી સમાધિના બળે સનત્કુમાર ચક્રવર્તી બન્યો હોય. દાસી જેવી દેખાતી ચંદનબાળા જેવી શ્રાવિકા ન જાણે ભવિષ્યમાં કેટલીય સાધ્વીજીનું નેતૃત્વ લઈ કર્મના દાસત્વમાંથી મુક્ત કરાવનારી હોય.

એટલું તો માનવું જ રહ્યું કે આ પુસ્તકની, લેખકની, વાંચકની સૌની મર્યાદા છે જેથી દ્રષ્ટાંતોની પણ સીમા બંધાયેલી છે, બાકી હજુ તો તેથીય વધુ વિસ્મયકારક આધાર પાત્રોના આધાર સમી "બહુરત્ના વસુંધરા" ચોક્કસપણે ચમકતા હીરા-રત્નો ધરબીને બેઠી છે. કોઈક રત્નો પ્રકાશમાં આવી ગયા છે તો કોઈકનો પ્રકાશ જ દેખતાં જોનારની આંખો અંધાપો પામી ગઈ છે. તેથીય વધુ કેટલાક રત્નો તો હજુ પ્રકાશિત થયા જ નથી ને કોઈક કાચું રત્ન, રત્ન રૂપે પાકી રહ્યું છે. પરમાત્માના શાસનના અવિચ્છિન્ન અંગ શ્રાવક-શ્રાવિકા થકી પણ શાસન પોતાનું કાળ આઉખું આરામથી પાર કરશે, ભલે પછી અજ્ઞાનીને ધર્મકાળનો અંત આવી ગયેલો લાગે.

અલબત્ત ! આ બધીય વાતો લગભગ તેવા શ્રાવક-શ્રાવિકાને ઘટે છે જેમણે પાંચમું ગુણસ્થાન સ્પર્શી લીધું હતું / છે / હશે. કારણ કે અંતઃકોટાકોટિ જેટલી કર્મસ્થિતિ થયા પછી પણ ગ્રંથીભેદના માધ્યમે સમકિત પ્રાપ્ત કરી તે કર્મસ્થિતિમાં પણ બે થી નવ પલ્યોપમ જેટલી સ્થિતિ જ્યારે ઘટે ત્યારે દેશવિરતિ શ્રાવકપદ પ્રાપ્ત થાય છે, બાકી મફતના ભાવે જૈનકુળમાં જન્મ લઈ જૈનત્વને જ મફતના ભાવે વેંચી નાખનાર જન્મજાત જૈન શ્રાવકની નહિ પણ જીવનજાત શ્રાવકની અનુમોદના ઉભય પક્ષે લાભકારી થાય તેવી કહેવાય. છતાંય કોને ખબર...

કે અમારા એ શ્રાવક-શ્રાવિકાઓનો દેદાર-દેખાવ, સ્થિતિ-પરિસ્થિતિ ચિત્ર-વિચિત્ર હશે, તો કેવી હશે ? દુઃખીયારો દેખાવ જગડુશાનો જોઈ કોઈ ન જાણી શક્યું કે તે તો ત્રણ-ત્રણ સવાકોડની કીંમતના મહારત્નોનો માલિક દાનેશ્વરી શ્રાવક છે. એમ દૌલતથી ગરીબ પણ દિલથી અમીર છ દ્રુમ વાળો ભીમો કુંડલીયો પણ મોડે મોડે બાહડ મંત્રી દ્વારા ઓળખાયો. સપરિવાર રખડતો ઊદો ઘણાથી ઉપેક્ષાણો પણ પુણ્યોદય થતાં તેજ બન્યો સિદ્ધરાજ જયસિંહનો મંત્રી ઉદયન. બપ્પ પિતાને ભટ્ટી માતાનો પુત્ર સુરપાળ બાળ હતો પણ તેની તેજસ્વિતા પારખી તેને બપ્પ ભટ્ટી મુનિ બનાવી ક્રમે સૂરિ પદે

સ્થાપિત કરનાર પ્રભાવિક આચાર્ય શ્રી સિદ્ધસેનસૂરિજીની નજર કેટલી વેધક હશે કે જેઓએ તેજ પ્રમાણે ભીલડીયા પાર્શ્વના દર્શન કરી જંગલમાંથી પસાર થતાં આંબાના ઝાડ ઉપર ઝોળીમાં રાજવંશીય સુકુમાર બાળને તેના રૂપતેજથી પારખી લીધો. મોઢેરાના સંઘ પાસે વાત મૂકી આપત્તિમાં આવેલ સુયશારાણી તથા તેના ચિરંજીવ આમકુમારને વનવનભ્રમણથી મુક્તિ અપાવી રાજા યશોવર્મા સાથે તેઓનું મિલન કરાવ્યું, સૂરિજીના બેઉ ઉપકૃત બાળ બપ્પભટ્ટસૂરિ તથા આમરાજા બન્યા ને શાસનની અદ્‌ભૂત પ્રભાવના થઈ.

ભૂલમાંય દીન-દુઃખી, તકલીફમાં પડેલી અબળાને જોઈ આંખો ફેરવી લેજો નહિ. બનવા જોગ છે કે સાસરીયા પક્ષથી તરછોડાયેલી અંબિકા હોય, સતી સીતા કે અંજના હોય, જે કાળક્રમે હેરત પમાડે તેવા ઈતિહાસ સર્જનાર સબળા સન્નારી બને.

આ પુસ્તકના દૃષ્ટાંત પાત્રોને મળો કે જાણો ત્યારે તેઓને લક્ષ્મી કે સરસ્વતીના તિલક-ત્રાજવે ન જોખશો. કદાચ કાયા કાળી હોય ને કાયાધારી આત્મા ઉજળો-ઉજળો. પગે પાવડી કે ખિસ્સામાં પાવલી ન હોય, પણ ધર્મથી ધનવાન ને પુણ્યથી પૈસાવાળો હોય, તેનું તન તંબૂ જેવું ઢીલું હોય પણ મન મહેલાત જેવું મજબૂત હોય. સ્વજનથી નોખો હોય પણ સૌજન્યથી અનોખો હોય, વાણીમાં વિલાસ ન હોય પણ વર્તનમાં વિકાસ હોય, સારમાં સઘળુંય પ્રતિકૂળતા જેવું દેખાય પણ તેજ તેની અનુકૂળતા હોય.

વાંચકો ! વધુ તો શું કહેવું, ઝવેરીની આંખો જ હીરાને મૂલવી શકે. દેવલોકના દેવો પણ ઉગ્રસાધક શ્રાવક-શ્રાવિકાનું સગપણ સ્વપ્ન માધ્યમે સાધવામાં સુખાનુભૂતિ પામે છે. શાસનદેવી સમરાશાની સેવામાં આવે, ચક્રેશ્વરી જાવડશાને જગાડે, દેવતાઈ બળે સર્પ પણ પુષ્પમાળ બની શ્રીમતીના કંઠમાં પડે, ગોવાળીયા દેવપાલને દિવ્યાનુભૂતિ થાય ને તીર્થંકર નામકર્મ બંધાય, આ બધીય ઘટનાઓમાં એકત્વ એક એ છે કે ક્યારેક સાધુ કરતાંય સંસારી શ્રાવક તેની સવિશુદ્ધ ભાવનાના બળે દેવોને પણ આકર્ષવામાં સાહજિક સફળતા મેળવી જતો હોય છે.

પ્રાંતે એટલું જ હાર્દિક સૂચન કે ડર રાખજો, ક્યાંક તેવા ઉત્તમ આત્માઓ આંખોથી તો ઓળખાય પણ દૃષ્ટિથી જો ન દેખાય. તે આરાધકોની ઉપાસના તો દૂર રહી પણ આશાતના ન થઈ જાય. તે સાધર્મિકની ગણના તો દૂર અનુપબૃંહણા ન થઈ જાય. અનુમોદના તો ઠીક પણ ભૂલમાં અવળીખંડના ન થઈ જાય. પોતાના દુર્ભાગ્ય ઉપર રડવાનું તો છેટે પણ તેમના સાચા સદ્‌ભાગ્ય ઉપર હસવાનું ન બની જાય. અસ્તુ.

## પ્રકાશકીય

અમારા પૂજ્ય માતુશ્રી કસ્તૂરબાઈ તથા પિતાશ્રી બાબુભાઈ ઊર્ફે કુંવરજી જેઠાભાઈ, જેમણે અમારામાં સુસંસ્કારોના બીજ રોપ્યા, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા જગાવી, ધર્મમય જીવન જીવવાની પ્રેરણા આપી તેમના અમારા ઉપર ખૂબ જ ઉપકારો છે. એમના ઉપકારોનું ઋણ યત્કિંચિત્ અંશે પણ અદા કરવા માટે ઘણા સમયથી અમારા હૈયામાં એવી ભાવના રહ્યા કરતી હતી કે સમ્યક્જ્ઞાનના પુસ્તકોનું સુવ્યવસ્થિત રીતે પ્રકાશન-પ્રસારણ માટે એક પ્રકાશન ટ્રસ્ટની સ્થાપના કરવી. એ ટ્રસ્ટને અમારા પૂજ્ય માતુશ્રીના નામ સાથે જોડવું. અને એના અન્વયે અચલગચ્છીય તમામ સાધુ-સાધ્વીજી ભગવંતો દ્વારા લિખિત-સંપાદિત પુસ્તકોનું પ્રકાશન તથા વ્યવસ્થિત વિતરણ કરવું.

અમારી આ ભાવના પરમોપકારી, શાસનસમ્રાટ, ભારતદિવાકર, **અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.** આગળ રજૂ કરતાં તેઓશ્રીની સાનંદ અનુમતિ તથા આશીર્વાદ સાંપડતાં અમારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ થઈ, અને તેની ફલશ્રુતિ સ્વરૂપે સં. ૨૦૪૪ના અક્ષય તૃતીયાના શુભ દિવસે સ્થપાયેલ શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ તરફથી અત્યાર સુધીમાં છપાયેલ સાહિત્યની યાદી આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવી છે. તેમાં આગમાભ્યાસી **પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ. સા.** દ્વારા સંયોજિત સંપાદિત **''બહુરત્ના વસુંધરા - ચાલો અનુમોદના કરીએ''** (ભાગ-૨) નામના પ્રસ્તુત પુસ્તકનો ઉમેરો કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

ટૂંક સમયમાં જ તેનો ત્રીજો ભાગ પણ પ્રકાશિત કરવાની અમારી ભાવના છે.

પૂ. ગણિવર્યશ્રી દ્વારા સંપાદિત **''જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ?''** પુસ્તકની માફક આ પુસ્તક પણ અત્યંત લોકોપયોગી બનશે તેમાં શંકાને સ્થાન નથી જ.

રૂ. ૧૦૦૧ આપીને જેઓ અમારા ટ્રસ્ટના કાયમી સભ્યો બનશે તેમને ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થનાર દરેક પુસ્તકો પોસ્ટ દ્વારા ભેટ મોકલાવવાની અમારી યોજના છે. આશા છે કે પૂજ્યોની કૃપાથી તથા આપ સહુના સાથ સહકારથી અમારી શુભ ભાવના સુંદર રીતે પાર પડશે જ.

સદ્વાંચનનો જીવન ઘડતરમાં ઘણો મોટો ફાળો હોય છે. એટલે જ એક તત્ત્વચિંતકે કહ્યું છે કે, "તમે કેવા પુસ્તકો વાંચો છો તથા કેવા મિત્રો સાથે સોબત રાખો છો ? એટલું જ કહો તો હું તમારું જીવનચરિત્ર કહી દઉં !..."

આજના જમાનામાં સિને સાહિત્ય વિગેરે વિલાસી સાહિત્યની લાખો નકલોએ યુવા માનસને અત્યંત વિકૃત બનાવી મૂક્યું છે ત્યારે આવું સંસ્કારપોષક સાત્ત્વિક સાહિત્ય વધુ ને વધુ પ્રકાશિત તથા પ્રસારિત થાય એ અત્યંત જરૂરી છે.

પ્રસ્તુત પ્રકાશનના સંપાદક પૂજ્ય ગણિવર્યશ્રીનો, તથા માનનીય દ્રવ્ય સહાયકોનો તેમજ પ્રિન્ટીંગમાં અત્યંત સહયોગ આપનાર શ્રી કીરચંદભાઈ જે. શેઠનો અત્યંત આભાર માની વિરમું છું.

લિ. કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ વતી
સોલીસીટર હરખચંદ કુંવરજી ગડા
(ટ્રસ્ટી) કચ્છ-બાડાવાલાના
જય જિનેન્દ્ર સાથે પ્રણામ

## ભવ્ય બહુમાન સમારોહ

**પ્રસ્તુત પુસ્તકના ભાગ ૧-૨ માં જેમના દૃષ્ટાંતો રજુ થયા છે તે સહુ આરાધક આત્માઓનું વિશિષ્ટ બહુમાન/ અનુમોદના પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા.ની નિશ્રામાં ''ગુણી જન ભક્તિ ટ્રસ્ટ' વિગેરે ના અન્વયે, શંખેશ્વર તીર્થમાં ભા.સુ. ૧૫, મંગળવાર તા. ૧૬-૯-૯૭ ના કરવામાં આવશે. આ પ્રસંગે પરિપત્ર પ્રકાશિત થશે તેમાં અનુમોદક દાતાઓના નામ પણ પ્રગટ થશે. તો જેમને પણ આ મહાન લાભ લેવાની ભાવના હોય તેમણે શંખેશ્વર-કચ્છી ભવનમાં પૂ. ગણિવર્યશ્રીનો શીઘ્ર સંપર્ક સાધવા વિનંતિ. આ પ્રસંગે સહુ આરાધકોને, દાતાઓને તેમજ ગુણાનુરાગી સહુ ભાવિકોને અચૂક હાજર રહેવા વિનંતિ.**

# અનુક્રમણિકા


| અનુક્રમ | વિષય | પાનું |
|---|---|---|
| ૧ | પ્રાપ્તિસ્થાન | ૨ |
| ૨ | નમ્ર વિનંતિ | ૩ |
| ૩ | સાદર સમર્પણ | ૪ |
| | સુકૃતના સહયોગી | ૫ |
| ૪ | સંઘવી શ્રી બાબુભાઈ તથા સંઘમાતા કસ્તુરબેન આદિની અનુમોદનીય આરાધના | ૬ |
| ૫ | ઋણ સ્વીકાર - સાદર સ્મૃતિ | ૭ |
| ૬ | દાતાઓની હાર્દિક અનુમોદના | ૮ |
| ૭ | જરા થોભો...વાંચો અને આગળ વધો (સંપાદકીય) | ૯ |
| ૮ | કવરપૃષ્ઠના ચિત્રનો પરિચય | ૧૫ |
| ૯ | પ્રસ્તાવના અને સ્તવના | ૧૬ |
| ૧૦ | પ્રકાશકીય | ૨૩ |
| ૧૧ | ભવ્ય બહુમાન સમારોહ | ૨૪ |
| ૧૨ | અનુક્રમણિકા | ૨૬ |

| નં | દૃષ્ટાંતો | ગામ | પાનું |
|---|---|---|---|
| ૧ | ૧૦ વર્ષના લગ્નજીવન છતાં આબાલબ્રહ્મચારી દંપતિ અ.સૌ. ભારતીબેન જતીનભાઈ શાહ | મુન્દ્રા-કચ્છ | ૩૩ |
| ૨ | એક જ પ્રવચનથી ૨૪ વર્ષની વયે બ્રહ્મચર્યવ્રત સ્વીકારતા દંપતિ દક્ષાબેન દિલીપભાઈ | માંડવી-કચ્છ હાલ દહાણુરોડ | ૪૩ |
| ૩ | આધુનિક મીની વિજયશેઠ-વિજયા શેઠાણી પ્રકાશભાઈ તથા શશીબેન ("શાલિભદ્રમુનિ") | જયપુર(રાજ.) | ૪૬ |
| ૪ | દીપડામાંથી દીકરો બનાવ્યો | હાલ મુંબઈ | ૪૯ |
| ૫ | આબાલ બ્રહ્મચારી યુવા દંપતિ ઉષાબેન જયેન્દ્રભાઈ શાહ | હાલ પાલિતાણા | ૫૧ |
| ૬ | બ્રહ્મચર્યના સંકલ્પનો અદ્‌ભુત પ્રભાવ-હસમુખભાઈ | અમદાવાદ | ૫૫ |
| ૭ | અજોડ બ્રહ્મગુપ્તિના પાલક ગુણવંતભાઈ | અમરેલી | ૫૬ |
| ૮ | ના ! મારે હવે બીજો પુત્ર નથી જોઈતો ! | | ૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૯ | શીલરક્ષા | સુરત | ૫૭ |
| ૧૦ | શીલવતી સુશ્રાવિકા | ગુજરાત | ૫૮ |
| ૧૧ | શીલરક્ષા માટે પતિનો ત્યાગ | ગુજરાત | ૫૮ |
| ૧૨ | નૂતન પરિણિતનું પરાક્રમ | | ૫૯ |
| ૧૩ | હસમુખભાઈના બ્રહ્મચર્ય વગેરે નિયમો | | ૬૦ |
| ૧૪ | યાવજ્જીવના બ્રહ્મચર્યની તાલાવેલી | | ૬૧ |
| ૧૫ | ભરયુવાનીમાં બ્રહ્મચર્ય | ગુજરાત | ૬૧ |
| ૧૬ | લગ્ન દિવસે રાત્રિભોજન ત્યાગ | | ૬૨ |
| ૧૭ | લગ્ન પ્રસંગે બધાં પાપ ત્યાગ | | ૬૨ |
| ૧૮ | સુંદરભાઈનું સાચું સૌંદર્ય | ગુજરાત | ૬૩ |
| ૧૯ | અધ્યાત્મનિષ્ઠ બાંધવબેલડી દેવજીભાઈ તથા નાનજીભાઈ | ગાંધીધામ | ૬૪ |
| ૨૦ | આત્મસાધક ખીમજીભાઈ વાલજી વોરા | વસઈરોડ | ૭૩ |
| ૨૧ | હિમાલયના યોગીના માર્ગદર્શન મુજબ નવકારની સાધના કરતા દામજીભાઈ | દાદર-મુંબઈ | ૭૮ |
| ૨૨ | હજાર યાત્રિકોને ૧૦૦ દિવસ સુધી ૯૯ યાત્રા કરાવતા બંધુયુગલ શ્રી શામજીભાઈ તથા મોરારજીભાઈ | મોટા આસંબીયા (કચ્છ) | ૮૨ |
| ૨૩ | સદ્‌ગુણોથી મઘમઘાયમાન, દરિયાવદિલ બાબુભાઈ મેઘજી છેડા | કાંડાગરા-કચ્છ હાલ-ચર્ચગેટ | ૮૫ |
| ૨૪ | યાવજ્જીવ પોતાના મકાનથી બહાર ન જવાનો સંકલ્પ કરનાર પ્રેમજીભાઈ (પ્રેમસન્સવાળા) | કાંડાગરા-કચ્છ | ૮૮ |
| ૨૫ | નવકાર મહામંત્રથી કેન્સરને કેન્સલ કરાવતા ધીરજલાલભાઈ ખીમજી ગંગર | મેરાઉ-કચ્છ હાલ-ઘાટકોપર | ૯૦ |
| ૨૬ | ૯ ક્રોડ નવકાર મહામંત્રના આરાધક પ્રાણલાલભાઈ લવજી શાહ | ધ્રાંગધ્રા | ૯૬ |
| ૨૭ | ઋષિમંડલ સ્તોત્રના સાધક શ્રીકાંતિલાલભાઈ કે. સંઘવી | સુરેન્દ્રનગર | ૯૮ |
| ૨૮ | ૨૧૧ ઉપવાસના તપસ્વી હીરાચંદભાઈ રતનસી | કલિકટ | ૧૦૧ |
| ૨૯ | ''કમ્મે સૂરા સો ધમ્મે સૂરા''-ધનજીભાઈ | સાંધવ-કચ્છ | ૧૦૬ |
| ૩૦ | વગર દવાએ હજારો દર્દીઓને સાજા કરતા રતિલાલભાઈ પદમસી પનપારીયા | નાગ્રેચા-કચ્છ હાલ-વડોદરા | ૧૦૮ |
| ૩૧ | અઠ્ઠમના પારણે અઠ્ઠમથી ૯૯ યાત્રા કરનાર કચ્છી દંપતિ બચુબેન ટોકરસીભાઈ દેઢિયા | લાયજા-કચ્છ હાલ-ગોરેગામ | ૧૧૦ |
| ૩૨ | વિનમ્ર સેવાભાવી દંપતિ દમયંતીબેન દામજીભાઈ | નરેડી-કચ્છ | ૧૧૩ |
| ૩૩ | દૃઢધર્મી દંપતિ ધનવંતીબેન દેવચંદભાઈ | દેવપુર-કચ્છ | ૧૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૩૪ | ૧૧ વર્ષની વયે સિદ્ધચક્રપૂજન મોઢે ભણાવતા બાળ વિધિકાર ક્ષ્યવન્તકુમાર નરેન્દ્રભાઈ નંદુ | વાંઢ-કચ્છ હાલ-જોગેશ્વરી | ૧૧૫ |
| ૩૫ | ૪ વર્ષની ઉંમરથી નવપદની ઓળી કરતા | ભાઈ-બહેન | ૧૧૭ |
| ૩૬ | બાળશ્રાવકરત્નોના અદ્‌ભુત પરાક્રમો | | ૧૧૮ |
| ૩૭ | આજન્મ ચઉવિહાર કરનારા બાળકો | નવસારી/મલાડ | ૧૨૩ |
| ૩૮ | પ્રજ્ઞાચક્ષુ શ્રાવકોની અદ્‌ભુત આરાધના | સમી/નાના રતડીઆ | ૧૨૪ |
| ૩૯ | રોજ ૯ કલાક પદ્માસનમાં જાપ કરતા ''શ્રાવક શિરોમણિ'' દલીચંદભાઈ ધર્મશી | ખડકી (પૂના) | ૧૨૬ |
| ૪૦ | પ્રતિદિન પંચકલ્યાણકની ઉજવણી તથા ૫૦૦ રૂ. ના પુષ્પાદિથી પ્રભુ ભક્તિ કરતા ગિરીશભાઈ મહેતા | કાલબાદેવી રોડ મુંબઈ | ૧૨૯ |
| ૪૧ | દરરોજ પચાસેક જિનાલયોમાં પૂજા કરતાસુશ્રાવક | અમદાવાદ | ૧૩૨ |
| ૪૨ | પ્રભુજીને ક્રોડો ખમાસમણ આપનાર ભોગીલાલભાઈ માણેકચંદ મહેતા | ગોધરા-કચ્છ | ૧૩૬ |
| ૪૩ | ૮૨ વર્ષ સુધી અખંડ પ્રભુપૂજા દ્વારા સમાધિ મરણને સાધતા પદ્મચંદજી કોચર | ફલોદી (રાજ.) (અમદાવાદ) | ૧૩૮ |
| ૪૪ | રોજ ત્રિકાળ ૩૪૬ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતા શ્રી હિંમતભાઈ બેડાવાલા | વાલકેશ્વર (મુંબઈ) | ૧૩૯ |
| ૪૫ | રોજ સિદ્ધચક્રપૂજન કરનાર, સ્વાનુભુતિસંપન્ન શ્રી બાબુભાઈ કડીવાલા | અમદાવાદ | ૧૪૧ |
| ૪૬ | સિદ્ધચક્ર મહાપૂજનના અજોડ વિધિકાર શ્રી હીરાલાલભાઈ મણિલાલભાઈ શાહ | અમદાવાદ | ૧૪૨ |
| ૪૭ | ૪ લાખ રૂ. ના ઉપકરણો તથા રોજ ૧૦૮ ચાંદીના ચોખાથી પ્રભુભક્તિ કરતા વિમલભાઈ સંઘવી | ભીવંડી | ૧૪૪ |
| ૪૮ | સામાયિક તથા પૂજા ન થાય તો ૧૦-૧૦ હજાર રૂ., દેરાસરમાં અર્પવાનો અભિગ્રહ સ્વીકારતા ધીરુભાઈ ઝવેરી | સુરત | ૧૪૫ |
| ૪૯ | બેલગામ જિલ્લામાં આરાધનામાં પ્રથમ નંબરે યુવાન ડોક્ટર અજિતભાઈ દીવાણી | નિપાણી | ૧૪૬ |
| ૫૦ | ૪૬ વાર ૯૯ યાત્રા કરતા રતિલાલભાઈ શેઠ | પાલિતાણા | ૧૪૮ |
| ૫૧ | ભારતભરના જૈન તીર્થોની પદયાત્રા કરનાર રામદયાલ નેમિચંદજી જૈન | ભરતપુર(રાજ.) | ૧૪૯ |
| ૫૨ | ૩ વર્ષ સુધી ઊભા ઊભા સાધના કરતા બંસીલાલજી ઉમેદમલજી ચોરડિયા | પૂના | ૧૫૧ |
| ૫૩ | સંડાશ-બાથરૂમના ઉપયોગને ટાળતા અરવિંદભાઈ દોશી | બોરીવલી | ૧૫૨ |
| ૫૪ | અજોડ વ્યક્તિત્વ-કુમારપાળભાઈ વી. શાહ | ધોળકા | ૧૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૫૫ | પ્રાણના જોખમે ઘોડાઓ તથા માછલાને બચાવતા રતિલાલભાઈ જીવણ અબજી | વઢવાણ | ૧૫૮ |
| ૫૬ | સેંકડો બકરાની સામૂહિક બલિપ્રથાને અટકાવતા સુમતિભાઈ રાજારામ શાહ | નિપાણી | ૧૬૨ |
| ૫૭ | ૧૫૦૦ ભૂંડને બચાવનાર બાબુભાઈ | કટોસણ | ૧૬૫ |
| ૫૮ | અજબ જીવદયાપ્રેમી બાપુલાલભાઈ શાહ | ચીમનગઢ | ૧૬૭ |
| ૫૯ | દૃઢ સમ્યગ્દર્શનપ્રેમી નેમિચંદજી કોઠારી | અમલનેર | ૧૬૮ |
| ૬૦ | લગ્નપ્રસંગને ધર્મ મહોત્સવ રૂપે ઉજવતા બોરાભાઈ વકીલ | નાસિક | ૧૭૧ |
| ૬૧ | આર્યસંસ્કૃતિની મર્યાદાનુસાર થયેલ કેટલાક શાસન પ્રભાવક સત્કાર્યો | | ૧૭૨ |
| ૬૨ | સ્કૂલનું શિક્ષણ વર્જન કર્યું : ઘર એ જ શાળા | સાબરમતી | ૧૭૮ |
| ૬૩ | ત્રણ કલાકની તેજસ્વી શાળા | ગિરગામ-મુંબઈ | ૧૮૩ |
| ૬૪ | નિઃશુલ્ક જ્ઞાનદાનનો સેવાયજ્ઞ માંડતા આદર્શ શિક્ષક શ્રી જસવંતભાઈ દફતરી | મલાડ-મુંબઈ | ૧૮૫ |
| ૬૫ | અપ્રમત્ત આરાધનાથી મોહરાજાને ગભરાવતા ચાણસ્માના ગભરુભાઈ | ચાણસ્મા | ૧૮૬ |
| ૬૬ | શત્રુંજય મહાતીર્થના અભિષેકનો મહાન લાભ લેતા શ્રાદ્ધવર્યશ્રી રજનીભાઈ દેવડી | મુંબઈ | ૧૮૭ |
| ૬૭ | આવો ઓળખીયે કાંતિભાઈને તથા શ્રી હસ્તગિરિજી તીર્થશ્રેષ્ઠને | પાટણ | ૧૮૯ |
| ૬૮ | અમરીશભાઈની ભવ્યજિનપૂજા તથા તપ ત્યાગ | ઘાટકોપર | ૧૯૦ |
| ૬૯ | વીરચંદભાઈનો વિશ્વવિક્રમ | બારડોલી | ૧૯૧ |
| ૭૦ | શ્રી આદિનાથની પહેલી પૂજા કરાવી. | | ૧૯૨ |
| ૭૧ | કટોકટીમાં પણ કાયમ ચોવિહાર કરતા શાંતિભાઈ | ખંભાત | ૧૯૩ |
| ૭૨ | ઘર દેરાસરનો પ્રભાવ - શ્રીપાલ અને શ્રેણિકે કરેલો ટી.વી.નો બહિષ્કાર | વાસણા (અમદાવાદ) | ૧૯૪ |
| ૭૩ | ચાંદમલજીની પુષ્પપૂજાનો પમરાટ | કલકત્તા | ૧૯૫ |
| ૭૪ | 'દાનવીર' સ્વ. સંઘવી ભેરુમલજીના સુકૃતો | માલગાંવ(રાજ.) | ૧૯૬ |
| ૭૫ | શાંતિલાલભાઈ શાહની અદ્‌ભુત નીતિમત્તા કેટલાક શ્રાવકોની અનુમોદનીય આરાધનાઓ | અમદાવાદ | ૧૯૭ |
| ૭૬ | પંડિત નરેશભાઈ લાલજીભાઈ શાહ | વિક્રોલી-મુંબઈ | ૧૯૯ |
| ૭૭ | ૪૦ વર્ષથી છઠના પારણે છઠ કરતા રસીકભાઈ | પૂના-કેમ્પ | ૧૯૯ |
| ૭૮ | છોટુભાઈ ભીખાભાઈ મરકરીયા | સુદામડા | ૧૯૯ |

| | | | |
|---|---|---|---|
| ૭૯ | અનુપચંદભાઈ મંગલજી મોરબીયા | ગાંધીધામ | ૧૯૯ |
| ૮૦ | લખમસીભાઈ માલસી બૌઆ | પ્રાગપુર-કચ્છ | ૨૦૦ |
| ૮૧ | સોહનભાઈ ગોલેચ્છા | કટની | ૨૦૦ |
| ૮૨ | શશીકાંતભાઈ મહેતા | રાજકોટ | ૨૦૧ |
| ૮૩ | કિરણભાઈ પારેખ | મરીન ડ્રાઈવ | ૨૦૧ |
| ૮૪ | બા. બ્ર. આત્મસાધક ચંદ્રેશભાઈ ખેતાણી | અમદાવાદ | ૨૦૨ |
| ૮૫ | બા. બ્ર. આત્મસાધક યોગેશભાઈ | પાલનપુર | ૨૦૨ |
| ૮૬ | બા. બ્ર. આત્મસાધક રાકેશભાઈ | વાલકેશ્વર | ૨૦૩ |
| ૮૭ | બા. બ્ર. આત્મસાધક ગોકુળભાઈ | અમદાવાદ | ૨૦૩ |
| ૮૮ | આત્મસાધક ગાંગજીભાઈ દેવસી મોતા | ઘાટકોપર | ૨૦૩ |
| ૮૯ | આત્મસાધક શ્રી રાયચંદભાઈ | ઘાટકોપર | ૨૦૪ |
| ૯૦ | ચંપકલાલ વીરજીભાઈ મહેતા | જામનગર | ૨૦૪ |
| ૯૧ | અતુલભાઈ વી. શાહ | કાંદીવલી-મુંબઈ | ૨૦૫ |
| ૯૨ | રવિલાલભાઈ ઠાકરશી સંગોઈ | દાદર-મુંબઈ | ૨૦૬ |
| ૯૩ | મોરારજીભાઈ નાનજી છેડા | ઘાટકોપર મુંબઈ | ૨૦૭ |
| ૯૪ | નિઃસ્પૃહ કચ્છી વિધિકાર ત્રિપુટી | | ૨૦૮ |
| ૯૫ | દેવચંદભાઈ ધનજી ગડા | કચ્છ/પાર્લા | ૨૦૮ |
| ૯૬ | અજોડ સાધર્મિક ભક્ત રસિકભાઈ | બારડોલી | ૨૦૯ |
| ૯૭ | સાધર્મિક ઉત્કર્ષ ટ્રસ્ટ-પ્રકાશભાઈ | મુંબઈ | ૨૧૦ |
| ૯૮ | મીની પુણિયા શ્રાવક અનિલભાઈ | સાંતાક્રુઝ | ૨૧૦ |
| ૯૯ | જીવદયા પ્રેમી અશોકભાઈનું પરાક્રમ | પૂના | ૨૧૨ |
| ૧૦૦ | ૧૮ વર્ષ મૌન-અમરચંદજી નાહર | જયપુર | ૨૧૩ |
| ૧૦૧ | આ છે આજના કાળના આરાધકો | | ૨૧૫ |
| ૧૦૧ | મનુભાઈ સુતરિયા | નડિયાદ | ૨૧૫ |
| ૧૦૧ | રોહિતભાઈ શાહ | અમદાવાદ | ૨૧૫ |
| ૧૦૨ | ધર્મચુસ્તતાના નેત્રદીપક ૪૫ પ્રસંગો | | ૨૧૬ |
| ૧૦૩ | હાર્દિક અનુમોદનીય ૧૮ પ્રસંગો | | ૨૨૩ |
| ૧૦૪ | વર્ધમાન તપની સળંગ ૧૦૦ ઓળીના અજોડ તપસ્વી રતિભાઈ ખોડીદાસ | વીરમગામ | ૨૨૭ |
| ૧૦૫ | વર્ધમાનતપની ૧૦૦ ઓળીના તપસ્વીઓની અનુમોદના | | ૨૨૮ |
| ૧૦૬ | ૧૦૦ ઓળી કરનાર સાધુ ભગવંતો | | ૨૩૧ |
| ૧૦૭ | ૧૦૦ ઓળી કરનાર સાધ્વીજી ભગવંતો | | ૨૩૫ |
| ૧૦૮ | ૧૦૦ ઓળી કરનાર શ્રાવકો | | ૨૪૩ |
| ૧૦૯ | ૧૦૦ ઓળી કરનાર શ્રાવિકાઓ | | ૨૪૫ |
| ૧૧૦ | મહા તપસ્વીઓની વંદનીય દીર્ઘ ભીષ્મ તપશ્ચર્યાઓનું કોષ્ટક | | ૨૪૮ |

## -: ઉત્તમ આરાધક શ્રાવિકાઓનાં દૃષ્ટાંતો :-


| | | | |
|---|---|---|---|
| ૧૧૧ | લગ્ન થવા છતાં આબાલબ્રહ્મચારિણી વિજયા બેનનું વિસ્મયકારક વ્યક્તિત્વ | ખંભાત | ૨૫૫ |
| ૧૧૨ | ના મારે ઔદારિક દેહધારી મનુષ્યને નથી પરણવું - કુમુદબેનનું અદ્ભુત પરાક્રમ | સાણંદ | ૨૬૧ |
| ૧૧૩ | ૧૮૦ ઉપવાસના તપસ્વી વિમલાબાઈ પારેખ | મદ્રાસ | ૨૬૩ |
| ૧૧૪ | સળંગ અઠ્ઠમ સાથે ૭ છ'રી સંઘોમાં પાદવિહાર કરતા કંચનબેન ગણેશમલજી લામગોતા | પરેલ (મુંબઈ) | ૨૬૪ |
| ૧૧૫ | મહાતપસ્વી સરસ્વતીબેન કાંતિલાલ | રાધનપુર | ૨૬૬ |
| ૧૧૬ | અઠ્ઠાઈ તથા સોળભત્તાથી વર્ષીતપ કરનાર મહાતપસ્વી સરસ્વતીબેન જસવંતલાલ | સુરત | ૨૬૮ |
| ૧૧૭ | મહા તપસ્વી ચંદ્રાબેન બાબુલાલ સંઘવી | ખડકી (પૂના) | ૨૬૯ |
| ૧૧૮ | તપસ્વીરત્ન ઝમકુબેન લાલજી ખોના | મુલુંડ (મુંબઈ) | ૨૬૯ |
| ૧૧૯ | ૩૩ વર્ષીતપના તપસ્વી ખેતબાઈ કાનજી | દેવપુર (કચ્છ) | ૨૭૨ |
| ૧૨૦ | ૨૫ વર્ષીતપના તપસ્વી નાનબાઈ પ્રેમજી | પાર્લા (મુંબઈ) | ૨૭૩ |
| ૧૨૧ | અપ્રમત્ત તપસ્વીની મૈનાબાઈ ચોરડિયા | યેરવડા (પુના) | ૨૭૪ |
| ૧૨૨ | મહાતપસ્વી લીલાબેન ગાંધી | અમદાવાદ | ૨૭૪ |
| ૧૨૩ | મહાતપસ્વી કમલાબેન | ખાર - (મુંબઈ) | ૨૭૬ |
| ૧૨૪ | રોજ ૧૨ કિ.મી. ના અંતરે પૂજા કરવા જતા ખેતીબાઈ ભચુભાઈ દેઢિયા | બંધડી (વાગડ) | ૨૭૬ |
| ૧૨૫ | કચ્છની ધીંગી ધરાનો જોઈ લ્યો ઠાઠ; એક માતાની દીકરીઓની દીક્ષા થઈ આઠ | રાપર (વાગડ) | ૨૭૯ |
| ૧૨૬ | રત્નકુક્ષિ શ્રાવિકારત્ન પાનબાઈ રાયશી ગાલા | હાલ લાયજા-કચ્છ | ૨૮૧ |
| ૧૨૭ | અહિંસાની દેવી ગીતાબેન બચુભાઈ રાંભિયા | અમદાવાદ | ૨૮૩ |
| ૧૨૮ | કબૂતરોની સેવા કરતા જીવદયાપ્રેમી રતનબેન રાઘવજી ગુટકા | મઝગામ (મુંબઈ) | ૨૮૭ |
| ૧૨૯ | ૨૫ વાર ૯૯ યાત્રા કરનાર ભચીબેન ભવાનજી | ગોધરા-કચ્છ | ૨૮૮ |
| ૧૩૦ | સિદ્ધાચલજીમાં ભવપૂજા કરનાર ધીરજબેન રતિલાલ સલોત | જુહુ (મુંબઈ) | ૨૮૯ |
| ૧૩૧ | મહિનામાં ૭૦ રૂ. ની આવક છતાં અદ્ભુત સાધર્મિક ભક્તિ કરતા શ્રાવિકારત્ન | પ્રતાપનગર | ૨૯૧ |
| ૧૩૨ | સાસુ સસરાની સેવા માટે ૬-૬ મહિના પતિ તથા સંતાનોનો વિયોગ સ્વીકારતા દેરાણી-જેઠાણી | મુંબઈ | ૨૯૨ |
| ૧૩૩ | માતા હો તો આવી હોજો. | | ૨૯૩ |
| ૧૩૪ | કર્મ સામે યુદ્ધ : કુ. મયણાબેન | બારામતી | ૨૯૩ |

## બહુ રત્ના વસુંધરા ભા. ૧નું પરિશિષ્ટ


| | | | |
|---|---|---|---|
| ૧૩૫ | સંજયભાઈ ડાહ્યાલાલ સોની | પાટણ | ૨૯૬ |
| ૧૩૬ | રસીકભાઈ વિઠ્ઠલદાસ મોચી | પાટણ | ૨૯૮ |
| ૧૩૭ | ડો. ખાન મહમદભાઈ કાદરી-પઠાણ | અમદાવાદ | ૩૦૦ |
| ૧૩૮ | જયેન્દ્રભાઈ પ્રાણજીવનભાઈ (વૈષ્ણવ) | વડોદરા | ૩૦૪ |
| ૧૩૯ | શંકરભાઈ ભવાનભાઈ પટેલ | ખાખરેચી | ૩૦૬ |
| ૧૪૦ | સાધુ-સાધ્વીજીની અપૂર્વભક્તિ કરતા દરબાર | જમરગામ | ૩૦૮ |
| ૧૪૧ | ૯૯ યાત્રા કરતા કોળીદંપતિ ગોમતીબેન નારણભાઈ | અમરેલી | ૩૦૯ |
| ૧૪૨ | બાલાભાઈ દૂધવાળાનો અજબ જીવદયાપ્રેમ | અમરેલી | ૩૦૯ |
| ૧૪૩ | એક જ પ્રવચનથી સચિત્ત પાણીનો ત્યાગ કરી આખરે સંયમ સ્વીકારતા સાપવન્ના (મારુતિ) | કૂળચી (આંધ્ર) | ૩૧૦ |
| ૧૪૪ | જૈન દીક્ષા સ્વીકારતો બ્રાહ્મણ યુવાન મહેન્દ્રભાઈ ત્રિવેદી | ધમીજ | ૩૧૧ |
| ૧૪૫ | ૧૦ વર્ષથી પર્યુષણમાં અઠ્ઠાઈ-સુરેશભાઈ નાપિત | નાર | ૩૧૨ |
| ૧૪૬ | દરજી પિતા-પુત્રીની કઠોર તપશ્ચર્યા | અમદાવાદ | ૩૧૩ |
| ૧૪૭ | સોમપુરા મયૂરભાઈની આરાધના | ભોરોલતીર્થ | ૩૧૩ |
| ૧૪૮ | પ્રવિણભાઈ લઘાભાઈ પટેલ પરિવાર | અમદાવાદ | ૩૧૩ |
| ૧૪૯ | સિદ્ધિતપ કરતા મુક્તાબેન ભંગી | સુરેન્દ્રનગર | ૩૧૪ |
| ૧૫૦ | ''સાસરામાં કંદમૂળ-રાત્રિભોજન ત્યાગ કરવા મળે તો જ લગ્ન કરીશ'' - હરિજન કન્યા નવલબાઈ | પ્રાગ્પુર(વાગડ) | ૩૧૪ |
| ૧૫૧ | ''જો નાનપણથી જૈન ધર્મ મળ્યો હોત તો લગ્ન જ ન કરત અને દીક્ષા જ લેત'' રેખાબેન મિસ્ત્રી | ગાંધીગામ | ૩૧૬ |
| ૧૫૨ | રમેશભાઈ નાપિતની અનુમોદનીય દેવ-ગુરુ ભક્તિ | કણોદર | ૩૧૮ |
| ૧૫૩ | કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટના પ્રકાશનો | | ૩૧૯ |
| ૧૫૪ | પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા. દ્વારા લિખિત / સંપાદિત સાહિત્યની યાદી | | ૩૨૦ |

## ૧ : દસ વર્ષનાં સહજીવન છતાં આબાલ બ્રહ્મચારી કચ્છી મુમુક્ષુ દંપતિ અ. સૌ. ભારતીબેન જતીનભાઈ શાહનું અતિ અદ્‌ભુત રોમહર્ષક જીવન વૃત્તાંત.

(૧) પોતાને પરણવા આવેલા છ એ રાજકુમારોને યુક્તિ પૂર્વક પ્રતિબોધીને દીક્ષાના દિવસે જ કેવલજ્ઞાનને વરેલા

**શ્રીમલ્લીકુમારી - (મલ્લીનાથ ભગવાન)...**

(૨) પશુઓની રક્ષા ખાતર લગ્નના માંડવેથી જાનને પાછી વાળી સંયમ દ્વારા '૫૪' દિવસોમાં જ કૈવલ્ય લક્ષ્મીને વરતા-

**આબાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન...**

(૩) પોતાનાં સ્વામી શ્રી નેમિનાથ ભગવાનના પગલે પગલે તેમના જ વરદ હસ્તે સંયમ સ્વીકારીને, પોતાના રૂપમાં મોહિત થયેલા પોતાના દીયર રથનેમિને પ્રતિબોધ પમાડીને મોક્ષમાં શ્રી નેમિનાથ ભગવાન સાથે શાશ્વત સહવાસ પામતા **સતી શિરોમણિ શ્રી રાજીમતીજી...**

(૪) માતા-પિતાના અતિ આગ્રહથી એક દિવસ માટે જ ક્રોડાધિપતિ - આઠ શ્રેષ્ઠી કન્યાઓ સાથે લગ્ન કરીને પ્રથમ રાત્રીએ જ એ આઠેય પત્નીઓને, તેમના તથા પોતાના માતા-પિતાને તેમજ ચોરી કરવા આવેલા પ્રભવ આદિ '૫૦૦' ચોરોને વૈરાગ્યમય વાર્તાલાપ દ્વારા પ્રતિબોધીને કુલ '૫૨૬' જણા સાથે બીજે જ દિવસે દીક્ષા લેતા
**ચરમ કેવલી શ્રી જંબૂસ્વામી...**

(૫) બાર વર્ષ સુધી જેની સાથે વિલાસી જીવન વીતાવેલ એવી રૂપકોશા વારાંગનાના મહેલમાં પતનના તમામ નિમિત્તો વચ્ચે રહીને પણ પરમ નિર્વિકારપણે ચાતુર્માસ વીતાવીને વારાંગનાને વીરાંગના (ઉત્તમ શ્રાવિકા) બનાવવા દ્વારા '૮૪' ચોવીશી સુધી શાસ્ત્રોના પાને અમર રહેનાર **ચરમ શ્રુતકેવલી શ્રી સ્થૂલિભદ્ર સ્વામી...**

(૬) સંયમની ઉત્કટ ભાવના હોવા છતાં માતા-પિતાના અતિ આગ્રહથી ફક્ત એક દિવસ માટે લગ્ન માટે તૈયાર થયેલા અને ક્રોડાધિપતિ - આઠ-આઠ શ્રેષ્ઠી કન્યાઓ સાથે લગ્નની ચોરીમાં હસ્તમિલાપની ક્રિયા વખતે પણ સંયમના ઉત્કૃષ્ટ મનોરથ કરતાં કરતાં કેવલજ્ઞાનને પામતા તેમજ આઠેય કન્યાઓ, તેમના તથા પોતાના માતા-પિતા તેમજ, રાજસિંહાસન પર બેઠેલા પૃથ્વીચન્દ્ર રાજાનાં પણ

કેવલજ્ઞાનમાં નિમિત્ત બનતા શ્રેષ્ઠીપુત્ર **શ્રી ગુણસાગર** ...

(૭) એકનાં સુદિ પક્ષના અને બીજાનાં વદિ પક્ષના બ્રહ્મચર્ય પાલના પચ્ચક્ખાણ લગ્ન પૂર્વે જ ગ્રહણ કરાયેલ હોવાથી લગ્ન થવા છતાં આજીવન અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીને શાસ્ત્રોના પાને અમર બની ગયેલા ભદ્રાવતી (કચ્છ) નગરીના **વિજયશેઠ - વિજયાશેઠાણી**...

(૮) રાજકુમારી મનોરમા સાથે લગ્ન કરીને પોતાના નગર તરફ પાછા ફરતાં રસ્તામાં મુનિદર્શન થતાં સાળા ઉદયસુંદર દ્વારા "દીક્ષા લેવી છે કે શું ?" ઈત્યાદિ વ્યંગ વચનોથી પ્રેરાઈને ખરેખર તરત જ સજોડે દીક્ષા લઈ લેતા **રાજકુમાર વજ્રબાહુ**...

(૯) એક હજાર સખીઓ સહિત પરણવા માટે જતાં રસ્તામાં સાધ્વીજીની વૈરાગ્યમય દેશનાથી સંયમ સ્વીકારવાના મનોરથ કરતાં કરતાં કેવલજ્ઞાનને પામતા **મહાસતી પ્રભંજના**... વિગેરે વિશિષ્ટ કોટિના નૈષ્ઠિક બ્રહ્મચારી મહાન પવિત્રાત્માઓને હાર્દિક અનંતશઃ નમસ્કાર કરીને..

જાણે કે પૂર્વ જન્મમાં આવા અનેક મહાત્માઓ અને મહાસતીઓના આદર્શ જીવનમાંથી પ્રેરણા મેળવીને એમના જેવું નિર્મળ શીલ પાળવાના મનોરથ અનેક જન્મોમાં કેળવીને અહીં અવતરેલા હોય તેવા વર્તમાનકાલીન આબાલ બ્રહ્મચારી મુમુક્ષુ દંપતિનું અત્યંત અનુમોદનીય અને વિસ્મયકારક જીવન વૃત્તાંત આપણે જોઈએ.

**મૂળ કચ્છ-મુન્દ્રાના જતીનભાઈ શાંતિલાલ શાહ**નો જન્મ મદ્રાસમાં થયો હતો. ૧૫ વર્ષની "ટીન એઈજ" માં જ પૂર્વના પુણ્યાનુબંધી પુણ્ય ઉદયમાં આવ્યા અને તેમને બિહાર રાજ્યમાં સમતેશિખરજી તીર્થની પાસે આવેલા ઝરિયા ગામમાં **વર્ધમાન તપોનિધિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.** (તે વખતે ગણિવર્ય) નો સત્સંગ સાંપડી ગયો અને એ સત્સંગ જ તેમનાં જીવનમાં 'ટર્નીંગ પોઈન્ટ' લાવવાનું બીજ બની ગયો. એ પુણ્ય પ્રસંગને આપણે વિગતવાર માણીએ.

બાળ અવસ્થામાંથી નીકળી કિશોર અવસ્થાને પામેલો જતીન પરમ પાવન તીર્થભૂમિ શ્રી સમેતશિખરજીના નિકટવર્તી નગર ઝરિયામાં વસતો હતો. ત્યારે ફક્ત જન્મથી શ્રાવક હતો પણ તત્ત્વથી કે તાત્પર્યથી શાસનના શણગારો તો દૂરની વાત પણ સંયમ પંથના અણગારોને પણ ક્યારેય બુદ્ધિપૂર્વક જોયા જાણ્યા ન હતા. ઘરની બાજુમાં રહેલ દેરાસર તો એને માટે રમત ગમતનું મેદાન હતું, ન કે આરાધનાનું આસ્થાન. પણ પૂજ્ય ભાનુવિજયજી ગણિવર્ય મ.સા.નો પહેલો મેળાપ સર્જાઈ ગયો. સમજણ

બુદ્ધિમાં સર્વ પ્રથમ સાધુપુરુષનાં દર્શન કર્યાં, ને એને લાગ્યું કે આવા સાધુઓને ક્યાંક ભાળ્યા છે, નિહાળ્યા છે.

વગર ઓળખાણ કે પિછાણે જાણે કોઈ અપૂર્વ સ્નેહ સંબંધના બાંધમાં એ બંધાઈ ગયો. અને ભોળા ભદ્રિક ભાવે તેઓશ્રી જ્યારે સ્વયં કોઈક શ્રાવકને ઘેર જઈ રહ્યા હતા, ત્યારે જિજ્ઞાસાના જુવાળે એનાથી સહસા પૂછાઈ ગયું કે 'આપશ્રીને દીક્ષા લીધે કેટલા વર્ષ થયા ?'

નાના મોઢે મોટો પ્રશ્ન થઈ ગયો હોય તેવું એની સાથેના મિત્રને લાગી આવ્યું, તેથી તે વચ્ચે ટપકી પડ્યો, 'ભઈલા ! આવું બધું મહારાજ સાહેબને ન પૂછાય.' તેટલામાં તો પૂજ્યશ્રીએ પ્રકાશ્યું, **'સુંદર પ્રશ્ન કર્યો છે તેં, આવા પ્રશ્નો પૂછી શકાય હોં ! હું તને તારા પ્રશ્નનો જવાબ આપું તો તું પણ દીક્ષા લઈશ ને ?'**

પ્રશ્નનો જવાબ મળે તે પહેલાં જ એક પ્રશ્ન જતીનની સામે આવી ઊભો, જેથી તે વધુ મુંઝાયો ને ગુરુ મહારાજનાં યુક્તિ ભરેલા જવાબથી એની લઘુતા ગ્રંથી તો ભાંગી ગઈ પણ - 'જવાબ સાંભળી દીક્ષા લઈશ જ' તેવો જવાબ આપવા જીભે મદદ ન કરી. વાચા વિકલ બની ગઈ ને મનમાં મૌન વ્યાપી ગયું. ગુરુજીએ વાતને રમૂજી રીતે વાળી લીધી ને પોતાની દીક્ષાનો પર્યાય જણાવતાં જણાવ્યું કે- 'કંઈ નહિ, તારે દીક્ષા લેવી હશે તો આપીશું, પણ તે માટે તારા પ્રશ્નનો જવાબ નહિ અટકે,' જવાબમાં રમૂજ હતી ને રંજન પણ... તે પછી તો કોણ જાણે કયા લગાવથી પૂજ્યશ્રીએ પ્રેમપૂર્વક પીઠ થાબડી ને પરિચય પણ સાધ્યો અને જતીન પણ ગુરુદેવશ્રીના ગુરુત્વાકર્ષણમાં ગુપ્ત રીતે ખેંચાયો. અવનવી કેટલીય વાતચીતો થઈ. તેઓશ્રીના પ્રવચનો સાંભળ્યાં. રાત્રીના પણ વ્યાખ્યાનો આપી તેઓશ્રીએ એના સુષુપ્ત સંસ્કારોને સતેજ કરી નાખ્યા. ઉગતી ઉંમર અને સૂઝ વગરની સમજણ બુદ્ધિ સૂક્ષ્મ સુધી પહોંચવાની શક્તિ ધરાર ન હતી. છતાં સ્થૂલ બુદ્ધિમાં જેટલું સંગ્રહી શક્યો તેટલું તેણે ગ્રહી લીધું. ફક્ત ૧૨-૧૫ દિવસના રોકાણમાં તેઓશ્રીએ ખાસ તો બાળકોને બોધપાઠ આપ્યા.

પણ જતીનના માતા-પિતા મુંઝાયા. જેથી તેઓના વિદાય સમારંભમાં જવાનો મોકો પણ ન આપ્યો. આમ જો કે જતીનનાં બાળ માનસને ખરી યુવાની બક્ષવા આત્મભૂમિમાં જાણે ધર્મનાં બીજ વવાઈ ગયાં અને એ બીજનું ખાતર-પાણી દ્વારા સંવર્ધન કરવાનું કાર્ય તેઓશ્રીનાં જ પ્રશિષ્ય **તપસ્વીરત્ન પ. પૂ. પંન્યાસ પ્રવર (તે વખતે મુનિવર્ય) શ્રી જયસોમવિજયજી મ. સા.** ના ઝરિયામાં ચાતુર્માસ દ્વારા અને લગાતાર વીશ વર્ષો સુધી પ્રેરણા પત્રો દ્વારા થતું રહ્યું.

ઉપરોક્ત પ્રથમ સત્સંગ પછી તો દિવસો વીતવા લાગ્યા.

માતા-પિતાનાં આગ્રહને લીધે સાંસારિક અભ્યાસમાં મનને મારી મચકોડીને મૂકવું પડ્યું, પણ કોણ જાણે કેમ, તે પુણ્યપુરુષ જેટલીવાર યાદ આવ્યા તેટલી વાર તેમનો પ્રશ્ન -'જવાબ આપું તો તું પણ દીક્ષા લઈશ ને ?' જતીનને યાદ આવવા લાગ્યો. એ પ્રશ્નનો જવાબ જો કે તે વખતે એ ન્હોતો આપી શક્યો, પરંતુ તે પ્રશ્નનો જવાબ આપવો જ જોઈએ. તેવું કર્તવ્યભાન જાગવા લાગ્યું. અને આખરે એ પ્રશ્નનો જવાબ જ્યારે તૈયાર કરી શક્યો ત્યારે જવાબનો આકાર કાંઈક એવો હતો કે- **'હા. હું પણ દીક્ષા લઈશ !'** તેમ છતાં એ જવાબને ન તો એ જબાન ઉપર લાવી શક્યો કે ન તો એ આકારને સાકાર કરી શક્યો. કારણકે તેટલી તૈયારી જેટલા દિવસો પછી થઈ હતી, તેટલામાં તો યુવાની ઊગી ઊઠી હતી. મૂછનાં દોરા ફૂટી નીકળ્યા હતા. સાથે મોહનાં દોરા પણ આવવા લાગ્યા હતા.

B.Com. સુધીનું વ્યાવહારિક જ્ઞાન મેળવવા કોલેજના પગથિયા ઘસાવા લાગ્યા અને સાથે સાથે વ્યવસાયિક જ્ઞાન મેળવવા દુકાનના પગથિયા પણ. આમ વ્યાવહારિક અને વ્યવસાયિક બે પાંખો આવવાથી લાલસાના વાયુમાં તૃષ્ણાના ગગનમાં એ ઉડાન કરી રહ્યો હતો. છતાં પણ ખુશ નશીબીની વાત તો એ હતી કે જતીનનાં જીવન રૂપી પતંગની દોરીનું કુશળ સંચાલન એના વર્તમાન ગુરુદેવ પ. પૂ. પન્યાસ પ્રવર શ્રી જયસોમવિજયજી ગણિવર્ય મ. સા. એ નિયમિત પ્રેરણા પત્રોનાં માધ્યમ દ્વારા સંભાળી લીધું હતું. તેથી જ જ્યારે તન ત્રણમાંથી તેર કમાવવા દોડતું હતું, ત્યારે પણ એનું મન સંયમ જીવનને મેળવી લેવા માટે ખેંચાતું હતું. ઘરમાં ભાઈ-ભાંડુઓમાં જ્યેષ્ઠ હોવાના કારણે જલ્દી જવાબદારી આવી ગઈ હતી. પરંતુ કિશોરવયમાં ધર્મના વવાયેલા બીજમાંથી આદર્શોનાં છોડવા ઊગી ગયા હતા. તેથી કમાવવાની લગનીમાં પણ પરમાત્માના શાસનપ્રતિ એની લગની લગાડવામાં બહુ ફરક ન પડ્યો, **અને તેથી જ જીવનની કોઈ ધન્ય પળે જતીનકુમારે પૂજ્યપાદ આચાર્ય ભગવંત વિજય વિક્રમસૂરીશ્વરજી મ. સા.ની પાવન પ્રેરણા મુજબ '૨૨' વર્ષની યુવાન વયે પાંચ વર્ષ માટે બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લઈ લીધી !**

પાણી પહેલાં પાળની માફક આ પ્રતિજ્ઞાએ જ તેને મુનિજીવનની પ્રાપ્તિમાં મહત્ત્વનું બળ પૂરું પાડ્યું છે. એનો વિચાર કરતાં પચ્ચક્ખાણ આવશ્યકનાં ઉપદેશક શ્રી અરિહંત પરમાત્મા અને તેમના શાસન પ્રત્યે મસ્તક અહોભાવથી ઝુકી જાય છે.

આબાલબ્રહ્મચારી જતીનભાઈનાં માતુશ્રી કંચનબેનને કિડનીની બિમારીના લીધે આખા શરીરે સોજાના કારણે ગૃહકાર્યમાં તકલીફ પડતી

હતી. તેથી તેઓ એના લગ્ન કરાવીને જલ્દી પુત્રવધૂને ગૃહભાર સોંપવા ઈચ્છતા હતા. જ્યારે બીજી બાજુ-સત્સંગની ફલશ્રુતિ તરીકે જતીનભાઈનું અંતઃકરણ કોઈ રીતે સંસારનાં બંધનોમાં જકડાવા તૈયાર ન હતું. બલ્કે એ તો સંયમનાં સોહામણાં સોણલામાં રાચી રહ્યું હતું. તેથી જ સગપણ માટે અનેક કન્યાઓના એક પછી એક માંગા આવવા છતાં તેમનું અંતઃકરણ ઈન્કાર જ કરતું રહ્યું. એ તો સિદ્ધિવધૂ સાથે શાશ્વત સંબંધ કરાવી આપનાર સર્વવિરતિ ધર્મનો સ્વીકાર કરવાના મનોરથ સેવી રહ્યું હતું.

તેમ છતાં જ્યાં સુધી આ મનોરથ સફળ ન થાય ત્યાં સુધી પિતાજીનાં આગ્રહથી અને વ્યાવહારિક ફરજની દૃષ્ટિએ પણ **"ઓડિટિંગ તથા સ્ટેટેસ્ટિક સાથે B.Com."** નાં અભ્યાસ પછી સફારી સ્યૂટકેસ કંપનીના એજન્ટ તરીકે જતીનભાઈને જોડાવું પડયું અને આગળ વધતાં એ જ કંપનીનાં Internal Audit Section ના Manager Audit તરીકે મહત્ત્વના પદ પર નિમણુંક થતાં પૂરા ભારત દેશની ખેપો હવાઈ - સફરથી તેઓ કરવા લાગ્યા. ૨૫૦ જેટલા કર્મચારીઓને સંભાળવાની જવાબદારી આવી. તે વખતે તેઓ બેંગ્લોર રહેવા માટે આવી ગયા હતા. અર્થોપાર્જન માટે વારંવાર હવાઈ જહાજમાં ઉડતાં ઉડતાં વૈરાગ્યની જ્યોત ક્યાંય બુઝાઈ ન જાય કે ઝાંખી ન પડે બલ્કે વધુને વધુ દેદીપ્યમાન બની ઝળહળતી રહે તે માટે **વ્યવસાય નિમિત્તે કરવી પડતી એ હવાઈ સફર દરમ્યાન વિવિધ જૈન તીર્થોની યાત્રા દ્વારા આત્માને પાવન બનાવવાની સન્મતિ પણ સત્સંગના પ્રભાવે મળતી રહી. જેથી જીવનમાં કુલ ૨૦૨ વાર થયેલ પ્લેનની મુસાફરી દરમ્યાન ભારતભરના "૨૫૦" થી વધુ તીર્થોની અનેકવાર યાત્રા કરવાનો તથા વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિ શ્રી સમેતશિખરજી મહાતીર્થની '૩૬' વાર યાત્રા કરવાનો લાભ પણ તેમને મળ્યો.**

તદુપરાંત ઝરિયા - મદ્રાસ - બેંગ્લોરમાં પાઠશાળા તથા પૂ. સાધુ ભગવંતો પાસેથી જે પંચ-પ્રતિક્રમણ ચાર કર્મગ્રંથ (સાર્થ) વૈરાગ્ય શતક, જ્ઞાનસાર, શાંત સુધારસ, ઉપમિતિ ભવ પ્રપંચા કથા વિગેરેનો અભ્યાસ થયેલો તે કટાઈ ન જાય તે માટે તથા 'વાપર્યો માલ વધે' એ હેતુથી બેંગ્લોરની ધાર્મિક પાઠશાળામાં સમ્યક્ જ્ઞાનદાનની પ્રવૃત્તિ પણ ચાલુ રાખી હતી. તથા જ્ઞાન ભંડારની સ્થાપના પણ તેમણે કરેલી.

એ જ્ઞાનભંડારની વ્યવસ્થામાં સહાયક બને તે માટે કોઈ યોગ્ય છોકરાની ગોઠવણ કરવા માટે સંઘના કાર્યકર્તાઓ પાસે રજુઆત કરી હતી. પરંતુ સંયોગોવશાત્ તેવા સુયોગ્ય છોકરાની ગોઠવણ શક્ય ન બનતાં છેવટે કાર્યકર્તાઓ દ્વારા ગુજરાતમાં ભાવનગર જિલ્લામાં શિહોર પાસે આવેલ વડીયા ગામનાં મૂળ વતની અને તે વખતે બેંગ્લોરની પાઠશાળામાં ભણતા

ભારતીબેન લક્ષ્મીચંદ સંઘવી ( ઉ. વ. ૧૬) (Inter Arts) નામની કન્યાની નિમણુંક થઈ. જે જતીનભાઈને ન છુટકે પણ માન્ય રાખવી પડી.

લીધેલી પ્રતિજ્ઞાનું અણિશુદ્ધ પાલન કરવા માટે તેઓ સજાગ હતા. તેથી જ્ઞાનભંડારની વ્યવસ્થા માટે પણ બંનેના ટાઈમ અલગ-અલગ જ ગોઠવેલા. છતાં ક્વચિત્ લીસ્ટ વિગેરે નિમિત્તે એક બીજા સાથે વાતચીત કરવાના પ્રસંગો ઊભા થતાં. ધીરે ધીરે આ વાત જતીનભાઈનાં માતુશ્રીનાં કાને કોઈકે નાંખી. તેમને તો જોઈતું જ એટલું હતું. એટલે તેમણે તરત ભારતીબેનનાં માતા-પિતા પાસે ભારતીબેનને પોતાની પુત્રવધૂ બનાવવા માટે પ્રસ્તાવ મૂક્યો. તેમણે પણ તુરત જ સહર્ષ સંમતિ આપી દીધી. ત્યાર બાદ માતુશ્રીએ જતીનભાઈ પાસે આ સંબંધ સ્વીકારી લેવા માટે આગ્રહભરી રજુઆત કરી.

આનાથી અગાઉ અનેક કન્યાઓના માંગાઓને નકારી ચૂકેલા જતીનભાઈ 'હવે પૂ. માતુશ્રીની વિનંતિને ક્યાં સુધી ઠુકરાવતો રહું ?' એવી વિચારસરણી ને બીજી બાજુ પાંચ વર્ષ માટે લીધેલી પ્રતિજ્ઞાને લીધે 'હા' કે 'ના' કશો જવાબ આપવાને માટે અસમર્થ થઈને દ્વિધાભરી સ્થિતિમાં સ્હેજ મૌન રહ્યા. અને એમના મૌનને સંમતિ માનીને માતુશ્રીએ જલ્દીથી સગપણ માટેની તૈયારી કરવા માંડી.

હવે પરિસ્થિતિની ગંભીરતા પામી જઈને જતીનભાઈએ ભારતીબેનને આ હકીકતથી વાકેફ કરી અને એની વિચારણા જાણવા પ્રયત્ન કર્યો. ટી.વી. ઉપર અઠવાડિયે બે પિકચર જોનાર ભારતીબેનને કાંઈ દીક્ષા લેવાની વિચારણા ન હતી. એટલે એણે આ બાબતમાં સહર્ષ સંમતિ વ્યક્ત કરી. તે વખતે પાંચ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા પૂરી થવાને હજુ રા વર્ષની વાર હતી. જતીનભાઈએ ભારતીબેનને નિખાલસતાથી એ હકીકતથી વાકેફ કરીને સાથે પોતાના સંયમ સ્વીકારવાના મનોરથ પણ જણાવ્યા. ત્યારે ખાનદાન કુળની એ આર્ય કન્યાએ ઉત્તર આપ્યો કે "જ્યારે તમે સંયમ સ્વીકારવાનો પાકો નિર્ણય કરશો ત્યારે જો મને પણ સંયમની ભાવના જાગી જશે તો હું પણ તમારી સાથે જ સંયમ સ્વીકારી લઈશ. અને જો કદાચ તેવા પરિણામ નહિ થાય તો પણ તમને તો દીક્ષા લેવામાં અંતરાય રૂપ નહિ જ બનું !..."

અને આખરે તેઓ બંને સગપણનાં બંધનથી તો બંધાઈ ગયા ! પણ હજુ લગ્નને વાર હતી. તે દરમ્યાન એક દિવસ જતીનભાઈએ સહધર્મચારિણીને પૂછ્યું કે 'પાંચ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞાની અવધિ પૂરી થયા પછી કદાચ કેટલાક સમય માટે એ પ્રતિજ્ઞાની અવધિને

લંબાવું. અર્થાત્ ફરી બીજા ૨-૪ વર્ષ માટે એવી પ્રતિજ્ઞા લઉં તો તારી સંમતિ હશે ને ? !...

ત્યારે જાણે કે બંનેની પુણ્યાનુબંધી પુણ્યની રાશિએ મુખમાં પ્રવેશીને પ્રેરણા કરી હોય તેમ સહસા એનાથી કહેવાઈ ગયું. કે- 'આવી રીતે કટકે કટકે વ્રત લેવા કરતાં કાયમ ને માટે જ વ્રત લઈ લઈએ તો કેમ !' જતીનભાઈ માટે તો આ વાક્ય 'ભાવતું હતું ને વૈદે બતાવ્યું' એ યુક્તિ મુજ અમૃત તુલ્ય હતું. એટલે તેમણે સહર્ષ તે માટે તૈયારી દર્શાવી અને ભારતીબેને પણ સાનંદ અનુમોદન આપ્યું. **તેથી સગાઈથી નવ મહિના પછી અને લગ્નથી ત્રણ મહિના પહેલાં ગુજરાતમાં વાપીની પાસે વાઘલધરા ગામમાં શ્રી સંભવનાથ ભગવાનની સમક્ષ - પરમોકારી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ના શ્રી મુખેથી યાવજ્જીવ માટે સજોડે બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરી લીધો !!!...**

વ્રત ગ્રહણ કરતી વખતે પૂ. **ગણિવર્યશ્રી જયઘોષ વિજયજી મ.સા.** (હાલ ગચ્છાધિપતિ આચાર્યશ્રી)ની હાજરી હોવાથી તેમની સાથે જ્ઞાનચર્ચા દ્વારા સારું એવું માર્ગદર્શન મેળવ્યું.

આ ઘટના પછી ત્રણ મહિના બાદ જ્યારે વ્યાવહારિક દૃષ્ટિએ એ બંનેના લગ્ન થયા ત્યારે લગ્ન પછી તરત જ તેઓ ગિરનારજી મહાતીર્થની યાત્રાએ ગયા. અને આબાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનની પાસે સુવિશુદ્ધ બ્રહ્મચર્ય પાલન માટે શક્તિપ્રદાન કરવાની હાર્દિક પ્રાર્થના કરી. ખરા અંતઃકરણથી થયેલી એ પ્રાર્થનાનો સ્વીકાર થયો હોય તેમ લગ્ન પછી દશ વર્ષ સુધી સાથે રહેવા છતાં પણ બંને ભાઈ-બ્હેનની જેમ નિર્મળ જીવન જીવી શક્યા તેમાં એ પ્રભુકૃપા અને સાથે ગુરુકૃપાને જ મુખ્યત્વે યશ ઘટે છે. એમ બંને જણા નમ્રભાવે માને છે.

બંનેના માતા-પિતા તેમણે લીધેલા વ્રતથી અજાણ હતા. કારણકે વ્રત લેતાં પહેલાં તેમને જણાવાય તો રજા જ ન મળે. અને વ્રત લીધા પછી જણાવવાથી પણ તેમને જબ્બર આઘાત લાગે તેમ હોવાથી આ વાત તેમણે જણાવી ન હતી. તેથી લગ્ન બાદ માતાપિતાને જાણ ન થાય તે માટે એક જ શયનખંડમાં સૂવાનું રાખવું પડ્યું. છતાં પણ વ્રતરક્ષા માટે તેઓ T આકારે પૃથક્ પૃથક્ શય્યા પર શયન કરતા. જતીનભાઈને હજુ વ્રત પાલન માટે માનસિક પુરુષાર્થ કરવો પડતો જ્યારે ભારતીબેનને માટે તો જાણે વ્રત પાલન તદ્દન સાહજિક - નૈસર્ગિક હતું !...

**દશ વર્ષના સહજીવનમાં કદીપણ એમનાં તરફથી વ્રતવિરુદ્ધ સહેજપણ વાતચીત કે તેવી ચેષ્ટા થઈ નથી. અધ્યવસાયોની નિર્મળતા જળવાઈ રહે તે માટે તેઓ બંને એકબીજાને સંબોધન પણ ભાઈ-બહેન તરીકે જ કરતા !!!...**

આમ દેવ-ગુરુ કૃપાથી નિર્મળ રીતે વ્રતપાલન કરતાં કરતાં સમય પસાર થવા લાગ્યો. દશ વર્ષનાં વહાણા વાઈ ગયાં. તે દરમ્યાનમાં બંને જણાએ ભારતભરનાં ૧૭૫થી વધુ તીર્થોની અનેકવાર યાત્રા કરી તથા પાંચ પ્રતિક્રમણ, ચાર કર્મગ્રંથ (સાર્થ) જ્ઞાનસાર, શાંત સુધારસ, ઉપમિતિ ભવ પ્રપંચા કથા, આદિનો અભ્યાસ કરી લીધો. તેમજ કીડનીની બિમારીથી પીડિત સાસુજીની ભારતીબેને અજોડ સેવા કરી. એમના લગ્ન પછી દોઢેક વર્ષ બાદ જતીનભાઈનાં માતુશ્રીનો સ્વર્ગવાસ થયો. પરંતુ નાનાભાઈ અમિતના લગ્ન તો ત્યાર પછી પણ ૮॥ વર્ષે થયા. તેથી ત્યાં સુધી તેમને સંસારમાં રોકાવું પડ્યું.

હવે જાણે એમનાં ચારિત્ર મોહનીય કર્મનો ઉદયકાળ પૂરો થઈ રહ્યો હતો. જેથી જે પૂજ્યશ્રીએ ઝરિયા મુકામે જતીનકુમારનાં કિશોર માનસમાં સંયમ પરિણામના બી વાવ્યા હતા. એ જ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. નું શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર સહિત સં. ૨૦૪૬નું ચાતુર્માસ કોઈમ્બતૂર મુકામે થયું ત્યારે ચાતુર્માસથી પહેલાં તેઓશ્રી બેંગ્લોર પધાર્યા.

સંયમ પ્રાપ્તિની ભાવના છતાંય સંયમની ઉપલબ્ધિ સો ટકા શંકાસ્પદ હતી. તેવા કપરા સમયે આચાર્ય ભગવંતશ્રીએ સામે ચડીને જતીનભાઈનો પરિચય સાધ્યો ને એમના ગુરુમહારાજનાં માધ્યમે સંપર્ક - સાંનિધ્યને ગાઢ કરતા ગયા. વચ વચમાં વણમાગી હિતશિક્ષાનાં માધ્યમે સંયમ માર્ગે ધપવા પ્રેરણા કરતા રહ્યા. જેથી જતીનભાઈ પણ તેમનાં નિર્દેશ મુજબ દીક્ષાની તૈયારીઓ કરવા લાગ્યા. એ મહાપુરુષની અમીદૃષ્ટિથી પ્રતિકૂળતાઓ અનુકૂળતામાં પલટાવા લાગી. દીક્ષા માટે સહમત ન થયેલ પિતાશ્રી પણ પલટાયા. નાનાભાઈએ પણ ગૃહસ્થ ધર્મનો ભાર ઊંચકી લીધો. અને સહુથી વધુ અનુકૂળતા તો એ સર્જાણી કે ભારતીબેન જેઓ પાપભીરુ સાથે સંયમ ભીરુ પણ હતા. તેઓએ પણ પોતાના પતિદેવને પગલે-પગલે કદમ માંડવા નિર્ધાર કર્યો. તેમના માતૃહૃદયા ગુરુણી વિદુષી સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી (વૈરાગ્યદેશનાદક્ષ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મ. સા. નાં બહેન મ. સા.) પણ ૧૬ સાધ્વીજીઓના સમુદાય સાથે ગુજરાતથી વિહાર કરી બેંગ્લોર પધારી ગયા. પૂજ્યશ્રીએ સં. ૨૦૪૭ ના ફાગણ વદિ ૩, રવિવાર, તા. ૩-૩-૯૧ નું શુભ મુહૂર્ત દીક્ષા નિમિત્તે ફરમાવ્યું. દીક્ષાની જાહેરાત થતાં જ ઠેર ઠેરથી અનુમોદના સહ બહુમાન માટે આગ્રહભર્યા આમંત્રણો મળવા લાગ્યા. વિજયવાડા - ઈરોડ - અમદાવાદ - મદ્રાસ - તથા મુંબઈમાં મલાડ -ઈર્લા - ભાયખલા - ગોડીજી તેમજ ગોવાલિયા

ટેન્કમાં શાસન પ્રભાવક પૂજ્યોની નિશ્રામાં અનુમોદનાના કાર્યક્રમો ગોઠવાયા. **જેમાં ૨૫૦ થી વધુ યુગલોએ સંપૂર્ણ કે આંશિક બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો !**

**બેંગ્લોરમાં લગભગ ૧૨૫ જેટલા દંપતીઓએ ભાવોલ્લાસ પૂર્વક સંપૂર્ણ અથવા આંશિક બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કરવા પૂર્વક એમને વાયણા-જમણ કરાવેલ !... સા. શ્રી વસંત પ્રભાશ્રીજીની પ્રેરણા થી ૨૦૦ થી વધુ ભાવિકોએ પાંચ કે દશ વર્ષમાં નવ લાખ નવકારમંત્ર ગણવાની પ્રતિજ્ઞા લીધી !**

બીજાપણ અનેક ભાવિકોએ આ નિમિત્તે વિવિધ અભિગ્રહો ધારણ કર્યા.

સોનામાં સુગંધભળે તેમ અમદાવાદનાં ત્રણ મોટી ઉંમરના શ્રદ્ધા સંપન્ન - ૧૨ વ્રતધારી સુશ્રાવકોની દીક્ષાનું આયોજન પણ એમની સાથે જ બેંગ્લોરમાં ગોઠવાયું. તેમાં (૧) દીપકલા સાડી સેન્ટર વાલા-દીપકભાઈ શાહ. જેઓએ કરોડપતિ હોવા છતાં વરસોથી નવા કપડા સીવડાવ્યા ન હતા. પગમાં ચપ્પલ પહેરેલ ન હતી. પોતાના બંગલાના એક રૂમમાં સામાયિક - પૌષધ - સ્વાધ્યાયમાં મસ્ત રહેતા હતા. (૨) બીજા શ્રી રતિલાલભાઈ શાહ (ચા વાળા) જેઓ વરસોથી ઉપાશ્રયમાં જ સૂતા હતા. અને પૂજ્ય સાધુ - સાધ્વીજી ભગવંતોની ઉલ્લાસ પૂર્વક વૈયાવચ્ચ કરતા હતા. તથા દીક્ષાની ભાવના ભાવતા હતા. (૩) ત્રીજા શ્રી રસિકભાઈ જેઓ નિત્ય બિયાસણાની સાથે વરસોથી પાઠશાળામાં માનદ્ સેવા તરીકે તત્ત્વાર્થસૂત્ર, ૪ પ્રકરણ આદિનો અભ્યાસ કરાવતા હતા. તથા ઊભા ઊભા ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતા હતા. જતીનભાઈની સજોડે દીક્ષાની વાત સાંભળી તેઓ પણ તુરત ચારિત્ર અંગીકાર કરવા તૈયાર થઈ ગયા... !

... અને ઉપરોક્ત શુભ મુહૂર્તે ભવ્ય એકાદશાહ્નિકા મહોત્સવ પૂર્વક પાંચેયની દીક્ષા સંપન્ન થઈ ત્યારે આ પ્રસંગની અનુમોદના કરવા દક્ષિણ ભારત - મહારાષ્ટ્ર- ગુજરાત આદિના અનેક ગામ - નગરોથી ઉમટેલી ૨૫ હજારની માનવમેદનીની ઉપસ્થિતિ વચ્ચે વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ્ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. એ એમનું નીચે મુજબ નૂતન નામકરણ કર્યું.

| મુમુક્ષુનુંનામ | નૂતન નામ | ગુરુનું નામ |
|---|---|---|
| (૧) દીપક ભાઈ | મુનિશ્રી હર્ષઘોષ વિજયજી- | પ. પૂ. આ. ગચ્છાધિપતિ- વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા. |

| | | |
|---|---|---|
| (૨) રતિભાઈ- | મુનિશ્રી રત્નઘોષવિજયજી- | પ. પૂ.ગચ્છાધિપતિ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. |
| (૩) રસિકભાઈ- | મુનિ શ્રી રમ્યઘોષવિજયજી- | પ.પૂ. ગચ્છાધિપતિ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. |
| (૪) જતીનભાઈ- | મુનિશ્રી જયદર્શન વિજયજી- | પ. પૂ." ના શિષ્ય ગણિવર્ય જયસોમ. વિ. મ. સા. |
| (૫) ભારતીબેન- | સા. ભવ્યગુણાશ્રીજી- | સા. શ્રી વસંત પ્રભાશ્રીજી મ. સા. |

પ્રિય વાચકો પૂ. ગણિવર્ય શ્રીગુણસુંદરવિજયજી મ. તથા પૂ. ગણિવર્ય શ્રીભુવનસુંદર વિ. મ. સાહેબના મુખેથી આ દૃષ્ટાંત સાંભળ્યા બાદ અમદાવાદમાં ખાનપુર જૈન સંઘના ઉપાશ્રયમાં તા. ૧૫/૬/૯૫ ના રોજ ઉપરોક્ત મુનિરાજશ્રી જયદર્શન વિજયજીની સાથે મુલાકાત થઈ ત્યારે તેમના પૂર્વ જીવન વિષે પૂછેલા પ્રશ્નોના મળેલા પ્રત્યુત્તરોનો સાર અત્રે રજુ કર્યો છે. કલિકાલમાં પણ આવા રોમહર્ષક અનુમોદનીય દૃષ્ટાંતો વિદ્યમાન છે. એ જાણીને અંતરમાંથી સ્હેજે ઉદ્ગારો સરી પડે છે કે ખરેખર-

**"બહુરત્ના વસુંધરા..."**

દીક્ષા બાદ પૂજ્ય ગુરુ ભગવંતોના સતત સાંનિધ્ય અને કૃપાદૃષ્ટિના પ્રભાવે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળવા માટેનો તેમનો ઉત્સાહ દિન પ્રતિદિન વૃદ્ધિંગત બનતો જાય છે. પરિણામે માત્ર છ વર્ષનાં દીક્ષા પર્યાયમાં વર્ધમાન આયંબિલ તપની ૪૦ ઓળી સુધી પહોંચી ગયા છે ! (દીક્ષા પૂર્વે ૧૨ ઓળી સજોડે કરી હતી) છેલ્લા ત્રણ વર્ષમાં છુટક ઉપવાસ - આયંબિલ સાથે ઓળીઓ કરવા દ્વારા ૧૦૦૮ આયંબિલ - ઉપવાસ પૂર્ણ કરી લીધા ને તેની ઉપર વર્ધમાન તપની ૩૭ મી ઓળી એકાંતર ઉપવાસ (૧૯ આયંબિલ + ૧૯ ઉપવાસ) થી પૂર્ણ કરી. આટલા ઉગ્ર બાહ્ય તપની સાથે દરરોજ ૮-૯ કલાકનો કઠીન શાસ્ત્ર ગ્રંથોનો સ્વાધ્યાય ચાલુ જ હોય. તદુપરાંત "શાંતિ સૌરભ" તેમજ "ધર્મધારા" ઉપરાંત વિવિધ માસિકોમાં - ગ્રથોમાં અવાર નવાર તેમની સિદ્ધહસ્તકલમથી આલેખાયેલ લેખો પ્રગટ થાય છે. જે ખરેખર વાંચવા યોગ્ય છે. પ્રસ્તુત પુસ્તકના ભાગ ૧ તથા ૨ બંનેની પ્રસ્તાવના દ્વારા પણ તેમની જ્ઞાન પ્રતિભા તથા વિશિષ્ટ લેખન શૈલિનો સ્હેલાઈથી પરિચય વાચકવૃંદને

થઈ શકશે.

તેમના પરમ ઉપકારી ગુરુદેવ પ. પૂ. પન્યાસ પ્રવર શ્રી જયસોમવિજયજી મ. સા. સુવિશુદ્ધ ચારિત્રાચારનું પાલન તથા પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મ. સા. ની અંતિમ સમયમાં વિશિષ્ટ વૈયાવચ્ચની સાથે વર્ધમાન આયંબિલ તપની ૧૦૮ ઓળી ઉપરાંત ૩૬, ૩૮, ૪૦, ૪૧-૪૫-૫૫-૬૮ ઉપવાસ તથા બે વર્ષીતપ વિગેરે વિશિષ્ટ તપશ્ચર્યાનાં કારણે પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ના શ્રીમુખેથી 'તપસ્વીરત્ન'નું બિરુદ પામ્યા છે.

આવા ઉત્કૃષ્ટ તપસ્વી આરાધક ગુરુદેવનો તપ વારસો મુનિશ્રી જયદર્શન વિજયજીનાં જીવનમાં અત્યારથી જ જોવા મળે છે.

સા. ભવ્યગુણાશ્રીજી પણ દીક્ષિત જીવનમાં ૨ માસક્ષમણ, એક સિદ્ધિતપ, ૫૦ અઠ્ઠમ, વર્ધમાન તપની બાર ઓળી ઉપરાંત હાલ વીશસ્થાનક તપની આરાધના કરી રહ્યા છે. તેમના ગુરુણી સા. શ્રી વસંતપ્રભાશ્રીજીએ પણ પૂર્વાવસ્થામાં (કુ. વિજયા તરીકે) લગ્ન થવા છતાં બાલ બ્રહ્મચારિણી રહીને કેવા અદ્‌ભુત પરાક્રમથી સંયમની પ્રાપ્તિ અને સાધના કરી છે તેનું રોમ હર્ષક દૃષ્ટાંત આ જ પુસ્તકમાં શ્રાવિકાઓના દૃષ્ટાંત વિભાગમાં વાંચવા મળશે. અસ્તુ.

પ્રસ્તુત દૃષ્ટાંતમાં આલેખાયેલ સહુ સંયમી પવિત્રાત્માઓના આદર્શ જીવનમાંથી પ્રેરણા મેળવી સહુને સુવિશુદ્ધ સંયમ પાલનનું બળ સંપ્રાપ્ત થાઓ એ જ શુભ ભાવના.

## ૨ : એક જ વાર પ્રવચન શ્રવણથી ૨૪ વર્ષની વયે યાવજ્જીવ સજોડે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારતા કચ્છી દંપતિ દક્ષાબેન દિલીપભાઈ

ચારિત્રસંપન્ન વક્તા અને શ્રદ્ધા સંપન્ન શ્રોતાનો સુભગ સુમેળ સધાય તો કેવું ચમત્કારિક પરિણામ નીપજી શકે છે તે આપણે દક્ષાબેનના દૃષ્ટાંતમાંથી જોઈશું.

કચ્છ-માંડવી શહેરમાં સ્થાનકવાસી જૈન પરિવારમાં જન્મ પામેલા અને કચ્છ-મુન્દ્રાના મૂર્તિપૂજક વીર સૈનિક દિલીપભાઈ નામના યુવાન સાથે લગ્નગ્રંથીથી જોડાયેલા દક્ષાબેન હાલ મુંબઈ પાસે આવેલા ડહાણુ ગામમાં

રહે છે. હાલ તેમની ઉંમર ૩૫ વર્ષની છે. ૨૧ વર્ષની વયે તેમના લગ્ન થયેલ હતા. ૩ વર્ષના લગ્નજીવન દરમ્યાન તેમને ત્યાં એક સુપુત્રનો જન્મ થયેલ છે. તેમના પતિ દિલીપભાઈ સુપ્રસિદ્ધ યુવા પ્રતિબોધક પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી **ચંદ્રશેખરવિજયજી મ. સા,** ના ખાસ ભક્ત છે.

૨૪ વર્ષની વયે દક્ષાબેન એકવાર પ. પૂ. ચંદ્રશેખર વિજયજી મ.સા. નું પ્રવચન શ્રવણ કરવા ગયેલ. એ પ્રવચનમાં **પૂજ્યશ્રીએ બ્રહ્મચર્યનો મહિમા વર્ણવી એક જ વારના અબ્રહ્મ સેવનમાં ૨ થી ૯ લાખ જેટલા ગર્ભજ મનુષ્યો, અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યો તથા અગણિત બેઈન્દ્રિય જીવોની હિંસાનું કેવું ભયંકર પાપ લાગે છે તેનું અસરકારક શૈલિમાં વર્ણન કરેલ. તે સાંભળીને હળુકર્મી એવા દક્ષાબેનનો આત્મા ચોંકી ઊઠ્યો અને એ જ પ્રવચનના અંતે તેમણે દૃઢ સંકલ્પ કરી લીધો કે હવેથી કોઈ પણ સંયોગોમાં ક્ષણિક સુખાભાસની ખાતર આવું ઘોર પાપ મારે નથી જ કરવું.**

ઘરે આવીને પોતાના શુભ સંકલ્પની પતિ પાસે રજુઆત કરી અને યાવજ્જીવ માટે સજોડે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારી લેવા માટે પ્રેરણા કરી. દિલીપભાઈના આત્માને આ વાત ગમતી હોવા છતાં તેમનું મનોબળ હજી એટલું મક્કમ ન હતું જેથી તેમણે ધીરે ધીરે એ બાબતનો અભ્યાસ કરવાની દરખાસ્ત મૂકી. પરંતુ મક્કમ મનોબળવાવાળા દક્ષાબેન હવે એક પણ વખત આ પાપ કરવા માટે ધરાર લાચાર હતા. તેઓ પોતાના નિર્ણયમાં અડગ જ રહ્યા. કુટુંબના અન્ય સભ્યોને આ વાતની જાણ થતાં તેમણે દક્ષાબેનને સમજાવવા પ્રયત્ન કર્યો કે હમણાં આટલી નાની ઉંમરમાં જો તમે આવો નિર્ણય કરશો તો સંભવ છે કે તમારા પતિ તમારી ઉપર નારાજ થઈને તમને છોડી દે અથવા પોતે બીજે ક્યાં જતા થઈ જાય... પરંતુ દક્ષાબેને કહ્યું કે-'જે થવાનું હોય તે થાય. **પતિ છોડી દેશે તો હું મારા આત્મબળે પગભર થઈને જીવીશ પરંતુ આ નિર્ણયમાં કોઈપણ સંયોગોમાં હું ફેરફાર કરી શકું તેમ નથી !'...**

ત્યારબાદ દક્ષાબેન જિનમંદિરમાં ગયા અને ખૂબ જ શ્રદ્ધાપૂર્વક, એકાગ્રચિત્તે પ્રભુ પ્રાર્થના કરી અને કહ્યું કે- **'હે પ્રભુ ! જો મારી ભાવના સાચી છે તો મને તમે જરૂર સહાય કરજો અને તેની પ્રતીતિ તરીકે હમણાં જે ૩ ફૂલ આપના મસ્તકે ચઢેલા છે તેમાંથી વચલું ફૂલ હમણાં જ મારી સમક્ષ નીચે પડે !... અને ખરેખર ચમત્કાર સર્જાયો હોય તેમ તરત જ વચલું ફૂલ નીચે પડ્યું !...**

દક્ષાબેનના આનંદનો પાર ન રહ્યો. તેમનું મનોબળ હવે એકદમ વધી ગયું. તેમને થયું કે પ્રભુ મારી સાથે છે પછી મારે શી ચિંતા !!...

... અને ખરેખર અલ્પ સમયમાં જ તેમના પતિ પણ વ્રત સ્વીકારવા માટે સંમત થઈ ગયા અને **બંને જણાએ શુભ મુહૂર્તે યાવજ્જીવ બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો ત્યારે પ્રભાવના તરીકે પ. પૂ. ચંદ્રશેખરવિજયજી મ. સા. દ્વારા લિખિત બ્રહ્મચર્ય**

**વિષયક મનનીય પુસ્તક 'જો જે અમૃતકુંભ ઢોળાય ના' આપેલ.**

છેલ્લા કેટલાક વર્ષોથી તેમના સાસુને લકવા લાગુ પડ્યો છે. ત્યારે **એક દીકરી પોતાની માતાની સેવા કરે તેના કરતાં પણ વિશિષ્ટ રીતે દક્ષાબેન પોતાના સાસુજીની ખડે પગે સેવા કરે છે.** સાસુના પલંગની પાસે જ તેમની બેઠક હોય. થોડી થોડી વારે આહાર-નીહાર કરાવવો, માલિસ કરવી, દવા આપવી વિગેરે એવી અદ્‌ભુત સેવા કરે છે કે જોનારા આફ્રીન પોકારી ઊઠે છે.

થોડા વર્ષ પૂર્વે દક્ષાબેનના ઉપકારી પાર્શ્વચંદ્રગચ્છીય સા. શ્રી ભવ્યાનંદશ્રીજી ચતુર્વિધ સંઘ સાથે પાલિતાણામાં ૯૯ યાત્રા કરી રહ્યા હતા. દક્ષાબેનને તેની જાણ થતાં સાસુજી સમક્ષ રજુઆત કરી કે જો આપની રાજીખુશીથી અનુમતિ હોય તો આપની સેવાની વ્યવસ્થા કરીને હું સિદ્ધગિરિની એક યાત્રા ગુરુણીની નિશ્રામાં કરી આવું. આવી સુશીલ, સુવિનીત અને સેવાભાવી પુત્રવધૂની આવી ઉત્તમ ભાવનામાં અંતરાય રૂપ બને તેવા આ સાસુ ન હતા. તેમણે આશીર્વાદ પૂર્વક સંમતિ આપતાં દક્ષાબેને તરત પત્ર લખીને પોતાની ભાવનાની ગુરુણીજીને જાણ કરી. પરંતુ તરત જ સાધ્વીજીએ યોગ્ય પ્રત્યુત્તર વાળતાં લખ્યું કે લકવાગ્રસ્ત સાસુજીની સેવાને થોડીપણ ગૌણ કરીને હાલ યાત્રા માટે અત્રે આવવાની આવશ્યકતા નથી. તમારા માટે તો હાલ બિમાર સાસુની સુંદર સેવા કરીને તેમના આશીર્વાદ મેળવવા એ જ સાચી તીર્થયાત્રા છે. કારણ કે ભગવાને કહ્યું છે કે **'જો ગિલાણં પડિસેવઈ સો મં પડિસેવઈ' અર્થાત્ જે બિમારની સેવા કરે છે તે મારી જ સેવા કરે છે.'** એ પત્ર વાંચતાં જ એક પણ ક્ષણનો વિલંબ કર્યા વિના દક્ષાબેને પાલિતાણા જવાની પોતાની ભાવના માંડી વાળી. ધન્ય સાધ્વીજી...! ધન્ય શ્રાવિકા...!

છેલ્લા કેટલાક સમયથી તેમણે એક નવું મકાન લીધું છે. **એ મકાનના વાતાવરણને મંદિર જેવું પવિત્ર રાખવા ઈચ્છતા દક્ષાબેન અને દિલીપભાઈએ નિર્ણય કર્યો છે કે એ મકાનની અંદર કદીપણ કોઈ મહેમાનને પણ રાત્રિભોજન કે અબ્રહ્મનું પાપ કરવા મળે નહિ !**

આવા દૃષ્ટાંત સાંભળતાં ખરેખર વિચાર થાય કે અબળા ગણાતી નારી પણ જો ધારે તો પોતાના જીવનની પવિત્રતા દ્વારા પરિવારમાં પણ કેવું સુખદ ધર્મમય વાતાવરણ સર્જી શકે છે ! તે માટે જરૂર છે કુસંગથી દૂર રહેવાની અને શ્રદ્ધાપૂર્વક સત્સંગ કરવાની.

સરનામું : દક્ષાબેન દિલીપભાઈ શાહ,
C/o. ફેશન ટેન્ટ/૧, ઈરાની દહાણુ રોડ-૨૦ (મહારાષ્ટ્ર)

# ૩ : આધુનિક મીની વિજય શેઠ - વિજયા શેઠાણી પ્રકાશભાઈ તથા શશીબેન અથવા અર્વાચીન "શાલિભદ્રમુનિ"

દરરોજ દેવલોકમાંથી (પિતા) દેવ દ્વારા મોકલવામાં આવતી વસ્ત્ર-આભૂષણ તથા દિવ્ય ભોજનની ૯૯ પેટીઓ, ૭ માળની આલિશાન હવેલી તથા ૩૨ સ્નેહાળ પત્નીઓનો પરિત્યાગ કરીને, ભગવાન શ્રી મહાવીર સ્વામીનું શિષ્યત્વ સ્વીકારી ઘોર સાધનાના અંતે વૈભારગિરિની ધગધગતી શિલા ઉપર પાદપોપગમન અનશન સ્વીકારી એકાવતારી દેવ બનેલા ભૂતકાલીન શાલિભદ્ર મહામુનિના શાસ્ત્રોક્ત દૃષ્ટાંતમાં જો કોઈ આધુનિક શિક્ષિતને અતિશયોક્તિ કે અસંભવોક્તિનાં દર્શન થતાં હોય... અથવા લગ્નની પ્રથમ રાત્રિથી જ યાવજ્જીવ બ્રહ્મચર્યનું અણિશુદ્ધ પાલન કરતા વિજય શેઠ અને વિજયા શેઠાણીના સુપ્રસિદ્ધ દૃષ્ટાંતમાં કોઈને કાલ્પનિકતાનું દર્શન થતું હોય તો એમણે પ્રકાશભાઈમાંથી ૨ વર્ષ પહેલાં જ શાલિભદ્ર મુનિ બનેલા મહાત્માને ખાસ મળવા જેવું છે !...

**રાજસ્થાનના જયપુર શહેરમાં** રહેતા, સાચા હીરાના પ્રામાણિકતા પૂર્વકના (એક નંબરી-વ્હાઈટ) વ્યવસાય દ્વારા અબજોપતિ બનેલા ગર્ભ-શ્રીમંત કુળમાં જન્મેલા પ્રકાશભાઈને કોઈ પૂર્વ જન્મના તથાપ્રકારના શુભ સંસ્કારોના કારણે ભર યુવાવસ્થામાં બધા જ પ્રકારની ભરપૂર અનુકૂળતાઓ હોવા છતાં પણ સાંસારિક વૈષયિક સુખભોગ તરફ લેશમાત્ર આકર્ષણ ન હતું. બલ્કે તેઓ ભોગસુખોની કિંપાક ફળ તુલ્ય પરિણામ કટુતાને જ્ઞાનગર્ભિત વૈરાગ્યના પ્રભાવે સારી પેઠે સમજતા હોવાથી 'સસ્નેહી પ્યારા રે સંયમ કબ હી મિલે'ની ભાવનામાં જ રમતા હતા. પરંતુ કર્મસત્તાએ તેમની આ ઉત્તમ ભાવનાને સાકાર બનતી અટકાવવા માટે જાણે કમ્મર કસી હોય તેમ તેમના માતુશ્રીનો સ્વર્ગવાસ થતાં પિતાશ્રી દ્વારા દીક્ષા માટે કોઈપણ રીતે અનુમતિ મળતી ન હતી. કારણ કે તેઓ પિતાના એકના એક લાડકવાયા સુપુત્ર હતા. પ્રકાશભાઈને ત્રણ બહેનો હતી પરંતુ ભાઈ એક પણ ન હતો. તેથી પિતાશ્રી તરફથી તેમને લગ્ન કરવા માટે અવાર નવાર આગ્રહ ચાલુ જ રહેતો હતો. આખરે દાક્ષિણ્ય ગુણના લીધે પિતાશ્રીની આજ્ઞામાં અનિચ્છાએ પણ સંમતિ દર્શાવતાં પહેલાં તેમણે શરત મૂકી કે- **"હું લગ્ન કરું તો પણ યાવજ્જીવ બ્રહ્મચર્યનું પાલન કરું. આ વાત જો આપને મંજૂર હોય તો જ હું લગ્ન**

કરવા અંગેની આપની આજ્ઞાને શિરોધાર્ય કરવા માટે વિચાર કરું.''

કેટલોક વિચાર કરીને આખરે પિતાએ એ બાબતમાં સંમતિ દર્શાવતાં તેવા પ્રકારના પાત્રની શોધ કરતાં ઋણાનુબંધવશાત્ તેવું જ પાત્ર મળી આવ્યું.

કુમારિકા શશીબેન પણ અબજોપતિ ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મ પામવા છતાં સંસારસુખથી જલકમલવત્ અલિપ્ત રહી સંયમની ભાવનામાં રમતા હતા. પરંતુ મોહવશ માતા-પિતા તરફથી અનુમતિ મળતી ન હતી. આખરે ભવિતવ્યતા મુજબ શશીબેન તથા પ્રકાશભાઈનું સગપણ નક્કી થયું પરંતુ તે પહેલાં જ બંને જણાએ યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રત પાલન કરવાનો મક્કમ નિર્ધાર કરી જ લીધો હતો. ત્યારબાદ બંનેના લગ્ન થયા ત્યારે **શશીબેનના પિતાશ્રીએ પોતાની લાડકવાયીને સાસરે વળાવતાં ૯૯ ક્રોડ રૂ. દહેજ તરીકે** આપ્યા. તેમ છતાં આ નવદંપતિ પૌદ્ગલિક વૈભવમાં લેશમાત્ર મોહ ન પામતાં આત્મિક સદ્ગુણોની સમૃદ્ધિમાં દિન-રાત અભિવૃદ્ધિ કરવાનો પુરુષાર્થ કરતાં કરતાં ભાઈ-બહેનની માફક નિર્મળ જીવન જીવતાં જીવતાં અસિધારાવ્રતનું સહજપણે પાલન કરવા લાગ્યા. અને લગ્નની ચોરીમાં પણ સંયમના ઉત્કૃષ્ટ મનોરથો કરતાં કરતાં કેવલજ્ઞાન પામેલા ગુણસાગરશ્રેષ્ઠી પુત્રની માફક સર્વવિરતિ ધર્મનો સ્વીકાર કરવાની ભાવના ભાવતાં ભાવતાં ભાવદીક્ષિત બનીને સમય વ્યતીત કરવા લાગ્યા.

... આખરે એક દિવસ પ્રકાશભાઈના પિતાશ્રીનું અવસાન થતાં હવે આ સંયમાભિલાષી આત્માઓને ચારિત્રના ગગનમાં ઉડ્ડયન કરતાં અટકાવનાર કોઈ જ બંધન રહ્યું ન હતું. તેથી ટૂંક સમયમાં જ તેમણે મહાભિનિષ્ક્રમણના પુનીત પંથે પ્રસ્થાન કરવા માટેની તૈયારી કરી લીધી. **પોતાની ત્રણે બહેનોને ૫-૫ ક્રોડ રૂ. આપીને આજીવિકા અંગે નિશ્ચિત બનાવીને વધુને વધુ ધર્મમય જીવન જીવવા માટે પ્રકાશભાઈએ પ્રેરણા આપી. એટલું જ નહિ પરંતુ પોતાના ઘરમાં તેમ જ દુકાનમાં કામ કરતા તમામ કર્મચારીઓને પણ ૫-૫ લાખ રૂ. આપીને તેમને યાવજ્જીવ દરરોજ ઓછામાં ઓછું એક સામાયિક કરવાની સફળ પ્રેરણા આપી.**

શ્રી જયપુર સંઘે આ બંને દીક્ષાર્થીઓનું બહુમાન કરવા માટે સાંજીનું આયોજન કર્યું ત્યારે **સાંજીમાં આવેલ ૮૦ જેટલા શ્રાવિકાઓને દરેકને ૨।।-૨।। લાખ રૂ.ની સાચા હીરાની વીંટી તેમણે પ્રભાવના તરીકે આપી. અને બાકી રહેલા ૪૦૦ ક્રોડ (૪ અબજ) રૂ. નું ધર્માદા ટ્રસ્ટ બનાવીને આજથી બે વર્ષ પહેલાં જ તેમણે સજોડે દીક્ષા અંગીકાર કરી ત્યારે પ્રકાશભાઈની ઉંમર ૪૫ વર્ષની હતી.**

તેમણે પોતાના ગુરુ તરીકે સ્થાનકવાસી સંઘનો એક પેટા સમુદાય કે

જે "જ્ઞાન ગચ્છ" તરીકે ઓળખાય છે તેમાં "મહાત્માજી" તરીકે પંકાયેલા ખૂબ જ આધ્યાત્મિક જીવન જીવનારા **શ્રી જયંતિલાલજી મુનિ** ઉપર પોતાની પસંદગીનો કળશ ઢોળ્યો. **વર્તમાનકાળમાં અબજો રૂ. ની સંપત્તિનો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય દ્વારા પરિત્યાગ કરીને સંયમ સ્વીકારતા પ્રકાશભાઈનું નામ પણ ''મહાત્માજી'' એ ''શાલિભદ્ર મુનિ'' રાખ્યું.**

સાપ જેમ કાંચળી ઉતારે તેમ સંસારના વાઘાનો પરિત્યાગ કરીને પારમેશ્વરી પ્રવ્રજ્યાના પુનીત પંથે પ્રસ્થાન કરતા 'શાલિભદ્ર મુનિ' વિગેરેને વિદાય આપવા માટે શ્રીજયપુર સંઘના સંખ્યાબંધ શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત થયા હતા ત્યારે અત્યંત વૈરાગ્યભાવમાં ઝીલતા એવા આ નવદીક્ષિત મુનિવરે કોઈનીય સામું જોયા વિના ઈર્યા સમિતિનું અણિશુદ્ધ પાલન કરતાં કરતાં સાધનાના પંથે પ્રસ્થાન કર્યું ત્યારે સકલ સંઘ તેમના નિઃસ્પૃહીપણાને મનોમન અભિનંદી રહ્યો.

સિંહની જેમ શૂરવીરતા પૂર્વક દીક્ષા ગ્રહણ કરીને સિંહની જેમ જ શૌર્ય પૂર્વક તેનું પાલન કરવા ઈચ્છતા આ મુનિવર મોટા ભાગનો સમય મૌનપૂર્વક જ્ઞાન-ધ્યાનમાં જ પસાર કરે છે. અત્યંત અનિવાર્ય કારણ હોય તો જ ગુરુ આજ્ઞાપૂર્વક ભાષા સમિતિના ઉપયોગપૂર્વક તેઓ બોલે છે. ગયા વર્ષે (સં. ૨૦૫૨માં) તેમનું ચાતુર્માસ પોતાના ગુરુ મહારાજ સાથે રાજસ્થાનમાં હતું.

તેમના ગુરુ તેમજ ગુરુભાઈઓ પણ કેવા ચુસ્ત સંયમી છે તેનો એક પ્રસંગ હમણાં જ સાંભળવા મળ્યો.

સં. ૨૦૩૯માં તેઓ ૫ મુનિવરો કચ્છમાં પધાર્યા હતા. શિયાળાનાં દિવસો હતા. ગાંધીધામથી ૧૧ કિ.મી.ના અંતરે આવેલા પદાણા ગામથી સાંજે ૪ વાગ્યા બાદ વિહાર કરી ગાંધીધામ આવી રહ્યા હતા. ઈર્યા સમિતિનું સારી રીતે પાલન થઈ શકે તે માટે શાસ્ત્રજ્ઞા મુજબ તેઓ વિહારમાં ચુસ્તપણે મૌન પાળે છે તથા સૂર્યાસ્ત થતાં જ્યાં હોય ત્યાં જ યોગ્ય સ્થળે રાત્રિનિવાસ કરે છે પરંતુ સૂર્યાસ્ત બાદ આગળ વિહાર કરતા નથી. તે મુજબ એ પાંચ મુનિવરોમાંથી "મહાત્માજી" તથા બીજા એક મુનિવર ગાંધીધામ પહોંચી આવ્યા પરંતુ ઉંમરના કારણે ચાલ ધીમી હોવાથી બાકીના ૩ મુનિવરો સૂર્યાસ્ત સુધી ગાંધીધામ પહોંચી શક્યા નહિ તેથી તેઓ રસ્તામાં જ રેલ્વે ફાટક પાસે છાપરા નીચે રાત રોકાઈ ગયા. પરંતુ શ્રાવકોને આ વાતની ખબર ન હોવાથી તેમણે તપાસ કરવા જવાની રજા માગી ત્યારે "મહાત્માજી" એ કહ્યું કે-'તમે ચિંતા ન કરો. તેઓ યોગ્ય સ્થાને જ હશે. અને કાલે સવારે પણ થોડા મોડા આવે તો ચિંતા ન કરશો કારણ કે સવારના પણ

તેઓ પોતાનો નિત્યક્રમ તથા સાધના કરીને પછી જ વિહાર કરશે.' અને ખરેખર તેઓ બીજા દિવસે સવારે ૧૦ વાગ્યે ગાંધીધામ પધાર્યા.

વિજ્ઞાનયુગના અત્યંત વિલાસી વાતાવરણ વચ્ચે પણ ઠોમ ઠોમ સાહ્યબીનો સ્વેચ્છાએ પરિત્યાગ કરીને આવું સુંદર સંયમજીવન જીવતા આ અર્વાચીન "શાલિભદ્ર મુનિ" આદિ મહાત્માઓના જીવનમાંથી પ્રેરણા મેળવી સહુ રાગના ત્યાગી બની ત્યાગ-વૈરાગ્યના રાગી બનો એ જ શુભ ભાવના.

[આ દૃષ્ટાંત છ કોટિ સ્થાનકવાસી સમુદાયના તારિણીબાઈ મહાસતીજી પાસેથી તથા ગાંધીધામના સુશ્રાવક શ્રી અનુપચંદભાઈ મોરખીયા પાસેથી સાંભળીને લખ્યો છે. અનુપચંદભાઈ "મહાત્માજી" ના સારા સંપર્કમાં છે.]

## ૪ : "દીપડામાંથી દીકરો બનાવ્યો !!!"

**(લગ્ન દિવસથી જ યાવજ્જીવ બ્રહ્મચર્ય પાળતા દંપતી !!!)**

હાલ મુંબઈમાં રહેતો એક ગુજરાતી યુવાન તથા પ્રકારની સોબત તેમજ આધુનિક વાતાવરણના પ્રભાવે પોતાના ઘરમાં ગૃહમંદિર હોવા છતાં તેના દર્શન કરતો ન હતો.

એક વખત ધર્મચક્રતપ પ્રભાવક પૂ. પં. **શ્રી જગવલ્લભવિજયજી** મ. સા. નું ત્યાં ચોમાસું થયું. તેઓશ્રીની પ્રેરણાથી એ યુવાનના મોટા ભાઈ મોટી તપશ્ચર્યામાં જોડાયેલા. તપશ્ચર્યા દરમ્યાન કર્મસંયોગે તેમની તબીયત કંઈક નાદુરસ્ત બની ત્યારે પોતાના માતુશ્રીના કહેવાથી આ નાસ્તિક યુવાન ઉપાશ્રયમાં આવ્યો અને કહેવા લાગ્યો કે-'મ. સા. ! તમે મારા ભાઈને તપ કરાવ્યો તેથી તે મરવા પડ્યો છે. તો હવે તમે જ તેને જીવાડો !'...

જરાપણ ઉશ્કેરાયા વિના મ. સા.એ તેને પ્રેમપૂર્વક પોતાની પાસે બેસાડી વાત્સલ્યપૂર્વક હિતશિક્ષા આપી. ત્યારબાદ તેના ઘરે જઈને તપસ્વી મોટા ભાઈને વાસક્ષેપ આપી માંગલિક સંભળાવ્યું. મોટા ભાઈને સારું થઈ ગયું.

મ. સા.ના વાત્સલ્યપૂર્ણ વાણી-વ્યવહારથી આ નાસ્તિક ગણાતો યુવાન તેમના તરફ આકર્ષાયો અને નિયમિત તેમનો સત્સંગ કરતો થઈ ગયો... પરિણામ **માત્ર ૧૫ દિવસના પરિચયમાં જ તે રોજ જિનપૂજા કરતો થઈ ગયો તથા માતા-પિતાને નિયમિત સવારે પ્રણામ પણ કરવા લાગ્યો !...** આ જોઈને તેની

માતાના મુખમાંથી ઉદ્ગારો સરી પડ્યા કે-'મહારાજ સાહેબ ! મારો દીકરો 'દીપડા' જેવો હતો. તેને તમે ખરેખર 'દીકરો' (સુપુત્ર) બનાવી દીધો છે. તમારો ઉપકાર કદાપિ નહિ ભૂલી શકું !'... સત્સંગનો કેવો અદ્ભુત પ્રભાવ હોય છે !

કેટલાક સમય બાદ આ યુવાનના લગ્ન થયા. જ્યાં સુધી મારા ઉપકારી મ. સા. ના દર્શન ન થાય ત્યાં સુધી મારે બ્રહ્મચર્યનું પાલન કરવું છે એવી ભાવનાથી આ યુવાન લગ્નની પ્રથમ રાત્રિથી જ બ્રહ્મચર્ય પાલન ચાલુ રાખે છે ! લગભગ ૧ મહિના પછી મ. સા. ત્યાં પધાર્યા. ભાવવિભોર બનીને તેણે મ. સા. ના દર્શન વંદન કરીને પોતાના હૃદયની એક મુંઝવણ નિખાલસતાપૂર્વક મ. સા. પાસે રજુ કરતાં તેણે કહ્યું કે - "મ. સા. ! આપના કહેવાથી હું રોજ જિનપૂજા તથા માતા-પિતાને પ્રણામ આદિ બધું કરું છું પરંતુ કોણ જાણે કેમ હજી જોઈએ તેવો ભાવ નથી આવતો. તેથી જોઈએ તેવો આનંદ પણ નથી આવતો.."

મ. સા. એ કહ્યું - 'હું કહું તેમ તો તું કરવા તૈયાર છે ને ! મારા ઉપર તો તને શ્રદ્ધા છે ને ?"

યુવાને હા પાડી એટલે મ. સા. એ તરત કહ્યું કે-"તો પછી હવે હું કહું છું કે તું હવેથી રોજ "ભાવપૂર્વક" પૂજા કર."

અને બીજા જ દિવસે એ યુવાને ખૂબ જ "ભાવપૂર્વક" જિનપૂજા કરી.

ભાવોલ્લાસપૂર્વક કરાયેલી જિનપૂજાએ તેના જીવનમાં એવો તો અદ્ભુત ચમત્કાર સર્જી દીધો કે તેનું શબ્દોમાં સંપૂર્ણ વર્ણન કરવું અશક્ય છે ! તેના પરિણામો એટલા બધા વિશુદ્ધ બની ગયા કે બીજે જ દિવસે એ યુવાને પોતાના ધર્મપત્ની સાથે મ. સા. પાસે આવીને યાવજ્જીવ માટે બ્રહ્મચર્ય વ્રતનો સ્વેચ્છાએ સહર્ષ સ્વીકાર કરી લીધો ! આમ લગ્નની પ્રથમ રાત્રિથીજ યાવજ્જીવ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી રહેલા આ દંપતિને જોઈને આપણને વિજય શેઠ અને વિજયા શેઠાણી યાદ આવ્યા વગર રહે નહિ !!!... આજકાલના ટી.વી.-વિડિયોના યુગમાં મોહમયી મુંબઈ નગરીમાં રહીને ભરયુવાનીમાં લગ્નની પ્રથમ રાત્રિથી યાવજ્જીવ માટે બ્રહ્મચર્યનું પાલન કરવું એ કેટલું બધું કઠીન છે. છતાં સત્સંગ તથા ભાવોલ્લાસપૂર્વક કરાયેલી જિનપૂજાએ યુવાનના જીવનમાં આવો ચમત્કાર સર્જી દીધો છે એ હકીકત છે !

આ યુવાનના મોટા ભાઈ પણ ખૂબ જ પાપભીરૂ છે. વેપારધંધામાં અનીતિ બિલકુલ ન કરે ! "આટલી કિંમતમાં માલ લાવ્યો છું અને આટલી કિંમતમાં વેંચું છું" એમ ગ્રાહકને સ્પષ્ટ સત્ય જણાવી દે !... પટાવાળાથી માંડીને પ્રધાનમંડળ સુધીની પ્રજામાં ચોમેર વ્યાપેલા ભ્રષ્ટાચારના આ જમાનામાં નીતિ અને પ્રામાણિકતાને વળગી રહેલા આવા વિરલ આત્માઓ ખરેખર અત્યંત ધન્યવાદને પાત્ર છે. અનુમોદનીય તથા અનુકરણીય છે.

[પ. પૂ. પંન્યાસપ્રવરશ્રી જગવલ્લભવિજયજી મ. સા. ના મુખેથી સાંભળેલું આ દૃષ્ટાંત અત્રે રજુ કરેલ છે. એ યુવાનને પોતાના નામ-ઠામ જાહેર કરવાની ઈચ્છા ન હોવાથી અત્રે જણાવેલ નથી.]

# ૫ : આબાલબ્રહ્મચારી યુવા દંપતી ઉષાબેન જયેન્દ્રભાઈ શાહ

આ જ પુસ્તકના પ્રારંભમાં વર્ણવેલ ત્રણ દંપતીઓની માફક ચોથા આબાલબ્રહ્મચારી દંપતી ઉષાબેન શાહ (ઉ.વ. ૪૦) તથા જયેન્દ્રભાઈ રમણલાલભાઈ શાહ (ઉ. વ. ૪૫)નું જીવન વૃત્તાંત પણ ખૂબ જ અનુમોદનીય છે.

પહેલાં અમદાવાદમાં ભઠ્ઠા પાલડી વિસ્તારમાં રહેતા જયેન્દ્રભાઈને દીક્ષા લેવાની ભાવના હતી. પરંતુ કેટલાક કૌટુંબિક સંયોગોવશાત્ તેમને દીક્ષા માટે વડિલો તરફથી અનુમતિ મળતી ન હતી અને લગ્ન કરવા માટે વારંવાર આગ્રહ થતો હતો.

પૂર્વ જન્મના સંસ્કારો તેમજ પ. પૂ. પંન્યાસપ્રવર (તે વખતે મુનિ) શ્રી **ચંદ્રશેખરવિજયજી મ. સા.** આદિના પ્રવચનશ્રવણ તેમજ સદ્વાંચન-સત્સંગના પ્રભાવે જયેન્દ્રભાઈને યાવજ્જીવ બ્રહ્મચર્યપાલનના મનોરથ અંતરમાં રમતા હતા. બીજી બાજુ વડિલો લગ્ન માટે આગ્રહ કરી રહ્યા હતા. તેથી છેવટે તેમણે વિચાર્યું કે પોતાની માફક યાવજ્જીવ બ્રહ્મચર્ય પાલનના મનોરથ ધરાવનાર કોઈ મુમુક્ષુ કન્યારત્ન મળી જાય તો લગ્ન કરવા !...

'યાદૃશી ભાવના - તાદૃશી સિદ્ધિઃ' એ ઉક્તિ મુજબ એવા પ્રકારનું કન્યારત્ન તેમને અમદાવાદમાંથી જ મળી ગયું !...

અમદાવાદમાં ઢાળની પોળમાં રહેતા ઉષાબેન શાહને પણ દીક્ષાની ભાવના હોવા છતાં વડિલો તરફથી રજા ન મળતાં છેવટે યાવજ્જીવ બ્રહ્મચર્ય-પાલનના કોડ હતા !...

જયેન્દ્રભાઈને આ સમાચાર મળતાં તેમણે પુરુષાર્થ કર્યો અને પરિણામે બંનેના લગ્ન નક્કી થયા. પરંતુ સગાઈની પૂર્વે જ બંને જણાએ વિચાર વિનિમય કરીને યાવજ્જીવ બ્રહ્મચારી રહેવાનો દૃઢ સંકલ્પ કરી જ લીધો હતો.

**તે મુજબ આ જ દિવસ સુધી તેઓ બંને એકબીજાને ભાઈ-બહેન તરીકે જ સંબોધે છે. જયેન્દ્રભાઈ પણ ઉષાબેનને કદીપ એકવચનથી - તુંકારે બોલાવતા નથી !... બહુમાનપૂર્વક બહુવચનથી જ બોલાવે છે !... નિર્દોષ ભાવથી પણ તેઓ કદી**

એકબીજાને સ્હેજ પણ સ્પર્શ કરતા નથી !...

ઉષાબેને પાંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય તથા કર્મગ્રંથાદિનો અર્થ સહિત અભ્યાસ કરેલ છે. પર્યુષણમાં જ્યાં સાધુ-સાધ્વીજી ભગવંતોનો યોગ ન થયો હોય તેવા ક્ષેત્રમાં જઈને પર્યુષણની આરાધના ખૂબ સુંદર રીતે કરાવે છે. સમતા આદિ અનેક સદ્‌ગુણો સહજ રીતે તેમનામાં આત્મસાત્ થયેલા જોવા મળે છે. સાધુ-સાધ્વીજી ભગવંતોની ખૂબ સુંદર વૈયાવચ્ચ તેમજ સાધર્મિકભક્તિ અદ્‌ભુત રીતે કરે છે. જયેન્દ્રભાઈના કાર્યોમાં ખૂબ સારો સહયોગ આપી રહ્યા છે.

જયેન્દ્રભાઈએ વ્યાવહારિક અભ્યાસમાં B.A., L.L.B., B.Com. વિગેરે ડીગ્રીઓ સાથે પત્રકારિત્વનો પણ સારો અભ્યાસ કર્યો છે. તેવી જ રીતે કમ્મપયડી સુધીનો ધાર્મિક અભ્યાસ પણ સુંદર રીતે કરેલ છે. ક્ષેત્ર સમાસના વિષયમાં તો એમની ખાસ માસ્ટરી ગણાય છે.

અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેઓ શિક્ષક તરીકેની સરકારી નોકરીમાં જોડાયા. વિજ્ઞાન, અંકગણિત, ઈતિહાસ ભૂગોળ તેમજ વૈદ્યશાસ્ત્ર તેમના ખાસ પ્રિય વિષયો હતા.

યુવાપ્રતિબોધક, પ. પૂ. **પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખર વિજયજી** મ. સા. ની પ્રેરણાથી સ્થપાયેલ અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ તેમજ વર્ધમાન સંસ્કૃતિ ધામ - અમદાવાદમાં તેમણે લગભગ ૧૬ વર્ષ સુધી મુખ્ય સંચાલક તરીકે અન્ય યુવાનોની સાથે રહીને સુંદર સેવા બજાવી.

અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘમાં ૧૦થી વધુ વર્ષો સુધી સક્રિય રહીને જીવદયાના અનેક કાર્યો કર્યા.

નવસારી તપોવનમાં દશેક વર્ષ ગૃહપતિ તેમજ પ્રિન્સીપાલ તરીકે ખૂબ સારી સેવા કરી. મુંબઈ તેમજ અમદાવાદની લગભગ બધી પાઠશાળાઓમાં ખૂબ મહેનત કરીને જાગૃતિ લાવ્યા. પોતાની રકમમાંથી પાઠશાળાઓમાં પ્રભાવના - ઈનામ આપ્યા તથા તે માટે અનેક ઠેકાણે સારો ફંડ પણ કરાવ્યો.

હાલ છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ પાલિતાણામાં તલેટી પાસે "જંબૂદ્વીપ" ધર્મશાળામાં રહીને પ. પૂ. **પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી** મ. સા. તથા તેમના પટ્ટશિષ્ય પ. પૂ. આ. **શ્રીઅશોકસાગરસૂરીશ્વરજી** મ. સા. ના કાર્યમાં સારો સહયોગ આપી રહ્યા છે અને તેમની સારી કૃપા પ્રાપ્ત કરી છે.

"પૃથ્વી દડા જેવી ગોળ નથી પરંતુ થાળી જેવી ગોળ-સપાટ છે. પૃથ્વી ફરતી નથી પરંતુ સૂર્ય-ચંદ્ર વિગેરે જ્યોતિષચક્ર જંબૂદ્વીપના કેન્દ્રમાં રહેલા મેરુ પર્વતની આસપાસ ફરે છે. એપોલો-૧૧ ચંદ્રલોક ઉપર પહોંચ્યું નથી પરંતુ

ભરતક્ષેત્રના જ કોઈક ડુંગરાળ પ્રદેશ પર પહોંચ્યું છે." ઈત્યાદિ જૈન દર્શન સંમત વાતોને તેઓ અનેક દાખલા - દલીલો સાથે જંબૂદ્વીપના મોડેલ દ્વારા દરરોજ સાંજના સમયે આવનાર જિજ્ઞાસુ યાત્રિકોને સમજાવીને સર્વજ્ઞ ભગવાનના વચનો પ્રત્યે ડગુમગુ થતી નવીપેઢીની શ્રદ્ધાને સ્થિર બનાવી રહ્યા છે.

વક્તૃત્વકળા તેમને સુંદર રીતે વરેલી છે જ. તેમના પિતાશ્રી રમણલાલભાઈ બબાભાઈ શાહ પણ ઉપરોક્ત વિષયોના સારા જાણકાર હતા અને તેમના લેખો પણ કલ્યાણ - સુઘોષા જેવા માસિકોમાં છપાતા હતા. હાલ જયેન્દ્રભાઈ પણ "જંબૂદ્વીપ"નામના માસિકનું સંપાદન કરી રહ્યા છે.

વૈદ્યશાસ્ત્રના તેઓ સારા જાણકાર છે. - પોતાના ખોરાકમાં મુખ્યત્વે આમળા અને તેના પાણીનો મુખ્યત્વે ઉપયોગ કરે છે. અન્ય ખોરાક અલ્પ પ્રમાણમાં લે છે. પરિણામે તેમની તંદુરસ્તી સારી જળવાઈ રહે છે.

ટાપટીપ ને ફેશનથી દૂર રહીને તેઓ હંમેશાં સફેદ કપડા જ પહેરવાનું પસંદ કરે છે.

અંકગણિતમાં કેલક્યુલેટર જેવી અદ્‌ભુત માસ્ટરી હોવાથી ફોરેનની કેટલીક સંસ્થાઓ તરફથી તેમને ખૂબ ઊંચા પગારની નોકરીનું આમંત્રણ મળે છે પરંતુ ફોરેનમાં રહેવાનું પસંદ કરતા નથી. અને આજીવન ધાર્મિક સંસ્થાને ઉપયોગી બનીને ધર્મમય વાતાવરણમાં જીવન વ્યતીત કરવા ઈચ્છે છે.

પર્યુષણની આરાધના કરાવવા માટે ભારતમાં અનેક ઠેકાણેથી તેમજ આફ્રિકા, લંડન વિગેરે પરદેશથી પણ તેમને આમંત્રણો મળે છે. જેનો સ્વીકાર કરીને તેઓ દેશ-વિદેશમાં ખૂબ જ સુંદર શાસન પ્રભાવના કરાવે છે.

"યુવા પ્રતિભા શોધ"માં ગુજરાતમાં તેમજ અખિલ ભારતીય ધોરણે તેમણે અનેકવાર પ્રથમ ક્રમાંક મેળવેલ છે. અગાઉ "મંગલ વર્ધની" દ્વારા ભારતભરના અનેક ગામડાઓમાં ફરીને મહાભારત તેમજ રામાયણના પ્રસંગો ટાંકીને લોકમાનસમાં આર્યસંસ્કૃતિ તેમજ ધર્મ વિષે તેઓ સારી જાગૃતિ લાવવામાં સફળ થયેલ છે.

પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. દ્વારા વર્ષો પૂર્વે સ્થપાયેલ વીર સૈનિક દળના મુખ્ય પાંચ વીર સૈનિકો (૧) દિનેશભાઈ નવલચંદ શેઠ (જામનગરના - સર્વ પ્રથમ વીર સૈનિક), (૨) લલિતભાઈ ધામી (૩) જિતુભાઈ શાહ (હાલ મુનિશ્રી જિતરક્ષિતવિજયજી) (૪) જયેન્દ્રભાઈ શાહ (૫) યોગેશભાઈ શાહ - આ પાંચ યુવાનોમાં જયેન્દ્રભાઈ

પણ એક અત્યંત નિષ્ઠાવાન, વિશ્વાસુ, વ્યવહારકુશળ અને નીતિમત્તાની છાપ ધરાવનાર યુવા શ્રાવક છે.

બે વર્ષ અગાઉ પાલિતાણામાં તેમને રૂબરુ મળવાનું થયેલ ત્યારે આત્મશ્લાઘાના ભયથી તેમણે પોતાના જીવન વિષે ખાસ કશી માહિતી આપી ન હતી. પરંતુ તા. ૨૮/૪/૯૭ ના રોજ શંખેશ્વર તીર્થમાં ઉપરોક્ત પ્રથમ વીર સૈનિક શ્રી દિનેશભાઈ નવલચંદ શેઠ પાસેથી સાંભળીને જયેન્દ્રભાઈના જીવનની કેટલીક અનુમોદનીય વિગતો અત્રે રજુ કરેલ છે.

દિનેશભાઈનું જીવન પણ ખૂબ જ અનુમોદનીય છે. તેમના લગ્નને માત્ર દોઢ વર્ષ થયો હતો ત્યારે તેઓ પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. (તે વખતે મુનિરાજશ્રી)ના સત્સંગમાં આવ્યા અને ત્યારથી માંડીને પોતાના ધર્મપત્ની સુશ્રાવિકાશ્રીના સહયોગથી વર્ષમાં ૩૦૧ દિવસ બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા સ્વીકારેલ. **આગળ જતાં છેલ્લા ૨૦ વર્ષથી વર્ષમાં ૩૪૧ દિવસ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા સ્વીકારેલ છે. બાકીના દિવસોમાં પણ પ્રાયઃ તેઓ બ્રહ્મચર્યનું પાલન કરતા હોય છે** મોટે ભાગે તેઓ ઉપાશ્રયમાં જ પૂ. મુનિ ભગવંતોની નિશ્રામાં આરાધના તેમજ રાત્રે શયન કરે છે. જાપ-ધ્યાન - ચિંતન વિગેરે સુંદર સાધના કરે છે. વક્તૃત્વ શક્તિ ખૂબ સુંદર હોવાથી તેમના સંપર્કમાં આવનાર કોઈપણ આત્મા પ્રાયઃ તેમની પાસેથી જીવન જીવવાની કળા અંગે કંઈક ને કંઈક અદ્‌ભુત માર્ગદર્શન મેળવીને જ જાય છે. પ. પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ના તેઓ વિશિષ્ટ કૃપાપાત્ર છે.

**જયેન્દ્રભાઈનું સરનામું :-**

જયેન્દ્રભાઈ આર. શાહ<br>
"જંબૂદ્વીપ"<br>
તલેટી પાસે,<br>
પાલિતાણા (સૌરાષ્ટ્ર)<br>
પીન : ૩૬૪૨૭૦

**દિનેશભાઈનું સરનામું :-**

દિનેશભાઈ નવલચંદ શેઠ<br>
પીઠડિયાના મકાનમાં નીચે<br>
રણજીત રોડ, લંઘાવાડ,<br>
જામનગર (સૌરાષ્ટ્ર) - ૩૬૧૦૦૧

## ૬ : બ્રહ્મચર્યના સંકલ્પનો અદ્દભુત પ્રભાવ

એ ભાઈનું નામ છે હસમુખભાઈ. તેઓ અમદાવાદનાં રહેવાસી છે. એમના એક દીકરાના જન્મ પછી એમની પત્નીની તબિયત બગડી. એવો વિચિત્ર રોગ થયો કે અમદાવાદના લગભગ તમામ ડોક્ટરોને બતાવ્યું અને ઘણી જાતની દવાઓ કરી છતાં ફરક ન પડ્યો. આખરે એ ભાઈ હતાશ થઈ ગયા. પત્નીનું શરીર દિવસે દિવસે વધુને વધુ ક્ષીણ થતું જતું હતું. આમને આમ જો ચાલે તો પત્ની વધારે દિવસો કાઢે એ વાતમાં કાંઈ માલ ન હતો. એ ભાઈને પત્નીના વિયોગમાં પોતે વિધુર થાય એ કરતાં પણ પોતાના બાળકને ઉછેરશે કોણ ? એના જીવનને ધર્મના સંસ્કારથી સુવાસિત બનાવશે કોણ ? એ ચિંતા સતત કોરી ખાતી હતી.

**આખરે એમણે સંકલ્પ કર્યો. જો પત્ની સાજી થઈ જાય તો જિંદગી સુધી બ્રહ્મચર્યનું** પાલન કરીશ. આવો ઘોર સંકલ્પ થતાં જ જાણે ચમત્કાર થયો. અચાનક ઘરના ફોનની ઘંટડી રણકી. ભાઈએ ફોન ઉપાડ્યો. સામેથી એક લેડી ડોક્ટર બોલી રહ્યા હતા. 'તમારા પત્નીને કેમ છે ?' એમ હસમુખભાઈને પૂછતાં એમણે કહ્યું મને હવે અમદાવાદના કોઈ ડોક્ટરમાં રસ રહ્યો નથી. અમદાવાદના બધા જ ડોક્ટરોને મેં બતાવ્યું. તેઓ રોગને દૂર તો નથી કરી શક્યા પરંતુ રોગનું નિદાન પણ નથી કરી શકતા' લેડી ડોક્ટરે કહ્યું કે-'તમે મારી પાસે તો હજી સુધી તમારા પત્નીને લાવ્યા જ નથી. ત્યાં સુધી તમે એમ કેમ કહી શકો કે મેં અમદાવાદના બધા જ ડોક્ટરોને બતાવી દીધું? તરત જ આ ભાઈ પોતાના પત્નીને લઈને પેલા લેડી ડોક્ટર પાસે ગયા. દર્દીને તપાસીને જ આ લેડી ડૉક્ટરે કહી દીધું કે બેનને રોગ જુદો છે અને આજ સુધી દવા જુદી અપાઈ છે. એમને છે સુવારોગ (સુવાવડનો રોગ) અને આજ સુધી ટાઈફોડની દવા અપાઈ છે. થોડા દિવસમાં લેડી ડોક્ટરની દવાથી એ બેન તો સાજા થઈ ગયા પણ તેમના પતિદેવ તો આજે પણ એક જ વાત કરે છે કે દવા અને ડોક્ટર તો નિમિત્ત માત્ર છે. બાકી મારા બ્રહ્મચર્યના પવિત્ર સંકલ્પના પ્રભાવે જ તે બચી ગઈ છે !!!...

## ૭ : અજોડ બ્રહ્મચર્ય ગુપ્તિના પાલક
### ગુણવંતભાઈ ટોળિયા

આ ગુણવંતભાઈ અમરેલીના વતની છે. હાલ ઉંમર છે ૬૨ વર્ષની. ૩૫ વર્ષની ભરયુવાન ઉંમરે તેઓએ સજોડે બ્રહ્મચર્ય વ્રત લીધું અને અણીશુદ્ધ પાળ્યું. **બ્રહ્મચર્યપાલનમાં સાવધાની એવી કે - મકાનના તાળાની ચાવી પોતાના ધર્મપત્ની ભાનુબેનને આપવાની હોય તો હાથોહાથ નહીં આપતા, ઉપરથી આપતા કે નીચે મૂકીને.** તેમના ધર્મપત્ની ભાનુબેન પણ બ્રહ્મચર્યના આ વિષયમાં એવા જ ચુસ્ત છે.

આ ગુણવંતભાઈએ પાલીતાણામાં સંવત્ ૨૦૨૯માં પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ૐકારસૂરીશ્વરજી મ. સાહેબની નિશ્રામાં બીજું ઉપધાન કર્યું. આ વખતે તેઓ પોતાની ધર્મપત્નીને કહે - "હવે ૩૫ દિવસ તમારે મારી પાસે વાતો કરવા આવવું નહીં કે મારે તમારી પાસે આવવાનું નહીં. આપણે વાતો પણ નહીં કરવાની અને એક બીજાના મોઢા પણ જોવાના નહીં. પૌષધ કરીએ છીએ તો સાધુપણું શુદ્ધ પાળવું." આવી જિનાજ્ઞા તેમનામાં વણાયેલી હતી.

૩૫ દિવસના ઉપધાન પછી તેઓને પ્રભાવનામાં બે મોટા થેલા ભરીને વાસણ અને રોકડી રકમ આદિ ઘણું મળ્યું. પણ આ બધી પ્રભાવના ઘોડાગાડીમાં આગમમંદિરની પેઢીએ જઈને લખાવી દીધી. આટલી બધી પ્રભાવના ભેટ કરી દીધી. આમ તપનું શિખર ત્યાગથી ચડાવ્યું.

હાલ ગુણવંતભાઈ મુનિશ્રી ગુણસુન્દરવિજયજી મ. ના નામે પૂજ્ય આચાર્યદેવ સ્વ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્યરત્ન બન્યા છે. પર્યાય ૨૨ વર્ષનો થયો છે. નામ તેવા ગુણ પ્રમાણે તેઓ ગુણના ભંડાર છે.

તેઓનું સરનામું :- મુનિશ્રી ગુણસુન્દર વિજયજી મ.
C/o. નવલચંદ કિરચંદ ટોળિયા
અધ્યારૂ શેરી
અમરેલી (ગુજરાત)

[બ્રહ્મચર્ય પાલનમાં પ્રેરણા આપનાર, તેમજ તપની સાથે સાથે ત્યાગની પ્રેરણા આપનાર અને ઉપધાન-તીર્થયાત્રા જેવી પરમપવિત્ર

ક્રિયાઓમાં સ્વજન-મિલન ત્યાગની પ્રેરણા આપનાર આ પ્રેરક જીવન આપણને સૌને સાચું પ્રેરક બને તેવી અભિલાષા]

## ૮ : "ના ! હવે મારે બીજો પુત્ર નથી જોઈતો !"

આપણે એમને સૂર્યમતીબેન કહીશું. એમની ઉંમર ૩૨ વર્ષની. પોતે સરકારી ગેઝેટેડ કક્ષાના અધિકારીના પત્ની. એમનો એકનો એક ચાર વર્ષનો પુત્ર ટૂંકી બીમારીમાં જ સ્વર્ગવાસી બન્યો.

સંસારની ભયંકરતા, વસ્તુની અનિત્યતા, અશરણતા આદિની વાતો એમણે સદ્ગુરુઓની પાસેથી સાંભળી હતી, વાંચી હતી. પુત્રગમન બાદ એમણે હાથ જોડીને પોતાના શ્રાવકપતિને વાત કરી, 'આપણે હવે કટુવિપાકવાળા સંસારભોગથી સર્યું ! તમો સંમત થાવ તો હવે આપણે બીજો પુત્ર પણ જોઈતો નથી અને સંસારભોગ પણ જોઈતા નથી. આપણે હવે સુગુરુના મુખે ભગવંત સમક્ષ ચોથું વ્રત લઈ લઈએ તો કેમ ?'

એમના પતિ તુરત તો આ વાત સ્વીકારવા તૈયાર ન થયા. પણ બહુ જ ટૂંકા સમયમાં એ બન્ને પતિ-પત્ની સદ્ગુરુની અંગત પ્રેરણાથી ચતુર્થવ્રતધારી બન્યા...

સંસારમાં રહીને પણ એ યુવાન પતિ-પત્નીએ બ્રહ્મચર્યવ્રત સુંદર રીતે પાલન કર્યું. **પોતાના પતિને ઘરની ચાવી આપવાની હોય તો પણ એ બેન કદાપિ અડીને નહોતા આપતા, પણ દૂરથી જ અડક્યા વગર આપતા. સાથે એક જ ઘરમાં રહેવા છતાં એમણે કદાપિ એક જ રૂમમાં શય્યા નથી કરી. એટલું જ નહિ રાત્રિએ પોતાના રૂમને અંદરથી બંધ કરી એ સૂઈ જતા.**

આજે પણ સુંદર દેશવિરતિપણું પાલન કરી રહ્યા છે. ધન્ય જિનશાસન જ્યાં આવા સ્ત્રીરત્નો મળતાં રહે છે !!!....

## ૯ : શીલરક્ષા

કેટલાક વર્ષો પહેલાંની વાત છે. ડોક્ટર હતા મૂળ પાલનપુરના. યુવાન વય, રૂપાળા, વધુ ભણવા ઈંગ્લેન્ડ ગયા. ડિગ્રી મેળવી. મોટી હોસ્પિટલમાં સારી નોકરી મળી. પોતાની ડ્યુટી મુજબ એક રાત્રે રાઉન્ડ લગાવી પોતાની રૂમમાં આવ્યા. ડોક્ટરને ખબર નહિ ને પાછળથી એક રૂપવતી નર્સે રૂમમાં

આવી બારણાં અંદરથી બંધ કર્યાં. યુવતીએ મીઠી વાતો કરવા માંડી. પછી કામના હાવભાવ શરૂ કર્યા. પછી તો ઉપરના વસ્ત્રો ઉતારવા લાગી. સમજાવવા જતાં બૂમાબૂમ કરી બેઆબરૂ કદાચ કરે એમ વિચારી ડોક્ટરે બારી ખોલી નવકાર ગણતાં નીચે ભૂસકો માર્યો. ડોક્ટર બચી ગયા. આજે પણ એ ડો. શીલરક્ષાનો પ્રસંગ યાદ કરી આનંદિત બની જાય છે. કુશીલ સેવનારને તો જીંદગીભર પાપડંખ ખૂબ દુઃખી કરે છે. આજે એ ડોક્ટર સુરત જ રહે છે. ખૂબ ધન્યવાદ !

## ૧૦ : શીલવતી સુશ્રાવિકા

એક યુવતી રૂપવતી હતી. હાલ ગુજરાતમાં રહે છે. શીલનો પ્રેમ ઘણો. પરણ્યા પછી થોડા દિવસો બાદ દંપતી પતિના મિત્રને ઘેર ગયા. વાતો કર્યા પછી તેમનો પતિ અને પતિના મિત્રની પત્ની બહાનું કાઢી બહાર ગયા. પતિમિત્રે અશિષ્ટ વાતો આરંભી. અડપલા કરવા ગયો કે યુવતી બહાર જવા માંડી. પતિમિત્રે બારણા વાસી પગ પકડી તેને રોકી દીધી. શીલરક્ષા માટે આ યુવતીએ માયા કરવી પડી. મીઠી વાતો કરી. પેલો વિશ્વાસમાં આવતાં લાગ મળતાં તે ભાગી છૂટી ! પત્નીની અદલાબદલીથી બંને વિલાસી પતિ ભોગનો આનંદ મેળવવા ઈચ્છે છે એ વાત તે સમજી ગઈ. દેરાસરે જઈ હર્ષના આંસુથી યુવતીએ પ્રભુનો ઉપકાર માન્યો ! અવસરે પતિને પણ મક્કમતા પૂર્વક શીલનું મહત્ત્વ સમજાવી દીધું. આવા વિલાસી કાળમાં પણ પતિની સામે થઈ શીલરક્ષા કરતી સતીઓની પ્રશંસા જેટલી કરીએ એટલી ઓછી. આપણે પણ શીલગુણ મેળવીએ.

## ૧૧ : શીલરક્ષા માટે પતિનો ત્યાગ

જિનશાસન માટે ગૌરવ સમી શીલપ્રેમી એ યુવતી આજે પણ ગુજરાતની ભૂમિને પાવન કરી રહી છે. લગ્નના થોડા સમય પછી આ બેન પતિને સંસ્કારી ભાષામાં કહે છે કે, "દુકાને તમારા ગયા પછી આજે પિતાજી રસોડામાં આવી હસતા હતા. અશિષ્ટ ચાળા કરતા હતા... સમજાવીને આ બંધ કરાવો."

પતિએ જવાબમાં કહ્યું કે, "તું ડરીશ નહિ. પરણીને તાજી આવેલ તને એકલવાયું ન લાગે તે માટે પિતાજી આમ કરે છે..." પછી પણ ૩-૪ દિવસે

અશિષ્ટ વર્તન વધતાં વારંવાર ફરિયાદ કરી. ત્યારે પતિએ કહ્યું કે, "જો ! વર્ષો પહેલાં મા મરી ગઈ છે. પિતાજી નીરસ જીવન જીવી રહ્યા છે. એમને આનંદ આપવા તારે બધું કરી છૂટવું. મારી તને સંમતિ છે !..." હોશિયાર એવી આ શીલસંપન્ન યુવતી પોતાની નારાજી છૂપાવી પોતાની પથારીમાં સૂવા ગઈ. ઉંઘ આવતી નથી. શીલનાશના જ્ઞાનીઓએ કહેલા અપરંપાર દુઃખો વિચારતી એ પતિ અને સસરાના સૂઈ ગયા પછી ઘેરથી નીકળી પિયર પહોંચી ગઈ. અચાનક આવેલ પુત્રીને જોઈ માતા-પિતાએ ઘણા પ્રશ્ન પૂછ્યાં. તેણે જવાબમાં કહ્યું કે, "હમણાં આપના ઘરે જ રહેવાની છું. નોકરી શોધી લઈશ. તેથી આપને ભારરૂપ નહીં બનું. સદાચારથી જીવીશ. અત્યારે વધુ ન પૂછતા." પિયરમાં રહી. શિક્ષિકાની નોકરી મળી ગઈ. પતિએ અવારનવાર પત્રો લખી તેડાવી. ન ગઈ. રૂબરુ તેડવા આવ્યા પણ ન માની. લગભગ ૧૮ વર્ષ બાદ પતિ જાતે લેવા આવ્યા. ઘણી દલીલો કરી. ન સ્વીકાર્યું. આખરે પતિએ કહ્યું કે, "પિતાજી તો દેવલોક થઈ ગયા છે. હવે નિર્ભયપણે આવ..." ત્યારે પતિના પરિચિત બે સંબંધીને વચમાં રાખીને સાસરે સિધાવી. તાજું લગ્ન, યુવાન વય, પતિસુખ છોડીને નોકરી કરીને પણ શીલભંગ ન જ કર્યો ! શીલ સુગંધને અનુમોદતી એ આજે પણ માનવભવ આનંદથી સફળ કરી રહી છે. અનંતાનંત વંદના હો આવી વર્તમાન સતીઓને. આ વાંચી તમે બધા પણ હિંમતપૂર્વક શીલની રક્ષા કરતાં સ્વહિત સાધો એ જ શુભાભિલાષા.

## ૧૨ : નૂતન પરિણિતનું પરાક્રમ

લગ્નની પ્રથમ રાત્રિ આખી એ અનોખા આત્માએ પત્ની સાથે સામાયિકમાં સફળ કરી !!! એ અલગારી ધર્મીને ચારિત્રનો ઉલ્લાસ ન હતો, છતાં વિચારે છે કે અમારાં સાધુ-સાધ્વીજી જિંદગીભર બ્રહ્મચર્ય પાળે છે. તો મારે પણ શક્ય એટલું કેમ ન પાળવું ? આ સત્ય ઘટના ચોથા આરાની નથી પણ અત્યારની જ છે. પત્નીને દિલની વાત કરી. પુણ્ય પણ પ્રબળ કે પત્નીએ મધુરજની સામાયિકથી ઉજવવાની સહમતિ આપી ! અજ્ઞાની અને વિલાસી માનવોની રાતો અનંતા ચીકણા પાપ બાંધવામાં જાય છે. જ્યારે આ **ધર્માત્માએ મધુરજનીએ પણ અનંતા કર્મોનો નાશ કર્યો !! આ ધર્મી યુવાન લગ્નની પ્રથમ રાત્રે ભાવથી સાધુ જેવો બની ગયો !!! બંનેએ મસલત કરી કે આપણે ૨ વર્ષ મોડાં લગ્ન કર્યાં હોત તો અબ્રહ્મનું પાપ ૨ વર્ષ સુધી તો ન કરત ને ? તો આપણે**

મનથી માની લેવું કે આપણે લગ્ન કર્યાં નથી ! એમ મનને સમજાવી લગ્ન પછી ૨ વર્ષ બ્રહ્મચર્ય પાળ્યું ! લોકો પાછળ બોલવા માંડ્યા કે બે-બે વર્ષ થયા છતાં સંતાન કેમ થતું નથી ? ત્યારે ગુપ્ત બ્રહ્મચારી આ બંનેએ અબ્રહ્મનું પાપ સેવવું પડ્યું. પણ ત્યારે મનમાં બંનેએ એવી પ્રાર્થના કરી કે અમારું બાળક ખૂબ મહાન બને ! છતાં પછી પણ તેઓ ઘણાં દિવસ તો બ્રહ્મચર્ય પાળે છે.

આવો અદ્ભુત પ્રસંગ વાંચી તમે પણ અનંત ભવોના મૂળ એવા આ અબ્રહ્મને ત્યજી દેજો. એ શક્ય ન હોય તો છેવટે પર્યુષણ વગેરે પર્વોએ ત્યાગ તથા પરસ્ત્રીત્યાગ વગેરે ખૂબ સહેલા આચારોથી, દુર્લભ આ માનવભવને સફળ કરો એ અંતરની અભિલાષા.

## ૧૩ : હસમુખભાઈના બ્રહ્મચર્ય વગેરે નિયમો

હસમુખભાઈનાં યુવાન સગર્ભા ધર્મપત્નીને ટેબલ પરથી પડી જવાથી વાગ્યું. ડોક્ટરે તપાસી કહ્યું કે 'શરીરમાં ઝેર થઈ ગયું છે. ઓપરેશન કરવું પડશે. જન્મનાર બાળક અથવા જન્મ આપનાર બેમાંથી એક જ બચે તેમ છે.' હસમુખભાઈએ કહી દીધું કે "મારે ઓપરેશન કરાવવું નથી."

વિચાર કરતાં સંકલ્પ કર્યો કે શ્રાવિકાને સારું થઈ જાય માટે ૮૧ આયંબિલ કરવાં અને ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવું ! લગ્નને માત્ર ૨ વર્ષ થયેલાં. છતાં આવા ઘોર સંકલ્પને પ્રભાવે થોડીવારમાં તેમને સ્ફૂરણા થઈ કે અમુક ડોક્ટરને બતાવવું. તે પ્રમાણે બતાવ્યું. તે કહે, "ચિંતા ન કરો. ટાઈફોઈડ છે. સારું થઈ જશે." દવા આપી. તાવ ગયો. સબાળ શ્રાવિકા બચી ગયાં ! ઓપરેશન પણ કરાવવું ન પડ્યું. આયંબિલ કરવાનો મહાવરો નહીં, આયંબિલ કરવામાં તકલીફ પડે, તેથી ૩ વર્ષમાં પણ ૮૧ આયંબિલ પૂરાં ન થયાં. તેથી ભાવના વધારી પત્નીની સંમતિથી જીવનભરનું બ્રહ્મચર્ય લઈ લીધું !

હસમુખભાઈએ આવનારી પુત્રવધૂ સાથે શરત કરી કે ઉકાળેલું પાણી પીવું પડશે અને નવકારશી, ચોવિહાર કરવા પડશે ! શરતનો સ્વીકાર થયા પછી જ લગ્ન થયાં. દીકરીના સાસરે પણ કહ્યું કે 'લગ્ન પછી મારી દિકરી નવકારશી, ચોવિહાર કરશે અને ઉકાળેલું પાણી પીશે.' દીકરીનાં સાસરિયાં કબૂલ થયાં પછી જ લગ્ન થયાં. આજે હસમુખભાઈના ઘરનાં બધાં અને તેમની દીકરી આ ત્રણે કઠિન નિયમોનું પાલન કરે છે !

આચારપ્રેમ કેવો જબરજસ્ત ! ઘરનાં બધાંએ આટલું કરવું જ પડશે.

સૌ નિયમમાં ખૂબ મક્કમ રહે. વિના કારણે મામૂલી મુશ્કેલીમાં અભક્ષ્ય-અનંતકાય ભક્ષણ ને રાત્રિભોજન કરનાર બધા જૈનોએ આ વાંચી હિંમત કેળવી નરકદાયી રાત્રિભોજન આદિ ભયંકર પાપોથી જરૂર બચવા જેવું છે. આપણે ઊંચા કુળમાં જન્મ્યા છીએ. તો ઊંચા કુળના આચારવિચાર ઊંચા જ હોય ને ? સિંહ ઘાસ ખાય ? જૈન રાત્રિભોજન કરે ?

## ૧૪ : યાવજ્જીવના બ્રહ્મચર્યની તાલાવેલી

મુનિશ્રી મેઘદર્શનવિજયજીને કારતકમાં દંપતીએ બ્રહ્મચર્યવ્રત આપવાની વિનંતી કરી ! બંને રૂપાળાં ! લગભગ ૩૨ વર્ષની ઉંમર ! તેમણે ઓળખાણ આપતાં કહ્યું, "આ વર્ષથી ધર્મમાં જોડાયાં છીએ. સંઘમાં ચોમાસામાં કરાવેલી બધી તપ વગેરે આરાધના કરી છે." પણ મ. શ્રી એ ભરયુવાનવયને કારણે આટલું કઠિન વ્રત આપવાની ના પાડી. તેઓએ અતિ આગ્રહ કરતાં કહ્યું, "ચારે માસ બ્રહ્મચર્ય પાળ્યું જ છે. ચોક્કસ પાળીશું..." ખૂબ તપાસી મ. શ્રી એ ફરી વંદન કરવા ન આવે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ લેવાનું કહ્યું. તેઓએ ૩ માસ જઘન્યથી અને પછી વંદન ન થાય ત્યાં સુધીની બાધા લીધી. ૧ વર્ષે આવ્યાં અને ફરી પચ્ચક્ખાણ આપવાની વિનંતી કરી. ફરી વર્ષનું આપ્યું. એમ ૪-૫ વર્ષ તેઓ આવતાં રહ્યાં. અને જિંદગીભરની જ માંગણી કરતાં ! મ. શ્રી ૧ વર્ષનું આપે. ગઈ સાલ ૫ વર્ષનું પચ્ચક્ખાણ આપ્યું. નવો ધર્મ પામેલા આ જીવોને આવું કઠિન વ્રત લેવાની કેવી તાલાવેલી ? **તેઓ એક જ રૂમમાં સૂએ છે. છતાં તેમને મનથી પણ અબ્રહ્મનો વિચાર સુદ્ધાં નથી આવતો !** કેવાં પવિત્ર ? હે જૈનો! તમે પણ આમને હૃદયથી પ્રણામ કરી આવા ગુણો તમારામાં આવે એવી પ્રભુને પ્રાર્થના કરી યથાશક્તિ આ ગુણથી પણ આત્માને પવિત્ર બનાવો એ શુભાભિલાષા.

## ૧૫ : ભરયુવાનીમાં બ્રહ્મચર્ય

ગુજરાતમાં રહેતા એક બહેનનો આ પ્રસંગ ખૂબ અનુમોદનીય છે. આપણે એમને મનોરમાના નામથી ઓળખીશું. લગ્ન પછી એક-બે વર્ષમાં જ વીશ વર્ષની ભરયુવાનવયે પતિ પરલોક પધાર્યા. ખૂબ રૂપાળાં, ગુણિયલ, સદાચારી આ બહેને, "હવે બીજીવાર લગ્ન નથી જ કરવાં. હવે મારે બ્રહ્મચર્ય જેવો મહાન ધર્મ આદરી માનવજન્મ સફળ કરવો છે." આવો ભગીરથ સંકલ્પ કર્યો !

પછી શિક્ષિકા બન્યાં અને સુંદર શીલ-સદાચારમય જીવન જીવે છે. આજે ૪૫ વર્ષની ઉંમરે, યુવાની અને રૂપ એવા જ છલકાઈ રહ્યાં છે ત્યારે તેમના અનોખા, આશ્ચર્યકારક જીવનની અસર બીજાને થઈ.

બહેનનો બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ સાંભળી એક નિઃસંતાન વિધુર ભાઈએ બહેન પાસે બ્રહ્મચર્યના પાલન સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. બ્રહ્મચર્ય વ્રતનાં રાગી મનોરમા બહેને પ્રસ્તાવનો ઈનકાર કર્યો. કદાચ પુરુષના સહવાસ અને પરિચયથી મનમાં પણ વિકાર જન્મે તો ? બ્રહ્મચર્યનાં આ ઉપાસકે, ઉપાસના એળે ન જાય માટે લગ્ન ન જ કર્યાં.

બીજાં એક બહેન, જેઓ લગ્ન પછી પતિ સાથે ન બનતાં કાયમ માટે પિયર પાછા આવી ગયા છે. તેમણે ફરી લગ્ન ન કરવાનો નિશ્ચય કરી લીધો છે. છેવટે બીજા લગ્ન તો ન જ કરવા એવો નિર્ણય તમે કરો તો બ્રહ્મચર્યની સાધનાના લાભ સાથે ઘણી ચિંતા અને ઉપાધિઓથી બચી જશે.

## ૧૬ : લગ્ન-દિવસે રાત્રિભોજનત્યાગ

એક અનોખા લગ્નઉત્સવની વાત ધ્યાનથી વાંચો. છોકરા-છોકરીના પિતાઓએ નક્કી કર્યું કે આપણે રાત્રિભોજન ન કરાવવું. છોકરીવાળા લગ્ન પછી સાંજે જમાઈને ઘણા બધા સાથે જમાડવાના હતા. પતિપત્ની લગ્ન પછી પ. પૂ. આ. ભ. ને વંદન કરવા ગયા. ટ્રાફિક વગેરેને કારણે પાછા આવતાં ઘણું મોડું થઈ ગયું. સૂર્યાસ્તની ૫ મિનિટની વાર હતી. છોકરીના બાપ મૂંઝવણમાં પડ્યા કે જમાડવાની ના પાડીએ ને જમાઈને વાંધો પડશે તો મારી દીકરીને જિંદગીભર હેરાન કરશે. હવે શું કરવું ? પણ પતિપત્ની જેવાં ભોજનમંડપમાં આવ્યાં કે તરત દીકરાના બાપે બૂમ મારી કે સૂર્યાસ્તની તૈયારી છે. રસોડું બંધ કરો ! છોકરીના બાપની મૂંઝવણ ટળી ગઈ. રાત્રિભોજનના પાપથી બધા બચી ગયા. લગ્નના દિવસે પણ બધાને રાત્રિભોજનના પાપથી આવા ધર્મપ્રેમી નરબંકાઓ બચાવે છે ! તો હે જૈનો તમે પણ મન દૃઢ કરો તો નરકદાયી આ રાત્રિભોજનના પાપથી અવશ્ય બચી શકો.

## ૧૭ : લગ્નપ્રસંગે બધા પાપ ત્યાગ

પરણતા એક યુવાનની પાપભીરુતાને તમે હાથ જોડીને વાંચો. લગ્ન-પ્રસંગે પિતાજી વગેરે સમક્ષ દૃઢતાથી રાત્રિભોજન, બરફ, અભક્ષ્ય

વગેરે બધાની આ યુવાને સ્પષ્ટ મના કરી. તેથી લગ્નભોજન પણ બપોરે રાખ્યું. પાણી ઠંડું કરવા તેણે જમીનમાં ખાડા ખોદાવી કાળી માટીની નવ કોઠીઓ મુકાવી. ઠંડું પાણી ભરાવી ૭ દિવસ રાખ્યું. રોજ એ પાણી ગળાવે. **લગ્ન પ્રસંગે બરફ વિનાનું પણ ફ્રીજ જેવું આ ઠંડું પાણી પી બધાંને આશ્ચર્ય થયું.** સત્કાર-સમારંભ વગેરે બધું આ પાપભયવાળા યુવાને દિવસે રખાવેલું, પણ વિદાય મુહૂર્ત રાત્રે જ હતું. અને લોકરિવાજ પ્રમાણે ત્યારે રાત્રે બધાને ચા પીવડાવવી પડે. યુવાને પિતાને સ્પષ્ટ ના પાડી દીધી. છતાં લોકલાજે પિતા આ પાપ ના કરે માટે યુવાને મિત્રોને યોજના ખાનગીમાં સમજાવી દીધી. વિદાય સમયે ટ્રેમાં ચા લાવતાં દૂરથી જોઈ મિત્રોએ ત્યાં પહોંચી બધી ચા જપ્ત કરી ઢોળાવી નંખાવી ! પરણતા યુવાનની ભાવના પણ કેવી ઉત્તમ ! તમે પણ મન મક્કમ કરી મોટા કે નાના બહાનાથી અભક્ષ્ય વગેરે ભયંકર પાપોથી બચો અને અન્યને બચાવો એ જ મનોકામના.

## ૧૮ : સુંદરભાઈનું સાચું સૌંદર્ય

ગુજરાતના સુંદરભાઈનો આ ખૂબ અનુમોદનીય પ્રસંગ વાંચીને તમારે બધાએ પણ શુભ સંકલ્પ કરવા જેવો છે. સોનોગ્રાફી પછી તેમની પત્ની સહિત બધાંને ડોક્ટરે જણાવ્યું કે ગર્ભમાં બેબી છે. વળી તે અપંગ જન્મશે. જીવશે તો પણ વધુમાં વધુ ૨૦ વર્ષનું આયુષ્ય હશે. કદાચ માત્ર છ માસ જ જીવે. માત્ર માથાનો વિકાસ થશે. બાકીનું બધું શરીર જન્મેલી બાળકી જેવું કાયમ રહેશે. દેખાવ રાક્ષસી જેવો હશે. આ વગેરે બધું સમજાવી દબાણ કર્યું કે ગર્ભપાત કરાવી નાંખો, નહીં તો એ છોકરી તમને બધાંને ખૂબ હેરાન કરશે.

ધર્મપ્રેમી ઘરના બધાએ વિચારીને ગર્ભપાત નહીં કરાવવાનો નિર્ણય કર્યો ! ખરેખર ડોક્ટરનો રીપોર્ટ સાચો પડ્યો. રાક્ષસી બાળકી જન્મી. નામ વિરતિ પાડ્યું. શરીરમાંથી પરુ વગેરે નીકળ્યા જ કરે ! ધર્મી કુટુંબીઓએ નક્કી કર્યું કે આને ખૂબ ધર્મ કરાવવો છે ! અને પુણ્યશાળી બનાવી દેવી છે. મહિના પછી નવડાવી તરત પૂજા કરાવી ! માત્ર મૂળનાયકને અંગૂઠે ટીકી કરાવે. કારણ પરુ, રસી વારંવાર નીકળતા.

બધાં તીર્થો અને આચાર્ય આદિ પૂજ્યોની યાત્રા અને વંદન આ બાળકીને કરાવવા માંડ્યાં ! પૂ. શ્રીને ઘરનાંએ વંદન કરાવીને કહ્યું કે થોડા સમયની આ મહેમાનને અમે સ્થાવર-જંગમ તીર્થયાત્રા કરાવ્યા કરીએ

છીએ. અમને સૌથી વધુ આનંદ એ વાતનો છે કે ખૂબ દુઃખી આ જીવને અમે ભવ્ય બનાવી દીધો ! શાશ્વતા શત્રુંજયની યાત્રાએ લઈ જઈ પૂજા કરાવી. શાસ્ત્રોમાં કહ્યું છે કે માત્ર ભવ્ય જ શત્રુંજયના દર્શન કરી શકે ! પાછલા કોઈ જન્મના ભયંકર પાપે એને ખૂબ દુઃખ આપ્યાં છે. પણ હવે એનું પુણ્ય વધે અને સદ્‌ગતિ મળે અને એનું આત્મહિત શીઘ્ર થાય એ માટે અમે ખૂબ મહેનત કરી અલ્પ સમયમાં ઘણો ધર્મ કરાવ્યો છે ! અને ૩ મહિને એનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું. ઘરનાંએ છેલ્લે તે વિરતિને બધું વોસિરાવવું વગેરે બધી અંતિમ આરાધના કરાવી !

આ બાળકી કેટલી ભાગ્યશાળી કે માબાપે ખૂબ ધર્મ કરાવ્યો. મારે ખાસ એ ધ્યાન દોરવું છે કે ઘણાં બધાં પાપો કરેલ **આ જીવે એવું કોઈ સુંદર પુણ્ય કર્યું હશે કે આ ગર્ભપાતના જમાનામાં આને આવા ધર્મી માતાપિતા મળ્યાં !** આવા વિલાસી ને સ્વાર્થી જમાનામાં પણ કુટુંબીઓએ સતત ત્રણ માસ એના આત્માની જ ચિંતા કરી !

આ વાંચી તમે બધા નક્કી કરો કે અમારે અમારાં બધાં બાળકોને શક્ય એટલા ધર્મસંસ્કારો આપવા છે અને ધર્મઆરાધના કરાવવી જ છે. તમારાં સંતાનો તો આના કરતાં અનેકગણાં પુણ્યશાળી છે. બાળપણમાં જે ધારો તે તમે કરાવી શકો. તેથી તમે ખૂબ ધર્મ કરાવી તેમનું અને તમારું ખૂબ આત્મહિત સાધો. આનાથી **તમને પણ એવું પુણ્ય બંધાય કે ભવોભવ તમને ધર્મી** માતાપિતા મળે અને જન્મથી જ ઉકાળેલું પાણી વગેરે ભાતભાતની ધર્મ સામગ્રી મળે !

## ૧૯ : કચ્છની અધ્યાત્મનિષ્ઠ, અજાતશત્રુ બાંધવ બેલડી દેવજીભાઈ તથા નાનજીભાઈની અનુમોદનીય ગુણવેલડી

જેમના અદ્‌ભુત જીવન પ્રસંગો તથા સદ્‌ભૂત ગુણ સમૂહને વર્ણવવા માટે એક સ્વતંત્ર દળદાર પુસ્તક લખાય તો પણ સંપૂર્ણ ન્યાય તો ન જ આપી શકાય ત્યાં એક નાનકડા લેખ દ્વારા તો કેટલો ન્યાય આપી શકાય ?...વળી જેઓ પ્રસિદ્ધિથી સદા સેંકડો ગાઉ દૂરજ રહેવાનું પસંદ કરે છે. એટલે પોતાના વિષે આવો લેખ લખાય એ તેમને બિલકુલ નહીં ગમે એ સમજવા છતાં પણ આવા ઉત્તમ આત્માઓની ગુણસમૃદ્ધિની આંશિકપણ અનુમોદના વિના આ પુસ્તક તદ્દન અધૂરું ગણાય એમ માનીને...તથા એમના ચાહક અનેક આત્માઓની ભાવનાને લક્ષમાં રાખીને, ભાંગ્યા તૂટ્યા શબ્દો દ્વારા જેમના વિષે કંઈક લખવા માટે ગજા ઉપરાંતનું સાહસ કરવા આ

કલમ તૈયાર થઈ ગઈ છે, એવા-મૂળ કચ્છ મેરાઉ ગામના વતની પરંતુ વ્યવસાયાર્થે વર્ષોથી ગાંધીધામમાં સ્થિર થયેલા બંધુયુગલ શ્રી દેવજીભાઈ તથા નાનજીભાઈ ને યાદ કરતાં જ ઈતિહાસ પ્રસિદ્ધ વસ્તુપાળ-તેજપાળ કે રામ લક્ષ્મણની જોડી યાદ આવ્યા વિના રહે નહીં !...

માતા મૂરીબાઈ તથા પિતા ચાંપસીંભાઈ પદમસીં દેઢિયા તરફથી ઉદારતા, ભદ્રિકતા, ધીરતા, ગંભીરતા, નીતિમત્તા, જિનભક્તિ, જીવમૈત્રી, ગુરુભક્તિ, સાધર્મિક ભક્તિ, વિનય, વૈયાવચ્ચ, સાદગી, સેવા, સમર્પણ આદિ અગણિત ગુણસમૃદ્ધિ એમને વારસામાં જ મળી છે.

એક વખત કટોકટી ભરેલી તદ્દન સામાન્ય આર્થિક પરિસ્થિતિમાંથી પસાર થઈને પ્રારબ્ધ અને નીતિપૂર્વકના પુરુષાર્થના બળે કોટયાધિપતિ બની ગયા હોવા છતાં **પોતાના વયોવૃદ્ધ પિતાની પગચંપી જાતે કરતાં મેં એમને નજરે નિહાળ્યા ત્યારે એમનો વિનય અને કૃતજ્ઞતાનો ગુણ જોઈને અહોભાવથી મસ્તક ઝુકી ગયું ! માતા પિતાની સેવા દ્વારા પ્રાપ્ત કરેલ એમના ભરપૂર આશીર્વાદોને લીધે જ આજે તેઓ લાખોના લાડીલા બની શકયા છે.**

વર્ષો સુધી નિયમિત રીતે શ્રી સિદ્ધચકલઘુપૂજન જેઓ ખૂબ જ ભાવપૂર્વક કરતા પરિણામે આજે સિદ્ધચકના સારભૂત અર્હં સ્વરૂપી નિજ આત્મસ્વરૂપમાં જેઓ સ્વયં સુસ્થિર થઈ ગયા છે !...

ગાંધીધામના આંગણે આવતા કોઈપણ સમુદાયના પરિચિત કે અપરિચિત દરેક સાધુ-સાધ્વીજી ભગવંતોની દરેક પ્રકારની વૈયાવચ્ચ-ભક્તિ ખૂબ જ ઉલ્લસિતભાવથી વર્ષોથી તેઓ કરતા આવ્યા છે. તેમજ ગાંધીધામની બંને બાજુએ આવેલ માથક તથા પદાણા ગામમાં જૈન વસતી ન હોવાથી ત્યાં પધારતા દરેક સાધુ-સાધ્વીજી ભગવંતોની ગોચરી-પાણી આદિની વ્યવસ્થા વર્ષો સુધી એમણે ભક્તિભાવે જાતે સંભાળી છે પરિણામે હજારો સાધુ-સાધ્વીજી ભગવંતોના અંતરના આશીર્વાદ તેમને સાંપડયા છે. તેમાં પણ પ.પૂ. **અચલગચ્છાધિપતિશ્રીના** આજ્ઞાવર્તિની મહાતપસ્વી, તત્ત્વજ્ઞા પૂ.સા.શ્રી **જગતુશ્રીજી** મ.સા. તથા તેમના સુશિષ્યા યોગનિષ્ઠા પ.પૂ. વિદુષી સા.શ્રી **ગુણોદયશ્રીજી** મ.સા. નો સત્સંગ એમના જીવનને આધ્યાત્મિક વળાંક આપવામાં મુખ્ય રૂપે નિમિત્તભૂત બન્યો છે. તેમના સ્વર્ગવાસ બાદ આજે પણ તેમના સુશિષ્યા યથાર્થનામી આત્મજ્ઞા પૂ.સા.શ્રી **અનંતગુણાશ્રીજી** મ.સા. તથા સ્વાનુભૂતિસંપન્ન પૂ.સા.શ્રી **તત્ત્વગુણાશ્રીજી** મ.સા.નો તેમના જીવનની આધ્યાત્મિક વિકાસ યાત્રામાં સવિશેષ ફાળો રહ્યો છે.

મોટા ભાઈ દેવજીભાઈ તો જાણે જન્મતાં જ યોગી જેવા.

બાલ્યાવસ્થાથી જ તેઓ ખૂબ જ શાંત પ્રકૃતિવાળા તેમજ અંતમુર્ખવૃત્તિવાળા સ્વાભાવિક રીતે જ હતા. વ્યવસાયાર્થે ઑફિસમાં બેઠા હોય ત્યારે પણ એમની સ્થિતપ્રજ્ઞતા અલગ જ તરી આવતી હતી. વર્ષો સુધી (આજીવન) ગાંધીધામ જૈન સંઘના સર્વાનુમતે વરાયેલા પ્રમુખ તરીકે તેમણે અમૂલ્ય સેવાઓ આપી છે.

ક્રોધ કરવાનું કે કોઈ ફરી ફરી માંગવા આવતા યાચકને પણ 'ના' કહેવાનું તો તેઓ જિંદગીમાં કદી શીખ્યા જ નથી. બંને ભાઈઓના નામના પ્રથમ અક્ષરો "દેના" થાય છે. એટલે બીજાને દેવા માટે જ જાણે તેઓ જન્મ્યા હોય તેમ એમનું જીવન જોનાર કોઈને પણ લાગ્યા વિના નહિ રહે.

કોઈની અપેક્ષા મુજબની નાની કે મોટી રકમ સહાય તરીકે આપ્યા પછી ચોપડામાં કે પોતાના મગજમાં પણ તેની નોંધ એમણે કદી રાખી નથી. તેથી જ તો દેવજીભાઈની વિદાય પછી અનેકાનેક લોકો નાની-મોટી રકમો પાછી સોંપવા માટે નાનજીભાઈ પાસે આવ્યા ત્યારે તેમણે પણ દરેકને પ્રેમ પૂર્વક કહી દીધું કે -"મને શેઠે (મોટાભાઈએ) આ રકમ અંગે કશું કહ્યું નથી તેથી તેમની આજ્ઞા વિના હું સ્વીકારી ન શકું. માટે તમે જ ખુશીથી આ રકમનો સદુપયોગ કરો...."

બંને ભાઈઓ વચ્ચેનો લોકોત્તર ભ્રાતૃસ્નેહ અનુમોદનીય અને અનુકરણીય હતો. ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીજી ભગવંતોના દર્શન-વંદનાર્થે જવાનું રોજ થાય ત્યારે દેવજીભાઈ પોતે મોટા હોવા છતાં નાનાભાઈ નાનજીભાઈને જ આગળ બેસાડે અને પોતે સ્હેજ પાછળ બેસે. મોટા ભાગે તેમના નેત્રો નિમિલિત અવસ્થામાં જ હોય. જરૂરી પ્રાસંગિક વાતચીત નાનજીભાઈ જ પતાવે. નાનજીભાઈ પણ ઉત્તરસાધકની જેમ મોટા ભાઈનો પડછાયો બનીને સદા સાથે રહે અને દરેક રીતે સંભાળ રાખે. મોટા ભાઈને "શેઠ" તરીકે જ સંબોધે ! કયાંય બહાર જવાનો પ્રસંગ આવે કે અન્ય કોઈ કાર્ય હોય તો પણ મોટાભાઈની ઈચ્છાને જ આજ્ઞા તુલ્ય સમજીને નાનજીભાઈ તેનો અમલ કરે.

આવો અતૂટ ભ્રાતૃપ્રેમ હોવા છતાં તેના પાયામાં આધ્યાત્મિકતા રહેલી હોવાથી આસકિત યુક્ત લૌકિક સ્નેહરાગ કરતાં કોઈ અલગ જ પ્રકારનો અલૌકિક શુદ્ધ આત્મિક પ્રેમ બંને વચ્ચે હતો. તેથી જ દેવજીભાઈનો દેહવિલય તા.૨૫-૫-૧૯૯૫ ના દિવસે અત્યંત સહજ સમાધિમગ્ન અવસ્થામાં થયો ત્યારે નાનજીભાઈની આંખોમાં વિયોગની વેદનાના અશ્રુબિંદુ કે આર્તધ્યાનને બદલે મોટાભાઈની સમાધિ અવસ્થાનું ગૌરવ હતું. તેઓ આજે પણ કહે છે કે-"શેઠ કયાંય ગયા નથી. તેઓ મારી સાથે એક રૂપ

થઈને અભિન્નભાવે વિદ્યમાન જ છે. પહેલાં દેહ ભિન્ન હતા અને આત્મા જાણે કે એક રૂપ હતો. હવે એક જ દેહ દ્વારા બે આત્મા અભિન્નપણે પોતાનું કર્તવ્ય બજાવી રહ્યા છે ! જો શેઠ ચાલ્યા ગયા હોય તો મારાથી અહીં રહી શકાય જ નહીં !!!" તેમના આ શબ્દોનો તાગ કોણ પામી શકશે ?

પોતાના ધર્મપત્ની સુશ્રાવિકા શ્રીરતનબાઈના દેહવિલય બાદ દેવજીભાઈની વૃત્તિ સવિશેષપણે અંતર્મુખ થતાં તેમને **અનાહત નાદ અને આજ્ઞાચક્રના સ્થાને જ્યોતિનાં દર્શન બંને એકી સાથે શરૂ થઈ ગયા હતા.** પરિણામે મન-વચન-કાયાના ત્રણે યોગો સહજપણે સદા આત્માભિમુખ જ બની ગયા હતા. **કલાકો સુધી સમાધિ અવસ્થામાં તેઓ આત્મસ્વરૂપમાં લીન રહેતા** ત્યારે બહિર્મુખ જીવન જીવનારા લોકો જાત જાતના તર્ક વિતર્ક કરતા પણ નાનજીભાઈ તેમની ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાને સારી રીતે સમજી શકતા હતા. જેથી ઉત્તરસાધક તરીકે તેમની દરેક રીતે સાર સંભાળ ભક્તિભાવે અને ગૌરવપૂર્વક કરતા.

"સમયસાર" નામના આધ્યાત્મિક ગ્રંથના આધારે રચાયેલ એક શ્લોકનું નાનજીભાઈની વિનંતિથી પુનઃ પુનઃ મનન કરતાં દેવજીભાઈને વિશિષ્ટ આધ્યાત્મિક અનુભૂતિ થઈ હતી અને તેમનો આત્મા આનંદથી નાચી ઊઠયો હતો. તેથી તો તેમના દેહવિલય બાદ તેમના દરેક કુટુંબીજનોના ઘરે રહેલ તેમની પ્રતિકૃતિની નીચે એ ગાથા અંકિત થયેલી જોવા મળે છે. આ રહ્યો તે શ્લોક –

**''છિન્ન ભિન્ન સહુ થાવ કે, ભલે સર્વ લુંટાવ;**
**વિણસો કે વિખરાઓ પણ, પરદ્રવ્ય મારું નવિ થાવ.''**

જીવનની પરીક્ષા ખરેખર મૃત્યુ સમયે થાય છે. જેઓ સાચા અર્થમાં આધ્યાત્મિક જીવન જીવ્યા હોય તેમનો દેહવિલય પણ સહજપણે સમાધિપૂર્વક થતો હોય છે. મૃત્યુ એ તેમના માટે જીર્ણ વસ્ત્ર બદલાવીને નવીન વસ્ત્ર ધારણ કરવા તુલ્ય આનંદનો જ વિષય હોય છે. તેમનું મરણ મહોત્સવ રૂપ હોય છે. અથવા તો અમરજીવનનું પ્રવેશ દ્વાર હોય છે. આવા આત્માઓના દેહવિલય માટે કહી શકાય કે - "મૃત્યુ મરી ગયું રે લોલ" ! ...અથવા તો મહાન યોગીરાજ શ્રી આનંદઘનજીના શબ્દો-

**''અબ હમ અમર ભયે ન મરેંગે,**
**યા કારણ મિથ્યાત્વ દીયો તજ**
**ક્યૂં કર દેહ ધરેંગે !...અબ હમ...''**
**એ આવા આત્માઓ જ લલકારી શકે.**

દેવજીભાઈની દેહવિલયની ઘટના પણ આ વિધાનનો સાક્ષાત્કાર કરાવનારી બની. સં. ૨૦૫૧ વૈશાખ વદિ ૧૨ ના સવારે ૧૦ાા વાગ્યા આસપાસના સમયે તેમનો દેહવિલય થયો ત્યારે એ દિવસે પણ તેઓ સંપૂર્ણ સ્વસ્થ જ હતા. સવારના વહેલા ઊઠીને પોતાના આધ્યાત્મિક નિત્યક્રમથી પરવારીને, પોતાના ઘરે પધારેલા સાધ્વીજી ભગવંતોને પોતાના હાથે ભાવપૂર્વક ગોચરી વહોરાવીને સુપાત્રદાનનો લાભ લીધો ત્યારે કોઈને કલ્પના પણ ન હતી કે હવે માત્ર ૧ પ્રહરની અંદર જ આ યોગીપુરુષ પોતાની જીવનલીલા સ્વેચ્છાએ ચૂપચાપ સંકેલી લેશે !

મન-વચન- કાયાના ત્રણે યોગો અત્યંત શાંત હોય અને આત્મા પોતાના સ્વરૂપમાં લીન હોય તેવી અવસ્થામાં દેવજીભાઈ ઘણીવાર રહેતા હોવાથી નાનજીભાઈએ તેમને અગાઉ ૨-૪ વાર કહી રાખેલ કે- "શેઠ ! જ્યારે વિદાય લેવાનો સમય આવે ત્યારે અમને જાણ કરજો ભલા. એમને એમ અમને અંધારામાં રાખીને ચાલ્યા ન જતા." ત્યારે દેવજીભાઈ મૌનપૂર્વક મંદસ્મિત સાથે આ વાતને સાંભળી લેતા. અને ખરેખર એવું જ બન્યું કે જેમ ભગવવાનશ્રી મહાવીર સ્વામીએ સદા પોતાની સાથે રહેનારા પોતાના પરમ વિનીત શિષ્ય શ્રી ગૌતમસ્વામી ગણધર ભગવંતને નિર્વાણ સમયે દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવાના બહાને પોતાનાથી દૂર મોકલી દીધા હતા તેમજ દેવજીભાઈએ પણ પોતાના દેહવિલયની થોડી ક્ષણો પૂર્વે જ નાનજીભાઈને જિનાલયે જઈ આવવાની સૂચના આપી દીધી હતી !

દેહવિલયના દિવસે સવારે ૯ વાગ્યે તેઓ પોતાના મકાનમાં ઉપરના ખંડમાં ગયા અને પલંગ ઉપર સ્હેજ આડું પડખું કરીને દેહને લંબાવ્યું ત્યારે નાનજીભાઈને તો એમ જ હતું કે મોટાભાઈ આરામ કરી રહ્યા છે !

થોડીવાર બાદ તેમણે પૂછ્યું કે- 'શેઠ ! દેરાસર-ઉપાશ્રયે ચાલશું ?' ત્યારે દેવજીભાઈએ કહ્યું કે 'આજે તમે જઈ આવો. હું અહીં જ છું' ! નાનજીભાઈને થયું કે સવિશેષ અંતર્મુખતાના કારણે આમ કહેતા હશે તેથી તેઓ મોટાભાઈની સૂચના મુજબ નીચે ઊતર્યા. પરંતુ નીચે ઊતર્યા બાદ તરત તેમને ભાસ થયો કે "ઉપર જવા જેવું છે." પરંતુ મોટાભાઈને આરામ કે સમાધિભાવમાં વિક્ષેપ ન પડે તે માટે તેઓ નીચે જ રહ્યા. અને લગભગ દશેક વાગ્યે તેઓ ફરી ઉપર ગયા ત્યારે જોયું તો મોટા ભાઈ કાયોત્સર્ગ મુદ્રામાં પલંગમાં ચત્તા સૂતા હતા. જેથી તેઓ થોડીવાર એમ જ બેસી રહ્યા. પરંતુ થોડીવાર બાદ તેમને ઊઠાડવા માટે સ્હેજ કોશિષ કરી ત્યારે કશો જ પ્રતિભાવ ન મળતાં લાગ્યું કે મોટાભાઈનો આત્મા આ દેહપિંજરમાં નથી રહ્યો. તરત ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. ડૉક્ટરે નિદાન કર્યું કે 'શેઠ

અવસાન પામ્યા છે.' ત્યારે નાનજીભાઈએ જોયું કે બાજુના ખંડમાં જ્યાં પ્રભુજીને પધરાવેલ છે તેનો દરવાજો પહેલાં બંધ હતો પરંતુ અત્યારે ખુલ્લો છે. એટલે ખાત્રી થઈ કે વિદાય લેતાં પહેલાં અંત સમયે પણ પ્રભુપ્રાર્થનાદિ કર્યા બાદ જ યોગીની માફક તેમણે સ્વચ્છાએ સમાધિ અવસ્થામાં દેહત્યાગ કર્યો છે....અંત સમયની વેદનાના કોઈ જ ચિહ્નો શરીર ઉપર કે પલંગ ઉપર દેખાતા ન હતા. પથારીમાં એક પણ કરચલી પડી ન હતી. હાથ-પગ પણ કાયોત્સર્ગ મુદ્રામાં જ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા હતા અને મુખ ઉપર અપૂર્વ સૌમ્યતા અને કાંતિ છવાયેલી હતી. જાણે હમણાં જ આંખો ખોલશે અને કાંઈક બોલશે એવું લાગતું હતું !..

આમ તેઓએ જીવનમાં શાંતિ, સમતા અને સમાધિભાવને આત્મસાત્ કર્યા હતા જેથી અંતિમ સમયે પણ સમાધિભાવ ટકી શકયો હતો. તેમના દેહને પાલખીમાં પધરાવવામાં આવ્યો. અંતિમયાત્રામાં હજારો લોકો દૂર- સુદૂરથી ઉમટી પડયા હતા. લોકો ઘડીકમાં દેવજીભાઈના પાર્થિવ દેહ ઉપર છવાયેલ સૌમ્યતા અને કાંતિને નિહાળીને દંગ થઈ જતા હતા તો બીજી બાજુ આવા પ્રસંગે પણ નાનજીભાઈના મુખ ઉપર તરવરી રહેલ સાહજિકતા અને સ્થિતપ્રજ્ઞતાને જોઈને આશ્ચર્ય ચકિત બની જતા હતા.

શાસ્ત્રમાં વર્ણવેલ સમ્યગ્દૃષ્ટિ જીવના લક્ષણો શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય આ બાંધવ બેલડીમાં સારી રીતે આત્મસાત્ થયેલા જોવા મળે.

તેમજ ગંભીરતા, રૂપ, સૌમ્ય પ્રકૃતિ, લોકપ્રિયતા, અક્રૂરતા, પાપભીરૂતા, સરલતા, દાક્ષિણ્ય, લજ્જા, દયા, મધ્યસ્થ સૌમ્યદષ્ટિ, ગુણાનુરાગ, સત્કથાપ્રિયતા, સારો પરિવાર, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા, વૃદ્ધાનુસારિતા, વિનય, કૃતજ્ઞતા, પરોપકાર પરાયણતા અને લબ્ધલક્ષ્યતા **આ શ્રાવકના ૨૧ ગુણો પૈકી બધા જ ગુણોથી અલંકૃત આદર્શશ્રાવકપણાનું પ્રત્યક્ષ દષ્ટાંત આ બંધુ યુગલ છે.**

નવકાર, નવપદ, નવ તત્ત્વ અને નવનિધિ વિગેરેમાં રહેલ ૯ નો આંક અખંડ આંક તરીકે સુપ્રસિદ્ધ છે. દેવજીભાઈનો આત્મા ટૂંક સમયમાં જ અખંડ-અક્ષય એવા મુક્તિસુખનો ભોકતા બનશે એમ જાણે કે તેમના દેહવિલયનો દિવસ પણ નીચે મુજબ સૂચવી રહ્યો છે.

તા. ૨૫+૫+૧૯૯૫= ૨૦૨૫=૯

વૈશાખ વદિ ૧૨ સં. ૨૦૫૧ માં વૈશાખ એટલે ૭ મો મહિનો, ૭+૧૨+૨૦૫૧=૨૦૭૦=૯ યોગાનુયોગ કેવો સુંદર દિવસ મહાપ્રયાણ માટે પસંદગીને પામ્યો !

આ બાંધવ બેલડીને ઉદાર, દાનવીર, ધર્માત્મા, સજ્જન શિરોમણિ, શ્રાવકશ્રેષ્ઠ વિગેરે તરીકે તો સહુ કોઈ ઓળખે છે. પરંતુ એ બધા સદ્‌ગુણોનું મૂળ તો છે. તેમની આત્મનિષ્ઠતા. તેને બહુ ઓછા લોકો જાણતા હશે. કારણ કે આત્મશ્લાઘા કે આડંબરનો અંશ પણ એમનામાં નથી. નામનાની કામના કે પ્રસિદ્ધિના વ્યામોહથી તેઓ સદા દૂર જ રહ્યા છે. તેના ઉદાહરણ રૂપે થોડી ઘટનાઓને સંપેક્ષમાં જોઈએ.

(૧) સં. ૨૦૫૧ માં અમારી નિશ્રામાં ગિરનાર મહાતીર્થની ચતુર્વિધ સંઘની સામૂહિક ૯૯ યાત્રાનું આયોજન થયેલ ત્યારે તેમાં એમણે પણ સંઘપતિ તરીકે આર્થિક સહયોગ આપેલ. પરંતુ ૯૦ દિવસના એ કાર્યક્રમ દરમ્યાન તેઓ ક્યારેપણ બહુમાન સ્વીકારવા કે સંઘપતિ તરીકે માળા પહેરવા માટે પણ આવ્યા ન હતા !....

(૨) એક જિનાલયમાં મૂળનાયક પ્રભુજીની પ્રતિષ્ઠાનો લાભ મોટી રકમનો ચઢાવો બોલીને એક શ્રાવકે લીધેલ. પરંતુ પાછળથી તેમની આર્થિક સ્થિતિ નબળી થતાં એ મોટી રકમ તેઓ ભરપાઈ કરી શકે તેમ ન હતા. ત્યારે આ બંધુયુગલે ચૂપચાપ એ રકમ શ્રીસંઘના કાર્યકર્તાઓને અર્પણ કરી દીધી પરંતુ ક્યાંય પોતાના નામની તકતીની પણ અપેક્ષા રાખી નહિ !

(૩) પ્રસ્તુત પુસ્તકમાં પોતાના માતા-પિતાના ફોટાને બદલે સ્વ. દેવજીભાઈનો ફોટો છપાવવા માટે એક ભાવુક આત્માએ ભાવભરી વિનંતિ કરી અને તેને માટે પોતે સારી રકમ આપવાની ભાવના દર્શાવી પરંતુ નાનજીભાઈએ ફોટો નહિ છાપવાની સવિનય વિનંતિપૂર્વક એ રકમ પોતે જ આપી દીધી !....

(૪) આજે તો નાનજીભાઈને માનસિક મૌનની અવસ્થા સહજ બની ગઈ છે. પરંતુ સાધનાના પ્રારંભ કાળમાં તેઓ દર મહિને સળંગ ૮ દિવસ માનસિક મૌનના લક્ષ્યપૂર્વક વાણીનું મૌન એકાંતમાં રહીને કરતા અને પર્યુષણમાં ૮ દિવસ તો અચૂક મૌન કરતા. ત્યારે એક વખત ગાંધીનગરથી સરકારી ઑફિસરનો પત્ર આવ્યો. કોડો રૂા. ના એક મોટા પ્રોજેક્ટનું ટેન્ડર ભરીને રૂબરુ મળી જવા માટે નાનજીભાઈને બોલાવેલ. પરંતુ તે વખતે પર્યુષણના દિવસો હોવાથી તેઓ ન ગયા અને મૌનમાં જ રહ્યા ! પર્યુષણ પછી જ્યારે તેઓ ગાંધીનગર પહોંચ્યા ત્યારે તેમની આવી સાધના નિષ્ઠતા જોઈને સરકારી ઑફિસર પણ ચકિત થઈ ગયો, રમણ મહર્ષિનો ભક્ત એવો તે ઑફિસર બીજા લોકોને ભાગ્યે જ પાંચ-દશ મિનિટનો સમય મુલાકાત માટે આપતો. તેણે નાનજીભાઈ સાથે ૨ કલાક સુધી આનંદપૂર્વક ચર્ચા કરી અને બીજી કંપનીઓ કરતાં દેવજીભાઈ નાનજીભાઈની શાહ એન્જિનીયરીંગ

કું. ની શરતો આકરી હોવા છતાં એ બધી જ શરતો મંજૂર રાખીને પણ ઑફિસરે સામેથી એ પ્રોજેક્ટ એમને જ આપ્યો !!!

(૫) સં. ૨૦૫૨ માં વૈશાખ મહિનામાં કચ્છમાં ૭૨ જિનાલય મહાતીર્થની અંજનશલાકા- પ્રતિષ્ઠા પ્રસંગે લગભગ ૧ મહિના સુધી ૧૦૦ થી અધિક સાધુ સાધ્વીજી ભગવંતોની તેમના પરિવારે કરેલી ઉદાર ભક્તિ, સુપાત્રદાન અને સાધર્મિક ભક્તિ ખરેખર ચિરસ્મરણીય રહેશે. એ પ્રસંગે પંચ કલ્યાણકની ઉજવણી દરમ્યાન પ્રભુજીના માતા-પિતા નાભિરાજા અને મરુદેવી માતા બનવા માટે ચડાવો બોલાવવાને બદલે નાનજીભાઈને જ નકરાથી એ લાભ લેવા માટે ટ્રસ્ટના આગેવાનોએ સામેથી ભાવભરી વિનંતિ કરી એ જ તેમની અદ્ભુત લોકપ્રિયતા અને ધર્મપરાયણતાનો પુરાવો છે.

માઈક અને સ્ટેજથી સદા દૂર રહેનારા નાનજીભાઈએ આ લાભ બીજા કોઈ ભાગ્યશાળીને આપવા માટે નમ્રતાપૂર્વક વિનંતિ કરી. પરંતુ છેવટે બધાની મક્કમતા પૂર્વકની ભાવભરી વિનંતિનો દાક્ષિણ્ય ગુણને લીધે તેમને સ્વીકાર કરવો જ પડયો. અને નાભિરાજા તરીકેનું પાત્ર ભજવતાં તેમના અંતરાત્મામાંથી ભગવાનના પિતાને છાજે તેવા આધ્યાત્મિક ઉદ્ગારો સહજપણે સરી પડતા તે સાંભળીને બધા આશ્ચર્યચકિત થઈ જતા અને વિચારમાં પડી જતા કે સદા મૌનપ્રિય અને અત્યંત મિતભાષી એવા નાનજીભાઈ ને બદલે ખરેખર નાભિ મહારાજા જ અત્યારે બોલી રહ્યા છે !....૭૩ ઈંચના મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનને ગાદીનશીન કરવાનો મહાન લાભ પણ ખૂબ જ મોટો ચડાવો બોલીને તેમણે તથા બીજા એક ભાગ્યશાળીએ સંયુક્ત રીતે લીધો ! તે સિવાય પણ ગાંધીધામ, વડોદરા ભદ્રેશ્વર, અંજાર, આદિપુર વિગેરે અનેક ઠેકાણે તેમણે મોટી રકમોના દાન લેશ પણ નામનાની કામના વિના આપેલ છે.

આત્મ સાધનાના પ્રારંભ કાળમાં તેઓ આત્માનુભવી સદ્ગુરુની શોધ માટે કેટલેક ઠેકાણે ગયા પરંતુ કયાંય સંતોષ ન થતાં છેવટે જગદ્ગુરુ અને પરમગુરુ એવા અરિહંત પરમાત્માની જ શરણાગતિ સ્વીકારીને તેમના અનુગ્રહથી જે કાંઈ અંતઃસ્કુરણા થતી તે મુજબ પ્રાર્થના-મૌન આદિ દ્વારા તેઓ સાધના કરતા રહ્યા.

બાળક જેમ માતા પાસે કયારેક હઠ પકડે તેમ નાનજીભાઈએ પણ એક વાર પ્રભુજી સમક્ષ હઠ પકડી કે **'હવે જ્યારે સંતોષકારક વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવ થશે ત્યારે જ આ મસ્તક ઊંચું થશે, ત્યાં સુધી નહિ, ભલે ગમે તેટલા કલાકો કે દિવસો કાં ન લાગે !'** આમ કહીને પ્રભુજી સમક્ષ માથું જમીન પર ઢાળી દીધું. લગભગ ૨ કલાક સુધી એ જ રીતે શરણાગતિના ભાવમાં અને સમર્પણ

મુદ્રામાં સ્થિર રહ્યા ત્યારે તેમને સંતોષકારક અનુભૂતિ થયા પછી જ તેમણે માથું ઊંચું કર્યું !!!...

નાનજીભાઈની વિનંતિથી એક ધ્યાન સાધક મહાત્માએ પોતાની વિશિષ્ટ આત્મશક્તિ દ્વારા તેમને ફક્ત ૨ મિનિટ માટે વિશિષ્ટ શાંતિનો અનુભવ કરાવ્યો પરંતુ તેમને આવી ક્ષણિક શાંતિને બદલે ચોવીસે કલાક ચાલુ રહે તેવી અખંડ અને ગહન આત્મિક શાંતિ અને આનંદના અનુભવની ઝંખના હતી જે આખરે પરમાત્માની શરણાગતિ અને સદ્ગુરુની કૃપા દ્વારા પરિપૂર્ણ થઈ !...

**''સ્વ- સ્વરૂપની અનુભૂતિ માટે કઈ રીતે સાધના કરવી જોઈએ ?'' એવા એક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં તેમણે કહ્યું કે-**

**''સ્વાનુભૂતિસંપન્ન સદ્ગુરુની શરણાગતિ અને તેમની કૃપા દ્વારા જ એ શક્ય બની શકે છે. પરંતુ જ્યાં સુધી એવા પ્રત્યક્ષ સદ્ગુરુની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી પરમગુરુ પરમાત્માની પ્રતિમા કે પ્રતિકૃતિ સમક્ષ પણ સમર્પણભાવે નિયમિત હાર્દિક પ્રાર્થના કરતા રહેવાથી કાળ પરિપક્વ થતાં અને સાધકની યોગ્યતાનો વિકાસ થતાં પરમાત્માના અચિંત્ય અનુગ્રહથી અવશ્યમેવ એક દિવસ સદ્ગુરુની પ્રાપ્તિ ઋણાનુબંધ પ્રમાણે સાધકને થાય છે અને તેમની કૃપાથી સાધકનું કાર્ય સિદ્ધ થાય છે.**

છદ્મસ્થ અવસ્થામાં સદ્ગુરુની શોધ માટે પ્રયત્નો કરવામાં ભૂલથાપ ખાવાની ઘણી શક્યતા રહેલી છે. તેથી ઉપરોક્ત રીતે પરમાત્માની શરણાગતિ સ્વીકારી સાધના કરતાં એક દિવસ પરમાત્માની અચિંત્ય આર્હન્ત્યશક્તિની પ્રેરણાથી આત્મજ્ઞાની સદ્ગુરુ સામેથી સાધકનો હાથ પકડે છે અને માર્ગદર્શન આપી કૃતાર્થ બનાવે છે !"

મહાન યોગીરાજશ્રી આનંદઘનજી દ્વારા રચાયેલી સ્તવન ચોવીશી નાનજીભાઈને અત્યંત પ્રિય છે. સાધના માર્ગની મહત્ત્વની કુંચીઓ એ સ્તવનોમાં રહેલી છે એમ તેઓ જણાવે છે.

ભૂત-ભવિષ્યના વિકલ્પોથી પર થઈને વર્તમાનક્ષણમાં જ આત્મ જાગૃતિ પૂર્વક જીવવું એ નાનજીભાઈ માટે આજે સહજ બની ગયું છે. **રાત્રે ઊંઘમાં પણ ફક્ત એક જ વાર પડખું ફેરવવું પડે તે પણ જાગૃતિપૂર્વક જ ! આત્માની સૂચના વિના શરીર પડખું પણ ફેરવે નહિ.** ઘણીવાર તો આખી રાત (પાંચેક કલાક) એક જ પડખે તેઓ આરામ કરે છે. પડખું પણ બદલતા નથી. આવી તેમની આત્મ જાગૃતિ ખરેખર અનુમોદનીય છે. અંતરમાં અનુભવાતી અત્યંત ગહન અને ગાઢ આધ્યાત્મિક શાંતિ તેમની મુખમુદ્રા ઉપર સદા તરવરતી દેખાય છે- તેમના ધર્મપત્ની અ.સૌ હીરાકુંવરબેન (બચુબાઈ) નો પણ તેમને ખૂબ જ સાથ સહકાર સદા મળતો રહ્યો છે.

આત્માર્થી જીવોએ નાનજીભાઈનો સત્સંગ ખાસ કરવા જેવો છે. સૂજ્ઞેષુ કિં બહુના ? તેમનું સરનામું નીચે મુજબ છે.

શાહ એન્જિનીયરીંગ કું. ડી.બી.-ઝેડ. એન. ૧૪૭ ગાંધીધામ- કચ્છ પીન : ૩૭૦૨૦૧, ફોન : ૦૨૮૩૬-૨૦૪૬૨.

# ૨૦ : જૈફ વયે સાધનાનો પ્રારંભ કરીને વિશિષ્ટ આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરનાર આત્મસાધક ખીમજીભાઈ વાલજી વોરા

સામાન્ય રીતે આત્મસાધના માટે યુવાવસ્થાનો કાળ ઉત્તમ ગણાય છે. કારણ કે ત્યારે શરીર બળ મજબૂત હોવાથી તપ-જપ-ધ્યાન વિગેરે લાંબા સમય સુધી સ્થિરતા પૂર્વક કરી શકાય છે. વૃદ્ધાવસ્થામાં શારીરિક શક્તિ ક્ષીણ થવાથી સાધના મુશ્કેલ બને છે. છતાં તેમાં અપવાદ રૂપે કેટલાક આત્માઓ એવા પણ જોવા મળે છે કે જેમણે સંયોગવશાત્ પાછલી વયમાં સાધનાનો પ્રારંભકર્યો અને તીવ્ર વૈરાગ્ય, પ્રબળ મુમુક્ષા અને નિયમિત અખંડ પુરુષાર્થના બળે સારો એવો આધ્યાત્મિક વિકાસ સાધ્યો હોય. આવા સાધકોમાં કચ્છ નારાણપુરના ખીમજીભાઈ વાલજી વોરા (ઉ. વ. ૭૯) નું નામ પ્રથમ હરોળમાં મૂકી શકાય તેમ છે !

ખીમજીભાઈના જીવનમાં બાલ્યાવસ્થામાં નમ્રતા સરલતા આદિ સદ્‌ગુણો સાથે ધર્મની રૂચિ હતી. પાંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, કર્મગ્રંથ તથા સંસ્કૃત બે બુકોનો અભ્યાસ કરેલ. પરંતુ પછી સાંસારિક જવાબદારીઓના કારણે અને રંગૂન જેવા ક્ષેત્રમાં વર્ષો સુધી રહેવાને કારણે એ રૂચિને ખાસ કાંઈ ઉત્તેજન મળી શક્યું નહીં. લગ્નજીવન અને નોકરી-ધંધામાં જ જીવનના અમૂલ્ય વર્ષો પસાર થઈ ગયા. ખાસ કાંઈ આરાધના થઈ શકી નહીં.

પરંતુ લગભગ ૫૭ વર્ષની ઉંમરે તેમના જીવનમાં ટર્નીંગ પોઈન્ટ આવ્યું. કોઈક વ્યાવહારિક પ્રસંગ ઉપરથી તેમને સંસારની અસારતા અને સ્વાર્થમયતાનું ભાન થયું. વૈરાગ્યની જ્યોત પ્રજ્વલિત બની અને ૬૦ વર્ષની વયે તેઓ નોકરીમાંથી રાજીનામું આપીને મુંબઈ છોડીને કચ્છ નારાણપુરા આવી ગયા. સુષુપ્ત રીતે પડેલી અધ્યાત્મ રૂચિ પુનઃ જાગૃત થઈ. તેથી આધ્યાત્મિક ગ્રંથોનું વાંચન-મનન/એકાંતવાસ/મૌન/ નવકાર મહામંત્રનો તેમજ ૐ હ્રીં અર્હંનમઃ નો તાલબદ્ધ જાપ તેમજ શ્રી સીમંધર સ્વામી

પરમાત્માને ગદ્દગદ્દ હૈયે પ્રાર્થનાને તેમણે સાધનાના અંગો બનાવ્યા. રોજ ૨ાા કલાક ખેતરમાં જઈને સવારે અને રાત્રે ત્યાં એકાંતમાં નવકાર મહામંત્રનો એકાગ્રતાપૂર્વક જાપ કરવા લાગ્યા. એકાદવાર કચ્છ-ડુમરામાં ધ્યાન શિબિરમાં જઈને ધ્યાનાભ્યાસ પણ ચાલુ રાખ્યો. યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજ દ્વારા રચાયેલી સ્તવન ચોવીશીનું વિવેચન યુક્ત સાહિત્ય તેમજ આત્મજ્ઞાની શ્રીમદ્દ રાજચંદ્રનાં આધ્યાત્મિક સાહિત્યનું તેઓ વિશેષ પ્રકારે પરિશીલન કરવા લાગ્યા.

**આમ એકાંત અને મૌનપૂર્વક જ્ઞાન-ધ્યાન-જાપ-આત્મચિંતન અને પ્રભુ પ્રાર્થનાદિના પરિણામે અંતઃકરણની શુદ્ધિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં તેમને વિવિધ પ્રકારની આંતરિક અનુભૂતિઓ થવા લાગી. ક્યારેક ઘંટ, ઝાલર, વીણા, પખાવજ, શંખ ભેરી દુંદુભિ આદિ વિવિધ વાજિંત્રોના ધ્વનિ તુલ્ય અનાહત નાદ અંતરમાં સંભળાય તો ક્યારેક આજ્ઞાચક્રમાં જ્યોતિ લીસોટા કે કણિયા સ્વરૂપે પ્રકાશ પુંજનો અનુભવ થાય. ક્યારેક દીવા, વીજળી, ચંદ્ર કે સૂર્ય જેવા પ્રકાશ દેખાય. ક્યારેક દિવ્ય સુગંધનો અનુભવ થાય તો ક્યારેક ગહન અને ગાઢ શાંતિની ઘટા મસ્તકથી પ્રારંભીને અનુક્રમે આખા અસ્તિત્વને ઘેરી વળતી હોય તેવી અનુભૂતિ થાય.**

આવા અનુભવોના કારણે તેમનો સાધના માટેનો ઉત્સાહ વૃદ્ધિંગત બનતો રહ્યો.

તેમને તો આત્માનુભવની લગની લાગી હતી. તેથી તેઓ રોજ મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન શ્રી સીમંધર સ્વામી ભગવાનને ગદ્દગદ હૈયે પ્રાર્થના કરતા કે-'હે પ્રભુ ! હવે મને આવા સામાન્ય કોટિના અનુભવોથી સંતોષ નથી થતો. મારે, તો આપના વીતરાગતામય આંતરિક સ્વરૂપની ઝાંખી જોઈએ છીએ.'

તેઓ રોજ સીમંધર સ્વામી ભગવાનનું સુપ્રસિદ્ધ સ્તવન-

"સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જજો
મુજ વીનતડી પ્રેમ ધરીને એણી પરે તુમ સંભળાવજો..."

અત્યંત ભાવ વિભોર બનીને, રોમેરોમમાંથી પોકાર ઊઠતો હોય તે રીતે ગદગદ્દ કંઠે, આર્દ્ર હૃદયે અને અશ્રુભીની આંખે દિવસમાં ત્રણેક વાર ગાતા. જેને સાંભળનારનું હૈયું અને આંખ પણ આર્દ્ર બન્યા વિના રહે નહિ. જાણે ખરેખર જ્યોતિષી દેવોના ઈન્દ્ર-ચન્દ્ર દેવ પોતાની સમક્ષ ઊભા હોય અને તેમના મારફત પોતાની અરજી પ્રભુજીને મોકલતા હોય તે રીતે આ સ્તવન તેઓ ગાતા. તેમના મુખેથી આ સ્તવન સાંભળવું એ પણ એક અનેરો લ્હાવો છે. મને ૨-૩ વાર તેમના મુખેથી આ સ્તવન સાંભળવાનો તથા તેમની આત્મસાધનાના મૂક સાક્ષી રૂપ ડેલાને નિહાળવાનો લાભ મળ્યો છે '....

વીતરાગ પરમાત્માના આંતરિક સ્વરૂપની ઝાંખી મેળવવાના લક્ષ્યપૂર્વક તેમણે ૬ મહિના સુધી તદ્દન એકાંતવાસમાં મૌનપૂર્વક સાધના કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. ફક્ત બે ટાઈમ ઘરે જઈ મૌનપૂર્વક ભોજન કરતા બાકીનો સમય ઘરની બાજુમાં જ પશુઓ માટેનો ઘાસચારો રાખવાનો નાનકડો ડેલો હતો તેમાં બેસીને સદ્વાંચન-આત્મચિંતન-જાપ-ધ્યાન-પ્રાર્થનાદિ સાધનામાં મગ્ન રહેતા. ચિત્તમાં એક પણ બિન જરૂરી વિચાર પ્રવેશી ન જાય તે માટે તેઓ ખૂબ જ જાગ્રત રહેતા.

આમ સાધના કરતાં કરતાં લગભગ ૩ મહિના જેટલો સમય પસાર થયો ત્યારે સં. ૨૦૩૭ મહા સુદિ ૧૪ મંગળવાર તા. ૧૭-૨-૯૧ના બપોરના લગભગ ૩ વાગ્યાનો સમય હતો. ગરમીના દિવસો હતા. છતાં બહારનાં કોઈ અશુદ્ધ પરમાણુઓ અંદર ન પ્રવેશે તે માટે ડેલાનો એકમાત્ર દરવાજો હતો તે પણ બંધ રાખેલ. એટલું જ નહીં પરંતુ અંધારામાં એકાગ્રતા સારી રીતે થઈ શકે તે માટે મસ્તકથી માંડીને આખા શરીરે કાળો ધાબળો ઓઢીને તેઓ સાધનામાં બેઠા. નિત્યક્રમ પ્રમાણે સીમંધર સ્વામીને પ્રાર્થના કરીને સાધનામાં સ્થિર થયા કે થોડી જ ક્ષણોમાં મન શાંત **થઈ ગયું અને શરદ પૂર્ણિમાના ચંદ્ર કરતાં પણ ક્રોડો ઘણી શીતલ, ઉજ્જવલ તેજોમય, પદ્માસનસ્થ વીતરાગ આકૃતિ તેમની બંધ આંખો સમક્ષ પ્રગટ થઈ ! જાણે કે જેની ખૂબ જ ઝંખના હતી તે સાક્ષાત્ શ્રી સીમંધર સ્વામી પરમાત્માના આંતર સ્વરૂપની જ ઝાંખી ન હોય ! ખીમજીભાઈના રોમેરોમમાં અવર્ણનીય આનંદના પૂર ઉમટ્યા ! પોતાની સ્થિતિ પણ જાણે કે વીતરાગતામય બની ગઈ !...** પરંતુ આ આકૃતિ બે-ત્રણ મિનિટમાં અદૃશ્ય થઈ ગઈ અને ખીમજીભાઈની એક આંખમાંથી પ્રભુદર્શનના કારણે હર્ષ અને અહોભાવજન્ય તેમજ બીજી આંખમાંથી પુનઃ પ્રભુવિરહની વેદનાજન્ય અશ્રુધારા ૧ કલાક સુધી અસ્ખલિતપણે ચાલુ રહી !!!... કેટલાય દિવસો સુધી આ અનુભૂતિનો આનંદ તેમના જીવનમાં ચાલુ રહ્યો.

**તેઓ સ્વાનુભવના આધારે કહે છે કે-''આપણો પોકાર જો સાચો હોય, અંતરના ઊંડાણમાંથી આવતો હોય તો પ્રભુદર્શન માટે ક્ષેત્ર કે કાલનું વ્યવધાન નડતું નથી. આજે પણ અહીં બેઠા બેઠા શ્રી સીમંધર સ્વામી ભગવંતના દર્શન અશક્ય નથી જ !...''**

ઉપરોક્ત અનુભવ પછી પણ વિવિધ પ્રકારની આધ્યાત્મિક અનુભૂતિઓ તેમને હજી સુધી થતી જ રહી છે. પરિણામે આ માનવ જીવન સફળ થયાનો અહેસાસ તેઓ અનુભવી રહ્યા છે.

હાલ તેઓ સંયોગવશાત્ મુંબઈમાં પોતાના સુપુત્ર મણિલાલભાઈની સાથે રહે છે. વૃદ્ધાવસ્થાના કારણે બાહ્ય રીતે સાધનામાં થોડી ઓટ આવી છે. પરંતુ આંતરિક રીતે ભાવધારા તો ઉત્તરોત્તર વિશુદ્ધ જ બનતી અનુભવી

રહ્યા છે.

મહાન યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજ દ્વારા રચાયેલ સ્તવન ચોવીશી ઉપર સ્વાનુભવના આધારે તેમણે સુંદર વિવેચન નોટબુકોમાં લખેલ છે. જિજ્ઞાસુ આત્માર્થી જીવોએ ખાસ વાંચવા યોગ્ય છે. તેમનું હાલનું સરનામું નીચે મુજબ છે.

**ખીમજીભાઈ વાલજી વોરા**

C/o. મણિલાલભાઈ ખીમજી વોરા

ડી-૯ સમીર એપાર્ટમેન્ટ - ગ્રાઉન્ડ ફ્લોર,

(સાંઈ નગર) સમતા નગર, મુ. પો. વસઈ રોડ (વેસ્ટ) જિ. થાણા (મહારાષ્ટ્ર)

પીન. ૪૦૧૨૦૨

ખીમજીભાઈના ધર્મપત્ની સુશ્રાવિકા શ્રી લક્ષ્મીબેન પણ રોજ પાંચ બાંધી નવકારવાળીનો જાપ, પ્રભુપૂજા, પ્રતિક્રમણ, સુપાત્રદાન, સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ અનુકંપાદાન આદિ આરાધનામાં સારો રસ ધરાવે છે. તેમના બે પુત્રો જયંતિલાલભાઈ તથા મણિલાલભાઈ તથા બંને પુત્રવધૂઓ તારાબેન અને દક્ષાબેન તથા સુપુત્રી લીલાબેન બધા સાધના માટે અનુકૂળતા કરી આપે છે.

આ દૃષ્ટાંત વાચીને કોઈએ એમ નથી વિચારવાનું કે 'આપણે પણ આવી રીતે પાછલી વયમાં સાધના કરી લઈશું. હાલ તો પૈસા કમાઈને મોજ-મજા કરી લઈએ...' કારણ કે જીવનનો કોઈ ભરોંસા નથી. માટે ધર્મના કામમાં ઢીલ કરવી ઉચિત નથી.

પરંતુ સંયોગવશાત્ જેઓ યુવાવસ્થામાં આત્મસાધના કરી શક્યા નથી ને હવે પાછલી વયમાં પ્રવેશી ચૂક્યા છે, એવા આત્માઓ હતાશ ન થતાં આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવી, 'જાગ્યા ત્યારથી સવાર' સમજી આત્મસાધનામાં આગળ વધે એ જ શુભેચ્છા...

## સાધનાના વિવિધ અનુભવો :

તા. ક. ખીમજીભાઈને અનાહત નાદનાં તેમજ પ્રકાશના અનેકવિધ અનુભવો થયા છે. તેમાંથી કેટલાક મહત્ત્વના અનુભવો સંક્ષેપમાં નીચે મુજબ છે. પ્રકાશના અનુભવોની નોંધ તિથિવાર સહિત તેમની પાસે વિદ્યમાન છે. જ્યારે નાદના અનુભવોની નોંધ તિથિવાર પ્રમાણે કરેલી છે પણ હાલ ઉપલબ્ધ ન થતાં માત્ર અનુભવો જ જણાવેલ છે.

૦ લગભગ સં. ૨૦૩૬માં એક દિવસ વહેલી સવારે ૩ વાગ્યે

અચાનક જાણે મસ્તક ફાટી જાય તેવો જોરદાર ઘંટનાદ મસ્તકમાં શરૂ થયો. ૩ કલાક સુધી સાધનામાં સતત ઘંટનાદ સંભળાતો રહ્યો. ધીરે ધીરે નાદ મંદ થતો ગયો. પછી થોડા થોડા દિવસના આંતરે અનુક્રમે ઝાલરનાદ... પખાવજ નાદ... તબલાનાદ... વીણાનાદ... શંખનાદ... ભેરીનાદ... દુંદુભિનાદ... મહાનાદ (સિંહનાદ)... મેઘનાદ... સમુદ્રનાદના અનુભવો થયા !!!...

૦ સં. ૨૦૩૬થી પ્રકાશના વિવિધ અનુભવોનો પ્રારંભ થયેલ...

૦ સં. ૨૦૪૮માં માગસર સુદિ ૧૨ થી ફા. સુ. ૬ સુધી ૨ા મહિના દરમ્યાન રોજ બંને આંખોમાંથી પ્રકાશના કણો બહાર નીકળવાનો અનુભવ થતો રહ્યો.

૦ ત્યાર બાદ ફા. સુ. ૬ તા. ૧૦-૩-૯૨ ના પરોઢે ૩ વાગ્યે સાધનામાં વિશિષ્ટ અનુભવ થયો. એક ખૂબ લાંબી ગુફા હતી. તેની ઉપર છત ન હતી. તેમાં એક છેડેથી સૂર્યપ્રકાશ જેવો જાજ્વલ્યમાન પ્રકાશનો ધોધ વહેતો હતો અને બીજે છેડે નીકળતો હતો. પરિણામે ત્યાંનું સમસ્ત આકાશ પ્રકાશથી વ્યાપ્ત અનુભવાતું હતું. ૩ કલાક સુધી સતત આ અનુભવ ચાલુ રહ્યો હતો !!!

૦ સં. ૨૦૫૩માં માગસર સુદિ ૧૦, ગુરૂવાર તા. ૧૯-૧૨-૯૬ ના સવારે ૯ાા વાગ્યે કપાળમાં આજ્ઞાચક્રની જગ્યાએ મણિરત્નોના ઝબકારા બહારથી અંદર પ્રવેશી રહ્યા છે અને અંદરનો આકાશ પ્રદેશ પૂર્ણપણે પ્રકાશથી ઝળહળાયમાન થઈ રહ્યો છે તેવો અનુભવ પાંચેક મિનિટ સુધી ચાલુ રહેલ.

૦ ત્યારબાદ ૩ દિવસ પછી તા. ૨૨-૧૨-૯૬ના સવારે ૯ાા વાગ્યે સાધના દરમ્યાન મસ્તકમાંથી સહસ્રારચક્રમાંથી હજારો ચંદ્રના તેજ કરતાં અધિક શીતલ અને જાજ્વલ્યમાન પ્રકાશ આકાશમાં જઈ રહેલ છે તેવો દિવ્ય અનુભવ પાંચેક મિનિટ સુધી ચાલુ રહેલ !...

આ બધા અનુભવો અંતઃકરણની ખૂબ શુદ્ધિને દર્શાવે છે. આત્મા ખૂબ હળુકર્મી બન્યો છે. નિરંજન-નિરાકાર પરમાનંદમય આત્માનુભવની ખૂબ જ નજીકની ઉત્તમ અવસ્થા સૂચવે છે. વિશેષ તો જ્ઞાની ભગવંતો કે ઉચ્ચતર ભૂમિકાના સાધકો કે સિદ્ધયોગી મહાત્માઓ જણાવી શકે. બીજા સાધકોને ઉપયોગી થાય તેવા એકમાત્ર શુભ આશયથી આ અનુભવો અત્રે રજૂ કર્યા છે.

**ૐ શાંતિ... શાંતિ... શાંતિ...**

## ૨૧ : હિમાલયના સિદ્ધયોગી મહાત્માના માર્ગદર્શન મુજબ નવકાર મહામંત્રની સાધના કરતા દામજીભાઈ જેઠાભાઈ સુથરીવાલા

મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્ર !... જેના વિષે ગવાય છે કે -

"યોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે, સમરે સહુ નિઃશંક."

આવા નવકાર મહામંત્રનું સ્મરણ જૈન કુળમાં જન્મેલ દરેક આત્મા ઓછે વત્તે અંશે કરે જ તેમાં આશ્ચર્ય નથી, પરંતુ હિમાલયમાં રહેતા સેંકડો વર્ષની ઉંમર ધરાવતા સિદ્ધયોગી મહાત્માઓ પણ નવકાર મહામંત્રનું આલંબન લઈને યોગસાધના કરે છે એ જાણીએ ત્યારે મહામંત્રની સર્વવ્યાપકત્તા જોઈને સાનંદ આશ્ચર્ય સાથે અહોભાવ વૃદ્ધિંગત બન્યા વિના રહે નહીં.

મૂળ કચ્છ-સુથરીના વતની પરંતુ હાલ મુંબઈ - દાદરમાં રહેતા સુશ્રાવક શ્રી દામજીભાઈ જેઠાભાઈ લોડાયા (ઉં.વ. ૮૬) છેલ્લા ૫૦ વર્ષોથી હિમાલયના આવા યોગીરાજના માર્ગદર્શન મુજબ નવકાર મહામંત્રના આલંબનથી યોગસાધના કરી રહ્યા છે ! ચાલો આપણે તેમના જીવનમાં થોડું ડોકીયું કરીએ.

દામજીભાઈના પિતાશ્રી જેઠાભાઈ ઉજ્જૈન (મ.પ્ર.) માં કપાસ (રૂ) નો વેપાર કરતા હતા. તેથી ઉજ્જૈનમાં ગ્રેજ્યુએટ થયેલા દામજીભાઈ તેમના કાકા શ્રી વાલજીભાઈ લધાભાઈની મુંબઈમાં કપાસની મોટી પેઢી ચાલતી હતી તેમાં ભાગીદાર તરીકે જોડાયા.

દામજીભાઈએ પોતાના કાકાશ્રીને સટ્ટો ન કરવાની વિનંતિ કરવા છતાં ભવિતવ્યતાવશાત્ બીજા ત્રણેક વેપારીઓના આગ્રહથી પોતાની કંપનીના નામે તેમણે મોટો સટ્ટો કર્યો અને કર્મ સંયોગે તેમાં ૯૦ લાખ રૂા. ની ખોટ ગઈ. બીજા વેપારીઓ છટકી જતાં આટલી મોટી રકમ વાલજી લધાભાઈ કંપનીને ભરપાઈ કરવાની જવાબદારી આવી પડતાં તેના આઘાતથી વાલજીભાઈનું હૃદય બંધ પડી જવાથી અવસાન થયું. તેથી આ રકમ ભરપાઈ કરવાની જવાબદારી દામજીભાઈ ઉપર આવી પડતાં તેઓ ખૂબ ચિંતાતુર બની ગયા. તેમને ચિંતામગ્ન જોઈને એક શ્રાવક તેમને દાદરમાં કબૂતરખાના પાસે આવેલ શાંતિનાથ જિનાલયના ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજમાન

પરમશાસનપ્રભાવક પ.પૂ. આચાર્ય ભગવંત **શ્રીવિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. સા.** પાસે લઈ ગયા.

તે વખતે દામજીભાઈ નાસ્તિક જેવા હતા. ધર્મ પ્રત્યે તેમને જરાપણ શ્રધ્ધા ન હતી. એ જાણીને આચાર્ય ભગવંતે તેમને કહ્યું કે - "નાસ્તિકતાને ભૂલી જાઓ. જૈન ધર્મમાં ઘણા ઉત્તમ મંત્રો છે. તમને એક મંત્ર આપું છું. ૩ દિવસ સુધી કાંઈ પણ ખાધા પીધા વિના એટલે કે ચોવિહાર અઠ્ઠમ તપ કરીને આ મંત્રનો જાપ કરવાનો છે. હું જાણું છું કે તમે નાસ્તિક હોવાથી તમારી પાસે કટાસણું, દીપક, અગરબત્તી વિગેરે કંઈ પણ નહીં હોય. તેથી ખુરસી ઉપર બેસીને, પૂર્વ દિશા સન્મુખ મુખ રાખીને આ મંત્રનો જાપ કરજો. રાતના ફક્ત ૨-૩ કલાકથી વધારે સૂવું નહીં. આ રીતે મંત્ર જાપ કરતાં જો ૩ દિવસમાં ૯૦ લાખ રૂ. મળી જાય તો મારી પાસે આવજો. હું તમને ધર્મમાં જોડી આપીશ !!!"...... (એ મંત્ર હતો - "ૐ પરમગુરુ-ગુરુભ્યો નમઃ સ્વાહા)

ડૂબતો માણસ તણખલું પણ પકડે. એ ઉક્તિ મુજબ દામજીભાઈ આ અનુષ્ઠાન કરવા તૈયાર થઈ ગયા. અને **ત્રીજે દિવસે ખરેખર ચમત્કાર સર્જાયો હોય તેમ એક મારવાડી ભાઈએ તેમને ફોન દ્વારા ઘરે બોલાવીને ૧ ક્રોડ રૂ. સામેથી ભેટ તરીકે આપી દીધા !!!....**

દામજીભાઈના આશ્ચર્ય અને અહોભાવનો પાર ન રહ્યો. પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી પ્રત્યે અને જૈન ધર્મ પ્રત્યે તેમના હૃદયમાં અપાર શ્રધ્ધા અને આદર ઉત્પન્ન થઈ ગયા.

બન્યું એવું હતું કે એક વર્ષ અગાઉ ઉપરોક્ત મારવાડી ભાઈને રૂના સટ્ટામાં ૩ ક્રોડ રૂ.ની નુકશાની થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. ત્યારે એ ભાઈ દામજીભાઈ પાસે આવીને કહેવા લાગ્યા કે -'અંગ્રેજ ગવર્નર સાથે તમારી સારી દોસ્તી છે. તો તેમને મળીને સમજાવો કે રૂનો સટ્ટો બંધ કરવાનો વટહુકમ બહાર પાડે અને રૂનો ભાવ પણ ઘટાડી નાખે જેથી હું મોટી નુકશાની માંથી બચી શકીશ અને તમારો ઉપકાર કદાપિ નહીં ભૂલું.' એમની વાત સાંભળીને દામજીભાઈએ એમના કહેવા મુજબ કર્યું, પરિણામે ૩ ક્રોડ રૂ. તેમના બચી ગયા.

તે વખતે એ મારવાડી ભાઈએ પોતાના મનમાં જ નિર્ણય કર્યો હતો કે જો આ ૩ ક્રોડ રૂ.નું નુકશાન અટકી જશે તો ૧ ક્રોડ રૂ. દામજીભાઈને આપીશ. આ નિર્ણયની વાત તેમણે દામજીભાઈને કહી ન હતી. પરંતુ દામજીભાઈની આર્થિક મુશ્કેલીના સમાચાર મળતાં જ એ ભાઈએ સામેથી ફોન કરીને દામજીભાઈને ૧ ક્રોડ રૂ. રોકડા આપી દીધા ! તેથી તેઓ દેવાદાર તરીકે મટી ગયા. અને રૂના મોટા વેપારીઓ દામજીભાઈને ખૂબ જ

આદરની દૃષ્ટિથી જોતા થઈ ગયા.

આ ઘટના બાદ દામજીભાઈ નિયમિત રીતે પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી પાસે જતા થઈ ગયા. પૂજ્યશ્રીએ પણ તેમના ઉપર કૃપાદૃષ્ટિ વરસાવી અને જૈન ધર્મનો મર્મ સમજાવી તેમને નવકાર મહામંત્રની આરાધનામાં જોડ્યા. દામજીભાઈના નશીબ ખુલી ગયા અને નિયતિ તેમને હજી પણ આગળ વધારવા ઈચ્છતી હોય તેમ તેમના જીવનમાં એક વિશિષ્ટ ઘટના બની.

એક વખત તેઓ પુનામાં એક લાયબ્રેરીમાં બેસીને યોગ, પ્રાણાયામ તથા સ્વરોદય સંબંધી પુસ્તકો વાંચી રહ્યા હતા. ત્યારે એક મહાત્મા તેમની પાસે આવીને કહેવા લાગ્યા કે - 'તમને જે બાબતની ઝંખના છે તે તમને હિમાલયમાં હરદ્વારમાં લંગડાબાબાની ટેકરી છે ત્યાં જવાથી મળશે.'

દામજીભાઈનું જિજ્ઞાસુ અને સાહસિક હૃદય આ સાંભળીને હર્ષિત થયું અને થોડા દિવસ બાદ તેઓ ખરેખર પ્લેન અને ટ્રેનની મુસાફરી કરીને હરદ્વાર પહોંચી ગયા ! ત્યાં જઈને તેમણે લંગડાબાબાની તપાસ કરી તો લોકોએ કહ્યું કે 'એમની પાસે જાઓ ભલે પણ તેઓ તમને માર મારીને રવાના કરશે !'... દામજીભાઈએ કહ્યું કે - 'મારા નશીબમાં હશે તેમ થશે.'

પછી તેઓ હિંમત કરીને નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં ટેકરી ઉપર ચડયા અને રસ્તામાં અજગર તથા હાથી યુગલને સાત-સાત નવકાર સંભળાવવા દ્વારા દૂર કરીને લંગડાબાબાના નિવાસ સ્થાનમાં ગયા. તેમને પ્રણામ કર્યા. મહાત્માજીએ પ્રથમ તો તેમની પરીક્ષા કરવા માટે કડક શબ્દોમાં કહ્યું કે - 'ક્યોં આયે હો યહાઁ ? ચલે જાઓ યહાઁસે' દામજીભાઈએ નમ્રતાથી પ્રત્યુત્તર આપ્યો તો પણ વધુ આકરી કસોટી કરવા માટે તેમની ગળચી પકડીને ટેકરી ઉપરથી નીચે ફેંકી દેવા તૈયાર થયા. તો પણ દામજીભાઈ ગભરાયા નહીં અને નવકાર મહામંત્રનું સ્મરણ કરતા રહ્યા. આખરે તેમની હિંમત અને શ્રધ્ધા જોઈને મહાત્માજી પ્રસન્ન થયા અને તેમને નવકાર મહામંત્રની સાધના અંગે અદ્‌ભુત માર્ગદર્શન આપ્યું.

પંચ પરમેષ્ઠીના પાંચ રંગની સાથે પાંચ ભૂતમય આપણા શરીર અને વિશ્વમાં રહેલ પાંચ રંગોનો સંબંધ સમજાવ્યો. તથા આપણા શરીરમાં કરોડરજ્જુમાંથી પસાર થતી સુષુમ્ણા નાડીમાં આવેલ મૂલાધાર - સ્વાધિષ્ઠાન - મણિપૂર - અનાહત - વિશુદ્ધિ - આજ્ઞા અને સહસ્રાર આ સાત ચક્રોમાં નવકાર મહામંત્રનો જાપ કરવાનો વિધિ સમજાવ્યો.

દામજીભાઈને તો જાણે અમૃતભોજન મળ્યું હોય તેટલો આનંદ થયો અને તેઓ ઘરે આવીને મહાત્માજીના માર્ગદર્શન મુજબ નિયમિત રીતે રાતના અને વહેલી સવારે બ્રાહ્મ મુહૂર્તમાં કલાકો સુધી નવકાર મહામંત્રની

સાધના કરતા રહ્યા. જ્યારે જ્યારે માર્ગદર્શનની જરૂર પડે ત્યારે દામજીભાઈને ટેલીફોનની માફક મહાત્માજીનો અવાજ સંભળાય અને દૂર બેઠા બેઠા પણ તેઓ પોતાના શિષ્યની સંભાળ રાખતા રહ્યા છે.

ઉપરોક્ત ઘટના બાદ દર દશ દશ વર્ષના આંતરે તેઓ દામજીભાઈને અનુક્રમે દિલ્હી - આબુ - કન્યાકુમારી અને નેપાલમાં પ્રત્યક્ષ પણ મળતા રહ્યા છે.

સાધનાના પ્રભાવે દામજીભાઈને અવનવા આધ્યાત્મિક અનુભવો થતા રહ્યા છે, પરંતુ મહાત્માજીની આજ્ઞા મુજબ તેઓ પોતાના અનુભવો ગુપ્ત રાખવાનું જ પસંદ કરે છે. પરંતુ યોગ્ય જિજ્ઞાસુઓને તેઓ નવકાર મહામંત્રની સાધના અંગે માર્ગદર્શન વિના સંકોચે આપે છે. અનેકવાર ફોરેનના લોકો તરફથી પણ તેમને આમંત્રણ મળે છે અને તેઓ વિદેશ જઈને ત્યાંના લોકોને નવકાર મહામંત્રની મહાનતા સમજાવે છે અને સાધના વિષે માર્ગદર્શન આપે છે.,

**નવકાર મહામંત્રનો શુદ્ધ ઉચ્ચાર કરવા ઉપર તેઓ ખૂબ જ ભાર મૂકે છે. શુદ્ધ તથા અશુદ્ધ ઉચ્ચાર કરવાથી વિશ્વના પાંચ મહાભૂત (પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-આકાશ) ઉપર તેની કેવી અલગ અલગ અસર થાય છે તે તેમણે વિદેશના વૈજ્ઞાનિકોના સહયોગથી પ્રયોગ કરીને સાબિત કર્યું છે !**

કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના મુખપત્ર 'પ્રકાશ સમીક્ષા' માસિકમાં દામજીભાઈના 'સરળ યોગદર્શન' વિષય ઉપર લગભગ ૧૩ જેટલા લેખો છપાયા છે. જે જિજ્ઞાસુઓએ ખાસ વાંચવા લાયક છે.

આધ્યાત્મિક સાધના ઉપરાંત વ્યવહારમાં તેઓ અંગ્રેજોના સમયથી અને આજે પણ સરકારમાં સારી વગ ધરાવે છે તા. ૧૪-૪-૧૯૪૪ ના મુંબઈમાં થયેલ પ્રચંડ ધડાકા વખતે, તેમજ ત્યારબાદ પણ દુષ્કાળ, અતિવૃષ્ટિ, ધરતીકંપ જેવા અનેક પ્રસંગોમાં સરકારની વિનંતિથી તેમણે સુંદર લોકસેવા બજાવી છે. ઈ.સ. ૧૯૯૪ ના એપ્રિલ મહિનાના "જન્મભૂમિ" ના એક અંકમાં તેમની આ સેવાઓ બદલ સુંદર લેખ દ્વારા તેમને બિરદાવવામાં આવ્યા છે.

વિ.સં. ૧૯૬૭ ના અષાઢી બીજના દિવસે જન્મેલા દામજીભાઈ આજે ૮૬ વર્ષની વયે પણ નવકાર મહામંત્રની સાધના નિયમિત રીતે ઉલ્લાસપૂર્વક કરતાં જ રહ્યા છે.

તેઓ દાદરમાં જ્ઞાનમંદિર પાસેની બિલ્ડીંગમાં રહે છે. સરનામું નીચે મુજબ છે.

૨૦/૨૧ 'દિવ્ય મહાલ'- જ્ઞાનમંદિર રોડ, દાદર-મુંબઈ-૨૮
ફોન : ૨૬૬૦૭૨૪ - ૨૬૬૦૩૪૬ ઓફિસ / ૪૨૨૩૪૮૩ ઘરે.

## ૨૨ : હજાર યાત્રિકોને ૧૦૦ દિવસ પર્યંત ૯૯ યાત્રા કરાવતા બંધુયુગલ સંઘવી, સંઘરત્ન, શ્રી શામજીભાઈ તથા મોરારજીભાઈ ગાલા

દર વર્ષે પાલિતાણામાં જુદી જુદી ૧૨-૧૩ ધર્મશાળાઓમાં જુદા જુદા સંઘપતિઓ તરફથી શ્રીસિધ્ધાચલજી મહાતીર્થની સામૂહિક ૯૯ યાત્રાનું આયોજન કરવામાં આવે છે. દરેકમાં પ્રાયઃ ૩૦૦ - ૪૦૦ આસપાસની સંખ્યામાં યાત્રિકો હોય છે. અને લગભગ બે કે અઢી મહિનામાં આ આયોજન પરિપૂર્ણ થતું હોય છે.

જ્યારે સં. ૨૦૩૫માં કચ્છી સમાજના સેંકડો વર્ષોના ઈતિહાસમાં પ્રથમવાર કચ્છ-મોટા આસંબીઆના સંઘવી સંઘરત્ન શ્રી શામજીભાઈ જખુભાઈ ગાલા અને તેમના લઘુબંધુશ્રી મોરારજીભાઈ ગાલાએ ૧ હજાર જેટલા યાત્રિકોને ૯૯ યાત્રા કરાવવાનો મહાન લાભ લીધો હતો.

૮ વર્ષથી માંડીને ૭૮ વર્ષની ઉંમરના યાત્રિકો તેમાં જોડાયા હતા. તેઓ બધા નિરાંતે રોજની એકેક યાત્રા કરીને સારી રીતે યાત્રા તથા પ્રભુ ભક્તિ કરી શકે તેમાટે આ આયોજન ૧૦૦ દિવસનું ગોઠવવામાં આવેલ.

**કન્વીનરો શ્રી માવજીભાઈ વેલજી ગડા** (કચ્છ-મોટા રતડીઆવાલાઃ તથા **શ્રી પ્રેમજીભાઈ દેવજી** (કચ્છ-ગોધરાવાલા) એ ખૂબ જ કુશળતાથી આ આખુંય આયોજન પાર પાડયું હતું. જેથી સંઘપતિઓ પણ એકદમ નિશ્ચિંત બનીને ૯૯ યાત્રા કરી શક્યા હતા.

દરરોજ સવારે પ્રતિક્રમણ તથા ભક્તામર સ્તોત્રપાઠ બાદ માંગલિક શ્રવણ કરીને ઢોલ-શરણાઈના સૂરો સાથે વિવિધ ધાર્મિક નારાઓ તથા જયનાદોથી ગગન ગજાવતા અને શ્રીસિદ્ધગિરિને વધાવતાં એક હજાર યાત્રિકો શિસ્તબદ્ધ રીતે રાજેન્દ્ર વિહાર ધર્મશાળાથી પ્રયાણ કરીને શત્રુંજય ગિરિરાજની જયતલેટીએ સામૂહિક ચૈત્યવંદન કરતા ત્યારનું અદ્ભુત દૃશ્ય જોઈને મોટા મોટા આચાર્ય ભગવંતો પણ વિચારમાં પડી જતા કે કોઈ પણ આચાર્યાદિ પદસ્થોની નિશ્રા વિના માત્ર ૩ નાના મુનિવરો [ **મુનિશ્રી કવીન્દ્રસાગરજી** (હાલ ગણિ), **મુનિશ્રી મહોદયસાગરજી** (હાલ ગણિ-પ્રસ્તુત પુસ્તકના સંપાદક) તથા **મુનિશ્રી પુણ્યોદયસાગરજી** ] ની નિશ્રામાં આવું મોટું અને અદ્ભુત આયોજન શી રીતે ગોઠવાયું હશે ? !... પરંતુ યુગાદિદેવશ્રી આદિનાથ દાદા તથા શ્રીસિદ્ધાચલજી મહાતીર્થનો અદ્ભુત પ્રભાવ તેમજ તીર્થપ્રભાવક

અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.ની અસીમ કૃપા તથા પોતાના પરમોપકારી યોગનિષ્ઠા **સુસાધ્વીશ્રી ગુણોદયશ્રીજી** મ.સા. ના દિવ્ય આશીર્વાદોને જ આ આયોજનની સફળતામાં મુખ્ય પરિબળો તરીકે સંઘપતિઓ વિનમ્રભાવે જણાવતા હતા. એ પ્રભાવ - કૃપા આશીર્વાદોના પ્રભાવે જ માત્ર ૪ વર્ષનો દીક્ષા પર્યાય હોવા છતાં માત્ર "નમો અરિહંતાણં" પદ ઉપર જ એ ૧૦૦ દિવસના કાર્યક્રમમાં વ્યાખ્યાન આપવાનું સદ્ભાગ્ય મને સાંપડયું હતું !...

સંઘપતિશ્રી શામજીભાઈએ સ્વયં મૌનપૂર્વક ૯૯ યાત્રા કરી હતી. લગભગ ૩-૪ વાગ્યે પૂજા વિગેરેથી પરવારીને નીચે આવ્યા બાદ એકાસણુ કરતા હતા. ત્યાં સુધી મૌન જ રહેતા હતા !

તેમણે તથા બીજા પણ કેટલાક યાત્રિકોએ આ ૯૯ યાત્રા દરમ્યાન શ્રીસિદ્ધગિરિની તમામ ટૂંકોમાં રહેલ નાના-મોટા દરેક પ્રભુજીની નવાંગી પૂજા કરવા રૂપ "ભવપૂજા" પણ કરી હતી !

સંઘપતિમાલારોપણ પ્રસંગે સંઘવીશ્રી શામજીભાઈએ આજીવન ક્રોધ ન કરવાની પ્રતિજ્ઞા સ્વીકારીને આ આરાધનાના મંદિર ઉપર જાણે કે કળશ ચઢાવ્યું હતું !...

૧૦૦ દિવસ પર્યંત રોજ સેંકડો પૂ. સાધુ -સાધ્વીજી ભગવંતોને ત્રણે ટાઈમ સુપાત્રદાનનું પણ ખૂબ જ અનુમોદનીય આયોજન તેમના તરફથી કરવામાં આવ્યું હતું.

પોષ પૂનમ બાદ જ્યારે અન્યત્ર ૯૯ યાત્રાના આયોજનો પૂર્ણ થઈ ચૂક્યા હતા ત્યારે તો સવિશેષ પ્રમાણમાં આ લાભ તેમને મળ્યો હતો.

આ આખાય આયોજનમાં એક પણ રૂ. કોઈ અન્ય દાતાઓનો તેમણે લીધો ન હતો. સંપૂર્ણ ૯૯ યાત્રાનો લાભ આ બંને ભાઈઓએ જ લીધો હતો.

છેલ્લે બધા જ યાત્રિકોના ચરણ બહુમાનપૂર્વક દૂધથી ધોઈને સંઘપતિ પરિવારોએ ચરણામૃતનું પાન કર્યું ત્યારે તેમની આવી વિનમ્રતા જોઈને ઘણાની આંખો અહોભાવથી અશ્રુભીની બની ગઈ હતી !....

આ ૯૯ યાત્રાના આયોજન બાદ પાંચેક વર્ષ રહીને તેમણે સમસ્ત કચ્છમાંથી ૪૦ વર્ષથી મોટી ઉંમર થવા છતાં જેમણે શ્રીસિદ્ધાચલજી મહાતીર્થની યાત્રા ન કરી હોય તેવા સેંકડો સાધર્મિકોને બસ દ્વારા પાલિતાણા અને તેની પંચતીર્થની યાત્રા કરાવવાનો મહાન લાભ લીધો હતો.

સં. ૨૦૩૩ માં તીર્થપ્રભાવક, અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની તારક નિશ્રામાં કચ્છ ગોધરાથી

પાલિતાણાના ૪૫ દિવસના છ'રી પાલક સંઘમાં ૩ સંઘપતિઓ પૈકી એક સંઘપતિ તરીકે તેમણે લાભ લીધો હતો.

પોતાની જન્મભૂમિ કચ્છ - મોટા આસંબીઆમાં પોતાના પરમોપકારી, યોગનિષ્ઠા વિદુષી પૂ. સા. શ્રીગુણોદયશ્રીજી મ.સા.ની નિશ્રામાં કુલ ૨૭ ઠાણાને ચાતુર્માસ કરાવવાનો મહાન લાભ પણ તેમણે સં. ૨૦૨૪માં લીધો હતો. તે વખતે અન્ય ગ્રુપના સાધ્વીજી ભગવંતો પણ પૂ.સા. શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ની નિશ્રામાં સંયમ જીવનની વિશિષ્ટ તાલિમ અર્થે રહ્યા હતા !

સં. ૨૦૨૬ થી પાંચ વર્ષ સુધી પૂ. સા. શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ની નિશ્રામાં સાધ્વીજી ભગવંતો તથા મુમુક્ષુઓના સંસ્કૃત વ્યાકરણ - ન્યાય તેમજ ષટ્દર્શનોના અભ્યાસ માટે બિહારના વતની પંડિત શિરોમણિ શ્રી **હરિનારાયણ મિશ્ર** (વ્યાકરણ - ન્યાય - વેદાંતાચાર્ય) ને તેઓ કચ્છમાં લાવ્યા હતા અને ૫ વર્ષ સુધી તેમના પગાર વિગેરેનો મહાન લાભ પણ તેમણે લીધો હતો ! ...એ વખતે મને પણ એ પંડિતજી પાસે પાંચ વર્ષ પર્યંત વ્યાકરણ - ન્યાય - ષટ્દર્શન આદિના અભ્યાસનો મહાન લાભ મળ્યો હતો.

અનેક મુમુક્ષુઓને તથા તેમના માતા-પિતાઓને તેમણે સમેત શિખરજી આદિ મહાતીર્થોની યાત્રા કરાવવાનો મહાન લાભ લીધો છે.

સં. ૨૦૩૭માં તપસ્વીરત્ન (હાલ અચલગચ્છાધિપતિ) પ.પૂ. આ.ભ. **શ્રીગુણોદયસાગરસૂરીશ્વરજી** મ. સા.ની પાવન નિશ્રામાં ૧૦૮ જિનબિંબોની અંજનશલાકા મોટા આસંબીઆમાં કરાવવાનો મહાન લાભ પણ તેમણે લીધો હતો. તેમાંથી ઘણા જિનબિંબો ગુજરાત, મુંબઈ તેમજ અન્ય ક્ષેત્રોમાં પ્રતિષ્ઠિત થયેલ છે. બાકીના જિનબિંબો મોટા આંસબીઆના જિનાલયમાં પરોણા તરીકે બિરાજમાન છે. એ બધા જ પ્રભુજીની પ્રક્ષાલ તથા નવાંગી પૂજા તેઓ જાતે દરરોજ કરે છે.

તેમના સુપુત્રો વ્યવસાયાર્થે મુંબઈ મુલુંડમાં રહેતા હોવા છતાં છેલ્લા ઘણા વર્ષોથી શામજીભાઈએ આરાધનાર્થે કચ્છમાં જ રહેવાનું પસંદ કર્યું છે, રોજ સવારે ૬ થી માંડીને બપોરના ૨ વાગ્યા સુધી તેઓ પ્રાયઃ દેરાસરમાં જ પ્રક્ષાલ-પૂજા-ચૈત્યવંદન-જાપ-આરતિ આદિ દ્વારા પ્રભુભક્તિમાં જ સમયનો સદુપયોગ કરે છે. વ્યાખ્યાન શ્રવણનો યોગ હોય તો વચ્ચે ૧ કલાક ઉપાશ્રયમાં જાય. બાકી મોટા ભાગનો સમય પ્રભુભક્તિમાં વીતાવે છે.

ચોમાસામાં જીવરક્ષાર્થે તેઓ પોતાનું ગામ છોડીને બીજા ગામમાં ગમે તેવા વ્યાવહારિક પ્રસંગો હોય તો પણ જતા નથી. એટલું જ નહીં પરંતુ પોતાના ગામમાં પણ ઘરથી માંડીને દેરાસર - ઉપાશ્રય સુધીની શેરી સિવાય

અન્ય શેરીમાં પણ જતા નથી !...

નીચી દૃષ્ટિ કરીને, ઈર્યા સમિતનું પાલન કરતાં કરતાં ગજગામિની ગતિથી ધીરતાપૂર્વક જિનાલયે કે ઉપાશ્રયે જતા તેમને નિહાળવા એ પણ લ્હાવો છે !

બોલવાનો પ્રસંગ આવે ત્યારે મુખ આગળ રૂમાલનો ઉપયોગ રાખીને ભાષા સમિતિના ઉપયોગ પૂર્વક ખપ પૂરતું જ બોલે !

વ્યાખ્યાન વખતે આંખો બંધ રાખીને ખૂબ જ એકાગ્રતા અને ભાવપૂર્વક એકેક શબ્દનું પાન કરે !...

ખરેખર આવા ધર્માત્મા શ્રાવકરત્નોથી સંઘ-શાસન-અને સમાજ પણ ગૌરવવંતા બને છે.

એમના જીવનમાંથી સહુ યથાશક્તિ પ્રેરણા મેળવે એ જ શુભાભિલાષા.

સરનામું :-
સંઘવી શ્રી શામજીભાઈ જખુભાઈ ગાલા
મુ. પો. મોટા આસંબીઆ
તા. માંડવી-કચ્છ
પીન : ૩૭૦૪૮૫

## ૨૩ : અનેક સદ્‌ગુણોથી મઘમઘાયમાન, દરિયાવદિલ સુશ્રાવક શ્રી બાબુભાઈ (ખીમજીભાઈ) મેઘજી છેડા

નિ:સ્વાર્થ સેવા જેમનો જીવનમંત્ર છે, શ્રી જિનેશ્વર પરમાત્મા પ્રત્યે જેમની ભક્તિ અદ્‌ભુત છે, જિનાજ્ઞાપાલક સાધુ-સાધ્વી ભગવંતો પ્રત્યે જેમના અંતરમાં અનન્ય શ્રદ્ધા અને અહોભાવ છે, નવકાર મહામંત્ર જેમનો શ્વાસપ્રાણ છે, ક્રોડપતિ હોવા છતાં વિનમ્રતા, સરળતા, સૌજન્ય, સાદગી, સેવા સંયમપ્રેમ, સદા પ્રસન્નતા, ઉદારતા, વિગેરે અનેકાનેક સદ્‌ગુણોએ જેમના અંતરમાં સદાને માટે પોતાના ડેરા-તંબૂ તાણ્યા છે, લાખો લોકોના લાડીલા અનેક સાધુ-સંતોના અનુગ્રહપાત્ર, સર્વવિરતિ ધર્મ (સાધુપણું) સ્વીકારવા માટે સદા તલસતા એવા શ્રાવકશ્રેષ્ઠ શ્રી બાબુભાઈ મેઘજી છેડાના ગુણોને વર્ણવવા માટે આ કલમ ખૂબ જ વામણી ભાસે છે.

મૂળ કચ્છ-કાંડાગરાના અને હાલ મુંબઈ - ચર્ચગેટમાં રહેતા બાબુભાઈ

છેડા (ઉં. વ. ૬૦ લગભગ) કોઈ નિકટ મોક્ષગામી જીવ હોય એમ એમનું જીવન જોનાર કોઈને પણ લાગ્યા વિના નહિ રહે.

દરરોજ સવારે ૪ વાગ્યે ઊઠીને ૨ કલાક સુધી નવકાર મહામંત્રનો એકાગ્રતચિત્તે જાપ તેમજ શ્રી અરિહંત પરમાત્માનું ધ્યાન ધરે છે. ત્યારબાદ જિનાલયમાં જઈને પ્રભુપૂજા ભાવપૂર્વક કરે છે. જિનવાણી શ્રવણનો યોગ હોય તો અચૂક લાભ લે. પોતે નિત્ય ઓછામાં ઓછું બ્યાસણાનું પચ્ચક્ખાણ કરે છે. તેમાં પણ ફક્ત પાંચ જ દ્રવ્યથી વધારે વાપરતા નથી. ઘી-દૂધ તથા ફ્રૂટ અને મેવાનો સદાને માટે ત્યાગ છે પરંતુ સાધુ-સાધ્વીજી ભગવંતોને આ બધી ચીજો ખૂબ જ ભાવપૂર્વક વહોરાવે છે. બે-ત્રણ વનસ્પતિ સિવાય અન્ય બધી લીલોતરીના શાકનો પણ ત્યાગ છે. શાક પણ બાફેલું જ વાપરે છે.

નવપદજીની શાશ્વતી ઓળીની આરાધના પોતાની જન્મભૂમિ કાંડાગરામાં જઈને કરે છે ત્યારે ધર્મભાવનાશીલ અનેક ગામાઈઓ તથા પરિચિતોને પોતાની સાથે તેડી જઈને પોતાના ઘરે જ આયંબિલ કરાવવાનો લાભ લે છે. રોજ સંઘપૂજન કરે તથા પારણા કરાવીને વિશિષ્ટ કોટીની પ્રભાવના કરે. પોતે ઉત્સાહથી નવપદની આરાધના કરે અને અનેકને નવપદની આરાધનામાં જોડે જેથી કાંડાગરા જેવા નાના ગામમાં પણ ખૂબ જ સુંદર ધર્મજાગૃતિ જોવા મળે છે.

ચાતુર્માસના ચાર મહિના દરમ્યાન તેઓ કચ્છમાં રહે છે ત્યારે કોઈપણ ગચ્છ કે સંપ્રદાયના સાધુ - સાધ્વીજી તેમના ગામમાં બિરાજમાન હોય તેમના દર્શનાર્થે જેટલા પણ સાધર્મિકો આવે તેમને આગ્રહપૂર્વક પોતાના ઘરે લઈ જાય અને ખૂબ જ ભાવપૂર્વક તેમની સાધર્મિક ભક્તિ કરે. જો કોઈ સાધર્મિક જમવા માટે આનાકાની કરે તો બાબુભાઈ પોતે ઉપવાસનું પચ્ચક્ખાણ લેવા તૈયાર થઈ જાય. આવી છે તેમની સાધર્મિક ભક્તિની પ્રીતિ !

ચાતુર્માસનો પ્રારંભ થાય તેનાથી પહેલાં આખા કચ્છમાં જ્યાં જ્યાં સાધુ-સાધ્વીજી ભગવંતો બિરાજમાન હોય ત્યાં પોતાની ગાડી લઈને પહોંચી જાય અને તેમને કલ્પે તેવા ઉપકરણો ખૂબ જ ભાવપૂર્વક વહોરાવીને પોતાની જાતને ધન્ય માને.

ચાતુર્માસ દરમ્યાન તેમજ શેષકાળમાં પણ જ્યારે સાધુ-સાધ્વીજી ભગવંતોનો યોગ હોય ત્યારે તેઓ ખૂબ જ ભક્તિભાવ પૂર્વક પોતાના ઘરે ત્રણે ટાઈમ ગોચરીનો લાભ આપવા માટે વિનંતિ કરે અને ખૂબ જ અહોભાવ પૂર્વક સુપાત્રદાનનો ઉદારદિલે લાભ લે.

મુંબઈમાં બોમ્બે હોસ્પીટલમાં તેમનો અમૂલ્ય ફાળો છે. દરેક દર્દીઓને તેઓ નવકાર મહામંત્રનો કાર્ડ આપે અને જાપ કરવા ભલામણ કરે. પોતે

તથા ઘરના દરેક વ્યક્તિઓ દર્દીની પૂછપરછ કરવા જાય ત્યારે નવકાર મહામંત્ર સંભળાવે. દર્દી માટે ભોજનાર્થે ટીફીન પણ તેમના ઘરેથી પહોંચાડવામાં આવે. આવી તેમની નિઃસ્વાર્થ સેવાવૃત્તિને લીધે તેઓ **''બાબુભાઈ બોમ્બે હોસ્પીટલવાળા''** તરીકે પ્રખ્યાત થઈ ગયા છે. હોસ્પીટલના ડોક્ટરો સહિત તમામ સ્ટાફ તેમને દેવદૂત તરીકે બહુમાનથી નિહાળે છે.

**પોતાના ઘરનું બાંધકામ કરનાર મજૂરોને ભેટ રૂપે સોનાની વીંટી આપીને તેમનો આભાર માનતાં બાબુભાઈએ કહ્યું કે- 'તમે જો મને ઘર બાંધી આપ્યું ન હોત તો હું શું કરી શકત ? તમે તો મારા ઘણા જ ઉપકારી છો !'**

આમ જીવમાત્રમાં શિવત્વને નિહાળનાર બાબુભાઈ લાખોના દિલમાં વસી જાય તેમાં આશ્ચર્ય શું ?.... તેમનાથી ઉપકૃત થયેલા અનેક દર્દીઓએ પત્રો દ્વારા પોતાના હૃદયના ઉદ્‌ગાર વ્યક્ત કર્યા છે તેમાંથી એક વ્યક્તિએ કાવ્ય રૂપે બાબુભાઈ પ્રત્યે પોતાની કૃતજ્ઞતા અભિવ્યક્ત કરી છે જે નીચે મુજબ છે.

"દિલ જેનું દરીયાવ છે, જેના ગુણોનો નહીં પાર;
એ બાબુભાઈ છેડાના ચરણમાં, વંદન કરું હું વારંવાર. -૧
સેવા કરે છે ખંતથી, ભલે એ રંક હોય કે રાય;
સવાર-સાંજ નિત્ય એ, દર્દીને મલવા જાય. -૨
**સાધુ બનવું સહેલ છે, બાબુ બનવું મુશ્કેલ;**
નિખાલસતા નયણે ઝરે, જેના મનમાં નથી મેલ. -૩
મલકતા હોય એ માનવી, જવાબ આપે મીઠો;
**જીવતો જાગતો ભગવાન, મેં બાબુભાઈમાં દીઠો.** -૪
નિરાધારનો આધાર છે, અને ગરીબોનો દાતાર;
નામની નથી લાલસા, અને મતલબ નથી લગાર. -૫
હોસ્પીટલમાં હોંસથી, હાજર રહેતા હંમેશ;
લેંઘો ઝભ્ભો અને ધોળી ટોપી, સાદો એમનો વેશ. -૬
મુંબઈમાં મોટપ મળે, અને વિદેશમાં વંચાય;
કચ્છને ગામડે ગામડે, ગુજરાતે પણ ગવાય. -૭
મુંબઈ જેવા શહેરમાં, કોણ કોને પૂછે છે ?
**પણ ઓલીયો આ અવતારી, સહુના આંસુ લૂછે છે.** -૮
ધન્ય માતપિતા કાંડાગરા ગામ, જેણે બાબુભાઈને જન્મ દીધો;
દુઃખીયાના દુઃખ ભાંગવા, મનુષ્ય જન્મ લીધો. -૯

ભચાઉ તાલુકો ને વાયા સામખીયારી, જંગી મારું ગામ;
નાગજી મહારાજનો દીકરો, ને દયારામ મારું નામ." -૧૦

અધ્યાત્મયોગી, પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મ.સા. તથા વિશિષ્ટ નવકાર સાધક પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી અભયસાગરજી મ.સા. ની નિશ્રામાં રહીને તેઓશ્રીના માર્ગદર્શન મુજબ બાબુભાઈએ નવકાર મહામંત્રની વિશિષ્ટ સાધના કરી છે અને આજે પણ એમની સાધના ચાલુ જ છે. તેના પરિણામે એમને અનેક અવનવા અનુભવો પણ થયા છે. તેથી જ તેઓ અસીમ લોકચાહના વચ્ચે પણ અનાસક્ત કર્મયોગી જેવું જીવન જીવી રહ્યા છે. એમની સેવાકીય પ્રવૃત્તિઓ તેમજ સાધનામાં તેમના ધર્મપત્ની શાન્તાબેન તેમજ સુપુત્ર મહેન્દ્રભાઈ વિગેરેનો પણ સુંદર સહયોગ છે.

તેમનું સરનામું નીચે મુજબ છે.

છેડા સદન-બીજે માળે. જે. ટાટા રોડ, ચર્ચગેટ-મુંબઈ ૪૦૦૦૨૦

ફોન : ૨૦૪૨૮૫૦/૨૮૫૩૧૫૫ (ઘરે)

## ૨૪ : નીરોગી હોવા છતાં યાવજ્જીવ પોતાના મકાનથી બહાર ન જવાનો સંકલ્પ કરનાર, અજોડ આરાધક પ્રેમજીભાઈ (પ્રેમ સન્સવાલા)

કચ્છ-મુન્દ્રા તાલુકાના કાંડાગરા ગામમાં સુશ્રાવક પ્રેમજીભાઈ (પ્રેમ સન્સવાલા) અદ્ભુત આરાધના દ્વારા જીવન ધન્ય બનાવી ગયા. અનેકોને માટે પ્રેરણા રૂપ બનતા ગયા. ગત વર્ષે જ અણસણ પૂર્વક, અપૂર્વ સમાધિભાવપૂર્વક સ્વર્ગવાસી બનેલા પ્રેમજીભાઈ પોતે કોટ્યાધિપતિ અને નીરોગી શરીરવાળા હોવા છતાં આત્મસાધનાર્થે તેમણે છેલ્લા દશેક વર્ષથી જીવન પર્યંત કાંડાગરામાં આવેલા પોતાના મકાનથી બહાર ન જવાનો સંકલ્પ કર્યો હતો !!! કેવો હશે એમનો અદ્ભુત સંવરભાવ ! કેવી અનોખી હશે એમની આત્મતૃપ્તિ અને આત્મ મસ્તી !!!... આજે અનેક શ્રીમંતો ફક્ત મોજ-શોખ કે ફરવા માટે ફોરેન જાય છે. લંડન-પેરીસ કે હોંગકોંગ જાય છે. પરંતુ જ્યાં સુધી આત્મસંતોષ નહિ અનુભવ્યો હોય ત્યાં સુધી દુનિયાનો ખૂણે ખૂણો ફરી વળવા છતાં કે આગળ વધીને ચંદ્રલોક ઉપર જઈને શીતલતા મેળવવા માટેના વ્યર્થ પ્રયત્નો કરવા છતાં પણ સાચી શાંતિ કે શીતલતાનો અનુભવ શક્ય નહિ બને. જ્યારે બીજીબાજુ જેમણે સાધના દ્વારા સ્વાધીન-સહજ આત્મિક આનંદનો અનુભવ કર્યો હોય છે તેવા

આત્માઓ ઘરમાં કે જંગલમાં, વસ્તીમાં કે વેરાન પ્રદેશમાં, સ્મશાનમાં કે ગુફામાં ગમે તે જગ્યાએ હોય તો પણ સદાબહાર પ્રસન્નતાના મહા સરોવરમાં ઝીલી શકે છે !!!.... એવા આત્માઓને 'મુડ' લાવવા કે 'માઈન્ડ ફ્રેસ' કરવા માટે બહાર ક્યાંય ફરવા કે રખડવા જવાની જરૂર પડતી નથી કે ટી.વી. વિડિયો જેવા કોઈપણ કહેવાતા મનોરંજનના સાધનોની પરાધીનતા ભોગવવી પડતી નથી. એનું પ્રત્યક્ષ ઉદાહરણ રૂપ પ્રેમજીભાઈ હતા.

તેઓ ધારત તો પોતાના બંગલામાં લેટેસ્ટમાં લેટેસ્ટ તમામ પ્રકારના મોજશોખના સાધનો વસાવી શકે તેમ હતા. છતાં પણ બાહ્ય કોઈપણ પદાર્થમાં સુખ નથી, સાચું સુખ તો આત્મામાં છે અને તેને પ્રગટાવવા માટે સર્વથા નિઃસ્પૃહ થવાની જરૂર છે એવું સ્પષ્ટપણે સમજતા એવા પ્રેમજીભાઈએ પોતાના ઘરનું વાતાવરણ ઉપાશ્રય જેવું સાદગીપૂર્ણ અને જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયીના ઉપકરણોથી સુશોભિત અને પવિત્ર બનાવ્યું હતું. ઘરની પ્રત્યેક દીવાલો ઉપર આત્મજાગૃતિ પ્રેરક સુવાક્યો વાંચવા મળે. પોતે પૌષધખંડમાં પૌષધમાં જ રહેતા. ભોજનમાં ઘણી બધી ચીજોનો વર્ષોથી પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ હતો જેનું વિશેષ વર્ણન તેમના જીવન વિષે બહાર પડેલ પુસ્તિકા દ્વારા જાણી શકાશે.

છેલ્લા ઘણા સમયથી તેઓ અઠ્ઠમના પારણે અઠ્ઠમ અને પારણામાં પણ માત્ર સાદા પાંચ દ્રવ્યોથી ઠામ ચોવિહાર એકાસણું જ કરતા !!!

મીઠા વગરના ભાત, સાકર વિનાનું દૂધ, ચણા વિગેરે ૫ દ્રવ્યોથી તેઓ ઠામ ચોવિહાર એકાશણું કરીને બીજા દિવસથી અઠ્ઠમનો પ્રારંભ કરી દેતા !!!

આવી ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં પણ તેમની મુખમુદ્રા ઉપર જરાપણ ગ્લાનિ ન હતી. બલ્કે અદ્ભુત પ્રસન્નતા અને અનોખું તેજ સદા જોવા મળતું.

તેમનો જન્મ સ્થાનકવાસી આઠ કોટિ નાની પક્ષને અનુસરતા ઘરમાં થવા છતાં પણ તેઓ દેરાવાસી સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યે પણ ખૂબ જ આદર ધરાવતા હતા અને તેમને પણ ભાવથી વહોરાવતા હતા.

વિશિષ્ટ જીવદયાના પ્રેમી એવા પ્રેમજીભાઈએ સમસ્ત જીવરાશિ સાથે લોકોત્તર પ્રેમભાવ કેળવીને પોતાનું નામ અને જીવન સાર્થક બનાવ્યું. તેમના જીવનમાંથી સહુ યથાશક્તિ પ્રેરણા મેળવી સ્વજીવનને સાર્થક બનાવે એજ શુભેચ્છા.

## ૨૫ : નવકાર મહામંત્રના બળે કેન્સરને કેન્સલ કરાવતા ધીરજલાલભાઈ ખીમજી ગંગર

અનાદિકાલીન મહા ભયંકર ભવરોગને મટાડવા માટે મહા ધન્વંતરી સમાન નવકાર મહામંત્રના પ્રભાવથી કેન્સર જેવા અસાધ્ય ગણાતા બાહ્ય રોગો કેન્સલ થઈ જાય તેમાં કશું આશ્ચર્ય નથી. પરંતુ તે માટે જરૂરી છે સાધકના હૃદયની ભદ્રિક પરિણામિતા અને એકાગ્રતા પૂર્વકની નવકાર મહામંત્ર પ્રત્યેની સાચી શરણાગતિ.

આવી ભદ્રિકતા એકાગ્રતા અને શરણાગતિ દ્વારા નવકાર મહામંત્રને સિધ્ધ કરી અવનવા આંતરિક અનુભવોના આનંદમાં અહોનિશ મસ્ત રહેતા સુશ્રાવકશ્રી ધીરજલાલભાઈ ખીમજી ગંગર (ઉં. વ. ૫૦) દશેક વર્ષ પહેલાં સંસારપક્ષે તેમના ગામના (કચ્છ-મેરાઉના) તેમજ સંબંધી એવા મુનિરાજ **શ્રીસર્વોદયસાગરજી**ની પ્રેરણાથી ધર્મમાં જોડાયા. અનુક્રમે ગુરુવંદન અને ચૈત્યવંદનવિધિના સૂત્રો શીખ્યા બાદ તેના અર્થનો અભ્યાસ કરતાં કરતાં ઉવસગ્ગહરં સ્તોત્રના અર્થ વાંચતાં પરમાત્માને કરાતા નમસ્કારનો મહિમા જાણી અત્યંત અહોભાવ ઉત્પન્ન થયો. ત્યારબાદ અધ્યાત્મયોગી પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી **ભદ્રંકરવિજયજી** મ.સા. દ્વારા લિખિત નવકાર મહામંત્ર અંગેનું પુસ્તક તેમજ **કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત "જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર ?" પુસ્તકમાં વર્ણવાયેલ નવકાર મહામંત્ર ના પ્રભાવને દર્શાવતા અનેક અર્વાચીન દૃષ્ટાંતો વાંચીને નવકાર મહામંત્ર પ્રત્યે અનન્ય આકર્ષણ ઉત્પન્ન થયું.** ગુરુમુખેથી નવકાર મહામંત્રને ગ્રહણ કરીને વિધિપૂર્વક તેનો જાપ શરૂ કર્યો. હૃદયની સાહજિક ભદ્રિકતા-સરલતા અને શ્રધ્ધાના કારણે જાપમાં એકાગ્રતા પણ સારી થતી. પરિણામે થોડા સમયમાં જ અવનવા આંતરિક અનુભવોની શરૂઆત થઈ.

જાપના પ્રભાવે ધીરજભાઈને કોઈવાર ગોદોહિકા આસને તો કોઈ વાર કાઉસ્સગ્ગ મુદ્રામાં એમ જુદા જુદા સ્વરૂપે સાત વાર મહાવીર સ્વામી ભગવંતના સાક્ષાત સ્વરૂપે (મૂર્તિ રૂપે નહિ) દર્શન થયા. બે વાર ગૌતમ સ્વામી ગણધર ભગવંતના પણ સાક્ષાત્ સ્વરૂપે દર્શન થયા. મનમાં જે પણ ઈચ્છા કે સંકલ્પ થાય તે અનાયાસે તત્કાલ પરિપૂર્ણ થવાના અનુભવો થવા લાગ્યા. મનમાં કંઈપણ પ્રશ્ન કે મુંઝવણ થાય તો દેરાસરમાં જઈ નવકાર મહામંત્રનું સ્મરણ કરી, પ્રભુજીને બાળકની જેમ નિખાલસ હૃદયથી પ્રશ્ન પૂછે તો શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન જાણે સાક્ષાત્ વાતો કરતા હોય તે

રીતે પ્રશ્નોના જવાબ આપતા અને બરાબર તે પ્રમાણે જ બનતું. એકવાર કંઈક નિમિત્તવશાત્ ધર્મપત્ની દિવ્યાબેન ઉપર ગુસ્સો કર્યા બાદ ધીરજભાઈ દેરાસરમાં પૂજા કરવા ગયા તો પ્રભુજીએ તેમને કહ્યું કે-'પહેલાં ઘરે જઈને દિવ્યાબેનને ખમાવી આવ પછી જ તારી પૂજાનો સ્વીકાર થશે.' અને ખરેખર ધીરજભાઈએ તેમ કર્યું ત્યારે જ તેમની પૂજાનો સ્વીકાર થયો !....

એક વખત મહારાષ્ટ્રમાં ડીગ્રસમાં ૧૮ અભિષેક પ્રસંગે ધીરજભાઈ ગયા હતા. તેમને વિચાર આવ્યો કે પ્રભુભક્તિના આવા શુભ પ્રસંગોમાં તો દેવ-દેવીઓ પણ પધારતા હોય છે. તો મને તેમના દર્શન થાય તો સારું અને ઈચ્છા થતાંની સાથે જ બે દેવીઓના તેમને દર્શન થયા. સાથે પ્રભુજીના પણ સાક્ષાત્ દર્શન થયા. દેવીઓનું રૂપ અદ્ભુત હતું, પરંતુ પ્રભુજીનું સ્વરૂપ તો તેમના કરતાં અનેકાનેકગણું અતિ અદ્ભુત હતું !...

એક વખત ધર્મપત્ની દિવ્યાબેને તેમને પૂછયું કે પંતનગરમાં હાલ નાનકડું ઘર દેરાસર છે તેની જગ્યાએ મોટું જિનાલય ક્યારે બંધાશે ? નવકાર જાપના પ્રભાવે ધીરજભાઈએ જણાવ્યું કે '૩ મહિનામાં' અને ખરેખર તેમ જ થયું !...

આવા આવા તો અનેક અવનવા અનુભવો તેમને થતા રહે છે, જેનું વિગતવાર વર્ણન કરવા જતાં તો કદાચ સ્વતંત્ર પુસ્તક તૈયાર થઈ જાય. સં. ૨૦૫૦ના ચાતુર્માસમાં નારણપુરા (અમદાવાદ) માં તથા સં. ૨૦૫૧ના ચાતુર્માસમાં વડોદરામાં ધીરજલાલભાઈ અમારી પાસે આવ્યા હતા ત્યારે નિખાલસતાપૂર્વક આવા કેટલાક અનુભવો રજુ કર્યા હતા. તેમાંથી નવકાર પ્રભાવે એક મુનિરાજનું કેન્સરનું અસાધ્ય દર્દ કેવી રીતે કેન્સલ થયું તેનો રોમાંચક અનુભવ આપણે ધીરજલાલભાઈના શબ્દોમાં જ વાંચીશું.

"સં. ૨૦૪૯માં શેષકાળમાં પંતનગર (મુંબઈ ઘાટકોપર) ના તપાગચ્છીય ઉપાશ્રયમાં વર્ધમાનતપોનિધિ પ.પૂ. આ. ભ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પ.પૂ. પં. શ્રી જયતિલક વિજયજી મ.સા. ના શિષ્ય પૂ. **મુનિરાજ શ્રી ત્રિભુવનતિલક વિજયજી મ.સા.** પધાર્યા. તેમને ગળામાં બીજા સ્ટેજનું ભયંકર કેન્સર હતું. તેમની શુશ્રૂષા માટે પૂ. મુનિશ્રી હંસરત્નવિજયજી મ.સા. (પૂ. મુનિશ્રી તત્ત્વદર્શનવિજયજી મ. સા. ના ભાઈ મ.સા.) સાથે હતા.

કેન્સરની ભયંકર પીડા હોવા છતાં પૂ. મુનિશ્રી ત્રિભુવન-તિલકવિજયજી મ.સા. કોઈપણ જાતની દવા લેવા તૈયાર ન હતા. તેમના ગુરુ મહારાજ તેમજ સંસારી સંબંધીઓ તથા સંઘના અનેક આગેવાનોની

સમજાવટ તથા આગ્રહભરી વિનંતિ હોવા છતાં તેઓ દવા લેવા સંમત થતા ન હતા. વધુ જીવવાની આશા તેમણે છોડી દીધી હતી.

મારા ધર્મપત્ની દિવ્યાબેનને આ વાતની ખબર પડતાં તેમણે મને કહ્યું કે, 'તમે મ.સા.ને દવા લેવા માટે સંમત કરી આપો.' મેં કહ્યું, 'ભલે.' ૨ દિવસ સુધી મેં નવકાર મહામંત્રનું સ્મરણ કર્યું. ત્રીજે દિવસે નવકાર પ્રભાવે અંતઃસ્ફુરણા થઈ કે -,'તમે હમણાં જ ઉપાશ્રયમાં જાઓ. તમે કહેશો તેમ મ.સા. કરશે'....

હું પૂ. મુનિશ્રી હંસરત્નવિજયજી મ.સા. પાસે ગયો અને બધી વાત કરી. તેમણે મને કહ્યું કે, 'તમારે 'ના' સાંભળવી હોય તો ભલે દવા લેવાની વાત કરજો.'

ત્યારબાદ હું પૂ. મુનિશ્રી ત્રિભુવનતિલક વિજયજી મ.સા. પાસે ગયો અને તેમને કહ્યું કે- "મ. સા., આપને નુકશાન ન થાય અને ફાયદો થાય તેમ હોય તો કરો કે નહિ ? નુકશાન અમે ભોગવીશું અને ફાયદો થાય તે આપના માટે !..."

મ.સા. એ કહ્યું કે, 'હા, ભલે !....'

ત્યારે મેં કહ્યું કે, 'આપને કુદરતી ઉપચાર (નેચરોપથી) ના ડોક્ટર તપાસવા માટે આવશે. આપ તેમને તપાસવા માટે સંમતિ આપજો.' મ.સા.એ કહ્યું, 'ભલે, પરંતુ હું પેશાબ નહિ પીઉં.' મેં કહ્યું, 'ભલે.'

આમ નવકાર મહામંત્રના સ્મરણના પ્રભાવે મ.સા. ડોક્ટરી તપાસ માટે સંમત થયા તે જાણી પૂ. મુનિશ્રી હંસરત્નવિજયજી મ.સા.ને પણ ખૂબ જ નવાઈ લાગી.

ત્યારબાદ મેં **'માનવમિત્ર'** ના ઉપનામથી સુપ્રસિધ્ધ સુશ્રાવક શ્રી **વલ્લભજીભાઈ**ને ફોનથી બધી વાત જણાવી. તેમની ભલામણથી ત્રીજે દિવસે ડો. અજય શાહ આવ્યા. મ.સા.ને તપાસીને કુદરતી ઉપચાર લખી આપ્યા. પરંતુ બીજે દિવસે મ.સા. એ ઉપચાર કરવાની ના પાડી દીધી.

પૂ. હંસરત્નવિજયજી મ.સા. એ મને પડકારતાં કહ્યું કે- 'મ.સા. તો ઉપચાર કરાવવાની ના પાડે છે તો ક્યાં ગયો તમારા નવકાર સ્મરણનો પ્રભાવ ?'

મેં બે દિવસનો સમય માંગ્યો. રવિ-સોમ બે દિવસ ફરી નવકાર જાપમાં લીન બન્યો.

આવા મુંઝવણભર્યા પ્રસંગોમાં મારા મિત્ર ભગવાન શ્રી ચિંતામણિ

પાર્શ્વનાથ પ્રભુજી મને અનેકવાર માર્ગદર્શન આપતા. આ પ્રસંગે પણ પ્રભુએ મને જણાવ્યું કે - ' ૨ દિવસમાં મ.સા. 'હા' પાડશે.' અને ખરેખર બીજા દિવસે એક કચ્છી શ્રાવક જેઓ જગડૂશાનગરમાં રહેતા હતા તેઓ કુદરતી ઉપચાર દ્વારા કેન્સરમાંથી સાજા થયેલા એક સજ્જનને લાવ્યા અને મ.સા.ને સમજાવતાં તેમણે હા પાડી દીધી !!!...

કુદરતી ઉપચાર શરૂ થયા.. ડૉ. અજય શાહે ૬ મહિનાનો સમય આપ્યો. પરંતુ નવકારે ૯ મહિનાની મુદત જણાવી અને ખરેખર ૯ મહિના જ લાગ્યા !....

દ્રવ્યથી કુદરતી ઉપચારની સાથે સાથે ભાવ ઉપચાર તરીકે મારો નવકાર જાપ ચાલુ જ હતો. **દરરોજ ઘરે બેસીને ૧ બાધી નવકારવાળીનો જાપ કરીને મારા હાથ દ્વારા સફેદ કિરણોનો સેક મ.સા.ના ગળાને આપતો.**

૩ મહિના પસાર થયા. ત્યારે ડૉ. અજય શાહ પોતે બિમાર હોવાથી મ.સા.ને તપાસવા માટે આવી ન શક્યા.

સંઘના આગેવાનોએ ડોક્ટરને બોલાવી લાવવા મારા ઉપર દબાણ કર્યું. એટલે હું ડોંબીવલી ગયો. ત્યાં ડૉ. અજય શાહ સખત તાવમાં હતા. મેં નવકાર મહામંત્રનું સ્મરણ કર્યું અને સૌથી મોટા ડોક્ટર મહાવીર પ્રભુનું ધ્યાન ધર્યું. પ્રભુના દર્શન થયા.

મેં કહ્યું - 'પ્રભુ ! આપના શિષ્ય બિમાર છે. આપ તો પરમ ધન્વંતરી છો તો કંઈક દવા આપો.'

કરુણાનિધાન પ્રભુએ સફેદ વાટકીમાં સફેદ મલમ આપ્યું. મેં ધ્યાનાવસ્થામાં જ એ મલમ મ.સા.ના ગળા ઉપર ભાવથી લગાડયો અને ખરેખર ૫૦ ટકા પીડા ઓછી થઈ ગઈ !...

બીજે દિવસે પણ એ જ રીતે નવકાર સ્મરણ પૂર્વક પ્રભુનું ધ્યાન ધરતાં પ્રભુએ સફેદ વાટકીમાં મલમ આપ્યું.

મેં કહ્યું - 'પ્રભુ ! આપ જ આપના વરદ હસ્તે મ.સા.ને મલમ લગાડી આપો. મને બરાબર ખબર ન પડે. અને ખરેખર પ્રભુએ સ્વહસ્તે મલમ લગાડી આપ્યું તે મેં સ્પષ્ટ જોયું !... અને થોડી વારમાં સોજા તથા પીડા અદૃશ્ય થઈ ગયા. કેન્સરની ગાંઠ નાની થતી ગઈ.

૬ મહિના પછી મ.સા. એ ચાતુર્માસાર્થે માટુંગા તરફ વિહાર કર્યો. માટુંગામાં ચાતુર્માસ દરમ્યાન ત્યાંના ટ્રસ્ટી સુશ્રાવક શ્રી પંકજભાઈ, ડોક્ટરની સલાહ મુજબ મ.સા.ની સેવા કરતા હતા. કુલ ૯ મહિના સારવાર થઈ. હવે ગાંઠ ચણાની દાળ જેવડી નાનકડી થઈ ગઈ હતી અને પીડા પણ દૂર

થઈ ગઈ હતી તેથી દવા તેમજ જાપ બંધ કરેલ.

૬ મહિના પછી ફરી દુઃખાવો શરૂ થતાં તેમણે મારો સંપર્ક સાધ્યો. મેં પુનઃ નવકાર જાપ શરૂ કર્યો અને ડોક્ટરની સલાહ મુજબ ૫૦ ટકા અન્ન તથા ૫૦ ટકા ફ્રૂટ ઉપર રહેવાનું નક્કી થયું.

સં. ૨૦૫૧ ના અક્ષય તૃતીયાના દિવસે ડૉ. અજય શાહ મ.સા.ને તપાસવા આવ્યા અને **હવે કેન્સર તદ્દન કેન્સલ થઈ ગયું છે એવું નિદાન લખી આપ્યું !!!''**

[ પ્રસ્તુત દૃષ્ટાંતમાં મહાવીર સ્વામી ભગવાન, ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન તથા ગૌતમ સ્વામીના સાક્ષાત્ સ્વરૂપે દર્શન થવા, પ્રભુ દ્વારા પ્રશ્નોના ઉત્તર મળવા, દવા મળવી વિગેરે વાતો વાંચીને કોઈપણ બુધ્ધિજીવી વ્યક્તિને સ્વાભાવિક રીતે પ્રશ્ન થશે જ કે આ બધું શી રીતે સંભવી શકે ? કારણ કે પરમાત્મા વીતરાગ હોય છે તથા તેઓ નિરંજન નિરાકાર સ્વરૂપે સિધ્ધશિલા ઉપર બિરાજમાન છે તેથી તેમનું આગમન વિગેરે કેવી રીતે ઘટી શકે ? ઈત્યાદિ.

આ પ્રશ્નોનું સમાધાન નીચે મુજબ રીતે વિચારી શકાય. એક તો આ વાતો કરનાર આત્મા એકદમ ભદ્રિક પરિણામી નિષ્કપટી-નિખાલસ છે તેથી તેમની વાતોને અસત્ય કહીને ઉડાડી નાખવા જેવી નથી જ. બીજું તેમને એક નહિ પરંતુ અનેકાનેક પ્રસંગોમાં ધ્યાનાવસ્થામાં જે પ્રમાણે પ્રભુજી તરફથી પ્રત્યુત્તર મળ્યા છે તે પ્રમાણે જ બન્યું છે એટલે એ અનુભવોને માત્ર મનની કલ્પના, ભ્રમણા કે મિથ્યા આભાસ કહીને પણ ઉપેક્ષણીય ગણી શકાય નહિ.

એટલે આવા અનુભવોનો સમન્વય એ રીતે વિચારી શકાય કે મહામંત્રના જાપ તેમજ સાધકની હૃદયનીશુદ્ધિ આદિથી આકર્ષાયેલા કોઈ શાસનદેવ સાધકની શ્રધ્ધાને સુદૃઢ બનાવવા માટે તેમજ મહામંત્રનો પ્રભાવ ફેલાવવા માટે તેવા તેવા દૃશ્યો સાધકને દેખાડે અને વિવિધ રીતે સાધકને સહાય કરતા હોય તેથી આવું બની શકે.

બીજું આપણી બુદ્ધિની મર્યાદા હોય છે. તેથી આવી કેટલીય અતીન્દ્રિય વાતો બુદ્ધિ ગમ્ય કે તર્કગમ્ય નહિ પરંતુ શ્રધ્ધાગમ્ય હોય છે. આત્માની અનંત શક્તિઓ - લબ્ધિઓ તથા સિધ્ધિઓ શાસ્ત્રોમાં જણાવી છે. એટલે વિશિષ્ટ કોટિના સાધકો સંકલ્પસિધ્ધ હોઈ શકે છે. તેઓ જે પ્રમાણે ધારે કે સંકલ્પ યા ઈચ્છા કરે તે પ્રમાણે પ્રકૃતિ તેમને સહયોગ આપે છે. તેથી પણ આવું બની શકે છે તેમાં જરાપણ અસંભવોક્તિ કે અતિશયોક્તિ માનવાને કારણ નથી.

બીજા પણ કેટલાક વિશિષ્ટ સાધકોને આવા પ્રકારના અનુભવો આજે

પણ થતા હોવાનું તેમના જ શ્રીમુખેથી સાંભળ્યું છે. એટલે આવી આંતરિક અનુભવોની વાતોને હંબગ માનીને હસી નાખવા કરતાં શ્રધ્ધાપૂર્વક સ્વીકારીને નિષ્ઠાપૂર્વકની સાધના દ્વારા પોતે પણ તેવા પ્રકારની અનુભૂતિઓ મેળવવા માટે તટસ્થ વિચારશીલ સમજુ આત્માઓએ કટિબધ્ધ બનવું જોઈએ.

આવા અતીન્દ્રિય અનુભવોની સત્ય વાતો પણ નાહક કોઈના વાદ-વિવાદ, શંકા-કુશંકા કે કુતર્કનું નિમિત્ત કારણ ન બને તે માટે જ મોટા ભાગના સાધકો આવા અનુભવો સદ્‌ગુરુ યા કોઈ શ્રધ્ધાળુ સુપાત્ર જીવ સિવાય કોઈને જલ્દી જણાવવાનું ટાળે છે. તેમ છતાં અન્ય સાધકોને સાધનામાં સવિશેષ પ્રોત્સાહન મળે તથા તટસ્થ વિચારકોને મધ્યસ્થબુદ્ધિથી વિચારવાનું શુભ આલંબન મળે તેવા શુભ આશયથી આટલા ખુલાસા સાથે આ વાતો અત્રે રજુ કરી છે.

ધીરજલાલભાઈના ધર્મપત્ની સુશ્રાવિકાશ્રીદિવ્યાબેન પણ દરરોજ ૩ બાધી નવકારવાળી નિયમિત ગણે છે. તેમની ભાવના ૮ ક્રોડવાર નમો અરિહંતાણં'' પદના જાપની છે! તેઓ રત્નત્રયી ગ્રુપના ઉપક્રમે અનેકવિધ સત્કાર્યો ગુપ્તપણે કરતા જ રહે છે. જેમણે જિંદગીમાં કદી પાલિતાણાની યાત્રા કરી ન હોય તેવા ૨૪૦ જણાને કચ્છમાંથી પાલિતાણાની યાત્રા કરાવી. અનેક પાઠશાળાઓના શિક્ષક-શિક્ષિકાઓને પૂજાની જોડ આપી તથા પાલિતાણાની યાત્રા કરાવી. સં. ૨૦૫૨ માં ૧૦૦ સાધર્મિકોને પાલિતાણામાં ચાતુર્માસિક આરાધના માટેનું આયોજન ગોઠવ્યું. આ ઉપરાંત પણ અનેક ઠેકાણે ગુપ્ત સાધર્મિક સહાય, અનુકંપા દાન, સામૂહિક રક્રમો તથા વિવિધ તીર્થયાત્રાના આયોજનો તેઓ અવાર નવાર ગોઠવતા રહે છે.

તેમના સુપુત્ર કમલકુમારે પણ ૩૦ દિવસમાં બ્યાસણા પૂર્વક ૧ લાખ નવકાર જાપનું અનુષ્ઠાન કર્યું. ૮ મા ધોરણની પરીક્ષા બાદ વેકેશનનો સદુપયોગ કરવા માટે રોજ ૩૦-૩૫ બાંધી માળાનો જાપ કર્યો. ૨ પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ કર્યા છે. રોજ જિનપૂજા તથા ૨ બાંધી માળાનો જાપ અચૂક કરે છે.

સુપુત્રી પ્રેમલકુમારી પણ રોજ ૫ બાંધી નવકારવાળીનો જાપ કરે છે.

આમ ધીરજભાઈના ઘરના બધા સભ્યો નવકારની આરાધનામાં લીન છે. એટલું જ નહીં પણ ધીરજભાઈ જ્યાં પણ જાય ત્યાં અનેકાનેક આત્માઓને વિધિપૂર્વક નવકાર જાપનો મહિમા સમજાવી નવકાર મહામંત્રની આરાધનામાં જોડતા રહે છે.

એકવાર તો ધીરજભાઈને રૂબરુ મળીને તેમના શ્રીમુખે જ નવકારના અનુભવો સાંભળવા જેવા છે.

ધીરજભાઈનું સરનામું નીચે મુજબ છે.

ધીરજલાલ ખીમજી ગંગર
૧૧૮ / ૩૪૨૪ પંતનગર
ઘાટકોપર (પૂર્વ)-મુંબઈ ૪૦૦૦૭૫
ફોન : ૫૧૧૪૪૩૩ / ૫૧૧૫૬૭૮

## ૨૬ : નવક્રોડ નવકારના આરાધક પ્રાણલાલભાઈ લવજી શાહ

સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રામાં રહેતા પ્રાણલાલભાઈ (ઉં. વ. ૬૬) એ B.sc. સુધી વ્યાવહારિક અભ્યાસ કર્યો છે. પહેલાં અનાજનો હોલસેલનો ધંધો તથા નાણા ધીરવાનો વ્યવસાય કરતા તેઓ છેલ્લા ૧૩ વર્ષથી નિવૃત્ત જીવન ગાળે છે.

**અધ્યાત્મયોગી પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજયકલાપૂર્ણ-સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી છેલ્લા સાતેક વર્ષથી તેઓ નવકાર મહામંત્રની આરાધનામાં સવિશેષપણે જોડાયા છે.**

**ઉત્તરોત્તર જાપમાં અભિરુચિ વધતાં હાલ તેઓ રોજ ૧૩-૧૪ કલાક નવકાર મહામંત્રનો જાપ કરે છે.**

સવારે ૩ા વાગ્યાથી માંડીને સાંજે ૭ વાગ્યા સુધીમાં આહાર-નિહાર તથા જિનપૂજા સિવાયનો લગભગ બધો સમય તેઓ નવકાર મહામંત્રના જાપમાં જ વ્યતીત કરે છે.

જેમ જેમ જાપની સંખ્યા વધતી ગઈ તેમ તેમ કેટલાક મિથ્યાદૃષ્ટિ વ્યંતર દેવો જાપ છોડાવવા માટે જાત જાતના પ્રતિકૂળ તેમજ અનુકૂળ ઉપસર્ગો કરવા લાગ્યા. ભયંકર સર્પો વિગેરે દેખાડી તેમને જાપ છોડી દેવા માટે ધમકીઓ આપવા લાગ્યા તો ક્યારેક સ્વરૂપવતી મહિલાઓને દેખાડી તેમને ચલાયમાન કરવા પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ ઉપરોક્ત આચાર્ય ભગવંત તેમજ મહાતપસ્વી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **હિમાંશુસૂરીશ્વરજી** મ.સા. ના માર્ગદર્શન મુજબ તેઓ ડર્યા વિના જાપમાં મક્કમ રહ્યા છે. પરિણામે આખરે મિથ્યાદૃષ્ટિ દેવોનું જોર કંઈપણ ચાલતું નથી.

એક વખત કોઈ ઝાડ નીચે લઘુશંકા કરતાં ત્યાં રહેલો હલકી કોટિનો વ્યંતર (જીનાત) તેમને ખૂબ જ હેરાન કરવા લાગ્યો. પરંતુ મુનિશ્રી

**શાંતિચંદ્રસાગરજી મ.સા.ની** પ્રેરણા મુજબ અન્ય કોઈપણ ઉપાય ન કરતાં પ્રાણલાલભાઈએ નવકાર મહામંત્રનો જાપ ચાલુ રાખ્યો. આખરે એક દિવસ જિનાત કહેવા લાગ્યો કે - "નવકાર મંત્રનો તાપ હું જીરવી શકતો નથી. જાણે બળીને ભસ્મ થતો હોઉં તેવો દાહ થાય છે તેથી હું જાઉં છું" એમ કહીને સદાને માટે તે ઉપદ્રવ કરતો બંધ થઈ ગયો !....

જેમ મિથ્યાદૃષ્ટિ વ્યંતર દેવો જાપથી ચલિત કરવા માટે ઉપસર્ગ કરતા રહ્યા છે તેમ બીજી બાજુ અનેક સમ્યગ્દૃષ્ટિ શાસન દેવ-દેવીઓના પણ જાપ દરમ્યાન પ્રાણલાલભાઈને દર્શન થતા રહ્યા છે. અત્યાર સુધીમાં ચક્રેશ્વરી, પદ્માવતી, મહાકાલી, લક્ષ્મી, સરસ્વતી વિગેરે દેવીઓ તેમજ માણિભદ્ર, ઘંટાકર્ણ, કાળભૈરવ, બટુક ભૈરવ વિગેરે દેવોએ જાપ દરમ્યાન તેમને દર્શન આપ્યા છે. તે બધાએ તેમના જાપની ખૂબ ખૂબ અનુમોદન કરી છે. **કોઈક દેવોએ તેમની પરીક્ષા કરવા માટે પ્રલોભનો પણ દેખાડયા છે. પરંતુ તેઓ લલચાયા નથી અને કોઈપણ ભૌતિક વસ્તુઓની માગણી કદીપણ દેવ-દેવીઓ પાસે કરી નથી. તેથી દેવો વધુ પ્રસન્ન થયા છે.** પોતાને કયા દિવસે કેવો અનુભવ થયો તેની નોંધ પણ પ્રાણલાલભાઈએ કરી છે તેમજ રોજ કેટલો જાપ થયો તેની ગણતરી પણ તેઓ નોંધતા રહે છે તે અમને બતાવી.

તેમના પિતાશ્રીએ પણ સવા ક્રોડ નવકાર જાપ કરેલ. તેમણે પણ દેવલોકમાંથી આવી પ્રાણલાલભાઈને દર્શન આપ્યા અને જાપ બદલ ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી. તેમના પરિચિત બીજા પણ કેટલાક આત્માઓ સ્વર્ગવાસી બન્યા છે તેમણે પણ દર્શન આપ્યા છે. કેટલીક વાર દેવોએ તેમની ઉપર ગુલાબના પુષ્પોની વૃષ્ટિ, અમીવૃષ્ટિ વિગેરે પણ કરી છે.

**નવકાર મહામંત્રના જાપના પ્રભાવે થયેલા આવા અનેકવિધ આધિદૈવિક અનુભવોનું વર્ણન વાંચીને સામાન્ય માનવીને જરૂર આશ્ચર્યનો અનુભવ થાય. પરંતુ વિશિષ્ટ આત્મ-સાધકોને આમાં જરાપણ આશ્ચર્ય થતું નથી. તેઓ તો આધ્યાત્મિક અનુભૂતિને મહત્ત્વ આપે છે. નવકાર જાપ દ્વારા વિશિષ્ટ આધ્યાત્મિક અનુભૂતિઓ જરૂર થઈ શકે પરંતુ એ માટે પંચ પરમેષ્ઠી ભગવંતોનું અદ્‌ભુત આત્મસ્વરૂપ ગુરુગમથી તેમજ સદવાંચનથી જાણીને એવું પોતાનું નિર્મળ આત્મસ્વરૂપ અનુભવવાના ચોકકસ અને સ્પષ્ટ લક્ષ્યપૂર્વક જાપ કરવામાં આવે એ ખાસ જરૂરી છે.**

તા. ૨૯/૧/૯૬ ના રોજ ધ્રાંગધ્રામાં સવારે ૯ાા થી ૧૦ાા વ્યાખ્યાન બાદ પ્રાણલાલભાઈએ જાપના પ્રભાવે થેયલા આધિદૈવિક અનુભવોની નિખાલસભાવે રજુઆત અમારી પાસે કરી ત્યારે તેમનું લક્ષ્ય ઉપરોક્ત દિશામાં વાળવા માટે વિનમ્ર-પ્રયત્ન કર્યો છે. કાળ પરિપક્વ થતાં દ્રવ્ય નવકાર ભાવ નવકારમાં ચોકકસ પરિણમશે તેમાં શંકા નથી.

વ્યાખ્યાન શ્રવણનો યોગ હોય તો પ્રાણલાલભાઈ જરૂર તેનો લાભ લે છે. તથા ચોમાસામાં સમૂહ પ્રતિક્રમણમાં પણ તેઓ જોડાય છે. છેલ્લા ૫ વર્ષથી નવપદની આયંબિલની ઓળીની આરાધના વર્ષમાં બે વાર તેઓ કરે છે તથા મહિનામાં ૬-૭ આયંબિલ કરે છે. છુટક ૫૦૦ આયંબિલ કરવાની તેમની ભાવના છે. અત્યાર સુધીમાં ૪ અઠ્ઠાઈ તથા ૧૩ અઠ્ઠમ પણ તેમણે કરેલ છે.

**''કચ્છમિત્ર'' ના માજી મેનેજર જમનાદાસભાઈ પનજી વોરાના સુપુત્રી ગુણવંતીબેન તેમના ધર્મપત્ની છે. તેઓ પણ રોજ ૧૦ બાધી નવકારવાળીનો જાપ કરે છે.**

"યોગ અસંખ્ય જિનવર કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે" એ શાસ્ત્રાનુસારી પંકિત મુજબ જિનેશ્વર ભગવંતોએ આત્માની મુક્તિ માટે અસંખ્ય ઉપાયો બતાવ્યા છે. તેમાંથી પોતપોતાની રૂચિ અનુસાર કોઈ એકાદ યોગને પ્રધાનપણે આરાધીને તથા બીજા યોગો પ્રત્યે સાપેક્ષભાવ રાખીને અનેક આત્માઓ તરી ગયા છે. તેમ પ્રસ્તુત દૃષ્ટાંતમાં પ્રાણલાલભાઈ મુખ્યત્વે નવકાર મહામંત્રના જપયોગને પ્રધાનપણે આરાધી રહ્યા છે અને જિનપૂજા, વ્યાખ્યાનશ્રવણ, પ્રતિક્રમણ, તપશ્ચર્યા આદિ અન્ય યોગો પ્રત્યે પણ તેમનો સાપેક્ષભાવ દૃષ્ટિગોચર થાય છે.

આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવીને સહુ જીવો અચિંત્ય ચિંતામણિ નવકાર મહામંત્રની સમ્યક્ પ્રકારે આરાધના કરીને નિકટમોક્ષગામી બનો એ જ મંગલ ભાવના.

પ્રાણલાલભાઈનું સરનામું નીચે મુજબ છે.
પ્રાણલાલભાઈ લવજી શાહ
નાની બજાર મુ. પો. ધ્રાંગધ્રા
જિ. સુરેન્દ્રનગર (ગુજરાત)
પીન : ૩૬૩૩૧૦

## ૨૭ : શ્રી ઋષિમંડલ મહાસ્તોત્રના વિશિષ્ટ સાધક કાંતિલાલભાઈ કેશવલાલ સંઘવી

વિશિષ્ટ કક્ષાના સાધક મહાપુરુષની કૃપાથી મળેલા માર્ગદર્શન મુજબ જ્યારે કોઈ શ્રદ્ધાળુ શ્રાવક પણ અખંડપણે વિધિપૂર્વક સાધના કરે છે ત્યારે

તેઓ સાધના માર્ગે કેવી અદ્‌ભુત સિદ્ધિઓ પામી શકે છે તે આપણે નીચેના દૃષ્ટાંતમાંથી જોઈશું.

મૂળ માંડલના વતની પરંતુ છેલ્લા ૧૯ વર્ષોથી સુરેન્દ્રનગરમાં રહેતા સુશ્રાવક શ્રી કાંતિલાલભાઈ કેશવલાલ સંઘવી (ઉ. વ. ૬૧) જ્યારે ૨૮ વર્ષની ઉંમરના હતા ત્યારે માંડલમાં તેમના ઘરમાંથી કેટલીક વાર આપોઆપ ધૂપની વિશિષ્ટ સુગંધ આવતી હતી. આ અંગે માર્ગદર્શન મેળવવા માટે તે વખતે ત્યાં વિદ્યમાન **પૂ. મુનિરાજ શ્રીસુબોધવિજયજી મ. સા. (ભાભરવાલા પૂ. આ. શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના)** પાસે તેઓ ગયા. મ. સા. સારા સાધક હતા. તેમણે થોડીવાર આંખો મીંચીને પછી કહ્યું કે "ઋષિમંડલ સ્તોત્રની આરાધના કરો.'

ત્યારબાદ કાંતિલાલભાઈએ તેમના માર્ગદર્શન મુજબ ૮ મહિના સુધી રાત્રિભોજન ત્યાગ વિગેરે લગભગ વીસેક જેટલા નિયમોની મર્યાદાપૂર્વક નિયત સ્થાન તથા નિયત સમયે અખંડપણે શ્રી ઋષિમંડલ સ્તોત્રપાઠ (૧૦૨ ગાથા) તથા તેના મંત્ર જાપની સાધના કરી. એ સાધના દરમ્યાન તેમને ચલાયમાન કરવા માટે અનેક પ્રકારના પ્રતિકૂળ તેમજ અનુકૂળ ઉપસર્ગો થયા. દા. ત. ક્યારેક તેમના શરીરમાં ભયંકર બળતરા થાય તો ક્યારેક તેમની ચારે બાજુ સાક્ષાત્ અગ્નિ પ્રગટી જાય, ક્યારેક અજગર આખા શરીરે વીંટળાઈ વળે તો ક્યારેક તીક્ષ્ણ ભાલાઓ પોતાની સામે ધસી આવતા દેખાય. ક્યારેક દેવ-દેવીના નાટક કે નૃત્ય પણ દેખાય. પરંતુ મ. સા. એ તેમને અગાઉથી જણાવી દીધેલું હોય કે આવા પ્રકારનો ઉપસર્ગ થશે તેમાં જરાપણ ગભરાવું કે ચલાયમાન થવું નહીં. તેથી તેઓ જરાપણ ગભરાયા વિના સાધનામાં લીન રહેતા. **પરિણામે શ્રીઋષિમંડલ સ્તોત્રમાં જણાવેલ છે તે મુજબ ત્રીજા મહિને તેમને જાજવલ્યમાન તેજોમય શ્રી જિનબિંબના દર્શન થયા !!!...** બીજા પણ કેટલાક વિશિષ્ટ અનુભવો થયા: કેટલીક વાર સાધના દરમ્યાન સોનેરી કે રૂપેરી અક્ષરોમાં કેટલાક સાંકેતિક વાક્યો કે કેટલાક પ્રશ્નોના પ્રત્યુત્તરો બંધ આંખે જાણે કે ટી.વી. જોતા હોય તે રીતે દેખાતા.

છેલ્લા ૩૩ વર્ષોમાં ફક્ત એક જ દિવસના અપવાદને બાદ કરતાં તેમની સાધના અખંડિત પણે ચાલુ છે. તેમના પિતાશ્રીના અવસાનના દિવસે સંયોગવશાત્ તેમની સાધના એક દિવસ ન થઈ શકી તે વાત આજે પણ તેમને ખૂબ ખટકે છે.

હાલ પણ રોજ સવારે ૪ થી ૮ દરમ્યાન તેઓ નિયમિત રીતે નીચે મુજબ સાધના કરે છે. સવારે ૪ વાગ્યે ઊઠીને ૪ા થી ૫ા શ્રીપાર્શ્વનાથ ભગવાન કે શ્રી સીમંધર સ્વામી વીતરાગ પરમાત્માનું ધ્યાન સિદ્ધાસનમાં

બેસીને કરે છે. તે વખતે બંને હાથ જોડીને હૃદય કે લલાટ સન્મુખ અદ્ધર રાખે છે. અને પરમાત્માની વીતરાગ મુદ્રા અને વીતરાગતાને ભાવપૂર્વક વંદના કરતા હોય કે પોતાની જાતને પ્રભુ પ્રત્યે સમર્પિત કરતા હોય તે રીતે લગભગ પચાસેક મિનિટ સ્થિર રહે છે તે વખતે તેમને અપૂર્વ આનંદ અનુભવાય છે. **આ ધ્યાન વખતે તેમની આસપાસ તેજોવલય તેમજ મસ્તકની પાછળ ભામંડલની જેમ તેજનું વર્તુળ રચાય છે જે ત્યાં હાજર રહેલા બીજા અનેક આત્માઓએ નજરે જોયેલ છે.** તેમની અનુમતિ લીધા વિના કોઈપણ આત્મા સાધના વખતે તેમની પાસે બેસવાની હિંમત કરી શકે નહિ એવો એ સાધનાનો પ્રતાપ હોય છે. પા થી ૬ સુધી શ્રી ઋષિમંડલ સ્તોત્રપાઠ તેમજ તેનો મંત્રજાપ કર્યા બાદ દેરાસરમાં જઈને જિનપૂજા કરે છે. પછી ૭ થી ૮ દરમ્યાન ભક્તામર સ્તોત્રપાઠ, વર્ધમાન શક્રસ્તવ પાઠ, નવકાર મહામંત્રની માળા, ઉવસગ્ગહરંની ૨ માળા તથા ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ તેમજ ૐ હ્રીં અર્હં નમઃ નો જાપ તેમજ વીતરાગપ્રભુનું ધ્યાન કરે છે.

ક્યારેક બહારગામ જવાનું થાય તો સવારે ૨- રા વાગ્યે વહેલા ઊઠીને પણ પોતાનો નિત્યક્રમ તેઓ અચૂક સાચવી લે છે. સાધનામાં અખંડિત નિયમિતતા એ બહુ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

થોડા વર્ષ પૂર્વે સાધનામાંથી ઊઠતી વખતે ઉપરથી દિવ્ય સુગંધી સોપારી પડી અને ત્યારબાદ મળેલા સંકેત મુજબ તેનું દૂધ અને પાણીથી પ્રક્ષાલ કરતાં બીજે દિવસે એ ન્હવણ જલ સુગંધી ઘી રૂપે પરિણમી ગયું. લગભગ ૨ વર્ષ સુધી એ દિવ્ય સોપારી તેમના ઘરે રહી અને તેના ન્હવણ જલથી કેન્સર જેવી અસાધ્ય બિમારીઓ દૂર થવા વિગેરેના અનેક પ્રસંગો બન્યા. ત્યારબાદ કાંતિભાઈને અચાનક થોડા દિવસ માટે મુંબઈ જવાનું થતાં ઘરમાં રહેલ એ સોપારીની નિયમિત વાસક્ષેપ પૂજા વિગેરે થઈ શક્યા નહીં તેથી એ સોપારીમાં કાણું પડી ગયું અને તેનો પ્રભાવ પણ ઓછો થઈ ગયો. જેથી એક સાધ્વીજી ભગવંતના માર્ગદર્શન મુજબ તેને કૂવામાં પધરાવી દીધી !...

કાંતિલાલભાઈએ અગાઉ ઉપરોક્ત પૂ. મુનિરાજશ્રીના માર્ગદર્શન મુજબ એક વાર અઠ્ઠમ સાથે ૮ હજાર જાપ ઋષિમંડલ મંત્રના કર્યા હતા. બીજીવાર પોલા અઠ્ઠમ સાથે ૮ હજાર જાપ તેમજ ત્રણ વાર ૩-૩ એકાશણા પૂર્વક ૮-૮ હજાર જાપ કર્યા હતા. તદુપરાંત શંખેશ્વર તીર્થમાં રહીને ૩ દિવસ એકાશણા પૂર્વક ઉવસગ્ગહરં સ્તોત્રનો ૧૦૦૮ વાર જાપ કર્યો હતો. તેમજ બીજી વાર શંખેશ્વરમાં ૩ એકાશણાપૂર્વક ૧રા હજાર વાર પદ્માવતી માતાનો જાપ કરેલ ત્યારે તેમના ઘરે તેમના ધર્મપત્ની સુશ્રાવિકા શ્રી

પુષ્પાબેનને પણ પદ્માવતી- માતાના દર્શન થયા હતા !

એકવાર રસોયણબાઈ તરીકે તેમજ બીજીવાર કામવાળી બાઈ તરીકે પણ પદ્માવતી માતાએ તેમને દર્શન આપ્યા હતા !...

બે વર્ષ અગાઉ કાંતિલાલભાઈને કુંડલિની જાગરણનો એક વિશિષ્ટ અનુભવ થયેલ. નાભિચક્રમાં ઢમ...ઢમ્...ઢમ્... એ રીતે જોરથી ઢોલકનાદ થવા સાથે આખું શરીર ઉછળવા લાગ્યું. ત્યારબાદ હૃદયચક્ર (અનાહત ચક્ર)માં હું...હું...હું...એ જાતનો અનાહત નાદ શરૂ થઈ ગયો જે આજે પણ ચાલુ છે પરંતુ કાંતિલાલભાઈ એ તરફ લક્ષ ન આપતાં શ્રી વીતરાગ પ્રભુના ધ્યાનમાં જ લીન રહે છે !...

તેમને ત્રીજા ભવે મહાવિદેહક્ષેત્રમાંથી મોક્ષનો પણ વિશિષ્ટ સંકેત પ્રાપ્ત થયેલ છે !!!...

ભૂમિપરીક્ષા વિગેરે કેટલીક વિશિષ્ટ શક્તિઓ પણ સાધનાના પ્રભાવે આડપેદાશ રૂપે પ્રાપ્ત થયેલ છે. તેનો ઉપયોગ મુખ્યત્વે તેઓ શાસનના કાર્યોમાં જ કરે છે.

કાંતિલાલભાઈની પ્રત્યક્ષ મુલાકાત સુરેન્દ્રનગરમાં ૨ વર્ષ અગાઉ થયેલ. ફરી તા. ૨૯/૪/૯૭ના રોજ શંખેશ્વર તીર્થમાં તેમની મુલાકાત થતાં પ્રશ્નોત્તરી દ્વારા જાણેલી વિગત અત્રે રજુ કરી છે. **તેમાંથી પ્રેરણા મેળવીને આત્મસાધનાના લક્ષ્યપૂર્વક ગુરુગમ દ્વારા વીતરાગપ્રભુનું ધ્યાન, નવકાર મહામંત્રાદિનો સાત્ત્વિક જાપ તેમજ વિશિષ્ટ સ્તોત્રપાઠ દ્વારા પ્રભુભક્તિના માર્ગે અખંડિતપણે ઉત્સાહપૂર્વક આગળ વધીને સહુ શીઘ્ર સમ્યગ્દર્શનાદિ આત્મિક ગુણોને પ્રાપ્ત કરી મુક્તિના અધિકારી બને એ જ શુભાભિલાષા. દુન્યવી સુખ - દુઃખના પ્રશ્નો માટે આવા સાધકોની આત્મ સાધનામાં કોઈએ વિક્ષેપ પાડવો નહીં કે માત્ર કુતૂહલવૃત્તિથી પ્રશ્નો પૂછીને આવા આત્માઓનો અમૂલ્ય સમય કોઈએ વેડફવો નહીં એ ખાસ નમ્ર સૂચના સહુએ સદૈવ અચૂક લક્ષમાં રાખવા યોગ્ય છે.**

સરનામું :- કાંતિલાલભાઈ કેશવલાલ સંઘવી, ૪ કિશોર સોસાયટી
દેશળ ભગતની વાવની પાસે, સુરેન્દ્રનગર, પીન - ૩૬૩૦૦૧
ફોન : ૦૨૭૫૨ - ૨૩૫૨૩ - ઘરે • ૨૫૫૨૫ - ઓફિસ

## ૨૮ : ૨૧૧ ઉપવાસની તપશ્ચર્યા કરનાર હીરાચંદભાઈ રતનસીં માણેક

અધ્યાત્મની ઝંખના માનવીને અંતરની કેડીએ દોરી જાય છે. ઘણીવાર આખી દુનિયામાં ભમતો માનવી પોતાના ભીતરથી અજાણ હોય

છે.

ચંદ્રની ધરતી પર ઉતરેલા માનવીને ઘણીવાર હૃદયની ધરતીની ભાળ નથી હોતી.

અંતરના ભાવોને જાણવા માટે અને અનંત ઈચ્છાઓથી ભરેલા મનને નાથવા માટેનું અમોઘ શસ્ત્ર છે- તપ.

તપ કરનાર ઈચ્છાઓ ઉપર અંકુશ પામે છે. જીવનમાં આવતી મુશ્કેલીઓને એ સમભાવથી સહન કરી શકે છે. એના અશુભ કર્મોને તપ દ્વારા બાળી શકે છે.

આથી તપને એક અદ્ભુત જડીબુટ્ટી કહેવામાં આવી છે. જેને સૂંઘતાં જ એક ભયંકર નાગ (મન) અને પાંચ નાગણીઓ (ઈન્દ્રિયો) મૃત્યુ પામે છે. (વશ થઈ જાય છે.).

અધ્યાત્મને માર્ગે ચાલતી વ્યક્તિ તપ દ્વારા આત્મશુદ્ધિ સાધે છે. જગતના પ્રત્યેક ધર્મમાં એક યા બીજી રીતે આ તપનો મહિમા ગવાયો છે. એમાં આત્મકલ્યાણ અને વિશ્વ કલ્યાણ બંને એક સાથે જોડાયેલા છે.

કચ્છના સુજાપુર ગામના વતની શ્રી હીરાચંદભાઈ રતનસીંભાઈ છેડા વ્યાપાર અર્થે છેક કેરાલાના કલિકટમાં જઈને વસ્યા. કચ્છથી સેંકડો માઈલ દૂર રહેતા હોવા છતાં હીરાચંદભાઈના હૃદયમાં જૈન ધર્મની ઉન્નત ભાવનાઓ એટલી જ જળવાયેલી રહી. ઈ.સ. ૧૯૩૭ ની ૧૨મી સપ્ટેમ્બરે જન્મેલા હીરાચંદભાઈને પિતા રતનસીંભાઈ પાસેથી ધર્મના સંસ્કારો મળ્યા. ગુજરાતથી આટલે દૂર વસ્યા હોવા છતાં આ ખમીરવંતા ધર્મનિષ્ઠ માનવીએ ધર્મ આરાધના ચાલુ રાખી. ઈ.સ. ૧૯૭૪ થી દર વર્ષે પર્યુષણમાં આઠ ઉપવાસથી માંડીને ૯, ૧૧, ૧૬, ૩૨, ૩૫ ઉપવાસ સુધી તપશ્ચર્યા કરી. ૧૬ મહિના સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કર્યા. ૨૫ જેટલી આયંબિલની ઓળીઓ કરી.

તપ કરતી વખતે એમણે ક્યારેય પોતાના કર્તવ્યમાં કશી ચૂક કરી નથી. પોતાના વ્યવસાયનું કામ નિયમિતપણે કરે અને સાથોસાથ તપશ્ચર્યા ચાલુ જ હોય. ધગશભેર સામાજિક કાર્યો કરે અને ક્યારેક એમ કરતાં ઉકાળેલું પાણી પીવાનો સમય ન મળે તો પણ ચાલે.

જીવનમાં તપ દ્વારા અંતરની કેડીએ આગળ વધતા જાય અને બીજી બાજુ જીવન નિર્વાહ કરતા જાય. એમાં પણ ગયા વર્ષે ૪ થી માર્ચે ઋષિકેશની પાવનભૂમિ પર એમને કોઈ યોગસિદ્ધ મહાપુરુષના દર્શન થયા.

હૃદયમાં તપનો પ્રકાશ હતો. ગુરુઓના પરમ પાવન આશીર્વાદ હતા.

એમાં આધ્યાત્મિક પુરુષનાં દર્શન થયા અને તપશ્ચર્યાના માર્ગે અધ્યાત્મની ઊંચાઈ પામવાનો અભિલાષ જાગ્યો. આ સમયે ૨૦૧ ઉપવાસ કર્યાની પૂ. સહજ મુનિ નામના સંતની વાત સાંભળી.

અત્યાર સુધીમાં ૩૫ ઉપવાસ કરી ચૂકેલા હીરાચંદભાઈને પોતાનું હીર કસવાનો વિચાર થયો. પહેલાં તો ૧૧૧ ઉપવાસ કરવાનો સંકલ્પ કર્યો, પરંતુ ૪૦ ઉપવાસે એમની તબીયત બગડી. ચારેક દિવસ તબિયત અસ્વસ્થ રહી પણ ફરી આત્મબળથી દેહ પર વિજય મેળવ્યો અને પોતાની તપયાત્રા ચાલુ રાખી.

એન્જિનીયરીંગમાં બી. ઈ. મિકેનીકલની ડીગ્રી મેળવનાર હીરાચંદભાઈને સાહિત્ય અને સંશોધનમાં પણ એટલો જ રસ. કલિકટ જેવા શહેરમાં એકવાર એમણે ગુજરાતી સ્કૂલ સ્થાપવાનો વિચાર કર્યો. કામ ઘણું કપરું હતું, પણ હીરાચંદભાઈનો સંકલ્પ એટલો જ બલવાન હતો. એમણે નિશ્ચર્ય કર્યો કે જ્યાં સુધી વિશાળ સભાગૃહ સાથેની સ્કૂલ ન બંધાવું ત્યાં સુધી ચંપલ પહેરવા નહિ.

મધ્યમ વર્ગના માનવીને માટે આ સંકલ્પ ઘણો મોટો હતો. કેટલાક એમની મજાક પણ કરતા કે ખુદ ગુજરાતમાંથી ગુજરાતી ભાષા તરફની લગની ઓછી થતી જાય છે. ત્યારે તમે કલિકટમાં ગુજરાતી શાળા સ્થાપવાનો મનસૂબો શાને રાખો છો ? કોઈ કહેતા કે છોકરાઓને અંગ્રેજી સ્કૂલમાં મોકલીશું પછી ગુજરાતી સ્કૂલની શી જરૂર છે ?

તપની ખૂબી જ એ છે કે માનવીના આંતર જીવનની પેઠે બાહ્ય જીવનને પણ દૃઢ અને મક્કમ બનાવે છે. હીરાચંદભાઈને આ તપના પરિણામે વિચારોની શુદ્ધિ અને કાર્યની રૂપરેખા અંગે સ્પષ્ટ દર્શન હતું. તેમણે ધૂણી ધખાવી. પાંચ વર્ષ સુધી કારમી ઠંડીમાં કે બળબળતા તાપમાં ચંપલ વિના ઘૂમ્યા. વળી વ્યવસાય એવો હતો કે ઠેર ઠેર ઘૂમવું પડે. પહેલાં સિંધિયા સ્ટીમ નેવીગેશનમાં એજન્ટ હતા અને પછી નાળિયેરના વેપારી તરીકે એમણે નામના મેળવી હતી.

આખરે ગુજરાતી સમાજનું મકાન ઊભું થયું. એશિયાના પ્રથમ ૧૦ સભાગૃહોમાં સ્થાન પામે તેવું ઓડિટોરિયમ તૈયાર થયું. કલિકટનો ગુજરાતી સમાજ કચ્છની ધીંગી ધરતીના આ મક્કમ માનવી પર વારી ગયો. એણે ચામડાના ચંપલ નહીં પહેરવાની પ્રતિજ્ઞા લેનાર હીરાચંદભાઈનું ચાંદીના ચંપલ આપીને સન્માન કર્યું. વર્ષો સુધી હીરાચંદભાઈ ગુજરાતી સમાજના પ્રમુખ રહ્યા.

સાહિત્યનો જેવો ઊંડો રસ એટલો જ ઊંડો રસ સંશોધનમાં. ધર્મ અને

વિજ્ઞાન એ બે માનવ જીવનની આંખ છે. આથી ઈ. સ. ૧૯૯૫ ની ૧૯મી જૂને એમણે દીર્ઘ તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો ત્યારે ડોક્ટરોને સાથે રાખ્યા. કલિકટની હોસ્પીટલના મેડીસીનના પ્રોફેસર ડૉ. સી. કે. રામચંદ્રન સતત એમની શારીરિક તપાસ કરતા રહે. ઈંગ્લેંડમાં F.R.C.P. અને M.R.C.P. તથા એથીય વધુ ડીગ્રી મેળવનાર ડૉ. સી. કે. રામચંદ્રનને એમની શારીરિક તપાસમાં ઊંડો રસ પડયો.

વર્ષોથી સૂર્યશક્તિના યોગ્ય ઉપયોગ માટે ખુદ હીરાચંદભાઈ સંશોધન કરતા હતા. ભારતની સોલર એનર્જી સોસાયટીના સભ્યપદે રહીને એમણે ઘણું કાર્ય કર્યું. એથીય વિશેષ એમના સંશોધનનો વિષય તો દરિયાના પાણીને પીવાના પાણીમાં કઈ રીતે ફેરવી શકાય એ રહ્યો છે.

અધ્યાત્મ અને વિજ્ઞાનના વિરલ સમન્વયની સાથે હીરાચંદભાઈએ ઉગ્ર તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો. છેલ્લા ૩૦ વર્ષોથી દર પર્યુષણ પર્વમાં ૮ કે તેથી વધુ ઉપવાસ કરનાર હીરાચંદભાઈએ તપ દ્વારા મનોવિજય મેળવવાનો પુરુષાર્થ કર્યો. આત્મબળની વૃધ્ધિનો પ્રયાસ કર્યો. અપરિગ્રહથી આત્મકલ્યાણનો આશય રાખ્યો.

પ્રત્યેક સપ્તાહે ડોક્ટર એમની સંપૂર્ણ શારીરિક તપાસ કરે. અવારનવાર એક્સ રે અને સ્ક્રીનીંગ પણ થાય. આખા દિવસમાં એટલે કે સૂર્યાસ્ત સુધીમાં તેઓ ૫૦૦ મિલીગ્રામ જેટલું ઉકાળેલું પાણી પીતા.

શરૂઆતમાં તો તપશ્ચર્યાની સાથે વેપારનો કારોબાર ચલાવતા હીરાચંદભાઈને જોઈને લોકો અચરજ પામતા. ક્યારેક હીરાચંદભાઈ સૂર્યશક્તિની કે સૂર્યચિકિત્સાની વાત કરતા હોય તો ક્યારેક તપના આધ્યાત્મિક અનુભવની વાત કરતા હોય. શરૂઆતમાં ડૉ. સી. કે. રામચંદ્રન આ બાબતમાં થોડી શંકા સેવતા હતા પરંતુ એમણે જોયું કે હીરાચંદભાઈની તપશ્ચર્યા એ વૈજ્ઞાનિક સંશોધનનો વિષય બની રહે તેમ છે તેથી એમની તબીબી તપાસની જવાબદારી સંભાળી. એકસો અગિયાર ઉપવાસનો પ્રારંભિક સંકલ્પ પૂરો થયો છતાં એમણે એમની તપશ્ચર્યા ચાલુ રાખી.

દોઢસો ઉપવાસ થયા ત્યારે નેવ્યાસી કિલો વજન ધરાવનાર હીરાચંદભાઈનું વજન ઓગણસાઈઠ કિલો થઈ ગયું. દર અઠવાડિયે દોઢેક કિલો વજન ઉતરતું હતું, પરંતુ આધુનિક શરીર વિજ્ઞાનને આશ્ચર્યમાં મૂકી દેતા આ તપસ્વીની ઉગ્ર તપશ્ચર્યા ચાલુ રહી.

તપને પરિણામે એમના આધ્યાત્મિક જીવનમાં જાગેલી શ્રદ્ધા અને ઈચ્છાશક્તિનો તેઓ અનુભવ કરાવે છે. આજે તેઓ સર્વ ચિંતાઓથી મુક્ત

છે. એમના કહેવા પ્રમાણે માનવી ખોરાક વિના દિવસો સુધી સૂર્ય પાસેથી શક્તિ મેળવીને જીવી શકે છે. પોતે સૂર્ય પાસેથી આ શક્તિ મેળવે છે.

એક સમયે પોતાના પરિવારજનો અને સમાજને હીરાચંદભાઈ પરિગ્રહ ઓછો કરવા કહેતા હતા, ત્યારે કેટલાક તેને મજાક સમજીને ટાળી દેતા હતા, પરંતુ એમની તપશ્ચર્યાનો આપોઆપ પ્રભાવ એટલો પડયો કે ઘરના લોકોએ એમની જરૂરિયાતો પર અંકુશ જ નહીં બલ્કે કાપ મૂક્યો એટલું જ નહીં પણ પરિચિતોએ પણ પોતાની સુખ-સુવિધામાં દસ ટકાનો કાપ મૂક્યો. તપશ્ચર્યા દ્વારા ધર્મપ્રભાવના કરવાની સાથેસાથ હીરાચંદભાઈ વિશ્વશાંતિનો સંદેશ આપતા રહ્યા. કાલિકટથી તીર્થાધિરાજ શત્રુંજયની યાત્રાએ નીકળેલા હીરાચંદભાઈએ સ્થળે સ્થળે તપની અનુમોદનાનું વાતાવરણ જગાડયું.

આજ સુધીના ઈતિહાસમાં કોઈ વ્યક્તિએ બસોને અગિયાર ઉપવાસ કર્યા નથી. હીરાચંદભાઈની આ ઉગ્ર તપશ્ચર્યા અજોડ વિક્રમરૂપ બનશે.

ઉગ્ર તપને પરિણામે એમના અધ્યાત્મ જગતમાં પ્રશાંત અને પ્રગાઢ વિચારશૂન્યત્વનો અનુભવ કરે છે. ધીરે ધીરે જીવન પ્રત્યે અલિપ્ત ભાવ અને વૈરાગ્ય ભાવ જાગે છે.

**૨૦૭મા ઉપવાસે હીરાચંદભાઈએ શત્રુંજય ગિરિરાજ ઉપર પગે ચડીને યાત્રા કરી હતી અને ૧૬ મી જાન્યુઆરીએ કચ્છમાં અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂશ્વરીજી મ.સા.ની પ્રેરણાથી સ્થપાયેલ ૭૨ જિનાલય તીર્થમાં તેઓશ્રીના પટ્ટધર સળંગ ૨૮ વર્ષીતપના આરાધક તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ. પૂ આ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૨૧૧ ઉપવાસનું પારણું થયું ત્યારે હજારોની જનસંખ્યા ત્યાં ઉપસ્થિત રહીને આ મહા તપસ્વી આત્માને ભાવથી વંદી રહી હતી. અદ્દ્ભુત શાસન પ્રભાવના થઈ હતી.**

[ ડૉ. કુમારપાળભાઈ દેસાઈ લિખિત "ઈંટ અને ઈમારત" કોલમ- (ગુજરાત સમાચાર તા. ૪/૧/૯૬) ના આધારે સાભાર...]

નોંધ :- ૨૦૫મા ઉપવાસે હીરાચંદભાઈ અમદાવાદ આવ્યા હતા ત્યારે અમારી નિશ્રામાં અમદાવાદ અચલગચ્છ જૈન સંઘ તથા અન્ય સંસ્થાઓએ તેમનું બહુમાન કરેલ ત્યારે પણ લગભગ ૧૫ મિનિટ સુધી સ્વસ્થપણે ઊભા ઊભા વક્તવ્ય આપતા હીરાચંદભાઈને જોઈ સહુ આશ્ચર્ય ચક્તિ થઈ ગયા હતા અને "આત્મામાં અનંત શક્તિ છે" એ શાસ્ત્ર વચન પર સહુની શ્રધ્ધા સુદૃઢ બની હતી. શાસ્ત્રોમાં આઠ પ્રકારના મહાપુરુષોને શાસન પ્રભાવક કહ્યા છે તેમાં પાંચમા નંબરે આવા વિશિષ્ટ પ્રકારના તપસ્વીઓને શાસન પ્રભાવક તરીકે બિરદાવતાં ઉપાધ્યાય શ્રી

યશોવિજયજી મ.સા. એ સમકિત સડસઠીની સજઝાયમાં કહ્યું છે કે -

"તપ ગુણ ઓપેરે રોપે ધર્મને,
ગોપે નવિ જિન આણ;
આશ્રમ લોપે રે નવિ કોપે કદા,
પંચમ તપસી તે જાણ
ધનધન શાસન મંડન મુનિવરા"... જાણવા મળ્યું છે કે હીરાચંદભાઈએ હવેથી આજીવન અન્ન ત્યાગ કરીને ફક્ત અમુક પ્રવાહીઓ ઉપર જ શરીર નિર્વાહ કરવાનો સંકલ્પ કર્યો છે !....

આત્માનુભૂતિના લક્ષ્ય સાથે ૧૨ પ્રકારના બાહ્ય-આભ્યંતર તપ ધર્મની ઉત્તરોત્તર ચડતા પરિણામે આરાધના કરીને હીરાચંદભાઈનો આત્મા શીઘ્ર મુક્તિગામી બને એ જ હાર્દિક શુભેચ્છા.

-સંપાદક

હીરાચંદભાઈનું સરનામું :-
૯/૧૩ બીચ રોડ, કલિકટ (કેરાલા રાજ્ય)
પીન : ૬૭૩૦૦૧. ફોન : ૦૪૯૫ - ૩૬૫૦૦૬ / ૩૬૬૬૦૩.

## ૨૯ : "કમ્મે સૂરા સો ધમ્મે સૂરા" તે આનું નામ. ચેઈન સ્મોકર ધનજીભાઈ બન્યા ઉત્કૃષ્ટ આરાધક

પં. શ્રી ભદ્રશીલવિજયજી મ.

એક સુભાષિતમાં કહ્યું છે કે **'સતાં સઙ્ગો હિ ભેષજમ્'** અર્થાત્ સત્પુરુષોનો સંગ એ ભવરોગનું નિવારણ કરવા માટે ઉત્તમ ઔષધની ગરજ સારે છે.

સંત તુલસીદાસે પણ કહ્યું છે કે - **'એક ઘડી આધી ઘડી, આધીમેં પુનિ આધ । તુલસી સંગત સાધુકી, કટે કોટિ અપરાધ'** ॥

ઉપરોક્ત સુભાષિતોની યથાર્થતા આપણને ધનજીભાઈના દૃષ્ટાંતમાંથી જોવા મળશે.

મૂળ કચ્છ-અબડાસા તાલુકાના સાંધવ ગામના વતની પરંતુ ધંધાર્થે કલકત્તામાં રહેતા ધનજીભાઈ શિવજી શાહ જીવનની પૂર્વાવસ્થામાં સત્સંગના અભાવે જૈનાચારથી વિમુખ જીવન બેરોકટોક જીવતા હતા.

રાત્રે ૧૨ વાગ્યે રાત્રિભોજન, કંદમૂળ ભક્ષણ તેમજ રોજ ગોલ્ડ ફ્લેક સીગારેટના ૩-૪ ડબ્બા જેટલું ધ્રુમપાન તેમના જીવનમાં સહજ બની ગયા હતા !...

પરંતુ કોઈ ધન્ય પળે સં. ૨૦૧૧ માં ૩૮ વર્ષની વયે પૂર્વ જન્મનું કોઈક પુણ્યાનુબંધી પુણ્ય ઉદયમાં આવ્યું અને તેમણે પ્રથમવાર જ વ્યાખ્યાન વાચસ્પતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.નું વ્યાખ્યાન સાંભળ્યું. ફક્ત એક જ પ્રવચન સાંભળતાં જ તેમના અંતરમાં સુસુપ્તપણે રહેલા જન્મ-જન્માંતરના ધર્મ સંસ્કાર જાગ્રત થઈ ગયા અને ૧૫ દિવસમાં તો તેમણે રાત્રિભોજન, કંદમૂળભક્ષણ, ચા તથા સીગારેટનો સદંતર ત્યાગ કરી દીધો ! એવું ચુસ્તપણે ચોવિહાર કરવા લાગ્યા કે સાંજ પડે એટલે એમના ઘરમાં પાણીના માટલા ઊંધા વળી જાય. ઘરના બધા જ સભ્યો તો ચોવિહાર કરે જ પરંતુ ઘરે આવતા મહેમાનને પણ એમના ઘરે રાત્રે પાણી ન મળે !

સં. ૨૦૧૨ થી ફક્ત રોટલી-દાળ-ભાત અને દૂધ આ ચાર જ દ્રવ્યથી એકાશણા શરૂ કર્યા તે સં. ૨૦૪૯ સુધી આજીવન ચાલુ રહ્યા !

ત્રિકાળ સ્વદ્રવ્યથી જિનપૂજા કરવા લાગ્યા. અનિવાર્ય સંયોગવશાત્ જો પૂજા ન થઈ શકે તો બીજે દિવસે ચોવિહાર ઉપવાસ કરવાનો નિયમ લીધો !

મુસાફરીમાં પણ જો પ્રતિક્રમણ ન થઈ શકે તો બીજે દિવસે ઉપવાસ કરતા.

રોજ સાધર્મિકના દૂધ તથા પાણીથી પગ ધોઈ, તિલક કરી, શ્રીફળ તથા રૂપિયો આપી, જમાડીને સાધર્મિક ભક્તિ કરતા. જે દિવસે તેમ ન થઈ શકે તો બીજે દિવસે ચોવિહાર ઉપવાસ કરવાનો નિયમ !....

રોજ દરેક મુનિવરોને વિધિપૂર્વક વંદન કરતા. પદસ્થ મુનિવરોને રોજ બેવાર તથા આચાર્ય ભગવંતને ૩ વાર વંદન કરતા. કોઈને પણ વંદન કરવાનું રહી જાય તો બીજે દિવસે ઉપવાસ કરતા !...

સં. ૨૦૧૩ માં ૪૦ વર્ષની વયે સજોડે બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું. ત્યારબાદ નાની દીકરીને પણ જો અડી જવાય તો આયંબિલ કરતા !

સં. ૨૦૧૯ માં જેઠ સુદિ ૧૦ના પોતાના ૨ પુત્રો, ૧ પુત્રી તથા ધર્મપત્ની સહિત દીક્ષા લીધી. અને ધનજીભાઈમાંથી મુનિરાજશ્રી ભદ્રશીલવિજયજી બન્યા. પુત્ર મુનિવરો પ.પૂ. પં. શ્રી ગુણશીલવિજયજી મ.સા. તથા મુનિરાજશ્રી કુલશીલ વિજયજી તરીકે સુંદર આરાધના તથા શાસન પ્રભાવના કરી કરાવી રહ્યા છે

સં. ૨૦૨૫ માં વર્ષીતપ કર્યું. તેમાં પણ પ્રારંભમાં ચોવિહાર છઠ્ઠના પારણે પણ એકાશણું તો હોય જ ! ચાલુ વર્ષીતપમાં ફક્ત ૯ દિવસમાં તળાજા તીર્થની ૯૯ યાત્રા

વિધિપૂર્વક પૂર્ણ કરી !

પ્રભુ ભક્તિ એવી ભાવપૂર્વક કરતા કે ખાવાનું પણ ભૂલી જતા ! પાલિતાણામાં પણ દરેક દેરાસરમાં બિરાજમાન દરેક પ્રભુજીને ૩-૩ ખમાસમણ આપેલ. ધાતુના નાનકડા પ્રભુજીને પણ ૩ ખમાસમણ આપતા. રોજ ત્રિકાલ દેવવંદન કરતા. ૫ ડીગ્રી તાવમાં પણ દેવવંદન કર્યા વિના પાણી પણ ન વાપરતા !

ગુરુ ભક્તિ પણ એવી અજોડ કે ૫ ડીગ્રી તાવમાં પણ આચાર્ય ભગવંતની સેવા-ભક્તિ (સ્થંડિલ પરઠવવું, પગચંપી કરવી વિગેરે) જાતે જ કરતા !

ક્રિયાશુદ્ધિ એવી કે ૧૭ સંડાશા (સાંધા) પ્રમાર્જવા પૂર્વક ઊભા થઈને અપ્રમત્તપણે ખમાસમણ તથા વાંદણા આપીને પ્રતિક્રમણાદિ કરે !

અપ્રમત્તતા એવી કે રાત્રે ૧૧ વાગ્યા પછી જ સૂવે અને સવારે ૪ વાગ્યે ઊઠી જ જાય. સ્વાધ્યાય જાપ વિગેરે અપ્રમત્તપણે કરે. મોટી ઉંમરે દીક્ષા લેવા છતાં સંસ્કૃત બે બુક, ચરિત્રવાંચન, સંસ્કૃત કાવ્ય તથા ન્યાય વિગેરેનો અભ્યાસ કર્યો તથા આગમોમાં આચારાંગ, સૂયગડાંગ તથા ઠાણાંગ વિગેરે સૂત્રોનું વાંચન કર્યું !

સં. ૨૦૪૯ના ચાતુર્માસાર્થે પાલિતાણા તરફ જઈ રહ્યા હતા ત્યારે કર્મસંયોગે તેમને જીવલેણ અકસ્માત નડ્યો તે વખતે પણ તેઓ આંગળીના વેઢે નવકાર જ ગણતા હતા. ખરેખર કર્મને કોઈની શરમ નડતી નથી. તેમનો આત્મા જ્યાં પણ હશે ત્યાં સમાધિભાવમાં જ હશે. કારણ કે તેમણે આ ભવમાં અનુકૂળ કે પ્રતિકૂળ દરેક પરિસ્થિતિમાં સમતાભાવને ઠીક ઠીક અંશે આત્મસાત્ કર્યો હતો. સં. ૨૦૪૯માં અમદાવાદમાં પાલડીમાં તેમજ સાબરમતીમાં તેમનાં દર્શનનો લાભ મળ્યો ત્યારે ખૂબ જ આત્મીયભાવથી વાત્સલ્યભાવે તેમણે વાર્તાલાપ કર્યો હતો.

તેમના દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવી સહુ ભવ્ય જીવો ધર્મારાધનામાં દૃઢતા કેળવો એ જ શુભાભિલાષા.

## ૩૦ : ડોક્ટરોથી અસાધ્ય હજારો કેસોને વગર દવાએ અને વિના મૂલ્યે સાજા કરતા, સેવાભાવી રતિલાલભાઈ પદમસીં પનપારીયા

કેટલાક મનુષ્યોનું જીવન અનેક પ્રકારના વ્યસનો અને દુર્ગુણોના કારણે સમાજ માટે અભિશાપ રૂપ હોય છે, જ્યારે કેટલાક વિરલ માનવોનું જીવન કેટલાક વિશિષ્ટ સદ્ગુણો અને તદ્દન નિઃસ્વાર્થ સેવાવૃત્તિના કારણે

સમગ્ર માનવ સમાજ માટે ભારે આશીર્વાદ રૂપ હોય છે.

આવી વિરલ સેવાશીલ વ્યક્તિઓમાં રતિલાલભાઈનો સમાવેશ થાય છે. મૂળ કચ્છ-નાગ્રેચા ગામના વતની પરંતુ હાલ વડોદરામાં રહેતા કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના ગૌરવ સમાન રતિલાલભાઈને પૂર્વના કોઈ વિશિષ્ટ પુણ્યોદયે તેમના મામા શ્રી નરસીંભાઈ રામૈયા ધરમસીં (કચ્છ-સાંયરા) પાસેથી એવી વિશિષ્ટ કળા કે કુદરતી બક્ષિસ પ્રાપ્ત થઈ છે કે છેલ્લા ૫ વર્ષમાં ડોક્ટરોથી અસાધ્ય એવા ચારેક હજાર દર્દીઓને વિનામૂલ્યે અને પ્રાયઃ વગર દવાએ અલ્પ સમયમાં સાજા કરી આપ્યા છે !...

**ખાસ કરીને કરોડરજ્જુના મણકાના જ્ઞાનતંતુઓ કામ કરતાં બંધ થઈ ગયા હોય કે હાડકામાં ફેક્ચર થયેલ હોય એવા કેસોમાં તો તેમની ખાસ 'માસ્ટરી' છે.**

ડોક્ટરોએ જેમને ઓપરેશન કરાવવાનું અનિવાર્ય જણાવ્યું હોય તેવા ૧૫૦ થી વધુ હાડકાના દર્દીઓને વગર ઓપરેશને તેમણે સાજા કર્યા છે.

લકવાના ૨૫ થી વધુ કેસોને તેમણે સાજા કર્યા છે. તેમાં ઠેઠ લંડન અને અમેરિકાથી રતિલાલભાઈની ટ્રીટમેન્ટ લેવા માટે વડોદરા આવેલા કેટલાક ભારતીયોને તેમણે લકવાથી મુક્ત કર્યા છે. !...

આંખની નસો સૂકાઈ જવાના કારણે નજર બિલકુલ ચાલી ગયેલ અને ડોક્ટરોએ જે કેસને અસાધ્ય જાહેર કરેલ એવી પાંચ વ્યક્તિઓ એમની ટ્રીટમેન્ટથી બરાબર દેખતી થઈ ગયેલ છે. જેમાંની એક વ્યક્તિ તો આજે સ્કૂટર સારી રીતે ચલાવી શકે છે.

વડોદરાના એક સોનીની નજર 'હાઈ ડાયાબીટીઝ' ના કારણે બિલકુલ બંધ થઈ ગયેલ. ડોક્ટરી ઉપચારો પાછળ લાખ રૂા. ખર્ચી નાખ્યા છતાં સફળતા ન મળી. તેઓ પણ રતિલાલભાઈની સારવારથી માત્ર ૧૫ દિવસમાં દેખતા થઈ ગયા !

લક્ષ્મી પલ્સ (દાળ-ચોખાની મીલ) વાળા પાદરાના હસમુખભાઈની આંખનો ડોળો ફરી જવાથી એક જ વસ્તુ ૮-૧૦ ની સંખ્યામાં દેખાતી. તેઓ તાત્કાલિક રતિલાલભાઈ પાસે આવતાં તુરત ફાયદો થઈ ગયો.

વડોદરાના એક ભાઈને લેસર ટ્રીટમેન્ટથી સુધારો થયો ન હતો. તેઓ આ ટ્રીટમેન્ટથી દેખતા થઈ ગયા...

૫-૭ વર્ષ જૂની કાનની બહેરાશવાળા પાંચેક કેસો પણ તેમની ટ્રીટ-મેન્ટથી, બરાબર સાંભળતા થઈ ગયા છે.

ડાયાબીટીઝના કેટલાય કેસ તેમણે ભીંડાના પ્રયોગથી સાજા કર્યા છે. અસાધ્ય બનેલા ડાયાબીટીઝના કારણે ઓપરેશન અટકતું હતું તે પણ

ભીંડાના પ્રયોગથી ઠીક કરેલ છે.

હરસ માટે તેઓ એક પડીકી આપે છે. **ગમે તેવા દૂઝતા હરસ એક જ પડીકીથી માત્ર ૬ કલાકમાં મટાડે છે.**

હાઈ તથા લો બ્લડ પ્રેસરના કેટલાય કેસ તેમનાથી સાજા થયા છે.

દિવસે ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં વ્યસ્ત હોવાથી તેઓ રોજ સાંજે ૭. ૦૦ વાગ્યાથી રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધીમાં સંખ્યાબંધ દર્દીઓને પોતાના ઘરે જ સારવાર આપે છે. અને **ખાસ નોંધનીય બાબત તો એ છે કે આ સારવાર બદલ તેઓ એક નવો પૈસો પણ ફી રૂપે કે ભેટ તરીકે પણ સ્વીકારતા નથી. !!!...**

તેઓ ધારે તો આજે લાખો-ક્રોડો રૂા. આ સારવાર દ્વારા કમાઈ શકે તેમ છે; પરંતુ આવી ઉમદા કુદરતી બક્ષિસને આજીવિકાનું સાધન બનાવવામાં તેઓ પાપ માને છે. ખરેખર તો આવી નિઃસ્વાર્થ વૃત્તિ હોય ત્યાં સુધી જ આવી કુદરતી બક્ષિસ ટકી શકે છે.

સં. ૨૦૫૧ માં અમારું ચાતુર્માસ વડોદરામાં કચ્છી ભવનમાં થયેલ ત્યારે રતિલાલભાઈનો સારો પરિચય થયેલ. આવી નિઃસ્વાર્થ સેવા દ્વારા હજારો મનુષ્યોની દુઆ અને મહાત્માઓના આશીર્વાદ પામી રતિલાલભાઈ અલ્પ ભવોમાં મુક્તિની મંઝિલને પ્રાપ્ત કરે એ જ શુભેચ્છા.

સરનામું : ૧ B વૈભવ નગર, સંગમ સોસાયટીની પાછળ
હરણી રોડ, વડોદરા, ૩૯૦૦૨૨.
ફોન : ૦૨૬૫-૬૩૫૮૮/ ૫૫૬૦૮૨ ઓફિસ.

## ૩૧ : અઠ્ઠમના પારણે અઠ્ઠમથી ગિરિરાજની ૯૯ યાત્રા કરનાર અપ્રમત્ત આરાધક, કચ્છી દંપતિ અ. સૌ. બચુબેન ટોકરશીભાઈ દેઢિયા

[ સામાન્ય રીતે ધર્મક્ષેત્રમાં શ્રાવકો કરતાં શ્રાવિકાઓની મોનોપોલી વિશેષ પ્રમાણમાં જોવા મળતી હોય છે. ઘણા શ્રાવકો, પોતાની ધર્મપત્ની શ્રાવિકાને એમ પણ કહેતા હોય છે કે 'તું તારે ધર્મ કર ભલે. મને તો હાલ ધંધા પાછળ ધર્મ કરવાની જરાપણ ફુરસદ નથી. તું ધર્મ કરીશ તેથી મને પણ લાભ મળશેજ !'

પરંતુ આમાં અપવાદ રૂપ કેટલાક એવા પણ વિરલ દંપતિ શ્રાવક-શ્રાવિકાઓ જોવા મળતા હોય છે કે જેઓ દરેક આરાધનાઓ સાથે

મળીને જ કરતા હોય છે. આવા વિરલ દંપતિઓની પંક્તિમાં કચ્છ-લાયજાના વતની અ.સૌ. બચુબેન ટોકરશીંભાઈ તથા ટોકરશીંભાઈ દેવજી દેઢિયાનું નામ પ્રથમ હરોળમાં મૂકી શકાય.

આ દંપતિ અનેક વખત અમને મળેલ છે. તેમની અનુમોદનીય આરાધનાની વિગત મારા શિષ્ય મુનિશ્રી અભ્યુદયસાગરજીના શબ્દોમાં અત્રે પ્રસ્તુત છે. - સંપાદક ]

વિ.સં. ૨૦૪૦ ના કાર્તક મહિના (તા. ૨૯/૧૨/૮૫)ની વાત છે. હું તે વખતે ગૃહસ્થપણામાં સજોડે ૯૯ યાત્રા કરવા પાલિતાણા ગયેલ. અમે વીશા નીમા ધર્મશાળામાં ઊતર્યા હતા. તે જ વખતે કચ્છ-લાયજાના ટોકરશીંભાઈ (હાલ ઉં. વ. ૬૨) પણ સજોડે પાલિતાણા આવેલ તેઓ કેશવજી નાયક ધર્મશાળામાં ઊતર્યા હતા. અમે કેટલીક વાર ગિરિરાજ ઉપર કે તળેટીમાં ભેગા થઈ જતા. ટોકરશીંભાઈને ૯૯ યાત્રા કરવાની ભાવના હતી. જ્યારે તેમના ધર્મપત્ની અ.સૌ. બચુબેને હરસનું ઓપરેશન કરાવેલ હોવાથી ખૂબ જ અશક્તિ હોવાથી વિશ્રાંતિ લેવા માટે પાલિતાણા આવેલ. પ્રથમ દિવસે બંને જણા તળેટીએ આવ્યા બાદ ટોકરશીંભાઈએ ૯૯ યાત્રાનો પ્રારંભ કર્યો ત્યારે બચુબેનને વિચાર આવ્યો કે લાવ એક યાત્રા તો હું શ્રાવકની સાથે કરું. અને આદિનાથ દાદાને પ્રાર્થના કરી તેમણે યાત્રાનો પ્રારંભ કર્યો. આખરે દાદાના દરબારમાં પહોંચતાં તેમને પૂરા પાંચ કલાક લાગ્યા ! .... પ્રભુ ભક્તિ કરતાં બધો થાક ઊતરી ગયો. બીજા દિવસે પણ તળેટી સુધી સાથે આવ્યા બાદ ટોકરશીંભાઈને યાત્રાર્થે ઉપર જતાં જોઈ આદર્શ ધર્મપત્ની તરીકે બચુબેનને પણ પુનઃ તેમની સાથે થોડા પગથિયા સુધી જવાની ભાવના થઈ. અને દાદાની પ્રાર્થનાપૂર્વક આગળ વધતાં સંપૂર્ણ યાત્રા કરવાની હિંમત આવી ગઈ. બીજી યાત્રામાં ઉપર પહોંચતાં ૪ કલાક લાગ્યા. પછી તો ગિરિરાજ અને દાદા પ્રત્યેની અતૂટ શ્રધ્ધા-ભક્તિના પ્રભાવે ઉત્તરોત્તર હિંમત વધતી ગઈ અને બંને જણાએ નિર્વિઘ્નતાએ ૯૯ યાત્રા સાથે જ પૂર્ણ કરી જ્યાં ૧ યાત્રાની પણ આશા ન હતી ત્યાં ૯૯ યાત્રા પૂર્ણ થઈ ગઈ જેથી બચુબેનની શ્રધ્ધા તથા આત્મવિશ્વાસમાં ખૂબ જ અભિવૃદ્ધિ થઈ ગઈ. પછી તો પોતાના પતિદેવ જે જે તપશ્ચર્યાદિ આરાધના કરે તેમાં બચુબેનનો પણ સક્રિય સહયોગ હોય જ. પરિણામે છેલ્લા ૧૪ વર્ષમાં આ દંપતિએ નીચે મુજબની અનુમોદનીય આરાધનાઓ સજોડે કરી છે.

(૧) ૪ વર્ષીતપ એકાંતરા ઉપવાસ-બ્યાસણાથી.

(૨) ૧ વર્ષીતપ છઠ્ઠના પારણે છઠ્ઠથી.

(૩) ૧ માખસમણ (ટોકરશીંભાઈનું) સિદ્ધિતપ (બચુબેનનું)

(૪) શત્રુંજય ગિરિરાજની ૧૬ વખત ૯૯ યાત્રા.

(૫) તેમાં છઠ્ઠના પારણે છઠ્ઠથી ૨ વખત ૯૯ યાત્રા કરી. આમાં પ્રથમ ઉપવાસે ૬ યાત્રા + બીજા ઉપવાસે ૬ યાત્રા + તથા પારણાના દિવસે ૨ યાત્રા એમ કુલ ૧૪ યાત્રા કર્યા પછી જાતે રસોઈ કરીને પારણું કરતા.

(૬) અઠ્ઠમના પારણે ૯૯ યાત્રા. તેમાં ત્રણે ઉપવાસમાં રોજ પાંચ પાંચ યાત્રા એટલે કુલ ૧૫ યાત્રા કર્યા પછી જ જાતે રસોઈ કરી. સુપાત્રદાન કર્યા બાદ પારણું કરતા.

(૭) સં. ૨૦૫૧માં મારા ગુરુદેવ પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા. ઠા. ૩ ની નિશ્રામાં સર્વપ્રથમવાર ગિરનારજી મહાતીર્થની સામૂહિક ૯૯ યાત્રાનું આયોજન સા. શ્રી. જ્યોતિષ્પ્રભાશ્રીજીની પ્રેરણાથી થયેલ ત્યારે પણ આ દંપતિ સિધ્ધાચલજીની ૧૩મી ૯૯ યાત્રા માત્ર ૩૬ દિવસમાં પૂર્ણ કરીને ગિરનારજી આવેલ. ત્યાં તેઓ બંને જણાના વીશસ્થાનકના એકાંતરા ઉપવાસ ચાલુ હતા. તેની સાથે ઉપવાસના દિવસે ગિરનારજી મહાતીર્થની ૪ યાત્રા તથા પારણાના દિવસે ૨ યાત્રા કરી ૯૯ યાત્રા કરી. આમ સિધ્ધાચલજીની ૧૬ + ગિરનારજીની ૨ + શિખરજીની ૧ મળી કુલ ૧૯ વાર ૯૯ યાત્રાઓ થઈ. એ દરેક ૯૯ યાત્રામાં તેઓ હંમેશાં જાતે રસોઈ કરીને જ વાપરતા. કોઈપણ સંઘના રસોડે જમતા નહિ. ગિરનારજીમાં પણ જાતે મગ બાફીને પારણું કર્યા બાદ બપોરે ૧ વખત ભોજનશાળામાં જમતા.

(૮) એક જ વર્ષમાં સમેતશિખરજી-શત્રુંજય તથા ગિરનારજી આ ત્રણે તીર્થોની ૯૯ યાત્રાઓ કરી.

(૯) ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતની સળંગ ૧૦૮ અઠ્ઠમ કરી. દરેક અઠ્ઠમમાં તે તે પાર્શ્વનાથ ભગવંતના નામ મંત્રની ૧૨૫ માળાનો જાપ કરતા. ટોકરશીભાઈ રોજ રાત્રે ૮ાા વાગ્યે સૂઈને ૧૨ાા વાગ્યે ઊઠી જાય. પછી જાપ-પ્રતિક્રમણાદિ આરાધનામાં જ બાકીની રાત્રિ પસાર કરે. દિવસે પણ સૂએ નહિ. દર અઠ્ઠમના ત્રીજા દિવસે લગભગ આખી રાત જાગરણ કરે. આવી વિશિષ્ટ આરાધનાના પ્રભાવે તેમને ઘણી વાર સુંદર સ્વપ્નો આવે. દાદાના દર્શન થાય. અદ્ભુત આનંદ અનુભવાય.

(૧૦) ત્રણે ઉપધાન સજોડે કર્યા છે.

(૧૧) વીશસ્થાનકની ૧૮ મી ઓળી ચાલુ છે.

(૧૨) સજોડે બ્રહ્મચર્યવ્રત સ્વીકારેલ છે.

(૧૩) ભવ આલોચના લીધેલ છે.

ખરેખર, ૫ મા આરામાં પણ ૪થા આરાની વાનગી જેવા આવા ધર્માત્માઓથી શ્રી જિનશાસન સદાય જયવંતું છે.

તેમનું સરનામું નીચે મુજબ છે.
"કૃપા" પ્લોટ નં ૨૧, જય પ્રકાશનગર, રોડ નં. ૪
ગોરેગામ (પૂર્વ), મુંબઈ નં. ૪૦૦૦૬૩
ફોન નં. ૮૭૩૭૭૨૧ ઘર, ૮૭૩૪૦૮૪ પ્રેસ.
૮૭૩૩૪૨૨ ઘર, ૮૭૩૩૪૨૨ પ્રેસ.

## ૩૨ : વિનમ્ર સેવાભાવી, ધર્માત્મા કચ્છી દંપતિ અ.સૌ. દમયંતીબેન દામજીભાઈ નાગડા તથા દામજીભાઈ વીરજી નાગડા

દેવગુરૂ ધર્મ પ્રત્યે અપાર શ્રધ્ધાવાળા આ શ્રાવિકા બહેન કચ્છમાં ખેતીનો વ્યવસાય હોવા છતાં નિત્ય નવકારશી-ચોવિહાર કરે. પ્રભુ પૂજા કર્યા પછી જ નવકારશી કરે. ચૌદ નિયમોધારે, પાણી ઉકાળેલું વાપરે, ઘરનાં સભ્યો જો કે ધાર્મિક સંસ્કારવાળા છે છતાં તેમને વધુમાં વધુ ધર્મમાં જોડવાનો વિનયપૂર્વકનો પૂરૂષાર્થ કરે. એક જેઠ જન્મથી બહેરા-મૂંગા હોવા છતાં એમને ઈશારાથી નિત્ય પ્રભુદર્શન, તિથિનાં દિવસે પૂજા-પચ્ચક્ખાણ કરાવે, નિત્ય બાંધી નવકારવાળી ગણાવે. ગામમાં જૈન-જૈનેતર કોઈ માંદું પડયાની ખબર પડે તો પૂછા કરવા દોડી જાય. નવકાર તથા શાંતિ સંભળાવે. ગામમાં ચાલતા છાશ-કેન્દ્રમાં સેવા આપે. સાધર્મિક તથા સાધુ-સાધ્વીની ભક્તિમાં એમનો જોટો ન મળે. ઘરની જવાબદારીઓ સાથે વર્ધમાન તપની ૩૮ ઓળી કરી છે. તેમની બે સુપુત્રીઓ શ્રી જયશ્રીબેન તથા શ્રીચંદ્રિકાબેને ગત વર્ષે સં. ૨૦૫૨માં વૈશાખ વદિ ૨ ના દીક્ષા ગ્રહણ કરેલ છે.

સુશ્રાવકશ્રી દામજીભાઈ નિત્ય-પ્રભુપૂજા-નવકારશી-ચોવિહાર, તિથિનાં આયંબિલ વગેરે સંઘના પ્રમુખપદની જવાબદારી સાથે કરી રહ્યા છે. ગામનાં અને સંઘનાં કાર્યો માટે એમની વિચારણા મૌલિક હોય. સંઘના કે સામુદાયિક કાર્યોમાં નવા પૈસાનો ખોટો વેડફાટ ન થાય અને ખોટો બચાવ પણ ન થાય એ એમની કાર્યશૈલી છે.

**સં. ૨૦૫૧માં અમારી નિશ્રામાં ગિરનારજી મહાતીર્થની ૯૯ યાત્રા કરી ત્યારે સહસાવનમાં શ્રી નેમિનાથ ભગવંતના પગલાની બે દેરીઓ છે. તેનો જીર્ણોધ્ધાર પેઢીની સંમતિપૂર્વક સ્વદ્રવ્યથી તથા જાત મહેનતથી નામનાની કામના રાખ્યા વિના દામજીભાઈએ કર્યો છે. તેઓ જાતે જ્યારે દેરીના જીર્ણોદ્ધારનું કાર્ય કરી રહ્યા હતા ત્યારે**

પ્રસિધ્ધ પ્રવચનકાર પ.પૂ. આ. ભ. શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા. યાત્રાર્થે ત્યાં પધાર્યા. તેમને લાગ્યું કે કોઈ મજૂર જીર્ણોધ્ધારનું કાર્ય પેઢીના ઓર્ડરથી કરતો હશે. પરંતુ પાછળથી તેમને ખબર પડી કે આ તો કચ્છી ૯૯ યાત્રિક તથા નરેડી સંઘના પ્રમુખ છે. ત્યારે તેમના હૃદય તેમજ મુખમાંથી ખૂબજ અનુમોદનાના શબ્દો સરી પડયા હતા.

ખરેખર, આવા નિષ્ઠાવાન, નિઃસ્પૃહ, સેવાભાવી કાર્યકર્તાઓ પ્રાપ્ત થાય તો દરેક સંઘ તેમજ સંસ્થાઓના દેદાર પલટાઈ જાય.

સરનામું : મુ. પો. નરેડી

તા. માંડવી - કચ્છ. પીન : ૩૭૦૦૩૦

## ૩૩ : દૃઢધર્મી કચ્છી દંપતિ અ.સૌ. ધનવંતીબેન દેવચંદ તથા દેવચંદભાઈ રતનશીં

કચ્છ-દેવપુર ગામના આદર્શ શ્રાવક દંપતિ અ. સૌ. ધનવંતીબેન દેવચંદ, તથા દેવચંદભાઈ રતનશીં (ઉં.વ. ૪૬)નું જીવન ખરેખર ખૂબ જ અનુમોદનીય છે. પ્રારબ્ધાનુસારે કુળ પરંપરાથી ખેતીનો વ્યવસાય સંભાળતા આ દંપતિ રોજ જિનપૂજા કર્યા સિવાય મોઢામાં અન્ન-પાણી કશું જ નાખતા નથી. લગભગ ૧૫ વર્ષની ઉંમરથી નવકારથી-ચોવિહાર કરે છે. બંને જણા ઉભય ટંક નિયમિત પ્રતિક્રમણ કરે જ. ક્યારેક ખેતરેથી આવતાં મોડું થાય તો પણ રાત્રે પ્રતિક્રમણ કર્યા પછી જ સૂએ. ક્યારેક સવારના વહેલા જવાનું હોય તો ૪ વાગ્યે ઊઠીને પણ બંને જણા પ્રતિક્રમણ કર્યા પછી જ જાય.

ક્યારેક રાતના વાડીમાં રહેવાનું થાય અને દિવસે ગામમાં આવવામાં મોડું થાય તો પણ બપોરે ૧૨ વાગ્યે પૂજા કર્યા પછી જ જમે. ગત વર્ષે વર્ષીતપ સજોડે પૂર્ણ કર્યું. તેમાં પણ ક્યારેક વાડીએથી આવવામાં મોડું થાય તો પણ પૂજા કર્યા પછી જ પારણું કરે.

બંને જણાએ પંચપ્રતિક્રમણ વિગેરે કંઠસ્થ કરી લીધા છે. દેવચંદભાઈએ કચ્છ-મેરાઉ વિદ્યાપીઠમાં અભ્યાસ કરેલ છે. તેના સંસ્કારને લીધે રોજ મા-બાપને અચૂક પગે લાગે છે.

સિનેમા- નાટક તથા કંદમૂળ ત્યાગની યાવજ્જીવની પ્રતિજ્ઞા લીધેલી છે.

ખેતીના વ્યવસાયમાં પણ કોઈ પણ પ્રકારની અનીતિ ન કરવાનો દૃઢ સંકલ્પ છે.

બજારુ મિષ્ટાન્ન-ફરસાણ તથા ગાયના ઘી સિવાયનું ઘી કે તેની મિઠાઈ ન વાપરવાનો પણ નિયમ છે.

**આવકનો ૪થો ભાગ ધર્મમાં વાપરવાનો અભિગ્રહ છે. દીક્ષા ન લઈ શકાય ત્યાં સુધી કેરી-આંબાનો ત્યાગ છે !**

યાવજ્જીવ માટે મુઠ્ઠિસહિયંના પચ્ચક્ખાણપૂર્વક ત્રણ ટાઈમથી વધુ ન વાપરવાનો નિયમ છે. જમતી વખતે પણ એઠા મોઢે ન બોલે. પર્વતિથિઓના બ્રહ્મચર્ય પાલનના પચ્ચક્ખાણ છે આવા આવા અનેક વ્રત- નિયમ અને તપ -ત્યાગમય શ્રાવક જીવન જીવતા આ દંપતિને ખૂબ જ ધન્યવાદ છે.

સરનામું :- મુ. પો. દેવપુર (ગઢવાળી) તા. માંડવી-કચ્છ પીન : ૩૭૦૪૪૫

## ૩૪ : ૧૧ વર્ષની વયે શ્રી સિદ્ધચક્રમહાપૂજન મોઢે ભણાવતા તેજસ્વી બાળ વિધિકાર કયવન્નકુમાર નરેન્દ્રભાઈ નંદુ

માતા-પિતા જો બાળકનું જીવન ઘડતર કરવા માટે સજાગ હોય તો બાળક કેવું મહાન બની શકે છે તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત તેજસ્વી બાળ વિધિકાર શ્રી કયવન્નકુમાર નરેન્દ્રભાઈ નંદુ છે.

તેના પિતાશ્રી નરેન્દ્રભાઈ નંદુ મૂળ કચ્છ-માંડવી તાલુકાના વાંઢ ગામના વતની પરંતુ હાલ મુંબઈ-જોગેશ્વરીમાં રહે છે. તેઓ માત્ર કચ્છી સમાજ કે અચલગચ્છ માટે જ નહિ પરંતુ સમસ્ત જૈન શાસન માટે ગૌરવ રૂપ એક પ્રતિભાવંત આદર્શ વિધિકાર અને ઉત્તમ આરાધક યુવા શ્રાવકરત્ન છે.

જ્યારે જુઓ ત્યારે તેમના હાથમાં નવકાર મહામંત્રની ગણના ચાલુ જ હોય. એક મિનિટ પણ તેઓ નિરર્થક જવા દેતા નથી. પોતે અપ્રમત્તપણે ક્રોડ નવકારની આરાધના કરતા હોવાથી અનેક આત્માઓને તેઓ ક્રોડ નવકારના જાપમાં જોડતા રહ્યા છે !...

તેઓ નવકારની આરાધનામાં કેવી રીતે જોડાયા અને નવકારના પ્રભાવે જીવનમાં કેવા ચમત્કારો અનુભવ્યા તેનું વર્ણન પ્રસ્તુત પુસ્તકના સંપાદક દ્વારા સંપાદિત અને કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત અત્યંત લોકપ્રિય બનેલ પુસ્તક -**"જેના હૈયે શ્રીનવકાર, તેને કરશે શું સંસાર ?"** (કુલ ૧૯ હજાર નકલ) માં પ્રકાશિત થયેલ છે. તે ખાસ વાંચવા લાયક છે.

લગ્ન પછી ટૂંક સમયમાં જ તેમણે ૨ વખત એકાશણા અને બ્રહ્મચર્યની

પ્રતિજ્ઞાપૂર્વક ૧-૧ લાખ નવકારની આરાધના પૂર્ણ કરી હતી. હવે તો વર્ષોથી તેમના જીવનમાં જાણે સદાયને માટે એકાશણા સહજ બની ગયા છે.

ક્યાંય છૂટક પૂજન ભણાવવું હોય કે અંજનશલાકા પ્રતિષ્ઠા જેવા મહાન વિધિ-વિધાનો કરાવવા હોય તો પણ તેઓ એક નવો પૈસો પણ લેતા નથી. બહુમાન પણ ન સ્વીકારવાની તેમની પ્રતિજ્ઞા છે.

આવી નિઃસ્પૃહવૃત્તિ અને ઉત્તમ આરાધનાના પરિણામે તેમના જીવનમાં એવી સૂક્ષ્મની તાકાતનું પ્રચંડ બળ નિર્માણ પામેલું છે કે તેઓ ભારતભરમાં જ્યાં પણ જાય ત્યાં એમનો પડયો બોલ ઝીલાય છે ! હૈદ્રાબાદ (ચૈતન્યપુરી), ગાડરવાડા, જબલપુર, વિગેરે અનેક ઠેકાણે તેમની પ્રેરણાથી જિનાલયોના નિર્માણ થયા છે. જેમાં તેમણે સ્વયં પણ સારો એવો આર્થિક સહયોગ આપ્યો છે !

**પોતાના ઘરે ગૃહમંદિર માટે તેમણે ખાસ સુવર્ણનું જિનબિંબ પણ ઉત્કૃષ્ટ જિનભક્તિના પરિણામે ભરાવેલ છે !** જિનભક્તિ અને ધાર્મિક વાર્તાલાપ માટે પરદેશથી પણ તેમને આમંત્રણ મળી રહ્યા છે. તેમના ધર્મપત્ની સુશ્રાવિકા શ્રી દમયંતીબેન પણ નવકાર મહામંત્રના વિશિષ્ટ આરાધક અને ધર્મના રંગે રંગાયેલા છે.

કહેવત છે કે - 'વડ તેવા ટેટા અને બાપ તેવા બેટા'. પરંતુ કયવન્ન કુમારને તો ગર્ભાવસ્થાથી જ આવા ઉત્તમ માતા-પિતાના સંસ્કારો મળ્યા હોવાથી **''બાપ કરતાં બેટા સવાયા''** આ ઉક્તિને સાર્થક કરે તેવા ચિહ્નો નાનપણથી જ તેનામાં દેખાઈ રહ્યા છે.

**માતા-પિતાના પગલે પગલે એ પણ ક્રોડ નવકારની આરાધનામાં અત્યારથી જ જોડાઈ ગયેલ છે. એના હાથમાં પણ જ્યારે જુઓ ત્યારે નવકારની ગણના ચાલુ જ હોય !....**

નવકાર મહામંત્ર પ્રત્યે તેને ગળથૂથીથી જ એવી અતૂટ શ્રધ્ધા મળી છે કે કોઈ પણ કાર્ય કરવામાં જો જરાપણ અંતરાય કે વિલંબ થતો જોવાય તો તરત જ આદિનાથ ભગવાનને ચેલેન્જ પૂર્વકની પ્રાર્થના કરીને નવકાર મહામંત્રનું સ્મરણ કરે કે તુરત કાર્ય સિદ્ધ થયા વિના રહે નહિ !!!...

**રોજ સવારે માતા-પિતાને પગે લાગીને તેમના આશીર્વાદ મેળવે છે. પાંચેક વર્ષની ઉંમરથી જ એ પોતાના પિતાશ્રી સાથે સ્કૂલમાં રજા હોય ત્યારે પૂજનમાં બેસતો હોવાથી આજે ૧૧ વર્ષની ઉંમરે તો શ્રી સિદ્ધચક્રમહાપૂજન તેમજ શ્રી બૃહત્શાંતિસ્નાત્ર જેવા પૂજનો તો પુસ્તક કે પ્રતના આધાર વિના જ અત્યંત શુધ્ધ ઉચ્ચારપૂર્વક તે મોઢે ભણાવી શકે છે !!!** ... ઘણીવાર એકીસાથે ૨-૩ ઠેકાણે પૂજન ભણાવવા માટે

આમંત્રણ મળેલ હોય ત્યારે કયવન્નકુમાર એકલો પણ (પિતાની હાજરી વિના) પોતાની પાર્ટી સાથે જઈને ખૂબ જ સુંદર રીતે પૂજન ભણાવી આવે છે. તેણે ભણાવેલા પૂજનની વિડિયો કેસેટ ફોરેનમાં પણ ખૂબ જ પ્રશંસનીય બની છે !

**પૂજનો દરમ્યાન અભિષેક વખતે પ્રભુજીના જન્મ કલ્યાણકની ઉજવણી પ્રસંગે હરિણેગમેષી દેવનું પાત્ર તે ખૂબ જ અદ્‌ભુત રીતે ભજવે છે.**

રોજ સવારે ૨- ૨ા કલાક સુધી દેરાસરમાં સ્વદ્રવ્યથી અષ્ટ પ્રકારી જિનપૂજા કરે છે. ત્રીસેક જેટલા સ્તવનો તથા બે પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ કરેલ છે. મહિનામાં પંદરેક દિવસ સાંજે માતા-પિતા સાથે પ્રતિક્રમણ પણ કરે છે. કંદમૂળ તો કદીપણ તેના કોઠામાં ગયું જ નથી !

**બધા પાપોની મા -'સિનેમા' નો તો તેણે પડછાયો પણ લીધો નથી !....**

કયવન્નકુમાર મોટો થઈને જિનશાસનની જબરદસ્ત પ્રભાવના કરશે તેમાં કોઈ શંકા નથી.

તેના કાકાનો દીકરો જયકુમાર પણ હાલ ૭ વર્ષની ઉંમરે અવાર-નવાર પૂજન ભણાવવાની તાલીમ મેળવી રહ્યો છે.

બંને જણા ધોતિયું અને ખેસ પહેરીને પૂજનમાં બેઠા હોય ત્યારે જાણે લવ-કુશની જોડી હોય તેવા શોભે છે.

બંને માતા-પિતાઓ આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવીને પોતાના સંતાનોમાં આવા સુસંસ્કારોનું સીંચન કરવા કટિબધ્ધ બને અને તેના માટે પોતાનું જીવન પણ આરાધનાથી મઘમઘતું બનાવે એ જ હાર્દિક શુભાભિલાષા.

**સરનામું**

નરેન્દ્રભાઈ રામજી નંદુ
વિભા સદન, સહકાર રોડ
જોગેશ્વરી (વેસ્ટ)-મુંબઈ-૪૦૦૧૦૨, ફોન : ૬૨૦૮૫૨૪.

## ૩૫ : ૪ વર્ષની ઉંમરથી નવપદની ઓળી કરતા ભાઈ-બહેન કુમારપાળ તથા મયણા

એ બહેન દીક્ષાની ભાવનાવાળા હતા. કર્મ સંયોગે એમને પરણવું પડયું. પરણવા છતાંય એમના હૃદયમાં ધર્મની ભાવના એવી ને એવીજ રહી.

પોતાના બે બાળકો એક વર્ષના હતા ત્યારથી બંનેને રાત્રિભોજન બંધ કરાવ્યું અને ઉકાળેલું પાણી શરૂ કરાવ્યું. એમની નાની બેબી મયણા ને પૂછીએ કે 'રાત્રે ખવાય ? તો ફટ દઈને કહી દેશે કે 'ન ખવાય'. કેમ ન ખવાય ? એમ પૂછીએ તો કહેશે કે 'રાત્રે ખાય તેને જે જે દાદા નરકમાં મારે' ! ક્યારેક સાંજના જમવાનું રહી ગયું હોય અને અંધારું થઈ જાય પછી ગમે તેટલી એને લાલચ આપો તો પણ તે રાત્રે નહિ ખાય. એને ભલે ઘડીયાળ જોતા નથી આવડતી પણ એટલું એના મગજમાં ફીટ છે કે અંધારું થઈ જાય પછી ન ખવાય. ક્યારેક પાડોશીના ઘરે રાતે રમવા ગઈ હોય અને પાડાશીઓ એને ચોકલેટ પીપર ખાવાનો ખૂબ જ આગ્રહ કરે તો પણ તે મક્કમ રહીને ખાતી નથી.

આ બેબી અત્યારે ૫ વરસની થઈ છે. એનો ભાઈ કુમાળપાળ ૭ વર્ષનો છે જન્મ્યા પછી ૪૧ મા દિવસથી બન્નેએ પૂજા શરૂ કરી છે. તે પછી ભાગ્યેજ કોઈ દિવસ પૂજા વગરનો ગયો હશે. આજે તો મુંબઈમાં એમના ઘરે ઘરદેરાસર છે. બંને જણા કલાકો સુધી પરમાત્માની અદ્ભુત ભક્તિ કરે છે.

બન્ને બાળકો જ્યારે ૪ વરસના હતા ત્યારથી તેના માતા-પિતાએ નવપદની ઓળી શરૂ કરાવી છે. પ્રત્યેક શાશ્વત ઓળીમાં આટલી નાની ઉંમરમાં પણ બંને જણા નવ દિવસ નાચતા હસતાં હસતાં આયંબિલ કરે છે. એ દિવસોમાં તાવ આવ્યો હોય કે પછી સ્કૂલમાં પરીક્ષા હોય પણ ક્યારેય આયંબિલની ઓળી કરવાનું તેઓ ચૂક્યા નથી !

બંને બાળકો પોતાની માતા સાથે નિયમિત પાઠશાળાએ જાય છે. મોટા બાબાને તો પાંચ પ્રતિક્રમણ તથા અતિચાર સુધીના સૂત્રો મોઢે છે.

ધન્ય છે બંને બાળકોને અને ધન્ય છે, તેના જન્મદાતા અને સુસંસ્કાર દાતા એવા માત-પિતાને.

## ૩૬ : બાળ શ્રાવકરત્નોના અદ્ભુત પરાક્રમોની ગૌરવ ગાથા

કુમળા છોડને જેમ વાળીએ તેમ વળે; કોરી સ્લેટ ઉપર ધારીએ તેવા ચિત્ર દોરી શકાય; કાર્બન પેપર ઉપર જેવું લખીએ તેવું નીચેના પાનામાં લખાઈ જાય; તેમ નાના બાળકોમાં જેવા સંસ્કારો નાખીએ તેવા નાખી શકાય.

આ જગતમાં જે કોઈ મહાપુરુષો થયા છે તેમના જીવન ચરિત્રો જોતાં જણાશે કે તેમની મહાનતા પાયામાં તેમની ગર્ભાવસ્થા કે બાલ્યવસ્થામાં માતા/પિતા/અધ્યાપક કે સદ્ગુરુ આદિ દ્વારા થયેલ સુંસ્કારોનું સીંચન જ

કારણભૂત હોય છે.

આ પૃથ્વીપટ ઉપર જન્મ લેતા પ્રત્યેક બાળકમાં મહાન થવાની શક્યતા રહેલી હોય છે. છતાં તેમાંથી કેટલાક મહાપુરુષ બને છે તો કેટલાક શયતાન જેવા થાય છે તેમાં મુખ્યત્વે જવાબદાર તેમની બાલ્યવસ્થામાં મળેલ શુભ-અશુભ સંસ્કારો હોય છે.

આવો, આપણે સુસંસ્કાર પામેલા બાળ શ્રાવકરત્નો કેવા અદ્‌ભુત પરાક્રમો દાખવી શકે છે તેના કટેલાક દૃષ્ટાંતો જોઈએ અને આપણા આશ્રિત બાળકોના જીવનમાં પણ તેવા સુસંસ્કારોનું સીંચન કરવા કૃતનિશ્ચયી બનીએ.

## (૧) અઢી વર્ષના બાળકે કરેલો અઠ્ઠમ તપ :-

વિ.સં. ૨૦૪૯ માં વલસાડમાં અધ્યાત્મયોગી પ.પૂ. આ. દેવ શ્રી **વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.**ના **શિષ્ય મુનિરાજ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી** મ.સા.ના ચાતુર્માસ દરમ્યાન પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના સમૂહ અઠ્ઠમ તપનું આયોજન થયેલ. જેમાં ૧૨૨ તપસ્વીઓ જોડાયા હતા. ત્યારે માત્ર ૨ા વર્ષની ઉગતી બાલ્યવયના બાળ શ્રાવક જિનલકુમારે પણ આનંદપૂર્વક અઠ્ઠમ તપ કરેલ. શ્રી સંઘ દ્વારા ૨૫૦૦ રૂ. ના પૂજા માટેના ચાંદીના ઉપકરણો વગેરે ભેટ આપીને તેનું બહુમાન કરવામાં આવ્યું હતું.

**આ બાળક જિનલ દોઢ વરસની ઉંમરથી નિત્ય જિનપૂજા, નવકારશી, રાત્રિભોજન ત્યાગ, ઊકાળેલું પાણી વિગેરે નિયમોનું ચુસ્ત રીતે પાલન કરે છે. આવા સુંદર સંસ્કાર તેના માતા શોભના બહેન તથા પિતા નવીનભાઈ શાહની કાળજીને આભારી છે. ભવિષ્યમાં આ બાળક સંયમના માર્ગે જાય એવી તેમની આશા છે. ધન્ય જિનલકુમાર ! ધન્ય માતા-પિતા.**

## (૨) ૩ા વર્ષની ઉંમરે અઠ્ઠાઈ- ૫ વર્ષની વયમાં ૧૦ ઉપવાસ

દહીંસર (હાલ મીરાં રોડ) માં રહેતા **વિવેક નામના બાળકે માત્ર ૩ા વર્ષની ઉંમરે અઠ્ઠાઈ તપ અને ૫ વર્ષની ઉંમરે ૧૦ ઉપવાસનો વિશ્વ વિક્રમ નોંધાવ્યો છે।**

## (૩) દોઢ વર્ષની વયે શ્રેયાંસકુમારે કરેલ ઉપવાસ.

મુંબઈ વાલકેશ્વરમાં સં. ૨૦૪૯માં ચાતુર્માસ બિરાજમાન પ્રખર પ્રવચનકાર પ.પૂ. આ. શ્રી **યશોવર્મસૂરિજી** મ.સા.ની નિશ્રામાં માત્ર ૧ા વર્ષની ઉંમરના શ્રેયાંસકુમાર કેમલેશભાઈ શાહે કરેલ ૧ ઉપવાસ તેના માટે ઉગ્ર તપશ્ચર્યા સમાન ગણાય. આથી જ આ બાળકને સંઘે તપસ્વીરત્નનું બિરુદ

આપેલ છે જે યોગ્ય જ છે. ભવિષ્યમાં આવા બાળરાજાઓ જૈન શાસનના ધર્મધુંરધરો બનવા માટે શક્તિમાન ગણી શકાય તેમાં શંકા નથી !

**(૪) ૪ વર્ષની ઉંમરે અઠ્ઠાઈ તપ (૮ ઉપવાસ) !**

વિ. સં. ૨૦૪૫માં અમારું ચાતુર્માસ જામનગરમાં હતું. ત્યારે ત્યાં પાઠશાળાના ઉપાશ્રયે પ. પૂ. શાસન સમ્રાટ સમુદાયનાં પૂ. આ. ભગવંત શ્રી વિજય **અશોકચંદ્રસૂરિજી મ.સા.ની નિશ્રામાં માત્ર ૪ વર્ષની ઉંમરના સાગરકુમાર દિલીપભાઈ સુતરીયા** એ અઠ્ઠાઈ તપ કરીને સહુને આશ્ચર્ય ચકિત બનાવી નાખ્યા હતા. માતા દીનાબેને તેનામાં સુંદર સંસ્કારોનું સીંચન કર્યું છે. રોજ સવારે માતા-પિતાને પ્રણામ તથા દેરાસરમાં જઈ પ્રભુદર્શન કરે છે. રવિવાર તેમજ અન્ય રજાના દિવસોમાં ધોતિયું અને ખેસ પહેરી ભાવપૂર્વક જિનપૂજા કરે છે. હાલ તે મોરબીમાં સાઉસર પ્લોટ, શેરી નં. ૯, પારસ મેડીકલના મકાનમાં રહે છે.

**(૫) એન્ટવર્પ (પરદેશ)માં પર્યુષણ કરાવવા ગયેલ તપોવન સંસ્કાર ધામનો એક બાળક :** ગુજરાતમાં નવસારીથી ૭ કિ.મી. દૂર આવેલ તપોવન સંસ્કાર ધામમાં બાળ સંસ્કરણનો યજ્ઞ ચાલી રહેલ છે. ત્યાંનો એક બાળક હેમલ એ. શાહ વિ. સં. ૨૦૪૯માં પર્યુષણની આરાધના કરાવવા ગયો હતો.

એન્ટવર્પ એટલે વૈભવનો મહાસાગર ! જ્યાં લોકોના ઘરે સોનાનાં નળ અને ચાંદીના પાઈપ છે ! ચાંદીના થાળી-વાટકા-ગ્લાસ તો ત્યાં સામાન્ય છે. ઘરે ઘરે પાંચ-પાંચ મર્સિડીઝ કારો છે.

આવા એન્ટવર્પમાં ૫૦ વર્ષના ઈતિહાસમાં પહેલી જ વાર પર્યુષણની આરાધના થઈ. આ તપોવની બાળક સાથે અન્ય બે વીર સૈનિક યુવાનો પણ હતા. આ બાળકે ત્યાં કુમારપાળ મહારાજાની ભવ્ય આરતી કરાવી. સવાર-સાંજ શુદ્ધ ઉચ્ચાર અને શુદ્ધ વિધિપૂર્વક પ્રતિક્રમણ કરાવ્યાં. વ્યાખ્યાન, પંચકલ્યાણની પૂજા, ભાવના, યુવાનો તથા બાળકોનાં જીવનને ઉચ્ચતમ બનાવવા અંગે પ્રેરણાદાયી મિટીંગો વિગેરે કર્યું હતું. આ બાલક પાસે વક્તૃત્વશક્તિ વિશિષ્ટ કક્ષાની છે. તેની માતાએ બાલ્યાવસ્થાથી જ તેનું ઉચ્ચતમ ઘડતર કરવા માટે રાત-દિવસ જોયા વિના જતન કર્યું છે. ધન્ય **છે તેની માતાને ! ધન્ય છે આવા બબ્બે તપોવનના પ્રણેતા શાસનપ્રભાવક, યુવાપ્રતિબોધક, પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. ને !.....**

**(૬) સુરતના તપસ્વી તારકો :-**

વિ. સં. ૨૦૪૯માં સુરતમાં પરમ શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રી

વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય **પૂ. મુનિરાજ શ્રી કીર્તિયશવિજયજી** મ.સા. (હાલ આચાર્ય) ની પ્રેરણાથી ચાતુર્માસમાં ૬૬ જણા સિદ્ધિતપ તથા અનેક ભાગ્યશાળીઓ અઠ્ઠાઈ વિગેરે તપમાં જોડાયા હતા. ત્યારે ફક્ત ૯ વર્ષની ઉંમરે કુ. નિકીતા દીપકભાઈ મસાલીયાએ પણ સિદ્ધિતપ જેવી મહાન તપશ્ચર્યા કરી હતી. આ તપશ્ચર્યામાં ૪૪ દિવસમાં ૩૬ ઉપવાસ અને ૮ બ્યાસણા કરવાના હોય છે ! બીજા અનેક બાળકોએ સુરતમાં અઠ્ઠાઈ તપ કરેલ. તેમાંથી ૧૦ વર્ષથી નીચેની ઉંમરના જે બાળકોએ અઠ્ઠાઈ કરેલ તેમના નામ નીચે મુજબ છે. (૧) ખુશ્બુ ભદ્રેશભાઈ શાહ (ઉં.વ.૫), (૨) કોમલ શાંતિલાલ શાહ (ઉં.વ.૬), (૩) કોમલ મહેશકુમાર શાહ (ઉં.વ.૫), (૪) પૂજા લલીતભાઈ શાહ (ઉં.વ.૬). (૫) ચિંતન મહેશકુમાર (ઉં.વ.૬), (૬) અમી કૌશિકકુમાર (ઉં.વ.૭), (૭) બિજલ ગિરીશભાઈ શાહ (ઉં.વ.૮), (૮) ભવિષ્યા ભદ્રેશકુમાર શાહ (ઉં.વ. ૮), (૯) રચના કેતનકુમાર શાહ (ઉં.વ.૮), (૧૦) પ્રિયંકા વીરેશભાઈ શાહ (ઉં.વ.૮), (૧૧) જીરલ રમેશભાઈ લાકડાવાલા (ઉં.વ.૫), (૧૨) વિરાટ અશ્વિનભાઈ શાહ (ઉં.વ.૯), (૧૩) ક્રીના ભદ્રેશકુમાર શાહ (ઉં.વ.૯).

### (૭) અમદાવાદના તપસ્વી-તેજસ્વી તારકો :-

અમદાવાદ એટલે ધર્મનગરી. જ્યાં દર વર્ષે સેંકડો પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના ચાતુર્માસો થાય છે અને શેષકાળમાં પણ હજારેક જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતોની હાજરી પ્રાયઃ હંમેશાં હોય જ. એટલે તેમના સત્સંગના પ્રતાપે સેંકડો બાળકોએ નાની ઉંમરમાં તપશ્ચર્યા તથા વિશિષ્ટ ધાર્મિક અભ્યાસ કર્યો હોય. તેમાંથી થોડાક દૃષ્ટાંત યથામતિ અત્રે રજુ કરવામાં આવે છે.

સાબરમતી-રામનગરમાં સં. ૨૦૫૦માં પ.પૂ. પં. શ્રી ઈન્દ્રસેનવિજયજી મ.સા. (હાલ આચાર્ય) ની નિશ્રામાં સૌરભકુમાર સતીશભાઈ શાહ (ઉં.વ.૮) તથા શ્રીકમલ પ્રિયકાંત ઝવેરી (ઉં.વ.૮) એ અઠ્ઠાઈ તપ કરેલ.

કાળુશીની પોળમાં કુ. સોનલ નીતિનકુમાર (ઉં.વ.૧૦) એ ૧૬ ઉપવાસની તપશ્ચર્યા કરેલ.

શ્રી દાનસૂરિ જ્ઞાનમંદિરમાં પૂ. મુનિશ્રી કુલશીલ વિ.મ. તથા પૂ. મુનિશ્રી હર્ષશીલ વિ. મ.ની નિશ્રામાં કૌશલકુમાર જયેન્દ્રભાઈ શાહે (ઉં.વ. ૧૧) પાંચ પ્રતિક્રમણ તથા ચાર પ્રકરણ સુધીનો અભ્યાસ કરી લીધેલ છે. તેણે ૯ વર્ષની ઉંમરે અઠ્ઠાઈ કરેલ. છેલ્લા ૪ વર્ષથી ૬૪ પ્રહરી પૌષધ કરે છે !

રંગસાગર-ઉપાશ્રયમાં સા. શ્રી દેવેન્દ્રશ્રીજી મ.ની પ્રેરણાથી કુ. શિવાંગી રોહિતકુમારે (ઉં.વ.૭) પાંચ પ્રતિક્રમણ અતિચાર સહિત, તથા અજિત શાંતિ, મોટી

શાંતિ, સંતિકરં, ભક્તામર આદિ સ્મરણો કંઠસ્થ કરી લીધા છે અને ખૂબ જ સુંદર બોલે છે. ત્યાં કુ. બિરવાએ ૮ વર્ષની ઉંમરમાં અઠ્ઠાઈ તપની આરાધના કરેલ છે.

**નારણપુરામાં દેવકીનંદન સોસાયટીમાં** ૩ વર્ષ અગાઉ એક ૭ વર્ષની ઉંમરનો બાળક ધોતિયું-ખેસ પહેરીને જિનપૂજા તથા વિધિપૂર્વક ચૈત્યવંદન કરતો હતો. આનંદઘન ચોવીશીનું સ્તવન ખૂબ જ ભાવપૂર્વક લલકારતો હતો. ત્યારબાદ ઉપાશ્રયમાં આવીને સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક ગુરુવંદન કર્યું. આ બાળક પાંચ પ્રતિક્રમણ, તથા ૪ પ્રકરણ શીખીને ૩ ભાષ્ય શીખી રહ્યો હતો. તેના માતુશ્રીએ ૬ કર્મગ્રંથ સુધીનો અભ્યાસ કર્યો હોવાથી એમની પાસે જ આ બાળક ભાષ્યનો અભ્યાસ કરતો હતો. રોજ વ્યાખ્યાન શ્રવણ પણ કરે. ધન્ય છે બાળકને અને એની માતાને !

**જૈન નગરમાં પ.પૂ. આ. શ્રી અશોકસાગરસૂરિજી મ.સા.ની** નિશ્રામાં પાંચથી આઠ વર્ષની ઉંમરના સાતેક બાળકોએ અઠ્ઠાઈ તપ કરેલ !...

**કૃષ્ણનગરમાં ૯ વર્ષની ઉંમરના જિગરકુમાર કમલેશભાઈ શાહે** પર્યુષણમાં વિશાળ હાજરીમાં અતિચાર સૂત્ર, મોટીશાંતિ તથા અન્ય ધાર્મિક સૂત્રો બોલીને દરેકને આશ્ચર્યમુગ્ધ કરી દીધા હતા. શ્રી સંઘે તેનું બહુમાન કરેલ. તે રોજ જિનપૂજા તથા નવકારશી કરે છે. પાંચ તિથિએ લીલોતરીનો ત્યાગ કરે છે.

## (૮) ૧૦ વર્ષની વયથી દર વર્ષે અઠ્ઠાઈ કરતા કચ્છી યુવા શ્રાવક કિરણભાઈ વેરસીં ગડા (ઉ.વ. ૩૭)

અમદાવાદમાં જૈનનગર-સૌરાષ્ટ્ર સોસાયટીમાં રહેતા સુશ્રાવકશ્રી **જસવંતભાઈ લાલભાઈ** (ઉં.વ.૬૬) છેલ્લા ૨૭ વર્ષથી દર પર્યુષણમાં અઠ્ઠાઈ તપ કરે છે. પરંતુ **કચ્છ-ચીઆસરના** (**હાલ મુંબઈ શિવરીમાં રહેતા**) **કિરણભાઈ વેરસીં** ગડા (**ઉં.વ.૩૭**) એ ૧૦ વર્ષની બાલ્ય વયમાં અઠ્ઠાઈ તપનો પ્રારંભ કરેલ. ત્યારથી માંડીને છેલ્લા ૨૭ વર્ષથી દર પર્યુષણમાં તેઓ અઠ્ઠાઈ કરતા આવ્યા છે ! કચ્છ કેસરી, અલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી** મ.સા.ની પાવન નિશ્રામાં વિ.સં. ૨૦૪૦માં મુંબઈથી સમેતશિખરજી મહાતીર્થનો તથા સં. ૨૦૪૧માં સમેત શિખરજીથી પાલિતાણાનો છ'રી પાળતો વિરાટ સંઘ નીકળેલ. ત્યારે ૨૫ વર્ષના કિરણભાઈએ પોતાના બે સાથી યુવા મિત્રો **રામજીભાઈ શામજી ધરોડ તથા જતીનકુમાર મોરારજી છેડા** સાથે મળીને આવા મહાન સંઘોનું સંચાલન કન્વીનર તરીકે રહીને ખૂબ જ સુંદર રીતે કર્યું હતું. પરિણામે અચલગચ્છાધિપતિશ્રીની કૃપા તેમની ઉપર સદૈવ વરસતી રહી છે. સં.

૨૦૪૬માં પાલિતાણામાં વિરાટ ૯૯ યાત્રા સંઘનું સંચાલન પણ ઉપરોક્ત ત્રિપુટીએ કરેલ !

(૯) કાંદીવલી - મહાવીરનગરમાં રહેતી એક બાળાએ માત્ર ૧૨ વર્ષની ઉંમરે માસખમણની મહાન તપશ્ચર્યા કરી હતી !

(૧૦) રાજસ્થાનમાં દેશનોક ગામમાં વિ.સં. ૨૦૪૯માં કુ. સમતા બાંઠીયાએ માત્ર ૧૧ વર્ષની નાની વયમાં માસખમણની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી.

(૧૧) કુ. રિદ્ધિ હરીશભાઈ (દિઓરા) એ વિ.સં. ૨૦૪૯માં મુંબઈ-મલાડમાં ૪ વર્ષની બાલ્યવયમાં પ. પૂ. આ. શ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં અઠ્ઠાઈ (૮ ઉપવાસ) તપ કરેલ !....

(૧૨) મલાડ (પૂર્વ)માં રત્નપુરી ઉપાશ્રયમાં દશેક વર્ષ પહેલાં વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આ.ભ. શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં માત્ર ૭ વર્ષની ઉંમરના જિજ્ઞેશ નામના બાળકે સં. ૨૦૩૯, આસો મહિનામાં ૪૭ દિવસનું ઉપધાન તપ કરીને બધાને આશ્ચર્ય ચકિત કરી દીધેલ !

(૧૩) માત્ર ૫॥ વર્ષની ઉંમર ધરાવતી કુ. કીમી. તથા કુ. હર્ષિતાએ પ. પૂ. આ. ભ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં હોંસે હોંસે ગિરિરાજની ૯૯ યાત્રા વિધિપૂર્વક પૂર્ણ કરી હતી !

(૧૪) મુંબઈ-ઘાટકોપમાં સાંઘાણી એસ્ટેટમાં રહેતા ૧૦ વર્ષની વયના બાળક ઋષભકુમારે માત્ર ૩ કલાકમાં આખું ભક્તામર સ્તોત્ર કંઠસ્થ કરીને આત્માની આશ્ચર્યપ્રદ અનંતશક્તિનું આંશિક દર્શન કરાવીને બધાને ભાવવિભોર બનાવી દીધા હતા. વધુ આશ્ચર્યની વાત તો એ છે કે આ બાળક અંગ્રેજી મીડીયમમાં ભણતો હોવાથી તેને ગુજરાતી બરાબર વાંચતાં પણ આવડતું નથી !!!

## ૩૭ : આજન્મ ચઉવિહાર કરનારા બાળકો :

નવસારીમાં જન્મેલ એ બાળક એટલું પુણ્યશાળી છે કે એના મમ્મી એને રાત્રે દૂધ પણ ન આપે. એ ધર્મી કુટુંબમાં કોઈ રાત્રિભોજન ન કરે. એમને થયું કે જન્મેલા બાળકોને પણ આ પાપ ન કરાવવું. તેથી સ્તનપાન માત્ર દિવસે જ કરાવે......! મલાડમાં પણ આવું બાળક છે. આ બાળકોએ પૂર્વજન્મમાં કેવું પુણ્ય કર્યું હશે કે નરકમાં લઈ જનાર મહાપાપી રાત્રિભોજનથી જન્મથી જ બચી ગયા. આ કાળમાં કરોડપતિ ને અબજપતિ ઘણા છે. પણ આજન્મ ચઉવિહાર કરનાર પુણ્ય સમ્રાટ કેટલા ? બીજા પણ આવા કેટલાક બાળકો છે. પણ બધા મળીને વિશ્વમાં કેટલા નીકળે ? કદાચ

૨૫-૩૦ હશે. આવા ઉગ્ર પુણ્યશાળીનું દર્શન કરવાનું મન થાય છે ? જેમ ગ્રીનીશ બુકમાં જગત શ્રેષ્ઠો નોંધાય છે એમ આ બાળકો તો ગ્રીનીશ બુકમાં નહીં પણ ધર્મરાજાના ચોપડે નોંધાઈ ગયા હશે ! તમે કદાચ જન્મતી વખતે તો અજ્ઞાન હતા. વળી પુણ્ય પણ શ્રેષ્ઠ કોટિનું નહીં. જેથી માબાપ મહાધર્મી ન મળ્યા. પણ છતાં હે જૈનો ! તમે પણ અનંત પુણ્યના સ્વામી છો. વળી તમે ખૂબ ભણેલા અને સમજુ છો. દઢ નિશ્ચય કરો કે હવે તો યાવજ્જીવ રાત્રિભોજન ન કરવું. મુંબઈ વગેરેમાં એવા અનેક ધર્માત્માઓ છે કે જેઓ ટીફીન મંગાવી, ઘેરથી સાથે લાવી કે કોઈપણ વ્યવસ્થા કરી ચઉવિહાર કરે છે. એવા પણ ધર્મપ્રેમી છે કે શેઠને વિનંતિ કરી ઓછા પગારે પણ રાત પહેલાં ઘેર પહોંચી ચઉવિહાર કાયમ કરે છે ! તમે તો જરાપણ તકલીફ વિના આ મહાપાપથી બચી શકો તેમ છો. આજે તો વિશ્વમાં હજારો એવા સાહસિકો છે કે જેઓ બાળ, યુવાન કે પ્રૌઢ વયે રમત-ગમત, રેસ, પર્વતારોહણ, ધ્રુવ-સંશોધન આદિ અનેકવિધ ક્ષેત્રોમાં જીવસટોસટના સાહસો કરી જગપ્રસિદ્ધ બને છે. તો તમે આવા નાના ધર્મકાર્યમાં કેમ પાછા પડો છો ? ભાવ ઊંચે ઉઠાવો ને આત્મહિતને સાધો. અમારા અંતરના આશીર્વાદ છે. જેમ શ્રી વજ્રસ્વામીજીએ જન્મથી દીક્ષાના મનોરથો ને પ્રયન્ત કર્યા તેમ આ બાળકો પણ અમુક અપેક્ષાએ કેવા ઉત્તમ કે જન્મથી રાત્રિભોજનના મોટા પાપથી બચી ગયા !

## ૩૮ : પ્રજ્ઞાચક્ષુ શ્રાવકોની અદ્ભુત આરાધના

કર્મસંયોગે બાલ્યવયમાં જ ચક્ષુની રોશની ગુમાવવા છતાં પણ હતાશ થઈને આપઘાતના વિચારો કરવાને બદલે સુદેવ-સુગુરુ-સુધર્મનું શરણું સ્વીકારી જીવ સમ્યક્ પુરુષાર્થ કરવા માંડે છે ત્યારે કેવી અદ્ભુત સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે તે આપણે વિવિધ દૃષ્ટાંતો દ્વારા જોઈશું.

**(૧) શંખેશ્વર પાસે સમી ગામમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રાવક મોતીલાલભાઈ** ડુંગરજી (ઉં.વ. ૭૭) રહે છે. ૧૦ વર્ષની બાલ્ય વયમાં તેમણે આંખોનું તેજ ગુમાવ્યું. પ્રજ્ઞાચક્ષુ બન્યા. છતાં હિંમત ન હારતાં તેમણે મહેસાણામાં યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં પાંચ વર્ષ રહીને સંસ્કૃત-પ્રાકૃત તેમજ કર્મગ્રંથાદિનો સુંદર અભ્યાસ કર્યો ! હાલ ઘણા વર્ષોથી તેઓ સમીમાં રહી સાધુ-સાધ્વીજીઓ તેમજ મુમુક્ષુઓને ૬ કર્મગ્રંથાદિના અર્થનો સારી રીતે અભ્યાસ કરાવે છે ! તેમની પાસે ભણેલા ૧૫ બહેનોએ દીક્ષા લીધી છે ! તેઓ **બાલબ્રહ્મચારી અને મહા તપસ્વી છે. વર્ધમાન આયંબિલ તપની ૧૪૫**

ઓળી, સિદ્ધિતપ, શ્રેણિતપ જેવી મોટી તપશ્ચર્યા તેમણે કરી છે. હાલ મોટી ઉંમરે પણ રોજ એકાશણા ચાલુ છે. દરરોજ દેરાસરમાં ૧લા માળે ૧૧ પ્રભુજીની પ્રક્ષાલ, અંગલૂછણા તથા નવાંગી પૂજા તેઓ જાતે કરે છે. આજુબાજુના ગામમાં જ્યાં જૈન ઘર ન હોય ત્યાં સાધુ-સાધ્વીજી પધારવાના હોય તો એક માણસને સાથે લઈને તેઓ જાતે ત્યાં જઈને પૂજ્યોની યથાયોગ્ય વૈયાવચ્ચ ખૂબ સુંદર રીતે કરે છે !!!...

(૨) મહેસાણામાં શ્રીયશોવિજયજી જૈન પાઠશાળાના મુખ્ય અધ્યાપક પંડિતશ્રી પુખરાજભાઈ પણ બાલ્યવયમાં જ પ્રજ્ઞાચક્ષુ બન્યા હતા. છતાં તેમણે પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ૬ કર્મગ્રંથ - કમ્મપયડી - પંચસંગ્રહ વિગેરેનો એવો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો કે અનેક આચાર્ય ભગવંતાદિ સાધુ-સાધ્વીજી ભગવંતોને પણ જ્યારે કર્મગ્રંથને લગતા કોઈ જટિલ પ્રશ્નનું સમાધાન ન મળતું હોય ત્યારે તેઓ પંડિતશ્રી પુખરાજભાઈને પૂછાવતા અને પ્રત્યુત્તર મેળવી સંતુષ્ટ થતા. તેઓ પણ બાલ બ્રહ્મચારી અને ઉત્તમ આરાધક હતા. ૨ વર્ષ અગાઉ જ તેઓ સ્વર્ગવાસ પામ્યા છે.

(૩) કચ્છ-ભુજપુરમાં પંડિતજી આણંદજીભાઈ પણ બાલ્યવયમાં પ્રજ્ઞાચક્ષુ બન્યા હતા. તેઓ પણ સંસ્કૃત વ્યાકરણ તેમજ કર્મગ્રંથાદિના અર્થ ખૂબ સારી રીતે ભણાવતા હતા. ભુજપુરના યોગનિષ્ઠા તત્ત્વજ્ઞા પૂ. સા. શ્રી ગુણોદયશ્રીજી મ. સા. વિગેરે અનેક જિજ્ઞાસુઓને તેમણે ખૂબ સારી રીતે અભ્યાસ કરાવેલ.

(૪) સુપ્રસિદ્ધ જૈન પંડિત શ્રીસુખલાલજી પણ બાલ્યવયમાં પ્રજ્ઞાચક્ષુ થયા હતા. તત્ત્વાર્થસૂત્ર ઉપર તેમણે લખેલું ગુજરાતી વિવેચન આજે ખાસ અધ્યયન કરાવાય છે. તેઓ દાર્શનિક વિદ્વાન સાથે કંઈક સુધારાવાદી વલણ ધરાવતા હતા.

(૫) કચ્છ-માંડવી તાલુકાના નાના રતડીયા ગામના સુશ્રાવક શ્રી મીઠુભાઈ વેલજી ગડા (ઉ. વ. ૬૩) માત્ર બે વર્ષની કુમળી વયમાં પ્રજ્ઞાચક્ષુ બન્યા. છતાં ૧૪ વર્ષની ઉંમરે તેમણે પ્રથમ વર્ષીતપનો પ્રારંભ કર્યો તેની સાથે ધાર્મિક જ્ઞાનાભ્યાસ પણ ચાલુ કર્યો. આજે તેમને પાંચ પ્રતિક્રમણ, સ્નાત્રપૂજા પં. શ્રી વીરવિજયકૃત મોટી પૂજાઓ, અનેક ચોઢાળિયા તેમજ શ્રી આનંદઘન ચોવીશી, ઉપા. શ્રીયશોવિજયજી ચોવીશી, શ્રીજ્ઞાનવિમલસૂરિજી ચોવીશી શ્રી દેવચંદ્રજીની ચોવીશી સહિત ૨૫૦ જેટલા સ્તવનો કંઠસ્થ છે ! મોટા ભાગનો ધાર્મિક અભ્યાસ તેમણે અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના સંસાર પક્ષે કાકાના દીકરી સુશ્રાવિકા શ્રી હીરબાઈ પાસેથી સાંભળી સાંભળીને કરેલ છે ! દરરોજ જિનપૂજા,

પ્રતિક્રમણ તથા નવકારશી - ચોવિહાર કરે છે. ૭ વર્ષીતપ, ૨૧૧ અઠ્ઠમ, નવપદજીની ૪૫ ઓળી, વીશ સ્થાનક તપ, વર્ધમાન તપ, ૨૪ ભગવાનના એકાશણા, જ્ઞાનપંચમી, ૧૪ પૂર્વ, અક્ષયનિધિ, સમવસરણ, રોહિણી વિગેરે અનેકવિધ તપશ્ચર્યાથી ઘણી કર્મનિર્જરા કરી છે. **બે વાર શત્રુંજય મહાતીર્થની ૯૯ યાત્રા તથા છ'રી સંઘ દ્વારા પાલિતાણાની યાત્રા કરી છે !!!...**

**(૬) જામનગર પાસે રાવલસર ગામમાં મગનલાલભાઈ જીવરાજ** (ઉ.વ. ૭૭) નામના પ્રજ્ઞાચક્ષુ શ્રાવક હતા. ૭ વર્ષ પહેલાં તેમની સાથે અમારી મુલાકાત થયેલ. બાલ્યવયમાં જ શીતળાના રોગમાં બંને આંખોની રોશની ગુમાવેલ. છતાં પણ સાંભળી સાંભળીને પાંચ પ્રતિક્રમણ તથા ભક્તામર સ્તોત્ર વિગેરે કંઠસ્થ કરી લીધેલ. રોજ સવાર-સાંજે બંને ટાઈમ લાકડીના ટેકે દેરાસરમાં જઈને બુલંદ સ્વરે વિધિપૂર્વક ચૈત્યવંદન કરતા ! "દૃષ્ટિના અભાવે હું ભલે પ્રભુના દર્શન કરી શકતો નથી. પરંતુ પ્રભુજીની અમી દૃષ્ટિ મારી ઉપર પડશે તો ય મારો બેડો પાર થઈ જશે. એટલા માટે જ રોજ બે ટાઈમ જિનાલયમાં આવું છું." આ હતી તેમની અનુમોદનીય શ્રદ્ધા અને નિષ્ઠા ! બે વર્ષ પહેલાં તેઓ સ્વર્ગસ્થ બન્યા છે.

## ૩૯ : રોજ ૯ કલાક પદ્માસનમાં નવકાર મહામંત્રનો જાપ કરતા અપ્રમત્ત "શ્રાવક શિરોમણિ" દલીચંદભાઈ ધર્માજીની અજોડ આરાધના

અપ્રમત્તપણે અજોડ અનુપમ આરાધના દ્વારા કર્મદલિકોને દળી નાખનારા "શ્રાવક શિરોમણિ" શ્રી દલીચંદભાઈની અજોડ ધર્મચર્યા જાણીને મુનિવરો પણ તેમની શતમુખે પ્રશંસા કર્યા વિના રહી શકતા નથી.

કર્મસાહિત્ય નિષ્ણાત, સુવિશુદ્ધસંયમી, પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સા. ના સત્સંગથી ધર્મ પામેલા આ સુશ્રાવક હાલ ૮૫ વર્ષની જૈફ વયે પણ જે અદ્ભુત આરાધના કરી રહ્યા છે તે જાણીને મસ્તક અહોભાવથી ઝુકી જાય છે !...

રોજ રાત્રે ૯ વાગ્યાથી માંડીને સૂર્યોદય પર્યંત લગભગ ૯ કલાક સુધી પદ્માસનમાં બેસીને સામાયિક પૂર્વક નવકાર મહામંત્રનો જાપ તથા અરિહંત પરમાત્માનું ધ્યાન ધરતા આ સુશ્રાવકને જોઈને ભગવાન મહાવીર સ્વામીના સમયમાં થઈ ગયેલા પુણિયા તથા આનંદ વિગેરે સુશ્રાવકોની યાદ તાજી થયા વગર રહે નહિ !...

અત્યાર સુધીમાં ૨ લાખથી અધિક સામાયિક કરનારા આ શ્રાદ્ધવર્યને પ્રતિદિન ૧૫ સામાયિક (પ્રતિક્રમણ સહિત) કરવાનો નિયમ છે !...

સૂર્યાસ્ત સમયે દૈવસિક પ્રતિક્રમણ કર્યા બાદ માત્ર બે કલાક જ શરીરને આરામ આપીને પુનઃ ૯ વાગ્યાથી પદ્માસનપૂર્વક જાપ-ધ્યાનમાં બેસી જાય છે ! અહો ! કેટલી અપ્રમત્તતા ! દેવદુર્લભ માનવભવની એકેક ક્ષણનો કેટલી જાગૃતિપૂર્વકનો સદુપયોગ !... "સમયં ગોયમ મા પમાયએ" એ પ્રભુ મહાવીર સ્વામીના ઉપદેશને કેવો અદ્‌ભુત રીતે આત્મસાત્ કર્યો હશે ?...

પર્યુષણના ૮ દિવસ તેમજ દર ચૌદશે સાધુ જીવનની નેટ પ્રેક્ટીસ સ્વરૂપ પૌષધ જેવા પવિત્ર અનુષ્ઠાન દ્વારા આત્મગુણોની પુષ્ટિ કરનારા આ સુશ્રાવકશ્રીએ અત્યાર સુધીમાં ૨૦૦૦ થી પણ અધિક પૌષધ કર્યા છે !...

દરરોજ ૫૦૦૦ નવકાર મહામંત્ર (૫૦ બાંધી નવકારવાળી) નો જાપ કરનારા આ આરાધકરત્ને અત્યાર સુધીમાં ૫ ક્રોડથી અધિક નવકાર જાપ દ્વારા પંચ પરમેષ્ઠીઓને પ્રણિધાનપૂર્વક પ્રણામ કરીને પોતાના આત્માને નમ્રતાથી નખ-શિખ ભાવિત કરી દીધો છે !... [આ વાંચીને આપણે પણ કમસે કમ રોજ ૧ બાંધી નવકારવાળી નિયમિતપણે ગણવાનો દૃઢ સંકલ્પ તો અચૂક કરીએ.]

અઠ્ઠમથી વર્ષીતપ તથા પારણે ઠામ ચોવિહાર એકાશણા પૂર્વકના વર્ષીતપ સહિત કુલ ૨૫ વર્ષીતપ, ૧૦ અઠ્ઠાઈ, સિદ્ધિતપ, શ્રેણિતપ, ચત્તારિ અઠ્ઠ દશ દોય તપ, ધર્મચક્ર તપ, સ્વસ્તિક તપ જેવા મોટા મોટા તપ સહિત કુલ ૬ હજાર જેટલા ઉપવાસ, હજારો આયંબિલ-એકાશણા તેમજ ૨૨ વર્ષની વયથી બ્યાસણા, માત્ર ૬ વર્ષની વયથી રાત્રે ચોવિહાર, તથા ૧૬ વર્ષની વયથી ઉકાળેલું પાણી વાપરનાર આ મહાતપસ્વી શ્રાવકરત્નની તપશ્ચર્યાનું વર્ણન વાંચીને હે ધર્મપ્રિય વાચક ! કમસે કમ યાવજ્જીવ નવકારશી-ચોવિહાર નો દૃઢ સંકલ્પ તો અચૂક કરજો.]

ઘરમાં ગૃહજિનાલય તથા જ્ઞાનભંડારનું સુંદર આયોજન કરનાર આ સુશ્રાવકશ્રીના ઘરમાં (આધુનિક કેટલાય ગૃહસ્થોના ઘરોની માફક સિને અભિનતા - અભિનેત્રીઓના કેલેન્ડરો તો હોય જ ક્યાંથી !!) પ્રવેશતાં જ જાણે કોઈ ઉપાશ્રયાદિ ધર્મસ્થાનકમાં પ્રવેશ્યા હોઈએ તેવા પવિત્ર ભાવો પ્રગટ્યા વિના રહે નહિ !...

સાત લાખથી અધિક રૂ. નો સાત ક્ષેત્રોમાં સદ્વ્યય કરવા દ્વારા દાનધર્મને આરાધતા, ૪૦ વર્ષની વયથી બ્રહ્મચર્યવ્રત તથા શ્રાવકના ૧૨ વ્રતોનો સ્વીકાર કરવા દ્વારા શીલધર્મની સુંદર સાધના કરનારા, ત્રણ ઉપધાન તપ સહિત અગાઉ વર્ણાવ્યા મુજબ અનેકવિધ તપશ્ચર્યાના

તોરણોથી જીવનને અલંકૃત કરનારા, છ'રી પાલક સંઘો દ્વારા અનેક તીર્થોની ભાવપૂર્વક યાત્રા કરનારા, વર્ષોથી પૂનામાં ખડકી જૈન સંઘના જિનાલયમાં તેમજ આબુ નજીક આવેલ શ્રીજીરાવલ્લા- પાર્શ્વનાથ તીર્થમાં ટ્રસ્ટી તરીકે નિષ્ઠા અને ખંતથી સેવા આપનારા આ ધર્મસપૂતને ધર્મચક્ર તપના બહુમાન પ્રસંગે ધર્મચક્રતપપ્રભાવક પ. પૂ. **ગણિવર્યશ્રી જગવલ્લભવિજયજી મ. સા. એ સકળ સંઘની ઉપસ્થિતિમાં તા. ૮/૧૦/૯૪ ના રોજ ''શ્રાવક શિરોમણિ'' બિરુદથી નવાજ્યા એ ખરેખર અત્યંત યોગ્ય જ છે.**

મૂળ મારવાડના પરંતુ વર્ષોથી પૂનામાં ખડકી જૈન સંઘમાં રહેતા અને દેશ-વિદેશના લાખો લોકોના લાડીલા આ સુશ્રાવકશ્રીની જિનશાસનને મળેલી ભેટની કથા પણ એટલી જ રોમાંચક છે.

જન્મ થયો ત્યારે નહિ રડતા કે નહિ હાલતા એવા તેમને મૃત જાણીને ગામલોકો દાટવા જતા હતા. પરંતુ રસ્તામાં નવજાતશિશુ હાલવા માંડ્યું !

જન્મ સમયે અતિ ઠંડીથી ઠરી ગયેલ આ બાળકને સંઘ તથા સમાજના મહાપુણ્યોદયે માસી દ્વારા શ્રીજિનશાસનના ચરણે ધરી દીધો !

૭૩ વર્ષની વયે હાર્ટ એટેકના કારણે બેશુધ્ધ થઈ જતાં તેમને હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા. ગ્લુકોઝ તથા લોહીના બાટલા ચાલુ હતા. ત્યાં અચાનક ભાનમાં આવતાં પોતાના હાથે જ ઈંજેક્શનની સીરીંજ કાઢી નાખીને તુરત સામાયિકમાં બેસી ગયા !!!... દેહાધ્યાસથી કેવી મુક્ત દશા !!!..ડોક્ટરો વિગેરેએ આશ્ચર્ય વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે 'દેવ-ગુરુ-**ધર્મની કૃપા એ હાર્ટ એટકને પણ એટેક કરનાર છે !''કેવી અદ્‌ભુત ખુમારી અને ગૌરવ !..**

છેલ્લા ૪૦ વર્ષથી ધંધાનો તેમજ ચંપલના ત્યાગની સાથે સાથે અહંકારનો ત્યાગ કરી વિનમ્રભાવે અપ્રમત્તપણે આરાધના ભરપૂર અનુમોદનીય અને અનુકરણીય આદર્શશ્રાવકજીવન દ્વારા અનેકોને માટે પ્રેરણા રૂપ બની રહેલા આ "શ્રાવક શિરોમણિ" નું જીવંત દૃષ્ટાંત વાંચીને હે ધર્મપ્રિય વાંચકો ! તમે પણ જીવનમાં વધુને વધુ આરાધકભાવ સાથે તત્વત્રયીની ઉપાસના અને રત્નત્રયીની આરાધના દ્વારા દેવદુર્લભ માનવ ભવને સાર્થક બનાવો એ જ શુભાભિલાષા.

પૂના જવાનું થાય ત્યારે "શ્રાવક શિરોમણિ" શ્રી દલીચંદભાઈનું દર્શન કરવાનું ચૂકતા નહિ !

સરનામું : -

જૈન દેરાસર પાસે, ખડકી-પૂના (મહારાષ્ટ્ર)

પીન : ૪૧૧૦૦૩.

# ૪૦ : પ્રતિદિન પંચકલ્યાણકની ઉજવણી તથા ૫૦૦ રૂા.ના પુષ્પો વિગેરેથી પાંચેક કલાક અદ્‌ભુત પ્રભુભક્તિ કરતા

## ગિરીશભાઈ તારાચંદ મહેતા

પાંચેય ઈન્દ્રિયોના પૌદ્‌ગલિક સુખોની પાછળ પાગલ બનીને તેની પ્રાપ્તિ માટે અનિવાર્ય સાધનભૂત પૈસાને જ પરમેશ્વર માનીને રાત-દિવસ તેની પર્યુપાસના માટે પરિશ્રમ કરવામાં મોટા ભાગના લોકો પાછું વાળીને જોતા પણ નથી. તો બીજા કેટલાક લોકો પરમાત્માની ઉપેક્ષા કરીને પૈસા પ્રાપ્તિ માટે અનેક મિથ્યાદૃષ્ટિ, દેવ-દેવીઓની માનતામાંથી ઊંચા આવતા નથી, તો કેટલાક વળી-'અરિહંત પરમાત્મા તો વીતરાગ છે. તેમની ગમે તેટલી ભક્તિ કરીએ તો પણ તેઓ રીઝતા નથી કે વરદાન આપતા નથી, તેથી આપણે તેમના અધિષ્ઠાયક શાસન દેવ-દેવીની ઉપાસના કરીએ જેથી તેઓની કૃપાથી આપણી સાંસારિક વાડી લીલીછમ રહે, તિજોરી ભરપૂર રહે' આવી માન્યતાથી સમ્યગ્દૃષ્ટિ શાસન દેવ-દેવીની રોજ કલાકો સુધી ઉપાસના કરે છે. પરંતુ તેમને ખબર નથી કે જેવી રીતે રાખ જડ હોવા છતાં તેના તથાપ્રકારના સ્વભાવને લીધે તેના અસ્તિત્વમાત્રથી કોઠીનું અનાજ સડતું નથી....હરડે કે પરગોલક્સની ગોળીમાં પણ કોઈ કર્તૃત્વભાવ ન હોવા છતાં તેના સ્વભાવ માત્રથી તેઓનાં પેટમાં અસ્તિત્વને લીધે મલશુદ્ધિનું કાર્ય આપોઆપ થાય છે; તેવી રીતે વીતરાગ પરમાત્મામાં કર્તૃત્વભાવ (હું આ ભક્તના દુઃખ દૂર કરીને તેને સુખી બનાવી દઉં તેવો વિચાર) ન હોવા છતાં તેમના વિશુદ્ધ આત્મ સ્વરૂપનો પ્રભાવ જ એવો અદ્‌ભુત હોય છે કે જે આત્મા ભક્તિભાવ પૂર્વક પોતાના હૃદય મંદિરમાં તેમની પધરામણી કરે છે તેમના રાગ-દ્વેષાદિ ભાવમલ આપોઆપ દૂર થવા માંડે છે. તેમના આત્મિક સદ્‌ગુણો રૂપી અનાજમાં વિષય-કષાયના કીડાઓ ઉપ્પન્ન થઈ શકતા નથી.

**જેવી રીતે અગ્નિનું યથાયોગ્ય રીતે સેવન કરવાથી ઠંડીની પીડા દૂર થાય છે, તેવી રીતે વીતરાગ પરમાત્માની બહુમાનપૂર્વક પર્યુપાસના કરવાથી રાગાદિ દોષોની કાતીલ પીડા અચૂક શાંત થાય છે. ભાવોલ્લાસપૂર્વકની નિષ્કામ પ્રભુભક્તિથી પ્રચંડ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય છે અને અશુભ કર્મોની વિપુલ પ્રમાણમાં નિર્જરા થવાથી વિઘ્નો-આપત્તિઓ દૂર થવા માંડે છે. અનુકૂળતાઓ પ્રાપ્ત થવા માંડે છે. સુખમાં અલીનતા તથા દુઃખમાં અદીનતાની પ્રાપ્તિ થાય છે. ભક્તિની મસ્તીમાં મસ્ત બનેલા સાચા ભક્તને**

**સાંસારિક સુખોની સ્પૃહા પણ રહેતી નથી. એ આત્મતૃપ્ત બની જાય છે. આ વાતની પ્રતીતિ આપણને ગિરીશભાઈ મહેતાના દૃષ્ટાંત દ્વારા થાય છે.**

દેવ-દેવીની ગમે તેટલી ઉપાસના કરવા છતાં જો આપણું પૂર્વસંચિત પુણ્ય ઉદયમાં નહિ હોય તો તેઓ કશું આપી શકતા નથી અને જો પુણ્ય બેલેંસમાં હોય અને તેથી દેવ-દેવી કદાચ પ્રસન્ન થઈને કંઈક ભૌતિક સમૃદ્ધિ આપે તો પણ સકામ ભક્તિ દ્વારા માંગીને મેળવેલી એ સંપત્તિ વિગેરેમાં એવી આસક્તિ ઉત્પન્ન થઈ જાય કે આત્મા-પરમાત્મા-પરલોક કે પરમલોકનો વિચાર પણ ન આવે. પરિણામે સંપત્તિ અને સાંસારિક સુખોમાં આસક્ત બનેલો એ આત્મા દુર્ગતિની પરંપરામાં અટવાઈ જાય છે. જ્યારે અરિહંત પરમાત્માની વિશિષ્ટ કોટિની નિષ્કામ ભક્તિ દ્વારા આ લોકમાં પણ અદ્‌ભુત ચિત્ત પ્રસન્નતા, માનસિક શાંતિ, આત્મિક આનંદ, મૃત્યુમાં સમાધિ, પરિણામે પરલોકમાં સદ્‌ગતિની પરંપરા અને અલ્પ ભવોમાં પરમમુક્તિની પ્રાપ્તિ થાય છે. તો ચાલો આપણે એવા એક વિશિષ્ટ પ્રભુભક્ત આત્માના જીવનમાં થોડો દૃષ્ટિપાત કરીએ.

હાલ મુંબઈમાં કાલબાદેવી રોડ ઉપર ૫૪/૫૬ રામવાડીમાં ૪થા માળે રહેતા ગિરીશભાઈ તારાચંદ મહેતા (ઉં.વ. ૪૦ )ને આજથી લગભગ ૧૨ વર્ષ પહેલાં પાયધુનીમાં ગોડી પાર્શ્વનાથ જિનાલયમાં ઠાઠ-માઠથી અદ્‌ભુત પ્રભુભક્તિ કરતા જોયા ત્યારે અમને પણ એમની પ્રભુભક્તિનો કાર્યક્રમ પૂર્ણ થયો ત્યાં સુધી ત્યાંથી બહાર નીકળવાનું મન ન થયું. ચારેક કલાક પ્રભુભક્તિમાં જાણે ક્ષણવારમાં પસાર થઈ ગયા હોય તેમ લાગ્યું.

લગભગ ૨ લાખ રૂા. ના ચાંદીના ઉપકરણો પ્રભુભક્તિ માટે તેમણે બનાવરાવેલ છે. એક્રીલેકના આકર્ષક સમવસરણમાં પ્રભુજીને બિરાજમાન કરીને ઉત્તમ પ્રકારના પંચરંગી વિવિધ જાતિના પુષ્પો વિગેરેથી એવી નયનરમ્ય અંગરચના કરે કે આપણે જોતા જ રહી જઈએ. અગ્રપૂજા માટે પણ ૫ પ્રકારના ઉત્તમ ફળ, ૫ પ્રકારના સાચા ઘીના નૈવેદ્ય....ઈત્યાદિ રોજ લગભગ ૫૦૦ રૂા. ના પુષ્પ આદિથી તેઓ પ્રભુપૂજા કરે છે. ચાંદીના ૧૦૮ કળશથી ૧ કલાક સુધી પ્રભુજીની અભિષેક પૂજા કરે છે. દરરોજ પ્રભુજીના પાંચ કલ્યાણકની ભાવપૂર્વક ઉજવણી કરે છે. દ્રવ્ય પૂજા ઠાઠમાઠથી કર્યા બાદ ચૈત્યવંદન રૂપ ભાવપૂજા કરે ત્યારે હાથમાં ઘૂઘરા બાંધી ઢોલક જાતે વગાડતાં વગાડતાં આનંદઘનજી મહારાજ, ઉપાધ્યાયશ્રીયશોવિજયજી મહારાજ વિગેરે દ્વારા રચિત ૧૦-૧૨ સ્તવનો ખૂબ જ ભાવવિભોર બનીને ગાય. આ રીતે રોજ ૪-૫ કલાક પ્રભુભક્તિ કરીને ઘરે જાય.

ઘરમાં પણ સુખડ વિગેરેના અનેક આકર્ષક પ્રભુજીને પધરાવેલ છે.

તેમની સમક્ષ બપોરે સામાયિક લઈને જાપ કરે તથા જૈન ધર્મના પુસ્તકો વાંચે છે.

અવાર નવાર પોતાના માતુશ્રીપાર્વતીબાઈને સાથે લઈને શાંત તીર્થસ્થાનોમાં જાય. ત્યાં ૧૦-૧૫ દિવસ રહીને સવિશેષપણે પ્રભુભક્તિમાં ઓતપ્રોત બની જાય.

કેટલાક વર્ષો પૂર્વે જ્યારે તેમની માસિક આવક ખૂબ જ મર્યાદિત હતી ત્યારે પણ ખૂબ જ કરકસર પૂર્વક જીવન જીવતા પરંતુ આવકનો સારો એવો હિસ્સો પ્રભુભક્તિમાં ઉલ્લાસપૂર્વક વાપરતા. આજે આર્થિક સ્થિતિ સધ્ધર છે પરંતુ વધુ કમાવવા માટે તેમને વધુ મહેનત કરવી પડતી નથી. ૨-૩ કલાક જ વ્યવસાય માટે જાય છે. બાકીનો બધો સમય આ રીતે પ્રભુભકિત જાપ-સામાયિક સદ્વાંચન, સત્સંગમાં જ ગાળે છે. જૈન ધર્મ વિષે ખૂબ જ સારું જ્ઞાન ધરાવે છે.

**આ રીતે વિશિષ્ટ પ્રભુભક્તિ કરવાથી એવી અદ્ભુત ચિત્તપ્રસન્નતા અને સાત્ત્વિક આનંદની અનુભૂતિ તેમને થાય છે કે મોહમયી મુંબઈ નગરીમાં રહેવા છતાં, ભર યુવાવસ્થામાં ભરપુર અનુકૂળતામાં પણ તેમને લગ્ન કરવાની ઈચ્છા જ થઈ નથી. લગ્ન માટે આગ્રહ કરતા વડિલોને તેમણે વિનયપૂર્વક જણાવી દીધું કે મારા પરમાત્મા સાથે લગ્ન થઈ ચૂક્યા છે. તેથી મારે બીજા કોઈ સાથે લગ્ન કરવા નથી.** તેમના એક બહેને નિત્યભક્તામરસ્તોત્રપાઠી, તીર્થપ્રભાવક પ.પૂ. આ.ભ. શ્રી **વિજયવિક્રમસૂરીશ્વરજી** મ.સા.ના સમુદાયમાં દીક્ષા લીધી છે. તથા એક ભાણેજે પણ દીક્ષા લઈને ઉપરોક્ત આચાર્ય ભગવંતના શિષ્યરત્ન **મુનિરાજશ્રી અજિતયશવિજયજી** તરીકે દરરોજ અદ્ભુત પ્રભુભક્તિ કરી-કરાવી રહ્યા છે. તેમની તથા તેમના ગુરુભાઈ **મુનિરાજશ્રીવીરયશવિજયજી** મ.સા.ની સ્મરણશક્તિ એટલી તીક્ષ્ણ છે કે બંને જણા બારસાસૂત્ર મોઢે જ સંભળાવે છે. લગભગ ૩૫૦ ગાથા પ્રમાણ પકખીસૂત્ર પણ એક દિવસમાં કંઠસ્થ કરી લીધું હતું. તેઓ બંને આજે સુપ્રસિધ્ધ પ્રવચનકાર પ.પૂ. આ.ભ. શ્રી વિજય **યશોવર્મસૂરીશ્વરજી** મ.સા.ની સાથે વિચરે છે.

તા. ક. હાલમાં જ જાણવા મળ્યું છે કે ગિરીશભાઈએ પોતાના ઘરે નાજુક પણ ભવ્ય ઘર દેરાસર બંધાવી તેમાં શ્રી સીમંધરસ્વામી આદિ પ્રભુજીને પધરાવેલ છે. જે ભવ્યાત્માઓ ત્યાં શુધ્ધ ભાવથી પ્રભુભક્તિ કરે છે તેમને વિશિષ્ટ અનુભવો પણ થાય છે !...

પ્રભુભક્તિની માફક ગિરીશભાઈ પ્રભુજીના પૂજારીની પણ ઉદારતાથી ભક્તિ કરે છે. પૂજારીને પગાર ઘણો આપે છે. તેના ગામમાં તેનું ઘર બનાવી આપ્યું છે તથા એને પોતાના ઘરે ઘરના માણસની જેમ જ પ્રેમથી

રાખે છે !

ઘર દેરાસરમાં પૂજા કરતી વખતે પ્રભુભકિતના રંગમાં ભંગ ન પડે તે માટે ગિરીશભાઈ પૂજા સમયે ટેલીફોનનું રિસીવર પણ નીચે મૂકી દે છે !...

**છેલ્લા કેટલાક સમયથી તેમણે પોતાના ઘરે દ્રવ્યાનુયોગના પ્રખર ચિંતક પંડિતવર્ય શ્રી પન્નાલાલભાઈને પણ કાયમના માટે પોતાના ઘરે જ રાખ્યા છે અને તેમની પાસેથી વિનયપૂર્વક સુંદર જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ કરી રહ્યા છે !....**

કતલખાનાઓમાં થતી રોજની લાખો અબોલ પ્રાણીઓની હિંસા અટકે યા ઓછી થાય એવા શુભ સંકલ્પ પૂર્વક ગિરીશભાઈએ સં. ૨૦૫૨માં જેઠ મહિનામાં શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થમાં ૧૮ અભિષેકના તમામ ચડાવાઓ સ્વયં બોલીને ખૂબ જ વિશિષ્ટ રીતે પ્રભુભક્તિ કરી ત્યારે સદ્ભાગ્યે અમારી પણ ત્યાં હાજરી હતી. દર મહિને સુદિ બીજના દિવસે તેઓ અચૂક શંખેશ્વર તીર્થમાં આવે છે અને પ્રભુજીની પ્રક્ષાલ વિગેરેનો ચડાવો અચૂક તેઓ લે છે.

ગિરીશભાઈ મહેતાના દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવી વિશિષ્ટ કોટિની નિષ્કામ પ્રભુભક્તિ દ્વારા સહુ માનવભવને સફળ બનાવો એ જ શુભાભિલાષા.

ફોન નં. ૨૦૬૦૫૭૯-૨૦૧૩૦૬૫ ઘર

## ૪૧ : દરરોજ પચાસેક જિનાલયોમાં પૂજા કરતા પ્રભુભક્ત સુશ્રાવક

આજે જ્યારે એક બાજુ જૈન કુળમાં જન્મ પામવા છતાં અને જિનાલય ઘરની બાજુમાં હોવા છતાં પણ નિયમિત પ્રભુદર્શન કે જિનપૂજા કરવામાં આળસ કે ઉપેક્ષા ધરાવનારો એક મોટો વર્ગ છે ત્યારે બીજી બાજુ ભૂતકાળના વિશિષ્ટ જિનભક્ત શ્રાવકપુંગવોની ઝાંખી કરાવે તેવા અજોડ પ્રભુભક્ત આત્માઓ પણ શ્રી જિનશાસનમાં વિદ્યમાન છે.

દરરોજ ૫૦-૫૫ જિનાલયોમાં માત્ર દર્શન જ નહિ પરંતુ પ્રભુપૂજા કરનારા શ્રાવકની વાત કદાચ જલ્દી ન માનવામાં આવે તેવી લાગતી હોય પરંતુ તા. ૨૮/૧/૯૬ ના અમદાવાદના એક ઉપાશ્રયમાં એવા શ્રાવકરત્નની મુલાકાત થઈ ત્યારે તેમના હૈયાના ઉદ્ગારો સાંભળીને અમારું હૈયું પણ અત્યંત ભાવવિભોર બન્યા સિવાય ન રહી શક્યું.

પોતાનું નામ ન છાપવાની એ નિઃસ્પૃહી પ્રભુભક્તની ખાસ

આગ્રહભરી વિનંતિ હોવાથી અહીં આપણે તેમનો "જિનદાસ" તરીકે ઉલ્લેખ કરીશું.

મૂળ રાધનપુરના અને હાલ અમદાવાદમાં રહેતા "શ્રી જિનદાસ" ભાઈ (ઉં.વ.૪૫)ને ધાર્મિક વારસો તો વડિલો તરફથી મળેલો જ હતો. તેમાં પણ **પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા મામા રમણિકભાઈની શુભ પ્રેરણાથી તેમને પ્રભુભક્તિનો ચોલમજીઠ જેવો રંગ લાગ્યો છે.

પોતાની પૂર્વાવસ્થાનું નિખાલસભાવે વર્ણન કરતાં તેમણે જણાવ્યું કે સં. "૨૦૩૧ થી સં. ૨૦૪૫ સુધીના પંદર વર્ષ તો મેં ભૌતિક સમૃદ્ધિના હેતુથી પદ્માવતી દેવીની ઘણી ઉપાસના કરી. પરંતુ તેનાથી કાંઈ ફાયદો જણાયો નહિ. છેવટે એક દિવસ મારા મામા (કે જેમની એક સુપુત્રીએ દીક્ષા અંગીકાર કરેલ છે) એ મને ટકોર કરી કે - **'જિનદાસ ! દેવ-દેવીની પૂજા પાછળ ગાંડા બનવા કરતાં ૬૪ ઈન્દ્રો તથા અસંખ્ય દેવ-દેવીઓ જેમના દાસ છે એવા દેવાધિદેવ અરિહંત પરમાત્માની ભક્તિ પાછળ ગાંડો બન તો તારો બેડો પાર થઈ જશે' !... અને સમયસરની એ ટકોરે મારા જીવનમાં 'ટર્નીંગ પોઈન્ટ' લાવી દીધું.** સં. ૨૦૪૫ ના ભાદરવા મહિનામાં હું શંખેશ્વર તીર્થમાં ગયો. ત્યાં પદ્માવતી દેવીની રજા લેતાં મેં કહ્યું કે - આજથી હવે હું માત્ર અરિહંત પરમાત્માનું જ શરણું સ્વીકારું છું. તેથી સાધર્મિક તરીકે તમારા લલાટે તિલક કરીશ પરંતુ એનાથી વિશેષ કાંઈ નહિ કરી શકું તો મને ક્ષમા કરશો. **ત્યારબાદ અત્યાર સુધી દેવી ઉપાસના ખાતર અરિહંત પરમાત્માની કરેલી ઉપેક્ષા બદલ આખી રાત પ્રભુને યાદ કરીને ખૂબ જ રડયો. એ રાત્રે મને પ્રભુદર્શન થયા.**

ત્યારબાદ હું નિયમિત પ્રભુપૂજા કરવા લાગ્યો. શરૂઆતમાં કેટલાક સમય સુધી જોઈએ તેવા ભાવ આવતા ન હતા. પરંતુ તેમ છતાં મેં નક્કી કર્યું કે જો મારી આર્થિક સ્થિતિ થોડી સુધરે તો હું એક જિનાલય બંધાવું. અને દેવ-ગુરુકૃપાથી મારી એ ભાવના ટૂંક સમયમાં ફળીભૂત થઈ. પરિણામે અમદાવાદમાં જ એક ઠેકાણે જિનાલયની ખાસ આવશ્યક્તા હતી. તેના સમાચાર મળતાં મેં એ તક ઝડપી લીધી અને એ લાભ મને આપવા માટેની મારી વિનંતિનો ત્યાંના શ્રીસંઘે સહર્ષ સ્વીકાર કર્યો. સં. ૨૦૪૬ના મહા સુદિ ૧૪ ના એ જિનાલયમાં ૪૫૦ વર્ષ પ્રાચીન શ્રીસહસ્રફણા પાર્શ્વનાથ ભગવંતની પ્રતિષ્ઠા પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની તારક નિશ્રામાં થઈ.

શરૂઆતામાં અમે ભાડાના મકાનમાં રહેતા હતા. પરંતુ જ્યારથી ઉપરોક્ત જિનાલય બંધાવવાનો નિર્ણય કર્યો ત્યારથી આર્થિક સ્થિતિ

ઉત્તરોત્તર સુધરતી ગઈ. પરિણામે સં. ૨૦૪૯માં રાધનપુરથી સિધ્ધાચલજી મહાતીર્થનો છ'રીપાલક યાત્રા સંઘ પ. પૂ. આ. ભ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં કઢાવવાનો મહાન લાભ પણ અમારા પરિવારને મળ્યો ! [અન્ય શ્રાવક પાસેથી જાણવા મળ્યું કે આ સંઘની પૂર્ણાહુતિ પ્રસંગે અમદાવાદથી ૭૫ બસ તથા રાધનપુર વિગેરેથી ૭૫ બસ મળી કુલ ૧૫૦ લક્ઝરી બસો દ્વારા "શ્રી જિનદાસભાઈ" એ પોતાના ખર્ચે સાધર્મિકોને પાલિતાણા બોલાવી ૨ દિવસ સુધી તેમની સુંદર ભક્તિ કરી. તથા તીર્થમાળને દિવસે આખો દિવસ આખા પાલિતાણાને જમાડેલ. તે દિવસે ટાંગાવાળા પણ જમવા પધારે તો તેમને પણ પ્રેમથી જમાડવામાં આવેલ.]

ઉપરોક્ત જિનાલય બંધાવ્યા પછી તથા છ'રીપાલક યાત્રા સંઘ કઢાવ્યા પછી ઉત્તરોત્તર પ્રભુભક્તિના ભાવોમાં પણ ઠીક ઠીક અભિવૃધ્ધિ થવા લાગી. મારા પરમ ઉપકારી આચાર્ય ભગવંતે પણ જિનભક્તિ વિશિષ્ટ રીતે કરવા માટે પ્રેરણા કરી. જેથી મને પણ લાગ્યું કે મારામાં તપ વિગેરેની સાધના કરવાની તો શક્તિ નથી પરંતુ પ્રભુભક્તિ એ સંસાર સાગર તરવા માટે સરળ અને સચોટ સાધન છે. પાર્શ્વનાથ ભગવંતના જીવે પૂર્વભવમાં ૫૦૦ કલ્યાણકની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરી હતી તો હું કમસે કમ ૫૦૦ પ્રભુજીના રોજ દર્શન-પૂજન તો કરું. આવી ભાવનાથી પ્રેરાઈને હું રોજ સવારે લગભગ ૫ા થી ૯ા દરમ્યાન ચાલીસેક જિનાલયોમાં પ્રભુપૂજા કરું છું. ત્યારબાદ નવકારસી કરીને ફરી આજુબાજુના દશ જિનાલયોમાં પૂજા કરું છું. બીજા કોઈ ગામમાં હોત તો કદાચ આટલા જિનાલયોની પૂજા કરવાની અનુકૂળતા ન પણ હોત પરંતુ અમદાવાદમાં આ લાભ સહેલાઈથી મળી શકે છે."

'તમે ક્યા ક્યા જિનાલયોમાં રોજ પૂજા કરો છો ?' આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે નીચે મુજબના જિનાલયો ગણાવ્યા. શાહપુરના-૨, ખાડીયાનો ૧, હઠીસિંગનું જિનાલય ૧, પંચભાઈની પોળમાં ૨, ઘીકાંટાનો ૧, જેસિંગભાઈની વાડીમાં ૧, પાંજરાપોળ વિસ્તારમાં ૫, રિલીફરોડ-શાંતિનાથ જિનાલય ૧, લહેરીયાની પોળમાં ૧, જગવલ્લભ પાર્શ્વનાથ આદિ ૫, ઝવેરીવાડ તથા દોશીવાડાની પોળના ૧૨, પતાસાની પોળમાં ૪, શેખનાપાડામાં ૪, દેવસાની બારીમાં ૪, આ રીતે ૪૪ જેટલા જિનાલયોમાં પૂજા કર્યા પછી ૯ા વાગ્યે નવકારશી કર્યા બાદ ફરી વિજયનગરમાં ૧, નારણપુરા ચાર રસ્તામાં ૧, પ્રગતિનગર ૧, મીરાંબિકા ૧, ઓસમાનપુરા-૨, શાંતિનગર-૧, ઝેવરીપાર્ક-૧, હસમુખ કોલોની-૧, આ રીતે બીજા ૧૦ મળી

કુલ ૫૪ જિનાલયોમાં પૂજા કરું છું. દરેક જિનાલયમાં મૂળનાયક ભગવંતની નવાંગી પૂજા કરું છું. તથા બાકીના પ્રભુજીને ૨ અંગૂઠે તથા લલાટે તિલક કરું છું. શરૂઆતમાં એકાદ જિનાલયમાં પૂજા કરતો હતો ત્યારે જોઈએ તેવી એકાગ્રતા કે ભાવ આવતા ન હતા. પરંતુ આ રીતે અનેક જિનાલયોમાં પૂજા **કરતાં ખૂબ જ આનંદ-ઉલ્લાસનો અનુભવ થાય છે. પ્રભુજીને જોતાં જ હૈયું ગદ્‌ગદ બની જાય છે. આંખોમાંથી હર્ષાશ્રુની ધારાઓ વહેવા માંડે છે. અને એવા અવર્ણનીય આનંદનો અનુભવ થાય છે તે ન પૂછો વાત. મારો અંતરાત્મા એમ કહે છે કે હવે ૪-૫ ભવથી વધારે સમય સંસારમાં રખડવું નહિ પડે !... આ આંસુ એ જ મારી સાચી સંપત્તિ છે. તે સિવાય મને બીજું કશું આવડતું નથી.**

વળી આ રીતે અનેક જિનાલયોમાં દર્શન-પૂજન કરવામાં આનુસંગિક રીતે બીજો મોટો લાભ એ પણ મળે છે કે તે તે જિનાલયોમાં પ્રભુદર્શન કરવા માટે પધારેલા લગભગ ૨૦૦ જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતોના દર્શન પણ થઈ જાય છે.

હાલ તો જિનદર્શન કરવા માટે જિનાલયે જવું પડે છે તથા જિનવાણીશ્રવણ કરવા માટે ઉપાશ્રયે આવવું પડે છે. પરંતુ હવે આ બંનેનો એક જ જગ્યાએ લાભ લેવાના મનોરથ છે. **અર્થાત્ હવે તો સમવસરણમાં સાક્ષાત્ શ્રીજિનેશ્વર ભગવંતના દર્શન તથા દેશના શ્રવણ કરવાના ભાવ રહે છે અને તે જરૂર પૂર્ણ થશે જ એવી શ્રધ્ધા છે. હવે તો સાક્ષાત્ શ્રી જિનેશ્વર ભગવંતના હસ્તે જ ચારિત્ર ગ્રહણ કરવું છે અને એવું અણિશુદ્ધ ચારિત્ર પાળવું છે કે જેથી એ જ ભવમાં મુક્તિની પ્રાપ્તિ થઈ જાય !''...**

વળી તેમણે ઉમેર્યું કે -" મને હવે જ્યારે પણ તીર્થંકર પરમાત્મા કે કેવલી ભગવંત મળશે ત્યારે તેમને આ પ્રમાણેના ૪ પ્રશ્નો પૂછવા છે. (૧) મને ક્યા સિધ્ધ ભગવંતે નિગોદમાંથી બહાર કાઢ્યો ? (૨) આનાથી અગાઉ ક્યા તીર્થંકર ભગવંતની દેશના સાંભળી હતી ? (૩) ભગવંતની દેશના સાંભળવા છતાં ક્યા કારણે હું અત્યાર સુધી સંસારમાં ભટકતો રહ્યો ? (૪) હવે ક્યા ભગવાનના શાસનમાં મારો મોક્ષ થશે ?"

**''અત્યાર સુધીમાં તમે ક્યા ક્યા તીર્થોની યાત્રા કરી છે ?' એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું કે - ''દર વર્ષે પાલિતાણાની યાત્રા ૯ વાર કરું છું. તથા નીચેના પાંચ તીર્થોમાં દર મહિને એકવાર તો અચૂક જાઉં છું (૧) મેડતા રોડ (ફલવૃધ્ધિપાર્શ્વનાથ ભગવંતનું ૫૨ જિનાલય (૨) શંખેશ્વર પાર્શ્વનાથ (૩) જીરાવલ્લા પાર્શ્વનાથ (૪) ચારૂપ (૫) ભીલાડ -નંદીગ્રામ.** દર શનિ-રવિવારે તીર્થયાત્રાનો લાભ લેતાં ખૂબ જ આનંદ અનુભવાય છે. તેમાં પણ રાજસ્થાનમાં જોધપુર જિલ્લામાં મેડતા રોડના ફલવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવંતના જિનાલયમાં મને

સહુથી વધારે આનંદ અનુભવાય છે. જો કોઈપણ શ્રાવકને આપ તીર્થયાત્રા માટે પ્રેરણા કરો તો મેડતા રોડની યાત્રા કરવાની ખાસ પ્રેરણા કરજો એવી મારી નમ્ર વિનંતિ છે. ૪-૫ કલાક ત્યાં જિનભક્તિ કર્યા પછી એ ગામમાં અન્ય કોઈ પ્રવૃત્તિ ન કરતાં અન્યત્ર ચાલ્યા જવું !... હવે હિન્દુસ્તાનના બધા જૈન તીર્થોની યાત્રા ૨-૩ વર્ષમાં કરવાની ભાવના છે !... તથા સૂરતમાં અડાજણ પાટિયા ચાર રસ્તા પાસે એક જિનાલયની જરૂર હોવાથી ત્યાં જિનાલય બંધાવવાનો લાભ પણ દેવ-ગુરુ કૃપાથી મને મળ્યો છે. ત્યાં ૨૧૦ કિલો વજનના પંચધાતુના શ્રીવિમલનાથ ભગવંતની પ્રતિષ્ઠા કરાવવાની ભાવના છે.

જિનભક્તિ તથા ઉપકારી ગુરુ મહારાજની પ્રેરણાની ફલશ્રુતિ રૂપે મારું લક્ષ્ય મુખ્યત્વે આ ૩ સદ્‌ગુણો કેળવવાનું રહ્યું છે (૧) સમતા (૨) એકાગ્રતા (૩) જીવ મૈત્રી. કોઈ જીવને ભલે બીજું કશું આવડતું ન હોય તો પણ જો આ ત્રણ સદ્‌ગુણો આત્મસાત્ કરી લે તો તેનો બેડો પાર થયા વગર રહે નહિ. જીવમાત્ર મૂળ સ્વરૂપે સિધ્ધ પરમાત્મા છે. તેથી કોઈ પણ જીવની અવગણના-આશાતના ન થાય તેની ખાસ કાળજી રાખું છું..."

એમ પણ જાણવા મળ્યું છે કે "જિનદાસભાઈ" રાધનપુરમાં હતા ત્યારે પોતાના પિતાની દર માસિક તિથિએ સમૂહ આયંબિલ કરાવતા અને આયંબિલ કરનાર દરેકને ૪૦ -૫૦ રૂ.ના ઉપકરણો પ્રભાવના તરીકે આપતા.

આવા ઉદારદિલ, વિશિષ્ટ પ્રભુભક્ત સુશ્રાવકશ્રીના દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવી સહુ જીવો વિશિષ્ટ જિનભક્તિ દ્વારા માનવભવને સાર્થક બનાવે એજ શુભ ભાવના.

## ૪૨ : શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતને ક્રોડ ખમાસમણ આપનાર ભોગીલાલભાઈ માણેકચંદ મહેતા

ઈન્સર્ટ કરીને આજનો યુવાન દેરાસરમાં કદાચ પ્રવેશ તો કરે છે પણ ઈસ્ત્રી ટાઈટ કપડાની ગળી બગડી જવાના ભયથી દેવાધિદેવ ત્રિલોકીનાથ અરિહંત પરમાત્મા સમક્ષ પણ અક્કડ થઈને જ ઉભો રહે છે !...

તો બીજા કેટલાક ૩ ખમાસણ આપે ખરા પણ તેમાંય શાસ્ત્રોક્ત વિધિમુજબ બે હાથ, બે ઢીંચણ તથા લલાટ એમ પાંચ અંગ જમીનને અડાવવા પૂર્વક પંચાંગ પ્રણિપાત કરનારા કેટલા ?

કેટલાક પ્રથમ ખમાસમણ વખતે કદાચ પાંચ અંગ જમીનને અડાડે

ખરા પણ બાકીના બે ખમાસમણ તો બેઠા બેઠા જ પતાવે !...

**ત્યારે બીજી બાજુ જૈફ ઉંમરે પણ દરેક ખમાસમણ વખતે ઊભા થઈને પંચાંગ પ્રણિપાતપૂર્વક પરમાત્માને પંદર વર્ષમાં ક્રોડ વાર વંદના કરનાર ભોગીલાલભાઈને (હાલ ઉ.વ.. ૭૮) ખરેખર વંદન કરવાનું કોને મન નહીં થાય ?**

કચ્છ-ગોધરા ગામમાં વિ. સં. ૨૦૨૬માં પરમ તપસ્વી, તત્ત્વજ્ઞા પૂ. સા. **શ્રી જગતશ્રીજી મ.સા.** અને તેમના પરમ વિનીત શિષ્યા, યોગનિષ્ઠા પૂ. સા. **શ્રી ગુણોદયશ્રીજી મ.સા.** આદિ ઠાણાનું ચાતુર્માસ થયું. ત્યારે તેમના સદુપદેશથી ભોગીલાલભાઈને "વંદના તે પાપ નિકંદના" નું મહત્ત્વ સમજાયું અને તેમની પ્રેરણાથી ધર્મમાં ઉત્તરોત્તર પ્રગતિના પંથે આગળ ધપતાં તેમણે નીચે મુજબ હેરત પમાડે તેવી આરાધના કરી છે અને હજી પણ કરી રહ્યા છે. આરાધનાનો પ્રારંભ કર્યો ત્યારે તેમની ઉંમર ૫૦ વર્ષની હતી !

(૧) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમો નમઃ" આટલું ઊભા ઊભા બોલીને પંચાંગ પ્રણિપાતપૂર્વક પ્રભુજીને ખમાસમણ આપતા. આ રીતે ૧૫ વર્ષમાં કુલ ૧ ક્રોડ ખમાસમણ આપીને પરમાત્માને વંદના કરી છે. પોતાના આત્માને હળુકર્મી બનાવેલ છે. **રાત્રે ૨ વાગ્યે ઊઠીને તેઓ ખમાસમણ આપતા. એકી સાથે ૫૦ કે ૧૦૦ જેટલા ખમાસમણ આપ્યા બાદ થોડું હલન ચલન કરતા. ફરી આગળ ખમાસમણ આપતા. રોજ સવારે તથા રાત્રે મળીને લગભગ ૩ હજાર ખમાસણ આપતા !!!... ૧ કલાકમાં ૧ હજાર ખમાસમણ આપતા !** (૨) ઉપરોક્ત મંત્ર બોલીને બેઠા બેઠા જ બે હાથ જોડી, મસ્તક નમાવવા પૂર્વક ૩ વર્ષમાં ૧ ક્રોડ વાર પરમાત્માને વંદના કરી છે !... (૩) ઉભડક આસને બેસીને ઉપરોક્ત મંત્ર બોલવા પૂર્વક બે હાથ જોડી, મસ્તક નમાવીને પાંચ વર્ષમાં ૧ ક્રોડ વાર વંદના કરી છે !....

(૪) ઉપરોક્ત મંત્રનો ૧ ક્રોડ વાર જાપ ૧૫ વર્ષમાં સ્થિરતા પૂર્વક કરેલ છે.

(૫) નવકાર મહામંત્રનો ૧ ક્રોડ વાર જાપ કરેલ છે !

(૬) "નમો અરિહંતાણં" પદનો ૧ ક્રોડ વાર જાપ કરેલ છે. હમણાં દરરોજ ૨૫ બાંધી નવકારવાળી તથા શાંતિનાથ ભગવાન અને શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ૨૫-૨૫ માળાનો જાપ સવારે વહેલા ઊઠીને કર્યા બાદ રાઈ પ્રતિક્રમણ તેમજ સામાયિક કરવાનો તેમનો ક્રમ ચાલુ છે. ૧ કલાકમાં ૧૨ બાંધી નવકારવાળી ગણી શકે છે !

(૮) નવપદજીની શાશ્વતી ઓળીની આરાધના ૩૫ વાર કરી છે. ૧ વર્ષીતપ તથા સમવસરણ તપ તેમજ છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ વિગેરે તપશ્ચર્યા

કરી છે.

(૯) પાલિતાણા, શંખેશ્વર તેમજ રાજસ્થાન અને કચ્છના અનેક તીર્થોની યાત્રા અનેકવાર કરી છે. રોજ ૨ કલાક પ્રભુપૂજા કરે છે.

ક્રોડી જાપ અને ખમાસમણ દ્વારા તેમને અનેકવાર સુંદર અનુભવો પણ થયા છે જે તેમના સ્વમુખે જાણવા યોગ્ય છે.

તેમનું સરનામું નીચે મુજબ છે.

ભોગીલાલભાઈ માણેકચંદ મહેતા

મુ. પો. ગોધરા-કચ્છ

તા. માંડવી-કચ્છ

પીન : ૩૭૦૪૫૦

## ૪૩ : ૮૨ વર્ષ સુધી અખંડ પ્રભુપૂજા દ્વારા સમાધિમરણને સાધતા પદ્મચંદજી કોચર

મૂળ રાજસ્થાનમાં ફલોદી નગરમાં જન્મેલા સુશ્રાવક શ્રી પદ્મચંદજી કોચર વ્યવસાયાર્થે અમદાવાદમાં નવા માધુપુરા વિસ્તારમાં રહેતા હતા.

તેમના જીવનમાં પ્રભુભક્તિ, ગુરુભકિત તેમજ સાધર્મિક ભક્તિ અદ્‌ભુત રીતે વણાયેલ હતી.

કોઈપણ સાધર્મિક એમના ઘરે પધારે તેમની એવી ભાવપૂર્વક ભક્તિ કરે કે આગંતુક સાધર્મિક યાવજ્જીવ સુધી એ પ્રસંગને ભૂલી ન શકે અને એમની પાસેથી સદ્‌ગુણોની સુવાસ મેળવીને જ જાય.

**પ્રભુપૂજા પ્રત્યે તેમને સવિશેષ પ્રીતિ હતી. ૧૦ વર્ષની ઉંમરથી તેમણે જિનપૂજાનો પ્રારંભ કરેલ તે ઠેઠ ૯૨ વર્ષની ઉંમરે તેમનો દેહવિલય થયો ત્યારે છેલ્લા પાંચેક દિવસ તેઓ પૂજા કરી ન શક્યા. તે સિવાય ૮૨ વર્ષ સુધી લાગલાગટ અખંડપણે પ્રભુપૂજા કરી !....**

તે દરમ્યાન એક વાર તેઓ પડી ગયા હતા. પગમાં ફ્રેક્ચર થયેલ. બંને હાથમાં લાકડાની ઘોડીઓથી ચાલવું પડતું. તો પણ નવા માધુપુરાથી હઠીસીંગના પર જિનાલયમાં ચાલતા જઈને તેઓ નિયમિત પૂજા કરતા હતા !....

જીવનમાં આત્મસાત્ કરેલી પ્રભુભક્તિનો અદ્‌ભુત પ્રભાવ અંતિમ

સમયે સહુએ નિહાળ્યો.

**જીવનની અંતિમ ઘડીઓ ગણાઈ રહી હતી ત્યારે ચતુર્વિધ સંઘની હાજરીમાં કપાળ ઉપર અંજલિ જોડીને ''જય વીયરાય'' પાર્થના સૂત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં ''આભવમખંડા'' પાઠ બોલતાં જ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું !!!...**

ઉપસ્થિત ચતુર્વિધ સંઘ આવું અદ્‌ભુત પંડિત મરણ નિહાળી ભગવાન પાસે એક જ પ્રાર્થના કરી રહ્યો કે "અમોને પણ આવું સમાધિ મરણ મલો"

## ૪૪ : રોજ ત્રિકાળ ૩૪૬ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતા ઉત્કૃષ્ટ આરાધક શ્રાધ્ધવર્ય હિંમતભાઈ બેડાવાલા

'એ તો લગભગ સાધુ જેવું જીવન જીવે છે' આવા શબ્દો કેટલાયના મુખેથી એમના માટે બોલાય છે એવા શ્રાધ્ધવર્ય શ્રી હિંમતભાઈ વનેચર બેડાવાલા (ઉં. વ. ૭૦ લગભગ) અધ્યાત્મયોગી પ. પૂ. પંન્યાસ પ્રવર **શ્રીભદ્રંકર વિજયજી મ.સા.**ના વિશિષ્ટ કૃપાપાત્ર અને તેઓશ્રીના માર્ગદર્શન મુજબ આત્મસાધનાના પંથે હરણફાળ ગતિએ આગેકૂચ કરી રહેલા મહાન સાધક આત્મા છે.

અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ - સમ્યગ્દર્શન -સમ્યક્જ્ઞાન- સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ આ નવપદજીની આરાધના જાણે કે તેમના રોમેરોમમાં વણાઈ ગઈ હોય તેમ તેઓ નવપદજીના ૩૪૬ ગુણો પ્રમાણે ૩૪૬ લોગસ્સનો કાઉસ્સગ્ગ રોજ ત્રિકાળ કરે છે !!!....

લગભગ ૬ વિગઈનો ત્યાગ, ૫ દ્રવ્યોથી વધુ દ્રવ્યો ન વાપરવા, વર્ધમાન તપ તથા નવપદજીની આયંબિલની ઓળીઓ કરવી. મોટા ભાગનો સમય સામાયિકમાં જ વીતાવવો, પર્વતિથિએ પૌષધ કરવા, મસ્તક તથા દાઢીમૂછના વાળનો લોચ કરાવવો, જીવ વિરાધનાથી બચવા માટે ચોમાસામાં ક્યાંય બહાર જવું નહિ, શેષકાળમાં સિધ્ધચક્ર પૂજન ભણાવવા માટે મુંબઈ બહાર જવાનું થાય તો બહારનું પાણી પણ પીવું નહીં, રોજ સંક્ષેપમાં સિદ્ધચક્રનું પૂજન કરવું, પંચ પરમેષ્ઠીને ખમાસમણ આપવા વિગેરે અનેકવિધ આરાધનાઓથી મઘમઘતું તેમનું જીવન ખરેખર ખૂબ જ અનુમોદનીય તથા અનુકરણીય પણ છે.

તેમની ધર્મદૃઢતાના થોડા અનુમોદનીય પ્રસંગો ટૂંકમાં જોઈએ. (૧) એકવાર સાંજે પ્રતિક્રમણ પછી તેઓ દેરાસરમાં કાઉસ્સગ્ગ કરી રહ્યા હતા. ભવિતવ્યતાવશાત્ પૂજારીને તેમની ઉપસ્થિતિ ખ્યાલ બહાર રહી ગઈ અને દેરાસરનો દરવાજો બંધ કરી દીધો. નિયત કાઉસ્સગ્ગ પૂર્ણ થતાં હિંમતભાઈને આ બાબતનો ખ્યાલ આવ્યો પરંતુ તેમણે દરવાજો ખોલાવવા માટે કોઈ જ પ્રયત્નો ન કર્યા. ઊલટું **"આજે તો આખી રાત પ્રભુના સાંનિધ્યમાં ગાળવા મળશે" એવી ભાવનાથી આખી રાત અપ્રમત્તપણે કાઉસ્સગ્ગમાં જ વીતાવી.** સવારે પૂજારીએ દરવાજો ખોલ્યો ત્યારે જ ઉતાવળમાં પોતાના હાથે થયેલી ભૂલનો ખ્યાલ આવતાં તેણે માફી માંગી પરંતુ હિંમતભાઈએ તો તેને જરાપણ ઠપકો ન આપ્યો પરંતુ પ્રભુધ્યાનનો આવો ઉત્તમ અવસર મળવા બદલ આનંદ જ વ્યક્ત કર્યો ! કેવી અપ્રમત્તતા, અંતર્મુખતા અને પ્રભુ સાથે પ્રીત !!!...

(૨) ૫-૬ વર્ષ પહેલાં મહારાષ્ટ્રમાં અહમદનગરમાં સિદ્ધચક્રપૂજન ભણાવવા માટે હિંમતભાઈ ગયા હતા. ત્યારે મુંબઈથી કોલ આવ્યો કે 'હમણાં જ પાછા આવો. તમારા ધર્મપત્નીની તબીયત એકદમ સીરીયસ છે !' પરંતુ દૃઢધર્મી એવા હિંમતભાઈએ જવાબ આપ્યો કે- 'સિદ્ધચક્ર પૂજન છોડીને અધવચ્ચે ન જવાય. જે થવાનું હશે તે થશે. વળી આ પ્રભુભક્તિથી જ તેને સારું થઈ જવું જોઈએ !' આ રીતે કહીને જરાપણ ચિંતા કર્યા વિના ખૂબ જ ભાવથી પૂજન ભણાવ્યું અને **ધર્મપ્રભાવે તેમના ધર્મપત્નીની તબીયત પણ સારી થઈ ગઈ. કેવી અપૂર્વ ધર્મશ્રદ્ધા ! કેવો અનાસક્ત ભાવ !**

(૩) એકવાર હિંમતભાઈના ઘરમાં સરકારી રેડ પડી. ધર્મશ્રદ્ધાથી ચાવીઓ સરકારી અમલદારોને સોંપી દઈ પોતે ભાવથી નવકાર ગણવા લાગ્યા. **અધિકારીઓ કબાટમાં તપાસ કરે છે. ઘણા રૂપિયા વિગેરે હોવા છતાં તેમને દેખાયા નહિ ! આખરે તેઓ ચાવીઓ સોંપીને પાછા ચાલ્યા ગયા !** આનું : નામ **"ધર્મો રક્ષતિ રક્ષિતઃ"** આપણા દ્વારા રક્ષાયેલો (સારી રીતે પાલન કરાયેલો) ધર્મ અવસરે આપણું જરૂર રક્ષણ કરે છે.

દશેક વર્ષે પહેલાં વાલકેશ્વરમાં હિંમતભાઈના ઘરે જવાનું થયું ત્યારે તેઓ સામાયિકમાં મૌનપૂર્વક જાપ કરી રહ્યા હતા. તેમનું સરનામુ નીચે મુજબ છે.

વિધિકાર શ્રી હિંમતભાઈ વનેચર, રતિલાલ ઠક્કર માર્ગ, ચંદનબાલા, વાલકેશ્વર, મુંબઈ ૪૦૦૦૬. ફોન : ૮૧૨૯૮૮૫. હિંમતભાઈની ઉત્કૃષ્ટ આરાધનાની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

## ૪૫ : રોજ સિદ્ધચક્ર પૂજન કરતા, સ્વાનુભૂતિ સંપન્ન શ્રાદ્ધવર્ય શ્રી બાબુભાઈ કડીવાલા

નવકાર મહામંત્રના પરમ આરાધક તેમજ પ્રભાવક, અજાતશત્રુ, અધ્યાત્મયોગી, યથાર્થનામી, પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના કેટલાક વિશિષ્ટ કૃપાપાત્ર, ઉત્તમ આરાધક શ્રાધ્ધવર્યોમાંના એક આત્મ સાધક એટલે શ્રી બાબુભાઈ કડીવાલા (ઉ.વ. ૬૮).

દરરોજ સિદ્ધચક્રપૂજન ન થાય ત્યાં સુધી મુખમાં પાણી પણ નહિ નાખતા બાબુભાઈ સિધ્ધચક્રમહાપૂજન ઉપરાંત ત્રિદિવસીય અર્હત મહાપૂજન ભણાવ- નાર વિધિકાર તરીકે જૈન સંઘોમાં સુપ્રસિદ્ધ છે.

સાલંબન ધ્યાન પ્રયોગ, મહાવિદેહની ભાવયાત્રા, શ્રીપાળ-મયણા રાસના આધ્યાત્મિક રહસ્યો, દિવ્ય જીવન જીવવાની કળા-શ્રી નવકાર.... આ વિષયો ઉપર તેમણે મનનીય પુસ્તકો લખ્યા છે તથા જૈન સંઘોમાં પણ પૂજન વખતે વિવેચન કરીને શ્રોતાઓને રસ તરબોળ બનાવે છે એટલું જ નહિ પરંતુ આ વિષયો તેમની દૈનિક આત્મસાધનામાં સારી રીતે વણાયેલા છે.

હાલ પ્રાયઃ દર વર્ષે પર્યુષણ કે નવપદજીની ઓળીની આરાધના કરાવવા માટે અથવા ઉપરોક્ત વિષયો ઉપર આધ્યાત્મિક વાર્તાલાપ માટે તેમને અમેરિકા વિગેરેના જૈન સંઘોના આમંત્રણથી વિદેશ જવાનું થાય છે ત્યારે ૩૦ કલાક સુધી સળંગ પ્લેનની મુસાફરીને કારણે સિદ્ધચક્રપૂજન ન થઈ શકે ત્યાં સુધી તેઓ પાણી પણ પીતા નથી. કેવી અદ્ભુત ભક્તિનિષ્ઠા !

રોજ રાત્રે ૨॥ થી ૫॥ સુધી સામાયિક પૂર્વક જાપ અને અરિહંત પરમાત્માનું સાલંબન ધ્યાન કર્યા બાદ સવારે ૭ થી ૧૦ સુધી દેરાસરમાં લઘુસિદ્ધચક્રપૂજન કરીને રોજ શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિ ઉપર પ્રસન્ન થયેલા સૌધર્મેન્દ્રે અર્પેલ, અરિહંત પરમાત્માના ૨૭૩ વિશિષ્ટ વિશેષણ ગર્ભિત, મહાપ્રભાવશાળી શ્રી વર્ધમાન શક્રસ્તવનો પાંચ વખત પાઠ કરે છે. તથા તેના મૂળ મંત્ર ''ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ'' ની ૨૫ માળાનો જાપ કરે છે. તેમના ઘરના દરેક સભ્યો પણ આ શ્રીવર્ધમાન શક્રસ્તવનો પાઠ નિયમિત કરે છે. (વર્ધમાન શક્રસ્તવનો નિયમિત પાઠ કરવા ઈચ્છતા આરાધકોને તેની સાર્થ પુસ્તિકા ''કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ'' માંથી મળી શકશે.)

આજીવન બ્યાસણા કરવાની તેમની પ્રતિજ્ઞા છે. વિશિષ્ટ આત્મસાધના માટે તેઓ વર્ષમાં એકાદ મહિના સુધી ગિરનારજી મહાતીર્થમાં સેસાવનના પવિત્ર શાંત વાતાવરણમાં રહે છે.

સં. ૨૦૧૩માં પ્રથમવાર પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.

સા.નાં દર્શન થતાં જ તેમનું મન મયૂર નાચી ઊઠયું. ધીરે ધીરે સત્સંગ વધતાં તેમણે પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસે "આત્માનુભવ" કરાવવા માટે પ્રાર્થના કરી. પૂજ્યશ્રી પણ તેમની યોગ્યતાને પિછાણીને સર્વપ્રથમ ધંધામાંથી નિવૃત્તિ મેળવી લેવાની સૂચના કરતાં તેમણે તરત જ તેનો અમલ કર્યો. અને "શિવમસ્તુ સર્વજગતઃ" ની ભાવના પૂર્વક ત્રિકાળ ૧૨-૧૨ નવકાર ગણવાથી આત્મસાધનાનો પ્રારંભ થયો. પૂજ્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ સાધના કરતાં સં. ૨૦૨૯ માં ઉપધાન દરમ્યાન તેમને વિશિષ્ટ આંતરિક અનુભૂતિ થઈ. ત્યારબાદ તેમને જે જે અનુભવો થતા ગયા તેની ડાયરીમાં નોંધ કરતા ગયા.

તા. ૧૯/૬/૯૫ ના રોજ અમદાવાદમાં દોઢેક કલાક સુધી બાબુભાઈ સાથે મુલાકાત થઈ. તે દરમ્યાન કેટલાક આધ્યાત્મિક અનુભવો તેમણે જણાવ્યા. પરંતુ એ અનુભવો પોતાની હયાતિ દરમ્યાન જાહેરમાં મૂકાય એવું મોટા ભાગના સાધકો સહેતુ ઈચ્છતા નથી હોતા તેમજ સદ્‌ગુરુ તરફથી પણ તેમને તેવી આજ્ઞા હોય છે એટલે એ વાતો અત્રે રજૂ કરી શકાય તેમ નથી. બાબુભાઈનું હાલનું સરનામું નીચે મુજબ છે.

સોનારિકા બિલ્ડીંગ, જૈનનગર, નવા શારદા મંદિર રોડ
પાલડી, અમદાવાદ- ૩૮૦૦૦૭, ફોન : ૬૬૨૧૭૦૫. (ઘરે)

## ૪૬ : સિદ્ધચક્ર મહાપૂજનના અજોડ વિધિકાર શ્રાદ્ધવર્ય
### શ્રી હીરાલાલભાઈ શાહ

આજે નવા નવા પૂજનો ઘણા ભણાવાય છે પરંતુ પ્રાચીનકાળમાં મુખ્યત્વે સિદ્ધચક્ર મહાપૂજન તેમજ શાંતિસ્નાત્ર જ ભણાવવામાં આવતા હતા. વિવિધ પૂજનો ભણાવનાર વિધિકારો પણ આજે અનેક છે, પરંતુ જેમનું સિદ્ધચક્ર મહાપૂજન એકવાર ધ્યાનપૂર્વક જોયા-સાંભળ્યા પછી જિંદગીભર યાદ રહી જાય એવા સિદ્ધચક્ર મહાપૂજનના અજોડ વિધિકાર શ્રાદ્ધવર્ય શ્રી હીરાલાલભાઈ મણિલાલભાઈ શાહ (ઉં.વ. ૭૦ લગભગ) પણ નવકાર, સામાયિક અને મૈત્રીભાવના મહિમાને જૈન સંઘમાં ગુંજતો કરનાર પ. પૂ. પંન્યાસપ્રવર શ્રીભદ્રંકરવિજયજી મ.સા.ના એક વિશિષ્ટ કૃપાપાત્ર સુશ્રાવક છે.

દરરોજ સિદ્ધચક્રપૂજન કરનાર વર્ષોથી ઓછામાં ઓછું બ્યાસણાનું પચ્ચક્ખાણ કરનાર, ચારેક વિગઈના પ્રાયઃ ત્યાગી, શ્રીમંત હોવા છતાં સાદગી પ્રિય, ઉભય ટંક પ્રતિક્રમણ આદિ શ્રાવકાચારોનું ચીવટપૂર્વક પાલન કરનાર એવા તેઓ વર્ષોથી અમદાવાદમાં ગિરધરનગર શ્વે. મૂ. પૂ.

તપાગચ્છ જૈન સંઘના પ્રમુખ તરીકે સંઘનો વહીવટ ખૂબ જ કુનેહપૂર્વક સંભાળીને લોકોમાં અત્યંત આદરપાત્ર બન્યા છે.

**'જિનભક્તિ અને જીવમૈત્રી આ બે સંસારસાગરને તરવા માટેના અજોડ તુંબડા છે' આ તેમના વાર્તાલાપનો તેમજ આચરણનો મુખ્ય વિષય છે.**

બિમાર સાધુ-સાધ્વીજી ભગવંતોની ખાસ વૈયાવચ્ચ માટે તેમણે પોતાનું એક મકાન ફાળવેલ છે. અને ત્યાં પ્રાયઃ હંમેશાં કોઈ ને કોઈ સમુદાયના બિમાર સાધ્વીજી ભગવંતોને વિનંતિપૂર્વક રાખીને તેમની અનુમોદનીય વૈયાવચ્ચ કરે- કરાવે છે.

ગચ્છ કે સમુદાયના ભેદભાવ વિના તેઓ દરેક સાધુ-સાધ્વીજી ભગવંતોની સુંદર ભક્તિ કરે છે.

તેમનાં વિશિષ્ટ નેતૃત્વ હેઠળ શ્રી ગિરધરનગર સંઘમાં ખૂબ જ ઐક્ય ભાવના છે. મતભેદ કે મનભેદનું નામ નિશાન નથી.

સં. ૨૦૫૧ માં ગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. શ્રી વિજય જયઘોષ-સૂરીશ્વરજી મ.સા. આદિ મુનિવરો તથા જેમને પણ શાસ્ત્રાભ્યાસ કરવો હોય એવા જુદા જુદા ગ્રુપના ૧૨૫ જેટલા સાધ્વીજી ભગવંતોનું ચાતુર્માસ શ્રી ગિરધરનગર સંઘે કરાવેલ. તેમાં વિદ્વાન મુનિરાજ શ્રી અભયશેખરવિજયજી ગણિવર્ય મ. સા. ૩ કલાક સુધી જુદા જુદા ૩ વિષયનો સુંદર અભ્યાસ કરાવતા હતા.

ગિરધરનગરથી શંખેશ્વરનો તથા ગિરનારજી મહાતીર્થના સંઘો પણ નીકળ્યા. પ્રાયઃ દરેક ચાતુર્માસમાં અત્યંત અનુમોદનીય આરાધનાઓ શ્રી ગિરધરનગર જૈન સંઘમાં થાય છે. કોઈ પણ જૈન સાધુ-સાધ્વીજીની ફ્રી ટ્રીટમેન્ટ કરવાની શરતે ત્યાંની ચત્રભુજ હોસ્પીટલમાં ગિરધરનગર સંઘે ૧૧ લાખ રૂ. આપ્યા છે. આ બધું 'યથા રાજા તથા પ્રજા' એ ન્યાયે સંઘપ્રમુખ શ્રાદ્ધવર્ય શ્રીહીરાલાલભાઈની વિશિષ્ટ ધર્મભાવના, મૈત્રીભાવના તેમજ વ્યવહારકુશળતાને મુખ્યત્વે આભારી છે.

પોતાના પરમ ઉપકારી ગુરુદેવ પંન્યાસજી મહારાજને ધર્મચર્ચા દરમ્યાન તેઓ વાંરવાર ભારે બહુમાનપૂર્વક યાદ કરે છે.

દરેક સંઘોમાં જો આવા ધર્મનિષ્ઠ બાહોશ સંચાલકો મળી જાય તો શાસનનો કેવો સુંદર જય જયકાર થઈ જાય !

**તેમના મોટા સુપુત્ર સુરેશભાઈ નારણપુરા ચાર રસ્તા દેરાસર સામે રહે છે. ત્યાં સંઘમાં આયંબિલખાતું ચાલે છે. તેનો તમામ આર્થિક લાભ તેઓ લે છે એટલું જ નહિ પરંતુ આયંબિલ કરનારની જાતે ભક્તિ પણ તેઓ કરે છે.**

આવા વિશિષ્ટ શ્રાદ્ધવર્યોને તૈયાર કરનાર પ. પૂ. પંન્યાસજી

મહારાજને અનંતશઃ વંદના સાથે શ્રાદ્ધવર્ય શ્રીહીરાલાલભાઈની આરાધનાની ભુરિશઃ હાર્દિક અનુમોદના.

## ૪૭ : ૪ લાખ રૂ.ના સોના-હીરાના ઉપકરણો તથા રોજ ૧૦૮ ચાંદીના ચોખાથી પ્રભુભક્તિ કરતા

### વિમલભાઈ સિંઘવી

મગધ સમ્રાટ શ્રેણિક મહારાજા દરરોજ ભગવાન શ્રીમહાવીરસ્વામી જે દિશામાં વિચરતા હોય તે દિશા સન્મુખ સોનાના નૂતન ૧૦૮ જવલા દ્વારા અષ્ટમંગલ આલેખી પરમાત્મા પ્રત્યેની પોતોની અદ્ભુત ભક્તિને અભિવ્યક્ત કરતા હતા. આ શાસ્ત્રોક્ત દૃષ્ટાંતમાં કોઈને અતિશયોક્તિ જણાતી હોય તેમણે મુંબઈ પાસે ભીવંડીમાં ગોકુળનગરમાં રહેતા વિમલભાઈ સિંઘવી નામના મારવાડી યુવાનની પ્રભુભક્તિના દર્શન ખાસ કરવા જેવા છે.

જોશીલા પ્રવચનકાર **મુનિરાજ શ્રી અક્ષયબોધિવિજયજી મ. સા.**ના એક જ પ્રવચન શ્રવણથી જીવનમાં 'ટર્નીંગ પોઈન્ટ' આવતાં 'કમ્મે સૂરા સો ધમ્મે સૂરા' એ ઉક્તિને ચરિતાર્થ કરતા વિમલભાઈએ સંગદોષથી પ્રવેશી ચૂકેલા વ્યસનાદિ પાપોને પશ્ચાત્તાપ પૂર્વક એક જ ધડાકે ત્યાગી દઈને ઉત્તરોત્તર વધુ ને વધુ ધર્મમય જીવન જીવવાનો નિર્ધાર કર્યો. રોજ જિનપૂજા શરૂ કરી. અને **જિનવાણી શ્રવણ કરતાં કરતાં ભાવોલ્લાસમાં અભિવૃદ્ધિ થતાં અષ્ટ પ્રકારી પ્રભુપૂજા માટે હીરા જડિત સુવર્ણ કળશ વિગેરે સકલ સામગ્રી સોનાની ૪ લાખ રૂ. નો સદ્વ્યય કરીને તૈયાર કરાવી !....**

દેવ-મનુષ્ય-તિર્યંચ અને નરક આ સંસારની ચાર ગતિમાંથી છોડાવીને પંચમગતિ મુક્તિમાં પોતાનો શીઘ્ર વાસ કરાવવાની પ્રભુપ્રાર્થના કરવા માટે **દરરોજ ચાંદીના નૂતન ૧૦૮ ચોખાનો સાથિયો આલેખે. તે માટે વાર્ષિક ૧ લાખ રૂ. નો સદ્વ્યય તેઓ કરે છે. સાથિયાની ઉપર જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રતીક તરીકે રોજ ચાંદીની ૩ ગીની તથા દર મહિને સોનાની ૩ ગીની મૂકે છે ! ... આટલી આર્થિક અનુકૂળતા હોવા છતાં પોતે સોનાના આભૂષણો કે રંગીન કપડા પણ પહેરતા નથી બલ્કે વ્હાઈટ એન્ડ વ્હાઈટ (સફેદ) કપડા જ પહેરે છે. દરરોજ બે ટાઈમ પ્રતિક્રમણ તથા સામાયિક કરે છે. સજોડે વર્ષીતપ કર્યું તે દરમ્યાન બ્રહ્મચર્યવ્રતનું પાલન પણ કરવા લાગ્યા. દીક્ષાની ભાવના** ભાવતાં ભાવતાં તેઓ ઉત્તમકોટિનું શ્રાવક જીવન જીવી રહ્યા છે.

ભાવોલ્લાસમાં અભિવૃદ્ધિ થતાં તેમણે એક વખત પોતાના ઉપકારી ગુરુ

મહારાજને વિનંતિ કરી કે "તિજોરીની ચાવી આપને આપી દઉં. મારા હિત માટે આપ કહો તે સ્થાનોમાં, કહો તેટલો લાભ લેવા તૈયાર છું" !...

પ્રવચન શ્રવણનું એક શુભ નિમિત્ત જીવનમાં કેવું ચમત્કારિક સુખદ પરિવર્તન લાવી શકે છે તે પ્રસ્તુત દૃષ્ટાંતથી સમજીને શ્રાવક જીવનનાં મહત્ત્વનાં દૈનિક કર્તવ્ય "જિનવાણી શ્રવણ" દ્વારા સહુ આત્મહિતને સાધો અને વિમલભાઈની માફક વિશિષ્ટ જિનભક્તિ દ્વારા આત્માને કર્મ મેલથી મુક્ત-વિમલ બનાવો એ જ શુભ ભાવના.

## ૪૮ : સામાયિક કે પૂજા ન થાય તો ૧૦-૧૦ હજાર રૂા. દેરાસરના ભંડારમાં નાખવાનો અભિગ્રહ ધારણ કરતા સુરતના યુવા શ્રાવકરત્નધીરુભાઈ ઝવેરી

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ મગધ સમ્રાટ શ્રેણિક રાજાને કહ્યું કે-'હે રાજન્ ! તારા આખા મગધ દેશનું સામ્રાજ્ય પુણિયા શ્રાવકને આપી દે તો પણ એના એક સામાયિકના પુણ્યને ખરીદી ન શકાય !!!....

પુણિયા શ્રાવકનું દૃષ્ટાંત અનેકવાર વ્યાખ્યાનાદિમાં સાંભળવા વાંચવા છતાં એ સામાયિકને આત્મસાત્ કરવાનો નિયમિત પુરુષાર્થ કરનારા કેટલા હશે ?

કદાચ ધંધાથી કે ઘરકામથી નિવૃત્ત થયેલા કેટલાક વડિલો રોજ ૩-૪ કે તેથી વધુ સામાયિક કરતા પણ હશે પરંતુ **યુવાવસ્થામાં ધંધાની જવાબદારી નિમિત્તે અવાર નવાર પરદેશ જવું પડતું હોવા છતાં પણ રોજ એક સામાયિક અચૂક કરવાનો અભિગ્રહ ધારણ કરનાર સુરતના યુવા શ્રાવકરત્ન ધીરુભાઈ ઝવેરી (પૂ. આ. શ્રી ભદ્રગુપ્તસૂરિજી મ.સા. તથા પૂ.ધર્મગુપ્ત વિ. મ.સા. ના સંસારી ભાણેજ) નું દૃષ્ટાંત ખરેખર અત્યંત અનુમોદનીય અને અનુકરણીય છે.**

વ્યાખ્યાનમાં સામાયિક તથા જિનપૂજાનો મહિમા જાણ્યા પછી તેમણે નિયમિત જિનપૂજા તથા એક સામાયિક કરવાનો સંકલ્પ કર્યો. પરંતુ હીરાના ધંધાર્થે તેમને અવાર નવાર એન્ટવર્પ વિગેરે પરદેશના ક્ષેત્રોમાં જવું પડતું જેથી અવાર નવાર ઉપરોક્ત સંકલ્પ તૂટી જતો. મુસાફરીમાં સમય તેમજ જિનાલયાદિના અભાવે સામાયિક તથા પૂજામાં ખાડા પડવા લાગ્યા. સાચા ધર્માત્મા એવા ધીરુભાઈના હૃદયમાં આ વાત ખૂબ ખટકવા લાગી. આથી તેમણે **પૂ. રત્નસુંદરવિજયજી મ.સા.** (હાલ આચાર્ય) પાસે ૧૨ વર્ષ પહેલાં અભિગ્રહ લીધો કે જે દિવસે સામાયિક કે જિનપૂજા ન થાય તે દિવસે ૧૦૦

રૂા. દેરાસરના ભંડારમાં દંડ તરીકે નાખવા.

૧લા વર્ષે ૨૫૦ ખાડા પડ્યા. બીજા વર્ષે ૧૦૦૦ રૂા. નો દંડ નક્કી કરતાં ૨૫ જ ખાડા પડ્યા ત્રીજા વર્ષથી ૧૦ હજાર રૂા. નો દંડ નક્કી કરતાં ત્રણ જ ખાડા પડ્યા. તેમના ધર્મપત્ની વર્ષાબેને સામાયિક ન થાય તો **અઠ્ઠમનો અભિગ્રહ પૂ. આ. શ્રી યશોવર્મસૂરિજી મ.સા. પાસેથી લીધેલ છે.**

હવે તેઓ એટલી કાળજી રાખે છે કે મુસાફરીની ટિકિટ પણ એવી રીતે કઢાવે કે જેથી વચ્ચેના સ્ટેશને ઉતરીને પ્લેટફોર્મ ઉપર બેસીને પણ સામાયિક કરી લે તથા સાથે રાખેલા જિનબિંબની પૂજા કરી લે પછી જ આગળ મુસાફરી કરે !!!...

તેમના બેન હાલ સા. શ્રી કલ્પજ્ઞાશ્રીજી તરીકે પૂ. આ. શ્રી વિક્રમસૂરિજી મ.સા.ના સમુદાયના સા. શ્રી સુભદ્રાશ્રીજીના પરિવારમાં સુંદર સંયમ પાળે છે.

ધીરુભાઈના અદ્ભુત દૃષ્ટાંતમાંથી પ્રેરણા લઈને સહુ કોઈ સામાયિક અને પ્રભુભક્તિને જીવનમાં આત્મસાત્ કરે એ જ હાર્દિક શુભાભિલાષા.

સરનામું : ૬૦૪-૭૦૪ ધરમ પેલેસ, પારલે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત : ૩૯૫૦૦૭. ફોનઃ ૬૬૮૦૧૮ ઘરે. ૬૬૮૦૭૮ ૬૫૨૨૧૯- ઑફિસ

## ૪૯ : યુવાન ડૉક્ટર છતાં સત્સંગ પ્રભાવે આખા જિલ્લામાં આરાધનામાં પ્રથમ નંબરે નિપાણીના ડોક્ટર અજિતભાઈ દીવાણી

કેટલાક લોકોને જ્યારે કોઈ સાધુ-સંત ધર્મ કરવાની પ્રેરણા કરે ત્યારે તેઓ બોલી ઊઠે છે કે- 'મ. સા. ! હમણાં તો પૈસા કમાવવાની ઉંમર છે. સંસારના મોજ-શોખ કરવાની વય છે. યુવાનીમાં તે કાંઈ ધર્મ કરાતો હશે ! પછી નિવૃત્ત થશું ત્યારે ઘડપણમાં પ્રભુગુણ ગાશું.' (ટાઈમ પાસ કરવા માટે !)

પરંતુ અનંતજ્ઞાનીઓએ તો યુવાવસ્થામાં જ ખાસ ધર્મ કરવાનું કહ્યું છે. વૃદ્ધાવસ્થામાં ઈન્દ્રિયો તથા અવયવો ઢીલા પડી ગયા હોય, શરીરમાં રોગોએ ડેરા-તંબૂ તાણ્યા હોય ત્યારે જો નાનપણથી કે યુવાવસ્થામાં ધર્મના દૃઢ સંસ્કાર પાડ્યા ન હોય તો પ્રભુનું નામ લેવાની વાત તો દૂર રહી પરંતુ પ્રભુનું નામ સાંભળવું ય કદાચ ન ગમે તો નવાઈ નહિ. માટે યુવાવસ્થામાં

શરીર સશક્ત હોય ત્યારે જ વિશિષ્ટ કોટિની ધર્મ આરાધના તથા આત્મસાધના કરીને અનંતભવોનું સાટું વાળી લેવું જોઈએ.

કર્ણાટક રાજ્યના બેલગામ જિલ્લાના નિપાણી ગામમાં રહેતા ડૉ. અજિતભાઈ હીરાચંદ દીવાણી (ઉં.વ.૩૬) ને આ વાત પૂર્વના પુણ્યોદયે સત્સંગ દ્વારા સમજાઈ ગઈ અને તેનો તુરત અમલ પણ શરૂ કરી દીધો.

સં. ૨૦૪૩માં શેષકાળમાં પ. પૂ. અધ્યાત્મરસિક આ. ભ. શ્રી **વિજયધર્મજિતસૂરિજી** મ.સા.ની પ્રેરણાથી ૨૩ વર્ષની વયે તેમણે રોજ જિનપૂજા તથા નવકારશીનો પ્રારંભ કરી દીધો !- ત્યારબાદ સં ૨૦૪૩ માં પ.પૂ. મુનિરાજશ્રી **જયતિલકવિજયજી** મ.સા. નું ચાતુર્માસ થતાં તેમની પ્રેરણાથી સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા તથા રોજ ચોવિહારનો પ્રારંભ કરી દીધો. સં. ૨૦૪૮માં ધર્મચક્રતપપ્રભાવક પ. પૂ. પં. **શ્રી જગવલ્લભવિજયજી ગણિવર્ય** મ. સા.ના ચાતુર્માસમાં તેઓશ્રીની પ્રેરણાથી ૮૨ દિવસનું ધર્મચક્ર તપ કર્યું. નવપદજીની આયંબિલ ઓળી કરી તથા કાયમી બ્યાસણા અને બંને ટાઈમ પ્રતિક્રમણ કરવાનો પ્રારંભ કર્યો. જિંદગીમાં ૫૦૦ આયંબિલ પૂરા કરવાની ભાવના પૂર્વક તેઓ અમુક પર્વતિથિઓમાં આયંબિલ કરે છે. દરરોજ સવારે ૪ વાગ્યે ઊઠીને ૧ સામાયિક તથા પ્રતિક્રમણ કરે છે. રોજ ૨ાા કલાક સુધી ભાવપૂર્વક સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે. જિનવાણી શ્રવણની તક તેઓ કદી ચૂકતા નથી. **દર રવિવારે કુંભોજગિરિ તીર્થની યાત્રાએ અચૂક જાય તથા ત્યાંના દવાખાનામાં ફ્રી સેવા આપે છે. ગરીબોના તેઓ બેલી છે. ગરીબોને ફ્રી સેવા આપે છે.** પોતાના પિતાને તેઓ કહે કે- **'મારે કોઈને લૂંટવા નથી. મારે તો સહુની સેવા કરવી છે !'** કેવી ઉમદા ભાવના ! – **આખા બેલગામ જિલ્લામાં પુરુષોમાં આરાધનામાં એમની તોલે કોઈ આવી શકે તેમ નથી. કમસે કમ બીજા જૈન ડોક્ટરો પણ ડૉ. અજિતભાઈના જીવનમાંથી પ્રેરણા મેળવીને આરાધનામય તથા સેવાલક્ષી જીવન જીવવા માંડે તો પોતાના આત્મકલ્યાણ સાથે સમાજનો ઉદ્ધાર અને શાસનની કેવી અદ્ભુત પ્રભાવના થાય !....**

**તેવી જ રીતે જૈન વકીલો, જૈન પ્રોફેસરો, જૈન શિક્ષકો, જૈન ઈજનેરો વિગેરે વ્યાવહારિક દૃષ્ટિએ અગ્રગણ્ય ગણાતા આત્માઓ પણ આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવીને જીવનને આરાધનામય તથા નિઃસ્વાર્થ સેવાલક્ષી બનાવે તો !!!....**

ડૉ. અજિતભાઈના મોટાભાઈ દીપકભાઈ પણ સં. ૨૦૪૮ના ચાતુર્માસથી તેમની જેમ જ આરાધનામાં ઓતપ્રોત બની ગયા છે.

આવા ધર્માત્માઓની તથા તેમને ધર્મમાં જોડનાર મહાત્માઓની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

# ૫૦ : સિદ્ધાચલજી મહાતીર્થની ૪૬ વાર ૯૯ યાત્રા કરતા
## રતિલાલભાઈ જીવરાજભાઈ શેઠ

આ અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન ૯૯ પૂર્વ (૧ પૂર્વ =૭૦ લાખ ૫૬ હજાર ક્રોડ) વાર સિદ્ધાચલજી મહાતીર્થ ઉપર પધાર્યા હતા. તેના આંશિક અનુકરણ સ્વરૂપે દર વર્ષે હજારો ભાવિકો વ્યક્તિગત રીતે કે જુદા જુદા સંઘોમાં સામૂહિક રૂપે સામેલ થઈને આ ગિરિરાજની ૯૯ વાર યાત્રા વિધિપૂર્વક કરીને પોતાની જાતને ધન્ય માનતા હોય છે.

કેટલાક મોટી ઉંમરના ભાવિકો રોજ ઉપર જવાની અશક્તિના કારણે ચોમાસામાં કે શેષકાળમાં ગિરિરાજની તળેટીની ૯૯ વાર વિધિપૂર્વક યાત્રા કરતા હોય છે.

અનેક ભાગ્યશાળીઓએ એકથી વધુ વખત સિદ્ધાચલ મહાતીર્થની ૯૯ યાત્રાઓ કરી હશે. પરંતુ વર્તમાનકાળમાં સૌથી વધુ વખત ૯૯ યાત્રા કરવાનો વિશ્વવિક્રમ નોંધવનાર કોઈ હોય તો તે છે રતિલાલભાઈ જીવરાજભાઈ શેઠ.

હાલ ૭૨ વર્ષની જૈફ વય ધરાવતા રતિલાલભાઈએ કોઈ વિશિષ્ટ અંતઃપ્રેરણાથી ૨૬ વર્ષની ભરયુવાન વયે જ દુકાનમાંથી નિવૃત્તિ લઈ લીધી અને છેલ્લા ૪૬ વર્ષથી તેઓ દર વર્ષે શેષકાળમાં તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની ઉપર ચઢીને વિધિપૂર્વક ૯૯ યાત્રા કરે છે. તથા ચોમાસામાં તલેટીની ૯૯ યાત્રા એકાશણા વિગેરે ૬ રી ના નિયમોના પાલનપૂર્વક વિધિવત્ કરે છે. એટલે **અત્યાર સુધી ૪૬ વાર ૯૯ યાત્રા સિદ્ધિગિરિની તથા ૪૬ વાર ૯૯ યાત્રા તલેટીની તેમણે કરી છે.** તેઓ પાલિતાણામાં જ રહે છે. બે વાર ઉપધાન તપ પણ કરેલ છે. તથા નવપદજીની આયંબિલની ઓળી સળંગ ૨૦ વર્ષથી કરે છે. અવાર નવાર તેમને સ્વપ્નમાં આદિનાથ ભગવાનના દર્શન થાય છે.

અત્યાર સુધીમાં છ'રી પાળતા સંઘો દ્વારા તથા બસો દ્વારા કુલ ૧૨ વખત જુદા જુદા અનેક તીર્થોની યાત્રાઓ તેમણે કરી છે. તેમની આરાધના જોઈને પ્રસન્ન થયેલા અનેક ગામોના સંઘોએ તેમનું વિશિષ્ટ બહુમાન કરેલ છે. પાલિતાણામાં "રાજા" ના હુલામણા ઉપનામથી તેઓ ઓળખાય છે. પાલિતાણામાં વરઘોડામાં લાલ ધોતીયું તથા લાલ પછેડીવાલા કોઈ શ્રાવકને તમે જુઓ તો માનવું કે તેઓ પ્રાયઃ રતિલાલભાઈ જ હોવા જોઈએ.

સં. ૨૦૩૫માં, ૨૦૪૫માં તથા ૨૦૪૭માં અમારી નિશ્રામાં કચ્છી સમાજની સામૂહિક ૯૯ યાત્રાઓ થઈ ત્યારે રતિલાલભાઈનો પરિચય થયેલ.

તેમનું સરનામું નીચે મુજબ છે.

હઠીભાઈની ધર્મશાળા, દાણાપીઠ, પાલિતાણા (સૌરાષ્ટ્ર) પીન : ૩૬૪૨૭૦

## ૫૧ : ૧૦ વર્ષમાં ૭૫ હજાર કિ.મી.ના પ્રવાસ દ્વારા ભારતભરના જૈન તીર્થોની પદયાત્રા કરનાર રામદયાલ નેમિચંદજી જૈન

સમગ્ર વિશ્વમાં જ્યારે આજે માણસ માણસનો શત્રુ બની રહ્યો છે અને સહુ પોતપોતાનો સ્વાર્થ સાધવામાં રચ્યા પચ્યા રહે છે ત્યારે કોઈ સમૃદ્ધ કુટુંબના ૫૫ વર્ષની વય ધરાવતા બુઝર્ગ સમગ્ર ભારતની પદયાત્રાએ નીકળે અને તે પણ તીર્થયાત્રાની સાથે સાથે સમગ્ર માનવ સમાજમાં મૈત્રીભાવના-ભાઈચારાના વિકાસની ભાવના સાથે !

પ્રથમ તો જરાક હાસ્યાપદ લાગે પરંતુ આ એક નક્કર હકીકત છે કે રામદયાલ નેમિચંદજી જૈન નામના ૫૫ વર્ષીય સુશ્રાવક રાજસ્થાનમાં આવેલ ભરતપુર ગામ (પોતાની જન્મભૂમિ) થી તા. ૧૬/૧૧/૮૭ ના મંગલ પ્રયાણ કરી ઉપરોક્ત ભાવના સાથે તામિલનાડુ, કર્ણાટક, ઓરિસ્સા, આંધ્ર, બંગાલ, બિહાર, પોંડીચેરી, આસામ, કન્યાકુમારી, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ થઈને સર્વપ્રથમવાર યોજાયેલ સામૂહિક ૯૯ યાત્રાની પૂર્ણાહુતિ વખતે સં. ૨૦૫૧ના ફાગણ મહિનામાં જૂનાગઢ મુકામે અમને મળ્યા ત્યારે તેમણે ૮ વર્ષમાં ૪૪૦૦૦ કિ.મી. નો અંતર કાપી ૨૫૦ તીર્થોની પદયાત્રા પૂર્ણ કરી હતી. અને તેમના કહેવા પ્રમાણે ૧૦ વર્ષમાં કુલ ૭૫ હજાર કિ.મી. ની પદયાત્રા દ્વારા સમગ્ર ભારતના જૈન તીર્થોની યાત્રા કરવાની તેમની ભાવના હતી જે આ લેખ પ્રકાશિત થશે ત્યાં સુધીમાં પ્રાયઃ પરિપૂર્ણ થઈ ચૂકી હશે. ગુજરાતમાં થરા પાસે આવેલ રૂની તીર્થ ચમત્કારિક છે એમ તેમણે જણાવ્યું. તેઓ રોજ સરેરાશ ૨૫ કિ.મી. જેટલો પ્રવાસ કરે છે. એક જ ટાઈમ ભોજન કરે છે. ઉપરાંતમાં એક-બે વખત ચાથી નભાવી લે છે. પરંતુ હોટલની ચા પીતા નથી. બજારૂ ચીજો તથા કંદમૂળનો ત્યાગ છે. દરરોજ જિનપૂજા અચૂક કરે છે. નવકાર મહામંત્ર પ્રત્યે અનન્ય અને અખૂટ આસ્થા ધરાવે છે.

થોડા વર્ષ પૂર્વે તેમણે સમેતશિખરજીમાં કેટલાક નિયમપૂર્વક વિધિવત્ ૧ લાખ નવકાર મહામંત્ર જાપની આરાધના કરી હતી. તેમાં કેટલાક ક્ષુદ્ર ઉપદ્રવો થવા છતાં

તેઓ અડગ રહ્યા હતા. ત્યારે ત્યાંના અધિષ્ઠાયક શ્રીભોમિયાજી દેવે તેમને દર્શન આપ્યા હતા. તેમની પ્રેરણાથી જ તેમણે આ પદયાત્રાનો પ્રારંભ કર્યો છે. નવકાર મહામંત્ર દ્વારા તેણે મધ્યપ્રદેશમાં હટા તથા મંડાવર નામના ગામોમાં તથા અહારજી જૈન સિદ્ધક્ષેત્રમાં અનેક લોકોને ભૂત-પ્રેતના વળગાડથી તથા પથરી, લકવા વિગેરે રોગોથી મુક્ત કર્યા છે.

ગુજરાતમાં વડોદરામાં એક બાળકને કેન્સર થયેલ તે તેમણે નવકાર દ્વારા મટાડેલ છે. પ્રાંતીજમાં એક વ્યક્તિને વીંછી કરડેલ. તેનું ઝેર પણ નવકારમંત્ર દ્વારા ઊતારી દીધું, પંચમહાલ જિલ્લાના ગોધરા ગામમાં ૮ મુસલમાનોને પ્રતિજ્ઞા પૂર્વક માંસાહાર છોડાવ્યો છે. નવકાર મહામંત્રનું સ્મરણ કરી તેઓ ભોમિયાજી દેવની સ્તુતિ રૂપે એક સંસ્કૃત શ્લોક બોલે કે તરત જ તેમના શરીરમાં ભોમિયાજી દેવનો પ્રવેશ થાય છે જે આપણે તેમની વિવિધ ચેષ્ટાઓ દ્વારા તરત સમજી શકીએ છીએ. પછી જે પણ પ્રશ્નો પૂછીએ તેના જવાબો ભોમિયાજી દેવ પોતાના અવધિજ્ઞાનની મર્યાદા મુજબ આપે છે. તે અમે પ્રત્યક્ષ જોયું.

રામદયાલભાઈના પરિવારમાં તેમના ધર્મપત્ની ઉર્મિલાબેન સ્કૂલમાં શિક્ષિકા તરીકે કામ કરે છે. ૩ પુત્રી તથા ૧ પુત્ર મળી ૪ સંતાનો છે. વ્યવસાયે કાપડના વેપારી છે. તથા ૩ ભાઈઓ વચ્ચે ૧૮૦ વીઘા જમીન ધરાવે છે. પોતે મેલેરીયા વિભાગમાં ૧૬ વર્ષ ઈન્સ્પેક્ટર તરીકે કામ કર્યા બાદ રાજીનામું આપી દીધું.

તેમણે પદયાત્રાનો સંકલ્પ જાહેર કર્યો ત્યારે શરૂઆતમાં તેમના ધર્મપત્નીએ વિરોધ કર્યો પરંતુ સમજાવટ બાદ તેઓ માની ગયા હતા.

તેમની પદયાત્રાનો અંતિમ તબક્કો કાશ્મીરમાં પૂરો થશે. કાશ્મીરમાં શાંતિ સ્થપાય તેવી સદ્ભાવના સાથે પદયાત્રા કરતાં કદાચ કાશ્મીરની ધરતી પર તેમનું ખૂન પણ થઈ જાય તો એને તેઓ પોતાનું સદ્ભાગ્ય માને છે.

બિહારમાં ચારેક બદમાસોએ તેમને છરી બતાવીને ૬૫૦ રૂ. લૂંટી લીધા તથા મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારમાં માર પણ ખાવો પડયો છતાં તેઓ પોતાના નિર્ણયમાં મક્કમતાપૂર્વક આગળ ધપી રહ્યા છે. ઈ.સ. ૧૯૯૭માં પદયાત્રા પૂર્ણ થયા બાદ તેઓ પોતાના વતન ભરતપુરમાં પાછા ફરશે અને પોતાના ખેતરના મકાનમાં રહી વાનપ્રસ્થાશ્રમી તરીકે જીવન જીવવા માગે છે. તેમનું સરનામું નીચે મુજબ છે.

ઈન્દ્ર કોલોની, બસ સ્ટેન્ડ પાસે, મુ. પો. જિ. ભરતપુર (રાજસ્થાન).

## પર : ૩ વર્ષ સુધી સતત ઊભા ઊભા અપ્રમત્તપણે સાધના કરતા બંસીલાલજી ઉમેદમલજી ચોરડિયા

પૂના (મહારાષ્ટ્ર)માં રહેતા સુશ્રાવક શ્રી બંસીલાલજી ઉમેદમલજી ચોરડિયા (ઉં.વ.૭૭)ની સાધના આશ્ચર્યપ્રદ છે.

૧૫ વર્ષની કિશોરવયથી એમણે એવી પ્રતિજ્ઞા કરી છે કે ભોજન વખતે કાંઈપણ માંગવું નહીં. સ્વાભાવિક રીતે જે પીરસાય તેમાં જ સંતોષ રાખવો. એઠું મૂકવું નહિ. તથા ઘરે કે બહારગામ યા લગ્નાદિકના પ્રસંગમાં જવાનું થયું હોય ત્યારે પણ **જ્યારે કોઈ કહે કે 'ભોજન કરો' તો જ જમવું નહીંતર ભૂખ્યા રહેવું !...**

૨૪ વર્ષની વયમાં તેમણે ૬ વર્ષ માટે ઘઉંની કોઈપણ વાનગી વાપરવી નહીં; જુવાર કે બાજરીનો લૂખો **રોટલો અને દાળ આ બે જ દ્રવ્ય વાપરવા એવી પ્રતિજ્ઞા કરી અને પાળી હતી !....**

છેલ્લા ૪૦ વર્ષથી તેઓ દરરોજ ૧ કલાક સુધી નવકાર મહામંત્રનો જાપ તથા **સવા કલાક સુધી નાડી બંધ કરીને ધ્યાન કરે છે !...**

**વચ્ચે ૩ વર્ષ સુધી તેમણે નિરંતર ઊભા ઊભા જ અપ્રમત્તપણે સાધના કરી હતી !**

**૩ વર્ષ સુધી સળંગ ઠામ ચોવિહાર એકલઠાણું કર્યું હતું !...**

છેલ્લા ૩૭ વર્ષથી દર શનિવારે આખો દિવસ મૌનમાં રહે છે.

છેલ્લા ૩૬ વર્ષોથી પગમાં પગરખાનો ત્યાગ કર્યો છે.

છેલ્લા ૩૨ વર્ષોથી આજીવન બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો છે.

છેલ્લા ૪૭ વર્ષોથી રોજ ૨ સામાયિક અચૂક કરે છે.

**૬ વર્ષથી રોજ પુરિમઢનું પચ્ચક્ખાણ કરે છે. પોતાના પ્રાણ જાય તો પણ ખોટું ન જ બોલવું અને કોઈની પણ નિંદા ન જ કરવી એવી પ્રતિજ્ઞા પણ છેલ્લા ત્રણેક વર્ષથી તેમણે સ્વીકારી છે. શ્રાવકના ૧૨ વ્રતો પણ પાંચેક વર્ષથી ગ્રહણ કર્યા છે.**

**વચ્ચે એક અઠ્ઠમ કરેલ ત્યારે પણ ત્રણે અહોરાત્ર નિરંતર ઊભા ઊભા જ સાધના કરી હતી !**

**વચ્ચે કેટલાક વર્ષ સુધી ઠામ ચોવિહાર અવઢ એકલઠાણું કરતા. ત્યારે સૂર્યાસ્ત થવાને લગભગ બે ઘડી જેટલો સમય બાકી રહ્યો ત્યારે ૫-૧૦ મિનિટમાં જ આહાર-પાણી ગ્રહણ કરતા !**

સંપૂર્ણ જીવન નિર્વ્યસનીપણે પસાર થયું છે. સ્થાનકવાસી સંપ્રદાયના કર્ણાટક કેસરી, ખાદીધારી, ગણેશબાબા મ.સા.ના તેઓ પરમ ભક્ત છે. તેમની કૃપાથી ઉપરોક્ત પ્રકારે સાધના કરતાં કરતાં તેમનામાં વિશિષ્ટ આત્મ શક્તિઓનો પ્રાદુર્ભાવ થયેલો છે.

જેના પ્રભાવે ઘણીવાર સામી વ્યક્તિના મનના વિચારો પણ જાણી શકે છે ! ભૂત-પ્રેતાદિના વળગાડ પણ દૂર કરી શકે છે ! કેટલીક વિશિષ્ટ બિમારીઓ પણ જાપ દ્વારા દૂર કરી શકે છે.

આજથી ૧૦ વર્ષ પહેલાં ૬૭ વર્ષની વયે તેમના શરીરે અર્ધાંગ લક્વાના ૭ વાર હુમલા થયા હતા છતાં પણ તેમણે ડોક્ટરની દવા ન લીધી અને શ્રદ્ધા બળે દેવ-ગુરૂ કૃપાથી જ ઠીક થઈ ગયા !!!...

આજે ૭૭ વર્ષની જૈફ વયે પણ તેઓ દરરોજ સવારે પાા વાગ્યે પૂનાની ગણેશ પેઠમાં આવેલ સાદડી સદન જૈન સ્થાનકમાં તો ક્યારેક નાના પેઠમાં આવેલ સાધના સદન જૈન સ્થાનકમાં બુલંદ સ્વરે, એકાગ્ર ચિત્તે, ભક્તિભાવ પૂર્વક પ્રાર્થના, ભક્તામર સ્તોત્ર પાઠ તેમજ ધ્યાન ૨ કલાક સુધી કરે છે !...

એમના જીવનની અપ્રમત્તતા ખરેખર અનુમોદનીય છે !

## ૫૩ : મુબઈમાં પણ સંડાશ-બાથરૂમના ઉપયોગને ટાળતા અરવિંદભાઈ દોશી

પહેલાંના જમાનામાં આર્ય લોકો પ્રાયઃ ઘરનું જ ભોજન કરતા. હોટલ કે રેંકડીના બજારુ વાસી ખોરાકથી પ્રાયઃ દૂર જ રહેતા. અને વડીનીતિ માટે ગામની બહાર જંગલમાં જતા. જ્યારે આજકાલ ગામડાની સંસ્કૃતિ છિન્ન ભિન્ન થતી જાય છે અને ગામડાના લોકો પણ આજીવિકા વિગેરે માટે શહેરમાં જવા લાગ્યા છે. પરંતુ શહેરી વાતાવરણમાં જીવતા લોકોને હવે ઘરનું ભોજન ગમે તેટલું સાત્ત્વિક અને સ્વાદિષ્ટ હોય તો પણ ઓછું ભાવે છે. અને હોટલ-રેસ્ટોરન્ટ તથા રેંકડીનું ભોજન ભલે વાસી, દૂષિત અને રોગચાળો ફેલાવતું હોય તો પણ તેના પ્રત્યેનો મોહ વધતો જાય છે. અને નીહાર માટે બહાર જવાને બદલે ઘરમાં જ પ્રાયઃ રસોડાની બાજુમાં આવેલ સંડાશમાં જવું પડે છે !... અને સ્નાન પણ બાથરૂમમાં કરવું પડે છે. પરંતુ એ સંડાશ અને બાથરૂમના પાણી વિગેરે જે ગટરમાંથી પસાર થાય છે તેમાં અગણિત કીડાઓ, અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યો વિગેરેની થતી ઘોર હિંસાનો તેમને ખ્યાલ નથી આવતો.

પણ આજે ય એવા વિરલ આત્માઓ વિદ્યમાન છે કે જેઓ સત્સંગ દ્વારા આ વાતોને સમજીને વિવેકપૂર્વક જીવન જીવતાં આર્યસંસ્કૃતિને જીવંત રાખી રહ્યા છે.

મૂળ સૌરાષ્ટ્રના મહુવા બંદરના વતની પરંતુ હાલ મુંબઈ બોરીવલીમાં જાંબલી ગલીમાં રહેતા શ્રમણોપાસક શ્રી અરવિંદભાઈ દોશી (ઉં.વ.૩૭ લગભગ) પણ આવા જ એક આદર્શ યુવાન છે.

**યુવા પ્રતિબોધક, સુપ્રસિદ્ધ પ્રવચનકાર પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના પ્રવચન શ્રવણથી પ્રતિબોધ પામેલા અરવિંદભાઈ મુંબઈમાં રહેવા છતાં પણ સંડાશ કે બાથરૂમનો ઉપયોગ કરતા નથી. પરાતમાં બેસીને મર્યાદિત પાણીથી જયણાપૂર્વક સ્નાન કરીને તેનું પાણી ડોલમાં નાખીને અગાસી ઉપર કે અન્ય ખુલ્લી જગ્યામાં યતનાપૂર્વક પરઠવે છે. વડીનીતિ માટે પણ તેઓ રેલ્વે પાટા પાસે દૂર જાય છે પરંતુ સંડાશનો ઉપયોગ કરતા નથી. વર્ષમાં ૨ વાર દાઢીના વાળનો તથા ૧ વાર મસ્તકના વાળનો લોચ કરાવે છે. પરંતુ સલૂનમાં જવાનું ટાળે છે.**

કર્મ સંયોગે આજથી સાતેક વર્ષ પૂર્વે તેમના ૭ અને ૯ વર્ષની ઉંમરના બંને પુત્રો ગોયમ અને મુન્નાને બ્લડ કેન્સર થયેલ. રોજ ડોક્ટર રાત્રે ઈંજેક્શન આપે અને સવારે કાઢે. આ રીતે કરવા છતાં પણ એક દિવસ ડોક્ટરે અરવિંદભાઈને કહી દીધું કે અમારી થીયરી મુજબ આ બંને જણા અનુક્રમે ૧૭ તથા ૨૩ દિવસથી વધુ જીવી શકે તેમ નથી. તો પણ ધર્મની તાકાત ઉપર અતૂટ શ્રધ્ધા ધરાવતા અરવિંદભાઈ હતાશ ન થયા. **તેમણે ધર્મચક્રતપપ્રભાવક પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી જગવલ્લભવિજયજી ગણિવર્ય મ.સા.ની પ્રેરણાથી ધર્મચક્રની આરતીનો ચડાવો લીધો. અને બંને સુપુત્રોના હાથે આરતી ઉતરાવી. ખરેખર ચમત્કાર સર્જાયો હોય તેમ બંને જણા બ્લડ કેન્સર જેવા જીવલેણ રોગમાંથી આબાદ રીતે બચી** ગયા. ડોક્ટરો પણ **આશ્ચર્યચકિત થઈને ધર્મસત્તાને નમી પડયા.** આ વાતને આજે ૭ વર્ષ થઈ ગયા. બંને ભાઈઓ ખૂબ જ સુંદર ધર્મારાધના કરી રહ્યા છે. ખરેખર જે આત્મા નિષ્ઠાપૂર્વક કટોકટીમાં પણ ધર્મનું પાલન કરે છે તો તે ધર્મ પણ તેની રક્ષા કરવા માટે બંધાયેલો છે. (**ધર્મો રક્ષતિ રક્ષિતઃ**)

ઉપરોક્ત ઘટનાથી તો અરવિંદભાઈની ધર્મશ્રદ્ધા અને પ્રભુ પ્રત્યેની પ્રીતિમાં અનેકગણો વધારો થઈ ગયો. પ.પૂ. મહારાજ સાહેબની પ્રેરણાથી તેમણે ગૃહમંદિર બનાવ્યું છે અને રોજ ૨-૩ કલાક સુધી દિલ દઈને પ્રભુભક્તિ કરે છે.

અરવિંદભાઈએ પાંચેક વર્ષ પહેલાં મહુવાથી પાલિતાણાનો છ'રી સંઘ ખૂબ જ ઉલ્લાસપૂર્વક કઢાવેલ.

અરવિંદભાઈના દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવી અનેક આત્માઓ

ધર્મનિષ્ઠ, આચાર ચુસ્ત તેમજ પ્રભુભક્ત અને ગુરુ આજ્ઞાપાલક બનો એ જ શુભાભિલાષા. સરનામું : આનંદ મંગલ-ત્રીજે માળે, જાંબલી ગલી બોરીવલી (વેસ્ટ)- મુંબઈ. ૪૦૦૦૯૧, ફોન : ૮૦૫૩૨૪૧

## ૫૪ : એક અજોડ પ્રેરણાદાયી વ્યક્તિત્વ
## કુમારપાળભાઈ વી. શાહ

એ શાસનપ્રભાવક, દયા-કરુણા અને પવિત્રતાના અવતાર, દીર્ઘદૃષ્ટા આયોજક, આપત્તિમાં આંસુ લુછનાર, યુવાનોના રાહબર અને પ્રેરણાના શ્રોત વ્યક્તિનું નામ છે....

કુમારપાળ વિમળભાઈ શાહ.

આજે એમની ઉંમર ૪૯ વર્ષની છે. તેઓ મૂળ બીજાપુર (જિ.મહેસાણા) (ઉત્તર ગુજરાત)ના.

પણ વરસોથી મુંબઈમાં સ્થિર થયા હતા.

વરસો સુધી તેઓ હીરાના વ્યાપારમાં જોડાઈ રહ્યા....

પણ હાલ કલિકુંડ-ધોળકા (જિ.અમદાવાદ) એમની ધર્મકાર્યભૂમિ છે.

હીરાનો ધીકતો વ્યાપાર છોડી દેશના-સમાજના ને ધર્મના પુણ્ય કાર્યમાં તન-મન-ધન, મન-વચન-કાયા અને સમય-શક્તિનું સમર્પણ કરી રહ્યા છે.

ખાનદાન માતા-પિતાના આ સંતાનને બાળપણથી ધર્મના સુસંસ્કારો હતા જ. પણ ઈ.સ. ૧૯૬૪ ના ઉનાળામાં ૧૭ વર્ષના કુમારપાળ મિત્રો સાથે આબૂપર્વતના અચલગઢ શિખર પર જૈનધાર્મિક શિક્ષણ શિબિર દ્વારા જૈન આચાર, જૈન તત્ત્વજ્ઞાન, માર્ગાનુસારી જીવન, જૈન ઈતિહાસ, સૂત્રોના રહસ્યો આદિ ભણવા ગયા....

આ જૈન ધાર્મિક શિક્ષણ શિબિરમાં યુવાનોને માર્ગ ચિંધાડનાર અને માર્ગદર્શક હતા... વર્ધમાન તપોનિધિ, ન્યાયવિશારદ, ધાર્મિકશિબિર દ્વારા આધ્યાત્મિક ક્રાંતિ લાવનારા **આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

તેમની વેધક વાણી દ્વારા આજ સુધીમાં હજારો યુવાનો આકર્ષાયા છે અને ન્યાય, નીતિ, સદાચાર તેમજ સંયમના માર્ગે અગ્રેસર થયા છે. એ વેધકવાણીનું આકર્ષણ કુમારપાળ ઉપર પણ થયું.

ધાર્મિક શિક્ષણના જ્ઞાન દ્વારા પોતાના આત્માને અતિ ભાવિત કરી રહેલા કુમારપાળના જીવનમાં એક વાવાઝોડું આવ્યું અને ટર્નિંગ પોઈન્ટ લાવ્યું.

બન્યું એવું કે- માઉન્ટ આબૂના એ ઊંચા શિખર અચલગઢમાં વરસાદ સાથે ભયંકર પવન ફૂંકાયો. એ વિનાશક વાવાઝોડામાં શિબિરના ટેન્ટ ઉડી ગયા, તો સાધુની પાણી ઠારવાની પરાતો પણ ઉડી. મકાનના, નળિયા ઉડયા તો વિશાળકાય વૃક્ષો પણ ઉખડયા.

**આવા વખતે ૧૭ વર્ષના નયયુવાને એક પવિત્ર સંકલ્પ કર્યો: 'જો આ વાવાઝોડું શાંત થાય તો મારે આજીવન બ્રહ્મચર્ય વ્રત લેવું.'**

અને આશ્ચર્ય થયું. ડરામણું ને બિહામણું ભયંકર વાવાઝોડું ક્ષણવારમાં શાંત થઈ ગયું. અને કુમારપાળે શિબિર જ્ઞાનદાતા, ગુરુદેવ પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ને પોતાના શુભ સંકલ્પની વાત કહી. પૂજ્ય ગુરુદેવશ્રી અપાર ખુશ થયા અને આશીર્વાદના ધોધ વહાવવા પૂર્વક પોતાના આ લાડલા શિબિર શિષ્યને આજીવન બ્રહ્મચર્યવ્રત ઉચ્ચરાવ્યું. સર્વત્ર આનંદની લહેરો ઉછળી.

**પછી તો 'મારે ચારિત્ર ન લેવાય ત્યાં સુધી મૂળથી ઘી ત્યાગ' ની કુમારપાળે પ્રતિજ્ઞા કરી.**

કુમારપાળની ભીષ્મ પ્રતિજ્ઞા અને ભવ્ય સંકલ્પે જૈનશાસનમાં એક ઈતિહાસ સર્જ્યો. તેમાં ગુરુ કૃપાબળે ચાર ચાંદ લગાવ્યા. અનેક શાસનપ્રભાવક કાર્યો થયાં.

જે શાસનપ્રભાવક કાર્યો કુમારપાળભાઈએ શોભાવ્યા છે. તેની થોડી ઝલક... આપણે અનુમોદના કરી શકીએ, પ્રેરણા લઈ શકીએ, ધન્યતા અનુભવીએ તે માટે અહીં આલેખ્યા છે.

૦ ૧૯૭૦માં ભારત-પાકીસ્તાનના યુદ્ધ વખતે. બંગલાદેશથી ભારતમાં આવેલા લાખો બંગાળી મુસલમાન શરણાર્થીઓની અનાજ, આહાર, દવા, વસ્ત્રો આદિ દ્વારા ભવ્ય માનવ સેવા કરી.

૦ આંધ્રપ્રદેશમાં આવેલ ભયંકર દરિયાઈ વાવાઝોડામાં લાખો રૂપિયા ખર્ચી રાહત કાર્યો મોટી કુનેહપૂર્વક પાર પાડયા હતા.

૦ ૧૯૮૪માં મોરબી (સૌરાષ્ટ્ર) ગામમાં પાસેનો મચ્છુડેમ તૂટતાં જીવલેણ ભયંકર પૂર આવ્યું. પાણીના પૂરના પ્રકોપમાં હજારો માણસો ને જીવો ફસાયા... ત્યારે આ દયાળુ કુમારપાળભાઈ પોતાની મિત્રમંડળી સહિત ત્યાં પહોંચીને અન્ન, વસ્ત્ર, ઔષધિ આદિની અનેકવિધ સહાયતા

કરી પીડિત લોકોના આંસુ લૂછી આશ્વાસન આપેલ.

૦ ૧૯૮૭ થી ૧૯૮૯ સુધી એમ લગાતાર ત્રણ વર્ષ ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડયો ત્યારે જીવદયા, અનુકંપા અને માનવરાહતના મહાન કાર્યો કર્યા... મોટી કસોટીના આ વિશાળકાર્યમાં તેઓ હિંમત અને ખંતથી પાર ઊતર્યા અને લખલૂટ કર્મનિર્જરાના ભાગી બન્યા.

૦ સન્ ૧૯૮૯-૯૦માં ઓરિસ્સામાં ભયંકર દુષ્કાળ પડયો. અન્ન-પાણી વિના હજારો-લાખો માનવો ને પશુઓની હાલત ખૂબ કફોડી બનેલી ત્યારે ત્યાં જીવદયા અને માનવ રાહતના અદ્ભુત કાર્યો કર્યા.

૦ સન્ ૧૯૯૩માં મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં ભયંકર ધરતીકંપ થયો. તેમાં લગભગ ૩૨ હજાર માણસો હોમાયા. હજારો અપંગ અને નિરાધાર બન્યા. આ ધરતીકંપથી ડરેલા ને સ્વજનો તથા ઘર-બાર-સામગ્રી ગુમાવેલા હજારો માનવોને અન્ન, વસ્ત્ર, આહાર, ઔષધિ આદિ આપવા દ્વારા અને લાખો રૂપિયા રોકડા આપવા દ્વારા જૈનેતર તથા જૈનોની લાગણી સભર સહાયતા કરી અને જૈનશાસનનો દયા અને કરુણાનો સંદેશો સાચા અર્થમાં વિસ્તાર્યો.

૦ કુમારપાળભાઈ ધોળકામાં પોતાને ત્યાં શિલ્પી રાખી ભગવાનની મૂર્તિ ઘડાવે છે અને ઇચ્છુકસંઘને ભક્તિપૂર્વક ભેટ આપે છે. પ્રતિમાનો નકરો લેવા કોઈ સંઘ ઘણો આગ્રહ કરે તો કુમારપાળભાઈ હસીને કહે - "પ્રતિમાજી લઈ જાવ પણ મારે નકરો લઈ વકરો નથી કરવો."

૦ ગુજરાતના બોડેલી વિસ્તારમાં, રાજસ્થાનના પલ્લીવાલ (જિલ્લા-સવાઈમાધોપુર, ભરતપુર, અલવર) ક્ષેત્રમાં વરસો સુધી જૈનેતરોને પણ જૈનધર્મી બનાવ્યા અને અનેક યુવાનોને સદાચારના રસ્તે અગ્રેસર કર્યા.

૦ તેમણે અનેક જિનમંદિરો બંધાવી આપ્યા છે. હાલ તેમના હસ્તક ૮૦ જેટલા જીર્ણોદ્ધારના કાર્યો ચાલે છે.

આ ઉપરાંત સાધર્મિકભક્તિ, સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ, દેરાસરોના નિર્માણ, જીર્ણોદ્ધાર, પાઠશાળા, ઉપાશ્રયોના નિર્માણ, જૈનધાર્મિક શિક્ષણ શિબિરો, સંઘોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન, સત્ સાહિત્યનું પ્રકાશન, જૈન સંસ્કારોનો પ્રચાર પ્રસાર ઈત્યાદિ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કુમારપાળભાઈ મૂકપણે નિત્ય કરતા જ રહે છે.

ગુરુદેવ પૂ. આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબનું મનનીય ચિંતન 'દિવ્યદર્શન' હિન્દી અને ગુજરાતી પાક્ષિક અને સાપ્તાહિક પત્રોનું વરસો સુધી સંપાદન કરી કુમારપાળભાઈએ સત્ સાહિત્ય લોકો

સુધી પહોંચાડયું છે.

વળી, જિનપૂજા, સામાયિક, શાસ્ત્ર સ્વાધ્યાય-મનન-ચિંતન, આ બધા નિત્યના આત્મજાગૃતિ કરનારા કર્તવ્યો તો કુમારપાળભાઈના જીવનમાં ખરા જ ખરા. તેઓ ખૂબ જ ઉદાર, પ્રેમાળ, સહાનુભૂતિપૂર્ણ દિલવાળા ઉત્તમ વિચારક અને આચાર સંપન્ન છે.

**હવે એમની ઉત્તમ વિચારણા અને વાતચિતના અંશો જોઈએ :-**

(૧) એકવાર કોઈએ પૂછયું -'તમારી ઓફિસમાં ગુરુનો ફોટો કેમ નથી ? ' ... હંસી મજાક કરતા કુમારપાળભાઈ કહે- "ગુરુને દિવાલ પર નહીં, દિલમાં રાખવાના હોય."

(૨) એકવાર કહે -'કોઈના પર અવિશ્વાસ રાખી સતત દુઃખી થવા કરતાં વિશ્વાસ મૂકી છેતરાવું પડે તો છેતરાવું સારું.

(૩) સેવાના અને ત્યાગના ક્ષેત્રમાં મારા-પરાયાનો વિચાર ન કરાય."

(૪) શિબિરના કોઈ યુવાનને પાન ખાતો જોઈ, ક્યારેક કુમારપાળભાઈ હળવી મજાક કરી લે... બોલે- "અરે ભાઈ ! પાન તો બકરાં ખાય. આપણે માનવ છીએ."

(૫) કોઈ એમની પાસેથી કાંઈ મદદ લઈ ગયા. અને પાછળથી બીજાએ કુમારપાળભાઈને કહ્યું હોય કે-'પેલી વ્યક્તિ તમને છેતરીને મદદ લઈ ગઈ.' તો કુપારપાળભાઈ કહે -"હશે, કાંઈ વાંધો નહીં, આપણને તો સુકૃત થઈ ગયું. સુકૃત કરતાં ક્યારેક આવું પણ બને... આપણે મોટું મન અને ઉદાર દિલ રાખવાનું છે."

કુમારપાળભાઈના અનેકવિધ સદ્‌ગુણોમાંથી આપણે સૌ ઉત્તમ પ્રેરણા લઈએ એવી શુભાભિલાષા.

સરનામું :-

કુમારપાળભાઈ વી. શાહ

૩૯ કલિકુંડ સોસાયટી

ધોળકા, જિ. અમદાવાદ

પીન : ૩૮૭૮૧૦

ફોન : ૦૨૭૧૪-૨૨૨૮૨/૨૩૯૮૧.

# ૫૫ : પોતાના પ્રાણના જોખમે ઘોડાઓ તથા માછલાઓને બચાવનાર વઢવાણના સુશ્રાવક
## શ્રી રતિલાલભાઈ જીવણ અબજી

[ તા. ૬-૬-૯૫ના વઢવાણમાં રામસંગભાઈ દરબારને, તેમની અનુમોદનીય આરાધનાની વિગત જાણવા માટે મળવાનું થયું ત્યારે તેમણે પોતાની વાત તો સંક્ષેપમાં પૂર્ણ કરી ને વઢવાણના જીવદયાપ્રેમી સુશ્રાવક શ્રી રતિલાલભાઈની અત્યંત અનુમોદનીય વાતો કહી. રતિલાલભાઈ આજે હયાત નથી. થોડા જ વર્ષ પહેલાં તેઓ પરલોકવાસી બન્યા છે. છતાં તેમના જીવન પ્રસંગો અત્યંત પ્રેરક હોવાથી અત્રે રજુ કર્યા છે. રતિલાલભાઈના સુપુત્રના ઘરે વઢવાણમાં આજે પણ ઘર દેરાસર છે ત્યાં અમે દર્શનાર્થે ગયા હતા. -સંપાદક]

(૧) ઈ.સ. ૧૯૪૭માં ભારતને આઝાદી મળી તે પહેલાંની આ વાત છે. તે વખતે ભારત ઉપર અંગ્રજોની સત્તા ચાલતી હતી.

કેટલાક અંગ્રેજ અમલદારો જ્યારે પોતાના ઘોડા વૃદ્ધ થતા ત્યારે તેમને ખાડામાં ઊતારીને બંદૂકથી સૂટ કરી નાખતા હતા.

"આત્મવત્ સર્વભૂતેષુ" ની જીવન દૃષ્ટિ ધરાવનારા વઢવાણના સુશ્રાવક શ્રી રતિલાલભાઈને આ વાત ખૂબ જ ખટકતી હતી.

એક વખત તેમને સમાચાર મળ્યા કે અંગ્રેજ અમલદારોએ ઘોડાઓને ખાડામાં ઊતાર્યા છે અને હવે તેમને સૂટ કરવાના છે એટલે તરત જ રતિલાલભાઈ અંગ્રેજ અમલદાર પાસે ગયા અને ઘોડાને ન મારવા માટે ઘણું સમજાવ્યું. પરંતુ અમલદાર એક ના બે ન થયા. ત્યારે રતિલાલભાઈ જાતે એ ખાડામાં ઊતર્યા. ઘોડાઓની આગળ ઊભા રહ્યા અને અમલદારને કહ્યું કે - **''પહેલાં મારી ઉપર બંદુક ચલાવો પછી જ ઘોડાઓ ઉપર બંદુક ચાલી શકશે !''**.... ગુસ્સે થયેલા અંગ્રેજ અફસરે રતિલાલભાઈને પકડાવીને રૂમમાં પૂરી દીધા. ત્યાં પણ રતિલાલભાઈ નવકાર મહામંત્રનું સ્મરણ કરી ઘોડાઓને બચાવવા માટે પ્રભુ પ્રાર્થના કરવા લાગ્યા.

સાચા હૃદયની નિઃસ્વાર્થ પ્રાર્થનાનો સ્વીકાર થયો હોય તેમ એક ઘટના બની ગઈ. એ રૂમની ભીંત ઈંટ કે પથ્થરની બનેલી ન હતી. પરંતુ લાકડાની પટ્ટીઓથી બનેલી હતી. તેના છિદ્રોમાંથી રતિલાલભાઈએ બાજુના ઓરડામાં દૃષ્ટિપાત કર્યો તો ત્યાં અંગ્રેજ અમલદારો માટે મોટો દૂધપાકનો

તપેલો તૈયાર થઈ રહ્યો હતો. તેમાં ઉપર નળિયામાંથી પસાર થતા સાપનું ઝેર પડતું તેમણે જોયું. રતિલાલભાઈએ સમયસૂચકતા વાપરીને લાકડી દ્વારા એ તપેલાને ધક્કો મારી દૂધપાક ઢોળી નાખ્યું. અંગ્રેજ અમલદારોને આ વાતની ખબર પડતાં પ્રથમ તો ખૂબ જ છંછેડાયા પરંતુ પાછળથી સર્પના ઝેરની હકીકત જાણી ત્યારે ખાત્રી કરવા માટે દૂધપાકને પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યો. તેમાં ઝેરનું અસ્તિત્વ સિધ્ધ થતાં આશ્ચર્યચકિત થયેલા અફસરોએ રતિલાલભાઈને પૂછ્યું કે-'અમે તો તમારા દુશ્મન ગણાઈએ. છતાં તમે અમને મરવા દેવાને બદલે કેમ બચાવ્યા ?' ત્યારે રતિલાલભાઈએ જવાબ આપ્યો કે- "સાહેબ, તમે પણ મારા મિત્રો જ છો અને ઘોડાઓ પણ મારા એટલા જ મિત્ર છે. તમે જો મારા ઉપર પ્રસન્ન થયા હો તો ઘોડાઓને સૂટ ન કરવાનું વચન આપો !"... અને પ્રસન્ન થયેલા અંગ્રેજ અમલદારોએ ઘોડાઓને સૂટ ન કરવાનું વચન આપ્યું તથા એક ગોલ્ડ મેડલ (સુવર્ણ ચંદ્રક) પણ રતિલાલભાઈને બહુમાનપૂર્વક અર્પણ કર્યો !....

**(૨) ૧૦ વખત માછલાઓને બચાવ્યા !....**

દિવસે મહાજનથી ડરતા મીયાણા માછીમારો રાત્રે વઢવાણના તળાવમાંથી પુષ્કળ માછલા પકડતા હતા. આ વાતની રતિલાલભાઈને ખબર પડતાં તેઓ રાત્રે ૨-૩ વાગ્યાના સુમારે એકલા તળાવે પહોંચી જતા. દૂરથી રતિલાલભાઈના આગમનની ખબર પડતાં જ માછીમારો તેમને પડકારતા અને કહેતા કે-'પાછા ચાલ્યા જાઓ, નહિતર બંદૂકના એક જ ધડાકે તમને ખતમ કરી નાખશું' ! તો પણ જરાય ગભરાયા વિના મક્કમ પગલે રતિલાલભાઈ મીયાણા-માછીમારો પાસે પહોંચી જતા. માછીમાર બંદૂકનું નાળચું રતિલાલભાઈની છાતીને અડાડીને કહેતા કે -'જીવવું હોય તો હજુ પણ પાછા ચાલ્યા જાઓ. અમને અમારું કામ કરવા દો.' ત્યારે રતિલાલભાઈ પોતાના ખિસ્સામાંથી કાગળ કાઢીને બેટરીના પ્રકાશમાં માછીમારોને વંચાવતા. તેમાં લખ્યું હતું કે-'મેં સ્વયં અમુક પ્રકારની તકલીફોથી કંટાળીને આપઘાત કર્યો છે. મને કોઈએ પણ માર્યો નથી. માટે આ મૃત્યુ બદલ કોઈને પણ સજા કરવી નહિ !'

**પથ્થર દિલના માછીમારો પણ દેવતાઈ દિલના માનવીને જોઈને પીગળી જતા. ત્યારે રતિલાલભાઈ તેમને કહેતા કે- 'હવે ભલે તમને બંદૂક ચલાવવી હોય તો મારી ઉપર ચલાવો. પરંતુ મને વચન આપો કે મને માર્યા પછી તમે કે તમારા સંતાનો કોઈ માછલાને નહિ મારો.''**

માછલાની ખાતર પોતાના પ્રાણોને હોડમાં મૂકનાર આ આદમીની દિલની દિલાવરતા જોઈને માછીમારો પણ ઓવારી જતા. ત્યારે

રતિલાલભાઈ ખિસ્સામાંથી ૫૦૦ રૂા. તેમને આપીને નિર્દોષ આજીવિકા માટે પ્રેરણા કરતા પરિણામે માછીમારો પણ તેનો સ્વીકાર કરી સદાને માટે માછીમારીનો ત્યાગ કરતા. આવા તો દશેક પ્રસંગો તેમના જીવનમાં બન્યા છે !....

(૩) જિનાલયનો વહીવટ કરવામાં પણ રતિલાલભાઈ એટલા જ ચોક્કસ હતા. કેટલીક વાર રાત્રે ૩-૪ વાગ્યે દેરાસરમાં સંતાઈ જાય અને પૂજારી પૂજાના કપડા પહેરતાં પહેલાં ન્હાય છે કે નહિ તેની પણ કાળજી રાખતા !....

(૪) દેરાસરનો ભંડારો ખોલવાનો હોય ત્યારે કદી પણ એક-બે જણા નહિ પરંતુ પાંચેક જણા સાથે બેસીને જ ભંડારો ખોલતા અને તરત જ ગણતરી કરતા. વચ્ચે કદાચ પોતાને લઘુશંકા માટે બહાર જવું પડે તો પણ એકલા ન જતાં પાંચ જણામાંથી કોઈને પણ સાથે લઈને જ જતા. એટલે સ્વાભાવિક રીતે બીજા આગેવાનો પાસેથી પણ આ જ પધ્ધતિનું અનુસરણ કરાવી શકતા.

ખરેખર, જિનશાસનની બલિહારી છે કે કલિયુગમાં પણ આવા **જીવદયાપ્રેમી, પ્રામાણિક સુશ્રાવકો થતા રહ્યા છે. વર્તમાનકાલીન સંઘોના વહીવટદારો પણ આમાંથી કાંઈક પ્રેરણા મેળવશે એ જ શુભાભિલાષા.**

(૫) રતિલાલભાઈ નિયમિત જિનપૂજા અચૂક કરતા. એક વખત તેમને મસ્તકનું ઓપરેશન કરાવવાનો પ્રસંગ આવ્યો. ડોક્ટરે કહ્યું કે-'સંપૂર્ણ આરામ કરવો પડશે.' રતિભાઈ : 'કરીશ. પરંતુ માત્ર પ્રભુપૂજાની છૂટ આપો.' ડોક્ટરઃ હલનચલનથી ટાંકા તૂટી જાય માટે છૂટ ન અપાય.' રતિભાઈ :'ગમે તે થાય પરંતુ ભગવાનની પૂજા કર્યા વિના મને ચેન ન પડે !'... ડોક્ટરો પરસ્પર ઈંગ્લીશમાં વાતો કરવા લાગ્યા કે 'આ જિદ્દી છે. વેદિયા છે. આપણે એમને એનેસ્થિસિયા આપીશું. તેથી ઘેનમાં રહેશે.' રતિલાલભાઈ ધોતિયું પહેરતા. તેથી ડો. ને લાગ્યું કે આમને અંગ્રેજી નહિ આવડતું હોય. પરંતુ રતિલાલભાઈ અંગ્રેજી જાણતા હતા. તેઓ ડો.ની વાત સમજી ગયા. ઓપરેશન વખતે એનેસ્થિસિયા લેવાની ના પાડી દીધી. ડો. એ દબાણ કર્યું. ત્યારે રતિલાલભાઈ કહે "હું ચૂં કે ચાં નહિ કરું. બધી વેદના સહન કરીશ." !.... ઓપરેશન થયું. બીજે દિવસે નર્સને પૈસાની બક્ષિસ આપી પૂજા માટે રજા માંગી. નર્સે રજા ન આપી. રતિલાલભાઈ પાછલી બારીથી ઉતરવા ગયા. ગભરાઈને નર્સે કોઈને ન કહેવાની શરતે રજા આપી. આમ બીજે દિવસે પૂજા કરી. ડો. કહે-'કેમ રતિભાઈ ! **પૂજા કરી હોત તો કેટલી તકલીફ થાત ? ધર્મનું ગાંડપણ ન કરવું જોઈએ.' રતિભાઈઃ 'ડોક્ટર ! પૂજા સવારે કરી છે. મારા**

ભગવાનની પૂજાથી જ બચ્યો છું. ટાંકા પણ તૂટયા નથી. પ્રભુકૃપાથી જ બધું સારું થાય ! ધર્મ કરવાની કદી કોઈને ના ન પાડવી. રતિભાઈની આવી ધર્મદૃઢતા જોઈ ડોક્ટરનું મસ્તક પણ અહોભાવથી ઝૂકી ગયું !...

(૬) રતિલાલભાઈની સુપુત્રીના લગ્નનો પ્રસંગ હતો. અણધારી આફતથી રસ્તામાં સમય બગડવાથી ઘરે જાન આવી ત્યારે સૂર્યાસ્તને થોડીક જ વાર હતી. રતિલાલભાઈએ વેવાઈ પક્ષને કહ્યું કે "તમે જાણો છો કે રાત્રે હું ખાતો નથી અને કોઈને ખવરાવતો નથી. ચા તૈયાર કરાવી દીધી છે. બધા ચા-નાસ્તો જલ્દી કરી લો. રાત્રિભોજનનું પાપ હું કોઈને પણ કરવા નહીં દઉં !" સગા-સ્નેહીએ સમજાવવા માંડયા કે- 'રતિલાલભાઈ ! દીકરીના લગ્નનો પ્રસંગ છે. આટલી કડકાઈ ન ચાલે." પણ રતિલાલભાઈએ મક્કમતાથી સૂર્યાસ્ત પછી કોઈને જમાડયા નહીં ! ધર્મનો કેવો દૃઢ પ્રેમ !....

(૭) આ જ રતિલાલભાઈ ઈંદોરના હુકમીચંદજીનો માલ લાવી વેપાર કરે. હુકમીચંદજી કરોડપતિ. તેમને વઢવાણમાં એક પ્રસંગે આવવાનું હતું રતિભાઈએ પોતાને ત્યાં જ ઊતરવાની વિનંતિ કરી. સાથે કહ્યું કે 'શેઠજી ! સૂર્યાસ્ત પછી હું કોઈને પાણી પણ પીવડાવતો નથી.

વિમાન લેટ થવાથી વઢવાણમાં સૂર્યાસ્ત પછી એ આવ્યા. રતિભાઈએ જમાડવાની ના પાડી. ભાઈઓ વગેરેએ ખૂબ દબાણ કર્યું કે- 'શેઠ ગુસ્સે થશે. માલ નહીં આપે. માટે આ એકવાર એમને જમાડી દો. રતિભાઈ ન માન્યા. તેઓ કહે : "ભલે ધંધો બંધ કરવો પડે. પણ હું રાત્રિભોજન નહીં જ કરાવું !"

હુકમીચંદજી કહે "રતિભાઈ ! લવીંગ તો આપો. (તેમને લવિંગની આદત હતી.) રતિભાઈ કહે: 'શેઠજી ! માફ કરો, રાત્રે મારાથી કશું પણ નહિ અપાય. આમાં મારો અંતરાત્મા ના પાડે છે...."

રાત્રે જાહેર સભામાં બધા ખૂબ ડરતા હતા કે શેઠ જરૂર ખૂબ જ ગુસ્સે થઈ ટીકા કરશે. પરંતુ હુકમીચંદજીએ તો રતિભાઈને જાહેર સભામાં પાસે બોલાવીને ખૂબજ ધન્યવાદ આપ્યા !

પ્રિય વાચકો ! જોયું ને ધર્મદૃઢતાનું કેવું સુખદ પરિણામ આવ્યું. માટે તમે સહુ પણ દૃઢતા કેળવી રાત્રિભોજનના મહાપાપને જરૂર તિલાંજલિ આપી રતિલાલભાઈના જીવનની સાચી અનુમોદના કરશો.

(૮) એક વખત રતિલાલભાઈ ટ્રેઈનમાં મુસાફરી કરતા હતા. રસ્તામાં ટિકિટ ચેકર આવ્યો. રતિભાઈએ ટિકિટ બતાવી. છતાં ટી.સી. કહે કે 'ઊતરી જાઓ.' રતિભાઈ જીવદયાના જરૂરી કામે ઈંદોરથી મક્ષીજી જઈ રહ્યા હતા. ટિકિટ હોવા છતાં ટી. સી.એ પરાણે ઊતારી મૂક્યા ! અને એ ટ્રેઈનને થોડીવારમાં જ

અકસ્માત થયો ! એમના ડબ્બાના બધા મુસાફરો મરી ગયા. રતિભાઈ બચી ગયા ! કહ્યું છે કે- "ધર્મો રક્ષતિ રક્ષિતઃ " અર્થાત્ જે કટોકટીમાં પણ ચુસ્ત રીતે ધર્મનું રક્ષણ કરે છે - ધર્મને વફાદાર રહે છે તો તેમનું ધર્મ પણ અચૂક રક્ષણ કરે જ છે ! રતિલાલભાઈના જીવન પ્રસંગો વાંચી સહુ ધર્મદૃઢતા કેળવો એ જ હાર્દિક શુભાભિલાષા.

## ૫૬ : પ્રતિવર્ષ સેંકડો બકરાની સામૂહિક બલિ પ્રથાને અટકાવતા શ્રાદ્ધવર્ય સુમતિભાઈ રાજારામ શાહ

આજે જ્યારે ચોમેર ભયંકર હિંસાનું તાંડવ નૃત્ય દિન-પ્રતિદિન માઝા મૂકી રહ્યું છે ત્યારે તેને નાથવા માટે તાતી જરૂર છે ગામે ગામમાંથી સુશ્રાવક શ્રી સુમતિભાઈ (ઉં. વ. ૫૫ લગભગ) શાહ જેવા કો'ક ભડવીર નરબંકાઓની. તો ચાલો આપણે સુમતિભાઈનું રોમહર્ષક દૃષ્ટાંત વિચારીએ.

મહારાષ્ટ્રમાં કોલ્હાપુર જિલ્લાના કાગલ તાલુકામાં લિંગનૂર (કાપસી) નામે એક નાનું ગામ આવેલું છે. આ ગામના લોકો પછાત વર્ગના છે. અજ્ઞાનતાને કારણે તેઓ અંધશ્રધ્ધાથી પ્રેરાઈને દર વર્ષે ૩ વખત અંબિકાદેવીની યાત્રા વખતે ૩૦૦ થી ૪૦૦ બકરાઓની બલિ ચઢાવતા હતા. એ લોકોની એવી માન્યતા હતી કે આ રીતે બકરાઓનું બલિદાન આપવાથી દેવી ખુશ થાય છે પરિણામે અનાજ ખૂબ ઊગે છે. કોઈપણ પ્રકારનો રોગચાળો થતો નથી. બકરાઓનું માંસ ખાવા માટે તેઓ સગા-વહાલા તથા મહેમાનોને આમંત્રણ આપે. દારૂની મહેફિલ જામે. માંસની જયાફત ઊડે અને આવા અનેક અપકૃત્યો દર વર્ષે વર્ષમાં ૩ વાર સામૂહિક રીતે થતા. આ ગામ મહારાષ્ટ્ર અને કર્ણાટકની સરહદ પાસે આવેલું છે.

લિંગનૂરથી થોડે જ દૂર કર્ણાટક રાજ્યના નિપાણી ગામમાં સુમતિભાઈ રાજારામ શાહ નામના સુશ્રાવક રહે છે. જીવદયાપ્રેમી આ શ્રાધ્ધવર્યને ધર્મના નામે ચાલતો આ સામૂહિક હત્યાકાંડ ખૂબ જ ખટકતો હતો. છેલ્લા ૧૫ વર્ષથી તેઓ આ હત્યાકાંડને અટકાવવા કઈક પ્રયત્નો કરતા પણ સફળતા મળતી ન હતી.

ફરી તા. ૨૬-૨-૯૨ના દિવસે આ યાત્રા અને બલિપ્રથાનો દિવસ આવી રહ્યો હતો ત્યારે સુમતિભાઈએ દૃઢ નિશ્ચય કર્યો કે આ વખતે તો કોઈ પણ ભોગે આ હત્યાકાંડ અટકાવવો જ છે. તેઓ ભગવાન શ્રી ચંદ્રપ્રભસ્વામીના જિનાલયમાં ગયા. પ્રભુના ચરણો પાસે મસ્તક ઢાળીને

તેમણે ગદ્‌ગદ ભાવે પ્રાર્થના કરી કે 'હે દેવાધિદેવ ! જીવદયાના મહાન શુભ કાર્ય માટે જાઉં છું. આપ મને શક્તિ આપજો.'

ત્યાર બાદ તેઓ લિંગનૂર ગયા અને તેના આગેવાન લોકોને એકઠા કરીને તેમની સમક્ષ પોતાના હૃદયની વાત પ્રગટ કરતાં કહ્યું કે-' તમે આ હત્યા બંધ કરો તો સારું. કારણ કે આ અંધશ્રધ્ધા છે. આનાથી તમે દુઃખી થઈ રહ્યા છો. આ ધર્મ નહિ પરંતુ અધર્મ છે. આનાથી તો તમે ભવોભવ બરબાદ થઈ જશો.'... ઈત્યાદિ.

લિંગનૂર ગામના આગેવાન લોકો સુમતિભાઈની પ્રતિષ્ઠા અને ધાર્મિકતાથી પ્રભાવિત થયા હતા. તેમણે કહ્યું, 'શેઠજી ! અમે આજે જ રાત્રે ગામમાં ઢંઢેરો પિટાવીને ગામલોકોને સમજાવવા પ્રયત્ન કરીએ છીએ.' રાત્રે ઢંઢેરો પિટાવ્યો તે મુજબ બીજે જ દિવસે તા. ૧૨-૧-૯૪ ના સવારના ૮ વાગ્યે આખા ગામની મીટીંગ અંબિકાદેવીના મંદિરના પ્રાંગણમાં થઈ. એ મીટીંગમાં સુમતિભાઈ પણ ઉપસ્થિત રહ્યા. તેમણે લોકોને જીવહિંસાના ભયંકર દુષ્પરિણામોને સમજાવ્યા.

**અને ખરેખર તે દિવસે જાણે ચમત્કાર સર્જાઈ ગયો હોય તેમ વર્ષોજૂની બલિ પ્રથાને સદાને માટે તિલાંજલિ આપવાનો નિર્ણય સર્વાનુમતે થઈ ગયો. લેશમાત્ર પણ કોઈએ વિરોધ ન કર્યો.**

સુમતિભાઈનું મનમયૂર નાચી ઊઠયું. તેમણે લોકોને કહ્યું કે 'આ વર્ષે અંબામાની યાત્રા ધામધૂમથી મનાવો. જે પણ ખર્ચ થશે તે હું આપીશ. પરંતુ એક વાત ખાસ ધ્યાન રાખજો કે એક પણ પશુ કે પક્ષીની હિંસા ન થવી જોઈએ.'

આવી જાહેરાતથી આખા ગામમાં આનંદોલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું.

પરંતુ થોડા દિવસ બાદ ગામના કેટલાક આગેવાનોને ભય લાગ્યો કે જો બકરાનું બલિદાન નહિ મળવાથી અંબિકા દેવી કોપાયમાન થશે તો ?

આ દ્વિધાનું નિવારણ કરવા માટે ગામના ૧૫૦ જણા કર્ણાટકમાં આવેલ યલ્લમા દેવીના મંદિરે ગયા. ભારતભરમાંથી હજારો-લાખો લોકો દર વર્ષે ત્યાં જાય છે. મહાસુદિ ૧૫ ના ત્યાં મોટો મેળો ભરાય છે. એ મેળામાં લિંગનૂરના ૧૫૦ માણસો ગયા. ત્યાં જ્યારે દેવીના ભક્તના શરીરમાં દેવીએ પ્રવેશ કર્યો ત્યારે તેમને પ્રશ્ન પૂછયો કે- **'હે માતાજી ! અમે શેઠ સુમતિભાઈને વચન આપ્યું છે તે મુજબ બકરાનું બલિ નહિ ચઢાવવાનું વચન પાળીએ કે 'નહિ !' ત્યારે જવાબ મળ્યો કે 'વચનનું પાલન કરો. હિંસા દુઃખની ખાણ છે. તેને બંધ**

કરો. એનાથી તમારા ગામનું કલ્યાણ થશે.' આથી લોકોનો ભય સદાને માટે દૂર થઈ ગયો. તેઓ નાચતા કૂદતા પોતાના ગામમાં પાછા ફર્યા અને બધાને દેવીના જવાબની વાત જણાવી. એમ કરતાં તા. ૨૫-૨-૯૨ નો દિવસ આવ્યો. યાત્રાનો પ્રારંભ થયો. આખા ગામમાં લોકો વાજિંત્રોના નાદ સાથે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા કરતા અંબામાના મંદિરે પહોંચ્યા અને પોતપોતાના ઘરેથી લાવેલ શ્રીફળ, નૈવેદ્ય વિગેરે ચઢાવીને ઉત્સવ મનાવ્યો.

જે દિવસે લોહીની નદી વહેતી તે દિવસે ગામલોકોના સહયોગથી મૈત્રીનું વાતાવરણ સર્જાયુ. અંબામાનું મંદિર રોશનીથી શણગારવામાં આવ્યું હતું. પત્રકારો દોડી આવ્યા. ગામલોકોનો ઈન્ટરવ્યુ લીધો. અખબારોમાં આ વાત પ્રકાશિત થતાં ચારેબાજુથી સુમતિભાઈ ઉપર ધન્યવાદનો વરસાદ વરસવા લાગ્યો.

હિંસા બંધ થવાથી સુમતિભાઈના આનંદનો પાર ન રહ્યો. તેમણે આખા ગામના પ્રત્યેક જણ દીઠ ૧-૧ મોતીચૂર લાડુની લ્હાણી ઘરે ઘરે જાતે જઈને કરી. લોકો ખૂબ રાજી થયા. અહિંસામય જૈન ધર્મનો જયજયકાર થયો.

બે-ત્રણ ઘરોમાં છુપી રીતે એ દિવસે નોનવેજનો ઉપયોગ થયાની ખબર પડતાં ગામલોકોએ મીટીંગ બોલાવી નોનવેજ ખાનારને ૫૦૦ રૂ. નો દંડ કર્યો તથા માફી મંગાવી ત્યારથી એ દિવસે કોઈ નોનવેજ ખાતું નથી.

અંબામાના મંદિરના જીર્ણોદ્ધારનો ખર્ચ સુમતિભાઈએ આપ્યો. એટલું જ નહિ પરંતુ દર વર્ષે યાત્રાના દિવસે પોતે નૈવેદ્ય બધાને આપે પરંતુ લોકોના ઉત્સાહની અભિવૃધ્ધિ માટે કહે કે 'તમે બલિપ્રથા બંધ કરી તેથી ખુશ થયેલા સંઘોએ મુંબઈથી નૈવેદ્ય માટે પૈસા મોકલાવેલ છે !'

સં. ૨૦૪૮ માં ધર્મચક્રતપપ્રભાવક પ.પૂ. પં. શ્રીજગવલ્લભ વિજયજી મ.સા.ના ચાતુર્માસમાં ધર્મચક્રતપનું બ્યાસણું સુમતિભાઈએ કરાવ્યું, પૈસા પોતે આપ્યા પરંતુ દાતા તરીકે નામ લિંગનૂર ગામનું લખાવ્યું તથા એ ગામના આગેવાનોનું બહુમાન કરાવ્યું આથી એ ગામના લોકો સુમતિભાઈની આવી ઉદારતા ઉપર ઓવારી ગયા.

એ ગામના એક યુવાને મ.સા.ને કહ્યું કે-"મ.સા. જ્યારથી અમારા ગામમાં આ હિંસા બંધ થઈ ત્યારથી ત્રણ લાભ અમને થયા છે. (૧) ખેતરોમાં પહેલાં કરતાં પાક વધુ થવા માંડયો છે. (૨) પહેલાં કરતાં પાકના ભાવ વધુ મળે છે. (૩) ગામના નેતા ઓપરેશન ફરજિયાત કરાવવું પડે તેવી બિમારીમાંથી પણ વગર ઓપરેશને સાજા થઈ ગયા !"....

આવી રીતે જાતે ભોગ આપીને જીવદયાનો ઝંડો ફરકાવનાર, અહિંસાના પૂજારી શ્રી સુમતિભાઈ શાહને કોટિ કોટિ ધન્યવાદ સહ ભૂરિ

ભૂરિ અનુમોદના. તેમના દૃષ્ટાંતનું અનેક ઠેકાણે શુભ અનુકરણ થાય તેવી હાર્દિક શુભાભિલાષા.

## ૫૭ : ૧૫૦૦ ભૂંડને બચાવનાર, જીવદયાપ્રેમી સુશ્રાવકશ્રી બાબુભાઈ કટોસણવાલા

"શ્રાવકજી ! હમણાં જ હું બહાર સ્થંડિલ ભૂમિએથી પાછો આવ્યો છું. ગામ બહાર વાડા જેવા સ્થાનમાં સેંકડો ભૂંડો પૂરાયેલા છે. ત્યાંની પરિસ્થિતિ ઉપરથી લાગે છે કે કદાચ એ ભૂંડોને બહારગામ કસાઈ આદિને વેંચવા માટે રાખેલા હોય. તમો પૂરેપૂરી તપાસ કરીને એ જીવોની રક્ષા માટે ઉચિત કરો એ ખાસ કર્તવ્ય જણાય છે." ગુજરાતમાં મહેસાણા જિલ્લાના કડી ગામમાં પ.પૂ. આ. ભ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર્ય મ.સા.એ ગામના જીવદયાપ્રેમી સુશ્રાવકને ગદ્ગદ હૈયે વાત કરી.

"મહારાજ સાહેબ ! આપની વાત સાચી છે. અમે સહુ ભેગા થઈ ભૂંડોને બચાવવા માટે શક્ય પ્રયત્નો જરૂર કરીશું" શ્રાવકે વિનયપૂર્વક જવાબ આપ્યો.

ગામના બીજા આગેવાન શ્રાવકોને સાથે લઈ એ શ્રાવક મ્યુનિસિપલ પ્રેસિડેન્ટ તથા ચીફ ઓફિસરને મળ્યા. ચીફ ઓફિસરે કહ્યું કે- "મહાજનની ભૂંડ બચાવવાની વાત ખૂબ વ્યાજબી છે. પરંતુ ગામમાં ભૂંડોની સંખ્યા ખૂબ વધી ગઈ છે. ગામલોકોની વારંવાર ફરિયાદ આવે છે. એટલે મ્યુનિસિપાલિટીએ જ ભૂંડ પકડનાર માણસોને બોલાવ્યા છે."

"પણ સાહેબ ! આટલા બધા નિર્દોષ જીવોને અમારી આંખ સમક્ષ યમદૂતોના હવાલે થતા અમે કેમ સહન કરી શકીએ. તમે આનો બીજો કોઈ રસ્તો કાઢો તો સારું." શ્રાવકોએ કહ્યું.

"જો તમે આ ભૂંડોને ગામમાંથી કાયમ માટે દૂર મૂકી આવી શકો તો તમને સોંપી દેવા માટે અમે તૈયાર છીએ." મ્યનિસિપાલિટી સત્તાવાળાઓએ જણાવ્યું.

અંદરોઅંદર વિચાર વિનિમય કરી શ્રાવકો ભૂંડોનો કબ્જો લેવા તૈયાર થયા.

મ્યુનિસિપલ સત્તાવાળા, પોલિસના વડા વિગેરેની મદદથી તેમણે

ગામમાં રહેલા ૧૩૦૦ જેટલા ભૂંડોનો કસાઈ જેવા માણસો પાસેથી કબ્જો મેળવ્યો. આર્થિક રીતે તેમને સંતુષ્ટ કરવામાં આવ્યા.

એ બધા ભૂંડોને ૧૦ મજૂરો મારફત ટ્રકોમાં ગોઠવીને ગામ નગરથી દૂર-સુદૂર ઠેઠ અરવલ્લીના ડુંગરોમાં આગેવાન શ્રાવક જાતે જઈને છોડી આવ્યા. જેથી ફરી તેમને બીજા કોઈ પકડી ન શકે તથા ત્યાં પાણીના ઝરણા વિગેરે કારણે તેઓને આહાર-પાણી પણ મળી શકે.

ત્યારબાદ બેચરાજી તથા કટોસણ રોડના લોકોને ખબર પડતાં તેમની વિનંતિથી બેચરાજીથી ૧૨૦ તથા કટોસણ રોડથી ૬૫ જેટલા ભૂંડોને તથા બીજા પણ ઝાળમાં સપડાયેલા ૧૪ જેટલા ભૂંડોને છોડાવીને અરવલ્લીના ડુંગરોમાં મૂકાવીને બચાવ્યા. આ પુણ્ય કાર્યમાં તેમણે ૧૩ હજાર રૂ. નો સદ્વ્યય પ્રસન્નતાથી કર્યો તથા સમય તેમજ જાત મહેનતનો ઘણો જ ભોગ આપ્યો.

પૂ. પંન્યાસજી મહારાજને આ સમાચાર મળતાં એમણે ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરીને એ શ્રાવકને ખાસ શુભાશીર્વાદ આપ્યા.

એ જીવદયાપ્રેમી સુશ્રાવકનું નામ બાબુભાઈ કટોસણવાલા. "Live and let live" અર્થાત્ "જીવો અને જીવવા દો" આ લૌકિક સૂત્ર કરતાં પણ આગળ વધીને "Die and let live" અર્થાત્ "જરૂર પડયે પોતાનું બલિદાન આપીને પણ બીજા જીવોને બચાવો... પોતે પ્રસન્નતાથી કષ્ટોને વધાવીને પણ અન્ય જીવોને સુખેથી જીવવા દો" એવા લોકોત્તર જીવદયાના ઉપદેશને પામેલા શ્રાવકોએ બાબુભાઈના જીવનમાંથી પ્રેરણાને પામીને આવા પ્રસંગોએ પોતાના તન-મન-ધન તેમજ લાગવગ આદિનો સદુપયોગ કરીને અબોલ જીવોને બચાવવા માટે બનતું બધું જ કરી છૂટવું જોઈએ.

આજે પાલિતાણા જેવા મહાતીર્થધામમાં પણ કેટલીય વાર પકડાઈ રહેલા ભૂંડોની કરુણ ચીસો સંભળાતી હોય છે ત્યારે શક્તિ સંપન્ન શ્રાવકોએ તેમને બચાવવા માટે બાબુભાઈની માફક બીડું ઝડપવું જોઈશે.

જીવદયાના પરિણામ વિકસિત થતાં બાબુભાઈએ પોતાના તરફથી સર્વ જીવોને અભયદાન આપવા માટે સં. ૨૦૩૮ માં મા. સુ. ૫ના ભોંયણી તીર્થમાં સર્વવિરતિ ધર્મનો સ્વીકાર કર્યો અને **આગમપ્રજ્ઞ પ.પૂ. મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ.સા. ના શિષ્ય મુનિરાજશ્રી બાહુવિજયજી તરીકે ખૂબ તપોમય સંયમ જીવન જીવી રહ્યા છે.**

હાલ ૭૫ વર્ષની ઉંમરે પહોંચેલા આ મહાત્માએ ૫૮ વર્ષની ઉંમરથી જ યાવજ્જીવ ઓછામાં ઓછા એકાશણાનું તપ તો સદાય કરવાનો

અભિગ્રહ લીધેલ છે. તદ્દુપરાંત એકાંતર ૫૦૦ આયંબિલ-એકાશણા, નવપદજીની ૬૭ ઓળી, દીક્ષા પછી પ્રથમ જ ચાતુર્માસમાં માસક્ષમણ તપ વિગેરે દ્વારા સુંદર કર્મનિર્જરા કરી આત્માને હળુકર્મી બનાવી રહ્યા છે.

હાલ તેઓ વર્ધમાન તપની ૧૦૮ ઓળીના મહાતપસ્વી પૂ. મુનિરાજશ્રી મનોગુપ્તવિજયજી મ.સા.ની સુંદર વૈયાવચ્ચ કરી રહ્યા છે.

અમદાવાદ પાસે સાણંદ ગામમાં જેઠાવેણાના ઉપાશ્રયમાં તા. ૨૪/૧/૯૬ના બીજીવાર તેમના દર્શન થયા ત્યારે ત્યાંના જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનમાં "બહુરત્ના વસુંધરા" પુસ્તક પ્રકાશનની વાત સાંભળીને તેઓ ખૂબ જ આનંદિત થયા અને તરત ત્યાંના ટ્રસ્ટીઓને પ્રેરણા કરીને સાણંદ જૈન સંઘના જ્ઞાનખાતામાંથી પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાનભંડારોને પ્રસ્તુત પુસ્તક ભેટ મોકલાવવા માટે દશ હજાર રૂ. પાસ કરાવ્યા.

પરાર્થવ્યસની મહાત્માને કોટિશઃ વંદન હો.

## ૫૮ : અજબ જીવદયાપ્રેમી

### બાબુલાલ મોહનલાલ શાહ

પાલનપુર જીલ્લાના કાંકરેજ તાલુકાનું ચીમનગઢ નામનું ગામડું. અહીં એક શ્રાવક રહે. અદ્દભૂત જીવદયાપ્રેમી. આજુબાજુ ગામડાઓનાં કસાઈઓને જીવ વેચતી કોમના માણસો પાસેથી દર મહિને એ ૧૦૦ જેટલા જીવોને મોતના મુખમાંથી અભયદાન દેવાનું મહાન કાર્ય કરે. નિત્ય એકાસણ કરે. જીવદયાના કાર્યમાં સંઘ અને અનેક સંસ્થાની મદદ લે. પોતે પણ ચીમનગઢમાં સંઘ હસ્તક પાંજરાપોળ ચલાવે છે.

એક વખતની વાત છે. માતાજીની પાસે જીવતા બોકડાનો ભોગ ધરવા ભૂવો તૈયારી કરી રહ્યો છે. એ ભૂવા પાસે પહોંચી ગયા. એને બોકડો ન મારવા ખૂબ સમજાવ્યો પણ ભૂવો માનવા તૈયાર ન થયો.

શ્રાવક પહોંચી ગયા. ભૂવાની પત્ની પાસે. એને નમ્ર ભાષામાં કહે, 'તું મારી ધર્મની બહેન ! તારા પુત્ર/પુત્રીના મામેરામાં મામા બનીને ૫૦૦ રૂ.નો કરિયાવર કરીશ. ગમે તેમ કર, બહેન ! પણ આ નિર્દોષ બોકડાને મરતો બચાવ.'

'ધર્મની બહેન' શબ્દ સાંભળી ભૂવાની પત્ની કૂણી બની. એણે ભૂવાને

સમજાવ્યું. શ્રાવકે મનોમન અઠ્ઠમ કરવાની તૈયારી કરી લીધી. માતા અને બોકડા તરફથી અનુકૂળ સંકેત મળતાં ભૂવો બોકડાને ન મારવા કબૂલ થયો.

એક પંચેન્દ્રિય જીવ બચાવ્યાનો મહાન આનંદ એ શ્રાવકને થયો.

એમનું નામ બાબુલાલ મોહનલાલ શાહ.

## ૫૯ : દૃઢ સમ્યગ્દર્શનપ્રેમી નેમિચંદજી કોઠારી

'ગોર મહારાજ ! તમારી લગ્ન કરાવવાની ફી શું છે ? જુઓ આજે સાંજે જે લગ્ન છે એ વિધિમાં તમારે મને કોઈ દેવદેવીને કે સોપારીને પાણી ચડાવવું કંકૂનું તિલક કરવું કે ચોખા ચડાવવા વગેરે વાતો કરવી નહિ, તમારે તમારી વિધિ મુજબ બોલ્યા કરવું, હું મારે મનમાં જે બોલવાનું કે કરવાનું હશે તે કરીશ. તમોને તમારી ફી પેટે હંમેશ કરતાં ડબલ ફી મળશે' મહારાષ્ટ્રના એક શહેરમાંથી એક રાજસ્થાનના યુવાનની જાન પરણવા આવી હતી. વરરાજા જૈનત્વની ખુમારીવાળા હતા. સુદેવ-સુગુરુ-સુધર્મને જ માનવા. એમને જ વંદનીય-પૂજનીય સમજવા એમ એનું સમકિત એને દૃઢ રીતે સમજાવતું હતું. લગ્નની વિધિમાં કોઈ ઈતર દેવદેવીનું પૂજન ભૂલથી પણ ન કરવું પડે માટે લગ્નના ગોરને અગાઉથી બોલાવી એ વાત એણે ગોરની સાથે નક્કી કરાવી લીધી.

'મારે તો મારી લગ્નની ફી સાથે કામ છે, વરરાજા પૂજન કરે કે ન કરે મારે શું લેવા દેવા ?' એ સમજવાળા ગોર મહારાજે વાતને સહર્ષ વધાવી લીધી.

યોગ્ય સમયે લગ્નની વિધિ શરુ થઈ. ગોર મહારાજ સુંદર કપડાં પહેરી ઠાઠ બંધ લગ્નના શ્લોકો બોલવા લાગ્યા. સંગીતમયી એમની ભાષા વહેવા માંડી. 'વરકન્યા કંકુથી પૂજા કરો... ચોખા ચડાવો... પાણીથી અંજલિ કરો' વગેરે શબ્દો અનુસાર કન્યા તો બધી વાતનો અમલ કરવા માંડી પણ વરરાજા આ વાત સાંભળતા જ ક્યાં હતા ? એ તો મનમાં પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરવામાં તલ્લીન હતા...

પોતાની સૂચનાનો અમલ ન થતાં ગોર મહારાજનો પિત્તો ફાટ્યો. વારંવાર જોર જોરથી સૂચના આપવા છતાં વરરાજા એની સૂચનાનો અમલ કરતાં નથી એટલે એ હવે વધુ ગરમ થઈ વરરાજા સાથે સીધા બોલચાલમાં આવી ગયા. વરરાજાએ પૂર્વે થયેલી વાતચીતની યાદ આપી પણ અત્યારે ગોર મહારાજ પોતાના પ્લેટફોર્મ પર હતા. એ અત્યારે નમતું જોખવા તૈયાર

નહોતા..

ગોર મહારાજની બૂમાબૂમ સાંભળી કન્યાના પિતા અને વરરાજાના પિતા પણ દોડી આવ્યા... "આપ આપના સ્થાને પધારો, હમણાં જ મામલો થાળે પડી જશે, આપ જરા પણ ચિંતા ન કરતાં" એમ વિનમ્રભાવે બન્નેને સમજાવી વરરાજાએ રવાના કર્યા.

ગોર મહારાજને શાંતભાવે સમજાવવા છતાં એ જ્યારે વાત સ્વીકારવા તૈયાર ન જ થયા ત્યારે વરરાજાએ એમને એક બાજુ ખસી જવાની સૂચના આપી. ગોર મહારાજ દૂર થતાં એમના સ્થાને વરરાજાના જૈનધર્મી મિત્રો ગોઠવાઈ ગયા. અવારનવાર સ્નાત્રપૂજા, ભાવના, ભક્તામર પાઠ કરનારા તેમણે સંસ્કૃત સ્તુતિઓ મોટેથી સુંદર રાગમાં શરૂ કરી દીધી.

**- અર્હન્તો ભગવંત ઈન્દ્રમહિતા સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ**

**આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકા :...**

**- તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ**

**તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય...**

વગેરે વ્યવસ્થિત ગવાતા શ્લોકોના જયઘોષથી વાતાવરણ મંગળમય બની ગયું.

આ તો લગ્નની વિધિ જ ચાલી રહી છે એવું સમજી ગોર મહારાજ ડરી ગયા. મારે તો પૈસા અને આબરૂ બન્ને જશે. એ ભયથી ગોર મહારાજ ઢીલા થઈ ગયા. એમણે વરરાજાને બે ત્રણ વાર કાકલુદીભરી ભાષામાં લગ્નની વિધિ કરી આપવા તૈયારી બતાવી. વરરાજાએ માન્ય કરી. લગ્નની વિધિ વરરાજાની ઈચ્છા મુજબ જ પૂરી થઈ.

વરરાજાએ અને એમના જૈન મિત્રોએ પછીથી તો મહારાષ્ટ્રમાં 'સીતાને મન એક રામ, જૈનને મન એક અરિહંત' વાળી વાત ખરી કરી બતાવી.

(૨)

વરઘોડીયા પરણીને ઘેર આવ્યા. ઘરમાં માતાજીએ કુળદેવીના નૈવેદ્ય કરવાની વાત કરી તો પરણીને આવેલો પુત્ર કહે "મા ! તારે જે કાંઈ કરવું હોય તે તું જાણે પણ મને કુળદેવીની કોઈ વિધિમાં ન પાડીશ. મારે વંદનીય નમસ્કરણીય પૂજનીય આરાધનીય દેવ અરિહંત જ છે. મને બીજા દેવ દેવીમાં રસ નથી. મા એ પુત્રની વાત સાંભળી લીધી પણ એ જ રાત્રે એ પુત્ર તાવમાં પટકાયો. કુલ દેવીના નૈવેદ્યની ના પાડી માટે તાવ આવ્યો એવું 'લાકડે માંકડું' જોડનારે જોડી દીધું અને એથી જ માતા પુત્રને નૈવેદ્યની વિધિ કરવા વિવશ કરવા લાગી. પુત્ર માટે વ્યાઘ્ર-નદી ન્યાય જેવું થયું, એણે માતાને

જવાબ ન વાળ્યો પણ તાવ નાબુદી માટે વૈદ્યકીય સારવાર વધારી. સવાર પહેલાં જ એનો તાવ ગાયબ થઈ ગયો એટલે એણે વિનમ્રભાવે માતાને નમસ્કાર કરી જણાવ્યું, 'અમને શત્રુંજયની યાત્રા કરવા પાલીતાણા જવું છે, તમે રજા આપો.'

'કેમ એકાએક શત્રુંજયની યાત્રા યાદ આવી ?'

'મા રાત્રે મને તાવ આવેલો એ પ્રસંગને કુળદેવીના નૈવેદ્ય સાથે જોડી દઈ, તરેહ તરેહની વાતો ઘરમાં થતી હતી. મારે નૈવેદ્યની વિધિમાં બેસવું નહોતું અને એ માટે તાવ ઊતરવો જરૂરી હતો. તાવ ઊતરે તો જ અમારે બન્નેએ શત્રુંજયની યાત્રા કરવા જવું. એવો મનોમન સંકલ્પ મેં રાત્રે કરેલો. તાવ ઊતરી જવાથી હવે અમને શત્રુંજય જવું જરૂરી છે' પુત્રે વિનમ્રભાવે માતાને જણાવ્યું. કુળદેવીના નૈવેદ્યની વાતમાંથી એને મનગમતી મુક્તિ મળી ગઈ. શત્રુંજયની યાત્રા સજોડે કરી આવ્યાનો એને ખૂબ હરખ હતો.

(૩)

એ યુવાનના એક પુત્રને ખરજવાની બિમારી લાગુ પડેલી. ઘણા જ વૈદ્યકીય ઉપચારો - પ્રયોગો - મલમ - પટ્ટા છતાં ખંધીલું ખરજવું હટ્યું નહિ. યુવાનની પત્નીને કોઈએ બાજુના ગામના પીરને પગે લગાડવાની વાત કરી. પણ અરિહંતદેવ પર અડગ શ્રદ્ધા ધરાવતા યુવાનની પત્ની સીધી સાદી રીતે જ આવું શી રીતે કરી શકે. 'હું બાજુના ગામે મારા સ્વજનને મળવા જાઉં છું, એવું શેઠને કહેજો' એમ કહી એ બાળકને લઈ પીરવાળા ગામ માટે બસ સ્ટેન્ડ તરફ રવાના થઈ' યુવાન ઘેર જમવા આવ્યો ત્યારે શેઠાણીની ગેરહાજરીનો આવો જવાબ સાંભળવા મળ્યો. જવાબમાં શંકા જતાં એણે કડક થઈને પૂછતાં નોકર સાચી હકીકત બોલી ગયો. દૃઢ સમકિત પ્રેમી આ યુવાનને પીર-ફકીરવાળી વાત શી રીતે ગળે ઊતરે ? એણે પોતાની ગાડી લઈને માણસને પોતાની પત્ની પાછળ દોડાવ્યો, પતિનો સંદેશો - 'તમારે પીર ફકીર પાસે જવું હોય તો ખુશીથી જજો પણ પછીથી મારા ઘરમાં પ્રવેશ ન કરશો' સાંભળી પત્ની પીરને બતાવ્યા વગર જ ઘેર પાછી આવી.

આ ત્રણ પ્રસંગો જેના માટે કહેવાયા, એ હતા અમલનેર (મહારાષ્ટ્ર) ના નેમિચંદ મિશ્રિમલ કોઠારીની પેઢીવાળા દૃઢ સમ્યગ્દર્શનપ્રેમી સુશ્રાવક નેમિચંદજી કોઠારી...

એના દૃઢ સમકિતપ્રેમે એને પછીથી સર્વવિરતિ ચારિત્ર અપાવ્યું. નેમિચંદ મુનિશ્રી **નંદીશ્વરવિજયજી** બન્યા, તપોનિધિ **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ. સા.** ના સુવિનીત શિષ્ય. એમની દીક્ષા વખતે અમલનેરના આંગણે અનેક ગામ-નગરોના છવ્વીશ મુમુક્ષુઓના દીક્ષાના

મંડપ બંધાયેલા.

એ છવ્વીશ દીક્ષાની ભવ્ય ઉજવણીમાં નેમિચંદ પરિવારે તન-મન-ધનનો અજબ ગજબનો ભોગ આપેલો.

જય હો દૃઢ સમ્યગ્દર્શનપ્રેમદાતા અરિહંત દેવોનો !

તા.ક. યોગાનુયોગ તા. ૭-૫-૯૭ ના રોજ શંખેશ્વર તીર્થમાં આ દૃષ્ટાંતનું પ્રૂફ તપાસવાનું કાર્ય ચાલુ હતું ત્યાં જ ઉપરોક્ત મુનિરાજશ્રી નંદીશ્વરવિજયજી મ.સા. ના અમને પ્રથમવાર દર્શન થયા ત્યારે ૭૨ વર્ષની વયે પણ તેમની અઠ્ઠમનો ત્રીજો ઉપવાસ હતો. ચાલુમાં તેઓ કાયમ એકાશણા કરે છે. અગાઉ પડી જવાથી પગમાં ફ્રેક્ચર થતાં નટબોલ બેસાડેલ છે છતાં પણ હજી પગે વિહાર કરે છે. ડોલી કે વીલ ચેરનો ઉપયોગ કરવાની તેમની જરાપણ ઈચ્છા નથી ! ધન્ય છે તેમની પાપભીરુતાને !!!... —સંપાદક

## ૬૦ : દીકરીના લગ્ન પ્રસંગને ધર્મ મહોત્સવ રૂપે ઉજવતા નાસિકના બોરા વકીલ !!!

નાસિકના બોરા વકીલ. દૃઢ ધર્મપ્રેમી. સદ્ગુરુઓ પાસેથી એમને રાત્રિભોજનના પાપની ભયંકરતા જાણવા મળેલી... પોતાની પુત્રી સુનંદાના લગ્નની કંકોત્રીને એમણે જાણે ધર્મપ્રસંગની કંકોત્રીમાં ફેરવી નાખેલી. પાંચ પાનાની સુંદર એ કંકોત્રીમાં એમણે - 'પોતે સજોડે બ્રહ્મચર્યવ્રત સ્વીકારશે - જિનેન્દ્ર ભક્તિ સ્વરૂપ પંચાન્હિક મહોત્સવ - કાંતિભાઈ વકીલ, ઓંકારમલજી આદિ દીક્ષાર્થીને પોતાના આંગણે સન્માન વગરે' લખાણથી ભરી દીધી, માત્ર છેલ્લે પાને લગ્નની વિગત ટૂંકમાં જણાવી દીધી.

નાસિકમાં સં. ૨૦૩૩ ની સાલમાં ઉજવેલા આ પ્રસંગમાં એમણે લગ્નવિધિના મંડપને જાણે ધર્મ મહોત્સવના મંડપમાં ફેરવી નાખેલો. પોતે ચતુર્મુખ ભગવાન સમક્ષ સજોડે વિધિપૂર્વક સંપૂર્ણ ચોથું વ્રત ઉચ્ચર્યું. પોતાને ત્યાંના ભોજન સમારંભમાં મોટા મેજિસ્ટ્રેટો-જજો વકીલો આમંત્રેલા. છતાં કોઈને રાત્રિભોજન નહિ કરાવેલું. બોરા વકીલે પોતાને ત્યાં ગૃહમંદિર રાખેલું અને ત્યાં ખૂબ ભાવપૂર્વક પૂજા-દર્શન આદિ પણ કરતા.

## ૬૧ : રાજા ઋષભ દ્વારા પ્રવર્તાવાયેલ આર્યસંસ્કૃતિની પ્રણાલિકા અને મર્યાદાનુસાર થયેલ કેટલાક શાસન પ્રભાવક સત્કાર્યોની હાર્દિક અનુમોદના

કહેવાતી લોકશાહીના આ જમાનામાં આજે જ્યારે આધુનિક શિક્ષણ, વિજ્ઞાનવાદ અને યંત્રવાદના પરિણામે ચોમેર નાસ્તિકતા, ભૌતિકતા અને હિંસાએ માઝા મૂકી દીધી છે... ગરીબી, બેકારી અને મોંઘવારીના વિષચક્રમાં આર્ય મહાપ્રજા વધુને વધુ ભીંસાતી જાય છે,... ચારે બાજુ અશાંતિ, અનારોગ્ય અને અંધાધૂંધીએ કાળો કેર પ્રવર્તાવ્યો છે... ત્યારે એ બધાયના મૂળ કારણ તરીકે પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ (ઋષભદેવ) ભગવાને રાજ્યાવસ્થામાં પ્રવર્તાવેલ ઉત્તમ વ્યવહારોથી તદ્દન વિપરીત એવી આધુનિક જીવન પદ્ધતિ અને એના પ્રવર્તક બ્રિટીસરો છે...

આ વાતને દીર્ઘદૃષ્ટા, આર્યસંસ્કૃતિપ્રેમી, સૂક્ષ્મ તત્ત્વચિંતક શ્રાદ્ધરત્ન સ્વ. **પંડિત શ્રી પ્રભુદાસભાઈ બેચરદાસ પારેખે** પોતાની પ્રચંડ મેધા, નિર્મળ બુદ્ધિ અને દીર્ઘદૃષ્ટિથી જાણી અને તે તે ભયસ્થાનોથી પ્રજાને તથા ધર્મગુરુઓ વિગેરેને વાકેફ કરવા માટે તેમણે લગભગ દોઢ લાખ પાના જેટલું સાહિત્ય લખ્યું છે. જેમાનું કેટલુંક સાહિત્ય "હિતમિત પથ્યં સત્યં" માસિકની ફાઈલો તથા પંચપ્રતિક્રમણ સૂત્ર - તત્ત્વાર્થસૂત્ર આદિના વિવેચનો વિગેરે રૂપે પ્રકાશિત થયેલ છે.

આ સાહિત્ય દ્વારા ઘણાને નવી જીવન દૃષ્ટિ લાધી છે. અને યથાશક્તિ તે મુજબ જીવન જીવવા માટે પુરુષાર્થ પણ કર્યો છે. પરંતુ વર્તમાનકાળમાં આ સાહિત્યના ચિંતન મનનની સહુથી વધુ વિધાયક અસર જો કોઈના જીવનમાં થઈ હોય તો તે છે એક કોટ્યાધિપતિ, ગર્ભશ્રીમંત, હીરાના વેપારી વડગામ (પાલનપુર પાસે)ના **સુશ્રાવક શ્રી દલપતભાઈ અને રત્નકુક્ષિ સુશ્રાવિકા શ્રી શાંતાબેનના ઘરે આજથી ૩૫ વર્ષ પહેલાં જન્મેલ અતુલકુમાર (B.Com.) કે જેમણે આજથી ૬ વર્ષ પહેલાં અમદાવાદમાં સરદાર સ્ટેડિયમમાં લાખથી અધિક જનમેદનીની હાજરીમાં સુવિશાલગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ, પરમ શાસનપ્રભાવક, પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ના વરદ હસ્તે સંયમ સ્વીકારી ગુરુ પ્રદત્ત મુનિશ્રી હિતરુચિવિજયજી એવું યથાર્થ નામ ધારણ કરેલ છે !**

તેમના જીવનને તથા એ ઐતિહાસિક દીક્ષા પ્રસંગને સારી રીતે જાણવા માટે તો એ દીક્ષા બાદ થોડા મહિનામાં જ "કલ્યાણ" માસિક દ્વારા

પ્રગટ થયેલ "અતુલમ્" વિશેષાંક અચૂક વાંચવો જ રહ્યો. અહીં તો માત્ર અતિસંક્ષેપમાં એ વિશેષાંકના આધારે તેમના જીવનની કેટલીક વિશેષતાઓને અનુમોદનાર્થે અને અનુકરણાર્થે રજુ કરવામાં આવે છે.

(૧) તેઓ ટૂથપેસ્ટ-ટૂથબ્રસને બદલે આયુર્વેદિક દંતમંજન કે દાતણ વાપરતા.

(૨) હાથવણાટના ખાદીના કપડાં જ પહેરતાં.

(૩) કેમિકલ વગરના ગોળ-ખાંડ વાપરતા.

(૪) મીલના પોલીશ્ડ ચોખાને બદલે હાથ છડના ચોખા વાપરતા.

(૫) રીફાઈન્ડ તેલને બદલે બળદઘાણીનું પીલેલું તલનું તેલ જ વાપરતા.

(૬) ઈલેક્ટ્રીક ઘંટીને બદલે હાથ-ઘંટીથી અનાજ દળાવતા.

(૭) ફર્ટિલાઈઝર, પેસ્ટીસાઈડ્સ વગરના દેશી ખાતરથી ઉગાડેલ અનાજ વાપરતા.

(૮) તાજું દૂધ અને ચોક્ખું ઘી વાપરતા.

(૯) નળના પાણીને બદલે કૂવાનું પાણી પીતા.

(૧૦) સ્ટીલના બદલે કાંસાની થાળી-વાટકીમાં જમતા.

(૧૧) ગેસ-સ્ટવને બદલે ચૂલા પર થયેલી રસોઈ વાપરતા.

(૧૨) લગભગ છેલ્લા ૭ વર્ષથી એકાશણા કરતા. તેમાં પણ નાનપણથી જ તમામ ફ્રૂટ અને સુખડી - કંસાર-શીરો અને પૂરણપોળી સિવાયની મીઠાઈનો ત્યાગ હતો.

(૧૩) ટી.વી., વિડીઓ, રેડિયો, ટેપરેકોર્ડર, ફ્રીઝ, એરકંડીશન, વોશિંગ મશીન, ગીઝર, મીક્ષર, જ્યુસર, ગ્રાઈન્ડર વિગેરે આધુનિક પાપ સાધનોનો ઉપયોગ ક્યારેય ન કરતા.

(૧૪) કુદરતી મોતે મરેલા પશુના ચામડાના ચંપલ પહેરતા.

(૧૫) ફોટા પડાવવાનો નિષેધ કરતા.

(૧૬) ગૃહસ્થપણામાં પણ બહુ મોટી સભા સિવાય બને ત્યાં સુધી માઈકનો ઉપયોગ ટાળતા.

(૧૭) એલોપેથી કે હોમિયોપેથી દવાને બદલે અલ્પ હિંસાવાળી આયુર્વેદિક દવા વાપરતા.

(૧૮) બાથરૂમમાં સ્નાન ન કરતાં ખુલ્લી જગ્યામાં સ્નાન કરતા.

(૧૯) ફર્નિચર માટે કારખાનામાં બનતા સનમાઈકા, ફોરમાઈકા, કે

પ્લાયવુડને બદલે સાગ વગેરેનું કુદરતી લાકડું વાપરવાના હિમાયતી હતા. જેનો અમલ ઘરમાં કર્યો હતો.

(૨૦) દરવાજે ડોરબેલને બદલે દોરીવાળી ઘંટડી રાખી હતી.

(૨૧) ઘર દેરાસરમાં લાઈટનું ફીટીંગ પણ ન્હોતું કરાવ્યું.

(૨૨) દીક્ષાનાં આગોતરા આમંત્રણો ખાદીના કાગળ પર હાથે લખાવ્યા.

(૨૩) દીક્ષાની વિશિષ્ટ આમંત્રણ પત્રિકા ખાદીના કપડામાં હાથ છપાઈથી કરાવી હતી. તેમાં કેમિકલ કલરને બદલે કુદરતી રંગોનો ઉપયોગ કર્યો હતો.

(૨૪) વરઘોડા તથા દીક્ષા અંગેના બેનરો પણ હાથે લખાવડાવ્યા હતા.

(૨૫) વર્ષીદાનના પાંચ વિશિષ્ટ અતિભવ્ય રજવાડી વરઘોડામાં પેટ્રોલ ડીઝલના વાહનો તથા બેન્ડવાજાને જાકારો આપ્યો હતો.

(૨૬) દીક્ષાના કોઈપણ પ્રસંગોમાં ઈલેક્ટ્રીક રોશની કરાવી ન હતી. મુંબઈ તેમજ અમદાવાદના દરેક દેરાસરમાં દીવાની રોશની કરાવી હતી.

(૨૭) વરઘોડા કે દીક્ષા પ્રસંગમાં તેમના તરફથી વિડીયો-મૂવી તો શું પણ ફોટોગ્રાફર પણ રાખ્યો ન હતો.

(૨૮) વાયણા પ્રસંગે યાદગીરી માટે ફોટાને બદલે કંકુ-કેસરના હાથ-પગના થાપા કર્યા હતા.

(૨૯) તેમના તરપણી-પાત્રા વિગેરે દેશી પદ્ધતિથી રંગેલ હતા.

(૩૦) તેમનો ઓઘો, કામળી, આસન, સંથારો વિગેરે ઉપકરણો દેશી ઊનના હતા.

(૩૧) સાધુ-સાધ્વીજી ભગવંતોને વહોરાવવા માટે મોટા પ્રમાણમાં ખાદીના હાથવણાટના કપડાનો ઉપયોગ કરાયો હતો.

**(૩૨) વરઘોડા અને દીક્ષાને દિવસે કર્ણાવતી (અમદાવાદ) ના તેમજ બહારગામના દોઢ-બે લાખ જેટલા સાધર્મિક ભાઈ-બહેનોને બૂફે પદ્ધતિને બદલે બેસાડીને સાધર્મિક ભક્તિ કરી હતી ! અશક્ય જ લાગે તેવી વાતને સુશક્ય બનાવી અપૂર્વ સાધર્મિક ભક્તિનો આદર્શ પૂરો પાડ્યો હતો.**

આ બધી બાબતો ઉપરથી તેમનામાં રહેલો યંત્રવાદની હિંસાનો અણગમો અને અહિંસક પ્રાચીન પરંપરાનો પ્રેમ વગેરે જણાઈ આવે છે.

દીક્ષા પછી પણ...

(૩૩) લગભગ નિર્દોષ ગોચરી-પાણીનો જ ઉપયોગ કરે છે.

(૩૪) દૈનિક એકાશણા ચાલુ છે. જોગમાં પણ આયંબિલખાતાના આહારનો ત્યાગ !...

(૩૫) દીક્ષાના દિવસે સામેથી લવાયેલ કામળી-કપડા આદિને ગુર્વાજ્ઞા લઈને વહોર્યા નહિ.

(૩૬) દીક્ષાના બીજા દિવસે 'વસુધા બંગલા'માં વહોરવા જવાનું થયું. ત્યાં પણ દોષની સંભાવનાવાળી અનેક વસ્તુઓ ન વહોરી !

(૩૭) પ્રાચીન વિધિ મુજબ શ્રીદશવૈકાલિક સૂત્રના ચાર અધ્યયન પૂરેપૂરા ગોખીને સંભળાવ્યા બાદ વડીદીક્ષા ગ્રહણ.

(૩૮) વડીદીક્ષાના અવસરે પણ સાંસારિક કુટુંબીજનોના અત્યાગ્રહને વશ થયા વિના પાત્રાની જોડ આદિ ઉપકરણો વહોર્યા નહિ.

(૩૯) હસ્તલિખિત પ્રતોના આધારે જ મોટા ભાગનો સ્વાધ્યાય ચાલુ !

(૪૦) દીક્ષાગ્રહણ બાદ જ્ઞાન-ધ્યાન અને તપ જપમાં અનેરી મસ્તી. જેના પ્રભાવે ઓઘ નિર્યુક્તિ, આવશ્યક નિર્યુક્તિ, યોગબિંદુ, તિલકમંજરી, મુક્તાવલી, આદિનો અભ્યાસ ટૂંક સમયમાં કરી લીધો. અવસરે 'શ્રાદ્ધવિધિ' ગ્રંથના આધારે તેમના દ્વારા અપાતી વાચનાનો લાભ ઘણા શ્રાવકો લેતા રહ્યા છે !

(૪૧) પ્રતિક્રમણાદિ ક્રિયાઓની અપ્રમત્તભાવે આરાધના.

(૪૨) જ્ઞાન ધ્યાનની ભરચક સાધના સાથે વંદનાર્થે આવતા જિજ્ઞાસુઓને પણ મર્યાદિત વાર્તાલાપપૂર્વક જ્ઞાનદાન દ્વારા ધર્મસન્મુખ બનાવવાની હિતબુદ્ધિ !...

આ અને આવી અનેક વિશેષતાઓનાં સરવાળા ગુણાકારથી સમૃદ્ધ વ્યક્તિત્વનું જ એક નામ એટલે મુનિશ્રી હિતરુચિવિજયજી મહારાજ !

ગત બે વર્ષોમાં જુદા જુદા સમુદાયનાં પૂજ્યોની પાવન નિશ્રામાં ત્રણેક છ'રીપાલક યાત્રાસંઘો એવા નીકળ્યા કે જેમાં આધુનિકતાની જગ્યાએ ઉપરોક્ત પ્રકારની કેટલીક પ્રાચીન પરંપરાઓનું અનુસરણ કરવામાં આવ્યું હતું. આની પાછળ પણ સાક્ષાત્ કે પરંપરાએ ઉપરોક્ત મુનિવરની પ્રેરણા તથા માર્ગદર્શનનો ફાળો હતો એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય.

આ સંઘોમાં ઈલેક્ટ્રીક લાઈટ તથા માઈકનો ઉપયોગ ટાળવામાં આવ્યો હતો.

પેટ્રોલ કે ડીઝલથી ચાલતા એક પણ વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

યાત્રિકોનો સામાન તેમજ તંબૂ વિગેરેની હેરફેર માટે ઊંટગાડીઓ

તથા બળદગાડાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ! થોડીક ઘોડાગાડી પણ હતી.

દરેક તંબૂઓમાં રાત્રે મશાલ, દીવેલના દીવા કે ક્યાંક પેટ્રોમેક્સની વ્યવસ્થા રાખવામાં આવેલ.

વડીનીતિ જવા માટે આધુનિક સંડાશને બદલે માટીના કુલડાની વ્યવસ્થા કરવામાં આવેલ.

રસોઈ તથા પાણી ગરમ કરવા માટે ગેસ વિગેરેને બદલે લાકડાનો ઉપયોગ કરવામાં આવતો. આ લાકડાઓને પૂંજવા માટે ખાસ માણસો રાખવામાં આવેલ.

સૂર્યોદય થયા બાદ જ રસોડું ચાલુ કરવામાં આવતું.

આવી આવી અનેક વિશેષતાઓથી યુક્ત આ સંઘો હતા - (૧) સાગર સમુદાયના પૂજ્યોની નિશ્રામાં ગત વર્ષે નીકળેલ પાલિતાણાથી ગિરનારજી મહાતીર્થનો સંઘ.

(૨) આ વર્ષે ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી વિ. મહોદયસૂરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં નીકળેલ પાટણથી પાલિતાણાનો છ'રી પાળતો સંઘ.

(૩) યુવાજાગૃતિપ્રેરક પ. પૂ. આ. ભ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં નીકળેલ રાજસ્થાનમાં નારલાઈથી શંખેશ્વરજી મહાતીર્થનો છ'રીપાલક સંઘ.

મુનિશ્રી હિતરુચિવિજયજીના માર્ગદર્શન મુજબ પ્રાચીન પરંપરા મુજબ આવા શાસનના કાર્યો કરવા માટે કેટલાક ચુનંદા યુવાનો સદા તૈયાર રહે છે. કોઈપણ સમુદાયના પૂજ્યોને આવા કાર્યોમાં સેવા આપવા માટે તેઓ તૈયાર છે.

(૪) ઉપરોક્ત સંઘો ઉપરાંત થોડા વર્ષ પૂર્વે ધર્મચક્રતપપ્રભાવક પૂ. ગણિવર્ય શ્રી જગવલ્લભવિજયજી મ. સા. (હાલ આચાર્ય) ની પ્રેરણાથી તેઓશ્રીની નિશ્રામાં પૂનાથી પાલિતાણાનો છ'રી પાળતો સંઘ નીકળ્યો હતો. એ સંઘમાં કેટલીક મર્યાદાઓ ખૂબ જ અનુમોદનીય તેમજ અનુકરણીય હતી જેનો ટૂંક સાર નીચે મુજબ છે.

રસોડા વિભાગમાં રસોઈ કરવા માટે કે અનાજ યા વાસણ સાફ કરવા વિગેરે કાર્યો માટે પણ એક પણ બાઈને રાખવામાં ન્હોતી આવી. પુરુષ રસોઈયાઓ વિગેરે જ બધા કાર્યો સંભાળતા હતા. જેથી એમ. સી. પાલન કે વિજાતીયતાના કારણે કોઈ જ અનર્થ થવાની સંભાવના રહેતી નહિ.

કોઈપણ પુરુષ સ્વયંસેવક બહેનોના વિભાગમાં જઈ શકતા નહિ. તેવી જ રીતે કોઈપણ બહેન સ્વયંસેવકને પુરુષોના વિભાગમાં જવાનો કડક પ્રતિબંધ હતો.

સ્નાત્રપૂજા કે અષ્ટપ્રકારી પૂજા માટે ભાઈઓ તથા બહેનો માટે અલગ અલગ બે ઠેકાણે વ્યવસ્થા રાખવામાં આવી હતી. તે માટે પ્રભુજીના બે રથની વ્યવસ્થા રાખવામાં

આવી હતી.

**વિહાર દરમ્યાન પણ પ્રથમ સાધુ ભગવંતો પછી શ્રાવકો ત્યારબાદ સાધ્વીજી ભગવંતો અને શ્રાવિકાઓ આ ક્રમ વિહારના પ્રારંભથી માંડીને સામે ગામ પહોંચવા સુધી ફરજિયાત જાળવવામાં આવતો હતો. જેથી રસ્તામાં પણ કોઈ વિજાતીય સાથે વાતચીત કરી શકે નહિ !**

સૌથી છેલ્લે ચોકીદાર તેમજ બે-ત્રણ પ્રૌઢ શ્રાવકો રક્ષણ માટે રહેતા.

ચતુર્વિધ સંઘના લગભગ બધા જ યાત્રિકો સામા ગામના પાદરે પહોંચી આવે પછી જ સામૈયાનો પ્રારંભ થતો !

સંઘમાં બેન્ડપાર્ટીને સાથે રાખવામાં આવેલ જે અન્ય ક્ષેત્રમાંથી બોલાવવામાં આવેલ. પીરસવાની જવાબદારી પણ એમને જ સોંપવામાં આવી હતી. પૂનાના કોઈપણ સ્વયંસેવકને એ કાર્ય સોંપવામાં આવ્યું ન હતું.

આ અને આવી બીજી પણ કેટલીય વિશેષતાઓના કારણે આ સંઘ ખૂબ જ શાસન પ્રભાવક બન્યો હતો.

આજે દર વર્ષે અનેક છ'રીપાલક યાત્રા સંઘો, ૯૯ યાત્રા સંઘો, ઉપધાન, ઉજમણા વિગેરે સામૂહિક આયોજનો ગોઠવાય છે. તેમાં પણ જો આવા પ્રકારની મર્યાદાઓનું ચોક્કસાઈપૂર્વક પાલન કરાવવા માટે પૂજ્યો તથા સંઘપતિઓ અને કન્વીનરો જાગ્રત રહે તો સંભવિત ઘણા અનર્થો અને આશાતનાઓથી બચી શકાય. અને ખરા અર્થમાં તે તે અનુષ્ઠાનો શાસન અને ધર્મની પ્રભાવના કરાવનારા બની શકે... અસ્તુ.

(૫) શત્રુંજય મહાતીર્થની ૯૯ યાત્રા છેલ્લા કેટલાક વર્ષોથી દર વર્ષે ૧૨-૧૪ જેટલી ધર્મશાળાઓમાં જુદા જુદા સંઘપતિઓ દ્વારા કરાવાય છે અને હજારો ભાગ્યશાળીઓ ૯૯ યાત્રાની આરાધના દ્વારા પોતાના આત્માને હળુકર્મી બનાવે છે. પરંતુ શત્રુંજય મહાતીર્થની એક ટૂંક તરીકે ગણાતા શ્રી **ગિરનારજી મહાતીર્થની ૯૯ યાત્રાનું સામૂહિક આયોજન સેંકડો વર્ષોના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર સં. ૨૦૫૧માં અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય પ્રશિષ્યો પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા. આદિ ઠા-૩ ની નિશ્રામાં સા. શ્રી નિર્મલગુણાશ્રીજી તથા સા. શ્રી જ્યોતિપ્રભાશ્રીજીની પ્રેરણાથી કરવામાં આવેલ.**

ગિરનારની તળેટીમાં એક જ જૈન ધર્મશાળા અને તે પણ જર્જરિત હાલતમાં હોવાથી ૫૦ જેટલી મર્યાદિત સંખ્યામાં આ આયોજન પાંચ સંઘપતિઓના સહયોગથી ગોઠવવામાં આવેલ.

કેટલાક યાત્રિકો આખા રસ્તે "જય નેમિનાથ"ની ધૂન વગર થાકે

બોલાવતા

કુલ ૯૦ દિવસના આ આયોજનમાં ૭૮ વર્ષની વયના વયોવૃદ્ધ માજી પણ વર્ષીતપ કરવા પૂર્વક જોડાયા હતા !...

૪૦ જેટલા યાત્રિકોએ છઠ્ઠ તપ સાથે બે દિવસમાં સાત યાત્રાઓ કરી હતી. જેમાં મોટા ભાગના યાત્રિકોએ ચોવિહારી છઠ્ઠ કરેલ ! કેટલાક યાત્રિકોએ અઠ્ઠમ સાથે ૧૧ કે ૯ યાત્રા તથા ઉપવાસ કરીને ૪ યાત્રા કરી હતી.

વર્ષીતપ, એકાંતરા ૫૦૦ આયંબિલ તેમજ વર્ધમાન આયંબિલ તપની ઓળી કરવા પૂર્વક પણ આરાધકોએ હોંસે હોંસે ૯૯ યાત્રા કરી હતી !

ત્રણેક યાત્રિકોએ ડબ્બલ નવાણુ પૂર્ણ કરેલ.

એક ૯૯ પૂર્ણ કર્યા બાદ શંખેશ્વરજી તીર્થમાં સામૂહિક અઠ્ઠમમાં જોડાઈને પુનઃ બીજીવાર ૯૯ કરેલ !

ત્રણેક આરાધકોએ ૯૦ દિવસ સુધી સંપૂર્ણ મૌનપૂર્વક ૯૯ યાત્રા કરી હતી !

કેટલાક શ્રાવકોએ લોચ કરાવી હતી.

ગિરનારના દરેક જિનાલયો અને દરેક દેરીઓ સમક્ષ સામૂહિક ચૈત્યવંદન થઈ જાય તે રીતે રોજ નેમિનાથ ભગવાન ઉપરાંત અલગ અલગ જિનાલયોમાં સામૂહિક ચૈત્યવંદન કરવામાં આવતું હતું.

ગિરનારજી જેવા મહાતીર્થની તલેટીમાં અન્ય જૈન ધર્મશાળાની તાતી જરૂરિયાતને લક્ષમાં રાખીને ત્યાં લેવામાં આવેલ જમીન ઉપર પૂ. ગણિવર્યશ્રીએ માંગલિક સંભળાવી વાસક્ષેપ નાખેલ. ત્યાં ધર્મશાળા - ભોજનશાળા - જિનાલય, ઉપાશ્રય આદિનું બાંધકામ શરૂ થઈ ગયેલ છે. ટૂંક સમયમાં એ કાર્ય પરિપૂર્ણ થતાં અવાર નવાર ૯૯ યાત્રા વિગેરે આયોજનો થતાં તીર્થનો મહિમા વૃદ્ધિ પામશે તેમાં શંકાને સ્થાન નથી.

## ૬૨ : સ્કૂલનું શિક્ષણ વર્જ્ય કર્યું : ઘર એ જ શાળા અમદાવાદનું જૈન કુટુંબ ભૂતકાળને વર્તમાનકાળમાં લાવે છે

સ્નાતક અને અનુસ્નાતક થયા પછી નોકરી મેળવવા માટે અડધી જિંદગી જતી રહે છે. આવી સ્થિતિ ઊભી થાય છે ત્યારે મોટા ભાગના લોકો

કહે છે કે આ શિક્ષણનો શો લાભ, જે બે ટંક રોટલા પણ ન આપી શકે. આવા તમામ પ્રશ્નોનું ઉત્તર અમદાવાનું એક જૈન પરિવાર બન્યું છે. આ જૈન પરિવારનાં અગિયાર બાળકોએ શાળાએ જવાનું બંધ કર્યું છે. આ અગિયારે બાળકોએ હવે સંસ્કૃત, પ્રાકૃત અને વૈદિક ગણિત ભણવાની શરૂઆત કરી છે. હવે તેમને મન કહેવાતું શિક્ષણ અને ડિગ્રી મહત્ત્વનાં નથી. જીવન જીવવાની કળા શીખવે એ જ શિક્ષણ છે.

આ પ્રયોગનો અમલ તો છેલ્લા દોઢ વર્ષથી થયો છે. પરંતુ ખરેખર તો તેનો વિચાર ૨૦ વર્ષ જૂનો છે. મૂળ રાજસ્થાનના, પણ વર્ષોથી સુરત જિલ્લાના કિમ ગામે રહેતા જવાનમલજી શાહને ચાર પુત્ર છે. જવાનમલજીનો કિમમાં અનાજનો ધીકતો ધંધો હતો. ઘર પૈસેટકે સુખી હતું.

૧૯૭૦માં જવાનમલજીના બીજા નંબરના પુત્ર ઉત્તમભાઈ એસ.એસ.સી. માં હતા. પરિણામ જાહેર થતાં ઉત્તમભાઈને ૭૨ ટકા મળ્યા. આખા કિમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઉત્તમભાઈની પ્રગતિ જોઈ ગામના કેટલાક આગેવાનો જવાનમલજીને મળવા આવ્યા. ઉત્તમભાઈ ભણવામાં હોશિયાર છે, તેમને ડોક્ટર બનાવવા જોઈએ તેવી લાગણી વ્યક્ત કરી, અને ઉત્તમભાઈએ સાયન્સ સ્ટ્રીમમાં ભણવાનું શરૂ કર્યું. પણ કેટલાક સંજોગોને કારણે ઉત્તમભાઈએ અભ્યાસ અધૂરો મૂક્યો અને પિતા સાથે અનાજના ધંધામાં ઝંપલાવ્યું. અનાજનો વેપાર કરતાં કરતાં તેમણે જૈન મુનિ શ્રીચંદ્રશેખરવિજયજી મહારાજનાં પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું. ત્યારથી પરિવર્તનની શરૂઆત થઈ. સાયન્સ સ્ટ્રીમ- માં ભણેલા બાયોલોજી-કેમિસ્ટ્રી વગેરે નકામાં લાગવા માંડ્યાં હતાં. પણ બીજું કરવું શું તેની ખબર પડતી નહોતી.

સમયનું ચક્ર ચાલતું રહ્યું. ઉત્તમભાઈ કિમના સરપંચ બન્યા અને આજે પણ છેલ્લા પંદર વર્ષથી કિમમાં સરપંચ છે. જોકે શહેરીકરણની અસરથી તેમનો પરિવાર બચી શક્યો નથી. આજે જવાનમલજી તેમના મોટા દીકરા રમણભાઈ, ઉત્તમભાઈ, શૈલેષભાઈ અને અજિતભાઈએ અમદાવાદમાં અનાજનો વેપાર શરૂ કર્યો છે. જોકે હજી પણ ઉત્તમભાઈનો આત્મા કિમને પ્રેમ કરે છે. ૧૯૯૨ના વર્ષ દરમ્યાન ઉત્તમભાઈએ મુંબઈના અતુલ શાહમાંથી હિતરુચિવિજયજી મહારાજ બનેલા જૈન મુનિનું નવસારીમાં પ્રવચન સાંભળ્યું હતું. ત્યારે તેમના શબ્દો હતા પશ્ચિમની સંસ્કૃતિ ભડકો છે. ભડકો ક્ષણિક હોય છે જ્યારે પ્રકાશ લાંબા સમય માટે હોય છે.

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં સંયુક્ત કુટુંબમાં રહેતા ઉત્તમભાઈએ ૧૯૯૩માં પિતા અને ત્રણે ભાઈઓ સાથે ચર્ચા કરી. પોતાના

ભાણિયા સહિત ઘરમાં રહેતા અગિયાર બાળકોને શાળામાંથી ઉઠાડી લેવા જોઈએ તેવો મત વ્યક્ત કર્યો. વર્તમાન શિક્ષણના ગેરફાયદાઓ અને ઋષિઓના જમાનાના શિક્ષણના લાભોની માહિતી આપી. આખરે બધાએ ઉત્તમભાઈની યોજનાને મંજૂરીની મહોર મારી હતી. ઘરમાં સૌથી મોટા ભાઈ રમણભાઈની દીકરી પૂનમ ધો. ૧૨માં, પુત્ર ચેતન ધો. ૧૦માં, અક્ષય સાતમામાં અને ધર્મેશ પાંચમામાં હતો. બીજા નંબરના ઉત્તમભાઈની દીકરી કાજલ ધો. ૧૨માં, આરતી ધો. ૧૦માં, અંકિતા નવમામાં અને અખિલ સાતમામાં હતો. ત્રીજા નંબરના શૈલેષભાઈની શ્વેતા સાતમામાં અને સૌથી નાના અજિતભાઈની દીકરી અનિતા તો બે વર્ષની જ હતી. આ ઉપરાંત આ ચારે ભાઈઓની મુંબઈ પરણાવેલી ઈન્દિરાબહેનનો દીકરો વિશાલ પણ દસમામાં હતો. આ અગિયારે બાળકોને શાળામાંથી ઉઠાડી મૂકતાં જાણે ધરતીકંપ થયો. મોટા ભાગના લોકોએ ઉત્તમભાઈના નિર્ણયની ટીકા કરી, જ્યારે ઘણાએ આ નિર્ણયને આવકાર્યો પણ ખરો.

છેલ્લા દોઢ વર્ષથી આ અગિયારે બાળકોએ જૂનું બધું જ ભૂલીને સંસ્કૃત ભણવાની શરૂઆત કરી છે. સંસ્કૃતનો મોટા ભાગનો અભ્યાસ પૂર્ણ થઈ ગયો છે. હવે પ્રાકૃત ભણવાની શરૂઆત કરી છે. સ્કૂલને બદલે ઘરે જ ઊભી કરવામાં આવેલી પાઠશાળામાં રોજ આઠ કલાક અભ્યાસ કરતાં આ બાળકોને માત્ર ભણવાનું નહીં, પરંતુ સાથે સંગીતની તાલીમ પણ આપવામાં આવે છે. આ ઉપરાંત હમણાં સુધી સ્વિમિંગ, ઘોડેસવારી અને યોગાસનની તાલીમ પણ લીધી છે. આ બધા વિષયો માટે અલગ અલગ શિક્ષકો રોકવામાં આવ્યા છે.

એક સમાન્ય પ્રશ્ન ઉદ્‌ભવે કે સંસ્કૃત અને પ્રાકૃત ભવિષ્યમાં શું કામ આવે ? તેનો જવાબ પણ આ પરિવાર પાસે છે. સંસ્કૃત અને પ્રાકૃતનો પ્રારંભિક તબક્કો છે, પરંતુ તેમના અભ્યાસક્રમ અનુસાર હવે પછી તેઓ ગુજરાતી, હિંદી, અંગ્રેજી, જ્યોતિષશાસ્ત્ર, આયુર્વેદ, વાસ્તુશાસ્ત્ર, ઈતિહાસ, ખગોળશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને વૈદિક ગણિતનો પણ અભ્યાસ કરશે. આ ઉપરાંત રાઈફલ શૂટિંગ, વ્યાપાર સંચાલન, હસ્તકલા, કૃષિ-પશુપાલન, નાટ્ય, વકતૃત્વ વગેરેની તાલીમ પણ આપવામાં આવશે.

ઉત્તમભાઈ શાહે અભિયાન સાથેની મુલાકાતમાં કહ્યું હતું કે સંસ્કૃત માટે લોકોની ખોટી માન્યતા છે કે સંસ્કૃત એટલે ધર્મનું જ શિક્ષણ, પરંતુ મારા મતે સંસ્કૃત શીખ્યા વગરનો ભારતીય અધૂરો છે. આ બધાં જ બાળકો હાઈટેક જમાનાના વિષયોનો પણ અભ્યાસ કરશે, પરંતુ પોતાની મૂળ ભાષા પર તો કાબૂ હોવો જ જોઈએ !

આજનું શિક્ષણ અર્થહીન હોવાનો દાવો કરતાં ઉત્તમભાઈએ કહ્યું હતું કે આપણે

**પશ્ચિમ તરફ દોટ મૂકી છે. જેને આપણે વિકાસ ગણીએ છીએ તે મનુષ્ય માટે ખતરો બન્યો છે. કારણ, હાલમાં રોડ, ઉદ્યોગ, મકાનો વગેરેને વિકાસ ગણવામાં આવે છે, પરંતુ ખરેખર તે પડતીની નિશાની છે.**

ઉત્તમભાઈ પોતાની વાતના સમર્થનમાં કહે છે, ઉદ્યોગો શરૂ થાય એટલે વિકાસ કહેવાય છે, પરંતુ ઉદ્યોગોને કારણે ફેલાતા પ્રદૂષણે દાટ વાળ્યો છે, જ્યારે બીજી તરફ જ્યાં હજી રોડ બન્યા નથી, ઉદ્યોગો સ્થપાયા નથી ત્યાં જઈને તપાસ કરો કે ત્યાંના લોકો કેટલા સુખી છે. ત્યાં કોઈ રોગો થતા નથી.

બાળકોને આ પ્રકારનું શિક્ષણ આપવાના હેતુ અંગે સ્પષ્ટતા કરતાં ઉત્તમભાઈએ કહ્યું હતું કે સદીઓ અગાઉ ચાલતી નાલંદા જેવી વિદ્યાપીઠો જ ખરા અર્થમાં વિશ્વવિદ્યાલય હતી. આ વિદ્યાપીઠોમાં અભ્યાસ કરવા બહારના વિદ્યાર્થીઓ પણ આવતા હતા. અને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તે વિદ્યાર્થી હિંમતપૂર્વક દુનિયાનો સામનો કરતો હતો. આજે ડિગ્રી મેળવ્યા બાદ પણ લાચાર બને છે. મારી યોજના અનુસાર એક સારી વાતની શરૂઆત મેં મારા ઘરેથી કરી છે.મારી ઇચ્છા નાલંદા જેવું ગુરૂકુળ ઊભું કરવાની છે. પૈસાની ખોટ નથી, પરંતુ આજના શિક્ષણના ગેરફાયદા અને ગુરુકુળના શિક્ષણના ફાયદા લોકો સમજે તે જરૂરી છે. તાત્કાલિક કોઈ પરિણામ મળશે નહીં, પણ પરિણામ ચોક્કસ મળશે જ.

બાળકોને સ્કૂલમાંથી ઉઠાડી ગુરૂકુળ અનુસાર ભણાવવાનો નિર્ણય તો આ ઘરના વડીલોનો હતો, પણ જેના માટે આ નિર્ણય કરવામાં આવ્યો તે બાળકો શું માને છે તે પણ મહત્ત્વનું છે. સાતમા સુધી અભ્યાસ કરનાર અખિલ શાળાના અભ્યાસને પરીક્ષાલક્ષી ગણાવે છે અને હવે જે ભણે છે તે જ જીવનલક્ષી હોવાનો તેનો દાવો છે. જોકે અખિલને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ દીક્ષા લેવાની ઈચ્છા છે. જ્યારે દસમા સુધી ભણનાર આશિષને ધંધો કરવો છે.

મામાના ઘરે ભણવા આવેલા મુંબઈના વિશાલને શરૂઆતમાં સંસ્કૃત ભણવાનું અઘરું લાગ્યું હતું. હવે બધું ફાવી ગયું છે. આ અભ્યાસ બાદ તેને કોમ્પ્યુટરનો ધંધો કરવાની ઈચ્છા છે. ચોથા સુધી અભ્યાસ કરનાર ધર્મેશને આ ભણવું ગમે છે, પણ તેને સૌથી વધુ ક્રિકેટ રમવું ગમે છે. પૂનમ-કાજલ, અંકિતા અને શ્વેતાને શાળામાં હમણાં સુધી ભણેલું નકામું લાગે છે. સ્કૂલ છોડ્યાનો કાંઈ અફસોસ પણ થતો નથી. કારણ, તેમને મનપસંદ નૃત્ય, સંગીત અને ચિત્રકલાનો અભ્યાસ કરવાની તક મળી છે. ચેતનને બંસરી વગાડવાની મજા આવે છે.

અક્ષય આ બધાં કરતાં જુદો છે. તે પાઠશાળામાં ભણવા માટે રાજી

નથી. તેના મનમાં સ્કૂલ નહીં જવાનું હજી પણ દુઃખ છે. તેને સંસ્કૃત ભણવું ગમતું નથી. તેને ક્રિકેટ રમવું છે. મિત્રો સાથે ફરવા જવું છે. હવે રહી માત્ર સાડાત્રણ વર્ષની અનિતા, પરંતુ અનિતાને તો સ્કૂલ શું તે ખબર નથી. તેને મન તો પાઠશાળા તે જ સ્કૂલ છે. તે પણ તેના ભાઈ-બહેન સાથે રોજ પાઠશાળામાં જઈ ધીરે ધીરે ભણવાનો પ્રયત્ન કરે છે.

જવાનમલજીના સૌથી નાના પુત્ર અજિતભાઈનું કહેવું છે કે મેં બી.કોમ. કર્યું પણ તેનો શો ફાયદો ? હમણાં સુધી અમારી પાસે શાળાકીય શિક્ષણનો કોઈ વિકલ્પ જ હતો નહીં. હવે એક નવો માર્ગ દેખાયો છે. જો ભારતને ખરા અર્થમાં મજબૂત કરવું હશે તો પ્રાચીન ભારતની ઢબે નિર્માણ કરવું પડશે. મને વધુ આનંદ છે કે મારી દીકરી અનિતાએ તો સ્કૂલ કદી જોઈ જ નથી. જે સમય મારો બગડ્યો છે તે તેનો નહીં બગડે. હા, આ બાળકો પાસે સરકારી ડિગ્રી નહીં હોય, પણ દુનિયામાં કોઈ પણ સ્થળે પાછાં નહીં પડે તેની મને ખાતરી છે.

**જીવનમાં ન જોઈએ આધુનિકતા.**

અમદાવાદનું આ જૈન પરિવાર માત્ર શિક્ષણ દ્વારા પ્રાચીન ભારતમાં જવા નથી માગતું, પરંતુ ક્રમશઃ પોતાનું જીવનધોરણ પણ તેઓ બદલી રહ્યાં છે. શહેરીકરણને કારણે ઊભા થયેલા કોંક્રીટનાં જંગલોમાં હવે તેમણે નહીં રહેવાનો નિર્ણય કર્યો છે. સાબરમતી વિસ્તારમાં જ તેમણે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બંગલો બનાવવાની શરૂઆત કરી છે.

આ બંગલામાં સિમેન્ટ અને લોખંડનો ઉપયોગ નહીં થાય. તેના બદલે ચૂના અને લાકડાનો ઉપયોગ થશે એટલું જ નહીં, ઈલેક્ટ્રિકનું જોડાણ પણ લેવાના નથી. તેના બદલે રોજ રાત્રે ઘીના દીવા સળગાવવામાં આવશે. આ ઘર વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બનતું હોવાને કારણે ઘરમાં પંખાની પણ જરૂર નહીં રહે. શિયાળામાં ઠંડી નહીં લાગે અને ઉનાળામાં ગરમી નહીં થાય. શાસ્ત્ર અનુસાર પૃથ્વી પરનું અમૃત એટલે ગાયનું દૂધ છે, જેને ધ્યાનમાં લઈ ઘરમાં ગાયો પણ બાંધવામાં આવશે.

આ બંગલામાં લાખો રૂપિયાનો ખર્ચ કરવાનો હોવા છતાં ઘરમાંજ માટીનું લીંપણ કરવામાં આવશે. કાંસાનાં વાસણોમાં જમવાનું રહેશે, તાંબાના ઘડામાં પાણી રહેશે અને પિતળના વાસણમાં પાણી મળશે. ઘરમાં ફ્રિજ તો નહીં હોય, કારણ કે આ પરિવારનું માનવું છે કે તાજી વસ્તુને વાસી બનાવવાનું મશીન એટલે ફ્રિજ. અને ટીવીનો તો પ્રશ્ન ઊભો થતો નથી. વળી જૈન શાસ્ત્ર પ્રમાણે સાંજે છ પછી ચૂલો સળગશે નહીં.

- પ્રશાંત દયાળ

("અભિયાન" તા. ૧૧-૧૨-૯૫ માંથી સાભાર)

# ૬૩ : ત્રણ કલાકની તેજસ્વી શાળા

આજનો વિદ્યાર્થી સ્કૂલ પાછળ રોજના સરેરાશ છ કલાક બગાડે છે. બીજા ત્રણ કલાક હોમ વર્ક અને ટ્યૂશન પાછળ વેડફે છે. અને તેમ છતાં કોચિંગ ક્લાસ બાકી રહી જાય છે. દર મહિને યુનિટ ટેસ્ટ, ત્રણ મહિને સેમિસ્ટર, છ મહિને ટર્મિનલ અને વર્ષે એન્યુઅલ એક્ઝામના હથોડા તેને માથે ઝીંકવામાંઆવે છે. આ બધામાંથી પસાર થયા પછી તે ડિગ્રી મેળવે છે તેની કોઈ કિંમત નથી હોતી ત્યારે તે હતાશ થઈ જાય છે. તેને એમ થાય છે કે તેની જિંદગીનાં સુવર્ણ વર્ષો નકામાં ગયાં. તે એક નિષ્ફળ અને નિરાશ નાગરિક બને છે. **ગિરગામમાં રહેતા કિરણભાઈ શુક્લએ** આ કારણે જ પોતાનાં બંને બાળકોને સ્કૂલેથી ઉઠાડી મૂક્યાં છે. છેલ્લાં છ વર્ષથી કિરણભાઈ તેમને બધા વિષયો સ્કૂલ કરતાં પણ સારી રીતે ઘરે રહીને જ ભણાવે છે. બાર વર્ષની શ્રદ્ધા અને દસ વર્ષનો વિશ્વાસ આજે ખુશખુશાલ છે. શ્રદ્ધાએ અંગ્રેજી માધ્યમની શાળામાં સિનિયર કે.જી. કર્યું તે પછી શિક્ષણના અસહ્ય બોજામાંથી પોતાની ક્યારીના આ કુમળાં પુષ્પને ઉગારી લેવા સંવેદનશીલ પિતાનું હૃદય ધરાવતા કિરણભાઈને થયું કે તેઓ શાળાનો ત્રાસ વધુ સહન કરી શકે તેમ નથી.

વ્યવસાયે શિક્ષક એવા કિરણભાઈ કરોડપતિનાં બાળકોનાં ટ્યૂશન કરે છે અને તેમને વિશ્વાસ હતો કે શાળામાં જે છ કલાકમાં ભણાવવામાં નથી આવતું એ તેઓ નિષ્ઠાપૂર્વક બે કલાકમાં ઘરે ભણાવી શકશે. અને આ રીતે છ વર્ષ અગાઉ તેમની ગૃહશાળા શરૂ થઈ. તેમનો પુત્ર વિશ્વાસ તેમાં પાંચ વર્ષ અગાઉ જોડાયો. બે કલાકની શાળા હોવાને કારણે બંને બાળકોને સંગીત, ચિત્રકામ, કવિતા, સાહિત્ય, નૃત્ય વગેરે કળાઓ માટે પુષ્કળ સમય રહેતો અને આ ક્ષેત્રમાં પણ તેમની ટેલેન્ટ ખીલી ઊઠી છે. બાર વર્ષની શ્રદ્ધા ભરતનાટ્યમ શીખી રહી છે તો વિશ્વાસ તબલાવાદનમાં પારંગત બની રહ્યો છે. તે પંદર વર્ષનો થશે ત્યારે તેણે ક્યાંય નોકરી માટે ભીખ માગવા નહિ જવું પડે. તબલાવાદનની કળા દ્વારા પોતાની આજીવિકા રળી લેવાની તાકાત તેનામાં આવી ગઈ હશે. અને તે વખતે જ એસ.એસ.સી. ની પરીક્ષા પાસ કરવા જેટલું વ્યાવહારિક શિક્ષણ પણ તેણે પ્રાપ્ત કરી લીધું હશે.

શિક્ષણ વિષેના કિરણભાઈના વિષયો મૌલિક અને ક્રાંતિકારી છે. તેમની શિક્ષણની પદ્ધતિમાં માહિતીઓનો ઢગલો વિદ્યાર્થીઓના મગજમાં ઠાંસી ઠાંસીને ભરી દેવાનો ઉપક્રમ નથી. વિદ્યાર્થીને પરીક્ષાનો ત્રાસ

આપવામાં પણ તેઓ માનતા નથી. માતૃભાષા અને અંગ્રેજીની કેળવણી તેઓ સંભાષણ અને સંવાદો દ્વારા આપે છે.

વિજ્ઞાન તો બાળકને પ્રયોગશાળામાં જ શીખવવું જોઈએ, એમ તેઓ માને છે. ગણિતનો પાયો અંકગણિત હોવો જોઈએ. કેલ્ક્યુલેટર કે કોમ્પ્યુટર વિના બાળક વ્યાજ ગણી શકે અને નફાતોટાના દાખલા ગણી શકે તેના સિવાય ગણિતનું શિક્ષણ તેઓ અધુરું માને છે. ઈતિહાસનું શિક્ષણ પ્રેરણાત્મક કથાઓના રૂપમાં હોવું જોઈએ અને પર્યટન તેમ જ પ્રવાસ દ્વારા ભૂગોળ શીખવવામાં તેઓ માને છે.

કિરણભાઈની શાળામાં ભણતું બાળક એસ.એસ.સી.માં પહોંચે ત્યાં સુધી તેને ૩૦૦ જેટલા સંસ્કૃત શ્લોક હસતાં રમતાં કંઠસ્થ થઈ ગયા હશે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં ૫૦૦ થી વધુ વાર્તા, ગીત અને કવિતા તેને આવડતા હશે. તેનું ભાષાભંડોળ અત્યંત સમૃદ્ધ હશે, અને પોતાની આજીવિકા રળી શકે તેવો હુન્નર પણ તેને આવડતો હશે. કિરણભાઈની આ સમાંતર પણ વધુ તેજસ્વી શાળા જોઈને મારા તમારા જેવા અનેકને થાય કે આપણે પણ બાળકને આ પ્રકારે શિક્ષણ આપી શકીએ તો કેવું સારું. પરંતુ કિરણભાઈ જેવો ભોગ પોતાનાં બાળકો માટે આપવાનું બધાં માબાપો માટે શક્ય નથી હોતું. કદાચ સમય આપવાની તૈયારી હોય તો પણ તેવી આવડત નથી હોતી. એટલે દક્ષિણ મુંબઈના કેટલાક વાલીઓએ ભેગા મળીને કિરણભાઈને વિનંતી કરી કે તમે અમારાં બાળકને પણ તમારી શાળામાં ભરતી કરો. પોતાનાં બાળકને સ્કૂલમાંથી ઉઠાડી લઈ આ રીતે અભ્યાસ કરાવવા દસેક શ્રીમંત અને શિક્ષિત વાલીઓ તૈયાર થઈ ગયા છે. આ બાળકોને છ વર્ષમાં ધોરણ પાંચથી લઈ દસમા સુધીનું શિક્ષણ મૌલિક પદ્ધતિએ આપવામાં આવશે. આ શાળા ત્રણ જ કલાક ચાલશે. પછી કોઈ હોમવર્ક નહિ, ટ્યૂશન નહિ, કોચિંગ ક્લાસ નહિ અને પરીક્ષા પણ નહિ. ફાજલ સમયમાં બાળકની પ્રતિભાના વિકાસ માટે કઈ કળા તેને શીખવવી તેનું માર્ગદર્શન પણ આપવામાં આવશે. છ વર્ષે બાળક એસ.એસ.સી પાસ થઈ જશે, અને વિવિધ કળાઓમાં પણ પારંગત થઈ જશે. પહેલા બેચમાં કુલ ૧૫ વિદ્યાર્થીથી શરૂઆત કરવામાં આવશે. તમે પણ તમારાં બાળકને આ પ્રકારે ભણાવવાની ઈચ્છા ધરાવતા હો તો ૩૮૬ ૮૨ ૧૬ નંબર ઉપર કિરણભાઈ શુક્લનો સંપર્ક સાધી શકો છો. ક્રાંતિનો પ્રારંભ આવા નાનકડા પ્રયોગથી જ થતો હોય છે. કિરણભાઈના પ્રયાસમાં શૈક્ષણિક ક્રાંતિનું બીજ દૃષ્ટિગોચર થાય છે.

("મિડ ડે" તા. ૧૦-૫-૯૬ માંથી સાભાર)

## ૬૪ : નિઃશુલ્ક જ્ઞાનદાનનો સેવાયજ્ઞ માંડતા, આદર્શ શિક્ષક શ્રી જસવંતભાઈ ડી. દફતરી

કાળના પ્રભાવે આજે જ્યારે શિક્ષણનું ક્ષેત્ર પણ ભ્રષ્ટાચાર અને અનીતિથી ખરડાવામાં બાકાત નથી રહી શક્યું. સ્કૂલ કે કોલેજમાં પ્રવેશ મેળવવા માટે પણ મોટી રકમના ડોનેશન ઘણે ઠેકાણે ફરજિયાત જેવા બની ગયા છે. મોટી ફી ચૂકવીને હોંશિયાર વિદ્યાર્થીઓ માટે પણ ટ્યૂશનો લગભગ અનિવાર્ય જેવા બની ગયા છે. ખર્ચાળ શિક્ષણ પદ્ધતિને લીધે ગરીબ વિદ્યાર્થીઓને તેજસ્વી હોવા છતાં પણ આગળ ભણવામાં અનેક અવરોધો નડે છે. શિક્ષકવર્ગ પણ ટ્યૂશનો દ્વારા વધુ કમાઈ લેવાની લાલચમાં સ્કૂલમાં અધ્યાપન કોર્સ પૂરો કરવા પ્રત્યે કંઈક લાપરવાહ બનતો જોવાય છે, એવા અવસરે આદર્શ શિક્ષક શ્રી જસવંતભાઈ ડી. દફતરીનું જીવન ખરેખર અનુમોદનીય અને અનુકરણીય છે.

મૂળ સૌરાષ્ટ્રમાં મોરબીના વતની અને હાલે ઘણા વર્ષોથી મુંબઈ મલાડમાં રહેતા, જસુભાઈના હુલામણા નામની હજારો વિદ્યાર્થીના લાડીલા શ્રી જસવંતભાઈ (ઉ.વ. ૬૦) એ ખરેખર જૈન સમાજ માટે ગૌરવરૂપ છે. **તેમણે અત્યાર સુધીમાં ૧૩૦ જેટલા સાધુ-સાધ્વીજીઓને તથા મુમુક્ષુઓને B.A. તથા M.A. સમકક્ષ હિન્દી, ગુજરાતી, અંગ્રેજી તથા સંસ્કૃત ભાષાના જુદા જુદા વિષયોનું નિઃશુલ્ક અધ્યયન કરાવેલ છે. એટલું જ નહીં પરંતુ ૧૦૮ ગરીબ વિદ્યાર્થીઓને પણ વિના મૂલ્યે જ્ઞાનદાન કરેલ છે. ૬૦ ટકાથી વધુ માર્ક મેળવેલ હોય તેવા અનેક મધ્યમ વર્ગીય તથા શ્રીમંત વિદ્યાર્થીઓને પણ વિના મૂલ્યે જ્ઞાનદાન કરેલ છે. આવા તેજસ્વી શ્રીમંત વિદ્યાર્થીઓ પાસેથી પોતાના માટે તેઓ કશું જ લેતા નથી પરંતુ એક ગરીબ વિદ્યાર્થીને ઉચ્ચ અભ્યાસ માટે ફી ચૂકવવાની તેઓ ભલામણ જરૂર કરે છે. મલાડ સેન્ટ્રલ સ્કૂલમાં આદર્શ શિક્ષક તરીકે તેમની છાપ સહુના માનસપટ ઉપર અંકિત થયેલી છે.**

આજે જ્યારે સ્કૂલ-કોલેજોના આચાર્ય (પ્રિન્સીપાલ)નો હોદ્દો ધરાવતા કેટલાય આત્માઓના જીવનમાં આચાર પાલનમાં ઘણી ઊણપ જોવા મળે છે ત્યારે તેનાથી તદ્દન ભિન્ન જસવંતભાઈનું જીવન સદાચારની સુવાસથી અત્યંત મઘમઘાયમાન જોવા મળે છે. **૨૯ વર્ષની ભર યુવાવસ્થાથી જ સજોડે બ્રહ્મચર્યવ્રતનું સ્વેચ્છાએ પાલન કરતા તેમણે ૩૫ વર્ષની ઉંમરે મલાડમાં નરેન્દ્રમુનિ પાસે જાહેરમાં બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરેલ છે ! આ વ્રતનું સુવિશુદ્ધ રીતે પાલન થાય તે માટે તેમણે દૂધ તથા ઘી અને તેની તમામ બનાવટ (મિષ્ટાન્ન વિગેરે)નો સદાને માટે ત્યાગ**

કરેલ છે !

ઉપવાસથી, આયંબિલથી તથા એકાશણાથી એમ ત્રણ રીતે ૨૦ સ્થાનક તપની આરાધના કુલ ૩ વાર કરી છે !... સળંગ ૧૧ ઉપવાસ, સળંગ ૭ છઠ્ઠ, તથા ૨૪ તીર્થંકરોના ચડતા-ઊતરતા ક્રમે ૬૨૫ એકાશણા વિગેરે અનેક પ્રકારની તપશ્ચર્યાથી તેમનું જીવન દેદીપ્યમાન બની રહ્યું છે. મહિનામાં ૧૦ તિથિ પ્રાયઃ એકાશણા હોય જ. તેમના ધર્મપત્ની સુશ્રાવિકા શ્રીનીતાબેને પણ એકાંતરા ૫૦૦ આયંબિલ તેમજ વર્ષીતપની આરાધના કરી છે.

જસવંતભાઈનો જન્મ સ્થાનકવાસી (ગોંડલ સંપ્રદાયનો પેટા વિભાગ નાનો સંઘાણી સંપ્રદાય) પરિવારમાં થયો હોવા છતાં તેઓ તીર્થસ્થાનોમાં વાસક્ષેપથી જિનપૂજા કરે છે. રોજ દેરાસરે જઈને પ્રભુદર્શન કરે છે. તિથિના પાંચ દેરાસરોમાં દર્શન કરે છે. શત્રુંજય મહાતીર્થની ૨ વાર ૯૯ યાત્રા કરી છે. તેમજ તેની તળેટીની ૩ વાર ૯૯ યાત્રા કરી છે. મુંબઈ વિગેરેથી કુલ ૧૦૮ વખત પાલિતાણા આવવાની ભાવના રાખે છે. તેમાંથી ૧૦૪ વખત તેઓ પાલિતાણા આવી ચૂક્યા છે ! પોતાના ખર્ચે ૩૧ જણાને પાલિતાણાની યાત્રા તેમણે કરાવી છે ! ૩૫ વર્ષથી રોજ સામાયિક કરવાનો તથા તિથિના દિવસે પ્રતિક્રમણ કરવાનો નિયમ છે. તથા રોજ ૧ કલાક ધાર્મિક સૂત્રોનો સ્વાધ્યાય કરવાનો નિયમ છે.

આવી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપના સુભગ સંગમ સમા શ્રી જસવંતભાઈ સર્વવિરતિ ચારિત્ર સ્વીકારવાની ભાવનામાં રમે છે. તેમની આ ઉત્તમ ભાવના શીઘ્ર સાકાર બને એવી હાર્દિક શુભેચ્છા સહ શાસનદેવને પ્રાર્થના.

તેમનું સરનામું નીચે મુજબ છે.
જસવંતભાઈ ડી. દફતરી
૬/૨૫ પોદ્દાર પાર્ક કો. ઓ. હાઉસીંગ સોસાયટી
પોદ્દાર રોડ, મલાડ (પૂર્વ) - મુંબઈ-૪૦૦૦૯૭
ફોન : ૮૮૩૪૮૯૨/૮૪૦૪૮૯૨ ઘરે.

## ૬૫ : અપ્રમત્ત આરાધનાથી મોહરાજાને ગભરાવતા ચાણસ્માના ગભરુભાઈ

એમનું નામ ગભરુભાઈ. ચાણસ્માના તેઓ વતની. ૯૧ વર્ષની વૃદ્ધવયે જ્યારે એમણે દેહ છોડ્યો ત્યારે પણ તેમણે સવારે ઊભા ઊભા પ્રતિક્રમણ કરેલું. જિંદગીના છેલ્લા દિવસ સુધી તેઓ બે ટંક ઊભા ઊભા

પ્રતિક્રમણ કરતા. જિંદગીના છેલ્લા ૪૦ વરસ તેઓએ એકાસણા કર્યા. પર્વતિથિએ ઉપવાસ છઠ્ઠ કે અઠ્ઠમ કર્યો હોય તોય પારણે તો એકાસણું જ કરતા.

**પર્યુષણામાં સંવત્સરીના અઠ્ઠમ કર્યા પછી પારણે એકાસણું કરતાં પહેલા પોતાના દીકરાને તેઓ કહેતા 'જા કંચન ! ૮ દિવસમાં આપણે જેટલી બોલી બોલ્યા હોઈએ તેના પૈસા પહેલાં ભરી આવ.' દીકરો પૈસા ભરી આવે તેની પહોંચ હાથમાં આવે પછી જ તેઓ એકાસણું કરવા બેસતા !!!**

ઓળીના દિવસોમાં તેઓ નવપદની આરાધના એકધાનના આયંબિલથી કરતા. તે છેક જિંદગીના અંતિમ દિવસે એટલે કે ચૈત્ર સુદ પૂનમના **દિવસે દેહ છોડ્યો તે દિવસે પણ એમણે એક ધાનનું આયંબિલ કર્યું હતું.**

પોતાના પુત્ર પૌત્ર ધાર્મિક અધ્યયન કરે, પાઠશાળા જાય તેવું અંતરથી તેઓ ઇચ્છતા. ફળીયામાં જ પાઠશાળાના માસ્તર રહેતા હોવાથી તેઓ રોજ તેમને પૂછી લેતા કે આજે પાઠશાળામાં કોણ કોણ ન'તુ આવ્યું. **જેવી ખબર પડે કે ઘરમાંથી એકાદ જણ પાઠશાળામાં ભણવા માટે ન'તા ગયા એટલે બીજા દિવસે સવારે એને બોલાવીને કહી દેતા કે 'જા, આયંબિલ ખાતામાં મારું આજનું આયંબિલ નોંધાવી આવ,' વગર તિથિએ દાદાજી આયંબિલ કરે એટલે પૌત્રો સમજી જતા કે આજે દાદાજીએ શા માટે આયંબિલ કર્યું. અને વગર કહે બીજા જ દિવસથી બધાની પાઠશાળામાં હાજરી નિયમિત થઈ જતી !!!**

**દરેક વડિલો જો પોતાના સંતાનોમાં ધાર્મિક સંસ્કારોનું સીંચન કરવા માટે આવો રસ્તો અપનાવે તો કેવું સારું થાય !...**

## ૬૬ : શ્રી શત્રુંજય મહાતીર્થના અભિષેકનો મહાન લાભ લેનાર, ઉદાર દિલ શ્રાદ્ધવર્ય શ્રી રજનીભાઈ દેવડી

રજનીભાઈ દેવડી મુંબઈના હતા. તેમને ઘણા સાધુ અને શ્રાવકો સારી રીતે ઓળખે છે. શાસન પ્રત્યે તેમને ગાઢ શ્રદ્ધા હતી. અતિ ઉદારતાથી શાસ્ત્રીય વિધિપૂર્વક હજારો સાધુ-સાધ્વી અને શ્રાવકોની સમક્ષ આ ધર્માત્માએ ૨૦૪૭માં પોષ વદિ ૬ના લાખો રૂપિયા ખર્ચી સિદ્ધગિરિજીનો અભિષેક કરાવ્યો ! સૈંકડો વર્ષો પછી અત્યંત ધામધૂમથી ઉજવાયેલો આ અનુમોદનીય પ્રસંગ જોઈ, સાંભળી વિશ્વભરના જૈનોના હૈયામાં વાહ-વાહના ઉદ્‌ગારો નીકળી ગયા. આ અદ્‌ભુત પ્રસંગને વિધિપૂર્વક ઉજવવા પૈસો

પાણીની જેમ વાપર્યો...! બધે જ વ્યવસ્થા વગેરે શ્રેષ્ઠ. બધા સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા આ પ્રસંગે પધારે તે માટે બધે જાતે આગ્રહભરી વિનંતિ કરી. સકલ સંઘની ખરા દિલથી ભાવથી સુંદર ભક્તિ કરી. પધારેલા બધા સંયમીઓ અને સુશ્રાવકો રજનીભાઈના ભક્તિભાવ, ઉદારતા વગેરેની એકી અવાજે પ્રશંસા અને અનુમોદના કરતા હતા. તેમણે અનંત કર્મની નિર્જરા કરી. વળી ત્યારે પધારેલા કે ન આવી શકેલા લાખો ધર્મીઓએ પણ ત્યાં યથોલ્લાસ ભક્તિ કરવા ઉપરાંત પ્રશંસા અને અનુમોદનાથી ભારે નિર્જરા અને પુણ્યોપાર્જન કર્યા. એ આખા પ્રસંગનું વર્ણન ઘણી પત્રિકા વગેરેમાં છપાઈ ગયું છે. એકવીસમી સદીના ઉત્તમ શ્રાવકે આવા અનેકાનેક ધર્મપ્રસંગોથી ઘણું ઘણું આત્મહિત સાધ્યું છે. એમના આવા અનેક મનોરથો તથા ધર્મારાધના સકલ સંઘે જાણવા જેવા છે. આવા કરોડપતિને પણ દીક્ષા લેવાની ભાવના સતત થતી હતી ! ઘણાને કહેતા કે મને દીક્ષા ક્યારે મળશે ?

એમનું પુણ્ય પણ જોરદાર. આખો પ્રસંગ રંગેચંગે સફળ થયા પછી સકલ સંઘની હાજરીમાં તેમના બહુમાન પ્રસંગે જ તેઓ સદ્‌ગતિમાં ચાલ્યા ગયા ! એમનું સમાધિ-મૃત્યુ સાક્ષાત્ જોઈ ઘણાએ દિલમાં ભાવના ભાવી કે અમને પણ આવું મોત મળે ! જગત જેનાથી ખૂબ ડરે છે એ મોત પણ ઘણાંએ માંગ્યું ! ધર્માત્માઓ ! શાસન, સંઘ અને ધર્મ પ્રત્યે ઉછળતા ભાવોથી જીવનમાં શક્તિ પ્રમાણે આવું એકાદ પણ સત્કાર્ય કરી તમે પણ મોહનીયને મારી સદ્‌ગતિ પામો. ત્યાં પણ ઉત્કૃષ્ટ આરાધના કરી શાશ્વત સુખ પામો એ જ એકની એક શુભાભિલાષા.

રજનીભાઈ દેવડી ખૂબ ધર્મપ્રેમી હતા. એકવાર એમને શુભ ભાવ જાગ્યો. તે અનુસાર સંકલ્પ કર્યો કે સાધર્મિક ભક્તિ કરવી. પોતે તપાસ કરી મધ્યમ વર્ગના ૨૨ જૈન પરિવારોને સ્વયં ૧-૧ લાખ રૂ.નું ગુપ્તદાન કર્યું ! આવી માતબર છતાં ગુપ્ત ભક્તિ કરનારા આવા હીરલા હડહડતા કલિકાળમાં પણ છે ! ભલે વિરલા હોય.

**શત્રુંજયના અભિષેક પ્રસંગે રજનીભાઈ તરફથી ચતુર્વિધ શ્રીસંઘની ખૂબ જ ઉદારતાથી ભક્તિ ચાલુ હતી. ત્યારે રસોડાની બાજુમાં તેમના એક સંબંધી હતા. તેઓ કહે કે રસોડામાં ગેરવહીવટ ઘણો થાય છે... વિગેરે. રજનીભાઈએ તેમને તરત કહ્યું કે મહેરબાની કરીને તમે તમારી જગ્યા બદલી નાખો. મારે કોઈની પણ ટીકા સાંભળીને મારા ભાવ બગાડવા નથી મને તો પ્રત્યેક સાધુમાં ગૌતમ સ્વામી અને પ્રત્યેક સાધ્વીજીમાં ચંદનબાલાના દર્શન થાય છે !!!**

એકવાર રજનીભાઈ દેવડી શ્રેણિકભાઈને કહે કે "શેઠ શ્રી ! શત્રુંજય પર ચૌમુખજીની ટૂંકના શિખરો પરનાં કળશો સોનાનાં કરાવવાં છે, મને લાભ

આપો." શેઠે રજનીભાઈને કારણ પૂછતાં કહ્યું કે એ સુંદર કળશોના બધા યાત્રાળુ દૂરથી દર્શન કરે છે. એ સોનાનાં હોય તો દર્શન કરનારના ભાવ ખૂબ વધે. ઘણા સમકિત પણ પામે. એ બધા લાભમાં હું નિમિત્ત બનું. કેવી ઉત્તમ ભાવના ? હે હિતેચ્છુઓ ! તમે પણ શુભ ભાવોને પ્રગટાવો અને મહાન પુણ્યે પ્રગટેલા શુભ મનોરથોને શક્તિ પ્રમાણે સફળ કરો.

## ૬૭ : આવો ઓળખીએ કાન્તિભાઈને તથા શ્રી હસ્તગિરિજી તીર્થશ્રેષ્ઠને

સુશ્રાવક કાન્તિભાઈ મણિભાઈથી ઘણા બધા પરિચિત છે. શ્રી હસ્તગિરિજી તીર્થના ઉદ્ધારમાં તેમણે તન, મન, ધન, જીવન ન્યોચ્છાવર કરી દીધા છે ! સુકલકડી આ એક શ્રાવક સાહસથી કેવી અનોખી સિદ્ધિ પામી શકે છે, એનું સાક્ષાત્ દર્શન આજે હસ્તગિરિ તીર્થમાં થાય છે. એક નાનું દેરાસર પણ કોઈ એકલાને બાંધવામાં કેટલી બધી મુશ્કેલીઓ નડે છે એ આપણને ખબર છે. જ્યારે કાંતિભાઈએ ઊંચા પર્વત ઉપર શૂન્યમાંથી એક ભવ્ય તીર્થ નિર્માણમાં કેટલો બધો ભોગ આપ્યો હશે ?

**આ શ્રાદ્ધરત્ન આ તીર્થને શ્રેષ્ઠ ને પવિત્ર બનાવવા અવિધિ-આશાતનાઓ ન થાય તે માટે જાતે ત્યાં રહી બધી તપાસ રાખતા ! ઓળીના આયંબિલ જાળિયા ગામમાં ઝુંપડીમાં જાતે રસોઈ બનાવી આ કરોડપતિ શ્રાવકે કર્યા છે !**

સંયમમૂર્તિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **માનતુંગસૂરીશ્વરજી મ. સા.** ની હસ્તગિરિજીના ઉદ્ધારની ભાવના જાણી આ સુશ્રાવકે તે અતિ ભગીરથ સત્કાર્ય ભવ્ય રીતે સાકાર કરવાનું બીડું ઝડપી લીધું. પરમ પૂજ્ય **આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.** આદિ અનેક પૂજ્યોની કૃપાથી અને પોતાની સર્વશક્તિથી આ શ્રેષ્ઠ કાર્ય ખૂબ સુંદર રીતે પાર પાડ્યું. અને ઊંચા પર્વતના શિખર પર ૭૨ જિનાલયનું ભવ્ય દેવાલય ખડું કરી દીધું !

આવા અતિપવિત્રહૃદયી શાસનરાગીએ ઉછળતાં નિર્મળ ભાવોથી શાસ્ત્રીય વિધિપૂર્વક નિર્માણ કરેલા આ ભવ્ય હસ્તગિરિ તીર્થની આપણે શાંતચિત્તે વિધિપૂર્વક શુભ આશયથી વારંવાર યાત્રા કરવી જ જોઈએ. તેનાથી આપણા અનાદિ અનંત અશુભ ભાવોનો મૂળથી નાશ થઈ સમ્યકત્વ, સર્વવિરતિ અને શીઘ્ર શિવરમણી આપણને અવશ્ય મળશે.

જીવ માત્ર પ્રત્યે તેમનો મૈત્રીભાવ પણ ખૂબ જ અનુમોદનીય છે. ઉપકાર બુદ્ધિથી

નોકરીમાં રાખેલ માણસે લાખેક રૂપિયા જેટલી ચોરી કરી. ધમકાવવાને બદલે કાન્તિભાઈએ સંવત્સરીએ સૌ પ્રથમ ક્ષમાપના - પત્રિકા તેને લખી ! બીજા કોઈ પગલાં નહિ, દંડ નહીં. પોતાનું માથું ફોડવા આવનારને પાલીતાણા ચોમાસું કરવા પ્રેમથી બોલાવી કેટલીક વ્યવસ્થા સોંપી પોતાના મૈત્રી ભાવને ખૂબ દૃઢ કર્યો. પોતાની ૨ સુપુત્રીના લગ્ન પ્રસંગે નિમંત્રી સુંદર આગતાસ્વાગતા કરી. જાળિયાના માથાભારે માણસોનું તીર્થવિરોધીપણું કુનેહથી મિટાવી દીધું. આ કાંતિભાઈના સાદગી, નમ્રતા, નિખાલસતા વગેરે અનેક ગુણો અનુમોદનીય હતા. મોઢા પર પણ અભિમાન અને મોટાઈનો છાંટોય જોવા ન મળે ! મૂળ પાટણના આ ઝવેરી શ્રેષ્ઠીએ પાલીતાણામાં મુક્તિ નિલય ધર્મશાળા અને અમારી - વિહાર બંધાવ્યા. ચોમાસું, નવ્વાણુ યાત્રા અને તીર્થોની યાત્રા એમણે અનેકને ઉદારતા પૂર્વક કરાવી છે.

આજના વિલાસ પ્રધાન કાળમાં ગણ્યા-ગાંઠ્યા ભાવ શ્રાવકો પૈકીના એક સુશ્રાવકને આપણાં ભાવપૂર્વક પ્રણામ. એમના શ્રેષ્ઠ ધર્મકાર્યોની ભાવપૂર્વક અનુમોદના કરી તમે પણ તીર્થયાત્રા, તીર્થનિર્માણ આદિ આરાધના યથાશક્તિ કરો એ જ શુભાશિષ.

## ૬૮ : ઘાટકોપરના અમરીશભાઈની ભવ્ય જિનપૂજા અને વિશિષ્ટ તપ-ત્યાગ

ઘાટકોપરના અમરીશભાઈના તપ અને ત્યાગના વિશિષ્ટ પરિણામ ખૂબ અનુમોદનીય છે. આજે તેમની ઉંમર માત્ર ૩૬ વર્ષની છે. ૨ વર્ષ પહેલાં દિવસમાં કુલ માત્ર ૭ દ્રવ્ય અને એક ટંકે ચારથી વધુ ન વાપરવાનું જાવજ્જીવ માટે પચ્ચક્ખાણ લીધું ! છતાં પરિણામ એટલા બધા ત્યાગના કે સવારના માત્ર ૨ થી ૩ અને સાંજે લગભગ ૩ દ્રવ્ય જ જમે ! તેમની ફેક્ટરી ઘરથી લગભગ ૧૨૫ કિ.મી. દૂર. પાલઘર એમને રોજ જવાનું. ઘેરથી ટીફીન લઈને નીકળીને દિવસમાં માત્ર ૨ જ વખત વાપરે. નવકારશી, ચોવિહાર કરવાનાં. તેથી બંને ભોજન ટ્રેઈનમાં જ કરવાં પડે. રવિવારે બેસણું કરે. બહારની બધી વસ્તુઓનો ત્યાગ છે. ચોવિહારનો આજીવન નિયમ છે.

મહિનામાં ૬ ઉપવાસ કરે ! ચૌદસના ૨ તથા બીજા ૪. ઘણા ખરા ઉપવાસ ચોવિહાર જ કરે. કાચી ૩ વિગઈઓનો જિંદગીભર ત્યાગ છે.

અમરીશભાઈ અષ્ટપ્રકારી જિનપૂજા રોજ ખૂબ ભાવથી કરે છે. આટલી દોડાદોડ છતાં રોજ લગભગ ૧ કલાક જેટલો સમય ભક્તિપૂર્ણ હૃદયે

પૂજા કરે. અને સોના-ચાંદીના વરખની રોજ આંગી કરે. નૈવેદ્ય-ફળ વગેરે બધાં દ્રવ્યો ભક્તિમાં ઊંચી જાતના, મોટા, શ્રેષ્ઠ જ વાપરવાનાં: ધૂપ પણ સુગંધી ને સારો વાપરવાનો. **દર શનિવારે અને રજાના દિવસે તો છ-સાત કલાક સુધી આંગી વગેરે ખૂબ ભાવથી કરે ! વિશેષમાં આંગી પૂરી ન થાય ત્યાં સુધી બધું ખાવા કે પીવાનું બંધ !** આખા મુંબઈમાં ક્યાંય પણ સાલગીરી નિમિત્તે તેમને આંગી માટે સંઘ બોલાવે તો ધંધો છોડી હોંશથી દોડી જાય અને ખૂબ સુંદર આંગી ૪-૬ કલાક સુધી કરે. સાથે પોતાના સોનાના વરખ વગેરે સામગ્રી લઈ જાય. કોઈ સંઘમાં સામગ્રી ઓછી હોય તો પોતાની વાપરે ! ભાવના ઊંચી કે મારું દ્રવ્ય જિનભક્તિમાં જેટલું વધારે વપરાય તેટલું સારું.

ભગવાનની સ્તવના કરવામાં ભાન ભૂલી જાય. કંઠ સારો છે. સાંભળનારને પણ ભાવ આવી જાય ! ચૈત્યવંદન વગેરેમાં ભાવવિભોર થઈ જાય. ચૌદશ શુક્ર કે રવિવારના આવે ત્યારે છઠ્ઠ કરવો પડે તો પણ અવશ્ય કરે અને તે પણ ખૂબ પ્રસન્નતાથી.

અમરીશભાઈની સરળતા વગેરે પણ ખૂબ અનુમોદનીય છે. પરિચયમાં આવનારા સર્વના હૃદયમાં તેમનું વિશિષ્ટ સ્થાન છે. મોક્ષ શીઘ્ર પામવાની લગની ભારે. સાધુસાધ્વીની ભક્તિ કરવા કાયમ દોડે. સાધર્મિકોની ભક્તિ પણ ખૂબ ભાવથી કરે !

## ૬૯ : બારડોલીના (વીરચંભાઈનો વિશ્વવિક્રમ)

વીરચંદભાઈ બારડોલીવાળાની અનેક આરાધનાઓ બે હાથ જોડી આદરથી વાંચો :-

૩૦ વર્ષની ભરયુવાન વયે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું !

કાચા પાણીને અડવાનું પણ નહિ !!

કાળવેળાએ પોસાતીની જેમ ખુલ્લામાં કામળી ઓઢીને જ જાય !!! પૂજા માટે સ્નાન ખુલ્લામાં કરે. સંડાસ-બાથરૂમ સાધુની જેમ બહાર ખુલ્લામાં જાય !

૪-૪ મહિને લોચ કરાવતા !!!!

દરરોજ ૧૦ સામાયિકનું દેસાવગાસિક અને ૫ તિથિ પૌષધ કરતા !!!!!!

ચોમાસામાં ગામ બહાર જતા નહીં ! દરરોજ સાધર્મિક ભક્તિ કરતા ! ગમે તે મહેમાન આવે પણ ઘરમાં સૂર્યાસ્ત પછી પાણી પણ ન આપે ! કેળા સિવાયની બધી લીલોતરીનો ત્યાગ કરેલો.

શાસનપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. નાં

વ્યાખ્યાન સાંભળી અનીતિના ધનના ત્યાગનો અભિગ્રહ કર્યો અને તેથી જ ઈન્સ્પેક્ટરના હોદ્દાવાળી સારી નોકરી છોડી દઈ પાઠશાળાના અધ્યાપક બન્યા ! પૂ. શ્રીના પરિચયથી પ્રવ્રજ્યાનો દૃઢ ભાવ પેદા થઈ ગયો. પરંતુ એ મળી નહિ. તેથી એ ન લેવાય ત્યાં સુધી ઘીનો મૂળથી ત્યાગ કર્યો ! દરરોજ ત્રિકાળ જિનપૂજા કરતા !

તપ પણ ખૂબ કર્યા - ૨ વર્ષીતપ, ૨ ચોમાસી તપ, ૩ ઉપધાન, સિદ્ધગિરિમાં આયંબિલ સહિત ચોમાસું, પોષ દશમી વગેરે ઘણા તપ કરતા. વર્ધમાન તપનો પાયો નાંખી સતત ઓળીઓ કરતા. બાકીના દિવસોમાં એકાશણા કરતા. પાલિતાણામાં ૨ માસ મૌન પાળ્યું ! ૯૭મી ઓળીમાં અશક્તિ ખૂબ વધવા છતાં ગ્લુકોઝના બાટલા લેવાની ના પાડી દીધી. આયંબિલ કાયમ પુરિમઢ્ઢે કરતા ! માત્ર ૩ દ્રવ્ય વાપરે પછીથી તો ત્રણે ભેગા કરી વાપરતા. ૧૩ વર્ષ પૂર્વે ૪૭મા આયંબિલે નવકારવાળી ગણતા સદ્ગતિને સાધી ગયા. તેમની અદ્વિતીય આરાધનાથી અહોભાવપૂર્વક સંઘે અનુકંપા-દાન સહિત પાલખી કાઢવા પૂર્વક સ્મશાનયાત્રા કાઢેલી.

એમની અનોખી આરાધના અને ખૂબ ઊંચા અધ્યવસાયથી આ જીવ ચોથા આરાનો હોય તેવું આપણને લાગે. જીવદયા અને માત્ર આરાધનાના જ પરિણામ, પાપનો પડછાયો પણ ન લેવો. આ બધું આપણા માટે તો અશક્ય લાગે છે. આપણે સાચા ભાવથી આમને સાદર પ્રણામ કરવા દ્વારા આવી આરાધનાની શક્તિ અને ભાવ પ્રભુ આપણને જલ્દી આપે એ જ એક માત્ર મનોરથ કરીએ અને આંશિક પણ શક્ય આરાધના કરીએ એ જ મનોકામના.

## ૭૦ : શ્રી આદિનાથની પહેલી પૂજા કરાવી

૧૫ વર્ષની કિશોર વયે એક પુણ્યવંતો પ્રસંગ સાક્ષાત્ જોઈ રાણપુરના મનવંતરાયનું હૈયું ગદ્ગદ થઈ ગયું. શ્રી શત્રુંજયની યાત્રાર્થે ગયેલા મનવંતરાય પૂજા કરવા લાઈનમાં બેઠેલા. પહેલી પૂજાનું ઘી બોલાતું હતું. રંગમંડપમાં માતા સાથે બેઠેલ એક માતૃભક્ત ભાઈ પણ ઉછામણી બોલતા હતા. ચડાવો આગળ વધતો હતો. છેવટે પાછળ બેઠેલા એક ભાઈને ચડાવો મળ્યો. તેમનું નામ પ્રભુદાસ કલ્યીએ. માતૃભક્ત ભાઈ અને તેમના માતુશ્રીની આંખોમાંથી અશ્રુધારા નીકળવા માંડી. ભાઈનું માથું ખોળામાં લઈ મા સાંત્વન આપવા લાગી. તેથી ઘણાનું ધ્યાન ત્યાં ગયું. આદેશ મળેલ પુણ્યશાળી પ્રભુદાસે ત્યાં જઈ પૂછ્યું, "એકાએક કાંઈ તકલીફ થઈ નથી ને ?"

માતૃભક્ત ભાઈએ જવાબ આપ્યો, "હે પુણ્યશાળી ! બીમારી કાંઈ નથી. હું તો મારા કર્મોને રોઉં છું. આ મારા બાને ૮૦ વર્ષ થયા છે. દાદાની યાત્રા તથા પહેલી પૂજાની તેમની ઈચ્છા હતી પણ શક્તિ ન હતી તેથી આગળ બોલી ન બોલ્યો. કમભાગી હું બાની ઈચ્છા પૂરી કરી શક્યો નહિ તેથી ખૂબ લાગી આવે છે. વૃદ્ધ બા હવે ફરી યાત્રા માટે આવી શકશે કે નહીં ? અને તેમની પહેલી પૂજાની ઈચ્છા હું પૂરી કરી શકીશ કે નહીં તે કોણ જાણે ? બીજું કાંઈ દુઃખ નથી. આપ સૌ ચિંતા ન કરો. પૂજા કરવા પધારો." આ સાંભળી આદેશ મળેલ પ્રભુદાસભાઈ માતૃભક્તની બાના ખોળામાં માથું મૂકી બોલ્યા, "બા ! હું પણ તમારો દીકરો જ છું. પુત્રની ઈચ્છા મા અવશ્ય પૂરી કરે. આ પૂજાની થાળી લો. તમે પહેલી પૂજા કરો. મા પૂજા કરે પછી જ દીકરો પૂજા કરે ને ?" પ્રભુદાસભાઈની કેવી ઉદારતા ! વૃદ્ધાની અંતરની ભાવના જાણી આ લાગણીશીલ સુશ્રાવક તેમને પોતાની મા ગણી પહેલી પૂજા તેમની પાસે કરાવવા તૈયાર થઈ ગયા. માએ પણ વિનંતી સ્વીકારી અને માતૃભક્ત અને પ્રભુદાસ બન્ને માને હાથ પકડી દાદા પાસે લઈ જવા માંડ્યા. જોનારા બધા આવું અદ્‌ભૂત દૃશ્ય સાક્ષાત્ જોઈ હર્ષથી ગદ્‌ગદિત થઈ ગયા. ઘણાંને હર્ષાશ્રુ વરસવા માંડ્યા !

લાઈનમાં પાછળ હોય તેને પણ ક્યારેક ઉદારતાપૂર્વક આગળ કરો. એ આનંદ પણ અનુભવવા જેવો છે. આ વાંચી તમે પ્રભુદાસ પર પ્રસન્ન થયા હો તો નિશ્ચય કરો કે હું પણ ક્યારેક ખૂબ ઊંચી ભાવનાવાળા શક્તિહીન સાધર્મિકને પહેલી પૂજા વગેરે કરાવી પ્રભુદાસ બનીશ. તેથી તમને પૂજા, ઉદારતા, સાધર્મિક ભક્તિ વગેરે અનેક લાભો થશે.

## ૭૧ : કટોકટીમાં પણ કાયમ ચોવિહાર કરતા ખંભાતના શાંતિભાઈ

અનેક ધર્માત્માઓના કારણે ખંભાત ધર્મપુરી તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં પ. પૂ. આ. **ભ. શ્રી મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. સા.** ૨૩ વર્ષ પૂર્વે પધારેલા. ખંભાતનો ૧૭ વર્ષનો યુવાન શાંતિ પાછલા ભવનો સાધક જીવ હતો. વ્યાખ્યાન સાંભળી ભાવ એવા ઉલ્લસિત થઈ ગયા કે બીજા જ દિવસથી રાત્રિભોજન ત્યાગ અને કંદમૂળત્યાગનો નિયમ તો કર્યો પણ ઉકાળેલું પાણી પણ પીવાનું શરૂ કરી દીધું ! આચારમાં એટલી દૃઢતા કે ૨૩ વર્ષથી આ ત્રણે આરાધના ચાલુ જ છે ! ચોવિહારમાં ખૂબ મક્કમ. તેથી ઘણી વાર નોકરી પણ છોડી દીધી છે. સૂર્યાસ્ત પહેલાં જમવા નોકરીના સ્થળથી નીકળે, છતાં

કોઈ મુશ્કેલીના કારણે સૂર્યાસ્ત રસ્તામાં થઈ જાય તો રસ્તામાં જ ચોવિહાર કરી લે ! મુંબઈમાં ઘણે દૂર નોકરી હોય. તેથી ચોવિહારની અગવડ ખૂબ પડે. તેથી મોહમયી મુંબઈને સલામ કરી ગુજરાતમાં રહેવા આવી ગયા ! હવે તો ધર્મપુણ્યથી શેઠ ખૂબ સારા મળી ગયા છે. શેઠે ચોવિહાર માટે સાંજે રોજ વહેલા જવાની રજા આપી દીધી છે !

આ વર્ષે તો વર્ષીતપ ઉપાડ્યો છે. શ્રાવિકા પણ ધર્મપ્રેમી મળ્યાં છે. બંને પોતાના બાળકને પણ ખૂબ ધાર્મિક સંસ્કારો આપે છે. ત્રણે ઉકાળેલું પાણી જ પીવે છે ! શાંતિભાઈને ધર્મક્રિયાની વિધિ પ્રત્યે પણ ખૂબ રાગ છે ! આવા જીવ આસન્ન-ભવ્ય હોઈ શકે છે. વળી શાંતિભાઈ રોજ ત્રિકાળ પૂજા કરે છે ! બંને પ્રતિક્રમણ ઉપરાંત એક સામાયિક પણ કરે છે. હે ભવ્યો ! તમે પણ શાંતિભાઈના જીવનમાંથી એટલી પ્રેરણા તો અવશ્ય લો જ કે મારે પણ દૃઢપણે કાયમ ચોવિહાર કરવો જ. અને નરકમાં ધકેલી દેનાર રાત્રિભોજનના પાપને તિલાંજલી આપી દો. વળી ૧૭ વર્ષનો કિશોર કાયમ ઉકાળેલું પાણી પી શકતો હોય તો તમારે માટે શું એ અશક્ય છે ? તમને ઘણાંને તો નિવૃત્તિ, પ્રૌઢ વય, ધંધાની માલિકી વગેરે ઘણી અનુકૂળ સામગ્રી મહા પુણ્યે મળી છે. તેથી ચોવિહાર કરવો તમારે માટે સહેલો છે. તો પુણ્યનો સદુપયોગ કરી સદ્ગતિ ભવોભવ મેળવો એ જ શુભેચ્છા.

## ૭૨ : ઘર દેરાસરનો પ્રભાવ : ગ્રેજ્યુએટ શ્રીપાલ અને શ્રેણિકે કરેલો ટી.વી.નો બહિષ્કાર

અમદાવાદમાં વાસણામાં દિનેશભાઈએ લગભગ ૨૦ વર્ષ પહેલાં પોતાના બંગલામાં પ્રભુજીને પધરાવ્યા. ઘર-દેરાસર બનાવી પ્રભુજીને બિરાજમાન કર્યા. પ્રભુજીની પધરામણીને પ્રતાપે પૂ. આચાર્ય ભગવંતો વગેરે અવાર-નવાર ઘેર પધારે. પૂજ્યોના સંસર્ગથી ધર્મ વધવા માંડ્યો ! પરિવાર પણ આરાધનામાં આગળ વધવા માંડ્યો ! પછી તો પુણ્યોદયે ઘરથી પંદર ડગલાં દૂર જ સંઘનું શિખરબંધી દેરાસર બંધાઈ ગયું !

સુવિશુદ્ધસંયમી પ. પૂ. આચાર્યશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. તથા તપસ્વીસમ્રાટ પ. પૂ. આચાર્યશ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ. સા. આદિ અનેક મહાપુરુષો વારંવાર તેમના નિવાસસ્થાને પધારતા. તેથી યુવાન પુત્રો પણ ધર્મી બનવા માંડ્યા. એંજિનિયર પુત્ર શ્રીપાલે વેવિશાળ પહેલાં કન્યા સાથે સ્પષ્ટ ખુલાસો કર્યો કે, 'ઘરમાં ટી.વી. નથી. ભવિષ્યમાં આવવાની શક્યતા નથી.' આવા

કળિયુગમાં પણ કન્યા સંસ્કારી હતી તેથી લગ્ન માટે સંમત થઈ અને શ્રીપાલનાં લગ્ન થયાં ! નાનો શ્રેણિક ભ.છ. પાસ થયો. નોકરીમાં શરૂઆતથી જ સાત હજારનો પગાર મળે છે. તેણે પણ વેવિશાળ પહેલાં જ આ ખુલાસો કર્યો. તેને પણ બહુ સંસ્કારી કન્યા મળી ! બંને ભણેલા યુવાન ભાઈઓ અત્યારે રાત્રિ-ભોજન કરતા નથી !

આજના યુવાનોએ આ સત્ય ઘટના પરથી ધડો લેવો જોઈએ. આ કાળમાં પિતાજીની નારાજી હોવા છતાં યુવાન પુત્રો ટી.વી. લાવે. પિતાજી વગેરે સામાયિક વગેરે આરાધના કરતા હોય ત્યારે પણ પુત્રો મોટેથી ટી.વી. ચાલુ કરી ઉપકારી પૂજ્યોને પણ ધર્મમાં અંતરાય કરી અવિવેક કરી ગાઢ પાપ બાંધે છે. ઘરમાં ઉપજતું ન હોય તેવા પુત્રો આવનારી પોતાની પત્નીને ખાનગીમાં કહે કે, "તું ચિંતા ન કરીશ. લગ્ન પછી ટી.વી. લાવીશ જ." વહુ પણ લગ્ન પછી કાનભંભેરણી કરી પતિને જુદો કરાવી ટી.વી. લઈ આવે ! આવા જાતજાતના કિસ્સા આજે બને છે. ત્યારે આ ધર્મી કુટુંબ આજે પણ વગર ટી.વી. એ સંપ, સંયમ અને પ્રેમથી કિલ્લોલ કરે છે ! ખૂબ ધનવાન છતાં આવા ટી.વી. વિનાના ઘર કેટલાં મળે ? ધન્ય છે આવા ધર્મપ્રેમીઓને ! હે હિતકારી જૈનો, તમે પણ સપરિવાર સતત સાધુઓના સમાગમમાં રહી ભાવથી સુંદર આરાધના કરો અને પાપકર્મથી બચો.

## ૭૩ : કલકત્તાના ચાંદમલજી બરડિયાની પુષ્પપૂજાનો પમરાટ

કલકત્તાનિવાસી ચાંદમલજી બરડિયા કાપડના વ્યાપારી છે. પુષ્પપૂજાનો પ્રભાવ, મહત્તા, એનાં અનંત ફળ વગેરે મહાત્માઓ પાસેથી સાંભળીને તેમને ખૂબ સુંદર અસર થઈ. બધા આવી ફુલપૂજાનો અદ્‌ભુત લાભ લે તો કેવું સારું તેવા ભાવ હૈયામાં ઊછળવા લાગ્યા ! કલકત્તામાં મોટા દહેરાસરમાં ડમરો વગેરે ફૂલો મહામુશ્કેલીએ મળે છે. ચાંદમલજી વહેલા ઊઠી ફૂલબજારમાંથી ઘણાં ફૂલો ખરીદી બધાં મોટા દહેરાસરે ગભારા પાસે થાળીમાં મૂકી આવે. ધંધાર્થે ક્યારેક બહારગામ જવું પડે ત્યારે આ લાભ મળે નહીં. તેથી હૈયું ખૂબ રડતું. ખૂબ વિચારતાં આનો ઉકેલ શોધી કાઢ્યો. પોતાના એક માણસને વધારાનો પગાર આપી બધા દહેરાસરે ફૂલો પહોંચાડવાનું ગોઠવી દીધું. આજે પણ આમ હજારોને ફૂલપૂજા કરાવી પ્રશંસનીય મહાન લાભ લે છે !!

નવા નવા શ્રાવકોનો પરિચય થાય ત્યારે તેમની સાથે પણ આ શ્રેષ્ઠ પ્રભુભક્તિમાં વધુ ભાવિકો જોડાય એની ચર્ચા-વિચારણા કરી તેવા ઉપાયો

કરે છે ! હાવરામાં ૯ માળના નવા મોટા બિલ્ડીંગના ફ્લેટો પોતાના પરિવાર માટે એ શરતે ખરીદ્યા કે અગાશીનો જરૂરી ભાગ દહેરાસર માટે બિલ્ડર આપી દે ! તમે શું કરો ? અગાશીમાં કૂંડામાં ફૂલોના છોડ ઉગાડવા જેવા વિલાસના કામ કરો ને ? આ ભાગ્યશાળી કેવા કે મોજશોખના નહિ પણ પ્રભુભક્તિના વિચારોમાં અને કાર્યોમાં જ સદા ખોવાયેલા રહે. અને આ **ખરીદેલી જગામાં સ્વદ્રવ્યથી સુંદર પંદર લાખનું જિનાલય બંધાવી સંઘને અર્પણ કર્યું !** કેવા નિઃસ્પૃહી ! બિલકુલ ઈચ્છા નહિ છતાં સભ્યોના અતિ આગ્રહથી ટ્રસ્ટી થવું પડ્યું. દહેરાસરના વિશિષ્ટ પ્રસંગોમાં ઉછામણી બોલીને જ લાભ લે છે.

શ્રી સમેતશિખરજીની યાત્રા બધા સરળતાથી કરી શકે માટે શક્ય સુવિધાઓ ઊભી કરી છે. મિત્રો સાથે ભોમિયાજી ભવન બનાવરાવ્યું. આજે તો ત્યાં શ્રી શાંતિનાથ ભગવાનનું દેવાલય, ભક્તામર મંદિર અને ભોમિયાજીનું સ્થાન બની ગયું છે. ભોજનશાળા અને ૧૦૦ રૂમની ધર્મશાળા પણ તૈયાર કરાવી દીધી. તેઓ આ સંસ્થાના મંત્રી તરીકે સેવાનો લાભ લે છે.

ભોમિયાજીની પ્રતિષ્ઠા વખતે તેમને જાણવા મળ્યું કે શ્રી પાર્શ્વનાથ પ્રભુની ૧૨,૫૦૦ સફેદ ફૂલોથી પૂજા સાથે જાપ કરવાથી ઘણો લાભ થાય. તરત કલકત્તાથી ફૂલો મંગાવી બધા યાત્રાળુ સાથે પૂજા કરી. હાલમાં પણ આ સરળ સ્વભાવી બરડિયાજી આમ આગવી રીતે પ્રભુભક્તિ વગેરે કરી-કરાવી રહ્યા છે. હે ભવ્યો ! **માત્ર ૧૮ ફૂલથી કુમારપાળ રાજાને ફુલપૂજાનું કેવું સુંદર ફળ મળેલું ? તો ભક્તિભાવથી આમ આ ચાંદમલજીએ ફૂલપૂજા સ્વયં કરી, અનેકો પાસે કરાવી કેવું પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું હશે ? તમે પણ આવા ભાવથી ફૂલપૂજા વગેરે કરી સાચું સુખ પામો એ મનોકામના.**

## ૭૪ : "દાનવીર" સ્વ. સંઘવી ભેરુમલજી હુકમીચંદજી બાફના (માલગાંવ - જિ. સિરોહી -)ના સુકૃતો...

- શ્રી જીરાવલાજી તીર્થમાં ૩૦૦૦ આરાધકોને નવપદજીની ઓળીની આરાધનાનું આયોજન
- દુષ્કાળમાં પાંચ ગામોમાં પશુઓની અનુકંપા
- માલગાંવથી શત્રુંજય મહાતીર્થના ૨૭૦૦ યાત્રિકોના છ'રી પાલક સંઘનું અતિ ભવ્ય આયોજન
- શ્રી સંઘ દ્વારા શ્રી શંખેશ્વરતીર્થમાં વિશાળ સામુદાયિક અટ્ઠમનું

આયોજન.

- જીરાવલાજી તીર્થમાં ભોજનશાળા ભવન નિર્માણ.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની તલાટીમાં પાલીતાણા નગરે ધર્મશાળા નિર્માણ અને તેમાં દરરોજ સાધુ સાધ્વી અને સાધર્મિકોની ભક્તિ.

- દેલવાડા તીર્થમાં ભોજનશાળા ભવન નિર્માણ.

- અચલગઢ તીર્થમાં ભોજનશાળા ભવન નિર્માણ

- શંખેશ્વર તીર્થમાં ધર્મશાળામાં એક વીંગનું નિર્માણ

- જીવદયા તથા સમાજ સેવા માટે માલગાંવમાં સેવા કેન્દ્ર નિર્માણ

- શ્રી હસ્તગિરિજી તીર્થમાં નીર તૃપ્તિ ગૃહ નિર્માણ

- શત્રુંજય તીર્થમાં સં. ૨૦૫૧ની સાલમાં વર્ષીતપના સામુદાયિક પારણા તથા બીયાસણા કરાવ્યા

- શ્રી શત્રુંજય તીર્થમાં સં. ૨૦૫૧માં તીર્થપતિશ્રી આદિનાથ આદિ જિનબિંબોને ભવ્યાતિભવ્ય અઢાર અભિષેક તથા સ્વામી વાત્સલ્યનું આયોજન.

- પાલીતાણામાં શાસનસેવારત જૈનેતરોને ઉચિતદાન

- માલગાંવમાં અતિભવ્ય ઉપધાનતપ-ઉજમણું-અઠ્ઠાઈ મહોત્સવ આયોજન

- શ્રી શંખેશ્વરજી તીર્થમાં અઠ્ઠાઈ મહોત્સવ

- શ્રી રાણપુર આદિ પંચતીર્થી યાત્રાનું આયોજન

- શ્રી જીરાવલાજી આદિ ૧૦ સ્થળો પર નેત્રરોગ નિવારણ શિબિર દ્વારા ૧૫૦૦ દરદીઓની સેવા.

- શત્રુંજય તીર્થ ૯૯ યાત્રા આયોજન

- ગુલાબગંજ જિનમંદિર પ્રતિષ્ઠામાં મહત્ત્વપૂર્ણ સહયોગ.

- તેઓ સં. ૨૦૫૧માં સ્વર્ગવાસ પામ્યા છે. તેમના પછી તેમના સુપુત્રો દ્વારા સં. ૨૦૫૨માં સમેતશિખરની સ્પેશ્યલ ટ્રેન દ્વારા હજારો ભાવિકોને યાત્રા કરાવાઈ છે.

## ૭૫ : શાંતિલાલભાઈ શિવલાલ શાહની અદ્‌ભુત નીતિમત્તા

"મામા ! મામા ! હું તમને શોધતો શોધતો આટલે દૂર આવી ગયો છું. મામા એક મઝાની અને તમારા લાભની વાત છે" "બોલ ભાણા ! શી વાત

લઈને આવ્યો છે ?"

મામા સરકારના જાહેર બાંધકામ ખાતાના જિલ્લા કક્ષાના વડા વિભાગીય ઈજનેર હતા અને અત્યારે સમગ્ર ગુજરાતમાં જ્યાં જ્યાં રસ્તા-મકાન-પૂલ આદિના કામમાં ગેરરીતિની ફરિયાદ રાજ્ય સરકારને મળતી ત્યાં એ ફરિયાદની તપાસ કરવા માટેના ખાસ એકમમાં સરકારે એમને નિયુક્ત કર્યા હતા... અત્યારે એ એક ગામના રેસ્ટ હાઉસમાં ઊતર્યા હતા. આવતી કાલે એ ગામની નજીક પૂલના બાંધકામમાં ગેરરીતિ થઈ નથી એ રીતની તપાસ તેમણે કરવાની હતી.

'એ બાંધકામમાં કોઈ ગેરરીતિ આચરાઈ નથી' એવું પ્રમાણપત્ર લખી આપવાના બદલામાં એમને ખૂબ સારી રકમ મળશે એવી વાત એમના ભાણેજે એમને ઈજારદાર વતી કરી...

પોતાને ત્રણ બાળકીઓ અને બે બાળકો કોલેજ-શાળામાં ભણનાર હતા. સમાજમાં વ્યવસ્થિત વ્યવહાર ચલાવવા પૈસાની ખૂબ જરૂર રહેતી હતી. સામેથી જ પૈસાની પ્રાપ્તિની વાત આવી હતી; પણ આ ઈજનેર કોઈ જુદી જ માટીના હતા. એમણે પૈસા લેવાની વાત સ્વીકારી નહીં અને સ્પષ્ટ જણાવી દીધું કે પોતે પોતાની ફરજની રૂએ જે વાત પોતાની તપાસમાં પોતાને જાણવા મળશે તે જ વાત બહુ સ્પષ્ટ રીતે ઉપલા અધિકારીને લખી જણાવશે, પૈસો પોતાની પવિત્ર ફરજને આંતરી શકશે નહિ.

"પણ મામા ! આવી મોટી રકમ સામેથી મળવી સહેલી નથી. આવી રકમની સામેથી ઓફર કરનાર નહિ મળે."

**''ભાણા ! રકમ આપનાર તો હજી મળશે પણ ના પાડનાર નહીં મળે. પૈસા ખાતર હું મારા પ્રામાણિકતા ગુણને વેંચવા નથી માગતો,''**

ઈજનેરે બહુ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું. આ અગાઉ એને પાલનપુર જિલ્લાના અછત વિસ્તારમાં ઈજનેર તરીકેની કામગીરી સોંપાઈ હતી. ખોટી હાજરી, ખોટા માપ લખવા દ્વારા લાખોની કમાણી થઈ શકે એવા પ્રસંગે એમણે નીતિમત્તા દ્વારા પોતાના આત્માને પવિત્ર રાખેલો. પ્રામાણિકતા. નીતિમત્તાના પરમ આદર્શવાળા એ છે શાંતિલાલ શિવલાલ શાહ, નિવૃત્ત કાર્યકારી ઈજનેર, આજે પણ સુંદર આદર્શ શ્રાવક જીવન, દ્વારા એ પોતાનો મનુષ્ય જન્મ સફળ કરી રહ્યા છે.

સરનામું :- ૧૮/૧૦૫ વિજયનગર કોલોની, વિજયનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૭૪૮૨૩૧૩

## ૭૬ : કેટલાક શ્રાવકોની અનુમોદનીય આરાધનાઓ : પંડિત નરેશભાઈ લાલજીભાઈ શાહ (કચ્છી)

૧૨૨ ઉપવાસ, ૧૦૮ ઉપવાસ, ૭૨ ઉપવાસ, ૬૮ ઉપવાસ, ૪૫ ઉપવાસ-૩ વાર, ૩૬ ઉપવાસ, માસક્ષમણ-૬ વાર તથા શંખેશ્વરમાં ૩૦૦ અઠ્ઠમ. મૂળ કચ્છના છે. હાલનું સરનામું નીચે મુજબ છે. પદ્માવતી જનમંદિર, અમિટ ચાલ નં.૨, રૂમ નં. ૬. મ્યુ. સ્કૂલની સામે, વિક્રોલી (પૂર્વ)-મુંબઈ-૪૦૦૦૮૩

## ૭૭ : મહાતપસ્વી રસિકભાઈ

**પૂના કેમ્પ (મહારાષ્ટ્ર)માં રહેતા સુશ્રાવક શ્રી રસીકભાઈ (ઉ. વ. ૬૫ લગભગ) છેલ્લા ૪૦ વર્ષથી છઠ્ઠના પારણે છઠ્ઠ અને પારણામાં પણ એકાશણા જ કરી રહ્યા છે !** અઠ્ઠાઈ વિગેરે મોટી તપશ્ચર્યાના પારણે પણ એક જ એકાશણું કરીને ઉપર છઠ્ઠના પારણે એકાશણા ચાલુ જ રાખે છે !! - ધન્ય તપસ્વી !...

## ૭૮ : છોટુભાઈ ભીખાભાઈ મશ્કરીયા

સૌરાષ્ટ્રમાં સુદામડા ગામમાં જન્મેલા સુશ્રાવક **શ્રી છોટુભાઈ ભીખાભાઈ મશ્કરીયા** (ઉ. વ. ૫૫). છેલ્લા ૮ વર્ષોથી તેમણે દિવસમાં કદી ૨-૩ ટાઈમ ભોજન કર્યું નથી ! ઓછામાં ઓછું એકાશણું તો હોય જ. શ્રેણિતપ-સિદ્ધિતપ-ધર્મચક્ર- તપ-માસખમણ જેવા મોટા મોટા તપના પારણે પણ એકાશણું જ કરેલ છે ! તમામ મિષ્ટાન્ન - ફ્રૂટ તથા દૂધ-ઘીની વિગઈ મૂળથી બંધ છે !... રસનેન્દ્રિય ઉપર કેવો સુંદર કાબુ !... સરનામું નીચે મુજબ છે.

૯૭/૫૮૦ વિજય નગર, અમદાવાદ - ૩૮૦૦૧૩.

## ૭૯ : અનુપચંદભાઈ મંગલજી મોરખીયા (ઉ. વ. ૫૩)

પોતાના માતુશ્રી હીરાબેનની સાથે છેલ્લા૧૯ વર્ષથી સળંગ વર્ષીતપ કરી રહ્યા છે !... પારણામાં પણ બે ટાઈમ જમે ત્યારે જ પાણી વાપરે છે. ૪૦

વર્ષથી રોજ બંને ટાઈમ પ્રતિક્રમણ કરે છે ! છેલ્લા ૪ વર્ષથી રોજ ૨૫૧ ખમાસમણ આપી પંચપરમેષ્ઠી ભગવંતોને વંદના કરે છે ! રોજ ૫ સામાયિક તથા ૨૭ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે છે. ખૂબ જ પાપીભીરૂ, અપ્રમત્ત અને જ્ઞાનપ્રેમી સુજ્ઞ શ્રાવક છે.

સરનામું

મોરખીયા ટ્રેડીંગ કું. ઝંડા ચોક, ગાંધીધામ-કચ્છ , પીન : ૩૭૦૨૦૧

## ૮૦ : લખમસીભાઈ માલસીં બૌઆ (ઉ. વ. ૭૦)

તથા તેમના ધર્મપત્ની સુશ્રાવિકા લક્ષ્મીબેન બૌઆએ સં. ૨૦૨૪ થી ૨૦૪૮ સુધી સળંગ ૨૪ વર્ષીતપ સજોડે કરેલ છે ! સં. ૨૦૨૩માં બંનેએ સજોડે ચતુર્થવ્રત અંગીકાર કરેલ છે. વર્ષીતપ દરમ્યાન આઠમ-પૂનમ-અમાસના છઠ્ઠ તપ કરતા તથા ચૈત્ર-આસો મહિનાની ઓળી દરમ્યાન પારણે આયંબિલ જ કરતા !

ચોમાસામાં તેઓ કચ્છમાં જ રહે છે.

સરનામું :- મુ. પો. પ્રાગ્પુર, તા. મુન્દ્રા-કચ્છ, પીન : ૩૭૦૪૧૦. શેષકાળમાં - ઈલાવીઆ બિલ્ડીંગ, હાર્ટીજ રોડ, માટુંગા બી.બી.- મુંબઈ.

## ૮૧ : સોહનલાલભાઈ ગોલેચ્છા :- (ઉ. વ. ૭૯)

૧૨ વર્ષ સુધી સળંગ ઠામ ચોવિહાર એકાશણા કર્યા !

નવપદજીની ઓળીઓ પણ ઠામ ચોવિહાર આયંબિલથી કરી. લો બ્લડ પ્રેસરના કારણે ડૉક્ટરોએ વારંવાર ખાવા-પીવાનું કહેવા છતાં હાલ તેઓ ઠામ ચોવિહાર બ્યાસણા કરે છે. બીજા પણ અનેક વ્રત-નિયમોપૂર્વકનું ત્યાગમય જીવન હોવાથી આજુબાજુના અનેક ગામના નામાંકિત લોકો પણ તેમના જીવનની ખૂબ ખૂબ અનુમોદના કરે છે. સરનામું :- સુભાષ ચોક, કાપડના વેપારી, એસ. સોહનલાલ, મુ. પો. કટની, પીન : ૪૮૩૫૦૧

ફોન : ૦૭૬૨૨ - ૨૮૭૨ દુકાન, ૨૧૭૨ ઘર.

## ૮૨ : શશિકાંતભાઈ કીરચંદ મહેતા - રાજકોટવાલા

## (ઉ. વ. ૬૭)

અધ્યાત્મયોગી, પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ. સા. ની કૃપાથી નવકારમહામંત્રની વિશિષ્ટ સાધનાને વરેલા શશિકાંતભાઈ સુમધુર વક્તા તરીકે ખૂબ જ સુપ્રસિદ્ધ છે. તેઓ પોતે ઉદ્યોગપતિ હોવા છતાં ખૂબ જ વિનમ્ર અને ઉદારદિલના છે. રાજકોટમાં પ્રહ્લાદ પ્લોટ જૈન સંઘના પ્રમુખ તરીકે ઘણા વર્ષો સુધી ખૂબ સુંદર સેવા બજાવી છે.

**મહાવીર જન્મકલ્યાણ તેમજ સાંવત્સરિક ક્ષમાપના જેવા પ્રસંગો શશિકાંતભાઈની કુનેહભરી રાહબરી હેઠળ રાજકોટના તમામ સંઘો સાથે મળીને ઉજવે** છે.

**દરરોજ લઘુસિદ્ધચક્રપૂજન ભણાવ્યા પછી જ તેઓ ભોજન ગ્રહણ કરે છે.** અનેક ઠેકાણે તેમણે સામૂહિક નવકાર મહમંત્રની સુંદર આરાધનાઓ કરાવી છે. નવકારના રહસ્યોને ખોલતા તેમના વાર્તાલાપો સાંભળવા એ પણ જીવનનો એક લ્હાવો ગણાય છે.

સૌરાષ્ટ્રના અનેક વિહાર ક્ષેત્રોમાં જ્યાં સાધુ-સાધ્વીજી ભગવંતોનું આવાગમન ઠીક ઠીક પ્રમાણમાં થવાની શક્યતા હોવા છતાં સાધર્મિકોનો વસવાટ નહીંવત્ હોય છે ત્યાં પૂજ્યોની વૈયાવચ્ચની વ્યવસ્થા સંભાળતા "સૌરાષ્ટ્ર વિહારભૂમિ ભક્તિ ટ્રસ્ટ" ના તેઓ મુખ્ય માર્ગદર્શક છે.

સરનામું :

૩૪ કરણપરા, "ભદ્રંકર" રાજકોટ - ૩૬૦૦૦૧ ફોન : ૨૨૩૭૮૦ ઘરે. ૪૫૭૭૫૬,૪૫૭૭૫૭- ઑફિસ.

## ૮૩ : કિરણભાઈ પારેખ :-

છેલ્લા ત્રીસેક વર્ષોથી દર શનિવારે સાંજે મુંબઈ-પાયધુનીમાં ગોડીજી પાર્શ્વનાથ જિનાલય - ઉપાશ્રયની બાજુના હોલમાં તેમના આધ્યાત્મિક વાર્તાલાપો યોજાય છે. તેઓ પણ અધ્યાત્મયોગી પ. પૂ. પંન્યાસ **પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ. સા.** ના વિશિષ્ટ કૃપાપાત્ર બન્યા છે. આજથી ૨૭ વર્ષ પહેલાં મુમુક્ષુ અવસ્થામાં મેં ગોડીજીમાં તેમના વાર્તાલાપ સાંભળેલ. નવકાર મહામંત્ર, નમોત્થુણં, લોગસ્સ વિગેરે સૂત્રોના અપ્રગટ આધ્યાત્મિક રહસ્યો

તેઓ પોતાની સાધના તથા ગુરુકૃપાના બળે વાર્તાલાપોમાં વિશિષ્ટ શૈલિમાં રજુ કરે છે જેને સાંભળવા માટે મુંબઈના અનેક પરાંઓમાંથી જિજ્ઞાસુઓ દોડી આવે છે, અને તેમના વાર્તાલાપોની ટેપ પણ કરે છે.

સરનામું :- કિરણભાઈ (કાંતિલાલભાઈ) પારેખ.
અલસભા કોર્ટ, પમે માળે,
મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦૨. ફોન : ૨૯૮૮૯૭.

## ૮૪ : બા. બ્ર. આત્મસાધક ચંદ્રેશભાઈ ચંપકલાલ ખેતાણી (ઉ. વ. ૩૩)

**તેઓ આત્મસાધનાના લક્ષ્યપૂર્વક રોજ ૨૨ કલાક મૌન સહ પોતાના ઘરે એકાંત રૂમમાં સાધના કરે છે. સાંજે માત્ર ૨ કલાક રૂમથી બહાર આવીને જિજ્ઞાસુઓના આધ્યાત્મિક પ્રશ્નોના પ્રત્યુત્તર આપે છે. બાલબ્રહ્મચારી છે. આફ્રિકામાં તેમની ૭૫ લાખ રૂ. ની કાપડની ફેક્ટરી ચાલતી હતી પરંતુ આત્મસાધનાની લગની લાગતાં એ પણ બંધ કરી દીધી ! પોતાના ઘરથી બહાર તેઓ જતા નથી.** તેમની પ્રેરણાથી અમદાવાદમાં હરકિસનભાઈ ઝાટકીયા (૬૪૭ હરિૐ માર્કેટ, રેવડી બજાર, ફોન : ૩૪૪૭૮૯, ૪૩૪૬૩૯) સાધુ-સાધ્વીજી ભગવંતોની તમામ જરૂરિયાતો પૂરી પાડી અનુમોદનીય ભક્તિ કરી રહ્યા છે. ચંદ્રેશભાઈનું સરનામું નીચે મુજબ છે.

C/o. કિશોરભાઈ ચંપકલાલ ખેતાણી (મોટાભાઈ)
૧૧/૧૨ ચૈતન્ય ફ્લેટ, ૧લે માળે
એસોસીએટ પેટ્રોલ પંપ સામે
સી. જી. રોડ, પંચવટી, એલીસબ્રીજ, અમદાવાદ, ૩૮૦૦૦૬.
ફોન : ૪૪૨૮૪૮/૪૪૫૯૮૧ ઘરે.

## ૮૫ : બા. બ્ર. આત્મસાધક યોગેશભાઈ

મૂળ પાલનપુરના વતની યોગેશભાઈ પણ ભરયુવાવસ્થામાં સાંસારિક વિષયોથી પરાઙ્મુખ બનીને મોટે ભાગે આબુ-અચલગઢ તીર્થ ઉપર જ્યાં મહાન યોગીરાજ શ્રીમદ્વિજય શાંતિસૂરિજીએ આત્મસાધના કરેલ એ સ્થાનમાં તેમજ તેની બાજુની ગુફામાં મહિનાઓ સુધી મૌનપૂર્વક

એકાંતમાં આત્મસાધના કરે છે લોક પરિચયથી પોતાની આત્મસાધનામાં વિક્ષેપ ન પડે તે માટે તેઓ કોઈને પણ પોતાનું ઠેકાણું જણાવતા નથી તેમજ બહુધા મૌનમાં જ રહે છે. તેમના માતુશ્રી વસુમતીબેન પણ આત્મસાધનામાં સારો રસ ધરાવે છે. તેઓ બંને જણા આત્મજ્ઞ સુશ્રાવક શ્રી નગીનભાઈ જી. શેઠના (આશા નગીન વાડી, અફીણ ગેટ, ગઠામણ દરવાજા, પાલનપુર) માર્ગદર્શન મુજબ આત્મસાધના કરી રહ્યા છે.

## ૮૬ : બા. બ્ર. આત્મસાધક રાકેશભાઈ

મુંબઈ - વાલકેશ્વરમાં રહેતા રાકેશભાઈ જાતિસ્મરણ જ્ઞાન ધરાવે છે. તેઓ પણ મોટે ભાગે પોતાના ઘરે એકાંતમાં મૌનપૂર્વક આત્મસાધના કરે છે. જિજ્ઞાસુઓના પ્રશ્નોના સમાધાન માટે ૨ કલાક બહાર આવે છે. ઘણીવાર સળંગ ૮-૧૦ કલાક સ્થિર આસને ધ્યાનમુદ્રામાં રહી શકે છે.

## ૮૭ : બા. બ્ર. આત્મસાધક ગોકુળભાઈ

મૂળ માંડલના વતની ગોકુળભાઈ ચીનુભાઈ હાલ અમદાવાદમાં પાલડી વિસ્તારમાં રહે છે. અવાર નવાર ઈડર તેમજ તારંગા જઈને ગુફામાં આત્મસાધના કરે છે. ઘરે પણ મોટે ભાગે સાધનામાં મસ્ત રહે છે. અમદાવાદમાં હોય ત્યારે સાંજે ૪ થી પા સુધી દશા પોરવાડ સોસાયટીની સામે જ્યાં ચારિત્રવિજય જ્ઞાનભંડાર આવેલ છે ત્યાં આધ્યાત્મિક વાર્તાલાપ આપે છે. તેમની પાસે સિદ્ધાંતબોધ ઘણો સૂક્ષ્મ છે. કાયમ એકાશણા જ કરે છે. અને સફેદ વસ્ત્રો જ પહેરે છે. પાંજરાપોળ માટે પ્રેરણા કરી સારું યોગદાન અપાવે છે.

સરનામું :- ૭૦૬ (સુમેરૂ) શિખર બિલ્ડીંગ નવા વિકાસ ગૃહ રોડ પાલડી- અમદાવાદ- ૩૮૦૦૦૭, ફોન : ૬૬૩-૪૩૯૮ (ફક્ત સવારે ૧૦ ॥ થી ૧૧॥

## ૮૮ : આત્મસાધક ગાંગજીભાઈ દેવસીં મોતા

મૂળ કચ્છ-દેવપુર (ગઢવાલી)ના વતની ગાંગજીભાઈને પૂર્વ જન્મના સંસ્કારથી નાનપણથી જ વૈરાગ્યવૃત્તિ અને અંતર્મુખતા રહેતી હતી.

કર્મસંયોગે લગ્ન કરવા પડ્યા અને વ્યવસાય કરવો પડતો છતાં રોજ સવારે ૨ કલાક આત્મસાધના નિયમિત કરતા. અવાર નવાર એકાંત-શાંત સ્થળોમાં થોડા-થોડા દિવસ માટે જઈને વિશિષ્ટ સાધના કરતા. આખરે કોઈ ધન્યપળે તેમને ઊંડી ધ્યાન અવસ્થામાં સ્વ- સ્વરૂપની ઝાંખી થઈ અને તેમના આનંદનો પાર ન રહ્યો. આત્મજિજ્ઞાસુઓને તેઓ માર્ગદર્શન આપે છે. તેમના પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર ભાવુકો તરફથી ભુજ અને કુકમા પાસે શાંત સ્થળે એક સાધનાકેન્દ્ર પણ નિર્માણાધીન છે. હાલ તેઓ નિવૃત્ત જીવન જીવે છે. તેમના ધર્મપત્ની પણ તેમને સાધનામાં સારો સહયોગ આપી રહ્યા છે અને પોતે પણ સાધના કરે છે.

સરનામું : ૨૪ રાજુ મેન્શન, વલ્લભબાગ લેન ઘાટકોપર, મુંબઈ-૪૦૦૦૭૭.

## ૮૯ : આત્મસાધક શ્રી રાયચંદભાઈ ધનજી અજાણી

મુંબઈ ઘાટકોપરમાં રહેતા આત્મસાધક શ્રી રાયચંદભાઈ મૂળ કચ્છ-અબડાસાના વતની છે. વિશિષ્ટ યૌગિક પ્રક્રિયાઓ સાથે ભક્તિમાર્ગના સમન્વયથી સુધારસની પ્રાપ્તિ દ્વારા આત્માનુભવની પ્રક્રિયા તેમને ગુરુપરંપરાથી મળી છે. તેની સાધના દ્વારા પોતે વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવોને પ્રાપ્તકરી મુમુક્ષુ આત્માઓને સહૃદયતાથી તેનો વિનિયોગ પણ કરી રહ્યા છે.

સરનામું:– ૨ કૈલાસધારા, આર.બી.મહેતામાર્ગ, ઘાટકોપર (પૂર્વ)' મુંબઈ-૭૭. ફોન : ૫૧૨૯૦૦૧

## ૯૦ : ચંપકલાલ વીરજીભાઈ મહેતા :- (ઉ. વ. ૮૦)

**૫૦૦ ઓઘા તથા ૯૦૦૦ ગુચ્છા (ચરવળા) પોતે ખરીદેલા ઉન દ્વારા જાતે બનાવીને સાધુ-સાધ્વીજીઓને તથા શ્રાવક-શ્રાવિકાઓને અર્પણ કરેલ છે !...**

વર્ષમાં ૩૬૫ સામાયિક કરવાની પ્રતિજ્ઞા લેનારને તેઓ ગુચ્છાની પ્રભાવના કરે છે !...

ધાર્મિક પાઠશાળામાં નિયમિત હાજરી આપનાર બાળકોને ગણિત-વિજ્ઞાન તથા અંગ્રેજી મફતમાં શીખવાડે છે.

પોતાના ખર્ચે દવાખાનું ચલાવે છે અને દર્દીઓને ફ્રી દવા આપે છે !...

પોતાના પિતાશ્રીના નામે ટ્રસ્ટ સ્થાપેલ છે. તેમાં ૯૫ ટકા પોતાનું દાન આપીને એક અદ્યતન ઉપાશ્રય બનાવીને ટ્રસ્ટને ભેટ આપેલ છે અને પૂજ્યોના ચાતુર્માસ પણ સારી રીતે કરાવે છે.

તેઓ જામનગરમાં રણજીતનગર સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ છે. ૮૦ વર્ષની વયે પણ યુવાન જેવી સ્ફૂર્તિથી સંઘની સેવા કરી રહ્યા છે !

## ૯૧ : અતુલભાઈ વી. શાહ (ઉ. વ. ૪૧)

મૂળ સુરેન્દ્રનગરના પરંતુ હાલ મુંબઈ - કાંદીવલીમાં રહેતા યુવા શ્રાવક અતુલભાઈના અંતરમાં પ્રભુભક્તિ અને જીવદયાનો પ્રેમ અજોડ કોટિનો છે.

**તેઓ વર્ધમાન શક્રસ્તવના અજોડ આરાધક અને પ્રચારક બાલ બ્રહ્મચારી સુશ્રાવક શ્રી ચીનુભાઈ શાહની પ્રેરણાથી વર્ધમાનશક્રસ્તવની નિયમિત આરાધના કરી રહ્યા છે અને અનેક આત્માઓને તેની આરાધનામાં જોડી રહ્યા છે.**

તેમના ઘરે ગૃહ જિનાલય પણ છે. રોજ અષ્ટપ્રકારી જિનપૂજા વિશિષ્ટ રીતે કર્યા બાદ જ તેઓ ભોજન ગ્રહણ કરે છે.

નવકાર મહામંત્રની વિશિષ્ટ સાધના કરે છે. પંચ નમસ્કાર ચક્ર મહાપૂજન સારી રીતે ભણાવે છે. તથા નવકાર મહામંત્ર વિષે મનનીય વક્તવ્યો પણ આપે છે.

જીવદયાના વિશિષ્ટ કાર્યો કરનાર "વિનિયોગ પરિવાર"ના તેઓ ટ્રસ્ટી છે.

મુંબઈમાં ૪ વર્ષ પહેલાં મ્યુનિસિપાલિટીએ ૬૦૦ કતલખાનાઓને લાયસન્સ આપેલ ત્યારે અતુલભાઈએ અરવિંદભાઈ પારેખ તથા અનિલભાઈ વિગેરેની સાથે રહીને રાત-દિવસ ઝઝુમીને લાયસન્સ બંધ કરાવેલ !...

એવી જ રીતે મુંબઈમાં મ્યુનિસિપાલિટી રોજ ૪૦૦ કૂતરાઓને પકડીને રીબાવી રીબાવીને મારતી હતી તેની સામે પણ પ્રયત્નો કરીને બંધ કરાવેલ.

ગેરકાયદેસર રીતે ઢોરોની કતલને અટકાવવા માટે, તથા નવા કતલખાનાઓને બનતા અટકાવવા માટે સરકાર સામે કેસો કરવા માટે પોતાના ધંધાને ગૌણ કરીને શાસનના કાર્યોમાં ઓતપ્રોત રહે છે,

નમ્રતા, ગુણાનુરાગ વિગેરે અનેક સદ્‌ગુણોથી મઘમઘાયમાન જીવન જીવતા અતુલભાઈની આરાધનાની હાર્દિક અનુમોદના.

સરનામું :–

B-૮ શ્રેયસ એપાર્ટમેન્ટ

અશોક ચક્રવર્તી રોડ,

કાંદીવલી (પૂર્વ) - મુંબઈ - ૪૦૦૧૦૧

ફોન : ૩૭૬૯૫૫૮ - ૩૭૫૦૧૬૨ ઓફિસ

૮૮૭૦૦૫૪ - ૮૮૭૬૦૮૭ ઘરે

## ૯૨ : રવિલાલભાઈ ઠાકરસી સંગોઈ

કચ્છ-પુનડી ગામના વતની અને હાલ મુંબઈ - દાદરમાં રહેતા રવિલાલભાઈમાં માન-સન્માનની લેશમાત્ર અપેક્ષા રાખ્યા વિના શાસનના કાર્યો કરવાની વિરલ - વિશિષ્ટ શક્તિ અને ધગશ છે. અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી કચ્છમાં નવનિર્માણ પામેલ શ્રી આદીશ્વર ૭૨ જિનાલયની પરિપૂર્ણાહુતિ તેમજ તેની અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવના આયોજનમાં રવિભાઈનો તન-મન અને ધનનો જબ્બર ફાળો છે. વિશાળ રાજકીય વગ ધરાવતા રવિભાઈ પોતાની લાગવગ અને શક્તિનો સદુપયોગ શાસનકાર્યોમાં કરે છે અને કાર્ય પરિપૂર્ણ થયા પછી સન્માન સ્વીકારવાનો અવસર આવે છે ત્યારે તેઓ કદીપણ સ્ટેજ ઉપર હારતોરા સ્વીકારવા માટે હાજર રહેતા જ નથી. આવી મૂક અને નિઃસ્વાર્થ શાસનસેવાથી રવિભાઈએ ખૂબ જ અનુમોદનીય લોકચાહના પ્રાપ્ત કરી છે. ૭૨ જિનાલયના નિર્માણમાં રાત-દિવસ ખડે પગે યોગદાન આપનાર સુશ્રાવક શ્રી મોરારજીભાઈ નાનજી રેતીવાલાનું અચાનક અવસાન થતાં ૭૨ જિનાલયના નિર્માણમાં રૂકાવટ આવી ત્યારે પ. પૂ. અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાને ઝીલી લઈને રવિભાઈએ અધૂરા રહેલા એ કાર્યને પોતાની તમામ સૂઝ-બૂઝ અને શક્તિ દ્વારા આગળ ધપાવીને પરિપૂર્ણ કરાવ્યું. પરિણામે પૂજ્યશ્રીની વિશિષ્ટ કૃપાના તેઓશ્રી અધિકારી બન્યા પરંતુ સંસ્થામાં કોઈપણ જાતના અધિકાર-પદ કે ખુરસીથી તેઓ સદા દૂર રહ્યા છે. આ તેમની વિરલ વિશેષતા આજે ભાગ્યે જ ક્યાંય જોવા મળે છે.

એમના ધર્મપત્ની પણ ખૂબ જ ધર્મનિષ્ઠ, અનેક સદ્‌ગુણોથી અલંકૃત આદર્શ સુશ્રાવિકા હતા. યાત્રા પ્રવાસ દરમ્યાન બસ અકસ્માતમાં તેમનું

અવસાન થતાં રવિભાઈને એ પ્રેરણામૂર્તિનો વિયોગ થયો છતાં પણ એમની અધૂરી રહેલી ધર્મભાવનાઓને સાકાર કરવા માટે રવિભાઈએ પોતાના સમય અને શક્તિનો સદુપયોગ સવિશેષપણે શાસનસેવામાં અને સમાજસેવામાં કરવા માંડ્યો છે. રવિભાઈના હાથે વધુ ને વધુ શાસનસેવાના સત્કાર્યો થતા રહે એ જ હાર્દિક શુભેચ્છા.

સરનામું : ૨૬૭ સમર્થ પ્રસાદ, ડો. ઘંટી રોડ, પારસી કોલોની દાદર-મુંબઈ- ૪૦૦૦૧૪.

ફોન : ૪૧૨૨૦૩૯, ૪૨૨૮૫૪૬ ઘરે

૪૩૦૯૯૪૪ ઓફિસ

## ૯૩ : મોરારજીભાઈ નાનજી છેડા

કચ્છ-કાંડાગરાના વતની પરંતુ હાલ મુંબઈ ઘાટકોપરમાં રહેતા સુશ્રાવકશ્રી મોરારજીભાઈએ પણ ઉપરોક્ત રવિભાઈની સાથે રહીને, એમની જેમ જ કોઈપણ જાતની સત્તા કે સન્માનની લેશમાત્ર અપેક્ષા રાખ્યા વિના એકમાત્ર પ્રભુભક્તિ અને ગુરુભક્તિથી પ્રેરાઈને ૭૨ જિનાલયની પરિપૂર્ણાહુતિ અને અંજનશલાકા-પ્રતિષ્ઠાના આયોજનમાં તન-મન અને ધનથી ખૂબ જ અનુમોદનીય ફાળો આપીને વિશિષ્ટ ગુરુકૃપા તેમજ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરેલ છે.

મુંબઈથી અવાર-નવાર કચ્છ-૭૨ જિનાલય જવું પડે કે ઠેઠ રાજસ્થાનમાં મકરાણા કે જયપુર જવું પડે તો પણ તેઓ કદી ટિકિટભાડું પણ સંસ્થામાંથી લેતા ન હતા !!! પોતાના પૈસાથી જ તેઓએ નિઃસ્વાર્થભાવે તીર્થનિર્માણના કાર્યમાં વિશિષ્ટ સેવા આપેલ છે.

તેમના ધર્મપત્ની સુશ્રાવિકા શ્રીભાનુબેન પણ અનેક સદ્‌ગુણોથી અલંકૃત, વાત્સલ્યમૂર્તિ સુશ્રાવિકા છે. પોતાના પતિને ગુરુભક્તિ અને શાસનસેવાના કાર્યોની પ્રેરણા અને સહયોગ આપવામાં તેમનો પણ મોટો ફાળો છે. યોગનિષ્ઠ, પૂ. સા. શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ની કૃપા અને માર્ગદર્શન મુજબ સાધના કરતાં તેમને વિશિષ્ટ આંતરિક અનુભૂતિ પણ થયેલ.

સરનામું :- ૧૨૬ A શ્યામ કુંજ, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર - મુંબઈ-૪૦૦૦૭૭.

ફોન : ૫૧૧૧૧૬૫ ઘરે.

## ૯૪ : નિઃસ્પૃહ કચ્છી વિધિકાર ત્રિપુટી

(૧) બંકીમચંદ્રભાઈ કેશવજી શાહ (૨) નરેન્દ્રભાઈ રામજી નંદુ (૩) કેશવજીભાઈ ધારસી ગડા આ ત્રણેય કચ્છી વિધિકારો અંજનશલાકા - પ્રતિષ્ઠા વિગેરે તેમજ અન્ય મહાપૂજનોના વિધિ વિધાનો શુદ્ધ શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરાવે છે. ત્રણેય જણા ગાડીભાડા સિવાય કંઈપણ રકમ કે ભેટ સ્વીકારતા નથી. અને ત્રણેય જણા નવકાર મહામંત્રના વિશિષ્ટ આરાધક છે. નરેન્દ્રભાઈ તેમજ કેશવજીભાઈ હંમેશાં એકાશણા જ કરે છે. ભારતભરમાંથી અનેક ઠેકાણેથી આ વિધિકારોને આમંત્રણ મળે છે. અને તેઓ પરિશ્રમને ગણકાર્યા વિના દરેક ઠેકાણે જાય છે. શરૂઆતમાં તેઓ સાથે જ જતા હતા, પરંતુ સમય જતાં એકીસાથે અનેક ઠેકાણેથી આમંત્રણો મળતાં; જેથી સહયોગી વિધિકારોની ૩ ટીમ તૈયાર કરીને તેઓ ત્રણે સ્વતંત્ર રીતે પણ વિધિવિધાનો કરાવવા જાય છે. **કચ્છી સમાજ અને અચલગચ્છ સંઘ આવા આરાધક વિધિકારો બદલ ગૌરવ-અનુભવે છે. ત્રણેય જણા સુંદર વક્તૃત્વ શક્તિ પણ ધરાવે છે જેથી પૂજનો વિગેરેના રહસ્યો પણ સારી રીતે સમજાવે છે.**

સરનામું : (૧) બંકીમચંદ્રભાઈ કે. શાહ, ૧૪૯/૧ જૈન સોસાયટી, શાયન (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૨૨.

ફોન : ૪૦૯૧૨૨૨.

(૨) નરેન્દ્રભાઈ રામજી નંદુ, વિભાસદન, સહકાર રોડ, જોગેશ્વરી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૧૦૨. ફોન : ૬૨૦૮૫૨૪ ઘરે. ૬૨૮૧૩૮૮ દુકાને.

(૩) કેશવજીભાઈ ધારસી ગડા, ૩/૧૭ શ્રીસદન સોસાયટી, નવઘર રોડ, મુલુંડ (પૂર્વ) - મુંબઈ - ૪૦૦૦૮૧. ફોન : ૫૬૮૧૬૨૬.

## ૯૫ : ઉત્તમ આરાધક દેવચંદભાઈ ધનજી ગડા

મૂળ કચ્છ-ચીઆસરના વતની દેવચંદભાઈ (ઉં-વ-૫૪) હાલ મુંબઈમાં રહે છે. મુનિરાજશ્રી ભદ્રેશ્વરવિજયજી ની સત્પ્રેરણાથી એમણે આરાધના અને શાસનસેવા માટે વધુ સમય ફાળવી શકાય તે માટે પોતાની પાસે મર્યાદિત મૂડી હોવા છતાં સંતોષ રાખીને ધંધામાંથી નિવૃત્તિ મેળવી લીધી. અને પોતાનો તમામ સમય આરાધના અને શાસન સેવામાં જ વીતાવે છે.

રોજ બંને ટાઈમ પ્રતિક્રમણ, સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી જિનપૂજા, કાયમી એકાશણા, પર્વતિથિએ પૌષધ વિગેરે આરાધના કરતા દેવચંદભાઈ હાલ સજોડે વર્ષીતપ કરી રહ્યા છે. તેમાં પણ ઉપવાસના બીજે દિવસે એકાશણું જ કરે છે !...પગમાં પગરખા પણ તેઓ પહેરતા નથી.

આરાધના સિવાયનો મોટા ભાગનો સમય તેઓ દેરાસરની પેઢીમાં જ માનદ સેવા આપવા માટે હાજર રહે છે

ધાર્મિક જમણવારોમાં શાસ્ત્ર વિરુદ્ધ કોઈપણ વસ્તુ ન બને તે માટે તેઓ ખૂબ જ કાળજી રાખે છે.

તેમના બે બહેનોએ અચલગચ્છમાં દીક્ષા અંગીકાર કરેલ છે. તેઓ સા.શ્રી અર્હત્કિરણાશ્રીજીના શિષ્યા સા.શ્રી અનંતકિરણાશ્રીજી તથા સા.શ્રી કૈવલ્યકિરણાશ્રીજી તરીકે સુંદર સંયમ પાળી રહ્યા છે.

દેવચંદભાઈનું સરનામું નીચે મુજબ છે.

A- અનુરાધા ૧ લે માળે રૂમનં. ૧૦૨

એસ. વી. રોડ, ઈર્લા બ્રીજ

અંધેરી (વેસ્ટ)-મુંબઈ ૪૦૦૦૫૮

ફોનઃ ૬૨૦૫૩૫૦-ઘરે.

## ૯૬ : અજોડ સાધર્મિક ભક્તિ કરતા, ઉદારદિલ શ્રાધ્ધવર્ય શ્રી રસિકભાઈ શાહ

"મારા ૩૨ વર્ષના દીક્ષા પર્યાયમાં આવા ઉદારદિલ સાધર્મિક ભક્ત, મેં જોયા નથી" !

સુપ્રસિદ્ધ પ્રવચનકાર, યુવા પ્રતિબોધક, પ.પૂ.આ.ભ.શ્રી રત્નસુંદર સૂરીશ્વરજી મ.સા. એ પોતાના એક પ્રવચનમાં જેમના માટે આવા ઉદ્‌ગારો કાઢ્યા છે તે શ્રાદ્ધવર્ય શ્રીરસિકભાઈ શાહ (ઉં.વ.૭૦ લગભગ) ગુજરાતમાં સુરત પાસે આવેલ બારડોલી (સ્ટેશનરોડ) જૈન સંઘના પ્રમુખ તરીકે શ્રીસંઘની સુંદર સેવા કરી રહ્યા છે.

કોઈપણ મ.સા. આર્થિક દૃષ્ટિએ સીદાતા કોઈપણ સાધર્મિક તરફ રસિકભાઈનું ધ્યાન દોરે કે તરત જ તેઓ મ.સા. સૂચવે તેના કરતાં સવાઈ-દોઢી કે ડબ્બલ રકમ આપીને સાધર્મિક ભક્તિ કરે.

રોજ હજારો રૂા. નું અને દર મહિને લાખો રૂા. નું દાન કરતા આ

ઉદારદિલ સુશ્રાવકનું બહુમાન બારડોલીના અઢારે કોમના લોકોએ સાથે મળીને કર્યું ત્યારે રસિકભાઈએ નમ્રતાપૂર્વક પ્રત્યુત્તર આપતાં કહ્યું કે- "હું તો હજી મારી શક્તિ કરતાં અર્ધું દાન પણ કરતો નથી !"....

તેઓ પૂ.પંન્યાસપ્રવર **શ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા.** નું બારડોલીમાં ચાતુર્માસ થયું ત્યારથી સવિશેષપણે ધર્મમાં ઓતપ્રોત બની ગયા છે.

ધન્ય છે આવા ઉદારદિલ સાધર્મિક ભક્ત સુશ્રાવકશ્રીને !....

આજે તકતીમાં નામ ખાતર લાખો રૂા. ના દાન આપનાર ઘણા મળે છે પરંતુ સીદાતા સાધર્મિકોને ગુપ્ત રીતે સહાય કરનાર બહુ વિરલા દાતાઓ જોવા મળે છે. દરેક શ્રીમંતો રસિકભાઈનું અનુસરણ કરતા થાય તો કેવું સારું !

## ૯૭ : સાધર્મિક ઉત્કર્ષ ટ્રસ્ટના સ્થાપક પ્રકાશભાઈ ઝવેરી

મૂલ ઉત્તર ગુજરાતના વતની સુશ્રાવકશ્રી પ્રકાશભાઈ ઝવેરીએ મુંબઈમાં "સાધર્મિક ઉત્કર્ષ ટ્રસ્ટ " સ્થાપેલ છે. તેમાંથી. આર્થિક રીતે નબળા સાધર્મિકોને ધંધા માટે વગર વ્યાજે લોન આપે છે. દર મહિને ફકત ૧૦૦ રૂા. ની રકમ સાધર્મિકે પરત કરવાની રહે. તેઓ પોતે સાંતાક્રૂઝ રહે છે. તેમની ઑફિસનું સરનામું નીચે મુજબ છે.

રત્ન હાઉસ
સેન્ટ્રલ સિનેમા સામે
૨૬૪ રાજા રામમોહનરાય રોડ
ઓપેરા હાઉસ- મુંબઈ ૪૦૦૦૦૪ ફોન : ૩૬૧૪૪૭૫

## ૯૮ : અર્વાચીન મીની પુણિયાશ્રાવક અનિલભાઈ ડુંગરશીં શાહ

મૂળ કચ્છ- રાયણના વતની B.Com. પાસ થયેલ યુવાન અનિલભાઈ નોકરી માટે એક શેઠ પાસે ગયા. સાંતાક્રૂઝ (મુંબઈ) માં 'સમ્રાટ સ્કૂટર્સ સેન્ટર' નામે સ્પેરપાર્ટ્સની દુકાન ધરાવતા કચ્છ વાગડના વતની એ શેઠે

શરૂઆતમાં ૧૫૦૦ રૂ. ના પગાર સાથે અનિલભાઈને નોકરી આપવા માટે સંમતિ દર્શાવી.

ત્યારે અનિલભાઈને નમ્રતા પૂર્વક શેઠને કહ્યું કે 'શેઠજી ! પહેલાં મારી ત્રણ શરતો છે તે સાંભળી લો. પછી ભલે આપને એ નિમિત્તે મારા પગારમાં જે પણ કાપ મૂકવો હશે તે મને મંજૂર છે.

**(૧) હું દર ચૌદસના અહોરાત્રનો પૌષધ કરું છું એટલે મહિનામાં એ બે દિવસ હું કદીપણ નોકરી માટે નહીં આવી શકું. (૨) હું દરરોજ જિનપૂજા તથા વ્યાખ્યાન શ્રવણ કરું છું એટલે સવારના સાડા દશ પછી જ હું નોકરી માટે આવી શકીશ. (૩) હું સાંજે ચોવિહાર અચૂક કરું છું. એટલે સાંજે સૂર્યાસ્તથી એકાદ કલાક પહેલાં ઘરે જતો રહીશ.**

મારી આ ત્રણ શરતો આપને માન્ય હોય તો આપ કહો તે પગારે હું રાજી ખુશીથી નોકરી કરવા તૈયાર છું !....'

B.com. પાસ થયેલા યુવાનની આવી ધર્મચુસ્તતા જોઈને પ્રસન્ન થયેલા શેઠે વિચાર્યું કે જે યુવાન આવો ધર્મનિષ્ઠ છે તે કદીપણ મારા ગલ્લામાંથી એક રૂપિયાની પણ ચોરી નહિ જ કરે. અને બીજી જ ક્ષણે શેઠે કહ્યું કે- 'તારી ત્રણેય શરતો મને ખુશીથી મંજૂર છે અને એ નિમિત્તે તારા નક્કી કરેલા પગારમાંથી એક પણ રૂપિયો કાપવામાં નહીં આવે !!!....'

ધન્ય છે ધર્મની કદર કરનાર આવા ધર્મપ્રેમી શેઠને અને ધન્ય છે ઊગતી યુવાનીમાં પણ આવી ધર્મનિષ્ઠા ધરાવનાર બાલબ્રહ્મચારી અનિલભાઈને !!!...

ફકત માતા-પિતાની સેવા માટે જ સંસારમાં રહેલા મુમુક્ષુ અનિલભાઈ આજે ૩૮ વર્ષની વય થવા છતાં પણ પરણ્યા નથી અને હવે લગ્ન કરવાની તેમની ઈચ્છા પણ નથી, કારણ કે તેમણે પોતાની ચિત્તવૃત્તિને જિનાજ્ઞાપાલનમાં જોડી દીધી છે.

હાલ ત્રણેક હજાર રૂા. નો પગાર મેળવતા અનિલભાઈ પોતાની આવકનો ત્રીજો ભાગ તો સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી જિનપૂજા કરવામાં જ વાપરી નાખે છે. બાકીની રકમમાંથી માતા-પિતા અને પોતાની આજીવિકા ચલાવે છે. તેમણે બેંકમાં હજી સુધી ખાતું ખોલાવ્યું નથી !

તેમને વધુ આકર્ષક પગારની નોકરીના પ્રલોભન પણ બીજે ઠેકાણેથી મળે છે. પરંતુ ધર્મની કદર કરનાર આવા શેઠને છોડીને બીજે ઠેકાણે જવું તેમને પસંદ નથી અને ધર્મના ભોગે વધુ ધન કમાવવાની તેમને જરાપણ લાલચ નથી.

ઈ.સ. ૧૯૮૪ માં પૂ. આ.શ્રી ભક્તિસૂરિસમુદાયના પૂ.પં. શ્રી શાંતિ ચંદ્રવિજયજી મ.સા.ના સત્સંગથી ધર્મ તરફ વળેલા અનિલભાઈએ પાંચ પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ કર્યા બાદ અચલગચ્છીય મુનિરાજશ્રી ઉદયરત્ન સાગરજી પાસે ચાર પ્રકરણ (સાર્થ) નો અભ્યાસ પણ કર્યો છે. રોજ ૨ ટાઈમ પ્રતિક્રમણ અચૂક કરે છે. અનિલભાઈને ઓળખનાર યુવાનો તેમને અર્વાચીન મીની પુણિયા શ્રાવક તરીકે જ ઓળખાવે છે !....

ધન પ્રાપ્તિને જ જીવનનું મુખ્ય ધ્યેય માનીને ધર્મની તદ્દન ઉપેક્ષા કરનાર આત્માઓ અનિલભાઈના દૃષ્ટાંતમાંથી કંઈક પ્રેરણા લે તો કેવું સારું !....

સરનામું :- અનિલભાઈ ડુંગરશી શાહ
૨૫/૨ નવીન નગર, ચેપલ લેન, સાંતાક્રૂઝ (વેસ્ટ)
મુંબઈ ૪૦૦૦૫૪, ફોન : ૬૧૨૬૩૮૮ દુકાને.

## ૯૯ : ભેંસને બચાવવા માટે, જીવદયાપ્રેમી અશોકભાઈનું અદ્ભુત પરાક્રમ

પૂના (મહારાષ્ટ્ર) માં ગોડીજી પાર્શ્વનાથ જિનાલયની સામેની ગલીમાં એક સુશ્રાવક રહે છે. "અશોકભાઈ જીવદયાવાળા " તરીકે એમને સહુ કોઈ ઓળખે. તેમના ધર્મપત્ની તથા બે સુપુત્રોએ દીક્ષા અંગીકાર કરેલ છે. પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય મુનિરાજશ્રી હર્ષસાગરજી મ.ના શિષ્ય મુનિશ્રી વિરાગસાગરજી તથા મુનિશ્રી વિનીતસાગરજી તરીકે તેઓ સુંદર સંયમની આરાધના કરી રહ્યા છે. સર્વ જીવોને અભયદાન આપનાર સર્વવિરતિ ધર્મ (સાધુપણા)નો સ્વીકાર કરવા માટે અસમર્થ એવા અશોકભાઈ જીવદયાના અનેકવિધ કાર્યો ખૂબ જ ઉલ્લાસભેર કરતા રહ્યા છે. એક જ પ્રસંગ ઉપરથી તેમની જીવદયારૂચિનો આપણને ખ્યાલ આવશે.

એક વખત કસાઈઓ પાસેથી જીવ બચાવવા માટે ત્રણ ભેંસો ભાગી છૂટી-તેમાંથી બે ભેંસો તો ટ્રેઈનની હડફેટમાંથી આવી જતાં મરી ગઈ. પરંતુ ત્રીજી ભેંસ રેલ્વેના પાટા પાસેના એક ઊંડા અને સાંકડા ખાડામાં ફસાઈ ગઈ. કોઈ રીતે બહાર નીકળી શકે તેમ ન હતી. કેટલાક લોકોનું ધ્યાન એના તરફ જતાં કોઈકે મ્યુનિસીપાલિટીના અધિકારીને ફોનથી આ ઘટનાની જાણ કરી પરંતુ ગમે તે કારણે આ ભેંસને બચાવવા માટે ૨ દિવસ સુધી તો કોઈજ

આવ્યું નહીં. છેવટે ત્રીજે દિવસે કોઈકે ઉપરોક્ત અશોકભાઈને આ વાતની જાણ કરતાં તેઓ તરત જ પોતાના બધા કામ પડતા મૂકીને ઘટના સ્થળે દોડી આવ્યા. પછી તરત જ પૂના રેલ્વે સ્ટેશને જઈને ત્યાંના અધિકારીને બધી હકીકત સમજાવીને ભેંસને બચાવવા માટે ત્રણ એન્જિન, ત્રણ ડબ્બા તથા ૨૫ માણસોનો સ્ટાફ આપવા વિનંતિ કરી. પહેલાં તો રેલ્વે અધિકારીએ આ વાતને ટાળવા માટે પોતાના પિતાજીનો શ્રાધ્ધદિવસ હોવાનું બહાનું કાઢ્યું. પરંતુ જીવદયાની ખુમારીવાળા અશોકભાઈએ તરત તેમને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું કે 'તમારા પિતાજી તો પરલોકવાસી બની ગયા છે જ્યારે આ ભેંસ તો હજી જીવે છે. માટે ગમે તે ભોગે મને આટલી મદદ કરવી જ પડશે. નહિતર .....!'

અને તરત જ અધિકારીએ તેમને ઉપર મુજબ વ્યવસ્થા કરી આપી. તેની મદદથી ભેંસને ખાડામાંથી બહાર કાઢી યોગ્ય સારવાર આપવામાં આવી છતાં કમનશીબે એ ભેંસનું બીજે દિવસે આયુષ્ય પૂર્ણ થઈ ગયું. પરંતુ ચમત્કાર એ સર્જાયો કે પેલા રેલ્વે અધિકારી અશોકભાઈને કહેવા લાગ્યા કે "सचमुच तुम कोइ औलिया आदमी हो । २ घंटे तक दोनों ओरसे किसी भी गाडीको आगे बढनेके लिए हमने सिग्नल नहीं दिया, फिर भी हमारे उपरके अधिकारीयोंमेंसे किसीने भी मुझे फोनसे भी उपालंभ नहीं दिया या किसीने शिकायत भी नहीं की ! यह सब तुम्हारी अहिंसाके शुभ भावोंका अद्‌भुत प्रभाव है !"

સસલાની રક્ષા ખાતર અઢી દિવસ સુધી પોતાનો પગ અદ્ધર રાખનાર હાથીએ શ્રેણિક રાજાના પુત્ર મેઘકુમાર બનીને ભગવાન શ્રી મહાવીર સ્વામીના વરદ હસ્તે સંયમ પામવાનું મહાન પુણ્ય ઉપાર્જન કર્યું તો એક ભેંસને બચાવવા માટે આટલી જહેમત ઉઠાવનાર અશોકભાઈએ કેટલું જબ્બરદસ્ત પુણ્ય ઉપાર્જન કર્યું હશે.!!!...ધન્ય છે આવા જીવદયાપ્રેમી શ્રાવક રત્નને !...

## ૧૦૦ : સળંગ ૧૮ વર્ષ સુધી મૌન વ્રતી અમરચંદજી નાહર

ખરતરગચ્છમાં સા.શ્રી વિચક્ષણાશ્રીજી પ્રખર વ્યાખ્યાત્રી તેમજ અપૂર્વ સમતાના સાધક હતા. તેમના ઉપદેશથી સવિશેષપણે ધર્મને પામેલા જયપુર (રાજસ્થાન ) ના સુશ્રાવક શ્રી અમરચંદજી નાહર એક વિશિષ્ટ

આત્મસાધક હતા. તેઓ કાયમ એકાશણા કરતા. એકાશણમાં પણ એક જ વસ્તુ વાપરતા. છેલ્લે કેટલાક સમયસુધી તેઓ માત્ર દૂધ કે છાસનું પાણી જ વાપરતા !

સાધુની માફક તેઓ કદી સ્નાન કરતા ન હતા. તેમજ પગમાં પગરખા પણ પહેરતા નહિ. તેમને ભયંકર ટી.બી. નું દર્દ હતું તે પણ દવા લીધા વિના ફકત સાધનાથી જ મટાળ્યું.

વિશિષ્ટ ધર્માત્મા તરીકે એમની એવી સુંદર છાપ હતી કે જયપુરમાં કોઈએ પણ મોટી તપશ્ચર્યા કરી હોય તો તેમને પારણું અમરચંદભાઈના હાથે જ કરાવવામાં આવતું તેમજ એ મોટા તપસ્વીને ત્યાં ઉકાળેલું પાણી અમરચંદભાઈના ઘરેથી જ મોકલવામાં આવતું !....

**એક વખત તેમના પરમોપકારી સા. શ્રી વિચક્ષણાશ્રીજી દક્ષિણ ભારત તરફ પ્રયાણ કરી રહ્યા હતા ત્યારે અમરચંદભાઈએ એવો અભિગ્રહ ધારણ કર્યો કે જ્યાં સુધી સા.શ્રીવિચક્ષણશ્રીજી પુનઃ જયપુરમાં ન પધારે ત્યાં સુધી મૌન ધારણ કરીને સાધના કરવી. આ અભિગ્રહ બાદ સાધ્વીજી ૧૮ વર્ષે પાછા જયપુરમાં પધાર્યા ત્યાં સુધી અમરચંદભાઈ મૌન જ રહ્યા !!!....કેવી અજોડ ગુરુભક્તિ !....કેવો અનુપમ સાધના પ્રેમ !!...કેવી અદ્ભુત અંતમુર્ખતા !!! સાધ્વીજી** જયપુરમાં પધાર્યા તેનાથી પહેલાં અમરચંદભાઈને પોતાના આયુષ્યની સમાપ્તિ અંગે સાધના દરમ્યાન સંકેત મળી ચૂકયો હતો કે ૧૮ મી તારીખના આયુષ્ય પૂર્ણ થવાનું છે. આથી તેમણે ૧૪ મી તારીખથી જ સાગારિક અણસણનો પ્રારંભ કરી દીધો હતો !...

૧૮મી તારીખ પસાર થઈ ગઈ છતાં તેમને કંઈ જ ન થયું ત્યારે તેમને પારણું કરી લેવા માટે વિનંતિ કરવામાં આવી પરંતુ અમરચંદભાઈએ સંકેતથી સૂચવ્યું કે ૧૮ મી તારીખ નક્કી જ છે. મહિનો ગમે તે હોય. અને ખરેખર બીજા મહિનાની ૧૮ મી તારીખે જ તેઓ ૩૫ દિવસનું અણસણ પૂર્ણ કરીને સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા !....

**સ્વર્ગવાસથી એક જ દિવસ અગાઉ તેમણે મુનિવેષ પણ ધારણ કરી લીધો હતો !**

છેલ્લે સાધ્વીજીએ તેમને પૂછેલ કે- 'તમારી ૧૮ વર્ષની મૌન સાધનાની ફલશ્રુતિ શું ?' ત્યારે તેમણે જણાવ્યું કે -' મારી ભાવના હતી કે મારા અંત સમયે ગુરુ મહારાજની હાજરી હોવી જોઈએ. અને મારી એ ભાવના પરિપૂર્ણ થઈ રહી છે તેનો મને અપાર આનંદ છે"... આટલું બોલીને તેઓ પુનઃ મૌન થઈ ગયા હતા...

અમરચંદભાઈ આજથી ૨૦ વર્ષ પહેલાં લગભગ ૬૫ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ પામ્યા છે. પરંતુ તેમના સુપુત્ર ધરમચંદજી આજે હયાત છે તેમજ એક સુપુત્રીએ ખરતરગચ્છમાં દીક્ષા લીધી છે જેઓ આજે સા.શ્રી નિર્મળાશ્રીજી તરીકે સુંદર સંયમ પાળી રહ્યા છે.

ધરમચંદજીનું સરનામું નીચે મુજબ છે

સૌંથલી વાલોંકા રાસ્તા, જૌહરી બાજાર, જયપુર રાજ.

આ દૃષ્ટાંત ઉપરોક્ત સા.શ્રી વિચક્ષણાશ્રીજીના શિષ્યા સા.શ્રી સુરેખાશ્રીજી પાસેથી જાણવા મળ્યું છે કે જેમણે "સમ્યગ્દર્શન" વિષય ઉપર પી. એચ. ડી કર્યું છે અને હાલ "પંચપરમેષ્ઠી અને જૈન દર્શનમાં પરમાત્મા" વિષય પર ડી.લીટ. કરી રહ્યા છે।

## ૧૦૧ : આ છે આજના કાળના આરાધકો

(૧) નડિયાદના સુશ્રાવક મનુભાઈ સુતરિયાના દાદા દર પૂનમે નડિયાદથી માતરની યાત્રા કરવા જાય એ વખતે માસમાં એક જ વાર પોતાના ગાડા માટે બળદોની સેવા લે, બાકીના દિવસોમાં પશુઓને ફક્ત ખવરાવવાનું જ.

(૨) પોતાના ઘેર ગુરુજીના પધરામણા થયા એની ખુશાલીમાં ચાળીશ વર્ષના એ સુખી યુવાને સજોડે યાવજ્જીવ સંપૂર્ણ ચતુર્થવ્રત સ્વીકારી લીધું.

એમણે ગુરુજીની યાદમાં જ ઘરમંદિર બંધાવ્યું અને ગુરુપ્રતિમા સ્થાપન કરાવી.

એ છે અમદાવાદના લાવણ્ય સોસાયટીના સુશ્રાવક રોહિતભાઈ શાહ સુશ્રાવિકા જ્યોત્સ્નાબેન શાહ

(૩) સૌરાષ્ટ્રના સરકારી ગેઝેટેડ કક્ષાના અધિકારીના એક પત્ની પોતાના પતિને કહે, 'તમારી પોસ્ટ ખૂબ જ મહત્ત્વની છે, તમો ધારો તો લાંચના ખૂબ પૈસા કમાઈ શકો છો પણ હું તમને ખાસ જણાવું છું કે તમો આપણા ઘરમાં એક રાતી પાઈ પણ હરામની ન લાવતા- મારે હીરાની બંગડી નથી પહેરવી. ન્યાયનું ધન એ જ સાચા હીરા છે.'

## ૧૦૨ : "ધર્મ ચુસ્તતાના નેત્રદીપક ૪૫ પ્રસંગો"

(પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. દ્વારા લિખિત "મારી તેર પ્રાર્થનાઓ"માંથી સાભાર ઉદ્ધૃત.)

(૧)

એક ઘરે વરસાદની ઋતુમાં દિવાલમાં ભેજ ઊતરતાં દીવાલે લીલ જામી ગઈ. એ દીવાલને અડીને એક કબાટ પડ્યું હતું. તેને ખસેડવાની જરૂર ઊભી થઈ. બન્ને ભાઈઓએ તે ખસેડવાનું કામ એટલા માટે ન કર્યું કે તેમ કરવાથી લીલના અનંતજીવોની હિંસા થવાની શક્યતા હતી. મહિનાઓ સુધી તે કબાટ ત્યાં જ રહ્યું. ઉનાળામાં લીલ આપમેળે સુકાયા બાદ કબાટ ખસેડવામાં આવ્યું.

(૨)

સોળ વર્ષનો કોલેજિયન કિશોર કોલેજ દ્વારા ગોઠવાએલી પરદેશની ટૂરમાં ગયો હતો. એની મમ્મીએ આગ્રહપૂર્વક તેને મોકલ્યો હતો. વીસ દિવસની ટૂર હતી. ચાર દિવસમાં તો જિનપૂજા-દર્શન-કશુંય નહિ મળવાથી ખૂબ અકળાયો. મમ્મીને પત્ર લખીને આવી ટૂરમાં પોતાને મોકલવા બદલ સખત શબ્દોમાં ઠપકો આપ્યો. પૂજા વિનાના દિવસો તેના કેવા ભેંકાર જાય છે તેનું વર્ણન કર્યું.

(૩)

દીકરા ઉપરના મોહને લીધે હોટેલમાં ગએલી મા જૂઠું બોલી. છોકરાને ભેળ ખવડાવી. પછી ખબર પડી કે તેમાં કાંદા વગેરે હતા. છોકરો ત્યાં જ ક્રોધે ભરાઈને ચાલી ગયો. કંદમૂળથી પોતાને ભ્રષ્ટ કર્યાનો આરોપ તેણે મમ્મી ઉપર મૂક્યો.

(૪)

પિતાએ કે.જી. સ્કૂલની શિક્ષિકાને સાફ કહી દીધું હતું કે, "મારો બાબો બટાટાવડા વગેરે નહિ ખાય માટે રિસેસમાં અપાતા અલ્પાહારમાં તે વસ્તુ તેને આપશો નહિ. તે ખૂબ શાન્ત હોવા છતાં ધાર્મિક બાબતમાં ગરબડ થાય તો ઉશ્કેરાઈ ગયા વિના રહેતો નથી."

દુર્ભાગ્યે એક દિ' શિક્ષિકા ચૂકી ગયાં. બટાટાવડાનો વાટકો લઈને છોકરો શિક્ષિકાની પાસે જઈને ઊભો. ગરમ થયો અને તેના માથે છુટ્ટો મારીને ઘરે જતો રહ્યો.

(૫)

ઘરે આવતા પપ્પાના મિત્રો જો રાતે જમે કે ચા પણ પીએ તો આ ચાર વર્ષનો બાબો તેમને લાક્ષણિક અભિનય સાથે, કાલીઘેલી ભાષામાં કહે છે, "રાત્રે શું ખાઓ છો ? રાતે ખાશો તો નરકમાં જવું પડશે. ત્યાંના પરમાધામી દેવો તમને ખૂબ મારશે. માટે રાતે ખાવાનું છોડી દો."

(૬)

એ ક્રોડાધિપતિ મુંબઈના યુવાને પોતાના વૈશાખ માસના લગ્નમાં ઉપસ્થિત થનારા મહેમાનોને બરફનું પાણી આપ્યું ન હતું. બે ય પક્ષના વેવાઈઓ વગેરે આ હઠથી ખૂબ અકળાયા હતા. યુવાને અમદાવાદથી શિયાળુ માટલાં લાવીને ગાળવા સાથે ફેરવ્યા જ કર્યું હતું. એવું હિમ જેવું ઠંડુ પાણી સહુને પાઈને બધાની બોલતી બંધ કરી દીધી હતી.

(૭)

પેટે પાટા બાંધીને દીકરાને કોલેજ સુધી પહોંચાડ્યો. કાયમ ફર્સ્ટ ક્લાસ આવતો હોવાથી કેટલીક સંસ્થાઓએ તેને ડોક્ટર બનવાની પ્રેરણા કરી. માએ સાફ ના પાડી. આ ધંધામાં શીખતી વખતે દેડકા ચીરવાના અને કમાતી વખતે શીલની પવિત્રતાને સો ટકાના જોખમમાં મૂકવાની. પ્રાણિજ દવાઓ આપીને તેનો વધુમાં વધુ પ્રચાર કરવાનો... ના બેટા ! હું જીવીશ ત્યાં સુધી હજી પણ પેટિયું રળી આપીશ અને તને ખવડાવીશ પણ આ પાપી ધંધો તો આપણને ન જ ખપે.

(૮)

અમેરિકામાં જન્મીને મોટી થએલી જૈન કન્યા સાથે ભારતીય જૈન યુવાનનું સગપણ થયું. ચાંલ્લા વિધિ થતાંની સાથે યુવાને ભાવી-પત્નીને કહી દીધું કે, "પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને છ કર્મગ્રન્થ અર્થ સાથે તું ગોખે નહિ ત્યાં સુધી હું લગ્ન નહિ કરું." પેલી તો આ સાંભળીને સ્તબ્ધ બની ગઈ ! તેને હજી તો માત્ર નવકાર આવડતો હતો.

(૯)

યુવાન વયે મરતાં ભાઈએ પોતાના વીલમાં લખ્યું હતું, 'મને બે ઘડીની અંદર બાળી નાંખજો જેથી સંમૂર્ચ્છિમ જીવોની હિંસા ન થાય."

(૧૦)

પિતાના અગ્નિસંસ્કારમાં જરૂરી તમામ લાકડાં દીકરાએ યુવાન મિત્રોની મદદથી લઈને બધાં પૂંજી લીધાં હતાં.

(૧૧)

શેઠ મોતીશાહે ભાયખલામાં બંધાવેલી ચાલમાં તેમને જ (મુખ્યત્વે રાધનપુરીઓને) રહેવા બોલાવ્યા હતા; જેઓ કદી રાત્રિ ભોજન કરતા ન હતા. આથી ઉપાશ્રયસ્થ ગ્લાન સાધુઓને સાંજની ગોચરી મેળવવામાં તકલીફ પડતી નહિ.

(૧૨)

આ શેઠે પોતાના નોકરને મૂલ્યવાન હાર ભેટ આપ્યો હતો. તેણે તે ગિરવે મૂકીને બધું દેવું ચૂકતે કર્યાની ખબર પડતાં શેઠે તેને બોલાવીને દેવાની ચુકતે રકમ આપીને હાર છોડાવી આપ્યો હતો. મરતી વખતે અનેક સાધર્મિકોની લેણી નીકળતી એક લાખ રૂ. જેટલી રકમ માફ કરી દીધી હતી.

(૧૩)

એ હતા શેઠ માણેકલાલ. ઘરદેરાસરની નીલમની બનેલી એંસી હજાર રૂ. ની પ્રતિમા ચોરીને તેને વેંચીને શેર બજારનું દેવું ચુકતે કરવા નીકળેલા સાધર્મિકને પકડી લઈને મિષ્ટાન્નથી સાધર્મિક ભક્તિ કરીને એંસી હજાર રૂ. રોકડાની પહેરામણી કરી વહાલા ભગવાન પાછા મેળવ્યા.

(૧૪)

સર કીકાભાઈ પ્રેમચંદ રાત્રિભોજન ત્યાગના ધર્મમાં એવા કટ્ટર હતા કે વાઈસરોય તરફથી આવેલા અથવા વેપાર માટે આવેલા ગોરાઓને પણ રાત્રે પાણી સિવાય કશું દેતા નહિ.

(૧૫)

અન્તરીક્ષજીના કેસમાં સંડોવાએલા પૂ. સાગરજી મ. સા. ને અસત્ય બોલીને નિર્દોષ છૂટવા માટે દબાણ લાવનારા દીકરા લાલભાઈને, માતા ગંગાએ ઝાટકી નાંખ્યા હતા. ઘાઘરો અને સાડલો પહેરી લેવાનું જણાવ્યું હતું.

(૧૬)

મેટ્રિકમાં આવી ગએલા દીકરાએ ભગવાનમાં પથ્થર જોઈને બાપાને, તે દિવસથી પૂજા કરવાની ઘસીને ના પાડી. બાપાને ખૂબ આઘાત લાગ્યો. સાવ મૌન થઈ ગયા. દીકરો છેલ્લી હદે વિલાસી બની ગયો.

પણ મરણપથારીએ પડેલા બાપાના હૈયે ઘૂમરાતી કાળી વેદનાને દીકરાએ પારખી લીધી. બાપાની મૌનની તપશ્ચર્યા ફળી ગઈ. દીકરાએ હિતશિક્ષા માંગી. બાપાએ કહ્યું, "બેટા ! મને લાગે છે કે, મારી વિદાય સાથે ઘરમાંથી ધરમની પણ વિદાય થઈ જશે."

દીકરાએ કહ્યું, "પિતાજી ! ધરમ સવાયો થશે."

(૧૭)

પેલા શ્રાદ્ધરત્ન ચીમનભાઈ ! ગામડે વેપાર કરવા જાય. દસ ગાઉ સુધીમાં પણ દેરાસર હોય તો ત્યાં જઈને ઠાઠથી પૂજા કરે. તે પછી જ દાતણ કરે. એક પણ દિ' તેમણે પૂજા કર્યા વિનાનો પસાર કર્યો નથી.

(૧૮)

વઢવાણના સ્વ. રતિભાઈ ! પેટની ગાંઠનું ઓપરેશન કરાવ્યું હતું. ડોક્ટરો પ્રાણિજ દવા ઘેનની અવસ્થામાં આપી દે તે ભયથી ઘેન લીધા વિના આખું ઓપરેશન - ભયંકર વેદનામાં અપૂર્વ સમાધિ રાખીને-તેમણે કરાવ્યું.

(૧૯)

કમળશીભાઈના મોટા દીકરાના લગ્નના ચાંલ્લારૂપે મહાન્ જૈન શ્રાવક પાટણના નગીનદાસ કરમચંદે બે તોલા સોનાનો હાર આપ્યો. સામાન્ય સ્થિતિના કમળશીભાઈએ શેઠને કહ્યું, "તમારા જેવા ધર્માત્મા જો લગ્નરૂપી સંસારની આ રીતે અનુમોદના કરશે તો હવે 'ધર્મ' ક્યાં જોવા મળશે ?" એમણે હાર ઘરની ઉપર ફેંકી દીધો.

(૨૦)

ચીનની ફાઈવસ્ટાર હોટેલમાં ઉતારો કરનારા હીરાના યુવાન વેપારી ત્યાં પણ બે ટાઈમ પ્રતિક્રમણ કરે છે. એરકન્ડિશન અને લાઈટની વિરાધનામાંથી બચવા માટે આખા શરીરે ગરમ બ્લેંકેટ ઓઢી લે છે.

(૨૧)

દીકરાનાં લગ્ન હતાં. મિત્રો ડિસ્કોડાન્સ કરવા લાગ્યા. દીકરો પણ જોડાયો. બાપને આઘાત લાગ્યો. તોફાન વધ્યું. ભાવી પત્ની પણ બેફામ થઈને નાચવા લાગી. હવે બાપથી ન જોવાયું. તરત ઊનાથી બસ પકડીને અમદાવાદ પહોંચી જવા માટે ગાડી પકડવા ગયા. બધા ચોંકી ગયા. માફી માંગી. બાપને પાછા લઈ આવ્યા. કેવો કટ્ટરપંથી બાપ ! ધન્ય છે; આવા પિતાઓને !

(૨૨)

હમણાં જ હીરાના વેપારી અતુલની દીક્ષા થઈ. તેના સાતસો મિત્રોએ મદદ કરીને બે લાખ માણસોને-ભાણે બેસાડીને ભોજન આપ્યું. પણ બુફેનું બેઢંગુ ભોજન તો ન જ થવા દીધું.

(૨૩)

આઠ વર્ષની ઉંમરે બાબો ધનુર થવાથી મરી ગયો. એની એકધારી

રાડ પાડી : "બાપા ! મને નવકાર સંભળાવો. એનું શરીર ધનુષ્યની જેમ ગોળ બની જઈને પડતું હતું. અતિશય વેદના જોતાં મા-બાપ રડવા લાગ્યાં. નવકાર સંભળાવવાની હિંમત ખોઈ બેઠાં. પછી બાબાએ જાતે, જાતને નવકાર દેવા માંડ્યો. છેલ્લી દસ મિનિટ અવાચક્ બની ગયો. પણ તેની આંગળી ટેરવાંઓ ઉપર સતત ફરતી હતી; છેલ્લી સેકંડ સુધી.

(૨૪)

નવસારીના ધર્માત્માને એટેક આવ્યો. હોસ્પિટલે લઈ જવાની તૈયારી થઈ. સાથે દંડાસન લીધું. એમ્બ્યુલન્સમાં ગાદી પૂંજીને જ સૂતા. હોસ્પિટલમાં પણ સર્વત્ર પૂંજવાનું ચાલુ રહ્યું.

(૨૫)

શ્રાદ્ધરત્ન રજનીભાઈ દેવડી તથા શાન્તિચંદ બાલુભાઈએ બે વર્ષ પૂર્વે તીર્થાધિરાજ શ્રીશત્રુંજયના કરાવેલા અઢાર અભિષેકમાં એક હજાર યુવાનો જોડાયા હતા. તેર હજાર જિનબિંબોના ચક્ષુ બદલવાની કામગીરી બે દિવસમાં ૧૮ કલાક ચાલી હતી. સેંકડો યુવાનો દિવસના સમયે ૮-૧૦ કલાક તીર્થ ઉપર રહ્યા હતા. લઘુશંકા પ્યાલામાં કરતા. આઠ ડોલ માતરું ભેગું થયું હતું. યુવાનોએ જાતે બધી ડોલ - એક પણ ટીપું પહાડ ઉપર પડવા દીધા વિના ઠેઠ નીચે ઉતારી. કેવો તીર્થપ્રેમ ! કેવી પાપભીરુતા !

(૨૬)

મુંબઈના એક ભાઈ રોજ જ્ઞાનના એકાવન ખમાસમણા વિધિવત્ દે છે. દરેક વખતે માથું જમીન પર ટેકવતા પગની પાની પાછળથી તો ઊંચી થાય જ; એટલે એ જગાને દરેક વખત પૂંજી લીધા બાદ પાનીઓ જમીન ઉપર રાખીને જ ઊભા થાય છે. કેવો ઉત્તમ જયણા ધર્મ !

(૨૭)

અમદાવાદ કાળુપુરમાં રહેતો શ્રીમંત શ્રાવક હંમેશ કાળુપુર સ્ટેશનના ભંગાર ખાતે બાજુ પર પડી રહેલા ડબ્બાઓના સંડાસમાં શૌચ માટે જાય છે. જેથી મળ પાટા પર પડીને ત્યાં જ સૂકાઈ જાય.

(૨૮)

વારંવાર માંદા વૃદ્ધ બાપને સંડાસ થઈ જવાથી ભક્ત-પુત્ર પોતાના બે હાથમાં જ મળ લઈ લે છે. પછી તેનું વિસર્જન કરી આવે છે. આ દીકરો C.A. થએલો છે. પિતાની આ હાલતમાં ચોવીસ કલાક ઘરે રહે છે.

(૨૯)

તાજેતરમાં મુંબઈમાં નીકળેલા સુશ્રાવક અતુલભાઈના વરઘોડામાં

એક પણ યંત્ર સંચાલિત વાહન ન હતું. બેન્ડ ન હતું. બધું સ્વદેશી - બેલગાડાં, ઊંટગાડી, ઢોલ-નગારાં વગેરે હતું. દીક્ષાની પત્રિકા સંપૂર્ણ પરંપરાગત રીતે હાથે લખાએલી હતી.

(૩૦)

મુંબઈના ભાઈ રોજ દેરાસરમાં સવારે બોલાતી ઉછામણીનું કોઈ ઘી લે તો તરત બૂમ મારીને સાતમે માળેથી દીકરી સાથે તેની રકમ મગાવી લે છે. ભરી દે છે; પછી જ પોતાને મળેલી પ્રક્ષાલાદિનો લાભ લે છે.

(૩૧)

તે આઠ વર્ષના બાળકને તેની બાએ નિત્ય જિનપૂજાની ટેવ પાડી હતી. એકવાર તેને ટાઈફોઈડ થયો. છ ડિગ્રી તાવમાં ય જિદ કરીને, ખૂબ રડીને તેણે પૂજા કરી. એક લોટે સ્નાન કરાવીને તેની માએ તેની ઈચ્છા આનંદભેર પૂરી કરી હતી.

(૩૨)

કાઠિયાવાડના એક વિશાળ બંગલામાં બધે ગારલીંપણ કરવામાં આવ્યું છે. ટાઈલ્સનો બહિષ્કાર કરાયો છે : ધાર્મિક દૃષ્ટિએ : પરંપરાગત મૂલ્યોની રક્ષા કરવાની બુદ્ધિથી.

(૩૩)

ઉત્તર ગુજરાતના એક માલિકીના ઘરમાં લાઈટનું કોઈ ફિટિંગ નથી. રાતે જરૂર પડે ત્યારે ધણી - ધણીઆણી (બે જ છે.) બેટરીનો ઉપયોગ જરાક વાર કરી લે છે; તે ય જીવહિંસાના દુભાતા દિલે.

(૩૪)

લગ્નની પહેલી રાતથી દસ વર્ષ થવા આવ્યાં તો ય છ જેટલાં યુગલો બ્રહ્મચર્ય પાળે છે. માબાપને જાણ ન થાય તે માટે એક જ શયનખંડમાં સાથે સૂઈને ! આમાંના એક યુગલે આ વર્ષમાં બેંગલોરમાં દીક્ષા લીધી છે.

(૩૫)

લગ્નવિધિ પૂર્વે જ કન્યાને ખબર પડી કે તેણે વિધિ પૂરી થયા બાદ પોતાના પતિ સાથે ડિસ્કો ડાન્સ કરવાનો છે. સંસ્કારી કન્યાએ તે જ ક્ષણે લગ્ન ફોક કર્યાં. દીક્ષાર્થી બની ગઈ.

(૩૬)

સવારે ચારથી દસ વાગ્યા સુધી તમામ ધાર્મિક અનુષ્ઠાનો - ભારે મસ્તીથી - કર્યા બાદ જ તે યુવાન દુકાન ખોલે છે. આટલી મોડી દુકાન

ખોલવા છતાં તેની દુકાનના પાટીએ પચ્ચીસ ઘરાકો રાહ જોતા બેસી રહે છે; કેમ કે તે અત્યન્ત પ્રામાણિક ધંધો કરે છે.

(૩૭)

ગર્ભસ્થ સંતાનને 'મહાન્' બનાવવાની ખેવનાથી ગર્ભકાળમાં સંપૂર્ણ બ્રહ્મચર્યાદિ કેવા કેવા નિયમો પાળવા જોઈએ ? તે સંબંધમાં જાણકારી મેળવતી શ્રાવિકાઓની સંખ્યા વધતી જાય છે.

(૩૮)

મુંબઈના પ્લેટિનમ એરીયાના એક યુવાને પોતાની દીકરીઓનાં નામ સુલસા, મયણા અને ત્રિશલા રાખ્યાં છે. ભાવીમાં બાળક-થાય તો તેનું નામ વૃષભ પાડવાની ભાવના છે. અનેક ઘરોમાં સમકિત, વિરતિ, સમતા વગેરે નામોનાં સંતાનો જોવા મળે છે.

(૩૯)

લગભગ છ થી સાત હજાર યુવાનો, યુવતીઓ અને વયસ્કોએ ભવાલોચના મારી પાસે કરી છે. તેમાં કેટલાકે તો ગર્ભમાં રહીને નવ માસ સુધી માને ત્રાસ આપ્યાની આલોચના પણ કરી છે.

(૪૦)

સ્વદ્રવ્યે નિત્ય જિનપૂજા કરનારો વર્ગ મોહમયી મુંબઈ સુદ્ધાંમાં ઊમટ્યો છે. મુંબઈમાં રોજ ચોવિહાર કરી શકાય તેની સગવડતા આપતાં ચોવિહાર હાઉસો (ત્રણ કે ચાર) ખૂલી ગયા છે.

(૪૧)

સાધુ-સાધ્વીજીની ગોચરીનો લાભ આઠમા માળે ન મળતો હોવાથી મુંબઈનો ડોલર એરીયાનો તે શ્રીમંત બીજા માળે આવી ગયો છે.

(૪૨)

પોતાનાં વતનોથી જે લોકો - ગામડાં તૂટવાથી અને ધંધો ભાંગી પડવાથી, બાળકોને શિક્ષણ બરોબર નહિ મળવાથી મુંબઈ વગેરે શહેરોમાં કાયમી વસવાટ કરવા આવી ગયા છે. તેમાંના કેટલાકે તે વતનમાંથી વિહાર કરતા સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ માટે કાયમી ફંડનાં રસોડાંની સગવડ કરી છે.

(૪૩)

આ જ કારણે અમદાવાદના કેટલાક શ્રાવકો શહેર છોડીને બહારના ભાગની સોસાયટીઓમાં રહેવા જતા નથી.

(૪૪)

દક્ષિણ ભારતના અત્યન્ત ધનાઢ્ય, વિશાળ કુટુંબ ધરાવતા શ્રાવકને ત્યાં હજી ટી.વી. એરકન્ડિશન અને ફ્રીજ આવ્યાં નથી.

(૪૫)

છેલ્લાં પંદર વર્ષથી ભારતભરમાં દર વર્ષે પચાસ જેટલાં કેન્દ્રોમાં ધર્મનિષ્ઠ સદાચાર સંપન્ન, શાસ્ત્રચુસ્ત યુવાનોની ટુકડીઓ પર્યુષણ પર્વની આરાધના કરાવવા જાય છે. જ્યાં મુનિઓ પહોંચ્યા નથી ત્યાં આ શ્રમણોપાસકો પહોંચે છે. લગભગ ચારસો ગામોમાં બે હજાર જેટલા યુવાનોએ આરાધના કરાવી છે. બીજાને પમાડવા જતાં સ્વયં ધર્મ પામી ગયા છે.

આવા તો બહુ અર્વાચીન પ્રસંગો છે જેમાં આપણને નેત્રદીપક ધર્મચુસ્તતાના ચમકારાઓ ધરાઈ ધરાઈને, આનંદથી ઊછળી ઊછળીને જોવા મળે.

## ૧૦૩ : હાર્દિક અનુમોદનીય ૧૮ પ્રસંગો

[પ. પૂ. પંન્યાસપ્રવરશ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. દ્વારા લિખિત "મુનિજીવનની બાળપોથી"માંથી સાભાર ઉદ્ધૃત. ]

(૧)

એક ભાઈએ ધર્મપત્નીની પ્રેરણાથી સ્વદ્રવ્યે જિનાલયનું નિર્માણ કર્યું છે, જેમાં લગભગ ત્રીસ લાખ રૂ. નો વ્યય થઈ ચૂક્યો છે, હજી કામ ચાલુ છે, પોતાના ભંડારની આવક તેઓ બહાર આપે છે, પણ પોતાના આ જિનાલયમાં વાપરતા નથી.

(૨)

થોડા વર્ષ પૂર્વે મુંબઈમાં એક મકાનનો પાછલો ભાગ એકાએક તૂટી પડ્યો, તે મકાનમાં એક જૈન ભાઈ તે વખતે સામાયિક કરતા હતા, પારવાને બે જ મિનિટની વાર હતી ત્યારે સંડાસ જવાની તીવ્ર શંકા થઈ પણ વહેલું સામાયિક નહિ પાળવાના દૃઢ સંકલ્પથી તેમણે બે મિનિટ સામાયિકમાં જ પસાર કરી, અને... તે જ બે મિનિટમાં તે મકાનનો પાછલો ભાગ-જેમાં સંડાસ હતું તે તૂટી પડ્યો. પેલા ભાઈ આબાદ ઉગરી ગયા ! તેમની વ્રતપાલનની નિષ્ઠાનું હાર્દિક અનુમોદન (કેવો સાક્ષાત્ જોવા મળે છે ધર્મનો પ્રભાવ !)

(૩)

થોડા જ વર્ષો પૂર્વે એક એમ.કોમ. થયેલા વીરસૈનિકે અમદાવાદમાં પોતાના લગ્ન સમારંભમાં અભક્ષ્ય, અપેયનો, જમાનાવાદી, તમામ રીતોનો બહિષ્કાર કરવા પૂર્વક લગ્નવિધિ કરી, તેનો પ્રભાવ બીજા ચાર જૈન, ગ્રેજ્યુએટોના આવી રહેલાં લગ્નો ઉપર પડ્યો. તેમણે પણ તે તત્ત્વોના બહિષ્કાર પૂર્વક જ લગ્નવિધિ કરવાનું નક્કી કર્યું છે.

(૪)

એક ભાઈએ અપરિચિત ગામમાં સ્વદ્રવ્યે આખો ઉપાશ્રય બાંધી આપ્યો છે, જેમાં તે ગામના અગ્રણીઓ સાથે શરત કરી છે કે સાવરણી પણ બીજા કોઈના પૈસે લાવી શકશે નહિ ? બધો ય લાભ પોતે જ લેશે.

(૫)

એક મુનિની દેશના સાંભળીને જિન ધર્મ પામેલા વૈષ્ણવ બહેને પોતાના લગ્ન દિવસે રાત્રિભોજન બંધ રખાવ્યું હતું અને દિવસે પણ આઈસ્ક્રીમ, બરફ વિગેરે અભક્ષ્ય ચીજોનો ઉપયોગ કરાવ્યો ન હતો.

(૬)

એક વડીલ મૃત્યુ સમય પૂર્વે પોતાનાં કુટુંબીજનોને એવું સૂચન કરી ગયા કે, મારા મડદાને બાળવા માટેના લાકડાં ત્રણ વાર પૂંજી લેજો, જેથી કોઈ જીવ-જંતુ અગ્નિમાં બળી ન જાય.

(૭)

જેનું હજી વેવિશાળ જ કરવામાં આવ્યું હતું તે બહેન સાસરે જમવા ગઈ. ગામડામાં એનું સાસરૂં હતું, ત્યાં સગડીમાં ચેતવવા માટેના છાણામાં તેણીએ કીડા જોયા, તેનું મન દ્રવી ઊઠ્યું, "અરેરેરે ! વાસનાના સુખને પામવા જતાં આવા તો કેટલાય જીવોને મારે મારી નાખવા પડશે." તે જ પળે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો અને... એક દિ' ચંદનબાળાના પંથે એણે ડગ માંડી દીધો.

(૮)

"પોતાની દીકરીને સાસરે વળાવ્યા પછી પિતાને ખબર પડી કે ગામમાં જિનાલય નથી." જિનાલય વિનાના ગામમાં દીકરીનું જીવન તો બરબાદ થઈ જાય ? તરત જ ત્રીસ લાખ રૂ. જેટલી રકમ જુદી ફાળવીને તે ગામમાં પિતાએ સ્વદ્રવ્યે શિખરબંધી આરસનું જિનાલય બંધાવવાનું ચાલુ કરી દીધું.

(૯)

આંખની તીવ્ર પીડા દૂર થાય તો સંયમ લઉં એવી ભાવનાથી ભાવિત બનેલા એ મુમુક્ષુને બીજા જ દિવસથી પીડા ઓછી થતાં થતાં નિર્મૂળ થઈ ગઈ, એ આત્મા સંયમ પંથનો યાત્રી બની ગયો.

(૧૦)

એમની દીક્ષા લેવાની કેવી તીવ્ર તલપ હશે, કે ગુરૂની પાસે જવા માટે એ મુમુક્ષુ એક સાથે, એક દિ'માં ૩૬ માઈલ ચાલ્યો, માત્ર ચાર પૈસાના ચણા ખાઈને.

(૧૧)

મધરાતે ગાડીમાંથી ઊતરીને ઉપાશ્રયમાં સાધુ ભગવંતોની સાથે બે યુવાન શ્રાવકો સૂઈ ગયા, રાત્રે એકાએક વિધવા થયેલી યુવતીનું કાળમીંઢ પાણા પીગળી જાય તેવું - રૂદન સાંભળીને તેઓ જાગી ગયા ? "એના પતિ જેવું અચાનક આપણું મોત થઈ જાય તો ? રાત પણ પૂરી ન વીતે તો ?" એ વિચારે બન્ને યુવાન શ્રાવકોએ મુનિનો વેષ તરત જ પહેરી લીધો. બાજુમાં સંથારો કરેલા બે મુનિઓના રજોહરણ લઈ લીધા. બાકીની રાત નવકાર મંત્રના ધ્યાનમાં બેસીને પૂરી કરી. સવારે રજોહરણની શોધ ચાલતાં ઘટસ્ફોટ થયો, બન્ને યુવાનોની વિધિવત્ દીક્ષા થઈ.

(૧૨)

સિનેમા જોવાની માતાની ના હતી, છતાં દિકરાએ સિનેમા જોયો. આ જાણ થતાં જ માતાએ પ્રાયશ્ચિત્ત રૂપે અઠ્ઠમ કર્યો. દીકરાએ માફી તો માંગી પણ જીવનભર માટે સિનેમાનો ત્યાગ કરી દીધો.

(૧૩)

ડોક્ટરની લાઈન લેવા ઈચ્છતા છોકરાને મધ્યમ વર્ગની માતાએ કહ્યું, "દીકરા ! કોલેજ સુધી તને લાવવામાં મેં ઠીક ઠીક મજૂરી કરી છે. હજી પણ મજૂરી ચાલુ રાખીશ, પણ તું ડોક્ટર થાય, દેડકાં-વાંદરા ચીરે અને પૈસા કમાય તે તારી આ માતાથી ખમાય તેમ નથી.

"બેટા ! જે ભણ્યો છે, તેમાં કાંઈ નોકરી મલે તો મેળવ, નહિ તો ઘરે રહે. તારી આ માતા મરશે ત્યાં સુધી મજૂરી કરીને તને ખવડાવશે, તું જરાય ચિંતા ન કરીશ."

દીકરો આવી મહાન માતાનાં ચરણોમાં ઝુકી જઈને ખૂબ રડ્યો, બીજે જ દિ' માતાની આશિષે નિર્દોષ નોકરી મળી ગઈ.

(૧૪)

લગ્નની પૂર્વસંધ્યાએ પતિએ જાહેરમાં ભાવી પત્ની સાથે નૃત્ય (ડાન્સ) કરવાની ઈચ્છા પત્ની પાસે વ્યક્ત કરી. સુશ્રાવિકાની એ કન્યાએ તેમ કરવાની ઘસીને ના તો પાડી દીધી પણ લગ્ન કર્યા વિના જ ઘરે પાછી ફરી ગઈ.

(૧૫)

મહારાષ્ટ્રના એક જૈન બોર્ડિંગમાં ગૃહપતિએ ધર્મના એવા સુંદર સંસ્કાર બાળકોમાં નાખ્યા છે કે આ બાળકો પર્વતિથિના દિવસે સવારે રાઈ પ્રતિક્રમણ કરતા હોય ત્યારનું દૃશ્ય અત્યંત આહ્લાદક હોય છે. પ્રત્યેક સૂત્ર ખૂબ જ શુદ્ધ ઉચ્ચારથી બોલાતું હોય છે. સકલતીર્થ સૂત્રની વંદનાઓનું દૃશ્ય તો આબેહૂબ હોય છે. ખાસો દોઢ કલાક તો આ રાઈ પ્રતિક્રમણમાં લાગે જ છે.

(૧૬)

દસ વર્ષનો એ બાળ છે, સિનેમા કદી જોતો નથી. પણ તેની સાથે કોઈ મા-બાપ પોતાનાં સંતાનોને લઈને સિનેમા જોવા જાય છે તો રસ્તા વચ્ચે આંતરીને આ બાળ તેમને કહે છે કે "તમે જ તમારાં બાળકોને સિનેમા દેખાડીને પાપ કરાવશો ? ના...પાછાં ફરો, ઘરે જાઓ... સિનેમા તો ન જ જોવાય. મારા ગુરૂદેવે સાફ ના પાડી છે."

(૧૭)

એસ.એસ.સી.ની પરીક્ષામાં આપઘાત કરવા દરિયે પડવા જતા યુવાનને એના મિત્રે ખૂબ સરસ વાત કરતાં તેણે આપઘાત કરવાનું માંડી વાળ્યું. મિત્રે તેને કહ્યું કે આપઘાત કરીશ તો નવો જન્મ લેવાનો, કદાચ મનુષ્યનો ભવ મળે તો ય ગર્ભકાળ અને સોળ વર્ષનો જીવનકાળ પસાર થાય પછી જ એસ. એસ. સી. પાસ થવાય, જ્યારે આજે તું આપઘાત ન કરે તો આવતા વર્ષે - એક જ વર્ષના ગાળામાં એસ. એસ. સી. પાસ થઈ જવાય.

યુવાનના મગજમાં વાત બેસી ગઈ. આપઘાત કરવાનો વિચાર માંડી વાળ્યો.

(૧૮)

ઓપરેશનના સમયમાં ડોક્ટરો કોઈ અભક્ષ્ય દવા આપી દે તેવી સંભાવનાને નજરમાં રાખીને તે પુણ્યવાન ધર્માત્માએ ઘેન લીધા વિના જ ઓપરેશન કરાવ્યું. વાઢકાપની અસહ્ય વેદના સહી છતાં તેનું દુઃખ ન હતું, બલ્કે 'અભક્ષ્ય' ન લેવાયું તેનો આનંદ એ પળોમાં ય મુખ ઉપર રમતો હતો.

# ૧૦૪ : વર્ધમાન આયંબિલતપની સળંગ ૧૦૦ ઓળીના અજોડ તપસ્વી શ્રી રતિભાઈ ખોડીદાસ

વીરમગામના વતની, વર્ધમાનતપના અજોડ ને અખંડ-આરાધક અને છેલ્લા લગભગ બે વર્ષના ઈતિહાસમાં પોતાના તેજસ્વી-તપથી એક નવું સોનેરી સંભારણું ઉમેરી જનારા શ્રાદ્ધવર્ય શ્રી રતિભાઈ ખોડીદાસ વિ. સં. ૨૦૩૪ ના ચૈત્ર વદ પાંચમે સમાધિપૂર્ણ - સ્વર્ગવાસ પામતાં, જૈન-સંઘે એક વિરલ કહી શકાય એવા તપસ્વી-રત્નની ખોટ અનુભવી !

વર્ધમાન-તપની સળંગ સો ઓળીની આરાધના જ એમના જીવનની એક વિશેષતા ન હતી, આવી તો કેઈ-કેઈ વિશેષતાઓનાં સરવાળા સમું એમનું જીવન હતું. એ જીવન-ખંડમાં એક ડોકિયું કરીશું તોય આપણે અહોભાવથી બોલી ઉઠીશું કે-શ્રી રતિભાઈ વર્તમાન કાળનો એક આદર્શ જ નહિ, આશ્ચર્ય પણ હતા !

**પાન, બીડી, તમાકુ, રાત્રિભોજન આદિના વ્યસનોથી ઘેરાયેલા શ્રી રતિભાઈના જીવનમાં ૫૭ વર્ષની જૈફ ગણાતી વયે, વિ. સં. ૨૦૧૭ના ભાદરવા વદ ૧૦ ના દિવસે અજબ ઘડી એક આવી. અને આ દિવસે એમણે વર્ધમાનતપનો પાયો નાંખ્યો. ત્યારે તો કોણ એવી કલ્પના પણ કરી શકે એમ હતું કે-આ તપ રતિભાઈના જીવનમાં વર્ધમાન જ** બનતો રહેશે. પાયાની પૂર્ણાહૂતિના ૨૦ દિવસો દરમિયાન એમનું જીવન જાણે પુણ્ય-પલટાની તાલીમ લઈ રહ્યું. એક મનોરથ એમના મનમાં ભાવના ભાવી રહ્યો : જો ૨૦ દિવસનો તપ થઈ શકે તો પછી આગળ વધી કેમ ન શકાય ? ને એમણે મનોરથના આ રથને આગળ વધવા જ દીધો. પાયો પૂરો થયો. પણ પારણું કર્યા વિના જ ૬ ઠ્ઠી ઓળીની આરાધના ચાલુ રાખી. બીજા વર્ષે આ મનોરથની ગતિમાં ભારે વેગ આવ્યો અને **એમણે આજીવન-આયંબિલ ચાલુ રાખવાના સંકલ્પ સાથે સળંગ સો ઓળી પૂર્ણ કરવાની ભીષ્મ-પ્રતિજ્ઞા સ્વીકારી.**

આ ભીષ્મપ્રતિજ્ઞા કોઈ પુણ્ય પળે થઈ હશે, જેથી ઉત્તરોત્તર શ્રી રતિભાઈના જીવનમાં ભાવનાની ભરતી ચઢતી જ ગઈ, ચઢતી જ ગઈ !

**આયંબિલનો તપ આમેય કષ્ટસાધ્ય તો છે જ ! પરંતુ શ્રી રતિભાઈએ એને વિવિધ-અભિગ્રહો કરીને વધુ કષ્ટસાધ્ય બનાવ્યો. વિ. સંવત ૨૦૧૯ થી એમણે ઠામચઉવિહાર (ફક્ત આયંબિલ કરતી વખતે જ પાણી લેવું) અને અલુણા પાંચ દ્રવ્યો દ્વારા આયંબિલ કરવાની પ્રતિજ્ઞા સ્વીકારી અને ૨૦૨૩ થી તો ફક્ત બે જ દ્રવ્ય (રોટલી દાળ)થી ઠામચઉવિહારા આયંબિલનો અભિગ્રહ ધારણ કર્યો.**

આવા ભીષ્મ-આયંબિલની તપશ્ચર્યા દરમિયાન વચમાં-વચમાં ઉપવાસ-છઠ્ઠ તો પાછા ચાલુ જ હોય ! આમ, વિવિધ-અભિગ્રહો દ્વારા વર્ધમાનતપને ભીષ્માતિભીષ્મ બનાવીને શ્રી રતિભાઈએ સં. ૨૦૩૨ના કાર્તિક સુદ છઠે સળંગ સો ઓળી પૂર્ણ કરી. આ પૂર્ણાહૂતિનો પ્રસંગ વિવિધ વ્યક્તિઓ અને સંઘોની ઉદાર ભાવનાથી, વિરમગામ શ્રી જૈન સ્વયંસેવક મંડળની અથાગ જહેમતથી વિરમગામના આંગણે ભવ્ય રીતે ઉજવાયો. આ **ઉજવણીમાં પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત શ્રી રાજતિલક સૂ. મ. ની નિશ્રા, અને એમની ૧૯૫ (૧૦૦ + ૯૫) ની ઓળીના પારણાનો પ્રસંગ જોડાતાં એનું અનુમોદન-આંદોલન ભારત-વ્યાપ્ત બની ગયું !**

સળંગ સો ઓળી પૂર્ણ થયા બાદ શ્રી રતિભાઈએ પોતાની તપોયાત્રા આગે બઢાવી. પણ ૧૦૩ ઓળી પૂર્ણ થતાં શરીર-શક્તિ એકદમ ક્ષીણ થઈ ગઈ. અને એમના શિરે ક્ષીણ થતી શરીરશક્તિએ પારણું કરવાની ફરજ પાડી. ૧૦૩ ઓળી પૂર્ણ થયા બાદના ૭ મહિના એમણે લગભગ એકાસણા બિયાસણા આદિ તપ દ્વારા વીતાવ્યા. અને થોડીક શક્તિ-સંચાર થતાં પુન : બે દ્રવ્યથી અલુણા આયંબિલ શરૂ કર્યા. આવા ભીષ્મ-આયંબિલતપની આરાધનામાં જ ચૈત્રવદ ૫ ના રોજ શ્રી રતિભાઈ સમાધિ મૃત્યુને વર્યા.

આમ, પોતાના તપોમય, સમાધિમય અને સમતામય જીવન દ્વારા વર્તમાન યુગમાં એક નવો વિક્રમ સ્થાપીને શ્રી રતિભાઈ વિદાય થયા. એમની આદર્શભરી અને આશ્ચર્ય-તરવરતી તપઃસિદ્ધિને કોટિશઃ નમન !

("કલ્યાણ" માસિકમાંથી સાભાર)

## ૧૦૫ : શ્રીવર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળીના તપસ્વીઓની અનુમોદના

શિષ્ય પૂછે છે- 'જિતં હિ કેન ?' (આ જગતમાં (જીવન સંગ્રામમાં) ખરેખર જીત્યું કોણ ગણાય ?) ગુરુ ઉત્તર આપે છે- 'રસો વૈ યેન' [જેણે રસ=રસનેન્દ્રિય ઉપર વિજય મેળવ્યો તે.]

શાસ્ત્રમાં કહ્યું છે કે 'અકખાણ રસણી' અર્થાત્ પાંચેય ઈન્દ્રિયોમાં રસનેન્દ્રિયને જીતવી સહુથી વધુ દુષ્કર છે. જે રસનેન્દ્રિયને જીતે છે અર્થાત્ કાબુમાં રાખી શકે છે તે બાકીની ઇન્દ્રિયોને તથા મનને પણ જીતી શકે છે. ઈન્દ્રિયો અને મનનો વિજેતા જ આત્મવિજેતા બની જગત વિજેતા-જગત્પૂજ્ય

બની શકે છે.

**રસનેન્દ્રિય ઉપર વિજય મેળવવા માટે આયંબિલ તપ એ જિનશાસનની જગતને અનોખી અને અનુપમ દેન છે !**

આયંબિલમાં દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ તથા કડા (તળેલી વસ્તુઓ) આ છ એ વિગઈઓ (વિકારોત્પાદક દ્રવ્યો) થી સર્વથા રહિત નિર્વિકારી સાત્ત્વિક આહારથી ૧ ટંક ભોજન કરવાનું હોવાથી ઈન્દ્રિયો અને મન નિર્વિકારી બને છે, ચિત્ત સાત્ત્વિક અને પ્રસન્ન બને છે, બ્રહ્મચર્ય પાલન સુલભ થાય છે, શરીર નીરોગી અને હળવું ફુલ બને છે, સ્ફૂર્તિ વધે છે, મન શાંત સ્થિર અને જાપ-ધ્યાનમાં સહેલાઈથી એકાગ્ર બની શકે છે.

ઉપવાસથી પણ ઉપરોક્ત લાભો મેળવી શકાય છે. પરંતુ ઉપવાસ મર્યાદિત પ્રમાણમાં થઈ શકે છે જ્યારે આયંબિલ તો મહિનાઓ કે વર્ષો સુધી પણ નિરંતર કરી શકાય છે.

હોટલો, રેસ્ટોરેન્ટો, રેંકડીઓ અને ફાસ્ટફૂડના આ જમાનામાં ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય આદિનો વિવેક ભૂલીને માણસ જીવવા માટે ખાવાને બદલે જાણે કે ખાવાને માટે જીવતો હોય તેમ જણાય છે. પરિણામે અનેક નવા નવા અસાધ્ય કે દુઃસાધ્ય ગણાતા રોગોએ માણસના શરીરને ભરડો લેવા માંડ્યો છે ત્યારે સર્વજ્ઞ-સર્વદર્શી એવા જિનેશ્વર ભગવંતોએ બતાવેલો આયંબિલ તપ શારીરિક, માનસિક તેમજ આત્મિક આરોગ્ય માટે ભારે આશીર્વાદ રૂપ પુરવાર થયેલ છે.

માટે જ તો આવા વિલાસી વિજ્ઞાનયુગમાં પણ હજારો આત્માઓ વિષમિશ્રિત મોદક તુલ્ય પરિણામકટુ એવા ચટાકેદાર ભોજનનો સ્વેચ્છાએ પરિત્યાગ કરીને અમૃતતુલ્ય આયંબિલ તપને જાણે કે જીવન વ્રત બનાવ્યું હોય તેમ ચડતા પરિણામે આયંબિલ તપની ઓળીઓ ઉપર ઓળીઓ હોંસે હોંસે કરતા જોવા મળે છે. એવા આત્માઓ **'જે સારખાયા તે તયકખાયા, જે તયકખાયા તે સારખાયા'** (જેમણે સારભૂત અર્થાત્ વિગઈઓ યુક્ત માલ-પાણી વાળો આહાર કર્યો છે તેમણે ખરેખર છોતરા જ ખાધા છે અને જેમણે આયંબિલનું નીરસ ભોજન કર્યું છે તેમણે જ ખરેખર સારભૂત ભોજન કર્યું છે) આ શાસ્ત્ર વચનનું હાર્દ સમજી શક્યા છે અને જીવનમાં અનુભવી રહ્યા છે.

આયંબિલ તપની આરાધના પણ નવપદની ઓળી, એકાંતરા કે સળંગ ૫૦૦ યા ૧૦૦૦ આયંબિલ, પર્વતિથિઓમાં છુટક આયંબિલ વિગેરે અનેક રીતે થાય છે પરંતુ તેમાં પણ વર્ધમાન આયંબિલ તપનું સ્થાન અનેરું છે. કારણ કે તેમાં નામ પ્રમાણે વર્ધમાન એટલે કે વધતા ક્રમે ઓળીઓ

કરવાની હોવાથી વધુ ને વધુ ઓળીઓ કરવાનો ઉત્સાહ વર્ધમાન બનતો જાય છે.

તેથી જ આજે સેંકડો આત્માઓ વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂરી કરીને ફરી બીજી વાર પાયો નાખીને ઓળીઓ કરતા જોવા મળે છે; તો કોઈક વિરલ આત્માઓ બે વાર સો ઓળી પૂરી કરીને ત્રીજી વાર પાયો નાખીને આગળ ધપતા જોવા મળે છે. આવા પરમ તપસ્વી આત્માઓના દર્શન, વંદન કે સ્મરણ માત્રથી પણ આપણી અનંત કર્મરાશિની નિર્જરા થાય છે.

એક આયંબિલ ઉપર એક ઉપવાસ કરવાથી ૧લી ઓળી પૂરી થાય છે. પછી સળંગ બે આયંબિલ ઉપર એક ઉપવાસ કરવાથી બીજી ઓળીપૂરી થાય છે. એ રીતે અનુક્રમે આગળ વધતાં પાંચ ઓળી સળંગ કરવાથી કુલ ૧૫ આયંબિલ અને ૫ ઉપવાસ દ્વારા ૨૦ દિવસમાં વર્ધમાન તપનો પાયો નાખ્યો કે થડો બાંધ્યો ગણાય છે.

મકાનનો પાયો નાખ્યા પછી અનુકૂળતા મુજબ ઉપરના મજલાઓનું ચણતર થઈ શકે છે તેમ સળંગ પાંચ ઓળીથી વર્ધમાન તપનો પાયો નાંખ્યા બાદ છઠ્ઠી, સાતમી વિગેરે ઓળીઓ અનુકૂળતા મુજબ સળંગ કે છુટી છુટી પણ કરી શકાય છે. જો એક પણ પારણું કર્યા વિના સળંગ ૧૦૦ ઓળી પૂરી કરવામાં આવે તો કુલ ૫૦૫૦ આયંબિલ અને ૧૦૦ ઉપવાસ દ્વારા ૧૪ વર્ષ, ૩ મહિના અને ૨૦ દિવસે આ તપ પરિપૂર્ણ થાય છે !!!...

[વીરમગામના રતિલાલભાઈ ખોડીદાસ નામના સુશ્રાવકે સળંગ ૧૦૦ ઓળી પરિપૂર્ણ કરેલ. તેમને યાવજ્જીવ આયંબિલ કરવાનો અભિગ્રહ હતો !!!]

ભૂતકાળમાં શ્રીચંદ્રકેવલી તથા મહાસેના અને કૃષ્ણા નામના સાધ્વીજી ભગવંતોએ વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી દ્વારા કર્મ નિર્જરા કરી કૈવલ્ય અને મુક્તિની પ્રાપ્તિ કર્યાના દૃષ્ટાંતો શાસ્ત્રોમાં નોંધાયા છે. પરંતુ આજે છેવટ્ઠું સંઘયણ હોવા છતાં પણ ચતુર્વિધ શ્રી સંઘમાંથી સેંકડો આત્માઓએ ૧૦૦ ઓળી પરિપૂર્ણ કરી છે. તેમની યથાપ્રાપ્ત શુભ નામાવલિ અત્રે અનુમોદનાર્થે સાદર-સાનંદ રજુ કરવામાં આવે છે.

આમાં અનેક આત્માઓએ કેટલીક ઓળી ફક્ત ભાત-પાણીથી જ કરી હશે ! તો કેટલાકે બધા દ્રવ્યોમાં કરિયાતું નાખીને ઓળી કરી હશે !... કેટલાકે ફક્ત એક જ ધાન્યની વાનગીથી કે ફક્ત એક જ દ્રવ્યથી ઓળીઓ કરી હશે !... તો કેટલાકે વળી ઠામ ચોવિહાર કે અલૂણા આયંબિલથી પણ ઓળીઓ કરી હશે !... કેટલાક સાધુ-સાધ્વીજી ભગવંતોએ ઉગ્ર વિહારોમાં પણ ગામડાઓમાં સહજતાએ સૂઝતા મળી શકે તેવા ફક્ત ચણા-મમરા કે ખાખરા અને પાણીથી આયંબિલ કરીને ઓળીઓ કરી

હશે !!!

તો ચાલો આપણે એ સહુ તપસ્વી પવિત્રાત્માઓની મંગળમય નામાવલિ વાંચીને મન-વચન-કાયાથી તેમની અનુમોદના કરીને એ દિશામાં આગળ વધવા માટે શક્તિ સંપ્રાપ્ત કરીએ !...

આ નામાવલિ પ્રાપ્ત કરવામાં સહયોગ આપનાર પ. પૂ. પં. શ્રીશોભનવિજયજી મ. સા., પ. પૂ. પં. શ્રી વિદ્યાનંદવિજયજી મ. સા. તથા પ. પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ. સા. આદિનું અત્રે કૃતજ્ઞભાવે સ્મરણ કરું છું.

વાચકવૃંદને નમ્ર વિનંતિ કે અત્રે રજુ થયેલ નામાવલિ ઉપરાંત અન્ય જે કોઈ વર્ધમાન તપની ૧૦૦ ઓળીના આરાધક આત્માઓ આપના ખ્યાલમાં હોય તો તેમના નામ-ઠામ તથા ક્યારે ૧૦૦ ઓળી પૂરી કરી ઈત્યાદિ વિગત નીચેના સરનામે શીઘ્ર મોકલાવવા વિનંતિ જેથી સંપાદિત થઈ રહેલ ''બહુરત્ના વસુંધરા - ભાગ ૧-૨-૩ પુસ્તકમાં તેનો સમાવેશ કરી શકાય.

અત્રે રજુ થયેલ નામાવલિમાં પણ તપસ્વી સાધુ-સાધ્વીજી તથા શ્રાવક-શ્રાવિકાઓના સરનામા, ક્યારે ૧૦૦ ઓળી પૂરી કરી, સો ઓળી પૂર્ણ થયા બાદ ફરી કેટલી ઓળી થઈ ઈત્યાદિ વિગત પણ નીચેના સરનામે મોકલાવવા વિનંતિ.

ગણિ મહોદયસાગર ''કચ્છી ભવન'' મુ. પો. શંખેશ્વર તીર્થ, જિ. મહેસાણા પીન : ૩૮૪૨૪૬ (ફોન : ૦૨૭૩૩-૭૩૩૬૩ મહેતાજી સોમાભાઈ)

## ૧૦૬ : વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર તપસ્વી સાધુ ભગવંતોની શુભ નામાવલિ

| | નામ | ક્યારે પૂર્ણ કરી ? વિ. સં. | સમુદાય |
|---|---|---|---|
| ૧ | પૂ. આ. શ્રી રાજતિલકસૂરીશ્વરજી મ. સા. | ૨૦૧૩ | પૂ.આ.શ્રી પ્રેમસૂરિજી |
| | (૧૦૦+૧૦૦+૮૮ ઓળી) બીજી વાર | ૨૦૩૪ | મ. સા. |
| ૨ | પૂ. આ. શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા. | ૨૦૩૯ | " |
| ૩ | પૂ. આ. શ્રી લલિતશેખર- સૂરીશ્વરજી મ. સા. | ૨૦૪૫ | " |
| ૪ | પૂ. આ. શ્રી નરચંદ્રસૂરીશ્વરજી મ. સા. | ૨૦૩૪ | " |
| ૫ | પૂ. આ. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા. | ૨૦૪૮ | " |

| | | | |
|---|---|---|---|
| ૬ | પૂ. આ. શ્રી ગુણયશસૂરીશ્વરજી મ. સા. | ૨૦૪૨ | " |
| ૭ | પૂ. પંન્યાસ શ્રી દિવ્યાનંદવિજયજી મ. સા. | ૨૦૩૪ | " |
| ૮ | પૂ. પંન્યાસ શ્રી રાજયશવિજયજી મ. સા. | ૨૦૩૫ | " |
| ૯ | પૂ. પંન્યાસ શ્રી જયમંગલવિજયજી મ. સા. | ૨૦૩૦ | " |
| ૧૦ | પૂ. પંન્યાસ શ્રી જિનસેનવિજયજી મ. સા. | ૨૦૩૮ | " |
| ૧૧ | પૂ. પંન્યાસ શ્રી જિનયશવિજયજી. મ. સા. | ૨૦૪૪ | " |
| ૧૨ | પૂ. પંન્યાસ શ્રી નરવાહનવિજયજી મ. સા. | ૨૦૪૦ | " |
| ૧૩ | પૂ. પંન્યાસ શ્રી વિમલસેનવિજયજી મ. સા. | ૨૦૪૧ | " |
| ૧૪ | પૂ. પંન્યાસ શ્રી જયસોમવિજયજી મ. સા. | ૨૦૪૧ | " |
| ૧૫ | પૂ. પંન્યાસ શ્રી કીર્તિરત્નવિજયજી મ. સા. | ૨૦૪૫ | " |
| ૧૬ | પૂ. પંન્યાસ શ્રી કનકસુંદરવિજયજી મ. સા. | ૨૦૫૦ | " |
| ૧૭ | પૂ. પંન્યાસ શ્રી શોભનવિજયજી મ. સા. (ગૃહસ્થપણામાં કરેલ) | ૨૦૩૦ | " |
| ૧૮ | પૂ. પંન્યાસ શ્રી વિદ્યાનંદવિજયજી મ. સા. | ૨૦૫૦ | " |
| ૧૯ | પૂ. પંન્યાસ શ્રી યશોભૂષણવિજયજી મ. સા. | ૨૦૫૧ | " |
| ૨૦ | પૂ. ગણિવર્ય શ્રી વરબોધિવિજયજી મ. સા. | ૨૦૫૩ | " |
| ૨૧ | પૂ. મુનિરાજ શ્રી મનોગુપ્તવિજયજી મ. સા. | ૨૦૩૨ | " |
| ૨૨ | પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મ. સા. | ૨૦૩૩ | " |
| ૨૩ | પૂ. મુનિરાજ શ્રી બાહુબળવિજયજી મ. સા. | ૨૦૩૭ | " |
| ૨૪ | પૂ. મુનિરાજ શ્રી મિત્રવિજયજી મ. સા. | ૨૦૩૬ | " |
| ૨૫ | પૂ. મુનિરાજ શ્રી પૂર્ણાનંદવિજયજી મ. સા. | ૨૦૪૩ | " |
| ૨૬ | પૂ. મુનિરાજ શ્રી મુક્તિભદ્રવિજયજી મ. સા. (૧૦૦+૫૨) | ૨૦૪૫ | " |
| ૨૭ | પૂ. મુનિરાજ શ્રી સત્યાનંદવિજયજી મ. સા. | ૨૦૩૪ | " |
| ૨૮ | પૂ. મુ. શ્રી વિશ્વદર્શનવિજયજી મ. સા. | ૨૦૫૨ | " |

| | | |
|---|---|---|
| *૨૯ પૂ. આચાર્ય ભગવંત શ્રી ભુવનભાનુ-સૂરીશ્વરજી મ. સા. | ૨૦૨૭ | " |
| *૩૦ પૂ. આચાર્ય ભગવંત શ્રી મલયચંદ્રસૂરીશ્વરજી મ. સા. | ૨૦૩૨ | " |
| *૩૧ પૂ. આચાર્ય ભગવંત શ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મ.સા. | ૨૦૫૦ | " |
| *૩૨ પૂ. પંન્યાસ શ્રી ચંદ્રયશવિજયજી મ. સા. | ૨૦૨૩ | " |
| *૩૩ પૂ. પંન્યાસ શ્રી ચંદ્રાંશુવિજયજી મ. સા. | ૨૦૨૯ | " |
| *૩૪ પૂ. પંન્યાસ શ્રી જયંતભદ્રવિજયજી મ. સા. | ૨૦૨૩ | " |
| *૩૫ પૂ. પ્રવર્તક શ્રી યોગીન્દ્રવિજયજી મ. સા. | ૨૦૨૬ | " |
| *૩૬ પૂ. પંન્યાસ શ્રી હર્ષવિજયજી મ. સા. | ૨૦૦૭ | " |
| *૩૭ પૂ. પંન્યાસ શ્રી કાંતિવિજયજી મ. સા. | ૨૦૧૩ | " |
| *૩૮ પૂ. મુનિરાજ શ્રી કુમુદવિજયજી મ. સા. | ૨૦૦૮ | " |
| *૩૯ પૂ. મુનિરાજ શ્રી મહાનંદવિજયજી મ. સા. | ૨૦૧૪ | " |
| *૪૦ પૂ. મુનિરાજ શ્રી નરોત્તમવિજયજી મ. સા. | ૨૦૨૩ | " |
| *૪૧ પૂ. મુનિરાજ શ્રી મણિપ્રભવિજયજી મ. સા. | ૨૦૨૪ | " |
| *૪૨ પૂ. મુનિરાજ શ્રીકલ્યાણપ્રભવિજયજી મ. સા. | ૨૦૩૦ | " |
| *૪૩ પૂ. મુનિરાજ શ્રી જિતમોહવિજયજી મ. સા. (ગૃહસ્થપણામાં કરી) | ૨૦૨૩ | " |
| *૪૪ પૂ. મુનિરાજ શ્રીકીર્તિભૂષણવિજયજી મ. સા. | ૨૦૩૯ | " |
| *૪૫ પૂ. મુનિરાજ શ્રી ભુવનકીર્તિવિજયજી મ. સા. | ૨૦૪૦ | " |
| *૪૬ પૂ. મુનિરાજ શ્રી અકલંકવિજયજી મ. સા. | ૨૦૪૦ | " |
| *૪૭ પૂ. આચાર્યભગવંત શ્રી કુમુદચંદ્રસૂરીશ્વરજી મ. સા. (૧૦૦+૭૩) | ૨૦૨૨ | પૂ. આ. શ્રી નેમિસૂરિજી મ. સા. |
| ૪૮ પૂ. મુનિરાજ શ્રી કુશળચંદ્રવિજયજી મ. સા. (ગૃહસ્થપણામાં કરેલ) | | " |
| ૪૯ પૂ. મુનિરાજ શ્રી પૂર્ણચંદ્રવિજયજી મ. સા. | ૨૦૪૩ | " |

★ - કાલધર્મ પામ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૫૦ | પૂ. મુનિરાજ શ્રી દેવપ્રભવિજયજી મ. સા. | | " |
| ૫૧ | પૂ. આ.શ્રીનવરત્ન સાગરસૂરીશ્વરજી મ. સા. | ૨૦૫૨ | પૂ. આ. શ્રી સાગરાનંદ-સૂરિજી મ. સા. |
| ૫૨ | પૂ. ઉપાધ્યાય શ્રી હિમાંશુસાગરજી મ. સા. | ૨૦૩૯ | " |
| ૫૩ | પૂ. મુનિરાજશ્રી નિત્યવર્ધનસાગરજી મ. સા. | | " |
| ૫૪ | પૂ. આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. | ૨૦૩૦ | પૂ. બાપજી મ. સા. |
| ૫૫ | પૂ. મુનિરાજશ્રી હેમેન્દ્રવિજયજી મ. સા. | ૨૦૨૫ | " |
| ૫૬ | પૂ. ઉપાધ્યાય શ્રી ભુવનવિજયજી મ. સા. | | પૂ. આ. શ્રી નીતિસૂરિજી મ. સા. |
| ૫૭ | પૂ. મુનિ શ્રી અનંતભદ્રવિજયજી મ. સા. | | " |
| ૫૮ | પૂ. મુનિ શ્રી દર્શનવિજયજી મ. સા. | ૨૦૧૩ | પૂ. આ. શ્રી-ભક્તિસૂરિજી મ.સા. |
| *૫૯ | પૂ. મુનિ શ્રી પ્રબોધવિજયજી મ. સા. | ૨૦૧૩ | " |
| *૬૦ | પૂ. આ. શ્રી નિપુણપ્રભ સૂરીશ્વરજી મ. સા. | ૨૦૩૩ | પૂ. મોહન-લાલજી મહારાજ |
| *૬૧ | પૂ. દયામુનિ મ. સા. | ૨૦૨૫ | " |
| ૬૨ | પૂ. મુનિરાજ શ્રી ૐકારવિજયજી મ. સા. | | વાગડવાલા |
| ૬૩ | પૂ. મુનિરાજ શ્રી દિવ્યરત્નવિજયજી મ. સા. | ૨૦૫૨ | " |
| ૬૪ | પૂ. મુનિરાજ શ્રી શાંતિવિજયજી મ. સા. | ૨૦૩૫ | |
| ૬૫ | પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મ. સા. | | |

★ - કાલધર્મ પામ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૬૬ | પૂ. મુનિરાજ શ્રી જયકુંજરવિજયજી મ. સા. | ૨૦૪૧ | પૂ.આ. શ્રી લબ્ધિસૂરિજી મ.સા. |
| ૬૭ | પૂ. મુનિરાજ શ્રી સુદર્શનવિજયજી મ. સા. | | પૂ.આ.શ્રી ધર્મસૂરિજી મ. સા. |
| *૬૮ | પૂ. મુનિરાજ શ્રી તરુણવિજયજી મ. સા. | ૧૯૯૦ | પૂ. આ. શ્રી કેસરસૂરિજી મ. સા. |
| ૬૯ | પૂ. મુનિરાજ શ્રી મનોહરવિજયજી મ. સા. | ૨૦૨૦ | પૂ. મુનિરાજ શ્રી કપૂરવિજયજી મ. સા. |
| *૭૦ | પૂ. મુનિરાજ શ્રી ભાવવિજયજી મ. સા. | ૨૦૧૩ | પૂ. મુનિરાજ શ્રી અમીવિજયજી મ. સા. |

## ૧૦૭ : વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર તપસ્વી સાધ્વીજી ભગવંતોની શુભ નામાવલિ.

પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય

| | નામ | ૧૦૦ ઓળી ક્યારે પૂર્ણ કરી? વિ. સં. |
|---|---|---|
| ★૧ | પૂ. સા. શ્રી તીર્થશ્રીજી મ. સા. | ૨૦૦૨ |
| ★૨ | પૂ. સા. શ્રી સંવેગશ્રીજી મ. સા. | ૨૦૦૮ |
| ૩ | પૂ. સા. શ્રી રાજેન્દ્રશ્રીજી મ. સા. | ૨૦૧૮ |
| ★૪ | પૂ. સા. શ્રી પ્રવિણાશ્રીજી મ. સા. | ૨૦૨૧ |

★ - કાલધર્મ પામ્યા છે.

| | | |
|---|---|---|
| ૫ | પૂ. સા. શ્રી રેવતીશ્રીજી મ. સા. | ૨૦૨૦ |
| ૬ | પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. સા. | ૨૦૨૮ |
| ૭ | પૂ. સા. શ્રી સુનંદાશ્રીજી મ. સા. | |
| ૮ | પૂ. સા. શ્રી સુશીલાશ્રીજી મ. સા. | |
| ૯ | પૂ. સા. શ્રી ધર્મોદયાશ્રીજી મ. સા. | |
| ૧૦ | પૂ. સા. શ્રી અનુપમાશ્રીજી મ. સા. | |
| ૧૧ | પૂ. સા. શ્રી કલ્પબોધાશ્રીજી મ. સા. [૧૦૦ + ૬૯] | ૨૦૩૨ |
| ૧૨ | પૂ. સા. શ્રી સુશીમાશ્રીજી મ. સા. | |
| ૧૩ | પૂ. સા. શ્રી કલ્પલતાશ્રીજી મ. સા. | ૨૦૩૨ |
| ૧૪ | પૂ. સા. શ્રી ઈન્દ્રિયદમાશ્રીજી મ. સા. | ૨૦૩૩ |
| ★ ૧૫ | પૂ. સા. શ્રી કમલપ્રભાશ્રીજી મ. સા. | |
| ★ ૧૬ | પૂ. સા. શ્રી મણિપ્રભાશ્રીજી મ. સા. (૧૦૮ આળી) | |
| ★ ૧૭ | પૂ. સા. શ્રી નિરૂપમાશ્રીજી મ. સા. | ૨૦૪૨ |
| ૧૮ | પૂ. સા. શ્રી તત્ત્વવિદાશ્રીજી મ. સા. | ૨૦૪૪ |
| ૧૯ | પૂ. સા. શ્રી હર્ષિતવદનાશ્રીજી મ. સા. | |
| ૨૦ | પૂ. સા. શ્રી મહાયશાશ્રીજી મ. સા. | |
| ૨૧ | પૂ. સા. શ્રી ધર્મવિદાશ્રીજી મ. સા. | |
| ૨૨ | પૂ. સા. શ્રી અમીવર્ષાશ્રીજી મ. સા. | |
| ૨૩ | પૂ. સા. શ્રી અરૂણશ્રીજી મ. સા. | |
| ૨૪ | પૂ. સા. શ્રી પ્રિયધર્માશ્રીજી મ. સા. | |
| ૨૫ | પૂ. સા. શ્રી વિનયધર્માશ્રીજી મ. સા. | |
| ★ ૨૬ | પૂ. સા. શ્રી રોહિતાશ્રીજી મ. સા. | ૨૦૪૨ |
| ૨૭ | પૂ. સા. શ્રી જયરેખાશ્રીજી મ. સા. | ૨૦૪૬ |
| ૨૮ | પૂ. સા. શ્રી ધર્મયશાશ્રીજી મ. સા. | ૨૦૪૩ |
| ૨૯ | પૂ. સા. શ્રી પ્રિયદર્શનાશ્રીજી મ. સા. | |
| ★ ૩૦ | પૂ. સા. શ્રી સંયમશ્રીજી મ. સા. | |
| ૩૧ | પૂ. સા. શ્રી તત્ત્વજ્ઞાશ્રીજી મ. સા. | |

★ - કાલધર્મ પામ્યા છે.

| | | |
|---|---|---|
| ★૩૨ | પૂ. સા. શ્રી સુદક્ષાશ્રીજી મ. સા. | |
| ૩૩ | પૂ. સા. શ્રી ચંદ્રયશાશ્રીજી મ. સા. | ૨૦૪૦ |
| ૩૪ | પૂ. સા. શ્રી પદ્મલતાશ્રીજી મ. સા. | |
| ૩૫ | પૂ. સા. શ્રી માર્દવતાશ્રીજી મ. સા. | ૨૦૫૦ |
| ૩૬ | પૂ. સા. શ્રી પુણ્યોદયાશ્રીજી મ. સા. | |
| ૩૭ | પૂ. સા. શ્રી કર્મજ્ઞાશ્રીજી મ. સા. | ૨૦૫૨ |
| ૩૮ | પૂ. સા. શ્રી નવરત્નાશ્રીજી મ. સા. | ૨૦૫૨ |
| ૩૯ | પૂ. સા. શ્રી સુમનશ્રીજી મ. સા. | ૨૦૫૨ |
| ૪૦ | પૂ. સા. શ્રી ઋષિદત્તાશ્રીજી મ. સા. | ૨૦૫૩ |
| ૪૧ | પૂ. સા. શ્રી પ્રદીપ્તાશ્રીજી મ. સા. | ૨૦૫૩ |
| ૪૨ | પૂ. સા. શ્રી અરુજાશ્રીજી મ. સા. | ૨૦૪૦ |
| | **પૂ. આ. શ્રી કનકસૂરીશ્વરજી મ.સા.નો (વાગડ) સમુદાય** | |
| ૪૩ | પૂ. સા. શ્રી પુષ્પચૂલાશ્રીજી મ. સા. (૧૦૦+૧૦૦+૨૭) | ૨૦૨૪ |
| | (બીજીવાર) | ૨૦૪૪ |
| ★૪૪ | પૂ. સા. શ્રી વિબુધશ્રીજી મ. સા. | |
| ★૪૫ | પૂ. સા. શ્રી સુલસાશ્રીજી મ. સા. | ૨૦૩૧ |
| ૪૬ | પૂ. સા. શ્રી હંસકીર્તિશ્રીજી મ. સા. (૧૦૦+૧૦૦) | ૨૦૩૮ તથા ૨૦૫૩ |
| ૪૭ | પૂ. સા. શ્રી સંયમપૂર્ણાશ્રીજી મ. સા. | |
| ૪૮ | પૂ. સા. શ્રી કલ્યાણશ્રીજી મ. સા. | ૨૦૩૧ |
| ૪૯ | પૂ. સા. શ્રી અનંતશ્રીજી મ. સા. | |
| ૫૦ | પૂ. સા. શ્રી દમયંતીશ્રીજી મ. સા. | |
| ૫૧ | પૂ. સા. શ્રી વિજયલતાશ્રીજી મ. સા. | |
| ૫૨ | પૂ. સા. શ્રી જયલતાશ્રીજી મ. સા. | |
| ૫૩ | પૂ. સા. શ્રી પ્રભંજનાશ્રીજી મ. સા. (૧૦૦+૮૨) | |
| ૫૪ | પૂ. સા. શ્રી દિવ્યપ્રભાશ્રીજી મ. સા. | |
| ૫૫ | પૂ. સા. શ્રી દેવાનંદાશ્રીજી મ. સા. | ૨૦૩૭ |

★ - કાલધર્મ પામ્યા છે.

| | | |
|---|---|---|
| ૫૬ | પૂ. સા. શ્રી ચંદ્રકીર્તિશ્રીજી મ. સા. | ૨૦૪૧ |
| ૫૭ | પૂ. સા. શ્રી કુવલયાશ્રીજી મ. સા. | ૨૦૩૮ |
| ૫૮ | પૂ. સા. શ્રી પ્રભાવતીશ્રીજી મ. સા. | ૨૦૪૩ |
| ૫૯ | પૂ. સા. શ્રી ચારુવ્રતાશ્રીજી મ. સા. | ૨૦૪૭ |
| ૬૦ | પૂ. સા. શ્રી હેમચંદ્રાશ્રીજી મ. સા. | ૨૦૪૪ |
| ૬૧ | પૂ. સા. શ્રી અનુપમાશ્રીજી મ. સા. | |
| ૬૨ | પૂ. સા. શ્રી ચંદ્રલતાશ્રીજી મ. સા. | |
| ૬૩ | પૂ. સા. શ્રી નેમિપ્રભાશ્રીજી મ. સા. (૧૦૮+૫૬) | |
| ૬૪ | પૂ. સા. શ્રી પદ્મપ્રભાશ્રીજી મ. સા. (૧૦૦+૭૧) | ૨૦૪૧ |
| ૬૫ | પૂ. સા. શ્રી અનંતકિરણાશ્રીજી મ. સા. | |
| ૬૬ | પૂ. સા. શ્રી હીરશ્રીજી મ. સા. | |
| ૬૭ | પૂ. સા. શ્રી નિત્યાનંદશ્રીજી મ. સા. | |
| ૬૮ | પૂ. સા. શ્રી નંદનશ્રીજી મ. સા. | |
| ૬૯ | પૂ. સા. શ્રી પ્રવિણપ્રભાશ્રીજી મ. સા. | |
| ૭૦ | પૂ. સા. શ્રી સુભદ્રાશ્રીજી મ. સા. | |
| ૭૧ | પૂ. સા. શ્રી અમીરસાશ્રીજી મ. સા. | |
| ૭૨ | પૂ. સા. શ્રી ચારુધર્માશ્રીજી મ. સા | |
| ૭૩ | પૂ. સા. શ્રી સૌમ્યયશાશ્રીજી મ. સા. | ૨૦૫૨ |
| ૭૪ | પૂ. સા. શ્રી પૂર્ણયશાશ્રીજી મ. સા. | ૨૦૫૩ |
| | **પૂ. બાપજી મહારાજનો સમુદાય** | |
| ૭૫ | પૂ. સા. શ્રી મનોરમાશ્રીજી મ. સા. (૧૦૦+૧૦૦+૨૯) | ૨૦૨૬-૨૦૫૧ (બીજીવાર) |
| ૭૬ | પૂ. સા. શ્રી દક્ષાશ્રીજી મ. સા. | ૨૦૪૧ |
| ૭૭ | પૂ. સા. શ્રી રાજેન્દ્રશ્રીજી મ. સા. | ૨૦૪૧ |
| ૭૮ | પૂ. સા. શ્રી રવિપ્રભાશ્રીજી મ. સા. | ૨૦૪૧ |
| ૭૯ | પૂ. સા. શ્રી કમલપ્રભાશ્રીજી મ. સા. | ૨૦૪૮ |
| ★૮૦ | પૂ. સા. શ્રી વિદ્યાશ્રીજી મ. સા. | ૨૦૩૦ |
| ★૮૧ | પૂ. સા. શ્રી હર્ષલતાશ્રીજી મ. સા. | |

★ - કાલધર્મ પામ્યા છે.

| | | |
|---|---|---|
| ૮૨ | પૂ. સા. શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ. સા. | ૨૦૩૩ |
| ૮૩ | પૂ. સા. શ્રી જયકીર્તિશ્રીજી મ. સા. | ૨૦૩૬ |
| ૮૪ | પૂ. સા. શ્રી કિરણશ્રીજી મ. સા. | ૨૦૩૩ |
| ૮૫ | પૂ. સા. શ્રી ઈન્દ્રજયાશ્રીજી મ. સા. | ૨૦૩૯ |
| ૮૬ | પૂ. સા. શ્રી જયપ્રભાશ્રીજી મ. સા. (૧૦૦+૧૧) | |
| ૮૭ | પૂ. સા. શ્રી સૂર્યકાન્તાશ્રીજી મ. સા. | ૨૦૪૮ |
| ૮૮ | પૂ. સા. શ્રી મૃગાવતીશ્રીજી મ. સા. | ૨૦૪૮ |
| ૮૯ | પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. સા. | |
| ૯૦ | પૂ. સા. શ્રી વિમલયશાશ્રીજી મ. સા. | |
| ૯૧ | પૂ. સા. શ્રી કનકલતાશ્રીજી મ. સા. | |
| ૯૨ | પૂ. સા. શ્રી જયાનંદાશ્રીજી મ. સા. | ૨૦૪૨ |
| ૯૩ | પૂ. સા. શ્રી ધર્મશ્રીજી મ. સા. | |
| ૯૪ | પૂ. સા. શ્રી પદ્મરેખાશ્રીજી મ. સા. (૧૦૮ ઓળી) | ૨૦૫૧ |
| ૯૫ | પૂ. સા. શ્રી શીલરત્નાશ્રીજી મ. સા. | ૨૦૪૮ |
| ૯૬ | પૂ. સા. શ્રી ચંદ્રશીલાશ્રીજી મ. સા. | ૨૦૪૯ |
| ૯૭ | પૂ. સા. શ્રી ભવ્યપૂર્ણાશ્રીજી મ. સા. | |
| ૯૮ | પૂ. સા. શ્રી ગુણજ્ઞાશ્રીજી મ. સા. | ૨૦૪૯ |
| ૯૯ | પૂ. સા. શ્રી હિરણ્યપ્રભાશ્રીજી મ. સા. | ૨૦૫૧ |
| ૧૦૦ | પૂ. સા. શ્રી લબ્ધગુણાશ્રીજી મ. સા. | ૨૦૫૨ |
| ૧૦૧ | પૂ. સા. શ્રી જયપૂર્ણાશ્રીજી મ. સા. (૧૦૦+૧૨) | |
| ૧૦૨ | પૂ. સા. શ્રી ક્ષમાશીલાશ્રીજી મ. સા. | ૨૦૫૩ |
| | **પૂ. આ. શ્રી નીતિસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય** | |
| ૧૦૩ | પૂ. સા. શ્રી સુલોચનાશ્રીજી મ. સા. | ૨૦૩૭ |
| ૧૦૪ | પૂ. સા. શ્રી અનંતપૂર્ણાશ્રીજી મ. સા. | |
| ★૧૦૫ | પૂ. સા. શ્રી સુનંદાશ્રીજી મ. સા. | ૨૦૩૮ |
| ૧૦૬ | પૂ. સા. શ્રી નિર્મળાશ્રીજી મ. સા. | ૨૦૩૯ |
| ૧૦૭ | પૂ. સા. શ્રી પ્રિયંકરાશ્રીજી મ. સા. | ૨૦૪૦ |
| ૧૦૮ | પૂ. સા. શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ. સા. | ૨૦૪૩ |

★ - કાલધર્મ પામ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૦૯ | પૂ. સા. શ્રી સ્નેહલતાશ્રીજી મ. સા. | ૨૦૪૩ |
| ૧૧૦ | પૂ. સા. શ્રી મહાનંદાશ્રીજી મ. સા. | ૨૦૪૫ |
| ૧૧૧ | પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ. સા | |
| ૧૧૨ | પૂ. સા. શ્રી વિપુલયશાશ્રીજી મ. સા. | ૨૦૪૯ |
| ૧૧૩ | પૂ. સા. શ્રી રત્નરેખાશ્રીજી મ. સા. | ૨૦૪૮ |
| ૧૧૪ | પૂ. સા. શ્રી વિશ્વપૂર્ણાશ્રીજી મ. સા. | ૨૦૪૯ |
| ★૧૧૫ | પૂ. સા. શ્રી દક્ષાશ્રીજી મ. સા. | |
| | **પૂ. આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય** | |
| ★૧૧૬ | પૂ. સા. શ્રી સુવ્રતાશ્રીજી મ. સા. | |
| ૧૧૭ | પૂ. સા. શ્રી શશિપ્રભાશ્રીજી મ. સા. | ૨૦૩૧ |
| ૧૧૮ | પૂ. સા. શ્રી સુભદ્રાશ્રીજી મ. સા. | ૨૦૨૫ |
| ૧૧૯ | પૂ. સા. શ્રી દિવ્યપ્રભાશ્રીજી મ. સા. | ૨૦૩૪ |
| ૧૨૦ | પૂ. સા. શ્રી નિર્મળાશ્રીજી મ. સા. | |
| ૧૨૧ | પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. સા. | ૨૦૪૪ |
| ૧૨૨ | પૂ. સા. શ્રી ઉર્મિલાશ્રીજી મ. સા. | ૨૦૩૫ |
| ૧૨૩ | પૂ. સા. શ્રી પૂર્ણયશાશ્રીજી મ. સા. | ૨૦૫૨ |
| ૧૨૪ | પૂ. સા. શ્રી શુભંકરાશ્રીજી મ. સા. | ૨૦૪૪ |
| ★૧૨૫ | પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. | |
| ૧૨૬ | પૂ. સા. શ્રી બાલસેનાશ્રીજી મ. સા. | ૨૦૩૮ |
| ૧૨૭ | પૂ. સા. શ્રી પરમપદ્માશ્રીજી મ. સા. | ૨૦૫૨ |
| ૧૨૮ | પૂ. સા. શ્રી જિનેન્દ્રશ્રીજી મ. સા. | ૨૦૩૭ |
| ૧૨૯ | પૂ. સા. શ્રી હંસકલાશ્રીજી મ. સા. | ૨૦૫૦ |
| ૧૩૦ | પૂ. સા. શ્રી સુધાંશુયશાશ્રીજી મ. સા. | ૨૦૫૩ |
| ૧૩૧ | પૂ. સા. શ્રી જયલતાશ્રીજી મ. સા. | ૨૦૪૯ |
| ૧૩૨ | પૂ. સા. શ્રી ચંદ્રિકાશ્રીજી મ. સા. | ૨૦૫૩ |
| | **પૂ. આ. શ્રી નેમિસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય** | |
| ૧૩૩ | પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ. સા. | ૨૦૩૧ |
| ૧૩૪ | પૂ. સા. શ્રી નયપ્રજ્ઞાશ્રીજી મ. સા. | |

★ - કાલધર્મ પામ્યા છે.

૧૩૫ પૂ. સા. શ્રી મનોરમાશ્રીજી મ. સા.

૧૩૬ પૂ. સા. શ્રી રત્નયશાશ્રીજી મ. સા.

૧૩૭ પૂ. સા. શ્રી રત્નપ્રભાશ્રીજી મ. સા. ૨૦૪૮

૧૩૮ પૂ. સા. શ્રી ચંદ્રલતાશ્રીજી મ. સા.

૧૩૯ પૂ. સા. શ્રી પદ્મલતાશ્રીજી મ. સા.

૧૪૦ પૂ. સા. શ્રી અભયપ્રજ્ઞાશ્રીજી મ. સા. ૨૦૫૨

**પૂ. આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય**

૧૪૧ પૂ. સા. શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ. સા. ૨૦૩૭

૧૪૨ પૂ. સા. શ્રી માર્ગોદયાશ્રીજી મ. સા. ૨૦૪૮

૧૪૩ પૂ. સા. શ્રી અનુપમાશ્રીજી મ. સા.

૧૪૪ પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. સા.

૧૪૫ પૂ. સા. શ્રી વિમલપ્રભાશ્રીજી મ. સા.

૧૪૬ પૂ. સા. શ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી મ. સા. ૨૦૪૩

૧૪૭ પૂ. સા. શ્રી લબ્ધગુણાશ્રીજી મ. સા. ૨૦૫૨

૧૪૮ પૂ. સા. શ્રી કિરણરેખાશ્રીજી મ. સા. ૨૦૪૩

**અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય**

૧૪૯ પૂ. સા. શ્રી અમરેન્દ્રશ્રીજી મ. સા. ૨૦૩૮

૧૫૦ પૂ. સા. શ્રી મનહરશ્રીજી મ. સા. ૨૦૫૧

૧૫૧ પૂ. સા. શ્રી અરુણોદયશ્રીજી મ. સા. (૧૦૭) ૨૦૫૦

૧૫૨ પૂ. સા. શ્રી વિશ્વોદયશ્રીજી મ. સા. (૧૦૦+૪૦) ૨૦૪૩

૧૫૩ પૂ. સા. શ્રી અભયગુણાશ્રીજી મ. સા. (૧૦૦+૨૨) ૨૦૪૯

૧૫૪ પૂ. સા. શ્રી રમ્યગુણાશ્રીજી મ. સા. (૧૦૦+૨૦) ૨૦૫૧

**પૂ. આ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય**

૧૫૫ પૂ. સા. શ્રી હર્ષપ્રભાશ્રીજી મ. સા. (૧૦૦+૮૬) ૨૦૩૮

૧૫૬ પૂ. સા. શ્રી સુરેન્દ્રશ્રીજી મ. સા. (૧૦૦+૨૫) ૨૦૪૦

૧૫૭ પૂ. સા. શ્રી વિશાલાશ્રીજી મ. સા.

**પૂ. આ. શ્રી રામસૂરીશ્વરજી મ. સા. (ડહેલાવાળા)નો સમુદાય**

૧૫૮ પૂ. સા. શ્રી જયંતિશ્રીજી મ. સા. (૧૦૮ ઓળી) ૨૦૩૮

૧૫૯ પૂ. સા. શ્રી કનકપ્રભાશ્રીજી મ. સા. (૧૦૮ ઓળી) ૨૦૪૫

૧૬૦ પૂ. સા. શ્રી શ્રેયગુણાશ્રીજી મ. સા. (૧૦૮ ઓળી) ૨૦૫૦

| | | |
|---|---|---|
| ૧૬૧ | પૂ. સા. શ્રી લલિતાશ્રીજી મ. સા. | ૨૦૪૫ |
| ૧૬૨ | પૂ. સા. શ્રી પદ્મપ્રભાશ્રીજી મ. સા. | ૨૦૪૬ |
| ૧૬૩ | પૂ. સા. શ્રી ભાનુપ્રભાશ્રીજી મ. સા. | ૨૦૫૩ |
| ૧૬૪ | પૂ. સા. શ્રી વસંતશ્રીજી મ. સા. | |
| | **પૂ. આ. શ્રી ૐકારસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય** | |
| ૧૬૫ | પૂ. સા. શ્રી સુવર્ણાશ્રીજી મ. સા. (૧૦૦+૫૫) | ૨૦૩૬ |
| ૧૬૬ | પૂ. સા. શ્રી સદ્ગુણાશ્રીજી મ. સા. (૧૦૦+૩૦) | ૨૦૪૨ |
| | **પૂ. આ. શ્રી શાંતિચન્દ્રસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય** | |
| ★૧૬૭ | પૂ. સા. શ્રી સુશીલાશ્રીજી મ. સા. | |
| ૧૬૮ | પૂ. સા. શ્રી સુવ્રતાશ્રીજી મ. સા. | |
| ૧૬૯ | પૂ. સા. શ્રી સૂર્યરેખાશ્રીજી મ. સા. | ૨૦૫૨ |
| | **પૂ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય** | |
| ૧૭૦ | પૂ. સા. શ્રી સુમિત્રાશ્રીજી મ. સા. | ૨૦૩૭ |
| ૧૭૧ | પૂ. સા. શ્રી સૂર્યલતાશ્રીજી મ. સા. | ૨૦૪૪ |
| ૧૭૨ | પૂ. સા. શ્રી રાજુલાશ્રીજી મ. સા. | ૨૦૩૯ |
| ૧૭૩ | પૂ. સા. શ્રી રાજેન્દ્રશ્રીજી મ. સા. | ૨૦૪૧ |
| ૧૭૪ | પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ. સા. | ૨૦૫૧ |
| | **પૂ. આ. શ્રી ધનપાલસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય** | |
| ૧૭૫ | પૂ. સા. શ્રી શુભદર્શનાશ્રીજી મ. સા. | ૨૦૪૯ |
| ૧૭૬ | પૂ. સા. શ્રી વિમલપ્રભાશ્રીજી મ. સા. | |
| | **પૂ. આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય** | |
| ૧૭૭ | પૂ. સા. શ્રી અજિતસેનાશ્રીજી મ. સા. | |
| | **ખરતર ગચ્છ** | |
| ૧૭૮ | પૂ.સા. શ્રી જસવંતશ્રીજી મ.સા. | ૨૦૫૨ |
| | **સૌધર્મબૃહત્ તપાગચ્છ ત્રિસ્તુતિક સમુદાય** | |
| ૧૭૯ | પૂ.સા.શ્રી ચંદ્રપ્રભાશ્રીજી | |

## ૧૦૮ : વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર તપસ્વી શ્રાવકોની શુભ નામાવલિ.

| | નામ | ક્યારે પૂર્ણ કરી? વિ.સં. | ગામ |
|---|---|---|---|
| ★ ૧. | ચીમનલાલભાઈ સરૂપચંદ | ૨૦૦૭ | મુંબઈ |
| ★ ૨. | દત્તાત્રય ગણપત ત્રાટક | ૨૦૧૪ | નીપાણી (કર્ણાટક) |
| ★ ૩. | જેઠાલાલભાઈ ખીમજી | ૨૦૧૫ | વેરાવળ |
| ★ ૪. | મોહનભાઈ (પ્રજ્ઞાચક્ષુ) | ૨૦૧૦ | પાટણ |
| ★ ૫. | કાનજીભાઈ ભુદરભાઈ | ૨૦૧૭ | રાધનપુર |
| ૬. | ચીમનલાલભાઈ ગરબડદાસ | ૨૦૧૮ | |
| ૭. | બાલાભાઈ રાયચંદ | ૨૦૨૩ | ખંભાત |
| ૮. | રતિલાલભાઈ વનમાળીદાસ | ૨૦૨૪ | મુંબઈ |
| ૯. | કાંતિલાલભાઈ હરગોવિંદ | ૨૦૨૫ | રાધનપુર |
| ૧૦. | મનસુખલાલભાઈ પોપટલાલ | | પાટણ |
| ★ ૧૧. | લીલાધરભાઈ પુંજાભાઈ | ૨૦૩૦ | મુંબઈ |
| ●★૧૨. | રતિલાલભાઈ ખોડીદાસ | ૨૦૩૨ | વીરમગામ |
| ૧૩. | હિંમતલાલભાઈ રૂપજી | ૨૦૩૨ | લુણાવા |
| ૧૪. | શેષમલજી સતાવત | | રાજસ્થાન |
| ૧૫. | ચંદનમલજી દેવીચંદ | ૨૦૪૩ | લુણાવા (હાલ લોઅર પરેલ) |
| ૧૬. | ઝવેરચંદભાઈ મોતીચંદ ઝવેરી (૧૦૦+૪૬) | ૨૦૪૪ | મુંબઈ-બોરીવલી (પૂર્વ) જૈનચાલ, રૂમ નં. ૧૮, દોલતનગર |
| ૧૭. | અમરચંદભાઈ ફકીરચંદ ઝવેરી | ૨૦૪૫ | મુંબઈ |
| ૧૮. | દલપતભાઈ બોઘરા | | પાલી |

★ - કાલધર્મ પામ્યા છે.

| | | | |
|---|---|---|---|
| | ૧૯. પંડિત મોતીલાલભાઈ ડુંગરજી (પ્રજ્ઞાચક્ષુ) (૧૦૦+૪૫) | | સમી |
| | ૨૦. મૂળરાજજી | | જોધપુર |
| | ૨૧. જસવંતભાઈ કપૂરચંદ | | અલાત. |
| | ૨૨. કપૂરચંદભાઈ અંગરાજ | | સમજડી (રાજસ્થાન) |
| | ૨૩. કનુભાઈ લાલુભાઈ ઝવેરી | ૨૦૫૦ | મુંબઈ |
| | ૨૪. બાબુભાઈ | ૨૦૫૧ | |
| | ૨૫. અશોકભાઈ | ૨૦૪૭ | પુના |
| | ૨૬. જગદીશભાઈ કેશવલાલ પારેખ (૬૭થી ૧૦૦ ઓળી સહસાવનમાં ૩ કે ૫ દ્રવ્યથી) | ૨૦૫૧ | જૂનાગઢ, ઉપરકોટ રોડ, ગેબનશા પીર પાસે, મોહન નિવાસ |
| ★ | ૨૭. જગજીવનદાસ ગિરધરલાલ (મુનિશ્રી જિતમોહવિજયજી મ.) | ૨૦૨૩ | મુંબઈ (પ્રેમસૂરિમ. ના સમુદાયમાં) |
| ★ | ૨૮. જયંતિલાલભાઈ મણિલાલ (મુનિશ્રી જયંતભદ્ર વિજયજી મ.) વિજયજી મ.) | ૨૦૨૩ | રાધનપુર (પ્રેમસૂરિમ. ના સમુદાયમાં) |
| | ૨૯. ડાહ્યાભાઈ (હાલ મુનિશ્રી કુશળચંદ્ર વિ.મ.) | | સુરત (નેમિ-સૂરિમ. ના સમુદાયમાં) |
| | ૩૦. શાંતિચંદ્ર હીરાચંદ ઝવેરી (હાલ મુનિશ્રી શોભનવિજયજી મ.) | | (પ્રેમસૂરિ મ. ના સમુદાયમાં) |

★ - કાલધર્મ પામ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૩૧. | પુખરાજજી કસ્તૂરચંદજી (૧૦૦+૨૯) | ૨૦૪૭ | ૪૦૪ ગોકુલનગર, વીશીન એપાર્ટ., ભીવંડી જિ. થાણા |
| ૩૨. | છનાભાઈ | | મલાડ - મુંબઈ |
| ૩૩. | અશોકભાઈ મોરખીયા (આંગીવાળા) કાંદિવલી વે. મુંબઈ - ૬૭, ૨૦૨ શિવલોક શાંતિલાલ મોદી માર્ગ | | કાંદીવલી |
| ૩૪. | શાંતિલાલભાઈ | | કાંદીવલી |
| ૩૫. | સંપતભાઈ સુતરીયા | | |
| ૩૬. | સુરેશચંદ્ર દલસુખરામ ધમીજવાળા | ૨૦૫૨ | |

★ આવી નિશાનીવાળા તપસ્વી સદ્‌ગત થયેલા જાણવા.

● સં. ૨૦૧૭માં શરૂઆત કરી સળંગ ૧૦૦ ઓળી પૂર્ણ કરી. યાવજ્જીવ આયંબિલનો અભિગ્રહ હતો.

( ) ૨૭ થી ૩૦ નં. ના તપસ્વીઓએ ગૃહસ્થપણામાં ૧૦૦ ઓળી પૂર્ણ કરીને દીક્ષા અંગીકાર કરી છે.

## ૧૦૯ : વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર તપસ્વી શ્રાવિકાઓની શુભ નામાવલિ

| | નામ | ક્યારે પૂર્ણ કરી | ગામ |
|---|---|---|---|
| | | વિ.સં. | |
| ૧. | વેજુબેન | ૨૦૨૫ | માંડવી-કચ્છ |
| ૨. | મણિબેન મણિલાલભાઈ | | શાયન (ખંભાત) |
| ૩. | પાર્વતીબેન રાઘવજી | | ઘાટકોપર |
| ૪. | ચંદનબેન તારાચંદ | | બોરીવલી |

| | | | |
|---|---|---|---|
| ૫. | મણિબેન ઈશ્વરલાલ | | પાર્લા |
| ૬. | મણિબેન રતિલાલ | | ભુજ-કચ્છ. |
| ૭. | જમનાબેન પૂનમચંદ | ૨૦૩૮ | મુંબઈ (ગુલાલવાડી) |
| ૮. | ગંગાબેન | ૨૦૩૭ | અમદાવાદ (પંકજ સોસાયટી) |
| ૯. | કમુબેન ભૂરમલજી | ૨૦૪૧ | કૈલાસનગર |
| ૧૦. | લીલાબેન ચીમનલાલ | ૨૦૪૧ | અમદાવાદ |
| ૧૧. | નિર્મળાબેન સુરચંદ ઝવેરી | ૨૦૪૪ | સુરત |
| ૧૨. | લાડબાઈ સિંઘવી | | સોજત સીટી (રાજ.) |
| ૧૩ | શકરીબેન | | |
| ૧૪ | કમળાબેન કસ્તૂરચંદ સાકરચંદ | | ૬ જૈન સૌસા. અમદાવાદ (પાલડી)-૭ |
| ૧૫. | જડાવબેન દામજી ગાંધી | | ભચાઉ-કચ્છ. |
| ૧૬. | ચંચળબેન નેમચંદ શાહ | | ખંભાત |
| ૧૭. | મધુબેન કપૂરચંદ શાહ | | અલાત |
| ૧૮. | જડાવબેન કાંતિલાલ મહેતા | ૨૦૪૫ | ચોબારી (વાગડ) |
| ૧૯. | ચંદ્રાબેન બાબુલાલ સંઘવી | ૨૦૪૭ | ખડકી-પુના |
| ૨૦. | ગુલાબબેન રમણલાલ શાહ | ૨૦૪૬ | ૬ અકીક એપાર્ટ. ગુજરાત સોસા. જૈનનગર અમદાવાદ-૭ |
| ૨૧. | નિર્મળાબેન બચુભાઈ શાહ (૧૦૮+૩૩) | ૨૦૪૧ | સ્વસ્તિક એપાર્ટ નં-૭ અમદાવાદ શાંતિનગર આયંબિલખાતા સામે |
| ૨૨ | સુભદ્રાબેન હીરાલાલ | | શામળાની પોળ અમદાવાદ |

| | | |
|---|---|---|
| ૨૩. પદ્માબેન ચીમનલાલ | ૨૦૪૧ | જૈન એપાર્ટ., પ્રીતમનગર અખાડા સામે, અમ-૭. |
| ૨૪. સુભદ્રાબેન શાંતિલાલ | | શાંતિનગર અમદાવાદ |
| ૨૫. વિમળાબેન ચીમનલાલ (બોરસદવાળા) | | અમદાવાદ (પતાસા પોળ) |
| ૨૬. દમયંતીબેન દિનકરભાઈ | ૨૦૫૧ | અમદાવાદ (જૈન નગર) |
| ૨૭. લીલીબેન રવિલાલભાઈ શાહ | | માંડવી-કચ્છ. |
| ૨૮. શારદાબેન લાલભાઈ | | |
| ૨૯. સુભદ્રાબેન ચુનીલાલ | | અમદાવાદ |
| ૩૦. નીલીબેન બાબુભાઈ | | મુંબઈ |
| ૩૧. ઈન્દુબેન પૂનમચંદ શાહ (પ્રજ્ઞાચક્ષુ) | ૨૦૪૭ | ૭૪ શિવમ્ એપાર્ટ, વાડજ અમદાવાદ |
| ૩૨. સુભદ્રાબેન રવચંદ | | અમદાવાદ |
| ૩૩. તારાબેન પારેખ | | જૂનાગઢ |
| ૩૪. કુંવરબાઈ | | કચ્છ-દેવપુર-વાયા ભુજ |
| ૩૫. ગજરાબેન પન્નાલાલ | | મુંબઈ |
| ૩૬. કોકિલાબેન નૌતમલાલ ઘડિયાળી | | માટુંગા-મુંબઈ-૧૯ |
| ૩૭. મણિબેન | | નાયરોબી- આફ્રિકા |
| ૩૮. ઝવેરબેન | | સાણંદ |

# ૧૧૦ : કેટલાક મહાતપસ્વીઓની વંદનીય દીર્ઘ ભીષ્મ તપશ્ચર્યાઓનું કોષ્ટક

| ક્રમ | તપસ્વીનું નામ | તપશ્ચર્યાનું સ્થાન | ઉપવાસ | વિ.સં. | સમુદાય |
|---|---|---|---|---|---|
| ૧. | સાધ્વીશ્રી ભૂરોજી | લાડનૂ (રાજ.) | ૩૬૫ | પૂર્વે | શ્વે. તેરાપંથી |
| ૨ | મહાસતીશ્રી હેમકુંવરજી મ. સા. (અગાઉ ૧૦૮, ૧૩૧, ૧૫૧ ઉપવાસ કરેલ છે. અવારનવાર કેસરવૃષ્ટિ થાય છે.) | દિલ્લી | ૨૫૧ | ૨૦૫૨-૫૩ | સ્થા.શ્રમણસંઘ |
| ૩ | હીરાચંદભાઈ રતનસીં છેડા (વિશેષ વિગત માટે જુઓ આ જ પુસ્તકમાં તેમના વિષેનો લેખ.) | કલિકટ | ૨૧૧ | ૨૦૫૧-૫૨ | અચલગચ્છ |
| ૪ | શ્રી સહજમુનિજી મ. સા. (કુલ ૯ વાર ૧૦૦થી અધિક ઉપવાસ કરેલ છે !!! ) | ખાર-મુંબઈ | ૨૦૧ | ૨૦૫૦ | સ્થા. શ્રમણ સંઘ |
| ૫ | મહાસતી શ્રી મોહનમાલાજી મ.સા. (અગાઉ ૧૧૨ ઉપ. કરેલ. કેસરવૃષ્ટિ થાય છે.) | દિલ્લી | ૧૮૦ થી અધિક | ૨૦૫૨-૫૩ | સ્થા.શ્રમણસંઘ |
| ૬ | મુનિશ્રી ખૂમજી મ. સા. (માત્ર છાસના પાણીના આધારે આ તપશ્ચર્યા કરેલ.) | તાલ(મેવાડ) | ૧૯૩ | ૧૯૧૨ | શ્વે. તેરાપંથી |
| ૭ | શ્રાવિકા ચંપાબાઈ (અકબર બાદશાહના સમયમાં બાદશાહના જીવન પરિવર્તનમાં નિમિત્ત બનેલ) | દિલ્લી | ૧૮૦ | પૂર્વે | શ્વે. મૂર્તિપૂજક |
| ૮ | શ્રાવિકા વિમલાબાઈ વીરચંદ પારેખ (વિશેષ વિગત માટે જુઓ આ જ પુસ્તકમાં તેમના વિષેનો લેખ.) | બેંગ્લોર | ૧૮૦ | ૨૦૪૯ | શ્વે. મૂર્તિપૂજક |
| ૯ | શ્રાવિકા ઈચરજબાઈ ગુણાવત | જયપુર | ૧૬૫ | ૨૦૩૦ | સ્થા. રત્નવંશીય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | શ્રી અજય મુનિજી મ.સા. (વિ. સં. ૨૦૫૧માં ૧૧૦ ઉપવાસ કરેલ. અગાઉ અનેકવાર મોટી તપશ્ચર્યા કરેલ.) | ભવાત(પંજાબ) | ૧૬૧ | ૨૦૪૯ | સ્થા. શ્રમણસંઘ |
| ૧૧ | શ્રાવિકા ધાપૂબાઈ ગોલેચ્છા (અગાઉ અનેક માસખમણ તથા ૫૧, ૧૦૮, ૧૨૧ ઉપવાસ પણ કરેલ છે !) | બેંગ્લોર | ૧૫૧ | ૨૦૪૧ | શ્વે. સ્થાનકવાસી |
| ૧૨ | મુનિશ્રી કેશુલાલજી મ.સા. | ઉદયપુર | ૧૩૪ | | |
| ૧૩ | શ્રા. સંપતબાઈ ચોથમલજી ગાંધી | કોટા(રાજ.) | ૧૩૨ | ૨૦૫૦ | ખરતરગચ્છ |
| ૧૪ | મહાસતી શ્રી શુભાજી મ. સા. (ગયા વર્ષે ૬૨ ઉપવાસ કરેલ) | ગિદડાવાહા | ૧૩૧ | ૨૦૫૨-૫૩ | સ્થા. શ્રમણસંઘ |
| ૧૫ | શ્રા. પ્રકાશવતી ટેકચંદ જૈન (અગાઉ ૮ વર્ષીતપ તથા ૮ માસખમણ કરેલ છે.) | જાખલ(પંજાબ) | ૧૩૧ | ૨૦૫૧ | શ્વે. તેરાપંથી |
| ૧૬ | શ્રા. ચંચલાબાઈ બલદોટા (અગાઉ ૮૧ ઉપવાસ કરેલ છે. ) | :: | ૧૩૧ | ૨૦૫૧ | સ્થા. શ્રમણસંઘ |
| ૧૭ | પ્રફુલ્લભાઈ વી. વખાઈ | કોટ (મુંબઈ) | ૧૨૫ | ૨૦૫૨ | શ્વે. સ્થાનકવાસી |
| ૧૮ | નરેશભાઈ લાલજીભાઈ શાહ (મૂળ કચ્છના વતની. ૧૦૮ ઉપવાસ વિ. બીજી પણ ઘણી તપશ્ચર્યા કરી છે.) | વિક્રોલી (મું.) | ૧૨૨ | | |
| ૧૯ | શ્રી પ્રમોદકુમાર બાફના | ઔરંગાબાદ | ૧૨૧ | ૨૦૫૧ | શ્વે. સ્થાનકવાસી |
| ૨૦ | મુનિશ્રી નયઘનવિજયજી મ.સા. (પ. પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય.) | લાલબાગ(મુંબઈ) | ૧૧૩ | ૨૦૩૯ | તપાગચ્છ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧ | શ્રા. વનિતાબેન અમૃતલાલ સુખડિયા | પોરબંદર | ૧૧૧ | ૨૦૫૧ | સ્થા.ગોંડલપક્ષ |
| ૨૨ | મુનિશ્રી રત્નાકરવિજયજી મ.સા. | મહુવા (સૌરા.) | ૧૦૮ | ૨૦૪૦ પ્રાયઃ | શ્વે. મૂ.પૂ.તપા. |
| ૨૩ | કું બાંયાબાઈ (કચ્છ-લાલાવાલા) (મુનિ શ્રી ધર્મપ્રભસાગરજી મ. ના સંસારી બહેન) | ઘાટકોપર | ૧૦૮ | ૨૦૩૪ પ્રાયઃ | અચલગચ્છ |
| ૨૪ | સરસ્વતીબેન જસવંતલાલ કાપડિયા (બીજી ઘણી તપશ્ચર્યાની વિગત માટે વાંચો લેખ) | સુરત | ૧૦૮ | | તપાગચ્છ |
| ૨૫ | ભીખાભાઈ દરજી (પ. પૂ. આ. શ્રી ભુવનશેખરસૂરિજી મ. સા. ની નિશ્રામાં કેશવનગરમાં કરેલ.) | અમદાવાદ | ૧૦૮ | ૨૦૪૫ પ્રાયઃ | - તપાગચ્છ |
| ૨૬ | પ.પૂ. ગણિવર્યશ્રી નિત્યાનંદવિ. મ.સા. (પ. પૂ. આ. શ્રી વિ. પ્રતાપસૂરિજી મ. સા.ના શિષ્ય છે. ૫૦૦ અઠ્ઠાઈ પણ કરેલ છે !) | મુંબઈ- ગોડીજી | ૧૦૮ | ૨૦૨૫ | તપાગચ્છ |
| ૨૭ | મુનિશ્રીચારિત્રસાગરજી મ.સા. | કચનેર(મહા.) | ૧૦૨ | ૨૦૫૧ | દિગમ્બર |
| ૨૮ | પૂ. મુનિશ્રીસોમતિલકવિજયજી મ.સા. (૪૮૦ દિવસમાં ૪૦૭ ઉપવાસ થાય તેવા ગુણસંવત્સર તપની ૧૩મી બારીમાં ૭૬ વર્ષની વયે કાલધર્મ પામ્યા.) | | ૩૦૬ ઉપ. (૩૭૦ દિવસમાં) | ૨૦૪૫ | તપાગચ્છ |
| ૨૯ | ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સા (૨૫૦ ચૌવિહાર છઠ્ઠ સાથે દરેક છઠ્ઠ તપમાં શ્રી સિદ્ધાચલજીની ૭ યાત્રા કરેલ છે !!!) | પાલિતાણા | ૨૫૦ ચૌવિહાર છઠ્ઠ | | |
| ૩૦ | રૂપાબેન પ્રદીપકુમાર શાહ | ઔરંગાબાદ | ૪૧ ઉપ. ચૌવિહાર | ૨૦૫૦ | સ્થા. શ્રમણસંઘ |

| | | | | |
|---|---|---|---|---|
| | (પાણી પણ લીધા વિના ચૌવિહાર ઉપવાસની મહાન તપશ્ચર્યા કરેલ છે.) | | | |
| ૩૧ | શ્રીમતી ઈચ્છાબાઈ બોહરા (અગાઉ અનેક માસખમણ વિગેરે તપશ્ચર્યા કરેલ છે.) | બિલાડા(રાજ.) | ૩૭ ઉપ. ચૌવિહાર ૨૦૪૭ | સ્થા. રત્નવંશ |
| ૩૨ | શ્રીમતી વિમલાદેવી શાંતિલાલ કાંકરિયા (બીજી પણ અનેકવિધ તપશ્ચર્યા કરી છે અને હાલ પણ કરે છે.) | બેંગ્લોર | ૩૩ ઉપ. ચૌવિહાર ૨૦૪૭ | સ્થા. શ્રમણસંઘ |
| ૩૩ | પ. પૂ. ગણિવર્યશ્રી નિત્યાનંદવિજયજી મ.સા. (સં. ૨૦૦૨ થી પ્રાયઃ દર મહિને અઠ્ઠાઈ તપ કરે છે. ૧૦૮ ઉપવાસ પણ સળંગ કર્યા છે.) | | ૫૦૦ અઠ્ઠાઈ તપ | તપાગચ્છ |
| ૩૪ | શ્રી ગુમાનમલજી લોઢા (૪૨૦ ઉપવાસને બદલે ૪૨૦ અઠ્ઠાઈ દ્વારા વીશસ્થાનક તપની આરાધના કરી છે.) | ફલોદી(રાજ.) | ૪૩૫ અઠ્ઠાઈ | |
| ૩૫ | સા. શ્રી. (દીક્ષાથી માંડીને સળંગ અઠ્ઠમના પારણે અઠ્ઠમ ચાલુ છે.) | | ૧૦૦૦ અઠ્ઠમ સળંગ | તપાગચ્છ. |
| ૩૬ | રસીકભાઈ (છેલ્લા ૪૦ વર્ષથી સળંગ છઠ્ઠના પારણે છઠ્ઠથી વર્ષીતપ કરી રહ્યા છે. પારણામાં પણ એકાશણા જ કરે છે) | પૂના | છઠ્ઠથી ૪૦વર્ષીતપ | |
| ૩૭ | સરસ્વતીબેન (વિશેષ વિગત માટે આ જ પુસ્તકમાં લેખ વાંચો.) | રાધનપુર | ૧થી૮ ઉપવાસ દ્વારા વર્ષીતપો | તપાગચ્છ |
| ૩૮ | ખેતબાઈ કાનજી | દેવપુર (કચ્છ) | ૩૩ વર્ષીતપ | અચલગચ્છ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૯. | ઉપાધ્યાય શ્રી વસંતવિજયજી મ.સા. (૧૧ વર્ષીતપ ચોવિહાર છઠ્ઠથી તથા ૧ વર્ષીતપ ચોવિહાર અઠ્ઠમથી અને ૧ વર્ષીતપ ચોવિહાર છઠ્ઠના પારણે આયંબિલથી) | પંજાબ | સળંગ ચોવિહારા ૩૦ વર્ષીતપ | | આ. વલ્લભસૂરિ સમુદાયના |
| ૪૦ | અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી ગુણોદય-સાગર સૂરીશ્વરજી મ. સા. (હજી પણ વર્ષીતપ ચાલુ છે.) | કચ્છ | સળંગ ૨૯ વર્ષીતપ | | અચલગચ્છ |
| ૪૧ | કુ. સમતા બાંઠીયા (ઉ.વ.૧૧) (આટલી નાની ઉંમરમાં માસખમણની તપશ્ચર્યા રેકર્ડ રૂપ છે.) | દેશનોક(રાજ.) | ૩૦ ઉપવાસ | | |
| ૪૨ | વિવેકકુમાર (ઉ. વ. ૫) (આ બાળકે માત્ર આ વર્ષની બાલ્યવયમાં ૮ ઉપવાસ કરેલ.) | મીરારોડ | ૧૦ ઉપવાસ | | |
| ૪૩ | સાગરકુમાર દિલીપભાઈ સુતરીયા ઉ.વ.૪ (માત્ર ૪ વર્ષની બાલ્યવયમાં ૮ ઉપવાસ (અઠ્ઠાઈ) કરેલ.) | જામનગર | ૮ ઉપવાસ | ૨૦૪૫ | તપાગચ્છ |
| ૪૪ | જિનલકુમાર નવીનભાઈ શાહ (ઉ.વ.૨।।) (માત્ર ૨।। વર્ષની કુમળી વયમાં સળંગ ૩ ઉપવાસ રેકર્ડ રૂપ છે.) | વલસાડ | અઠ્ઠમતપ | ૨૦૪૯ | તપાગચ્છ |
| ૪૫ | શ્રેયાંસકુમાર કમલેશભાઈ શાહ (માત્ર ૧।। વર્ષની તદ્દન નાની વયમાં ઉપવાસ કરવો એ આશ્ચર્યરૂપ છે.) | વાલકેશ્વર | ૧ ઉપવાસ | ૨૦૪૯ | તપાગચ્છ |
| ૪૬ | કુ. નિકીતા દીપકભાઈ મસાલીયા (ઉ.વ.૯) (માત્ર ૯ વર્ષની વયમાં સિદ્ધિતપ (જેમાં ૪૪ દિવસમાં ૩૬ ઉપવાસ + ૮ બ્યાસણ હોય છે) કરવો એ રેકર્ડ રૂપ છે.) | સુરત | સિદ્ધિતપ | ૨૦૪૯ | તપાગચ્છ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૭ | જિજ્ઞેશકુમાર (ઉ.વ.૭)<br>(પ. પૂ. આ. ભ. શ્રી વિ. હેમચંદ્રસૂરીશ્વર મ. સા.ની નિશ્રામાં ઉપધાન કરેલ !) | મલાડ (મુંબઈ) | ઉપધાનતપ | ૨૦૩૯ | તપાગચ્છ |
| ૪૮ | કુ. કીમી તથા કુ. હર્ષિતા (ઉ.પા)<br>(પ. પૂ. અશોકસાગરસૂરિજીનિશ્રામાં) | | ૯૯ યાત્રા | | તપાગચ્છ |
| ૪૯ | ડૉ. બકુલા પી. શાહ<br>(આટલી મોટી તપશ્ચર્યામાં છેલ્લા ૨૦ દિવસમાં ૨૩ મોટા ઓપરેશન કરવા તે રેકર્ડ રૂપ છે. છેલ્લું ઓપરેશન ૨૭મા ઉપવાસે કરેલ.) | અંધેરી (મુંબઈ) | માસખમણમાં ૨૩ ઓપરેશન | ૨૦૫૦ | |
| ૫૦ | માવજીભાઈ આસુભાઈ કેનીયા<br>(૮૦ વર્ષની જૈફ વયે દૈવી સંકેતથી અણસણ પ્રારંભ કરી ૯૨મા ઉપવાસે ખૂબ જ સ્વસ્થતાપૂર્વક દેહત્યાગ કર્યો !... ) | મુલુંડ(કચ્છ બારોઈ) | ૯૨ ઉપવાસ | ૨૦૪૯ પ્રાયઃ | |

**વર્ધમાન આયંબિલ તપના મહાતપસ્વીઓ**

| | | | |
|---|---|---|---|
| ૫૧ | પ.પૂ. આ. શ્રી. વિ. રાજતિલક સૂરીશ્વરજી મ.સા.<br>(હજારો વર્ષનો રેકર્ડ રૂપ તપ છે. હજી પણ ઓળી ચાલુ જ છે ! ) | ૧૦૦+૧૦૦+૮૮ આયંબિલ ઓળી | તપાગચ્છ |
| ૫૨ | સા. શ્રી મનોરમાશ્રીજી મ.સા.<br>(સાધ્વીજીઓમાં વર્ધમાન તપમાં રેકર્ડ રૂપ છે.)<br>(સં. ૨૦૫૧માં બીજી વાર ૧૦૦મી ઓળી અઠ્ઠમના પારણે આયંબિલ પુનઃ અઠ્ઠમ એ રીતે કરી !) | ૧૦૦+૧૦૦+૨૯ | તપાગચ્છ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૩ | સા. શ્રી. પુષ્પચૂલાશ્રીજી મ.સા. | ૧૦૦+૧૦૦+૨૭ ઓળી | | તપાગચ્છ |
| ૫૪ | સા. શ્રી હંસકીર્તિશ્રીજી | ૧૦૦+૧૦૦ | ઓળી | તપાગચ્છ |
| ૫૫ | રતિલાલભાઈ ખોડીદાસ (વિશેષ વિગત માટે લેખ વાંચો.) | વીરમગામ | અખંડ૧૦૩ઓળી | તપાગચ્છ |
| ૫૬ | પ. પૂ. આ. શ્રી.વિ. હિમાંશુસૂરીશ્વરજી મ.સા. | ૩૦૦૦થી વધુ ઉપવાસ તથા દશહજાર આયંબિલ | | તપાગચ્છ |
| ૫૭ | પ. પૂ. આ. શ્રી. વિ. કુમુદચંદસૂરીશ્વરજી મ.સા. | ૩૦૦૦ થી વધુ ઉપવાસ તથા દશહજાર આયંબિલ | | તપાગચ્છ |
| ૫૮ | અમરચંદજી નાહર | જયપુર | સળંગ ૧૮ વર્ષ મૌન સાથે સાધના | ખરતર ગચ્છ |
| ૫૯ | મહાસતી શ્રી નૂતનપ્રભાશ્રીજી મ. સા. (તા. ૨૭/૫/૮૯થી સળંગ ૧૫ વર્ષના મૌનના સંકલ્પ સાથે હિમાચલ પ્રદેશમાં ભૂન્તર ગામે જૈનસાધના કેન્દ્રમાં એકાંતમાં આત્મસાધના ચાલુ છે ! પીન : ૧૭૫૧૨૫. જિ. કુલ્લુ.) | ભૂન્તર (હિ.પ્ર.) | સળંગ ૧૫ વર્ષ મૌન-ધ્યાન | સ્થા. શ્રમણસંઘ |
| ૬૦ | મહાસતી શ્રી કિરણશ્રીજી મ.સા. | દિલ્લી | ૩૨૫ દિવસ મૌન સં.૨૦૫૧ સાથે એકાશણા | સ્થા. શ્રમણસંઘ |
| ૬૧ | મુનિશ્રી મહોદયસાગરજી મ. સા. (હાલ ગણિવર્ય) (પ્રસ્તુત પુસ્તકના સંપાદક. ) | કચ્છ-કોટડા | ૧૫૦ દિવસ મૌન સહજાપ ૨૦૩૭ | અચલગચ્છ |
| ૬૨ | કુ. રૂપાલી સાંખલા (નાની ઉંમરમાં આટલા દિવસનું મૌન રેકર્ડ રૂપ છે.) | પૂના | ૧૨૧ દિવસ મૌનવ્રત વિ.સં ૨૦૫૨ | |
| ૬૩ | આ. વિદ્યાસાગરજી મ. સા. (અનેકવાર સળંગ ૨૪ કે તેથી વધુ કલાક ધ્યાનમુદ્રામાં સ્થિર રહે છે !) | | સળંગ ૨૪ કલાક ધ્યાનમુદ્રા | દિગમ્બર |

## ૧૧૧ : લગ્ન થવા છતાં આબાલ બ્રહ્મચારિણી વિજયા બેનનું વિસ્મયકારક વિરલ વિમલ વ્યક્તિત્વ

[આ જ પુસ્તકમાં આબાલબ્રહ્મચારી દંપતિ જતીનભાઈ અને ભારતીબેનનું દૃષ્ટાંત આપણે આગળ વાંચી ગયા. તેમાં ભારતીબેન (સા. શ્રી ભવ્યગુણાશ્રીજી)ના ગુરુણી સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના અદ્ભુત જીવનવૃત્તાંતને જતીનભાઈમાંથી જયદર્શનવિજયજી બનેલા સિદ્ધહસ્તલેખક મુનિરાજશ્રીએ વિશિષ્ટ શૈલિમાં આલેખેલ, "ધર્મધારા" માસિકના ઈ.સ. ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાના અંકમાં પ્રગટ થયેલ લેખ અત્રે સાભાર ઉદ્ધૃત કરવામાં આવેલ છે. -સંપાદક.]

સંસરણ કરે રાખે તે પણ સંસાર, અને જેમાં સર્વત્ર અસાર સમભાગે સર્જાયેલું સહજમાં સાંપડે, તે પણ સંસાર. મનની મુરાદો ને મનસ્વીઓના માનનું મર્દન કરી મર્દને નામર્દ જેવો માયકાંગલો કરી નાખતો આ સંસાર મારા મિત્રને પણ દસ વર્ષ પહેલાં સારભૂત ભાસતો હતો, કારણ કે તેને એક કોડિલી કન્યા જડી હતી, પણ આજે તે કોડિલીએ તેને કોડીના મૂલ્ય જેવોય નહોતો રહેવા દીધો. દસ વર્ષ પહેલાંનાં કોડકોડ અરમાનો આજે આમળાઈ-ચીમળાઈ ને ભસ્મવત્ બની ગયાં હતાં, કારણ કે જે પરણિતા માટે મિત્રે મનને માતા-પિતા, ભાઈ-ભાંડુઓથી દૂર દૂર થઈને પોતાની પત્ની માટે પાથરી દીધું હતું, તે પોતાની આજે પરાઈ બની ગઈ હતી. ન જાણે નજીવી નજીવી બાબતોમાં રૂસણાં ને રોદણાં કરી-કરાવી તેણી ન સાસરિયાંની કે ન પિયરિયાંની તેવી તુમાખી બની ગઈ હતી. મિત્રે ઘણા પ્રયત્ન કરી લીધા, પણ જ્યારે તેનું ભાગ્ય ભરડાઈ ગયેલું જાહેર થઈ ગયું, ત્યારે તે પોતાની વ્યથાને વહન ન કરી શક્યો ને મારી પાસે આવી પોતાની વીતક વિલાપમય સ્વરમાં સંભળાવવા લાગ્યો. તેની મનોવેદના તેના મુખે મરડાઈ મરડાઈ કલવાઈ રહી હતી. તેની વાતોનો વાયરો વાવાઝોડું બને તે પહેલાં જ મારે મધ્યસ્થી સંભાળવી યોગ્ય લાગી ને મેં કહ્યું...

"મિત્ર ! ગાજ્યા મેહ વરસ્યા વગર જાય. તારી પત્નીનો પલટો પણ તેવી જ કુદરતની લીલા સમજજે. આ સંસારમાં કોઈકની માનિની તો કોઈકની ભગિની, કોઈકના પિતા કે કોઈકના ભ્રાતા, કોઈકની માતા કે કોઈકની પરણિતા, મિત્ર-કલત્ર સૌ કોઈ ઋણાનુબંધમાં અવળાં-સવળાં ઊતરી શકે છે. તેમાંય ભવોભવની ભ્રમણા ભાંગી નાખી ભગવાનની ભક્તિ ભણી લઈ જનાર નારી કે સન્નારી તો લાખોમાં એકને પણ ભાગ્યે જ મળે. સગાઈથી

લગ્નગાળા વચ્ચેના વાયદાના સોદા ભાગ્યે જ નફો કરાવતા હોય છે, કારણ કે તેમાં મુગ્ધને મુગ્ધના ભાવાવેશથી વધીને બીજું તત્ત્વ ભાગ્યે જ હોય છે."

"સખે ! તારી વાતમાં સંપૂર્ણ સત્ય સમજાય છે, મોટી આશાઓ ખોટી ઠરી. બલ્કે હું જ નિરાશામાં ઠરી ગયો છું. તારા સિવાય કહેવું પણ કોને મારે ?"

મારો મિત્ર મરણતોલ આઘાત ખાઈ સ્થિરતાના જ ઝંપાપાત કરતો કોઈનું શરણું-તરણું શોધતો હોય તેવું તેની મુખમુદ્રા સ્પષ્ટ કહેતી હતી, ત્યારે તેને આશ્વસ્ત કરવા હું વ્યસ્ત બની ગયો હોઉં તેમ સલાહકારની મુદ્રામાં ગોઠવાઈ ગયો ને એક સત્ય, સાવ સત્ય વીતક કહેવી શરૂ કરી.

"સાંભળ મિત્ર ! સંસાર સ્વયં અસાર આથી જ તો કહેવાય છે. તેમાં પત્નીની વફાદારી વટલાય કે બદલાય તેમાં આશ્ચર્ય શું ? તું તો એક વખત સંસારકૂપમાં કૂદવા જ ઈચ્છતો ન હતો ને તેમાંય પડ્યા પછી પનારું આવું પડ્યું માટે તારી વેદના વધી ગઈ, પણ તારી પત્નીએ તને લગ્ન પહેલાં જ મધુરા શબ્દો સંભળાવી જે સંસારની લગન લગાડી તેની ઠીક વિરુદ્ધ દિશામાં દોટ ભરનાર મને તો તે નાર યાદ આવી રહી છે, કુમારી હતી ત્યારે તો ઠીક, પણ લગ્ન પછી પણ કુંવારી રહી અને તેની ખુમારી કેવી, ખબર છે ?"

મિત્ર અવાચક બની મને નિર્નિમેષ જોઈ રહ્યો હતો. તેના પ્રશ્નોનો તેને કોઈ ઉત્તર મળશે તેવી આશામાં તેણે મૌન જ રાખ્યું. ત્યારે હું અધીરો બની સત્યકથાનાં એક પછી એક તીર છોડતો ગયો. તેને નિરાશા નાગણના પાશથી મુક્ત કરવા, મેં વાર્તા ચાલુ કરી.

'મિત્ર ! સાંભળ, ધર્મમાં ભાત પુરાવે તેવું નાનું શહેર ખંભાત. કુમારી વિજયા ભાંડુઓમાં અલગ તરવરતી નટખટ કન્યા હતી, તેનો ગમો તોફાન-મસ્તી ને સસ્તી બાળસુલભ રમતગમત, ઘણાનો અણગમો બની જતી. પાનની દુકાન ઉપર રાત્રેય પહોંચી જતી ને ચા-પાણીની લિજ્જતમાં પોતાની વધતી ઈજ્જતનો ફાંકો રાખતી તે બાળા લગભગ ખટપટી નદી જેવા વેશ વટલાવતી રહેતી. મોડી રાત્રિ સુધી પાણીપૂરી ને ભેળપૂરીમાં પૂરી વ્યસ્ત રહેતી તે કન્યાનું ભાવિ કેવો પલટો ખાશે તે વિધાતા વિના કોણ જાણી શકે ?

માતા મૂળીબેનનું આ ફરજંદ ત્યારે મૂળમાં ધર્મથી વાસિત નહોતું થયું. અર્વાચીન પણ પ્રાચીન પ્રથા પ્રમાણે તેણીની સગાઈ તેની નવ વર્ષની નાદાન વયે વિશા ઓશવાલ જ્ઞાતિના જૈન નબીરા શ્રી પ્રવીણચંદ રમણલાલ પારેખ નામના બાળશ્રાવક સાથે પરિવાસી પ્રથાએ કરાવી દીધી. તે ઉમ્મરે સગાઈના અર્થ સાથે બાળકને શું સગપણ હોય ? બસ, વહેતા દિવસોથી

તેણીની ઉમ્મર વધતી ચાલી, પણ જે ઝડપ ઉમ્મરવૃદ્ધિની હતી તેથીય બુદ્ધિ-શુદ્ધિનીવૃદ્ધિ વધુ ઝડપે થઈ રહી હતી. ધર્મ તો આમેય ઘરની ખાનદાનીના તાણા-વાણા રૂપે વસેલો હતો, તેમાંય માતાએ ઉપધાન તપમાં ઝંપલાવ્યું, સાથે કુમારી વિજયા પણ જોડાઈ ગઈ, પણ સાવ અનિચ્છાથી, કારણ...

કારણ લગભગ તે પ્રસંગના આઠ માસ પૂર્વે જ ભાંડુઓમાં અનોખા એક ભાઈએ દીક્ષા અંગીકાર કરી હતી. તે પ્રસંગ રંગીલી કોડિલી કન્યાના વિલાસી રંગમાં જાણે ભંગ પાડી ગયો હોય તેમ ભાઈ મહારાજ સાહેબ હેમચંદ્રવિજયજીનાં (હાલમાં પૂ હેમચંદ્ર સૂરીશ્વરજી) વૈરાગ્યવરાળનાં વાદળાં જાણે ક્યારેક ક્યારેક વરસી જવા લાગ્યાં. ભાઈ મટી મહારાજ બનેલા તે ભાઈ પણ જબ્બર હતા મોહવિજેતા, જેમણે સગાઈ તો કરી હતી પણ લગ્ન થાય તે પહેલાં જ સંસારની સગાઈ તોડી નાખી પોતાની જુદાઈ સ્થાપિત કરી દીધી હતી, બસ...

આવું જ નિમિત્ત વળી ફરીવાર મિત બની સામેથી આવ્યું, જેથી ઉપધાનના નિશ્રાદાતા પૂ. આ. ભુવનભાનુસૂરીશ્વરજી, મ. સા. ની સબળ ને સફળ-પ્રેરણા થકી વિજયાએ પાંચ વર્ષનું બ્રહ્મચર્ય અંગીકાર કરી ઉપધાનની માળા જાણે પોતાના હાથે જ પહેરી લીધી. લોકો કહેતા કે તું તો તારા ભાઈની સાચી બહેન બનવાની લાગે છે. પણ ખબર છે કે તારાં લગ્ન થોડા દિવસોમાં લેવાઈ જશે, પછી તારું શું ? તારા વ્રતનું શું ?"

મારો મિત્ર વાર્તા સાંભળતાં વધુ એકતાન બની ગયો હતો. તેમાંય જાણે કોઈ જાસુસી કથામાં હવે શું આવશે-નો પ્રશ્ન લટકતો રહે તેમ તેનું મન પણ આગળનું પ્રકરણ સાંભળવા લટકી ગયું હોય તેવું મને લાગ્યું. તેની વાચા પોતાની વ્યથામાં અથવા મારી કથામાં જાણે બંધ પડી ગઈ હતી, તેથી મેં પણ ભાવાનુમોદનાના ભાવાવેશમાં તેના મૌનને લક્ષ્યમાં ન લીધું ને મારી ગાડી આગળ દોડાવી.

"અને ખરેખર એક દિવસ તો ખરાખરીનો ખેલ ખેલાઈ ગયો. બ્રહ્મચારિણીના લગ્ન લખાઈ ગયાં ને થોડા દિવસોમાં તો મોહાધીન કુટુંબે લગ્ન લઈ પણ લીધાં. મને-કમને એક કુમારીને નારી બનવાનું સૌભાગ્ય મળ્યું હોય તેવો તાલ થઈ ગયો. કરમનૂ કી ગત ન્યારી જે કહેવત છે, તેના તથ્ય જેવી કહાણી છે. મિત્ર ! કેવા યોગ ને કેવા સંજોગ રચાય છે કુદરતની લીલાના ! સં. ૨૦૦૯ના કારતક માસમાં ઉપધાન, તેમાં અંગીકાર થયેલ બ્રહ્મચર્યવ્રત. પણ જાણે કુદરત જ કસોટી કરવા કટિબદ્ધ હોય તેમ તે જ વર્ષના માહ માસમાં વિવાહ લેવાઈ ગયાં, અબળા નારીને વ્યવહાર વડીલોનો વહાલો કરવો પડ્યો, પણ એ કંઈ અબળા ન હતી, બલ્કે બ્રહ્મશસ્ત્રથી સબળા

બની ગઈ હતી."

સહસા મિત્રની વાચા વાચાળ બની ગઈ કેટલાય સમયનું મૌન તૂટતાં ઘણા પ્રશ્નોની વણઝાર વહાવી દીધી.

લગ્ન અને બ્રહ્મચર્ય ? ઘરમાં-પિયરમાં રકઝક કેવી થાય ? તો લગ્ન શું કામ કર્યાં ?

વડિલોના આઘાત-પ્રત્યાઘાત કેવા હતા ? પછી શું થયું ? વગેરે વગેરે પ્રશ્નો મિત્રના મુખે વિસ્મય રેખા પાથરી ગયા હતા. મને પણ લાગ્યું કે મારી મહેનત સફળ થઈ રહી છે. એક પંથ દો કાજ જેવું થયું હતું. એક તો વ્રતધારીના વ્રત-અડગતાનાં ઓવારણાં તથા અનુમોદનાનો લાભ મળી રહ્યો હતો.

સાથે મિત્રના એકાંત-શૂન્ય મનવનમાં સહાય કરવા અને મિત્રતાનું મૂલ્ય ચૂકવવાનો અનેરો અવસર હતો. મિત્રના વિવિધ પ્રશ્નોએ મારા ભાવાવેશમાં વિવિધ રંગો પૂર્યાં. મેં મારું મિત્રકામ ચાલુ રાખ્યું. "મિત્ર ! જોવાનું તો હવેનું પાસું છે. જે પ્રશ્નો તને આજે થયા તેવા કેટલાયને આવી ગયા છે. વિજયાના દુર્બળ દેહમાં સબળ દેહધારી આત્મા હતો. તેનાં પરાક્રમનો ક્રમ તો હવે શરૂ થવાનો હતો. પતિદેવને સ્પષ્ટ વાણીથી સુમધુરતાથી સમજાવ્યું કે પોતે ચતુર્થ વ્રતધારી છે, માટે લગ્ને પણ કુંવારી રહેવા ઈચ્છે છે, જેથી તેમને અન્ય કોઈ ઉકેલ લાવવો હોય તો લાવી શકે છે. સ્વયં સંયમની ભાવનાથી ભાવિત છે. જોકે યુવાનીનું બ્રહ્મચર્ય બોલતું હતું માટે તેનો પ્રવાહ સહન થાય તેવો ન હતો, છતાંય પ્રવીણભાઈ પોતાના મનને મનાવવા નિષ્ફળ પ્રયાસ કરતા રહ્યા. પણ નારીને બ્રહ્મચર્ય સહજમાં પ્રાપ્ત થયેલ હતું ને નરને તે મેળવવા જબ્બર પુરુષાર્થ કરવાનો હતો. માટે બેઉની ભાવ-રફ્તારમાં પુરુષનો પુરુષાર્થ પાંગળા જેવો લાગતો હતો.

માટે જ વિજયાબહેને ફક્ત છ માસ સાસરવાસ વસાવ્યો ને પાછા પિયર ફર્યાં. જો કે અવારનવાર સાસરે જતાં આવતાં, પણ તે ફક્ત ઔપચારિક રૂપે. પ્રવીણભાઈ મન સાથે સમાધાન ન કરી શક્યા જેથી આઘાતના આંચકા અનુભવવા લાગ્યા. બે-ત્રણ વાર તો તબિયત તબીબી સહાયને આધીન કરવી પડી. આઘાતના પ્રત્યાઘાત ક્યારેક તો આપઘાત સુધીના ખૂણે લઈ આવતા હતા; અને મોહનો મારો એવો તો ચાલ્યો કે ધંધા વિગેરેમાં પણ વિક્ષેપ થવા લાગ્યો.

જેમ અત્યારે મિત્ર, તું મૂંઝાણો છે ને હું વહારે દોડું છું, તેમ તે વખતે ભાઈ મૂંઝાણાં હતા ને એક બાઈ બાંહેધરી આપી ભાઈને સમજાવવા મથી રહી હતી. ફરક એટલો હતો કે તેણી પાસે તારી પત્ની જેવાં સોલપણાં

સ્વપ્નનો સોહામણો સંસાર ન હતો, પણ તેણીને તે જ સંસાર બિહામણો દેખાઈ રહ્યો હતો, માટે જ વાયડી વાતોના વાયદાનું સ્થાન લીધું હતું સંયમપથના ફાયદા અને આત્માનુશાસનના કાયદાની ચર્ચાએ. સાસરા પણ વિજયાબેનને મનાવતા રહ્યા ને સાથે પોતાના મનને પણ મનાવવાનું ચાલું કર્યું, પુત્રવધૂને વધુ તો શું કહી શકાય, પણ જો સંયમની અનુમતિ આપે તો પુત્રનુ શું અને અનુમતિ ન આપે તો મુમુક્ષુનું શું ? બેઉ પ્રશ્નોએ મળી મતિ જ મૂંઝવી દીધી હતી. મિત્ર ! અબળા જ્યારે સબળા બને છે, ત્યારે તે બળ કરતાં કળનો ઉપયોગ વધુ કરે છે."

વચમાં જ મિત્ર સહસા બોલી ઊઠ્યો, "તો શું વિજયાબહેને દીક્ષા લીધી ? પછી શું થયું ?" જવાબ જરૂરી હતો પણ તૈયાર જ હોવાથી કહેવામાં હું સહજ કહી ઊઠ્યો...

"મિત્ર ! લસરતી યુવાનીમાં લસલસતું બ્રહ્મચર્ય જોડાય તો સોનામાં સુગંધની ઉપમાય ઝાંખી પડે ને ! તે બ્રહ્મતેજની તેજસ્વી તાકાત કયો તરખાટ ન સર્જે ? અરે ! બધું ય અવળું સવળુ બનવા લાગે, વિઘ્નો તો ઊભી પૂંછડીયે ભાગે. વિજયાબહેને મનોવિજયના પગથારે પગલું ભરી જ દીધું હતું પછી મંઝિલ તો સ્વયં નિકટ થવા લાગે ને ! સાસરીને મનાવવામાં નિષ્ફળ વિજયાબેન પિયરની પાલખીમાં બેસી, વરસીદાન વરસાવી, સંવત ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ના દીક્ષિત બનીને જ ઝંપ્યાં. જીવનની વસંતઋતુ યુવાની, તેવી મોહઘેલી અવસ્થામાં વસંતઋતુનાં સુંદરફળ સંયમને પ્રાપ્ત કરનાર વિજયાબહેનને તેમનાં પ્રશાંત ને વિદુષી ગુરુણી-ગુરુ થકી "વસંતપ્રભાશ્રી"નું સુંદર નામ મળ્યું. નવા પરિવારનાં પ્રદાદી મહારાજ પૂ. સાધ્વીજી ચંદ્રશ્રીજી મ. સા., દાદી મહારાજ સમભાવી પૂ. સુભદ્રાશ્રીજી મ. સા., ને ગુરુણીના ગૌરવસ્થાને મળ્યાં હતાં સરળસ્વભાવી પૂ. રંજનશ્રીજી મહારાજ.

પિતા અંબાલાલભાઈની લાડકવાયી પોતાની મહેચ્છા આંબી જ ગઈ, એટલું જ નહિ પણ અઢાર વર્ષની બાળા જાણે એકસાથે હજાર પરાક્રમ કરવાની ઝંખના સેવતી હોય તેમ ક્રમ ઉપર ક્રમમાં પરાક્રમના વિક્રમ સર્જવા સજાગ બની. માટે જ જિનશાસનનું મોંઘેરું રતન બની ગઈ. મિત્ર ! હવે તું જ વિચાર, કે સંસારમાં સાર નહિ હોય ત્યારે જ બધીય અનુકૂળતામાં બળતા હૃદયે સંસાર ત્યજી દીધો હશે ને ? આ વાર્તા નહિ, પણ સત્યઘટના છે. તેના સાર રૂપે એટલું જ નીતારવાનું કે તારું કે અન્યનું દુઃખ પણ શી વિસાતમાં છે ? ખરેખર તો મારી દૃષ્ટિએ તરંગી ને મનસ્વી પત્નીની મમતા તો તારી સમતાનું કારણ જ બનવી જોઈએ. કારણ કે તેણીયે તને તો સંસારનું સ્વરૂપ કેવું હોય તેનો નમૂનો આપીને ઉપકૃત કરી દીધો છે. મારી દૃષ્ટિએ તો 'ભલું

થયું ભાંગી જંજાળ, સુખે ભજાશે શ્રીગોપાળ.'

મિત્ર તો વાત સાંભળતાં ખરેખર પોતાનું દુઃખ ભૂલી જ ગયો હતો, તેટલું જ નહિ, તેનો આત્મા કોઈ મહાત્મા જેવો નિર્મળ બની રહ્યો હતો તેવું મને ત્યારે લાગી આવ્યું, જ્યારે તેણે નવી ઉત્કંઠા ઠાલવતાં નવો પ્રશ્ન છોડ્યો, "સખે ! તારી પાસેથી સાંભળતાં મને તો વિચિત્ર-અનુભવ કંપારી રૂપે થઈ ગયો. મારું મન હવે હાશકારો નહિ પણ હાયકારો જ અનુભવશે, પણ તારી વાર્તાનો રંગ એવો તો લાગ્યો છે, કે પછી શું થયું તે જણાવીશ, તો જ મને શાંતિ થશે, આજે જ બલ્કે અત્યારે જ કહે કે પછી શું થયું ?"

જે ઉદ્યાનમાં અમારો વાર્તાલાપ ચાલી રહ્યો હતો, ત્યાંથી સૂરજદેવ નિત્યકર્મ બજાવી વિશ્રામ હેતુ પાછા વળી રહ્યા હતા, પક્ષીઓ પણ સૂર્યદેવની સામે પોતાના આવાસમાં વળી રહ્યાં હતાં, માટે મેં પણ પાછા વળવાના મૂડમાં વળતો જવાબ વાળ્યો.

"ચાલ મિત્ર ! ઘર તરફ પગ ઉપાડ, જો અંધારું ફેલાઈ રહ્યું છે. પણ મને હવે તને જે પ્રકાશ મળ્યો છે તેથી આવું અંધારું નહિ નડે, તારી જિજ્ઞાસાના જવાબમાં સંક્ષેપમાં એટલું જ કે..."

અમે બેઉ ઘર તરફ વળવા વચમાં માર્ગ કાપવા ને મિત્રને હજુ વધુ વિચારશીલ બનાવવા ચાલતા કદમે જ મેં આગળ ચલાવ્યું ને રસ્તો કાપ્યો...

"મિત્ર ! જો, જેમ આપણે ઉદ્યાનમાં હતા છતાં પંખીડાંના ગીતગાનમાં ભાન ભૂલ્યા ને આપણામાં જ એકતાન રહ્યા. તેમજ જેની દૃષ્ટિમાં સૃષ્ટિનું જે વાદળું દેખાય છે તેના ઉપર તેની જ વૃષ્ટિ વરસી રહે છે. પૂર્વભવનો કોઈ યોગભ્રષ્ટ જીવાત્મા બાકી રહેલ યોગનો સંજોગ સજાવા અહીં આવી પડ્યો હતો, અને જોગ-સંજોગે તેને યોગના ક્ષેત્રમાં પ્રવેશ-પત્ર મળી ગયો, પછી શા માટે અત્ર-તત્ર મનને ભટકવા મોકલાવે ? **માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણીતપ, ધર્મચક્રતપ, સત્તારી-અઠ-દસ-હોય, વીસ સ્થાનક, વરસી તપ, ૧૭-૧૬-૧૫-૧૨-૧૧ ઉપવાસ, અક્રાઈ, સંખ્યાબંધ અઠ્ઠમ-છઠ્ઠ, વર્ધમાન તપની પચાસ ઓળીઓ, સહજ સહજમાં સાધી, સાધ્વી પ્રમુખા બની ગયા. વંશવેલામાં હાલ ૨૧ મુમુક્ષુઓની જીવન નૈયાનાં ખેવૈયા બની ગયાં છે.**

સંસારી પતિ પ્રવીણભાઈ રાગવશ દીક્ષાનું નામ સાંભળતાં કમકમી જતા, તેઓ જ પાછળથી સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજીને મનોમન નમી ગયા, અને આજેય પ્રસંગે પ્રસંગે પોતાની પુણ્યલક્ષ્મીનો સદ્વ્યય કરી યત્કિંચિત્ ઋણ ઉતારવા જાગૃત છે. અને લોકના અવાજમાં અફવાહનો સૂર વધુ સંભળાતો હતો તે સૌ આજે દીક્ષાનાં કારણોની અફવાહના પ્રાયશ્ચિત્ત પેટે જાણે આજે વાહવાહ બોલાવવા માંડ્યાં છે, પુરુષને છાજે તેવાં

પરાક્રમોના ક્રમ પેખી પૂ. આ. યશોદેવસૂરિજી મ. સા. ના તપસ્વી શિષ્યરત્ન પૂ. આ. ત્રિલોચનસૂરિજી મ. સા. પણ આ અનેરાં સાધ્વીને કમાઉ દીકરા ગણી વધુ કમાણી કરવા ને કરાવવા દૂરદૂર મહારાષ્ટ્ર, મુંબઈ, ગુજરાત ઉપરાંત કચ્છ-કર્ણાટક સુધી વિચરવા આજ્ઞાઓ દેતા રહ્યા, હાલે તેઓ શ્રી પૂ. યશોદેવસૂરિજીના પ્રશાંત શિષ્યરત્ન પૂ. ધનપાલસૂરીશ્વરજીની આજ્ઞા તળે પ્રવર્તે છે, તથા સૌ વડીલો માટે એક આદર્શ બની ગયેલ છે. ઉગ્રવિહારી-મિતાહારી-સ્વઉપધિનાં સ્વયંધારી-વિશાળ શિષ્યા-પ્રશિષ્યાઓથી ભારી દુર્બળ દેહમાં પણ શક્તિશાળી-વચનસિદ્ધિથી ટંકશાળી- આશાતાવેદનીયને સહિષ્ણુતાથી ખાળી નવનવી અવનવી સાધના કરનાર આ સાધ્વીજી સમુદાયના તપ-ત્યાગાદિથી ભાવિત થઈ સ્વયં પૂ. આ. ભુવનભાનુ- સૂરીશ્વરજીએ પણ 'જંગ-એ-બહાદુર'નું બિરુદ આપી દીધું છે. છતાંય તેમનાં પ્રત્યક્ષ દર્શન કરીશ તો કદાચ સાચા વેશમાં સૈનિક જેવો બહાદુર પરિવેશ તને પણ નહિ દેખાય, માટે કોઈ અનેરી દૃષ્ટિ વડે જ તેમના જીવન-કવનની કમનીયતા કળી શકાશે. સ્વયં વિદુષી છે, પણ બધુંય વડીલો અને ખાસ દાદી ગુ. મ. તથા ગુરુણી રંજનશ્રીજીના ઉપકારનો પડછાયો બની જીવન જીવી રહ્યાં છે."

ઘરની સાવ નિકટ અમે બેઉ મિત્રો પહોંચી ગયા હતા, માટે હવે વિખૂટા પડવાના હતા, પણ આજનો સ્વર્ણિમ સૂરજ જાણે પોતે ડૂબી ગયો હતો પણ મારા મિત્રના અંતઃસ્થળ ઉપર અપૂર્વ પ્રકાશ પાથરી ગયો હતો, હવે તેની પાસે નવો કોઈ પ્રશ્ન ન હતો પણ મેં જોયું કે તેનું હૈયું હલવાઈ ગયું હતું, આંખો ભરાઈ ગઈ હતી. આંસુ ચોક્કસ હર્ષનાં હતાં, ન કે પોતાની વિપત્તિસભર સ્વાર્થનાં. તે સાવ મૌન રાખી ઘર આવ્યા પહેલાં જ ફક્ત સામાન્ય ઈશારો કરી વિખૂટો પડી પોતાના ઘર તરફ પ્રયાણ કરી ગયો, ત્યારે તે તેની ભદ્રિકતા-સરળતા ને વિહ્વળતાના વિચિત્ર સંગમસ્થળ જેવો મને લાગી આવ્યો. તેને દૂર-દૂર જતો હું જોતો રહ્યો, બસ જોતો જ રહ્યો. પછી તો મારાં નયનોમાંથી પણ અમૃતબિંદુ ઝરી પડ્યાં; કદાચ મિત્રની મિત્રતામાં સાથ પૂરાવવા, ભાત પૂરાવવા.

## ૧૧૨ : મારે ઔદારિક દેહધારી મનુષ્યને નથી પરણવું ! કુમુદબેનનું અદ્ભુત પરાક્રમ

યૌવનના ઉંબરે આવેલી વાંકડિયા વાળવાળી, નમણી નાજુક સુકુમાળકાયાવાળી રૂપાળી અને સાથે જ ગુણિયલ પોતાની પુત્રી-બેન માટે

માતપિતા-ભાઈઓ સારો મૂરતિયો શોધતા હતા અને એક દિવસે સ્વજનો પોતાની પસંદગીના મૂરતિયા તથા એમના સંબંધીઓને કન્યા જોવા લઈ આવ્યા. કન્યાને સારી રીતે વેશભૂષા આદિથી તૈયાર થવાનું જણાવવામાં જ આવેલું, પણ આ શું ? બની ઠનીને સુંદર રીતે આવવાની અપેક્ષાવાળી આ કન્યા તો ફાટેલી તૂટેલી સાડીમાં, વિખરાયેલા વાળમાં, નોકરાણીની જેમ લઘર વઘર કપડામાં સામા પક્ષવાળા સમક્ષ હાજર થઈ. આવી ગમાર અણઘડ કન્યાને કોણ પસંદ કરે ? એઓ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય જણાવીને રવાના થયા.

કન્યાએ આવું શું કામ કર્યું ? ના, એને ઔદારિક દેહધારી માનવને પોતાનો હાથ આપવાની ભાવના નહોતી. એનું મન અશરીરી એવા અનંતા સિદ્ધ ભગવંતો સાથે એકમેક થઈ જવાનું હતું અને માટે જ એને ચારિત્ર ધર્મને વરવાની તીવ્ર તાલાવેલી લાગેલી.

પોતાને મનગમતા સ્થળે જવું કાંઈ સહેલું થોડું જ હતું. સ્વજનો એને થોડા એમને એમ ચારિત્રધર્મને સીધી રીતે સોંપી દે ?

**પોતાને જલ્દીથી ચારિત્ર મળે એ માટે એણે જિનભક્તિ, ગુરુભક્તિ, ઉભયકાળ આવશ્યક, સ્વાધ્યાય ઉપરાંત ત્યાગ અને તપનો અભ્યાસ કરવા માંડેલો.**

**વસ્ત્ર આભૂષણમાં ખૂબ જ સાદાઈ, સંથારે શયન,**

**છ માસ સુધી એક જ સાડીનો ઉપયોગ.**

**રોટલી-પાણી યા રોટલી દાળથી ચલાવવાની નેટ પ્રેક્ટીસ, કડા વિગઈ અને દહીંનો મૂળથી જ ત્યાગ.**

**ભાઈના લગ્ન વખતે પણ દાળ-ભાતનું સાદું ભોજન વગેરેથી એણીએ પોતાનો વૈરાગ્ય મજબૂત બનાવ્યો અને સ્વજનોને પણ પોતાના વૈરાગ્યની પ્રતીતિ કરાવી.**

એકવાર તો ચારિત્રધર્મને ભેટવાની ઉતાવળમાં એ ઘેરથી છાનીમાની ભાગી ગયેલી. 'દીક્ષા રાજીખુશીથી જલ્દીથી અપાવીશું' એવી સ્વજનોની ખાત્રી પછી જ એ ઘેર પાછી ફરેલી.

એના વૈરાગ્યની પાકી ખાત્રી થયા પછી માતાપિતા ભાઈઓ આદિએ એને રાજીખુશીથી અટ્ઠાઈ મહોત્સવપૂર્વક ચારિત્ર અપાવ્યું.

'આપણા ગામની કુંવારી મૂર્તિપૂજક કન્યાની આ પ્રથમ જ દીક્ષા છે ' એ જાણી સાણંદ સંઘ પણ ઉલ્લાસમાં હતો.

સાણંદના એ કન્યા રત્નનું નામ છે કુમુદબેન કેશવલાલ સંઘવી. ૨૧ વર્ષની ભરયુવાન વયે એ પ્રવ્રજિત બન્યા. પૂ. બાપજી મહારાજ અર્થાત્ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ.ના સમુદાયના ગૌરવવંતા સાધ્વી પદ્મલતાશ્રીજી બન્યા.

'ચોથા આરાના સાધ્વી' તરીકેની સુંદર છાપવાળા, આત્મૈકલક્ષી એ સાધ્વીરત્નના ૫૦ વરસના સુદીર્ઘ નિર્મળ સંયમપર્યાયને લોકો આજે માનભેર ઝૂકી પડે છે. ધન્ય સાધ્વીજી ! ધન્ય શ્રી જિનશાસન !

## ૧૧૩ : સળંગ ૧૮૦ ઉપવાસના મહાતપસ્વી અ.સૌ. વિમલાબાઈ વીરચંદ પારેખ

જૈન શાસનમાં તપશ્ચર્યાનું અદ્ભુત સ્થાન છે. જન્મ જન્માંતરોના કર્મોને કાપનાર અગર કોઈ હોય તો તે તપ છે. તપના પ્રભાવથી જ અર્જુનમાલી તથા દઢ પ્રહારી જેવા ઘોર પાપી પણ કૈવલ્ય અને મુક્તિને પામ્યા છે. પામર આત્માને પરમાત્મા બનાવનાર તપધર્મ આજે પણ જયવંત છે.

અકબર બાદશાહના સમયમાં ચંપાશ્રાવિકાએ સળંગ ૧૮૦ ઉપવાસ કરેલ તેવી જ રીતે વર્તમાનકાળમાં, મૂળ ફલોદી (રાજસ્થાન) ના પરંતુ હાલ મદ્રાસમાં રહેતા અ.સૌ. શ્રીમતી વિમલાબાઈ વીરચંદ પારેખે ૧૮૦ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા શ્રીદેવ-ગુરુની અસીમ કૃપાથી ખૂબ જ શાતાપૂર્વક પરિપૂર્ણ કરી છે. ૧૦૦ ઉપવાસ પછી દિવસમાં ફકત એક જ વાર ઉકાળેલું પાણી વાપરતા. તેમનું **પારણું માગસર સુદિ ૧૪ તા. ૨૭-૧૨-૯૩ સોમવારના અધ્યાત્મયોગી પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય કલાપૂર્ણ-સૂરીશ્વરજી મ.સા. ની તારક નિશ્રામાં ફકત ૧ દાણાના આયંબિલથી જ થયેલ !** -...આ તપશ્ચર્યા પણ તેઓશ્રીની જ પવિત્ર નિશ્રામાં થયેલ.

આનાથી અગાઉ વિમલાબાઈએ નીચે મુજબ તપશ્ચર્યાથી જીવનને ધન્ય બનાવ્યું છે.

**સળંગ ૯,૧૧,૧૫,૧૭ ઉપવાસ, બે વાર ૧૬ ઉપવાસ, ૬૮ ઉપવાસ, ૧૫ ચોવિહાર ઉપવાસ, સિદ્ધિતપ (દરેક પારણામાં બ્યાસણાના બદલે ૧ દાણાથી આયંબિલ), ઉપવાસના પારણે આયંબિલથી વર્ષીતપ (આ વર્ષીતપના અંતમાં માસક્ષમણ કરી તેનું પારણું ૧ દાણાના આયંબિલથી કરેલ.), વર્ધમાન તપની ૩૪ ઓળી, એક જ ધાન્યથી નવપદજીની ૧૧ ઓળી, ૧ જ દાણાના આયંબિલથી નવપદજીની ૭ ઓળી, તથા સળંગ ૩૧, ૫૧, ૧૨૦ આયંબિલ ઈત્યાદિ.**

ખરેખર, આવા તપસ્વી ધર્માત્માઓની આરાધનાની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

મહાતપસ્વીની વિમલાબાઈ પારેખને તપશ્ચર્યા કરવામાં અંતરાય ન નાખતાં સહાયક બનનાર સમસ્ત પારેખ પરિવાર પણ ખૂબ ખૂબ ધન્યવાદને

પાત્ર છે-

તેમનું સરનામું નીચે મુજબ છે.

૪૧૨ મિન્ટ સ્ટ્રીટ, મદ્રાસ, પીનઃ ૬૦૦૦૭૯ (ફોન : ૫૧૫૭૬૬)

## ૧૧૪ : સળંગ અઠ્ઠમ તપ સાથે ૭ છ'રી સંઘોમાં પાદવિહાર કરતા મહા તપસ્વી કંચનબેન ગણેશમલજી અમીચંદજી લામગોતા

સં. ૨૦૫૩ માં ફાગણ સુદિ ૩ નો શુભ દિવસ હતો. રાજસ્થાનમાં આવેલ નાડલાઈ તીર્થથી પ્રયાણ કરીને શંખેશ્વરજી મહાતીર્થ તરફ જઈ રહેલ છ'રી પાલક યાત્રા સંઘ અનુક્રમે ઉપરોક્ત દિવસે ઉત્તર ગુજરાતમાં આવેલ વિસનગર શહેરમાં પધાર્યો. **સંઘવી શ્રી તારાચંદજી રતનચંદજી પરિવારના** સૌજન્યથી નીકળેલ આ છ'રી સંઘમાં યુવાજાગૃતિપ્રેરક. વિદ્વદ્વર્ય સુસંયમી **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીવિજય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.** નિશ્રાદાતા તરીકે બિરાજમાન હતા. યોગાનુયોગ તે દિવસે અમારી ઉપસ્થિતિ પણ વિસનગરમાં જ હતી. જેથી પૂર્વપરિચિત આચાર્ય ભગવંતાદિ ચતુર્વિધ શ્રીસંઘના દર્શનાર્થે અમે પણ વિસનગરથી દોઢેક કિ.મી. ના અંતરે ખેતરમાં જ્યાં સંઘનો પડાવ હતો ત્યાં ગયા હતા. આચાર્ય ભગવંતશ્રીની અમૃતમય વાણીનું શ્રવણ કરવાની ખાસ ભાવના હતી. પરંતુ સૌજન્યશીલ, ઉદારદિલના પૂજ્યશ્રીએ પ્રથમ મને જ પ્રવચન આપવા માટે આગ્રહ કર્યો. આખરે પૂજ્યશ્રીની આજ્ઞાને શિરોમાન્ય કરીને થોડીવાર પ્રાસંગિક પ્રવચન કર્યું, જેમાં ચતુર્વિધ શ્રીસંઘના વિશિષ્ટ આરાધકોની ખાસ અનુમોદના કરી. ત્યારે એક શ્રાવકે જણાવ્યું કે આ સંઘમાં એક શ્રાવિકા અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરીને રોજ પાદવિહાર કરી રહ્યા છે ! વિસનગર વિગેરેથી આવેલા શ્રાવક-શ્રાવિકાઓને પણ તેમના દર્શનનો લાભ મળે તે માટે એ તપસ્વી બહેનને ઊભા થવાની વિનંતિ કરવામાં આવી. ત્યારે અચકાતાં અચકાતાં એ બહેને ઊભા થઈને હાથ જોડીને સહુને પ્રણામ કર્યા.

આવી ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં પણ તેમની મુખમુદ્રા ઉપર છવાઈ રહેલી અદ્ભુત પ્રસન્નતા અને અપૂર્વ તેજ જોઈને સહુ આશ્ચર્ય મુગ્ધ બની ગયા ! જાણે રોજ ૩ ટાઈમ ભોજન કરતા હોય તેવું લાગે !....

પ્રવચન પૂરું થયા બાદ સર્વમંગલ થયા પછી તેમની આરાધનાની વિશેષ વિગતો જાણવા માટે તેમને પ્રવચનમંડપમાં જ કેટલાક પ્રશ્નો પૂછ્યા.

સામાયિકમાં રહેલા એ તપસ્વી શ્રાવિકા કંચનબેને (ઉ.વ.૫૬) આત્મશ્લાઘા થઈ જવાના ભયથી કાંઈક અચકાતાં છતાં પણ ગુરુઆજ્ઞાને શિરોમાન્ય કરીને વિનમ્રભાવે જે પ્રત્યુત્તરો આપ્યા તેનો સારાંશ નીચે મુજબ છે.

**રાજસ્થાનમાં પાલિ જિલ્લામાં આવેલ ખીમાડા ગામના વતની આ શ્રાવિકા હાલ મુંબઈ-પરેલમાં રહે છે. નાનપણથી જ તેમના દાદીમાની પ્રેરણા અને આશીર્વાદોથી તેમને ધર્મનો રંગ લાગ્યો હતો. ત્યારબાદ લગ્ન પછી પણ પોતાના બિમાર માતુશ્રીની સાત વર્ષ સુધી ખૂબ સેવા કરવાથી તેમના પણ ખૂબ આશીર્વાદ મળ્યા. અને પછી કેન્સરથી ઘેરાયેલા બિમાર સાસુની દોઢ વર્ષ ખડે પગે સેવા કરવાથી તેમના પણ ભરપૂર આશીર્વાદ મળ્યા હતા. આ ત્રણેય આત્માઓની સેવાથી મળેલા અંતરના આશીર્વાદોને જ તેઓ પોતાની આધ્યાત્મિક પ્રગતિમાં મુખ્ય કારણ તરીકે વિનમ્રભાવે જણાવે છે. અને જેમને પણ આત્મવિકાસ સાધવો હોય તેમણે પોતાની ઉપકારી વડિલોની ખાસ સેવા કરીને તેમના અંતરના આશીર્વાદ પ્રથમ મેળવવા જ જોઈએ એમ તેઓ ભારપૂર્વક જણાવે છે. વડિલોની આંતરડી કકડાવીને કોઈ ગમે તેટલી આરાધના કરે તો પણ તેમને સાચી શાંતિ અને સફળતા મળતી નથી.**

ઉપરોક્ત ત્રણેય વડિલોના આશીર્વાદના પ્રભાવે કંચનબેને પોતાના જીવનમાં નીચે મુજબ આરાધનાઓ કરેલ છે.

(૧) અત્યાર સુધીમાં સાત છ'રીપાલક સંઘોમાં અઠમના પારણે અઠમથી પાદવિહારપૂર્વક તીર્થયાત્રાઓ કરી છે. ત્રીજો ઉપવાસ હોય કે પારણાનો દિવસ હોય તો પણ તેમણે કદી વાહનનો ઉપયોગ કર્યો નથી !!!....

**(૨) ૪ માસક્ષમણ કર્યા. તેમાંથી બે માસક્ષમણ તો છ'રીપાલક સંઘમાં કર્યા છે. તેમાં પણ ૨૦ ઉપવાસ સુધી તો ચાલીને જ યાત્રાઓ કરી. પછી સકલ સંઘના ખૂબ** આગ્રહથી ભગવાનના રથમાં પૂજાના વસ્ત્રોમાં પ્રભુજીને લઈને તેઓ બેસતા !.... પરંતુ યાંત્રિક વાહનમાં બેસતા નહિ !....

(૩) **૧૪ વર્ષીતપ કર્યા છે.**

(૪) **૧૪૦ અઠાઈ તથા ૨૪૦ અઠમ કરી છે.**

(૫) સિદ્ધિતપ બે વાર.

(૬) શ્રેણિતપ બે વાર

(૭) સમવસરણ તપ ચાર વાર. તથા ભદ્ર તપ બે વાર.

(૮) ચત્તારિ અઠ દશ દોય તપ ૧ વાર.

(૯) ૪ વાર સોળભત્તું ૫ વાર ૧૫ ઉપવાસ તથા ૩ વાર ૧૭ ઉપવાસ.

(૧૦) વીશસ્થાનક તપ તથા ત્રણેય ઉપધાન કરેલ છે.

(૧૧) ૩૬ વર્ષની ઉંમરે સજોડે બ્રહ્મચર્યવ્રત સ્વીકારેલ છે. સંતાનમાં

ફક્ત એક જ પુત્ર બાબુલાલભાઈ છે.

(૧૨) રોજ બે ટાઈમ પ્રતિક્રમણ, જિનપૂજા વિગેરે આરાધનાઓ ચાલુ છે.

(૧૩) રોજ સામાયિકમાં પાંચ કે તેથી વધુ બાંધી નવકારવાળીનો જાપ કરે છે. જેથી એકથી વધુ વખત નવલાખ નવકાર મહામંત્રનો જાપ કરેલ છે.

(૧૪) ૨૦ વર્ષથી તેઓ કદી છુટા મોઢે રહ્યા નથી. ઓછામાં ઓછું બિયાસણાનું પચ્ચક્ખાણ તો હોય જ !....

(૧૫) ચારિત્ર ન લઈ શકાય ત્યાં સુધી કેટલીક વસ્તુઓનો ત્યાગ છે.

સરનામું

નિયામત ટેરેસ, વર્ધમાન જવેલર્સની ઉપર, ડૉ. બાટલીવાલા ક્રોસરોડ
(ડૉ.આંબેડકર રોડ,) પરેલ, મુંબઈ ૪૦૦૦ ૧૨,
ફોન : ૪૧ ૩૭૮૬૨ ઘરે.

## ૧૧૫ : ૧ ઉપવાસથી માંડીને ક્રમશઃ ૮ ઉપવાસથી વર્ષીતપો કરનાર મહાતપસ્વી સરસ્વતીબેન કાંતિલાલ

વિ.સં. ૨૦૨૧ માં પૂ.મુનિશ્રી કલહંસવિજયજી મ.સા. આદિનું ચાતુર્માસ રાધનપુર શહેરમાં (જિઃ બનાસકાંઠા) હતું. ત્યાં એક બાલવિધવા મહાતપસ્વી સરસ્વતીબેન કાંતિલાલ નામે શ્રાવિકા હતા. વૈધવ્ય બાદ તેમણે પોતાના જીવનને તપોમય બનાવી દીધેલ. **કોઈ દિવસ સળંગ બે દિવસ ભોજન કર્યું નથી. ઉપવાસ-આયંબિલ આદિ તપશ્ચર્યા ચાલુ જ હોય.**

એક દિવસ તેઓ વ્યાખ્યાન સમયથી પહેલાં ઉપાશ્રયે આવ્યા. વંદન કરીને સીધા ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ લીધા !

૧૬ ઉપવાસ શાંતિથી પૂર્ણ થયા. ૧૭ મા દિવસે મુનિવરો નવકારશીના સમયે રાહ જોતા હતા કે તેઓ પારણાથી પહેલાં ગોચરી માટે બોલાવવા આવશે. પરંતુ તેઓ તો વ્યાખ્યાન સમયે આવ્યા અને સાઢપોરિસી એકાશણાના પચ્ચક્ખાણ લીધા. તેની સાથે અભિગ્રહ પચ્ચક્ખાણ પણ લીધું. ૧ા વાગ્યે અભિગ્રહ પૂર્ણ થયું ત્યારે એકાશણું કર્યું !

બીજે દિવસે વ્યાખ્યાનમાં આવ્યા અને વંદન કરી સીધા ૧૫ ઉપવાસના પચ્ચક્ખાણ લીધા !....તે શાંતિથી પૂર્ણ થતાં કરી બીજા ૧૫ દિવસના ઉપવાસના પચ્ચક્ખાણ લીધા. શાસનદેવની કૃપાથી નિર્વિઘ્નતાએ પૂર્ણ થયા.

આમ ૪૭ દિવસમાં ફકત એક જ દિવસ વાપરવાનું તેમાં પણ અભિગ્રહપૂર્વક એકાશણું !...

આ મહાતપસ્વી શ્રાવિકાએ પોતાના જીવનમાં બીજી પણ હેરત પમાડે તેવી તપશ્ચર્યાઓ કરી છે.

**(૧) ઉપવાસના પારણે બ્યાસણાથી વર્ષીતપ. ૨૦ વખત.**

**(૨) છઠ્ઠના પારણે છઠ્ઠથી વર્ષીતપ-૨૦ વાર.**

**(૩) અઠ્ઠમના પારણે અઠ્ઠમથી વર્ષીતપ બેવાર**

**(૪) ૪ ઉપવાસના પારણે ૪ ઉપવાસથી વર્ષીતપ બેવાર.**

**(૫) ૫ ઉપવાસના પારણે ૫ ઉપવાસથી વર્ષીતપ**

**(૬) ૬ ઉપવાસના પારણે ૬ ઉપવાસથી વર્ષીતપ.**

**(૭) ૭ ઉપવાસના પારણે ૭ ઉપવાસથી વર્ષીતપ.**

**(૮) ૮ ઉપવાસના પારણે ૮ ઉપવાસથી વર્ષીતપ (અપૂર્ણ)**

**(૯) સિદ્ધિતપ**

(૧૦) શ્રેણિતપ (૧૧) ચત્તારિ- અઠ્ઠ-દશ-દોય તપ (૧૨) સમવસરણ તપ (૧૩) સિંહાસન તપ (૧૪) છ વાર માસ ક્ષમણ (૧૫) ૨૫ વાર અઠ્ઠાઈ (૧૬)૨૧-૩૨-૪૪-૪૫-૫૧ ઉપવાસ) (૧૭) પંચપરમેષ્ઠીના કુલ ૧૦૮ ઉપવાસ(૧૮) ૨૪ તીર્થંકરના કુલ ૩૦૦ ઉપવાસ (૧૯) વર્ધમાન તપની ૩૫ ઓળી (૨૦) મહાવીર સ્વામી ભગવાનના ૨૨૯ છઠ્ઠ (૨૧) પાર્શ્વનાથ પ્રભુના ગણધરના ૧૦ છઠ્ઠ (૨૨) ૨૦ વિહરમાન તીર્થંકરોના ૨૦ છઠ્ઠ (૨૩) ૨૪ તીર્થંકરના ૨૪ છઠ્ઠ (૨૪) મહાવીર સ્વામી ભગવાનના ૧૧ ગણધરોના ૧૧ છઠ્ઠ. વિગેરે આ ઉપરાંત છ'રી પાળતા સંઘોમાં જોડાઈને અનેક તીર્થોની યાત્રાઓ દ્વારા પણ સમ્યક્દર્શનને નિર્મળ બનાવેલ છે. તપશ્ચર્યાની સાથે સમ્યક્જ્ઞાનાભ્યાસ પણ સુંદર કરેલ. તેમના સંસારપક્ષે ભત્રીજીએ સંયમ સ્વીકારેલ છે. તેઓ સાગર સમુદાયમાં **સા.શ્રી નિરંજનાશ્રીજી મ.સા.** તરીકે સુંદર ચારિત્ર પાળી રહ્યા છે.

[સરસ્વતીબેન આજે હયાત નથી. સં.૨૦૩૫ માં માગસર વદિ ૨ ના અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈના ચાલુ વર્ષીતપમાં જ તેમનો સ્વર્ગવાસ થયેલ છે. પરંતુ તેમના અત્યંત અનુમોદનીય તપોમય જીવનનું દૃષ્ટાંત અત્રે અનુમોદનાર્થે રજુ કરવામાં આવેલ છે. ખરેખર, શ્રી જિનશાસનની બલિહારી છે કે તેમાં આવા અનેક આરાધક રત્નો પાકી રહ્યા છે !]

## ૧૧૬ : અઠ્ઠાઈ તથા સોળભત્તાથી વર્ષીતપ કરનાર મહાતપસ્વી સરસ્વતીબેન જસવંતલાલ કાપડિયા

મૂળ સુરત પાસે કઠોર ગામના વતની પરંતુ વર્ષોથી સુરતમાં રહેતા મહાતપસ્વી સુશ્રાવિકા શ્રી સરસ્વતીબેન જસવંતલાલ કાપડિયા (ઉ.વ.૭૦) એ પોતાના જીવનમાં કરેલ અત્યંત અનુમોદનીય તપશ્ચર્યાનું લીસ્ટ વાંચતાં કોઈપણ સહૃદયી વાચકનું મસ્તક અહોભાવથી ઝુકયા વિના અને બંને હાથ જોડાયા વિના ન જ રહી શકે.

આ રહ્યું તેમણે કરેલી તપશ્ચર્યાનું લીસ્ટ.

| | | | |
|---|---|---|---|
| ૧૦૮ | ઉપવાસ | - | ૧ વાર |
| ૭૦ | " | - | " |
| ૬૮ | " | - | " |
| ૬૦ | " | - | " |
| ૫૮ | " | - | " |
| ૪૫ | " | - | " (છ'રી પાળતા સંઘમાં !) |
| ૩૦ | " | - | પાંચ વાર |
| ૧૬ | " | - | ૧ વાર |
| ૧૫ | " | - | " |
| ૧૦ | " | - | " |
| ૮ | " | - | ૩૦ વાર |

છઠ્ઠતપ - ૨૨૯ વાર (ભગવાન મહાવીર સ્વામીની છઠ્ઠ)

| | | | |
|---|---|---|---|
| સોળભત્તા (૧૬ ઉપવાસથી) વર્ષીતપ- | | | ૧ વાર |
| અઠ્ઠાઈ (૮ ઉપવાસથી ) | " | - | |
| છઠ્ઠથી | " | - | |
| ૧ ઉપવાસથી | " | - | ૨ વાર(કુલ ૫ વર્ષીતપ) |
| સિદ્ધિતપ | " | - | ૧ વાર |

ભદ્રતપ - "

ચત્તારિ-અઠ્ઠ-દશ-દોય તપ - "

ક્ષીર સમુદ્ર તપ - " ઈત્યાદિ

તેમનું સરનામું નીચે મુજબ છે.

ગલેમંડી - ગોળશેરી, ઘર નં. ૬/૧૦૪૯ સુરત - ૩૯૫૦૦૩.

## ૧૧૭ : મહાતપસ્વી ચંદ્રાબેન બાબુલાલ સંઘવી

ખડકી (પૂના) નિવાસી મહા તપસ્વી સુશ્રાવિકા શ્રીચંદ્રાબેન બાબુલાલ સંઘવીએ પોતાના જીવનમાં કરેલી અદ્‌ભુત તપશ્ચર્યાનું લીસ્ટ વાંચતાં કોઈપણ સહૃદયી વાચકનું મસ્તક અહોભાવથી ઝુકયા વિના, બંને હાથ ભક્તિથી જોડાયા વિના અને મુખમાંથી "ધન્ય તપસ્વી" જેવા ઉદ્‌ગારો સરી પડયા વિના નહિ રહે. આ રહ્યું તેમની તપશ્ચર્યાનું લીસ્ટ. ૪માસી, અઢીમાસી, માસક્ષમણ-૨, સૌળભત્તું વિગેરે.

- ★ **અઠ્ઠાઈ તપ ૧૫૦ વાર,**
- ★ **પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ અઠ્ઠમ તથા બીજા ૧૦૦૦ થી વધુ અઠ્ઠમ.**
- ★ મહાવીર સ્વામી ભગવાનની ૨૨૯ છઠ્ઠ.
- ★ **વર્ષીતપ- ઉપવાસ, છઠ્ઠ, તથા અઠ્ઠમથી એક એક.**
- ★ **૩ વાર વીશ સ્થાનક તપ, ઉપવાસ, છઠ્ઠ, તથા અઠ્ઠમથી.**
- ★ શ્રેણિતપ, સિદ્ધિતપ, કંઠાભરણતપ, ચત્તારિ અઠ્ઠદશદોય તપ.
- ★ ધર્મચક્રતપ, શત્રુંજયતપ, અક્ષય નિધિ તપ વિગેરે.
- ★ ક્ષીર સમુદ્ર, સમવસરણ, સિંહાસન, મોક્ષદંડક વિગેરે તપ.
- ★ **વર્ધમાન તપની ૧૦૧ ઓળી.**
- ★ સળંગ આયંબિલ એક વાર ૮૨૫, બીજી વાર ૫૦૦.
- ★ ૨૪ ભગવાનના એકાશણા-૧૨ વાર.
- ★ આયંબિલથી ઉપધાન, શત્રુંજયની ૯૯ યાત્રા, છ મહિનાના છ'રી પાલક સંઘમાં યાત્રા.
- ★ નવલાખ નવકાર મહામંત્રનો જાપ ઈત્યાદિ.

ધન્ય છે આવી તપપરિણતિવાળા આત્માઓને !....

અવાર નવાર આવા કોઈ તપ કરી, કર્મ ખપાવી અંતે અણાહારી પદ પામવાની આપણને પણ સાચી ભાવના જાગે એવી પ્રભુને પ્રાર્થના કરીએ.

## ૧૧૮ : અપ્રમત્ત તપસ્વીની રત્ન ઝમકુબેન લાલજી ખોના

પૂર્વના મહા મુનિવરો માસખમણના પારણે માસખમણ જેવી ઉગ્ર તપશ્ચર્યાઓ અપ્રમત્તપણે કરી શકતા હતા. આ વિધાનમાં આધુનિક જમાનામાં જો કોઈને જરાપણ અતિશયોક્તિ જેવું લાગતું હોય તેમણે

મહાતપસ્વીની સુશ્રાવિકા શ્રીઝમકુબેન (ઉં-વ.૬૦ લગભગ) ના દર્શન કરવા જેવા છે.

**મૂળ કચ્છ- નલીયા ગામના અને હાલ મુંબઈ-મુલુંડમાં રહેતા ઝમકુબેને કરેલી** અપ્રમત તપશ્ચર્યાનું વર્ણન સાંભળતાં ભલભલા નાસ્તિકનું મસ્તક પણ અહોભાવથી ઝુકયા વિના રહે નહિ. ઉગ્ર તપશ્ચર્યાની સાથે તેમની અપ્રમત્તતા ખરેખર અનુમોદનીય છે. **અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ ચાલતી હોય છતાં ૮મા ઉપવાસે પણ તેઓ ખડે પગે બધાની સેવા કરતા હોય.** નવા આગંતુકને **કલ્પનામાં પણ ન આવે કે ઝમકુબેનનો આજે ૮ મો ઉપવાસ હશે એટલી બધી પ્રસન્નતા સદૈવ તેમના મુખ ઉપર છવાયેલી હોય.** જો છેવઠ્ઠા સંઘયણના એકવડા બાંધાના સૂકલકડી શરીરથી પણ આવી મહાન તપશ્ચર્યા અપ્રમત્તપણે અને પ્રસન્નચિત્તે થઈ શકતી હોય તો વજ્રઋષભ નારાચ વિગેરે મજબૂત સંઘયણવાળા પૂર્વના મહાત્માઓ માસખમણના પારણે માસખમણ જેવી તપશ્ચર્યા કરી શકે તેમાં અતિશયોક્તિ કે અસંભવોક્તિ માનવાને કોઈ કારણ રહેતું નથી. ઝમકુબેનની મહાન તપશ્ચર્યાની રૂપરેખા નીચે મુજબ છે.

(૧) અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ (સાંકળી અઠ્ઠાઈ) ૩૧. અઠ્ઠાઈના પારણે પણ માત્ર ૨ દ્રવ્યથી એકાશણું હોય. (૨) ભગવાન મહાવીર સ્વામીએ ૧૨ાા વર્ષના છદ્મસ્થ કાળમાં કરેલ તપશ્ચર્યા. ૧૨ અઠ્ઠમ, ૨૨૯ છઠ્ઠ, ૭૨ પક્ષક્ષમણ, ૧૨ માસ ક્ષમણ, બે દોઢમાસી, બે અઢીમાસી, બે ત્રિમાસી, છ બેમાસી, નવ ચોમાસી, એક છમાસી, એક છમાસીમાં ૫ દિવસ ઓછા. બધા મળીને કુલ ૪૧૪૯ ઉપવાસ ઝમકુબેને પણ કરેલ છે. (૩) શ્રેણિતપ (૧૧૧ દિવસના આ તપમાં કુલ ૮૩ ઉપવાસ તથા ૨૮ બ્યાસણા કરવાના હોય છે.)

(૪) સિદ્ધિતપ (૪૫ દિવસના આ તપમાં કુલ ૩૬ ઉપવાસ તથા ૯ બ્યાસણા કરવાના હોય છે.

(૫) છેલ્લા વીસેક વર્ષથી દર વર્ષે છ એ અઠ્ઠાઈઓમાં ૮/૯ ઉપવાસ કરે છે.

(૬) ચત્તારિ-અઠ્ઠ-દશ-દોય તપ. (૭) ૧૩ કઠિયારાના નિવારણ નિમિત્તે સળંગ ૧૩ અઠ્ઠમ (૮) સળંગ ૫૦૦ આયંબિલ. જેમાં ફકત બે જ દ્રવ્યથી આયંબિલ કરતા. (૯) સમવસરણ તપ=કુલ ઉપવાસ ૬૪. (૧૦) સિંહાસન તપ (૧૧) પાંચ કલ્યાણક તપ. અતીત ચોવીશી- અનાગત ચોવીશી- વર્તમાન ચોવીશી- વીશ વિહરમાન તથા ૪ શાશ્વતા જિન એ રીતે કુલ ૯૬ તીર્થંકરોના ૫-૫ કલ્યાણકના કુલ ૪૮૦ ઉપવાસ. દરેક પારણામાં સાધુ-સાધ્વીજી ભગવંતોને ઉલ્લસિત ભાવથી સુપાત્રદાન આપી, ૪-૫

સાધર્મિકોની ભક્તિ કર્યા પછી જ પારણું કરેલ . (૧૨) મહાભદ્રતપ=આ તપમાં પ્રથમ શ્રેણિમાં ૧-૨-૩-૪-૫-૬-૭ ઉપવાસ એટલે કે કુલ ૨૮ ઉપવાસ આવે. પારણામાં એકાશણું જ કરતા. આવી રીતે કુલ ૭ શ્રેણિના ૧૯૬ ઉપવાસ તથા ૪૯ પારણા મળીને ૨૪૫ દિવસે આ તપ પૂર્ણ થાય છે (૧૩) ભદ્રોત્તરતપ= આ તપમાં કુલ ૫ શ્રેણિ હોય છે. દરેક શ્રેણિમાં ૫-૬-૭-૮-૯ ઉપવાસ એકેક પારણાના અંતરે કરવાના હોય છે. એટલે ૧૭૫ ઉપવાસ તથા ૨૫ પારણા મળી ૨૦૦ દિવસે આ તપ પૂર્ણ થાય છે. (૧૪) ભદ્રતપઃ– આ તપમાં પાંચ શ્રેણિ હોય. દરેક શ્રેણિમાં ૧-૨-૩-૪-૫ ઉપવાસ એકેક પારણાના આંતરે કરવાના હોય છે. એટલે કુલ ૭૫ ઉપવાસ અને ૨૫ પારણા મળી ૧૦૦ દિવસે આ તપ પૂર્ણ થાય છે. દરેક પારણામાં બ્યાસણાના બદલે ઝમકુબેને એકાશણા કરેલ છે. તે પણ મોટા ભાગે બે દ્રવ્યથી જ એકાશણા કરેલ છે. (૧૫) ધર્મચક્ર તપ=પ્રારંભ તથા પૂર્ણાહુતિમાં એક એક અઠ્ઠમ અને વચ્ચે ૩૭ ઉપવાસ એકાંતરે કરવાના એમ કુલ ૮૨ દિવસમાં આ તપ થાય છે. (૧૬) બે વર્ષ સુધી દર મહિને ચોવિહાર અઠ્ઠમ તપ કરેલ. તેમાં પાર્શ્વનાથ ભગવંતના ભવ્ય પ્રાચીન તીર્થો હોય ત્યાં જઈ ૩ દિવસ ત્યાં જ અઠ્ઠમ સાથે રોકાઈ જાપ, ભક્તિ વિગેરે કરતા અને પારણું બીજા કોઈ તીર્થમાં જઈ પ્રભુભક્તિ વિગેરે કર્યા બાદ કરતા. (૧૭) શંત્રુજયતપઃ- પાલિતાણામાં બે ચોમાસા કર્યા. બંને વખત, છઠ્ઠ તથા બે અઠ્ઠમ કરેલ. (૧૮) બે વર્ષીતપ કરેલ. **(૧૯) છેલ્લા ૩૫ વર્ષમાં એકાંતરા ઉપવાસથી ઓછું તપ તેમણે કરેલ નથી. અર્થાત્ સળંગ બે દિવસ કદી વાપર્યું નથી ! આજે પણ તેમના એકાંતરા ઉપવાસ ચાલુ છે.** ધન્ય છે આવા તપસ્વી આત્માઓને. શ્રીજિનશાસન આવા તપસ્વી આરાધક આત્માઓથી ગૌરવવંતું છે. આપણે પણ આવા તપસ્વી આત્માના જીવનમાંથી કંઈક પ્રેરણા મેળવીને, આહારસંજ્ઞા ઉપર કાબૂ મેળવી, દેહાધ્યાસથી મુક્ત બની, આત્માના અણાહારી પદને પ્રાપ્ત કરવા કટિબદ્ધ બનીએ એ જ મંગલ ભાવના.


સરનામું :- ઝમકુબેન લાલજી ઘેલાભાઈ ખોના.

C/. વીરચંદ લાલજી ખોના.

A સાંઈધામ એપાર્ટમેન્ટ- ૭ મે માળે, પરસોત્તમ ખેરાજ રોડ,

મુલુંડ (વેસ્ટ)- મુંબઈ ૪૦૦૦૮૦

ફોન : ૫૬૧૯૦૨૨/ ૮૫૫૩૭૩૭

# ૧૧૯ : સળંગ ૩૩ વર્ષીતપના તપસ્વી ખેતબાઈ કાનજી (ખેતામા)

કચ્છ - દેવપુર ગામમાં 'ખેતામા' તરીકે સુપ્રસિદ્ધ તપસ્વી શ્રાવિકાનું મૂળ નામ 'ખેતબાઈ કાનજી' (ઉંમર વર્ષ ૯૨) એમના ત્યાગની, સત્કાર્યોની ઝલક આપણે જોઈએ. પોતે વેપાર કરીને તથા ખેતીના ધંધા વિ.કરીને બચાવેલી મૂડીમાંથી પ્રાય : ૩ લાખ રૂા. જેટલી રકમનું દાન દેવ-ગુરુ-ધર્મના કાર્યોમાં કર્યું છે. નાની મોટી વિવિધ તપશ્ચર્યામાં ૩૩ તો સળંગ વર્ષીતપ કર્યા છે. **તેમાં ત્રણ વર્ષીતપ છઠ્ઠ,અઠ્ઠમ થી અને તેમના ઉજમણા વખતે પ્રભુજીનો ચાંદીનો ચંદરવો, ઘંટ, પૂજન માટે ચાંદીના પાટલા વિગેરે ઘણીચીજો ભેટ આપેલ છે. વળી દેહાધ્યાસ કેવો મંદ ! વર્ષીતપના પારણામાં મગ, કાંજીની અપેક્ષા નહીં.બાજરાનો રોટલો, છાશ અને ચટણી આટલી વસ્તુમાં સંતોષ. પગમાં ચંપલ નહીં. ગાદલા કે ગોદડી પર સૂવાનું નહિ. મુંબઈથી શિખરજી તથા શિખરથી પાલિતાણા વિગેરે અનેક છ'રી પાલક સંઘોમાં તેમણે સંઘમાતા બનવાનો લ્હાવો લીધેલ.સાધુ-સાધ્વી ભગવંતોની અપૂર્વ સેવા-વૈયાવચ્ચ કરે. યોગનિષ્ઠા સુસા.શ્રી ગુણોદયાશ્રીજી મ. સાહેબ પણ બિમારીના સમયમાં, અંતિમ દિવસોમાં એમને બંગલે રહ્યા હતા. ત્યારે ખેતામાએ એમની ઘણી વિશિષ્ટ ભક્તિ કરી ઉત્તમ લાભ લીધો હતો**

એવો ખેતબાઈ માતાજીના તપ-ત્યાગનો વારસો એમના સુપુત્રોમાં પણ જોવાય છે. (૧) **સુપુત્ર વિસનજીભાઈ**. તેમણે પણ સંઘપતિ બની જીવનમાં કેટલાક અભિગ્રહ લીધેલ છે. દા.ત. જિનમંદિર બંધાવવું, પ્રતિમાજી ભરાવવા. સિદ્ધાચલની ૯૯ યાત્રા કરાવવી. અને જ્યાં સુધી આ અભિગ્રહ પૂર્ણ ન થાય ત્યાં સુધી અમુક જ દ્રવ્યોના વપરાશ સાથે કાયમ એકાશણું કરવું અને સાથે રોજ બે કલાક મુંબઈ હરકિશનદાસ હોસ્પીટલમાં સેવા આપવી. ઘણા વર્ષોથી દેવપુરમાં તેમના તરફથી પક્ષીઓને રોજ ૨૫ કિલો જુવાર તથા કૂતરાઓને ૬ા કિલો રોટલા નંખાય છે.

વળી એમના બીજા સુપુત્ર **'બાબુભાઈ'** એ તદ્દન નાસ્તિક હતા. પરંતુ યોગનિષ્ઠા **પૂ.પૂ. સા.શ્રી ગુણોદયાશ્રીજી મ.સા.** ના સંપર્કથી જીવન પલટાઈ ગયું. જીવનમાં ધર્મનું વપન થયું. અને એ ઉપકારી ગુરુ મહારાજ પ્રત્યેનો અવિહડ સમર્પિત ભાવ બોલી ઉઠયો- "જ્યાં સુધી ગુરુ મ. સ્વસ્થતા (શારીરિક) ન પામે ત્યાં સુધી સર્વ અનાજનો ત્યાગ." પરંતુ ગુરુ મ. ની ગોઝારી ઘટનાથી બધાની સમજાવટથી માંડ માંડ માન્યા. આજે પણ જીવનમાં એઓના પ્રત્યે એવી જ શ્રદ્ધા છે કે ૨૪ કલાક ગુરુ મહારાજ મારી સાથે છે. મને કોઈ જાતનો

ભય નથી. જીવનમાં ત્યાગ પણ ઘણો જ છે. હાલ ઘણા સમયથી તેઓ ફક્ત બે વસ્તુ- બાજરાનો રોટલો ને છાશ ઉપર જીવી રહ્યા છે.

[આ લેખ મળ્યા બાદ સમાચાર મળ્યા છે કે તપસ્વી ખેતામા સ્વર્ગવાસી થયા છે. છતાં ૩૩ વર્ષીતપની મહાન તપશ્ચર્યા કરનાર હોવાથી તેમનું દૃષ્ટાંત અનુમોદનાર્થે અત્રે પ્રસ્તુત છે. મુમુક્ષુ અવસ્થામાં તેમજ દીક્ષા બાદ દેવપુરમાં ચાતુર્માસ દરમ્યાન 'ખેતામા' ના અનેકવિધ સદ્ગુણોનો પ્રત્યક્ષ પરિચય પણ થયો છે = સંપાદક.

**સરનામું :-** વિસનજી કાનજીની કું.
મહાલક્ષ્મી ચા ભંડાર, ગાંજાવાલા બિલ્ડીંગ,
તારદેવ નાકા, મુંબઈ-૩૪ ફોન : ૪૯૪૭૧૪૯

## ૧૨૦ : ૨૫ વર્ષીતપના આરાધક, ઉગ્રતપસ્વિની સુશ્રાવિકા નાનબાઈ પ્રેમજી સાવલા

મૂળ કચ્છ ગુંદાલાના વતની પરંતુ હાલ મુંબઈ પાર્લામાં રહેતા ઉગ્ર તપસ્વીની સુશ્રાવિકા શ્રીનાનબાઈએ વિ.સં.૨૦૨૮ માં બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું અને તે જ વર્ષે માસક્ષમણની આરાધના કરી.

ત્યારબાદ બીજા વર્ષે સં. ૨૦૨૯ થી વર્ષીતપની આરાધના ચાલુ કરી તે આજ સુધી અખંડપણે ચાલુ છે હાલ તેમનો ૨૫મો વર્ષીતપ ચાલુ છે.

એમની સાથે તેમના જેઠાણી ગંગાબેન પણ વર્ષીતપમાં જોડાયા અને ૧૩ વર્ષીતપ સુધી સાથે જ તપશ્ચર્યા કરી !

**નાનબાઈએ ૨૫ વર્ષીતપ દરમ્યાન એક છઠ્ઠથી તથા એક અઠ્ઠમથી પણ વર્ષીતપ કરેલ છે !....**

**તદુપરાંત ૪ વખત સિદ્ધિતપ, ધર્મ ચક્રતપ, પાંચ વખત ૧૧ ઉપવાસ, ૧૪ ઉપવાસ, ૧૬ ઉપવાસ, ૨૦ ઉપવાસ, દર વર્ષે પર્યુષણમાં અઠ્ઠાઈ, ચૈત્ર તથા આસો મહિનાની ઓળીમાં ઉપવાસના પારણે આયંબિલ, દર વર્ષે ૨૫ અઠ્ઠમ વિગેરે તપશ્ચર્યા પણ ચાલુ વર્ષીતપો દરમ્યાન તેમણે કરી છે !.....**

એકવડો પરંતુ ખડતલ બાંધો ધરાવતા નાનબાઈ યુવતીને પણ શરમાવે તેવા ઉત્સાહપૂર્વક પોતાની સાધના આગળ ધપાવી રહ્યા છે.

રોજ પ્રતિક્રમણ, સામાયિક, વ્યાખ્યાન શ્રવણ, નવકાર મહામંત્રનો જાપ, પ્રભુ પ્રાર્થના વિગેરે આરાધના પણ નિયમિત કરી રહ્યા છે.

**સરનામું :-** ૩૩૧ કૈલાસ કોટેજ, રૂમનં. ૧, ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં,
નંદા પાટકર રોડ, પાર્લા (પૂર્વ) - મુંબઈ-૪૦૦૦૫૭.

## ૧૨૧ : અપ્રમત્ત તપસ્વીની મૈનાબાઈ કચરદાસજી ચોરડિયા

યેરવડા (પુના) નિવાસી સુશ્રાવિકા શ્રીમૈનાબાઈ કચરદાસજી ચોરડિયા (ઉ.વ.૫૯) પોતાના જીવનમાં ખૂબ જ અપ્રમત્તપણે અનુમોદનીય આરાધના કરી રહ્યા છે. આ રહી તેમની આરાધનાની વિગત.

**રોજ ફક્ત રાત્રે ૧૨ થી ૨ સુધી બે કલાક જ આરામ કરે છે. બાકીનો સમય અપ્રમત્તપણે આરાધનામાં વીતાવે છે. છેલ્લા ૨૫ વર્ષથી રોજ ૧૫ સામાયિક, ૫ કલાક મૌન, નવકાર મહામંત્રની ૧૫ બાધી માળા, ૧ લોગસ્સની માળા તથા ૧ નમોત્થુણંની માળાનો જાપ કરે છે. છેલ્લા ૧૧ વર્ષથી સળંગ વર્ષીતપ ચાલુ છે. તેમાં પણ મહિનામાં ૫ છઠ્ઠ તથા ૧ અઠ્ઠમ તેમજ ૧૦ માસક્ષમણ, ૫૧ ઉપવાસ જેવી મોટી તપશ્ચર્યા કરી છે ! ૧૧ વર્ષથી રોજ ૧૦૮ ખમાસમણ પૂર્વક પંચપરમેષ્ઠી ભગવંતોને વંદના કરે છે.** ૧૦ વર્ષની ઉંમરથી માંડીને આજ સુધી સંળગ્ન રાત્રિભોજનનો ત્યાગ છે. ગમે તેવા કટોકટીના પ્રસંગોમાં પણ રાત્રે અચૂક ચોવિહારનું પચ્ચકખાણ કરે છે સળંગ ૬ મહિના આયંબિલ કરેલ છે. ૨૫ વાર ૧૦ પચ્ચક્ખાણ કરેલ છે. ઉપવાસના દિવસે ૩ પ્રહર દિવસ પસાર થયા પછી જ પાણી પીએ. છેલ્લા પાંચ વર્ષથી આજીવન બ્રહ્મચર્યવ્રતનો સજોડે સ્વીકાર કરેલ છે. તેમના પતિ પણ તેમને તપ-જપ વિગેરે ધર્મકાર્યોમાં સારો સહયોગ આપી રહ્યા છે.

**ઉપર મુજબની સુંદર આરાધનાના પ્રભાવે મૈનાબાઈના આત્મામાં અમુક પ્રકારની લબ્ધિ તેમજ આંખોમાં તપનું અપૂર્વ તેજ પ્રગટ થયેલ છે. અનેક બિમાર વ્યક્તિઓને તેમણે નવકાર મહામંત્રના સ્મરણપૂર્વક હાથ ફેરવીને નીરોગી બનાવ્યા છે.**

એક વખત તેમના પતિ ઉપરથી પડી ગયા હતા. જોરદાર ચોટ લાગી હતી. ત્યારે પણ તેમને દવાખાનામાં લઈ જવાને બદલે નવકાર મહામંત્રના યોગથી જ ઠીક કર્યા હતા. તપશ્ચર્યા દરમ્યાન તેઓ કોઈની પણ સેવા સ્વીકારતા નથી. અપ્રમત્તભાવથી જ્ઞાન-ધ્યાનમાં લીન રહે છે. પરિણામે તેમના ઘરના દરેક સભ્યોમાં ઠીક ઠીક ધાર્મિક સંસ્કારો જોવા મળે છે.

## ૧૨૨ : ૬૫ વર્ષના લીલાબહેન ગાંધીની ૬૮ ઉપવાસની તપશ્ચર્યા સાથે ૧૫ વર્ષની પૌત્રી ડિમ્પલના ૩૦ ઉપવાસ

એક તરફ 'ગ્રીનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝ' માં નામ નોંધાવવા માટે વધુમાં વધુ ખોરાક ખાવાની હરિફાઈ કરનાર અને જીભના ચટાકા સંતોષવા

ખાતર જાત જાતની વાનગીઓ 'સ્વાહા' કરી જનારા નબીરાઓ આ દુનિયામાં ઠેર ઠેર જોવા મળે છે. તો બીજી તરફ આ જૈન શ્રાવિકા લીલાબેન પ્રભુદાસ ગાંધીએ ૬૮-૬૮ દિવસ ફકત માત્ર ગરમ પાણી લઈને જૈન ધર્મની અજોડ તપશ્ચર્યા-ઉપવાસ કરેલ છે.

જૈનોના પર્યુષણ પર્વ પ્રસંગે આવા મહાન તપ કરનાર ગગનવિહાર ખાનપુરમાં વસતા આ ૬૫ વર્ષના બુઝર્ગ છતાંય યુવાનને પણ શરમાવે તેવી સ્ફૂર્તિ ધરાવતા આ શ્રાવિકાએ એમના જીવનમાં કરેલ અનેક ઉગ્ર તપની યાદી જાણીએ તો આપણે અ....ધ....ધ..ધ..થઈ ઉઠીએ !

૪૫ ઉપવાસ, ૩૬ ઉપવાસ, ૩૧ ઉપવાસ, ૩૧ ઉપવાસ, ૩૦ ઉપવાસ, પાણીના પણ ત્યાગ સાથે ૧૪ વખત ૮ ઉપવાસ (અઠ્ઠાઈ), પાણી લેવા પૂર્વક ૩૦ વાર ૮ ઉપવાસ, એક વર્ષથી વધુ સમય સુધી ત્રણ ઉપવાસ ના પારણે ત્રણ ઉપવાસ (અઠ્ઠમથી વર્ષીતપ) તથા બે ઉપવાસના પારણે બે ઉપવાસ (છઠ્ઠથી વર્ષીતપ) બે વાર એક વર્ષથી વધુ સમય સુધી ઉપવાસના પારણે ઉપવાસ (બે વર્ષીતપ), તેમજ ઉપવાસ, આયંબિલ અને ઉપવાસ (ઉપવાસ-આયંબિલનો વર્ષીતપ) આ રીતે કુલ પાંચ વર્ષીતપ, સતત ૫૦૦ દિવસ સળંગ ૫૦૦ આયંબિલ (તેલ મરચા-મીઠાઈ-ફ્રુટ વિનાનું માત્ર બાફેલા અનાજનું જ ભોજન એકવાર લેવું તેને જૈનધર્મમાં આયંબિલ કહેવાય છે.) વર્ધમાન તપની ૫૩ ઓળી, શ્રેણીતપ, સિદ્ધિતપ, સમવસરણતપ, સિંહાસનતપ જેવા જૈન ધર્મના અનેક મહાન અને દીર્ઘ તપ ભૂતકાળમાં કરી ચૂકનાર આ શ્રાવિકાએ આ વર્ષે ૧૧ આયંબિલ પર લાગ લગાટ ૬૮ ઉપવાસ કરેલ છે. **૪૫ ઉપવાસ સુધી તો દેરાસરમાં બધા માટે ચંદન ઘસતા હતા. પછી મક્કમતાથી બધાંએ નિષેધ કરતાં બંધ કર્યું.**

ચારસો વર્ષ પહેલાં મોગલ સમ્રાટ અકબરને પોતાના છ મહિનાના પ્રખર તપથી પ્રભાવિત કરનાર ચંપાશ્રાવિકા, પોતાના શ્રદ્ધેય જગદ્ગુરુ શ્રી વિજય હીર સૂરીશ્વરજી ને પોતાની તપ શક્તિના 'પાવરહાઉસ' રૂપે ગણાવતી હતી, તેમ આ લીલાબહેન પણ કહે છે કે આવા અદ્ભુત તપ કરવાનું સામર્થ્ય એમના પરમગુરુ સ્વર્ગસ્થ જૈનાચાર્ય યુગદિવાકર **શ્રી વિજય ધર્મસૂરીશ્વરજીની** કૃપાથી અને તેમના પરિવારના શ્રીવિશ્વનંદીકર જૈન સંઘ પાલડીમાં ચાતુર્માસ રહેલા જૈનાચાર્ય શ્રી **વિજય સૂર્યોદયસૂરિજી.** તથા આગમવિશારદ શ્રીનવકાર મહામંત્રના આરાધક પૂજ્ય પંન્યાસ ગુરુદેવશ્રી **અભયસાગરજી** મ. ના પટ્ટધર જૈનનગર પાલડીમાં બિરાજમાન **પૂ. પંન્યાસપ્રવરશ્રી અશોક સાગરજી** મ. તથા તેઓશ્રીના પ્રશિષ્ય ખાનપુર જૈન સંઘમાં બિરાજમાન પૂ. મુનિરાજશ્રી સાગરચંદ્રજી મ. દ્વારા નવકારમંત્રની આરાધના પ્રસંગે શ્રી નવકારના ૬૮

અક્ષરોના અનુલક્ષ્યથી ૬૮ દિવસની આરાધનાની પ્રેરણા મળી. લીલાબહેનની સાથે સાથે તેમની પૌત્રી ડિમ્પલ દિલીપભાઈ ગાંધી (ઉ.વ. ૧૫.) એ પણ દાદીમાની સાથે ૩૦ ઉપવાસ કરેલ છે. બન્નેના પારણા પર્યુષણપર્વની પૂર્ણાહુતિ બાદ તા. ૨૧-૯-૯૩ ના દિવસે એક સાથે થયેલ.

આજના વિલાસી વાતાવરણમાં પણ આવી અદ્ભુત અને ઉગ્ર તપશ્ચર્યા કરનારા આ તપસ્વીઓ બિરદાવવા જેવા છે.

("સંદેશ" માંથી સાભાર ઉધ્ધૃત.)

## ૧૨૩ : મહાતપસ્વી કમલાબેન

મુંબઈ ખારમાં રહેતા સુશ્રાવિકા શ્રીકમલાબેન ૧૦૮ અઠમ તપની આરાધના કરી રહ્યા હતા.

સંઘમાં જિનાલયનું ખાતમુહૂર્ત કરાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે આગેવાનોને ભાવના થઈ કે આવા તપસ્વી સુશ્રાવિકાના હસ્તે ખાતમુહૂર્ત થાય તો સારું. તેથી તેમણે કમલાબેનને તે માટે વિનંતિ કરી. કમલાબેને તેમની વિનંતિનો સ્વીકાર તો કર્યો પરંતુ જિનાલયના ખાતમુહૂર્તનો મહાન લાભ વગર ચડાવો બોલાવ્યે પોતાને મળ્યો તે બદલ બીજીવાર ૧૦૮ અઠમ કરવાની પોતાની ભાવના તેમણે સંઘ સમક્ષ વ્યક્ત કરી. સહુ તેમની આવી ઉત્તમ ભાવનાની અનુમોદના કરવા લાગ્યા. પછી તો અધ્યવસાયોમાં શુભ ભાવોની અભિવૃદ્ધિ થતાં તેમણે ૧૦૮ અઠ્ઠાઈ (૮ ઉપવાસ) કરેલ શ્રીસંઘે તેમનું યથોચિત બહુમાન કરેલ.

ધન્ય છે આવા તપસ્વી સુશ્રાવિકાને અને તેમની કદર કરનાર શ્રીસંઘને !....

## ૧૨૪ : રોજ ૧૨ કિ.મી.ના અંતરે જિનપૂજા કરવા જતા ખેતીબાઈ ભચુભાઈ દેઢિયા

કચ્છ-વાગડમાં ભચાઉથી ૧૨ કિ.મી. ના અંતરે બંધડી નામે ગામ છે. ત્યાં ખેતીબાઈ નામે અત્યંત ધર્મચુસ્ત સુશ્રાવિકા રહેતા હતા. એમની જન્મભૂમિ તો મનફરા ગામ હતું પરંતુ તેમના લગ્ન બંધડી નામે નાનકડા ગામમાં થયા હતા કે જ્યાં એકપણ જિનમંદિર ન હતું !....

પૂર્વ જન્મથી જ ધર્મ સંસ્કારોની મૂડી લઈને જન્મેલ ખેતીબાઈને જિનપૂજા વિના

કેમ ચાલે ? એટલે તેઓ દરરોજ બસ દ્વારા ૧૨ કિ.મી. ના અંતરે આવેલ ભચાઉ ગામમાં જઈને જિનપૂજા ઉલ્લાસ પૂર્વક કરતા. પ્રભુપૂજામાં એવા એકતાન બની જતા કે ઘણીવાર સમયનો પણ ખ્યાલ ન રહે. ઠેઠ બપોરે ૧ વાગ્યે પાછા ઘરે આવીને જાતે બધી રસોઈ કરીને પછી આયંબિલ કરતા !... કેવી અદ્ભુત હશે એમની પ્રભુ સાથેની પ્રીત !....

ઘરની બાજુમાં જ જિનાલય હોવા છતાં પણ નિયમિત જિનપૂજા કે પ્રભુદર્શનની પણ ઉપેક્ષા કરનાર આત્માઓ ખેતીબાઈ ની પ્રભુભક્તિની મસ્તીને ક્યાંથી સમજી શકશે !

જીવદયાના ભાવો એવા આત્મસાત્ થયેલા કે સંયોગ-વશાત્ પચાસેક વખત મુંબઈ જવાનું થયું ત્યારે દરેક વખતે અઠ્ઠમ કરીને જ જાય જેથી સંડાશનો ઉપયોગ કરવો જ ન પડે. ૩ દિવસમાં તેઓ મુંબઈથી અચૂક પાછા આવી જતા !

જ્ઞાનરૂચિ એવી ગજબની હતી કે રોજ ૮ સામાયિક કરીને ભક્તામર સ્તોત્ર ગોખતા. જ્ઞાનાવરણીય કર્મના ઉદયે ૮ દિવસે ૬૪ સામાયિકમાં ૧ ગાથા માંડ કંઠસ્થ થતી છતાં પણ કંટાળ્યા વિના પુરુષાર્થ ચાલુ રાખ્યો અને ભક્તામર તેમજ કલ્યાણ મંદિર સ્તોત્ર વિ. કંઠસ્થ કરીને જ જંપ્યા....

જ્ઞાન સાથે ક્રિયાની રૂચિ પણ ખૂબ જ અનુમોદનીય હતી. જયણા માટે ડગલે પગલે પોંજવા-પ્રમાર્જવાની ખૂબ જ કાળજી રાખતા. ઘોર તપશ્ચર્યામાં પણ બંને ટાઈમ ઊભા ઊભા જ પ્રતિક્રમણ કરે !

તપની રૂચિ તો એવી અજબ ગજબની કે ૩૫ વર્ષની ઉંમરથી એકાશણા શરૂ કર્યા પછી ગમે તેવા સંયોગોમાં એકાશણાથી ઓછું પચ્ચક્ખાણ પારવા માટે અંતઃકરણ કબૂલ જ ન કરે ! એ ય ઓછું હોય તેમ વર્ધમાન આયંબિલ તપનો થડો બાંધીને ઓળીઓ શરૂ કરી. પ્રાયઃ દરેક ઓળીનો પ્રારંભ અઠ્ઠમ તપથી જ કરે. ૭ દ્રવ્યથી વધારે ન વાપરવાનો સંકલ્પ ! વચ્ચે ચોવિહારા ઉપવાસથી વર્ષીતપ તથા ચોવિહાર ઉપવાસથી વીસ સ્થાનક તપ પણ ચડતા પરિણામે પૂર્ણ કરેલ !

વીશ સ્થાનક તપમાં ચોથભક્તની ઓળી ઉપર માસખમણ કરેલ અને વર્ધમાન તપની ૬૦ મી ઓળી ઉપર સોળભત્તો કરેલ !!!.....

૫૫ જેટલી તો અઠ્ઠાઈ કરેલ છે !

આયંબિલ તપ ઉપર એટલો બધો પ્રેમ કે ૫૦૦ આયંબિલ સળંગ કર્યા ! બીજી વાર ૧૧૦૦ આયંબિલ સળંગ કરવાની ભાવના સાથે ૨૫૬ સળંગ આયંબિલ થયા ત્યારે તેમના આંખની રોશની જતી રહી તો પણ એકાંતરા ૫૦૦ આયંબિલ પૂર્ણ કર્યા. ૧૦ મહિના સુધી આંખોની રોશની જતી રહી હતી તો પણ એકાશણાથી ઓછું તપ ન જ કર્યું ! આખરે એમની શ્રદ્ધા બળે આંખો બરાબર થઈ ગઈ !

એક્વાર સક્ચૂર નામનું અત્યંત ઝેરી જંતુ કરડ્યું હતું. એનું ઝેર એવું ભયંકર હોય છે કે ૧૦૦ માંથી એકાદ કેસ માંડ બચે. પરંતુ આયંબિલ તપના પ્રભાવે ખેતીબાઈને કાંઈ જ ન થયું !....

તપની સાથે સેવાનો સદ્‌ગુણ ભાગ્યે જ જોવા મળે પરંતુ એમણે તો સગી દીકરી પોતાની માની સેવા કરે એવી રીતે પોતાના સાસુની સુંદર સેવા કરીને આશીર્વાદ મેળવ્યા હતા !

ખેતીબાઈના પતિ ભચુભાઈ સ્કૂલમાં હેડ માસ્ટર તરીકે હતા. તેમને પણ પ્રેમથી સમજાવીને ધર્મમાં એવા જોડી દીધા કે ૩૬ વર્ષની વયે તેમણે સજોડે બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરી લીધો !....

આચાર ચુસ્તતા એવી કે રાત્રિભોજન તો કોઈપણ સંયોગોમાં ન જ થવા દે. કયારેક ભચુભાઈને સ્કૂલમાંથી પાછા ફરતાં મોડું થયું હોય અને સૂર્યાસ્ત થવાને માંડ ૨-૫ મિનિટની જ વાર હોય તો ભરેલું ભાણું કુતરાને આપી દે પરંતુ રાત્રિભોજન તો ન જ થવા દે !!!..... આટલી બધી આરાધનાઓ કરવા છતાં પણ તેમને સંતોષ થતો ન હતો. માનવ જીવનને ખરેખર સાર્થક બનાવવો હોય તો સંયમ જ ગ્રહણ કરવું જોઈએ એવી સ્પષ્ટ સમજણ ધરાવતા ખેતીબાઈએ પોતાની બંને સુપુત્રીઓને સંયમના માર્ગે આશીર્વાદ પૂર્વક મોકલાવી. જેઓ આજે અધ્યાત્મયોગી પ.પૂ. આ.ભ. શ્રી વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા. ના સમુદાયમાં સા. શ્રી સુભદ્રયશાશ્રીજી તથા સા.શ્રીશ્રુતદર્શનાશ્રીજી તરીકે સુંદર સંમયનું પાલન કરી રહેલ છે !

આટલેથી પણ ન અટકતાં પોતાને પણ દીક્ષા લેવાની અનુમતિ આપવા માટે પોતાના પતિને સમજાવતા રહ્યા અને આખરે તેમાં સફળ પણ થયા. સક્ચૂર જંતુના ઝેરથી બચવાનો પ્રસંગ બન્યા પછી તેમના પતિએ પણ તેમને દીક્ષા લેવા માટે રાજીખુશીથી અનુમતિ આપી દીધી અને આજથી ૭ વર્ષ પહેલાં ૫૫ વર્ષની ઉંમરે તેમણે ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉપરોક્ત સમુદાયમાં સંયમનો સ્વીકાર કર્યો. ખેતીબાઈ મટીને સા.શ્રી સંયમપૂર્ણાશ્રીજી તરીકે નવજીવન પામ્યા !

અગાઉ ગૃહસ્થપણામાં આત્માની ધરતી ઉપર ધર્મની ખેતી કરીને આરાધનાનો મબલખ પાક પેદા કરવા દ્વારા સ્વનામને સાર્થક બનાવનારા ખેતીબાઈ દીક્ષા લીધા પછી પોતાના નવા નામને સાર્થક બનાવવા માટે ભગીરથ પુરુષાર્થ કરી રહ્યા છે !

વર્ધમાન તપની ૧૦૦ ઓળી જોતજોતામાં પૂર્ણ કરી ! તેમાં પણ ૧૦૦ મી ઓળી ફકત રોટલી અને પાણી વાપરીને વિહાર દરમ્યાન પૂર્ણ કરી અને શંખેશ્વર તીર્થમાં કોઈપણ જાતના આડંબર વિના અત્યંત સાદગીપૂર્વક પારણું કર્યું !

૩ વર્ષ અગાઉ તેમણે પાલિતાણામાં ચાતુર્માસ કર્યું ત્યારે દરરોજ તલેટીની યાત્રા કરવા અચૂક જતા. ચાતુર્માસ બાદ ગિરિરાજની ૯૯ યાત્રા ઉલ્લાસપૂર્વક પૂર્ણ કરી. પાલિતાણા જેવા ક્ષેત્રમાં પણ ક્યાંય અસૂઝતી ગોચરી ન લેવાય તે માટે તેઓ ખૂબ જ કાળજી રાખતા !

રાત્રે પણ બહુ જ અલ્પનિદ્રા લઈને મોટા ભાગનો સમય જાપમાં પસાર કરે છે. જ્યારે જુઓ ત્યારે તેમના હાથમાં માળા કે પુસ્તક બેમાંથી કાંઈક અચૂક દેખાય ! વાત્સલ્યાદિ સદ્‌ગુણો પણ અપૂર્વ કોટિના છે. આવા ઉત્તમ આરાધક આત્માના જીવનમાંથી સહુ યથાશક્તિ પ્રેરણા મેળવે એ જ હાર્દિક શુભેચ્છા.

## ૧૨૫ : કચ્છની ધીંગી ધરાનો જોઈ લ્યો ઠાઠ એક માતાની દીકરીઓની દીક્ષા થઈ આઠ !!!

આજથી લગભગ ૨૩૫૦ વર્ષ પૂર્વે સ્થૂલિભદ્રસૂરિની સાતેય બહેનો યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણાએ દીક્ષા અંગીકાર કરેલ. ત્યારબાદ હજી સુધીમાં આટલી મોટી સંખ્યામાં સગી બહેનોએ દીક્ષા અંગીકાર કરેલ હોય તેવી કોઈ ઘટના બની ન હતી.

પરંતુ તા. ૧૩/૨/૧૯૯૫ ના ઉપરોક્ત પરાક્રમને પણ અતિક્રમી જાય તેવી ઘટના કચ્છ જિલ્લામાં વાગડ વિસ્તારમાં રાપર ગામે સર્જાઈ હતી. રાપરથી ૨૧ કિ.મી.ના અંતરે આવેલ રામાવાવ ગામના વતની પરંતુ વ્યવસાયાર્થે રાપરમાં વસતા **મણિલાલભાઈ છગનલાલ મહેતા** અને તેમના ધર્મપત્ની **રત્નકુક્ષિ સુશ્રાવિકા શ્રી કુંવરબાઈની ૬ સુપુત્રીઓ અનુક્રમે વનિતાબેન, મધુબેન, ભારતીબેન, ચાંદનીબેન, રોશનીબેન તથા જ્યોતિબેન** ઈ.સ. ૧૯૭૮ થી ૧૯૮૪ સુધીમાં દીક્ષા ગ્રહણ કરી **અનુક્રમે વંદિતાબાઈ મહાસતીજી, મિતાબાઈ મહાસતીજી, ભારતીબાઈ મહાસતીજી, ચાંદનીબાઈ મહાસતીજી, રોશનીબાઈ મહાસતીજી અને સુવ્રતાબાઈ મહાસતીજી તરીકે સંયમની સુંદર સાધના કરી રહ્યા છે.** તેમાં વળી બાકી રહેલ બે સુપુત્રીઓ **શીલુબેન તથા પ્રીતિબેને** પણ તા. ૧૩/૨/૯૫ ના સંયમનો સ્વીકાર કરતાં આઠ સગી બહેનોની દીક્ષાનો વિશ્વ વિક્રમ ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં નોંધાયો છે. આ બંને બહેનોના નામ અનુક્રમે **સુહાનીબાઈ મહાસતીજી તેમજ પ્રિયાંશીબાઈ મહાસતીજી** તરીકે જાહેર થયેલ છે. આઠેય બહેનો બાલ બ્રહ્મચારિણી તથા ઉચ્ચ વ્યાવહારિક શિક્ષણ પામેલ છે. તેમના એક જ સગા ભાઈ **ભોગીલાલભાઈ**

મહેતા છે જેઓ રાપરમાં વ્યવસાય કરી રહ્યા છે. આઠેય બહેનોએ સ્થાનકવાસી લીંબડી અજરામર સંપ્રદાયમાં દીક્ષા ગ્રહણ કરેલ છે. આઠેય બહેનો એક એકથી ચઢે તેવા હોશિયાર છે. તેમાંથી બે મહાસતીજીઓએ ૨૮ આગમો કંઠસ્થ કરી લીધા છે. **બીજા નંબરના મીતાબાઈ મહાસતીજી ખૂબ જ મૌનપ્રિય અને આધ્યાત્મિક સાધના પરાયણ છે. તેમણે સળંગ ૧૨-૧૨ મહિનાના મૌન પણ કરેલ છે. એકાંતરા દિવસે મૌન તો ઘણીય વખત રાખે છે.** વ્યાખ્યાન પણ ખૂબ જ અસરકારક શૈલિમાં આપે છે. રાત્રે અઢી-ત્રણ વાગ્યે ઊઠીને આગમ સૂત્રોના ઉપર સુંદર ચિંતન કરે છે. કોઈનીય નિંદા કરવી કે સાંભળવી નહિ એવી તેમની પ્રતિજ્ઞા છે !.....

ટી.વી. વિડીઓ અને બ્યૂટી પાર્લરો તેમજ ફાઈવ સ્ટાર હોટલોના આ વિલાસી વિજ્ઞાનયુગમાં ભરયુવાવસ્થામાં બધી ભૌતિક અનુકૂળતાઓને સ્વેચ્છાએ પરિત્યાગ કરીને સંયમ ગ્રહણ કરતી વખતે આ દીક્ષાર્થીઓએ ઉપસ્થિત હજારોની જનમેદનીને સંબોધતાં કહ્યું હતું કે -

**"સંયમ અમારો પક્ષ અને મોક્ષ અમારો લક્ષ્ય છે- હવે અમો સમભાવના સરોવરમાં સ્નાન કરીશું અને સાધનાઓનો શ્રૃંગાર ધારણ કરીશું. અનુજ્ઞાનો અમારી આત્મઝંખના બની રહેશે. સંયમના સ્વૈચ્છિક સ્વીકાર સાથે અમો સંસારને આખરી સલામ કરીએ છીએ. વિશ્વમૈત્રી સાથે સંબંધ બાંધવા અમે નાનકડા અને કહેવાતા સુખનો ત્યાગ કરીએ છીએ ત્યારે આપની આંખોમાંથી આશિષ વરસવી જોઈએ, આંસુ નહીં !"....**

**....."સંસારમાં સગવડો છે, પરંતુ શાંતિ ક્યાં ? કોઈ કામ ટેન્શન વિના સેન્શન થતું નથી. ડોનેશન વિના એડમીશન નથી. ઓપરેશન વિના દર્દ દૂર કરનારા નથી ! સંસારમાં વૃદ્ધાશ્રમો, અનાથાશ્રમો, છુટ્ટા છેડાના બનાવો, ગર્ભપાતો- કાનૂની અને ગેરકાનૂની આ સઘળું દર્દ જ છે. જ્યારે અમો તપ, ત્યાગ, સાધના, સિદ્ધિ અને મોક્ષ માર્ગે પ્રયાણ કરીને દર્દી બન્યા પૂર્વે જ પૂર્ણ નિરામય સ્વરૂપે જ તેમાંથી બહાર નીકળી ગયા છીએ. અહીં અમારો સત્કાર થઈ રહ્યો છે પરંતુ વાસ્તવિકતા એ છે કે સર્વનો ત્યાગ કરે એને સહુ સત્કારે "!....**

**ધન્ય છે સંયમી આત્માઓને !**

**ધન્ય છે એમના માતા-પિતાને "...**

**"ધન્ય તે નગરી ધન્ય વેલા ઘડી,**

**માત-પિતા કુલ વંશ"....**

# ૧૨૬ : રત્નકુક્ષિ આદર્શ શ્રાવિકારત્ન પાનબાઈ રાયશીં ગાલા (ચાંગડાઈવાલા)

શાસ્ત્રમાં મદાલસા સતીની વાત સાંભળી છે ? એવી જ વાત રત્નકુક્ષિ આદર્શ શ્રાવિકા પાનબાઈ (ઉ-વ-૬૮) ની છે. મહાસતી મદાલસા જેમ પોતાના દરેક સંતાનને પારણામાં ઝુલાવતાં ઝુલાવતાં "શુદ્ધોઽસિ બુદ્ધોઽસિ નિરંજનોઽસિ, સંસારમાયા પરિવર્જિતોઽસિ" ઈત્યાદિ હાલરડાં દ્વારા વૈરાગ્યના સુસંસ્કારોનું સિંચન કરી સંયમના પંથે વાળતી તેવી જ રીતે સુશ્રાવિકા શ્રી પાનબાઈએ પોતાના દરેક સંતાનોને નાનપણથી સંસારની અસારતા દષ્ટાંતો દ્વારા સમજાવીને વૈરાગ્યમાર્ગે વાળ્યા છે.

(૧) મહાવીર જૈન વિદ્યાલય (ગોવાલિયા ટેંક-મુંબઈ) માં રહીને એલ્ફિસ્ટન કૉલેજમાં ઈન્ટર સાયન્સ (Int.sc.) નો અભ્યાસ કરતા **સુપુત્ર મનહરલાલને** પત્રો દ્વારા તથા વેકેશનમાં પ્રત્યક્ષ હિતશિક્ષા દ્વારા સદા પ્રભુભક્તિ તથા સત્સંગની પ્રેરણા આપી. તેની ફલશ્રુતિ સ્વરૂપે જ્યારે એને ધર્મનો મર્મ જાણવાની, પામવાની અને સંયમ સ્વીકારવાની ભાવના જાગ્રત થઈ ત્યારે માતા પાનબાઈએ આશીર્વાદ સહ સહર્ષ સંમતિ આપી.

પોતાનો પુત્ર મોટો થઈને નામાંકિત ડૉક્ટર કે એન્જીનીયર બનીને પોતાને સંપત્તિ સાથે ગૌરવ અપાવશે એવી મોહગર્ભિત વિચારણા ધરાવતા પતિ રાયશીંભાઈની ૫-૫ વર્ષ સુધી રાહ જોવા છતાં સંયમ માટે સંમતિ ન મળતાં આખરે હિંમત કરીને માતા પાનબાઈએ પોતાના **સુપુત્ર મનહરલાલ (હાલ પ્રસ્તુત પુસ્તકના સંપાદક, તથા મારા ગુરુદેવ ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા.)**ને પાંચ વર્ષ સુધી **પં.શ્રી હરિનારાયણ મિશ્ર** (વ્યાકરણ ન્યાય વેદાન્તાચાર્ય) પાસે સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ તેમજ ષટ્દર્શન આદિનો અભ્યાસ કરાવીને આશીર્વાદપૂર્વક સં. ૨૦૩૧ ના મહાસુદિ ૩ ના કચ્છ-દેવપુરગામમાં સંયમ પંથે પ્રસ્થાન કરાવ્યું ! જેઓ આજે **અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રીગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્યરત્ન તરીકે ૪૫ આગમોનો અભ્યાસ કરી, સળંગ ૫ તથા૪ મહિનાના મૌન સહ નવકાર જાપ વિગેરે દ્વારા આત્મસાધના સાથે તાત્ત્વિક પ્રવચનો, વાચનાઓ તથા 'જેનાં હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર' ? તેમજ 'બહુરત્ના વસુંધરા' વિગેરે પુસ્તકોનું સંપાદન-લેખન દ્વારા સુંદર પરોપકાર તેમજ શત્રુંજય તથા ગિરનારની સામૂહિક ૯૯ યાત્રાઓ, અનેક છ'રી પાલક સંઘો વિગેરેમાં નિશ્રા આપવા દ્વારા અનુમોદનીય શાસન પ્રભાવના કરી રહ્યા છે.

(૨) **સુપુત્રી વિમળાબેનને** પણ ૫ વર્ષ સુધી યોગનિષ્ઠ, તત્ત્વજ્ઞ પ. પૂ. **વિદુષી સા. શ્રી ગુણોદયાશ્રીજી મ. સા.** પાસે તેમજ **પં. શ્રી હરિનારાયણ મિશ્ર** પાસે ૬ કર્મગ્રંથના અર્થ તેમજ ષડ્દર્શન આદિનો અભ્યાસ કરાવીને, **સુપુત્ર મનહરલાલની સાથે જ દેવપુર ગામમાં દીક્ષા અપાવી.** જેઓ હાલ સા.શ્રી ભુવન શ્રીજી ના શિષ્યા **સા.શ્રી વીરગુણાશ્રીજી તરીકે** ઉલ્લસિત ભાવથી તપ-જપની સુંદર આરાધના સાથે અનેક જિજ્ઞાસુઓને સમ્યક્જ્ઞાનની લ્હાણી ઉદારદિલે કરી રહ્યા છે.

(૩) **સુપુત્ર દીપકકુમાર** (હાલ ઉં.વ.૪૦ ) ને પણ કચ્છ-મેરાઉમાં, અચલગચ્છાધિપતિ **પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.** ની પ્રેરણાથી સ્થપાયેલ જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં, ૪ વર્ષ સુધી ધાર્મિક તેમજ સંસ્કૃતનો અભ્યાસ કરાવી ધર્મમાં નિપુણ બનાવેલ છે. તેમની પણ સંયમ સ્વીકારવાની ખૂબ જ ભાવના હોવા છતાં પોતાના વડિલો (પિતાશ્રી રાયશીભાઈ, વયોવૃદ્ધ નાનીમા દેવકાંબાઈ તથા માતુશ્રી પાનબાઈ) ની સેવા માટે સંસારમાં જલકમલવત્ નિર્લેપભાવે રહીને પોતાના પ્રભુભક્તિમય બ્રહ્મચારી જીવન દ્વારા તેમજ દેવ-ગુરુ કૃપાથી સ્વયંસ્ફૂર્ત સદ્બોધ દ્વારા અનેકાનેક આત્માઓના જીવનમાં સમ્યક્જ્ઞાનનો પ્રકાશ રેલાવી પોતાના નામને સાર્થક બનાવી રહ્યા છે.

પાનબાઈને બાલ્યાવસ્થાથી જ સત્સંગ દ્વારા તેમજ કચ્છ-ડુમરામાં કબુબાઈની જૈન પાઠશાળામાં ધાર્મિક-સંસ્કૃતનો અભ્યાસ કરવા દ્વારા સંયમની ભાવના જાગી હતી. પરંતુ માતા-પિતાનું પોતે જ એક જ સંતાન હોવાથી સંયમ માટે અનુમતિ મેળવી ન શકયા પરંતુ ઉપર મુજબ પોતાના દરેક સંતાનોને વૈરાગ્યના પંથે વાળીને રત્નકુક્ષિ બન્યા છે :

આદર્શ શ્રાવિકા પાનબાઈએ પોતાની જબરી કોઠાસૂઝથી વયોવૃદ્ધ માતા-પિતાને ધર્મમાર્ગે વાળીને વર્ષીતપ, વિ. તપ કરાવી શ્રાવકના વ્રતો સ્વીકારાવ્યા. માતા-પિતાની દ્રવ્ય-ભાવ સેવા કરી તેમને અંત સમયે પણ સુંદર નિર્યામણા કરાવી સમાધિ પમાડી.

પોતે પણ નિયમીત પ્રભુપૂજા, ઉભય ટંક પ્રતિક્રમણ, શ્રાવકના ૧૨ વ્રતોનો સ્વીકાર, સત્સંગ, સ્વાધ્યાય-સદ્વાંચન, વરસીતપ- વીશસ્થાનક-વર્ધમાન તપની ૪૫ ઓળી, નવપદની ઓળીઓ વિગેરે તપશ્ચર્યા, સાધુ-સાધ્વી ભગવંતોની ઉલ્લાસપૂર્વક વૈયાવચ્ચ, વ્યાખ્યાન શ્રવણ, પ્રભુભક્તિ, જાપ વિગેરે દ્વારા તત્ત્વત્રયી (સુદેવ-સુગુરુ-સુધર્મ) ની અનુમોદનીય ઉપાસના તેમજ રત્નત્રયી **(સમ્યક્દર્શન-સમ્યક્જ્ઞાન-સમ્યક્ચારિત્ર) ની સુંદર આરાધના દ્વારા અને સંયમના** મનોરથ દ્વારા જીવનને ધન્ય બનાવી રહ્યા

છે.

આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવીને અન્ય શ્રાવિકાઓ -માતાઓ પણ પોતે ધર્મમય જીવન જીવીને પોતાના સંતોનોને ધર્મના સુસંસ્કારોનું સીંચન કરે એ જ શુભાભિલાષા

મૂળ ચાંગડાઈ ગામના વતની હાલ તેઓ સંયોગવશાત્ લાયજા ગામમાં રહે છે. સરનામું: સોજાણી ડેલી ફળિયો, મુ.પો. મોટા લાયજા, તા. માંડવી-કચ્છ

પીન : ૩૭૦૪૭૫ (અનુમોદક:- મુનિશ્રી દેવરત્નસાગરજી)

## ૧૨૭ : અહિંસાની દેવી સ્વ. ગીતાબેન બચુભાઈ રાંભિયા

જે ભારતદેશમાં નાના નાના એકેન્દ્રિય જીવોથી માંડીને પંચેન્દ્રિય સુધીના તમામ જીવોને પોતાના આત્મતુલ્ય માનીને તેમની રક્ષા કરવાનો / અભયદાન આપવાનો ઉપદેશ આપનારા અનેક તીર્થંકરો થયા છે.... બીજા પણ અનેક કરુણાવંત સંતો મહાપુરુષો પાક્યા છે કે જેમણે નાના-નાના જીવોની રક્ષા ખાતર પોતાના પ્રાણોની પણ પરવા કરી નથી આવા અહિંસાપ્રધાન દેશમાં આજે કાળપ્રભાવે હજારો નાના-મોટા યાંત્રિક કતલખાનાઓમાં રોજના લાખો અબોલ પંચેન્દ્રિય પ્રાણીઓ નિર્દયપણે રહેંસાઈ રહ્યા છે ત્યારે અહિંસાપ્રેમી અનેક આત્માઓની લાગણી દુભાય તે સ્વાભાવિક છે.

તેમ છતાં આજે તથાપ્રકારના સરકારી કાયદાઓના કારણે એ બધા કતલખાનાઓને બંધ કરાવી દેવાની વાત તો અશક્યપ્રાય: લાગે છે પરંતુ જીવરક્ષા માટેના કેટલાક કાયદાઓની પરવા કર્યા વિના ગેરકાયદેસર રીતે પણ રોજ હજારો લાખો જીવો કતલખાના વિગેરેમાં અત્યંત નિષ્ઠુરપણે હલાલ થઈ રહ્યા છે.

આવા અબોલ જીવોની રક્ષા કાજે કેટલાક વિરલ નરબંકાઓ અને નારીરત્નો આજે પણ પોતાના પ્રાણોની પરવા કર્યા વિના ઝઝુમી રહ્યા છે. તે પૈકી ૩ વર્ષ પહેલાં જ પશુરક્ષા કાજે પોતાની જાતનું બલિદાન આપનાર ગીતાબેન રાંભિયાની ઝિંદાદિલી ખરેખર દાદ માગી લે તેવી અત્યંત અનુમોદનીય છે.

**મૂળ કચ્છ-મુન્દ્રા તાલુકાના રામાણીઆ ગામમાં જન્મેલા ગીતાબેન વર્ષોથી પોતાના પતિ સાથે અમદાવાદમાં માંડવીની પોળમાં રહેતા હતા.** અત્યંત સામાન્ય

આર્થિક સ્થિતિમાં ઉછરેલા અને સાદગીભર્યું જીવન જીવતા ગીતાબેનનું હૃદય નિર્દોષ અબોલ પ્રાણીઓ ઉપર ગુજારાતો અમાનુષી અત્યાચાર જોઈને કકળી ઊઠતું હતું અને મર્દાનગીભર્યું દિલ ધરાવતા તેઓ પોતાના જાનના જોખમે કસાઈઓને દમદાટી આપીને તેમને ત્યાં વેંચાવા માટે આવેલા અનેક પશુઓને છોડાવતા અને પાંજરાપોળોમાં એ પશુઓને જમા કરાવી રસીદ મેળવી લેતા. અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી તેમજ આજુબાજુના બીજા પણ અનેક ઠેકાણેથી તેમણે આ રીતે હજારો ગાય, ભેંસ, વાછરડા, બળદ, પાડા, ઘેટા, બકરા વિગેરેને બચાવીને જબરદસ્ત પુણ્ય ઉપાર્જન કરેલ છે.

કસાઈઓને પૈસા આપીને પશુઓ છોડાવવા કરતાં આ રીતે ગેરકાયદેસર કતલ થતા પશુઓને બચાવવામાં અનેકઘણી હિંમતની જરૂર પડે છે. પૈસા દ્વારા કસાઈઓ પાસેતી પશુઓ ખરીદવા જતાં કસાઈઓ પણ પુષ્કળ પૈસા માંગે છે અને પછી એ જ રકમમાંથી વધારે પશુઓ તથા શસ્ત્રો ખરીદીને વધુ જીવહિંસા કરે છે.

આવી સમજ ધરાવતા ગીતાબેન પશુરક્ષા માટે **શ્રીઅખિલ ભારત હિંસા નિવારણ સંઘમાં માનદ ઈન્સ્પેક્ટર તરીકેને હોદ્દો ધરાવતા હતા અને ઈન્સ્પેક્ટર તરીકે પુરુષના વેશમાં સજ્જ બનીને સાથે હન્ટર તથા લાકડી લઈને પોતાના સાગરીતોની સાથે શંકાસ્પદ સ્થળે અચાનક ગમે તે સમયે છાપો મારતા. કેટલીક વાર ઝપાઝપીમાં શારીરિક ઈજા પણ થતી છતાં તેની તેઓ પરવા કરતા ન હતા. અને જીવો ને બચાવ્યાનો ઊંડે આત્મસંતોષ અનુભવતા હતા.**

તેમની આવી ઉત્તમ કારકીર્દીના સમાચાર સં. ૨૦૪૯ ના મણિનગર (અમદાવાદ) માં ચાતુર્માસ દરમ્યાન અમને મળતાં એમના આ શ્રેષ્ઠ કાર્યને પ્રોત્સાહન અને સહયોગ મળી શકે એ હેતુથી રવિવારીય જાહેર પ્રવચન દરમ્યાન તેમનું બહુમાન કરાવવા વિચારેલ. તેમાં ઉપસ્થિત રહેવા માટે તેમને રૂબરુ બોલાવીને સંમતિ મેળવી લીધેલ. પરંતુ કર્મની અકળ ગતિનો કોણ તાગ પામી શક્યું છે ! બીજે જ દિવસે જ્યારે તેઓ કેટલાક પશુઓને કસાઈઓ પાસેથી છોડાવીને પાંજરાપોળમાં જમા કરાવીને રીક્ષામાં પાછા ફરી રહ્યા હતા. તેમની સાથે બે સહ કાર્યકરો પણ હતા. ગિન્નાયેલા કસાઈ યુવાનો કેટલાય સમયથી ગીતાબેનનું કાસળ કાઢી નાખવાની યોજના તૈયાર કરી રહ્યા હતા. તે મુજબ ધોળે દિવસે તેમની રીક્ષાને આંતરીને બે કસાઈ યુવાનોએ ગીતાબેનને અનેક છરીઓના ઘા મારીને સ્વર્ગવાસી બનાવી દીધા હતા !!!....વીજળીવેગે આ સમાચાર દેશભરમાં પ્રસરી જતાં ઠેર ઠેર જૈન-જૈનેતર હજારો સંસ્થાઓએ સભાઓ યોજીને આ હિંસક કૃત્યને વખોડી

કાઢેલ અને ગીતાબેનને શ્રદ્ધાંજલિ આપેલ. તેમની અંતિમ યાત્રામાં હજારોની માનવમેદની ઉમટી હતી. અમદાવાદની તમામ દુકાનો સ્વયંભૂ રીતે બંધ રહી હતી. અંત્યેષ્ટીના સમયે ગીતાબેનના પતિ શ્રીબચુભાઈ રાંભિયાએ **ઘોષણા કરી હતી કે ''હું પણ મારા ધર્મપત્નીના માર્ગે જીવદયાનું કામ કરીશ'' અને એ ઘોષણા મુજબ તેમણે પણ પોતાની જાનના જોખમે છેલ્લા ૩ વર્ષમાં સ્વયંસેવકો, મ્યુ. કોર્પોરેશન અને પોલીસનો સહકાર મેળવીને લગભગ ૧૦ હજાર ઉપરાંત મુંગા** પશુઓને બચાવીને જુદી જુદી પાંજરાપોળોમાં મોકલી આપીને અભયદાનનું મહાન ઉમદા કાર્ય કર્યું છે.

છેલ્લા ૩ વર્ષમાં મોટા સમૂહમાં એક જ જગ્યાએથી તેમણે બચાવેલા પશુઓની યાદી નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઈ.સ. ૧૯૯૪ કચ્છમાંથી | ૯૮૦ |
| ૧૯૯૫ સાબરમતી ગુડઝટ્રેન | ૭૪૪ |
| વેજલપુર, શાહ આલમ | ૨૧૦ |

૧૯૯૬ કુરેશીનગર, વિશાલા હોટલની સામે ૨૫૪ = કુલ ૨૧૮૮

ઉપરોક્ત રીતે જીવરક્ષાના કાર્ય માટે ગીતાબેનની સ્મૃતિમાં નીચે મુજબની બે સંસ્થાઓની સ્થાપના કરવામાં આવેલ છે (૧) **"ગીતાબેન રાંભિયા, સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ"**

(૨) **''ગીતાબેન રાંભિયા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ''** (ગીતા સેના)

રજી. નં. E-૧૦-૯૧૦

| **રજી. ઑફિસ** | **કાર્યકારી ઑફિસ** |
|---|---|
| નાગજી ભૂદરની પોળ | ઝુંપડાની પોળ, |
| માંડવીની પોળ, માણેકચોક | માંડવીની પોળ, |
| અમદાવાદ-૧ ફોન : ૨૧૪૧૧૯૭ | માણેક ચોક, અમદાવાદ-૧ |

જીવ સટોસટીનો આવો ખેલ એકલા હાથે તો ન જ ખેલી શકાય. તે માટે એવા કાર્યમાં કસાઈઓની સાથે હિંમતપૂર્વક ઝઝુમી શકે તેવા યુવાનોનો સહકાર જોઈએ. તે માટે "ગીતાસેના" નામની યુવાનોની ફોજ પણ બચુભાઈએ તૈયાર કરી છે. જેમાં કોઈક માનદ સેવા આપે છે જ્યારે બાકીના જૈનેતર યુવાનોને યોગ્ય વેતન પણ આપવું પડે છે. **તેથી ઉપરોક્ત સંસ્થાઓના ઉપક્રમે નાના જીવને છોડાવવાના રૂા. ૩૫૧ અને મોટા જીવને છોડાવવાના રૂા. ૬૦૧ નો નકરો નક્કી કરવામાં આવેલ છે. જીવદયાપ્રેમી જનતાને અપીલ કરવામાં આવે છે કે આપણે પોતે જાનના જોખમે બીજા જીવોની રક્ષા કરવા જેટલી હિંમત કદાચ ન**

ધરાવતા હોઈએ તો છેવટે પોતાની જાનના જોખમે આવા ઉમદા કાર્ય કરનાર આત્માઓને આર્થિક રીતે એવા પગભર બનાવી દઈએ કે જેથી તેઓ વધુ ને વધુ ઉત્સાહપૂર્વક આજીવન આવા ઉત્તમ કાર્યો કરતા રહે !!!

## જીવદયાના સર્વ કાર્યકરોની હાર્દિક અનુમોદના

જૈનશાસનના રહસ્યોના મર્મવેત્તા, દીર્ઘદ્રષ્ટા, આર્યસંસ્કૃતિપ્રેમી સૂક્ષ્મ તત્ત્વચિંતક, શ્રાદ્ધરત્ન, **સ્વ. પંડિતવર્ય શ્રીપ્રભુદાસભાઈ બેચરદાસ પારેખની** વિચારસરણીના આધારે આજે **સુશ્રાવક શ્રી અરવિંદભાઈ મણિલાલ પારેખ, ગોરધનલાલભાઈ છગનલાલ, મોહનલાલભાઈ જુહારમલ** વિગેરે "વિનિયોગ પરિવાર" [બી-૨/૧૦૪, વૈભવ જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ) મુંબઈ ૪૦૦૦૯૨, ફોન : ૮૦૭૭૮૧] સંસ્થાના નેજા હેઠળ કાયદા દ્વારા કતલખાનાઓને બંધ કરાવવા માટે તથા પાઠયપુસ્તકોમાંથી માંસાહારને પ્રોત્સાહન આપનારા પાઠો દૂર કરાવવા માટે તેમજ જીવરક્ષા, સંસ્કૃતિ રક્ષા અને શાસનરક્ષાને લગતી અનેકવિધ સત્પ્રવૃત્તિઓ કરી-કરાવી રહ્યા છે. તથા તે માટે ઉપરોક્ત સંસ્થાના ઉપક્રમે **સ્વ. પ્રભુદાસભાઈ બેચરદાસ પારેખ** તથા **સ્વ. વેણીશંકરભાઈ મોચરજી વાસુ** વિગેરેનું સત્સાહિત્ય પ્રકાશિત કરી રહ્યા છે જે ખૂબ ખૂબ અનુમોદનીય છે. શાસનપ્રેમી, સંસ્કૃતિપ્રેમી તેમજ જીવદયાપ્રેમી આત્માઓએ આ સાહિત્ય ખાસ મનનપૂર્વક વાંચવા જેવું છે.

તેવી જ રીતે **શ્રી કુમારપાળભાઈ વી. શાહ, શ્રી અતુલભાઈ વી. શાહ (કાંદીવલી), શ્રી જયેશભાઈ ભણશાલી, શ્રીકલ્પેશભાઈ શાહ, શ્રી સંજયભાઈ વોરા, શ્રી ગિરીશભાઈ શાહ** વિગેરે સુપ્રસિદ્ધ યુવાનો તેમજ **ડૉ. સુરેશભાઈ ઝવેરી, શ્રીહસમુખભાઈ શાહ (મણિનગર)** વિગેરે પાંજરાપોળોને પગભર બનાવવા માટે, તેમજ ગેરકાયદે કતલને અટકાવવા માટે અનેકવિધ સત્પ્રવૃત્તિઓ કરી રહ્યા છે જે અનુમોદનીય છે. મૂળ રાજસ્થાનના અને હાલ આંધ્રમાં આદોનીમાં રહેતા **રૂગનાથમલજી રૂપચંદજી** તથા તેમના સાથીમિત્ર **પીલાશ્રીરામકૃષ્ણ** (વિશાખા પટ્ટનંવાલા) પણ વર્ષોથી કતલ અટકાવવા તથા માંસાહાર છોડાવવા સફળ પ્રયાસો કરી રહ્યા છે.

**શ્રી હિંસા વિરોધ સંઘ, શ્રી અ.ભા. હિંસા નિવારણસંઘ, શ્રી અહિંસા મહાસંઘ,** વિગેરે સંસ્થાઓ પણ જીવદયાના સુંદર કાર્યો કરી રહેલ છે

આવી વ્યક્તિઓને તેમજ સંસ્થાઓને તન-મન ધનથી સાથ-સહકાર અને પ્રોત્સાહન આપવોએ પ્રત્યેક અહિંસાપ્રેમી આત્માઓનું કર્તવ્ય છે. સુજ્ઞેષુ કિં બહુના ?

# ૧૨૮ : કબૂતરોની સેવા કરતા, જીવદયાપ્રેમી સુશ્રાવિકા શ્રી રતનબેન રાઘવજી ગુટકા

વર્તમાનકાળમાં એક બાજુ સ્વાર્થાંધતાને કારણે દરરોજ લાખો કોડો અબોલ પશુ-પક્ષીઓની નિર્દય રીતે કતલ થાય છે ત્યારે બીજી બાજુ એવા મૂંગા પશુ-પક્ષીઓને પોતાના સ્વજન સમાન માનીને નિઃસ્વાર્થ ભાવે તેમની સેવા કરનારા પણ કેટલાક માનવરત્નો આ વિશ્વમાં વિદ્યમાન છે.

આવા નિઃસ્વાર્થ સેવાભાવી આરાધકોમાં કચ્છ-બારોઈ ગામના વતની અને હાલ મઝગામમાં રહેતા સુશ્રાવિકા શ્રીરતનબેન રાઘવજી ગુટકા (ઉ. વ. ૫૫) ને પણ યાદ કર્યા વિના કેમ રહેવાય ?

જ્યારથી તેમના લગ્ન થયા ત્યારથી એટલે કે છેલ્લા ૩૫ વર્ષોથી તેઓ નિઃસ્વાર્થભાવે કરુણાથી પ્રેરાઈને બિમાર કબૂતરોની સેવા કરી રહ્યા છે.

૩૫ વર્ષ પહેલાં તેમના પડોસણે તેમને એક બિમાર કબૂતર આપેલ. તેની સેવા કરતાં કરતાં રતનબેનને અંતઃપ્રેરણા થઈ અને તેમણે પોતાના ઘરમાં ખાસ કબૂતરો માટેના ૨ કબાટ વસાવ્યા જેમાં કુલ ૨૪ ખાના છે.

જેમની પાંખ કપાઈ ગયેલ હોય, કે પગ તૂટી ગયેલ હોય યા ડોક મરડાઈ ગઈ હોય અથવા આંખે અંધાપો આવી ગયો હોય કે લકવા ગ્રસ્ત હોય તેવા બિમાર કબૂતરોને ખાસ પોતાને ત્યાં રાખીને પોતાના હાથે તેમની દરેક પ્રકારની સારવાર કરતા રતનબેનને આ શાંતિના દૂત એવા અબોલ પક્ષીઓની આંતરડીમાંથી જે મૂક દુઆ મળે છે. તેનાથી તેમને ખૂબ જ શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે.

**કોઈપણ પ્રકારના પ્રમાણપત્રં, ગોલ્ડ મેડલ કે પ્રસિદ્ધિની ખેવના રાખ્યા વિના કેવલ કર્તવ્યબુદ્ધિથી તેમની આ સેવાનું મિશન ૩૫ વર્ષથી અવિરત ચાલુ છે.**

દર મહિને એકાદવાર તેઓ પોતાના ખર્ચે પક્ષીઓના ડોક્ટરને બોલાવે છે અને તેવા પ્રકારની સારવારની જરૂરિયાતવાળા કબૂતરોની ડોક્ટર દ્વારા સારવાર કરાવડાવે છે. બાકી તો આટલા વર્ષોના અનુભવથી મોટા ભાગના કબૂતરોની સ્વયં જ સારવાર કરે છે.

જીવદયાનો તેમનો આ વારસો તેમના સંતાનોને પણ સારી પેઠે પ્રાપ્ત થયો છે. તેમના એક સુપુત્ર તથા એક સુપુત્રીએ સર્વજીવોને અભયદાન આપનાર ભાગવતી પ્રવ્રજ્યા (દીક્ષા) અંગીકાર કરેલ છે જેઓ આજે અચલગચ્છમાં મુનિરાજશ્રી રત્નાકરસાગરજી તથા સા. શ્રી શ્રુતગુણાશ્રીજી તરીકે

સંયમનું સુંદર પાલન કરી રહ્યા છે, બીજા બે સુપુત્રો જિતેન્દ્ર તથા બિપીન પણ સંયમની ભાવના ભાવે છે. એક સુપુત્ર પ્રવીણભાઈના ૨ વર્ષ અગાઉ લગ્ન થયા ત્યારે લગ્ન દિવસથી જ તેમણે સંકલ્પ કરેલ કે જ્યાં સુધી કચ્છમાં વિચરતા ભાઈ મહારાજના દર્શન ન થાય ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન કરવું. લગભગ બે મહિના બાદ ભાઈ મહારાજના દર્શન થયા ત્યાં સુધી સંકલ્પને સારી રીતે પાર પાડ્યું !... લગ્ન બાદ એકાદ મહિનામાં જ તેઓ સજોડે પાલિતાણા આવેલ ત્યારે યાવજ્જીવ વર્ષમાં છ અઠ્ઠાઈઓ દરમ્યાન બ્રહ્મચર્યનું પાલન કરવાના પચ્ચક્ખાણ મારી પાસેથી લીધા !... તથા ઉપરોક્ત સંકલ્પ મુજબ અભિગ્રહ પચ્ચક્ખાણ પણ લીધું !...

ધન્ય છે આવી રત્નકુક્ષી સુશ્રાવિકાને કે જેમણે જીવદયાનું જાતે સુંદર પાલન કરી નિઃસ્વાર્થ સેવાનો સુંદર આદર્શ સમાજને તથા સંતાનોને પણ આપ્યો છે. તેમના દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવીને સહુ શ્રાવક-શ્રાવિકાઓ આવી નિઃસ્વાર્થ સેવા તથા સંયમના સંસ્કારો પોતે કેળવી પોતાના સંતાનોને પણ તેવા સુસંસ્કારો આપે એ જ હાર્દિક શુભ ભાવના.

સરનામું :- રતનબેન રાઘવજી કેશવજી શાહ, ૧૮૦/૧૯૨ ડૉ. મસ્કાર હેન્સ રોડ, શ્રોફ બિલ્ડીંગ - ૨જે માળે, મઝગામ-મુંબઈ - ૪૦૦૦૧૦.

## ૧૨૯ : શત્રુંજય મહાતીર્થની ૨૫ વાર નવાણુયાત્રા કરનાર ભચીબેન ભવાનજી ચના

૮૨ વર્ષની ઉંમરે પણ ડોળી વિના શ્રીસિદ્ધાચલજી મહાતીર્થની ૨૫મી વાર ૯૯ યાત્રા કરનાર કચ્છ-ગોધરા (તા. માંડવી)ના સુશ્રાવિકા શ્રી ભચીમા (ઉ.વ. ૮૮)ની નોંધ ભલે ગ્રીનીસ વર્લ્ડ રેકોર્ડ બુકમાં ન થઈ હોય પરંતુ નજરે જોનારા હજારો ભાવુકોના હૃદયમાં તો તેમની અમીટ છાપ પડી જ ગઈ છે. ખરેખર કર્મક્ષય માટે શરીરબળ કરતાં પણ દૃઢ મનોબળ અને આત્મબળની જ પ્રધાનતા હોય છે અને આ વાત ભચીમાએ કરેલ નીચે મુજબની આરાધનાથી સાબિત થાય છે.

**તપશ્ચર્યા**

(૧) ચાર માસક્ષમણ (૨) ૪ વર્ષીતપ (૩) ૩૫ અઠ્ઠાઈ (૪) પાંચ સોળભત્તા (૫) શ્રેણિતપ (૬) સિદ્ધિતપ (૭) વીશ સ્થાનકની ૨૦ ઓળી (૮) ૨૪ તીર્થંકરના ૬૦૦ ઉપવાસ, (૯) ૯૬ દેવની ૪ ઓળી (૧૦) ૫૦૦ આયંબિલ (૧૧) વર્ધમાન તપની ૫૯ ઓળી (૧૨) નવપદની ૨૫ ઓળી (૧૩) ત્રણ ઉપધાન તપ (૧૪) જ્ઞાન પાંચમ - આઠમ-અગિયારસ -પૂનમ-

**પાયો, ઉપધાન, પર્વ તિથિઓમાં ઉપવાસ, આયંબિલ, એકાશણા, ૪૨ વખત નવપદજીની આયંબિલ ઓળીની આરાધના (ઈ.સં. ૧૯૭૫ થી ૧૯૯૬ સુધી) શ્રી પાર્શ્વનાથ તથા મહાવીર સ્વામી ભગવાનના કલ્યાણકોમાં ઉપવાસ, આદિ તપશ્ચર્યા તેમજ સિદ્ધાચલજીની ૯૯ યાત્રા, પાલિતાણામાં ચાતુર્માસિક આરાધના, વિગેરે આરાધનાઓ કરી છે.**

દરરોજ સવારે ૩.૩૦ વાગ્યે ઊઠીને સામાયિક લઈને નવકાર મહામંત્રનો જાપ-ધ્યાન તથા પ્રાયઃ પ્રતિક્રમણ પણ કરે. નવપદજીની ઓળી તથા પર્યુષણમાં તો અચૂક બંને ટાઈમ પ્રતિક્રમણ કરે જ છે. નવપદજીની ઘણી ઓળીઓ ફક્ત એક જ ધાન્યના આયંબિલથી કરી છે !

ઈ. સં. ૧૯૭૫ થી ૧૯૯૪ સુધી અઠવાડિયામાં ૫ દિવસ એકાશણા તેમજ પર્વતિથિઓમાં આયંબિલ કરતા. તે વખતે તેઓ ઉમરેઠ ગામમાં રહેતા હતા અને સરવીસ માટે વડોદરા જતા હતા. ઈ. સં. ૧૯૯૪ સુધી વડોદરામાં, અમદાવાદમાં કે અન્ય મોટા શહેરમાં ક્યાંય પણ જવું હોય તો બસ કે રીક્ષામાં ન બેસતાં પગે ચાલીને જ જતા જેથી રોજ ૮-૧૦ માઈલ ચાલવાનું થતું. આથી સ્વાસ્થ્ય પણ સારું જળવાઈ રહેતું.

**પહેરવેશમાં તેઓ મોટા ભાગે સફેદ વસ્ત્રો જ પહેરે છે અને વસ્ત્રો જાતે જ સીવી લે છે તથા વસ્ત્રો ધોવા માટે ધોબીને, કામવાળીને કે ઘરના સભ્યોને પણ ન આપતાં જાતે જ ધોઈ લે અને ઈસ્ત્રી પણ જાતે જ કરી લે. કપડા ફાટે તો જાતે જ સાંધી લે ! એટલું જ નહીં પરંતુ છેલ્લા ૨૫ વર્ષથી પોતાના વાળ પણ ઘરના માણસની મદદથી જાતે જ કાપી લે છે !!!... અનેક મોટી ડિગ્રીઓ ધરાવતા હોવા છતાં, અને બધી અનુકૂળતા હોવા છતાં મોટી ઉંમરે પણ તેઓ પોતાના દરેક અંગત કાર્યો જાતે જ કરી લે છે. તેમનો આ સાદગી અને સ્વાવલંબિતા (જાત મહેતન ઝીંદાબાદ)નો ગુણ ખરેખર અનુમોદનીય જ નહિ પરંતુ અનુકરણીય પણ છે.**

જયેન્દ્રભાઈ સારા લેખક તથા વક્તા પણ છે. તેમના લેખો સુઘોષા, કલ્યાણ વિ. માસિકોમાં છપાયા છે. ઔરંગાબાદથી શિખરજીના છ'રી પાળતા સંઘમાં તેમને રોજ વક્તવ્ય માટે આમંત્રણ આપવામાં આવેલ. "માંસાહાર ત્યાગ", "કંદમૂળ અભક્ષ્ય શાથી", "અચિત્ત પાણીના ફાયદા" "જૈન ધર્મની વિશેષતાઓ" વિગેરે વિષયો ઉપરના તેમના ગામેગામમાં થતા વક્તવ્યોથી જૈનતરો પણ ખૂબ જ પ્રભાવિત થયા હતા. પાડિવથી પાલિતાણા તેમજ અમદાવાદથી પાલિતાણાના છ'રી પાળતા સંઘોમાં જોડાઈને છ'રીનું પાલન કરવા પૂર્વક તેમણે યાત્રા કરેલ છે.

તેમના ધર્મપત્ની પણ ઉમરેઠમાં ગર્લ્સ હાયર સેકંડરી સ્કૂલમાં પ્રિન્સીપાલ હતા. ત્યાં જૈન ઘર એક પણ ન હોવાથી વિહારમાં આવતા જૈન

સાધુ-સાધ્વીજીઓને ગોચરી-પાણી વહોરાવવા વિગેરે દરેક પ્રકારની વૈયાવચ્ચનો હોંસે હોંસે લાભ લેતા. તેમણે પણ પાલિતાણા, હસ્તગિરિ, શંખેશ્વર આદિ જૈન તીર્થોની યાત્રાઓ સાનંદ કરી છે.

તેમના સુપુત્ર પણ B.E. Civil સરકારી સરવીસ કરે છે અને શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંત પ્રત્યે ખૂબ જ આસ્થા ધરાવે છે. દર વર્ષે શંખેશ્વરની યાત્રા જરૂર કરે છે.

**આવી રીતે અન્ય ધર્માવલંબી કુળમાં ઉત્પન્ન થવા છતાં સત્સંગ દ્વારા જૈન ધર્મનું વિશિષ્ટ રીતે પાલન કરતા આત્માઓને જૈન સમાજે ખૂબ જ ગૌરવભેર અપનાવી લેવા જોઈએ તેમજ તેમનું અવસરોચિત જાહેરમાં બહુમાન કરી ઉપબૃંહણા કરવી જોઈએ. પ્રોત્સાહન અને સાથ-સહકાર આપવો જોઈએ જેથી તેઓ હજી પણ વધુ ઉત્સાહ અને ઉલ્લાસભેર જૈનશાસનની આરાધના કરવા દ્વારા પોતાના આત્માનું કલ્યાણ કરી શકે અને બીજા અનેકાનેક આત્માઓને તેવું આરાધનામય જીવન જીવવા માટે અનુકરણીય ઉદાહરણ રૂપ બની શકે. સુજ્ઞેષુ કિં બહુના !... જયેન્દ્રભાઈનું સરનામું નીચે મુજબ છે.**

૧૬ આભાર સોસાયટી, S.R.P. પેટ્રોલ પંપની સામે, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨. ફોન : ૦૨૬૫ - ૨૨૪૬૨

## ૧૩૯ : રોજ ૧૮ કલાક જૈન ધર્મના પુસ્તકો વાંચતા શંકરભાઈ ભવાનભાઈ પટેલ

**ગુજરાતમાં રાજકોટ જિલ્લાના માળીયા મીયાણા તાલુકાના ખાખરેચી ગામમાં રહેતા શંકરભાઈ પટેલ (ઉ. વ. ૬૫)ને સં. ૨૦૪૭ના ચાતુર્માસમાં ખાખરેચી ગામમાં બિરાજમાન અધ્યાત્મયોગી પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તિની પૂ. સા. શ્રી વનમાલાશ્રીજી મ. સા. આદિ ઠાણાના સત્સંગનો લાભ મળ્યો.**

ચાતુર્માસમાં રોજ વ્યાખ્યાન સાંભળતાં તથા સાધ્વીજી ભગવંતોનું તપ-ત્યાગમય આચારનિષ્ઠ જીવન જોઈને તેમને જૈન ધર્મ પ્રત્યે ભારે અહોભાવ જાગ્યો.

આનાથી અગાઉ શંકરભાઈએ રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણ વિગેરે ઘણું વાંચન કરેલ. જૈનેતર ઘણા સાધુ-સંતો-સંન્યાસીઓના પરિચયમાં આવેલ. પરંતુ કંચન-કામિનીના સર્વથા ત્યાગી, આખી જિંદગી પાદવિહાર કરતા, પંચમહાવ્રતધારી એવા જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોનું તપ-ત્યાગ અને સદાચારમય જીવન જોયા પછી શંકરભાઈને અંતઃસ્ફુરણા

થઈ કે ખરેખર આવો તપ-ત્યાગમય ધર્મ જ શીઘ્ર મુક્ત અપાવી શકે. એટલે જૈનધર્મ વિષે વધુ ને વધુ જાણવાની તેમની જિજ્ઞાસા બલવત્તર બનતી ગઈ અને એ જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે તેઓ વ્યાખ્યાન શ્રવણ ઉપરાંત અહોરાત્રનો મોટા ભાગનો સમય જૈન ધર્મના ગુજરાતી પુસ્તકો વાંચવામાં ગાળવા લાગ્યા. રોજના સરેરાશ ૧૮ કલાક જેટલો સમય જૈન સાહિત્યનું વાચંન કરતાં તેઓ જાણે ધરાતા ન હતા.

ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ થી ૫, શારદા શિખર વિગેરે ઘણા દળદાર પુસ્તકો તેમણે વાંચ્યા છે. આજે જૈન ધર્મ વિષે કલાકો સુધી તેઓ બોલી શકે છે.

અરબી-ઉર્દુ-અંગ્રેજી વિગેરે ભાષાઓ પણ તેઓ જાણે છે. કુરાનની કેટલીક આયાતો પણ તેમને કંઠસ્થ છે.

તા. ૧૦-૬-૯૬ના કચ્છથી માંડલ ચાતુર્માસ માટે જતાં રસ્તામાં ખાખરેચી ગામમાં શંકરભાઈની મુલાકાત થઈ ત્યારે તેમણે કુરાનની આયાતો અર્થ સહિત સંભળાવી તથા જૈન ધર્મ સંબંધી ઘણા ગુજરાતી દુહાઓ ભાવવિભોર બનીને ગાઈ સંભળાવ્યા.

દરરોજ દેરાસરમાં જઈને પ્રભુદર્શન કરે છે તથા સાધુ-સાધ્વીજી ભગવંતોને ભાવથી વહોરાવે છે. ખાખરેચી પધારતા સાધુ-સાધ્વીજી ભગવંતોને આજુબાજુના ગામ સુધી વળાવવા માટે તેઓ સેવાભાવે સાથે જાય છે.

**"ખરેખર, જો મને જૈન ધર્મ વહેલો મળ્યો હોત તો હું સંસારમાં પડત જ નહિ. દીક્ષા જ લઈ લેત. કારણ કે સંયમ વિના ઉદ્ધાર નથી. હવે તો ઉંમરના કારણે દીક્ષા લઈ શકું તેમ નથી પણ હવે આ જિંદગીના છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ કરતો રહું જેથી આવતા ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી ભગવાન પાસે દીક્ષા લઈ શકું" આટલું બોલતાં બોલતાં તેમની આંખો અશ્રુભીની બની ગઈ !!!**

કચ્છ કટારીયા તીર્થ અને માળીયા વચ્ચે સૂરજબારી મુકામે જ્યાં રણના છેડે ફક્ત ઉપાશ્રય છે ત્યાં રહીને સાધુ-સાધ્વીજી ભગવંતોની નિઃસ્વાર્થભાવે (પગાર લીધા વિના જ) સેવા કરવાની તેમની ભાવના છે. હાલ એ ઉપાશ્રયની ચાવી કટારીયા તથા લાકડીઆમાં હોય છે. સૂરજબારી પધારતા સાધુ-સાધ્વીજી ભગવંતોને ગોચરી-પાણીની વ્યવસ્થા કટારીઆથી કરાવવી પડે છે તથા ચાવી ત્યાં પહોંચાડવી પડે છે. પરંતુ જો કટારીયા તીર્થની પેઢી શંકરભાઈને સૂરજબારી ઉપાશ્રયમાં રહેવાની તથા રસોઈના સામાનની વ્યવસ્થા કરી આપે તો જાતે રસોઈ કરીને સાધુ-સાધ્વીજી

ભગવંતોની વૈયાવચ્ચ કરીને બાકીનો સમય નવકાર મહામંત્રનું સ્મરણ તેમજ જૈન ધર્મના પુસ્તકોનું સદ્વાંચન કરવા દ્વારા બાકીની જિંદગી સાર્થક બનાવવાની તેમજ ખૂબ જ અનુમોદનીય ભાવના છે. તેમની આ ઉત્તમ ભાવના જલ્દી પરિપૂર્ણ થાય એ જ શુભ ભાવના.

## ૧૪૦ : જૈન સાધુ-સાધ્વીજીની અપૂર્વ ભક્તિ કરતા ઝમરગામના દરબાર

**ગુજરાત રાજ્યમાં વઢવાણથી ધ્રાંગધ્રાના વિહાર માર્ગમાં ઝમરગામ નામે નાનું ગામડું આવેલું છે. એ ગામમાં દેરાસર ઉપાશ્રય કે એક પણ જૈન ઘર નથી.**

છતાં પણ એ ગામમાં પધારતા કોઈપણ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને જરાપણ તકલીફ પડતી નથી.

કારણ કે ગામમાં રહેતા દરબાર... એક વિશિષ્ટ શ્રદ્ધાળુ જૈન શ્રાવકની માફક જ સાધુ-સાધ્વીજી ભગવંતોની અપૂર્વ ભક્તિ કરે છે.

પોતાનું એક મકાન જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને ઉતારવા માટે તેમણે ખાસ અલાયદું જ રાખેલ છે.

કોઈપણ સમુદાયના જૈન સાધુ-સાધ્વીજી ત્યાં પધારે એટલે જાણે કે સાક્ષાત્ ભગવાન પોતાના આંગણે પધાર્યા હોય તેટલા અહોભાવથી તેઓ તેમની ભક્તિ કરવામાં જરાપણ કચાશ રાખતા નથી.

**ગોચરી પાણી ઔષધ વિગેરે તો ભાવપૂર્વક વહોરાવે જ પરંતુ શિયાળામાં મેવો તથા ઉનાળામાં ફ્રૂટ વિગેરે દ્વારા પણ ઉલ્લાસપૂર્વક ભક્તિ કરે છે !**

ગમે તેટલી સંખ્યામાં સાધુ-સાધ્વીજી પધારે તો પણ બધી જ વૈયાવચ્ચનો લાભ તેઓ આનંદપૂર્વક લે છે.

કેટલાક વર્ષ અગાઉ તેમને કંઈક તકલીફ હતી તે કોઈ જૈન મુનિવરના આશીર્વાદથી દૂર થઈ જતાં તેમના અંતરમાં જૈન સાધુ-સાધ્વીજી પ્રત્યે શ્રદ્ધાના બીજનું વપન થઈ ગયું. પછી તો જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોનું તપ-ત્યાગ અને સદાચારમય જીવન જોઈને ઉત્તરોત્તર અહોભાવમાં અભિવૃદ્ધિ થતી ગઈ. આજે તેઓ વ્યાવહારિક દૃષ્ટિએ સાધન સંપન્ન છે અને મળેલી સંપત્તિને આ રીતે સાધુ-સાધ્વીજી ભગવંતોની વિશિષ્ટ ભક્તિ દ્વારા સાર્થક બનાવી રહ્યા છે.

## ૧૪૧ : શત્રુંજયની ૯૯ યાત્રા કરતા કોળી દંપતિ ગોમતીબેન-નારણભાઈ

એમનું નામ નારણભાઈ મૂળજી. અમરેલીના રહેવાસી. કોળી કુળમાં જન્મેલા છતાં સદ્‌ગુરુનો સમાગમ પામી એ જૈનધર્મ પામ્યા. એમના પત્ની ગોમતીબેન સહ બન્નેએ યુવાનવયમાં શ્રાવકના વ્રતો સહ સંપૂર્ણ ચોથું વ્રત સ્વીકારેલ. 'જૈનત્વ મળ્યું એટલે કોઈ અપૂર્વ ખજાનો મળ્યો' એમ સમજી નારણભાઈ ધર્મારાધનામાં ખૂબ ઉત્સાહી જણાતા હતા. જિનેન્દ્રપૂજા, ઉભય ટાઈમ આવશ્યક, સામાયિક, નવકારમંત્ર જાપ એ એમની નિત્ય આરાધના ઉપરાંત એમણે શત્રુંજય તીર્થની ૯૯ યાત્રા, છ'રી પાળતા સંઘ દ્વારા શત્રુંજયની યાત્રા, ઉપધાન વગેરે ખૂબ સુંદર રીતે કરેલ.

બહુ જ સામાન્ય આર્થિક પરિસ્થિતિ છતાં એમની દાનરુચિ ખૂબ સારી. શત્રુંજયના પટની યાત્રા માટે ભાથું આદિ અનેક વાતોમાં એમણે દાનનાં પ્રવાહ વહેવડાવેલા. એમને ચારિત્ર ધર્મ પામવાની ભાવના પણ ખૂબ. એ માટે એમણે પ્રયત્નો પણ ઘણા કરેલા, પણ કોઈ કારણોસર એમની એ ભાવના સફળ ન થઈ. એઓ જ્યારે દેરાસરજીમાં ભાવવાહી સ્તવન ગાતા હોય ત્યારે સાંભળવાનો આનંદ આવતો. એમના પત્ની ગોમતી બહેન પણ સારા ધર્મ આરાધક હતા.

બહુ સુંદર આરાધના દ્વારા એ બન્ને કોળી દંપતિ સુંદર શ્રાવક જીવન જીવી ગયા.

## ૧૪૨ : બાલાભાઈ દૂધવાળાનો અજબ જીવદયાપ્રેમ

એમનું નામ બાલાભાઈ દૂધવાળા. અમરેલીમાં જીવદયા પ્રેમી તરીકે એ સુવિખ્યાત થયેલા. એમણે જીવનમાં અનેક કૂતરા કૂતરી જે ચામડીના રોગથી સડી ગયા હોય એમને સાજા કરેલા. આ કામે એમને જરા પણ સૂગ નહિ.

એમની પાડોશમાં એક કુંવારી બેનને માથામાં કીડા પડેલા. એની પીડા પારાવાર. માથામાંથી દુર્ગંધ પારાવાર પ્રસરે. આજુબાજુના પાડોશી પણ આ દુર્ગંધ સહી ન શકે એટલી હદે માથું સડી ગયેલું. બાલાભાઈએ આ છોકરીની દવા કરવાનું શરૂ કર્યું. આટલી દુર્ગંધ પણ એ મઝેથી સહન કરે.

એમણે દિવસોનાં દિવસો સુધી જાતે દવા વગેરે કરી છોકરીને સાજી કરી. છોકરીના સંબંધી ડોક્ટર તો તાજુબ થઈ ગયા કે આ દર્દી આ રીતે સાજા થયા શી રીતે ? બાલાભાઈએ ગાયોની પણ ખૂબ સેવા કરેલી.

## ૧૪૩ : એક જ પ્રવચનથી સચિત્ત પાણીનો ત્યાગ કરી આખરે સંયમ સ્વીકારતા સાયવન્ના (મારૂતિ)

વર્ષો સુધી નિયમિત વ્યાખ્યાન શ્રવણ કરવા છતાં કેટલાક "પ્રવચનપ્રૂફ" આત્માઓના સ્વભાવમાં કે આચરણમાં ખાસ નોંધપાત્ર કશો જ સુધારો જણાતો નથી જ્યારે કેટલાક હળુકર્મી સુપાત્ર શ્રોતાઓ માત્ર એકાદવાર પ્રવચન સાંભળીને પોતાના જીવનમાં કેવું આશ્ચર્યપ્રદ સુખદ પરિવર્તન આણી શકે છે તે આપણે નીચેના દૃષ્ટાંતમાંથી જોઈશું.

**આંધ્ર પ્રદેશમાં રાયચૂરથી ૧૮ માઈલના અંતરે આવેલ કૂળચી ગામમાં ગંગેરૂ ગોત્રના પિતા હનમંતપ્પાના કુળમાં માતા તિમ્મવ્વાની કુક્ષિએ જન્મ ધારણ કરનાર સાયવન્ના** (મારૂતિ)ને લગ્ન ગ્રંથીથી જોડાયા બાદ ધંધાર્થે વિવિધ ક્ષેત્રોમાં રહેવાનું થતાં એક વખત આજથી ૨૦ વર્ષ પૂર્વે કર્નુલ (આંધ્ર પ્રદેશ) ગામમાં ઉપાશ્રયમાં પધારેલા જૈન મુનિનું એક જ વખત પ્રવચન સાંભળ્યું અને તેમાં પાણીના એક ટીપામાં અપ્કાયના અસંખ્ય જીવોની વિરાધનાનું સ્વરૂપ સાંભળીને જોરદાર વૈરાગ્ય પ્રગટ્યો અને તે જ ક્ષણે સચિત્ત પાણી નહિ વાપરવાનો નિયમ લઈ નિત્ય બીયાસણાનો પ્રારંભ કરી ધાર્મિક અધ્યયનાર્થે બેંગ્લોર આવી ત્યાં ખૂબ જ ઉલ્લાસપૂર્વક ધાર્મિક અભ્યાસ કરી ચાતુર્માસ પૂર્ણ થતાં ગુંતૂર નગરે સં. ૨૦૩૨માં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં સંયમ સ્વીકારી પ. પૂ. આચાર્ય ભગવંત **શ્રીવિજય નીતિસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના પ. પૂ. શ્રી કસ્તૂરવિજયજી મ. સા. ના પ્રશિષ્ય મુનિશ્રી રાજતિલક વિજયજી બન્યા.** હાલ સંયમજીવનની ખૂબ જ સુંદર આરાધના કરી રહેલ છે. તેમની પ્રેરણાથી રાજસ્થાનમાં જાલોર પાસે **ગોવિંદપુર તીર્થમાં** કીર્તિસ્તંભનું ભવ્ય નિર્માણકાર્ય ચાલી રહેલ છે.

ચાલો આપણે પ્રસ્તુત દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવીને, એક કાનથી પ્રવચન સાંભળીને બીજા કાનેથી કાઢી નાખનાર ચાળણી જેવા શ્રોતા ન બનીએ... પ્રવચનમાં સાંભળેલી વાતો માત્ર મુખ દ્વારા બીજાને સંભળાવીને સંતોષ માની લેનાર શ્રોતા પણ ન બનતાં જીવનમાં આત્મસાત્ કરનાર સાચા શ્રોતા બનવાનો દૃઢ સંકલ્પ કરીએ.

# ૧૪૪ : જૈન દીક્ષા સ્વીકારતો બ્રાહ્મણ યુવાન મહેશભાઈ ત્રિવેદી

દહેગામ તાલુકામાં મેશ્વો કાંઠા વિસ્તારમાં આવેલા ધમીજ ગામના બ્રાહ્મણકુટુંબના એક ચોવીસ વર્ષના નવયુવાને જૈન ધર્મની દીક્ષા અપનાવી છે. આ નવયુવાન ધમીજ ગામના બ્રહ્મસમાજના અગ્રણી શ્રી મધુસુદનભાઈ ત્રિવેદીનો એમ.એ. સુધી અભ્યાસ કરી ચૂકેલો સુપુત્ર નામે મહેશભાઈ ત્રિવેદી છે. જૈન શાસનમાં દીક્ષા અંગીકાર કરવી એ સહેલી નથી. પણ આજે તો મહેશ ત્રિવેદીએ જૈન ધર્મની થતી તપશ્ચર્યાઓ કર્યા બાદ સોળ ઉપવાસ, વર્ધમાન તપનો પાયો, શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થની યાત્રા, અઠ્ઠમતપ સાથે ઉભયટંક, પ્રતિક્રમણ, ચઉવિહાર અને જૈન ધર્મની ભક્તિ ભાવનો સંપૂર્ણ અભ્યાસ કરી દેતાં મહેશભાઈ ત્રિવેદીના સમગ્ર કુટુંબીજનોએ હર્ષાનંદ-ઉલ્લાસ સાથે જૈન શાસનને પોતાના પનોતા પુત્રને ધમીજનગરની ધન્ય ધરા પર પ. પૂ. આચાર્યદેવ શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં ભાગવતી પ્રવ્રજ્યા (દીક્ષા) અપાવી હતી. જે પ્રસંગે શ્રી શાંતિનાથ દાદાની સાલગિરી નિમિત્તે શ્રીસિદ્ધચક્ર મહાપૂજન સાથેનો પંચાહ્નિકા મહોત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો. તેમજ ધમીજ નગરમાં વર્ષીદાનનો વિશાળ જનસમુદાય વચ્ચે વરઘોડો કાઢવામાં આવ્યો હતો અને આ પ્રસંગે પ. પૂ. આનંદસાગર સૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના પ. પૂ. આગમ વિશારદ પંન્યાસ પ્રવર શ્રી અભય સાગરજી મ. સા. ના સુશિષ્ય પ. પૂ. આચાર્યશ્રી કલ્યાણસાગર સૂરિજી મ. સા., પ. પૂ. મુનિરાજ શ્રીરાજતિલક સાગરજી મ. સા. પ. પૂ. મુનિશ્રી કૃતિપુણ્ય સાગરજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં મહેશ ત્રિવેદીનો ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવાયો હતો.

આ શુભ પ્રસંગે રાજ્યના નાગરિક પુરવઠા પ્રધાન શ્રી વિઠ્ઠલભાઈ શાહ, બહિયલ વિસ્તારના જૈન સમાજના અગ્રણી શ્રી ડો. નિખિલભાઈ શાહ, શાહ નાનાલાલ ભાયચંદ પરિવાર, કલોક નિવાસી કાંતિલાલ એમ. શાહ, સકરચંદ શાહનો પરિવાર, ચીમનલાલ નાણાવટીનો પરિવાર, નાથાલાલ અંબાલાલનો પરિવાર, ધાનેરાવાળા શેઠશ્રી હસમુખભાઈ, આણાસોલાવાળા શેઠશ્રી સુધિરભાઈ, માલણવાળા શેઠ શ્રી ભરતભાઈ, શેઠ શ્રી અશોકભાઈ, સુરતના બિલ્ડર શેઠ શ્રી જસવંતભાઈ, લંડનવાળા કિશોરભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

જાન્યુઆરી ૧૯૯૭ના ("ગુજરાત સમાચાર"માંથી સાભાર)

## ૧૪૫ : ૧૦ વર્ષથી દર પર્યુષણમાં અઠ્ઠાઈ તપ કરતા સુરેશભાઈ અંબાલાલ પારેખ (નાપિત)

**પેટલાદ તાલુકામાં આવેલ નાર ગામમાં સં. ૨૦૪૨માં વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આ. ભ. શ્રી વિ. હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી નિપુણચંદ્રવિજયજી મ. સા. (હાલ પંન્યાસ)નું ચાતુર્માસ થયું.** તેઓશ્રીની જન્મભૂમિ પણ નાર ગામ જ હતી. પરિણામે ગામમાં નાપિતનો વ્યવસાય કરતા અંબાલાલભાઈ પારેખ તેમના સંસર્ગમાં આવ્યા. ધીરે ધીરે પ્રાયઃ દરરોજ વ્યાખ્યાનમાં આવતાં સત્સંગનો રંગ બરાબર લાગ્યો. ચાતુર્માસ બાદ મ. સા. તો વિહાર કરી ગયા. પણ અંબાલાલભાઈના માનસ પટ ઉપર જૈન ધર્મની અમીટ છાપ ઉપસાવતા ગયા !

ત્યારબાદ કર્મસંયોગે ટૂંક સમયમાં જ અંબાલાલભાઈનું અવસાન થયું. પરંતુ અંતિમ સમયે પણ કોઈ કુટુંબીજનોને યાદ ન કરતાં ઉપરોક્ત પૂ. મ. સા. નું જ નામ તેમના મનમાં અને મુખમાં હતું. પરિણામે તેઓ અંતિમ સમયે પણ ખૂબ જ સ્વસ્થતા જાળવી શક્યા.

આ પ્રસંગ ઉપરથી તેમના યુવાન પુત્ર સુરેશભાઈના (હાલ ઉ. વ. ૪૫) માનસપટ ઉપર પણ જૈન સાધુ મ. અને જૈન ધર્મ પ્રત્યે આકર્ષણ જાગ્યું. કેટલાક સમય બાદ પુનઃ ઉપરોક્ત પૂ. મુનિરાજશ્રીનું નાર ગામમાં પદાર્પણ થતાં સુરેશભાઈ પણ તેમના વિશેષ પરિચયમાં આવ્યા અને તેઓશ્રીની પ્રેરણાથી જૈન ધર્મની આરાધના કરવા લાગ્યા.

આજે તેઓ બસ ડેપોમાં સરકારી નોકરી કરે છે. છતાં રોજ જિનપૂજા અચૂક કરે છે. તથા છેલ્લા ૧૦ વર્ષથી દર પર્યુષણમાં ૮ ઉપવાસ અચૂક કરે છે. તેમના ધર્મપત્ની પણ સુશીલ અને સંસ્કારી છે. તેમને પણ જૈનધર્મ પ્રત્યે સારું બહુમાન છે. પરિણામે અવાર નવાર જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને સુપાત્રદાન કરવાનો લાભ પણ તેઓ લેતા રહે છે.

સરનામું

સુરેશભાઇ અંબાલાલ પારેખ

મુ. પો. નાર

તા. પેટલાદ (ગુજરાત)

પીન : ૩૮૮૧૫૦

## ૧૪૬ : દરજી પિતા-પુત્રીની કઠોર તપશ્ચર્યા

વિ. સં. ૨૦૫૦માં અમદાવાદમાં કેશવનગરમાં પ. પૂ. આ. શ્રી વિજય ભુવનશેખરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી ભીખાભાઈ દરજીએ ૫૧ ઉપવાસ અને તેમની પુત્રી સોનલે ૧૬ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

આનાથી અગાઉ છેલ્લા ૭ વર્ષમાં ભીખાભાઈએ પૂ. આચાર્ય ભગવંતની નિશ્રામાં ૧૦૮, ૬૮ અને ૫૧ ઉપવાસ કરેલ છે જ્યારે તેમની સુપુત્રી સોનલે ૧૬ ઉપવાસ તથા માસખમણની તપશ્ચર્યા કરેલ છે. જૈનેતર કુળમાં જન્મવા છતાં જૈન ધર્મની રીતે આટલી મોટી તપશ્ચર્યા કરનારનું આ વિરલ દૃષ્ટાંત છે !

## ૧૪૭ : સોમપુરા મયૂરભાઈની આરાધના

ગત વર્ષે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લામાં ભોરોલ તીર્થમાં આબાલબ્રહ્મચારી ૨૨મા તીર્થંકર શ્રીનેમિનાથ ભગવાન આદિ જિનબિંબોની અંજનશલાકાપ્રતિષ્ઠાનો અત્યંત ભવ્ય મહોત્સવ સુવિશાલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રીવિજય મહોદયસૂરીશ્વરજી મ. સા. આદિ અનેક પદસ્થ પૂજ્યોની નિશ્રામાં ઉજવાયો.

એ તીર્થમાં કામ કરતા સોમપુરા મયૂરભાઈ ઘણા સમયથી નવપદજીની દર ઓળીમાં ૯ આયંબિલ પૂર્વક આરાધના કરે છે. પર્યુષણ દરમ્યાન અઠ્ઠાઈ તપ પણ કરેલ. રોજ જિનપૂજા કરે છે તથા દરરોજ સાંજે દેરાસરમાં પ્રભુજીની આરતિના સમયે અચૂક હાજર રહીને પ્રભુભક્તિનો લાભ લે છે. (આજે ઘણા ગામોમાં આરતી વખતે ફક્ત એકલા પૂજારી સિવાય કોઈને ખાસ રસ હોય તેવું દેખાતું નથી. ત્યારે આ દૃષ્ટાંત વિચારવા લાયક છે.)

## ૧૪૮ : પ્રવિણભાઈ પટેલ પરિવારની આરાધના

મૂળ કચ્છ-ભડલી ગામના વતની પરંતુ હાલે અમદાવાદમાં રહેતા પ્રવિણભાઈ પટેલની સુપુત્રી પૂર્વી (હાલ ઉ.વ. ૧૮)ને ૧૦ વર્ષની બાલ્યવયથી સત્સંગ દ્વારા જૈન ધર્મનો રંગ લાગ્યો છે. તે દરરોજ જિનપૂજા કરે છે. તેના માતુશ્રી લીલાબેન, પિતાશ્રી પ્રવિણભાઈ, મોટાભાઈ પ્રકાશભાઈ, મોટી બ્હેન વર્ષા તથા પોતે એમ ઘરના પાંચેય સભ્યો સંવત્સરીના દિવસે ચોવિહાર ઉપવાસ કરે છે !!!...

જૈન કુળમાં જન્મ પામવા છતાં પર્યુષણ કે સંવત્સરી જેવા દિવસોમાં પણ રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ, કે લીલોતરી ત્યાગ કરતાં પણ જેઓ અચકાય છે એવા આત્માઓએ આ દૃષ્ટાંતમાંથી ખાસ પ્રેરણા મેળવવા જેવી છે. તેમનું સરનામું નીચે મુજબ છે.

પ્રવિણભાઈ લધાભાઈ પટેલ

સમસ્ત બ્રહ્મક્ષત્રિય સોસાયટી

ગુજરાત કોલેજ પાછળ

અમદાવાદ - ૩૮૦૦૦૬

## ૧૪૯ : સિદ્ધિતપ કરતા મુક્તાબેન ભંગી

સુરેન્દ્રનગરમાં ભારત સોસાયટીમાં જૈન સ્થાનમાં સં. ૨૦૪૬માં સ્થા. છ કોટિ સમુદાયના શ્રી ભાસ્કરમુનિજી આદિનું ચાતુર્માસ થયું. તેમની પ્રેરણાથી અનેક આત્માઓ સિદ્ધિતપમાં જોડાયા ત્યારે મુક્તાબેન નામના ભંગી બેન પણ ૪૪ દિવસની આ તપશ્ચર્યામાં જોડાયા અને વિધિપૂર્વક તપશ્ચર્યા પરિપૂર્ણ કરી. દરરોજ વ્યાખ્યાન શ્રવણ-સામાયિક પ્રતિક્રમણાદિ આરાધના હતા. તેમણે સકળ શ્રીસંઘને પોતાના ઘરે પગલા કરાવેલ ! કંદમૂળ આદિ અભક્ષ્યનો ત્યાગ કરેલ છે. તેમના સગાવહાલામાં કોઈ માંસાહાર કરતું હોય તેના ઘરનું પણ પણ પીતાન પીતા નથી.

## ૧૫૦ : જો સાસરામાં કંદમૂળ તથા રાત્રિભોજન ત્યાગ કરવા મળે તો જ લગ્ન કરીશ" - હરિજન કન્યા નવલબાઈના ઉદ્‌ગાર !!!

ગુજરાત રાજ્યમાં કચ્છ જિલ્લામાં વાગડ પ્રદેશમાં

રાપર તાલુકામાં પ્રાગપુર નામે ગામ છે.

જેમાં ૧૨વ્રતધારી, દૃઢધર્મી જ્યોતિર્વિદ્ વિધિકાર સુશ્રાવક શ્રી વનેચંદભાઈ પટવા જેવા શ્રાવકોના પંદરેક ઘર છે. તેમના **પિતાશ્રી વાલજીભાઈ પટવાએ પ. પૂ. આ. શ્રી વિ. કનકસૂરીશ્વરજી મ. સા. ના સદુપદેશથી** શીતલનાથ ભગવંતનું શિખરબંધી જિનાલય જાત દેખરેખ હેઠળ સંઘના ખર્ચે બંધાવેલ છે.

આ ગામમાં હરિજન ભાણાભાઈ પાંચાભાઈ પરમાર પોતાના પરિવાર સાથે રહે છે. આજથી વીસેક વર્ષ પહેલાં તેમને સોનગઢવાળા કાનજીસ્વામી અને પછાત જ્ઞાતિઓમાં જૈન ધર્મનો પ્રચાર કરતા તેમના કેટલાક અનુયાયીઓનો પરિચય થયો. તેમણે જૈન ધર્મ અને તેના આચાર-વિચારો સમજાવ્યા. આથી તે હરિજન ભાણાભાઈ, તેમના પત્ની મોંઘીબેન તથા શાળા માવજીભાઈ ભગતે જૈનધર્મ અંગીકાર કરી રાત્રિભોજનનો ત્યાગ કર્યો. કંદમૂળ તેમજ અન્ય અભક્ષ્યનો પણ ત્યાગ કર્યો. આજ લાગી તેમનો નિયમ ચાલુ છે. માતા-પિતા તરફથી જૈન ધર્મના સંસ્કાર મળવાથી તેમની ૧૦ વર્ષની સુપુત્રી નવલબાઈએ પણ કંદમૂળ તેમજ અભક્ષ્યનો ત્યાગ કર્યો અને રાત્રિભોજન નહિ કરવાનો પણ નિયમ લીધો.

આ કન્યાની ૧૮ વર્ષની વય થતાં તેના માતા-પિતા યોગ્ય મૂરતીયાની શોધ કરવા લાગ્યા ત્યારે આ કન્યાએ માતા-પિતાને વિનયપૂર્વક સ્પષ્ટ જણાવી દીધું કે-''હું લગ્ન તો જ કરીશ, જો સાસરામાં કંદમૂળ તથા રાત્રિભોજનનો ત્યાગ કરવા મળે'' !... આથી ખુશ થઈને માતા-પિતાએ સામા પક્ષવાળાને આ હકીકતથી વાકેફ કર્યા. તેઓ પણ આમાં સંમત થયા ત્યારે આજથી ૭ વર્ષ પૂર્વે આ નવલબાઈના લગ્ન થયા. લગ્ન વખતે પણ રાત્રિભોજન તથા કંદમૂળ આદિ અભક્ષ્ય ત્યાગના નિયમનું બરાબર પાલન કરવામાં આવ્યું !!!

વાગડ પ્રદેશના પરમોપકારી અધ્યાત્મયોગી પ. પૂ. આ. ભ. શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા. ગામમાં પધારતા ત્યારે ભાણાભાઈ, માવજીભાઈ તથા નવલબાઈ અચૂક વ્યાખ્યાન સાંભળવા જતા અને પોતાના આત્માને ધન્ય માનતા.

આ ભાણાભાઈની બીજી સુપુત્રી અલલબાઈએ પણ માતા-પિતાના સંસ્કારોથી ૧૦ વર્ષની વયે રાત્રિભોજન તથા કંદમૂળ આદિ અભક્ષ્ય ત્યાગનો નિયમ લીધેલ છે. તેના લગ્ન આજથી ૩ વર્ષ પહેલાં ગાગોદર ગામમાં થયેલ છે. લગ્નબાદ પોતાના પતિને પણ રાત્રિભોજન તથા કંદમૂળ આદિ અભક્ષ્ય ભક્ષણથી થતી જીવહિંસા અને તેનું ભયંકર પાપ સમજાવીને તેના ત્યાગનો નિયમં કરાવેલ છે ! અને આ રીતે ''ધર્મ-પત્ની'' તરીકેનું પોતાનું કર્તવ્ય સારી રીતે અદા કરેલ છે.

[પોતાની જાતને ''મોર્ડર્ન'' કહેવડાવતા આજના યુવક-યુવતીઓ આમાંથી બોધપાઠ લે તો સારું !]

પ્રાગપુરથી પૂર્વ દિશામાં ૩ કિ.મી. દૂર વલ્લભપુર નામે ગામ છે. ત્યાં નીચે મુજબના પછાત કોળી જાતિના માણસો જૈન ધર્મ પાળે છે અને રાત્રિભોજન તથા કંદમૂળ આદિ અભક્ષ્યનો ત્યાગ કરેલ છે.

(૧) કોળી ગંગારામ રણછોડ (૨) ઝીણીબેન ગંગારામ (૩) કોળી રાઘુભાઈ રણછોડ (૪) સેજીબાઈ રાઘુ

પ્રાગપુરથી ઉત્તરમાં ૪ કિ.મી. દૂર ઉમૈયા ગામમાં હરિજન જ્ઞાતિના નીચેના માણસો જૈન ધર્મ પાળે છે.

**(૧) હરિજન કાંયડ કાના (૨) હરિજન ધેનીબાઈ કાંયડ (૩) હરિજન દેવા કાના (૪) હરિજન રામજી કાના (૫) હરિજન ગોવિંદ કાંયડ (૬) હરિજન ભચુ કાના** આ બધા પરિવારોમાં કંદમૂળ આદિ અભક્ષ્યનો ત્યાગ છે અને રાત્રિભોજન પણ બનતા પ્રયત્ને તજવા કોશિષ કરે છે.

ઉપરોક્ત બધા પરિવારો કાનજી સ્વામીના અનુયાયી છે. દર વર્ષે ચૈત્રી પૂનમે ગુરુ દર્શનાર્થે સોનગઢ જાય છે !

તથા પોતાના ઘરે ડેલામાં તીર્થંકર પરમાત્માની છબીઓ રાખે છે. સવારે છબીના દર્શન કરી પછી જ ખેતીનું કામ કરવા જાય છે અને સાંજે ઘરે આવી છબીના દર્શન તથા સ્તવના કરી પોતાનું જીવન ધન્ય માને છે !...

**આ બધા પરિવારો કંદમૂળ ભક્ષણ તો કરતા નથી પરંતુ કંદમૂળનું વાવેતર પણ કરતા નથી. તેઓ માને છે કે કંદમૂળનું વાવેતર કરનાર તથા ખાનાર મનુષ્યને તથા ઢોરોને પણ ઘણું જ પાપ લાગે છે !**

આ ઉપરાંત મૂળ વલ્લભપુરના પરંતુ **હાલે રાપરમાં રહેતા હરિજન બેચર ખાલા તથા તેમના ધર્મપત્ની જાદવજી પણ જૈન ધર્મ પાળે છે અને રાત્રિભોજન તથા કંદમૂળ આદિ અભક્ષ્યનો ત્યાગ કરેલ છે. એટલું જ નહીં પરંતુ ગત ચાતુર્માસમાં તેમણે બ્રહ્મચર્ય વ્રત પણ અંગીકાર કરેલ છે. સામાયિક તથા નવકાર મંત્રનો જાપ પણ કરે છે !**

**ભીમાસર ગામમાં પણ કેટલાક હરિજનો જૈન ધર્મ પાળે છે !**

કાદવમાંથી જેમ કમળ ખીલી શકે છે તેમ કર્મોદયે પછાત કુળોમાં જન્મેલા આત્માઓ પણ સત્સંગ દ્વારા, ઉત્તમ કુળમાં જન્મેલા આત્માઓ માટે પણ આદર્શ રૂપ બની શકે તેવું ઉન્નત જીવન જીવી શકે છે. એ આવા દૃષ્ટાંતોથી સાબિત થાય છે. માટે જ તો સત્સંગને પારસમણિ કરતાં પણ અધિક મહિમાવંત કહ્યો છે. આવા સત્સંગ દ્વારા સહુ કોઈ પોતાના જીવનને ઉર્ધ્વગામી બનાવે એ જ શુભેચ્છા.

## ૧૫૧ : "જો નાનપણથી જૈન ધર્મ મળ્યો હોત તો લગ્ન જ ન કરત અને દીક્ષા જ લેત" રેખાબેન (મિસ્ત્રી)

આજે જ્યારે એક બાજુ આધુનિક ડીગ્રીને પામેલા પરંતુ જૈન ધર્મનો એકડો પણ નહિ જાણતા એવા કેઈક યુવાન પોતાને જૈનકુળમાં જન્મ મળવા બદલ અફસોષ વ્યક્ત કરતા સંભળાય છે કે-'ક્યાં આ જૈનકુળમાં જન્મ્યા કે

જ્યાં આ ન ખાવું, તે ન પીવું, આ ન જોવું, તે ન કરવું વિગેરે ડગલે ને પગલે કેટલાય નિયમોના બંધનોની વાતો કરી છે. આના કરતાં તો પશુ થયા હોત કે રાણી એલીઝાબેથના ઘરમાં કૂતરા તરીકે સ્થાન મળ્યું હોત તો રાણી પોતાના હાથે રમાડત, મોટરમાં ફરવા મળત, રાણીના હાથે કેક વિગેરે ખાવા મળત...' ઈત્યાદિ.

ત્યારે બીજી બાજુ મિસ્ત્રીકુળમાં જન્મ પામવા છતાં પાછળથી જૈન ધર્મના મર્મને કાંઈક અંશે સમજેલો એક હળુકર્મી આત્મા જૈન ધર્મ પ્રત્યે કેવું અનહદ માન ધરાવે છે અને કેવા મનોરથ સેવે છે તે આપણે જોઈએ.

મૂળ કચ્છ-ભુજની બાજુમાં કુકમા ગામમાં મિસ્ત્રીકુળમાં જન્મેલા પરંતુ ઋણાનુબંધ કે ભવિતવ્યતાવશાત્ કચ્છ-રામપર વેકડા ગામના સ્થાનકવાસી જૈન પરિવારમાં પરણેલા રેખાબેન (ઉ. વ. ૨૫) હાલ ગાંધીધામમાં અપના નગરમાં રહે છે. B.Com. સુધી વ્યાવહારિક અભ્યાસ કરેલ છે.

જૈન પરિવારમાં લગ્ન થવાથી જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોના સત્સંગ અને વ્યાખ્યાન શ્રવણથી રેખાબેનના આંતરમનમાં રહેલા સુષુપ્ત ધાર્મિક સંસ્કારો જાગ્રત થઈ ગયા છે. પરિણામે તેમણે યાવજ્જીવ રાત્રિભોજન તેમજ કંદમૂળને પ્રતિજ્ઞાપૂર્વક તિલાંજલિ આપી દીધી છે. (આજે જૈન કુળમાં જન્મેલા પણ કેટલાય આત્માઓ નરકના દ્વાર સમાન આ બે પાપોને છોડી શકતા નથી. તેમણે રેખાબેનના દૃષ્ટાંતમાંથી ખાસ પ્રેરણા લેવા જેવી છે.) એકાશણા, આયંબિલ, ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે તપશ્ચર્યા તેમની ચાલુ જ હોય છે. સંસારમાં આરંભસમારંભના કાર્યોમાં ન છૂટકે થતી જીવહિંસાથી તેમનું હૃદય એકદમ દ્રવી ઊઠે છે અને ઘરના સભ્યોને પણ જેમ બને તેમ વધુ ને વધુ જયણા પૂર્વક જીવન જીવવા માટે તેઓ અવારનવાર પ્રેરણા આપતા રહે છે.

**તેમને પ્રીત નામે એક જ નાનો સુપુત્ર છે. પોતાની ઉંમર નાની હોવા છતાં પોતાના પતિને યાવજ્જીવ બ્રહ્મચર્ય વ્રત સ્વીકારી લેવા માટે અવારનવાર સમજાવતા રહે છે. તેઓ અત્યંત પાપભીરૂ અને ભવભીરૂ છે.** કચ્છ-૭૨ જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે તેમણે અઠ્ઠમ કરેલ ત્યારે પ્રભાવનામાં મળેલ "બહુરત્ના વસુંધરા ભાગ-૧" માં આલેખાયેલ ૭૨ દૃષ્ટાંતો વાંચીને કહ્યું કે-'મ. સા. મારી પણ સ્થિતિ કંઈક અંશે એવા પ્રકારની છે. જો મને નાનપણથી જૈન ધર્મ મળ્યો હોત તો હું લગ્ન જ ન કરત અને ચોક્કસ દીક્ષા જ લઈ લેત, જેથી પાપો તો ન કરવા પડત'- આટલું બોલતાં બોલતાં તેમની આંખોમાં આંસુ ધસી આવ્યા ! કેવી ભવભીરૂતા !...

તેઓ દરરોજ દેરાસરમાં જઈને પ્રભુદર્શન અચૂક કરે છે તથા વ્યાખ્યાનનો યોગ હોય તો અચૂક સાંભળે છે. ચાતુર્માસ દરમ્યાન જે જે તપ-જપ વિગેરે સામૂહિક આરાધનાઓ કરાવવામાં આવે તેમાં તેઓ ખાસ ભાગ લે છે. નવપદજીની ૩ ઓળી કરેલ છે. એક ઓળી ફક્ત મગની દાળથી કરેલ. પૂ. પં. શ્રી રત્નસુંદર વિજયજી મ. સા. દ્વારા લિખિત 'લક્ષ્મણરેખા' પુસ્તકની પરીક્ષા પણ તેમણે આપી છે. નિયમિત ઊકાળેલું પાણી વાપરે છે. વર્ષીતપ કરવાની ભાવના છે. દરેક મિષ્ટાન્નનો ત્યાગ છે ! પાણી જમતી વખતે જ વાપરે છે. ત્રણેક ફ્રૂટ સિવાય બાકીના ફ્રૂટનો ત્યાગ છે. એકવાર **વ્યાખ્યાનમાં તેમણે સાંભળ્યું કે-'સમેતશિખરજી તીર્થની ચન્દ્રપ્રભસ્વામી ટૂંક પાસેથી સવારે સૂર્યોદય સમયે જો વાતાવરણ સ્વચ્છ હોય તો અષ્ટાપદજી તીર્થના દર્શન થઈ શકે છે' - અને તે જ રાત્રે સ્વપ્નમાં તેમને ચંદ્રપ્રભસ્વામીના દર્શન થયા. ત્યારથી પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિ તેમજ સંવેગ-નિર્વેદના શુભ ભાવોમાં ખૂબ જ અભિવૃદ્ધિ થયેલ છે.**

પોતાના નાનકડા સુપુત્રમાં પણ તેમણે એવા શુભ સંસ્કારો નાખ્યા છે કે તે પણ સાધુ બનવાના મનોરથ સેવે છે. રેખાબેનની એક નાની બેનને પણ દીક્ષા લેવાની ભાવના છે. તેમના આવા ઉત્તમ મનોરથ પંચ પરમેષ્ઠીભગવંતોના અનુગ્રહથી શીઘ્ર પરિપૂર્ણ થાઓ એ જ શુભ ભાવના.

સરનામું : રેખાબેન હરેશકુમાર ચંપકલાલ મહેતા, ૧૭૯/૩ અપનાનગર, અશ્વિન સ્મૃતિ, ગાંધીધામ કચ્છ. પીન : ૩૭૦૨૦૧

## ૧૫૨ : કાણોદરમાં રમેશભાઈ નાપિતની અનુમોદનીય દેવ-ગુરુ ભક્તિ

ઉત્તર ગુજરાતમાં પાલનપુર પાસે કાણોદર નામે નાનું ગામ છે. ગામમાં હાલ જૈનવસ્તી નહિવત્ છે. મુનિ ભગવંતો કાણોદર ગામમાં પધારે છે, તે બધાની ખૂબ જ ભાવથી વૈયવચ્ચ ત્યાં રહેતા રમેશભાઈ નાપિત (ઉ. વ. ૪૫) અને તેમના ધર્મપત્ની કરે છે. ગામમાં નાનું પણ સુંદર જિનાલય છે. તેની પ્રક્ષાલ-પૂજા વિગેરે પણ રમેશભાઈ જ સંભાળે છે. પરંતુ આ કાર્ય તેઓ પોતાના આત્મા ઉપરની અનુગ્રહબુદ્ધિથી કરે છે એટલે પગાર લેતા નથી પરંતુ આવો મહાન લાભ મળવા બદલ પોતાની જાતને ધન્ય માને છે.

પહેલાં સાધુ-સાધ્વીજી ભગવંતોની તમામ વ્યવસ્થા પણ પોતાના ખર્ચે તેઓ કરતા હતા. પરંતુ પાછળથી મર્યાદિત આવકને કારણે પાલનપુરના સુશ્રાવકના સહયોગથી ત્યાં રસોડું ચાલે છે જેનું સંચાલન રમેશભાઈ અને

તેમના ધર્મપત્ની માનદ સેવાભાવથી જ કરે છે !...

**તેમના ધર્મપત્ની હાલ એકાંતરે ૫૦૦ આયંબિલ કરી રહ્યા છે. અગાઉ તેમણે વર્ષીતપ, ઉપધાન વિગેરે આરાધના પણ કરેલ છે. રાત્રિભોજન તેમજ કંદમૂળનો કાયમી ધોરણ ત્યાગ કરેલ છે !...**

મર્યાદિત આવક હોવા છતાં પણ અરિહંત પરમાત્મા અને જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોની વિના વેતને સેવાભક્તિ કરી રહેલા રમેશભાઈ નાપિતની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

સરનામું
રમેશભાઈ નાપિત જૈન દેરાસર, મુ. પો. કાણોદર,
તા. પાલનપુર, જિ. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

---

## કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટનાં પ્રકાશનો

| | | | કિં. રૂા. |
|---|---|---|---|
| * | ૧ | જેનાં હૈયે શ્રીનવકાર, તેને કરશે શું સંસાર ? (પાંચમી આવૃત્તિ) | ૬૦ |
| | ૨ | શિવં સુન્દરં | ૭ |
| | ૩ | સર્વ મંગલ માંગલ્યં | ૧ |
| | ૪ | પર્વોનું ભૂષણ જીવનનું આભૂષણ | ૧૦ |
| | ૫ | સંસારનું મરણ, મુક્તિનું શરણ | ૧૦ |
| | ૬ | મને જવા દો, હું નહીં અટકું | ૧૦ |
| | ૭ | સરસ્વતી ઉપાસના | ૫ |
| | ૮ | નિકલા સૂરજ, હુઆ સબેરા | ૨ |
| | ૯ | શ્રી શત્રુંજય ગુણસ્તવમાલા | ૫ |
| * | ૧૦ | શ્રી વર્ધમાન શક્રસ્તવ (સાર્થ) | નિત્યસ્વાધ્યાય |
| * | ૧૧ | ગિરનાર મંડન શ્રીનેમિનાથ ગુણ ગુંજન | ૧૫ |
| * | ૧૨ | Miracles of Mahamantra Navkar | ૫૦ |
| * | ૧૩ | પ્રભુ સાથે પ્રીત | ૪૦ |
| * | ૧૪ | બહુરત્ના વસુંધરા ભાગ-૧ | ૧૫ |
| * | ૧૫ | બહુરત્ના વસુંધરા ભાગ-૨ | ૪૦ |
| * | ૧૬ | બહુરત્ના વસુંધરા ભાગ-૩ | પ્રેસમાં |

નોંધ :- * આવી નિશાનીવાળા પુસ્તકો જ હાલ ઉપલબ્ધ છે.

## પૂ. ગણિવર્ય શ્રીમહોદય સાગરજી મ.સા.
## દ્વારા લિખિત સંપાદિત સાહિત્યની યાદી

| | | | ૧કિં. રૂ. |
|---|---|---|---|
| | | દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ જીવન ચરિત્ર (હિન્દી) | |
| * | ૨ | આરાધના દીપિકા | ૫ |
| * | ૩ | દેશવિરતિ દીપિકા | ૫ |
| | ૪ | શ્રાવક જન તો તેને રે કહીએ | |
| | ૫ | શ્રાવકના ૧૨ વ્રતોને ચાર્ટ | |
| * | ૬ | શ્રાવકના ૨૧ ગુણોનો ચાર્ટ | ૫ |
| | ૭ | ૧૪ નિયમનો ચાર્ટ | |
| | ૮ | મનવા ! ધર તું નવપદ ધ્યાન | |
| | ૯ | ચાહ એક, રાહ અનેક | |
| | ૧૦ | શ્રી શત્રુંજય ગુણસ્તવમાલા | |
| * | ૧૧ | દર્શન-વંદન-સામાયિક સૂત્રો (અંગ્રેજી-હિન્દી-ગુજરાતી) | ૧૦ |
| * | ૧૨ | ભક્તિસુધા | ૨૦ |
| * | ૧૩ | જેનાં હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર ? (૫મી આવૃત્તિ) | ૬૦ |
| * | ૧૪ | શ્રી વર્ધમાન શક્રસ્તવ (સાર્થ) (દ્વિતીયાવૃત્તિ)-અમૂલ્ય | |
| * | ૧૫ | Miracles of Mahamantra Navkar | ૫૦ |
| * | ૧૬ | ગિરનાર મંડન શ્રીનેમિનાથ ગુણ ગુંજન | ૧૫ |
| * | ૧૭ | પ્રભુ સાથે પ્રીત | ૪૦ |
| * | ૧૮ | બહુરત્ના વસુંધરા ભાગ-૧ | ૧૫ |
| * | ૧૯ | " " ભાગ-૨ | ૪૦ |
| * | ૨૦ | " " ભાગ-૩ | પ્રેસમાં |

નોંધ : * આવી નિશાળીવાળા પુસ્તકો જ હાલ ઉપલબ્ધ છે.

# "બહુરત્ના વસુંધરા"

'ચાલો, અનુમોદના કરીએ/પ્રેરણા લઈએ'

## ભાગ - ત્રીજો

વર્તમાનકાલીન કેટલાક વિશિષ્ટ આરાધક
સાધુ-સાધ્વીજી ભગવંતોના અત્યંત અનુમોદનીય - પ્રેરક
આશ્ચર્યપ્રદ દૃષ્ટાંતોનો સંગ્રહ

• સંયોજક - સંપાદક •

અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના વિનેય**
આગમાભ્યાસી પૂ. **મુનિવર્યશ્રી મહોદયસાગરજી મ. સા.**

★ પ્રકાશક ★

**શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ**
૧૦૨ લક્ષ્મી એપાર્ટમેન્ટ
૨૦૬ ડૉ. એનીબેસન્ટ રોડ
વરલી નાકા - મુંબઈ - ૪૦૦૦૧૮

## -: પ્રાપ્તિસ્થાન :-

(૧) **કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ**
૧૦૨, લક્ષ્મી એપાર્ટમેન્ટ, ૨૦૬ ડો. એનીબેસન્ટ રોડ
**વરલી નાકા-મુંબઈ** - ૪૦૦૦૧૮ ફોન : ૪૯૪૩૯૪૨, ૪૯૩૬૨૬૬

(૨) કચ્છી ભવન, મુ. પો. **શંખેશ્વર તીર્થ**, જિ. મહેસાણા (ઉ. ગુજરાત)
પીન : ૩૮૪૨૪૬/ ફોન : ૦૨૭૩૩ - ૭૩૩૬૩

(૩) **૭૨ જિનાલય ઓફિસ,**
૨૧ કેશવજી નાયક રોડ, **ભાતબજાર, મુંબઈ-૪૦૦૦૦૯.**
ફોન : ૩૭૬૧૭૩૯ - ૩૭૬૦૪૭૧

(૪) **ડો. રતિલાલભાઈ વોરા**
શાંતિ ક્લિનીક, ઈલોરા સોપીંગ સેન્ટર સામે,
દફતરી રોડ, **મલાડ (પૂર્વ) - મુંબઈ - ૪૦૦૦૯૭.**

(૫) **મોહનલાલ પાસુભાઈ ગોસર**
ત્ર્યંબક ભુવન-બીજે માળે, રૂમ નં. ૧૬
ફળકે રોડ, **ડોંબીવલી (પૂર્વ)** ફોનઃ ૪૬૫૯૪૯

(૬) સુઘોષા કાર્યાલય
તલેટી રોડ, **પાલિતાણા** (સૌરાષ્ટ્ર), ૩૬૪૨૭૦

(૭) **બરોડા ફેમીલી સેન્ટર,** રાવપુરા, ટાવર પાસે
**વડોદરા** - ૩૯૦૦૦૧, ફોન : ૪૨૨૯૭૫

(૮) **લક્ષ્મીચંદભાઈ શામજી છેડા**
૧૫ સ્વપ્નલોક, લો ગાર્ડન પાસે,
એલીસ બ્રીજ, **અમદાવાદ** -૩૮૦૦૦૬. ફોન : ૪૬૯૫૨૫

---

પ્રથમ આવૃત્તિ સં. ૨૦૫૩ ભાદરવા સુદિ ૧૫

કિં. રૂ. ૩૦

મુદ્રક :- કલ્પક પ્રીન્ટ્સ- સુરેન્દ્રનગર.

# ઋણ સ્વીકાર - સાદર સ્મૃતિ

(૧) અનંત ઉપકારી, ભવોદધિતારક, વાત્સલ્યવારિધિ, સચ્ચારિત્ર-ચૂડામણિ, અનન્ય પ્રભુભક્ત, શાસન સમ્રાટ, ભારત દિવાકર, તીર્થપ્રભાવક, દિવ્યકૃપાદાતા, **અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

(૨) સળંગ ૨૯મા વર્ષીતપના આરાધક, શુભાશિષદાતા, વર્તમાન અચલગચ્છાધિપતિ, **તપસ્વીરત્ન, પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર - સૂરીશ્વરજી મ. સા...**

(૩) સૂરિમંત્રપંચપ્રસ્થાનસમારાધક, સાહિત્ય દિવાકર, **પ. પૂ. આ. ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.**

(૪) લેખન આદિ શુભ પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહાયક બનતા વિનીત શિષ્ય - પ્રશિષ્યો, તેજસ્વી વક્તા **મુનિરાજ શ્રી દેવરત્ન સાગરજી** સ્વાધ્યાયપ્રેમી **મુનિરાજશ્રી ધર્મરત્નસાગરજી**, તપસ્વી મુનિરાજ **શ્રી કંચનસાગરજી**, સેવાભાવી **મુનિરાજશ્રી અભ્યુદયસાગરજી** તથા નૂતન **મુનિરાજશ્રી ભક્તિરત્ન સાગરજી...**

(૫) રત્નત્રયીની આરાધનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહાયક બનતા તમામ ગુરુબંધુઓ, નાના - મોટા મુનિવરો, નામી - અનામી સર્વે શુભેચ્છકો, હિતચિંતકો આદિ...

(૬) મુમુક્ષુ અવસ્થામાં ધાર્મિક સૂત્રો (સાર્થ)નો સુંદર અભ્યાસ કરાવનાર તેમજ સંયમની પ્રેરણા આપનાર પરમોપકારી **યોગનિષ્ઠ, તત્ત્વજ્ઞ સ્વ. સા. શ્રી ગુણોદયશ્રીજી મહારાજ આદિ...**

(૭) મુમુક્ષુ અવસ્થામાં ૫ વર્ષ પર્યંત સંસ્કૃત, પ્રાકૃત વ્યાકરણ, ન્યાય, કાવ્ય, ષટ્દર્શન આદિનો સુંદર રીતે અભ્યાસ કરાવનાર **સ્વ. પંડિત શિરોમણિ શ્રી હરિનારાયણ મિશ્ર** (વ્યા. ન્યા. વેદાંતાચાર્ય)

(૮) પ્રસ્તુત પુસ્તકનો પ્રથમ તથા દ્વિતીય ભાગ વાંચીને રૂબરૂમાં તેમજ પત્રો દ્વારા હાર્દિક અનુમોદના અભિવ્યક્ત કરીને ત્રીજા તથા ચોથા ભાગના શીઘ્ર પ્રકાશન માટે પ્રોત્સાહિત કરનાર સહુ ગુણાનુરાગી આત્માઓ...

આદિ અગણિત ઉપકારી આત્માઓનું સાદર સ્મરણ કરતાં ગૌરવ તથા આનંદ અનુભવું છું !...

**- મણિ મહોદયસાગર**

# સાદર સમર્પણ

ગુજરાતી તથા સંસ્કૃતમાં પ્રભુભક્તિમય સેંકડો સ્તવન-સ્તુતિ ચૈત્યવંદન પૂજાઓ વિગેરે ભાવવાહી ભક્તિ સાહિત્યની તથા સંસ્કૃતમાં ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર, સમરાદિત્ય કેવલી ચરિત્ર, શ્રીપાલ ચરિત્ર, દ્વાદશ પર્વકથા આદિ ગ્રંથોની રચના કરનાર...

મુંબઈથી શિખરજી તથા શિખરજીથી પાલિતાણા જેવા મહાન ઐતિહાસિક છ'રી પાલક સંઘોની પ્રેરણા તથા નિશ્રા દ્વારા પ્રભુશાસનની અદ્‌ભૂત પ્રભાવના કરનાર...

૭૨ જિનાલય, ૨૦ જિનાલય આદિ અનેક જિનમંદિરોની પ્રેરણા, અંજનશલાકા પ્રતિષ્ઠા દ્વારા લાખો આત્માઓને પ્રભુ સાથે પ્રીત બાંધવામાં સહાયક આલંબનો પૂરા પાડનાર...

જેફ વયે પણ દરરોજ શ્રી અરિહંત પરમાત્મા આદિ પંચ પરમેષ્ઠી ભગવંતોને ૧૦૮ ખમાસમણ આપનાર...! મારા જેવા અનેક આત્માઓને સંસારની કેડીએથી સંયમના પુનીત પંથે પ્રસ્થાન કરાવનાર...

તપ-ત્યાગ-તિતિક્ષા, ક્ષમા, સમતા, નમ્રતા, સહનશીલતા, ભદ્રિકતા, અપ્રમત્તતા, સાદગી વિગેરે અગણિત ગુણરત્નોના મહાસાગર તથા સદ્‌ગુણાનુરાગી યથાર્થનામી...

**અનંત ઉપકારી, ભવોદધિતારક, વાત્સલ્યવારિધિ શાસન સમ્રાટ, ભારત દિવાકર, તપોનિધિ અચલગચ્છાધિપતિ પ. પૂ. ગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ના ચરણારવિંદમાં સાદર સવિનય સમર્પણ**

**- ગુરુ ગુણ ચરણરજ**
**ગણિ મહોદયસાગર**
(ગુણબાલ)

# સુકૃતના સહયોગી

(૧) સંઘવી શ્રી શામજીભાઈ જખુભાઈ ગાલા (કચ્છ-મોટા આસંબીઆ)
(૨) 'ઓસવાળ યાત્રિક ગૃહ' - (પાલિતાણા)ના સ્થાપક તથા સંચાલક શ્રી ઓસવાળ ચેરીટીઝ - જામનગર
(૩) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ -સુરત/માલગામ (રાજસ્થાન)
(૪) શ્રી વલભજીભાઈ માલસીં ગાલા - નાના આસંબીઆવાલા
(૫) માતુશ્રી મણિબાઈ રવજી જેસંગ ગાલા પરિવાર (કચ્છ - મોટા આસંબીઆ)
(૬) માતુશ્રી પાનબાઈ રાયસીં ગાલા (કચ્છ-ચાંગડાઈ) [સા. શ્રી વીરગુણાશ્રીજી મ.સા. (સંસારપક્ષે સુપુત્રી)ની પ્રેરણાથી]
(૭) વસંતભાઈ ઉત્તમચંદ શાહ - ઊંઝા
(૮) શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ - હુબલી
(૯) શ્રી મોહનલાલ પાસુભાઈ ગોસર - (કચ્છ - વીઢ)
(૧૦) શ્રી જેઠાલાલભાઈ અરજણ નાગડા (કચ્છ-ચાંગડાઈ)
(૧૧) શ્રી પંકજભાઈ જયસુખલાલ રાયચંદ મહેતા (માટુંગા)
(૧૨) શ્રી કુંવરજીભાઈ હેમરાજ છેડા પરિવાર
(૧૩) શ્રી સેવંતિલાલભાઈ ચૂનીલાલ (કચ્છ-માંડવી)
(૧૪) અંજુબેન જગદીશલાલજી શાહ (કોડાય/માટુંગ)
હ : મીનાબેન જગજીવનભાઈ શાહ (શાયન)
(૧૫) વિસનજીભાઈ પ્રેમજી લુણીવાલા
(૧૬) શામજીભાઈ નરશીં દંડ (શ્રી અ.ભા. અચલગચ્છ જૈન સંઘના મંત્રી)
(૧૭) વિમળાબેન રવિલાલભાઈ સંઘોઈ

# સુકૃતના સહયોગી દાતાઓની હાર્દિક અનુમોદના

**(૧) સંઘવી સંઘરત્ન શ્રી ટોકરશીભાઈ નાગશી વોરા :-** સુદેવ - સુગુરુ-સુધર્મ પ્રત્યે અપાર શ્રદ્ધા, મુંબઈથી શિખરજી તથા શિખરજીથી પાલિતાણા છ'રી પાલક સંઘોના તેમજ સામૂહિક ૯૯ યાત્રાના સંઘપતિ.. સાતક્ષેત્ર તેમજ જીવદયા વિગેરેના સત્કાર્યોમાં સદાય ઉદારદિલે સંપત્તિનો સદ્‌વ્યય કરનાર, વર્ષોથી એકાશણા આદિ તપશ્ચર્યા, નિયમિત પ્રતિક્રમણ, જિનપૂજા, નવકારજાપ, વ્યાખ્યાન શ્રવણ, આદિ આરાધના દ્વારા જીવનને સફળ બનાવનાર, ભદ્રિક પરિણામી એવા આપના તરફથી પ્રસ્તુત પ્રકાશનમાં મળેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

**(૨) સ્વ. કલ્યાણજીભાઈ રામજી ગાલા :-** સં. ૨૦૫૨માં અધિક અષાઢ સુ. ૧૩, શનિવાર, તા. ૨૯/૬/૯૬ના રોજ, શંખેશ્વર મહાતીર્થમાં, અઠ્ઠમતપના પચ્ચક્ખાણમાં બીજા દિવસે સાંજે પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા. સાથે ૧ કલાક સત્સંગ કર્યા બાદ દેરાસરમાં શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી સમક્ષ બેસીને જાપ કરતાં કરતાં ૫૨ વર્ષની વયે અદ્‌ભુત સમાધિમરણને પામીને જિંદગીને જીતી ગયા. અઠ્ઠમનું પારણું કર્યા બાદ આપની ભાવના શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની યાત્રા કરવાની હતી. તે હવે દેવ બનીને સફળ થઈ હશે જ. છેલ્લા ઘણા વર્ષોથી દર વર્ષે શંખેશ્વર તથા પાલિતાણાની યાત્રા કરતા હતા. તેમજ છેલ્લા ૩ વર્ષોથી દર વર્ષે શંખેશ્વરમાં અઠ્ઠમ પણ કરતા હતા. આપની સાથે આપના ફૂઆઈ ભત્રીજા શ્રી અશોકભાઈ ગગુભાઈ ટોકરશી માણેકની પણ તે દિવસે અઠ્ઠમ હતી. આપની પુણ્ય સ્મૃતિ નિમિત્તે આપના પરિવાર તરફથી પ્રસ્તુત પ્રકાશનમાં મળેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

**(૩) સ્વ. સંઘમાતા મેતબાઈ મનજી ગાલા :-** સળંગ ૩૩ વર્ષીતપના આરાધક... તેમાં પણ ૩ વર્ષીતપ છઠ્ઠ, અઠ્ઠમથી.. પારણામાં મગ, કે ગુંદરની રાબની અપેક્ષા નહીં, રોટલો, છાસ અને ચટણી આટલામાં સંતોષ ! પગમાં ચંપલ નહીં. ગાદલા કે ઓદડી પર સૂવાનું નહીં ! મુંબઈથી શિખરજી તથા શિખરજીથી પાલિતાણા વિ. અનેક છ'રી પાલક સંઘોમાં સંઘમાતા બનવાનો અપૂર્વ લાભ લીધો. સાધુ-સાધ્વી ભગવંતોની સુંદર વૈયાવચ્ચ, યોગનિષ્ઠ સ્વ. સુસા. શ્રી ગુણોદયશ્રીજી મ. સા.ની અંતિમ બિમારીમાં પોતાના અલાયદા બંગલામાં રાખીને અપૂર્વ સેવા કરી. આપના પગલે પગલે આપના સુપુત્ર સંઘવી સંઘરત્નશ્રી વિસનજીભાઈ પણ મુંબઈથી શંખેશ્વર-ભીનમાલ થઈ દંતાણી તીર્થના છ'રીપાલક સંઘમાં સંઘપતિ બનીને તથા અનેકવિધ સુકૃતો દ્વારા આપના નામને રોશન કરી રહ્યા છે તથા આપની અનુમોદનાર્થે પ્રસ્તુત પ્રકાશનમાં આપેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના [આ પુસ્તકના ભાગ-૨ માં પાના નં. ૨૭૨ ઉપર તેમનું દૃષ્ટાંત આપેલ છે.]

**(૪) સ્વ. સાકરભાઈ લાખાજી શાહ :-** પ્રભુભક્તિ, સત્સંગ, તપશ્ચર્યા, નવકાર મહામંત્રનો જાપ ઈત્યાદિ આરાધનાથી જીવન સાર્થક બનાવી ગયા. આપની પુણ્યસ્મૃતિ નિમિત્તે આપના સુપુત્ર શ્રી નીતિનભાઈ તરફથી પ્રસ્તુત પ્રકાશનમાં મળેલ સુંદર સહયોગની હાર્દિક અનુમોદના.

**સંઘવી સંઘરત્ન**
**શ્રી ટોકરશીભાઈ નાગશી વોરા**
કચ્છ - બિદડાવાલા (હાલે ગોવાલિયા ટેંક-મુંબઈ)



હસ્તે : સંઘમાતા કસ્તૂરબેન ટોકરશીંભાઈ વોરા
તથા સુપુત્રો શાંતિલાલભાઈ/વિનોદભાઈ/
કિશોરભાઈ

**સ્વ. કલ્યાણભાઈ રામજી ગાલા**
કચ્છ - કાંડાગરાવાલા (ચેમ્બૂર)



હસ્તે : માતુશ્રી મણિબેન રામજી કુરપાર ગાલા
પ્રફુલ્લાબેન કલ્યાણજી ગાલા

સળંગ ૩૩ વર્ષીતપના આરાધક
**સ્વ. સંઘમાતા ખેતબાઈ કાનજી ગાલા**
કચ્છ - દેવપુરવાલા



હસ્તે : સંઘવી સંઘરત્ન વિસનજીભાઈ કાનજી ગાલા

**સ્વ. સાકરબેન સામજી રામજી**
કચ્છ - કોડાય (મદુરાઈવાળા)



હસ્તે : નીતિનભાઈ શામજી શાહ

# અનુક્રમણિકા


| નં. | વિષય | પાનું |
|---|---|---|
| ૧ | પ્રાપ્તિસ્થાન | ૨ |
| ૨ | ઋણ સ્વીકાર | ૩ |
| ૩ | સાદર સમર્પણ | ૪ |
| ૪ | સુકૃતના સહયોગી | ૫ |
| ૫ | દાતાઓની અનુમોદના | ૬ |
| ૬ | અનુક્રમણિકા | ૭ |
| ૭ | જરા થોભો...વાંચો અને આગળ વધો (સંપાદકીય) | ૧૩ |
| ૮ | પ્રસ્તાવના અને સ્તવના | ૧૬ |
| ૯ | અનુમોદના એટલે ? | ૨૩ |
| ૧૦ | પ્રકાશકીય | ૨૬ |
| ૧૧ | અનુમોદનાની અનુમોદના | ૨૮ |

| નં. | દૃષ્ટાંત | પાનું |
|---|---|---|
| ૧ | ૧૦૦+૧૦૦+૮૮ ઓળીના 'તપસ્વી સમ્રાટ' સૂરિરાજ. | ૧ |
| ૨ | ભીષણ કલિકાલ મોજાર, વસે છે એક ધન્નો અણગાર. | ૨ |
| ૩ | મહા તપસ્વીરત્ન સૂરીશ્વરજી. | ૭ |
| ૪ | ૨૫૦ ચોવિહારી છઠ - દરેક છઠમાં સાત-સાત યાત્રા ! | ૧૦ |
| ૫ | સળંગ ૩૩ કલાક સુધી ધ્યાનમુદ્રામાં સ્થિરતા ! | ૧૧ |
| ૬ | અધ્યાત્મયોગી આચાર્ય ભગવંતશ્રી. | ૧૪ |
| ૭ | સિદ્ધગિરિ આદિના પ્રત્યેક જિનાલયમાં પ્રત્યેક પ્રભુજીને ૩ ખમાસમણ દ્વારા વંદના. | ૧૫ |
| ૮ | સિદ્ધગિરિ તથા અમદાવાદના પ્રત્યેક પ્રભુજી સમક્ષ ચૈત્યવંદન ! | ૧૬ |
| ૯ | યથાર્થનામી ગચ્છાધિપતિશ્રીની ગુણ-ગરિમા. | ૧૭ |
| ૧૦ | ગચ્છાધિપતિશ્રીના પ્રેરક પ્રસંગો. | ૨૧ |
| ૧૧ | ગચ્છાધિપતિશ્રીની અનુમોદનીય અને અનુકરણીય ક્રિયાનિષ્ઠતા - નિયમિતતા તથા વાત્સલ્ય. | ૨૫ |
| ૧૨ | વંદનીય ક્રિયાપાત્રતા. | ૨૫ |
| ૧૩ | ૩૪ વર્ષીતપ સાથે નવકાર, લોગસ્સ, નમોત્થુણં ધમ્મો મંગલ... વિગેરે દરેકના ૯-૯ લાખ જાપ !... | ૨૭ |
| ૧૪ | સળંગ ચોવિહારા ૩૦ વર્ષીતપના તપસ્વી. | ૨૮ |

| | | |
|---|---|---|
| ૧૫ | સળંગ ૨૯મા વર્ષીતપના આરાધક સૂરિવર. | ૨૯ |
| ૧૬ | પ્રથમ રાખ વહોરાવાય તો જ પારણું કરવાનો અભિગ્રહ ! | ૩૦ |
| ૧૭ | સળંગ ૨૦૧ ઉપવાસના તપસ્વી સમ્રાટ. | ૩૧ |
| ૧૮ | સળંગ ૧૦૮ ઉપવાસ તથા ૫૦૦ અઠ્ઠાઈના તપસ્વી ! | ૩૩ |
| ૧૯ | ગુણરત્નસંવત્સર તપના ભીષ્મ તપસ્વી. | ૩૪ |
| ૨૦ | કરિયાતામાં ભીંજાવેલી રોટલીના આયંબિલથી મહાનિશીથ સૂત્રના યોગોદ્વહન ! | ૩૮ |
| ૨૧ | ૩૦મા ઉપવાસે લોચ ! | ૩૮ |
| ૨૨ | અદ્ભુત જ્ઞાનપિપાસા, વિશિષ્ટ યાદશક્તિ. | ૪૧ |
| ૨૩ | ૨૦ વર્ષના અથાગ પરિશ્રમથી 'દ્વાદશાર નયચક્ર' ગ્રંથનું સંપાદન ! | ૪૨ |
| ૨૪ | માત્ર ૬ દિવસમાં દશવૈકાલિક સૂત્ર કંઠસ્થ ! | ૪૩ |
| ૨૫ | ૧૨ વર્ષમાં ૪૨૫ સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ ! | ૪૪ |
| ૨૬ | સંસ્કૃત ભણવા માટે રોજ ૧૨ માઈલ છાણીથી વડોદરા વચ્ચે આવ જાવ ! | ૪૫ |
| ૨૭ | વિહારમાં ૮૪મી ઓળી સાથે રોજ ૪ વખત વાચના તથા વ્યાખ્યાન આપતા મુનિવર ! | ૪૬ |
| ૨૮ | યુવા પ્રતિબોધક પદસ્થ ત્રિપુટી ! | ૪૭ |
| ૨૯ | આજીવન મૌનવ્રત ! | ૪૮ |
| ૩૦ | ૨૪ વર્ષથી મૌન સાથે સાધના ! | ૪૯ |
| ૩૧ | ગુરુ આજ્ઞાપાલનનો અજોડ આદર્શ ! | ૪૯ |
| ૩૨ | રોજ બે-ત્રણ કલાક પ્રભુજી સમક્ષ ઊભા ઊભા વંદના, અનુમોદના, ગર્હાના અદ્ભુત આરાધક. | ૫૦ |
| ૩૩ | ફક્ત પાંચ સાદા દ્રવ્યોથી યાવજ્જીવ એકાશણા ! | ૫૧ |
| ૩૪ | અપરિચિત પ્રદેશોમાં, ઉગ્ર વિહારોમાં પણ નિર્દોષ ગોચરીના ગવેષક મહાત્માઓ ! | ૫૨ |
| ૩૫ | શુદ્ધ ગોચરીના અભાવે ત્રણ-ત્રણ ઉપવાસ ! | ૫૩ |
| ૩૬ | ફક્ત ચા-દૂધ-ખાખરાથી નિત્ય એકાશણા ! | ૫૩ |
| ૩૭ | પરિણતિલક્ષી સાધુતા. | ૫૪ |
| ૩૮ | દીક્ષાની ખાણી, નામ લીધું જાણી ? | ૫૫ |
| ૩૯ | સપરિવાર તથા સામૂહિક સંયમ સ્વીકાર ! | ૫૫ |
| ૪૦ | કામળીના કાળ પૂર્વે જ ઉપાશ્રયમાં પ્રવેશવાનો નિયમ. | ૫૮ |
| ૪૧ | ધન્ય છે એ મહાકરુણાને ! | ૫૯ |

૪૨ અનુમોદનીય સરળતા અને પાપભીરુતા. ૫૯
૪૩ અવિધિનો ખટકો અને સંયમની કટ્ટરતા. ૫૯
૪૪ ઓપરેશન પ્રસંગે પણ આધાકર્મી અનુપાનનો ત્યાગ. ૫૯
૪૫ એંઠા મોઢે બોલાઈ જતાં ૨૫ ખમાસમણ આપતા આચાર્યશ્રી ૬૦
૪૬ બ્રહ્મચર્યની રક્ષાર્થે નિમિત્તનાશની અપૂર્વ તકેદારી. ૬૦
૪૭ રસનેન્દ્રિયને જીતનારા કીમિયાગરો ! ૬૧
૪૮ આધાકર્મી આહારદોષથી બચવા માટે, તીર્થભૂમિમાંથી શીઘ્રવિહાર ! ૬૧
૪૯ અદ્ભુત ગુરુભક્તિ.
૫૦ સળંગ ૩૨ વર્ષીતપ, પારણામાં નાકથી દૂધપાન ! ૬૧
૫૧ 'વ્યાધિ એટલે કર્મનિર્જરાની સોનેરી તક !' "મહેમાનને ડામ દેવાય" ??? ૬૧
૫૨ નાગપુરથી શિખરજીની યાત્રા, સહાયક માણસ વિના જ ! ૬૨
૫૩ લઘુતામેં પ્રભુતા બસે ! ૬૨
૫૪ કમનીય કરકસર. ૬૨
૫૫ અદ્ભુત સાદગી. ૬૨
૫૬ ભક્તોને પૈસાનું કામ કહેવાનું બંધ ! ૬૩
૫૭ સ્વોપકારના ભોગે પરોપકાર કરાય ? ૬૩
૫૮ વંદનીય પાપભીરુતા. ૬૩
૫૯ દૂધ પાકના અજાણ ખાખી મહાત્મા ! ૬૪
૬૦ આદર્શ ગુરુઆજ્ઞાપાલન. ૬૪
૬૧ આધાકર્મી મગના પાણીના પ્રત્યેક ઘુંટડે નિસાસો ! ૬૪
૬૨ રોજ રાત્રે ૪ કલાક એકી બેઠકે જાપ ! ૬૪
૬૩ નમનીય નવકાર નિષ્ઠા. ૬૫
૬૪ દરેક ટપાલ દીઠ ૧૦ ખમાસમણ ! દિવસે નિદ્રા બદલ ઉપવાસ !... ૬૫
૬૫ શિષ્યો પ્રત્યે અદ્ભુત હિતચિંતા. ૬૬
૬૬ પદવીની મહાનતા છતાં આસનની અલ્પતા. ૬૬
૬૭ અપરિગ્રહતાની પરાકાષ્ઠા. ૬૬
૬૮ મોહને મારવાનો કીમિયો. ૬૬
૬૯ કાગળની કરકસર. ૬૬
૭૦ નિર્દોષ પાણી માટે ૨૦ માઈલનો વિહાર ! ...છેવટે ચૌવિહાર ઉપવાસ ! ૬૬

૭૧ શલ્યોદ્ધારની સફળ પ્રેરણા. ૬૭
૭૨ બિમાર પ્રશિષ્યના પગ દબાવતા આચાર્યશ્રીની વાણી ! ૬૭
૭૩ માંદગીમાં પણ કેરી વાપરવાની વાત સાંભળતાં જ આંખોમાંથી વહેતી અશ્રુધારા ! ૬૭
૭૪ તીર્થરક્ષા સાથે શાસનરક્ષા માટે આચાર્યશ્રીની જાન-ફેસાનીની તૈયારી સાથે અપૂર્વ દીર્ઘદર્શિતા ! ૬૮
૭૫ બ્રહ્મચર્યની રક્ષા માટે અદ્ભુત જાગૃતિ. ૬૮

**ઉત્તમ આરાધક સાધ્વીજી ભગવંતોના કેટલાક દૃષ્ટાંતો**

૭૬ સંયમના સ્વીકાર માટે અબળા ગણાતી નારીઓએ દાખવેલા અદ્ભુત પરાક્રમોની યશોગાથા ! ૬૮
૭૭ જંગલમાં વડના ઝાડ નીચે સ્વયં વેષ પરિધાન ! ૭૦
૭૮ રોજ ૫૦૦ ખમાસમણ આદિ વિશિષ્ટ આરાધના કરતા સ્વહસ્તે વેષ પહેરનાર સાધ્વીજી ! ૭૫
૭૯ સંયમના સ્વીકાર માટે ૩-૩ વાર ગૃહત્યાગ છતાં અનુમતિ ન મળતાં આખરે...! ૭૬
૮૦ સંયમ માટે ૫ વર્ષ સુધી છ વિગઈનો ત્યાગ ૭૮
૮૧ દીક્ષાની રજા મેળવવા માટે છએ વિગઈનો ત્યાગ તથા સાગારિક અણસણનો સ્વીકાર ! ૭૯
૮૨ વર્ધમાન તપની બે વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરી ત્રીજી વાર આગળ વધતા ત્રણ સાધ્વીજી ભગવંતો ! ૮૧
૮૩ વર્ધમાન તપની બે વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરી ત્રીજી વાર આગળ વધતા ત્રણ સાધ્વીજી ભગવંતો ! ૮૨
૮૪ વર્ધમાન તપની બે વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરી ત્રીજી વાર આગળ વધતા ત્રણ સાધ્વીજી ભગવંતો ! ૮૩
૮૫ સળંગ ૨૦-૨૦ ઉપવાસથી વીશસ્થાનકની આરાધના કરનાર પાંચ સાધ્વીજી ભગંવતો ! ૮૪
૮૬ ૭૩ વર્ષની વયે સળંગ ૨૫૧ ઉપવાસ ! ૮૫
૮૭ સળંગ ૧૮૦ થી અધિક ઉપવાસ ! ૮૬
૮૮ ૧૧ અંગસૂત્રોને કંઠસ્થ કરનાર વિદુષી સાધ્વીજી ૮૬
૮૯ વિદુષી સાધ્વીજી 'બેન મહારાજ'. ૮૮
૯૦ પલ્લીવાલ ક્ષેત્રમાં ધર્મને પુનર્જીવિત કરતા સાધ્વીજી. ૮૯
૯૧ દરેક પારણામાં એક ધાનના આયંબિલ સહ અઠ્ઠાઈથી વર્ષીતપનો ભવ્ય પુરુષાર્થ ! ૯૦

૯૨ ૯૦૦ આયંબિલ ઉપર ૪૫ ઉપવાસની તપશ્ચર્યા સાથે નવસારીથી શંખેશ્વરનો વિહાર ! ૯૨
૯૩ સળંગ ૪૦૦ છઠ્ઠથી વીશસ્થાનકની આરાધના ! ૯૩
૯૪ તપોમય જીવન. ૯૩
૯૫ ૭૨ વર્ષની વયે સંયમ સ્વીકાર ! ૯૪
૯૬ મરણાંત પરિષહમાં પણ અદ્ભુત સમતા ! ૯૪
૯૭ ૧૦૮ માસક્ષમણ કરવાની ભાવના ! ૯૬
૯૮ ૧૦૮ માસક્ષમણ કરવાની ભાવના ! ૯૮
૯૯ પ્રાયઃ સળંગ ચૌવિહારી ૧૦૮ છઠ્ઠ સહ ૯-૯ યાત્રા ! ૯૯
૧૦૦ પ્રાયઃ સળંગ ચૌવિહારી ૧૦૮ છઠ્ઠ સહ ૮-૮ યાત્રા ! અગ્નિસંસ્કાર વખતે એક વસ્ત્ર બળ્યું જ નહીં ! ૧૦૦
૧૦૧ દીક્ષાથી માંડીને સળંગ ૧૦૦૦થી અધિક અઠ્ઠમ ! ૧૦૧
૧૦૨ આંખમાં મંકોડો પ્રવેશી ગયો છતાં આત્મજ્ઞ સાધ્વીજીની અદ્ભુત સમતા ! ૧૦૧
૧૦૩ સ્વાનુભૂતિસંપન્ન સાધ્વીજીની અદ્ભુત નિરીહતા. ૧૦૩
૧૦૪ ૧૦૦ ઓળીનું પારણું... સાદી રીતે... સહજ ભાવે ! ૧૦૫
૧૦૫ ૧૨ વર્ષ સુધી અખંડ મૌન સહ આત્મસાધના ! ૧૦૬
૧૦૬ સળંગ ૪ વર્ષથી મૌન સાથે વર્ષીતપ ચાલુ !... ૧૦૭
૧૦૭ નિર્દોષ ગોચરીના અભાવે ૧૫ દિવસ સુધી ચણા આદિ સૂકી વસ્તુઓથી નિર્વાહ ! ૧૦૮
૧૦૮ તપ-જપથી કેન્સરને કેન્સલ કરતા ઉત્કૃષ્ટ આરાધક સાધ્વીજી ! ૧૦૯
૧૦૯ ૮૪ વર્ષનો દીક્ષા પર્યાય ! ૧૧૧
૧૧૦ વિહારમાં આવતા દરેક ગામ-નગર-તીર્થોના દરેક જિનબિંબો સમક્ષ ચૈત્યવંદન. ૧૧૨
૧૧૧ પ્રસન્ન મુખે વાળ ચૂંટાવા (લોચ)નું કષ્ટ સહી લેતા જૈન સાધુ-સાધ્વીઓનો અદ્ભુત ધર્મપ્રેમ. ૧૧૩

**પરિશિષ્ટ (ભાગ ૧-૨ ના પાછળથી આવેલ દૃષ્ટાંતો)**

૧૧૨ સત્સંગના પ્રભાવે મોચી મુનિ બન્યા ! ૧૨૦
૧૧૩ આયર જ્ઞાતિના વેજીબેન બન્યા સા. શ્રી વીરપ્રભાશ્રીજી. ૧૨૧
૧૧૪ દર પૂનમે શંખેશ્વરની યાત્રા કરતા કૃષ્ણ મનુસ્વામી સેટીઆર (મદ્રાસી બ્રાહ્મણ). ૧૨૨
૧૧૫ વર્ષીતપ, સિદ્ધિતપ, સોળભત્તુ આદિ તપ કરતા સાહેબસિંહ લખુભા જાડેજા (ક્ષત્રિય). ૧૨૪

૧૧૬ ૧૧ વર્ષથી દર પોષ દશમીના અઠ્ઠમ કરતા શંખેશ્વરના પોલીસ જમાદાર જોરાવરસિંહજી. ૧૨૪
૧૧૭ ૨૫ વર્ષની યુવાવસ્થામાં, વર્ષમાં માત્ર ૨ કલાકની જ જયણા સાથે યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રત સ્વીકારતા આકોલાના રતિલાલભાઈ ! ૧૨૫
૧૧૮ અઠ્ઠાઈથી વર્ષીતપના આરાધક તપસ્વી નવીનભાઈ ૧૨૬
૧૧૯ સંસારમાં પડવા છતાં પડ્યા નથી રહ્યા ! ૧૨૬
૧૨૦ સુપાત્રદાનના અદ્‌ભુતપ્રેમી જામનગરના મંગળાબેન. ૧૨૭
૧૨૧ કચ્છ-દેશલપુરના લક્ષ્મીબેન ખેતશી વિસરીયા. ૧૨૭
૧૨૨ ચંદ્રપ્રભાબેન વલ્લભજી કચ્છ-શેરડી (હાલે સાંગલી). ૧૨૮
૧૨૩ શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટના સુકૃતોની અનુમોદના.

ભાગ - ૪

સુકૃત અનુમોદનાનાં ફળ. ૧૩૧
ઈર્ષ્યાવૃત્તિના અનિષ્ટ ફળ ઉપર કુંતલા મહારાણીનું દૃષ્ટાંત. ૧૩૪
સુકૃતાનુમોદનથી હરણની પણ બળભદ્ર મુનિ અને દાન આપનાર સાર્થવાહની સમાન ગતિ. ૧૩૭
સુકૃતોના મનોરથો કરતાં ગુણસાગર તથા પૃથ્વીચંદ્ર તેમજ તેમની સ્ત્રીઓને પણ કેવળજ્ઞાન ! ૧૪૧
સ્વ સુકૃત અનુમોદના. ૧૪૪
એકેન્દ્રિય આદિના ભવોમાં કાયાદિનો સદુપયોગ થયો હોય તેની અનુમોદના. ૧૪૮
વિશ્વમાં થયેલ, થતા તથા થનારા સુકૃતોની અનુમોદના ૧૪૯
સિદ્ધ ભગવંતોની અનુમોદના. ૧૫૨
આચાર્ય ભગવંતોની અનુમોદના. ૧૫૩
ઉપાધ્યાય ભગવંતોની અનુમોદના. ૧૫૫
સાધુ ભગવંતોની અનુમોદના. ૧૫૫
શ્રાવકોની શુભ કરણીની અનુમોદના. ૧૫૯
સમ્યગ્દૃષ્ટિ જીવોની અનુમોદના. ૧૬૨
ભદ્રક - મિથ્યાદૃષ્ટિઓનાં સુકૃતોની અનુમોદના. ૧૬૪
સુકૃતાનુમોદના અંગે કેટલાક શાસ્ત્રપાઠો (સાર્થ). ૧૬૫
કેટલાક મહાપુરુષોના જીવનની તથા ઉગ્ર આરાધનાની અનુમોદના. ૧૬૭
ચાલો અનુમોદના કરીએ પંચ પરમેષ્ઠીની. ૧૭૫
પુણ્યવાન પ્રભુભક્તોની હાર્દિક અનુમોદના. ૧૯૭
ખુલ્લી કિતાબ પરીક્ષા પ્રશ્નપત્ર ભા.૧. ૨૦૪

જરા થોભો... વાંચો... અને આગળ વધો...

# સંપાદકીય

પ્રસ્તુત પુસ્તકના પ્રાદુર્ભાવની વિગત ભાગ ૧-૨ની સંપાદકીય પ્રસ્તાવનામાં જણાવાયેલ છે, એટલે તેની પુનરુક્તિ ન કરતાં ભાગ ૩-૪ વિષે લખવું પ્રસંગોચિત લેખાશે.

ભાગ-૧ માં જન્મથી અજૈન પરંતુ આચરણથી જૈન હોય તેવા આરાધકોનાં ૭૨ દૃષ્ટાંતો તેમજ ભાગ-૨માં વર્તમાનકાલીન ઉત્તમ આરાધક શ્રાવક-શ્રાવિકાઓનાં અનુમોદનીય દૃષ્ટાંતો રજુ કર્યા બાદ પશ્ચાનુપૂર્વી ક્રમથી ભાગ-૩માં વર્તમાનકાલીન ઉત્કૃષ્ટ આરાધક સાધુ-સાધ્વીજી ભગવંતોના અનુમોદનીય દૃષ્ટાંતો રજુ કરવાનું પુસ્તકના પ્રારંભમાં જ વિચારાયેલ. પરંતુ ભાગ ૧-૨ રજુ થાય એ અરસામાં જ ભાવનગરના **નંદલાલભાઈ દેવલુક** તરફથી **"શાસન પ્રભાવક શ્રમણ ભગવંતો"** તથા **"શાસનનાં શ્રમણીરત્નો"** નામના દળદાર ગ્રંથો પ્રકાશિત થઈ ચૂક્યા હોવાથી ત્રીજા ભાગનું આલેખન માંડી વાળવા વિચારેલ. તેની પાછળ બીજો એ પણ હેતુ હતો કે ચારેય ફિરકાના, બધા સમુદાયોના સાધુ-સાધ્વીજી ભગવંતોના વિશિષ્ટ દૃષ્ટાંતો પ્રાપ્ત કરવાનું તેમજ લખવાનું ખૂબ જ શ્રમસાધ્ય, સમયસાધ્ય તેમજ અશક્યપ્રાયઃ કાર્ય હતું. વળી નિષ્પક્ષપાતીભાવ હોવા છતાં, પૂરતી માહિતિના અભાવે પણ જો કોઈ સમુદાયના વિશિષ્ટ મહાત્માઓનાં દૃષ્ટાંતો રહી જવા પામે તો કદાચ મનદુઃખ થવા પામે...

તે છતાં કેટલાક હિતેચ્છુ મુનિવરો તરફથી ત્રીજો ભાગ પણ સંપાદિત કરવા માટે પુનઃ પુનઃ વિનંતિ ચાલુ રહેતાં... છેવટે, 'શુભે યથાશક્તિ યતનીયમ્' ('સારા કાર્યમાં યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ.') એ સૂક્તિને નજર સમક્ષ રાખીને પ્રત્યક્ષ પરિચય દ્વારા, સુવિહિત મહાત્માઓ પાસેથી સાંભળવા દ્વારા, પત્રો, પરિપત્ર તેમજ પુસ્તકાદિ દ્વારા જે કાંઈ સામગ્રી એકત્રિત થઈ હતી તેના આધારે સ્થાનપૂર્તિ માટે ત્રીજા ભાગનું આલેખન થયેલ છે.

તેમાં રજુ થયેલ દૃષ્ટાંતો તો સેમ્પલમાત્ર છે. બાકી તેવા બીજા પણ અનેકાનેક સાધુ-સાધ્વીજી ભગવંતો છે કે જેમના દૃષ્ટાંતો માહિતિનો અભાવ આદિ કારણોથી અત્રે રજુ કરી શકાયા નથી તેમની હાર્દિક ક્ષમાપના સહ ભૂરિ ભૂરિ અનુમોદના કરું છું.

મુખ્યત્વે શ્વેતામ્બર મૂર્તિપૂજક સાધુ-સાધ્વીજી ભગવંતોના દૃષ્ટાંતો વિશેષ પ્રમાણમાં પ્રાપ્ત થવાથી તેમને રજુ કરવામાં આવ્યા છે. તેની સાથે અન્ય ફિરકાઓના પણ યથાપ્રાપ્ત અલ્પ દૃષ્ટાંતો લખવામાં આવ્યા છે. તેમાં જે જે બાબતોમાં સાંપ્રદાયિક કે સામુદાયિક માન્યતાઓમાં મતભેદ પ્રવર્તતો હોય તેના

પ્રત્યે માધ્યસ્થ્યભાવ કેળવીને જે વિશિષ્ટ આરાધનાઓ કે સદ્‌ગુણો હોય તેના પ્રત્યે 'સારું તે મારું' એ બુદ્ધિથી, ગુણાનુરાગ દૃષ્ટિથી, પ્રમોદભાવ કેળવી વાંચવા માટે વાંચકવૃંદને નમ્ર વિનંતિ છે.

મુખ્યત્વે જેમના જીવનમાં એકાદ પણ આરાધના કે સદ્‌ગુણ એવા અસાધારણ કોટિના હોય કે જે જવલ્લેજ અન્યત્ર જોવા મળે તેવા દૃષ્ટાંતો અત્રે રજુ કરવામાં આવ્યા છે.

ખાસ કરીને જેઓ વર્તમાનકાળમાં વિદ્યમાન હોય તેવા વિશિષ્ટ આરાધકોના દૃષ્ટાંતો રજુ કરવાની ભાવના હોવા છતાં કેટલાક નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા મહાત્માઓની અસાધારણ કોટિની આરાધના જાણીને તેને રજુ કરવાની લાલચ પણ રોકી શક્યો નથી.

કેટલાક કારણોસર આ ભાગમાં જેમના દૃષ્ટાંતો રજુ થયા છે તેમના નામ પ્રાયઃ સીધી રીતે ન જણાવતાં સાંકેતિક રીતે સૂચિત કરવામાં આવ્યા છે. વળી આ રીતે સંકેત દ્વારા સૂચિત થયેલા નામોને શોધવા માટે જે ચિંતન કે પૂછપરછ કરવી પડે તેના કારણે તે તે દૃષ્ટાંતો સ્મૃતિમાં સારી રીતે સ્થિર થાય તેમજ એના નિમિત્તે સાધુ-સાધ્વીજી ભગવંતોના સત્સંગમાં પણ આવવાનું નિમિત્ત ગૃહસ્થો માટે બની શકે.

**તેમ છતાં જે દૃષ્ટાંતોના પાત્રોના નામ કોઈને સંકેત ઉપરથી ખ્યાલ આવી ન શકે અને નામ જાણવાની જિજ્ઞાસા હોય તેમણે ભાગ ૧-૨-૩ માં રજુ થયેલ દૃષ્ટાંતો જેવા વિશિષ્ટ અનુમોદનીય નવા દૃષ્ટાંત મોકલાવીને આ ચાતુર્માસ દરમ્યાન શંખેશ્વર - નમસ્કાર આરાધના ભવનના સરનામે તથા શેષકાળમાં પ્રકાશકના સરનામે પત્ર લખીને મારો સંપર્ક સાધવો. જેટલા દૃષ્ટાંતોના પાત્રોના નામ જાણવા હોય તેટલા નવા દૃષ્ટાંતો મોકલાવવા ! કેમ ગમશે ને આ યોજના ?!...**

દૃષ્ટાંત નં. ૪૦ થી ૭૫ સુધીના ૩૬ દૃષ્ટાંતો પ. પૂ. **પંન્યાસપ્રવર શ્રીચંદ્રશેખર વિજયજી મ.સા.** દ્વારા વિરચિત **'મુનિજીવનની બાળપોથી'**માંથી સાભાર ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. જેથી તેઓશ્રીની ઈચ્છા મુજબ એ દૃષ્ટાતોનાં પાત્રોના નામ અંગે વિશેષ કોઈ સંકેત રજુ કરવામાં આવેલ નથી. એ દૃષ્ટાંતોના શીર્ષક ઉપરોક્ત પુસ્તકમાં ન હતા. જેથી એમના શીર્ષક મેં યથામતિ આપેલ છે.

મુખ્યત્વે અર્વાચીન દૃષ્ટાંતો જ રજુ કરવાની ભાવના હતી કે જેથી નવી પેઢીને માટે તે વિશેષ શ્રદ્ધાનું કારણ બની શકે. છતાં તેની સાથે પ્રાચીન શાસ્ત્રીય દૃષ્ટાંતો પણ રજુ થાય તો સારું એવું પણ હિતસૂચન આવેલ હોવાથી ત્રીજા ભાગમાં પંચ પરમેષ્ઠી ભગવંતો તેમજ પ્રાચીન કેટલાક મહાપુરુષોના અનુમોદનીય દૃષ્ટાંતો રજુ કરવામાં આવ્યા છે. અર્વાચીન દૃષ્ટાંતો વાંચ્યા બાદ પ્રાચીન દૃષ્ટાંતો નવી પેઢી માટે સવિશેષરૂપે શ્રદ્ધેય બની શકશે તેવી આશા છે. પ્રાચીન દૃષ્ટાંતાદિના લેખકોના નામ તે તે લેખમાં સૂચિત કરવામાં આવેલ છે.

ત્રીજો - ચોથો ભાગ તેમજ ચારેય ભાગોના સંયુક્ત પુસ્તકના વિમોચન અવસરે જ (ભા. સુ. ૧૫ના) ભાગ ૧-૨ ના દૃષ્ટાંતપાત્રોનું વિશિષ્ટ જાહેર બહુમાન

પણ **'ગુણીજનભક્તિ ટ્રસ્ટ'**ના ઉપક્રમે, **'શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ'** તથા વિવિધ દાતાઓના સૌજન્યથી ગોઠવાઈ રહ્યું છે તે પણ ખૂબ જ અનુમોદનીય છે. તેનાથી તે તે આરાધકોને પ્રોત્સાહન મળશે તેમજ સમાજને પણ તેમનાં પ્રત્યક્ષ દર્શન, પરિચય તેમજ પ્રેરણા - અનુમોદનાનો સવિશેષ લાભ મળશે. તે માટે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીઓ **શ્રી હસમુખભાઈ શાહ, નારાયણદાસભાઈ મહેતા, સોલીસીટર શ્રી હરખચંદભાઈ** ગડા તેમજ સર્વે દાતાઓ ધન્યવાદને પાત્ર છે.

**વિશેષમાં આ આરાધકો જે જે ગામના હોય તે તે ગામોના શ્રી સંઘો તેમજ તેમની આજુબાજુના સંઘો જો પોતપોતાના ગામમાં રહેતા કે આજુબાજુના ગામમાં રહેતા આવા આરાધકોનું રવિવારીય જાહેર પ્રવચનાદિમાં બોલાવીને બહુમાન કરશે તો વિશેષ લાભનું કારણ બનશે.**

ચારેય ભાગના સંયુક્ત પુસ્તકનું ટાઈટલ ચિત્ર બદલાવવા માટે કેટલાક હિતેચ્છુઓનું સૂચન હોવાથી તેમ કરવામાં આવ્યું છે.

પ્રથમ બંને ભાગની માફક ત્રીજા ભાગ માટે પણ સિદ્ધહસ્તલેખક મુનિરાજ **શ્રી જયદર્શનવિજયજીએ** મનનીય પ્રસ્તાવના તેમજ ચોથા ભાગ માટે પણ સુંદર લેખ લખી આપેલ છે તે બદલ તેમનો આભારી છું.

પ્રસ્તુત પુસ્તકની કંપોઝ - પ્રિન્ટીંગ સંબંધી તમામ જવાબદારી શ્રી **કીરચંદભાઈ જે. શેઠ** (કલ્પક ઓફસેટવાલા) સંભાળી લીધેલ છે અને સમયસર પુસ્તક છાપી આપેલ છે તે બદલે તેઓ ધન્યવાદને પાત્ર છે.

**'કસ્તૂરપ્રકાશન ટ્રસ્ટે' 'જેનાં હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર !'** તેમજ **'બહુરત્ના વસુંધરા'**... ભાગ ૧-૨-ની માફક પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં સહર્ષ સંમતિ દર્શાવી છે તેથી તેના મુખ્ય ટ્રસ્ટી **સોલીસીટર શ્રી હરખચંદભાઈ કુંવરજી** ગડા આદિ ટ્રસ્ટીમંડળ તેમજ પ્રકાશનમાં સુંદર સહયોગ આપનાર દાતાઓ વિગેરે સહુ ધન્યવાદને પાત્ર છે.

છદ્મસ્થદશાવશાત્ પુસ્તકમાં ક્યાંય પણ શ્રીજિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય અથવા દૃષ્ટાંતોમાં વાસ્તવિકતાથી ઓછું અધિકું યા વિપરીત લખાયું હોય તો તે બદલ હાર્દિક મિચ્છામિ દુક્કડં.

પ્રાંતે...

**गच्छतः स्खलनं क्वापि, भवत्येव प्रमादतः ।**

**हसन्ति दुर्जनास्तत्र, समादधति सज्जनाः ॥**

અર્થ : ચાલનાર અથવા કોઈપણ શુભ કાર્ય કરનાર આત્માનું છદ્મસ્થદશાસુલભ પ્રમાદને લીધે ઓછે - વત્તે અંશે સ્ખલન (ભૂલચૂક) થાય જ છે; પરંતુ દુર્જન પુરુષો તે બદલ હાંસી કે ટીકા-નિંદા કરીને કર્મ બાંધે છે, જ્યારે સજ્જન પુરુષો તેનું સમાધાન કરે છે..

પ્રસ્તુત પુસ્તકના મનનપૂર્વક વાંચન દ્વારા અનેકાનેક આત્માઓ ગુણાનુરાગી તેમજ વિશિષ્ટ કોટિના આરાધક બનીને શીઘ્ર મુક્તિપદના અધિકારી બનો એ જ શુભાભિલાષા **- ગણિ મહોદયસાગર સં. ૨૦૫૩ અષાઢ સુદિ ૧, શંખેશ્વર.**

# પ્રસ્તાવના અને સ્તવના

લેખક :-ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય મુનિ શ્રી જયદર્શનવિજયજી મ.

નમો લોએ સવ્વ સાહૂણં. નમોઽર્હત્ - સિદ્ધાચાર્યોપાધ્યાય - સર્વ સાધુભ્યઃ

પંચમહવ્વય ધારા, અઢારસ - સહસ્સ - સીલંગ ધારા/અક્ખુયાર-ચરિત્તા, જાવંત કેવિ સાહૂ તે સવ્વે સિરસા મણસા મત્થએણ વંદામિ.

જાવંત કેવિ સાહૂ ભરહેરવય - મહાવિદેહે અ, સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં,

બાહ્ય અભ્યંતર તપ ઉજમાલ, તે મુનિ વંદું ગુણ - મણિમાલ..

ભારતદેશના ટચૂકડા ભાગમાં રહેલ GARDEN CITY તરીકે ઓળખાતા BANGALORE CITY જોયા પછી મારા બાલ માનસમાં વસી ગયેલું કે આવા સ્વર્ગીય શહેર સમાન બીજો કોઈ ભૂભાગ ભાગ્યે જ હશે, પણ...

મારી વસી ને ઠસી ગયેલી ભ્રાંતિ ભાંગીને ભૂક્કો ત્યારે થઈ જ્યારે મારા એક અંગત ને કલ્યાણ મિત્રે મારી મનોગ્રંથિને પકડી પાડી અને એક માનસશાસ્ત્રીની અદાથી મારા મનોબંધ ઉપર શસ્ત્રક્રિયા કરી મને ગાર્ડન સિટિથી વિશાળ ભારત નહિ પણ ભરતક્ષેત્રના આ કાળના સાડાપચ્ચીસ આર્યદેશ જેવા વિસ્તૃત GARDEN COUNTRY નો પુણ્ય પરિચય કરાવ્યો, તે વિરાટ ઉદ્યાનમાં ઠેરઠેર દાન-શીલ-તપ-ભાવાદિ રૂપી પવિત્ર પુષ્પો પાંગરેલા જોવા મળ્યા. મૈત્રી-પ્રમોદ-કારૂણ્ય ને માધ્યસ્થ્ય રૂપી ભાવ છોડવાઓ તો ઠેરઠેર ફુલીફાલી ઉગ્યા હતા, અહિંસા-સંયમ-નિર્વેદ-સંવેગ નામના ધર્મ વૃક્ષો તો જાણે આ ઉપવનની ઉપમાને સાર્થક કરવા ખડા હતા. 'ઉદ્યાન દેશ'માં વિચરતાં-વિચરતાં મને તો જોવા મળ્યું કે આવા મઘમઘતા બાગમાં રાગની લૂ તો બિચારી બની બીમારીથી પીડાતી હતી, અને દ્વેષનો દંગલ દબાઈ-દટાઈ ગયેલા જેવો હતો, અજ્ઞાનનો અંધકાર તો લગભગ કોઈ સ્થાનને પણ ઘેરી નહતો શકતો, પરમાર્થના પવનથી જ જાણે આખાય ઉપવનને સંચાર સંપ્રાપ્ત થતો હતો.

આવા સુંદર અને સૌભાગી સમન્વયનું કારણ તપાસવા મારા બાળ માનસને બહુજ ઉલટતપાસ આદરવી પડી. કલ્યાણમિત્રને ગુરુ પદે સ્થાપી તેની માર્ગદર્શીરવણીથી માંડ હું બાળભાવ છંડી વિચારશ્રેણિમાં યુવાની જેવી તાજગી અનુભવવા લાગ્યો. જો કે હજુ સુધી ક્યારેય પ્રૌઢ જેવી પીઢતાનો પુખ્ત પરિચય પ્રાપ્ત નથી થયો, છતાંય તે મનોરમ મહાવન જેવા ઉદ્યાનને નીરખીને જ હવે અન્ય કહેવાતા બાગ-બગીચાઓ તો બચૂકડા જેવા લાગે છે, શોભાયમાન 'ઉદ્યાન-દેશ'ની શોભા પ્રાકૃતિક તો હતી જ, પણ તેમાંય સોનામાં સુગંધ જેવી સ્થિતિના સ્થાપકો સાધુ જેવા સાધકોનો સમુદાય દેખતાં જ ખ્યાલ આવવા લાગ્યો કે આ અનુપમ ધર્મઉપવનને સીંચી સીંચી સમૃદ્ધ બનાવનાર સાધુઓ છે, તેમાં કયા સ્થાને કઈ વનસ્પતિ-વેલડીઓ વાવવી ને ક્યારે લણવી, તેનો ફાલ ક્યારે પાકે, કેવો પાકે, કેવી રીતે પાકે વગેરે વિજ્ઞાનનું જ્ઞાનદાન કરનાર સાધક ઉપાધ્યાયો છે, સંપૂર્ણ ઉપવનના માળી જેવા

મુનિવરો, તથા તેમના દ્વારા થતું મબલખ માલનું ઉત્પાદન નક્કનું નજરાણું બની રહે તેવી વ્યાપારિક બુદ્ધિથી ધર્મબાગની ઉપજની બાગડોર સંભાળનારા દક્ષ વ્યાપારી જેવા આચાર્યોને ઓળખતો થયો. તેથીય વધીને આ મહાબાગના મુખ્યમંત્રી જેવા ગણધરોની પણ ગૌરવવંતી ઓળખાણ થઈ, અને મોડે મોડે પણ સમજાઈ ગયું કે વિશાળ-વિરાટ મહાબાગ જેવા GARDEN COUNTRY ના PRESIDENT થી ય વધારે PRESTIGIOUS POST ઉપર રહેલા રક્ષક-રાજા કે રાષ્ટ્રપતિની તેજસ્વી-ઓજસ્વી અદા યુક્ત તીર્થપતિ સ્વયં પોતે છે. જેમના શાસનના અનુશાસનમાં રહેલા કોઈ પણ સાધકો ક્યારેય દુઃખની દખલગીરીથી કનડાતા નથી, અને સાચા સુખના સ્વાદથી વંચિત રહેતા નથી. સાધકથી સિદ્ધ સુધીના સમકક્ષી જીવાત્માઓથી જીવંત આ ધર્મ ઉપવન ખરેખર ઉપમાતીત તો જાણી લીધો જ છે, પણ હજુય તે બગીચાની શોભામાં ચાર ચાંદ લગાડી દેનાર સાધક મુનિવરોના યોગદાનના લેખાજોખા તોલવામાં થાપ ખાઈ જાઉં છું, મારા કલ્યાણ મિત્રના સૂચન પ્રમાણે MAXI SIZEના ગોગલ્સ કાઢી જ્યારે MICRO SPECTS આંખે ચડાવું છું ત્યારે જ મને એકાએક માળી જેવા મુનિવરોની મહાનતાના મહાદર્શન થાય છે. કેવા ઉગ્ર અને ઉચ્ચ સાધનાબળના તેઓ ધણી છે, ગુણોના પૂંજથી ગુણી છે, ધર્મબાગની ધરાની જાણે તેઓ ધૂરા છે, સમુદાયરૂપે સર્વે સદાચારોથી પૂરા છે. ઉદ્યાન દેશરૂપી ઉત્તમ કાર્ય જો કે કુદરતી છે પણ તે કાર્યના કારણરૂપ અન્ય કોઈ નહિ પણ તે બાગને સદા લીલુંછમ રાખનાર મુનિવરો મુખ્ય કારણ છે.

નિદ્રા અને નિંદા રૂપી પ્રમાદના પાશમાં પડેલા પામરો માટે આ શ્રમણ સંસ્થાની સાંકળની કડી સમા સાધકોને સમક્ષ જોયા પછી પણ ઓળખવા માટે ભાવ કે ભવ બદલાવવા પડે તેમ છે. અનુભવના આંશિક આધારે નક્કરતાથી કહી શકું છું કે જેમને જેમને સિદ્ધ પદની સાધનાના સાધકોને સત્ય સ્વરૂપે સમજવા-ઓળખવા હોય તેમણે બુદ્ધિના બારણા બંધ રાખી દિલના દરવાજેથી ઝવેરી જેવી ઝીણી નજરનો નિક્ષેપ કરવો પડશે. અરે ! વધુ તો શું કહેવું સીધા-સાદા દેખાતા સાધુ આત્માની સાધુતાને સમજવા શ્રમણોપાસક તો દૂર પણ પાડોશી સાધુઓ પણ ધોખો ખાઈ શકે છે. માટે જ તો...

**બાળમુનિ અઈમુત્તાકુમાર**ની નૌકારમતની ફરિયાદ નોંધાવનાર વડીલ મુનિવરોને મહાવીર પ્રભુએ આશાતનાથી બચાવી ટૂંક સમયમાં જ કેવળી બનવાની યોગ્યતા જણાવી, તપ-ત્યાગ આરાધવા જેવા મહાપર્વને દિવસે પણ ભૂખનું દુઃખ સહન ન કરી સવારના પહોરમાંજ ભોજન આરોગવા તૈયાર થયેલ **કૂરગડુ મુનિના** ભોજનપાત્રમાં ધુત્કાર સાથે થૂંકનાર તપસ્વી પાડોશી મુનિઓ ભૂલ્યા કે પોતે ઉપવાસી છતાંય આતમવાસી ન હતા પણ તપના અજીર્ણ ક્રોધથી ઘેરાયેલા હતા, જ્યારે તેમની સામે જ ધિક્કારના પાત્ર બનેલ કૂરગડુજી તો ખાતા છતાંય ઉપવાસીથી વધુ કર્મનિર્જરા કરનારા હતા. તેથી તો મુનિવરોના ધિક્કારનો સહજતાથી સ્વીકાર કરનાર તેમને કેવળલક્ષ્મી સત્કાર કરતી વરી ગઈ. **ચંડરુદ્રાચાર્ય**નો પ્રચંડ ઉપાલંભ ને ડંડાનો માર પ્રથમ દિવસે જ પ્રસાદી રૂપે ઉપશમ ભાવમાં આરોગી જનાર શિષ્ય તો જાણે રમતરમતમાં કેવળી બની ગયા અને ગુરુ તો શિષ્યને ખમાવ્યા પછી જ પશ્ચાત્તાપના આંસુની કિંમત ચૂકવી પાછળથી જ પંચમજ્ઞાન પામી શક્યા. ગુરુભાઈઓની જ પ્રશંસા ગુરુશ્રીના મુખે સુણી લઘુતાગ્રંથીથી પીડાઈ પરનો ઉત્કર્ષ સહન ન કરી શકનાર તેજ બે મુનિવરો પછીના ભવમાં ભવ્યતા ગુમાવી **બ્રાહ્મી અને સુંદરી** જેવા સ્ત્રી અવતારને પામ્યા, જ્યારે વૈયાવચ્ચ પ્રેમી તેમના જ ગુરુભાઈઓ પુરુષવેદને ઉપાર્જી **ભરત અને બાહુબલી** જેવા ઉત્તમ પુરુષ બન્યા. **સ્થૂલિભદ્રજીના** બ્રહ્મચર્યના તેજની સામે પડી તેમના જ

સમકાલીન સિંહગુફાવાસી ભાઈમુનિ હરિફાઈમાં હીણા પડ્યા ને ગૌરવ ગુમાવ્યું. 'મા રૂષ, મા તુષ' જેવા નાના પદને પણ બાર-બાર વરસ ગોખવા છતાં વારંવાર મુખમાં 'માષતુષ' બોલાઈ જતું જોઈ જેમની અજ્ઞાન દશા ઉપર સહવર્તી મુનિઓ હસતા રહ્યા ને તેમના આક્રોશ પરિસહને પ્રેમથી ખમી ખાઈ જનાર **માષતુષ મુનિ** તો અચાનક જ અજ્ઞાનીમાંથી પંચમજ્ઞાની બની ગયા. અરે વધુ તો શું કહેવું કેવળી બની ગુણોના શિખરો સર કરી જનાર શિષ્યોને સ્વયં **ગુરુ ગૌતમ** સ્વામી પણ કેવળી તરીકે ઓળખવામાં મોડા પડ્યા. **આચાર્ય શ્રી અર્ણિકાપુત્રે** કેવળી બનેલ સાધ્વી પાસે ગોચરીઓ મંગાવતા રહી આશાતનાઓ કરી, શિષ્ય બનેલ મધુરસ્વભાવી માસી **મૃગાવતીજી**ના અપ્રતિપાતી જ્ઞાનની ખબર ગુરુણી **ચંદનબાળા** જેવા સાધ્વી પ્રમુખાને પણ નિદ્રાના પ્રમાદથી મોડેથી પડી. 'દૂરથી ડુંગર રળિયામણા'ના ન્યાયે દૂરના સાધુઓ અનુમોદનીય લાગે, પણ પાડોશી પુણ્યાત્માના પુણ્યનો પ્રકર્ષ ન સહી મત્સર-મોહાજ્ઞાનથી તેના ગુણોને બદલે દોષો પ્રતિ જ દોષદૃષ્ટિ પડતી રહે તેવું તો અનેક કથાવાર્તાથી જાણવા મળે તેમ છે. આમેય જેમ જેમ સુંદર ભાસતો ડુંગર આંખોની આગળ આવે તેમ તેમ તેનામાં રહેલ સુંદરતા ને શ્રેષ્ઠતાનું સ્થાન પથરા-કાંકરા ને ચટ્ટાનો લઈ લે અને જોનારને નિકટમાં આવેલો તે પહાડ પથરાના સમૂહથી વધુ કંઈ ન લાગે.

શ્રમણને ઓળખવામાં શ્રમણોએ થાપ ખાધી કારણ કે તેઓ સવિશુદ્ધ શ્રમણના સહવર્તી હતા, સમીપમાં હતા. પણ આવા જ સુસાધુઓને અણગાર તરીકે ઓળખવામાં આગારીઓ પણ ધોખો ખાઈ ગયા છે. માટે જ તો **દ્રૌપદીના જીવે** આગલા ભવમાં સુપાત્ર સાધુને માટે સુદાન કરી ભવોની પરંપરા કાપી નાખવાના નિમિત્તને મૂર્ખતાથી કડવી તુંબડીનું શાક વહોરાવી ભવની પરંપરા વધારી નાખીને નાગશ્રી **બ્રાહ્મણી**નો તે જીવ અનેક દુર્ગતિઓમાં ભટકી છેક **સુકુમાલિકા**ના ભવમાં કંઈક સુધર્મ પામ્યો. **શ્રેણિકરાજા**ની સૌથી નાની **રાણી દુર્ગંધા**એ આગલા ભવમાં સાધુના વસ્ત્રો ને વદનમાંથી વછૂટતી ગંધની જુગુપ્સા કરી પાપકર્મો બાંધ્યા ને તેના કારણે સાધુની સંયમ સુવાસ પ્રતિ નાક મચકોડી પછીના ભવમાં પોતે જ દુર્ગંધી વછૂટતા દેહવાળી થઈ. ભદ્રમાતાને ઘેર પુનિત પગલાં પાડવા **શાલિભદ્રજી** સામે પગલે ગયા, પછી પણ પ્રવ્રજ્યા પશ્ચાત્ તપજપ-ધ્યાનમાં તનનું તેજ શોષી નાખનાર તેઓને તેમના સાંસારિક ઘરના સદસ્યો જ ઓળખી ન શક્યા. તાપસ ધર્મનો તપસ્વી **અગ્નિશર્મા** પણ સાધુપરૂષ જેવા રાજા **ગુણસેનના** ગુણો ઓળખી ન શક્યો જેથી અજ્ઞાનને વશ પડી એકપક્ષી શત્રુતા ધારી પોતે જ દુર્ગતિના ખાડામાં ખાબકતો રહ્યો. ભાઈ તરીકે જન્મેલા કમઠે પ્રભુ પાર્શ્વનાથના જીવને દશ-દશ ભવ સુધી અલગ અલગ ભવો કરી સતાવવામાં કંઈ પણ બાકી ન રાખ્યું, અરે ! દૂરની વાતો તો દૂર પણ હાલમાં જ થયેલા ચરમ તીર્થંકર પરમાત્મા વીર જેવા પુરૂષોત્તમને પણ સાધુ તરીકે સાચી રીતે ઓળખવામાં જ્વલનશર્માના તાપસો, ખેડૂતો, દેવો અને દાનવો પણ ભૂલા પડ્યા, જેથી સંત શિરોમણિ પ્રભુ વીરને કેટલીય વાર કેદખાને જવું પડ્યું, ચાલુ તપમાં ચૂલાના તપ ખમવા પડ્યા, ચાલુ ચોમાસે વિહાર કરવો પડ્યો, ક્ષુદ્રોના ઉપદ્રવ તો ઠીક પણ કૂતરાઓની કનડગત પણ સહેવી પડી, અતિ વિષમ ખીલાઓને કાનમાં ખમી ખાઈ મૌનને મહાન બનાવવું પડ્યું, અને અધૂરામાં પુરું તેજોલેશ્યાના શિકાર બની છ-છ માસ સુધી લોહીના ઝાડા થકી દેહદમનને વધાવવું પડ્યું. કાશ ! સાધુ-સંતો અને સાધકોને તે તે વખતના જ સહવર્તીઓ સમ્યક્ રીતિએ સાચવી સંતોષી શક્યા હોત, અનુમોદના કરી શક્યા હોત તો ઐતિહાસિક કથાઓ કંઈક ઓછી જ હોત.

અનાદિ કાળથી આપણા આત્મામાં એવા અવળા સંસ્કારોનું સિંચન થતું રહ્યું હશે

કે સદ્ભાવમાં પણ તે આબાદ રીતે અભાવ તત્ત્વને તારવી શકે છે. માટે જ, તો આજના કપરા કાળમાં સાધુ-સાધ્વીઓના સદ્ગુણ જોનારો વર્ગ સામાન્ય, જ્યારે તેમનામાં દોષોનું આરોપણ કરી પોતાની કાકદૃષ્ટિના પોતે જ ઓવારણા લેનારો સમુદાય સુવિસ્તૃત સ્પષ્ટ દેખાય છે. ભાગદોડના ભૂંડા કાળમાં સુખમાટે દોડતો સંસારી જો બે ઘડી સમતા ભાવમાં પોરો ખાઈ સંસારનું અસાર સ્વરૂપ ચિંતવે તો તેને ચોક્કસ તે જણાયા વગર ન રહે કે ક્યાં આધિ વ્યાધિ ને ઉપાધિના ત્રિદંડ મારનો ભાર સહેતો પોતે ને ક્યાં સમાધિની સાધનામાં સુખાનુભૂતિ વાળો અસંસારી એક સાધુ ! તેના સગા સંસારમાં દગા દેનારા કેટલા બધા ? ક્યાંક કોઈ કુમારી બાળા કૌમાર્ય ખોઈ નાના બાળ કુમારને જન્મ આપી બેઠી છે, ક્યાંક બેઈમાની તો ક્યાંક નાદાનીના નૃત્યો ચાલી રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં ઠગાઈ, બેવફાઈ, સ્વાર્થ સગાઈ કે ભવાઈ જેવા ભયંકર ભાવો છે, ભદ્રંકર તત્ત્વોનો તો જાણે દુકાળ જ દેખાય છે. હિંસા અને હેવાનિયતે તો જાણે પૃથ્વી સમસ્ત ઉપર પક્કડ લીધી છે. આહાર અને મૈથુન, સંજ્ઞાના અતિરેકે હોટલો અને હોસ્પીટલોની સંખ્યામાં વધારો કર્યો છે, ભય સંજ્ઞાના વધારાથી મત્સ્યગલાગલ ન્યાયે' સત્તાધારીઓની ધારદાર તલવાર અલ્પ સત્વશાલીઓની ગરદન ઉપર લટકી રહી છે, અને પરિગ્રહ સત્તાનું પરિમાણ પ્રચંડ રૂપે દેખા દેવાથી ચારે તરફ વિવિધ વસ્તુઓ - વાનગીઓને પેદા કરનાર, પતાવનાર ને પાપકર્મોને કરનાર-કરાવનાર વર્ગનો તો જાણે રાફડો ફાટી પડ્યો છે. સુખ-સુખ બસ સુખ જ સૌને જોઈએ છે. પણ સુખની ભૂખ ભાંગવા દુઃખની દડમજલમાં જ દમ તોડી દેનાર દયાપાત્રો-દરિદ્રો - દરદીઓ અને દુઃખીયારાઓ દેખી કોને સંસારમાં સાર જણાય ?

પણ દુષ્કર છે અજ્ઞાનીઓની આંખોમાં જ્ઞાનના ચશ્મા પહેરાવવા. આંખો કમળાના રોગથી પીળી પડી ગઈ હોય તેને દુનિયા આખીય પીળી દેખાય. સજ્જનોમાં પણ તે દરદીને દુર્ગુણો દેખાય તો નવાઈ નહિ. **આવી અવળી ગંગાની સામે પ્રવાહે તરવા જેવું કામ પૂ. મુનિવર શ્રી મહોદય સાગરજી મ. સા. એ આદર્યું છે. અનુમોદનાના મુખ્ય ઉદ્દેશો આંખ સામે રાખી તેઓશ્રી આ પુસ્તકને માધ્યમ બનાવી પ્રાચીન કરતાંય અર્વાચીન અણગારોની આલમને ઓળખાવવા એક પુણ્ય પ્રયાસ કરી રહ્યા છે.** રખે માનશો કે સાધુ એટલે સિદ્ધપુરુષો, પરંતુ ભળભળતા સંસારના સોંસરા સૂસવાટા વચ્ચે પણ સમતા-સાધનાના સાધકો જે શીતળતાનો અનુભવ કરે છે તેની સુખાનુવેદના તો તેઓ સ્વયં જ જાણી-માણી શકે તેમ છે.

પંચ પરમેષ્ઠી પદના કોઈ પણ પદે રહેલા, પરમાત્માની આજ્ઞાને વફાદાર, પ્રભુ શાસનના અનુશાસનને શિરોમાન્ય કરનાર, સાધકથી સિદ્ધપુરુષ સુધીના પવિત્રાત્માઓ કદાચ કાળ અને સંઘયણ બળના પ્રભાવે સત્વ પ્રમાણે ઓછી-વધુ આરાધનાથી પ્રગતિ પંથે હોય કે ઇચ્છિત સિદ્ધિ સાધી પણ ગયા હોય છતાંય તેમની એક એક આરાધનાઓનો સરવાળો જ ભાવિમાં ગુણાકાર બની અંતિમ અને ઉચ્ચપદ મોક્ષને પ્રાપ્ત કરાવે તો આશ્ચર્ય નહિ, પરમાત્માના પ્રવજ્યા પંથને પામનાર પથિક વહેલો કે મોડો ભવ્યતાનો ભાગી બન્યા વિના ન રહે કારણ કે તે પોતે જ ભવ્યાત્મા છે.

જો કે આ પુસ્તિકાંના પાત્રો પૂર્વજો જેવા મહાપરાક્રમી કદાચ ન પણ લાગે, છતાંય તેઓએ પોતાની પૂરતી શક્તિઓને ધર્મપુરૂષાર્થમાં વહેવા દીધી છે તેથી તેઓ પણ એક નવા ઈતિહાસનું સર્જન કરી રહ્યા હોય તેવું લાગ્યા વગર નહિ રહે. કાળની ક્રૂરતાએ તેમને ઘણી-ઘણી ખામીઓ ફટકારી દીધી છે. છતાં તેની વચ્ચે પણ ખૂબીઓની ખીલવણી તે જ તે તે સાધકોનો જીવનમંત્ર છે. થોડા જ ઊંડા ઉતરશો તો જણાશે કે એક એક નાના મોટા પ્રસંગોના પાત્રોના પુણ્યદેહમાં રસ-રક્ત/વીર્ય-શૌર્ય બધુંય જાણે ધર્મ-ધર્મમય ને ધવલ-ધવલ

છે. ચાલો કંઈક અનેરી ઓળખાણ આવા અપૂર્વ અણગારોની કરી લઈએ... મને તો લાગે છે કે શ્રમણ-શ્રમણીઓનો આ સમુદાય જ નિકટના ભવિષ્યમાં નિકટના ભૂતકાળ જેવા HISTORICAL RECORDS ને સ્થાપિત -કરશે. FROM TOP TO TOE (નખથી શિખ સુધી) તેઓ એવા ધર્મમય થયેલા છે કે તેમના રોમરોમમાંથી બસ સદાચાર જ શ્વાસોચ્છ્વાસ લઈ રહ્યો છે. જુઓ, જુઓ ! ક્યાંક ગૌતમ સ્વામી જેવી વિનયયુક્ત જ્ઞાન સાધનાઓ ચાલી રહી છે, ક્યાંક મુનિ નંદિષેણ જેવા ક્રિયાપ્રેમીની સૂક્ષ્મ આરાધનાઓ, કોઈક સાધક હરિભદ્રસૂરિજી જેવો મેધાવી છે, તો કોઈક પાસે માષતુષ મુનિ જેવું ગુરુવચન શ્રદ્ધાનું દિલડું છે. કેટલાયને ધન્નાજી જેવી જીવંત જીભ મળી છે, તો કઈક સાધકો વયથી સ્થવિર છતાંય આરોગ્યથી અખંડ દાંતવાળા છે. ગીતાર્થ દૃષ્ટિથી દુનિયાને દેખનાર જ્ઞાનનયનોવાળા ભદ્રબાહુસ્વામિ જેવા કહો કે ચંદનબાળા જેવા શ્રમણી સંઘના નાયિકા/નાક જેવા પણ આજ સાધુ સંસ્થામાં બેઠા છે, જંબૂકુમાર જેવા તેજસ્વી ભાગ્ય લલાટવાળા, પ્રસન્નચંદ્રજી જેવા મુંડ મસ્તકને મસ્તીવાળા, નંદિષેણ જેવી વેધક વાણી વહાવનાર મુખવાળા, હેમચંદ્રાચાર્યજી જેવા કલાત્મક કરવાળા, કે સિંહમુનિ જેવી વૈયાવચ્ચ-સેવા માટે દોડનાર પગવાળા, અભિગ્રહ સાથે તપ કરી પેટનો ખાડો પૂરનાર ભીમ મુનિ જેવા, હીરસૂરીશ્વરજીની જેમ અહિંસાને અસ્થિમજ્જા કરી નાખનાર, સ્થૂલિભદ્ર જેવા અપૂર્વ વીર્યવાન, પ્રભુવીર જેવી શુભ લેશ્યાથી ધવલ રક્તવાળા, 'સવિ જીવ કરું શાસન રસી'ની ભાવનાને રોમરોમમાં પ્રગટાવી દેનાર પ્રગટ કે ગુપ્ત સાધકોથી આ સાધુ સંસ્થા આજેય ધબકતી જાગતી છે.

સારમાં એટલું જ કે કોઈકે જ્ઞાનયજ્ઞની ધૂણી ધખાવી છે, કોઈકે સેવા-વૈયાવચ્ચનો અપ્રતિપાતી ગુણ જમાવ્યો છે. કોઈક ક્રોડો નવકારના જાપ જપી જનાર છે તો કોઈક આયંબિલના તપમાં જ જીભનું સમર્પણ કરનારા પુણ્યાત્મા છે. આ સંસ્થામાં જ કોઈક વક્તા છે, કોઈક ચિંતક તો કોઈક પ્રભાવક અને કોઈક લેખક છે. કોઈક શાસ્ત્રોના રચનાર છે તો કોઈક વાંચનાર. કોઈક ભક્ત યોગી એવા છે કે તેમનાં ભગવાન પણ તેમને ભક્તિથી વિભક્ત ન કરી શકે. જ્ઞાન-ધ્યાન-તપ-જપ-વિનય-વૈયાવચ્ચ વગેરે વિવિધ ગુણોનો એકત્ર સંગમ પણ કોઈક ગીતાર્થમાં કે ગીતાર્થ નિશ્રિતમાં જોવા મળે છે. દેશ-વિદેશ કહેવાતા ક્ષેત્રોની વિવિધતા અને અનેકતા વચ્ચે પણ એકતાથી રહેતા, પરમાત્માના શાસનની છત્રછાયામાં સંસાર તાપથી બચી નિઃસ્વાર્થ ભાવે ફક્ત કર્મ નિર્જરાના ઉદ્દેશથી એક-બીજા પ્રતિ ઔદાર્ય વ્યવહાર દાખવી બંધુ અને ભગિનીથી ય વધુ સ્નેહાત્મક સંબંધો સ્થાપી શકનાર સંસ્થા તે જ પરમાત્માનો શ્રીસંઘ.

ક્યાં કુંભકર્ણી નિદ્રામાં આળોટતા સંસારીઓ ને ક્યાં બ્રહ્મમુહૂર્તમાં જ જાગી આત્મ સાધનાને સાધતા શ્રમણ-શ્રમણીઓ ! ક્યાં સીગરેટ-બીડી-પાનમસાલા-તમાકુ કે દારૂમાં ડૂબી જનાર દુનિયાના દૌલતધારીઓ ને ક્યાં નાના-મોટા તપ વડે વ્યસન અને ફેશનથી પર સંયમધારીઓ ! ક્યાં ભૂતની જેમ દોડતા-ભાગતા સાધનો-વાહનોની સફરમાં સુખ માની અકસ્માતોમાં મરતા દુર્ભાગીઓ ને ક્યાં જીવનભર ઉઘાડા પગે ગામ-પરગામનો પ્રવાસ કરી ઘરઘરને ઘટ-ઘટમાં ધર્મને જીવતો રાખતા સૌભાગી સાધુ-સાધ્વીઓ !... ક્યાં TOTALLY ARTIFICIAL LIFE STYLE માં ગૌરવ માણતા મોહાધીન માનવો, અને ક્યાં COMPLETELY NATURAL LIVE SMILE માં ગૌરવ જાણતા મોહવિજેતાઓ ! સૂર્ય અને ચંદ્રની જેમ કુદરતી અને અસ્ખલિત ગતિએ ગમન કરતા ક્યાં અણગારીઓ ને ક્યાં ઘાંચીના બળદની જેમ અને કુંભારના ચાકડાની જેમ પારકી બુદ્ધિએ ભટકતા-ભમતા ભોગી

ભમરો, દરજી-મોચી, લુહાર-સુથાર, હજામ-પ્રધાન, કડિયા-કઠિયારા, માળી-મિસ્ત્રી, નારી-વેપારી, કલાકાર-શાહુકાર વગેરેની પરાધીનતાથી યુક્ત ક્યાં પામર જીવડાઓ ને ક્યાં મુક્તિ માટે યુક્તિઓ લડાવતા મુક્ત ગગનના સ્વાધીન પંખીડાઓ ! અન્ન-પાણીનું આરોગવું પણ જેમના આરોગ્યની હાનિ અને અનર્થકારી અર્થ અને કામની વૃદ્ધિનું કારણ બને છે જ્યારે તેથી વિરુદ્ધ ફક્ત સાધનાને પોષણ આપવા શરીરને ભાડું આપતા મુનિ ભગવંતોના આહાર-વિહાર નીહાર પણ ધર્મ પુરૂષાર્થની પુષ્ટિકારક બને છે. ક્યાં વ્યભિચારીઓ ને ક્યાં બ્રહ્મચારીઓ, ક્યાં પાપમય પ્રવૃત્તિથી ખરડાયેલાઓ ને ક્યાં પુણ્યવંતી નિવૃત્તિમાં ગોઠવાયેલાઓ ! અરે ! અંધાધૂંધી ને આંટીઘૂંટીમાં અટવાયેલાઓ ક્યાં ને ક્યાં સીધી-સાદી-સરળતાને સાધુતાથી શણગારાયેલાઓ !... રાગ અને દ્વેષ રૂપી લૂંટારુઓએ લૂંટી લીધા છે નૂર જેના તેવા નર-નારીઓ ક્યાં ને ક્યાં છટ્ઠા ને સાતમા ગુણસ્થાન વચ્ચે હીંચકા ખાતા 'ઉદ્યાન દેશના' શૂરવીર નરબંકાઓ!...

આભ-ગાભ જેવું, હાથી-ઘોડા જેવું, રાત-દિવસ જેવું કે આકાશ-પાતાળ જેવું આંતરું પડી જાય છે સંસારરાગી અને ત્યાગી વચ્ચે !... માટે જ મારે ખાસ ભારપૂર્વક સંસારપ્રેમીઓને દર્શન કરાવવા છે અમારી સંસ્થાના સુદૃઢ સંસ્કાર પ્રેમીઓના.

**સાધૂનાં દર્શનં પુણ્યં, તીર્થભૂતાહિ સાધવઃ, તીર્થં ફલતિ કાલેન, સદ્યઃ સાધુ સમાગમઃ । કલ્પવૃક્ષઃ, કલ્પિતં એવ સૂતે, સતાં હિ સંગઃ સકલં પ્રસૂતે ।**

**એક ઘડી આધી ઘડી, આધી મેં ભી આધ । તુલસી સંગત સાધુકી, કટે કોટિ અપરાધ ।।**

આબુ-અષ્ટાપદાદિ સ્થાવર તીર્થો તો કાળે ફળે, પણ સાધુ જેવા જંગમ તીર્થોના દર્શનનું પુણ્ય જ પળમાં પ્રકર્ષ ફળ બતાવવા સમર્થ બને છે. દર્શન કરતાં તો પે'લી સુલસાને આવડ્યું હતું કે દૂર બેઠા પ્રભુ વીરે પણ તેણીના ભાવને જાણે વધાવવા અંબડની સાથે ધર્મલાભ પાઠવ્યા હતા. ખરા દર્શન તો વસુમતીને કરતાં આવડ્યાં કે જેણીએ પાંચ માસને પચીસ દિવસના ઉપવાસી પ્રભુના પારણાનો લાભ લેવા છેલ્લે આંસુનું અર્ધ્ય આપી દીધું, વળતરમાં સોનામહોરોનો ઢગલો ઠીક પણ સોના અને સુગંધ જેવું સંયમ પ્રાપ્ત થયું ને ૩૬૦૦૦ શ્રમણીના સુકાની બનવાનો જશ મળ્યો ! સાર્થવાહ ધનને મુનિના દર્શન મળ્યા ને ફળ્યા જેથી તે ભવાંતરમાં મુનિપતિ આદિનાથ બની ગયા, કારણ કે ફક્ત ઘી વહોરાવતાં ચડતા પરિણામે સમકિત લાધી ગયું ને પછી પ્રગતિ જ પ્રગતિ થઈ. શાલિભદ્રને ત્યાં સમૃદ્ધિ-ઋદ્ધિઓ નૃત્ય કરતી આવી, કે રાજા સંપ્રતિને શાસન પ્રભાવના કરવા શક્તિ-કીર્તિ મળી તેના મૂળમાં સાધુના પહેલ વહેલા દર્શન જ સફલ બન્યા હતા.

સમડી મરી કુંવરી બની, દેડકો મરી દેવ બન્યો, કેટલાય દાનવ મટી માનવ બન્યા, ખૂની પણ મુનિ બન્યા, ભીખારીઓ ભિક્ષુક બન્યા, તિર્યંચો પણ તરી ગયા, યમના દૂતો પણ મરી ગયા આ બધીય સત્ય વાર્તાઓના મૂળમાં તે તે જીવાત્માઓને પરમાત્મા કે પરમાત્માના પંથ-પથિક મહાત્માઓના દર્શનના ચમત્કારો જ છે. સામે આવેલા સાધુ ઉગ્રાચારી છે કે શિથિલાચારી, શીતલાચારી છે કે શુદ્ધાચારી તેવી બધી ભાંજગડમાં જે પડ્યા તે સ્વયં ગુણસ્થાનેથી પડ્યા ને જેણે સાધુના વેશમાત્રને દેખી દિલને ડોલતું કરી દીધું તેઓની ભાગ્યરેખાઓ પલટાઈ ગઈ, યશરેખાઓ લંબાઈ ગઈ. અરે ! આવા અદ્ભુત શાસનના અજબ સાધુઓ સંસાર સમસ્તની સામે છે કેટલા સીમિત પરિમિત ? રત્નોના તે કંઈ ઢગલા ન હોય, પણ એકમાત્ર રત્નની તુલના-ગણના કરવા રખડતા-રઝળતા પત્થરોનો પુંજ ત્રાજવાના સામે પલ્લે ગોઠવી ન શકાય.

હવે આવા ઉમદા સાધુ સમુદાયની સામે પછી બિલાડાં ચિતરવા કે બત્રીસીએ ચડવું કેટલું અધમાધમ કર્મ કહેવાય ? હા ક્યાંક ગૃહસ્થોની અપેક્ષા મુજબની સાધુતા, સામે રહેલ સાધુમાં ન દેખાય કે ન પણ હોય છતાંય તેટલાજ પળના પલ્લા પકડી આગ્રહ ને પૂર્વગ્રહ તે કેવી રીતે બાંધી શકાય ? નિંદક વર્ગને મોઢે ગરણા ન બાંધી શકાય કારણ કે 'દરજીનો દીકરો જ્યાં સુધી જીવે ત્યાં સુધી સીવે'ના ન્યાયે નિંદકોનો ધંધો જ નિંદાકુથલી કરી આનંદવાનો હોય છે, અને ખરું પૂછો તો તેવો સમાજ સ્વયં સારી રીતે જાણતો હોય છે કે જે આરાધનાઓ શ્રમણો સાધી રહ્યા છે તેનો આંશિક ભાગ પણ પોતાના જીવનમાં આરાધવામાં તેમને નવનેજાં પાણી ઊતારવા જેવું થાય ! માટે દ્રાક્ષ સુધી કૂદકા મારવા છતાંય મોઢામાં કંઈ ન આવતાં છેલ્લે લૂચ્ચા શિયાળે જેમ દ્રાક્ષને જ ખાટી ઠરાવી સંતોષ માણ્યો તેમ આવો અનાડી વર્ગ હલકુ બોલવામાં લખવામાં જ તોષ માનતો હોય છે.

**આવી અવળી ગંગાના વહેણ સામે જવું એટલે અનુમોદનાની ઓથ લઈ ગુણાધિકના ઓવારણા લેવા. ખરી અનુમોદના તો મારે ખરા અનુમોદક પૂ. ગણિ શ્રી મહોદય સાગરજી મ. સા. ની કરવી છે, કે જેઓએ અથાક શ્રમ લઈ આધુનિક અનુમોદનીય પાત્રો પ્રતિ પોતાનો પ્રેમ-પ્રતિભાવ પ્રદર્શિત કર્યો છે. બ્રાહ્મણ (અજૈન) થી શ્રમણ (જૈન સાધુ) સુધીના ગુણવાન પાત્રો જ્યાં જ્યાંથી જાણવા મળ્યા, સાંભળવા મળ્યા તેની નોંધ લેતાં લેતાં ટૂંક સમયમાં જ ત્રણ-ત્રણ પુસ્તકો રચી નાખ્યા ને પ્રમોદ ભાવનાનો ભવ્ય પરિચય સૌને કરાવ્યો. જો આવી નિઃસ્વાર્થ ખેલદીલી મુલ્કી બની સૌના હૈયાથી હોઠ સુધી ખીલી ઊઠે તો ઝીંદાદીલીનું ઝળહળતું રૂપ-સ્વરૂપ સમાજ સમગ્રમાં વ્યાપી જાય. પછી ન રહે ઈર્ષ્યા-અસૂયા-અદેખાઈ કે મત્સર કે ન રહે ઝઘડા ટંટા, ભવાડા-ભોપાળા ! બસ ભવ્ય મંગલ ને ભાઈબંધીનો ભવ્ય સંદેશો ઘોષ પ્રતિઘોષ પામે.**

**પણ... જે કહો તે. અપેક્ષાએ હજુ બ્રહ્મચર્યનું પાલન સહેલું હશે, અનુવાદક બની પ્રાસાનુપ્રાસમાં લખી લેખક તરીકેની ખ્યાતિ ખાટી જવું સુગમ હશે; પણ હું કહું છું, અતિ વિષમ છે નિઃસ્વાર્થ ભાવે અનુમોદક બનવું.** ગુણાધિક ભાઈ આચાર્ય **ભદ્રબાહુ સ્વામી** બન્યા તે જોઈ સગો ભાઈ **વરાહમિહિર** મત્સરથી સળગી ગયો ને મરીને વ્યંતર બન્યો. રાજા શતાનિકે મૃગાવતી રાણીના હૂબહૂ ચિત્રકારનો અંગૂઠો અસૂયાભાવથી કપાવ્યો તો ચિત્રકારે પણ ઈર્ષ્યાથી દેવ સાધી ડાબા હાથે ચિત્ર રચવાની કળા સાધી તેવું જ બીજું ચિત્ર રાજા ચંડપ્રદ્યોતને દેખાડી કામાંધ બનાવ્યો. મૃગાવતીનું નિમિત્ત બેઉ રાજાની લડાઈમાં ભાગ ભજવે તે પહેલાં ભયમાં અતિસાર થવાથી શતાનિકે પ્રાણ ગુમાવ્યા.

**શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવંતુ ભૂત ગણાઃ,**

**દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ - ની અતિભવ્ય પંક્તિ કેટલીય વાર કડકડાટ બોલી ગયો છું પોતે, પણ હજુ અનુમોદના કોની - ક્યારે - કેવી રીતે કરવી તેટલું પણ નથી આવડ્યું. આતો હું ઠરતી લગભગ એક વરસ પહેલાં જ પૂ. ગણિ મહારાજ સાથે મારી મુલાકાતે પધાર્યા ને તેમની સાથેની અલ્પ ચર્ચાઓમાં જ તેમની ભવ્ય ભાવનાઓનું ભેદ પામી શક્યો જેથી તેમના સુંદર સર્જનમાં સાથ પુરાવવા મારા મનનો મોરલો પણ નૃત્ય કરવા લાગ્યો. બાકી ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે !**

STILL COLDY BUT BOLDLY, WITH MODESTY BUT MODERETLY I ALSO SEIZE THIS OPPORTUNETY TO EXPRESS MY HEARTLY SALUTATION TO ALL MUNIVARS, UAPADHYAYS, ACHARYAS AND ALL ELDERS, GRACE OF WHOM ONLY MAY MAKE ME SIDDHA AT THE LAST, BUT THROUGH MEDIA OF BECOMING ARIHANT AT THE FIRST. ALSO MY CONGRATULATION TO APPERICIATIVE VIRTUOUS POOJYA GANIVARYA SRI MAHODAY SAGAR MAHARAJ SAHEB, WHO HAS REALLY VENTURED A LOT TO CREATE SUCH LIVELY COLLECTIONS OF SO MANY HONERABLE JAIN MONKS AND CHASTE WOMEN.

ફરી યાદ કરી લઉં તે મારા મુખ્ય કલ્યાણ મિત્રને જેણે મારા માંહ્યલામાં મૈત્રી ભાવના તો પ્રગટાવી જ પણ સાથોસાથ પ્રમોદભાવનો પ્રહ્લાદક પરિચય કરાવ્યો. ગુરુકૃપાએ જેટલું પામ્યો તેનો સાર એટલો જ લાગે છે કે 'નાનો પણ રાઈનો દાણો' જેવો તેજ હોય તેવા તેજવંતા નાના અતિમુક્ત કે વજ્રકુમાર જેવા બાળમુનિને નાનાબાળ માનવાની બાલિશતા ન કરવી, બલ્કે સર્વે જ્ઞાનાધિક, ગુણાધિક કે રત્નાધિક સૌને માન મૂકી મનોમન વાંદી-અભિવાંદી લેવા. તેમ કર્યે જ કંઈક ગુણદીવાઓ પ્રગટશે આતમરામના અંધારા ખૂણાઓમાં, અન્યથા અંધારપટમાં કરેલ રખડપટ્ટી જેવા બેહાલ પહેલાં ય હતા અને હવેય રહેવાના.

સંત પુરુષના સત્સંગ-સમાગમ વિશે અનુમોદન કે અનુવાદન કરીએ એટલું ઓછું છે, પણ FAST FOOD નો આ જમાનો હકીકતમાં PECULIAR MOOD નો જમાનો પણ ખરો જ. માટે જ SHORT AND SWEET નો માર્ગ મધુરો લાગે છે. છતાંય હે વાંચકો ! આ પુસ્તકના પાને-પાને જે મહાપુરુષોની પુણ્ય ગાથાઓ ગવાણી છે તેમના જીવન-કવનને જાણવા-માણવા તેઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચય કરવો ચૂકશો નહિ. સત્ય સમજાયા પછી તે તે સત્ય પુરુષોનો પીછો મૂકશો નહિ. સાર્થપતિના પગલે પગલે પણ પગ દબાવ્યે ભવોભવના જંગલ પ્રવાસમાં મંગલ-સુમંગલનો મધુર નાદ મનન્તનનું મનોરંજન કર્યા વગર નહિ રહે.

ખૂબ ખૂબ ભજજે સાધુને તું, જનમાંથી સજ્જન થવા...
સજ્જન બની ખૂબ ખૂબ મથજે, પરાર્થ પ્રેમી જૈન થવા
જૈન મુનિ થઈ આગળ ધપજે, ખૂબ ખૂબ જલ્દી જિન થવા
ખામી-ખોટથી ખાલી થઈ ને, ખૂબી ખૂબી ભર્યા સિદ્ધ થવા...

જનાવર જેવી જટિલ ગતિથી જન્નત જેવી પ્રગતિ માટે કે સામાન્ય જનથી લઈ વિશેષ જિન તરીકેની ઉન્નતિ માટે જો એક માત્ર આધાર હોય તો તે સાધક સાધુ, સૂત્રધાર હોય તો તે છે સાક્ષાત્ સાધુ...

## "અ...નુ...મો...દ...ના..." એટલે ?

**અ-** અનુમોદના = પ્રમોદ ભાવનાની પ્રસ્તુતિ. કોઈના ગુણો દેખી મનમાં પ્રથમ મોદ થાય, પછી પ્રમોદ અને તે જ મોદન તે તે ગુણનું અનુસરણ કરવા મથે ત્યારે જે સર્જન થાય તેજ અનુમોદન.

**નુ-** નુકસાની શૂન્ય, શૂન્ય શૂન્ય (000) જ્યારે લાભ પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ, આવો નુસખો મળી જાય તો કયો વણિક લાભ ન ઉઠાવે ? બસ તો ગુણ તથા ગુણીજનની અનુમોદના = લાભ, લાભ ને લાભ.

**મો-** મોક્ષનો મોદક આરોગવા ત્યારે મળે જ્યારે મોહ અને સ્વાર્થના

સંસારમાં રહેનારા પણ વ્યામોહ વિના નિઃસ્વાર્થ ભાવે સાધર્મિકની પ્રગતિ પેખી રાજી રાજી થાય, પ્રશંસા કરે, ઓવારણા લે, તેમનું વાત્સલ્ય કરે.

- દર્શન તત્વની શુદ્ધિ તથા વૃદ્ધિ જેનાથી થાય છે તે છે પરના સુકૃતની ઉપબૃંહણા. કરણ કરાવણ ને અનુમોદન; સરખા ફળ નીપજાવે. ચાલો આપણે પણ અનુમોદના કરીએ / પ્રેરણા લઈએ.

- નાશવંત જગતમાં શાશ્વત જો છે તો તે છે ધર્મ અને ધર્મીજનની પ્રીતિની નીતિ. નાસ્તિકને પણ આસ્તિક બનાવી દેવાની કમાલ છે અનુમોદનાની અમીદ્રષ્ટિમાં તથા અભિનંદનયુક્ત અભિવંદન-અનુવંદનમાં.

## અનુમોદન ગીત

(રાગ આ તો લાખેણી આંગી કહેવાય)

ગુણ ઉપવનના પુષ્પો કહેવાય...ફૂલો છે રંગ-રંગના..
સુગંધથી ગુણી હરખાય, પ્રેમી સત્સંગના...

૧. કોઈ દાની સ્વમાની આ ભુવનમાંહી,
કોઈ શીલવંતા, ગુણવંતા ત્રિભુવનમાંહી,
વસુંધરા છે ગૌરવ પાય...ફૂલો છે...

૨. કોઈ તપસ્વી ત્યાગી છે જીવનમાંહી,
કોઈ જ્ઞાની છે, ધ્યાની છે ઉપવનમાંહી,
આ તો રત્નોની ખાણ કહેવાય... ફૂલો છે...

૩. ભાવધર્મની સ્પર્શના કરી સાચી,
પરભાવ ને છંડી અધ્યાત્મે રાચી,
અંતર્મુખી પણ કેઈક થાય...ફૂલો છે...

૪. જિનશાસન પ્રણેતા, જિનેશ્વર પ્રભુ,
મહાઉપવનના સિંચક, રક્ષક વિભુ,
જેમની કૃપાના પાત્રો કહેવાય...ફૂલો છે.

૫. અનુમોદના કરીએ, ગુણ-ગુણીજનની
મોક્ષમાર્ગની ગતિમાં એક કથની
અંગ અંગ ઉલ્લસિત થાય...ફૂલો છે.

जिणजम्माइऊसवकरणं तह महरिसीण पारणए ।
जिणसासणंमि भत्तीपमुहं देवाण अणुमन्ने ॥

શ્રી જિનેશ્વર ભગવંતોના જન્માદિ ઉત્સવો કરવા તથા મહામુનિવરોના પારણા વખતે દિવ્ય પ્રગટાવવા અને જિનશાસનની ભક્તિ કરવી વિગેરે દેવોનાં સુકૃતોની હું અનુમોદના કરું છું.

तिरिआण देसविरइं, पज्जंताराहणं च अणुमोए ।
सम्मदंसणलंभं, अणुमन्ने नारयाणं पि ॥

તિર્યંચોની દેશવિરતિ તથા અંતિમ સમયની આરાધનાને અનુમોદું છું. નારકીઓને પણ સમ્યક્ દર્શનનો લાભ થાય, તેની અનુમોદના કરું છું.

सेसाणं जीवाणं दाणरूइत्तं सहावविणियत्तं ।
तह पयणुकसायत्तं, परोवगारित्तिभव्वत्तं ॥
दक्खिवन्न-दयालुत्तं, पियभासिआइविविहगुणनिवहं ।
सिवमग्गकारणं जं, तं सव्वं अणुमयं मज्झ ॥

અને બાકીના જીવોનું દાનરૂચિપણું, સ્વાભાવિક વિનીતપણું, કષાયોનું પાતળાપણું, પરોપકારીપણું, ભવ્યપણું, દયાલુપણું, પ્રિયભાષીપણું, વિગેરે વિવિધ ગુણોનો સમૂહ કે જે મોક્ષમાર્ગનું કારણ છે તે સર્વની મારી અનુમોદના છે.

("આરાધના પતાકા" ગ્રંથમાંથી...)

# પ્રકાશકીય

અમારા પૂજ્ય માતુશ્રી કસ્તૂરબાઈ તથા પિતાશ્રી બાબુભાઈ ઉર્ફે કુંવરજી જેઠાભાઈ, જેમણે અમારામાં સુસંસ્કારોના બીજ રોપ્યાં, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા જગાવી, ધર્મમય જીવન જીવવાની પ્રેરણા આપી તેમના અમારા ઉપર ખૂબ જ ઉપકારો છે. એમના ઉપકારોનું ઋણ યત્કિંચિત્ અંશે પણ અદા કરવા માટે ઘણા સમયથી અમારા હૈયામાં એવી ભાવના રહ્યા કરતી હતી કે સમ્યક્જ્ઞાનના પુસ્તકોનું સુવ્યવસ્થિત રીતે પ્રકાશન - પ્રસારણ માટે એક પ્રકાશન ટ્રસ્ટની સ્થાપના કરવી. એ ટ્રસ્ટને અમારા પૂજ્ય માતુશ્રીના નામ સાથે જોડવું. અને એના અન્વયે અચલગચ્છીય તમામ સાધુ-સાધ્વીજી ભગવંતો દ્વારા લિખિત - સંપાદિત પુસ્તકોનું પ્રકાશન તથા વ્યવસ્થિત વિતરણ કરવું.

અમારી આ ભાવના પરમોપકારી, શાસનસમ્રાટ, ભારતદિવાકર, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. આગળ રજૂ કરતાં તેઓશ્રીની સાનંદ અનુમતિ તથા આશીર્વાદ સાંપડતાં અમારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ થઈ, અને તેની ફલશ્રુતિ સ્વરૂપે સં. ૨૦૪૪ના અક્ષય તૃતીયાના શુભ દિવસે સ્થપાયેલ શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ તરફથી અત્યાર સુધીમાં છપાયેલ સાહિત્યની યાદી આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવી છે. તેમાં આગમાભ્યાસી **પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.** દ્વારા સંયોજિત-સંપાદિત **"બહુ રત્ના વસુંધરા - ચાલો અનુમોદના કરીએ" (ભાગ-૩-૪)** નામના પ્રસ્તુત પુસ્તકનો ઉમેરો કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

ચારેય ભાગનું સંયુક્ત પુસ્તક પણ આની સાથે જ પ્રકાશિત કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

પૂ. ગણિવર્યશ્રી દ્વારા સંપાદિત, **"જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ?"** તેમજ બહુરત્ના વસુંધરા' ભાગ ૧-૨ની માફક આ પુસ્તક પણ અત્યંત લોકોપયોગી બનશે તેમાં શંકાને સ્થાન નથી જ.

રૂ. ૧૦૦૧ આપીને જેઓ અમારા ટ્રસ્ટના કાયમી સભ્યો બનશે તેમને ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થનાર દરેક પુસ્તકો પોસ્ટ દ્વારા ભેટ મોકલાવવાની

અમારી યોજના છે. આશા છે કે પૂજ્યોની કૃપાથી તથા આપ સહુના સાથ સહકાર થી અમારી શુભ ભાવના સુંદર રીતે પાર પડશે જ.

સદ્વાંચનનો જીવન ઘડતરમાં ઘણો મોટો ફાળો હોય છે. એટલે જ એક તત્ત્વચિંતકે કહ્યું છે કે, "તમે કેવા પુસ્તકો વાંચો છો તથા કેવા મિત્રો સાથે સોબત રાખો છો ? એટલું જ કહો તો હું તમારૂં જીવનચરિત્ર કહી દઉં !"...

આજના જમાનામાં સિને સાહિત્ય વિગેરે વિલાસી સાહિત્યની લાખો નકલોએ યુવા માનસને અત્યંત વિકૃત બનાવી મૂક્યું છે. ત્યારે આવું સંસ્કારપોષક સાત્ત્વિક સાહિત્ય વધુને વધુ પ્રકાશિત તથા પ્રસારિત થાય એ અત્યંત જરૂરી છે.

પ્રસ્તુત પ્રકાશનના સંપાદક પૂજ્ય ગણિવર્યશ્રીનો તથા માનનીય દ્રવ્ય સહાયકોનો તેમજ પ્રિન્ટીંગમાં અત્યંત સહયોગ આપનાર શ્રી કીરચંદભાઈ જે. શેઠનો અત્યંત આભાર માની વિરમું છું.

લિ. કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ વતી

સોલીસીટર હરખચંદ કુંવરજી ગડા

(ટ્રસ્ટી) કચ્છ-બાડાવાલાના

જય જિનેન્દ્ર સાથે પ્રણામ

卐

## અનુમોદનાની અનુમોદના

(એક અનુમોદનીય પત્ર)

પ્રસ્તુત પુસ્તક માટે દૃષ્ટાંતો મોકલાવવા અંગેનું પરિપત્ર વાંચીને તેમજ પ્રસ્તુત પુસ્તકના ભાગ-૧ તથા ભાગ-૨ વાંચીને સેંકડો ગુણાનુરાગી આત્માઓએ રૂબરુમાં તેમજ પત્રો દ્વારા આ પ્રકાશનની ભરપેટ અનુમોદના કરીને પ્રમોદ ભાવના અભિવ્યક્ત કરી છે તેમજ આ કાર્ય માટે મારા ઉત્સાહમાં પણ અભિવૃદ્ધિ કરી છે તે સહુ અનુમોદકોની પણ હાર્દિક અનુમોદના કરું છું. એ બધા પત્રો પ્રકાશિત કરાય તો નાનકડી પુસ્તિકા બની જાય. પરંતુ ગ્રંથગૌરવ ન થાય તે માટે એ પત્રોમાંથી સેમ્પલ રૂપે માત્ર એક જ પત્ર અત્રે રજુ કરવામાં આવે છે. પત્રમાં લખ્યા મુજબ પત્ર લખનાર મને ઓળખે છે પરંતુ પત્રના અંતે પોતાનું નામ પ્રગટ કરેલ નથી જેથી મારે તો એ નિઃસ્પૃહી લેખકનું અનુમાન કરવા માટે માત્ર અટકળ જ કરવી રહી. પત્રલેખકની નિઃસ્પૃહીતાની તેમજ અનુમોદનાની પણ હાર્દિક અનુમોદના.

-સંપાદક

## શ્રી શાંતિનાથાય નમઃ

પૂજ્ય ઉપકારી, મૌની, સ્વાધ્યાયી, જ્ઞાની, તપસ્વી અને ગુણાનુરાગી એવા ગણિ આદિ વિશેષણોયુક્ત મહાત્મા શ્રી મહોદયસાગરજી મ. તથા સર્વે મહાત્માઓને મારી અનંતાનંતશઃ વંદના...

પરમાત્માની અસીમકૃપાથી ખૂબ જ મજામાં છું. આપ પણ શાતામાં આનંદમાં હશો જ.

વિશેષમાં "બહુરત્ના વસુંધરા (ભાગ-૧)" દૈવયોગે હાથમાં આવી. સંપાદકીય વાંચ્યું. તથા થોડાંક પ્રસંગો પણ વાંચ્યા.

અત્યાર સુધી હું આપને એક ભલા, ભોળા એવા મુનિ ભગવંત સમજતો હતો. પરંતુ આ પુસ્તક હાથમાં આવતાં એવું લાગ્યું કે આપ તો

ઉસ્તાદ છો. જેમાં આપે લખ્યું છે કે ટપાલ દ્વારા સૌની અનુમોદના કરવાની અમે એમની અનુમોદના કરીએ ત્યારે જ એમનાં ગુણો અમારામાં આવે. પરંતુ આપ તો અમારા દ્વારા એમનાં ગુણો પણ મેળવશો અને અમારા પણ તમે મેળવી લેશો. ૧ તીરથી બે જીવોની હત્યા શ્રેણિક મહારાજાએ કરી હતી એવું સાંભળ્યું, વાંચ્યું છે પરંતુ એનો સાક્ષાત્ અનુભવ આજે તમારી પાસે થયો!

**આજે જ્યારે દુનિયામાં ઈર્ષ્યાનું ઝેર ભરાયેલું છે ત્યારે આવા કાળમાં પણ બીજાનાં ગુણો જોવા, કહેવા અને લખવા આ ત્રણે કાર્ય અતિ અતિ અતિ કઠિન છે અને તેમાં પણ તેને છાપીને જગતની સામે મૂકવાં તે તો ખરેખર ખૂબજ અતિ કઠિન છે. એવાં જગતના જીવોનાં સદ્‌ગુણોને આપ પ્રકાશિત કરી રહ્યાં છો. તે ખૂબ ખૂબ અનુમોદનીય છે.**

અજૈન ગ્રંથમાં સર્વ તીરથની જાત્રા જેમ માબાપને કહી છે તેમ હું પણ આ સર્વજીવોની તો ટપાલાદિથી કોઈ પણ રીતે અનુમોદના નહિ જ કરી શકું કારણ કે કાકદૃષ્ટિવાળો છું, પરંતુ આ સર્વનાં ગુણોના પ્રકાશક એવા આપની અનુમોદના કરવા દ્વારા હાલ તો સંતોષ માની રહ્યો છું.

વિશેષમાં આપ આ પછી પણ જે બે ભાગ વિશેષ પ્રકાશિત કરી રહ્યા છો, તેમાં તન ધનથી તો હું કાંઈજ મદદ નહિ કરી શકું કારણકે મહા કૃપણ છું. પરંતુ મનથી આપના આ કાર્યની ભૂરિ ભૂરિ પ્રશંસા કરું છું. જૈન શાસનનો મહા ઉદય આપ જેવાં ગુણીયલ ગણિ શ્રી મહોદય સાગરજી મ. સા. દ્વારા જ થાય એમાં નવાઈ નથી લાગતી. વિશેષમાં મારાં લાયક કામકાજ જણાવશો.

દુશ્મન સાથે લડીને જીતનારા ઘણાં જોયા. પરંતુ દુશ્મન સાથે લડ્યા વિના જ જીતનારાઓ આ પરમકૃપાળુ દેવાધિદેવ મહાધૂર્ત એવા જિનેશ્વરનાં શાસનરૂપી ટોળીવાળા જોયા !!!

એજ આ જિનશાસનને પ્રાપ્ત કરેલ એવા એક પ્રેમી પાગલ ની અનંતશઃ વંદના..

# (૧) ૧૦૦ + ૧૦૦ + ૮૮ ઓળીના 'તપસ્વી સમ્રાટ' સૂરિરાજ

સમસ્ત વિશ્વમાં હજારો વર્ષમાં વિક્રમ રૂપ કહી શકાય તેવી ઉત્કૃષ્ટ તપશ્ચર્યા - વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ + ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક પરમ તપસ્વી આચાર્ય ભગવંત સં. ૧૯૯૦ માં ૧૮ વર્ષની વયે દીક્ષા લીધા બાદ વડી દીક્ષાના ૧ મહિનાના યોગ પણ મહા મુશ્કેલીથી કરી શકયા હતા!.... આયંબિલનો લુખ્ખો આહાર જોતાં જ ઊલટીઓ થવા માંડે !

પરંતુ ગુરુ સમર્પણભાવના કારણે પ્રાપ્ત થયેલ અમોઘ ગુરુકૃપાના અચિંત્ય પ્રભાવથી આજે તેઓ ન કલ્પી શકાય તેવી અજોડ તપઃસિદ્ધિને વરેલા છે !

૨૧ વર્ષની ઉંમરે તેમને દાંતના પેઢાની તીવ્ર પીડા ઉપડી. આયુષ્યની પ્રબળતાના પ્રભાવે નવજીવન પામેલા આ મુનિશ્રીએ જીવનની ક્ષણભંગુરતાનું દિવ્યજ્ઞાન પ્રાપ્ત કરી તપની તમન્ના સેવી. લોહીના કણકણમાં તપની ઉગ્ર સાધનાનો સંકલ્પ કરી વર્ધમાન તપનો પ્રારંભ કર્યો. **એમાં પણ ૪૦મી ઓળીથી ૧૦૦મી ઓળી સુધી ઠામ ચોવિહાર આયંબિલ કર્યા !!! ભર ઉનાળામાં વિહારોમાં પણ તેઓ ઠામ ચોવિહાર આયંબિલ કરતા !**

પ્રથમવાર ૧૦૦મી ઓળીનું પારણું સં. ૨૦૧૩માં થયા બાદ ટૂંક સમયમાં પુનઃ પાયો નાંખી અવિરત તપની યાત્રા ચાલુ રહી. **વયથી વૃદ્ધ બનતા પણ સંકલ્પમાં સદા તરુણ રહેનારા મુનિવરને હૈયે હોંશ હતી તેથી ૧ થી ૭૨ ઓળી ઠામ ચોવિહારી કરી !**

શરીરની અનેક પ્રતિકૂળતાને વેઠી આ મહાપુરુષે દેવ-ગુરુની કૃપા બળે અનેક વિઘ્નોના વાદળ વિખેરી તપયાત્રા ચાલુ રાખી. સં. ૨૦૨૨માં પંન્યાસ પદે તથા સં. ૨૦૨૯માં આચાર્યપદે આરૂઢ કરાયા.

સં. ૨૦૩૪ ફા. વ. ૧૦ ના રોજ બીજી વાર ૧૦૦મી ઓળીનું પારણું અમદાવાદમાં થયું.

મોહના સૈન્યનો વિધ્વંસ કરવા માટે રણસંગ્રામ ખેલતા આચાર્યશ્રીએ ત્રીજી વાર પાયો નાંખ્યો અને આજે એક પછી એક ઓળી પૂર્ણ કરતા ત્રીજી વાર ૧૦૦ ઓળીની મંજિલ તરફ આગળ વધતાં ૮૮ ઓળી પૂર્ણ કરી ચૂકયા છે !!!... વિશ્વમાં રેકોર્ડ રૂપ તેમના ૧૪ હજાર જેટલા આયંબિલ થયેલ છે.

આટલી તપશ્ચર્યા છતાં પણ પ્રસિદ્ધિ અને આડંબરથી સદા નિરાળા રહેલા આ સૌમ્ય સ્વભાવી આચાર્ય ભગવંતનું નામ હજી પણ ઘણા જૈનોને ખબર નથી એ કેટલી આશ્ચર્યજનક વાત કહેવાય !...

કોઈપણ રાજાનો રાજયાભિષેક થાય ત્યારે કરવામાં આવતી એક વિશિષ્ટ વિધિ તેઓશ્રીના નામને સૂચિત કરે છે !

વળી તેઓશ્રીના નામનો ઉત્તરાર્ધ જિનશાસનના એક એવા વિશિષ્ટ પ્રતીકને સૂચવે છે કે જેની રક્ષા, કુમારપાળ મહારાજા પછી રાજગાદીએ આવેલ આતતાયી રાજા અજયપાળના સમયમાં ૨૧ જેટલા નવપરિણીત યુગલોએ ધગધગતા તેલના કડાયામાં પોતાની જાતને સહર્ષ હોમી દઈને કરી હતી !!!...

'તપસ્વી સમ્રાટ' આચાર્ય ભગવંતના ગુરુદેવશ્રી એટલે 'કર્મસાહિત્ય નિષ્ણાત', 'સુવિશુદ્ધ સચ્ચારિત્રચૂડામણિ', 'અખંડબ્રહ્મતેજોમૂર્તિ' તરીકે જિનશાસનમાં સુપ્રસિદ્ધ થઈ ગયેલ સુવિશાલ મુનિગણ નેતા આચાર્ય ભગવંતશ્રી!

હવે તો ઓળખી લીધી ને આ ગુરુ-શિષ્યની અજોડ જોડીને ?!

જો આવા ''તપસ્વી સમ્રાટ'' આચાર્ય ભગવંતના દર્શન-વંદન ન કર્યા હોય તો જ્યાં સુધી તેઓશ્રીના દર્શન-વંદન ન થાય ત્યાં સુધી એકાદ પ્રિય ચીજના ત્યાગનો શુભ સંકલ્પ અત્યારથી જ કરશો ને ? આ વર્ષે તેઓશ્રી અમદાવાદમાં ચાતુર્માસ બિરાજમાન છે.

તપસ્વી સમ્રાટ સૂરીશ્વરના ચરણારવિંદમાં અનંતશઃ ભાવ વંદના. તેઓશ્રી શીઘ્ર ત્રીજી વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરનારા બને તેવી શાસન દેવને પ્રાર્થના.

## ② ભીષણ કલિકાલ મોઝાર, વસે છે એક ધન્નો અણગાર...!!!

''ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડ'' માં દુનિયામાં સહુથી વધુ ખાનારા અને સૌથી વધુ શરીરનું વજન ધરાવનારા માનવોની મહાનતા આલેખાયી છે. ત્યારે શાસ્ત્રોનાં સુવર્ણ પૃષ્ઠો પર ઘોર તપ કરનારા અને તપ તથા સંયમની સાધના દ્વારા શરીર અને કર્મોને શોષી નાખનારા ધન્ના અણગાર જેવા મુનિવરોની જીવનગાથા આલેખાયેલી છે.

ચારિત્ર લીધા બાદ જિંદગીભર માટે છઠ્ઠના પારણે આયંબિલ કરવાનો ઘોર અભિગ્રહ લેનાર અને કઠોર સંયમની સાધના કરનાર ધન્ના અણગારના જીવન ચરિત્રને સાંભળી આપણા હાથ જોડાઈ જાય છે, માથું નમી જાય છે અને હૃદયમાં તેમનાં ઉપર ભારોભાર બહુમાન ઊભું થઈ જાય છે. તે જ રીતે વર્તમાનમાં પણ ધન્નાજીના જીવનની ઝાંખી કરાવનારા, જેમના વિવિધ તપોની યાદી વાંચીને આપણા રૂંવાડા ખડા થઈ જાય અને મુખમાંથી આશ્ચર્યના ઉદ્ગારો નીકળી જાય તેવો ઘોર તપ કરનારા એક આચાર્ય ભગવંતશ્રી વર્તમાન કલિકાલમાં પણ વિદ્યમાન છે એ આપણા માટે આનંદ અને અહોભાવપ્રેરક બીના છે.

આ મહાપુરુષે ૨૭ વર્ષની ભરયુવાનીમાં હર્યા ભર્યા સંસારનો ત્યાગ કરી સંયમના માર્ગે સંચરણ કર્યું. નાનપણથી લોખંડી હૃદય અને મજબૂત મન ધરાવવાના કારણે ચારિત્ર લીધા બાદ ઘોર સાધનાનો યજ્ઞ માંડયો. વિહાર હોય તો આયંબિલનો તપ અને સ્થિરતા હોય તો ઉપવાસ !... તે સાથે સંયમના યોગોનું સુવિશુદ્ધ પાલન, નિર્દોષ ગોચરીનો આગ્રહ તેમજ સ્વાધ્યાયપ્રેમ આ બધાનો સુમેળ એ જ પૂજ્યશ્રીનું જીવન બની ગયું. વડીલોનો વિનય, વૈયાવચ્ચ, ભક્તિ અને આજ્ઞાપાલન આદિ દ્વારા ગુરુદેવોના પરમ કૃપાપાત્ર બની ગયા.

આજે ૯૦ વર્ષની વયે પણ છેલ્લા સળંગ ૧૩ વર્ષથી (વચ્ચે ૯૨ દિવસના એકશણા સિવાય) આયંબિલનો તપ કરી રહ્યા છે. તેમાં પણ દિવસે પ્રાયઃ કરીને સૂવાનું નહીં. આખો દિવસ જાપ અને સ્વાધ્યાય. ૨૦ અને ૨૨ કિ.મી. ના લાંબા વિહારોમાં પણ ડોલીનો ઉપયોગ કરવો નહિ !

આવો આપણે આવા મહાન તપસ્વી આચાર્ય ભગવંતની તપશ્ચર્યાની ઝલક વાંચીને પાવન થઈએ. સાચા ભાવે અનુમોદના અને વંદના કરીએ અને એ દ્વારા આપણે પણ તપગુણને પ્રાપ્ત કરીએ.

**તપસ્યા કરતાં કરતાં હો કે ડંકા જોર બજાયા હો**

**(૧) તીર્થંકર વર્ધમાન તપ.** ચડતા ક્રમે ૧ ઉપવાસથી ૨૪ ઉપવાસ સુધી, તેમ ઊતરતા ક્રમે ૧ ઉપવાસથી ૨૪ ઉપવાસ સુધી. કુલ ૬૦૦ ઉપવાસ.

**વિશેષતા :** (A) ૨૨ મા શ્રી નેમિનાથ ભગવાનના સળંગ ૨૨ ઉપવાસ કરી ૨૩ મા દિવસે શ્રીસિદ્ધગિરિની યાત્રા કરી પારણું આયંબિલથી કર્યું. (B) ૨૩ મા પાર્શ્વનાથ ભગવાનના સળંગ ૨૩ મા ઉપવાસે જૂનાગઢથી ગિરનાર તળેટીની યાત્રા કરી આયંબિલથી પારણું કર્યું. (C) ઊતરતા ક્રમે શ્રી આદીશ્વર ભગવાનના ૨૪

ઉપવાસને બદલે માસક્ષમણ કરી ૩૧મા દિવસે શ્રી સિદ્ધગિરિની યાત્રા કરી આયંબિલથી પારણું કરેલ ! (D) સં. ૧૯૯૫માં જેઠ વદ ૧૪ ના સુરતમાં ચાતુર્માસ પ્રવેશથી મહા વદિ ૬ ના વિહાર સુધીમાં ૨૬૦ દિવસની સ્થિરતા દરમ્યાન ચાલુ વર્ષીતપમાં ૧૬ મા ભગવાનથી ૨૩મા ભગવાન સુધીના ૧૬ + ૧૭ + ૧૮ + ૧૯ + ૨૦ + ૨૧ + ૨૨ + ૨૩ = ૧૫૬ ઉપવાસ, બાકીના ૧૦૪ દિવસમાં વર્ષીતપના ૫૨ ઉપવાસ એટલે **૨૬૦ દિવસ માં કુલ ૨૦૮ ઉપવાસ અને ૫૨ પારણાં થયાં !...**

**(૨) વીશ સ્થાનકપદની આરાધના :**

(A) તેમાં પ્રથમ અરિહંત પદની આરાધના સળંગ ૨૦ ઉપવાસ ૨૦ વાર કરીને છેલ્લી વીશી વખતે શ્રી સિદ્ધગિરિની યાત્રા ૨૧મા દિવસે પગે ચઢીને કરી અને પારણું આયંબિલથી કર્યું !

(B) બીજા ''નમો સિદ્ધાણં'' પદમાં પાંચ અક્ષરો છે. તેથી બીજા પદની આરાધના પાંચ અઠ્ઠાઈથી કરી !

(C) વીશ સ્થાનકના બાકીના અઢારે પદોની ચાલુ વિધિ પ્રમાણે છૂટા વીશ વીશ ઉપવાસથી વીશ સ્થાનક તપ પૂર્ણ કર્યો.

(૩) બે વર્ષીતપ કર્યા. કેટલાય વર્ષોથી એકાશણાથી ઓછું પચ્ચક્ખાણ કર્યું નથી.

(૪) ૭૮ વર્ષની જૈફ વય સુધી દર પર્યુષણમાં અઠ્ઠમ, ચોમાસી છઠ્ઠ તેમજ દીવાળીના છઠ્ઠ કરેલ. આજે પણ જ્ઞાનપંચમી, મૌન એકાદશી અને સંવત્સરીનો ઉપવાસ ચાલુ છે.

(૫) **શ્રેણીતપ :** સં. ૧૯૯૩માં પૂના ચાતુર્માસમાં (૧૩૫ દિવસની સ્થિરતા દરમ્યાન) શ્રેણીતપ તથા અરિહંત પદની એક વીશી તથા છૂટા ઉપવાસ થઈ ૧૧૬ ઉપવાસ તથા ફક્ત ૧૯ દિવસ પારણા કર્યા !...

આ રીતે પૂજ્યશ્રીએ ૮૫ વર્ષની ઉંમર સુધીમાં કરેલ ૩૦૦૦ થી અધિક ઉપવાસનું કોષ્ટક નીચે મુજબ છે.

| ૩૦ ઉપવાસ | ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | ૧૯ | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | ૧૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વાર | ૧ | ૨ | ૨ | ૨ | ૨૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | | |
| ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | કુલ |
| ૨ | ૨ | ૨ | ૨ | ૩ | ૮ | ૩ | ૫ | ૫ | ૬ | ૫૨ | ૨૦૪ | ૧૩૩૪ | ૩૦૦૫ |

**(૬) આયંબિલ તપ :**

વર્ધમાન તપની ૧૦૮ ઓળી કરી.

**વિશેષતાઓ :**

(A) ૫૪ મી ઓળીમાં સિદ્ધગિરિની નિત્ય બે યાત્રા સાથે ૧૦૮ યાત્રા.

(B) ૫૫ + ૫૬ + ૫૭ મી ઓળી સં. ૨૦૦૮માં સિદ્ધગિરિમાં ચાતુર્માસ વખતે સળંગ કરી.

(C) ૫૮ મી ઓળીમાં સિદ્ધગિરિની ૧૨૦ યાત્રા સાત છઠ્ઠ અને બે અઠ્ઠમ પૂર્વક કરી !!!

(D) ૫૯-૬૦-૬૧-૬૪ મી ઓળી છઠ્ઠના પારણે આયંબિલથી કરી !

(E) **જૂનાગઢ–ગિરનારમાં ૬૧ મી ઓળીમાં સાત છઠ્ઠ અને ૨ અઠ્ઠમ તેમજ વચ્ચે પારણામાં ૯ આયંબિલ સહિત ૨૯ દિવસમાં જ ગિરનારની ૯૯ યાત્રા કરી !!! અને છેલ્લે અઠ્ઠાઈ સાથે જામકંડોરણાથી જૂનાગઢ સુધી છ'રી પાલક સંઘમાં વિહાર કર્યો ! આટલા લાંબા વિહારમાં એક જ દિવસ પાણીનો ઉપયોગ કર્યો !... આવી જ રીતે બીજી વખત વિહારમાં ૯ ઉપવાસ કર્યા !**

(F) ૬૫ મી ઓળી એકાંતરે ઉપવાસ-આયંબિલથી કરી.

(G) ૬૬ મી ઓળીમાં કેટલાક છઠ્ઠ અને કેટલાક એંકાતરે ઉપવાસ કર્યા !

(H) ૭૭ મી ઓળીમાં સિદ્ધગિરિની ૧૦૮ યાત્રા કરી !

(I) **૯૯ મી ઓળી બાદ સંઘ હિતાર્થે ૧૦૦ મી ઓળીથી વગર પારણે સં. ૨૦૩૯ જેઠ વદિ ૭ થી સળંગ આયંબિલનો પ્રારંભ કર્યો. ડૉક્ટરની ચેતવણીઓ કે ભક્તોની કાકલૂદીઓ પૂજ્યશ્રીને તેમના અભિગ્રહથી જરાપણ વિચલિત કરી ન શકી. ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮ ઓળીઓના મંગલ આંકને વટાવી પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર તીર્થમાં ૧૦૦૮ આયંબિલ પૂર્ણ કર્યા. તેના ઉપર અઠ્ઠમ કરીને પારણું કર્યા વિના નિરંતર ૧૭૪૯ આયંબિલ થયા ત્યારે શ્રી સંઘના અગ્રણીઓના આદેશથી ૧૭૫૧ આયંબિલ ઉપર એક ઉપવાસ કરીને સં. ૨૦૪૪ ની વૈશાખ સુદિ ૩ નાં અનિચ્છાએ શેરડીના રસથી ઠામ ચોવિહાર પૂર્વક પારણું કર્યું. ૬ વિગઈના ત્યાગપૂર્વક ૯૨ દિવસ એકાસણા કર્યા બાદ પુનઃ સં. ૨૦૪૪ના અષાઢ સુદિ ૬ થી આયંબિલ ચાલુ કર્યા તેને ૯ વર્ષ થયા. આજ દિવસ સુધી આયંબિલ ચાલુ જ છે.** ૯૦ વર્ષની બુઝર્ગ વયે પણ તેઓશ્રી પોતાના સંકલ્પથી જરાપણ વિચલિત થયા નથી !!!...

તેઓશ્રીએ ૭૨ વર્ષની વય સુધી દર વર્ષે ૨ વાર નવપદજીની આયંબિલ ઓળીની વિધિપૂર્વક આરાધના કરી છે. **આમ અત્યાર સુધી ૧૦ હજારથી અધિક આયંબિલ તથા ૩ હજારથી અધિક ઉપવાસ કરનાર પૂજ્યશ્રીએ દીક્ષા બાદ એકાશણાથી ઓછું પચ્ચક્ખાણ કદી કર્યું નથી !...**

૮૫ વર્ષની વયે સિદ્ધગિરિ અને ગિરનારની યાત્રા તથા અખંડ ૧૧૦૦ ઉપરાંત આયંબિલમાં વૈશાખ માસની ધીખતી ધરા પર માત્ર ૧૨ દિવસમાં રાજકોટથી અમદાવાદ સુધી ૨૨૫ કિ.મી. નો ઉગ્ર વિહાર કર્યો !...

**આવી ઉગ્ર-ઘોર અને ભીષ્મ તપશ્ચર્યા કરનારા** પૂજ્યશ્રીના ૩ અક્ષરના **નામનો અર્થ "ચંદ્ર" એવો થાય છે.** પોતાની જાત માટે વજ્રથી પણ કઠોર અને બીજા જીવો માટે ફૂલથી પણ કોમળ અને ચંદ્રથી પણ શીતલ સૌમ્ય અને વાત્સલ્યસભર સ્વભાવને ધારણ કરનારા પૂજ્યશ્રીને રોજ સવારે ઊઠીને ભાવથી વંદન કરવા જોઈએ. પૂજ્યશ્રી હાલ અમદાવાદમાં બિરાજમાન છે. કેટલાક શ્રાવકો પૂજ્યશ્રી અમદાવાદમાં કોઈપણ ઠેકાણે બિરાજમાન હોય તો અચૂક એમના દર્શન-વંદન કર્યા વિના મુખમાં પાણી પણ નાખતા નથી !...

પૂજ્યશ્રીના વડિલ બંધુએ તેમનાથી પહેલાં દીક્ષા લીધેલ. તેઓ પણ આચાર્ય પદ ઉપર આરૂઢ થયેલ. પાંચ અક્ષરના તેમના નામનો અર્થ "ચંદ્રને જીતી લેનાર" એવો થાય છે. તેમનો જીવન બાગ પણ તપ, ત્યાગ, તિતિક્ષા, ગુરૂ સમર્પણ, વાત્સલ્ય, ગંભીરતા, નિઃસ્પૃહતા, સ્વાધ્યાયપ્રેમ, આશ્રિતોની અનોખી સંયમ કાળજી, ક્રિયારૂચિ, નિરભિમાનિતા, સમતા, સૌજન્ય આદિ અનેકાનેક ગુણો રૂપી ગુલાબથી મધમધતો હતો.

વળી તપસ્વી સમ્રાટ પૂજ્યશ્રીએ પોતાના સુપુત્રને માત્ર ૭ વર્ષ, ૪ મહિના અને ૧૮ દિવસની બાલ્યવયમાં સંયમના પંથે વાળેલ. તેમણે પણ (૧) એક મહિનામાં આયંબિલ સહિત સિદ્ધગિરિની ૯૯ યાત્રા, (૨) એકાશણા સહિત ૯૯ યાત્રા (૩) ત્રણ થી ચાર વખત ગિરનારની ૯૯ યાત્રા (૪) ચોવિહાર છઠ્ઠ સાથે સિદ્ધગિરિની ૨ વાર ૭ યાત્રા વિગેરે વિશિષ્ટ આરાધના કરેલ. **અનેક ગુણરત્નોની ખાણ હોવાથી "મનુષ્યોમાં રત્ન સમાન" અથવા તો "ઉત્તમ મનુષ્ય" એવા તેમના નામના અર્થને ચરિતાર્થ કરનારા આચાર્ય ભગવંત હતા.** ૨ વર્ષ પહેલાં જ તેઓ સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. ઉપરોક્ત ત્રણેય સૂરિવરો 'કર્મ સાહિત્ય નિપુણમતિ', 'સચ્ચારિત્ર ચૂડામણિ' 'અજોડ બ્રહ્મમૂર્તિ' તરીકે સુપ્રસિદ્ધ આચાર્ય ભગવંતના સમુદાયના છે.

**કહેવાશે અનુમોદના સાચી લેશો આ પ્રતિજ્ઞા વાંચી**

પ્રિય વાંચક ! આપણા જીવનમાં આવી ઘોર સાધના કરવાની વાત તો દૂર રહી પરંતુ વિચારતાં ય આપણને ગભરામણ થઈ જાય. ત્યારે જ્ઞાનીઓ કહે છે કે ''કરણ કરાવણ ને અનુમોદન, સરિખા ફલ નીપજાવે.'' દિલથી અનુમોદના કરવા દ્વારા આપણે પણ આવા તપનો લાભ મેળવી શકીએ છીએ. પણ સબૂર, માત્ર લુક્ખી અનુમોદના કરવાથી સાચી અનુમોદના ગણાતી નથી, પરંતુ આવા તપસ્વી સમ્રાટ આચાર્ય ભગવંતની ઘોર તપશ્ચર્યાની યાદી વાંચીને આપણા જીવનમાં એકાદ પણ નાનકડો વ્રત, નિયમ, ત્યાગ કે તપનો સંકલ્પ કરીએ, વ્યસનોનો ત્યાગ કરીએ તથા એક કે ત્રણ વર્ષમાં ૧૦૮ આયંબિલ પૂર્ણ કરવાનો અભિગ્રહ લઈએ તેમજ જયાં સુધી આવા મહાપુરુષનાં પ્રત્યક્ષ દર્શન-વંદન ન થાય ત્યાં સુધી એકાદ પ્રિય ચીજનો ત્યાગ કરીએ તો જ વાંચેલી તપશ્ચર્યાની યાદી અને કરેલી અનુમોદના સાર્થક અને સફળ ગણાશે.

## ③ મહા તપસ્વીરત્ન સૂરીશ્વરજી

૪૩ વર્ષની ઉંમરે સજોડે દીક્ષા અંગીકાર કરીને, ૭૫ વર્ષની વયે સૂરિપદે બિરાજમાન થઈને, ૯૪ વર્ષની વયે પાંચ વર્ષ પહેલાં (સં. ૨૦૪૮, મહા સુદિ ૧૧) કાલધર્મ પામેલા આચાર્ય ભગવંતે પોતાના જીવનમાં કરેલી તપ-જપની સાધના ખરેખર હેરત પમાડે તેવી છે.

આ રહી તેમણે કરેલી આરાધના-સાધનાની રૂપરેખા. ભારે અહોભાવથી વાંચશો તો અઢળક કર્મ નિર્જરા સાથે મહાન પુણ્ય ઉપાર્જન થશે અને કયારેક એવી વિશિષ્ટ સાધના કરવાની શક્તિ પણ પ્રાપ્ત થશે.

### ઉપવાસ

(૧) શ્રી નવકાર મહામંત્રના સળંગ ૬૮ ઉપવાસ પારણે ૧૧ આયંબિલ.

(૨) ૪૫ આગમના ૪૫ ઉપવાસ

(૩) મૃત્યુંજય તપ = માસક્ષમણ.

**(૪) ૨૦ વખત સિદ્ધિતપ !... તેમાં પણ ૧૮ વખત તો દરેક પારણામાં આયંબિલપૂર્વક સિદ્ધિતપ કરેલ !**

(૫) શ્રેણિતપ

(૬) સળંગ ચત્તારિ અઠ્ઠ દશ દોય તપ.

(૭) એકાંતરા ઉપવાસપૂર્વક વીશ સ્થાનક તપના ૪૨૦ ઉપવાસ

(૮) ૯૬ જિન આરાધનાના ૯૬ ઉપવાસ

(૯) સહસ્રકૂટના ૧૦૨૪ ઉપવાસની સાધના ચાલુ હતી

(૧૦) ૪-૫-૬-૭-૮-૧૦-૧૫-૧૬ ઉપવાસ અનેકવાર કરેલ

(૧૧) ૭૫ વર્ષથી દર મહિનાની બે ચૌદશના ઉપવાસ

(૧૨) ૭૫ વર્ષથી પર્યુષણના છઠ્ઠ-અઠ્ઠમ. દિવાળીનો છઠ્ઠ

(૧૩) છ એ અઠ્ઠાઈની એક વખત ૮ ઉપવાસ પૂર્વકની એક જ વર્ષમાં ૮-૮ ઉપવાસની સાધના.

(૧૪) બીજ-પાંચમ-આઠમ-અગિયારસની વિધિપૂર્વક સાધના.

(૧૫) બે વર્ષીતપ. પારણામાં પાંચ જ દ્રવ્ય વાપરવાના અભિગ્રહ સાથે.

(૧૬) ૭૦ વર્ષથી ઓછામાં ઓછું એકાશણું !

## આયંબિલ તપની સાધના

(૧) શ્રી વર્ધમાન તપની ૧૦૦ + ૭૩ ઓળી.

(૨) શ્રીનવપદજીની ૧૩૧ ઓળી

(૩) બે વખત સળંગ ૫૦૦ આયંબિલ

(૪) વર્ધમાન તપની ૮૬-૮૭ મી ઓળી ઉપર સિદ્ધિતપ.

(૫) **વર્ધમાન તપની ૯૧મી ઓળી ઉપર માસખમણ.**

(૬) **વર્ધમાન તપની ૧૦૦મી ઓળીનું પારણું ૧૬ ઉપવાસપૂર્વક કર્યું.**

(૭) **૨૦ વર્ષ સુધી ગુરુ ચરણે સંલગ્ન રહી ચાતુર્માસમાં ચાતુર્માસ પ્રવેશ દિવસથી ચોમાસાનાં ક્ષેત્રમાંથી વિહાર ન થાય ત્યાં સુધી આયંબિલ કરવાનો અભિગ્રહ !...**

(૮) **સંપૂર્ણ ૪૫ આગમના યોગની આંયબિલપૂર્વકની સાધના.**

(૯) વીર્યોલ્લાસ વધતાં અલ્પ દ્રવ્યનો અભિગ્રહ. આહારનાં દ્રવ્યો પણ એક રસ બનાવી ઈન્દ્રિય નિગ્રહનો કડક અમલ.

### મહામંત્રની સાધના

(૧) કરોડોની સંખ્યામાં શ્રી નવકાર મહામંત્રનો જાપ.

(૨) લાખોની સંખ્યામાં શ્રી વર્ધમાન વિદ્યાના જાપ તથા શ્રી સૂરિમંત્ર-પંચ પ્રસ્થાનની આંયબિલપૂર્વક ૮૪ દિવસની સાધના બાદ લાખોની સંખ્યામાં સૂરિમંત્રનો જાપ.

(૩) ૫-૯-૧૦-૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ પ્રતિદિન. ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ પણ અનુકૂળતાએ કરતા.

### પાવન તીર્થોની યાત્રાઓ :

(૧) **ગૃહસ્થ જીવનમાં** શ્રીશિખરજી, જેસલમેર, કચ્છ ભદ્રેશ્વર, મારવાડ, મેવાડ, સિદ્ધગિરિજી વિગેરેની પ્રાયઃ શક્ય પ્રાચીન તીર્થોની યાત્રા.

તેમજ છ'રી પાળતા સંઘો સાથે પણ યાત્રાઓ કરી હતી.

(૨) **મુનિ જીવનમાં** શ્રી સિદ્ધગિરિજીની ૧૮૦૦ યાત્રાઓ ૯ વાર ૯૯ યાત્રાપૂર્વક. ૧૦ વખત છઠ્ઠ કરી સાત યાત્રા.

(૩) શ્રી ગિરનારજીની ૧૦૮ યાત્રા ૩૩ દિવસમાં. અઠ્ઠમ કરી ૧૧ યાત્રા.

(૪) શ્રી કદંબગિરિજી તથા શ્રી તળાજાની ૧૦૮ યાત્રા.

(૫) સુરત - કતાર ગામની તથા અમદાવાદ હઠીભાઈની વાડીમાં બિરાજમાન શ્રી ધર્મનાથ પ્રભુની ૯૯ યાત્રા.

### આ છે તેઓનો સંયમ પ્રત્યેનો આદર :

(૧) જિનાજ્ઞા તેમજ ગુરુ આજ્ઞાની અનન્ય ઉપાસના.

(૨) સંયમશુદ્ધિ અંગે પિંડેષણાની અજબની જાગૃતિ. મનોનિગ્રહ અને ઈન્દ્રિય નિગ્રહ અંગે વિવિધ આકરા અભિગ્રહો.

(૩) નિઃસ્પૃહવૃત્તિ, નિરભિમાન અને નિરાડંબર જીવન સાથે ઋજુતાભરી બાહ્ય આભ્યંતર જીવનની ખેવના.

(૪) ક્રોધાદિ કષાય ભાવથી ન્યારા રહેવાની હેરત પમાડે તેવી ચિત્તવૃત્તિ.

(૫) રખે ને કોઈ અશુભ કર્મનો બંધ ન પડી જાય તે અંગે રત્નયત્રીની સાધનાનું લક્ષ્ય.

(૬) તેઓશ્રીએ ગૃહસ્થ જીવનમાં એક અલ્પાયુ સંતાનની પ્રાપ્તિ બાદ ૩૦ વર્ષની વયે સજોડે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરેલ. આવા મહા તપસ્વી સૂરીશ્વરને અનંતશઃ વંદના.

**તેમના નામમાં ઉત્તરાર્ધના દર્શન કરીને પૂર્વાર્ધ વિકસિત થાય છે !...**

**તેમના ગુરુ દેવ "પ્રાકૃત વિશારદ" અને "ધર્મરાજા" તરીકે સુપ્રસિદ્ધ આચાર્ય ભગવંત હતા.**

## ૪ ૨૫૦ ચોવિહારી છઠ્ઠ
## દરેક છઠ્ઠમાં સાત સાત યાત્રાઓ !!!

ગચ્છાધિપતિ પદે બિરાજમાન એક આચાર્ય ભગવંતે પોતાના જીવનમાં ૨૫૦ થી અધિકવાર ચોવિહારી છઠ્ઠ કરીને દરેક છઠ્ઠમાં સિદ્ધાચલજી મહાતીર્થની સાત-સાત યાત્રાઓ કરી છે !!!

કેમ, આશ્ચર્ય ચકિત થઈ ગયા ને આ વાંચીને ? પણ આ કોઈ પ્રથમ સંઘયણવાળા ચોથા આરાની વાત નથી. તેમજ દૂરના કે નજીકના ભૂતકાળની પણ વાત નથી. આ મહા તપસ્વી આચાર્ય ભગવંત આજે હયાત છે. તમે ધારો તો જરૂર એમના દર્શન-વંદનનો મહાલાભ પામી શકો છો.

અલબત્ત, તેઓ હાલ કલકત્તામાં ચાતુર્માસ બિરાજમાન છે. પરંતુ આજના વિજ્ઞાનયુગમાં ગૃહસ્થોને માટે કલકત્તા પણ બહુ દૂર ન કહેવાય. સમેતશિખરજી થઈને ત્યાં જવાથી અનેક સ્થાવર તીર્થોની સાથે આવા મહાન જંગમતીર્થના દર્શન-વંદન નો મહાલાભ મળી જાય.

વર્ષો પૂર્વે ગૃહસ્થપણામાં ત્રીજા સ્ટેજની ટી.બી.ના કારણે બચવાની આશા નહીંવત્ હોવાથી અંતિમ શ્વાસ લેવા માટે શ્રીસિધ્ધાચલજી મહાતીર્થમાં આવેલા એમણે ચોવિહારી છઠ્ઠ સાથે સાત યાત્રા કરતાં ટી.બી. અદશ્ય થઈ ગયું ! નવજીવન મળ્યું. ત્યાંને ત્યાં સંયમ સ્વીકારવાનો સંકલ્પ કર્યો અને તે મુજબ ટૂંક સમયમાં સંયમ સ્વીકારીને આજે ગચ્છાધિપતિ પદે બિરાજમાન થઈ ગયા.

પોતાને જીવતદાન આપનાર સિધ્ધાચલજી મહાતીર્થની ચોવિહાર છઠ્ઠ સાથે સાત યાત્રા હોવાથી દીક્ષા પછી તેમણે અવાર નવાર ચોવિહાર છઠ્ઠ સાથે સાત યાત્રાઓ કરવાનું ચઢતા પરિણામે ચાલુ જ રાખ્યું. પરિણામે આજે અજોડ વિશ્વ વિક્રમ રૂપ કહી

શકાય તેવી ઉપરોક્ત સિદ્ધિ તેઓશ્રીએ હાંસલ કરી છે. ગચ્છાધિપતિ આચાર્યપદે બિરાજમાન હોવા છતાં તેઓશ્રીની નમ્રતા અને સાદગી એવી અનોખી છે કે તેઓ મોટે ભાગે વ્યાખ્યાન કે ચાતુર્માસમાં રાત્રે સંથારો કરવા સિવાય પાટનો ઉપયોગ પ્રાયઃ કરતા નથી. નીચે જ બેસે છે. વસ્ત્રો પણ ખૂબ સાદા સામાન્ય મુનિ જેવા જ લાગે. સ્વભાવે પણ ખૂબ જ સરળ.

આ વર્ષે તેઓશ્રીની પાવન નિશ્રામાં જાખોડા તીર્થ (રાજસ્થાન) થી શિખરજી મહાતીર્થનો છ'રી પાળતો મહાન સંઘ નીકળેલ.

સિધ્ધાચલ શણગાર ટૂંક તથા ઘેટી પગલાની પાછળ આદપર ગામ પાસે વિશાળકાય આદિનાથ ભગવંતની અંજનશલાકા-પ્રતિષ્ઠાપણ તેઓશ્રીના વરદ હસ્તે થયેલ છે.

**તેમના પવિત્ર નામમાં પરમાત્માના સાકાર અને નિરાકાર બંને સ્વરૂપોનો સમાવેશ થાય છે !!!**

**તેમના ગુરુદેવશ્રી પણ ''ખાખી મહાત્મા'' તરીકે પ્રખ્યાત આચાર્ય ભગવંત હતા.**

હવે તો ઓળખી ગયા ને ગુરુ-શિષ્યની અનોખી જોડી ને ?

**જો કદાચ જીવનમાં એકપણ વાર એમના દર્શન ન કર્યા હોય તો જયાં સુધી એમના દર્શનનો લાભ ન મળે ત્યાં સુધી એકાદ વસ્તુના ત્યાગનો સંકલ્પ કરશો ને ?... ધન્યવાદ.**

## (૫) સળંગ 33 કલાક સુધી ધ્યાનમુદ્રામાં સ્થિરતા કરતા આત્મજ્ઞાની આચાર્યશ્રી !!!

૨૨ વર્ષની ભર યુવાવસ્થામાં સં. ૨૦૨૫માં દિગંબર મુનિ દીક્ષાને અંગીકાર કરીને અપ્રમત્તપણે જ્ઞાન-ધ્યાનની વિશિષ્ટ સાધના અને વિનય-વૈયાવચ્ચ આદિ અનેક સદ્ગુણોની યોગ્યતાને લીધે ગુરુ દ્વારા માત્ર ચાર જ વર્ષના દીક્ષા પર્યાયમાં (૨૬ વર્ષની નાની વયમાં) આચાર્ય પદ ઉપર આરૂઢ કરાયેલા એ મહાત્માની સાધનાની વાતો વર્તમાનકાળમાં હેરત પમાડે તેવી છે.

* સાંપ્રદાયિક પૂર્વગ્રહથી મુક્ત થઈને ગુણગ્રાહી દૃષ્ટિથી, પ્રમોદ ભાવપૂર્વક આ દૃષ્ટાંત વાંચવા વિનંતિ.

રોજ ત્રિસંધ્યાએ ૨-૨ા કલાક (કુલ ૬-૭ કલાક) સુધી નિયમિતપણે ધ્યાનમુદ્રામાં સ્થિર થઈને આત્માનુભવ માટે સાધના કરતા આ મહાત્મા ક્યારેક નિર્જન ગુફા વિગેરેમાં કલાકો સુધી કાયોત્સર્ગ મુદ્રામાં ઊભા ઊભા અડોલપણે સ્થિર રહે છે !...

**એક વાર અજમેર (રાજસ્થાન) માં ચાતુર્માસ દરમ્યાન તેઓશ્રી સળંગ ૩૩ કલાક સુધી ખડ્ગાસનમાં (ઊભા ઊભા) ધ્યાનલીન રહ્યા હતા !!! આટલા લાંબા સમય સુધી ભૂખ–તરસ–નિદ્રા–થાક–લઘુનીતિ–વડીનીતિ આદિ શારીરિક બાધાઓ ઉપર તેમણે અદ્‌ભુત વિજય મેળવ્યો હતો !**

દીક્ષાથી માંડીને યાવજ્જીવ પર્યંત મીઠું, લાલ મરચું, તેલ તથા સાકરનો ત્યાગ કરેલ છે ! પાછળથી તમામ ફળોનો પણ સદાને માટે ત્યાગ કરેલ છે. યાવજ્જીવ ઠામ ચૌવિહાર એકાશણા હોવા છતાં વર્ષ દરમ્યાન ૪૦-૫૦ ચૌવિહાર ઉપવાસ પણ તેઓ કરે છે.

આવા વિશિષ્ટ તપ-ત્યાગ અને જ્ઞાન-ધ્યાનની સાથે ગુરુકૃપાથી સમયસાર ગ્રંથનું ચિંતન-મનન-નિદિધ્યાસન કરતાં કરતાં તેમને વિશિષ્ટ આત્માનુભૂતિ થઈ હતી. તે તેઓશ્રીના શબ્દોમાં જ જોઈએ.

**मुनि-दीक्षाके पश्चात् पावन बेलामें, परम पावन, तरण-तारण गुरु-चरणके सान्निध्यमें ग्रन्थराज समयसारका चिन्तन-मनन-अध्ययन यथाविधि प्रारंभ हुआ ।**

**अहा, यह भी गुरुकी गरिमा-महिमा-अरिमा कि कन्नड भाषा भाषी उन्होंने मुझे अत्यंत सरल, सुमधुर भाषा शैलीमें समयसारके हृदयको खोल-खोलकर बारबार दिखाया । प्रति गाथामें अमृत ही अमृत भरा है... और मैं पीता ही गया... पीता ही गया... ।**

**मांके समान गुरुवर अपने अनुभव और मिलाकर, घोल घोलकर पिलाते ही गये. पिलाते ही गये ।**

मुझे.... शिशु-बालमुनिको फल स्वरुप उपलब्धि हुई अपूर्व विभूतिकी... आत्मानुभूतिकी !!!....और समयासार ग्रन्थ (परिग्रह) प्रतीत हो रहा है !!!
पीयूष भरी गाथाओंके रसास्वादमें डूब जाता हूं कि ऊपर उठता हुआ, उठता हुआ, ऊर्ध्व गममान होता हुआ, सिद्धालयको पार कर गया हूं... सीमोल्लंघन कर गया हूं !!! अविद्या कहां ? कब सरपट भाग गयी, पता नहीं रहा । आश्चर्य यह है कि जिस विद्याकी चिरकालीन

प्रतीक्षा थी इस विद्यासागरके भी पार बहूत दूर....! दूरातिदूर... ! पहूंच गया हूं। विद्या-अविद्यासे परे... ध्यान-ध्येय ज्ञान-ज्ञेयसे परे... भेदाभेद-खेदाखेदसे परे, उसका साक्षी बनकर उद्ग्रीव उपस्थित हूं अकम्प निश्चल शैल, चारों ओर छायी है सत्ता... महासत्ता... सब समर्पित-अर्पित स्वयं अपनेमें...!!!

આવા સ્વાનુભૂતિસંપન્ન પ્રખર આત્મસાધક હોવા ઉપરાંત તેઓ વિશિષ્ટ કક્ષાના સાહિત્યકાર વિદ્વાન અને શીઘ્રકવિ પણ છે.

તેમની કૃતિઓમાં ''મૂક માટી'' નામે આધ્યાત્મિક મહાકાવ્ય ખૂબ જ પ્રસિદ્ધિ અને પ્રશંસાને પામ્યું છે. તદુપરાંત પાંચ કાવ્યસંગ્રહો, ૨૨ પ્રવચન સંગ્રહ પુસ્તકો, સમયસાર વિગેરે સંસ્કૃત-પ્રાકૃત ૨૦ જેટલા ગ્રંથોનો હિન્દીમાં પદ્યાનુવાદ, નિજાનુભવ શતક વિગેરે હિન્દી તથા સંસ્કૃત ભાષામાં ૭ શતક તથા અન્ય ૨૧ જેટલી કાવ્યમય રચનાઓ આત્માર્થી જીવો તથા વિદ્વાનોમાં ખૂબ જ લોકપ્રિય થયેલ છે. My Self નામે અંગ્રેજી કાવ્ય રચના તથા બંગાળી ભાષામાં પણ તેમણે બે કાવ્ય રચનાઓ કરી છે !

આટલી સાહિત્ય રચનાઓ તથા નિયમિત શિષ્યો તથા મુમુક્ષુઓને શાસ્ત્ર વાચના આપવા છતાં પોતાની દૈનિક ૬-૭ કલાકની ધ્યાન સાધનાને તેઓ ચાતુર્માસમાં કે શેષકાળમાં કદાપિ ગૌણ કરતા નથી એ તેમની ખાસ વિશેષતા છે.

તેમના માતા-પિતા બે બહેનો તથા બે લઘુબંધુઓએ પણ દીક્ષા અંગીકાર કરેલ છે. પરંતુ આચાર્યશ્રીએ તેમના પ્રત્યે પણ જરાય મમત્વભાવ રાખ્યો નથી. તેમના એક લઘુબંધુ શિષ્યમુનિ પણ તેમના જેવા જ પ્રખર આત્મસાધક છે !...

કડક ચારિત્ર પાલન તથા વિશિષ્ટ કોટિની વિદ્વત્તા વાત્સલ્ય આદિથી આકર્ષાઈને અનેક ગ્રેજ્યુએટ થયેલા યુવાનોએ તેમની પાસે દીક્ષા અંગીકાર કરી છે.

વિશિષ્ટ સાહિત્યકાર હોવાથી અનેક વિદ્વાનોના પત્રો તેમના ઉપર આવે છે. પરંતુ તેઓ સ્વયં કદી પત્ર લખતા કે વાંચતા નથી. આવેલ કવરને તેઓ ખોલતા કે ફાડતા પણ નથી ! તેમના એક શિષ્ય આ કર્તવ્ય અદા કરે છે. આમ વ્યવહાર અને નિશ્ચયનો અદ્‌ભુત સમન્વય-સમતુલા તેમના જીવનમાં જોવા મળે છે.

બેસવા માટે તેઓ કદાપિ ચટાઈનો પણ ઉપયોગ કરતા નથી !...

આગલા દિવસનો વિહારનો કાર્યક્રમ કોઈ શ્રાવકોને કે શિષ્યોને પણ જણાવતા નથી. જ્યારે પણ વિહાર કરવાનો હોય ત્યારે અચાનક ઊઠીને ચાલતા થઈ જાય છે ! એવી જ રીતે ચાતુર્માસનું સ્થળ પણ અગાઉથી જાહેર કરતા નથી. અષાઢ સુદમાં પોતે જ્યાં હોય ત્યાં ચાતુર્માસ માટે સ્થિર થઈ જાય છે !... પોતાના આજ્ઞાવર્તી

સાધુ-સાધ્વીજીઓને પણ તેઓ જયાં જયાં હોય ત્યાં ચાતુર્માસ માટેની આજ્ઞા તે તે સંઘોના આગેવાન શ્રાવકો અષાઢ સુદમાં વિનંતિ કરવા આવે ત્યારે તેમના મારફત જણાવી દે છે !...

તેમના જીવનના અનેક પ્રેરક પ્રસંગો તથા વિગતવાર જીવન ચરિત્રને જાણવાના જિજ્ઞાસુઓ, કોબા (જિ.ગાંધીનગર) થી ઈ.સ. ૧૯૯૧ના જુલાઈ-ઓગષ્ટ મહિનામાં પ્રસિદ્ધ થયેલ ''दिव्यध्वनि'' વિશેષાંક તથા ઈન્દોરથી પ્રસિદ્ધ થયેલ ''તીર્થંકર'' માસિકના વિશેષાંક દ્વારા પોતાની જિજ્ઞાસા સંતોષી શકે છે. તદુપરાંત એક શ્રાવિકાએ તેમના જીવન વિષે પી.એચ.ડી. નો મહાનિબંધ લખ્યો છે ! બીજી પણ પાંચ સ્મારિકાઓ તથા જીવન ચરિત્રના પુસ્તક પ્રકાશિત થયેલ છે !...

તેઓશ્રી મોટા ભાગે મધ્યપ્રદેશ તથા રાજસ્થાનમાં વિચરે છે. પરંતુ ગત વર્ષે પહેલી વાર ગુજરાતમાં સુરત પાસે મહુવા ગામમાં ચાતુર્માસ કરેલ. ચાતુર્માસ બાદ ગિરનાર તથા પાલિતાણાની યાત્રા કરીને તેઓ પુનઃ મધ્યપ્રદેશ તરફ પ્રયાણ કરી ગયા છે.

**તેમના નામનો પૂર્વાર્ધ એવા પ્રકારના ધનને સૂચવનાર અઢી અક્ષરનો સ્ત્રીલિંગ શબ્દ છે કે જેને ચોર ચોરી શકતા નથી, રાજા લઈ શકતો નથી, ભાઈઓ ભાગ પડાવી શકતા નથી અને જેમ જેમ વાપરવામાં આવે તેમ તેમ વૃદ્ધિ પામે છે !... તથા ઉત્તરાર્ધનો અર્થ સમુદ્ર થાય છે !...**

## ૬ અધ્યાત્મયોગી આચાર્ય ભગવતંશ્રી

એ આચાર્ય ભગવંત આજે અધ્યાત્મયોગી તરીકે જૈન શાસનમાં સુપ્રસિદ્ધ છે.

એમની ધ્યાનયોગની પ્રવૃત્તિ જોતાં એમ જ લાગે છે કે જૈન સાધનામાંથી ઠીક ઠીક પ્રમાણમાં વીસરાઈ ગયેલા ધ્યાન સાધનાના માર્ગને પુનઃ ચાલુ કરવા તેઓ, જાત અનુભવ અને સ્વયં પ્રયોગ દ્વારા બહુ જ આવકારપાત્ર પ્રયત્ન કરી રહ્યા છે. જયારે તેઓ તીર્થંકર પરમાત્માની પ્રતિમા સામે ઈશ્વર પ્રણિધાનમાં ઊતરી જાય છે ત્યારે તો આરામ, આહાર અને સ્થળ-કાળના ભેદને વીસરી ગયા હોય તેવું ભવ્ય અને પ્રેરક દશ્ય જોવા મળે છે ! આહાર લેવાની વૃત્તિ ઉપર તથા સ્વાદ ઉપર એમણે જે કાબૂ મેળવ્યો છે તે હેરત પમાડે તેવો અને દાખલા રૂપ બની રહે તેવો છે.

પોતાના ધર્મપત્ની અને બંને સંતાનો સાથે તેમણે સંયમ અંગીકાર કરેલ છે.

દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધના તરફ તો ગૃહસ્થ જીવન દરમ્યાન જ વળ્યા હતા; અને દીક્ષા લીધા પછી તો એ આરાધના ખૂબ જ અંતરસ્પર્શી, મર્મગ્રાહી અને વ્યાપક બની છે.

અજાતશત્રુ અને અધ્યાત્મયોગી તરીકે સુપ્રસિદ્ધ થઈ ગયેલા પંન્યાસજી ભગવંતના સાંનિધ્યમાં ઘણો સમય રહીને તેમના માર્ગદર્શન મુજબ તેઓશ્રીએ ધ્યાનસાધનામાં સવિશેષ પ્રગતિ સાધી છે. એ વખતે જ્યારે **વ્યાખ્યાનાદિ પ્રસંગે પૂજ્યપાદ પંન્યાસજી ભગવંતની સાથે પાટ ઉપર બેસવાનું થતું ત્યારે તેઓ રત્નાધિક એવા પંન્યાસજી ભગવંતને વચ્ચે બેસાડતા અને પોતે તેમની બાજુમાં સાઈડમાં બેસતા ! કેવો અદ્ભુત વિનય-નમ્રતા-લઘુતા !!!...**

બાળકના જેવી નિર્દોષતા, ધ્યાનયોગની સાધના અને સમર્પિતભાવથી શોભતી પરમાત્મભક્તિ આદિ અનેકવિધ વિશેષતાઓના પ્રભાવે તેમના જીવનમાં એવી અનેક ઘટનાઓ બનતી રહે છે જેને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. દા.ત. એમની નિશ્રામાં થતી પ્રભુ પ્રતિષ્ઠા દરમ્યાન જિનાલયમાં કલાકો સુધી સ્પષ્ટ અમીઝરણા... તેઓશ્રી પસાર થયા હોય ત્યાં ક્વચિત જમીન ઉપર કેસરના પદ ચિહ્નો... વિગેરે

લગભગ સાડા ચારસો જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતો તેમની આજ્ઞામાં પ્રવર્તે છે. અનેકવિધ શાસન પ્રભાવનાના કાર્યો તેમની નિશ્રામાં સહજપણે ચાલુ જ હોય છે. છતાં પણ તેઓશ્રી પોતાની આત્મસાધનાને જરાપણ ગૌણ બનવા દેતા નથી. વ્યવહાર અને નિશ્ચયનો અદ્ભુત સમન્વય તેમના જીવનમાં જોવા મળે છે ૨૪ કલાકમાં માંડ ૨-૩ કલાક જ તેઓ આરામ કરે છે. તેમના બંને પુત્ર મુનિવરો તેમની સાધના અને શાસનના કાર્યોમાં સુંદર સહયોગ આપી રહ્યા છે.

અધ્યાત્મયોગી અપ્રમત્ત આચાર્ય ભગવંતશ્રીની આત્મસાધનાની હાર્દિક અનુમોદના સહ ભાવભીની વંદના.

## ૭ સિદ્ધગિરિ આદિના પ્રત્યેક જિનાલયમાં પ્રત્યેક પ્રભુજીને ૩ ખમાસમણ દ્વારા વંદના

છએક વર્ષ પહેલાં કાળધર્મ પામેલા એક ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતશ્રીએ શ્રી સિદ્ધગિરિજી મહાતીર્થમાં બિરાજમાન લગભગ ૨૨૦૦૦ જિનબિંબોને ત્રણ-ત્રણ ખમાસમણ આપીને વંદના કરી હતી !...

એવી જ રીતે અમદાવાદના તમામ જિનાલયોમાં બિરાજમાન પાષાણના સર્વ

જિનબિંબોને પણ તેઓશ્રીએ ૩-૩ ખમાસમણ આપીને વંદના કરી હતી.

ગુજરાત, મારવાડ, મેવાડ, મહારાષ્ટ્ર, બિહાર, બંગાળ, કચ્છ વિગેરેમાં તેઓશ્રી જયાં પણ વિચર્યા ત્યાંના બધા જિનાલયોના પાષાણના સર્વ જિનબિંબોને ૩-૩ ખમાસમણ આપીને વંદના કરી !...

બે વાર વિધિપૂર્વક સિદ્ધગિરિજીની ૯૯ યાત્રા કરી ત્યારે પણ ગિરિરાજ ઉપર કદીપણ આહાર કે સ્થંડિલ માત્રુ કર્યું નહોતું. પાણી પણ બને ત્યાં સુધી ગિરિરાજ ઉપર વાપરતા નહીં. છેલ્લે ૯૫ વર્ષની બુઝર્ગ વયે યાત્રા કરી ત્યારે પણ અજવાળું થયા બાદ જ યાત્રાનો પ્રારંભ કરી નવટૂંકોના દર્શન તેમજ મુખ્ય જિનાલયોમાં ચૈત્યવંદના કરતા ૧૨ વાગ્યે દાદાના દરબારમાં પહોંચ્યા. ત્યાં પણ સ્તવન-સ્તુતિમાં લીન બની છેક સવા બે વાગ્યે બહાર આવ્યા અને ઘેટી પગલે ગયા. ત્યાં દરેક મંદિરોમાં દર્શન-ચૈત્યવંદન કરી નીચે ઊતર્યા અને છેક ૩ાા વાગ્યે પચ્ચક્ખાણ પાર્યું.

વ્યાખ્યાન વાચસ્પતિ ઈત્યાદિ અનેક બિરૂદાવલિથી અલંકૃત થયેલા તેઓશ્રીએ અનેકવિધ શાસનપ્રભાવક કાર્યો કર્યાં છે.

તેઓશ્રીનું શુભ નામ વર્તમાન અવસર્પિણીકાળમાં ભરતક્ષેત્રમાં થયેલ ૯ બલભદ્રો પૈકી એક સુપ્રસિદ્ધ બલભદ્રનું નામ છે !... પૂજયશ્રીની જિનભક્તિ-તીર્થભક્તિની હાર્દિક અનુમોદના. તેઓશ્રીના પટ્ટધર, આજીવન ગુરુચરણસેવી આચાર્ય ભગવંત આજે ગચ્છાધિપતિપદે છે. તેઓશ્રીએ પણ પોતાના ગુરુદેવશ્રીની સાથે દરેક પ્રભુજીને ૩-૩ ખમાસમણ આપેલ છે.

## ૯ સિદ્ધગિરિ તથા અમદાવાદના તમામ પ્રભુજી સમક્ષ ચૈત્યવંદન !!!

એક મુનિવરે શ્રીસિદ્ધગિરિજી મહાતીર્થ ઉપર તેમજ પાલિતાણાના તમામ જિનાલયોમાં રહેલા આરસના નાના-મોટા તમામ હજારો જિનબિંબો સમક્ષ વિધિપૂર્વક ચૈત્યવંદન કરેલ છે !!!...

તેવી જ રીતે એ મહાત્માએ અમદાવાદના ૩૪૮ જિનાલયોમાં રહેલ આરસના તમામ જિનબિંબો સમક્ષ પણ વિધિપૂર્વક ચૈત્યવંદન કરીને વ્યવહાર સમકિતને નિર્મળ બનાવ્યું છે !...

તેમની પ્રેરણાથી અમદાવાદમાં પાંચ બાળકોએ ૧૦૦ થી વધુ દેરાસરોના તમામ પ્રભુજીની પૂજા કરી છે. ભવિષ્યમાં આ બાળકો અમદાવાદના બાકીના તમામ દેરાસરોના પ્રભુજીની પુજા કરવાનો સંકલ્પ પૂર્ણ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે !

વળી તેમણે ''ૐ હ્રીં નમો ચારિત્તસ્સ'' પદનાં ક્રોડ વાર જાપ કરેલ છે, તથા અન્ય અનેક આત્માઓને આ રીતે ચારિત્ર પદનો ક્રોડ વાર જાપ કરવાનો અભિગ્રહ આપેલ છે.

આ મહાત્માને ગિરનાર મંડન આબાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન ઉપર અનન્ય શ્રદ્ધા-ભક્તિ છે.

હાલ તેઓ પોતાની દીક્ષાથી પહેલાંના ૨૦ વર્ષના હિસાબે, દર પક્ખીના ૧ ઉપવાસ અથવા ૨૦૦૦ ગાથાના સ્વાધ્યાય મુજબ ૧૨ લાખ ગાથાનો સ્વાધ્યાય કરી રહ્યા છે.

સાગર સમુદાયના આ મહાત્માનું નામ ભગવાન શ્રી મહાવીર સ્વામીના ૧૧ ગણધરો પૈકી એક ગણધર ભગવંતના નામ જેવું જ છે.

મુનિવરની પ્રભુભક્તિ આદિ રત્નયત્રીની આરાધનાની હાર્દિક અનુમોદના.

## ૯ યથાર્થનામી ગચ્છાધિપતિશ્રીની ગુણ ગરિમા

૧૩ વર્ષની નાની વયમાં શીતળાના રોગથી મૂર્છિત (મૃતપ્રાયઃ) થઈ ગયેલ બાળકને તેના માતા-પિતા વિગેરે કુટુંબીજનોએ મૃત્યુ પામેલો માનીને ભારે હૈયે સ્મશાનયાત્રાની તૈયારી કરવા માંડી હતી. પરંતુ એ બાળકના હાથે આગળ જતાં જૈનશાસનની અનેકવિધ પ્રભાવના થવાની હતી એટલે થોડીવાર પછી સ્હેજ અંગસ્ફૂરણ થતાં તેને જીવતો જાણીને ઠાઠડી છોડી નાખી અને યોગ્ય ઉપચારો ચાલુ રહેતાં છ મહિનાની ગંભીર માંદગીના અંતે સ્વાસ્થ્યની પ્રાપ્તિ થતાં વૈરાગ્યનો રંગ લાગ્યો. તપ-ત્યાગ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિની આરાધના કરવા કરાવવા દ્વારા વૈરાગ્યને પુષ્ટ બનાવ્યો. છેવટે દીક્ષા માટે રજા ન મળે ત્યાં સુધી એકાશણાનો પ્રારંભ કરી દીધો.

**સહનશીલતા :** એકવાર માતુશ્રીને રસોઈમાં મદદ કરાવતાં ધગધગતું તેલ શરીર ઉપર પડયું. અસહ્ય વેદના થઈ છતાં પણ એકાશણા છોડયા નહિ !...

**તપશ્ચર્યા :** આખરે ૩ વર્ષ સુધી એકાશણા કર્યા બાદ દીક્ષા માટે રજા મળી. દીક્ષા બાદ એકાશણા છોડવા માટે આગ્રહ કરવામાં આવ્યો ત્યારે તેમણે મક્કમતાપૂર્વક જવાબ આપ્યો કે, 'ગૃહસ્થ જીવનમાં એકાશણા કર્યા હોય તો સાધુ જીવનમાં એકાશણા કેમ છોડાય ?'... અને તેમણે દીક્ષા પછી ૪૩ વર્ષ સુધી એકાશણા ચાલુ રાખ્યા. આટલેથી સંતોષ ન માનતાં પાછલી વયમાં લાગટ ૮ વર્ષીતપ કર્યા !... શિષ્યો તથા ભક્તો વિનંતિ કરતા કે- 'સાહેબજી ! આપને શાસનના ઘણા કાર્યો કરવાના બાકી છે અને હવે આપની ઉંમર પણ મોટી થઈ છે માટે હવે આપ વર્ષીતપ ન કરો તો સારું.' ત્યારે પૂજ્યશ્રી કહેતા કે 'હું લાંબા સમય સુધી જીવું એમ તમે ઈચ્છતા હો તો તપશ્ચર્યા છોડવાની વાત મારી પાસે ફરી વાર કરશો નહિ. તપશ્ચર્યાથી જ દ્રવ્ય-ભાવ આરોગ્ય સારું રહે છે !...' ગચ્છાધિપતિશ્રીની આવી પ્રેરણાથી તેમના સાધુ-સાધ્વી સમુદાયમાં અનેક વિશિષ્ટ તપસ્વી મહાત્માઓ પાકયા છે. પૂજ્યશ્રીના એક વર્ષીતપનું પારણું રાષ્ટ્રપતિશ્રી જ્ઞાની ઝૈલસિંઘે ઈક્ષુરસ વહોરાવીને કરાવ્યું હતું !...

**તેઓ સ્વયં ચા પીતા નહિ અને કોઈપણ મુમુક્ષુ દીક્ષા લેવા માટે તેમની પાસે આવે ત્યારે ચા ખાસ છોડાવી દેતા !...**

**જ્ઞાનોપાસના :** તીવ્ર જ્ઞાન પિપાસાને કારણે પંડિતની બહુ અલ્પ સમય માટે સગવડ મળવા છતાં સંસ્કૃત વ્યાકરણ આદિનો ખૂબ સુંદર અભ્યાસ કરી લીધો એટલું જ નહિ પરંતુ સંસ્કૃતમાં ગદ્ય-પદ્ય રચનાઓ પણ કરતા થઈ ગયા. છતાં જ્ઞાનનો જરાપણ મદ ન હતો. **વિનય-વૈયાવચ્ચ દ્વારા ગુરુના હૃદયમાં એવા વસી ગયા કે માત્ર પાંચ વર્ષના દીક્ષા પર્યાયમાં ગુરુદેવશ્રીએ તેમને ઉપાધ્યાય પદે આરૂઢ કર્યા !...**

તેમણે સંસ્કૃતમાં લઘુ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર સમરાદિત્ય કેવલી ચરિત્ર, શ્રીપાળ ચરિત્ર, દ્વાદાશ પર્વકથા સંગ્રહ વિગેરે સુંદર રચનાઓ કરી છે. એવી જ રીતે ભાવવાહી સ્તવન ચોવીશી સહિત અનેક સ્તવનો, સ્તુતિઓ, ચૈત્યવંદનો તથા પૂજાઓ વિગેરેની પણ રચના અનેકવિધ શાસનપ્રભાવનાની પ્રવૃત્તિઓની વચ્ચેથી પણ સમય કાઢીને કરી છે. એક જ ચાતુર્માસમાં બે ટાઈમ વ્યાખ્યાન, વયોવૃદ્ધ ગુરુદેવની સેવા કરવા ઉપરાંત તેમણે ૧૧ અંગસૂત્રોનું વાંચન ગુરુકૃપાથી સ્વયમેવ કર્યું હતું !...

**દર્શન શુદ્ધિ :** તીર્થંકર પરમાત્મા અને તેમના શાસન પ્રત્યે તેમના હૃદયમાં અદ્ભુત ભક્તિ અને સમર્પણભાવ હતો. તેથી જ જિનશાસનની વર્તમાન પરિસ્થિતિ જોઈને તેમને ખૂબ જ દુઃખ થતું. બધા ગચ્છોમાં સંપ અને મૈત્રીભાવ વધે તથા એકતા યા

એકસંપીતા થાય તે માટે તેઓ અનેક આચાર્ય ભગવંતોને મળીને વિચાર વિનિમય કરતા. જરૂર પડયે પોતાની આચાર્ય પદવીનો ત્યાગ કરવાની પણ તૈયારી હોવાની વાત અનેકવાર જાહેર પ્રવચનોમાં પણ કરી હતી ...!

**અપ્રમત્તતા :** ૨૪ કલાકમાં માંડ ત્રણેક કલાક તેઓ આરામ કરતા. રાત્રે ૧૨ વાગ્યે ઊઠી જઈને જાપ વિગેરે આરાધના-સાધનામાં લાગી જતા. ભીંત વિગેરેનો ટેકો ક્યારે પણ લેતા નહિ. છેલ્લા થોડા મહિનાને બાદ કરતાં વર્ષો સુધી **તેમણે દરરોજ પંચપરમેષ્ઠી ભગવંતોને ૧૦૮ ખમાસમણા આપીને વંદના કરી !!!...**

**સાદગી :** ક્યારેક શિષ્યો ભક્તિથી તેમને નવા કપડા પહેરવાનો આગ્રહ કરે ત્યારે તેઓ આનાકાની કરતા અને કહેતા કે સાદગી એ જ સાધુનું સાચું આભૂષણ છે. સાધુ તપ-સંયમ અને સાદગીના આભૂષણોથી શોભે છે. દૂધ જેવા સફેદ નવા નકોર કપડા પહેરવા સાધુને માટે હિતાવહ નથી. તેમ છતાં જીર્ણ થયેલ વસ્ત્રને બદલ નૂતન વસ્ત્ર પહેરવાનો પ્રસંગ આવે ત્યારે તેઓ જાણી જોઈને તે વસ્ત્રને જેમ તેમ ગૂંચડું વાળીને પછી જ પહેરતા !!!...

**નિરભિમાનીતા :** ક્યારેક કોઈ નાના સાધુને પણ તેની ભૂલના કારણે ઠપકો આપવો પડયો હોય તો સાંજે પ્રતિક્રમણની માંડલી વખતે બધા સાધુઓની હાજરીમાં તે નાના સાધુને ખમાવતાં જરાપણ અચકાતા નહિ !!!...

**સમતા-ક્ષમા :** ક્યારેક તેમના કોઈ વિરોધી કે વિઘ્નસંતોષી જાહેર સભામાં તેમની હાજરીમાં જ તેઓશ્રીની વિરુદ્ધમાં કાંઈપણ બોલે કે વિરોધની પત્રિકા છપાવે તો પણ તેનો વિરોધ કે પ્રતીકાર ન કરતાં 'સામો થાય આગ તો તમે થજો પાણી; આ છે પ્રભુ વીરની વાણી'... ઈત્યાદિ સુવાક્યોને જીવનમાં આત્મસાત્ કરીને સમતા જ રાખતા. પરિણામે આખી સભા પૂજ્યશ્રીની અદ્ભુત ક્ષમા અને સમતા જોઈને આશ્ચર્ય અને અહોભાવ સાથે પૂજ્યશ્રી પર ઓવારી જતી !...

**કરકસર :** અનેકવિધ રચનાઓ તથા પત્ર વ્યવહાર કરવા માટે પણ તેમણે પોતાના નામનો લેટરપેડ છપાવવા માટે કદીપણ શિષ્યોને સંમતિ આપી ન હતી. એટલું જ નહીં પરંતુ ટપાલમાં આવેલા કવરને આખો ખોલી નાખીને તેની અંદરના ભાગનો ઉપયોગ તેઓ નવીન રચના કરવા માટે કે પત્રના જવાબ લખવા માટે કરતા

માંદગીના પ્રસંગોમાં પણ તેઓશ્રી પ્રાયઃ એલોપથી દવાને ટાળતા અને મોટે ભાગે માટી, પાણી, લોટ, થૂંક, શિવામ્બુ કે ચોખા જેવા તદ્દન સાદા અને નિર્દોષ ઉપચાર કરતા.

એક વાર રાત્રે માત્રુ કરવા માટે ઊઠયા ત્યારે અંધારામાં ઠેસ લાગતાં પગના

અંગૂઠામાંથી લોહીની ધાર વછૂટી ગઈ. છતાં કોઈપણ શિષ્યને ઊંઘમાંથી ન ઊઠાડતાં પાણીથી ભીંજાવેલ પાટો બાંધી દીધો અને પોતાના નિત્યક્રમમાં પરોવાઈ ગયા. સવારે અજવાળું થયા બાદ ઉપાશ્રયમાં લોહીના ડાઘ જોઈને શિષ્યોએ પૂછતાં ખુલાસો કર્યો. શિષ્યોએ કહ્યું કે- ''ગુરુદેવ ! અમને કેમ ઊઠાડયા નહિ ?'' પૂજ્યશ્રીએ સહજતાથી કહ્યું કે - 'પોતાના સ્વાર્થ ખાતર તમારા આરામમાં અંતરાવ શા માટે નાંખવો ? એવી વિચારણાથી તમને ઊઠાડયા નહિ !...' ગુરુદેવની આવી સહનશીલતા અને પરહિતચિંતા જોઈને શિષ્યો પૂજ્યશ્રીના ચરણોમાં નમી પડયા !...

**શાસન પ્રભાવના :** પૂજ્યશ્રીએ રાત-દિવસ અપ્રમત્તપણે પુરુષાર્થ કરીને જાણે બિંદુમાંથી સિંધુનું નવસર્જન કરતા હોય તેમ સમ્યક્જ્ઞાન માટે બબ્બે વિદ્યાપીઠોની સ્થાપના, મુંબઈથી સમેતશિખરજી અને શિખરજીથી પાલિતાણાના બે વિરાટ ઐતિહાસિક યાત્રા સંઘો, અનેક જિનાલયો, તીર્થો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, જ્ઞાનસત્રો, અધિવેશનો, દીક્ષાઓ, પ્રતિષ્ઠાઓ, અંજનશલાકાઓ વગેરે દ્વારા અદ્‌ભુત શાસનપ્રભાવના કરી. પરિણામે શ્રીસંઘે અને સમાજે તેમને પ્રસંગે પ્રસંગે અનેકવિધ બિરૂદોથી નવાજ્યા છતાં પણ તેનો જરાપણ મદ તેમના જીવનમાં દૃષ્ટિગોચર થતો ન હતો !...

છ'રી પાળતા સંઘો દરમ્યાન બબ્બે વાર મરણાંત અકસ્માતની શકયતામાંથી પણ પૂજ્યશ્રી દૈવી પ્રભાવે અદ્‌ભુત રીતે ઉગરી ગયા હતા.

પરંતુ કર્મસત્તાને લાગ્યું કે હવે આ અલગારી આત્માએ પોતાની અનાદિકાલની સંસારની પેઢી સમેટવાની પૂરી તૈયારી કરેલ છે એટલે પોતાનું બાકી રહેલું લેણું જલ્દી વસૂલ કરવા માટે પૂજ્યશ્રીના શરીરે કમરમાં કોઈ ન કળી શકાય તેવો અસાધ્ય અને અસહ્ય રોગ પરિષહ ઉત્પન્ન કરી દીધો !... ત્યારે ભયંકર વેદનાની વચ્ચે પણ તેઓશ્રી પરમાત્માને વંદના કરવાનું ચૂકતા નહિ. કયારેક રાત્રે ઊંઘ ઊડી જાય ત્યારે પણ, 'મને પ્રતિક્રમણ કરાવો... પડિલેહણ કરાવો' ઈત્યાદિ બોલતા ! શિષ્યો કહેતાં કે 'ગુરુદેવ ! પ્રતિક્રમણ/પડિલેહણ કરાવી દીધું છે.' ત્યારે પૂજ્યશ્રી કહેતા કે મારો ઉપયોગ બરાબર ન હતો મારે ફરીથી કરાવો !!!... જૈફ વયે પણ તેઓશ્રી બંને ટાઈમ ઊભા ઊભા જ પ્રતિક્રમણ શિષ્યોની સાથે માંડલીમાં કરતા !!!...

આવા આવા અનેકવિધ ગુણોના ભંડાર યથાર્થનામી પૂજ્યશ્રીના ગુણોનું વર્ણન એક નાનકડા લેખ દ્વારા કેટલું કરી શકાય ? તે માટે તો તેઓશ્રીની વિદાય (સં ૨૦૪૪ ભા.વ.૩૦) બાદ પ્રકાશિત થયેલા દળદાર સ્મૃતિગ્રંથનું અવગાહન કરવું જ રહ્યું !

પ્રિય વાંચક ! હવે તો ઓળખી જ ગયા હશો ને કે આ પૂજ્યશ્રી કોણ હશે ?

પૂજ્યશ્રીના ચરણોમાં અનંતશઃ વંદના.

# ૧૦ : ગચ્છાધિપતિશ્રીના પ્રેરક જીવન પ્રસંગો

## (૧) સ્વાધ્યાય તો સંગીત છે :-

એક મુનિવર ગાથા ગોખી રહ્યા હતા. અચાનક જ તેમની નજર પૂજ્યપાદ ગુરુદેવશ્રી ઉપર ગઈ. પૂજ્યશ્રી જાપની તૈયારી કરી રહ્યા હતા. એટલે એ મુનિવરે પોતાનો અવાજ એકદમ નાનો કર્યો. સ્વાધ્યાયનો ઘોષ એકદમ અટકી જતાં પૂજ્યશ્રીએ પૂછ્યું : 'કેમ ગાથા ગોખવાની બંધ કરી ?' મુનિવરે કહ્યું : 'સાહેબજી ! આપ જાપમાં બેસી રહ્યા છો. મારા અવાજથી આપને ખલેલ ન પડે એટલે મનમાં ગોખી રહ્યો છું.'

**પૂજ્યશ્રી : 'અરે ! ભલા ભાઈ ! સ્વાધ્યાયના ઘોષથી મને ખલેલ પહોંચતી હશે ? સાધુની વસતિમાં તો ચોવીસે ય કલાક સ્વાધ્યાયના ઘોષનો રણકાર ચાલવો જોઈએ. એનાથી મારો જાપ એકાગ્રતાથી થાય છે. હા, તમે વાતચીત કરો તો મારી એકાગ્રતા તૂટે છે.'**

પૂજ્યપાદશ્રીનો સ્વાધ્યાયપ્રેમ અને ફિજુલ વાતો-ચીતો પ્રત્યેનો સ્પષ્ટ અણગમો અનુભવીને બધા મુનિવરો પણ સ્વાધ્યાયના ઘોષમાં મગ્ન બન્યા. અને પૂ. ગુરુદેવશ્રીને ઝૂકી પડ્યા.

## (૨) અક્ષર ઉપર અક્ષરપ્રેમ :-

શિબિરાર્થી વિદ્યાર્થીઓને ૨-૩ પ્રવચનો આપ્યા બાદ સાંજે ગુરુદેવશ્રી સાધુઓને ન્યાય ભૂમિકા ભણાવતા હતા. સમજાવવા માટે બાજુમાં બ્લેકબોર્ડ હતું.

કઠિનમાં કઠિન પદાર્થો મગજમાં સરળતાથી ઊતરી જાય તે માટે બોર્ડ પર લખીને ગુરુદેવશ્રી અધ્યાપન કરાવતા હતા. ત્યારે એક વિશેષતા જોવામાં આવી... જૂનું લખાણ ભૂંસીને નવું લખવું હોય ત્યારે આખું ન ભૂંસતાં અમુક શબ્દો કે અક્ષરો ભૂંસી તેના સ્થાને નવા શબ્દો ગોઠવી દેતા. આ કામમાં તેઓશ્રીની હથોટી બેસી ગઈ હતી...

ઉપરછલ્લી દૃષ્ટિએ જોતાં લાગે કે કેટલી માથા ફોડ ? કેટલી મહેનત ? આના કરતાં આખું બોર્ડ એક મિનિટમાં ભૂંસાઈ તરત નવું લખાઈ જાય... સમય કેટલો બગડે ?

પણ પૂજ્યશ્રી આ કારીગીરીમાં માસ્ટર હતા. ક્યારે શબ્દો ઊડી જાય... નવા શબ્દો આવી જાય... ને આખી શબ્દરચના વ્યવસ્થિત થઈ જાય,

તેની ખબર શુદ્ધાં ન પડે... દા.ત. જૂના શબ્દ 'વિશેષ્યતા' માંથી 'ષ્ય' એટલું ભૂંસીને એના સ્થાને 'ષણ' એટલું ઉમેરતાં નવો શબ્દ 'વિશેષણતા' તૈયાર થઈ જાય...!

પૂછ્યું - 'આમ કેમ કરો છો ?'

**ગુરુદેવશ્રી : 'એક તો અક્ષરો લખવા એ જ ગુનો છે, ને ભૂંસવા એ મોટો ગુનો !... આપણે લખ્યા વગર ચાલતું નથી તો જેટલો ગુનો ઓછો થાય તેટલું સારું ને !!!...'**

卐

## (૩) સમ્યગ્દર્શન તે આનું નામ :-

ખંભાતથી વિહાર કરીને અમદાવાદ જતાં માતર તીર્થ આવ્યું. સાંજના વિહારમાં સખત તડકો લાગેલો. જોતજોતામાં દેરાસર આવી ગયું. 'ગુરુદેવ ! પહેલાં પાણી વાપરી લો, પછી પધારો.' શિષ્યે કહ્યું.

**'મહાત્મા ! ગામમાં આવ્યા પછી જ્યાં સુધી ભગવાનના દર્શન ન કર્યા હોય ત્યાં સુધી પાણી પીવાય કેવી રીતે ?'**

કંઠ ભલે જલપાન માટે તરસે પણ અખિયાં જિન દરિશનકી પ્યાસી !

પૂજ્યશ્રી પધાર્યા દેરાસરે, સ્તુતિ-સ્તવન - દર્શનમાં એવા ગરકાવ બની ગયા કે તરસ તરસના ઠેકાણે. સૂર્યાસ્ત સમયે બહાર ઉપાશ્રયે પધાર્યા ત્યારે દેરાસરમાં ચોવિહારનું પચ્ચક્ખાણ કરીને જ આવ્યા હતા. પૂજ્યશ્રીનો આ નિત્યક્રમ હતો. ગામમાં આવી ગયા પછી દેરાસર હોય તો દર્શન કર્યા વગર પાણી પણ વાપરતા નહીં. એટલી લગની હતી પ્રભુદર્શનની - સમ્યગ્દર્શન તે આનું બીજું નામ.

卐

## (૪) ટોકસીનું પડિલેહણ રહી જતાં ચૌવિહાર ઉપવાસ :-

સં. ૨૦૨૩ની સાલના જેઠ મહિનાનો આ પ્રસંગ છે. સવારે ઘાટકોપરથી વિહાર કરીને મુલુંડ જવાનું હતું. વિહારની તૈયારી ચાલતી હતી. તેવામાં પૂજ્યશ્રીની નજર પોતાની તરપણી પર ગઈ. "મારી તરપણીની ટોકસી કેમ બદલાયેલી લાગે છે !" "હાજી ગુરુદેવ ! આપની ટોકસી નમૂના તરીકે બતાવવા એક શ્રાવકને આપી છે, આજે આવી જશે."

"ક્યારે આપી ?"... "ગઈ કાલે સવારે"... "સવારે તેનું પડિલેહણ થઈ

ગયું હતું ?..." "હાજી"... "બપોરે તેનું પડિલેહણ કોણ કરવાનું ? ટોકસીનું પડિલેહણ રહી જાય તે ચાલતું હશે ? પૂછવું તો જોઈએ ને ?"

ટોકસીનું એક ટંક પડિલેહણ રહી ગયું તેનું પૂજ્યશ્રીના હૃદયમાં એટલું દર્દ થયું કે ૧૪ કિ. મી. નો વિહાર કરીને પણ સખત ગરમીમાં ય તે દિવસે પ્રાયશ્ચિત્ત રૂપે ચૌવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લીધું. કેવી પાપભીરૂતા ! કેવો સંયમ !

卐

## (૫) જીવન જેનું સાદું, એનું નામ સાધુ :-

એક દિવસ પૂજ્યશ્રીના ચશ્મા તૂટ્યા. નવા કરાવવાના હતા. એક ગુરુભક્તને ખબર પડતાં તરત હાજર થઈ ગયા.

"ગુરુદેવ ! આપના ચશ્માનો લાભ મને આપો." "પણ ફ્રેમ કેવી લાવશો ?"... "સારામાં સારી, કિંમતીમાં કિંમતી"... "તો તમને લાભ નથી આપવો. મારે તો સાદામાં સાદી ફ્રેમ જોઈએ."... "પણ આપશ્રી તો જૈન શાસનના મહાન પ્રભાવક આચાર્ય છો. ૨૦૦ શિષ્ય-પ્રશિષ્યોના ગુરુ છો, મહાજ્ઞાની છો.... ગોલ્ડન ફ્રેમ ચમકતી હોય તો પ્રભાવ પડે. વળી મારે ચશ્મા વેંચાતા નથી લાવવાના, ઘરની ૬ દુકાન છે"...

તે શ્રાવકે, કેટલાક સાધુઓએ તથા અન્ય શ્રાવકોએ પણ ભક્તિથી સારામાં સારી ફ્રેમ માટે પૂજ્યશ્રીને ખૂબ દબાણ કર્યું.

હવે પૂજ્યશ્રી અકળાયા. મક્કમ સ્વરે સ્પષ્ટ કહી દીધું.

**"તમારે ભક્તિ કરવી છે કે કમબખ્તી ? સાધુપણામાં સાદગી જ જોઈએ. આ સાધુઓ શું આલંબન લેશે ? મારે ઘર નથી ચલાવવો, ગચ્છ ચલાવવાનો છે. તમારી દુકાનમાં સાદી અને સસ્તી ફ્રેમ હોય તો લાવો... આ તો તમારી દુકાન છે માટે તમને લાભ આપું છું જેથી ક્રીતદોષ ન લાગે."**

પૂજ્યશ્રીની સાદગીની મક્કમતા જોઈને પેલા શ્રાવક તો ઓવારી ગયા. સાદી ફ્રેમ આપીને મહાન લાભ લીધો.

## (૬) આખી રાત બિલકુલ સૂતા નહીં :-

રોજના ક્રમ પ્રમાણે પૂજ્યશ્રી રાત્રે ચાંદનીના પ્રકાશમાં લખવા બેઠા હતા. તેઓશ્રીનો સંથારો પાથરેલો હતો તેની બાજુમાં એક બાલ મુનિનો સંથારો હતો. બાલમુનિ તો ઊંઘમાં ખસતાં ખસતાં પૂજ્યશ્રીના સંથારા પાસે આવી ગયા.

મોડી રીતે લખાણ પૂર્ણ થયા બાદ સૂવા માટે પૂજ્યશ્રી પોતાના સંથારા પાસે ગયા તો તેમાં પેલા બાલમુનિનો હાથ હતો... બાલમુનિને સંથારામાંથી ઉઠાડ્યા નહીં... પોતે પાછા લખવા બેસી ગયા અને સવાર સુધી લખવાનું જ કામ કર્યું. આખી રાત બિલકુલ સૂતા નહીં.

બાલમુનિની ઊંઘ ન બગડે તે માટે પોતાની ઊંઘનો ભોગ આપ્યો !!!...

卐

**(૭) પળે પળ સાધી લેવાની અદ્ભુત કળા :-**

પૂજ્યશ્રી મહાન જૈનાચાર્ય એટલે કોઈપણ ગામમાં પ્રવેશ હોય ત્યારે સામે દૂર સુધી ઘણા માણસો લેવા આવતા.

ઘણીવાર કોઈ એવા શ્રાવકો પણ હોય કે જે પૂજ્યશ્રી આગળ ઘર-સંસારની કે પોતાના ગામના કોઈ શ્રાવકની કથા માંડે. પણ, પૂજ્યશ્રીને આવી પારકી પંચાતનો જરાય રસ નહિ, એટલે સિફતથી તેની વાત ઉડાડી દઈને ભક્તિ કે જ્ઞાનની વાતમાં તેને જોડતા...

ક્યારેક થાકને કારણે પોતે વાત કરવાના મુડમાં ન હોય અને શ્રાવકની વાતો ચાલુ હોય ત્યારે પૂજ્યશ્રી હં... હં... કર્યા કરે.

એકવાર પૂજ્યશ્રીએ મુનિવરો આગળ તેનું રહસ્ય ખોલ્યું : "હું આવા સમયે નવકાર, ઉવસગ્ગહરં અને લોગસ્સનો જાપ કરવા લાગી જાઉં છું. એક નવકાર થાય એટલે હં બોલું. એક ઉવસગ્ગહરં થતાં ફરી હં. લોગસ્સ ગણાઈ જતાં ફરી હં એમ ત્રણેય સૂત્રનો ૫૦-૧૦૦-૧૫૦ જેટલો જાપ થઈ જાય. એવી નિરર્થક વાતો સાંભળવાની કે એમાં હા પુરાવવાની મને ક્યાં ફુરસદ છે ?"... એક એક પળને સાર્થક અને સફળ કરવા માટે તેઓશ્રી હંમેશાં સાવધાન હતા.

卐

ઉપરોક્ત ૭ પ્રસંગો જેમના જીવનના આલેખાયા છે તે પૂજ્યશ્રીના નામનો અર્થ 'જગતમાં સૂર્ય સમાન' એવો થાય . ખરેખર સમ્યક્જ્ઞાનના અગણિત તેજ કિરણો આ વિશ્વમાં ફેલાવવા દ્વારા તેઓશ્રીએ પોતાના નામને સાર્થક કરેલ છે. તેઓશ્રીના જીવનમાં આવા તો અગણિત પ્રેરક પ્રસંગો બનેલા છે. વિશેષ જિજ્ઞાસુઓએ તેમના વિષેનો દળદાર આકર્ષક સ્મૃતિ ગ્રંથ વાંચવો જ રહ્યો.

## ૧૧ : ગચ્છાધિપતિશ્રીની અનુમોદનીય અને અનુકરણીય ક્રિયાનિષ્ઠતા... નિયમિતતા તથા વાત્સલ્ય !

એક મહાન શાસન પ્રભાવક, ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતશ્રીના જીવનમાં રહેલી ક્રિયાનિષ્ઠા અને સમયની નિયમિતતા ખરેખર ખૂબ જ અનુમોદનીય તથા અનુકરણીય છે.

દરરોજ સેંકડો ભક્તો તેમના દર્શન-વંદનાર્થે આવતા હોય.. કેટલાય સંઘોના આગેવાન શ્રાવકો પણ શાસનના વિવિધ કાર્યો માટે તેમનું માર્ગદર્શન તેમજ આશીર્વાદ મેળવવા માટે આવતા હોય... છતાં પણ પ્રતિક્રમણાદિ દૈનિક ક્રિયાઓમાં તેમની સમય આદિની ચોક્કસાઈ ખૂબ જ અનુમોદનીય છે. **સાંજે સૂર્યાસ્ત થાય ત્યારે પ્રતિક્રમણની આરાધનામાં તેમનું 'શ્રમણ સૂત્ર' અચૂક ચાલુ હોય જ ! ગમે તેવા અગત્યના કામો હોય તો પણ આ બાબતમાં તેઓ કદી બાંધછોડ કરતા નથી !!!...**

**રાત્રે પણ ૧૨ વાગ્યે ઊઠીને ત્રણેક કલાક સુધી સળંગ જાપ - ધ્યાન આદિ સાધના પણ નિયમિતપણે વર્ષોથી તેઓશ્રી કરી રહ્યા છે.** પરિણામે દૈવી તત્ત્વોની કૃપા પણ તેમણે સારી સંપાદન કરી છે. અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોને પ્રતિકૂળ સંયોગોમાં તેઓશ્રીની કૃપાથી ઘણી રાહત થઈ છે.

**ગોચરીની માંડલીમાં પણ બધા શિષ્ય-પ્રશિષ્યાદિને વાત્સલ્યભાવે ગોચરી પોતાના હાથે વહેંચીને પછી જ તેઓ વાપરે છે.**

તેમની પ્રેરણાથી અનેક શાસનપ્રભાવનાના કાર્યો થાય છે. એક વિશિષ્ટ તીર્થની સ્થાપના પણ તેઓશ્રીની પ્રેરણાનું પરિણામ છે.

તેઓશ્રીના નામનો અર્થ સમ્યક્જ્ઞાનનો દરિયો' એવો થાય છે !

## ★ ૧૨ : વંદનીય ક્રિયાપાત્રતા

સુકૃતનું અભિમાન મારે છે.

સુકૃતની અનુમોદના તારે છે.

સુકૃત કોઈનું પણ હોય; પોતે કરેલું હોય તોય અને અન્યનું હોય તોય, તેની અનુમોદના જ હોય, અને એ અનુમોદનાથી આત્મા સૌમ્ય, ગુણપક્ષપાતી અને પછી ગુણિયલ બને. અન્યના થોડા એવા પણ સદ્ગુણ કે

સુકૃતથી જો હૈયે હર્ષ ન થાય તો જાણવું કે હજી આપણે અવગુણી અને ગુણદ્વેષી અને તેથી ભારેકર્મી છીએ.

આપણી દૃષ્ટિ જો ખુલ્લી રાખીએ તો આપણી આજુબાજુમાં જ એવા કેટલાક વિશિષ્ટ ગુણ ધરાવતા લોકો વર્તતા જ હોય છે કે જે દેખાવમાં નાના કે અજ્ઞાત હોવા છતાં જેની કરણી અથવા વિચારસરણિ અનોખી જ હોય. આ સ્થળે આવા જ એક પ્રસંગવિશેષની વાત કરવી છે.

એક આચાર્ય ભગવંતનો પ્રસંગ છે.

તેઓશ્રીના હાથે એક કુમારિકાની દીક્ષા થઈ હતી. તે પછી તેમને જોગ કરાવીને વડી દીક્ષા પ્રદાન કરવાની હતી. હવે મુનિજીવનની એક વિશિષ્ટ મર્યાદા એવી છે કે ચૈત્ર મહિનામાં ત્રણ દિવસ 'અચિત્તરજઉડ્ડાવણી'નો ખાસ કાયોત્સર્ગ કરેલો હોય તો જ જોગ વગેરે વિશિષ્ટ ક્રિયાઓ કરી/કરાવી શકાય. ભૂલમાં પણ તે કાયોત્સર્ગ રહી ગયો હોય તો તે આ બધું કરી/કરાવી ન શકે. યોગાનુયોગ, અનાભોગાદિવશ પૂ. આચાર્યશ્રીથી તે વર્ષે કાયોત્સર્ગ નહિ થયેલો.

હવે જો તેઓ આ વાત કોઈને કરે નહિ, તો આચાર્યશ્રીને કોઈ પૂછવાનું કે ટોકવાનું નહોતું. બલ્કે કદાચ આવી વાત કોઈને કહે તો કોઈ એમને એમ પણ કહી શકે કે 'એવી તો ભૂલ થઈ જાય; એમાં વાંધો નહિ.'

પરંતુ આમાં કોઈને નહિ, પણ ખુદ એમના ક્રિયાપાત્ર આત્માને વાંધો હતો. અને ખપી આત્મા ક્યારેય પોતાની જાતને છેતરે નહિ. આચાર્યશ્રીએ પોતે જ સામેથી જાહેર કર્યું કે મારે કાયોત્સર્ગ કરવાનો રહી ગયો છે માટે હું નૂતન દીક્ષિતને યોગોદ્વહન અને વડીદીક્ષા નહિ કરાવું, પણ થોડા જ દિવસમાં બીજા આચાર્ય મહારાજ પધારવાના છે, તેમના હસ્તે બધું થશે.

ક્રિયાની આવી અભિરુચિ, ભૂલ પરત્વે આટલી સજાગતા અને આવી નિષ્ઠા અનુમોદનીય જ નહિ, વંદનીય ગણાય.

**આ આચાર્ય ભગવંતના નામનો પૂર્વાર્ધ એટલે આપણા ૮ આત્મપ્રદેશો કે જેઓ કદીપણ કર્મથી ઢંકાતા નથી તેમના માટે વપરાતો શબ્દ; અને ઉત્તરાર્ધ એટલે જ્યોતિષી દેવોના એક ઈન્દ્ર !...**

**આ આચાર્ય ભગવંત જેમના સમુદાયમાં છે તે આચાર્ય ભગવંતનું નામ એટલે સંસાર સાગરને તરવા માટે સહુથી સરળ અને સલામત માર્ગ તરીકે પ્રાયઃ સર્વમાન્ય ઉપાય !...**

કહો જોઉં, કોણ હશે આ સૂરિ પુંગવો ? !....

卐

★ અનુમોદક : શાસન સમ્રાટશ્રીના સમુદાયના પ. પૂ. આ. ભ. શ્રી વિજયશીલચંદ્ર સૂરીશ્વરજી મ. સા.

## ૧૩ : ૩૪ વર્ષીતપ સાથે નવકાર, લોગસ્સ, નમોત્થુણં, ધમ્મો મંગલ..., અરિહંતો મહ દેવો... વિગેરે દરેકના નવ-નવ લાખ જાપના આરાધક

એક સ્થાનકવાસી સમુદાયના નાયક મહાત્માએ પોતાના ૪૬ વર્ષના દીક્ષા પર્યાયમાં નીચે મુજબ તપ-જપ આદિની વિશિષ્ટ આરાધના-સાધના કરી હતી.

-: તપશ્ચર્યા :-

(૧) **છેલ્લા ૩૪ વર્ષ સળંગ વર્ષીતપ !!!...**
(૨) ૧ ઉપવાસથી માંડીને છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે ક્રમશ : ૧૫ ઉપવાસ સુધી તપ.
(૩) માસક્ષમણ - બેવાર.
(૪) ૨૫ તથા ૩૫ ઉપવાસ.
(૫) છેલ્લે સંથારાની ભાવના સાથે ૪૫ ઉપવાસ. તેમાં છેલ્લા ૧૫ ઉપવાસ ચોવિહારા કરેલ.
(૬) એક એક પખવાડિયા સુધી મીઠું-મરચું વિગેરે છ રસોનો ત્યાગ.
(૭) તીર્થંકર વર્ધમાન તપ.
(૮) પંચ કલ્યાણક તપ.
(૯) સર્વ તિથિ તપ.
(૧૦) **એક વખત મૌન સાથે અઠ્ઠાઈ તપ કરીને ૮ દિવસ સુધી બંધ રૂમમાં મુખ્યત્વે ધ્યાન સાધના કરી હતી.**
(૧૧) વર્ષો સુધી ઘી તથા તેલની વિગઈ તેમજ સાકરનો મૂળથી ત્યાગ. પારણામાં પણ ઘી વિગેરે લેતા ન હતા.
(૧૨) **રોજ ૧૦૮ ખમાસમણા દ્વારા પંચ પરમેષ્ઠીને પંચાંગ પ્રણિપાત પૂર્વક નમસ્કાર કરતા. (લગભગ ૨૦ વર્ષ સુધી.)**
(૧૩) **રોજ ૩૦ મિનિટ સુધી શીર્ષાસન સાથે ધ્યાન કરતા !!!...**
(૧૪) વિવિધ પ્રકારના અભિગ્રહો ધારણ કરતા.

-: જાપ :-

(૧) નવકાર મહામંત્રના ૯ લાખ જાપ અનેકવાર કરેલ !...

(૨) સંપૂર્ણ લોગસ્સ સૂત્રનો ૯ લાખ જાપ !...

(૩) સંપૂર્ણ નમોત્થુણં સૂત્રનો ૯ લાખ જાપ !...

(૪) દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયન (ધમ્મો મંગલ મુક્કિઠં વિગેરે ૫ ગાથા) નો ૯ લાખ જાપ !...

(૫) ચત્તારિ મંગલં... ના સંપૂર્ણ પાઠનો ૯ લાખ જાપ !...

(૬) "અરિહંતો મહદેવો"...ઈત્યાદિ સમ્યકત્વની ગાથાનો ૯ લાખ જાપ !...

(૭) સૂયગડાંગ સૂત્રના છટ્ઠા અધ્યયન (પુચ્છિસુણં... ઈત્યાદિ શબ્દોથી શરૂ થતી વીરસ્તુતિ)નો નવ લાખ જાપ કરવાનો સંકલ્પ હતો. પરંતુ ૩ લાખ જેટલો જાપ થયા બાદ તેઓ કાળધર્મ પામ્યા હતા.

-: ક્ષમાભાવ :-

(૧) સૌરાષ્ટ્રમાં એકવાર કોઈ ખેડૂતે અજ્ઞાનતાથી તેમના ઉપર કાંટાવાળી લાકડી દ્વારા પ્રહાર કર્યો હતો છતાં તેમણે સમભાવે એ ઉપસર્ગને સહન કરેલ !...

(૨) ભડકેલા બળદનો ધક્કો લાગતાં પડી જવાથી હાડકામાં ભયંકર ફ્રેકચર થવા છતાં પણ ખૂબ જ સમતા રાખેલ !...

તેમણે પોતાના ગૃહસ્થ જીવનના ૩ પુત્રો તથા ૨ પુત્રીઓ સહિત ૪૧ વર્ષની વયે સં. ૨૦૦૨માં દીક્ષા લીધી હતી !... અને ૮૮ વર્ષની વયે સં. ૨૦૪૮માં કાર્તિક અમાવાસ્યાની બપોરે ૧૨.૦૦ વાગ્યે ઈંદોરમાં કાલધર્મ પામ્યા હતા.

તેઓશ્રીના નામનો પૂર્વાર્ધ એક રંગ વિશેષનું નામ છે તથા ઉત્તરાર્ધ જ્યોતિષ્ચક્રના એક દેવવિમાનનું નામ છે.

તેમના તપ-જપાદિની હાર્દિક અનુમોદના.

## ૧૪ : સળંગ ચોવિહારા ૩૦ વર્ષીતપના તપસ્વી

એક મહા તપસ્વી મહાત્મા છેલ્લા ૩૦ વર્ષથી સળંગ, ચોવિહારા ઉપવાસથી વર્ષીતપો કરી રહ્યા છે.

તેમાં પણ ૧૦ વર્ષીતપ ચોવિહાર છઠ્ઠ દ્વારા કર્યા. એક વર્ષીતપ ચોવિહાર

**છઠ્ઠના પારણે આયંબિલથી કર્યું અને એક વર્ષીતપ ચોવિહાર અઠ્ઠમના પારણે અઠ્ઠમથી કર્યું !...**

૯ વર્ષની બાલ્યવયમાં દીક્ષિત થયેલા આ મહાત્માએ ૨૮ વર્ષની ઉંમરથી સળંગ વર્ષીતપોનો પ્રારંભ કર્યો છે !

તેઓ અવારનવાર હસ્તિનાપુરમાં ધ્યાન શિબિરો ચલાવે છે.

તા. ૧૩-૪-૯૪ના ચૈત્ર સુદિ ૩ ના પાલિતાણામાં તેમના દર્શન થયા હતા ! ત્યારે તેઓ ઉપાધ્યાય પદે બિરાજમાન હતા.

**તેમનું શુભ નામ એક એવી ઋતુનું નામ છે કે જે બધાને ખૂબ જ પ્રિય છે.**

તેમના ગુરુ એક સુપ્રસિદ્ધ આચાર્ય ભગવંત હતા કે જેમના નામનો અર્થ પણ "પ્રિય" એવો થાય છે. હવે તો આ ગુરુ-શિષ્યની જોડીને ઓળખી જ ગયા હશો ને ?!

## ૧૫ : સળંગ ૨૯મા વર્ષીતપના આરાધક સૂરિવર

એક મહાત્મા છેલ્લા ૨૯ વર્ષોથી સળંગ વર્ષીતપોની આરાધના કરી રહ્યા છે. પરિણામે "તપસ્વીરત્ન" તરીકે સુપ્રસિદ્ધ છે.

હાલ તેઓ ૪૦ જેટલા સાધુ ભગવંતો તથા લગભગ ૨૧૦ જેટલા સાધ્વીજી ભગવંતો ધરાવતા ગચ્છનું નેતૃત્વ સંભાળતા ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત છે.

ગત વર્ષે તેમના વરદ હસ્તે એક મોટા નૂતન તીર્થની અંજનશલાકા - પ્રતિષ્ઠા થયેલ.

તેઓશ્રીના નામમાં ઉપરોક્ત તીર્થના પ્રેરક તેમના ગુરુદેવશ્રીનું નામ પણ સમાઈ જાય છે !...

વળી તેઓશ્રીના નામ દ્વારા સૂચિત બાબત જેમના પણ જીવનમાં હોય તેઓ આ જગતમાં સર્વત્ર સન્માનનીય બને છે.

કહો જોઉં - કોણ હશે આ ગુરુ-શિષ્યની જોડી ?...

卐

## ૧૬ : પ્રથમ રાખ વહોરાવાય તો જ પારણું કરવાનો ગુપ્ત અભિગ્રહ !!!

ગત વર્ષે વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી પરિપૂર્ણ કરનાર એક મહાત્મા પ્રાયઃ દરેક ઓળીના પારણા વખતે વિવિધ પ્રકારના અભિગ્રહ ધારણા કરતા.

એક વખત અઠ્ઠમના પારણા પ્રસંગે તેમણે એવો અભિગ્રહ મનમાં ધારેલ કે કોઈ પ્રથમ રાખ વહોરાવે તો જ પારણું કરવું નહિતર ઉપવાસ ચાલુ રાખવા !...

ઘણા ઘરે ગોચરી માટે ગયા પરંતુ રાખ કોણ વહેરાવે !!... જેથી મૌનપૂર્વક પાછા ફર્યા.

આખરે તેમના સંસારી માસીના ઘરે ગયા. તેમણે પણ વહોરાવવા લાયક અનેકવિધ વસ્તુઓના નામ લીધા; પરંતુ મહાત્માએ મસ્તક ધૂણાવી ઈન્કાર જ કર્યો. ત્યારે માસીથી રહેવાયું નહીં અને બોલી જવાયું કે - **"આટલી બધી વસ્તુઓ હોવા છતાં તમે કશું વહોરતા નથી ત્યારે શું હવે તમને રાખ વહોરાવીએ ?!..."**

મહાત્માએ મસ્તક હલાવી "હા" પાડી અને રાખ વહોરવા માટે પાતરું બહાર કાઢ્યું.

માસીના આનંદનો અને આશ્ચર્યનો પાર ન રહ્યો. આખરે તેમણે પ્રથમ રાખ વહોરાવી અને ત્યારબાદ બીજી વસ્તુઓ વહોરાવી.

ધન્ય છે આવા ઉગ્ર અભિગ્રહધારી તપસ્વી મહા મુનિવરોને !...

આજ મહાત્માએ ૯૫મી ઓળીના પારણા પ્રસંગે ભોપાવરમાં તા. ૨૪/૧/૯૪ના મનમાં અભિગ્રહ ધારેલ કે પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતશ્રીની ઉપસ્થિતિ હોય, ૧૦૦ ઓળીના આરાધક પાંચ તપસ્વી હાજર હોય તેમજ એક જ દિવસના નૂતન દીક્ષિત ૩ ઠાણા (૨ સાધુ તથા ૧ સાધ્વીજી) ઉપસ્થિત હોય, તથા ચતુર્વિધ શ્રી સંઘ પારણા માટે વિનંતિ કરતો હોય તો જ પારણું કરવું !... એમના ઉત્કૃષ્ટ પુણ્ય યોગે આવો વિશિષ્ટ અભિગ્રહ પણ એક જ દિવસમાં બપોરે ૪ વાગ્યે પૂર્ણ થયેલ !...

પાંચ વર્ષમાં ૧૦૮ અઠ્ઠમ તેઓશ્રીએ પૂર્ણ કર્યા. તેમાં પૂનામાં એક વખત અઠ્ઠમના પારણા પ્રસંગે મનમાં ધારેલ અભિગ્રહ પૂર્ણ ન થતાં ઉપવાસ

ચાલુ રાખ્યા. આખરે ૧૧ ઉપવાસ બાદ અભિગ્રહ પૂર્ણ થતાં પારણું કર્યું !...

૮૯મી ઓળી ઠામ ચોવિહાર અવઢ્ઢ આયંબિલ દ્વારા ફક્ત અલૂણા મગથી પૂર્ણ કરી !...

ઓળી સિવાયના દિવસોમાં પણ દર મહિને ઓછામાં ઓછા ૨ ઉપવાસ, ૪ આયંબિલ તથા બાકીના દિવસોમાં એકાશણા હોય જ.

૧૦૦ ઓળી પૂર્ણ થયા બાદ બીજીવાર પાયો નાખીને ૨૫ ઓળી પૂર્ણ કરી છે.

આ મહાત્મા દરરોજ સવારે નવકાર-સૂરિમંત્ર આદિનો જાપ કલાકો સુધી કરે છે. પુરિમઢ્ઢ સુધી જાપ પૂર્ણ કર્યા પછી જ પચ્ચક્ખાણ પારે. ઉનાળાના વિહારોમાં પણ જાપ પૂરું ન થાય ત્યાં સુધી પાણી પણ વાપરે નહિ. વળી સાંજે પણ કાયમ સૂર્યાસ્તથી ૨ ઘડી પહેલાં જ ચોવિહારનું પચ્ચક્ખાણ સ્વીકારી લે !...

રોજ ત્રિકાળ દેવવંદન કરે છે. ગમે તેવી માંદગીમાં પણ બંને ટાઈમ ઊભા ઊભા અપ્રમત્તપણે પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરે છે. સ્વભાવે અત્યંત નિખાલસ છે.

૧૧ વર્ષની ઉંમરે દીક્ષા ગ્રહણ કરનાર આ મહાત્મા ૪ વર્ષ પહેલાં મુનિવરમાંથી સૂરિવર બન્યા છે. સૂરિમંત્રાદિની વિશિષ્ટ સાધના માટે આ વર્ષે એક સુપ્રસિદ્ધ પ્રભાવશાળી તીર્થમાં ચાતુર્માસ રહ્યા છે. એક વાર તો અચૂક તેમના દર્શન - વંદન કરવા યોગ્ય છે.

આ મહાત્માનું શુભ નામ - અકબર બાદશાહના દરબારમાં બિરબલ વિગેરે કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓ માટે વપરાતો શબ્દ છે !...

હવે તો સમજી ગયા ને કે આ આચાર્ય ભગવંતશ્રી કોણ હશે ?!...

## ૧૭ : સળંગ ૨૦૧ ઉપવાસના તપસ્વી સમ્રાટ

પંજાબમાં સંગરૂર જિલ્લાના લેહલકલા ગામમાં તા. ૧૮-૧૧-૧૯૩૩માં જન્મ પામીને ૨૦ વર્ષની વયે સ્થાનકવાસી શ્રમણસંઘ સમુદાયમાં દીક્ષિત થયેલા એક મહાત્માએ પોતાના જીવનમાં આદરેલી ભીષ્મ તપશ્ચર્યાની યાદી આશ્ચર્ય સાથે અહોભાવ ઉપજાવે તેવી છે. આ રહી તેમની તપશ્ચર્યાની યાદી.

| ક્રમાંક | વિ.સં. | શહેર | પ્રાંત | સળંગ ઉપવાસ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ટોહાના | હરિયાણા | ૨૧ |
| ૨ | ૨૦૨૧ | સંગરૂર | પંજાબ | ૩૧ |
| ૩ | ૨૦૨૨ | નાલાગઢ | હિમાચલ | ૬૨ |
| ૪ | ૨૦૨૩ | હોશિયારપુર | પંજાબ | ૫૩ |
| ૫ | ૨૦૨૪ | જમ્મુતવી | કાશ્મીર | ૯૩ |
| ૬ | ૨૦૨૫ | નવા શહેર | પંજાબ | ૬૨ |
| ૭ | ૨૦૨૬ | માલેર કોટલા | પંજાબ | ૫૭ |
| ૮ | ૨૦૨૭ | પટિયાલા | પંજાબ | ૫૪ |
| ૯ | ૨૦૨૮ | અમ્બાલા | હરિયાણા | ૫૪ |
| ૧૦ | ૨૦૨૯ | ટોહાના | હરિયાણા | ૫૪ |
| ૧૧ | ૨૦૩૩ | ચંડીગઢ | હરિયાણા | ૭૨ |
| ૧૨ | ૨૦૪૦ | અમ્બાલા | હરિયાણા | ૭૩ |
| ૧૩ | ૨૦૪૧ | માડલ ટાઉન | દિલ્લી | ૧૦૪ |
| ૧૪ | ૨૦૪૨ | પ્રીતમપુર | દિલ્લી | ૧૧૨ |
| ૧૫ | ૨૦૪૩ | સદન બજાર | દિલ્લી | ૧૨૧ |
| ૧૬ | ૨૦૪૪ | શક્તિનગર | દિલ્લી | ૯૪ |
| ૧૭ | ૨૦૪૫ | અશોક વિહાર | દિલ્લી | ૮૯ |
| ૧૮ | ૨૦૪૬ | સવાઈ માધોપુર | રાજસ્થાન | ૬૪ |
| ૧૯ | ૨૦૪૭ | અજમેર | રાજસ્થાન | ૧૦૯ |
| ૨૦ | ૨૦૪૮ | જોધપુર | રાજસ્થાન | ૧૧૧ |
| ૨૧ | ૨૦૪૯ | ઉધના-સૂરત | ગુજરાત | ૧૩૧ |
| ૨૨ | ૨૦૫૦ | ખાર-મુંબઈ | મહારાષ્ટ્ર | ૨૦૧ |
| ૨૩ | ૨૦૫૧ | પૂના | મહારાષ્ટ્ર | ૧૦૮ |
| ૨૪ | ૨૦૫૨ | સિકંદરાબાદ | આંધ્ર | ૧૨૭ |

સં. ૨૦૫૦માં તેમણે ૨૦૧ ઉપવાસની તપશ્ચર્યા મુંબઈ-ખારમાં કરી ત્યારે આટલી દીર્ઘ તપશ્ચર્યામાં પણ તેઓ દરરોજ દર્શનાર્થે આવતા હજારો લોકોને ૨ ટાઈમ માંગલિક સંભળાવતા હતા !...

તપશ્ચર્યાની સાથે તેમના જીવનમાં વિશિષ્ટ સૌમ્યતા, સમતા, ક્ષમા

અને પ્રસન્નતા જોવામાં આવે છે. જે તપના આભૂષણ રૂપ ગણી શકાય.

કેટલાક લોકો આટલી મોટી તપશ્ચર્યાને શંકાની દૃષ્ટિએ જુએ છે. પરંતુ અવારનવાર ડોક્ટરો તેમના શરીરની વૈજ્ઞાનિક રીતે તપાસ કરતા હતા જેથી શંકા રાખવાની જરૂર નથી. અગાઉના વર્ષોમાં તેમણે કરેલી દીર્ઘ તપશ્ચર્યાઓનું લીસ્ટ જોતાં સમજી શકાય છે કે અભ્યાસથી કશું જ અશક્ય નથી.

સામાન્યતઃ ઉત્સર્ગ માર્ગ તરીકે વર્તમાનમાં છેવટ્ઠા શારીરિક સંઘયણના કારણે ઉત્કૃષ્ટથી સળંગ ૧૮૦ ઉપવાસ સુધી તપશ્ચર્યાની શાસ્ત્રીય મર્યાદા છે. પરંતુ સ્યાદ્વાદમય શ્રી જિનશાસનમાં પ્રાયઃ કોઈ બાબતનું એકાંતે વિધાન કે એકાંતે નિષેધ નથી. તેથી ઉપરોક્ત દૃષ્ટાંતમાં તેમજ આ પુસ્તકમાં નિર્દિષ્ટ અન્ય દૃષ્ટાંતમાં ૨૫૧ ઉપવાસની તપશ્ચર્યા એક વિશિષ્ટ અપવાદ તરીકે વિચારણીય જણાય છે. તત્ત્વં તુ કેવલી ગમ્યં. સુજ્ઞેષુ કિં બહુના ?

**ઉપરોક્ત મહાત્માના નામનો અર્થ "સાથે જન્મેલ" એવો થયેલ છે. "સાધો... સમાધિ ભલી" આ પ્રસિદ્ધ વાક્યમાં ખાલી જગ્યાના સ્થાને જે શબ્દ હોય છે તે પણ આ તપસ્વી સમ્રાટના શુભ નામને સૂચવનારો છે !..ૐ શાંતિ...**

આ વર્ષે આ મહાત્મા બેંગ્લોરમાં ચાતુર્માસ બિરાજમાન છે. ૩૨૧ ઉપવાસની ભાવનાથી તેમણે તા. ૧/૫/૯૭થી ઉપવાસનો પ્રારંભ કરેલ છે !!!...

## ૧૮ : સળંગ ૧૦૮ ઉપવાસ તથા ૫૦૦ અઠ્ઠાઈના તપસ્વી !!!

તા. ૨૧-૧-૯૪ના રોજ ઘોઘા બંદર પાસે તણસા ગામમાં એક તપસ્વી મહાત્માના દર્શન થયા હતા.

ભાવનગર જિલ્લાના મેથલા ગામમાં જન્મ પામેલ આ મહાત્માએ સં. ૨૦૦૮ માં ૧૯ વર્ષની વયે પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ. સા. પાસે દીક્ષા અંગીકાર કરી હતી. સં. ૨૦૩૨ માં તેઓ પંન્યાસ પદવી પામ્યા હતા.

આ મહાત્માએ દીક્ષાથી અગાઉ સં. ૨૦૦૨થી (૧૩ વર્ષની ઉંમરથી) પ્રાયઃ દર મહિને એક અઠ્ઠાઈ તપ કરવાનો પ્રારંભ કરેલ. ઉપરોક્ત દિવસે અમને મળ્યા ત્યારે તેમની ૪૯૬ અઠ્ઠાઈ પૂર્ણ થઈ હતી. કુલ ૫૦૦ અઠ્ઠાઈ

કરવાની તેમની ભાવના હતી જે ક્યારની પરિપૂર્ણ થઈ ચૂકી હશે !..

આ ઉપરાંત પણ આ મહાત્માએ પોતાના જીવનમાં નીચે મુજબ તપ-જપની આરાધના કરેલ છે.

| ઉપવાસ | સંવત | સ્થળ |
|---|---|---|
| ૧૦૮ | ૨૦૨૫ | મુંબઈ-ગોડીજી |
| ૮૧ | ૨૦૧૨ | સુરત |
| ૬૮ | ૨૦૦૭ | મહુવા |
| ૫૧ | ૨૦૦૯ | વાલકેશ્વર |
| ૪૫ | ૨૦૧૦ | ભાવનગર |
| ૨૧ | ૨૦૧૩ | મુંબઈ-પાયધુની |
| માસખમણ | ૨૦૦૩ | મહુવા |
| માસખમણ | ૨૦૦૪ | મહુવા |
| માસખમણ | ૨૦૪૫ | ભાવનગર |

સં. ૨૦૦૨ થી દર વર્ષે નવપદજીની બંને ઓળીમાં ૯-૯ આયંબિલ સહિત આરાધના કરે છે.

સં. ૨૦૫૧ થી રોજ ૧૧ બાંધી નવકારવાળીનો જાપ તથા ૧ કલાક ધ્યાન કરે છે. ઘેટીપાગમાં જેમની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી છે તે ધ્યાની શ્રી મણિવિજયજી દાદાની પ્રેરણાથી શરૂઆતમાં ૧૦ મિનિટથી પ્રારંભ કરીને પછીથી રોજ ૧ કલાક ધ્યાન કરે છે. તપ-જપ તથા ધ્યાનના પ્રભાવે અવાર નવાર સ્વપ્નમાં લગભગ ૨૧ ઈંચના નીલવર્ણા પાર્શ્વનાથ ભગવંતના દર્શન થાય છે. તેમજ સફેદ નાગરાજનાં દર્શન પણ સ્વપ્નમાં તેમજ પ્રત્યક્ષ રૂપે પણ અવારનવાર થાય છે.

'હંમેશાં આનંદમાં રહેનારા' આ યથાર્થનામી મહાત્માએ ઘોઘામાં ૧૫ ચાતુર્માસ કરેલ છે.

## ૧૯ : ૭૭ વર્ષની જેફ વયે ગુણરત્ન સંવત્સર તપના ભીષ્મ તપસ્વી મુનિવર

અમદાવાદમાં જન્મેલ સુશ્રાવક શ્રી હીરાલાલ ડાહ્યાલાલ ગાંધીએ ૬૮ વર્ષની વૃદ્ધ વયે મુંબઈમાં સંયમનો સ્વીકાર કર્યો.

આટલી મોટી ઉંમરે દીક્ષા લેવા છતાં ૯ વર્ષના દીક્ષા પર્યાયમાં તેમણે જે તપ-જપની અદ્‌ભુત અને અજોડ આરાધના કરી છે તે ખરેખર હેરત પમાડે તેવી છે.

આ રહી તેમણે પોતાના જીવનમાં કરેલ અજોડ તપશ્ચર્યાની યાદી. હાથ જોડીને અહોભાવપૂર્વક વાંચવા વિનંતિ.

(૧) અઠ્ઠમના પારણે અઠ્ઠમથી એક વર્ષીતપ.
(૨) છઠ્ઠના પારણે છઠ્ઠથી એક વર્ષીતપ.
(૩) એકાંતર ઉપવાસ - બેસણાથી બે વર્ષીતપ.
(૪) સિદ્ધિ તપ. (૪૩ દિવસમાં ૩૬ ઉપવાસ.)
(૫) શ્રેણિતપ. (૧૧૦ દિવસમાં ૮૩ ઉપવાસ.)
(૬) સિંહાસન તપ (૩૦ દિવસમાં ૨૫ ઉપવાસ)
(૭) સમવસરણ તપ (૮૦ દિવસમાં ૬૪ ઉપવાસ)
(૮) માસખમણ તપ (સળંગ ૩૦ ઉપવાસ)
(૯) જિન કલ્યાણક તપ (૪૭૪ દિવસમાં ૨૬૩ ઉપવાસ)
(૧૦) વીશ સ્થાનક તપ (એક ઓળી ૨૦ છઠ્ઠથી બાકી ૧૯ ઓળી છૂટા ૨૦ ઉપવાસથી.)
(૧૧) લઘુધર્મચક્રતપ (૮૨ દિવસમાં ૪૩ ઉપવાસ + ૩૯ બેસણા)
(૧૨) બૃહત્ ધર્મચક્રતપ (૧૩૨ દિવસમાં ૬૯ ઉપવાસ + ૬૩ બેસણા)
(૧૩) એકાંતરા ૫૦૦ આયંબિલ.
(૧૪) વર્ધમાન તપની ૫૩ ઓળી.
(૧૫) આ ઉપરાંત નવપદજીની ઓળીઓ, ઈન્દ્રિય જય તપ, કષાયજય તપ, યોગ શુદ્ધિ તપ, મૌન એકાદશી તપ, જ્ઞાનપંચમી તપ, પોષદશમી તપ, ૧૪ પૂર્વનો તપ, અક્ષયનિધિ તપ, ૪૫ આગમ તપ, શત્રુંજય તપ, પંચરંગી તપ, યુગપ્રધાન તપ, રત્નપાવડી તપ, ચોવીશ ભગવાનના એકાશણા, બે અઠ્ઠાઈ તપ, ૧૧ ઉપવાસ આદિ અનેક તપ કર્યા.

ગૃહસ્થપણામાં પણ ત્રણ ઉપધાન, સિદ્ધગિરિની ૯૯ યાત્રા, ૧૦ જેટલા છ'રી સંઘોમાં જોડાઈને વિવિધ તીર્થોની યાત્રાઓ, ૪ ઠેકાણે જિનબિંબો ભરાવ્યા, ૬ વર્ષ સુધી દર પૂનમે સિદ્ધગિરિની યાત્રા, સિદ્ધગિરિમાં બે ચાતુર્માસ, બે વાર સ્વદ્રવ્યથી અષ્ટોત્તરીસ્નાત્ર સહ અઠ્ઠાઈ મહોત્સવ વિગેરે અનેકવિધ આરાધનાઓ તેમણે કરી હતી.

## જાપ

તપની સાથે જપ ભળે તો સોનામાં સુગંધ જેવું થાય અને અદ્‌ભુત ચિત્તશુદ્ધિનો અનુભવ થાય.

મહાતપસ્વી મુનિરાજશ્રીએ પોતાના જીવનમાં નીચે મુજબ જાપ કર્યો હતો.

| | | |
|---|---|---|
| (૧) | નવકાર મહામંત્રનો જાપ... | ૧ાા ક્રોડ. |
| (૨) | "નમો અરિહંતાણ" પદનો જાપ.... | ૫૦ લાખ. |
| (૩) | "સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ"..... | ૧ ક્રોડ. |
| (૪) | "ૐ ર્હીં શ્રીં અર્હં નમઃ"..... | ૯ લાખ. |
| (૫) | "નમો લોએ સવ્વ સાહૂણં".... | ૯ લાખ. |
| (૬) | સરસ્વતી મંત્ર... | ૧ લાખ. |

અન્ય પવિત્ર મંત્રોના પણ લાખોની સંખ્યામાં જાપ કરેલ છે. આવી રીતે અનેકવિધ તપ-જપથી તન-મનને કેળવ્યા પછી તા. ૧૦-૩-૮૮થી તેમણે ગુણસંવત્સર નામની સુદીર્ઘ ભીષ્મ તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો. સોળ મહિનાના આ ઉગ્ર તપમાં કુલ ૪૦૭ ઉપવાસ તથા ૭૩ પારણા આવે છે. ભગવાન શ્રીમહાવીર સ્વામીના શિષ્ય ખંધક અણગારે તથા મેઘમુનિ વિગેરેએ આ તપ કર્યાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં આવે છે. ત્યારબાદ છેલ્લા સેંકડો વર્ષના ઈતિહાસમાં આ તપ કર્યાનો કોઈ ઉલ્લેખ ક્યાંય જણાતો નથી.

દર મહિને એક એક ઉપવાસની વૃદ્ધિ કરતાં ૧૨ મહિનામાં ૧૨ ઉપવાસના પારણે ૧૨ ઉપવાસની સાધના પૂર્ણ કરી. ૧૩મા મહિને પણ ૧૩ ઉપવાસ પૂર્ણ કરી, બેસણું કરી, પુનઃ થોડી અસ્વસ્થતા છતાં મક્કમતાથી ૧૩ ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું. તેમાં બીજા ઉપવાસના (તા. ૧૪-૩-૮૯) દિવસે થોડી અસ્વસ્થતા વધી. બી.પી. લો થઈ ગયું. અને વેઢા ઉપર નવકાર મહામંત્રનું રટણ કરતાં કરતાં તેમજ નિશ્રાદાતા આચાર્ય ભગવંતાદિના મુખેથી નવકાર સાંભળતાં દેહપંજરમાંથી મુક્ત થઈ પરલોક તરફ પ્રયાણ કરી દીધું. સમાધિમરણને સાધી લીધું.

**આવા ભીષ્મ તપ દરમ્યાન મુનિશ્રી પારણાના દિવસ તથા પ્રથમ ઉપવાસના દિવસ સિવાય ક્યારેય દિવસે સૂતા નહીં. રાત્રે પણ માત્ર ૪-૫ કલાકથી વધુ નિદ્રા લેતા નહીં. બધો જ સમય મૌનપૂર્વક સ્વાધ્યાય અને જાપ વિગેરેમાં વીતાવતા. તપ જપના પ્રભાવે અનેકવાર તેમને વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવ થતા અને અવર્ણનીય આનંદ અનુભવતા. ૪૮૦ દિવસના ચાલુ ભીષ્મ**

તપમાં મુનિશ્રી ૩૭૦મા દિવસે કાળધર્મ પામ્યા. ૩૭૦ દિવસમાં ૩૦૬ ઉપવાસ અને ૬૪ પારણા કર્યા.

અહીં ગુણરત્નસંવત્સર તપનું કોષ્ટક આપેલ છે.

| માસ | ઉપવાસ | ક્રમ | કુલ ઉપવાસ | પારણા | કુલ દિવસ |
|---|---|---|---|---|---|
| ૧લો | એકના પારણે | એક | ૧૫ | ૧૫ | ૩૦ |
| ૨જો | બેના, પારણે | બે | ૨૦ | ૧૦ | ૩૦ |
| ૩જો | ત્રણના પારણે | ત્રણ | ૨૪ | ૮ | ૩૨ |
| ૪થો | ચારના પારણે | ચાર | ૨૪ | ૬ | ૩૦ |
| ૫મો | પાંચના પારણે | પાંચ | ૨૫ | ૫ | ૩૦ |
| ૬ઠ્ઠો | છના પારણે | છ | ૨૪ | ૪ | ૨૮ |
| ૭મો | સાતના પારણે | સાત | ૨૧ | ૩ | ૨૪ |
| ૮મો | આઠના પારણે | આઠ | ૨૪ | ૩ | ૨૭ |
| ૯મો | નવના પારણે | નવ | ૨૭ | ૩ | ૩૦ |
| ૧૦મો | દશના પારણે | દશ | ૩૦ | ૩ | ૩૩ |
| ૧૧મો | અગિયારના પારણે | અગિ. | ૩૩ | ૩ | ૩૬ |
| ૧૨મો | બારના પારણે | બાર | ૨૪ | ૨ | ૨૬ |
| ૧૩મો | તેરના પારણે | તેર | ૨૬ | ૨ | ૨૮ |
| ૧૪મો | ચૌદના પારણે | ચૌદ | ૨૮ | ૨ | ૩૦ |
| ૧૫મો | પંદરના પારણે | પંદર | ૩૦ | ૨ | ૩૨ |
| ૧૬મો | સોળના પારણે | સોળ | ૩૨ | ૨ | ૩૪ |
| | | કુલ | ૪૦૭ | ૭૩ | ૪૮૦ |

આવા ભીષ્મ તપસ્વી મુનિવરના ચરણોમાં કોટિશઃ વંદના. તેમના નામના બે અક્ષરના પૂર્વાર્ધનો અર્થ 'ચંદ્ર' થાય છે. તથા ઉત્તરાર્ધ જિનાજ્ઞાપાલનના પ્રતીકને સૂચવે છે.

તેમના ગચ્છાધિપતિના નામનો અર્થ "જગતમાં સૂર્ય સમાન" એવો થાય છે. તથા ગુરુદેવના નામનો અર્થ 'ધર્મ વડે જીતનાર' એવા આચાર્ય ભગવંત થાય છે. તેઓ બંને પણ કાલધર્મ પામ્યા છે.

卐

## ૨૦ : કરિયાતામાં ભીંજાવેલી રોટલીના આયંબિલથી મહાનિશીથ સૂત્રના યોગોદ્વહન કરતા મુનિશ્રી...

લગભગ ૧૭ વર્ષની ઉંમરે મહાનિશીથ સૂત્રના યોગોદ્વહન કરી રહેલા એક મુનિવરે ૫૨ દિવસ સુધી ફક્ત કરિયાતું અને રોટલી દ્વારા આયંબિલ કર્યા હતા !

કરિયાતામાં રોટલીઓને ભીંજવીને અર્ધો કલાક સુધી રહેવા દેતા. અને ત્યારબાદ પ્રસન્નચિત્તે વાપરતા.

એમની અનુમોદનાર્થે અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોએ એકાદ દિવસ કરિયાતા અને રોટલીથી આયંબિલ કર્યા હતા.

ધન્ય છે રસના વિજેતા મુનિવરને !...

આ મુનિવર હાલ ચારેક વર્ષથી ઠામ ચોવિહાર એકાશણા સાથે અધ્યયન-અધ્યાપનમાં લીન રહે છે.

તેમના વડિલ બંધુએ તેમનાથી અગાઉ દીક્ષા લીધેલ છે તથા પિતાશ્રીએ પણ પાછળથી દીક્ષા લીધી છે. સાડા પાંચ અક્ષરના આ મુનિવરના નામના એક સુપ્રસિદ્ધ ઉપાધ્યાય ભગવંતે રચેલા અનેક સ્તવનો તથા સજ્ઝાયો જૈન સંઘમાં આજે ખૂબ ગવાય છે.

આ મુનિવર જે સમુદાય (ગચ્છ)ના છે તેના ત્રણ નામ છે.

કહો જોઉં કોણ હશે આ મુનિવર ! અને તેઓ ક્યા સમુદાયના હશે ?!...

## ૨૧ : ૩૦મા ઉપવાસે પ્રસન્નતા સહ લોચ કરાવતા મુનિવર

સં. ૨૦૪૦માં ગચ્છાધિપતિ ગુરુદેવશ્રીની તારક નિશ્રામાં ૬૭ ઠાણા સાધુ-સાધ્વીજી શ્રીસમેતશિખરજી મહાતીર્થમાં ચાતુર્માસ બિરાજમાન હતા. ૪ મહિના સુધી દરરોજ ગચ્છાધિપતિશ્રીએ ઉત્તરાધ્યયન સૂત્રના વિનય અધ્યયનના પ્રથમ શ્લોકના આધારે જ સાધુ-સાધ્વીજી ભગવંતોને વાચના આપી. અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોને આગમ સૂત્રોના યોગોદ્વહન કરાવ્યા. પર્યુષણના દિવસો નજીક આવતાં ગુરુદેવશ્રીએ પોતાની ભાવના

વ્યક્ત કરતાં જણાવ્યું કે-'વીશ-વીશ તીર્થંકરો અહીંની પાવન ભૂમિમાં અંતે માસક્ષમણ કરીને મોક્ષમાં પધાર્યા છે તેથી ઓછામાં ઓછા ૨૦ માસક્ષમણ થાય તો સારું.' પૂજ્યશ્રીની ભાવનાને સાકાર કરવા માટે વીસેક સાધુ-સાધ્વીજી તથા ચારેક શ્રાવક-શ્રાવિકાઓ તૈયાર થઈ ગયા. બાકીના સાધુ-સાધ્વીજીઓમાંથી એક નવદીક્ષિત બાલ સાધ્વીજી તથા એક બિમાર સાધ્વીજીને બાદ કરતાં બીજા તમામ સાધુ સાધ્વીજીઓએ ઓછામાં ઓછી અઠ્ઠાઈ અને તેથી વિશેષ તપશ્ચર્યા કરી. કેટલાક માસક્ષમણના તપસ્વી મુનિવરો બીજા દ્વારા સેવા કરાવવાને બદલે સ્વયં બીજા તપસ્વી મુનિવરોની પગચંપી વિગેરે સેવા કરવા પડાપડી કરવા લાગ્યા ત્યારનું દૃશ્ય ખરેખર અદ્ભુત હતું.

શ્રાવણ સુદિ પંચમીના દિવસે પૂ. ગચ્છાધિપતિશ્રીના એક પ્રશિષ્ય કે જેમના આચારાંગ સૂત્રના યોગ ચાલુ હતા તથા તાવ પણ ચાલુ હતો. તેઓ પૂજ્યશ્રી પાસે જ્ઞાનપંચમી નિમિત્તે ૧ ઉપવાસનું પચ્ચક્ખાણ લેવા ઉપસ્થિત થયા. ૨૨ વર્ષની વયના એ મુનિ દેખાવમાં ૧૬ વર્ષની ઉંમરના લાગતા હતા. વિનય-વૈયાવચ્ચ - સ્વાધ્યાય રૂચિ આદિ ગુણસંપત્તિના કારણે એ મુનિશ્રી ગચ્છાધિપતિશ્રીના હૃદયમાં વસી ગયા હતા. તેથી પૂજ્યશ્રીએ સહજતાથી પૂછ્યું કે - 'મુનિવર ! તમે પણ માસક્ષમણ કરશો ને ?!'... મુનિશ્રીને સ્વપ્ને પણ માસક્ષમણની કલ્પના ન હતી. છેલ્લે પર્યુષણમાં આઠ ઉપવાસ કરીશ એવી ભાવના જરૂર હતી. પરંતુ હાલ તો ફક્ત જ્ઞાનપંચમીનો ઉપવાસ કરવાની જ તૈયારી હતી. અને તાવના કારણે આચારાંગ સૂત્રના ચાલુ યોગમાંથી નીકળીને બીજે દિવસે પારણું કરવાની વિચારણા હતી !

છતાં ગચ્છાધિપતિશ્રીની ભાવનાને વધાવી લેતાં મુનિશ્રી રોજ એકેક ઉપવાસનું પચ્ચક્ખાણ લેતાં લેતાં આગળ વધવા માંડ્યા. પરંતુ સાતમા ઉપવાસે કર્મરાજાએ તેમને આગળ વધતાં અટકાવવા માટે પોતાની તમામ તાકાત વાપરી. મુનિશ્રીના તનમાં અને મનમાં કર્મરાજાએ એવી અકળામણ ઉત્પન્ન કરી દીધી કે જે અસહ્ય બનતાં મુનિશ્રી ગચ્છાધિપતિશ્રીને કહેવા લાગ્યા કે 'સાહેબજી ! હવે આગળ વધાય તેમ નથી. આવતી કાલે તો પારણું જરૂર કરીશ' ! સમયજ્ઞ ગચ્છાધિપતિશ્રીએ તેમને કહ્યું કે-'ભલે જેવી તમારી ઈચ્છા. મારો જરાપણ આગ્રહ નથી. આવતી કાલે તમને શાતા રહે તેમ ખુશીથી કરજો.'

પરંતુ બીજે દિવસે સવારે પુનઃ સ્ફૂર્તિનો અનુભવ થતાં મુનિશ્રીએ સ્વયં આઠમા ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું અને એ દિવસ સમતાપૂર્વક પસાર કર્યો.

બીજે દિવસે તેમના ગુરુદેવશ્રીએ કહ્યું કે- 'અઠ્ઠાઈ તપ તો તમે અગાઉ પણ કરેલ છે. માટે જો થઈ શકે તો હજી એકાદ ઉપવાસ કરી લો તો 'નવાઈ' થઈ જાય.' વિનયવંત મુનિવરે ગુરુ ઈચ્છાને વધાવી લઈને ૯મો તથા ૧૦મો ઉપવાસ પણ આનંદથી પૂર્ણ કર્યો. પછી પર્વતિથિ હોવાથી ૧૧મો ઉપવાસ કર્યો. પછી તો તીર્થપ્રભાવે તથા ગુરુકૃપાથી એવી હિંમત આવી ગઈ કે સોળભત્તું પૂરું કરવા માટે રોજ એકેક ઉપવાસના પચ્ચક્ખાણ સાનંદ લેવા માંડ્યા. ઉત્તરોત્તર સ્ફૂર્તિ વધતી જતાં પછી તો માસક્ષમણની મંઝિલ ભણી ઉમંગભેર આગળ વધતા ગયા અને જોતજોતામાં ત્રીસમા ઉપવાસ સાથે સંવત્સરીનો દિવસ પણ આવી ગયો !... આ લાંબી તપશ્ચર્યાની સાથે સાથે મુનિશ્રી પોતાના ગુરુ મહારાજ દ્વારા અપાતી છ કર્મગ્રંથના અર્થની સામૂહિક બે કલાકની વાચનામાં પણ છેવટ સુધી નિયમિત બેસતા તથા લેખિત પરીક્ષા પણ આપતા હતા !...

સહવર્તી સાધુ-સાધ્વીજીઓને એ ચિંતા થતી હતી કે હવે સાંવત્સરિક પ્રતિક્રમણ પહેલાં તપસ્વી મુનિશ્રી લોચ કેવી રીતે કરાવી શકશે. પરંતુ બધાના આશ્ચર્યની વચ્ચે મુનિશ્રીએ પોતાના ગુરુ મહારાજના હસ્તે ૧ કલાકમાં ખૂબ જ સ્વસ્થતા અને પ્રસન્નતા સાથે લોચ કરાવી લીધો !... તેમના વાળના મૂળ મજબૂત હોવાથી દર વખતે દોઢેક કલાક લોચમાં લાગી જતો. પરંતુ તીર્થભૂમિ, માસક્ષમણની માંગલિક તપશ્ચર્યા તથા ગચ્છાધિપતિશ્રી આદિ વડિલોની કૃપાના પ્રભાવે આ વખતે માત્ર ૧ કલાકમાં ખૂબ જ સારી રીતે લોચ થઈ ગયો. તીર્થભૂમિ, તપશ્ચર્યા તથા ગુરુકૃપાનો પ્રત્યક્ષ પ્રભાવ નિહાળી સહુ ખૂબ જ અનુમોદના કરવા લાગ્યા.

આ મુનિવરના નામ સાથે સામ્ય ધરાવતો એક પ્રકરણ ગ્રંથ ઘણા પ્રવચનકારો ચાતુર્માસમાં વ્યાખ્યાન માટે પસંદ કરે છે. કારણ કે તેમાં શ્રાવકના ૨૧ ગુણો વિગેરેનું ખૂબ જ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

મુનિશ્રીના ગુરુ મહારાજનું નામ મોક્ષનો પર્યાયવાચી ચાર અક્ષરનો જોડાક્ષર વિનાનો શબ્દ છે. તથા ગચ્છાધિપતિશ્રી તો નામ પ્રમાણે અનેકાનેક ગુણોના ભંડાર યથાર્થનામી આચાર્ય ભગવંત હતા.

"અણીનો ચૂક્યો સો વરસ જીવે" કહેવત મુજબ આઠમા દિવસે અવશ્ય પારણું કરવાના વિચારવાળા મુનિશ્રી જોતજોતામાં ૩૦ ઉપવાસ કરી ગયા.

આ પ્રસંગ ઉપરથી બોધપાઠ મેળવીને કટોકટીના પ્રસંગોમાં હિંમત ન હારતાં સહુ ઉલ્લાસભેર રત્નત્રયીની આરાધનામાં આગળ વધો એ જ શુભાભિલાષા.

## ૨૨ : અદ્ભુત જ્ઞાન પિપાસા ! અનુમોદનીય જ્ઞાનોપાસના !! વિશિષ્ટ યાદશક્તિ !!!

પૂર્વના મહા મુનિવરો કેટલાય ક્રોડાક્રોડ શ્લોક પ્રમાણ ૧૪ પૂર્વો સહિત સમસ્ત દ્વાદશાંગી સૂત્રોનો અભ્યાસ તેમજ સ્વાધ્યાય કોઈપણ પ્રત વિગેરેના આલંબન વિના મોઢે જ કરતા હતા.

પરંતુ અવસર્પિણી કાળના પ્રભાવે યાદશક્તિ ઘટી જતાં આગમોને લખાવવા પડ્યા.

આજથી લગભગ ૩૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ તથા ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી મહારાજે લગભગ ૧૨૦૦ (મતાંતરે ૨૦૦૦) શ્લોક પ્રમાણ તત્ત્વ ચિંતામણિ નામનો ન્યાય શાસ્ત્રનો કઠીન ગ્રંથ માત્ર એક જ અહોરાત્રમાં કંઠસ્થ કરી લીધો હતો !...

પૂજ્ય આચાર્ય શ્રીમુનિસુંદરસૂરિજી મ. સા. સહસ્રાવધાની હતા. એટલે એક હજાર બાબતોને તેઓ એકી સાથે પોતાની સ્મૃતિમાં અવધારી શકતા હતા !...

કદાચ ઉપરોક્ત પ્રકારની બાબતોમાં કોઈને અતિશયોક્તિના દર્શન થતા હોય તેમણે નીચેના અર્વાચીન સાધુ-સાધ્વીજીઓના દૃષ્ટાંતો ખાસ વિચારવા લાયક છે.

(૧) તપાગચ્છના એક સમુદાયમાં એક જ ગ્રુપમાં ચાર સાધ્વીજીઓ "શતાવધાની" થયા છે !...

(૨) બીજા પણ અમુક આચાર્ય તથા એક જૈન પંડિતજી 'શતાવધાની' થઈ ગયા.

(૩) ૩ વર્ષ પહેલાં દીક્ષિત થયેલા એક મુનિવરે માત્ર ત્રણ જ કલાકમાં આખું પક્ખીસૂત્ર કંઠસ્થ કરી લીધું છે. એ જ મહાત્માએ યોગશાસ્ત્રના ૧૦૦ શ્લોક પણ માત્ર ત્રણ જ કલાકમાં કંઠસ્થ કરી લીધેલ છે !...

(૪) માત્ર સાત જ વર્ષના દીક્ષા પર્યાયમાં એક મુનિવરે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ દ્વારા વિરચિત ન્યાય અને તર્કશાસ્ત્રના કઠીન

ગ્રંથ "ભાષા રહસ્ય" ઉપર સંસ્કૃતમાં ટીકાની રચના કરી છે ! તેમણે અન્ય પણ સંસ્કૃતમાં રચનાઓ કરી છે.

(૫) ૧૨ વર્ષના દીક્ષા પર્યાયમાં એક મુનિવરે સંસ્કૃત પ્રાકૃતમાં કઠીન એવા ૪૨૫ ગ્રંથોનો અભ્યાસ કરેલ !... તેમજ અંગ્રેજીમાં પણ ૪૦ જેટલા પુસ્તકોનું વાંચન કરેલ !...

(૬) કેટલાક મુનિવરોએ સંસ્કૃત ભાષામાં વિવિધ છંદોમાં સેંકડો શ્લોકોની રચના આજે પણ કરી છે !...

(૭) એક સમુદાયમાં બે મુનિવરો પર્યુષણમાં આખું બારસા સૂત્ર મોઢે જ વાંચે છે.

(૮) બીજા એક સમુદાયમાં બે બાલ મુનિવરો પણ આખું બારસાસૂત્ર, મોઢે જ બોલે છે !

## ૨૩ : વીશ વર્ષના અથાગ પરિશ્રમથી 'દ્વાદશાર નય ચક્ર' ગ્રંથનું સંપાદન કરતા મુનિવરની અનુમોદનીય શ્રુતભક્તિ !!!

એક બહુશ્રુત મુનિવર સદા આગમોનાં સંશોધન - સંપાદન - પ્રકાશન કાર્યમાં વ્યસ્ત જોવા મળે છે. તેમણે શ્રી મલ્લવાદીજી દ્વારા વિરચિત "દ્વાદશાર નયચક્ર" નામે આકર ગ્રંથનું યશસ્વી સંપાદન કર્યું છે. આ ગ્રંથમાં ભારતીય દર્શનોના ૧૨ પ્રકારના દાર્શનિક મંતવ્યોની ખૂબી અને ખામીઓનું વિવરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત જૈનદર્શનના અનેકાંતવાદની સ્પષ્ટતા તેમજ પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

આ શકવર્તી કાર્ય કરવા માટે તેમણે બે દાયકા જેટલા લાંબા સમય સુધી ખૂબ જ મહેનત ઉઠાવી છે. પરિણામે ભારતીય તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને એક અપૂર્વ અને અપ્રાપ્ય ગ્રંથ સુંદર, સુઘડ અને સુવાચ્ય સ્વરૂપે સુલભ બન્યો.

તનથી દુર્બળ પરંતુ મનથી મજબૂત એવા આ મુનિવરે પ્રચંડ જ્ઞાનશક્તિથી, સમર્થ આત્મબળથી અને અદમ્ય ઈચ્છાશક્તિથી, કઠીનતમ ગ્રંથનું સંશોધન-સંપાદન-પ્રકાશન કર્યું છે. એ માટે પૂજ્યશ્રીએ તિબેટ, ચીન, જાપાન, ઈંગ્લેન્ડ, અમેરિકા વિગેરે દેશોમાંથી પ્રાચીન ગ્રંથોની જુદી જુદી પદ્ધતિથી લેવામાં આવેલી પ્રતિકૃતિઓ, માઈક્રોફિલ્મ, પ્રતો આદિ સામગ્રી

એકત્ર કરી. આ ગ્રંથથી માહિતગાર દેશ-વિદેશના સાક્ષરો સાથે પરિચય કેળવ્યો, પત્ર વ્યવહાર કર્યો અને તેઓના મત-મતાંતરો જાણ્યા. પ્રત્યેક નાના-મોટા પ્રતિપાદનોના મૂળ સુધી પહોંચીને તેના તારતમ્યો પામવાની સત્યશોધક દૃષ્ટિનો પરિચય આપ્યો. આવી અપૂર્વ શ્રુતભક્તિ કરનાર મુનિવરને ભાવપૂર્વક વંદન !...

આ મહાત્મા સંસ્કૃત - પ્રાકૃત વિગેરે ભારતીય અનેક ભાષાઓ ઉપરાંત અંગ્રેજી, ઉર્દુ, ફારસી વિગેરે કેટલીક વિદેશી ભાષાઓ ઉપર પણ ખૂબ જ સારો કાબૂ ધરાવે છે. અવારનવાર તેમની પાસે ફોરેનના લોકો જૈનધર્મના વિવિધ વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આવે છે.

અરિહંત પરમાત્મા અને પોતાના સ્વર્ગસ્થ પિતા ગુરુદેવ પ્રત્યેનો તેમનો સમર્પણભાવ પણ ખૂબ જ અનુમોદનીય છે. કોઈપણ પત્ર આવે યા તેઓ કોઈને પણ પત્ર લખે તો પહેલાં પ્રભુજી તથા ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ સમક્ષ પત્ર મૂકે. તેમની ભાવથી અનુજ્ઞા મેળવીને પછી જ પત્ર વાંચે યા પોષ્ટ કરાવે !...

ભગવાનના કે ગુરુ મહારાજના ફોટા ક્યારે પણ નાભિથી નીચા ન રહે તે માટે તેઓ ઉપાશ્રયમાં તથા વિહાર દરમ્યાન રસ્તામાં વિશ્રામ લેતી વખતે પણ ખૂબ જ કાળજી રાખે છે !... કહો જોઉં, કોણ હશે આ મહાત્મા ?!...

## ૨૪ : માત્ર ૬ દિવસમાં દશવૈકાલિક સૂત્ર કંઠસ્થ !

માત્ર ૯ વર્ષની બાલ્યવયમાં દીક્ષિત થયેલા બાલ મુનિવરે ૬ દિવસમાં આખું દશવૈકાલિક સૂત્ર કંઠસ્થ કરી લીધું !!!...

આજે તેઓ વિશિષ્ટ કવિત્વશક્તિ, લેખન શક્તિ અને વક્તૃત્વ શક્તિના ત્રિવેણી સંગમ બનીને ખૂબ જ અનુમોદનીય શાસન પ્રભાવના કરતા આચાર્યપદવીને શોભાવી રહ્યા છે.

તેમણે અનેક છંદોબદ્ધ શ્લોકો, પ્રબંધો તથા નિબંધોની રચના કરી છે. તેમાં તેઓશ્રીની સમતેશિખર પર્વતાકાર કાવ્યરચના અદ્ભુત અને અદ્વિતીય છે.

ચાલુ દિવસોમાં પણ તેમના પ્રવચનમાં વિશાળ પ્રવચનહોલ ચિક્કાર ભરાઈ જાય છે.

તેમણે અનેક ઠેકાણે કરાવેલી શિબિરોમાં સાસુ-વહુની શિબિર, પતિ-પત્નીની શિબિર, તથા યુવાનોની શિબિરો ખૂબ જ પ્રશંસાને પામેલ છે.

અનેકોના જીવનમાં ટર્નીંગ પોઈન્ટ લાવવામાં નિમિત્ત રૂપ બનેલ છે.

તેમના નામનો પૂર્વાર્ધ નામકર્મની પુણ્યપ્રકૃતિને સૂચવે છે કે જે પ્રાયઃ બધાને ખૂબ જ ગમે છે. તથા ઉત્તરાર્ધનો અર્થ કવચ એવો થાય છે !...

## ૨૫ : બાર વર્ષમાં ૪૨૫ સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ !!!

એક મુનિવરે માત્ર ૧૨ વર્ષના દીક્ષા પર્યાયમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં વ્યાકરણ-ન્યાય-ષડ્દર્શન-જૈન આગમ વિગેરેના "૪૨૫" જેટલા કઠીન ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તથા અંગ્રેજી ભાષામાં ૩૮ જેટલા પુસ્તકોનું વાંચન કર્યું હતું !... કેવી અદ્ભુત હશે એમની જ્ઞાન પિપાસા, તીક્ષ્ણ મેધા અને અપ્રમત્તત્તા !!!...

આવો અજોડ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોવા છતાં નિઃસ્પૃહતા અને અંતર્મુખતા એવી અનુપમ હતી કે આજીવન શિષ્ય ન કરવાનો તથા વ્યાખ્યાન ન વાંચવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો !!!... બે મુમુક્ષુઓએ એમની પાસે જ દીક્ષા લેવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો છતાં પણ તેઓ પોતાના સંકલ્પથી જરાપણ વિચલિત ન થયા. આખરે મુમુક્ષુઓને પ્રેમથી સમજાવીને બીજાના શિષ્ય બનાવરાવ્યા !...

તમામ મિષ્ટાન્ન, ફ્રૂટ, મેવો વિગેરે અનેક વસ્તુઓનો તેમણે કાયમ માટે ત્યાગ કર્યો હતો.

ગૃહસ્થપણામાં ગ્રેજ્યુએટ થતી વખતે રોજ ઈસ્ત્રીટાઈટ અપટુડેટ કપડા પહેરવાના શોખીન હોવા છતાં પણ દીક્ષાબાદ ઓઘનિર્યુક્તિ આદિના શાસ્ત્રવચન મુજબ વર્ષમાં ફક્ત એક જ વાર વસ્ત્ર પ્રક્ષાલન કરતા. ધીરે ધીરે એમના ગ્રુપમાં એમના ગુરુદેવ સહિત લગભગ તમામ મુનિવરો અને અનેક સાધ્વીજી ભગવંતો પણ તેમનું અનુસરણ કરીને આજે પણ વર્ષમાં ફક્ત એક જ વાર વસ્ત્રપ્રક્ષાલન કરે છે !!!...

અનેક મુનિવરોને તેમણે ખૂબ જ ઉદારતાપૂર્વક જ્ઞાનદાન કર્યું છે. અનેક સંઘોમાં જ્ઞાનભંડારો વ્યવસ્થિત કરાવ્યા છે.

અજોડ વિદ્વત્તા હોવા છતાં પણ તેમનામાં ગુરુસમર્પણભાવ અને ગુરુદેવ તથા ગ્લાન-વૃદ્ધ આદિ મુનિવરોની સેવા કરવાની વૃત્તિ પણ અત્યંત અનુમોદનીય કોટિની હતી !

જિનશાસનના અણમોલ ઝવેરાત સમાન આવા મુનિરત્ન માત્ર ૨૯ વર્ષની નાની વયમાં તા. ૨-૫-૮૭ના રોજ વિહાર દરમ્યાન પાછળથી ધસમસતી આવતી ટ્રકની હડફેટમાં આવી જતાં કાલધર્મ પામ્યા છે !...

કર્મની ગતિ કેવી વિચિત્ર છે !!...

તેમના જીવન ચરિત્રને વર્ણવતું એક પુસ્તક પ્રકાશિત થયું છે, જેનું નામ છે "બરસ રહી અખિયાં". પ્રત્યેક સાધુ-સાધ્વીજી ભગવંતોએ આ પુસ્તક અચૂક વાંચવા જેવું છે. તેમણે વાંચેલા ૪૨૫ સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોની નામાવલિ પણ એ પુસ્તકમાં છે.

આ મુનિવરના નામનો અઢી અક્ષરનો પૂર્વાર્ધ એટલે સહુ ધર્મી જીવોનું મુખ્ય ધ્યેય અને અઢી અક્ષરનો ઉત્તરાર્ધ સહુ સંસારી જીવોને ખૂબ જ ગમે છે. હવે તો સમજી ગયા ને કોણ હશે આ મહામુનિવર ?!...શાબાસ !...

એમના ગુરુદેવશ્રી એટલે વર્તમાનમાં શિબિરોના માધ્યમથી હજારો યુવાનોના જીવનમાં 'ટર્નીંગ પોઈન્ટ' લાવનારા, યુવા જાગૃતિ પ્રેરક, શાસન પ્રભાવક, ઉત્તમ આરાધક, આચાર્ય ભગવંતશ્રી...!...

કોટિ કોટિ વંદન હોજો આવા આચાર્ય ભગવંતોને, તથા મહા મુનિવરોને...!!!

## ૨૬ : સંસ્કૃત ભણવા માટે રોજ ૧૨ માઈલ છાણીથી વડોદરા વચ્ચે આવ-જાવ !!!

લગભગ સો વર્ષ પૂર્વેની આ વાત છે. જ્ઞાનાભ્યાસ રસિક એક મુનિવર સંયોગવશાત્ પોતાના વડિલો સાથે છાણીમાં કેટલાક મહિનાઓ સુધી રોકાયા હતા. તે સમયે વડોદરા રાજ્યના રાજારામ શાસ્ત્રી સંસ્કૃતના મોટા વિદ્વાન લેખાતા. મુનિવરને થયું કે-'આવા વિદ્વાન પાસે સંસ્કૃત કાવ્ય અને ન્યાયશાસ્ત્રોનો અભ્યાસ કરવાનું મળે તો કેવું સારું !'... આખરે વિનયપૂર્વક વડિલોની અનુમતિ મેળવીને તેઓ રોજ સવારે છાણીથી છ માઈલનો વિહાર કરીને વડોદરા જતા. ત્યાં પંડિતજીની સગવડ મુજબ અધ્યયન કરીને પાછા છ માઈલ પગે ચાલીને છાણી આવી જતા ! આ ક્રમ મહિનાઓ સુધી ચાલ્યો ! કેવી તીવ્ર અધ્યયન રુચિ હશે એ મહાત્માની !!!...

આગળ જતાં એ મહાપુરુષ આચાર્ય પદવી પામ્યા. મહાન શાસન પ્રભાવક બન્યા. ૧૦૫ વર્ષના દીર્ઘાયુષી થયા. તેમાં છેલ્લા ૭૭ વર્ષ સળંગ

વર્ષીતપ કર્યા !!! તેનાથી અગાઉ ૨૬ ચાતુર્માસ દરમ્યાન દર ચોમાસામાં એકાંતરા ઉપવાસ કરતા; જપ, ધ્યાન અને હઠયોગના પણ તેઓશ્રી સારા અભ્યાસી હતા. ૮૫ વર્ષની જૈફ વયે તેમણે સિદ્ધગિરિ તથા ગિરનારની યાત્રા પગે ચાલીને કરી હતી.

નાનપણથી જ વૈરાગ્યવંત એવા તેમને વડિલોના અતિ આગ્રહથી ન છૂટકે લગ્ન કરવા પડેલ. પરંતુ ૩ વર્ષના અનાસક્ત લગ્ન જીવન બાદ ૨૩ વર્ષની ઉંમરે તેમણે સ્વયં મસ્તકનું મુંડન કરાવીને સાધુવેષ પહેરી લીધો હતો ! કુટુંબીઓ સામે થયા, તો ત્રણ દિવસ સુધી ભૂખ્યા - તરસ્યા એક ઓરડામાં ભરાઈ રહેવાનું મંજૂર રાખ્યું પરંતુ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા. આખરે કુટુંબીઓએ સંમતિ આપી હતી. તેમની દીક્ષા પછી પાંચ વર્ષે તેમના ધર્મપત્ની, સાસુ તથા સાળાએ પણ દીક્ષા લીધેલ !...

અઢી અક્ષરના તેમના નામને સહુ મુમુક્ષુ આત્માઓ અવશ્યમેવ ઝંખે છે ! કહો જોઉં, કોણ હશે આ આચાર્ય ભગવંત ?!...

## ૨૭ : વિહારમાં ૮૪મી ઓળી સાથે રોજ ચાર વખત વાચના તથા વ્યાખ્યાન આપતા મુનિવર

આ વર્ષે વિહાર દરમ્યાન બે મહિનાના સમયગાળામાં જુદા જુદા છ ગામોમાં થોડા થોડા દિવસોના આંતરે દશેક ઠાણાના એક ગ્રુપ સાથે મળવાનું થયું.

વૈરાગ્યદેશનાદક્ષ તરીકે સુપ્રસિદ્ધ એ આચાર્ય ભગવંતે ગૃહસ્થ-પણામાં પ્રેમસગાઈ થયા પછી જિનવાણી શ્રવણના પ્રભાવે વૈરાગ્ય પામી લગ્ન કર્યા વિના જ દીક્ષા લઈ લીધી !...

એમની સાથે એમના એક પ્રભાવક શિષ્યરત્ન છે કે જેઓ તેમના દરેક કાર્યોમાં જમણા હાથ તરીકે સારો એવો સહયોગ આપી રહ્યા છે. એ મહાત્માએ ૮૪મી ઓળીનું પારણું ચૈત્ર મહિનામાં - ગરમીના દિવસોમાં કર્યું. રોજના ચાલુ વિહારોમાં પણ એ મહાત્મા ૮૪મી વર્ધમાન આયંબિલ તપની ઓળી કરતા અને સાથે વ્યાખ્યાન વાંચતા અને સહવર્તી મહાત્માઓને દશવૈકાલિક સૂત્ર વિગેરે જુદા જુદા ચાર વિષયોની વાચના આપતા. વિહાર... સળંગ આયંબિલ... વ્યાખ્યાન... ચાર વખત વાચના... આ બધું હોવા છતાં એ મહાત્માના મુખ ઉપર જે પ્રસન્નતા અને સાહજિકતા

હતી તે ખરેખર અનુમોદનીય હતી. નવા આગંતુકને ખ્યાલ પણ ન આવે કે આ મહાત્માની આટલી મોટી ઓળી ચાલતી હશે !...

આ ઉપરાંત લેખન-જાપ તેમજ યુવા શિબિર, નવપદજીની સામૂહિક ઓળી પ્રાચીન સાહિત્યનો ઉદ્ધાર, વિવિધ મહોત્સવો વિગેરેનું આયોજન પણ મુખ્યત્વે આ મહાત્મા સંભાળતા. આચાર્ય ભગવંતનું સ્વાસ્થ્ય નાદુરસ્ત રહેતું હોવા છતાં આ મહાત્માના આવા સાથ સહકારથી ખૂબ જ રાહત રહે છે. પરિણામે આવા વિનીત શિષ્ય ઉપર તેમની પૂરેપૂરી કૃપા ઉતરે એ સહજ છે. ધન ધન શાસન મંડન મુનિવર !!!...

**આ મહાત્માના દર્શન તો કલ્યાણકારી છે જ પરંતુ તેમના નામનો પૂર્વાર્ધ પણ કલ્યાણરૂપ છે અને ઉત્તરાર્ધ એટલે 'જય વીયરાય' પ્રાર્થના સૂત્ર દ્વારા વીતરાગ પરમાત્મા પાસે જે લોકોત્તર એવી ૧૩ બાબતોની માંગણી કરવામાં આવે છે તેમાં સૌથી છેલ્લી બાબતને સૂચવતો બે અક્ષરનો શબ્દ !...**

## ૨૮ : યુવા પ્રતિબોધક પદસ્થ ત્રિપુટી

સામાન્યતઃ એમ કહેવાય છે કે આજની યુવાપેઢી આધુનિક શિક્ષણ અને વિજ્ઞાનના નિતનવા આવિષ્કારોમાં અંજાઈ જઈને ધર્મથી વિમુખ બનતી જાય છે. સાધુ-સાધ્વીજી ભગવંતોના પ્રવચનોમાં મોટે ભાગે પ્રૌઢ કે વૃદ્ધ શ્રોતાઓ જ મર્યાદિત સંખ્યામાં જોવા મળે છે. મોટા ભાગનો યુવાવર્ગ દેરાસર - ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં ક્વચિત જ જોવા મળે છે... આ વાત ઘણે અંશે સાચી હોવા છતાં અપવાદ રૂપે આજે પણ એવા કેટલાક વિદ્વાન અને સંયમી મહાત્માઓ છે કે જેઓ આજના યુવાવર્ગની નાડ પારખી શક્યા છે. પરિણામે ધર્મના અમૂલ્ય તત્ત્વોને આધુનિક અભિનવ શૈલિમાં, જોશીલી જબાનથી રજુ કરીને હજારો યુવાનોને માત્ર ધર્મ સન્મુખ જ નહિ પરંતુ ધર્મમાં ઓતપ્રોત અને ઓળઘોળ બનાવી રહ્યા છે. તેમના રવિવારીય પ્રવચનો તેમજ શિબિરોમાં યુવાનો કીડીયારાની જેમ ઉભરાય છે. મોટા મોટા પ્રવચન હોલ પણ સાંકડા પડે છે. પરિણામે ગેલેરીમાં કે દાદરાના પગથિયા ઉપર દોઢ-બે કલાક સુધી ઊભા રહીને પણ કેટલાય યુવાનો જેમના પ્રવચન અમૃતનું હોંસે હોંસે પાન કરતાં જાણે ધરાતા જ નથી." વ્હાઈટ એન્ડ વ્હાઈટ" ડ્રેસમાં સજ્જ હજારો શિબિરાર્થી યુવાનોને વગર માઈકે અપાતા પ્રવચનના શ્રવણમાં પૂરા શિસ્ત સાથે એકતાન બનતાં તેમજ કેટલીય વખત એકી સાથે હજારો યુવાનોને વ્યસનોને તિલાંજલિ આપતાં અને વિવિધ પ્રકારના

વ્રત-નિયમોને પ્રસન્નતાથી સ્વીકારવા માટે હાથ જોડીને ઊભા થતાં જોવા એ પણ જીવનનો અદ્‌ભુત લ્હાવો ગણાય છે. સેંકડો - હજારો યુવાનોએ જેમની પાસે નિખાલસતાપૂર્વક પોતાના જીવનની બ્લેક ડાયરીના તમામ પાનાઓને ખુલ્લા મૂકી દઈને, ભવ આલોચના પ્રાયશ્ચિત્ત સ્વીકારીને આત્માને પવિત્ર બનાવ્યો છે સ્કૂલો-કોલેજો-યુનિવર્સિટીઓ ઉપરાંત જેલોમાં પણ જેમના પ્રવચનોએ કેદીઓ ઉપર કામણ કર્યું છે અને દારૂ-માંસ આદિ ૭ મહાવ્યસનોના સકંજામાંથી તેમને સદાને માટે મુક્તિ અપાવી છે. આધુનિક આકર્ષક શૈલિમાં લખાયેલા જેમના સંખ્યાબંધ પુસ્તકોએ આજની યુવાપેઢીને સદ્વાંચનનું ઘેલું લગાડ્યું છે અને એ પુસ્તકોએ કૈં'કના જીવનમાં "ટર્નીંગ પોઈન્ટ" લાવી દીધું છે. વળી જેઓ માત્ર કોરા વિદ્વાન્ કે વાચાળ વક્તા જ નથી પરંતુ સાથે સાથે સુસંયમી પણ છે. **એવા મહાત્માઓનો વિચાર કરીએ ત્યારે શ્વે. મૂ. પૂ. તપાગચ્છના એક જ સમુદાયના ત્રણ-ત્રણ પદસ્થ મહાત્માઓ તરત નજર સમક્ષ તરી આવે છે. કહો જોઉં કોણ હશે એ મહાત્માઓ ?...**

અન્ય સમુદાયોમાં પણ કોઈ કોઈ વિરલા વિદ્વાન-વક્તા-લેખક-સંયમી મુનિવરો છે. કેટલાકમાં વક્તૃત્વશક્તિ મધ્યમ પ્રકારની છે પરંતુ લેખન શક્તિ અદ્‌ભુત છે. સિદ્ધહસ્ત લેખક એવા તેમની કલમથી આલેખાયેલા પુસ્તકને એકવાર હાથમાં ઉપાડીએ એટલે એકી બેઠકે પૂરું કરીને પછી જ ઊઠવાનું મન થાય !... કેટલાક મહાત્માઓના દૈનિક પ્રવચનોમાં પણ આખો હોલ ચિક્કાર ભરાઈ જતો હોય છે. આવી રીતે સંયમની સાધના દ્વારા સ્વોપકાર સાથે વિવિધ શક્તિઓ દ્વારા વિશિષ્ટ પરોપકાર અને શાસન પ્રભાવના કરી રહેલા સહુ મહાત્માઓની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

## ૨૯ : આજીવન મૌન વ્રત !!!

જૂનાગઢ જિલ્લાના પરબ વાવડી ગામે સં. ૧૯૬૯માં જન્મીને ૨૦ વર્ષની વયે સ્થાનકવાસી સમુદાયમાં દીક્ષિત થયેલા એક મહાત્માએ પોતાના જીવનમાં નીચે મુજબ અનુમોદનીય આરાધના કરેલ છે.

(૧) સળંગ ૧૪ વર્ષ મૌન સાથે જાપ.

(૨) સળંગ ૧૯ વર્ષ વર્ષીતપ.

(૩) સળંગ ૩ વર્ષ પોલી અટ્ઠમ

(૪) સળંગ ૩ વર્ષ છટ્ઠથી વર્ષીતપ.

(૫) સળંગ ૧૦૦૦ આયંબિલ

(૬) સળંગ ૧૯ વર્ષ પાણીનો ત્યાગ !!!

ફક્ત છાસની આછ લેતા.

(૭) સં. ૨૦૪૯ ના કા. સુ. ૫ થી તેમણે આજીવન મૌનવ્રત સ્વીકારેલ છે !!!...

તેમના નામના પૂર્વાર્ધનો અર્થ હર્ષ એવો થાય છે. ઉત્તરાર્ધ એક રંગ વિશેષનું નામ છે.

## ૩૦ : ૨૪ વર્ષથી મૌન સાથે સાધના !

૫૦ વર્ષનો દીક્ષા પર્યાય ધરાવતા એક મહાત્મા (ઉં. વ. ૭૦) છેલ્લા ૨૪ વર્ષથી મૌન સાથે આત્મ સાધના કરી રહ્યા છે.

**શરૂઆતમાં પાંચ વર્ષ સુધી તેઓ આખો દિવસ ઊભા ઊભા કાઉસ્સગ્ગમાં જ રહેતા હતા. વાપરવાનું પણ ફક્ત બે ટાઈમ ૨-૨ રોટલી તથા ૧ાા કપ દૂધ તે પણ ઉભડક આસને જ !...**

તેઓ હાલ પાલિતાણામાં બિરાજમાન છે. પાલિતાણામાં ૩ વખત સામૂહિક ૯૯ યાત્રા દરમ્યાન આ મૌની મહાત્માના દર્શનનો લાભ અનેકવાર મળ્યો છે.

**તેમના નામના પૂર્વાર્ધનો અર્થ રાજા એવો થાય છે. તથા ઉત્તરાર્ધનો અર્થ મેલ રહિત એવો થાય છે.**

તેમના ગુરુદેવશ્રી પણ એક ધ્યાનનિષ્ઠ આચાર્ય ભગવંત હતા.

## ૩૧ : ગુરુ આજ્ઞા પાલનનો અજોડ આદર્શ

એ હતી ગુરુ-શિષ્યની અજોડ જોડી. જેને જોઈને કેટલાક લોકોને મહાવીરસ્વામી ભગવાન અને ગૌતમ સ્વામીની જોડી યાદ આવી જતી હતી !!!...

**ગુરુ હતા ૩૬ ક્રોડ ૬૩ લાખ નવકાર જાપના આરાધક સૂરિજી.** શિષ્ય પણ આગળ જતાં બન્યા તપસ્વી સૂરિવર. એમને પોતાના ગુરુદેવશ્રી પ્રત્યે અનન્ય સમર્પણ ભાવ હતો. ગુરુદેવશ્રીની પ્રત્યેક આજ્ઞાને તો તેઓ વિના વિકલ્પે "તહત્તિ" કરતા જ પરંતુ ગુરુદેવશ્રીની ઈચ્છામાત્રને પણ ઈંગિત

આકારથી સમજી જઈને તે મુજબ વર્તીને ગુરુદેવને સદાય સુપ્રસન્ન રાખતા. પરિણામે ગુરુદેવની કૃપા પણ શિષ્ય ઉપર બારે ખાંગે અનરાધાર વરસતી.

એક દિવસની વાત છે. ૧૬ ઉપવાસના પારણાના દિવસે શિષ્યે ગુરુદેવશ્રીને વંદન કરીને નવકારશીનું પચ્ચક્ખાણ માંગ્યું. ગુરુએ પૂછ્યું : 'આજે નવકારશીનું પચ્ચક્ખાણ કેમ ?' શિષ્યે કહ્યું : 'ગુરુદેવ ! આજે મારું સોળભત્તાનું પારણું છે તેથી...' ગુરુએ કહ્યું : 'તું તો હજી બીજા ૧૬ ઉપવાસ કરી શકે તેવી તારામાં સ્ફૂર્તિ દેખાય છે, તો પછી...! સુવિનીત શિષ્યે તરત જ ગુરુવચનને વધાવી લેતાં કહ્યું : 'તહત્તિ, ગુરુદેવ ! આપો ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ' અને શિષ્યની શક્તિ અને સમર્પણભાવને પારખનાર ગુરુદેવશ્રીએ પણ તરત જ ૧૬ ઉપવાસના એકીસાથે પચ્ચક્ખાણ આપી દીધા ! શિષ્યે પણ અંજલિ જોડીને પ્રસન્નચિત્તે એ પચ્ચક્ખાણનો સ્વીકાર કર્યો અને નિત્ય ચડતા પરિણામે ઉલ્લાસપૂર્વક બીજા ૧૬ ઉપવાસ પણ પૂર્ણ કર્યા !!!... ધન્ય ગુરુદેવ... ધન્ય શિષ્ય ...!... સહવર્તી મુનિવરો તો આ પ્રસંગ જોઈને આશ્ચર્ય અને અહોભાવ સાથે ગુરુ-શિષ્યની આ અજોડ જોડીને ભાવથી અભિવંદી રહ્યા !!!...

આજે આ ગુરુ-શિષ્યની જોડી સદેહે હયાત નથી. લગભગ વીસેક વર્ષ પહેલાં કાળધર્મ પામેલ છે. પરંતુ પોતાની આરાધના અને સદ્‌ગુણો દ્વારા આજે પણ હજારો લોકોના હૈયામાં તેઓ જીવંત જ છે !...

**કહો જોઉં - કોણ હશે એ ગુરુ-શિષ્ય ?! એ ગુરુદેવનું નામ ધરાવનાર અન્ય સમુદાયના એક આચાર્ય ભગવંતશ્રી આજે વિદ્યમાન છે. તથા શિષ્યનું ૪ અક્ષરનું નામ શંકરનું પર્યાયવાચી નામ બને છે. હવે તો શોધી લેશો ને ?!...**

## ૩૨ : રોજ બે-ત્રણ કલાક પ્રભુજી સમક્ષ ઊભા ઊભા વંદના...અનુમોદના...ગર્હાના અદ્‌ભુત આરાધક

પ્રવર્તક પદે બિરાજમાન એક મહાત્માનો ઘણા વર્ષોથી એક અદ્‌ભુત નિત્યક્રમ ચાલી રહ્યો છે. તેઓશ્રી રોજ જિનાલયમાં પ્રભુજી સમક્ષ ૨ થી ૩ કલાક સુધી સતત ઊભા ઊભા પરમાત્મ વંદના... મહા પુરુષોને વંદના... સત્પુરુષોના સુકૃતોની અનુમોદના... તથા સ્વદુષ્કૃતોની ગર્હા... ખૂબ જ ગદ્‌ગદ હૈયે ભાવ વિભોર બનીને મંદસ્વરે ઉચ્ચારપૂર્વક કરે છે. ત્યારે તેમની આંખોમાંથી અહોભાવ... તથા પશ્ચાત્તાપભાવ જન્ય અશ્રુઓની ધારા વહેતી હોય છે. આ અશ્રુધારામાં અગણિત કર્મોનો કાટમાળ ધોવાઈને સાફ થઈ

જતો હોય છે. આ આરાધના દ્વારા અદ્‌ભુત ચિત્ત પ્રસન્નતાની અનુભૂતિ તેઓશ્રી કરી રહ્યા છે.

તેઓશ્રીના એક શિષ્ય પણ એ જ રીતે આરાધના કરી રહ્યા છે.

કેટલાક સંઘોમાં પણ તેમણે આ આરાધના કરાવતાં બધાને ખૂબ જ આનંદ થયેલ છે.

આ મહાત્માએ બાળભોગ્ય શૈલિમાં "સંસ્કાર ધન" નામની પુસ્તિકાઓનો સેટ તૈયાર કરેલ છે જે બાળકોમાં જૈનત્વના સંસ્કારોનું સીંચન કરવા માટે ખૂબ જ ઉપયોગી પુરવાર થયેલ છે. બીજા પણ કેટલાક સુંદર પુસ્તકોનું આલેખન તેઓશ્રીએ કરેલ છે.

તેઓશ્રીના લઘુબંધુએ પણ સંયમ સ્વીકારેલ છે. તેઓ આજે આચાર્ય પદે બિરાજમાન છે. આગમો તથા કર્મ સાહિત્યના સારા અભ્યાસી તેઓશ્રીએ લોકભોગ્ય શૈલિમાં સંખ્યાબંધ પુસ્તકોનું આલેખન કરેલ છે. તેમાંના કેટલાક પુસ્તકો તો ખૂબ જ લોકપ્રિય થયેલ છે વળી તેમના સુમધુર પ્રવચનો પણ ઘણાના જીવનમાં "ટર્નીંગ પોઈન્ટ" લાવવામાં નિમિત્તભૂત બન્યા છે.

**ઉપરોક્ત પ્રવર્તક મહાત્માના નામનો પૂર્વાર્ધ તારક તત્ત્વત્રયીના એક તત્ત્વને સૂચવનાર છે. જ્યારે ઉત્તરાર્ધનો અર્થ 'છુપાયેલ' એવો થાય છે.**

તેઓશ્રીના લઘુબંધુ આચાર્ય ભગવંતના નામના પૂર્વાર્ધનો અર્થ 'કલ્યાણ' એવો થાય છે. ઉત્તરાર્ધ ઉપર મુજબ જાણવો. વંદન હો એ બંધુયુગલ મહાત્માઓને.

## ૩૩ : ફક્ત પાંચ સાદા દ્રવ્યોથી યાવજ્જીવ એકાશણાનો અભિગ્રહ

ઉપરોક્ત પ્રવર્તક મહાત્માના બે શિષ્યોનો યાવજ્જીવ એકાશણા કરવાનો અભિગ્રહ છે.

એકાશણામાં પણ ફક્ત પાંચ જ દ્રવ્ય વાપરવાના. તેમાં ક્વચિત્ ઓછા થાય પરંતુ વધારે તો નહિ જ !...

એ પાંચ દ્રવ્યો પણ રોટલી - દાળ - ભાત - શાક તથા દૂધ એ રીતે નિશ્ચિત કરેલા દ્રવ્યો જ લેવાના. આ સિવાય બીજા કોઈપણ દ્રવ્યો નહિ લેવાના !!!...

કેવો સુંદર વૃત્તિસંક્ષેપ તપ !!!... રસનેન્દ્રિય તથા આહાર સંજ્ઞા ઉપર કેવો અદ્‌ભુત કાબુ !!!

તમામ મિષ્ટાન્ન - ફરસાણ - ફ્રૂટ - મેવો વિગેરેનો ત્યાગ કરી માત્ર શરીરને પરિમિત ભાડું આપીને તેમાંથી સાધનાનો વધુ ને વધુ કસ કાઢવાનો કેવો સુંદર કીમિયો !!!

રોજ એક જ પ્રકારના દ્રવ્યો વાપરવાના છતાં "ચેઈન્જ"ની કોઈ અપેક્ષા નહિ. કંટાળો નહિ. કેવી સુંદર અંતર્મુખતા !... આત્માનંદીતા !...

ધન્ય એ મહાત્માઓને !...

## ૩૪ : અપરિચિત પ્રદેશોમાં ઉગ્ર વિહારોમાં પણ નિર્દોષ ગોચરીના ગવેષક મહાત્માઓ !!!

ત્રણેક વર્ષ પહેલાં સાગર સમુદાયના પૂજ્યોની નિશ્રામાં સુરતથી સમેતશિખરજી મહાતીર્થનો છ'રી પાળતો સંઘ નીકળ્યો હતો. તેમાં એ સમુદાયના બે મહાત્માઓ સંઘના રસોડેથી ગોચરી ન વહોરતાં ૧-૨ કિ.મી. દૂર ગામમાંથી જૈન કે અજૈન ઘરોમાંથી નિર્દોષ ગોચરી વહોરીને વાપરતા !...

સંઘમાં દરરોજ મિષ્ટાન્ન - ફરસાણ આદિ અનેક મનગમતી વસ્તુઓ હોય છતાં સ્વેચ્છાએ તેનો પરિત્યાગ કરીને... એક જ ઠેકાણેથી બધી ગોચરી ન વહોરતાં અનેક ઘરોમાંથી થોડું થોડું વહોરીને સાચા અર્થમાં "ગો-ચરી"ની ગવેષણા કરતા એ મહાત્માઓને જોઈને અનેક આત્માઓના અંતરમાં અહોભાવ તથા અનુમોદના દ્વારા ધર્મબીજનું વપન થઈ જતું હતું !... ધન્ય તે મહાત્માઓને !... **બંને મહાત્માઓના નામનો ઉત્તરાર્ધ જ્યોતિષમાં સૌથી મહત્વના ગ્રહને સૂચવે છે. એક મહાત્માનું નામ પ્રભુ મહાવીરસ્વામી ભગવાનના સમયમાં થઈ ગયેલા એક સુપ્રસિદ્ધ રાજર્ષિનું નામ છે.** માત્ર ઈરિયાવહી સુધી આવડતું હોવા છતાં તેમણે દીક્ષા લીધી અને હાલ રોજ ૫ ગાથા ગોખે છે તથા ૫૦૦ ગાથાનો સ્વાધ્યાય કરે છે. એકાશણાથી ઓછું પચ્ચક્ખાણ કરતા નથી. ગુરુ સમર્પણભાવ ગજબનો છે. ઘણીવારે રાત્રે ૩-૪ કલાક કાઉસ્સગ્ગ કરે છે.

**બીજા મહાત્માના નામનો પૂર્વાર્ધ સિદ્ધચક્ર પૂજનમાં જે ૨૮... નું પૂજન થાય છે તે છે.**

## ૩૫ : શુદ્ધ ગોચરીના અભાવે ત્રણ-ત્રણ ઉપવાસ !!!

એ મહાત્મા ઘણા વર્ષો સુધી રાજસ્થાનમાં જ વિચર્યા. નિત્ય એકાશણા કરતા. વર્ધમાન તપની ૭૦ ઓળી પણ કરી. શુદ્ધ આહાર-પાણીની ગવેષણા તથા નિર્દોષ સ્થંડિલભૂમિના તેઓ ખાસ ખપી હતા. કેટલીકવાર વિહારો દરમ્યાન નિર્દોષ ગોચરી ન મળતી તો તેઓ ત્રણ-ત્રણ દિવસ સુધી સળંગ ઉપવાસો કરી નાખતા પરંતુ પોતાના નિમિત્તે બનેલી ગોચરી વાપરવાનો સ્વપ્ને પણ વિચાર ન કરતા !!!...

પ્રાયઃ દર વર્ષે ૨-૩ ઉપધાન તેઓશ્રીની નિશ્રામાં થતા તેમાં ખૂબ સારી સંખ્યામાં આરાધકો જોડાતા. શાંત અને પ્રેમાળ સ્વભાવના કારણે અનેક આરાધકો તેઓશ્રીની નિશ્રામાં આરાધના કરવા માટે હોંસે હોંસે જોડાતા.

૨ વર્ષ સુધી આચાર્ય પદે રહીને સં. ૨૦૪૫માં ચૈત્ર સુદિ ૫ ના શંખેશ્વર તીર્થમાં તેઓશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમના પિતાશ્રીએ પણ તેમની દીક્ષા બાદ થોડા વર્ષો રહીને દીક્ષા લીધી હતી.

તેઓ નવકાર મહામંત્રના અજોડ આરાધક, અધ્યાત્મયોગી "પંન્યાસજી મહારાજ" ના શિષ્યરત્ન હતા.

**તેઓશ્રીના નામનો બે અક્ષરનો પૂર્વાર્ધ અરિહંત પરમાત્મા માટે વપરાતો એક શબ્દ છે તથા ઉત્તરાર્ધનો અર્થ કાંતિ - તેજ એવો થાય છે !...**

વંદન હો શુદ્ધ એષણાસમિતિના આરાધક તે મહાત્માને !...

## ૩૬ : ફક્ત ચા-દૂધ ખાખરાથી નિત્ય એકાશણા !!!

કર્મ સાહિત્ય નિષ્ણાત, નૈષ્ઠિક બ્રહ્મમૂર્તિ, સચ્ચારિત્રચૂડામણિ મહાન આચાર્ય ભગવંતના એક દીર્ઘચારિત્રી શિષ્યરત્ન વર્ષોથી નિત્ય એકાશણા કરે છે.

સવારના નવકારસી સમયે તેઓ ફક્ત બે તરપણી-ચેતના લઈને એકાશણાની ગોચરી વહોરવા માટે જાય. (ઝોળીમાં બીજા પાત્રા ન લે.)

એક તરપણી-ચેતનામાં ચા + દૂધ તથા ખાખરા વહોરે. ખાખરાનો ભૂક્કો કરીને મીક્સ કરેલા ચા-દૂધમાં નાખી દે અને બીજી તરપણીમાં ઘરોમાંથી જ ઊકાળેલું પાણી વહોરી લાવે. એનાથી જ એકાશણું કરી લે. પાણી વધે તો ૨-૪ મહિને માંડ કપડાનો કાપ કાઢે. દેરાસરમાં તથા પ્રતિક્રમણમાં ખૂબ જ ભાવવિભોર બનીને સ્તવન - સજ્ઝાયાદિ લલકારે.

હાલ તેઓ અમદાવાદમાં બિરાજમાન છે. અવાર નવાર વિવિધ જિનેશ્વર ભગવંતોના કલ્યાણકોની સુંદર આરાધના શ્રીસંઘોને કરાવે છે. તેમના નામના પૂર્વાર્ધનો અર્થ ચારિત્ર થાય છે તથા ઉત્તરાર્ધનો અર્થ કાંતિ-તેજ એવો થાય છે.

## ૩૭ : પરિણતિલક્ષી સાધુતા !

૩ વર્ષ પહેલાં સુરેન્દ્રનગરમાં એક મુનિવરનાં દર્શન થયા. ખૂબ જ અનુમોદનીય અંતર્મુખતા એમના જીવનમાં જોવા મળી. સતત આત્મલક્ષી આરાધના-સાધનાનું જ એકમાત્ર મુખ્ય લક્ષ્ય. પોતાના અંતરંગ પરિણામોનું જ ખાસ અવલોકન. લોકસંજ્ઞાનું નામો નિશાન નહીં. વાહ વાહની કોઈ પરવા નહિ. નામનાની કોઈ કામના નહીં. આધ્યાત્મિક સ્વાધ્યાય અને આત્મચિંતનમાં જ રચ્યા પચ્યા રહે. લગભગ ૮૫ આસપાસની વર્ધમાન આયંબિલ તપની ઓળી ચાલુ હતી. આયંબિલખાતામાં વહોરવા જવાનું નહીં. ઘરોમાંથી સહજભાવે જે સૂઝતું મળે તે જ વહોરવાનું. પાણી પણ પાણી ખાતામાંથી નહિ વહોરવાનું. ઘરોમાંથી જ સૂઝતું પાણી વહોરવાનું. વર્ષમાં એક જ વાર કપડાનો કાપ કાઢવાનો. કોઈ મહોત્સવાદિનો રસ નહીં. વ્યાખ્યાનનો શોખ નહીં. અધ્યયન અધ્યાયનની અપૂર્વ રૂચિ. પોતાના અધ્યવસાયો કેમ ઉત્તરોત્તર નિર્મલ - નિર્મલતર - નિર્મલતમ બને એ જ મુખ્ય લક્ષ્ય. તે માટે જિનાજ્ઞાનું સૂક્ષ્મ રીતે પાલન ! યુવાન વય હોવા છતાં કોઈ કુતૂહલવૃત્તિ કે ઉત્સુકતા નહીં ! વડિલોનો પણ સંપૂર્ણ વિશ્વાસ તેમણે સંપાદન કરેલો. જેથી તેઓએ પણ એમની અનુકૂળતા મુજબ તેવા ખપી ૨-૩ મહાત્માઓ સાથે વિચરવાની તેમને અનુકૂળતા કરી આપી હતી. વિશિષ્ટ વિદ્વત્તા હોવા છતાં વ્યાખ્યાનાદિ દ્વારા તેનું પ્રદર્શન કરવાની કોઈ તમન્ના ન હોવાથી વ્યાખ્યાન માટે પણ સહવર્તીને જ આગળ કરતા.

આવું આત્મલક્ષી, પરિણતિલક્ષી, અંતર્મુખી આદર્શ સંયમ જીવન જીવનારા એ મહાત્માના નામના પૂર્વાર્ધનો અર્થ દુનિયા એવો થાય છે. અને ઉત્તરાર્ધનો અર્થ સમકિત અથવા જોવું એવો થાય છે. સુવિશુદ્ધ સંયમમૂર્તિ એ મહાત્માને હાર્દિક વંદન ! તેઓ વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ તરીકે સુપ્રસિદ્ધ આચાર્ય ભગવંતશ્રીના સમુદાયને અલંકૃત કરી રહ્યા છે !... જિનશાસનના શણગાર રૂપ એ અણગારની પુનઃ ભૂરિ ભૂરિ હાર્દિક અનુમોદના.

## ૩૮ : દીક્ષાની ખાણી - નામ લીધું જાણી ???

આ જગતમાં અનેક પ્રકારની ખાણો વિદ્યમાન છે. પથ્થર, આરસ, સોના - રૂપા કે હીરાની ખાણ વિષે તો તમે સાંભળ્યું જ હશે પરંતુ ક્યાંય દીક્ષાની ખાણ હોય તેવું તમે સાંભળ્યું છે ?

ગુજરાતમાં એક એવું ગામ વિદ્યમાન છે કે જે દીક્ષાની ખાણી તરીકે સુપ્રસિદ્ધ છે.

૮૦ જેટલા જૈન ઘરોની વસ્તીવાળા આ ગામમાંથી ૧૬૦ જેટલા આત્માઓએ દીક્ષા અંગીકાર કરી છે !!...

તેમાંથી કોઈ આચાર્ય ભગવંત, ઉપાધ્યાય, ભગવંત, પંન્યાસ કે ગણિવર્ય વિગેરે બનીને જિનશાસનની પ્રભાવના કરી રહ્યા છે.

ત્યાં પ્રાયઃ એકેય જૈન ઘર એવું નથી કે જેમાંથી કોઈએ પણ દીક્ષા લીધી ન હોય !...

ધન્ય છે એ ગામની ધરતીને તેમજ એ ગામની રત્નકુક્ષિ માતાઓને કે જ્યાં અનેક સંયમીરત્નો પાક્યા છે.

**માત્ર બેજ અક્ષરનું નામ ધરાવતું આ ગામ-જેણે લીધું જાણી તેણે જીવન લીધું માણી અને જેણે હજી ન લીધું જાણી તેણે વલોવ્યું માત્ર પાણી !!!**

જીવનમાં એકવાર તો અચૂક આ ગામના ત્રણ - ત્રણ જિનાલયોના દર્શન કરવા જેવા છે.

## ૩૯ : સપરિવાર તથા સામૂહિક સંયમ સ્વીકાર

પ્રાચીન કાળમાં સેંકડો આત્માઓએ એકી સાથે સંયમ સ્વીકારેલ હોય તેવા જંબૂસ્વામી વિગરેના અનેકાનેક દૃષ્ટાંતો શાસ્ત્રોમાં જોવા મળે છે.

એક જ પરિવારના તમામ સભ્યોએ સંયમ સ્વીકારેલ હોય તેવા પણ અનેક દૃષ્ટાંતો જોવા મળે છે.

પરંતુ એ દૃષ્ટાંતોમાં કદાચ કોઈને અતિશયોક્તિના દર્શન થતા હોય તેમણે વર્તમાનકાળના નીચેના દૃષ્ટાંતો ખાસ વિચારવા યોગ્ય છે.

**(૧) એક જ પરિવારના ૨૩ સભ્યોની દીક્ષા !!!**

શ્વે. મૂ. પૂ. તપાગચ્છીય સાગર સમુદાયમાં એક જ પરિવારના ૨૪ આત્માઓએ સંયમ સ્વીકારેલ છે. તેમના સંયમી નામ તેમજ પરસ્પર

સાંસારિક સંબંધ નીચે મુજબ છે.

(૧) ગણિવર્ય શ્રી જિનરત્નસાગરજી મ. (નં. ૩ ના સગાભાઈ)
(૨) મુનિરાજ શ્રી અપૂર્વરત્નસાગરજી મ. (નં. ૧ ના સગા કાકાના દીકરા)
(૩) મુનિરાજ શ્રી જયરત્નસાગરજી મ. (નં. ૧ ના સગા ભાઈ)
(૪) મુનિરાજ શ્રી જિતરત્નસાગરજી મ. (નં. ૧ ના પુત્ર)
(૫) મુનિરાજ શ્રી ચંદ્રરત્નસાગરજી મ. (નં. ૧ ના પુત્ર)
(૬) મુનિરાજ શ્રી ધર્મરત્નસાગરજી મ. (નં. ૨ ના પિતા)
(૭) સાધ્વી શ્રી ચતુરશ્રીજી (નં. ૧ ના દાદીમા)
(૮) સાધ્વી શ્રી ઈન્દુશ્રીજી (નં. ૭ ના પુત્રી)
(૯) સાધ્વી શ્રી હેમેન્દ્રશ્રીજી (નં. ૧ ના સગા કાકાની પુત્રી)
(૧૦) સાધ્વી શ્રી સૌમ્યયશાશ્રીજી (નં. ૧૦ની સગી બહેન)
(૧૧) સાધ્વી શ્રી સૌમ્યવદનાશ્રીજી (નં. ૧૦ની સગી બહેન)
(૧૨) સાધ્વી શ્રી અર્પિતાશ્રીજી (નં. ૧૦ની સગી બહેન)
(૧૩) સાધ્વી શ્રી ગુણજ્ઞાશ્રીજી (નં. ૬ ના સગાભાઈની પુત્રી)
(૧૪) સાધ્વી શ્રી સુરેખાશ્રીજી (નં. ૧૩ ની સગી બહેન)
(૧૫) સાધ્વી શ્રી મુક્તિરસાશ્રીજી (નં. ૧૩ ની સગી બહેન)
(૧૬) સાધ્વી શ્રી સુવર્ષાશ્રીજી (નં. ૧ ના સગા કાકાની પૌત્રી)
(૧૭) સાધ્વી શ્રી પૂર્વિતાશ્રીજી (નં. ૬ ના સગા નાના ભાઈની પુત્રી)
(૧૮) સાધ્વી શ્રી તીર્થરત્નાશ્રીજી (નં. ૧ ના ધર્મપત્ની)
(૧૯) સાધ્વી શ્રી ચારિત્રરત્નાશ્રીજી (નં. ૩ ના ધર્મપત્ની)
(૨૦) સાધ્વી શ્રી ગુણરત્નાશ્રીજી (નં. ૧ ના પુત્રી)
(૨૧) સાધ્વી શ્રી અપૂર્વરસાશ્રીજી (નં. ૧ ના સગા કાકાઈ બેનની પુત્રી)
(૨૨) સાધ્વી શ્રી પ્રિયદર્શનાશ્રીજી (નં. ૧ ના સગા ભાભીના સગા બહેન)
(૨૩) સાધ્વી શ્રી કમલપ્રભાશ્રીજી (નં. ૧ના માસીના દીકરી)

સંસારી અવસ્થામાં મધ્યપ્રદેશમાં ઈંદોર જિલ્લાના ગૌતમપુરા વિગેરે ગામોમાં રહેતા ઉપરોક્ત મુનિવરો સાથે સં. ૨૦૫૦ના અક્ષય તૃતીયાના દિવસે પાલિતાણામાં મુલાકાત થઈ ત્યારે તેઓમાંથી મુનિરાજશ્રી ચંદ્રરત્નસાગરજી (ત્યારે ઉં. વ. ૨૯ તથા દીક્ષા પર્યાય ૧૭ વર્ષ)ના સળંગ ૮૦૦ આયંબિલ (૭૧થી ૮૨ ઓળી સુધી સળંગ) થયા હતા અને આગળ

ચાલુ રાખવાના ભાવ હતા ! (હાલ ૨૦૦૦ થી અધિક સળંગ આયંબિલ થયેલ છે !) પ્રાયઃ બે દ્રવ્યથી ઓળી કરતા અને ૪ ઘડી પહેલાં પાણહારનું પચ્ચક્ખાણ લઈ લેતા ! તેમણે પાંચ વર્ષથી લીલોતરી બંધ કરેલ છે તથા તેઓ ચાતુર્માસમાં આખું કઠોળ પણ વાપરતા નથી !...

બીજા મુનિવરોએ પણ યથાયોગ્ય તપ-ત્યાગ તથા જ્ઞાનાભ્યાસમાં સારી પ્રગતિ સાધી છે.

**(૨) એક જ ઘરના આઠેય સભ્યોની એકી સાથે દીક્ષા**

પ્રથમ સંતાનોએ દીક્ષા લીધી હોય અને પાછળથી માતા-પિતાએ પણ સંયમ સ્વીકારેલ હોય એવા તો સંખ્યાબંધ દૃષ્ટાંતો વર્તમાનકાળમાં જોવા મળશે. એક કે બે સંતાન સહિત માતા-પિતાએ સાથે દીક્ષા લીધી હોય તેવા દૃષ્ટાંતો પણ ઘણા જોવા મળશે. એકલા કચ્છ જિલ્લાનો વિચાર કરીએ તો પણ ભુજ, કોડાય, સાંધવ વિગેરે ગામોના તેવા પરિવારો છે. જ્યારે સમગ્ર ભારતની અપેક્ષાએ ગણતરી કરવા જઈએ તો એ યાદી ઘણી લાંબી થઈ જાય. તેમાંથીએક વિશિષ્ટ ઉદાહરણનો વિચાર કરીએ તો પોતાના છએ સંતાનો (૨ સુપુત્રો અને ૪ સુપુત્રીઓ) સહિત માતા-પિતાએ (કુલ આઠ જણાએ) એકી સાથે સંયમનો સ્વીકાર કર્યો હોય તેવું પણ દૃષ્ટાંત વિદ્યમાન છે.

શંખેશ્વર તીર્થની પાસે આવેલ ઝીંઝુવાડામાં આજથી ૨૦ વર્ષ પહેલાં ઉપર મુજબના એક પરિવારે શાસનપ્રભાવક પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ૐકાર સૂરીશ્વરજી મ. સા.ના વરદ હસ્તે દીક્ષા ગ્રહણ કરેલ છે અને સુંદર ચારિત્ર અને જ્ઞાનાભ્યાસ દ્વારા આત્મકલ્યાણ સાથે સુંદર શાસન પ્રભાવના કરી રહેલ છે.

**(૩) એકી સાથે ૨૬/૨૪/૨૫ તથા ૩૧ દીક્ષાઓ :-**

આજે સમૂહ લગ્નનો જમાનો ચાલી રહ્યો છે. એકી સાથે ૨૫-૫૦ યુગલોના લગ્નો યોજાતા હોય છે. જ્યારે શ્રીજિનશાસનમાં આજે પણ જુદા જુદા ગામોના અનેક દીક્ષાર્થીઓ એક જ ગામમાં એકી સાથે દીક્ષા અંગીકાર કરે એવી વિરલ ઘટનાઓ બનતી હોય છે.

વિ.સં. ૨૦૩૩માં મહારાષ્ટ્રમાં અમલનેર શહેરમાં **વ્યાખ્યાન વાચસ્પતિ પ. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સા. તથા વર્ધમાન તપોનિધિ પ. પૂ. આ.ભ. શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મ. સા. ના વરદ હસ્તે જુદા જુદા અનેક ગામોના કુલ ૨૬ મુમુક્ષુઓએ એકી સાથે રજોહરણનો સ્વીકાર કર્યો ત્યારે કેવું અદ્‌ભુત વાતાવરણ સર્જાયું હશે !!... તેની તો કલ્પના જ

કરવી રહી.

ઉપરોક્ત વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીની નિશ્રામાં ખંભાતમાં એકી સાથે ૨૪ દીક્ષાઓ થઈ હતી.

તેવી જ રીતે કચ્છમાં કટારીયા તીર્થમાં અધ્યાત્મયોગી પ. પૂ. આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા.** ના વરદ હસ્તે વિવિધ ગામોના કુલ ૨૪ મુમુક્ષુઓએ સંયમનો સ્વીકાર કરી સંસારને અલવિદા કરી ત્યારે પણ અદ્ભુત શાસન પ્રભાવના થઈ હતી !

દિગંબર સંપ્રદાયમાં એકી સાથે ૨૫ મુમુક્ષુઓએ **આચાર્યશ્રી વિદ્યાસાગરજી** મ. ના હસ્તે દીક્ષા અંગીકાર કરેલ.

તેરાપંથી **આચાર્ય શ્રી તુલસીની** નિશ્રામાં એકી સાથે ૩૧ જણાએ દીક્ષા અંગીકાર કરી હતી !..તેમણે કુલ ૮૦૦ જણાને તેરાપંથમાં દીક્ષા આપી છે !..

**(૪) ૮ સગી બહેનોએ કરેલો સંયમનો સ્વીકાર :-**

કચ્છ-વાગડના મૂળ રામાવાવ ગામની ગ્રેજ્યુએટ થયેલી આઠ સગી બહેનોએ કુમારિકા અવસ્થામાં જ સ્થાનકવાસી સમુદાયમાં સંયમનો સ્વીકાર કરેલ છે. સગી બહેનોએ આટલી મોટી સંખ્યામાં સંયમનો સ્વીકાર કર્યો હોય તેવી વિરલ ઘટના ભગવાન શ્રી મહાવીર સ્વામીના શાસનમાં પ્રાયઃ આ પ્રથમ છે. (અગાઉ શ્રી સ્થૂલિભદ્ર સ્વામીની સાત બહેનોએ દીક્ષા લીધી હતી.) આ આઠેય બહેનોના નામ વિગેરે આ જ પુસ્તકના દ્વિતીય ભાગમાં પ્રકાશિત થયેલ છે.

## ★૪૦ : કામળીના કાળ પૂર્વે જ ઉપાશ્રયમાં પ્રવેશવાનો નિયમ

એક મુનિવરને વિહારમાં કામળીનો કાળ થતાં પૂર્વે જ વસતિમાં પ્રવેશ કરી દેવાનો નિયમ હતો. એક વખત તેમણે એકાશન કરીને ધૂમ તાપમાં બાર વાગે વિહાર શરૂ કરી દીધો. સાંજ થતાં કામળીનો કાલ થવાને હવે દશ જ મિનિટની વાર હતી. તેમણે ભારે સ્ફૂર્તિ કરી અને તેની એકજ મિનિટ પૂર્વે વસતિમાં પ્રવેશ કરી દીધો. પ્રતિજ્ઞા પાલન કર્યાનો તેમના મોં ઉપર અપાર આનંદ ઊભરાતો હતો.

---

★ દૃષ્ટાંત નં. ૪૦ થી ૭૫ સુધીના દૃષ્ટાંતો પ. પૂ. પંન્યાસપ્રવર શ્રીચંદ્રશેખરવિજયજી મ.સા. દ્વારા લિખિત મુનિજીવનની બાળપોથી ભા. ૧ માંથી સાભાર ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

## ૪૧ : ધન્ય છે એ મહાકરૂણાને !

મહારાષ્ટ્રમાં એક આચાર્ય ભગવંતને વેગથી ધસી આવતી ટેક્સીએ અડફેટમાં લીધા. જોરદાર ધક્કો લાગવાથી પૂજ્યશ્રી સોળ ફૂટ દૂર ફેંકાઈને પછડાયા. પગમાં ફ્રેક્ચર થઈ ગયું. મારની અસહ્ય વેદનામાં પણ તેઓશ્રીએ સ્વશિષ્યોને કહ્યું, "પેલા ડ્રાઈવરને કશું જ કરતા નહિ. એ બિચારો તદ્દન નિર્દોષ છે. મારું સહુને મિચ્છામિ દુક્કડમ્.' ધન્ય છે; એ મહાકરૂણાને !

## ૪૨ : અનુમોદનીય સરળતા અને પાપભીરૂતા

એક મહાત્માએ આધુનિક જૈન નાટકની જોરદાર તરફેણ કરી હતી. પરંતુ તેમના કાળધર્મના નજીકના જ દિવસોમાં તેમણે પોતાની એ ભૂલનો નિકટવર્તી મુનિઓ પાસે હાર્દિક એકરાર કર્યો હતો. ધન્ય છે. તેમની સરળતાને ! પાપભીરુતાને !

## ૪૩ : અવિધિનો ખટકો અને સંયમની કટ્ટરતા

તાજેતરમાં કાળધર્મ પામેલા એક મહાત્મા આરોગ્યનાં કારણે, નિશ્ચિત થયેલા સ્થળે ચાતુર્માસ કરવા જઈ ન શક્યા., ડોળીમાં બેસીને જઈ શકાતું હતું પણ તેમને તે મંજૂર ન હતું.

પણ અન્ય સ્થળે ચાતુર્માસ કરવાની અવિધિ તેમના હૈયાને સાલતી હતી. તેથી જ જાણે કે ચોમાસી પ્રતિક્રમણ પૂર્વે તે સ્થળને ય તે કૃપાલુએ છોડી દીધું ! ધન્ય છે; તેમની સંયમ-કટ્ટરતાને !

## ૪૪ : ઓપરેશન પ્રસંગે પણ આધાકર્મી અનુપાનનો ત્યાગ !!!

ઓપરેશન પૂરું થયા બાદ ભાનમાં આવેલા આચાર્ય ભગવંત પાસે વિનીત શિષ્યે ગરમ પ્રવાહી લાવી મૂક્યું. અપ્રમત્ત આચાર્યશ્રીએ મૌન રહીને સંકેતથી પૂછ્યું કે, આ પ્રવાહી ક્યાંથી લાવ્યો ? મારા માટે કોઈ ભક્તને ત્યાં ખાસ બનાવરાવ્યું છે ?? શિષ્યે હા કહી કે તરત જ આચાર્ય ભગવંતે તે

પ્રવાહી લેવાની સાફ ના કહી દીધી !

આચાર્યદેવના આવા અદ્‌ભુત જાગરણનું હાર્દિક અનુમોદન.

## ૪૫ : એંઠા મોઢે બોલાઈ જતાં ૨૫ ખમાસમણ આપતા આચાર્યશ્રી

હૃદયરોગનો ત્રીજો હુમલો આવી ગયા બાદ ૮૪ વર્ષના એ આચાર્ય ભગવંત એક દિવસ પંચાંગ પ્રણિપાતની વિધિપૂર્વક ખમાસમણ દઈ રહ્યા હતા. શિષ્યે વિનયભાવે કારણ પૂછ્યું અને આવી સ્થિતિમાં આ શ્રમ ન લેવા માટે આગ્રહપૂર્વક વિનંતિ કરી.

પણ આચાર્ય દેવ ન માન્યા. તેમણે શિષ્યને કહ્યું કે "એંઠા મોંએ ન બોલવાનો મારો અભિગ્રહ છે. આજે સહસા બોલાઈ ગયું એટલે ૨૫ ખમાસમણાનો મેં રાખેલ દંડ ભોગવું છું." ધન્ય છે તેમની વ્રત-પાલનનિષ્ઠાને !

## ૪૬ : બ્રહ્મચર્યની રક્ષાર્થે નિમિત્ત નાશની અપૂર્વ તકેદારી

પોતાના શિષ્યોના બ્રહ્મચર્યની સહજ રક્ષા માટે એક મુનિવરે ઉપાશ્રયના પાછલા ભાગના ખુલ્લા દ્વારમાં ઊભા લોખંડના સળીયા જડાવી દેવાની પ્રેરણા કરી. તરત અમલ થયો. કેવી, નિમિત્ત-નાશની અપૂર્વ તકેદારી !

## ૪૭ : રસનેન્દ્રિયને જીતનારા કીમિયાગરો

એ મહાત્માને મીઠાઈ વગેરે સ્વાદપ્રચૂર દ્રવ્યોનો તો ત્યાગ જ હતો. પરંતુ છતાંય રોટલી ખાતાં ય રાગ થવાનો ભય હતો; તેથી તેઓ દરેક રોટલી ઉપર દેશી દિવેલ ચોપડીને જ વાપરતા.

બીજા મહાત્મા બધી વસ્તુ એક પાતરામાં ભેગી કરીને તેમાં આયંબિલ ખાતાનું કરિયાતું નાંખી દેતા.

ત્રીજા મહાત્મા મોંમાં એક જ બાજુથી દરેક કોળીયો ઉતારતા અર્થાત્

કોઈ કોળીયાને મમરાવતા નહિ. જાણે કે એક બાજુ અવાળુ થયું હોય તે રીતે હાથે કરીને વાપરતા.

રાગને ધૂળ ચાટતો કરતા એ મહાત્માઓને વંદન ! વંદન !

## ૪૮ : આધાકર્મી આહારદોષથી બચવા માટે તીર્થભૂમિમાંથી શીઘ્ર વિહાર

તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાર્થે સહજ રીતે ગયેલા વિશાળ સમુદાયને લેવી પડતી આધાકર્મી 'ભક્તિ' જોઈને વડીલ ગુરુએ ત્રણ-ચાર દિવસમાં જ યાત્રાઓ કરીને સહુને વિહાર કરાવી દીધો !

## ૪૯ : અદ્‌ભુત ગુરુ ભક્તિ

આ મહાત્મા હંમેશ સંવેગરંગશાળાનો ઠીક ઠીક સમય સુધી સ્વાધ્યાય કરતા. જ્યારે પણ તેઓને ગુર્વાજ્ઞાથી જુદું ચોમાસુ કરવું પડતું ત્યારે તેઓ ચોમાસામાં હંમેશ ગુરુની દિશામાં થોડાક પગલા આગળ વધીને તેમને વંદન કરતા.

## ૫૦ : સળંગ ૩૨ વર્ષીતપ પારણામાં નાકથી દૂધપાન !

એ મહાત્માએ લગાતાર બત્રીસ વર્ષ સુધી વર્ષીતપ કર્યો. તેઓ ઉપવાસ ને પારણે એકાસણું કરતા., અને પારણામાં નાકેથી દૂધ વાપરી જતા. તેઓ કહેતા કે આથી રસ ઉપર વિજય મળે છે અને આરોગ્ય પ્રાપ્ત થાય છે.

## ૫૧ : 'વ્યાધિ એટલે કર્મનિર્જરાની સોનેરી તક !' "મહેમાનને ડામ દેવાય ???"

પીઠમાં ફરતા વાની ભયંકર પીડાને ગુરુદેવ સમાધિથી વેદતા હતા. શિષ્યો ગરમ પાણીના સેકની કોથળી લઈ આવ્યા. ભારે સ્વસ્થતા સાથે ગુરુદેવે કહ્યું, 'મહેમાનને મીઠાઈ ખવડાવાય; ત્રણ-ચાર દિ' રોકાવાનો આગ્રહ

કરાય, પણ કાંઈ ડામ થોડા દેવાય ? તમે તો 'વા' નામના મહેમાનને સેકની કોથળીના ડામ દેવા આવ્યા ? ના... મારે એ સેક કરવો નથી. કર્મનિર્જરાની આ તો અપૂર્વ, વણમાગી આવી પડેલી સોનેરી તક છે !'

## ૫૨ : નાગપુરથી શિખરજીની યાત્રા સહાયક માણસ વિના જ

એ હતી., ગુરુશિષ્યની અજોડ સંયમી જોડી. તેમણે નાગપુરથી શિખરજીની યાત્રા શરૂ કરી પણ સહાયક માણસ વિનાજ ! ઠેઠ શિખરજી જઈને પાછા આવી ગયા ! સંપૂર્ણ નિર્દોષ સંયમ જીવનની રક્ષા સાથે જ.

## ૫૩ : લઘુતામેં પ્રભુતા બસે

જોગમાં પેઠેલા શિષ્યોને ગોચરીમાં થોડોક આહાર વધી ગયો. એંઠો પણ થઈ ગયો હતો. વધેલું જો પરઠવે તો દિવસ પડે એ ચિન્તાથી શિષ્યની આંખમાં આંસુ આવી ગયા ? ગચ્છના વડીલ આચાર્યે તેના આંસુ જોઈ લીધા. બીજા કોઈને કશું ય કીધા વગર તે આચાર્ય ભગવંત તે શિષ્યની બાજુમાં જઈને બેસી ગયા અને સમય જોઈને તેની વધેલી ગોચરી તરત જ વાપરી ગયા ! શિષ્યની આંખે આંસુ તો હજુ પણ ચાલતા હતા. તે હર્ષનાં હતા.

## ૫૪ : કમનીય કરકસર

તે આચાર્ય મહારાજ દૈનિક છાપાઓની સાઈડ ઉપરની કોરી પટ્ટીઓ ફાડીને લઈ લેતા અને તેની ઉપર પોતાના દોહનોને ટપકાવતા; લખતા; અને સાચવી રાખતા.

## ૫૫ : અદ્ભુત સાદગી

એ મહાત્મા, છોલાઈને સાવજ નાની - હાથમાં માંડ પકડી શકાય તેવડી - પેન્સિલ થઈ જાય તો ય તેનો ઉપયોગ કરીને વધુ કસ કાઢતા.

## ૫૬ : ભક્તોને પૈસાનું કામ કહેવાનું બંધ !

મહાત્માએ એક દિ' કો'ક ભક્તને થોડાક જ રૂપિયાનું કામ દેખાડ્યું. ભક્તે મોં બગાડ્યું. બસ તે દિવસથી તે મહાત્માએ સદા માટે ભક્તોને પૈસાનું કામ કહેવાનું બંધ કરી દીધું.

## ૫૭ : સ્વોપકારના ભોગે પરોપકાર કરાય ?

એ વ્યાખ્યાનકાર મહાત્માને કોઈ શ્રાવકે સવાલ પૂછ્યો કે, "આપનું સુંદર વ્યાખ્યાન સાંભળીને આપની પાસે કોઈ પ્રશંસા કરે તો આપને માન-કષાય જાગે ખરો ? જો આપ નિખાલસ ભાવે 'હા' કહો તો મારો બીજો સવાલ એ છે કે, જેનાથી પોતાનું અહિત થાય અને બીજાનું હિત થતું દેખાય તેવી પ્રવૃત્તિ જૈન સાધુથી થઈ શકે ખરી ?"

આ સાંભળીને તે વ્યાખ્યાનકાર મહાત્મા ઊંડા આત્મનિરીક્ષણમાં ગરકાવ થઈ ગયા. ત્યારથી તેમણે આગાઢ કારણો સિવાય વ્યાખ્યાનની પાટનો ત્યાગ કરી દીધો.

## ૫૮ : વંદનીય પાપભીરુતા

એ હતા; પૂરા પાપભીરુ મહારાજ. જલ્દી જલ્દી ટપાલ લખવાનો તો વાત જ શેની હોય ? પણ ક્યારેક ન છૂટકે ટપાલ લખવી પડે તો એક પોસ્ટકાર્ડ લખે તો ખરા; પણ લખ્યા બાદ આઠ દિવસ સુધી તેમની પાસે જ તે કાર્ડ પડી રહે.

કોઈ શ્રાવક વંદન કરવા આવે તો અચકાતાં અચકાતાં પૂછે કે, "પુન્યશાલી ! તમે પોસ્ટનો ડબ્બો છે એ દિશામાં જવાના છો ખરા ?" પેલા ભક્ત ભાઈના જવાબમાં શંકા પડે એટલે મહારાજ કાર્ડ નાંખવા ન આપે. તેમનું મન બોલી ઊઠે, "મારા નિમિત્તે એ કાર્ડ નાંખવા માટે એ દિશામાં જાય તો મને કેટલો દોષ લાગી જાય ?" પણ છેવટે કોઈ એવો યોગ્ય માણસ મળે ત્યારે જ તે કાર્ડ આપે.

પણ તોય તે રીતે તેમનું મન વારંવાર એક વિચાર તો કર્યા જ કરે કે "એ ડબ્બામાં જ્યારે કાર્ડ પડ્યું હશે ત્યારે ત્યાં અંદર કોઈ જીવજંતુ હશે તો ?

મેં તો ત્યાં પૂંજ્યું જ નથી ! અરેરેરે ! કેવી વિરાધના થઈ ગઈ !" ધન્ય છે આવા મહાત્માઓને ? જેઓ સાચા અર્થમાં જિનશાસનનાં પ્રભાવક છે.

## ૫૯ : દૂધપાકના અજાણ ખાખી મહાત્મા !

એ ખાખી મહાત્માને ખબર પણ ન હતી કે દૂધપાક કોને કહેવાય ? કોઈવાર દૂધપાક વાપરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તે વાપરતાં તેમણે પોતાના શિષ્યને કહ્યું, "ભાઈ ! યહ કઢી તો બહુત મીઠી લગતી હૈ !"

## ૬૦ : આદર્શ ગુરુ આજ્ઞાપાલન

ગુરુદેવની બૂમ પડતાં જ શિષ્ય દોડી આવતા. ક્યારેક રાત્રે ગુરુદેવ બૂમ પાડીને શિષ્યને બોલાવતા. શિષ્ય "જી" કહેતાંક તેમની પાસે પહોંચી જતા. પણ વૃદ્ધ ગુરુદેવ અર્ધતંદ્રામાં તરત ઊંઘી જતા. એક વાર શિષ્ય હાથ જોડીને ત્યાં જ રહી ગયા. રાતના બે વાગી ગયા ત્યારે માત્રુ કરવા માટે જાગેલા ગુરુદેવે શિષ્યને ઊભેલો જોઈને પૂછ્યું, "કેમ ઊભો છે ? ક્યારથી ઊભો છે ?" શિષ્યે કહ્યું, "આપે બોલાવ્યો માટે આવીને ઊભો છું. રાત્રે નવ વાગ્યાથી ઊભો છું !"

## ૬૧ : આધાકર્મી મગના પાણીના પ્રત્યેક ઘુંટડે નિસાસો !

આરોગ્યના કારણવશાત્ એ મહાત્માને વૈદ્યરાજે ખાસ બનાવીને તૈયાર કરાવેલું (આધાકર્મી) મગનું પાણી રોજ એક વાર વાપરવાની ફરજ પાડી. મહાત્માજી મગનું પાણી લેતા. પણ તેના પ્રત્યેક ઘુંટડે નિસાસો નાંખતા અને બોલતા, "આ આધાકર્મીનું પાપ મને શા માટે કરાવો છો ? મારું શું થશે ?" આ મહાત્મા નિર્દોષ રોટલી, પટેલનાં ઘરની જાડી-લક્ક હોય તોય પ્રેમથી (નિર્દોષ છે એના આનંદથી) વાપરતા; અને મગના પાણીમાં ભારોભાર નિસાસા નાંખતા !

## ૬૨ : રોજ રાત્રે ૪ કલાક એકી બેઠકે જાપ !

એક આચાર્ય ભગવંત હંમેશ રાત્રે બે વાગે ઊઠીને જાપમાં બેસે છે. સતત ચાર કલાક સુધી એકજ બેઠક; એક જ જાપ; એક જ સ્થિર આસન.

તેઓશ્રી કહે છે કે "મારા જીવનની ખરેખરી કોઈ આરાધનામાં કમાણી હોય તો આમાં છે. આનાથી મને ચોવીસ કલાકની મસ્તીવાળો આરાધકભાવ પ્રાપ્ત થાય છે.

## ૬૩ : નમનીય નવકાર નિષ્ઠા

નવકાર મન્ત્રની કેવી અપાર નિષ્ઠા કે એ મહાત્માને હૃદયરોગનો કાતીલ હુમલો આવ્યો; ૪૮ કલાકની જ જીવાદોરીની ડોક્ટરોએ એંધાણી આપી દીધી તોય... ઔષધ ન જ લીધું અને સહુને કહ્યું કે "મા નવકાર જ મારું રક્ષણ કરશે." ખરેખર તેમજ થયું. તે મહાત્મા ત્યાર પછી દિવસના ૧૦ થી ૧૫ માઈલ હંમેશ ચાલીને તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રા પણ કરી આવ્યા.

## ૬૪ : દરેક ટપાલ દીઠ ૧૦ ખમાસમણ ! દિવસે નિદ્રા બદલ ઉપવાસ !! રાત્રે ૪ાા કલાકથી અધિક નિદ્રા થાય તો શાક ત્યાગ !!!

એક ખાખી મહાત્મા સામાન્યતઃ કદી કોઈને કવર ટપાલ લખતા નથી. ન છૂટકે ટપાલ લખાવી પડે તો દરેક ટપાલ દીઠ પંચાંગ પ્રણિપાત પૂર્વક દશ ખમાસમણ દેવાનો તેમણે દંડ રાખ્યો છે.

ઉપરોક્ત મહાત્માને બીજો નિયમ એ છે કે રાત્રે સાડા ચાર કલાકથી એક પણ મિનિટની વધુ ઊંઘ થાય તો તે દિવસે એકાસણમાં શાકનો સંપૂર્ણ ત્યાગ કરવો ! આ મહાત્મા જો ક્યારેક દિવસે નિદ્રા લે છે તો એક ઉપવાસનો દંડ ભોગવે છે !

## ૬૫ : શિષ્યો પ્રત્યે અદ્ભુત હિતચિંતા

એક આચાર્ય ભગવંત ભોજન-માંડલીમાં પોતાના શિષ્યોને શાસ્ત્રના કૂટ પ્રશ્નો પૂછતા. એમની ઈચ્છા એવી હતી કે આવા પ્રશ્નોના જવાબ શોધવામાં જ શિષ્યોનું મન એકાકાર થઈ જાય તો તેમને આહાર કરતાં રાગાદિ દોષો જાગે નહિ.

શિષ્યોના હિત માટે કેવી મહાકરુણા ! મહાવત્સલતા !

## ૬૬ : પદવીની મહાનતા છતાં આસનની અલ્પતા

ઘણા શિષ્યોના ગુરુને વધુમાં વધુ બે જ મોટા આસન પાથરવાનો અભિગ્રહ હતો. કિન્તુ ભક્તિના આવેશમાં શિષ્યો ક્યારેક ત્રણ આસન પણ પાથરી દેતા, પરન્તુ આ ગુરુદેવ કેટલીક વાર આ વસ્તુ પકડી પાડતા. તેઓ જાતે ક્યારેક આસન ગણતા અને બેથી વધુ જેટલા આસન હોય તે સ્વયં બહાર કાઢી નાંખતા !

## ૬૭ : અપરિગ્રહતાની પરાકાષ્ઠા !

એક તપસ્વી મુનિરાજ દીક્ષા વખતે લીધેલો સંથારો ૨૫ વર્ષ બાદ પણ વાપરે છે. હવે તો ફાટી જઈને અડધો સંથારો જ રહ્યો છે. પણ તોય એની ઉપર ટૂંટીયું વાળીને સૂઈ રહે છે ! અપરિગ્રહતાની કેવી પરાકાષ્ઠા !

## ૬૮ : મોહને મારવાનો કીમિયો

લખવામાં ખૂબ સારી પડે એવી પેનની જરૂરવાળા એ મહાત્માને ભારે મૂલ્યની પેન જ રાખવી પડે. પણ તોય તે પેન મોહક ન બની જાય તે માટે તેની ઉપર કાગળો ચોટાડે છે; અને તે કાગળો પર સહીના લપેડા કરી નાંખે છે. આથી તે પેનની મોહકતા ખતમ થઈ જાય છે !

## ૬૯ : કાગળની કરકસર

સારા પેડના કાગળો ઉપર લખાણનું કામ કરવાને બદલે એ મહાત્મા આવેલી ટપાલોનાં કવરોને ખુલ્લાં કરી નાંખીને તેનો જ બહુધા લખાણમાં ઉપયોગ કરે છે !

## ૭૦ : નિર્દોષ પાણી માટે ૨૦ માઈલનો વિહાર ! ... છેવટે ચૌવિહાર ઉપવાસ !!!

એ મહાત્મા પાણી પણ નિર્દોષ મળે તો જ વાપરે છે. એકવાર તે માટે તેમણે વીસ માઈલનો વિહાર કર્યો હતો. પણ ત્યાંય નિર્દોષ પાણી ન મળતાં; પૂરી પ્રસન્નતા સાથે ચોવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લીધું હતું !

## ૭૧ : શલ્યોદ્ધારની સફળ પ્રેરણા

એક મહાત્મા વિશાળ સમુદાયના વડીલ હતા. રોજ રાત્રે એકાદ સાધુને પોતાની પાસે અંગત બેસાડતા અને માતાનું વાત્સલ્ય આપીને એના જીવનમાં પ્રવેશ કરતા. એના દોષોનું શુદ્ધિકરણ કરાવી લેતા. મહાનિશીથ સૂત્રના શલ્યોદ્ધારની જ્યારે એ વાતો કરતા ત્યારે ભલભલા સાધુનેય શુદ્ધિ કરવાની ભાવના તીવ્ર થઈ જતી !

## ૭૨ : બિમાર પ્રશિષ્યના પગ દબાવતા આચાર્યશ્રીની વાણી "આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય" !

એ આચાર્ય ભગવંતને પોતાના પ્રશિષ્યની કેન્સરની ભયંકર માંદગીમાં પગ દબાવતા મેં જોયા છે. જે વખતે તે પ્રશિષ્ય અર્ધબેભાન અવસ્થામાં હતા. મેં તે પૂજ્યશ્રીને કહ્યું. "પગ આપ ન દબાવો. એ લાભ મને લેવા દો."

તેઓ મક્કમ સ્વરે બોલ્યા. "આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય !"

## ૭૩ : માંદગીમાં પણ કેરી વાપરવાની વાત સાંભળતાં જ આંખોમાંથી વહેતી દડ દડ અશ્રુધારા !

કેરીની આજીવન પ્રતિજ્ઞા લઈ ચૂકેલા મુનિ ખૂબ માંદા પડ્યા. ડોક્ટરે કેરી વાપરવાની સલાહ આપી. જો કારણવશાત્ ગુરુદેવ રજા આપે તો તેમને છૂટ હતી. એટલે ડોક્ટરે ગુરુદેવ ઉપર દબાણ કર્યું. ગુરુદેવે એમને એટલું જ પૂછ્યું કે "તું આવા કારણે કેરી લઈશ ? નિર્દોષ મળે તો જ લેવાની છે. હું તને રજા આપું છું."

બસ... આટલું સાંભળતાં જ તે કેરીના ત્યાગી મુનિવરની આંખેથી દડ દડ દડ આસું વહી જવા લાગ્યા. વાત્સલ્યમૂર્તિ ગુરુદેવે તે જોઈને તરત જ પોતાની વાત પાછી ખેંચી લીધી !

## ૭૪ : તીર્થરક્ષા સાથે શાસનરક્ષા માટે આચાર્યશ્રીની જાનફેસાનીની તૈયારી સાથે અપૂર્વ દીર્ઘદર્શિતા !

એ તીર્થની રક્ષા માટે તે આચાર્ય ભગવંતે પોતાના તમામ શિષ્યો સાથે કિલ્લાની ચોમેર ઊભા રહીને આખી રાત ચોકી પહેરો ભર્યો હતો. માત્ર પોતાના પટ્ટ શિષ્યને ત્યાંથી રવાના કરી દીધા હતા. તેમણે તેમને આગ્રહ પૂર્વક રવાના કરતાં કહ્યું હતું કે "હું કદાચ ભલે ખપી જઈશ. પણ તારે તો મારી પાછળ શાસન ચલાવવાનું છે. માટે તું અહીંથી ચાલ્યો જા."

## ૭૫ : બ્રહ્મચર્યની રક્ષા માટે અદ્ભુત જાગૃતિ

સાધ્વીજીનો ઉપાશ્રય સાધુના ઉપાશ્રયની લગોલગ હતો. વયોવૃદ્ધ આચાર્ય ભગવંતે ત્યાં પ્રવેશ કરતાં જ પરિસ્થિતિ જોઈ લીધી. ઉપર ચડતાં પહેલાં અગ્રણીઓને બોલાવીને દરવાજે તાળું મરાવ્યું. તે પછી જ તેઓ પોતાના શિષ્ય પરિવાર સાથે પુરુષોના ઉપાશ્રયના મેડા ઉપર ગયા.

## ૭૬ : સંયમના સ્વીકાર માટે અનુમતિ ન મળતાં અબળા ગણાતી નારીઓએ દાખવેલા અદ્ભુત પરાક્રમોની યશોગાથા !!!

સૌરાષ્ટ્રમાં બોટાદ ગામે. સં. ૧૯૨૪માં જન્મેલા સાંકળીબેનના લગ્ન ૧૪ વર્ષની વયે થઈ ચૂક્યા હતા. પરંતુ કર્મસંયોગે બે વર્ષ બાદ ૧૬ વર્ષની વયે તેમને વૈધવ્યની પ્રાપ્તિ થતાં સખત આઘાત લાગ્યો. પરંતુ ધાર્મિક સસ્કારો હોવાથી વિપત્તિના સમયે વિષાદને દૂર કરી સમતા ભાવે આત્માને ભાવિત કરતાં વૈરાગ્ય રંગે રંગાવા લાગ્યા.

તે વખતે બોટાદ તરફ સંવેગી સાધુ-સાધ્વીજીઓનો વિહાર વિરલ હતો. પરંતુ સદ્નશીબે પૂ. વૃદ્ધિચન્દ્રજી મ. ના શિષ્ય પૂ. ગંભીરવિજયજી મ. ના બોટાદ ગામે પગલા થતાં તેમના ઉપદેશથી સાંકળીબેનનો વૈરાગ્યભાવ દૃઢ થયો. ધાર્મિક અભ્યાસમાં આગળ વધવા લાગ્યા. ત્યારબાદ પરમ ત્યાગી પંજાબી સાધુ પૂ. લબ્ધિવિજયજી મ. નું બોટાદમાં ચાતુર્માસ થતાં તેમના વ્યાખ્યાન શ્રવણથી સાંકળીબેનની વૈરાગ્યની જ્યોત પ્રજ્વલિત બની.

સંયમ સ્વીકારવા માટે કોઈ સાધ્વીજીના સમાગમની રાહ જોતા હતા, ત્યાં ડેલાના ઉપાશ્રયમાં સા. શ્રી જેઠીશ્રીજી આદિ ૩ ઠાણા પધાર્યા. તેમની પાસે દીક્ષાના ભાવ દર્શાવ્યા; પણ પોતાને વિચાર આવ્યો કે મોહવશ બનેલા માતા-પિતા દીક્ષાની અનુમતિ નહીં આપે, તેથી તેઓ પાલિતાણા આવ્યા. છ ગાઉની સ્પર્શના કરી સિદ્ધવડ નીચે ઋષભદેવ ભગવાનના ચરણપાદુકાના દર્શન કરી, સિદ્ધવડની શીતળ છાયામાં પોતે જાતે ચારિત્રવેષ ધારણ કર્યો !...

ત્યારબાદ ઘેટી ગામે સા. શ્રી જેઠીશ્રીજી આદિ બિરાજમાન હતા ત્યાં આવ્યા. તેમની સાથે વિહાર કરી જૂનાગઢ ગયા. પોતાની પુત્રી પાલિતાણાથી પાછી ન ફરતાં માતા-પિતાને ચિંતા થવા લાગી. પાલિતાણા તપાસ કરી, તો સમાચાર મલ્યા કે સાંકળીબેન પોતાની જાતે સાધ્વીજીનો વેષ પહેરી જૂનાગઢ ગયા છે. તેમના ભાઈ જૂનાગઢ ગયા ને મોહવશ થઈ હઠ કરીને પાછા બોટાદ લઈ આવ્યા ! વળી બે વર્ષ ગૃહવાસમાં રહ્યા !...

આમ છતાં તેમની વૈરાગ્યની જ્યોત જરા પણ ઝાંખી પડી ન હતી. ફરી તેમને સમાચાર મળ્યા કે સા. શ્રી વીજકોરજી આદિ વળા ગામમાં પધાર્યા છે, એટલે તુરત ત્યાં જઈને વિનંતિ કરી કે, 'આપ બોટાદ પધારો. મારે આપની પાસે દીક્ષા લેવી છે. તે માટે મારા માતા-પાત પાસેથી અનુમતિ અપાવો.'

પરાર્થરસિક સા. શ્રી વીજકોરશ્રીજી બોટાદ પધાર્યા. પરંતુ એ અરસામાં સાંકળીબેનની નાની બહેનના લગ્ન હોવાથી તેની ધમાલમાં માતા-પિતાને દીક્ષાની વાત ન કરાય તેમ વિચારી તેઓએ થોડા દિવસની સ્થિરતા બાદ બોટાદથી વિહાર કર્યો.

હવે સાંકળીબેનને સંયમ વિનાનો એક એક દિવસ વર્ષ જેવો લાગવા માંડ્યો. તેથી તેઓ પોતાના કુટુંબીજનોને જણાવ્યા વગર વઢવાણ ગયા. ત્યાં પૂ. ખાંતિવિજયજી દાદા બિરાજતા હતા. તેમની પાસે જઈ વંદના કરી દીક્ષા આપવા માટે વિનંતિ કરી ! પરંતુ ત્યાં પણ સાંકળીબેનને અંતરાય કર્મ નડ્યો. પૂ. ખાંતિવિજયજી દાદાએ શરીરાદિના કારણે દીક્ષા આપ્યા વગર વિહાર કર્યો.

વઢવાણથી સાંકળીબેન લીંબડી આવ્યા. ત્યાં પૂ. લબ્ધિવિજયજી મ. તથા પૂ. ઝવેરસાગરજી મ. ને વંદના કરી. એ મહાપુરુષોનો ત્યાગભાવ જોઈને પોતાને અંતરાત્મા પોકારી ઊઠ્યો - 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ' !... આખરે તેમણે ચૂડા ગામમાં જઈને ત્યાંની ધર્મશાળામાં પોતાની જાતે ચારિત્રવેષ ધારણ કર્યો ! ત્યારબાદ સા. શ્રીવીજકોરશ્રીજી આદિ

રાણપુરમાં બિરાજમાન હતા ત્યાં ગયા. પરંતુ કુટુંબીઓની સંમતિ વિના વેષ પહેર્યો હોવાથી તેમણે પાછા ચૂડા મોકલ્યા. ત્યાં શ્રાવક-શ્રાવિકાઓની સહાયથી ૧૦ દિવસ એકલા રહ્યા. **કેવો અંતરાય કર્મ ઉદયમાં કે, બબ્બે વખત હિંમતથી જાતે વેષ પહેર્યો છતાં પ્રવજ્યાનો પંથ સુલભ ના બન્યો !...**

છતાં હિંમત ન હારતાં તેમણે ચૂડાથી પત્ર લખીને પોતાના કુટુંબીજનોને મોકલ્યો. એ પત્ર વાંચીને આખરે માતા-પિતાના હૃદયમાં દીકરીને સંયમમાર્ગે વળાવવાની ભાવના જાગ્રત થઈ. શ્રદ્ધા પૂર્વક પુરુષાર્થ ચાલુ રાખ્યો તો આખરે સંયમ ઉદયમાં આવ્યો. માતા-પિતાએ અનુમતિ દર્શાવતો પત્ર લખી મોકલ્યો. તે વાંચીને તેમના આનંદનો પાર ન રહ્યો. હર્ષવિભોર બનીને એ પત્ર તેમણે સા. શ્રી વીજકોરશ્રીજીને વંચાવ્યો. તેથી તેઓ દીક્ષા આપવા તૈયાર થયા. સાયલામાં પૂ. ખાંતિવિજયજી મ. ના વરદ હસ્તે સં. ૧૯૪૬ના વૈશાખ સુદિ ૨ ના દીક્ષાવિધિ થઈ અને તેઓ સા. શ્રી વીજકોરશ્રીજીના શિષ્યા સા. શ્રી દેવશ્રીજીના શિષ્યા તરીકે જાહેર થયા.

દીક્ષા પછી ૫૦ વર્ષ સુધી સુંદર સંયમનું પાલન કરી વિ. સં. ૧૯૯૬માં માગસર સુદિ ૯ના પાલિતાણામાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમના પરિવારમાં આજે ૩૦૦ જેટલા સાધ્વીજી ભગવંતો સુંદર રીતે સંયમની આરાધના કરી રહ્યા છે. તેમણે દીક્ષા બાદ સમેતશિખરજી, બનારસ, કલકત્તા આદિની યાત્રા કરી હતી. સમેતશિખરજી, ગ્વાલિયર તથા બાલુચર વિગેરેમાં ચાતુર્માસો કર્યા હતા. બાલુચરની રાજકુમારી કે જે રોજના ૫૦ પાનબીડા વાપરતી હતી તેને પ્રતિબોધ પમાડીને વીશસ્થાનક તપમાં જોડી તથા તેના દ્વારા ખંભાતમાં ધાર્મિક પાઠશાળાની સ્થાપના કરાવી.

**આ સાધ્વીજી ભગવંતનું નામ, એટલે નામકર્મની એક એવી પુણ્ય પ્રકૃતિ કે જેના ઉદયથી જીવ પ્રાયઃ સર્વલોકોને પ્રિય થઈ પડે છે !...**

## ૭૭ : જંગલમાં વડના ઝાડ નીચે સ્વયં વેષ પરિધાન !!!

ઉપરોક્ત સાધ્વીજી ભગવંતના પ્રશિષ્યાના શિષ્યા સાધ્વીજી ભગવંત આજે વિદ્યમાન છે. તેમણે પણ પોતાના જીવનમાં આવા જ વિશિષ્ટ પ્રકારના પરાક્રમ દ્વારા સંયમરૂપી અણમોલ રત્નની પ્રાપ્તિ કરી છે. ગૃહસ્થપણામાં તેમનું નામ પ્રભાવતીબેન હતું. ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના વેજલપુરગામમાં તેઓ રહેતા હતા. ૧૪ વર્ષની નાની વયમાં સં. ૧૯૮૭માં એમના લગ્ન એ જ ગામના શાંતિલાલભાઈ સાથે થયેલ. પરંતુ તેમને હજી

સાસરે વળાવેલ ન હતા, એ અરસામાં જ ગાંધીવાદી ચળવળમાં જોડાયેલ શાંતિલાલભાઈને ૬ મહિનાની કેદની સજા થઈ. આ બનાવથી પ્રભાવતીને તેમજ તેમના માતા-પિતાને ખૂબ દુઃખ થયું.

કેટલાક સમય બાદ ગોધરામાં પ. પૂ. શાસન સમ્રાટ આચાર્ય ભગવંત શ્રીમદ વિજય નેમિસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના પૂ. મુનિરાજ શ્રી પદ્મવિજયજી મ. સા. આદિ મુનિવરો તેમજ ઉપરોક્ત દૃષ્ટાંતમાં વર્ણવેલ સાધ્વીજી ભગવંતના પ્રશિષ્યા સા. શ્રી ગુણશ્રીજી આદિ ઠાણાનું ચાતુર્માસ થયું. ચાતુર્માસના અંતે ઉપધાન તપ નક્કી થતાં ગોધરાથી ૮ માઈલના અંતરે આવેલ વેજલપુર ગામમાં આ સમાચાર પ્રસરતાં ત્યાંના અગ્રણી શ્રાવિકા ધીરજબેન કે જેઓ પ્રભાવતીબેનના કાકાની દીકરી થતા હતા તેમણે ઉપધાનમાં જોડાવાનું નક્કી કર્યું. તેમની સાથે પ્રભાવતીબેનને પણ ઉપધાન કરવાની હોંસ જાગતાં, પૂર્વના દુઃખદ પ્રસંગથી તેનું મન શાંત થાય તે માટે માતા-પિતાએ પણ રાજીખુશીથી રજા આપી.

ઉપધાન દરમ્યાન સાધ્વીજી ભગવંતોનું સુંદર સંયમમય શાંત અને સુપ્રસન્ન જીવન જોઈને પ્રભાવતીબેનના અંતરમાં પણ સંયમ સ્વીકારવાના કોડ જાગ્યા. સંસારના કહેવાતા વૈષયિક સુખો તેને ઝેર જેવા લાગવા માંડ્યા. છતાં લજ્જા ગુણથી માતા પિતાને પોતાના હૃદયની વાત કહી શક્યા નહિ. તેથી ન છૂટકે સાસરે જવું પડ્યું. ઉપધાનની માળ પહેરતી વખતે તેમણે દહીં વિગઈનો સર્વથા ત્યાગ કર્યો હતો.

સાસરે ગયેલા પ્રભાવતીબેનના મનમાં તો સંયમના વિચારો રમતા હતા. તેથી કોઈ પણ બહાનું કાઢી દીક્ષા લેવા માટે અવનવા પ્લાન મનમાં ઘડતા પરંતુ તેમાં સફળતા ન મળી. સાસરે રહેલા પ્રભાવતીબેન સામાયિક - પ્રતિક્રમણ તેમજ જ્ઞાનાભ્યાસમાં પોતાનો ઘણો સમય વીતાવવા લાગ્યા.

એ અરસામાં પૂ. મુનિશ્રી ધર્મસાગરજી મ. સા. ના સદુપદેશથી પ્રભાવતીબેનના માતા-પિતાને સમેતશિખરજી આદિ તીર્થોની યાત્રા કરવાની ભાવના થઈ. પોતાની પુત્રી પ્રભાવતીને પણ સાથે લઈ જવાનો વિચાર થતાં પુત્રીને વિચાર જણાવ્યો. પ્રભાવતીબેનના આનંદનો પાર ન રહ્યો. પરંતુ તેમના પતિ શાંતિલાલભાઈએ તે માટે ચોક્ખી ના પાડી દીધી... છેવટે પ્રભાવતીબેનના મોટાભાઈ નગીનભાઈએ હિંમત આપતાં કહ્યું : 'બહેન ! કપડાં લઈને અહીં આવતી રહે. મારા જીવતાં તારો વાળ વાંકો કરનાર કોણ છે' !... આથી નિર્ભય બનેલા પ્રભાવતીબેન શ્વસુરપક્ષમાં કોઈની પણ રજા લીધા વિના માતા-પિતાના ઘરે પહોંચી ગયા. ત્યાંથી તેમના બે ભાઈઓ કપડવંજ રહેતા હતા ત્યાં રાત્રે ટ્રેઈન દ્વારા ગયા અને આખરે ૫૦૦ યાત્રિક

ભાઈ બહેનો સાથે ભાવોલ્લાસપૂર્વક શિખરજી, મારવાડ, આબુજી, રાણકપુરની પંચતીર્થી, ગિરનાર, તારંગાજી, પાલિતાણા વિગેરે ઘણા તીર્થોની યાત્રા કરી. ત્રણ મહિના સ્પેશ્યલ ટ્રેઈનમાં ફર્યા. પ્રભુભક્તિના પ્રભાવે વૈરાગ્યના રંગો વધુ ને વધુ ઘેરા બન્યા. છેલ્લે પાલિતાણામાં પ્રભાવતીબેને પોતાના માતા પિતાને કહ્યું કે 'કાં મને દીક્ષા અપાવો અથવા અહીં શ્રાવિકાશ્રમમાં મૂકીને જાઓ.' પરંતુ મોહાધીન માતા-પિતા પોતાના ઘરે લઈ ગયા.

ઘરે આવ્યા બાદ સગા સંબંધીઓ ભેગા થઈને પ્રભાવતીબેનને સાસરે જવા માટે ખૂબ જ દબાણ કરવા લાગ્યા. તેથી ન છૂટકે તેઓ સાસરે જવાની તૈયારી કરવા લાગ્યા. મનમાં એવી ભાવના હતી કે સાસરેથી જાકારો મળશે એટલે દીક્ષા માટે માર્ગ મોકળો બનશે. પરંતુ સાસરામાં જુદી જ યોજના ઘડાઈ હતી. તે મુજબ બધાએ સારો આવકાર આપ્યો. આથી કમને સાસરે રહેવાની ફરજ પડી.

પોતાના પતિદેવની પાસે પોતાની આધ્યાત્મિક ભાવના વ્યક્ત કરતાં તેઓ છંછેડાયા. બંને વચ્ચે બોલાચાલી થવા માંડી. પ્રભાવતીબેનના નેત્રોમાંથી સ્ત્રીસ્વભાવસુલભ અશ્રુધારા વહેવા લાગી. આ સમાચાર તેમના માતા-પિતાને મળતાં છેવટે તેમણે ઘરે આવી જવા જણાવ્યું. પરંતુ પ્રભાવતીબેને મક્કમતા પૂર્વક જણાવ્યું કે-'તમે મને દીક્ષા અપાવી ન શક્યા તો હવે તમારી પાસે આવવાથી શો ફાયદો ?!! હવે તો હું સાસરેથી જ આત્મબળ કેળવીને સંયમપંથે પ્રયાણ કરીશ !...'

આથી માતા-પિતા વધુ દુઃખી થયા. આ બાજુ પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થતાં **શાંતિભાઈએ ઓર્ડર કર્યો કે 'દેરાસરે નહિ જવાય !'... પ્રભાવતીબેને પ્રતીકારમાં ઉપવાસ કર્યો !...** બીજે દિવસે સાસુજીના કહેવાથી દેરાસરે ગયા. દેરાસરની સામેના બાંકડા ઉપર પ્રભાવતીબેનના પિતાશ્રી પોતાના મોટાભાઈના દીકરી ધીરજબેન સાથે પ્રભાવતીની દીક્ષા અંગે વાતચીત કરી રહ્યા હતા. ધીરજબેને પ્રભાવતીબેનને આશ્વાસન આપતાં કહ્યું કે-'અમે તને દીક્ષા અપાવીશું !' એટલીવારમાં પ્રભાવતીબેનના માતુશ્રી પણ આવી પહોંચ્યા. તેમણે કહ્યું 'બેટા ! દીક્ષા લેજે. મારો એમાં નિષેધ નથી, પણ તું ઘરે ચાલ.' તેથી પ્રભાવતીબેન માતપિતાને ઘેર પહોંચી ગયા.

આ બાજુ શાંતિલાલભાઈએ પ્રભાવતીબેનને દીક્ષા નહિ આપવા અને પોતાના ઘરે લઈ જવા માટે આકાશ-પાતાળ એક કર્યા. પરંતુ ભોંયરાનું છૂપાયેલું રત્ન સહેલાઈથી મળે તેમ ન હતું !...

પ્રભાવતીબેનના મામા તથા મોટાભાઈ મહુવામાં પૂ. આ. શ્રી

નેમિસૂરિજી મ. સા. પાસે ગયા અને બધી વાત કરી. પરંતુ શ્વસુર પક્ષની અનુમતિ વિના દીક્ષા આપવાની તેઓશ્રીએ ના પાડી. આખરે પ્રભાવતીબેનના મોટાભાઈએ શાંતિલાલભાઈને તાર કરી મહુવા બોલાવ્યા. ત્યાં પૂ. આચાર્ય મ. સા. વિગેરેએ ઘણું સમજાવ્યા છતાં તેઓ સંમત ન જ થયા. છેવટે બધા પાછા ઘરે ગયા.

... બે વર્ષના વ્હાણા વાઈ ગયા. છેવટે પ્રભાવતીબેને માતપિતાને છાની દીક્ષા લેવા અંગેની પોતાની ભાવના જણાવી. માતા પિતા હવે સંમત થઈ ગયા હતા. પિતાશ્રીએ બોટાદમાં સા. શ્રી. ગુણશ્રીજી મ. પાસે જઈને વાત કરતાં તેમણે નિષેધ ન કર્યો. યથાયોગ્ય રીતે હિંમત આપી.

ઘરે આવીને પિતાશ્રીએ પ્રભાવતીબેનને કહ્યું : 'બેટા ! હવે તારું કાર્ય સિદ્ધ થશે.'

મહા વદિ ૨ ના માતાએ પ્રભાવતીના કપાળમાં કુમકુમનો ચાંદલો કરી, હાથમાં અક્ષત તથા શ્રીફળ આપીને આશીર્વાદ આપ્યા કે 'બેટા ! તારી મનોકામના ફળીભૂત થાઓ ! ભવ નિસ્તાર પામજે અને અમને પણ તારજે' !...

... આખરે પિતા-પુત્રી સાંજે ગોધૂલી સમયે ઘરેથી પ્રતિક્રમણના બહાનાથી કટાસણું લઈને બહાર નીકળ્યા અને ગોધરા થઈને બોટાદ પહોંચ્યા. ત્યાં પૂ. આ શ્રી અમૃતસૂરિજી મ. સા.ને વાડીલાલભાઈએ પોતાની પુત્રીની દીક્ષાની વાત જણાવી. પરંતુ શ્વસુર પક્ષની અનુમતિ ન હોવાથી તેઓ પણ દીક્ષા આપવા માટે તૈયાર ન થયા !...

છેવટે પ્રભાવતીબેને પોતાના ઉપકારી સા. શ્રી ગુણશ્રીજી મ. પાસે જઈને છાની દીક્ષા લેવા અંગે પોતાની ભાવના જણાવી કે-**'હું સ્વયં એકલી સારા સ્થળમાં જઈ જાતે કપડાં પહેરી કાર્યસિદ્ધિ કરીશ !...**

મુમુક્ષુની આશા નિરાશામાં પલટાઈ ન જાય તે માટે સાધ્વીજી ભગવંતે સહાનુભૂતિ સાથે દીક્ષાના સર્વ ઉપકરણ આપ્યા.

બોટાદથી વાડીભાઈ, મુનિમજી, પ્રભાવતીબેન તથા દીવાળીબાઈ (સા. શ્રી ગુણશ્રીજીના પ્રગુરુણીના સંસારી બેન) ઉમરાળા આવ્યા. ત્યાં સા. શ્રી ગુણશ્રીજી મ. ના સુપરિચિત મણિબેન નામે સુશ્રાવિકા હતા. વાડીભાઈએ તેમને સાધ્વીજીની ચિઠ્ઠી વંચાવી. તેમાં લખ્યું હતું કે "આવનાર બેનને તમે યોગ્ય સહાય આપજો."

મણિબેને કહ્યું કે-'આ રીતે છાની દીક્ષા માટે અહીંનો સંઘ મંજુરી નહિ આપે પરંતુ તમે અહીંથી રા ગાઉ દૂર દડવા માતાનું મંદિર છે ત્યાં જાઓ.

ત્યાં આ કાર્યમાં કોઈ અંતરાયરૂપ નહિ બની શકે.'

આખરે ચારે જણા રાત ત્યાં રોકાઈને બીજે દિવસે વહેલી સવારે હજામને સાથે લઈને ઉપરોક્ત મંદિર પાસે પહોંચ્યા. પ્રભાવતીબેનના આનંદનો પાર ન રહ્યો. મુંડન કરાવીને ત્યાં એક ટેકરીની પાછળ ઠંડા પાણીથી સ્નાન કરીને દીવાળીબાઈની સૂચના મુજબ **વડલાની છાયા નીચે નવકાર મંત્ર ગણતાં ગણતાં પૂર્વ દિશા સામે મુખ રાખીને સ્વયમેવ સાધ્વીજીનો વેષ ધારણ કરી લીધો !!!** પિતાશ્રીએ તથા દીવાળીબાઈએ મંગળ રૂપ કેસરના છાંટણા કપડા ઉપર નાખ્યા હતા. અને ત્રણે જણાએ અક્ષતથી નૂતન દીક્ષિતને વધાવ્યા.

**કેવી દીક્ષા ! ન ઠાઠમાઠ ! ન કોઈ મુહૂર્ત !**

... ત્યારબાદ સહુ ઉમરાળા ગામના દેરાસરમાં આવ્યા. નવદીક્ષિતે જાતે પ્રભુ સમક્ષ ચોવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું. વાડીલાલભાઈએ શ્રી સંઘને સર્વ વાત જણાવી અને નવદીક્ષિતને સાચવવાની ભલામણ કરી. સંઘે હા પાડતાં પોતે શ્વસુરપક્ષના લેખિત કાગળો લેવા બહારગામ ગયા. આ બાજુ સંઘે સાંજે નવદીક્ષિતને ઉમરાળા છોડી જવાની વાત કરી !... છેવટે મણિબેનની સલાહ મુજબ દીવાળીમા સાથે તેઓ ૩ માઈલ દૂર પીપરાળી ગામે ગયા. સંઘની રજા લઈને ઊતર્યા.

આ બાજુ વાડીભાઈને મંજુરીના લેખિત કાગળો મળી ચૂક્યા હતા. એ કાગળો લઈને ખંભાત ગયા. ત્યાં સા. શ્રી ગુણશ્રીજીના પ્રગુરુણીને કાગળો બતાવી તેમનો આજ્ઞાપત્ર મેળવી પછેગામ ગયા. ત્યાં સા. શ્રી ગુણશ્રીજીને પત્રો વંચાવ્યા. તેમણે નૂતન દીક્ષિતને પછેગામ લઈ આવવા જણાવ્યું. ત્યાંથી વાડીભાઈ તથા મુનિમજી ઉમરાળા થઈને પીપરાળી આવ્યા. બધી વાત થઈ. છેવટે બીજે દિવસે ગુરુ-શિષ્યાનું મિલન થયું. મહા વદિ ૧૩ના દિવસે સા. શ્રી ગુણશ્રીજીએ દેરાસરમાં - ઠવણી મૂકીને "કરેમિ ભંતે" ઉચ્ચરાવ્યું !... એ શુભ દિવસ હતો વિ. સં. ૧૯૯૨ મહા વદિ ૧૩નો ! ૧૨ મહિના સુધી અજોગી રહ્યા. એ દરમ્યાનમાં પણ તેમના વિનય - વૈયાવચ્ચના અદ્ભુત ગુણો જોઈને આગેવાન શ્રાવિકાઓ "સા. વિનયશ્રીજી"ના હુલામણા ઉપનામથી બોલાવતા થઈ ગયા. ખંભાતમાં પ્રથમ ચાતુર્માસ પૂર્ણ કરીને કપડવંજમાં પૂ. આ. શ્રી અમૃસૂરીશ્વરજી મ. સા. ની વરદ હસ્તે નાની તેમજ મોટી દીક્ષાની ક્રિયા થઈ. આ પ્રસંગ તેમના સંસારી પિતાશ્રીએ ખૂબ જ ઠાઠમાઠથી ઉજવ્યો હતો.

આ રીતે ઘેઘૂર વડલા નીચે સ્વયમેવ વેષ પહેરી દીક્ષા લેનાર આ સાધ્વીજી આજે ૧૦૮ થી અધિક શિષ્યા-પ્રશિષ્યાઓને વડલાની જેમ

વાત્સલ્યની શીતળ છાયા આપતા સુંદર સંયમનું પાલન તેમજ શાસન પ્રભાવના કરી કરાવી રહ્યા છે. પૂ. આ. શ્રી વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજી મ. સા. પાસેથી તેમણે અનેક આગમ સૂત્રોની વાચના ગ્રહણ કરી છે.

આ સાધ્વીજી ભગવંતના નામનો અર્થ કુશળ-હોશિયાર-બાહોશ એવો થાય છે. નામ પ્રમાણે તેઓશ્રી ગુણ ધરાવે છે.

## ૭૮ : રોજ ૫૦૦ ખમાસમણ આદિ વિશિષ્ટ આરાધના કરતા સ્વહસ્તે વેષ પહેનાર સાધ્વીજી

અમદાવાદમાં ઝવેરીવાડ વિસ્તારમાં સં. ૧૯૬૨માં જન્મ પામેલ જાસુદબેનને ગળથૂથીથી જ પૂજા, સામાયિક, ચોવિહાર આદિના ધર્મ સંસ્કારો મળ્યા હતા.

૧૭ વર્ષની વયે તેમના લગ્ન થયા. એ અરસામાં પ્રખર પ્રવચનકાર મુનિપ્રવર શ્રી રામવિજયજી (પાછળથી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.) ના સં. ૧૯૮૦-૮૧-૮૨ના અમદાવાદમાં વિદ્યાશાળામાં થયેલ ચાતુર્માસિક પ્રવચનોએ અનેક નવ પરિણીત યુવાનોના હૈયામાં પણ વૈરાગ્યની જ્યોત જગાડેલ. એ પ્રવચનોના શ્રવણથી જાસુદ બહેનના આત્મામાં પણ વૈરાગ્યની જ્યોત પ્રજ્વલિત થઈ. સંસાર ખારો ઝેર લાગવા માંડ્યો. પરંતુ સંસારની કારમી કેદમાં પૂરાયેલ આ નવ પરિણીત પંખીને આ કેદમાંથી છૂટવું મહાદુષ્કર હતું. કુટુંબીઓને જાણ થતાં સખત ચોકી પહેરો ગોઠવાઈ ગયો. દર્શન-વંદનાદિ માટે પણ હવે બહાર નીકળી શકાય તેમ ન હતું. છતાં જાસુદબેનનો પ્રવ્રજ્યાનો નિર્ણય અડગ હતો. જેમ જેમ સ્વજનોનો વિરોધ વધતો ગયો તેમ તેમ વૈરાગ્ય જ્વલંત બનતો ચાલ્યો. અને એક દિવસ સાસરે કહ્યું 'હું પિયર જાઉં છું' અને પિયરે કહ્યું 'હું સાસરે જાઉં છું'- એમ કહી બધાને વિશ્વાસમાં નાખી સ્વઈચ્છિત સિદ્ધ કરવા પોતાના મામાની દીકરી લીલાવતીબેન સાથે એકાએક રાત્રે ભાગી જઈ શેરીસા તીર્થે પ્રગટ પ્રભાવી, પુરુષાદાનીય શ્રીપાર્શ્વનાથ પ્રભુની સન્મુખ, પોતાના હાથે જ વેષ પહેરી, "કરેમિ ભંતે" ઉચ્ચરી, વિ. સં. ૧૯૮૩ના વૈશાખ વદિ ૬ ના, ૨૧ વર્ષની ભર યુવાન વયે, માત્ર ચાર જ વર્ષનો સંસારવાસ ભોગવી, જૈન શાસનના સાચા અણગાર બન્યા. **આંતર શત્રુઓ ઉપર 'જય' મેળવવા માટે તેમણે પોતાનું નામ પણ એને અનુરૂપ જ ધારણ કર્યું !...** પાછળથી કુટુંબીઓને જાણ થતાં આવી પડેલા હલ્લાને પ્રબળ વૈરાગ્ય અને અણનમ નિશ્ચયથી પરાસ્ત કર્યો. સ્વજનો

હતાશ હૈયે પાછા વળ્યા. આ રીતે આટલી નાની વયમાં મહાપુરુષાર્થ ખેડી સંયમ સ્વીકાર્યું !!!

ત્યારબાદ વિ. સં. ૧૯૮૪ના ફાગણ સુદિ ૨ના સુરતમાં પ. પૂ. આ. શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મ. સા. ના શુભ હસ્તે સ્વનામથી વડીદીક્ષા સ્વીકારી એમના જ સમુદાયના સા. શ્રી લક્ષ્મીશ્રીજી મ. નું શિષ્યત્વ સ્વીકાર્યું ! એકધારા ૩૭ વર્ષ સુધી ગુરુણીની સુંદર વૈયાવચ્ચ કરી તેમના સ્વર્ગવાસ બાદ સમુદાયના ભારને કુશળતાથી વહન કર્યો. પંચસંગ્રહ, કમ્મપયડી, વ્યાકરણ, ન્યાય આદિના ઊંડા અભ્યાસથી અનેક આશ્રિત સાધ્વીજીઓને સુંદર તત્ત્વામૃતનું પાન કરાવ્યું. ૮-૯-૧૦-૧૨ વર્ષની નાની નાની વયના અનેક આત્માઓને સંયમ આપી, સુંદર ઘડતર દ્વારા આદર્શ સાધ્વીજીઓને તૈયાર કર્યા.

અપ્રમત્તપણે આવશ્યકાદિ ક્રિયાઓ, ઊભા ઊભા રોજના ૫૦૦ ખમાસમણા, અનેક વસ્તુઓનો આજીવન ત્યાગ, ગમે તેવી સ્વસ્થ અવસ્થામાં પણ, ભર ઉનાળાના ગરમીના વિહારાદિના પરિશ્રમમાં પણ, જ્યાં સુધી પોતાનો જાપ, ખમાસમણ, કાયોત્સર્ગ આદિ આરાધના ન થાય, ત્યાં સુધી મોઢામાં પાણી ન નાખવાની અટલ પ્રતિજ્ઞા, દીક્ષા કાળથી યાવજ્જીવ તમામ ફ્રૂટ તથા મેવાનો ત્યાગ, પોતાના પરમ ગુરુદેવને વંદનાદિનો લાભ મળે ત્યારે જ અમુક મિષ્ટાન્નની છૂટ, તે સિવાય સદંતર બંધ, ૩ વિગઈનો હંમેશ ત્યાગ, દહીં વિગઈ મૂળથી કાયમ બંધ, આડંબર વિનાનું સાદગીમય જીવન, અલ્પ ઉપધિ, ઈત્યાદિ અનેક પ્રકારની વિશુદ્ધ સંયમ સાધના દ્વારા, આશ્રિત સાધ્વીગણને ઉચ્ચ પ્રકારનું આલંબન પૂરું પાડી રહ્યા છે. જૈફ વયે પણ ૧૫૦ થી અધિક શિષ્યા - પ્રશિષ્યાદિ પરિવારના પ્રવર્તિની પદને સાર્થક કરી રહ્યા છે...

## ૭૯ : સંયમના સ્વીકાર માટે ત્રણ-ત્રણ વાર ગૃહત્યાગ છતાં અનુમતિ ન મળતાં આખરે...!!!

સુરતમાં વિ. સં. ૧૯૫૮માં જન્મેલ સુભદ્રાબેનના જીવનમાં નાનપણથી જ ધર્મના સંસ્કારો વણાઈ ગયા હતા. ૧૪ વર્ષની લઘુવયમાં પૂ. આ. શ્રી કમલસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં બે ઉપધાન કરી લીધા હતા.

સંસારના ક્રમ પ્રમાણે ૧૬ વર્ષની વયે તેમના લગ્ન થઈ ગયા હતા. પરંતુ અંદરથી તો વૈરાગ્યનો અગ્નિ પ્રજ્વલિત થતો રહ્યો. તેમાં વળી તેમને

વ્યાખ્યાન વાચસ્પતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના વિરતિપોષક પ્રવચનો સાંભળવાનો સુયોગ સાંપડ્યો. આ પ્રવચનોએ તેમના વિરાગના ચિરાગને શત શત જ્યોતે જલતો કરી દીધો. સંસારી પિંજરામાંથી મુક્ત બનવા માટે તેમણે પ્રચંડ પુરુષાર્થ આરંભી દીધો.

**એકવાર સંયમ લેવા ઘેરથી નીકળી ગયા પરંતુ કુટુંબીઓ તેમને સ્ટેશનેથી પાછા લઈ આવ્યા ! બીજીવાર ક્તારગામે માથું મુંડાવીને બેસી ગયા; સંસારીઓ ત્યાંથી પણ પાછા લઈ આવ્યા. ત્રીજીવાર છાણી (વડોદરા પાસે) ભાગી ગયા. કુટુંબીઓ ત્યાંથી પણ પકડી લાવ્યા !!!...**

**... આખરે હતાશ થયેલા સુભદ્રાબેન પોતાના બ્રહ્મવ્રતને અખંડિત રાખવા ડ્રામરની ગોળીઓ પણ ખાઈ ગયા !!!...**

આ વાતથી પોળમાં ચકચાર થતાં કુટુંબીઓ ભેગા મળીને સુભદ્રાબેનના પતિ ઝવેરચંદભાઈને સમજાવવા લાગ્યા. ઝવેરચંદભાઈએ કહ્યું કે માગસર પૂર્ણિમા સુધીમાં દીક્ષા લે તો મારી સંમતિ છે, ન લે તો મારો સંસાર ચલાવવો. સુભદ્રાબેનને તો ભૂખ્યાને ઘેબર મળવા જેવું થયું ! ચાતુર્માસ પૂર્ણ થતાં જ કાર્તક વદ ૧૦ના દિવસે તેમના પતિ વિગેરે સુભદ્રાબેનને દીક્ષા અપાવવા માટે છાણી આવ્યા. તે જ મંગલ દિવસે ધામધૂમપૂર્વક પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મ. સા. (પાછળથી આચાર્ય)ના હસ્તે સંયમ સ્વીકાર્યું અને પૂ. જંબૂવિજયજી મ. સા. ના સંસારી બેન મહારાજ તપસ્વિનસા. શ્રી કલ્યાણશ્રીજી ના શિષ્યા તરીકે જાહેર થયા.

દીક્ષા બાદ પાંચ વર્ષ સુધી નિત્ય એકાશણા, ૨૫ વર્ષ સુધી બિયાસણા, ચત્તારિ અટ્ઠ દશ દોય તપ, અષ્ટાપદ તપ, વીશ સ્થાનક તપ, તેમાં પણ ૨૦ અઠ્ઠાઈઓ દ્વારા અરિહંત પદની આરાધના, તીર્થંકર વર્ધમાન તપમાં એકાશણાને બદલે લાગટ ઉપવાસ દ્વારા ૧૯મા ભગવાન સુધી કર્યા બાદ તબિયતને લીધે ૨૦મા તથા ૨૧ મા ભગવાનની આરાધના એકાંતરા ઉપવાસથી કરી. વર્ધમાન તપની ૨૮ ઓળી, પોષદશમીની આજીવન આરાધના, છઠ્ઠ-અઠ્ઠમ દ્વારા ૯૯ યાત્રા, વિગેરે વિવિધ તપશ્ચર્યા સાથે ૩ વાર લાખ નવકાર, સીમંધર સ્વામીનો સવા લાખ જાપ, શંખેશ્વર પાર્શ્વનાથનો જાપ તેમજ પ્રતિદિન શત્રુંજયનું ધ્યાન ઈત્યાદિ દ્વારા અઢળક કર્મ નિર્જરા તેમજ વિશિષ્ટ શાસન પ્રભાવના કરી હતી.

કવિકુલકિરીટ પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તી સાધ્વીઓમાં તેઓ પ્રવર્તિની હતા. ૫૫ વર્ષ સુધી સંયમની સાધના કર્યા બાદ છેલ્લે ઈડરમાં સ્થિરવાસ કર્યો. ત્યાં વિ. સં. ૨૦૩૯ના ભા.

સુ. ૩ ના ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં નવકાર મહામંત્રનું શ્રવણ કરતાં કરતાં બપોરે ૧૨ વાગ્યે તેઓ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

'સુંદર રીતે વ્રતોનું પાલન કરીને તેમણે પોતાના નામને સાર્થક કર્યું !...'

## ૮૦ : સંયમ માટે ૫ વર્ષ સુધી છ વિગઈનો ત્યાગ !...

અમદાવાદમાં રહેતા શીશીબેનના લગ્ન તેમના માતુશ્રીની ઈચ્છાનુસાર ૧૩ વર્ષની ઉંમરે થઈ ગયા હતા. એક પુત્રી થયા બાદ ૧૫ વર્ષની ઉંમરે જ તેમને વૈધવ્યની પ્રાપ્તિ થઈ ! એટલું જ નહીં પરંતુ ટૂંક સમયમાં તેમની પુત્રીએ પણ પોતાના પિતાની વાટ પકડી !!!...

શશીબેનના ધર્મનિષ્ઠ પિતાશ્રીએ દીક્ષા લીધી હતી. સુંદર સાધના કરતા હતા. છતાં કર્મ સંયોગે પાછળથી તેમનું મગજ કંઈક અસ્થિર બનતાં તેમના ગુરુદેવે તેમને પાટણમાં સ્થિરવાસ કરાવ્યો હતો. શશીબેનને આ સમાચાર મળતાં તત્કાળ પાટણ દોડી ગયા અને પિતા મ. સા. ની સુંદર ભક્તિ કરી. અંત સમયે નિર્યામણા પણ તેમણે જ કરાવી !...

શશીબેનના ભાઈ મહારાજ પૂ. આ. શ્રી મોતિપ્રભસૂરીશ્વરજી મ. સા. પાટણ પધાર્યા. તેમણે શશીબેનને ઉપદેશ આપીને સંયમની ભાવના જગાડી. **તેઓશ્રીની પ્રેરણા મુજબ શશીબેને સંયમ ન લઈ શકાય ત્યાં સુધી દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ અને કડા આ છ એ વિગઈના ત્યાગની પ્રતિજ્ઞા લીધી !!!**

આવી ભીષ્મ પ્રતિજ્ઞા લઈને તેઓ ઘરે આવ્યા. પોતાના જેઠ શ્રીભગુભાઈને વાત કરી. તેઓ ઉદાસ થયા અને કહ્યું કે-'ઘરમાં રહીને દાન આપો. સાધર્મિક ભક્તિ કરો. આ બધું કરવાથી પણ કલ્યાણ થાય છે. દીક્ષા લેવાની જરૂર નથી...'!

તેથી ન છૂટકે શશીબેનને ઘરમાં જ રહેવું પડ્યું. પરંતુ નિયમ પ્રમાણે છ વિગઈનો ત્યાગ ચાલુ રાખ્યો. આખરે પાંચ વર્ષ બાદ ભગુભાઈએ તેમને દીક્ષા માટે સંમતિ આપી. સં. ૧૯૯૨ની મહા સુદિ બીજને દિવસે ૨૪ વર્ષની ઉંમરે શશીબેનની દીક્ષાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. વરઘોડામાં ૫૦૦૦ રૂ. ની વીંટીનું દાન આપ્યું. શાસન સમ્રાટ પ. પૂ. આ. ભ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સા. ના હસ્તે દીક્ષા થઈ. તેમના સમુદાયના સા. શ્રી પ્રભાશ્રીજી મ. ના શિષ્યા બન્યા.

તેમનામાં ગુરુ સમર્પણ ભાવ સાથે વૈયાવચ્ચનો ગુણ અજોડ હતો. તેઓ મધ્યમ વર્ગના લોકો માટે સાધર્મિક ભક્તિનો ઉપદેશ મુખ્યત્વે

આપતા. પ્રશાંત મુખમુદ્રા, સુમધુર વાણી અને ગુરુ આજ્ઞા એ જ જીવનમંત્ર હતો !

૪૪ વર્ષના દીર્ઘ ચારિત્ર પર્યાયમાં વિલાયતી દવા કે ડોક્ટરની જરૂર ન્હોતી પડી !... સં. ૨૦૩૪ના જેઠ સુદિ ૧૩ ના દિવસે અમદાવાદમાં પંકજ સોસાયટીમાં ચોમાસા માટે પ્રવેશ કર્યો. જેઠ પૂનમના દિવસે બપોરે અઢી વાગ્યે ૩ ડીગ્રી જેટલો તાવ ચઢ્યો. તેમાં લવારો શરૂ થયો કે : 'મેં ક્રિયા કરી ! મારી ક્રિયા બાકી છે... મને ધર્મ સંભળાવો... મને જલ્દી પ્રતિક્રમણ કરાવો...' સાંજે ઉલટીમાં સામાન્ય લોહી દેખાયું. ડોક્ટરને બોલાવવાનો પ્રયત્ન થતાં તેમણે તરત કહ્યું- 'હવે થોડા માટે ડોક્ટરને શા માટે બોલાવો છો ?' આટલું બોલીને મનમાં પ્રતિક્રમણ ચાલુ કરી દીધું. પાપ આલોચનાનું સૂત્ર પોતે બોલતાં બોલતાં ૬૭ વર્ષની ઉંમરે સમાધિપૂર્વક દેહત્યાગ કર્યો ! કેવું સુંદર સમાધિ મૃત્યુ ! માત્ર અર્ધા દિવસની સામાન્ય બિમારીમાં જ નશ્વર દેહનો ત્યાગ કર્યો. સ્વ આલોચના કરતાં કરતાં જ ગયા !... ધન્ય હો તેમના આત્માને ! તેમના કુટુંબમાંથી ૧૦ જણાએ દીક્ષા લીધેલ છે !

અનેકવિધ સદ્‌ગુણોને કેળવીને તેમણે પોતાનું નામ સાર્થક કર્યું !... •

ઉપરોક્ત પાંચ દૃષ્ટાંતો સિવાય બીજા પણ કેટલાય સાધ્વીજી ભગવંતોએ આવી રીતે દીક્ષા લેવા માટે વડિલોનો વિરોધ હોવા છતાં વિવિધ રીતે પરાક્રમ ફોરવીને સંયમ સ્વીકારી જીવનને સફળ બનાવેલ છે તે સહુની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

અનેક મુનિવરોએ પણ આવા પરાક્રમો દાખવીને સંયમ સ્વીકારેલ છે તેમની પણ હાર્દિક અનુમોદના.

આવા દૃષ્ટાંતોમાંથી પ્રેરણા મેળવીને અવસરે આવું શુભ સત્ત્વ ફોરવવાની શક્તિ સહુને મળો એ જ શુભાભિલાષા.

## ૮૧ : દીક્ષાની રજા મેળવવા છ એ વિગઈનો ત્યાગ તથા સાગારિક અણસણનો સ્વીકાર !...

લગ્નના દિવસે જ રસ્તામાં પતિનું અચાનક હૃદય બંધ પડી જવાથી અવસાન થતાં વૈરાગ્યવાસિત બનેલી કન્યાએ દીક્ષા લેવા માટે માતુશ્રી પાસેથી રજા માંગી. **મોહાધીન માતુશ્રીએ રજા ન આપતાં મુમુક્ષુ કન્યાએ છ એ વિગઈનો ત્યાગ કર્યો ! તો પણ રજા ન મળતાં છેવટે સાગારિક અણસણનો પ્રારંભ કરી દીધો !...** આખરે ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈને વડિલોએ આશીર્વાદપૂર્વક

અનુમતિ આપી.

સં. ૨૦૧૪માં દીક્ષિત થયેલી એ રાણીગાંવ (રાજ.)ની કન્યા આજે ૮૦ જેટલા શિષ્યા-પ્રશિષ્યાઓની જીવન નૈયાના સફળ સુકાની મહા તપસ્વિની સાધ્વીજી છે.

કર્મ નિર્જરાર્થે એમણે કરેલી અત્યંત અનુમોદનીય ભીષ્મ તપશ્ચર્યાનું લીસ્ટ હાથ જોડીને અહોભાવથી વાંચો. (૧) અઠ્ઠમથી વીશસ્થાનક તપની આરાધના. (૪૦૦ અઠ્ઠમ) (૨) પાર્શ્વનાથ ભગવાનની ૧૦૮ અઠ્ઠમ. (૩) અઠ્ઠમથી વર્ષીતપ. (૪) છઠ્ઠથી વર્ષીતપ (૫) મહાવીર સ્વામી ભગવાનની ૨૨૯ છઠ્ઠ (૬) ઉપવાસથી વીશ સ્થાનકની આરાધના (૪૨૦ ઉપવાસ) (૭) ત્રણ માસક્ષમણ (૮) શ્રેણિતપ (૯) સિદ્ધિતપ (૧૦) ભદ્રતપ (૧૧) સમવસરણ તપ (૧૨) સિંહાસન તપ (૧૩) સોળભત્તું (૧૪) ૧૫ ઉપવાસ (૧૫) બે વાર ૧૧ ઉપવાસ (૧૬) ૯ ઉપવાસ બે વાર (૧૭) ૧૬ અઠ્ઠાઈ (૧૮) ચત્તારિ અઠ્ઠ-દશ-દોય તપ (૧૯) ૧૫૮ કર્મ પ્રકૃતિના ઉપવાસ (૨૦) નવકાર મંત્રના સંપદા સહિત ઉપવાસ (૨૧) એકાંતરા ૫૦૦ આયંબિલ (૨૨) નવપદજીની ઓળીઓ... ઈત્યાદિ.

તપ-જપના પ્રભાવે એક વખત પદ્માવતી દેવીએ તેમને પાલિતાણામાં સ્વયમેવ દર્શન આપ્યા હતા !

તેમની પ્રેરણાથી ત્રણ ઠેકાણે તીર્થ તુલ્ય જિનાલયના નિર્માણ થયેલ છે. જેમાં એક વીશ જિનાલયનો સમાવેશ પણ થાય છે !

તદુપરાંત ૩ નવાણુ યાત્રા સંઘ, ૬ વાર સામૂહિક ઉપધાન તપ, ૯ જેટલા છ'રી પાલક તીર્થયાત્રા સંઘ, તથા ૨૧ વખત ૨૫-૩૬-૫૧-૧૦૮ આદિ છોડના ઉજમણા ઈત્યાદિ અનેક શાસનપ્રભાવક આયોજનો પણ તેમની પ્રેરણાથી થયેલ છે.

ધન્ય છે આવા મહા તપસ્વિની, શાસન પ્રભાવિકા સાધ્વીજી ભગવંતને !...

**તપના તેજથી દીપતા એ, સાધ્વીજીના નામનો અર્થ પણ 'સુંદર તેજ (કાંતિ)વાળા' એવો થાય છે.**

**તેમના ગુરુણીનું નામ એટલે જે ''મુક્તિની દૂતી'' તરીકે ગણાય છે તે છે.**

**જેમના સંપૂર્ણ નામમાં ચાર-ચાર પરમેષ્ઠી ભગવંતોનો સમાવેશ થાય છે એવા મહાતપસ્વી ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતના તેઓ આજ્ઞાવર્તિની છે.**

હવે તો ઓળખી લેશો ને એ સાધ્વીજી ભગવંતને ?!...

## ૮૨ : વર્ધમાન તપની બે વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરી ત્રીજીવાર પાયો નાખી આગળ વધતા વર્ધમાન તપોનિધિ ત્રણ સાધ્વીજી ભગવંતો

વર્ધમાન આયંબિલ તપની બે વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરી ત્રીજી વાર ૮૮ ઓળી પૂર્ણ કરનાર તપસ્વીરત્ન આચાર્ય ભગવંતશ્રીનું દૃષ્ટાંત આપણે આ જ પુસ્તકમાં આગળ વાંચી ગયા.

તેવી જ રીતે વર્તમાનકાળમાં સાધ્વીજી ભગવંતોમાં પણ ત્રણ-ત્રણ તપસ્વી મહાત્માઓ છે કે જેઓ બે વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરીને ત્રીજીવાર પાયો નાખીને ઓળીઓ કરી રહ્યા છે.

તેમાં પ્રથમ નંબરે પૂ.બાપજી મ.સા.ના સમુદાયના એક સાધ્વીજી ભગવંત કે **જેમનું શુભ નામ એક પ્રાચીન મહાસતીના નામ મુજબ હોવાથી રોજ રાઈ પ્રતિક્રમણમાં ભરહેસરની સજ્ઝાયમાં ચતુર્વિધ શ્રીસંઘમાં બોલાય છે.**

**સિંહરાશિનું નામ ધરાવતા આ સાધ્વીજી કર્મક્ષય કરવામાં સિંહ જેવા પરાક્રમી** છે. ૧૯ વર્ષની ભર યુવાવસ્થામાં સં. ૨૦૦૪માં પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પણ રસ્તો કાઢીને સંયમ સ્વીકારેલ છે.

દીક્ષા લઈને કર્મક્ષય માટે એજ વર્ષે વર્ધમાન તપનો પાયો નાંખ્યો અને સં. ૨૦૨૬માં પ્રથમ વાર ૧૦૦ ઓળી પૂર્ણ કરી. તેમાં સળંગ ૪૦૦/૫૦૦ તથા ૧૦૦૦ આયંબિલ ઉપરાંત ૧૬ ઉપવાસ, માસક્ષમણ આદિ તપશ્ચર્યા પણ કરી છે.

ગૃહસ્થ જીવનમાં જ વીશ સ્થાનક તપની આરાધના પૂર્ણ કરનાર આ તપસ્વી મહાત્માએ ૧૦૦ ઓળી પૂર્ણ કર્યા બાદ સંતોષ ન માનતાં સિદ્ધિતપ/શ્રેણિતપ/સમવસરણ તપ/સિંહાસન તપ/ચત્તારિ અટ્ઠ દશ દોય તપ/ઉપવાસથી વર્ષીતપ/અટ્ઠમથી વર્ષીતપ જેવી મોટી તપશ્ચર્યાઓ કરીને પુનઃ સં. ૨૦૨૮માં અટ્ઠમથી વર્ધમાન તપના પાયાની શરૂઆત કરી અને માત્ર ૨૩ વર્ષમાં ૬૬ વર્ષની ઉંમરે ૪૭ વર્ષના દીક્ષા પર્યાયે બીજી વાર વિ.સં. ૨૦૫૧ના પોષ વદિ ૩ના ૧૦૦ ઓળી પૂર્ણ કરી.

**બીજીવાર ૧૦૦મી ઓળી આખી તેમણે અટ્ઠમના પારણે આયંબિલથી એટલે કે ૨૫ અટ્ઠમ અને ૨૫ આયંબિલથી પૂર્ણ કરી !!!**

આવી ઘોર તપશ્ચર્યાની સાથે સાથે એમના જીવનમાં અપ્રમત્તતા અને સમતા ખૂબ જ અનુમોદનીય છે રાત્રે ૧૦ થી ૨ દરમ્યાન માંડ ૩ા-૪ કલાક જ

તેઓ આરામ કરે છે. દિવસે કદી સૂતા નથી. ૨૦ કલાકમાંથી ૧૨ થી ૧૫ કલાક જાપ અને સ્વાધ્યાયમાં ગાળે છે. રોજ ૧૦ બાંધી નવકારવાળી તથા અરિહંત પદની ૧૦૦ માળાનો જાપ કરે છે. ૧ ક્રોડ નવકાર જાપ કરવાની તેમની ભાવના છે. અરિહંત પદનો લગભગ ૨ ક્રોડ જેટલો જાપ પૂર્ણ થવા આવ્યો છે !..

પૂર્વાવસ્થામાં ગુરુ મહારાજની ખૂબજ ભક્તિ અને વૈયાવચ્ચ કરવા દ્વારા વિશિષ્ટ ગુરુકૃપા પ્રાપ્ત કરી છે.

**તપ-જપ અને ગુરુકૃપાના પ્રભાવે તેમને દૈવીકૃપા પણ સહજપણે પ્રાપ્ત થઈ છે. તેના પ્રતીક સ્વરૂપે કેટલીકવાર વાસક્ષેપની વૃષ્ટિ પણ થયેલ છે !...**

બીજી વાર ૧૦૦ ઓળી પૂર્ણ કર્યા બાદ તેમણે જેફ વયે ત્રીજી વાર પાયો નાંખ્યો અને ત્રીજીવાર ૨૯ ઓળી પૂર્ણ કર્યાના સમાચાર મળેલ છે. શાસનદેવ તેઓશ્રીને દીર્ઘાયુષ્ય સાથે ત્રીજીવાર ૧૦૦ ઓળી પૂર્ણ કરવાનું સામર્થ્ય આપે એવી પ્રાર્થના. તેમના બે શિષ્યાઓએ પણ ૧૦૦ ઓળી પૂર્ણ કરી છે ! તથા બીજા બે શિષ્યાઓની ૭૫ થી અધિક ઓળી થઈ છે. સાણંદમાં જન્મેલ આ મહા તપસ્વી સાધ્વીજી શ્રી સંઘની વિનંતિથી વૃદ્ધાવસ્થાને કારણે મોટા ભાગે સાણંદમાં બિરાજમાન છે. એકવાર અચૂક તેમના દર્શન કરવા યોગ્ય છે.

## ૮૩

૧૬ વર્ષની વયે લગ્નગ્રંથીથી જોડાવા છતાં પૂજ્યોના સત્સંગના પ્રભાવે વૈરાગ્ય પામી ૨૯ વર્ષની વયે સં. ૨૦૦૧માં કચ્છ-વાગડ સમુદાયમાં દીક્ષિત થયેલા આ સાધ્વીજીએ દીક્ષા પહેલાં ૩ ઉપધાન તથા વર્ધમાન તપની ૧૧ ઓળી પૂર્ણ કરી હતી. દીક્ષા બાદ ૪ વર્ષમાં વીશ સ્થાનક તપ પૂર્ણ કર્યું. અને સં. ૨૦૦૫ થી ૧૨મી ઓળીનો પ્રારંભ કરીને ૧૯ વર્ષનાં ટૂંકા ગાળામાં ૧૦૦ ઓળી પરિપૂર્ણ કરી સં. ૨૦૨૪ના પોષ વદિ ૧ ના રોજ રાજકોટ મુકામે પારણું કર્યું.

**લાંબી ઓળીમાં પણ ઘણી વખત શુદ્ધ આયંબિલ, ગ્રીષ્મ ઋતુની પ્રચંડ ગરમીમાં પણ ઠામ ચૌવિહાર તેમજ અલૂણા આયંબિલ કરેલ !..**

એક વાર સાડા પંદર મહિના સુધી સળંગ આયંબિલ કરેલ ત્યારે રોગનો ભયંકર હુમલો થયો હતો. છતાં મનની મક્કમતાથી અને આયંબિલ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાથી એ આકરી કસોટીમાંથી પસાર થઈ ગયા હતા.

૧૦૦ ઓળી પૂર્ણ થવા છતાં પણ તેમની તપતૃષા શાંત થવાને બદલે

ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી ગઈ. તેથી એ જ વર્ષે પુનઃ વર્ધમાન તપનો પાયો નાંખીને સળંગ ૧૧ ઓળી કરી. પછી તો પ્રતિકૂળતાના ઘૂઘવતા સાગર વચ્ચે તપ રૂપી નૌકા આગળ વધતી ચાલી. જેની ફલશ્રુતિ રૂપે સં. ૨૦૪૬ના મહા સુદિ ૫ ના દિવસે કચ્છ-આધોઈ મુકામે બીજી વાર ૧૦૦ ઓળી ૭૪ વર્ષની જૈફ વયે પૂર્ણ કરી ! **સમગ્ર ભારતવર્ષના સાધ્વી સમુદાયમાં ૨૦૦ ઓળી પૂર્ણ કરનારા પુણ્યાત્માઓમાં પ્રથમ સ્થાન શોભાવી જૈનશાસનના મહાન દ્યોતક બની રહ્યા !**

પણ આ તે કેવું ગજબનાક આશ્ચર્ય ! તેમની તપતૃષા તૃપ્ત જ ન થઈ. જેથી એજ વર્ષે ફા. સુ. ૫ના પુનઃ ત્રીજી વાર પાયો નાંખ્યો અને જોતજોતામાં ૨૭ ઓળી પૂર્ણ કરી લીધી ! હવે વૃદ્ધાવસ્થા અને શારીરિક પ્રતિકૂળતાને કારણે વધુ ઓળીઓ થઈ શકે તેવી શક્યતા ઓછી જણાય છે પરંતુ જરાપણ શારીરિક પ્રતિકૂળતા ઊભી થાય તો તેઓશ્રી આયંબિલની સ્મૃતિને તીવ્ર બનાવે છે. **તેમણે જીવનમાં દવાના સ્થાને આયંબિલ અને ડૉક્ટરના સ્થાને નવપદજીને સ્થાન આપ્યું છે.**

તપની સાથે સાથે સમતા, અપ્રમત્તતા, જયણા, સ્વાધ્યાય રૂચિ, વાત્સલ્ય વિગેરે અનેક સદ્‌ગુણોના કારણે તેઓ અનેકોના જીવનમાં ધર્મબીજનું વપન કરી શક્યા છે.

**તેમનું નામ પણ પ્રાતઃ કાલે પ્રતિક્રમણમાં બોલાતી ભરહેસરની સજ્ઝાયમાં આવતા એક મહાસતીનું નામ છે. તેમના નામના પૂર્વાર્ધનો અર્થ ફૂલ થાય છે.** નામ પ્રમાણે તેમનું હૃદય બીજા જીવો માટે ફૂલ જેવું કોમળ અને અનેક સદ્‌ગુણોની સુવાસથી મઘમઘતું છે. હાર્દિક અનુમોદના તેમના તપોમય જીવનની. હાલમાં પ્રાયઃ સુરેન્દ્રનગરમાં તેઓ બિરાજમાન છે.

## ૮૪

ઉપરોક્ત મહા તપસ્વી સાધ્વીજીના પગલે પગલે તેમના પ્રશિષ્યા પણ ગત વર્ષે બીજીવાર ૧૦૦ ઓળીનું પારણું કરીને પુનઃ ત્રીજીવાર પાયો નાખીને આગળ વધી રહ્યા છે સળંગ ૫૦૦/૧૦૦૦/૧૫૦૦/૧૭૦૦ આયંબિલ કર્યા છે ! તેઓ દર ઓળીમાં અઠ્ઠમ તપ કરે છે. તદુપરાંત તેમણે માસક્ષમણ, સોળભત્તું, છ અઠ્ઠાઈ તથા સિદ્ધિતપ વિગેરે તપશ્ચર્યા પણ કરી છે, પરિણામે **તેમણે હંસ સમાન ઉજ્જવલ કીર્તિને પ્રાપ્ત કરી છે.** તેઓ ત્રીજી વાર પણ ૧૦૦ ઓળી પૂર્ણ કરનારા બને એવી શાસનદેવને પ્રાર્થના સહ તેમના તપોમય જીવનની હાર્દિક અનુમોદના.

## ૮૫ : સળંગ ૨૦-૨૦ ઉપવાસથી વીશસ્થાનકની આરાધના કરનાર પાંચ સાધ્વીજી ભગવંતો !

ઉપરોક્ત ૨૨૭ ઓળીના તપસ્વી સાધ્વીજીના એક શિષ્યાએ સળંગ ૨૦-૨૦ ઉપવાસથી વીશ સ્થાનક તપની ૨૦ ઓળી પૂર્ણ કરી છે !...

આ ઉપરાંત પણ તેમણે સળંગ ૪૫/૩૧/૩૦/૨૭/૨૧/૨૦/૧૮/૧૧ ઉપવાસ, ૭ વખત અઠ્ઠાઇ... ચત્તારિ અટ્ઠ દશ દોય તપ...સિદ્ધિ તપ... ઉપવાસથી વર્ષીતપ....અઠ્ઠમથી વર્ષીતપ...તેમજ સળંગ ૧૦૦૦/૪૦૦/૨૨૫ તથા ૨૦૦ આયંબિલ (પાંચ વખત) તથા ક્ષીર સમુદ્ર તપ (૭ ઉપવાસ) વિગેરે અનેકવિધ તપશ્ચર્યાથી પોતાના જીવનને સુવર્ણ જેવું દેદીપ્યમાન અને ચંદ્ર સમાન ઉજ્જવલ યશોમય બનાવ્યું છે. તેમના તપોમય જીવનની હાર્દિક અનુમોદના.

**તેમના નામ સાથે સામ્ય ધરાવતા એક આચાર્ય ભગવંતે ભૂતકાળમાં ૩ા ક્રોડ શ્લોક પ્રમાણ સંસ્કૃત સાહિત્યની રચના કરેલ. તથા હાલ પણ એ નામના પ્રાયઃ બે વિદ્વાન આચાર્ય ભગવંતો જુદા જુદા સમુદાયમાં વિદ્યમાન છે.**

આજ સમુદાયના બીજા બે સાધ્વીજી ભગવંતોએ પણ આ જ રીતે સળંગ ૨૦-૨૦ ઉપવાસથી વીશ સ્થાનક તપની આરાધના કરી છે. તેમાંના એક સાધ્વીજીએ ૧૦૦ ઓળીનું પારણું સાદી રીતે...સહજભાવથી કર્યું તેમનું દૃષ્ટાંત આ જ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

બીજા સાધ્વીજી ભગવંત ગૃહસ્થપણામાં પહેલાં કંદમૂળના ખૂબ જ શોખીન હતા. પાછળથી કંદમૂળભક્ષણથી થતી અનંત જીવોની હિંસાનો ખ્યાલ આવતાં કંદમૂળનો બિલકુલ ત્યાગ કર્યો હતો. પરંતુ સ્થાનકવાસી પરિવારમાં તેમના લગ્ન થતાં કંદમૂળનું શાક બનાવવા માટે આગ્રહ થતાં વૈરાગ્ય પામી દીક્ષા લીધી હતી. તેમણે પણ સળંગ ૨૦-૨૦ ઉપવાસ ૨૦ વાર કરવા દ્વારા વીશ સ્થાનકતપની આરાધના પૂર્ણ કરી છે. **તેમના નામનો અર્થ સુંદર મુખવાળા એવો થાય છે. નામ પ્રમાણે તપના તેજથી તેમની મુખાકૃતિ દેદીપ્યમાન છે.**

અન્ય એક સમુદાયના બે સાધ્વીજી ભગવંતોએ પણ સળંગ ૨૦-૨૦ ઉપવાસથી વીશસ્થાનક તપની આરાધના કરેલ છે. તેમણે સહુથી વધુ માસક્ષમણ પણ કરેલ છે. તેમનું દૃષ્ટાંત આ જ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

## ૮૬ : ૭૩ વર્ષની વયે સળંગ ૨૫૧ ઉપવાસ !!!

પંજાબમાં રામા મંડી ગામમાં ઈ. સ. ૧૯૨૪માં જન્મ પામીને ૨૦ વર્ષની વયે સ્થાનકવાસી શ્રમણ સંઘ સમુદાયમાં દીક્ષિત થયેલા એક મહાસતીજીએ ૭૩ વર્ષની વયે ગત વર્ષે સળંગ ૨૫૧ ઉપવાસની સુદીર્ઘ તપશ્ચર્યા કરીને સહુને આશ્ચર્ય ચકિત્ત કરેલ છે. છેલ્લા ૯ વર્ષોમાં તેમણે કરેલ વિશિષ્ટ તપશ્ચર્યાની યાદી નીચે મુજબ છે.

| ક્રમાંક | વિ.સં. | ચાતુર્માસ સ્થાન | પ્રાંત | સળંગ ઉપવાસ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૪૪ | જાખલ | પંજાબ | ૬૧ |
| ૨ | ૨૦૪૫ | બુઢલાડા | " | ૩૧ |
| ૩ | ૨૦૪૬ | સફીદો મંડી | " | ૭૧ |
| ૪ | ૨૦૪૭ | પટિયાલા | " | ૭૩ |
| ૫ | ૨૦૪૮ | ભટિંડા | " | ૭૫ |
| ૬ | ૨૦૪૯ | રાનિયા | " | ૧૦૮ |
| ૭ | ૨૦૫૦ | માલેર કોટલા | " | ૧૩૧ |
| ૮ | ૨૦૫૧ | પાનીપત | હરિયાણા | ૧૫૧ |
| ૯ | ૨૦૫૨ | શક્તિનગર | દિલ્લી | ૨૫૧ |

**તપ અને જપના દિવ્ય પ્રભાવે વિવિધ ગામોમાં તેમની ઉપર સેંકડો વાર કેસર વૃષ્ટિ થયેલ છે !...**

૯ વર્ષની ઉંમરે તેમનો વિવાહ થઈ ચૂક્યો હતો ! તેમ છતાં સત્સંગના પ્રભાવે ૧૯ વર્ષની ભરયુવાવસ્થામાં તેમને વૈરાગ્ય પ્રગટતાં અનેક પ્રયત્નોના પરિણામ સ્વરૂપે દીક્ષા માટે સંમતિ પ્રાપ્ત કરીને ૨૦ વર્ષની વયે તેઓ દીક્ષિત બન્યા હતા.

તપની સાથે સ્વાધ્યાય અને વડિલોની વિશિષ્ટ સેવા દ્વારા તેમણે અદ્ભુત ગુરુકૃપા પ્રાપ્ત કરી છે.

૨૫૧ ઉપવાસની તપશ્ચર્યા વર્તમાનકાલીન ૧૮૦ ઉપવાસની શાસ્ત્રીય મર્યાદાના વિશિષ્ટ અપવાદ રૂપે જાણવી. તેમના નામમાં ૨ અક્ષરના પૂર્વાર્ધનો અર્થ સોનું થાય છે. અને ૩ અક્ષરનો ઉત્તરાર્ધ કુમાર અવસ્થાનો સૂચક શબ્દ છે.

તેમની તપશ્ચર્યા આદિથી પ્રભાવિત થયેલા તેમના ગચ્છાધિપતિ આચાર્યશ્રી તરફથી તેઓ "તપો વારિધિ", "તપ મુકુટ મણિ" ઇત્યાદિ બિરૂદોથી અલંકૃત કરાયા છે.

## ૮૭ : સળંગ ૩૧૧ ઉપવાસ !!!

તેમના જ સમુદાયના "તપ ચક્રેશ્વરી" તરીકે સુપ્રસિદ્ધ થયેલા એક મહાસતીજીએ વિ.સં. ૨૦૫૨ના ચાતુર્માસમાં દિલ્લી (માન સરોવર પાર્ક-શાહદરા)માં ૩૧૧ ઉપવાસની દીર્ઘ તપશ્ચર્યા કરેલ છે. તથા તેમણે સં. ૨૦૫૧માં ઋષભ નગર (દિલ્લી)માં ૧૧૨ ઉપવાસની તપશ્ચર્યા પણ કરેલ !

તેમના ઉપર પણ અનેકવાર કેસરવૃષ્ટિ થયેલ છે. કેટલાક દર્શનાર્થીઓને બીજા પણ વિશિષ્ટ અનુભવ થાય છે.

**તેમના નામમાં ૩ અક્ષરના પૂર્વાર્ધનો અર્થ મોહ પમાડનાર એવો થાય છે. વિશિષ્ટ તપ-જપ દ્વારા દેવોના મનને પણ આકર્ષી લેનાર એવા તેમના નામનો પૂર્વાર્ધ યથાર્થ જ છે.**

**તેવી જ રીતે તેમના નામનો ઉત્તરાર્ધ એક એવી પવિત્ર વસ્તુને સૂચવે છે કે જે પ્રાયઃ તેમના હાથમાં અવારનવાર જોવા મળે છે !**

મહાસતીઓજીની તપ-જપ આદિ સાધનાની હાર્દિક અનુમોદના.

## ૮૮ : ૧૧ અંગસૂત્રો ને કંઠસ્થ કરનાર વિદુષી સાધ્વીજી

સંસારથી વિરક્ત બનેલ પોતાના માતુશ્રીના સુસંસ્કારોથી બાલ્યવયમાં જ રાજીમતીએ વર્ધમાન તપનો પાયો નાંખ્યો અને ત્યારબાદ માત્ર ૧૪ વર્ષની વયે વિ.સં. ૨૦૦૬ માં કવિકુલકિરીટ આચાર્ય ભગવંતશ્રીના સમુદાયમાં પોતાની નાની બેન વસુ સાથે દીક્ષા અંગીકાર કરી.

બાલ્યાવસ્થાથી જ તેમનામાં અભ્યાસની લગન હતી અને રોજની **૧૦૦ ગાથા કંઠસ્થ કરી શકે તેવી તીવ્ર યાદશક્તિ હતી !...**

વડી દીક્ષાના યોગોદ્વહન વખતે જે દિવસે જે અધ્યયનની અનુજ્ઞા મળે તે દિવસે તે અધ્યયન આખું કંઠસ્થ કરી લે !...માત્ર કંઠસ્થ કરી લે એટલું જ નહીં પરંતુ નિયમિત સ્વાધ્યાયના કારણે ગોખલું પછી પણ હંમેશાં મોઢે હોય !

જોતજોતામાં તેમણે ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ, ક્ષેત્રસમાસ,

બૃહત્સંગ્રહણી, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન સૂત્ર, જ્ઞાનસાર, તત્ત્વાર્થસૂત્ર, વીતરાગ સ્તોત્ર, અભિધાન ચિંતામણિ કોશ વિગેરે નવકારની જેમ કંઠસ્થ કરી લીધા.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં તો તેમના જેવા વિદુષી સાધ્વીજી શ્રમણીસંઘમાં ગણ્યા ગાંઠયા જ હશે !

દશવૈકાલિકની ટીકા, ઉત્તરાધ્યયનસૂત્રની ટીકા, પિંડ નિર્યુક્તિ, ઓઘ નિર્યુક્તિ, ૧૦ પયન્ના, ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર જેવા અનેક ગ્રંથો તેમણે વાંચ્યા છે અને વંચાવ્યા છે.

વિજય પ્રશસ્તિ, હીર સૌભાગ્ય, મેઘદૂત, અભિજ્ઞાન શાકુંતલ, શાંતિનાથ મહાકાવ્ય આદિ અનેક મહાકાવ્યો તેમજ સંસ્કૃત દ્વયાશ્રય, પ્રાકૃત દ્વયાશ્રય જેવા કઠિન ગ્રંથોનો અભ્યાસ વર્તમાનમાં પણ ખૂબ સરળતાથી કરાવે છે !...

તેઓશ્રીની આવી અપૂર્વ સ્વાધ્યાય મગ્નતા અને અપૂર્વ ગ્રહણશક્તિ જોઈને તીર્થપ્રભાવક આચાર્ય ભગવંતશ્રીએ તેમને ૧૧ અંગસૂત્રો કંઠસ્થ કરવા પ્રેરણા કરી. એ પ્રેરણાને ઝીલી લઈને તેમણે આચારાંગ-સૂયગડાંગ-ઠાણાંગ - સમવાયાંગ - ભગવતી - જ્ઞાતાધર્મકથા - ઉપાશક દશાંગ-અંતકૃત્ દશાંગ-અનુત્તરૌપપાતિક દશાંગ- પ્રશ્ન વ્યાકરણ તથા વિપાક સૂત્ર એ નામના ૧૧ અંગસૂત્રો કંઠસ્થ કરી લીધા ! તેમાં આખું ભગવતી સૂત્ર એકાશણાના તપ પૂર્વક કંઠસ્થ કરેલ.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં છંદોબદ્ધ કાવ્ય રચના પણ તેઓ કરી શકે છે. 'વિક્રમ ભક્તામર' ની તેમની રચના ખૂબ જ સુંદર અને વિદ્વદ્ભોગ્ય બની છે.

જ્ઞાનાભ્યાસ ઉપરાંત ભક્તિ, વૈયાવચ્ચ, ગુરુઆજ્ઞાપાલન, સહનશીલતા, ન ભાવતાંને નભાવવાની સુંદર કળા, વિગેરે અનેક સદ્ગુણોના કારણે તેમણે વિશિષ્ટ ગુરુકૃપા અને સહવર્તી સહુની સારી ચાહના પ્રાપ્ત કરી છે.

અનેક શિષ્યા-પ્રશિષ્યાઓના પરિવારથી પરિવરેલા તેઓશ્રી સ્વોપકાર સાથે વિશિષ્ટ પરોપકાર અને સુંદર શાસન પ્રભાવના કરી રહ્યા છે.

**તેઓશ્રીના નામનો પૂર્વાર્ધ સમવસરણમાં ઉપરનો પ્રથમ ગઢ જેનો બનેલો હોય છે તેને સૂચવે છે તથા ઉત્તરાર્ધનો અર્થ 'શિખર'નો પર્યાયવાચી સ્ત્રીલિંગ શબ્દ થાય છે.**

# ૮૯ : વિદુષી સાધ્વીજી 'બેન મહારાજ'

ઉપરોક્ત સાધ્વીજીની સાથે ૧૦ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલ તેમના નાના 'બેન મહારાજે' પણ પોતાની અપૂર્વ ગ્રહણશક્તિ દ્વારા પ્રકરણ ભાષ્ય, કર્મગ્રંથ, કમ્મપયડી, પંચસંગ્રહ, સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ, ન્યાય, કાવ્ય, જ્યોતિષ આદિ અનેક વિષયોમાં પ્રભુત્વ મેળવ્યું છે. તેમની અધ્યાપન કળા પણ અવ્વલકોટિની છે.

તેમની વકતૃત્વ શક્તિ અદ્‌ભુત છે. વકતૃત્વ કરતાં પણ અધિક શક્તિ તેમની લેખિનીમાં છે. શ્રીદશવૈકાલિક ચિંતનિકા, શ્રી ઉત્તરાધ્યયન ચિંતનિકા, શ્રી આચારાંગ ચિંતનિકા, પાથેય કોઈનું-શ્રેય સર્વનું...વિગેરે પુસ્તકોમાં તેમની કલમે જે ગહન ચિંતન મનન વહેવડાવ્યું છે તે ખરેખર અદ્‌ભુત છે. સ્થાનકવાસી દાખવે છે કે જો તેઓ નજીકના ક્ષેત્રમાં હોય તો અવશ્ય તેમનાં દર્શન કરી, વારંવાર તેમના શ્રીમુખે કંઈક ચિંતનધારા ઝીલવા આતુર હૃદયે ઉપસ્થિત થાય જ.

અધ્યયન- અધ્યાપન-વકતૃત્વ તેમજ લેખન ઉપરાંત તેમનામાં આયોજનશક્તિ પણ ખૂબ જ વિશિષ્ટ પ્રકારની છે. છ'રીપાલક પદયાત્રા સંઘ હોય કે જિનભક્તિ મહોત્સવ હોય, ઉપધાન તપ હોય કે મહિલા શિબિર હોય, સામૂહિક તપ હોય કે સમૂહ સામાયિક હોય...ટૂંકમાં શ્રીજિનશાસનને લગતું કોઈપણ અનુષ્ઠાન હોય તેમાં એમની આયોજન શક્તિ ઝળકી ઊઠે જ !

તેઓશ્રીના ગુરુદેવ તીર્થપ્રભાવક આચાર્ય ભગવંતશ્રીની નિશ્રામાં ખંભાતમાં ૧૦૮ માસક્ષમણની તપશ્ચર્યા થઈ હતી ત્યારે પણ તપસ્વીઓને શાતા પમાડવામાં, તેમના સમુદાયમાં 'બેન મહારાજ' ના હુલામણા નામથી સુપ્રસિદ્ધ એવા આ સાધ્વીજી ભગવંતનું સુંદર યોગદાન હતું.

પોતાના સમુદાયના ત્રણ-ત્રણ આચાર્ય ભગવંતોની તેમણે સુંદર ગુરુકૃપા પ્રાપ્ત કરી છે અને તેમના માર્ગદર્શન મુજબ નવકાર મહામંત્ર, ભક્તામર સ્તોત્ર તેમજ પાર્શ્વનાથ ભગવંતની સુંદર આરાધના તેમણે કરી છે. અનેક સંઘોમાં નવકાર તથા અર્હંનો જાપ કરોડોની સંખ્યામાં તેમણે કરાવેલ છે.

**તેમના નામના ૪ અક્ષરો સાધુ માટે વપરાતો શબ્દ છે કે જે વચનગુપ્તિ તથા ભાષા સમિતિનો નિર્દેશ કરે છે !**

અનેક શિષ્યા-પ્રશિષ્યાઓના પરિવારથી પરિવરેલા તેઓશ્રી સુંદર શાસનપ્રભાવના કરી રહ્યા છે.

## ૯૦ : પલ્લીવાલ ક્ષેત્રમાં ધર્મને પુનર્જીવિત કરતા સાધ્વીજી

ઉપરોક્ત બંને બહેનોની દીક્ષા બાદ બીજા જ વર્ષે સં. ૨૦૦૭ માં તેમની ત્રીજી નાની બહેન સરોજની દીક્ષા ૯વર્ષની બાલ્યવયમાં તેના માતુશ્રી શાંતાબેન સાથે થઈ. **તેમના જીવનમાં બાલ્યવયમાં જ સંયમ પ્રાપ્તિનો શુભ ઉદય થયો તેથી તેમનું નામ પણ તેવા પ્રકારનું જ રાખવામાં આવ્યું.**

...તેમના ગુરુદેવશ્રીની નિશ્રામાં સિકંદરાબાદથી સમેતશિખરજીનો ૧૯૧ દિવસનો છ'રી પાલક સંઘ તથા કલકત્તાથી પાલિતણાનો ૨૦૧ દિવસનો ઐતિહાસિક છ'રી પાલક સંઘ નીકળેલો'...

એ સંઘ જ્યારે રાજસ્થાનમાં આવેલ ભરતપુર, અલવર, ગંગાપુરસી તથા હિન્ડોન વિગેરે જિલ્લાઓના સમૂહ રૂપે પલ્લીવાલ પ્રદેશ તરીકે ઓળખાતા ક્ષેત્રમાંથી પસાર થતો હતો ત્યારે ત્યાંના જૈન મંદિરોની દશા ખૂબ જ જીર્ણ જોવામાં આવી. તથા જૈનોની પણ ધર્મજીર્ણ અવસ્થા જોવામાં આવી. આચાર્ય ભગવંતના હૃદયમાં આ જોઈને ખૂબ જ દુઃખ થયું. ત્યાંના સ્થાનિક જૈનોએ આચાર્ય ભગવંતના પગમાં પડીને પોતાનો ઉદ્ધાર કરવા માટે વિનંતિ કરી. તે વખતે તો સંઘયાત્રા આગળ વધી પરંતુ પાછળથી આચાર્ય ભગવંતે આ કાર્ય માટે ઉપરોક્ત સાધ્વીજીને પલ્લીવાલ ક્ષેત્રમાં વિચરવા માટે આજ્ઞા કરી.

ગુરુ આજ્ઞાને શિરોમાન્ય કરીને સાધ્વીજી ભગવંત સપરિવાર સં. ૨૦૩૮ માં પલ્લીવાલ ક્ષેત્રમાં પધાર્યા. સાધુપણાના આચારથી અજાણ એવા આ પ્રદેશમાં ગોચરી-પાણી-વિહારસ્થાનોની તથા બીજી અનેક પ્રકારની અગવડ નભાવીને પણ સળંગ ૯ વર્ષ સુધી એ પ્રદેશમાં વિચર્યા. ધર્મોપદેશનો ધોધ વહાવીને લગભગ ૩૬ જિનમંદિરોનો જીર્ણોદ્ધાર તથા નવનિર્માણ કરાવ્યું. શ્રાવકોમાં રોપેલ સંસ્કારોને જીવંત રાખવા માટે ૧૧ આરાધના ભવનો-ઉપાશ્રયો કરાવ્યા. ત્યાંના સુવિખ્યાત સિંરસ તીર્થની પાંચ વાર સંઘયાત્રાનું આયોજન કર્યું. ધાર્મિક શિબિરોનું આયોજન કરીને ત્યાંની આદિવાસી જેવી પછાત જૈન પ્રજામાં ધર્મનો સુંદર પ્રચાર પ્રસાર કર્યો. શિષ્યા સમુદાયમાં માસક્ષમણ જેવી મહાન તપશ્ચર્યા આરાધના પણ કરી અન્ય સાધ્વીજી ભગવંતોએ પણ આ ક્ષેત્રના જીર્ણોદ્ધારમાં સુંદર સહયોગ આપ્યો....

તેમના માતા સાધ્વીજી પણ "મા મહારાજ" તરીકે વાત્સલ્ય યુક્ત સ્વભાવના કારણે આખા સમુદાયમાં બધાને ખૂબ જ પ્રિય થઈ પડયા હતા.

ગુરુઆજ્ઞાપાલન, સદા અપ્રમત્તતા, મેવા-મીઠાઈ, ફ્રૂટનો ત્યાગ, ૭૫ વર્ષના ઉંમરે ત્રીજો વર્ષીતપ, (કુલ ૪ વર્ષીતપ), ૧૧ તથા ૨૧ ઉપવાસ, નવપદ તથા વર્ધમાન તપની ઓળીઓ, ચત્તારિ-અઠ્ઠ-દશ-દોય વિગેરે તપશ્ચર્યા તથા ૪૪ જેટલા શિષ્યા-પ્રશિષ્યાદિ શ્રમણી વૃંદનું સુંદર અનુશાસન વિગેરે દ્વારા જીવન ધન્ય બનાવી ગયા. રત્નત્રયી જેવા ઉપરોક્ત ત્રણ-ત્રણ શ્રમણીરત્નોની શાસનના ચરણે ભેટ ધરીને સં. ૨૦૫૦ ના મેરુત્રયોદશીના દિવસે સમાધિપૂર્વક સદ્ગતિને પામ્યા.

## ૯૧ : દરેક પારણામાં એક ધાનના આયંબિલ સહ અઠ્ઠાઈથી વર્ષીતપનો ભવ્ય પુરુષાર્થ !

B. Sc. માં ફર્સ્ટ કલાસ પાસ થયેલી કૉલેજિયન કન્યાએ ઉપધાન તપમાં પ્રવેશ કર્યો તે દિવસથી રોજ નીવિ કે આયંબિલમાં પાંચથી વધુ દ્રવ્યો ન વાપરવાનો અભિગ્રહ લીધો !...

ઉપધાન સાનંદ પૂર્ણ થતાં જ દીક્ષા લેવા માટે મનોમન નિર્ણય કરી લીધો એટલું જ નહીં પરંતુ યાવજજીવ માટે પાંચથી વધુ દ્રવ્યો ન વાપરવાનો અભિગ્રહ આપવા માટે આચાર્ય ભગવંતને વિનંતિ કરી !... છેવટે આચાર્ય ભગવંતે દીક્ષાનું મુહૂર્ત ન નીકળે ત્યાં સુધી ઉપર મુજબનો અભિગ્રહ આપ્યો અને દીક્ષા બાદ ગુરુણી જેમ કહે તેમ કરવાનું જણાવ્યું !...

સં. ૨૦૩૧ માં ૨૭ વર્ષની વયે દીક્ષિત થયેલ એ કન્યાએ ૧૪ા વર્ષના દીક્ષા પર્યાયમાં નીચે મુજબની હેરત પમાડે તેવી તપ- ત્યાગની ભવ્ય અને ભગીરથ સાધના કરી છે.

(૧) ૫૦૦ આયંબિલ (૨) માસક્ષમણ (૩) ભદ્રતપ (૪) શ્રેણિતપ (૫) **દરેક પારણામાં એકાશણા સહ અઠ્ઠમથી પાંચ વર્ષીતપ !!!...તેમાં પણ દરેક વર્ષીતપમાં ઉત્તરોત્તર એક -બે ત્રણ- ચાર- પાંચ વિગઈનો મૂળથી ત્યાગ કરતા ગયા !!!**...૧ લા વર્ષીતપ દરમ્યાન કડા વિગઈનો ત્યાગ. બીજા વર્ષીતપમાં કડા વિગઈ તથા ગોળનો ત્યાગ ત્રીજા વર્ષીતપમાં કડા વિગઈ, ગોળ તથા તેલનો ત્યાગ. ચોથા વર્ષીતપમાં કડા વિગઈ, ગોળ, તેલ તથા દહીંનો ત્યાગ અને પાંચમા વર્ષીતપમાં કડા વિગઈ, ગોળ, તેલ, દહીં તથા ઘીનો ત્યાગ. આ બધી વિગઈઓનો મૂળથી ત્યાગ કરેલો એટલે કે ઉપરોક્ત વિગઈઓનો જેમાં થોડો પણ ઉપયોગ થયેલ હોય તેવી બીજી પણ કોઈ વસ્તુઓ કલ્પે નહીં !!! આ વર્ષીતપો દરમ્યાન પ્રાયઃ ઘણા અઠ્ઠમ ચૌવિહારા કરેલ !....

કર્મ સંયોગે તેમને ટી.બી.નું દર્દ લાગુ પડ્યું. તેમાં પણ વિરાધના ન

થાય તે માટે એક્સ રે ફોટો પડાવતા નહીં કે બ્લડ તથા યુરીનનો ટેસ્ટ પણ કરાવતા નહીં. ૯ મહિનાના નિર્દોષ ઉપચાર પછી સ્વાસ્થ્ય સારું થતાં પુનઃ કર્મશત્રુ સામે જંગી યુદ્ધનો પ્રારંભ કર્યો !... ૮ ઉપવાસના પારણે ૮ ઉપવાસથી **વર્ષીતપનો પ્રારંભ કર્યો ... ! ...પારણામાં પણ આયંબિલ જ કરવાના !!...તે પણ આયંબિલ એક ધાનના જ કરવાના !!!...તેમાં પણ પુરિમઢનું પચ્ચક્ખાણ કરવાનું !!!...તેમાં પણ ઘરોમાંથી જે નિર્દોષ ગોચરી સહજતાથી મળે તેનાથી જ ચલાવવાનું !!!....**

આવી વિશિષ્ટ તપશ્ચર્યાના પ્રભાવે તેમનો દેહાધ્યાસ ઘણો મંદ થઈ ગયો હતો. નશ્વર કાયાની માયા જાણે મરી પરવારી હતી. અવિનશ્વર એવા આત્મ તત્ત્વને અનુભવવાની દિશામાં તેમની સાધના આગળ ધપી રહી હતી. **'कार्यं साधयामि वा देहं पातयामि'** એવો તેમનો દૃઢ નિર્ધાર હતો. અને આખરે ૧૪ મી અઠ્ઠાઈ દરમ્યાન પાંચમા ઉપવાસે સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં, સર્વ જીવોને ખમાવી, પોતાના ગુરુણીના શ્રીમુખેથી નવકાર તથા પાંચ મહાવ્રતોના આલાવાને સાંભળતાં સાંભળતાં સં.૨૦૪૫ ના અષાઢ સુદિ ૧૩ ના દિવસે સમાધિપૂર્વક સદાને માટે આંખ મીંચી દીધી. અણાહારી પદને પ્રાપ્ત કરવા માટે જાણે આહારનો સદાને માટે ત્યાગ કરી દીધો !...

આવા ભીષણ તપની સાથે જીવનમાં ખૂબ જ અનુમોદનીય અપ્રમત્તતા હતી. પોતાનું કાર્ય પોતે જ કરતા એટલું જ નહીં પરંતુ વડીલોની ભક્તિ માટે પણ હંમેશાં ખડે પગે તૈયાર રહેતા. છ કર્મગ્રંથ, વ્યાકરણ, તર્કસંગ્રહ વિગેરેનો અર્થ સહિત તલસ્પર્શી અભ્યાસ પણ તેમણે કર્યો હતો !...

**તેમના નામનો પૂર્વાર્ધ જ્ઞાનનો પર્યાયવાચી દોઢ અક્ષરનો શબ્દ છે તથા ઉત્તરાર્ધ પ્રાયઃ સર્વજનપ્રિય એવી એક ઋતુનું નામ છે.**

તેમની દીક્ષા પછી સાત વર્ષે તેમની ગ્રેજ્યુએટ થયેલી ત્રણ નાની બહેનોની દીક્ષા થયેલી. તથા ત્યારબાદ બીજા પાંચ વર્ષ રહીને તેમના માતુશ્રીની પણ દીક્ષા થઈ હતી. એ ચારે જણા પણ ખૂબ જ તપોમય અનુમોદનીય જીવન જીવી રહ્યા છે. તેમની અનુમોદનીય આરાધનાની વિગત આના પછીના દૃષ્ટાંતમાં આપેલ છે :–

ખરેખર શ્રીજિનશાસન આવા મહા તપસ્વી, આરાધક, સંયમી આત્માઓથી ગૌરવવંતું છે !

## ૯૨ : ૯૦૦ આયંબિલ ઉપર ૪૫ ઉપવાસની તપશ્ચર્યા સાથે નવસારીથી શંખેશ્વરનો વિહાર !!!

B. Com સુધી વ્યાવહારિક અભ્યાસ કરનાર કૉલેજિયન કન્યાએ સં. ૨૦૩૮ માં મહા સુદિ ૫ ના સંયમ સ્વીકાર્યું. જેમના ઘરે કાયમ બે મિષ્ટાન્ન અને બે ફરસાણ હાજર જ હોય તેવા સુખી પરિવારમાંથી દીક્ષિત થયેલા આ સાધ્વીજીએ દીક્ષા બાદ કર્મ નિર્જરાર્થે ઉગ્ર તપશ્ચર્યાનો પ્રારંભ કરી દીધો.

સળંગ ૯૦૦ આયંબિલ કરીને ઉપર પારણું કર્યા વિના સળંગ ૪૫ ઉપવાસ શરૂ કર્યા :– ૨૧ મા ઉપવાસે તેમને ભાવના થઈ કે મારે શંખેશ્વર તીર્થમાં જઈ પ્રભુદર્શન કર્યા પછી જ પારણું કરવું. આવી ભાવના સાથે તેમણે નવસારીથી વિહાર પ્રારંભી દીધો. આવી ઉગ્ર તપશ્ચર્યા સાથે રોજ વિહારો કરતાં કરતાં અનુક્રમે શંખેશ્વર પહોંચ્યા ત્યારે તેમનો ૪૨ મો ઉપવાસ હતો !

શંખેશ્વરમાં આવીને અઠ્ઠમ કરી એટલે કુલ ૪૫ ઉપવાસ થયા. પારણાના દિવસે બપોરના સમયે એક હાથમાં તરપણી-ચેતનો અને બીજા હાથમાં લોટ (લાકડાનો ઘડો) લઈને તેઓ સ્વયં આયંબિલની ગોચરી વહોરવા માટે નીકળ્યા. તેમના સંસારી માતુશ્રી પારણું કરાવવા આવેલા પરંતુ તેમને ત્યાં વહોરવાની ના પાડતાં તેમણે ખુલાસો કર્યો કે - 'તમે મારા નિમિત્તે બનાવેલ છે તેથી ન કલ્પે' !...

આવી રીતે આયંબિલથી પારણું કર્યા બાદ પણ તેમણે આયંબિલ ચાલુ રાખ્યા. થોડા આયંબિલ બાદ વચ્ચે વચ્ચે અઠ્ઠમ પણ કરતા રહ્યા. કુલ ૯૭૦ આયંબિલ સળંગ કર્યા. પછી ચૈત્ર સુદિ ૪ થી પુનઃ માસક્ષમણનો પ્રારંભ કરી દીધો !... ઉનાળાની અસહ્ય ગરમીમાં પણ તેમણે ખૂબ જ પ્રસન્નતાપૂર્વક માસ ક્ષમણ પૂર્ણ કરીને અક્ષય તૃતીયાના દિવસે આયંબિલથી પારણું કર્યું !... પારણા પ્રસંગે નહિ કોઈ પત્રિકા, નહીં મહોત્સવ, નહીં પ્રચાર, કે તપસ્વિની તરીકે દેખાવાની લેશ માત્ર આશંસા નહીં !...રસનેન્દ્રિય ઉપર કેવો અદ્ભુત કાબુ ! ...માનકષાય ઉપર કેવો અજોડ વિજય !

આ ઉપરાંત પણ ૧૫ વર્ષના દીક્ષા પર્યાયમાં તેમણે નીચે મુજબ અત્યંત અનુમોદનીય તપશ્ચર્યા કરી છે.

(૧) સિદ્ધિતપ (પારણે આયંબિલ)

(૨) શ્રેણિ તપ (" ")

**(૩) વીશ સ્થાનકના સળંગ ૪૦૦ અઠ્ઠમ !**

(૪) પાર્શ્વનાથના સળંગ ૧૦૮ અઠ્ઠમ !

(૫) છેલ્લા ઘણા વર્ષોથી દર પર્યુષણમાં અઠ્ઠાઈ તપ

(૬) ૧ વર્ષ સુધી નીચે મુજબ નવપદજીની વિશિષ્ટ રીતે આરાધના કરેલ એક ધાનના ૯ આયંબિલ કર્યા બાદ ૧ પારણું કરી પુનઃ બીજા એક ધાનના ૯ આયંબિલ બાદ ૧ પારણું કરી પુનઃ ત્રીજા એક જ ધાનના ૯ આયંબિલ...ઈત્યાદિ. વિહારમાં એક ધાનના આયંબિલની નિર્દોષ ગોચરી ન મળે તો કાચી મગની દાળ, અડદની દાળ કે લોટ પાણીમાં ૩-૪ કલાક પલાળીને વાપરતા !!!

(૭) હાલ અઠ્ઠમથી વર્ષીતપ ચાલુ છે. પારણામાં પુરિમઢ એકાશણું કરે છે ! આવી ઉગ્ર તપશ્ચર્યાની સાથે સાથે જ્ઞાન-ધ્યાન રૂપ આભ્યંતર તપમાં તેઓ અપ્રમત્તપણે અનુમોદનીય પુરુષાર્થ કરી રહ્યા છે.

તેમના નામનો પૂર્વાર્ધ જ્ઞાનના પાંચ પ્રકારોમાંથી જે બોલતું જ્ઞાન' કહેવાય છે તે છે. તથા ઉત્તરાર્ધ પ્રાયઃ બધાને પ્રિય એવી એક ઋતુ વિશેષનું નામ છે.

તેમના મોટા બહેને તેમનાથી ૭ વર્ષ અગાઉ દીક્ષા લીધેલ તેમનું ખૂબ જ અનુમોદનીય દૃષ્ટાંત આનાથી આગળ આપેલ છે. તથા બે નાની બહેનોએ તેમની સાથે જ સં. ૨૦૩૮ માં દીક્ષા લીધેલ. તથા માતુશ્રીએ સં. ૨૦૪૩ માં ૭૨ વર્ષની વયે દીક્ષા લીધેલ. એ ત્રણેની આરાધના પણ અનુક્રમે નીચે મુજબ જાણવી.

## ૯૩ : સળંગ ૪૦૦ છઠ્ઠથી વીશસ્થાનકની આરાધના

(अ)

વીશ સ્થાનકની સળંગ ૪૦૦ છઠ્ઠ... સિદ્ધિતપ...વર્ષીતપ...સળંગ ૮૭૦ આયંબિલ..તેમાં પણ ૧ વર્ષ સુધી મહિનામાં ૩ અઠ્ઠમ ! ગૃહસ્થપણામાં

**M.SC.** માં ફસ્ટ ક્લાસ પાસ થયેલ આ સાધ્વીજીના નામનો પૂર્વાર્ધ જીવનમાં ખૂબજ મહત્ત્વના બે અક્ષરના સદ્ગુણને સૂચવે છે. ઉત્તરાર્ધ ઉપર મુજબ જાણવો.

## ૯૪ : તપોમય જીવન

(ब)

વીશ સ્થાનક તપ... સિદ્ધિ તપ... શ્રેણિતપ... સળંગ ૫૦૦

આયંબિલ... સળંગ ૬ વર્ષીતપ (તેમાં ગયા વર્ષે છઠ્ઠના વર્ષીતપનું પારણું કર્યું)...હાલ પણ એકાંતરા ઉપવાસથી વર્ષીતપ ચાલુ છે આ સાધ્વીજીના નામનો પૂર્વાર્ધ સમ્યક્ત્વના પ્રથમ લક્ષણને સૂચવે છે. ઉત્તરાર્ધ ઉપર મુજબ.

## ૯૫ : ૭૨ વર્ષની વચ્ચે સંયમ સ્વીકાર

(क)

૭૨ વર્ષની જેફ વયે જ્યારે નિરાંતે આરામ કરવાનો સમય કહેવાય તે સમયે જ કર્મની સામે ઝઝૂમવા એમણે મહાભિનિષ્ક્રમણ આદર્યું ! પાલિતાણા, ગિરનાર શંખેશ્વર, આબુ, રાણકપુર વિગેરે તીર્થોની યાત્રા પગે વિહાર કરીને મોટી ઉંમરે કરી ! છેલ્લા ૪૦ વર્ષથી એકાશણાથી ઓછો તપ કર્યો નથી. સિદ્ધિતપ...બે વર્ષીતપ...વર્ધમાન તપની ૫૧ ઓળી...૯૯ યાત્રા વિગેરે અનેક નાના-મોટા તપથી જીવનને ઓજસ્વી તથા તેજસ્વી બનાવેલ છે. ગમે તેવા પ્રકૃષ્ટ આનંદનો પ્રસંગ હોય કે છાતી પણ બેસી જાય તેવા દુઃખનો વિષય હોય પરંતુ એમના મુખના ભાવો એક સરખા જ રહે છે. હાલ ૮૨ વર્ષની વયે તેઓ નવસારીમાં સ્થિરવાસ બિરાજમાન છે. અનેક પ્રકારની શારીરિક તકલીફો હોવા છતાં ખૂબ જ સમતા અને પ્રસન્નતાપૂર્વક સંયમ જીવનનું પાલન કરી રહ્યા છે.

**આ પાંચેય શ્રમણીરત્નોના જીવનઘડતરમાં પ્રેરણાનું પીયૂષ પાનાર વિદુષી સાધ્વીરત્નના નામનો અર્થ સિંહ એવો થાય છે. નામ પ્રમાણે તેઓ પણ ખૂબ જ શૂરવીરતા પૂર્વક સંયમ જીવનનું પાલન કરી રહ્યા છે.**

**નજીકના ભૂતકાળમાં મીની દેવર્ધિગણિક્ષમાશ્રમણની ઉપમાને પામેલા આચાર્ય ભગવંતશ્રીના સમુદાયને તેઓ બધા અલંકૃત કરી રહ્યા છે !**

## ૯૬ : મરણાંત પરિષહમાં પણ અદ્‌ભુત સમતા

વિવિધ પ્રકારના મરણાંત ભયંકર ઉપસર્ગો તથા પરિષહોમાં અપૂર્વ સમતાના પ્રભાવે કેવલજ્ઞાન અને મુક્તિની મંગલમાલા વરનારા ગજસુકુમાલ, મહેતારજ, સુકોશલ, ખંધક, અવંતી સુકુમાલ, ખંધક, ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો, અર્ણિકાપુત્ર આચાર્ય વિગેરે પૂર્વના મહામુનિવરોના અનેક દષ્ટાંતો શાસ્ત્રોના પાને નોંધાયેલા છે. પરંતુ એમાં જો કોઈને અતિશયોક્તિ કે અસંભવોક્તિ જેવું લાગતું હોય તો તેમણે નીચેનું

અર્વાચીન દષ્ટાંત ખાસ વિચારવા લાયક છે.

સં. ૨૦૪૬ ના વૈશાખ વદિ ૮ ની વાત છે. ૬ સાધ્વીજી ભગવંતો આકોલા (મહારાષ્ટ્ર) થી સુરત તરફ વિહાર કરી રહ્યા હતા. હજુ દશેક કિ.મી. નો વિહાર થયો હતો ત્યાં પાછળથી એક ટ્રક આવી. રોડથી નીચે કાચી સડક પર ચાલી રહેલા એક સાધ્વીજીને ટ્રકે જબ્બર ધક્કો માર્યો !... સાધ્વીજી પટકાઈ પડયા. ટ્રક તેમના બંને પગ ઉપર ફરી વળી... પગ લગભગ શરીરથી છૂટા થઈ ગયા ! ... લોહીનો ધોધ છૂટયો !...અને પ્રાણ જાઉં જાઉં કરી રહ્યા ! નહિ ચિચિયારી કે નહિ વેદનાનો ઊંહકાર ! સ્થિરતા અને સમતાની મૂર્તિ બની રહ્યા !... ધીમે ધીમે ઉચ્ચારણ શરૂ થયું, વેદનાનું નહિ પરંતુ નવકાર મહામંત્રનું ! સહવર્તી સાધ્વીજીઓ પૂછે છે : 'શાતામાં છો ?' પ્રત્યુત્તર મળ્યો : 'હા, હું શ્રી નવકાર ગણું છું' કેવી અદ્ભુત સમતા !... સહનશીલતા !!!

પોતાને ઘાણીમાં પીલનાર અભવિ-પાપી પાલક ઉપર જેમ ખંધકસૂરિના ૫૦૦ શિષ્યોએ અંશતઃ પણ દ્વેષ ન કર્યો તેમ **આ સાધ્વીજી ભગવંતે પણ ટ્રકવાળા ઉપર લેશમાત્ર દ્વેષ ન કર્યો. ઉપરથી કહ્યું કે, 'ટ્રકવાળાને કશું કરશો નહીં' !...કેવો અપૂર્વ છે ક્ષમાભાવ !!!**

સં. ૨૦૩૮માં પોતાના સુપુત્રને દીક્ષા આપ્યા બાદ સં. ૨૦૪૦ માં પોતાના પતિ તથા સુપુત્ર સાથે ૪૭ વર્ષની વયમાં દીક્ષિત થયેલા આ સાધ્વીજી ભગવંતે માત્ર ૬ વર્ષના દીક્ષા પર્યાયમાં ગુરુકૃપાના પ્રભાવે આવી અદ્ભુત સમતા પ્રાપ્ત કરી હતી !

પોતાના પુત્રી મહારાજ સાથે હતા છતાં પણ 'આને સાચવજો' એવી ભલામણ પણ કરી નહિ. સ્નેહરાગ ઉપર કેવો વિજય મેળવ્યો હશે...!

પોણા કલાક સુધી સહવર્તી સાધ્વીજીઓએ તેમને નવકાર તેમજ ધર્મશ્રવણ કરાવ્યું અને અંતસમયોચિત પચ્ચક્ખાણ આપ્યા. ત્યારબાદ આંગળીના વેઢે નવકાર ગણતાં ગણતાં છેલ્લે - 'હું જાઉં છું' આટલું બોલી પુનઃ નવકાર ગણતાં તેઓશ્રી સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા !...

'જો છેલ્લા સંઘયણવાળા દેહથી પણ આવા મરણાંત પરિષહમાં ગુરુકૃપા અને મજબૂત મનોબળ દ્વારા આવી અદ્ભુત સમતા-સહનશીલતા અને ક્ષમા રાખી શકાતી હોય તો પ્રથમ સંઘયણ ધરાવનાર પૂર્વના મહામુનિવરો મરણાંત ઉપસર્ગોમાં સમતાના બળે કેવલજ્ઞાન તથા મુક્તિ પામી શકે તેમાં લેશમાત્ર અતિશયોક્તિ હોઈ શકે જ નહીં !' **આવું ઉત્તમ ઉદાહરણ પોતાના જીવન દ્વારા પૂરું પાડનાર આ મહાન સાધ્વીજી ભગવંતના નામનો પૂર્વાર્ધ પાંચ પ્રકારના આચારમાંથી પાંચમા આચારને સૂચવે છે, તથા ઉત્તરાર્ધ તારક**

તત્ત્વત્રયીમાંથી ત્રીજા તત્ત્વને સૂચવનાર છે !...

તેઓ પણ ગત દૃષ્ટાંતમાં સૂચવેલ સાધ્વીજીના પરિવારમાં જ દીક્ષિત થયા હતા.

પોતાના જીવનમાં માસક્ષમણ...સિદ્ધિતપ...વર્ષીતપ...એકાંતરા ૫૦૦ આયંબિલ...વર્ધમાન તપની ૨૫ ઓળી...નવપદજીની ૯ ઓળી...૯૯ યાત્રા...છઠ્ઠ કરીને ૭ યાત્રા...દીક્ષિત જીવનમાં કદીપણ છૂટા મોઢે ન રહેવું...વિગેરે આરાધના દ્વારા પોતાના જીવનને સફળ બનાવી ગયા !

## ૯૭ : ૧૦૮ માસક્ષમણ કરવાની ભાવના !!!

નિત્ય ભક્તામર સ્તોત્રપાઠી, તીર્થપ્રભાવક આચાર્ય ભગવંતના સમુદાયના, એક જ ગ્રુપના બે સાધ્વીજી ભગવંતોએ વર્તમાનકાળમાં વિક્રમ રૂપ કહી શકાય તેવી માસક્ષમણની તપશ્ચર્યા પોતાના જીવનમાં કરી છે. બંનેના પ્રગુરુશ્રી એક જ છે.

તેમાંથી એક સાધ્વીજી ભગવંતને બાલ્યાવસ્થાથી જ સહજ વૈરાગ્યભાવ વર્તતો હતો. છતાં કર્મવશાત્ લગ્ન થયા. પરંતુ લગ્ન પછી બે મહિનાના અલ્પકાળમાં જ તેમણે પોતાના પિતાશ્રી પાસે પોતાની પ્રવ્રજ્યાની ભાવના વ્યક્ત કરી. પુત્રીની કસોટી કરતા પિતાશ્રીએ થોડો સમય વીતવા દીધો. પણ જ્યારે તેમણે જોયું કે એક પુત્રની માતા થવા છતાં પણ સંતાનના મમત્વ કરતાં સંયમનો રાગ તીવ્ર છે, ત્યારે સંયમની અનુમતિ આપી અને આખરે સં. ૨૦૧૮ ના પોષ વદિ ૫ ના મુંબઈમાં લાલબાગ મુકામે તેમની દીક્ષા થઈ. તેમના એક ભાઈ નિર્મલભાઈએ પણ ૧૭ વર્ષની યુવાન વયે ઉપરોક્ત પૂ. આચાર્ય ભગવંતના વરદ હસ્તે લાલબાગમાં દીક્ષા ગ્રહણ કરેલ છે.

દીક્ષા લીધા બાદ ઉપરોક્ત સાધ્વીજી ભગવંતે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચાર આ પાંચેય આચારોની યથાયોગ્ય રીતે સુંદર આરાધના કરેલ છે. તેમાં પણ તેમણે જે ઉત્કૃષ્ટ તપની આરાધના કરી છે તે તો પૂર્વકાળના મહર્ષિઓની તપશક્તિનો સાક્ષીભાવ અને શ્રદ્ધા પ્રગટાવે છે !...

સંસારી અવસ્થામાં જ તેમણે અઠ્ઠાઈ, ચત્તારિઅઠ્ઠ-દશ-દોય તપ, ૧૬ ઉપવાસ, ઉપધાન આદિ તપશ્ચર્યા કરેલ અને દીક્ષા લીધા બાદ તેમની તપશક્તિ સોળે કળાએ ખીલી ઊઠી.

**તેમણે પોતાના જીવનમાં ૩૬ ઉપવાસ ૪૨ ઉપવાસ ... ૪૫ ઉપવાસ....૫૧**

**ઉપવાસ....૬૮ ઉપવાસ....વીશ વખત સળંગ ૨૦ ઉપવાસ દ્વારા વીશ સ્થાનક તપની આરાધના...એક વર્ષમાં ૨૦ અઠ્ઠાઈ (કુલ ૨૫ અઠ્ઠાઈ) ૩૦ માસક્ષમણ... સળંગ ૩૭૫ આયંબિલ...વર્ધમાન તપની ૪૫ ઓળી...શ્રેણિતપ...ભદ્રતપ...૩ વર્ષીતપ...ઉવસગ્ગહરં સ્તોત્રના ૧૮૫ અક્ષરોની આરાધના નિમિત્તે સળંગ ૧૮૫ અઠ્ઠમ... આવી અનેક વિશિષ્ટ તપશ્ચર્યા દ્વારા પોતાના આત્માને હળુકર્મી બનાવવા ઉપરાંત સુંદર શાસન પ્રભાવના અને અનેક આત્માઓના જીવનમાં અનુમોદના દ્વારા ધર્મબીજનું વપન કરેલ છે.**

જ્યારે તેમણે સળંગ ૨૦-૨૦ ઉપવાસ દ્વારા વીશસ્થાનક તપની આરાધના કરી ત્યારે ઉપરોક્ત આચાર્ય ભગવંતે તેમને આશીર્વાદ સહ પ્રેરણા કરી કે - '૨૦ માસક્ષમણ દ્વારા અરિહંત પદની આરાધના કરો.' પૂ. ગુરુદેવના આશીર્વાદને સફળ કરવા માટે આ સાધ્વીજી ભગવંતે તથા જેમનું દૃષ્ટાંત હવે વર્ણવવામાં આવશે તે સાધ્વીજી ભગવંતે પણ મદ્રાસ ચાતુર્માસ દરમ્યાન માસક્ષમણનો પ્રારંભ કર્યો અને **માત્ર પાંચ વર્ષના અલ્પકાળમાં ૨૦ માસક્ષમણની આરાધના બંને જણાએ પૂર્ણ કરી !!!...એ આરાધના દરમ્યાન આખો મહિનો મૌન સાથે મુખ્યત્વે જાપ તેમજ સ્વાધ્યાય ચાલુ હોય !**

તપની સાથે સમતા એટલી બધી કે પીવાનું પાણી ઠંડું હોય કે ગરમ હોય યા (વહેલું-મોડું મળે તો પણ કોઈ દિવસ ફરિયાદ નહીં. પોતાની તપશ્ચર્યા દરમ્યાન બીજા સાધ્વીજી માસક્ષમણમાં જોડાયા હોય તો અવસર મળતાં તેમની વૈયાવચ્ચનો લાભ પણ લઈ લે !...

**તેમના ૨૫મા- રજત માસક્ષમણની પૂર્ણાહુતિ પ્રસંગે મદ્રાસમાં ૨૩૭ માસક્ષમણની રેકર્ડ રૂપ તપશ્ચર્યા થઈ હતી !!!** ૨૫ મા માસક્ષમણ દરમ્યાન દરેક અઠ્ઠમનું પચ્ચક્ખાણ મદ્રાસવાસી ભાવિકોએ વાજતે ગાજતે તપસ્વીને પોતાના ગૃહાંગણે પદાર્પણ કરાવીને કોઈને કોઈ અભિગ્રહ ધારણ કરવા પૂર્વક કરાવેલ ! ...

પોતાના જીવનમાં ૧૦૮ માસક્ષમણ કરવાની તેમની તીવ્ર ભાવના છે. શાસનદેવ તેઓશ્રીની આ ઉત્તમ ભાવના પરિપૂર્ણ કરવા માટેની શક્તિ આપે તેમજ તેઓશ્રી નિરામય દીર્ઘાયુષી બને એ જ શુભાભિલાષા સહ તેમની તપશ્ચર્યાદિ આરાધનાની ભૂરિ ભૂરિ હાર્દિક અનુમોદના.

**તેમના નામનો પૂર્વાર્ધ પદ્ય રચનાઓ માટે વપરાતો બે અક્ષરોનો એક શબ્દ છે. તેનો અર્થ ''સૂત્ર'' એવો પણ થાય છે. તથા ઉત્તરાર્ધનો અર્થ લક્ષ્મી એવો થાય છે !...**

**તેમના ગુરુણીશ્રીએ ૧૧ અંગસૂત્રો કંઠસ્થ કરેલ છે. તેમનું દૃષ્ટાંત પણ આ જ પુસ્તકમાં આપેલ છે.**

ઉપરોક્ત મહાતપસ્વી સાધ્વીજી ભગવંતની લગભગ સાથે જ દરેક તપશ્ચર્યામાં જોડાયેલા બીજા સાધ્વીજી ભગવંતનું ગૃહસ્થપણાનું નામ દક્ષા હતું. નાનકડી દક્ષા પોતાની માતા સાથે ઉપાશ્રયે જાય ત્યારે વાસક્ષેપ આપતાં કવિકુલકિરીટ આચાર્ય ભગવંતશ્રી કહે કે - 'તારું નામ દક્ષા નહિ, પણ દીક્ષા.

**માત્ર આઠ વર્ષની બાળ વયે દક્ષાએ પ્રથમ ઉપધાન કર્યું અને ત્યારથી દીક્ષાની ભાવનાના બીજ રોપાઈ ગયાં !**

પરંતુ દક્ષાની દીક્ષા થાય તેનાથી પહેલાં તેની મોટી બહેન નીલાનો દીક્ષા માટે  નંબર લાગી ગયો. ૧૪ વર્ષની નાની વયમાં નીલાએ સંયમ સ્વીકાર્યું અને અપ્રમત્તપણે પંચાચારની સાધનામાં આગળ વધ્યા. કર્મગ્રંથ, તત્ત્વાર્થસૂત્ર, સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણાદિનો સુંદર અભ્યાસ કર્યો. સાથે સાથે બે માસક્ષમણ...બે વર્ષીતપ.. બેવાર સોળભત્તું...અઠ્ઠાઈઓ...સળંગ ૫૦૦ આયંબિલ....વર્ધમાન તપની ૭૦ ઓળી... સિદ્ધિતપ.... ચત્તારિ-અટ્ઠ-દશ-દોય તપ આદિ તપશ્ચર્યા દ્વારા જીવન ધન્ય બનાવ્યું. વર્તમાનમાં અધ્યાપનનું કાર્ય સમુદાયમાં સુંદર કરાવી રહ્યા છે. સુંદર મરોડદાર અક્ષરોના કારણે સમુદાયની સેવાનો લાભ લઈ રહ્યા છે. **તેમના નામનો પૂર્વાર્ધ નૈગમ વિગેરે સાત...વાચક શબ્દ છે. અને ઉત્તરાર્ધ એક સુપ્રસિદ્ધ તીર્થંકર પરમાત્માના અધિષ્ઠાયિકા દેવીના નામનો પૂર્વાર્ધ થાય છે.**

એમની દીક્ષા બાદ ૧૦ વર્ષ રહીને દક્ષાની દીક્ષા થઈ. **દીક્ષાની સાથે જ નાના જોગ અને મોટા જોગની સળંગ આરાધના એક પણ દિવસ પાડયા વગર, અખંડ પણે છ મહિનામાં પરિપૂર્ણ કરી !**

**ત્યારબાદ ઉત્તરોત્તર તપશક્તિ વિકસિત થતાં તેમણે અત્યાર સુધીમાં ૩૦ માસ ખમણ...૨૦ વખત સળંગ ૨૦ ઉપવાસ દ્વારા વીશસ્થાનક તપની આરાધના... ૧૬ ઉપવાસ ....૩૬ ઉપવાસ... ૫૧ ઉપવાસ...૬૮ ઉપવાસ...એક વર્ષમાં ૨૦ અઠ્ઠાઈ (કુલ ૩૬) એક વર્ષમાં ૭૧ અઠ્ઠમ (કુલ પ્રાયઃ ૧૮૫ અઠ્ઠમ)...૨ વર્ષીતપ... સિદ્ધિતપ...ધર્મચક્રતપ...સળંગ ૧૦૮ આયંબિલ...વર્ધમાન તપની ૪૦ ઓળીઓ વિગેરે વિશિષ્ટ તપશ્ચર્યાઓ દ્વારા જીવનને તપોમય બનાવેલ છે.** તપની સાથે જાપ, અભ્યાસ, વૈયાવચ્ચ, ભક્તિ તેમજ સંયમની અન્ય દરેક ક્રિયાઓમાં તેમનો અચૂક ફાળો હોય જ. ચિત્ત પ્રસન્નતા અને મિલનસાર વ્યક્તિત્વના કારણે સહુના પ્રીતિપાત્ર અને આદરણીય બન્યા છે. સં. ૨૦૦૭ માં તેમનો જન્મ

થયો હોવાથી હાલ તેમની ઉંમર ૪૬ વર્ષની છે.

તેમના નામના પૂર્વાર્ધનો અર્થ પ્રકાશ આપનાર એક વસ્તુ થાય છે. તથા ઉત્તરાર્ધ એક નામ કર્મની પુણ્ય પ્રકૃતિને સૂચવે છે કે જે આવી વિશિષ્ટ તપશ્ચર્યાને કારણે તેમને સ્હેજે પ્રાપ્ત થયેલ છે જ.

તેમના પગલે પગલે તેમની નાની બહેન સુરેખાએ પણ શંખેશ્વર તીર્થમાં દીક્ષા ગ્રહણ કરેલ છે. તેઓ પણ માસક્ષમણ, વર્ષીતપ, વર્ધમાન તપની ઓળીઓ વિગેરે તપશ્ચર્યામાં આગળ વધી રહેલ છે.

ધન્ય છે આવા મહાતપસ્વી સાધ્વીજી ભગવંતોને !...

## ૯૯ : પ્રાયઃ સળંગ ચોવિહારી ૧૦૮ છઠ્ઠ સહ ૯-૯ યાત્રા !!!

એક મહા તપસ્વી સાધ્વીજીએ પ્રાયઃ સળંગ ચોવિહારી ૧૦૮ છઠ્ઠ કરી. દરેક છઠ્ઠમાં સિદ્ધાચલજી મહાતીર્થની ૭-૭ યાત્રાઓ કરી ! દરેક છઠ્ઠના પારણાના દિવસે બ્યાસણું કરતાં. એ દિવસે પણ ૨ યાત્રાઓ કર્યા પછી જ પારણું કરતા. એટલે ૩ દિવસમાં કુલ ૯ યાત્રાઓ કર્યા પછી જ પારણું કરતા !...

ધન્ય છે એમની તપોનિષ્ઠાને ! તીર્થ ભક્તિને !!.. દઢ મનોબળને !!!...

સંસારપક્ષે એમના ત્રણેય સુપુત્રીઓએ પણ સંયમ અંગીકાર કરેલ છે !

તેઓ મૂળ માલવાના વતની હતા. તેમના નામનો પૂર્વાર્ધ પાંચ પ્રકારના જ્યોતિષી દેવોના વિમાનોમાંથી એક પ્રકારને સૂચવે છે; તથા ઉત્તરાર્ધ નામ કર્મની એક પુણ્ય પ્રકૃતિને સૂચવે છે !...

તેઓ ''આગમોદ્ધારક'' તરીકે સુપ્રસિદ્ધ થઈ ગયેલ આચાર્ય ભગવંતશ્રીના સમુદાયના છે !

સળંગ ૧૦૮ ચોવિહારી છઠ્ઠ કરવામાં આવે તો ૩૨૪ દિવસ લાગે. પરંતુ ચાતુર્માસમાં સાધુ- સાધ્વીજી ભગવંતો સિદ્ધગિરિની યાત્રા કરતા નથી હોતા. જેથી ચાતુર્માસ પહેલાં અમુક છઠ્ઠ સળંગ કરીને બાકીને છઠ્ઠ ચાતુર્માસ બાદ સળંગ કરેલ. આમ બે કટકે ૧૦૮ છઠ્ઠ થયેલ હોવાથી અહીં પ્રાય : સળંગ એ પ્રમાણે જણાવેલ છે.

## ૧૦૦ : પ્રાયઃ સળંગ ૧૦૮ ચોવિહારી છઠ્ઠ સહ ૮-૮ યાત્રા ! અગ્નિસંસ્કાર વખતે એક વસ્ત્ર બળ્યું જ નહીં !!!

લગ્ન પછી માત્ર ૬ મહિનામાં જ વૈધવ્ય પ્રાપ્ત થતાં માલવાના વતની કંચનબેન વૈરાગ્ય વાસિત બન્યા. સં. ૨૦૦૯ માં પાલિતાણામાં સાગર સમુદાયમાં દીક્ષા અંગીકાર કરી. **દીક્ષા બાદ કોઈ દિવસ લગાતાર બે દિવસ વિગઈનું સેવન કર્યું નહીં !!!** અનેક પ્રકારના તપ સતત ચાલુ રાખ્યા, તેથી ઘણા અણગારના નામે ચોમેર સુવાસ પ્રસરવા લાગી.

વર્ષીતપ... વીશસ્થાનકતપ... શંખેશ્વર પાર્શ્વનાથના ૧૦૮ અઠ્ઠમ...મહાવીર સ્વામીની ૨૨૯ છઠ્ઠ, ...૧૨ અઠ્ઠમ... સિદ્ધિતપ... સોળભત્તા...ચત્તારિ અઠ્ઠ દશ દોય...૬ અઠ્ઠાઈ... નવકાર મહામંત્રના પદની ઉપવાસથી આરાધના...મેરુ તપ... ભદ્રપ્રતિમા... મહાભદ્રપ્રતિમા... શ્રેણિતપ... વર્ગતપ...ઘન તપ...કર્મસૂદન તપ...ઉપવાસથી સહસ્રકૂટ (૧૦૨૪ ઉપવાસ)... ઘડિયા બે ઘડિયા તપ...૨૫૦, ૫૦૦, ૭૦૦ વગેરે સળંગ આયંબિલ...૧૧૭૬ લગાતાર આયંબિલ (આ તપ દરમ્યાન શાસનદેવે તેમની કઠિન પરીક્ષાઓ કરી હતી, જેમાં તેઓશ્રી અડગ રહ્યા હતા)... પરમાત્માના કલ્યાણક અંતર્ગત વર્ધમાન તપની ૧૦૦ ઓળી... શત્રુંજયમાં બે કટકે પ્રાયઃ સળંગ ૧૦૮ ચોવિહાર છઠ્ઠ સહ ૭-૭ યાત્રા, (પારણાના દિવસે પણ ૧ યાત્રા કર્યા બાદ પારણું કરતા)...આટઆટલી તપશ્ચર્યાની શ્રૃંખલા છતાં માનસન્માનથી સદા દૂર જ રહેતા !....

સં. ૨૦૪૩ માં જિનમંદિરેથી પાછા આવતાં રસ્તામાં ગાયે શીંગડાથી ઉછાળી દૂર ફેંકી દીધા !...હાથ-પગનાં હાડકાં ભાંગી ગયાં સાથે રહેલ સાધ્વીજીના હોશકોશ ઊડી ગયા. ડૉક્ટરે પ્લાસ્ટર કર્યું તથા દવા આપી. પરંતુ તેઓશ્રીને તપશક્તિ પર એવો અતૂટ વિશ્વાસ કે દવા લીધી જ નહિ !...

સં. ૨૦૪૫ માં છેલ્લા ૩ વર્ષથી આધાડ મહાધન તપ ચાલુ હતું. પર્યુષણ પછી સ્વાસ્થ્ય બગડયું. છતાં તપશ્ચર્યા ચાલુ જ રાખી ! આખરે આસો વદિ ૩ ના દિવસે નવકાર મહામંત્રનું શ્રવણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા ! અગ્નિ સંસ્કાર વખતે ઘણો પ્રયત્ન કરવા છતાં એક વસ્ત્ર બળ્યું જ નહીં !!!...

આ મહાતપસ્વી સાધ્વીજી ભગવંતના નામનો પૂર્વાર્ધ એક વિશિષ્ટ ફૂલ વિશેષનું નામ છે, તથા ઉત્તરાર્ધનો અર્થ કાંતિ-તેજ એવો થાય છે. તેમની તપશ્ચર્યાદિ આરાધનાની ભૂરિશ : હાર્દિક અનુમોદના...

## ૧૦૧ : દીક્ષાથી માંડીને સળંગ ૧૦૦૦ થી અધિક અઠ્ઠમ

એક સાધ્વીજી ભગવંતે અઠ્ઠમનું પચ્ચક્ખાણ કર્યું. જિજ્ઞાસુએ પૂછયુંઃ "પર્વતિથિ વગર આજે કેમ અઠ્ઠમ ?' બાજુવાળા સાધ્વીજીએ જવાબ આપ્યો : 'આમને તો દીક્ષા દિવસથી અઠ્ઠમના પારણે અઠ્ઠમ ચાલે છે. આજ દિવસ સુધી સળંગ ૯૭૦ અઠ્ઠમ થઈ ગયા' !!!...

'શું વાત છે !' ...સાંભળનારને પરસેવો છૂટી ગયો !...

આ સાધ્વીજી ભગવંતના નામ તથા સમુદાય અંગેની માહિતિ પ.પૂ.આ.ભ.શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. પાસેથી જાણી શકાશે. આ દૃષ્ટાંતનો ઉલ્લેખ ૨ વર્ષ અગાઉ "ગુજરાત સમાચાર" માં એક લેખમાં થયેલ. પરંતુ ત્યારબાદ તપાસ કરતાં સંયોગવશાત્ હજી સુધી તેમનું નામ જાણી શકાયું નથી.

卐

## ૧૦૨ : આંખમાં મંકોડો પ્રવેશી ગયો છતાં આત્મજ્ઞ સાધ્વીજીની અજબ સમતા !

એ હતા યોગનિષ્ઠા, સ્વાનુભૂતિ સંપન્ન, વ્યવહાર- નિશ્ચયના અદ્ભુત સમન્વયકારી, યથાર્થનામી સાધ્વીજી ભગવંત. એમના જીવનમાં ઉદય પામેલા અગણિત ગુણોનું વર્ણન કરવા માટે આ કલમ ઘણી જ વામણી ભાસે છે. અપ્રમત્તપણે ગુરુસેવા સાથે મૌન, જાપ ભક્તિ અને ધ્યાનના પ્રભાવે ઘણી જ ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાને તેઓ પામેલા હતા.. તેમના જીવનના અનેક પ્રસંગોમાંથી માત્ર ત્રણેક પ્રસંગોને અહીં ટૂંકમાં જોઈશું.

**(૧) વીંછીનો ડંખ છતાં ડોળી ઉપાડીને ૭૫ કિ.મી. નો વિહાર**

સં. ૨૦૦૮ માં દીક્ષા લીધા બાદ વડી દીક્ષાના યોગ ચાલુ હતા. તે વખતે પૂ. ઉપાધ્યાયજી ભગવંત (પાછળથી ગચ્છાધિપતિ આચાર્યશ્રી ) ના વયોવૃદ્ધ બા મહારાજ ત્યાંથી લગભગ ૭૦ કિ.મી. દૂર એક તીર્થમાં બિરાજમાન હતા. તેમને પોતાની પાસે તેડી લાવવા માટે કોઈ બે સાધ્વીજી મહારાજોને મોકલવા માટે પૂ. ઉપાધ્યાયજી મ.સા. એ સૂચન કર્યું. ૭૦ કિ.મી.

સુધી ડોળી ઊંચકવાની કોઈની હિંમત ચાલતી ન હતી. ત્યારે નવદીક્ષિત ઉપરોક્ત સાધ્વીજી ભગવંતે ગુર્વાજ્ઞા મેળવીને જોગ પૂર્ણ થતાંની સાથે જ પારણાના દિવસે પોરસી બિયાસણું કરીને બીજા એક સાધ્વીજી ભગવંતને સાથે લઈને વિહાર કર્યો. ઉગ્ર વિહાર કરીને તીર્થમાં પહોંચી ગયા. ત્યાંથી વયોવૃદ્ધ સાધ્વીજીને ડોળીમાં સાથે લઈને લગભગ અર્ધે રસ્તે પહોંચ્યા ત્યારે એમને (નવદીક્ષિતને) પગમાં વીંછી કરડયો ! ભયંકર વેદના થવા લાગી. છતાં પણ વેદનાને ગણકાર્યા વિના, સમયસર ગુરુ મહારાજ પાસે પહોંચવાનું હોવાથી ઉપચાર માટે વચ્ચે ક્યાંય રોકાયા વિના, ફક્ત પગમાં પાટો બાંધીને વિહાર ચાલુ રાખ્યો અને સમયસર ગુરુ મહારાજ પાસે પહોંચી ગયા !... તેમની આવી ગજબની સહનશીલતા અને હિંમત વિગેરે જોઈને ગુરુ મહારાજે મન મૂકીને તેમના ઉપર આશીર્વાદની અમીવૃષ્ટિ કરી !...

(૨) આંખમાં મંકોડો છતાં અજબ સમતા :-

એક વખત રાતના સમયે તેઓશ્રીની આંખમાં મંકોડો પેસી ગયો !.... આંખમાંથી અશ્રુઓની ધારા વહેતી જાય. આંખ સૂઝીને ટેટા જેવી થઈ ગઈ ! છતાં પણ આ મહાત્માએ તેની પરવા કરી નહિ. 'જો આંખને ચોળીશ તો મંકોડાને ત્રાસ થશે' એમ વિચારી કરુણાવંત આ સાધ્વીજી ભગવંતે આખી રાત એમ જ નવકાર મહામંત્રના સ્મરણના બળે સમતાપૂર્વક પસાર કરી !... સવાર થતાં એ મંકોડો પોતાની મેળે બહાર નીકળી ગયો. કેવી અદ્ભુત સહનશીલતા !...જીવદયાની કેવી ઉત્કૃષ્ટ ભાવના !! દેહાધ્યાસ ઉપર કેવો અજોડ વિજય !!!

(૩) અંત સમયે પણ જિનાજ્ઞા અને ગુરુ આજ્ઞાનું પાલન

અશાતા વેદનીય કર્મના ઉદયથી છેલ્લા ૪ વર્ષ સુધી તેમની તબીયત ઘણી નાદુરસ્ત રહેતી. કોઈક વાર લોહીના ઝાડા થઈ જવાથી ખૂબ જ અશક્તિ થઈ જતી. છતાં પણ કોઈ નવા આગંતુકને ખબર ન પડે કે આ સાધ્વીજી બિમાર હશે એવી અદ્ભુત પ્રસન્નતા અને તેજ હંમેશાં તેમની મુખમુદ્રા ઉપર છવાયેલા રહેતા હતા.

સં. ૨૦૩૧ માં છેલ્લા ચાતુર્માસ વખતે તેમની તબીયત ઘણી જ નાદુરસ્ત હતી. ગુરુભક્ત શિષ્યાઓ તેમને આવી સ્થિતિમાં છોડીને અન્યત્ર ચાતુર્માસ જવા ઈચ્છતા ન હતા. છતાં પણ ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાને શિરોમાન્ય કરીને પોતાના શિષ્યા- પ્રશિષ્યાઓને જુદા જુદા ૭ સ્થળે ચાતુર્માસ કરવા માટે મોકલી દીધા !!!...

એ જ ચાતુર્માસમાં કા. સુ. ૮ ની રાત્રે તેમનો દેહવિલય થયો. તેનાથી

થોડા દિવસ અગાઉ ચારેક કિ.મી.ના અંતરે બીજા ગામમાં તેમના થોડાક શિષ્યાઓ ચાતુર્માસ બિરાજમાન હતા. તેમણે દર્શનાર્થે આવવાની અનુમતિ મંગાવી. પરંતુ સંયમ જીવનની મર્યાદાઓના ચુસ્તપણે પાલક એવા તેઓશ્રીએ પ્રત્યુત્તર મોકલાવ્યો કે - 'ચાતુર્માસિક શાસ્ત્ર મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને અત્રે આવવા કરતાં જ્યાં છો ત્યાં જ રહીને શુભ ભાવના પૂર્વક નવકાર મહામંત્રનો જાપ કરો તો સારું.' શાસ્ત્રીય મર્યાદાઓના પાલન માટે કેવી જાગરૂકતા !...

નાદુરસ્ત તબીયતમાં પણ તેમણે સળંગ ૨૭ આયંબિલ કર્યા હતા. આયંબિલમાં માત્ર મગનું પાણી અને થોડા ભાત લેતા હતા. છતાં પણ અપ્રમત્તભાવ ગજબનો હતો.

તબિયતની છેલ્લી ગંભીર અવસ્થામાં ડૉક્ટરની સલાહ મુજબ જ્યારે રાત્રે અણાહારી ઔષધ તરીકે સ્હેજ અંબર તેમના મુખમાં નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે બધાને લાગતું હતું કે તેઓ બેભાન અવસ્થામાં છે. પરંતુ જેવું ઔષધ હોઠને સ્પર્શ્યું કે તરત જ તેમણે આંખ ખોલીને ધીમે સ્વરે કહ્યું કે- 'અરે આ શું કરો છો ! મને કશું જ નથી થયું' !...આખરે તેમણે છેલ્લી અવસ્થામાં પણ રાત્રે સ્હેજ પણ અણાહારી ઔષધ ન જ લીધું !!! ઉત્સર્ગમાર્ગની જિનાજ્ઞાપાલન- માટેની કેવી ચુસ્તતા !!!...

છેલ્લે પણ વીર...વીર...વીર...બોલતાં તેમણે સમાધિપૂર્વક દેહત્યાગ કર્યો !...-

## ૧૦૩ : સ્વાનુભૂતિસંપન્ન સાધ્વીજીની અદ્‌ભુત નિરીહતા

ઉપરોક્ત દૃષ્ટાંતમાં વર્ણવેલ ઉપરોક્ત સાધ્વીજી ભગવંત પાસે અનેક મુમુક્ષુ કુમારિકાઓ દીક્ષા લેવા આવતી. પરંતુ તેઓ ૪-૫ વર્ષ સુધી સંયમની તાલીમ આપ્યા પહેલાં પ્રાયઃ કોઈને ઉતાવળથી દીક્ષા આપતા ન હતા. ખૂબ ચકાસણી કરીને યોગ્ય લાગે તેમને જ દીક્ષા આપતા.

તેઓ કાલધર્મ પામ્યા ત્યારે તેમની નિશ્રામાં ૩ મુમુક્ષુ કુમારિકાઓ ધાર્મિક અભ્યાસ કરતી હતી. તેમણે ત્રણે જણાએ નિર્ણય કર્યો કે આપણે હવે ઉપરોક્ત સાધ્વીજીના સંસારી સગા ભાણેજી મ.સા. પાસે જ દીક્ષા લેવી. તેઓ પણ નામ પ્રમાણે અનેક ગુણ ગણના ભંડાર, સ્વાનુભૂતિ સંપન્ન, પરમાત્મા અને ગુરુ મહારાજને અનન્યભાવે સમર્પિત, સુસંયમી સાધ્વીજી

છે. એટલે ત્રણે જણાએ પોતાને શિષ્યા તરીકે સ્વીકારવા માટે આ સાધ્વીજી ભગવંતને વિનંતિ કરી. પરંતુ નિઃસ્પૃહી એવા આ મહાત્માએ જવાબ આપ્યો કે- "મારાથી વડિલ સાધ્વીજી ભગવંતો વિદ્યમાન છે તમે તેમાંથી કોઈની પાસે પણ દીક્ષા લઈ શકો છો પરંતુ મારો આ વિષય નથી !!!"....

તેમ છતાં પણ ત્રણે જણાએ પોતાનો મક્કમ નિર્ણય જણાવતાં કહ્યું કે- "અમે દીક્ષા લેશું તો આપની પાસે જ નહિતર એમને એમ શ્રાવિકા તરીકે આરાધના કરતા રહીશું ! લગ્ન પણ અમારે કરવા નથી !!!"

આમ ને આમ વર્ષો વીતતા ગયા. છતાં ન તો સાધ્વીજી ભગવંતના અંતરમાં પોતાની શિષ્યા બનાવી લેવાની લેશ માત્ર પણ સ્પૃહા જાગી કે ન મુમુક્ષુઓ પોતાના નિર્ણયમાંથી ચલિત થયા. લગભગ ૨૦ વર્ષના વહાણા વાઈ ગયા. તે દરમ્યાનમાં એક મુમુક્ષુ દીક્ષાની ભાવના ભાવતાં ભાવતાં ટૂંકી બિમારીમાં કાલધર્મ પામી ગયા...છેવટે બીજા એક મુમુક્ષુ બહેને ન છૂટકે એ જ સમુદાયમાં બીજા સાધ્વીજી ભગવંત પાસે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો પરંતુ ત્રીજા મુમુક્ષુ તો હજી પણ પોતાના નિર્ણયમાં મક્કમ જ હતા !!! તેઓ પોતાના ઘરે રહીને આરાધના કરતા હતા અને ધાર્મિક પાઠશાળા ચલાવતા હતા...

છેવટે 'ધીરજના ફળ મીઠાં હોય છે' એ કહેવત મુજબ તેમની ધીરજની તપશ્ચર્યા ફળી. તેમની મક્કમતા જોઈને ઉપરોક્ત સાધ્વીજી ભગવંતના વડિલ ગુરુબહેને નિર્ણય કર્યો કે હું મારી જવાબદારીએ તમને તમારા ઈચ્છિત સાધ્વીજીના નામે દીક્ષા અપાવીશ !!!... આખરે ૨ વર્ષ અગાઉ એ દીક્ષા ગોઠવાઈ. વડિલ સાધ્વીજીએ પોતાના ઉપરોક્ત ગુરુબહેન પાસે મુમુક્ષુને શિષ્યા તરીકે સ્વીકારી લેવા માટે પ્રસ્તાવ મૂકયો. ત્યારે પણ આ મહાત્માએ આ વાતને સવિનય ટાળવા માટે કોશિષ કરી પરંતુ આખરે વડિલના મક્કમ નિર્ણયથી ઉપરવટ જવામાં અવિનય દોષ લાગવાનો સંભવ જણાતાં ન છૂટકે મૌન રહેવું પડ્યું અને...૩૦ વર્ષના દીક્ષા પર્યાય બાદ તેમના પ્રથમ શિષ્યા થવાનું સૌભાગ્ય મેળવીને એ નવદીક્ષિત ધન્ય બની ગયા !!!...

જો કે છેલ્લે છેલ્લે એ વિનયી મુમુક્ષુ આત્માએ વડિલ સાધ્વીજીને જણાવી દીધેલ કે જો આ મહાત્માને આટલું બધું દુઃખ થતું હોય તો હું મારો આગ્રહ પાછો ખેંચી લઉં છું. આપને યોગ્ય લાગે તેના શિષ્યા મને બનાવી શકો છો !!!....પરંતુ વડિલ સાધ્વીજીએ મુમુક્ષુ આત્માની વિશિષ્ટ પાત્રતા અને અનન્ય સમર્પણભાવ જોઈને આખરે ઉપરોક્ત સાધ્વીજીના જ શિષ્યા બનાવરાવ્યા !!!

**ધન્ય છે મુમુક્ષુના સમર્પણભાવ તથા ધીરજને ! ધન્ય છે સાધ્વીજી ભગવંતની નિરીહતાને !!...**

**ધન્ય છે વડિલ સાધ્વીજીના સુયોગ્ય નિર્ણયને !!!...** વિષમ એવા વર્તમાનકાળમાં આવા દષ્ટાંતો કેટલા મળશે. ?!...

ઉપરોક્ત સાધ્વીજી ભગવંત માત્ર સ્વસાધનામાં રચ્યા પચ્યા રહે છે એવું પણ નથી. સ્વ- પર કોઈ પણ સમુદાયના-સાધ્વીજી ભગવંત તેમની પાસે આવે તેઓ તેમના અદ્ભુત વાત્સલ્યમાં ભીંજાઈને ધન્યતાના અનુભવ કરે છે.

સહુ વાંચકો આ દષ્ટાંતને સમ્યક્ રીતે વિચારીને યથાયોગ્ય પ્રેરણા મેળવે એ જ શુભભિલાષા.

આ દષ્ટાંત છપાયો છે એ ખ્યાલ પણ આ નિઃસ્પૃહી મહાત્માને આવશે તો તેમને નહીં ગમે એ સ્વાભાવિક છે. છતાં વર્તમાનકાળમાં સવિશેષ પ્રેરણાદાયક હોવાથી આ દષ્ટાંત અત્રે રજુ કરવાની ધૃષ્ટતા કરવી પડી છે. ૐ શાંતિ :

## ૧૦૪ : ૧૦૦ ઓળીનું પારણું..સાદી રીતે.. સહજ ભાવે !

દષ્ટાંત નં.૧૦૨ માં વર્ણવાયેલ આત્મજ્ઞ સાધ્વીજી ભગવંતના શિષ્યા એક સાધ્વીજી ભગવંતની ૨ વર્ષ પહેલાં સં. ૨૦૫૧ ના ચાતુર્માસ દરમ્યાન વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી પરિપૂર્ણ થઈ. સળંગ ૧૦૦ ઓળી કરવામાં આવે તો ૧૪ વર્ષ , ૩ મહિના અને ૨૦ મહિના લાગે. કુલ ૫૦૫૦ આયંબિલ અને ૧૦૦ ઉપવાસ થાય. આવી દીર્ઘ તપશ્ચર્યા કરવા છતાં પણ તેનું પારણું તદ્દન સાદી રીતે... સહજ ભાવથી કર્યું. એ નિમિત્તે નહિ કોઈ મહોત્સવ...નહિ પત્રિકા...નહિ જાહેરાત... નહિ ઢોલ- શરણાઈના નાદ... નહિ પૂજન વગેરે !!!

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વિગેરેમાં સાધુને અજ્ઞાત તપસ્વી કહ્યા છે. અર્થાત્ સાધુના તપની ગૃહસ્થોને ખબર ન પડે તે રીતે તપ કરવાનું કહ્યું છે. કારણ કે જો ગૃહસ્થને ખબર પડે તો તે સાધુના નિમિત્તે આરંભ-સમારંભ કરીને ખાસ રસોઈ બનાવે જે લેવી સાધુને કલ્પે નહિ. વળી મહોત્સવાદિ થતાં પોતાના માનકષાયને પોષણ મળવાની શકયતા પણ રહે.

જેથી આ સાધ્વીજી ભગવંતે તદ્દન સહજભાવથી જ પારણું કરી લીધું. ધન્ય છે તેમની નિઃસ્પૃહતાને !...સાહજિકતાને !

**આ સાધ્વીજી ભગવંતના નામમાં અઢી અક્ષરના પૂર્વાર્ધનો અર્થ સુંદર એવો થાય છે તથા ઉત્તરાર્ધ જેમના પણ જીવનમાં હોય તે જીવ પ્રાયઃ સર્વત્ર આદરણીય, સન્માનીય અને પ્રશંસનીય બને છે !...**

(૨) વાગડ સમુદાયમાં પણ એક સાધ્વીજી ભગવંતે પાંચ વર્ષ પહેલાં અમદાવાદમાં ચાતુર્માસ દરમ્યાન ૧૦૦ ઓળીનું પારણું ઉપર મુજબ સાદી રીતે સહજભાવથી કર્યું હતું. ધન્ય છે એમની નિરીહતાને !...તેમના વિશાળ સમુદાયમાં પણ કદાચ બહુ ઓછાને ખબર હશે કે આ સાધ્વીજીની ૧૦૦ ઓળી પૂર્ણ થઈ ચૂકી છે !...

**આ સાધ્વીજી ભગવંતના નામનો પૂર્વાર્ધ એટલે ચાર ઘાતીકર્મોનો ક્ષય થવાથી પ્રગટ થતા આત્માના ચાર મુખ્ય ગુણોની આગળ વિશેષણ તરીકે વપરાતો એક શબ્દ !... અને ઉત્તરાર્ધ એટલે સૂર્ય-ચંદ્ર જેમના વડે શોભે છે તે !!!....**

હવે તો સમજી ગયા ને કે આવા નિઃસ્પૃહી તપસ્વી મહાત્માઓ કોણ હશે ?!...

## ૧૦૫ : ૧૨ વર્ષ સુધી અખંડ મૌન સહ આત્મસાધના !!!

મૌનભાવમાં રહીને આત્મ સ્વરૂપનું મનન કરે તે મુનિ !.

આવી મુનિદશાને પ્રાપ્ત કરવાના મનોરથ સાથે એક સાધ્વીજીએ તા. ૨૭-૫-૧૯૮૯ થી ૧૪ વર્ષની સુદીર્ઘકાલીન આત્મસાધનાનો સંકલ્પ કર્યો છે.

શરૂઆતમાં બે વર્ષ સુધી રોજ ૨૩ કલાક મૌન કરતા. પરંતુ સં. ૨૦૫૧ ચૈત્ર સુદિ ૧૩ (ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકના પવિત્ર દિવસ) થી ૧૨ વર્ષ સુધી સંપૂર્ણ મૌન પૂર્વક એકાંતમાં આત્મસાધના કરી રહ્યા છે.

શરૂઆતમાં અઠ્ઠમ, છઠ્ઠ, એકાંતરા ઉપવાસ, આયંબિલ, ૫ દ્રવ્યથી એકાશણા વિગેરે તપશ્ચર્યા ચાલુ હતી. હવે છેલ્લા ૨ વર્ષથી સાધના પૂર્ણ થાય ત્યાં સુધી ફક્ત સાકર વિનાનું દૂધ અને કિસમીસ એ બે જ દ્રવ્ય સિવાય કશું ન વાપરવાના પચ્ચક્ખાણ લઈ લીધા છે !...

તેમના સહવર્તી ત્રણે સાધ્વીજીઓએ પણ આવો જ અભિગ્રહ લીધો છે !...

સાધનાલીન સાધ્વીજીના દર્શન ફક્ત સવારે ૧૦ થી ૧૧ સુધી જ થઈ શકે છે.

તેઓ હિમાચલ પ્રદેશમાં, કુલ્લુ જિલ્લામાં, ભૂન્તર ગામમાં આવેલ જૈન સાધના કેન્દ્ર (પીન કોડ : ૧૭૫ ૧૨૫, ફોન નં. ૬૨૫૧) માં સાધના કરી રહ્યા છે.

આ સાધના કેન્દ્રમાં કોઈ સાધક સ્થાયી રહેતા નથી પરંતુ રૂચિ અને યોગ્યતા મુજબ તેમને વિભિન્ન વિધિઓ દ્વારા આત્મ સાધનાના માર્ગ ઉપર આગળ વધવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે. સાધના કેન્દ્રનું સંચાલન સુશ્રાવિકા શ્રીસુશીલાબેન કરી રહ્યા છે. આવા ઉત્કૃષ્ટ આત્મસાધિકા મહાસતીજીનો નામનો અર્થ 'નવીન કાંતિવાળા' એવો થાય છે.

**તેઓ એક એવા સ્થાનકવાસી આચાર્યશ્રીના આજ્ઞાવર્તી છે કે જેમના નામની પાછળ સૂરિ શબ્દનો પ્રયોગ કરાતો નથી તેમજ તેમની આજ્ઞામાં ૧ હજારથી પણ અધિક સાધુ- સાધ્વીજીઓ છે. તેમણે ૩૦૦ થી અધિક પુસ્તકો લખ્યા છે.**

સાધ્વીજીની મૌન સહ આત્મસાધનાની હાર્દિક અનુમોદના.

## ૧૦૬ : સળંગ ૪ વર્ષથી મૌન સાથે વર્ષીતપ ચાલુ !!!

કચ્છ-મુન્દ્રા તાલુકાના એક ગામમાં સ્થાનકવાસી પરિવારમાં જન્મ પામેલ એ આત્માને પૂર્વ જન્મના સંસ્કારવશાત્ નાનપણથી જ આત્મ સાધનાનો રંગ લાગેલો. છતાં કર્મ સંયોગે લગ્ન કરવા પડયાં. ગૃહસ્થાશ્રમમાં પણ જળકમળવત્ નિર્લેપ રહ્યા.

લગભગ ૬૦ વર્ષની ઉંમરે પહોંચેલા એમણે આઠેક વર્ષ પહેલાં છ કોટિ લીંબડી સંપ્રદાયમાં દીક્ષા અંગીકાર કરેલ છે.

**સ્થાનકવાસી સમુદાયમાં જન્મ અને દીક્ષા પામવા છતાં તેમને જિનપ્રતિમા પ્રત્યે અનેરું આકર્ષણ છે. અનુકૂળતા મુજબ ઘણીવાર સળંગ ૪-૬ કલાક સુધી દેરાસરમાં બેસીને પ્રભુભક્તિમાં લીન બની જાય છે.**

કચ્છના એક સુપ્રસિદ્ધ તીર્થમાં પ્રભુભક્તિ કરતી વખતે પ્રભુજીના **હાથમાં રહેલ ફૂલ અચાનક ઊડીને તેમના હાથમાં આવી ગયું હતું !!!...**

ભક્તિ-જાપ અને ધ્યાન સાધનાના પ્રભાવે તેમને અવનવા આધ્યાત્મિક અનુભવો થતા રહે છે. **એકવાર દેવલાલીમાં સાધના દરમ્યાન તેમને વિશિષ્ટ પ્રકાશનાં દર્શન અને અવર્ણનીય આનંદની અનુભૂતિ થયેલ.**

વર્ષમાં બે વાર મસ્તકના વાળનો લોચ થતો હોય ત્યારે તેમને **લોચ જેટલી વાર ચાલુ રહે તેટલી વાર વિશિષ્ટ પ્રકાશની અનુભૂતિ થતી હોય છે.**

આગામી ભવમાં પોતે એક વિશિષ્ટ પદવીને પામનાર હોવાનો પણ તેમને સાધના દરમ્યાન સંકેત પ્રાપ્ત થયેલ છે. સ્વભાવે ખૂબ જ ભદ્રિક પરિણામી છે. વચ્ચે કેટલીક વાર પશુ-પક્ષીની ભાષા પણ તેઓ સહજતાથી જાણી શકતા હતા !...

**છેલ્લા ૪ વર્ષથી તેમણે મનમાં કાંઈક અભિગ્રહ ધારણ કરેલ છે. જ્યાં સુધી અભિગ્રહ પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી મૌન સાથે વર્ષીતપ ચાલુ રાખેલ છે !** આવા ઉત્તમ આત્માને બીજી તો ભૌતિક અપેક્ષા કયાંથી હોય ! પરંતુ ઊંડી આત્મિક અનુભૂતિની અપેક્ષા હોઈ શકે છે. શાસનદેવ તેમના અભિગ્રહને- તેમની ઉચ્ચ આધ્યાત્મિક ભાવનાને શીઘ્ર પરિપૂર્ણ કરવાનું બળ આપે એ જ શુભાભિલાષા. આ વર્ષે તેઓ થાણા જિલ્લામાં ઘોલવડ મુકામે ચાતુર્માસ બિરાજમાન છે. **આ મહાસતીજીના નામનો અર્થ પૃથ્વી એવો થાય છે. તેમના ગુરુણીના નામનો પૂર્વાર્ધ એક સર્વજનવલ્લભ ઋતુનું નામ છે. તથા ઉત્તરાર્ધનો અર્થ કાંતિ-તેજ એવો થાય છે. આ ગુરુણીના ભાણેજીએ દેરાવાસી સમુદાયમાં દીક્ષા લીધેલ છે. તેઓ છેલ્લા ૧૩ વર્ષોથી રોજ સવારે ઉઠતાં વેંત ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે છે. તથા નવકાર અને તેના પ્રત્યેક પદનો પણ ખૂબ જાપ કરે છે. પરિણામે તેમને કેટલીક વિશિષ્ટ આંતરિક અનુભૂતિઓ થતી રહે છે. તેમના નામનો અર્થ "સુંદર સમકિતવંત" એવો થાય છે. નામ પ્રમાણે તેઓ શુદ્ધ નિશ્ચય સમકિતને શીઘ્ર પ્રાપ્ત કરે એવી પ્રભુ પ્રાર્થના.**

આવા દષ્ટાંતોમાંથી પ્રેરણા લઈને સહુને આધ્યાત્મિક સાધનાની તીવ્રતમ અભિરુચિ પ્રગટો એજ શુભ ભાવના.

## ૧૦૭ : નિર્દોષ ગોચરીના અભાવે ૧૫ દિવસ સુધી ચણા આદિ સૂકી વસ્તુઓથી નિર્વાહ !!!

માત્ર ૪૦ વર્ષની ઉંમર અને ૨૧ વર્ષનો દીક્ષા પર્યાય હોવા છતાં લગભગ ૮૦ જેટલા શિષ્યા-પ્રશિષ્યાઓનો વિશાળ શ્રમણીવૃંદ ધરાવતા સાધ્વીજી ભગવંતે છ'રીપાલક સંઘ સાથે જેસલમેર તીર્થની યાત્રા કરી.

પાછા ફરતી વખતે સંઘવી તરફથી બધી વ્યવસ્થા હોવા છતાં પણ તેનો સ્વીકાર ન કરતાં, રસ્તામાં જૈન-જૈનેતર વસ્તીના અભાવે નિર્દોષ ગોચરીની અશક્યતા હોવાથી ૧૫-૧૫ દિવસ સુધી ચણા આદિ સૂકી વસ્તુઓથી જીવન નિર્વાહ કર્યો !... ગુરુણીનો આવો આચાર જોઈને શિષ્યાઓએ પણ તેમનું અનુકરણ કર્યું !!!...

આ સાધ્વીજી ભગવંતે યાવજ્જીવ માટે ફરસાણ, મેવો અને ફ્રૂટનો ત્યાગ કરેલ છે. તદુપરાંત છેલ્લા કેટલાક વર્ષોથી ચાતુર્માસમાં મિષ્ટાન્ન, કડક વસ્તુ, કડા વિગઈ આદિના ત્યાગ પૂર્વક માત્ર ત્રણ જ દ્રવ્ય વાપરે છે ! તેમણે વીશસ્થાનક, અઠ્ઠાઈ, અઠ્ઠમ આદિ વિશિષ્ટ તપશ્ચર્યાઓ પણ કરેલ છે.

બાહ્ય તપની સાથે સાથે સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ, રત્નાકરાવતારિકા સુધી ન્યાયના ગ્રંથો, કમ્મપયડી સુધીનું કર્મ સાહિત્ય, આચારાંગ-ઉત્તરાધ્યયન સૂત્ર આદિ આગમો વિગેરેનું સુંદર અધ્યયન કર્યું છે.

તેમનું ઉત્કૃષ્ટ સંયમ જીવન જોઈને અનેક ગ્રેજ્યુએટ થયેલી યુવતીઓએ તેમની પાસે સંયમ ગ્રહણ કરેલ છે. તેમાંથી મોટા ભાગના સાધ્વીજી ભગવંતો વર્ષમાં માત્ર એક જ વાર વસ્ત્રોનો સાબુથી કાપ કાઢે છે !... કેટલાક સાધ્વીજી ભગવંતોને યાવજ્જીવ મિષ્ટાન્ન, ફરસાણ, ફ્રૂટ આદિનો ત્યાગ છે. મોટા ભાગના સાધ્વીજી ભગવંતો ઓછામાં ઓછા એકાશણાનો તપ કરે છે, કેટલાક પોતાના હાથે જ કેશલોચ કરે છે, કેટલાક સાધ્વીજીઓએ કમ્મપયડી, ખવગસેઢી વિગેરેનો પણ અભ્યાસ કરી લીધો છે !...શ્રાવિકા શિબિરનું આયોજન પણ દર વર્ષે તેમની નિશ્રામાં થાય છે.

**આ શાસન પ્રભાવક સાધ્વીજી ભગવંતના નામનો પૂર્વાર્ધ જેટલા પ્રમાણમાં આપણી પાસે હોય તેટલા પ્રમાણમાં સાનુકૂળ સંયોગો અને સામગ્રીની પ્રાપ્તિ થાય છે; તથા ઉત્તરાર્ધ દરેકના હાથમાં ઓછે વત્તે અંશે હોય જ છે. તેમનું સંપૂર્ણ નામ પણ દરેકના હાથમાં ઓછા-વત્તા પ્રમાણમાં હોય જ છે !...**

તેમના સંસારી પરિવારમાંથી કુલ ૬ જણાએ દીક્ષા લીધેલ છે તેમાંથી તેમના બે કાકા હાલ આચાર્ય તરીકે સુંદર શાસન પ્રભાવના કરી રહેલ છે.

## ૧૦૮ : તપ-જપથી કેન્સરને કેન્સલ કરતા ઉત્કૃષ્ટ આરાધક સાધ્વીજી

૧૬ વર્ષની વયે દીક્ષિત થઈને આજે ૪૮ વર્ષનો દીક્ષા પર્યાય ધરાવતા એક ઉત્કૃષ્ટ આરાધક, અને જિનશાસનના શણગાર એવા એક

અણગાર-સાધ્વીજી ભગવંતની આરાધનાની વાતો ભાવપૂર્વક વાંચો.

છેલ્લા ૨૩ વર્ષથી માંડીને હવે આજીવન કાપમાં સાબુનો ઉપયોગ ન કરવાની પ્રતિજ્ઞા છે !

દરરોજ ૫૧ બાંધી નવકારવાળીનો જાપ કરે છે. બનતાં સુધી એકી બેઠકે ૬-૭ કલાક સુધી આટલો જાપ કરે છે !... ૨૪ કલાકમાં ફક્ત અઢી કલાક (રાત્રે ૧૦ થી ૧૨॥) જ આરામ કરે છે !...

૩૦૦ ઉપરાંત અઠ્ઠમ કરી છે !

તેમને કેન્સર થયેલ ત્યારે દવા ન લેતાં ૮૧ આયંબિલ તથા ૧૫ ચોવિહારી અઠ્ઠમ તપ સાથે નવકાર મહામંત્રનો જપ કરતાં કેન્સર મટી ગયેલ. લોહીની ઉલટી થતાં કેન્સરના કીટાણુઓ દૂર થઇ ગયેલ !

સળંગ ૫૦૦ આયંબિલ કર્યા ત્યારે પણ આયંબિલ-ખાતામાંથી ન વહોરતાં ઘરોમાંથી જે સૂઝતું મળે તેનાથી જ આયંબિલ કરતા. ઘણી વખત ફક્ત રોટલી અને પાણી કે ખાખરા અને પાણીથી આયંબિલ કરતા !!!

૨૨ જેટલા શિષ્યા-પ્રશિષ્યાઓનો પરિવાર ધરાવતા આ સાધ્વીજીએ નીચે મુજબની પ્રતિજ્ઞાઓ આજીવન માટે સ્વીકારેલ છે.

હવે શિષ્યા બનાવવી નહિ (પ્રશિષ્યાની છૂટ), મિષ્ટાન્ન-ફરસાણ- ફ્રૂટ-મેવો વાપરવો નહિ, ખાદીના જ કપડા વાપરવા, બે જોડીથી વધારે કપડા રાખવા નહિ, કોઇને ટપાલ લખવી નહિ, વાસક્ષેપ કે રક્ષાપોટલી આપવી નહિ, કોઇને સ્હેજ પણ મનદુઃખ થાય તેવું બોલાઇ જાય તો અઠ્ઠમ કરવી, કોઇની સ્હેજ પણ નિંદા સંભળાઇ જાય તો આયંબિલ કરવો...ઇત્યાદિ !!!

તપ-જપ-નિયમ આદિ ઉત્કૃષ્ટ આરાધનામય અપ્રમત્ત જીવન હોવાથી ઘણી વખત તેમની ઉપર સુગંધી વાસક્ષેપની વૃષ્ટિ આદિ અનેક અનુભવો થાય છે; છતાં તેઓ એને જરાપણ મહત્ત્વ આપતા નથી.

તેમની તો એક જ લગની છે કે આ ભવમાં જલ્દી ગ્રંથિભેદ દ્વારા શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય અને આવતા ભવે મહાવિદેહ ક્ષેત્રમાંથી કેવલજ્ઞાન પામીને મોક્ષમાં જઇ શકું એવા આશીર્વાદ અને હિતશિક્ષા આપો !...

નામ પ્રમાણે અનેક ગુણોના ભંડાર છે. પ્રસિદ્ધિથી બિલકુલ દૂર રહેવા ઇચ્છે છે. છતાં તેમનું જીવન આપણા સહુને માટે આદર્શ રૂપ હોવાથી આટલી કલમ ચલાવવાની ધૃષ્ટતા કર્યા વગર રહી શકાયું નથી !

ચોથા આરાની વાનગી જેવું ઉત્કૃષ્ટ સંયમ જીવન જીવતા સાધ્વીજી ભગવંતની આરાધનાની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

તેમના નામનો પૂર્વાર્ધ એટલે ધર્મનું મૂળ એવો એક મહાન ગુણ; અને

ઉત્તરાર્ધનો અર્થ કાંતિ (તેજ) એવો થાય છે. તેઓ યોગનિષ્ઠ તરીકે સુપ્રસિદ્ધ થઇ ગયેલા એવા એક આચાર્ય ભગવંતના સમુદાયના છે ! એકવાર તો અચૂક તેમના દર્શન કરવા જેવા છે !

## ૧૦૯ : ૮૪ વર્ષનો દીક્ષાપર્યાય !!!

માત્ર ૬ વર્ષની બાલ્યવયમાં પોતાના માતુશ્રી સાથે દીક્ષિત થયેલા એ સાધ્વીજી ભગવંત ૮૪ વર્ષના સુદીર્ઘ સંયમના પ્રભાવે આજે ૯૦ વર્ષની વયે પણ પાંચેય ઇન્દ્રિયોની પટુતા ધરાવે છે.

વર્તમાનકાળમાં આટલો સુદીર્ઘ ચારિત્ર પર્યાય ધરાવનાર ભાગ્યે જ બીજા કોઇ હશે !

મૂળ કચ્છ-ડુમરાના વતની અને સિદ્ધગિરિમાં દીક્ષિત થયેલા એ પ્રવર્તિની સાધ્વીજી આજે ૪૫ જેટલા શ્રમણીવૃંદથી શોભી રહ્યા છે અને હાલ ઉંમરના કારણે અમદાવાદના એક સુપ્રસિદ્ધ પરામાં સ્થિરવાસ છે.

ઉપમિતિ ભવપ્રપંચા મહાકથા, ત્રિષષ્ઠિ દશ પર્વ, લલિત વિસ્તરા, ઉત્તરાધ્યયન સૂત્ર, મુક્તાવલી, સ્યાદ્વાદમંજરી આદિના અધ્યયન-અધ્યાપન દ્વારા સમ્યક્જ્ઞાન પદની આરાધના કરી. ૧૪ વર્ષની નાની વયમાં પોતાની જન્મ-ભૂમિમાં બારસાસૂત્રનું વાંચન કરીને શ્રોતાજનોને મુગ્ધ બનાવ્યા !...

તળાજા-શત્રુંજય ગિરિરાજની ૯૯ યાત્રા આદિ દ્વારા સમ્યગ્દર્શનને નિર્મળ બનાવ્યું.

કચ્છ-કાઠિયાવાડ, ગુજરાત, મારવાડ, મહારાષ્ટ્ર આદિમાં અપ્રમત્તપણે વિચરીને સમ્યગ્ચારિત્રની આરાધના દ્વારા સ્વોપકાર સાથે પરોપકાર અને શાસન પ્રભાવના કરી.

આચારાંગ-ઉત્તરાધ્યયન-દશપયન્ના સૂત્રોના યોગોદ્વહન, દોઢ માસી, બે માસી, અઢી માસી, ચાર માસી, વર્ષીતપ, નવપદજીની ૧૦૫ ઓળી, ૬૨ વર્ષ સુધી જ્ઞાનપંચમીની આરાધના, માસક્ષમણ, ૧૯ ઉપવાસ, સોળભત્તું, ૬ અઠ્ઠાઇ, વીશસ્થાનક, વર્ધમાનતપ, પોષદશમી, મૌન એકાદશી, મેરૂ તેરસ, ચૈત્રી પૂનમ આદિની આરાધના દ્વારા સમ્યક્તપ પદની આરાધના કરીને વિપુલ કર્મનિર્જરા સાધી.

૮૪ વર્ષનું નિર્મળ ચારિત્ર એમને તથા એમના ભાવપૂર્વક

દર્શન-વંદન-વૈયાવચ્ચ-ભક્તિ કરનાર આત્માઓને શીઘ્ર ચોર્યાસીના ચક્કરમાંથી મુક્ત કરાવનાર બનો એ જ શુભાભિલાષા.

એમના નામના પ્રથમ બે અક્ષરો એક સુપ્રસિદ્ધ તીર્થંકર ભગવાનના નામ સાથે એક રૂપતા ધરાવે છે !!!

તેઓ યોગનિષ્ઠ તરીકે સુપ્રસિદ્ધ થઈ ગયેલા આચાર્ય ભગવંતના સમુદાયના છે અને હાલ જે આચાર્ય ભગવંતની આજ્ઞામાં છે તેમના નામનો અર્થ 'સુવર્ણ જેવી કાંતિવાળા' એવો થાય છે. તેઓ આ વર્ષે પાલિતાણામાં ચાતુર્માસ બિરાજમાન છે.

## ૧૧૦ : વિહારમાં આવતા દરેક ગામ-નગર-તીર્થોના દરેક જિનબિંબો સમક્ષ ચૈત્યવંદન !!!

૩૯ વર્ષની વયે સં. ૨૦૦૩માં પોતાની ૧૬ વર્ષની પુત્રી સાથે પૂ. આ. શ્રી ભક્તિસૂરિજી (સમીવાળા)ના સમુદાયમાં દીક્ષિત થયેલા એ સાધ્વીજી ભગવંત જ્યાં જ્યાં વિહાર કરીને જતા તે ગામ-નગર કે તીર્થમાં જેટલાં જિનબિંબો હોય તે પ્રત્યેકની સન્મુખ ચૈત્યવંદન કરતા !...પછી તે શત્રુંજય તીર્થ હોય કે જેસલમેર તીર્થ હોય !!!

વિ.સં. ૨૦૨૩માં જેસલમેર તીર્થે નાનાં-મોટાં પ્રાયઃ ૬૦૦૦ જિનબિંબો સન્મુખ ચૈત્યવંદન કરવાની ભાવના દોઢ મહિનો સ્થિરતા કરીને પૂર્ણ કરી !... તેમનાં પુત્રી મહારાજે અહીં બધા ચૈત્યવંદન કરાવ્યા હતા !...

તેઓશ્રીએ આ રીતે કાઠિયાવાડ, કચ્છ, ગુજરાતનાં તેમજ મારવાડ-રાજસ્થાનનાં અનેક તીર્થોના પ્રત્યેક જિનબિંબો સન્મુખ ચૈત્યવંદન કરવા પૂર્વક જિનભક્તિનો અપૂર્વ લ્હાવો લીધો હતો. તેઓશ્રીએ દેવવંદનમાળા કંઠસ્થ કરેલ હતી. શારીરિક પ્રતિકૂળતામાં પણ તેમણે દોષિત આહાર ક્યારેય વાપર્યો નથી ! અનેકવિધ તપ અને સ્વાધ્યાય સાથે દિવસમાં ૧૧-૧૧ કલાક મૌનની સાધના કરતા. ગમે તેવો ઉગ્રતપ હોય તો પણ તેની બધી જ ક્રિયા સ્વસ્થતા અને સ્ફૂર્તિથી ઊભા ઊભા કરતા !...

તેમના સંસાર પક્ષે બે બહેનો, બહેનની ત્રણ પુત્રીઓ, ભાઈ-ભાભી, ભાઈના દીકરા, કુટુંબીભાઈઓ-ભાભીઓ તથા મોસાળ પક્ષ સહિત ૪૫ ભવ્યાત્માઓ સંયમની સુંદર સાધના કરી રહ્યા છે.

સં. ૨૦૩૬ના જેઠ સુદિ ૩ના નવકાર મહામંત્ર ગણતાં ગણતાં તેઓ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

તેમના નામના પૂર્વાર્ધનો અર્થ આનંદ થાય છે, તથા ઉત્તરાર્ધનો અર્થ વેલડી થાય છે. તેમની વિશિષ્ટ જિનભક્તિની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

તેમના પુત્રી સાધ્વીજી આજે વિશાળ પરિવાર સહ સુંદર સંયમની આરાધના કરી રહ્યા છે. તેમના નામના પૂર્વાર્ધનો અર્થ સુવર્ણ તથા ઉત્તરાર્ધનો અર્થ વેલડી થાય છે.

## ૧૧૧ : પ્રસન્ન મુખે વાળ ચૂંટાવા [લોચ]નું કષ્ટ સહી લેતાં જૈન સાધુસાધ્વીઓનો અદ્ભુત ધર્મપ્રેમ

[સંજય વોરા દ્વારા લિખિત આ લેખ 'અભિયાન'માંથી સાભાર ઉદ્ધૃત કરાયેલ છે.]

જૈન ધર્મના આશરે દસ હજાર સાધુસાધ્વીજીઓ છે. જૈન શ્રાવક કે શ્રાવિકા દીક્ષા ગ્રહણ કરે ત્યારે જીવનમાં છેલ્લી વાર હજામને બોલાવી માથાના અને દાઢીમૂછના વાળ દૂર કરાવે છે. પછી તેઓ ક્યારેય હેર કટિંગ સલૂનમાં જતા નથી કે પોતાના ઉપાશ્રયમાં હજામને બોલાવતા નથી. છતાં દરેક પર્યુષણમાં તમે સાધુસાધ્વીજીનાં દર્શન કરવા ઉપાશ્રયમાં જશો તો જણાશે કે તમામે મુંડન કરાવ્યું છે.

આ અજાયબ લાગતી ઘટના જૈન સાધુસાધ્વીઓનો પરિચય કેળવનાર અને તેમની દિનચર્યાને જાણનાર વ્યક્તિ માટે તદ્દન સામાન્ય છે. તેઓ જાણે છે કે દરેક સાધુસાધ્વીઓ વર્ષમાં બે વાર પોતાના માથાના અને દાઢીમૂછના વાળ જાતે ખેંચી કાઢે છે અથવા બીજા પાસે ખેંચાવડાવે છે. લગભગ તમામ શ્રાવક-શ્રાવિકાઓ આ વાત જાણતાં હોવા છતાં માંડ એક ટકા જૈનો એવા હશે કે જેમણે લોચ તરીકે ઓળખાતી આ વિધિ નજરે જોઈ હોય. સામાન્ય સંજોગોમાં આ લોચની વિધિ ચાલતી હોય ત્યારે કોઈને હાજર રહેવા દેવામાં આવતા નથી. પરેલના ઉપાશ્રયમાં મુનિશ્રી ધર્મપ્રભસાગરજીને એક શ્રાવક પાસે લોચ કરાવતા જોઈ આશ્ચર્ય થયું કે માથાના વાળ ખેંચાઈ રહ્યા છે, છતાં મુનિના ચહેરા પર વેદના કે પીડાની કોઈ નિશાની પણ જોવા મળતી નથી. પાછળથી અમને ખબર પડી કે આ મુનિ ચાતુર્માસમાં બે ઉપવાસને પારણે બે ઉપવાસનું તપ કરી રહ્યા છે. ચાતુર્માસના ત્રણ મહિના તો તેમના ઉપવાસમાં જ પસાર થવાના છે.

જૈન સાધુસાધ્વીઓમાં માથાના વાળનો લોચ કરાવવાની પરંપરા

અનાદિકાળથી ચાલી આવે છે. જૈન ધર્મની સ્થાપના કરનાર તીર્થંકર ભગવંતો દીક્ષા લેતી વખતે જાતે જ પંચમુષ્ટિ લોચ કરે છે. આ લોચનો ઉલ્લેખ કલ્પસૂત્ર નામના આગમગ્રંથમાં કરવામાં આવ્યો છે. તીર્થંકર ભગવાન વિશિષ્ટ પ્રકારનું શારીરિક બળ ધરાવતા હોય છે એટલે તેઓ માત્ર પાંચ જ મુઠ્ઠીમાં માથાના અને દાઢીમૂછના તમામ વાળનો લોચ કરી નાખે છે. ચાર મુઠ્ઠીમાં તેઓ માથાના વાળ ખેંચી કાઢે છે અને દાઢી-મૂછના વાળ ખેંચવા માટે એક જ મુઠ્ઠીની જરૂર પડે છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી ત્યારે તેમના માથાના વાળની એક લટ એટલી સુંદર રીતે ખભા પર લટકતી હતી કે તે જોઈ ઈન્દ્રે આ લટનો લોચ ન કરવાની વિનંતી કરી. ભક્તની ભાવનાને માન આપી ઋષભદેવ ભગવાને માત્ર ચાર મુષ્ટિનો જ લોચ કર્યો, જેને એક અપવાદ ગણવામાં આવે છે. ઋષભદેવ સિવાયના તમામ તીર્થંકરો પંચમુષ્ટિ લોચ જ કરે છે. આજે પણ ઋષભદેવ ભગવાનની જે મૂર્તિ જૈન દેરાસરમાં પધરાવવામાં આવે છે તે બીજા તીર્થંકરની મૂર્તિથી અલગ પડે છે. અન્ય તીર્થંકરની મૂર્તિ સંપૂર્ણ મુંડન કરાવેલી હોય છે, પણ ઋષભદેવ ભગવાનની પ્રતિમાના ખભા પર વાળ બતાડવામાં આવે છે. જૈન ધર્મના ચારેય ફિરકાઓમાં આજે સાધુસાધ્વીઓ માથાના વાળનો લોચ કરાવે છે. સ્ત્રીઓ માટે તો માથાના વાળ એક આભૂષણ છે. પણ જૈન સાધ્વીઓ બાહ્ય ટાપટીપ કરતાં આંતરિક સૌંદર્યને વધુ મહત્ત્વ આપે છે.

જૈન સાધુસાધ્વીઓમાં લોચની ક્રિયા મુખ્યત્વે તો સહયોગી સાધુસાધ્વીજી દ્વારા જ થતી હોય છે. સાધુઓના દરેક જૂથમાં એકાદ-બે સાધુ એવા હોય છે, જેમણે લોચની કળા હસ્તગત કરી લીધી હોય, પરંતુ પછી લોચ કરનાર સાધુનો લોચ કરનાર કોઈ રહેતું નથી. ઘણા જૂથમાં લોચની કળામાં જાણકાર એક પણ સાધુ હોતા નથી. આવા સંયોગોમાં લોચ કરનાર ગૃહસ્થ કારીગરની જરૂર પડે છે. **લોઅર પરેલના જૈનમંદિરમાં પૂજારીની નોકરી કરતો કેશવ લોચનો એક અજોડ કારીગર છે. પોતાના જીવનમાં તેણે પાંચ હજારથી વધુ લોચ કર્યા હશે.** એક સાધુનો લોચ કરે એટલે કેશવને તેમના ભક્ત તરફથી બક્ષિસમાં ૨૦૦ થી ૨૫૦ રૂપિયા મળે છે. **કરાડના પદમશીભાઈ નામના શ્રાવક તો લોચ કરવાના એટલા ઉત્સાહી છે કે કોઈ પણ સાધુ મહાત્મા બોલાવે એટલે ટિકિટભાડું પણ પોતાનું ખર્ચી સેવા માટે પહોંચી જાય છે. દાદરના નાનાલાલ કુબડિયા પણ તદ્દન નિઃસ્વાર્થભાવે લોચ કરી આપે છે.** લોચ કરાવનાર સાધુ હસતે મુખે જે વેદના સહન કરે છે તેના ફળરૂપે તેને બે ઉપવાસનું પુણ્ય મળે છે, પણ લોચ કરનાર વ્યક્તિ તપસ્વી સાધુ મહાત્માને કેમ ઓછામાં ઓછું કષ્ટ પડે તેની કાળજી રાખે તે બદલ તેમણે ત્રણ ઉપવાસનું પુણ્ય મળે છે. **મુલુંડમાં રહેતા**

પ્રમોદભાઈ અને ગોવાલિયા ટેન્કના દેરાસરનો એક ચોકીદાર પણ લોચના અચ્છા કારીગરો છે. લોચની સીઝનમાં આ કારીગરોની ભારે ડિમાન્ડ રહે છે, અને સાધુસંતોએ પણ તેમની સેવા માટે તારીખો અગાઉથી બુક કરાવી રાખવી પડે છે.

હાથની માત્ર ત્રણ આંગળીની મદદથી માથાના વાળને જડમૂળમાંથી ઉખેડી નાખવા એ એક આગવી કળા છે. કુદરતી બક્ષિસ જેવી આ કળા બહુ ઓછા લોકોને પ્રાપ્ય બને છે. લોચ કરતી વખતે એક લટને અંગૂઠો અને વચલી બે આંગળીઓ વચ્ચે પકડમાં લેવામાં આવે છે. ચીકાશને કારણે વાળ આંગળી વચ્ચેથી સરકી ન જાય તે માટે તેને ખેંચતા અગાઉ તેના મૂળમાં રાખ લગાડવામાં આવે છે. એક જ સેકન્ડના છઠ્ઠા ભાગમાંહાથમાં ૩૦-૪૦ વાળની લટ ખેંચાઈને આવી જાય છે. જે ઝડપથી વાળ ખેંચવામાં આવે છે તેને કારણે આંગળી ચીરાઈ જવાનો ભય રહે છે. આમ ન બને તે માટે આંગળી પર રબ્બરની ભૂંગળી પહેરવી પડે છે અથવા જહોન્સનની બેન્ડ-એઈડ પટ્ટી વીંટાળવી પડે છે. હજામ જેટલી ઝડપથી અસ્ત્રા કે કાતર વડે માથાના વાળ કાપે તેટલી જ સ્ફૂર્તિથી લોચ કરનાર આશરે અડધા કલાકમાં તો આખું માથું સફાચટ કરી આપે છે. વાળ ઝડપથી ખેંચાય એટલે સ્વાભાવિક રીતે જ વાળના મૂળમાં લોહીની ટશરો ફૂટી નીકળે છે. તેની ઉપર લોચ કરનાર તરત જ છાણની રાખ દબાવી દે છે, જે એન્ટિસેપ્ટિકનું કામ કરે છે. લોચ કરવા માટે જે રાખ વાપરવામાં આવે છે તે અડાયા છાણાની જ રાખ હોવી જોઈએ. બીજી કોઈ જાતની રાખ તેમાં કામમાં નથી આવતી. ગાય કે બળદ જ્યારે પોદળો મૂકે ત્યારે તેને કોઈ અડે નહિ, અને તે જમીન ઉપર પડ્યા પડ્યા સૂર્યના તાપમાં એમ જ સૂકાઈ જાય અને તેનું જે છાણું બને તેને અડાયું છાણું કહેવામાં આવે છે. આ છાણામાં માટીનું પ્રમાણ નહિવત્ હોય છે. અન્ય પ્રકારના છાણને અથવા લાકડાને બાળીને જે રાખ મળતી હોય છે તેમાં ક્ષારનું પ્રમાણ વધુ હોય છે. આ ક્ષાર વાળના મૂળમાં જતાં ચચરે છે, એટલે લોચ માટે અડાયા છાણાની રાખનો જ ઉપયોગ કરવો પડે છે. **આવી અડધો કિલો રાખમાં નાનાલાલભાઈ આસાનીથી ૫૦ લોચ કરી શકે છે.**

મુંબઈમાં રહી કોલેજનો અભ્યાસ કરી પછી જૈન સાધુ બનેલા મુક્તિવલ્લભવિજયજી લોચનો વૈજ્ઞાનિક અભિગમ સમજાવતા કહે છે કે તેનાથી મસ્તકના ભાગમાં લોહીનું પરિભ્રમણ વધતાં મગજ વધુ કાર્યશીલ બને છે અને હેમરેજ જેવા રોગોની શક્યતા ઓછી થાય છે. વળી માથાના વાળ ખેંચાવાથી સ્વાભાવિક રીતે જ એક્યુપંક્ચર થઈ જાય છે જે જ્ઞાનતંતુઓને વધુ સક્રિય અને સતેજ બનાવે છે. લોચ થઈ ગયા પછી ક્યારેક

બેચાર કલાક કે એકાદ દિવસ સુધી માથું સણકા મારે, કે કોઈને તાવ પણ ચડી જાય. પરંતુ આ બધી પીડા સાધુઓ હસતે મોઢે સહન કરે છે. અન્યસાધુ ભગવંતો લોચ કરાવનાર સાધુની વિશેષ પ્રકારે સેવા-શુશ્રૂષા કરે છે. જૈનદર્શન માને છે કે આ રીતે કષ્ટ સહન કરવાથી આત્મા ઉપર છવાયેલાં કર્મોનો કચરો બળીને ખાખ થઈ જાય છે. જૈનદર્શનના નિયમ પ્રમાણે લોચ એ નિર્જરાનો એક પ્રકાર છે.

આખા ભારતમાં સાધુઓના લોચની કળાના જાણકારોની સંખ્યા બહુ મર્યાદિત છે. દાદરમાં રહેતા નાનાલાલભાઈ કુબડિયા તેમાંના એક છે. ૫૯ વર્ષના નાનાલાલભાઈ કચ્છ-વાગડના વતની છે. પહેલી વખત લોચની ક્રિયા તેમણે આજથી ૪૦ વર્ષ અગાઉ અમદાવાદમાં દેવવિજયજી નામના વયોવૃદ્ધ સાધુ ઉપર કરી હતી. સામાન્ય રીતે નવા નિશાળિયા પાસે લોચ કરાવવા સાધુઓ જલદીથી તૈયાર નથી થતા કારણ કે ક્યારેક અસહ્ય વેદના ભોગવવી પડે છે, પરંતુ આ વૃદ્ધ મહાત્માએ ૧૯ વર્ષના નાનાલાલને પોતાનું પાકી ગયેલા વાળ ધરાવતું માથું આપી દીધું. આ રીતે નાનાલાલને સ્ટાર્ટ મળી ગયો. બે-ચાર લોચ કર્યા એટલામાં તો તેમનો હાથ બરાબર બેસી ગયો અને આત્મવિશ્વાસ પણ આવી ગયો.

૪૦ વર્ષની પોતાની કારકીર્દીમાં નાનાલાલે ૩,૦૦૦થી વધુ સાધુસંતોના કેશલુંચનનો લાભ લીધો છે. છેલ્લાં દસ વર્ષથી તો તેઓ વર્ષે ૧૦૦ની સરેરાશથી લોચ કરે છે. જૈન સાધુ ભારતના કોઈ પણ ખૂણે લોચ કરાવવા બોલાવે એટલે નાનાલાલભાઈ ત્યાં પહોંચી જવા તત્પર રહે.

છેલ્લા પંદર દિવસમાં જ લોચ કરવા માટે નાનાલાલભાઈ અડધું ગુજરાત ફરી વળ્યા છે. પર્યુષણ અગાઉ આશરે પંદરેક દિવસથી સાધુસાધ્વીઓ લોચ કરાવવાનો પ્રારંભ કરી દે છે. છેલ્લામાં છેલ્લે સંવત્સરીનું પ્રતિક્રમણ ભણાવતાં પૂર્વે દરેકે લોચ કરાવી લેવાનો હોય છે. એક પર્યુષણ અગાઉ અને બીજો ફાગણ મહિનામાં. ચાલુ પર્યુષણની લોચ સીઝનમાં નાનાલાલભાઈ નડિયાદ, અમદાવાદ, વડોદરા, બારડોલી, સુરત, મુંબઈ વગેરે સ્થળોએ મળી ત્રીસેક મહાત્માઓનો લોચ કરી ચૂક્યા છે. હજી તેઓ કોલ્હાપુર, પુણે, શહાપુર, ભિવંડી, ડોંબીવલી વગેરે સ્થળે બીજા વીસેક લોચ પર્યુષણ પૂરા થાય ત્યાં સુધી કરવાની ગણતરી રાખે છે. પ્રખર પ્રવચનકાર ચંદ્રશેખર વિજયજી મહારાજ છેલ્લાં દસ વર્ષથી નાનાલાલભાઈ પાસે જ લોચ કરાવે છે. તાજેતરમાં તેઓ સુરતમાં દર્શનસાગરજી મહારાજના શિષ્યવૃંદના માત્ર દસ અને બાર વર્ષની ઉંમરના બે બાળમુનિનો લોચ કરીને આવ્યા. બાળવયે પણ આ મુનિઓને કઠોર જીવનની એવી તાલીમ આપવામાં આવી છે કે તેમણે હસતે મુખે અને પ્રસન્નચિત્તે લોચ

કરાવ્યો.

જૈન ધર્મનું પાલન કરતા સાધુઓની જેમ અમુક શ્રાવકો પણ નિયમિત લોચ કરાવે છે. શ્રાવકો દર પંદર દિવસે પોતાના પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા અતિચાર નામનું સૂત્ર બોલે છે, તેમાં એક વાક્ય એવું આવે છે કે શ્રાવકે પણ લોચાદિ કષ્ટો સહન કરવાનું તપ કરવું જોઇએ. આ કારણે વિરારમાં રહેતા જેઠમલભાઇ નામના પ્રજ્ઞાચક્ષુ શ્રાવક નિયમિત લોચ કરાવે છે. વાલકેશ્વરના ચંદનબાળા એપાર્ટમેન્ટમાં રહેતા હિમ્મતભાઇ બેડાવાળા નામના શ્રાવકની ઈચ્છા દીક્ષા લઈ સાધુ બનવાની હતી, પરંતુ વૃદ્ધાવસ્થાને કારણે તેઓ સાધુ ન બની શક્યા એટલે લગભગ સાધુ જેવું જીવન ગાળતા તેઓ નિયમિત લોચ કરાવે છે. આવી જ રીતે માહિમમાં રહેતા ભભૂતમલજી નામના શ્રાવક પણ નિયમિત રીતે નાનાલાલભાઈ પાસે લોચ કરાવે છે. ગૃહસ્થજીવનમાં લોચ કરાવવા દ્વારા તેઓ ભવિષ્યમાં સાધુ બનવા માટેની તાલીમ પ્રાપ્ત કરે છે.

જૈન ધર્મમાં તપના જે બાર પ્રકાર ગણાવ્યા છે, તેમાં કાયકષ્ટ પણ એક પ્રકારનું તપ જણાવાયું છે. કોઈ પણ વિશુદ્ધ ધર્મનો ઉદ્દેશ તેના આરાધકને જન્મમરણની ઘટમાળમાંથી અને રાગદ્વેષના દૂષણોમાંથી મુક્તિ અપાવવાનો હોય છે. આ મોક્ષ ત્યારે જ શક્ય બને જ્યારે આત્માને પોતે શરીરથી ભિન્ન કોઈ અસ્તિત્વ છે તેની પ્રતીતિ થાય. મોહ અને અજ્ઞાનને કારણે આત્મા એમ જ માની બેઠો હોય છે કે આ જે શરીર છે તે જ હું છું. દેહ નાશવંત છે અને આત્મા અમર છે તેવો ખ્યાલ તેને જલદી આવતો નથી. આ ખ્યાલ આવે તે માટે દેહાત્મ ભેદજ્ઞાનની જરૂર છે. શરીરને કોઈ પણ કષ્ટમાંથી પસાર થવું પડે તો પણ આત્માને જરાય ગ્લાનિ થવી ન જોઈએ. આ જાતની અનુભૂતિ પ્રાપ્ત કરવા અને તેનો અભ્યાસ કરવા શરીરને સ્વેચ્છાએ કષ્ટ આપવા જોઇએ એમ જૈનદર્શન માને છે. આ કારણે જ દીક્ષા ગ્રહણ કરી સાધુ બનતા જૈનોનું જીવન અનેક પ્રકારનાં કષ્ટો વડે વીંટળાયેલું હોય છે. આ બધાં કષ્ટો કોઇએ પરાણે ઠોકી બેસાડેલાં નથી હોતા પરંતુ જાતે સ્વેચ્છાએ વહોરી લીધેલાં હોય છે. **આ કારણે તમામ પ્રકારનાં કષ્ટોનો હસતા હસતા સામનો કરી સાધુસંતો આત્મરમણતા કેળવતા હોય છે. તેમનામાં પેદા થયેલી વૈરાગ્ય અને અધ્યાત્મની મસ્તી સામે લોચાદિ કષ્ટ કોઈ વિસાતમાં નથી હોતાં. આ કારણે જ બહારથી કષ્ટમય જીવન જીવતા જૈન સાધુઓ આંતરિક રીતે સમૃદ્ધિના મહાસાગરમાં હિલોળા લેતા હોય છે.**

લોચ એ સાધુજીવનની વિશિષ્ટ ક્રિયા છે. દીક્ષાના સમયે સૌથી પહેલી વખત લોચ કરાવાય તેનું મુહૂર્ત કાઢવામાં આવે છે. દીક્ષા સમયે તો માથાના વાળનું મુંડન હજામ પાસે જ કરાવવામાં આવે છે. એ વખતે વાળની

એક જ લટ બાકી રાખવામાં આવે છે, જેનો લોચ દીક્ષા આપનાર ગુરુ પોતાના હાથે કરે છે. લોચ કરતાં અગાઉ અને લોચ કર્યા પછી સાધુએ ગુરુ ભગવંત પાસે ખાસ વિધિ કરવાની હોય છે. લોચ કરાવી લીધા પછી તમામ વડીલ સાધુ ભગવંતોને વંદન કરવાની વિધિ હોય છે. જૈન શ્રાવકો સાધુ કરતાં ઊંચા આસને બેસે તો તે ગુરુ ભગવંતનો અવિનય ગણાય છે, પરંતુ લોચ કરનારે ઊંચા આસને જ બેસવું પડે છે. યુવાન સાધુના લોચમાં કારીગરને ખૂબ શ્રમ પડે છે. વૃદ્ધ સાધુનો લોચ ખૂબ આસાનીથી થઈ જાય છે. લોચ કરાવનારે જો આયંબિલ કે ઉપવાસની લાંબી તપશ્ચર્યા કરી હોય તો તેના વાળ પોચા થઈ જાય છે અને લોચ ખૂબ આસાનીથી થાય છે.

જૈન સાધુઓ માટે લોચની ક્રિયા ફરજિયાત બનાવવામાં આવી છે તેનો એક આડલાભ બતાવતાં પૂ. ચન્દ્રશેખર વિજયજી મહારાજ કહે છે કે આ કઠોર નિયમને કારણે માત્ર મોજમજા કરવા જ સાધુ બનવા ઈચ્છતા બોગસ મેમ્બરોની ભરતી સાધુ સંસ્થામાં થતી નથી. સંસાર પ્રત્યે તમને ખરેખરો વૈરાગ્ય આવી ગયો છે કે નહિ તે જાણવાની અગ્નિપરીક્ષા એટલે લોચ. જેઓ શરીરને જ આત્મા માની બેઠા છે તેઓ લોચનું કષ્ટ સહન કરી શકતા નથી. લોચ જેવાં કષ્ટો પણ સહન કરવાની વીરતા જે સાધુમાં આવી જાય તે પછી ભલે ગમે તેવા કષ્ટો આવે તો પણ પોતાની સાધનામાંથી વિચલિત થતો નથી. જૈન સાધુ એ ખરેખર દુનિયાની એક અજાયબી છે. તેમને કપડાં સીવવા દરજીની, જૂતાં બનાવવા મોચીની, ફર્નિચર બનાવવા સુથારની, દાગીના ઘડાવવા સોનીની જરૂર નથી પડતી તેમ વાળ કાપવા હજામની પણ જરૂર નથી પડતી. અઢારેય વર્ણની વચ્ચે રહીને પણ કોઈનીય મદદ વગર જીવી શકનાર જૈન સાધુ ખરેખર સ્વાવલંબનનો અને સ્વાધીનતાનો આનંદ માણે છે.

# પરિશિષ્ટ

ભાગ-૧ તથા ભાગ-૨
છપાયા બાદ તે તે ભાગને
અનુરૂપ દૃષ્ટાંતો જે પાછળથી
જાણવા મલ્યા છે તે અત્રે
રજુ કરવામાં આવેલ છે.

## ૧૧૨ : સત્સંગના પ્રભાવે મોચી, મુનિ બન્યા ! પ્રભુદાસભાઈ ખરેખર પ્રભુના દાસ બન્યા !

આજથી લગભગ ૧૬ વર્ષ પહેલાં શાસનપ્રભાવક પ.પૂ. આચાર્ય ભગવંત **શ્રી ભક્તિસૂરીશ્વરજી** **મ.સા.**ના સમુદાયના પ.પૂ. આચાર્ય ભગવંત **શ્રી વિજય વિનયચંદ્રસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણાનું ચાતુર્માસ સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રા મધ્યે થયું. મૂળ હળવદનો વતની પરંતુ ધ્રાંગધ્રામાં પોતાના મોસાળમાં રહેતો પ્રભુદાસ નામે એક ૨૩ વર્ષનો યુવાન તેમના પરિચયમાં આવ્યો. પૂજ્યશ્રીના પ્રેમાળ અને પરગજુ સ્વભાવે પ્રભુદાસ પર અજબનું કામણ કર્યું. તે નિયમિત જિનવાણી શ્રવણ કરવા માટે આવવા લાગ્યો. પરિણામે તેને દયામય જૈન ધર્મનું ઘેલું લાગવા માંડ્યું.

સત્સંગપ્રેમી પ્રભુદાસએ ચાતુર્માસ પછી જે પણ સાધુ-સાધ્વીજી ત્યાં પધારે તેમનો સત્સંગ કરવા લાગ્યો. ધીરે ધીરે તેના અંતરમાં સંયમની ભાવના અંકુરિત થવા માંડી. માતા-પિતા પાસે તેણે પોતાની ભાવના વ્યક્ત કરી. પરંતુ મોચી કુળના સંસ્કારના કારણે માતા સવિતાબેન તથા પિતા મગનલાલભાઈ ચાવડા તેને દીક્ષાની રજા આપવા માટે જરાપણ સંમત ન હતા. છેવટે આખરી ઉપાય તરીકે તેણે માતા-પિતાને જાણ કર્યા વિના જ સંયમ સ્વીકારવા માટે ગોઠવણ કરી અને સં. ૨૦૫૧ના માગસર સુદિ ૧૦ના રોજ ૩૭ વર્ષની વયે મુંબઈ-લાલબાગમાં પરમશાસન પ્રભાવક પ.પૂ.આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયમાં સિદ્ધહસ્તલેખક પ.પૂ.આ.ભ.શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ.મુનિરાજ શ્રી યુગચંદ્રવિજયજી મ.સા.નું શિષ્યત્વ સ્વીકારી, સંયમ ગ્રહણ કર્યું. મોચી પ્રભુદાસભાઈ હવે મુનિ પદ્મશ્રમણવિજય નામે સાચા અર્થમાં પ્રભુની આજ્ઞાના પાલક-પ્રભુના દાસ બન્યા.**

આણંદની બાજુમાં વિદ્યાનગર ગામમાં પરણેલા તેમના બહેન વસંતબેન વિનોદરાય ચૌહાણને પ્રભુદાસ પ્રત્યે વિશેષ લાગણી હોવાથી દીક્ષાની તેમને જાણ કરવામાં આવી હતી. તેથી તેઓ પોતાના પતિ સાથે દીક્ષા પ્રસંગે હાજર રહ્યા હતા. પરંતુ બનેવી વિનોદરાયભાઈ અંતરમાં ખૂબ નારાજ હતા તેથી દીક્ષા મંડપમાં થોડીવાર હાજરી આપીને તેઓ અધવચ્ચે બહાર ચાલ્યા ગયા હતા.

**આમ માતા-પિતા તથા બનેવી આ દીક્ષા માટે ખૂબ જ નારાજ હતા પરંતુ પાછળથી મુનિ પદ્મશ્રમણવિજયજીનું તપોમય તથા જ્ઞાનમય વિશિષ્ટ સંયમી જીવન**

જોઈને તેમનું હૃદય પરિવર્તન તેમજ જીવન પરિવર્તન થયું હતું. પરિણામે એ ત્રણે જણાએ શ્રાવકના ૧૨ વ્રતોનો સ્વીકાર કરી લીધો છે એટલું જ નહીં પરંતુ આ વર્ષે માતા-પિતાએ પૂ.આ.શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં રાધનપુર મુકામે ઉપધાન કરીને મોક્ષની માળાનું પરિધાન પણ કરી લીધું !!! એવી જ રીતે તેમની ભાણેજ જાગૃતિએ પણ રાધનપુરમાં અઢારિયું ઉપધાન કરી લીધું !

પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. કહેતા કે- 'એક આત્મા સાધુપણું સ્વીકારે છે ત્યારે એના નિમિત્તે બીજા અનેક આત્માઓ સાચા શ્રાવક બનવા માંડે છે.' ઉપરોક્ત દૃષ્ટાંતમાં આ કથનની યથાર્થતા સારી રીતે દૃષ્ટિગોચર થાય છે.

મુનિ પદ્મશ્રમણવિજયજીનો નાનોભાઈ હિંમતલાલ આજે પણ હળવદની મોચી બજારમાં મોચીનો વ્યવસાય કરે છે. ગૃહસ્થપણામાં s.s.c. સુધી વ્યાવહારિક અભ્યાસ કરેલા મુનિ પદ્મશ્રમણવિજયજીને દીક્ષા લઈને વડિલોની વૈયાવચ્ચ સાથે સંસ્કૃત અભ્યાસ પણ કરવા માંડ્યો. આ વર્ષે જેઠ સુદિ ૧૫નાં શંખેશ્વરમાં તેમની મુલાકાત થઈ ત્યારે તેમનો સંસ્કૃત બીજી બુકનો અભ્યાસ ચાલુ હતો. અલ્પ સંયમ પર્યાયમાં તેમણે વર્ષીતપ, વીશસ્થાનકની ૨ ઓળી તથા વર્ધમાન તપની ૩૭ ઓળી જેટલી તપશ્ચર્યા પણ કરી લીધી છે !...ખરેખર સત્સંગ એ પારસમણિ કરતાં પણ મહાન છે કે જે સામી વ્યક્તિને પોતાના જેવી જ બનાવી દે છે !!!

## ૧૧૩ : આયર જ્ઞાતિના વેજીબેન બન્યા સા.શ્રી વીરપ્રભાશ્રીજી

સૌરાષ્ટ્રમાં કુતિયાણા ગામમાં આજથી પાંચેક દાયકા પૂર્વે આયર (ભરવાડ) જ્ઞાતિના માતા પુતીબાઈ અને પિતા રામાભાઈના ઘરે બેલડા રૂપે બે કન્યાઓએ જન્મ લીધો. એકનું નામ વેજી અને બીજીનું નામ લહેરી પાડવામાં આવ્યું.

તેમાંથી વેજીનું પુણ્ય કાંઈક જોર કરતું હતું. તેમની માતા, પાર્વતીબેન છગનલાલ બખાઈ નામના જૈન શ્રાવિકાના ઘરે કામકાજ કરવા જતા તેની સાથે નાનકડી વેજી પણ જતી હતી. જૈન કુળના આચારો જોઈને વેજીના પૂર્વ જન્મના સંસ્કારો જાગ્રત થઈ ગયા. પરિણામે તે પણ રોજ દેરાસરમાં જઈને પ્રભુદર્શન કરવા લાગી. આથી પાર્વતીબેનને તેના પ્રત્યે સવિશેષ

વાત્સલ્યભાવ ઉત્પન્ન થયો.

એક વખત પાલિતાણામાં શાસનપ્રભાવક પ. પૂ. **આચાર્ય ભગવંત શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી** મ.સા.ની નિશ્રામાં ઉપધાન તપનું આયોજન થયું હતું. સુશ્રાવિકા શ્રી પાર્વતીબેનની સાથે વેજીએ પણ ઉપધાન તપમાં પોતાનું નામ લખાવી દીધું. ઉપધાનની આરાધના કરતાં કરતાં સત્સંગ અને પૂર્વના પુણ્ય પ્રતાપે તેના મનમાં સંયમની ભાવના જાગ્રત થઈ ગઈ.

...અને આખરે માતા-પિતાની અનુમતિ મેળવીને વેજીએ શેઠાણી પાર્વતીબેનના બ્હેન મહારાજ પૂ. **સાધ્વીશ્રી જયશ્રીજી** મ.સા. સાથે સંયમની તાલીમ તેમજ જ્ઞાનાભ્યાસ માટે વિહાર કરવાનો પ્રારંભ કરી દીધો.

કૌટુંબિક સંયોગોવશાત્ વ્યાવહારિક શિક્ષણથી વંચિત રહેલ વેજીએ પ્રથમ તો લેખન-વાંચન પૂરતું ભાષા જ્ઞાન મેળવી લીધું તેમજ પ્રાથમિક ધાર્મિક અભ્યાસ કરી લીધો. ત્યારબાદ મહેસાણા નગરે સંયમ સ્વીકારીને **પ.પૂ. આ. શ્રી ભક્તિસૂરીશ્વરજી** મ. સા. (સમીવાળા) ના આજ્ઞાવર્તિની **પૂ.સા.શ્રી જયશ્રીજી** મ. સા. ના શિષ્યા (સંસારસંબંધે સુપુત્રી) (હાલ પ્રવર્તિની) **પૂ.સા.શ્રી લાવણ્યશ્રીજી** મ.સા. ના ચરણોમાં જીવન સમર્પિત કર્યું. વેજીબેન મટીને તેઓ હવે **પૂ. સા. શ્રી વીરપ્રભાશ્રીજી** તરીકે જાહેર થયા.

ગુરુકૃપાથી સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ, કર્મગ્રંથ આદિના અભ્યાસ સાથે વર્ષીતપ, વીશસ્થાનક, આયંબિલ આદિ તપ દ્વારા આત્માને હળુકર્મી બનાવ્યો. ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, માલવા, મેવાડ, મારવાડ આદિના અનેક તીર્થોની યાત્રા દ્વારા દર્શનશુદ્ધિ કરી. શાંતપ્રકૃતિ, સુમધુર કંઠ આદિને લીધે સારી લોકચાહના પ્રાપ્ત કરી.

૪૫ વર્ષના દીર્ઘચારિત્ર પર્યાયને ધારણ કરતા તેઓશ્રી પોતાના શિષ્યા-પ્રશિષ્યા પરિવાર સાથે આ વર્ષે સાંતાક્રૂઝ મુકામે ચાતુર્માસ બિરાજમાન છે.

## ૧૧૪ : ૬૨ પૂનમે શંખેશ્વરની યાત્રાં કરતા કૃષ્ણ મનુસ્વામી સેટીઆર (મદ્રાસી બ્રાહ્મણ)

મૂળ મદ્રાસના વતની પરંતુ ઘણા વર્ષોથી મુંબઈ-મલાડમાં રહેતા કૃષ્ણ મનુસ્વામી સેટીયાર (ઉ.વ.૪૪)ને ૨૪ વર્ષની ઉંમરથી જૈન યુવાન મિત્રોની સોબતથી જૈનધર્મનો રંગ લાગ્યો.

યુવા પ્રતિબોધક પ્રખર પ્રવચનકાર પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા., પ.પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા., પ.પૂ.આ. શ્રી હેમરત્નસૂરિજી મ.સા. તથા પ.પૂ. આ. શ્રી યશોવર્મસૂરિજી મ.સા. આદિના પ્રવચનો મિત્રો સાથે તેમણે પણ સાંભળ્યા અને ઉત્તરોત્તર જૈન ધર્મ પ્રત્યેનું આકર્ષણ વધતું ગયું.

સત્સંગના પ્રભાવે તેઓ ઘણા વર્ષોથી નીચે મુજબ નિત્ય તેમજ નૈમિત્તિક જૈન ધર્મની આરાધનાઓ કરી રહ્યા છે.

(૧) રોજ સવારે ૫ાા થી ૮ાા સુધી જિનાલયમાં પ્રક્ષાલ પ્રભુપૂજા તથા ૧૦૮ નવકારનો જાપ કરે છે.

(૨) યાવજ્જીવ માટે કંદમૂળનો ત્યાગ કરેલ છે.

(૩) અનુકૂળતા મુજબ રાત્રે પ્રાયઃ ચૌવિહાર કે તિવિહાર કરે છે.

(૪) રોજ પાંચ ટાઈમથી વધુ વખત ન વાપરવાનો અભિગ્રહ લીધેલ છે. તેમાં ચા પીએ તો પણ ૧ વખત ગણાય.

(૫) પાંચ વાર અઠ્ઠાઈ તપ કરેલ છે.

(૬) પર્યુષણના ૮ દિવસ પ્રતિક્રમણ કરે છે.

(૭) ૧૬ વર્ષથી દર કાર્તિક પૂનમે તથા ૩ વર્ષથી દર ફાગણ સુદિ તેરસના સિદ્ધગિરિ મહાતીર્થની યાત્રા અચૂક કરે છે.

(૮) બે વર્ષથી દર પૂનમે શંખેશ્વરની યાત્રા કરે છે.

તેમના બંને લઘુબંધુઓ રાજુભાઈ તથા આનંદભાઈ પણ રોજ દેરાસરમાં પ્રભુદર્શન કરે છે.

ત્રણે ભાઈઓના ધર્મપત્નીઓ તથા બાળકો પણ રોજ દેરાસરમાં જિનપૂજા કરે છે !...

તેમનું સરનામું નીચે મુજબ છે.

કૃષ્ણ મનુસ્વામી સેટીયાર

અંકુર-A ૪૦૪-૪૦૫.

તુરલ પાકાડી રોડ,

લીબર્ટી ગાર્ડન હાઉસીંગ સોસાયટીની સામે,

મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪

ફોન: ૮૮૯૮૮૮૪ (ઘરે) ૮૮૯૮૨૬૨ (ઑફિસ)

## ૧૧૫ : વર્ષીતપ, સિદ્ધિતપ, સોળભત્તું આદિ તપ કરતા સાહેબસિંહ લખુભા જાડેજા (ક્ષત્રિય)

મૂળ ધ્રાફાના વતની પરંતુ હાલ ધોરાજી (સૌરાષ્ટ્ર)માં રહેતા શ્રી સાહેબસિંહ લખુભા જાડેજા જ્ઞાતિયે ક્ષત્રિય હોવા છતાં ધોરાજીમાં ચાતુર્માસાર્થે પધારતા લીંબડી સંપ્રદાયના સ્થાનકવાસી મહાસતીજીઓના વ્યાખ્યાન શ્રવણથી જૈન ધર્મથી રંગાયા. સત્સંગપ્રેમી સાહેબસિંહની વ્યાખ્યાનમાં અચૂક હાજરી હોય જ. સંગ તેવો રંગ અને સોબત તેવી અસર. પરિણામે અત્યાર સુધીમાં તેમણે એકાંતરા ઉપવાસથી વર્ષીતપ, આયંબિલથી વર્ષીતપ, સિદ્ધિતપ, પર્યુષણમાં અઠ્ઠાઈ વિગેરે અનેક તપશ્ચર્યાઓ કરેલ છે.

છેલ્લે ગોંડલ સંપ્રદાયના બા. બ્ર. પૂ. રાજેશમુનિ મ.સા. શેષકાળમાં ધોરાજી પધારેલ ત્યારે તેમના સુંદર ચારિત્ર અને વ્યાખ્યાન વાણી તેમજ ધર્મચર્ચાથી ખૂબ જ પ્રભાવિત થયેલા સાહેબસિંહે રાજકોટમાં ભક્તિનગર ઉપાશ્રયે તેમની નિશ્રામાં ૧૬ ઉપવાસ કરી પોતાની જાતને ધન્ય બનાવેલ.

## ૧૧૬ : ૧૧ વર્ષથી દર પોષદશમીના અઠ્ઠમ કરતા શંખેશ્વરના પોલીસ જમાદાર જોરાવરસિંહજી

મૂળ ભાલક (તા. વિસનગર, જિ. મહેસાણા)ના વતની પરંતુ હાલ શંખેશ્વરમાં રહેતા પોલીસ જમાદાર શ્રીજોરાવરસિંહજી વી. રાવ (બારોટ) (ઉં.વ.૪૫) છેલ્લા ૧૧ વર્ષથી દર વર્ષે પોષદશમીના હજારો ભાવિકોની સાથે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતની અઠ્ઠમમાં જોડાય છે. ચા-કોફી-બીડી-સીગરેટ-પાન-દારૂ વિગેરે કોઈ વ્યસન તેમના જીવનમાં નથી !!!...શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે તેમને ખૂબ જ શ્રદ્ધા છે.

ઈ.સ. ૧૯૮૬ થી ૧૯૯૬ સુધી તેઓ શંખેશ્વરમાં પોલીસ જમાદાર તરીકે હતા. ત્યારબાદ ૧ વર્ષ માટે તેમની બદલી મોઢેરા ગામમાં થયેલ. હાલ પુનઃ શંખેશ્વરમાં તેમની બદલી થયેલ છે.

તેમના ધર્મપત્ની કમળાબેને પણ પાંચ વાર અઠ્ઠમ તપ કરેલ છે.

તેમની ૨ પુત્રી તથા ૧ પુત્રમાંથી પુત્રી મિત્તલબેન કંદમૂળાદિનું ભક્ષણ કરતી નથી તેમજ એકાશણા, આયંબિલ આદિ તપશ્ચર્યા પણ કરે છે.

# ૧૧૭ : ૨૫ વર્ષની યુવાવસ્થામાં, વર્ષમાં માત્ર ૨ કલાકની જ જયણા સાથે યાવજ્જીવ બ્રહ્મચર્ય વ્રત સ્વીકારતા આકોલાના રતિલાલભાઈ

આજથી ૩૦ વર્ષ પહેલાંની વાત છે. મહારાષ્ટ્રમાં આકોલા શહેરમાં સાગર સમુદાયના એક મહાન તપસ્વી મુનિરાજ શ્રીનવરત્નસાગરજી મ.સા. (હાલ આચાર્ય) ઉપાશ્રયમાં બિરાજમાન હતા. તેઓશ્રીની પાસે ૨૫ વર્ષની વયના રતિલાલભાઈ નામે એક યુવાન શ્રાવક આવ્યા. વંદનવિધિ કરીને તેમણે આચાર્ય ભગવંતશ્રીને અભિગ્રહ પચ્ચક્ખાણ આપવાની વિનંતિ કરી. પૂજ્યશ્રીએ પૂછ્યું : 'ભાગ્યશાળી ! શેનો અભિગ્રહ લેવો છે ?' જવાબ મળ્યો : 'બ્રહ્મચર્યનો' !... 'કેટલા દિવસનો ?'...'મહિનામાં ૨૮ દિવસ સુધી, કાયમ માટે !'...રતિલાલભાઈની ભરયુવાવસ્થા અને વિશિષ્ટ રૂપ વિગેરે જોઈને પૂજ્યશ્રીએ પૂછ્યું - 'બરાબર સમજી વિચારીને નિર્ણય કર્યો છે ને ?' - શ્રાવકે કહ્યું : 'જી હા. આમ તો મારે લગ્ન કરવાની ઈચ્છા જ ન હતી. પરંતુ ન છૂટકે કર્મસંયોગે લગ્ન કરવા પડ્યા છે. છતાં પુણ્યયોગે પાત્ર મારી ભાવનાને અનુકૂળ મળ્યું છે. તેથી વ્રતપાલનમાં જરાય વાંધો નહિ આવે.

પૂજ્યશ્રીએ સાનંદ પચ્ચક્ખાણ સાથે આશીર્વાદ આપ્યા. પરંતુ આ શું ?... થોડા દિવસો બાદ ફરી એ શ્રાવક મ.સા. પાસે આવ્યા અને અભિગ્રહ પચ્ચક્ખાણ આપવાની વિનંતિ કરી. પૂજ્યશ્રીએ પૂછ્યું : 'હવે શેનો અભિગ્રહ લેવો છે ?'...જવાબ મળ્યો - 'બ્રહ્મચર્યનો' !!!... 'એ અભિગ્રહ તો તમે હજી થોડા દિવસ પહેલાં જ લઈ ગયા છો ને ?'

'જી હા, પરંતુ પાછળથી વિચાર આવ્યો કે મહિનામાં બે દિવસ એટલે ૪૮ કલાક સુધી મારે અવિરતિનું ભયંકર પાપ શા માટે વહોરવું ? એટલે હવે એ છુટા રાખેલા બે દિવસમાં પણ માત્ર પાંચ-પાંચ મિનિટની જયણા રાખીને બાકીના સમય માટે પણ બ્રહ્મચર્યના પચ્ચક્ખાણ યાવજ્જીવ માટે આપી દો જેથી વર્ષમાં કુલ ૨ કલાક સિવાયનો બાકીનો સમય તો મારો વિરતિમય બને !!!'...

આવો અદ્‌ભુત પ્રત્યુત્તર સાંભળીને મુનિરાજ પણ આશ્ચર્ય ચકિત થઈ ગયા. સુશ્રાવક શ્રી રતિલાલભાઈની પાપભીરુતા અને વિરતિપ્રેમ પ્રત્યે ઓવારી ગયા. અને ખૂબ ખૂબ આશીર્વાદ સાથે તેમને પચ્ચક્ખાણ આપ્યા.

આવા મહાન શ્રાવકરત્ન રતિલાલભાઈ આજે હયાત નથી પરંતુ ઉપરોક્ત પૂ. આચાર્ય ભગવંતશ્રીના શ્રીમુખેથી આ વર્ષે જ જેઠ વદિ ચોથના શંખેશ્વર તીર્થમાં આ દૃષ્ટાંત સાંભળીને અત્રે રજુ કરેલ છે.

રતિલાલભાઈના દૃષ્ટાંત દ્વારા તેઓશ્રીએ અનેક આત્માઓને બ્રહ્મચર્યના વિશિષ્ટ અભિગ્રહ આપ્યા છે ! બલિહારી છે શ્રીજિનશાસનની કે જેમાં આવા શ્રાવકરત્નો પાકતા રહે છે !!!...

## ૧૧૮ : અઠ્ઠાઈથી વર્ષીતપના આરાધક તપસ્વી નવીનભાઈ

મુંબઈની ભાઈંદર નગરી.

તેમાં વસનાર શ્રી નવીનભાઈ.

**અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ કરી વરસીતપ કર્યું.**

સં. ૨૦૫૩ની સાલમાં અખાત્રીજે વાલકેશ્વરમાં પારણું કર્યું...ફાગણ વદિ ૧૨ એ છેલ્લું બ્યાસણું કર્યું. પછી કાળઝાળ ગરમીમાંય મસ્ત રીતે ૩૩ ઉપવાસ કર્યા !...આજની તારીખે એમના મનોરથો મનમાં રમે છે- 'એકાદ વરસ આ શરીર બરાબર જામી જાય તો માસક્ષમણના પારણે માસક્ષમણ કરું !'... આ પડતો કાળ એ ભલે માઈનસ પોઈન્ટ હોય પણ એ કાળમાંય મસ્તક ઝુકાવી દે તેવા આરાધકો એ પ્લસ પોઈન્ટ છે.

## ૧૧૯ : સંસારમાં પડવા છતાં પડ્યા નથી રહ્યા !

કચ્છ માંડવી શહેર.

ચાતુર્માસ પ્રવેશ બાદ એક શ્રાવકના ઘરે ગોચરી જવાનું બનેલ. શ્રાવક-શ્રાવિકાની ઉંમર ૩૨/૩૫ વર્ષની અંદાજિત...બન્ને જણાએ ગોચરી વહોરાવવાની પૂર્વે બ્રહ્મચર્યના પચ્ચક્ખાણ માગ્યા...ચાર માસના બ્રહ્મચર્યની સ્વીકારેલ પ્રતિજ્ઞા પ્રભુકૃપા/ગુરુકૃપાએ સુંદર આરાધી રહ્યા છે. આગમપ્રજ્ઞ પૂ. મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજની નિશ્રામાં ચારિત્ર સ્વીકારવાની ભાવના હોવા છતાં કોઈક ભોગાવલી કર્મના ઉદયે સંસારમાં પડ્યા ભલે પણ પડ્યા નથી રહ્યા.બન્ને બાળકોને શ્રુતજ્ઞાનની ખૂબ આરાધના કરાવી રહ્યા છે.

## ૧૨૦ : સુપાત્રદાનના અદ્‌ભુત પ્રેમી જામનગરના મંગળાબેન (મહાવીર બાંધણીવાલા)

આ શ્રાવિકાની ઉદાર ભક્તિ અહોભાવ જગાડી દે. કોઈ પણ સમુદાયના સાધુ-સાધ્વી જામનગર પધારે ત્યારે પોતાના ઘરે અચૂક પગલા કરાવે. ગ્લાન-વૃદ્ધ-સ્થિરવાસ રહેલા શ્રમણ-શ્રમણીઓની દિલથી ભક્તિ કરે...ચોખ્ખા દૂધ-દહીંથી સુપાત્ર ભક્તિ કરી મનોરથ સેવે ! આગામી જન્મે મનેય આ પાત્રા મળે !...

## ૧૨૧ : કચ્છ દેશલપુરના લક્ષ્મીબેન ખેતશીં વિસરીયા

સત્સંગનો પ્રભાવ કહો કે ધર્મના રંગે રંગાયા પછી આરાધનાની સાથે સાથે ઉછળતી ભક્તિ ઉરમાં વસી..

સાધુ-સાધ્વીજીના પાત્રા દેખી હૈયું હરખાય...આ વ્હોરાવું...આ આપું...આ વસ્તુ શ્રમણ-શ્રમણીઓના સંયમ યોગને પુષ્ટ કરશે...'બાઈ' ના હુલામણા નામને સાર્થક કરી પોતાના પુત્રો હરખચંદભાઈ/ખુશાલભાઈ તેમજ પુત્ર વધુઓને એ વારસો આપી વેદનાની વચ્ચે વંદના કરતા સમાધિ-મરણને પામ્યા. ભાયખલા/વડાલા ખાતે એમના પરિવારની સુવાર પ્રસરેલ છે...નાનામાં નાના કર્મચારી-પૂજારી, સાધુ-સાધ્વીજી સાથે રહેલ સેવકની જરૂરીયાત, ખ્યાલ કરી એની ભક્તિ કરી રહ્યા છે.

## ૧૨૨ : ચંદ્રપ્રભાબેન વલ્લભજી. કચ્છ-શેરડીવાલા (હાલે સાંગલી)

સવારથી સાંજ સુધી દેહ ભલે ઘરમાં હોય પણ ચિત્ત દેરાસર-ઉપાશ્રયમાં રમતું હોય ! ચાતુર્માસ પહેલા છેલ્લા ૫/૬ વર્ષથી મહારાષ્ટ્ર/કચ્છ, ક્યારેક અમદાવાદ-પાલિતાણાના ઉપાશ્રયે-ઉપાશ્રયે બે-બે મોટર ભરી જુદા જુદા ઉપકરણો લઈ વ્હોરાવવા નીકળી પડે...! પોતાના બેન-બનેવી કચ્છ નરેડીના શ્રી ખેરાજભાઈ ખીમજી ને સાથે લઈ જુદા જુદા

ઉપકરણો, વસ્ત્ર-પાત્ર-ઉપધિ-દેશી દવાઓ, અણાહારી દવાઓ આદિ વ્હોરાવી સુપાત્રની ભક્તિ કરે...દરેક સાધુ-સાધ્વીજીની જરૂરીયાત પ્રમાણે લક્ષ રાખે...છેલ્લે આશીર્વાદ માંગે સાહેબ ! એવા આશિષ આપો કે આવતા જન્મે આ શ્વેત વસ્ત્રો મળે...એનું સાન્નિધ્ય મળે...સંપત્તિની સાથે સુકૃતની દ્રષ્ટિ અહોભાવ જન્માવી જાય...!

● દૃષ્ટાંત નં. ૧૧૮ થી ૧૨૨ના લેખક તેજસ્વી વક્તા **મુનિરાજશ્રી દેવરત્નસાગરજી** છે.

# ૧૨૩ : શ્રી કે. પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટના સુકૃતોની હાર્દિક અનુમોદના

ભારતમાં ટ્રસ્ટો અનેક છે, પરંતુ નિઃસ્વાર્થભાવે, પરોપકારાર્થે, ધર્મોદ્ધારક અને જનહિત કાર્યોમાં સદા પ્રવૃત્તિશીલ ટ્રસ્ટ તરીકે **શ્રી કે.પી.સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ** એક અજોડ સંસ્થા છે.

માલગાંવ (જિ. સિરોહી-રાજસ્થાન) નિવાસી માતુશ્રી કનીબેન તથા પિતાશ્રી પૂનમચંદના અનેકવિધ સુકૃતોની અનુમોદનાર્થે તેમજ તેઓશ્રીનું ઋણ યત્ કિંચિત્ અંશે પણ અદા કરવાની ભાવનાથી, 'ધર્મવીર, આબુ ગોડરત્ન' (૧) **સુપુત્રશ્રી હજારીમલજી પૂનમચંદ સંઘવી** (૨) **સુપુત્રશ્રી બાબુલાલજી પૂનમચંદ સંઘવી** તેમજ (૩) **પૌત્ર શ્રી કિશોરભાઈ હજારીમલ સંઘવી (શ્રી કે.પી.સંઘવી પરિવાર)** દ્વારા સંસ્થાપિત ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા કરાતા અનેકવિધ ઉત્તમ અને અનુમોદનીય સત્કાર્યોની માહિતિ **શ્રી પ્રકાશભાઈ કે. સંઘવી** દ્વારા આ પુસ્તકના કંપોઝની પૂર્ણાહુતિ વખતે સંપ્રાપ્ત થઈ છે તે અન્યને પ્રેરણા અને અનુમોદનાનો લાભ મળે તેમજ ટ્રસ્ટને શુભેચ્છાઓ રૂપી શક્તિ પ્રાપ્ત થાય એ હેતુથી અત્રે રજુ કરવામાં આવે છે.

(૧) **શ્રી કે. પી. સંઘવી રીલિજીયસ ટ્રસ્ટ :** આ ટ્રસ્ટ તરફથી જિનાલયોના જીર્ણોદ્ધાર અને નૂતન જિનાલયના નિર્માણમાં સહયોગ આપવામાં આવે છે. જિનાલયો માટે પ્રભુ પ્રતિમાજીઓ અર્પણ કરવામાં આવે છે. સાથે ચાંદીના ૧૪ સ્વપ્નો, પારણું, પરમાત્માના ચક્ષુ, ટીકા આપવા આદિ પરમાત્મભક્તિના કાર્યો કરવામાં આવે છે.

(૨) **શ્રી કે. પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ :** ભારત સરકાર તરફથી "લાડલા"

રાષ્ટ્રીય એવોર્ડને પામેલા આ ટ્રસ્ટ તરફથી સાધર્મિક ભક્તજનોને જરૂરિયાત મુજબ દવાઓ આદિની સેવા-સારવાર તથા શૈક્ષણિક પ્રવૃત્તિમાં જરૂરિયાત મુજબ સહાય આપવામાં આવે છે.

(૩) તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાર્થે પધારતા ભાવિક ભક્તોને ઉપર ચડતાં-ઉતરતાં શીતળ છાયા અને નૈસર્ગિક વાતાવરણ મળે તે માટે મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવેલ છે.

(૪) **શ્રી સિદ્ધાચલજી ભક્તિ ટ્રસ્ટ** :- આ ટ્રસ્ટ દ્વારા શ્રી શત્રુંજય મહાતીર્થમાં પધારતા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની ભક્તિ, દીક્ષાર્થી ભાઈ-બહેનોની ભક્તિ તેમજ 'કે. પી. સંઘવી ભક્તિગૃહ'માં પધારનાર યાત્રિકોની ભક્તિ કરવામાં આવે છે.

(૫) **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભક્તિ ટ્રસ્ટ** :- આ ટ્રસ્ટ દ્વારા પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીની ભક્તિ માટે પધારતા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની ભક્તિ કરવાનું તથા યાત્રિકો માટે સારી સુવિધાવાળી ધર્મશાળા બનાવવાનું કાર્ય નિર્માણાધીન છે.

(૬) **શ્રી સુમતિ જીવરક્ષા કેન્દ્ર પાવાપુરી** :- આ ટ્રસ્ટ દ્વારા જીવદયાના મહાન કાર્યો કરવાની ટ્રસ્ટ સંચાલકોની ઊંચી ભાવના છે. સિરોહી જિલ્લામાં કૃષ્ણગંજ (રાજસ્થાન)માં વિશાળ જગ્યાની અંદર ગૌશાળા, પાંજરાપોળ દ્વારા અનેક પ્રકારના જીવદયાના કાર્યો કરવાનું ટ્રસ્ટનું આયોજન છે.

**કોઈપણ જગ્યાએ મહાજન યા સંઘ દ્વારા ૩૦૦ કે તેથી વધારે પશુઓનો સમાવેશ થાય તેવી પાંજરાપોળનું નિર્માણ થતું હોય તો આ કેન્દ્ર દ્વારા પાંચ લાખ રૂ.નું દાન આપવામાં આવે છે.**

(૭) કોઈપણ ગામમાં ચૌદ સુપના, પારણું, ત્રિગડું, ભંડાર તથા જિનાલયને ઉપયોગી વસ્તુઓની જરૂરિયાત હોય તેમજ પરમાત્માની મૂર્તિઓ યા પ્રતિમાજી માટે ચક્ષુ-ટીકાની જરૂર હોય તો ગામમાં જૈનોના ઘરની સંખ્યા આદિ માહિતિ સાથે શ્રી કે. પી. સંઘવી રીલિજીયસ ટ્રસ્ટને જણાવવા વિનંતિ છે. તેઓ તમામ સેવા ભક્તિ કરવા તુરત પ્રયત્નશીલ બનશે.

આ ટ્રસ્ટની શાસન સેવાની આવી અનેકવિધ ઉત્તમ કાર્યવાહી-તીર્થોદ્ધારક કાર્યો, સાધુ-સાધ્વીજીની ભક્તિ, સાધર્મિક ભક્તિ,

જીવદયાના કાર્યો, વિગેરે દિન-પ્રતિદિન વૃદ્ધિ પામે, સર્વની શુભેચ્છાઓ સંપ્રાપ્ત થાય અને મોક્ષમાર્ગમાં આગેકૂચ કરવામાં સહુને સહાયક બને એવી હાર્દિક શુભેચ્છાઓ.

**સરનામા**

(૧) ૨૦૧, અલ્પા એપાર્ટમેન્ટ, બડુંગરા નાકા, લાલ દરવાજા, સુરત
ફોન : ૦૨૬૧-૪૨૧૨૫૧/૪૨૬૧૫૩

(૨) ૧૩૦૧ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪
ફોન : ૦૨૨-૩૬૩૦૩૧૫/૩૬૩૦૪૪૯.

# બહુરત્ના વસુંધરા

ચાલો અનુમોદના કરીએ

## ભાગ - ૪થો

પંચ પરમેષ્ઠી ભગવંતો
તેમજ પ્રાચીન મહાપુરુષોના કેટલાક
અનુમોદનીય દૃષ્ટાંતો

# *સુકૃત અનુમોદના

**સુકૃત અનુમોદનાનું ફળ :-** સુકૃત અનુમોદનાના અનેક લાભો છે. અહીં માત્ર થોડા લાભો આપણે વિચારીએ.

**(૧) સુકૃત અનુમોદનાથી ભવ્યત્વનો પરિપાક.**

સુકૃત અનુમોદનાથી ભવ્યત્વનો પરિપાક થાય છે અને મુક્તિ નિકટ બને છે.

**(૨) સુકૃતની અનુમોદના એ સુકૃતનું બીજ છે.**

સુકૃતની અનુમોદના એ સુકૃતના પક્ષપાત રૂપ હોઈ સુકૃતના બીજનું આત્મક્ષેત્રમાં વાવેતર કરનાર થાય છે, અર્થાત્ જે જે સુકૃતોની આપણે ભાવપૂર્વક અનુમોદના કરીએ તે સુકૃતોની આપણને પણ ભવિષ્યકાળમાં પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રકારોએ ધર્મની પ્રશંસામાં ધર્મને પામવાનું બીજ કહ્યું છે, તે અનુસારે સુકૃતની અનુમોદના પણ સુકૃતને પામવાના બીજ રૂપ બની જાય છે.

**(૩) સુકૃતની અનુમોદનાથી પુણ્યપ્રકૃતિના રસની વૃધ્ધિ.**

આપણે કરેલાં સુકૃતોની જગતમાં શાબાશી મેળવવાના આશયથી નહીં, પણ અંતરાત્માની સાક્ષીએ અનુમોદના કરવાથી સુકૃત વખતે બંધાયેલ પુણ્ય અનેકગણું વિસ્તૃત બની જાય છે.. સુકૃતની અનુમોદનાથી પુણ્યના ગુણાકાર થાય છે. સુકૃતની નિંદાથી પુણ્યના ભાગાકાર થાય છે. એટલું જ નહીં પણ સુકૃતની નિંદાથી અંતરાય આદિ નવાં કર્મો પણ ઊભા થાય છે.

આના માટે મમ્મણ શેઠનું દ્રષ્ટાંત પ્રસિધ્ધ છે.

પૂર્વ ભવમાં (સુપાત્ર) મુનિને મોદક વહોરાવવાના સુકૃતથી તેમણે પુણ્ય સંચય કર્યો. હૃદયના ઉત્તમ ભાવ સાથે અત્યંત ઉલ્લાસપૂર્વક દાન આપવાથી સુકૃત કર્યા પછી પણ થોડા સમય સુધી પરિણામની ધારા નિર્મળ રહેવાથી અનુમોદના કરી પુણ્યના ગુણાકાર કર્યા. પણ ત્યાર પછી પાડોશી દ્વારા મોદકની વિશિષ્ટતા ખ્યાલમાં આવતાં પશ્ચાત્તાપ કર્યો, તેથી વિસ્તૃત પુણ્યના ભાગાકાર થયા.

જેના પરિણામે દિવ્ય સંપત્તિ આપનાર પુણ્ય હોવા છતાં મનુષ્યપણાની ઋદ્ધિ

*વૈરાગ્ય દેશના દક્ષ પ.પૂ. આ. ભ.શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. દ્વારા લિખિત 'મુક્તિ નું મંગલ દ્વાર' માંથી સાભાર ઉધ્ધૃત.

મેળવી.

તેથી આગળ વધીને મુનિ પાસેથી લાડવો પાછો માગ્યો. મુનિએ ન આપતાં ધૂળમાં રગદોળી નાંખ્યો. આમ મુનિને અંતરાય કરવાથી પોતે ઘોર અંતરાય કર્મ બાંધ્યું, જેના પરિણામે શ્રેણિક મહારાજાથી પણ વધુ સંપત્તિ હોવા છતાં પોતે માત્ર તેલ-ચોળાનું ભોજન અને ઢીંચણ સુધીના વસ્ત્ર સિવાય બીજું કંઈપણ ભોગવી શક્યો નહીં.

વળી સુપાત્ર દાનની નિંદા-પશ્ચાત્તાપરૂપ પરિણામના કારણે નારકીમાં લઈ જનાર અનુબંધ ઊભો કર્યો, જેના પ્રભાવે પ્રાપ્ત થયેલ સંપત્તિ તેને મૂર્ચ્છા ઊભી કરાવી સાતમી નરકમાં લઈ ગઈ.

માટે જીવનમાં કદી પોતાના કે બીજાના સુકૃતોની નિંદા તો કરતા જ નહિ.

દેખીતું નાનું એક જ વખતના સુપાત્રાદાનનું સુકૃત હોવા છતાં શાલિભદ્ર, ધન્ના વગેરેને જે વિશાળ સુખોની, શુભ પરંપરા પ્રાપ્ત થઈ, તેમાં અનુમોદના એ જ વિશિષ્ટ કારણ જણાય છે.

**(૪) સુકૃત-અનુમોદવાથી શુભના અનુબંધની પ્રાપ્તિ અને વૃધ્ધિ દ્વારા ભવાંતરમાં દેવ-ગુરુ-ધર્મ આદિ શુભ સામગ્રીની પ્રાપ્તિ :-**

સુકૃત-અનુમોદનાનું વિશિષ્ટ ફળ છે-શુભ કર્મની પરંપરાની વૃધ્ધિ.

પંચસૂત્રકાર મહર્ષિ ફરમાવે છે કે -

**आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा । साणुबंधं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभावज्जिअं नियमफलयं सुपउत्ते विअ महागए सुहफले सिआ, सुहपवत्तगे सिआ, परमसुहसाहगे सिआ।**

ભાવાર્થ :- આનાથી (સુકૃત-અનુમોદનાથી) શુભ કર્મના અનુબંધનો સંચય થાય છે, પોષણ થાય છે અને નિર્માણ થાય છે. તથા અનુબંધવાળું એવું શુભ કર્મ પ્રકૃષ્ટ બને છે. પ્રકૃષ્ટ ભાવથી ઉપાર્જિત થાય છે. અને સમ્યગ્ રીતે યોજાયેલ મહા-ઔષધની જેમ શુભ ફળને નિયમા આપનાર થાય છે. શુભ પ્રવૃત્તિને કરાવનાર થાય છે અને પરમસુખનું એટલે કે મુક્તિનું સાધક બને છે.

સુકૃતોની અનુમોદના સુકૃતના પક્ષપાત રૂપે હોઈ, સુકૃતથી ઊભું થયેલ પુણ્ય જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે આત્માને શુભમતિ આપે છે, અને તે શુભમતિ દ્વારા નવાં સુકૃતો કરાવી પુણ્ય પરંપરાનો વિસ્તાર કરે છે, આમ વિસ્તૃત થતું પુણ્ય દેવાધિદેવ;

અથવા કેવળજ્ઞાની ભગવંતો વગેરે ઉત્તમોત્તમ આત્માઓની સાક્ષાત્ પ્રાપ્તિ કરાવવા દ્વારા જીવનમાં આરાધના વધારીને મોક્ષના ફળને જલદીથી પમાડે છે.

ટૂંકમાં, જો સુકૃતની અનુમોદના સાચા હૃદયના ભાવથી ઉલ્લાસપૂર્ણ હૃદયે થાય તો છેક મોક્ષની પ્રાપ્તિ થાય ત્યાં સુધી આ અનુમોદના સંસારમાં સુકૃતની સામગ્રીવાળા સદ્ગતિના ભવો અને સુખની પરંપરાને આપે છે.

**(૫)સુકૃત અનુમોદનાથી ઈર્ષ્યા-મત્સરભાવનો નાશ :-**

આજે જગતમાં વ્યાપક બનેલો મહાન દોષ છે ઈર્ષ્યા-મત્સર-અદેખાઈ. સુકૃત અનુમોદનામાં પરના સુકૃતની અનુમોદના પણ આવતી હોવાથી ઈર્ષ્યાવૃત્તિનો નાશ થાય છે. ઈર્ષ્યાદોષથી માણસ પારકાનું સારું જોઈ શકતો નથી. લાખોપતિ પણ બીજાને આધીન લક્ષ્મી જોઈને બળે છે. અને તેથી પોતાને મળેલ સામગ્રીના સુખને પણ ભોગવી શકતો નથી. દેવતાઓ પણ ઈર્ષ્યાવૃત્તિથી પરસ્પર ઝઘડે છે અને ક્લેશ કરે છે. ધર્મની પ્રવૃત્તિઓમાં પણ ઈર્ષ્યાવૃત્તિઓ ઘણે ઠેકાણે પેસી જઈને ધર્મના ફળથી વંચિત રાખે છે. અને નાહક કર્મ બંધ કરાવી જીવને દુ:ખમાં ફેંકી દે છે. મારા મહોત્સવ કરતાં બીજેનો મહોત્સવ સારો ન થવો જોઈએ. મારા કરાવેલા ઉપધાન કરતાં બીજાનાં વધુ સારાં ન દેખાવાં જોઈએ, વગેરે અનેક પ્રકારની વૃત્તિઓ ધર્મક્રિયા કરનારાઓના હૈયામાં પણ ઘર કરી જાય છે. પરિણામે ધર્મક્રિયાઓ પણ કલુષિત બની જાય છે, જેથી ધર્મક્રિયાઓ કરવા છતાં જીવ દુર્ગતિને પામે છે.

**ઈર્ષ્યાવૃત્તિના અનિષ્ટ ફળ ઉપર કુંતલા મહારાણીનું દ્રષ્ટાંત**

શ્રાધ્ધવિધિ નામના ગ્રંથમાં એક દ્રષ્ટાંત આવે છે.

પૃથ્વીપુર નગરમાં જિતશત્રુ રાજા છે, તેને કુંતલા નામે મુખ્ય પટરાણી છે. બીજી પણ અનેક રાણીઓ છે. કુંતલા રાણી જિનધર્મમાં ખૂબ દ્રઢ છે. તેણે ધીમે ધીમે પોતાના સંગથી અન્ય રાણીઓને પણ ધર્મમાં જોડી દીધી. બધી રાણીઓ પણ તેના ઉપર બહુમાનને ધરતી જિનધર્મની સુંદર આરાધના કરવા લાગી.

કુંતલા રાણીએ એક ઉત્તમ પ્રકારના જિનમંદિરનું નિર્માણ કરાવ્યું અને તેમાં શ્રી જિનેશ્વરદેવની પૂજા, નૃત્ય, ગીત-ગાન આદિ દ્વારા ખૂબ ખૂબ ભક્તિ કરે છે. પ્રસંગે સાધર્મિકોની સેવા કરે છે.

અન્ય રાણીઓએ પણ તે જોઈને પોતાનાં દેરાસરો, દેરીઓ, પ્રતિમાઓ ભરાવીને પ્રતિષ્ઠાદિના મહોત્સવો શરૂ કર્યા, અને તે નિમિત્તે રોજ જિનભક્તિ, સાધર્મિક-ભક્તિ

વગેરે કરવા લાગી.

ઈર્ષ્યાવૃત્તિની ભયંકરતા જુઓ.

કુંતલારાણી પોતાના મંદિરની જિનભક્તિ, સાધર્મિકભક્તિ આદિ કાર્યોની પ્રશંસા સાંભળી હર્ષ પામે છે પણ શોક્યોનાં મંદિરાદિની પ્રશંસા સાંભળી બળે છે. તેનામાં ઈર્ષ્યાવૃત્તિ ઉત્પન્ન થાય છે. કર્મની કેવી વિચિત્રતા છે કે-સંસારનાં કાર્યોમાં તો ઠીક, પરંતુ ધર્મનાં કાર્યોમાં પણ જીવો મત્સરભાવને ધારણ કરે છે.

અન્ય રાણીઓ સરળ છે તેથી કુંતલા રાણીનાં સુકૃતની અનુમોદના કરે છે.

કુંતલા ઈર્ષ્યાભાવને છોડી શકતી નથી. આગળ જતાં તેને દુર્નિવાર રોગ ઉત્પન્ન થયો. શોક્યો ઉપરના દ્વેષભાવ, ઈર્ષ્યાવૃત્તિને કારણે મૃત્યુ પામીને તે પોતાના જ મંદિર આગળ કૂતરી તરીકે ઉત્પન્ન થઈ.

તે પૂર્વના અભ્યાસથી દહેરાસરના દરવાજા આગળ બેસી રહે છે. નોકરો વગેરે મારે, કૂટે તો પણ તે તે જગ્યા છોડતી નથી. પાછી ફરી ફરીને ત્યાં આવીને બેસે છે.

કાલાંતરે ત્યાં કોઈક કેવળજ્ઞાની ભગવંત પધાર્યા. રાણીઓએ દેશના સાંભળી. અંતે પૂછયું કે, 'અમારાં ઉપકારી કુંતલાદેવી કયા ભવમાં ગયા ?' કેવળજ્ઞાની ભગવંતે કૂતરી દેખાડીને, 'કુંતલારાણીનો જીવ આ કૂતરી તરીકે ઉત્પન્ન થયો છે'-એમ જણાવ્યું.

આ સાંભળી બધી રાણીઓ ખેદ પામી. કેવળજ્ઞાની ભગવંત પાસેથી તેનું કારણ જાણી વૈરાગ્ય પામી કૂતરીને રોજ ખાવાનું નાખીને સ્નેહથી યાદ દેવડાવે છે.

"હે મહાભાગ્યા ! તું અમારી ધર્મદાતા, ધર્માત્મા હતી. માત્ર ઈર્ષ્યાવૃત્તિથી તારી આ દશા થઈ છે. માટે તે વૃત્તિને છોડી દઈને ધર્મના ભાવમાં સ્થિર થા."

આમ વારંવાર તેમના વચનો સાંભળીને તેના મંદિર વગેરેને દેખી કૂતરીને જાતિસ્મરણ જ્ઞાન થયું.

પોતાનો પૂર્વભવ જોઈ વૈરાગ્ય પામી, સિધ્ધાદિક સમક્ષ પોતાના દ્વેષભાવનાં પાપને આલોચી નિંદા કરી, અણસણ આદરી, શુભભાવથી મૃત્યુ પામીને તે વૈમાનિક દેવી થઈ.

આમ ઈર્ષ્યાનો ભાવ એ આત્માનો પરમશત્રુ છે. મહાન દોષ છે. સુકૃતની અનુમોદના આપણી આ ઈર્ષ્યાવૃત્તિનો નાશ કરી આપણને આ મહાન દોષથી બચાવે છે.

સુકૃતની અનુમોદનાના વારંવારના અભ્યાસથી આપણને કોઈની પણ ધર્મ ક્રિયાની અદેખાઈ કરવાનું મન નહિ થાય, પરંતુ અનુમોદના કરવાનું મન થશે.

આમ સુકૃત અનુમોદનાથી આપણે એક મહાન દોષથી બચી જઈએ છીએ અને પ્રતિપક્ષી પ્રમોદભાવના મહાનગુણને પ્રાપ્ત કરીએ છીએ.

**(૬) સુકૃતાનુમોદનાથી સુકૃતની આરાધના ન કરી શકવા છતાં સુકૃતના ફળની પ્રાપ્તિ :**

ઉપદેશ પદની ટીકાની નીચેની પંક્તિઓ જુઓ.

**गुणराग-औदार्य-दाक्षिण्यादिगुण-बहुमानः कर्तव्यः । कुतोऽपि वैगुण्यात् स्वयंगुणानुष्ठानासामर्थ्येऽपि । सामर्थ्ये निबिडगुणानुरागवशाद् भावातिशयतस्तदनुष्ठानफलवन्तो भवन्ति जन्तवः ।**

ગુણોનો રાગ એટલે કે ઉદારતા, દાક્ષિણ્યતા વગેરે ગુણોનું બહુમાન કરવું જોઈએ. કદાચ કોઈ કારણસર તથા પ્રકારના ગુણના અભાવે સ્વયંગુણને અનુરૂપ દાનાદિ અનુષ્ઠાનનું સામર્થ્ય ન હોવા છતાં નિબિડ એટલે કે ગાઢ ગુણાનુરાગના વશપણાને લીધે ભાવના અતિશયપણાથી પ્રાણીઓ તે દાનાદિ અનુષ્ઠાનના ફળવાળા બને છે.

સુકૃતની ભાવપૂર્વકની અનુમોદના એ ગુણનો રાગ જ છે. ઉપદેશપદના વૃત્તિકાર પણ એ જ વાત જણાવે છે.

કોઈ કારણસર ઉદારતા-દાક્ષિણ્યતા વગેરે ગુણને અનુસરતાં દાનાદિ અનુષ્ઠાનો કરવાની શક્તિ ન હોય તેવા જીવો પણ જો ઔદાર્યાદિ ગુણોનો રાગ ને બહુમાનવાળા બને છે, તો તે ગુણોને અનુસરીને દાનાદિ અનુષ્ઠાન કરનાર જે ફળ મેળવે તે જ ફળ તે પણ (અનુમોદના કરનાર) મેળવી શકે છે.

આમ સુકૃતની અનુમોદના દ્વારા સુકૃતના સામર્થ્યના અભાવવાળા પુરુષો પણ સુકૃતનું ફળ મેળવી શકે છે.

**સુકૃત પરિમિત પણ સુકૃત અનુમોદના અપરિમિત.**

મહાનુભાવો ! આપણે જીવનમાં કેટલાં સુકૃત કરી શકીએ ! આપણે ઉલ્લાસભેર આરાધના કરીએ તો પણ જીવનમાં કેટલી આરાધના કરી શકીએ ? તમે જીવનમાં દાન કેટલું દઈ શકો ? શીલ કેટલું પાળી શકો ? તપ કેટલો કરી શકો ? શુભ ભાવો કેટલાં

ભાવી શકો ?

મહાદાનેશ્વરીનું જીવનભર દાન પણ લાખો-કરોડો, માનો કે અબજો પણ થાય, જ્યારે અનુમોદના કરવા બેસીએ અને સર્વ તીર્થંકર ભગવંતોના વરસીદાનની જ માત્ર અનુમોદના કરીએ તો પણ કેટલા મહાન દાનની અનુમોદના થઈ જાય !

આપણી જિનભક્તિ કેટલી પરિમિત ? પેથડશાહ, કુમારપાળ, વસ્તુપાળ-તેજપાળ, સંપ્રતિ વગેરે પુણ્યાત્માઓની જિનભક્તિને યાદ કરી અનુમોદના કરીએ તો કેટલી બધી અનુમોદના થાય !

આપણું શીલ, સદાચાર કે સંયમ ગણીએ તો કેટલું અને કેવું ? જ્યારે વિજયશેઠ-વિજ્યાશેઠાણીનું શીલ કેવું ? સ્થૂલભદ્રમુનિનું કેવું ? પૂર્વ કોટિના આયુષ્યવાળા જીવોનું સંયમ કેટલું બધું ?

અનંતા તીર્થંકર પ્રભુની શાસન સ્થાપના, ગણધર ભગવંતોની દ્વાશાંગીની રચનાઓ, સિધ્ધ પરમાત્માઓના શુધ્ધ આત્મસ્વરૂપ, સૂરિ ભગવંતોની જિનશાસન આરાધના, પ્રભાવનાઓ, વાચકોની શ્રુતજ્ઞાનની આરાધના, સાધુઓની પરિષહ-ઉપસર્ગો વખતે પણ અચલપણે સંયમની સાધના, શ્રાવક-શ્રાવિકાઓનું પણ સાતક્ષેત્રમાં ધનનું વાવેતર, તથા ધર્મક્રિયાઓ, જૈનેતરોની પણ જિનવચનથી અપ્રતિકૂળ એવી દયા-દાન આદિની પ્રવૃત્તિ અને ભદ્રકપણાદિની વૃત્તિ વગેરે અપરિમિત સુકૃતો-ગુણો આ જગતમાં થાય છે. તે બધાંની અનુમોદનાથી અપરિમિત આરાધના થાય છે.

**સુકૃતાનુમોદનથી હરણની પણ બળભદ્ર મુનિ**
**અને દાન આપનાર સાર્થવાહની સમાન ગતિ.**

કૃષ્ણ વાસુદેવના મોટાભાઈ બળભદ્ર, કૃષ્ણના મૃત્યુ પછી છ માસ સુધી શોકથી ખંભે મડદું લઈને ફર્યા. અંતે પોતાનો સારથિ મૃત્યુ પામીને દેવ થયેલ છે તેનાથી પ્રતિબોધ પામી ચારિત્ર લીધું.

માસક્ષપણને પારણે માસક્ષપણ કરે છે. જંગલમાં રહે છે. તેમની પ્રશાંતતાથી જંગલનાં હિંસક પ્રાણીઓને પણ દેશના આપીને ધર્મી બનાવ્યાં છે.

માસક્ષપણના પારણે ગામમાં ગોચરી જાય છે. તેમનું રૂપ અત્યંત શ્રેષ્ઠ છે, જેથી પારણા માટે ગામમાં જતાં બળભદ્ર મુનિને જોવામાં વ્યાકુળ સ્ત્રીઓ બધુંજ કામકાજ ભૂલી જાય છે.

એકવાર બળભદ્ર મુનિને જતાં જોઈ તેમના રૂપના દર્શનમાં વ્યાકુળ બનેલી સ્ત્રી

કૂવાના કાંઠે દોરડું બેડામાં નાંખવાને બદલે છોકરાના ગળામાં નાખે છે. બળભદ્ર મુનિની દૃષ્ટિ પડતાં અટકાવે છે અને ત્યારથી જંગલમાંજ પારણું કરવાનો અભિગ્રહ કરે છે.

હવે માસક્ષમણને પારણે આ મુનિ ગામમાં ગોચરી આવતા નથી. જંગલમાં જતા-આવતા સાર્થવાહકો કે પ્રવાસી મુસાફરો પાસેથી પારણાના દિવસે જે મળે તેનાથી નિર્વાહ કરે છે. વળી એક જ દિવસના પારણા ઉપર નવું માસક્ષમણનું તપ કરે છે.

બળભદ્ર મુનિના સંયમથી આકર્ષાયેલ એક ભદ્રિક સરળ સ્વભાવી હરણ રોજ મુનિનાં દર્શન આદિ કરે છે. દેશના સાંભળે છે. પારણાના દિવસે આજુબાજુ આવેલ સાર્થવાહ કે મુસાફરની તપાસ કરીને મુનિને ત્યાં લઈ જાય છે. મુનિના તપની અનુમોદના કરે છે.

એક પ્રસંગે માસક્ષમણના પારણાના દિવસે જંગલમાં સાર્થવાહને જોઈને હરણ મુનિને સાર્થવાહ પાસે લઈ જાય છે. સાર્થવાહ પણ મુનિને જોઈને ખૂબ જ હર્ષ પામે છે, જંગલમાં મહા-મંગલની પ્રાપ્તિ માને છે. સાર્થવાહનો મુકામ ઝાડ નીચે છે. હરણ મુનિને લઈને ત્યાં આવી પહોંચે છે.

મુનિ એષણા-સમિતિમાં એકાગ્રચિત્તવાળા બની જિનશાસનની અને ચારિત્રમાર્ગની અનુમોદના કરતા પાત્રમાં દાન લઈ રહ્યા છે.

સાર્થવાહ મુનિના દર્શનથી અને સુપાત્રદાનના મળેલા અવસરથી આનંદિત બનેલો છે. રોમાંચ ખડા થઈ ગયાં છે, સુપાત્ર દાનના મળેલા અવસરને ધન્ય માને છે, મુનિના ચારિત્રમાર્ગની પણ અનુમોદના કરે છે. ધન્ય છે, આ મહામુનિને ! ખરેખર મનુષ્યજીવનને સફળ કરી રહ્યા છે. આવા જંગલમાં ઉગ્ર તપની આરાધના કરી રહ્યા છે. મારી બધી સંપત્તિનો મુનિના દાનમાં ઉપયોગ કરીને જીવન કૃતાર્થ બનાવી દઉં-એમ ઉલ્લસિત બનીને મુનિના પાત્રમાં દાન આપી રહ્યો છે.

પાસે ઊભેલું હરણ પોતાની જાતની નિંદા કરતું મુનિ અને સાર્થવાહની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. 'ધિક્કાર છે મારા તિર્યંચના ભવને, કે ન તો સંયમની સાધના થઈ શકી, કે નથી મુનિને દાન આદિનો પણ લાભ લઈ શકતો. ધન્ય છે તપસ્વી અને સંયમી મુનિ ભગવંતને ! જીવન કૃતાર્થ કર્યું, સંયમ, તપધર્મની આરાધનાથી કઈંક કર્મોના કચ્ચરઘાણ કાઢી મુક્તિની નિકટ જઈ રહ્યા છે. ધન્ય છે સાર્થવાહને ! પોતાને મળેલા દ્રવ્યને સફળ કરી રહ્યો છે, મહાત્માના પાત્રમાં દાન આપીને પુણ્યના પુંજને

એકઠો કરી રહ્યો છે. મારો પણ એવો શુભ અવસર ક્યારે આવે કે હું પણ આ રીતે મુનિઓને દાન આપનાર થાઉં, અથવા મુનિધર્મની આરાધના કરું !'

આમ ત્રણે શુભ ધ્યાનમાં છે, ત્યાં અચાનક પવનનો ઝપાટો આવ્યો, વિશાળ ઝાડની ડાળીઓ કડાક અવાજ કરીને તૂટી, ત્રણે ઉપર પડી. સંયમના આરાધક મુનિ શુભ ધ્યાનમાં કાળધર્મ પામી પાંચમા બ્રહ્મદેવલોકમાં, મુનિને દાન આપનાર સાર્થવાહ પણ પાંચમા દેવલોકમાં અને બંનેની ભાવપૂર્ણ અનુમોદના કરનાર હરણનો જીવ પાંચમા બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયો.

માટે જ કહ્યું છે કે કરણ કરાવણ ને અનુમોદન, સરખાં ફળ નિપજાવે.

**સુકૃતાનુમોદના કેવી રીતે કરવી ?**

સુકૃતાનુમોદનાના અપરંપાર લાભ વિચાર્યા, તો હવે આ સુકૃતાનુમોદના કેવી રીતે કરવી-તે વિચારવાનું છે. એટલે ધ્યાનમાં રાખવાનું છે કે શક્તિ મુજબ કરનાર અને કરાવનારનું અનુમોદન સફળ બને છે. શક્તિ હોવાં છતાં કંઈ જ કરવું નહિ. માત્ર અનુમોદનાનો લાભ લેવો તેવા ભાવવાળાની અનુમોદના વાસ્તવિક બનતી નથી, પણ લગભગ નિષ્ફળ જાય છે, માટે અનુમોદનાને સફળ કરવા માટે શક્ય અનુષ્ઠાનોને આચરવા તૈયાર થવું જોઈએ.

અનુમોદના પદમાં બે શબ્દ છે **અનુ** અને **મોદન**. 'મોદન' શબ્દ સંસ્કૃતમાં જેનો અર્થ 'આનંદ પામવો છે' છે, તે **મુદ્** ધાતુ પરથી બન્યો છે. અનુ = પાછળ અથવા અનુ = અનુસરતો-સુકૃતની પાછળનો અથવા સુકૃતને અનુસરતો આનંદ તેનું નામ સુકૃતાનુમોદન.

અનુમોદના ભાવપૂર્ણ હૃદયે કરવાની છે, એટલે કે જે સુકૃતની આપણે અનુમોદના કરી રહ્યા હોઈએ, તેમાં ચિત્ત ભાવિત થવું જોઈએ.

ધન્ના અણગારના તપની અનુમોદના કરીએ ત્યારે નજર સામે જાણે તપસ્વી, તપના તેજથી ચમકતી પણ હાડ-માંસ-લોહી સુકાવાથી તદ્દન કૃશ એવી મુનિની કાયા આપણી સામે આવે, અને આપણે તેમને ધન્યવાદ આપવા પૂર્વક નમી રહ્યા હોઈએ, તેવી જ રીતે સર્વ અનુમોદના સ્થાનોમાં જાણવું.

અનુમોદના કરતાં આત્મા ગળગળો થઈ જવો જોઈએ, મહાન સુકૃત્યો નજર સામે જોઈને હૈયામાં હર્ષને આનંદ ઊભો થાય. જે સુકૃતોની અનુમોદના કરીએ તે સુકૃતો ઉપર હૈયામાં ખૂબ જ બહુમાન ઊભું થવું જોઈએ, તેથી સુકૃતને કરનાર આપણને

ખૂબ ધન્યતાપાત્ર જીવ લાગે. આપણા સુકૃતની અનુમોદના કરતાં પણ સુકૃતની એ પળ આપણને ધન્ય લાગવી જોઈએ.

**સુકૃતના મનોરથો :** જે જે સુકૃતોની અનુમોદના કરીએ તે તે સુકૃતો આપણા જીવનમાં આવે અને વિસ્તાર પામે તેવા મનોરથો અનુમોદના કરતાં કરતાં હૃદયમાં ઊભા થવા જોઈએ. સુકૃતના મનોરથોમાં પણ તાકાત છે.

કલિકાલ સર્વજ્ઞ આ. **શ્રી હેમચંદ્રસૂરિ મહારાજશ્રીએ** પણ યોગશાસ્ત્રમાં રાત્રે નિદ્રાનો વિચ્છેદ થાય ત્યારે શ્રાવકને કરવાના શુભ મનોરથો આ પ્રમાણે જણાવ્યા છે

**जिनधर्मविनिर्मुक्तो, मा भूवं चक्रवर्त्यपि ।**
**स्यां चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः ॥१४०॥**

જિનધર્મથી વાસિત એવો નોકર કે દરિદ્ર ભલે થાઉં, પરંતુ જિનધર્મ વિનાનો ચક્રવર્તી પણ હું ન થાઉં.

**त्यक्तसंगो जीर्णवासा, मलक्लिन्नकलेवरः ।**
**भजन् माधुकरीवृत्तिं, मुनिचर्यां कदा श्रये ॥१४१॥**

હે પ્રભુ, હું સઘળા સંગને છોડીને જીર્ણ વસ્ત્ર ધારણ કરનાર, મેલથી યુક્ત શરીરવાળો, માધુકરીવૃત્તિથી આજીવિકાને ચલાવતો એવો, મુનિપણાની ચર્યાને ક્યારે સેવીશ ?

**त्यजन् दुःशीलसंसर्गं, गुरुपादरजःस्पृशन् ।**
**कदाऽहंयोगमभ्यस्यन्, प्रभवेयं भवच्छिदे ॥**

દુ:શીલોના સંસર્ગને છોડતો, તથા ગુરુચરણની રજની સ્પર્શના કરતો, યોગનો અભ્યાસ કરતો હું ભવ એટલે કે સંસારનો ઉચ્છેદ કરવા ક્યારે સમર્થ બનીશ ?

**महानिशायां प्रकृते, कायोत्सर्गे पुराद् बहिः ।**
**स्तम्भवत्स्कन्धकर्षणं, वृषाः कुर्युः कदा मयि ॥**

એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે મહારાત્રિને વિષે નગરની બહાર કાઉસગ્ગ ધ્યાને રહેલા મારા વિષે બળદો થાંભલાઓના માફક ગરદન ઘસશે ? (બળદો નિશ્ચલ ઊભેલા મને થાંભલો માનીને પોતાની ખણજ દૂર કરવા મારા શરીર જોડે પોતાની ગરદન ઘસશે ?)

वने पद्मासनासीनं, क्रोडस्थितमृगार्भकम् ।
कदाऽऽघ्रास्यन्ति वक्त्रे मां, जरन्तो मृगयूथपाः ॥

વનમાં પદ્માસને બેઠેલા, જેના ખોળામાં નાના હરણિયાં બેઠેલાં છે, એવા મારા મુખને વૃધ્ધ હરણાંના ટોળાના નાયકો ક્યારે સુંઘશે ? (ધ્યાનની નિશ્ચલતા બતાવવાનો આશય છે.)

शत्रौ मित्रे तृणे स्त्रैणे, स्वर्णेऽश्मनि मणौ मृदि ।
मोक्षे भवे भविष्यामि, निर्विशेषमतिः कदा ॥

હું શત્રુ તથા મિત્રમાં, તણખલા તથા સ્ત્રીઓના સમુદાયમાં, સોનામાં તથા પથ્થરમાં, મણિ ને માટીમાં તથા આગળ વધીને મોક્ષ અને સંસારને વિષે ક્યારે સમાન બુધ્ધિવાળો બનીશ ?

अधिरोढुं गुणश्रेणिं, निःश्रेणीं मुक्तिवेश्मनः ।
परानन्दलताकन्दान्, कुर्यादिति मनोरथान् ॥

આ પ્રમાણે મુક્તિરૂપી મહેલની નિ:સરણી સમાન ગુણોની શ્રેણી ઉપર ચઢવા માટે શ્રેષ્ઠ આનંદની લતાના કંદરૂપ મનોરથોનો કેટ-કેટલો મહિમા પૂર્વાચાર્ય ભગવંતોએ બતાવ્યો છે.

## સુકૃતોના મનોરથો કરતાં ગુણસાગર તથા પૃથ્વીચંદ્ર તેમજ તેમની સ્ત્રીઓને પણ કેવળજ્ઞાન.

ગુણસાગર શ્રેષ્ઠી પુત્ર છે, આઠ કન્યાઓ સાથે વેવિશાળ થયેલ છે, ગોખે બેઠાં સાધુના દર્શનથી જાતિ સ્મરણજ્ઞાન થાય છે.

આગલા ભવમાં પાળેલ ચારિત્ર યાદ આવે છે. તેનો સાક્ષાત્ પ્રભાવ અનુભવ્યો છે. હવે ચારિત્રના કોડ થાય છે, માતા-પિતાની રજા માગે છે. માતા-પિતા, 'આઠ કન્યા સાથે લગ્ન કરીને પછી જે કરવું હોય તે કરજો, તેમ જણાવે છે. છેવટે લગ્ન કરી બીજા દિવસે ચારિત્ર લેવાનું નક્કી થાય છે.

કન્યાના માતાપિતાઓને તે વાત જણાવાય છે. તેઓ ચમકી ઊઠે છે. બીજો વર કરવાનો વિચાર કરે છે. પણ આર્યદેશની શીલના પરાક્રમવાળી કન્યાઓ માતા-પિતાને કહે છે,

"આ ભવમાં બીજો વર નહીં કરીએ, એ ગુણનિધિ જે કરશે તે અમે કરીશું.

રાગ-વિરાગ બંનેમાં તેમની આજ્ઞાને શિરે ધરીશું."

લગ્ન લેવાયાં, ધવલ મંગલ ગીતો શરૂ થયાં. વરઘોડે ચડીને ગુણસાગર ત્યાં આવ્યો. ચોરીમાં આવ્યો. હસ્તમેળાપ શરૂ થયો. સાજન સહુ ભેગા થયા છે.

તે વખતે ગુણસાગર કુમાર કેવા સુંદર સુકૃતના મનોરથ કરતા કેવળજ્ઞાન સુધી પહોંચે છે તે વાત સજ્ઝાયકાર શ્રી જીવવિજય મહારાજના શબ્દોમાં જ જોઈએ...

"હવે કુમાર શુભ ચિત્તમેં, ધર્મધ્યાન સાંભરીયાં રે લોલ
સંયમ લેઈ સગુરુ કને, શ્રુત ભણશું સુખકારી રે લોલ;
સમતા રસમા ઝીલશું, કામકષાયને વારી રે લોલ,
ગુરુ વિનય નિત્ય સેવશું તપ તપશું મનોહારી રે લોલ,
દોષ બેંતાલીશ ટાલશું, માયા લોભ નિવારી રે લોલ.
જીવિત મરણે સમપણું, સમ તૃણ-મણિ ગણશું રે લોલ,
સંયમ યોગે સ્થિર થઈ, મોહ રિપુને હણશું રે લોલ.
ગુણસાગર ગુણશ્રેણિએ, થયા કેવળજ્ઞાની રે લોલ;
નારી પણ મન ચિંતવે, વરીએ અમે ગુણખાણી રે લોલ,
અમે પણ સંયમ સાધશું, નાથ નગીના સાથે રે લોલ;
એમ આઠે થઈ કેવળી, તે સવિ પિયુડા હાથે રે લોલ."

જુઓ, સુકૃત-મનોરથોનો કેવો સુંદર મહિમા છે, લગ્ન ચોરીમાં આઠ સ્ત્રીઓની સાથે હસ્તમેળાપની બાહ્ય ક્રિયા વખતે અંતરમાં સંયમના મનોરથમાં રાચતાં ગુણસાગર તેમજ આઠે કન્યા કેવળજ્ઞાનને પામે છે.

ગુણસાગરનાં માતા-પિતા પણ સમાચાર મળતાં સંવેગ રંગમાં આગળ વધતાં કેવળજ્ઞાનને પામ્યાં.

તેવી જ રીતે આ સમાચાર રાજ્ય સિંહાસન ઉપર બેઠેલ પૃથ્વીચંદ્રકુમારને રાજસભામાં મળતાં ગુણસાગર મુનિની અનુમોદના કરતાં અને પોતે પણ સુકૃતના મનોરથ કરતાં પૃથ્વીચંદ્ર કેવળજ્ઞાનને કેવી રીતે પામે છે, તે માટે જુઓ તે જ સજ્ઝાયની નીચેની પંક્તિઓ—-

પૃથ્વીચંદ્ર તે સાંભળી, વાધ્યો મન વૈરાગ,
ધનધન તે ગુણસાગરુ, પામ્યો ભવ જળ તાગ...!
હું નિજ તાતને દાક્ષિણ્યે, પડ્યો રાજ્ય મઝાર,
પણ હવે નિસરશું કદા, થાશું, કબ અણગાર ...૨

ઢાળ

ધનધન જે મુનિવર ધ્યાને રમે, કરતા આતમ શુધ્ધ, મુનીસર
રાજા ચિંતે સદ્ગુરુ સેવના, કરીશું નિર્મળ બુધ્ધ, મુનીસર
ધનધન જે મુનિવર ધ્યાને રમે ॥૧॥

કબહુ શમદમ સુમતિ સેવશું, ધરશું આતમ ધ્યાન
ઈમ ચિંતવતા અપૂરવ ગુણ ચઢે, શ્રેણિએ શુક્લ ધ્યાન ॥મુનિ॥ધન.
ધ્યાન બળે સવિ આવરણ ક્ષય કરી, પામ્યા કેવળજ્ઞાન.

પૃથ્વીચંદ્રકુમાર આમ ગુણસાગર મુનિના સુકૃતની અનુમોદના તથા પોતાના જીવન માટે સુકૃતના મનોરથો કરતાં કરતાં કેવળજ્ઞાન પામે છે. કુમારની આઠ સ્ત્રીઓ પણ તે સાંભળતાં સંવેગ રંગમાં ઝીલતી કેવળજ્ઞાન પામે છે.

દયિતા આઠ સુણી મન હર્ષથી, ઉલટ અંગ ન માય;
સંવેગ રંગ તરંગમેં ઝીલતી, આઠે કેવળી થાય ॥મુનિ॥ ધન.

આ છે સુકૃત-અનુમોદના તથા સુકૃત મનોરથોના ઉત્તમોત્તમ લાભો.

આપણે પણ આવા સુકૃત મનોરથો હૃદયના ઉત્કૃષ્ટ ભાવપૂર્વક ભાવીએ-જેથી કર્મના બંધનોથી મુક્ત થઈ શાશ્વત સુખને પ્રાપ્ત કરીએ.

અહીં આપણે હવે સુકૃત-અનુમોદના જે કરવાની છે તે ત્રણ વિભાગથી કરીશું. (૧) આપણા પોતાના આ ભવ તથા ભૂતકાળના ભવોમાં થયેલ સુકૃતોની અનુમોદના (૨) એકેન્દ્રિય આદિમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ કે ત્રસકાયની આપણી પૂર્વ ભવની કાયાઓ, આપણે અજાણતાં છતાં પણ જે જિનભક્તિ આદિ સુકૃતોમાં ઉપયોગી થઈ હોય તેની અનુમોદના (૩) જગતનાં સર્વ શ્રેષ્ઠ સુકૃત કરનાર શ્રી અરિહંત પરમાત્માનાં સુકૃતોથી શરૂ કરીને યાવત્ જિનશાસનને નહિ પામેલ તેવા ઈતર પણ ભદ્રિક જીવોના દયા-દાન-અનુકંપાદિ શુભ પ્રવૃત્તિ કે શુભ ભાવોની અનુમોદના.

દુષ્કૃત નિંદામાં જેમ દરેક આલાવાને અંતે 'મિચ્છા મિ દુક્કડમ્,' સામુદાયિક બધા બોલતા હતાં તેમ અહીં આખા સુકૃતનો આલાવો સંપૂર્ણ શાંતિપૂર્વક એકાગ્રચિતે સાંભળ્યા પછી છેલ્લે "અનુમોદું છું" એમ એમ બધાંએ સામુદાયિક રીતે બોલવાનું છે.

# વિભાગ ૧ લો

# સ્વ-સુકૃત અનુમોદના

પ્રથમ સામાન્ય સર્વસુકૃતની અનુમોદના કરાય છે.

यत्कृतं सुकृतं किञ्चित्, रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येहं, मार्गमात्रानुसार्यपि ॥

શ્રી જિનેશ્વર ભગવંતના માર્ગને અનુસરીને જે કંઈ સુકૃત મેં કર્યું હોય તે સર્વને હું ભાવથી અનુમોદું છું.

મારા જીવે ભૂતકાળના ભવોમાં તથા આ ભવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી હોય, તથા સમ્યકૃત્વના આચારોનું પાલન કર્યું હોય, જેવું કે-જિનભક્તિ, જિનદર્શન, પૂજાવંદન, તીર્થયાત્રા, નવકાર મંત્રનો જાપ વગેરે કર્યું હોય તે સર્વને ભાવથી અનુમોદું છું.

મારા જીવે દેશવિરતિમાં અણુવ્રતો પાળ્યાં, વ્રત પચ્ચક્ખાણ કર્યાં હોય, તપ-ત્યાગ કર્યા, અભિગ્રહો કર્યા, સામાયિક પૌષધાદિક કર્યા હોય તે બધાં આ ભવ કે ભૂતકાળ ભવોના સુકૃતોની ભાવપૂર્વક અનુમોદના કરું છું.

શ્રી જિનચૈત્ય શ્રી જિનપ્રતિમા, સમ્યક્જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ સાત ક્ષેત્રોને પોષ્યા હોય, તેને વિષે ભક્તિપૂર્વક દ્રવ્યનો ઉપયોગ કર્યો હોય તે-શુભ પ્રવૃત્તિને ભાવપૂર્વક હું અનુમોદું છું.

મારા જીવે આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં શ્રી સિધ્ધગિરિજી, શ્રી શંખેશ્વરજી, આબુજી, ગિરનાર, સમેતશિખર, ભોયણી, પાનસર, સેરિસા, તારંગા, માતર, મહેસાણા (સીમંધરસ્વામી) કુંભારિયાજી, રાણકપુર, બ્રાહ્મણવાડા, દિયાણા, નાંદિયા, લોટાળા, મૂછાળા મહાવીર, વરકાણા, નાડોલ, નાડલાઈ, ભદ્રેશ્વર, અંતરિક્ષ પાર્શ્વનાથ વગેરે ભારતભરમાં કરેલી તીર્થોની યાત્રા ત્રિવિધ ત્રિવિધ અનુમોદું છું.

ભૂતકાળનાં ભવોમાં તથા આ ભવમાં મારા જીવે જે કંઈ જીવો ઉપર દયા કરી હોય, કસાઈખાના આદિથી જીવોને છોડાવ્યા હોય, હિંસક પ્રાણીઓથી બીજા મરતા જીવોને બચાવ્યા હોય, માછીમારોની જાળોને અટકાવી હોય; ભૂખ્યાને અન્ન-પાણી, નિર્ધનને ધન-ધાન્ય, વસ્ત્ર આદિ આપ્યાં હોય, લક્ષ્મી પરનું મમત્વ આ રીતે ઓછું કર્યું

વગેરે શ્રી જિનેશ્વર ભગવંતના વચનથી અવિરુધ્ધ તેવી જે કંઈ શુભ કરણી કરી હોય તે બધાંને અરિહંત પ્રભુની સાક્ષીએ પૂજ્ય ગુરુદેવની પુણ્ય નિશ્રામાં શ્રી સંઘ સમક્ષ ભાવથી અનુમોદું છું.

## પંચાચાર પાલનની અનુમોદના

સમ્યગ્જ્ઞાન ભણ્યો, બીજાને ભણાવ્યું, સમ્યગ્જ્ઞાન તથા જ્ઞાનીઓની ભક્તિ કરી, શ્રી જિનાગમો લખ્યાં-લખાવ્યાં, જ્ઞાનભંડારો કરીને શ્રુતની રક્ષા કરી, જ્ઞાનની આઠ પ્રકારના આચાર[1] જેવા કે યોગ્યકાળે ભણવું, આકાળે ન ભણવું, વિનય બહુમાનપૂર્વક ભણવું, જ્ઞાનદાતા ગુરુઓનો અપલાપ ન કરવો, સૂત્ર, અર્થ, ઉભય બરાબર કહેવા વગેરે, પાળ્યા, પળાવ્યા. આમ જ્ઞાનાચારને લગતાં જે કંઈ સુકૃત મારા જીવે આ ભવમાં કે ભૂતકાળના ભવમાં કર્યા હોય તે સર્વસુકૃતોને અરિહંત પરમાત્માદિની સાક્ષીએ ભાવથી અનુમોદું છું.

શ્રી જિનેશ્વર ભગવંતના વચન ઉપર શ્રધ્ધા રાખી તેમાં નિ:સંદેહ બુધ્ધિ કરી, શ્રી જિનમત સિવાય બીજા કોઈ દર્શનની ઈચ્છા ન કરી, શ્રી જિનધર્મના ફળની શંકા બિલકુલ ન કરી, સાધુ, સાધ્વીના મલ-મલિન ગાત્ર, વસ્ત્ર, પાત્ર આદિની દુર્ગંછા ન કરી, શ્રી જિનધર્મના આરાધકોની ઉપબૃંહણા એટલે કે પ્રશંસા કરી, પ્રમાદ કરતા જીવોને ધર્મની આરાધનામાં સ્થિર કર્યા, ચતુર્વિધ સંઘ પ્રત્યે વાત્સલ્યભાવ રાખ્યો તથા શ્રી જિનશાસનની પ્રભાવના કરી વગેરે[2] દર્શનાચારને લગતા જે કંઈ શુભ આચારો મેં આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં પાળ્યા હોય તે બધાંને ભાવથી અનુમોદું છું

શ્રી જિનમંદિરોનાં નિર્માણ કર્યાં, કરાવ્યાં, જિન પ્રતિમાઓ ભરાવી, શ્રી જિનબિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠાઓ કરાવી, શ્રી જિનભક્તિના મહોત્સવો કર્યા, કરાવ્યા, દેવ-દ્રવ્યની વૃધ્ધિ કરી-કરાવી, તીર્થયાત્રાઓ કરી-કરાવી, સંઘ કાઢ્યા, ઉપધાન, ઉજમણાં આદિ શાસનપ્રભાવનાનાં કાર્યો કર્યાં, કરાવ્યાં, દેવના ભવોમાં પ્રભુના કલ્યાણકો ઉજવ્યાં, સમવસરણની રચનાઓ કરી, મેરૂપર્વત ઉપર જઈ પ્રભુના જન્મકાળે અભિષેકો કર્યા, નંદીશ્વરદ્વીપ, રૂચકદ્વીપ મેરૂ આદિ ઉપરનાં શાશ્વત તીર્થોની

---

૧. જ્ઞાનના આઠ પ્રકારના આચાર આ મુજબ છે----

काले विणए बहुमाणे, उवहाणे तहय अनिह्नवणे ।

वंजण अत्थ तदुभए, अट्ठविहो नाणमायारो ॥

૨. આઠ પ્રકારના દર્શનાચાર----

निस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छ अमूढदिट्ठिय ।

उववूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥

યાત્રા કરી વગેરે દર્શનાચારને લગતી સઘળી મારી શુભ પ્રવૃત્તિ, આ ભવમાં કે ગતભવોમાં થઈ હોય તે સર્વને ભાવથી અનુમોદું છું.

ઈર્યાસમિતિ, આદિ પાંચે સમિતિનું સમ્યગ્ પાલન કર્યું, મન, વચન અને કાયાની ગુપ્તિ કરી, સામાયિક, પૌષધ, દેસાવગાસિક, આદિ વ્રતો કર્યાં, ઉપયોગ પૂર્વક પ્રતિક્રમણ, પડિલેહણ, ગોચરી, પાણી, વગેરે શુભ સાધુપણાની ચર્યાઓને આચરી, શ્રાવકપણાના સુંદર આચારો પાળ્યા વગેરે[1] ચારિત્રાચારને લગતા જે આચારો પાળ્યા હોય તે સર્વને ભાવથી અનુમોદું છું.

નવકારશી પોરસી, સાઢપોરસી, પુરિમઢ, અવઢ, એકાશન, બેસણું, આયંબિલ, ઉપવાસ, છટ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, માસક્ષમણ વગેરે જે કોઈ પ્રકારનો તપ કર્યો, ઉણોદરી રાખી, વૃત્તિસંક્ષેપમાં ભોજનનાદ્રવ્યાદિનું નિયમન કર્યું, ચાર મહાવિગઈઓનો સર્વથા ત્યાગ તથા છ વિગઈમાંથી કોઈ પણ એકાદ કે અધિક વિગઈઓનો ત્યાગ કર્યો, શરીરને કષ્ટ આપ્યું, સંલીનતામાં, અંગોપાંગ કે ઇન્દ્રિયોને ગોપવી રાખ્યા વગેરે છ પ્રકારના બાહ્ય તપના[2] વિષયમાં જે કંઈ આરાધના મારા જીવે આ ભવમાં કે ભૂતકાળના ભવોમાં કરી હોય, તે સર્વેની ભાવથી અનુમોદના કરું છું.

થયેલ દોષોને ગુરુ પાસે પ્રગટ કરી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી તેનું વહન કર્યું, આચાર્ય, ઉપાધ્યાય રત્નાધિક આદિનો વિનય કર્યો, બાળ, વૃધ્ધ, ગ્લાન, તપસ્વી, શૈક્ષક (નૂતન મુનિ) વગેરે સાધુ ભગવંતોની તથા સાધર્મિકોની વૈયાવચ્ચ કરી, વાચના, પૃચ્છના, પરાવર્તના, ધર્મકથા તથા અનુપ્રેક્ષારૂપ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કર્યો, ધર્મધ્યાન અને શુકલ ધ્યાનને ધ્યાયું, કર્મક્ષયાદિ નિમિત્તે કાઉસગ્ગ કર્યા, વગેરે છ પ્રકારના અભ્યંતર તપને[3] વિષે જે કંઈ આરાધના કરી હોય, આ ભવમાં કે ગતભવોમાં તે સર્વે આરાધનાની, હે દેવાધિદેવ પ્રભુ ! આ આરાધના મારા જીવનમાં ખૂબ વિસ્તરે તેવા ભાવથી ચતુર્વિધ સંઘ સહિત અનુમોદના કરું છું.

---

૧. આઠ પ્રકારના ચારિત્રાચાર—
पणिहाण जोग जुत्तो, पँचहिं समीइहिं तीहिं गुत्तीहिं ।
एस चरित्तायारो अट्ठविहो होइ नायव्वो ॥

૨ બાહ્ય તપના છ પ્રકાર—
अणसण मुणोअरिया, वित्तिसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलिणयाय बज्झो तवो होइ ॥

૩ આભ્યંતર તપના છ પ્રકાર—
पायच्छित्तं विणयो वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गो वि अ अब्भिंतरओ तवो होई ॥

મારું વીર્ય શ્રી જિનેશ્વર ભગવંતના રત્નત્રયીના માર્ગમાં જ્યાં મેં પ્રવર્તાવ્યું હોય, ઉલ્લાસભેર શ્રી જિનધર્મની આરાધના કરી હોય, પ્રભુ-શાસનની આરાધનામાં પુરુષાર્થને ફોરવ્યો હોય, તે વીર્યાચારને લગતાં સુકૃતોને મન, વચન અને કાયાથી ભાવપૂર્વક અનુમોદું છું.

ધન્ય છે એ દિવસને પ્રભુ ! જે દિવસે આપના માર્ગને અનુસર્યો...ધન્ય છે એ દિવસને પ્રભુ ! જે દિવસે મેં આપના વિષે ચિત્ત એકાગ્ર કર્યું...! ધન્ય છે એ ક્ષણને પ્રભુ ! જે મારી ક્ષણ સમભાવમાં પસાર થઈ...

**દાન-શીલ-તપ-ભાવધર્મની આરાધનાની અનુમોદના**

મારા જીવે જ્ઞાનદાન, અભયદાન, સુપાત્રદાન, તથા અનુકંપાદાન ને ઉચિતદાનની જે કંઈ પ્રવૃત્તિ કરી.

શીલ ધર્મમાં સ્વયં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કર્યું, અથવા પર્વતિથિ આદિને વિષે બ્રહ્મચર્યના પચ્ચક્ખાણ કરી તેનું પાલન કર્યું, ઈંદ્રિયોના વિષયોનો વિવેકપૂર્વક ત્યાગ કર્યો, પરસ્ત્રીઓથી વિવેકપૂર્વક નિવૃત્ત થયો, દષ્ટિ પણ પાછી વાળી બીજાને ઉપદેશ આદિથી બ્રહ્મચર્યનું પાલન કરાવ્યું, શીલવંતોનાં બહુમાન કર્યાં, ગુણગાન ગાયા, વગેરે જે કંઈ શુભ આરાધના કરી.

બાહ્ય અભ્યંતર તપ ધર્મની આરાધના કરી તપસ્વીઓના પારણાદિક કરાવ્યાં, તેઓનાં પ્રભાવનાદિક દ્વારા બહુમાન કરાવ્યાં.

શ્રી નવપદજીનો તપ, વર્ધમાન તપ, શ્રી વીશસ્થાનક તપ, પંચમી, અષ્ટમી, એકાદશી આદિ તપોની આરાધના કરી.

ભાવ ધર્મને વિષે બાર ભાવનાઓ વારંવાર ભાવી, મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી પણ આત્માને વાસિત કર્યો, વગેરે...

ચારે પ્રકારના ધર્મમાંથી જે કંઈ ધર્મની આરાધના ભૂતકાળના ભવોમાં તથા આ ભવમાં કરી હોય તેની મન-વચન કાયાથી ભાવપૂર્વક અરિહંત પ્રભુની સાક્ષીએ, શ્રી ગુરુભગવંતોની નિશ્રામાં સકલ સંઘની સાથે અનુમોદના કરું છું.

ટૂંકમાં, હે નાથ ! હે જગતસ્વામી દેવાધિદેવ ! આપના માર્ગને અનુસરીને મારા વડે આ ભવમાં કે ગતોભવોમાં જે કંઈ મન-વચન-કાયાથી અલ્પ પણ પ્રવૃત્તિ થઈ છે, તે અલ્પ હોવા છતાં બીજ રૂપ હોઈ તેમાંથી વિસ્તૃત વેલા ફેલાશે તે આશયથી તે સર્વ પ્રવૃત્તિને ભાવપૂર્વક અનુમોદું છું.

# વિભાગ ૨ જો

**એકેન્દ્રિય આદિના ભવોમાં કાયાદિનો સદુપયોગ થયો હોય તેની અનુમોદના.**

અનાદિનિગોદમાં અવ્યવહાર રાશિમાં મારા જીવે એક કાયામાં અનંતા જીવોની સાથે વાસ કરીને જે કંઈ દુઃખ, પીડા વગેરે ભોગવીને અકામનિર્જરાથી કર્મ ખપાવ્યાં હોય તેને અનુમોદું છું.

મારા જીવે વ્યવહાર રાશિમાં આવ્યા પછી પણ પૃથ્વીકાય આદિના ભવોમાં દુઃખ પીડા ભોગવીને જે કર્મ અકામનિર્જરાથી ખપાવ્યાં હોય તેને ભાવથી અનુમોદું છું.

પૃથ્વીકાયના ભવમાં પથ્થર, માટી, રત્ન, ધાતુ, વગેરે તરીકે હું હતો-ત્યાંની મારી કાયાનો ઉપયોગ શ્રી જિનપ્રતિમા, શ્રી જિનમંદિર, પૌષધશાળા કે જ્ઞાનમંદિર આદિ શુભ સ્થાનોમાં થયો હોય તેને હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદું છું.

અપ્કાયના ભવમાં મારી કાયાનો ઉપયોગ શ્રીજિનેશ્વર ભગવંતોના સ્નાત્ર-અભિષેકોમાં, કે શ્રી જિનમંદિર, પૌષધશાળા આદિના નિર્માણ વગેરેમાં થયો હોય તેની હું ભાવથી અનુમોદના કરું છું.

અગ્નિકાયના ભવમાં મારી કાયાનો ઉપયોગ જિનભક્તિ કે શ્રુતભક્તિ વગેરેમાં ધૂપ-દીપ વગેરે તરીકે થયો હોય તેને હું ભાવથી અનુમોદું છું...

વાયુકાયના ભવોમાં શ્રી જિનેશ્વર ભગવંતો, સાધુ ભગવંતો કે સાધર્મિકોની અનુકૂળતામાં મારી કાયાનો ઉપયોગ થયો હોય તેને ભાવથી અનુમોદું છું...

વનસ્પતિકાયના ભવમાં પુષ્પ, ફળ, આદિ તરીકે મારી કાયાનો ઉપયોગ જિનભક્તિમાં થયો. થડ, મૂલ વગેરે મારી કાયાનો જિનમંદિર, ઉપાશ્રય, સાધુનાં પાત્ર, દંડ વગેરેમાં ઉપયોગ થયો હોય તે સર્વેને ભાવથી અનુમોદું છું...

ત્રસકાયના ભવમાં કીડાદિ થઈને તથા ઘેટા, બકરા વગેરે તરીકે થવાથી મારા વસ્ત્ર-ઉન વગેરેનો ઉપયોગ પ્રશસ્ત રીતે જૈનશાસનમાં થયો તેને ભાવથી અનુમોદું છું...

આમ ભૂતકાળના ભવોમાં મારી કાયાદિ સર્વે સામગ્રીનો ઉપયોગ યત્કિંચિત્ પણ શ્રી જૈનશાસનમાં થયો હોય તેને અરિહંત પરમાત્માદિની સાક્ષીએ ચતુર્વિધ સંઘ સમક્ષ ભાવપૂર્વક અનુમોદું છું.

# વિભાગ ૩ જો

## વિશ્વમાં થયેલ, થતાં તથા થનારાં સુકૃતની અનુમોદના

સામાન્યતઃ જગતનાં અરિહંતાદિનાં સઘળાં સુકૃતોની અનુમોદના કરતાં **શ્રી હેમચંદ્રસૂરિ મ.** ફરમાવે છે કે—-

सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्वादिको गुणः ।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ॥

સર્વે અરિહંતાદિ ને વિષે જે જે અરિહંતપણાદિનો ગુણ છે તે મહાત્માઓના તે તે સર્વ ગુણોને હું અનુમોદું છું.

હવે વિસ્તારથી અનુમોદના કરાય છે.

## શ્રી અરિહંત પરમાત્માના સુકૃતની અનુમોદના

જગતમાં સર્વ શ્રેષ્ઠ સુકૃતો શ્રી અરિહંત પ્રભુનાં છે. ભૂતકાળમાં થયેલ સર્વ અરિહંત પરમાત્માઓના તીર્થ સ્થાપનાના સુકૃતને હું અનુમોદું છું.

અરિહંત પરમાત્માઓના જીવોએ ત્રીજા ભવમાં ''સવિ જીવ કરું શાસનરસી'' ની જે ઉત્તમ ભાવના ભાવી તથા તેને અનુરુપ પ્રવૃત્તિ કરી તેને હું અનુમોદું છું.

અરિહંત પરમાત્માના જીવોને તીર્થંકર નામકર્મના બંધમાં નિમિત્ત ભૂત જે નિર્મળ સમ્યક્ત્વનો પરિણામ તથા વીશસ્થાનક પદોની આરાધના ત્રીજા ભવને વિષે હતી, તેને હું ભાવથી અનુમોદું છું.

અરિહંત પરમાત્માના જીવો પૂર્વ ભવમાં દેવલોકમાં વૈરાગ્ય-વાસિત હોઈ, દિવ્ય ભોગો વચ્ચે પણ ઉદાસીન ભાવે રહ્યા, વિષયસુખોની અવગણના કરી તથા નારકીના ભવમાં ઘોર પીડામાં પણ સમભાવમાં રહ્યા, તેઓના તે શુભ ભાવને અનુમોદું છું.

શ્રી અરિહંત પરમાત્માના ચ્યવન કલ્યાણક વખતે જગતમાં અજવાળાં થયાં. નરકના જીવોએ પણ ક્ષણભર માટે સુખ અને આનંદનો અનુભવ કર્યો, ઈન્દ્રાદિએ પણ તે વખતે પરમાત્માના ભાવપૂર્વક-સ્તુતિ બહુમાન કર્યાં, તે પ્રભુના ચ્યવનકલ્યાણકને ભાવથી અનુમોદું છું.

શ્રી અરિહંત પરમાત્માના જન્મ સમયે પણ ચૌદરાજ લોકમાં અજવાળાં થયાં, સર્વજીવોએ ક્ષણભર માટે સુખને અનુભવ્યું, છપ્પન દિગ્કુમારિકાઓએ સૂતિકર્મ કર્યું,

ઇંદ્રોએ મેરૂપર્વતાદિ ઉપર લઈ જઈ કરોડો જળકળશોથી અભિષેક કર્યા. પિતા રાજાએ પણ સ્વ-વૈભવ અનુસાર જન્મ મહોત્સવ ઉજવ્યા. તે પ્રભુના જન્મકલ્યાણકને ભાવથી અનુમોદું છું.

શ્રી અરિહંત પરમાત્માઓ ગૃહસ્થકાળમાં પણ વિનય, વિવેક, વૈરાગ્ય, ઔચિત્ય વગેરે ગુણોથી યુક્ત હતા. પ્રભુના તે સર્વે ગુણોને ભાવથી અનુમોદું છું.

શ્રી અરિહંત પ્રભુએ જે મહાન્ ઐશ્વર્ય ઋધ્ધિ, ભોગસામગ્રી છોડીને ચારિત્ર લીધું, તે પૂર્વે સાંવત્સરિક દાન દીધું, તે પ્રભુના સંવચ્છરીદાનને ભાવથી અનુમોદું છું.

પ્રભુએ સંવત્સરીદાન આપ્યા પછી ચારિત્ર લીધું, પ્રભુનો ચારિત્ર-મહોત્સવ ઉજવવા દેવો, અસુરો, ઇંદ્રો વગેરે પણ આવ્યા. વળી ચારિત્રની ગ્રહણ ક્ષણે પુન : લોકમાં પ્રકાશ તથા જીવોને સુખની પ્રાપ્તિ થઈ તે પ્રભુના ચારિત્રકલ્યાણકને હું ભાવથી અનુમોદું છું.

અરિહંત પ્રભુએ ચારિત્ર લઈ છદ્મસ્થપણામાં અપ્રમત્ત ભાવથી ચારિત્રનું પાલન કર્યું, પ્રભુ સમિતિ, ગુપ્તિમાં ઉપયોગવાળા હતા, પરિષહ ને ઉપસર્ગોને સમતાભાવે સહન કર્યા, મૌનપણે વિચર્યા, ઘોર તપને આચર્યો, સદા કાઉસગ્ગ મુદ્રાએ રહી ધ્યાન કર્યું, જમીન ઉપર બેઠા પણ નહીં, પ્રભુની તે ઉચ્ચ ચારિત્ર-સાધનાને ત્રિવિધે-ત્રિવિધે અનુમોદું છું.

અરિહંત પ્રભુને કેવળજ્ઞાન થતાં પ્રભુ સર્વજ્ઞ થયા, દેવોએ સમવસરણની રચના કરી, વળી પુન: વિશ્વમાં પ્રકાશ થયો તથા નારકના જીવો પણ ક્ષણભર આનંદને પામ્યા. પ્રભુના તે કેવળજ્ઞાન-કલ્યાણકને ભાવથી અનુમોદું છું.

સર્વજ્ઞ થયા પછી દેવરચિત સમવસરણમાં બેસી પ્રભુએ દેશના આપી અનેક જીવોને પ્રતિબોધિત કર્યા. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરી, પ્રભુના મુખ્ય-શિષ્ય ગણધર-ભગવંતોએ પ્રભુની પાસેથી પ્રાપ્ત કરેલ ત્રિપદીના આધારે દ્વાદશાંગીની રચના કરી, તથા શ્રીઅરિહંત પ્રભુએ ગણધર-ભગવંતોની દ્વાદશાંગીને અનુજ્ઞા આપી. શ્રી અરિહંત પ્રભુની આ બધી શુભકરણીની ભાવથી અનુમોદના કરું છું.

શ્રી અરિહંત પરમાત્માઓએ વિવિધ સ્થળોમાં વિચરી ભવ્ય દેશનાઓ આપી, અનેક જીવોને પ્રતિબોધિત કર્યા, તે પ્રભુની મહા-પરોપકારની પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

મનોયોગ દ્વારા પણ પ્રભુએ અનેક મન:પર્યવજ્ઞાની મુનિઓના તથા અનુત્તરવાસી દેવોના સંશયોનું નિરાકરણ કર્યું, પ્રભુના તે શુભ મનોયોગને પણ ભાવથી અનુમોદું છું.

યોગનો નિરોધ કરીને શૈલેશીકરણ કર્યું, તે દરમિયાન ૧૪મા ગુણસ્થાનકને પ્રાપ્ત કરીને સર્વ કર્મોનો નાશ કર્યા તે પ્રભુજીના યોગનિરોધ તથા શૈલેશીકરણને ભાવથી અનુમોદું છું.

પ્રભુ સર્વ પાપનો ક્ષય કરી નિર્વાણ (મુક્તિ) પદને પામ્યા, ઈંદ્રો-દેવો વગેરેએ પ્રભુના આ નિર્વાણ-કલ્યાણકને મહોત્સવપૂર્વક ઉજવ્યું. પ્રભુના નિર્વાણ-કલ્યાણકને હું ભાવથી અનુમોદું છું.

હે ત્રિજગદાધાર પ્રભુ ! આપના અનંતા ગુણો, આપનું સામર્થ્ય ને આપની શક્તિની ગણના હું શી રીતે કરું ? આપના અનંતગુણોને ગણવા મારી પાસે શક્તિ નથી, ક્ષયોપશમ નથી, છતાં હે ત્રણ જગતના નાથ, વિભુ ! આપના અરિહંતપણાની, આપના અનંતગુણોની, આપની અનંત શક્તિની; આપના શ્રેષ્ઠ પરોપકાર આદિ સુકૃતોની તે તે ગુણો અને સુકૃતોની અભિલાષાને કરવા પૂર્વક હું ભાવથી અનુમોદું છું.

ભૂતકાળમાં થયેલ અનંતા અરિહંત પરમાત્માનાં સઘળા સુકૃતોને ભાવથી અનુમોદું છું. ભવિષ્યકાળમાં થનારા અનંતા અરિહંત પરમાત્માનાં સઘળાં સુકૃતોને ભાવથી અનુમોદું છું. વર્તમાનમાં વિચરતા વીશ અરિહંત પરમાત્માનાં સઘળાં સુકૃતોને ભાવથી અનુમોદું છું.

શ્રી ઋષભદેવ સ્વામીના દીક્ષાથી માંડીને ૧૩ માસથી અધિક થયેલ તપને ભાવથી અનુમોદું છું.

શ્રી પાર્શ્વનાથ પ્રભુએ કમઠના ઉપસર્ગોને સમભાવથી સહન કર્યા, તે સમભાવની અનુમોદના કરું છું.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીજીએ છેલ્લેથી ત્રીજા ભવમાં ૧૧૮૦૬૪૫ માસક્ષમણની આરાધના કરી તેને ભાવથી અનુમોદું છું.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામીજીએ સાડાબાર વર્ષના છદ્મસ્થ દીક્ષા પર્યાયમાં કરેલ ઉગ્ર અને ઘોર તપ જેવાં કે——

| | | |
|---|---|---|
| ૧ છમાસી | ૬ બેમાસી | ૧૨ અટ્ઠમ |
| ૧ ૫ દિવસન્યૂનછમાસી | ૧ દોઢમાસી | ૨૨૯ છટ્ઠ |

| | | |
|---|---|---|
| ૯ ચોમાસી | ૧૨ માસક્ષમણ | ભદ્રાદિત્રણપ્રતિમાઓ |
| ૨ અઢીમાસી | ૭૨ પાસક્ષમણ | ૩૪૯ પારણા |

વગેરે કુલ ૩૪૯ પારણા સિવાય પ્રભુજીને બાકીના દિવસો નિર્જળ ઉપવાસ થયા, તે ઉગ્ર અને ઘોર તપની ભાવપૂર્વક ત્રિવિધે ત્રિવિધે અનુમોદના કરું છું.

ચમર તીર્થપતિ શ્રી મહાવીર પ્રભુએ ૧૨॥ વર્ષના છદ્મસ્થ દીક્ષા પર્યાયમાં સંગમ શૂલપાણી આદિ દેવોના, ગોવાળિયા વગેરે મનુષ્યોના તથા અનાર્ય દેશમાં મ્લેચ્છોના, તિર્યંચ આદિના જે ભયંકર ઉપસર્ગો, અને ક્ષુધા-તૃષાદિ પરિષહોને સહન કર્યા, તેને ભાવથી અનુમોદું છું.

સર્વ તીર્થંકર ભગવંતોનાં સર્વ સુકૃતોને ભાવથી અનુમોદું છું.

## સિધ્ધ ભગવંતોની અનુમોદના

સિધ્ધપણાને અનુમોદું છું. અનંતા જીવો સિધ્ધપણાને પામ્યા છે, તેઓના પ્રગટ થયેલ આત્મસ્વરૂપને હું અનુમોદું છું.

તીર્થંકર થઈને સિધ્ધ થયા; તીર્થંકર થયા વિના સામાન્ય કેવળી થઈને જે સિધ્ધ થયા, તીર્થને વિષે જે સિધ્ધ થયા તે શ્રી ગૌતમસ્વામીજી આદિ તીર્થસિધ્ધો તથા તીર્થ વિના જે સિધ્ધ થયા તે મરુદેવા માતા આદિ અતીર્થસિધ્ધો, પુરુષપણામાં, સ્ત્રીપણામાં કે નપુંસકપણામાં કેવળજ્ઞાન પામીને જેઓ સિધ્ધ થયા તે સર્વે સિધ્ધ પરમાત્માઓને ભાવથી અનુમોદું છું.

સ્વલિંગ એટલે કે સાધુના વેષમાં કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા તે જંબૂસ્વામી આદિ તથા ગૃહિલિંગે એટલે કે ગૃહસ્થના વેષમાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા, તે ભરત ચક્રવર્તી વગેરે તથા પરલિંગમાં એટલે કે અન્ય તાપસાદિ વેષમાં કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા તે વલ્કલચીરી વગેરે, તેમના સિધ્ધપણાની ભાવથી અનુમોદના કરું છું.

સ્વયંબુધ્ધ એટલે કે જેઓ પોતાની જાતે જ (ગુરૂ વિના) નિમિત્ત વગર બોધ પામીને મોક્ષે ગયા, તથા પ્રત્યેક બુધ્ધ એટલે કે પોતાની જાતે પણ નિમિત્ત દ્વારા બોધ પામીને મોક્ષે ગયા, તથા બુધ્ધબોધિત એટલે કે આચાર્યો આદિના ઉપદેશથી બોધ પામીને મોક્ષે ગયા, વળી જેઓ એકલા જ મોક્ષે ગયા, તેમજ જેઓ અનેકની સાથે મોક્ષે ગયા તે એક સિધ્ધ તથા અનેક સિધ્ધો-આ સર્વે પ્રકારના સિધ્ધોની ભાવથી અનુમોદના કરું છું.

રાત્રિના વિષે જેઓ સિધ્ધ થયા, સંધ્યા સમયે, મધ્યાહ્ન સમયે, કે સવારે સિધ્ધ

થયા, બાળપણે (૮ વર્ષે) જેઓ સિધ્ધ થયા, યુવાવસ્થામાં, મધ્યમાવસ્થામાં કે વૃધ્ધાવસ્થામાં જેઓ સિધ્ધ થયા, દ્વીપને વિષે, સમુદ્રમાં, પર્વત ઉપર કે ગમે તે સ્થાનોને વિષે જેઓ સિધ્ધ થયા, પલ્યંકાસને બેઠા બેઠા, ઊભા ઊભા કાઉસગ્ગ-ધ્યાને, કે સૂતા સૂતા-ગમે તે અવસ્થાને વિષે જેઓ સર્વકર્મનો ક્ષય કરીને સિધ્ધ થયા, તે સર્વ સિધ્ધ પરમાત્માઓને ભાવથી અનુમોદું છું.

સિધ્ધ ભગવંતોના મુખ્ય આઠ ગુણો આ પ્રમાણે છે- અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ સુખ, વીતરાગતા, અજરામરપણું, અરૂપિપણું, અગુરુલઘુતા, અનંતવીર્ય. આ આઠે ગુણોની ભાવથી અનુમોદના કરું છું.

હે સિધ્ધ ભગવંતો ! આપે આત્માના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે, આપ સંપૂર્ણપણે નિર્મળ, શુધ્ધ, કર્મકલંકથી રહિત, કૃતકૃત્ય થઈ ગયા છો. હું તો મલિન, અશુદ્ધ કર્મથી બધ્ધ સંસારી અવસ્થાને અનુભવું છું. આપને વિશેષ શું કહું ? આપના અનંત ગુણ સ્વરૂપ તેવા સિધ્ધપણાની, પ્રાપ્તિ મને શીઘ્ર થાય તે અભિલાષાથી, અનંતજ્ઞાની એવા આપની ભાવથી અનુમોદના કરું છું.

## આચાર્ય ભગવંતોની અનુમોદના

શ્રી જિનશાસનના શણગાર, શાસનની પ્રભાવનાને કરનારા, શ્રી તીર્થંકર ભગવંતોની ગેરહાજરીમાં શાસનને વહન કરનારા, તીર્થંકર ભગવંતની આજ્ઞાની સમાન જેમની આજ્ઞા છે, જ્ઞાનાચારાદિ પાંચ પ્રકારના આચારોનું સ્વયં પાલન કરનારા તથા જગતના જીવોને કરાવનારા આચાર્યોની કરણીની ભાવથી અનુમોદના કરું છું.

શ્રુતસમુદ્રનું અવગાહન કરનારા, શ્રુતનો ઉધ્ધાર કરનારા તથા શ્રુતનું રક્ષણ કરનારા, તેમજ શ્રુતજ્ઞાનનું શિષ્યોને દાન કરનારા, આચાર્ય ભગવંતોના આ શુભ આચારોને ભાવથી અનુમોદું છું.

૨૪ તીર્થંકર ભગવંતોના ૧૪૫૨ ગણધરોની દ્વાદશાંગીની રચના આદિ શુભ કરણીને ભાવથી અનુમોદું છું.

શ્રી ગૌતમસ્વામીનો મહાવીર પ્રભુ પ્રત્યેનો ઉત્તમ વિનય તથા ૫૦ હજાર શિષ્યોને પ્રતિબોધ કરીને કેવળજ્ઞાન અપાવ્યું, વગેરે શુભ આચારોને અનુમોદું છું.

જિનશાસન રત્નોની ખાણ છે. તેમાં રાજાઓ વગેરેને પ્રતિબોધ કરી શ્રીજિનશાસનની મહાન પ્રભાવના કરનારા, ત્રણ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલા શ્રી વજ્રસ્વામિજી થયા, ૧૪૪૪ ગ્રંથોના રચયિતા આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજી, ૩॥ કરોડ

શ્લોકની રચના કરનારા તથા શ્રી કુમારપાલ રાજાને પ્રતિબોધ કરીને અઢાર દેશમાં જૈનશાસનની અપૂર્વ પ્રભાવના કરનારા પાંચ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલા શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, આમ રાજાને પ્રતિબોધ કરનારા શ્રી બપ્પભટ્ટીસૂરિ મહારાજા, લાખો જિનપ્રતિમાજીની તથા સેંકડો મંદિરોની પ્રતિષ્ઠા-વિધિ કરાવનારા શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા, તથા શ્રી સેનસૂરીશ્વરજી મહારાજા આદિ શ્રી સુધર્માસ્વામીજી થી માંડીને યાવત્ વર્તમાન કાળના આચાર્યોની શ્રી જિનાજ્ઞાને અનુસરીને થયેલ, થતી તેમજ ભવિષ્ય કાળમાં થનારા આચાર્યોની પ્રભુ આજ્ઞાનુસારી થનારી શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

ગુરૂ આજ્ઞાના પાલન ખાતર લોખંડની તપેલી તવી ઉપર ચડનારા શ્રી રામચંદ્રસૂરિજી મહારાજની પ્રાણ સમર્પણની પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું...

વિનયરત્ન દ્વારા રાજાનું ખૂન થતાં શ્રી જિનશાસનની અપભ્રાજનાના નિવારણ અર્થે પોતાના ગળે છરી ફેરવી પ્રાણોના સમર્પણ દ્વારા શાસન ઉપર આવતા કલંકને અટકાવનારા શ્રી કાલિકસૂરીશ્વરજી મહારાજની ભાવથી અનુમોદના કરું છું.

શ્રી સરસ્વતી સાધ્વીના શીલની રક્ષા ખાતર, ભગીરથ મહેનત કરી મ્લેચ્છોને લાવી ગર્દભિલ્લ રાજા સાથે યુધ્ધ કરાવી શ્રી જિનશાસનની રક્ષા કરનારી શ્રી કાલિકસૂરિ મ.ની પરિણતિ તથા શાસનરક્ષાની શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

અયોધ્યાથી વિજયનગરીનો સેંકડો માઈલનો ઉગ્ર વિહાર શ્રી જૈનસંઘની રક્ષા ખાતર કરનારા શ્રી ધર્મસિંહસૂરીશ્વરજી મહારાજની સંઘરક્ષાની કરણીને ભાવથી અનુમોદું છું.

પૂજનીય આચાર્ય ભગવંતોની તીર્થરક્ષાની, શાસનરક્ષાની, દેવદ્રવ્યાદિની વૃધ્ધિની, સંયમ પ્રદાનની, અનેકાનેક આત્માઓને પ્રતિબોધ કરવાની શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

આચાર્યો ગચ્છની સારણા, વારણા, ચોયણા, પડિચોયણાની શુભ પ્રવૃત્તિ કરે છે. આચાર્યો ગચ્છને યોગ્ય ઉપધિ ઉપકરણો વગેરેનો સંગ્રહ કરે છે. આચાર્યો ગચ્છમાં રહેલ ગ્લાન સાધુ-સાધ્વીઓની યોગ્ય વૈયાવચ્ચાદિ કરાવડાવે છે. આચાર્યો ચતુર્વિધ સંઘ પ્રત્યે વાત્સલ્ય ભાવને ધારણ કરે છે. આવી આચાર્યોની શુભ પ્રવૃત્તિનેભાવથી અનુમોદું છું.

ટૂંકમાં, શ્રી જિનશાસનમાં આચાર્યોના શિરે જે જે જવાબદારીઓ છે તેનું

પાલન કરતા આચાર્યોની પાંચે આચારની શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

### શ્રી ઉપાધ્યાય ભગવંતોની અનુમોદના

શ્રી જિનશાસનમાં યુવરાજ સમાન, સાધુગણને શ્રુત જ્ઞાનનું દાન આપનારા, પચ્ચીશ ગુણોથી યુક્ત શ્રી ઉપાધ્યાય ભગવંતોની ભાવથી અનુમોદના કરું છું.

અનેક ગ્રંથોની રચના કરવાની, અનેક જીવોને પ્રતિબોધ કરવાની તથા ચરણ સિત્તરી અને કરણ સિત્તરીની ઉપાધ્યાયની કરણીને ભાવથી અનુમોદું છું.

અલ્પક્ષયોપશમવાળા સાધુઓને પણ જ્ઞાનદાન દ્વારા પંડિત બનાવનારા, ઉપાધ્યાય ભગવંતોની અનુમોદના કરું છું.

ગચ્છની ઉપધિ, વસ્ત્રાદિની ચિંતા કરવાની, આચાર્યની સાથે રહી ગચ્છનો બોજ ઉપાડી લેવાની, સર્વ સાધુઓને પ્રથમશ્રુત ભણાવવાની ઉપાધ્યાય ભગવંતોની સાધનાને અનુમોદું છું.

તીવ્ર ક્ષયોપશમવાળા અને શ્રી શ્રુત ધર્મની આરાધના અને રક્ષા ખાતર સેંકડો ગ્રંથોની રચના કરનારા બહુશ્રુત ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની શ્રુત સાધનાને ભાવથી અનુમોદું છું.

લોકપ્રકાશ આદિ અનેકવિધ ગ્રંથોની રચના કરવાવાળા ઉપા. શ્રી વિનયવિજયજી મ.ની શ્રુત આરાધનાને ભાવથી અનુમોદું છું.

બંનેએ ભેગા થઈ કુશાગ્રબુધ્ધિથી કાશીમાં છ હજાર શ્લોક પ્રમાણ ગ્રંથને એક જ દિવસમાં ધારી લીધો તે ઉભય ઉપાધ્યાયજી ભગવંતને મારા ભાવથી નમસ્કાર છે.

### સાધુ ભગવંતોની અનુમોદના

સકલ સાધુ ભગવંતોની રત્નત્રયીની સાધનાને અનુમોદું છું.

૫ ભરતક્ષેત્રમાં વર્તમાન કાલે વિચરતા સર્વ સાધુઓના ચારિત્રને, તથા ૫ ઐરવતક્ષેત્રમાં વર્તમાન કાળે વિચરતા સર્વ સાધુઓના ચારિત્રને તથા ૫ મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન કાળે વિચરતા ૨ કરોડ કેવળજ્ઞાની સાધુઓ તથા ૨૦૦૦ કરોડ સાધુઓને ચારિત્રને ભાવથી અનુમોદું છું.

સર્વ સાવદ્યના ત્યાગરૂપે સામાયિક ચારિત્રને, મહાવ્રતોના પાલનરૂપે છેદોપસ્થાપનીય ચારિત્રને, કઠોર તપના પાલનપૂર્વકના પરિહાર વિશુધ્ધિ ચારિત્રને, શ્રેણિમાં દશમા ગુણઠાણે રહેલા જીવોના સૂક્ષ્મસંપરાય ચારિત્રને, તથા ૧૧ થી ૧૪

ગુણસ્થાનક સુધીમાં બિરાજમાન મહાત્માઓના યથાખ્યાત ચારિત્રને ભાવથી અનુમોદું છું.

નવ સાધુનો ગણ વિશિષ્ટ ચારિત્રની સાધના કરવા ગચ્છથી જુદો પડે છે. અઢાર માસની આરાધનાને સ્વીકારે છે. તેમાં પ્રથમ છ મહિના સુધી ચાર સાધુતપ કરે, ચાર વૈયાવચ્ચ કરે, એક વાચના આપે. બીજા છ મહિના વૈયાવચ્ચી તપ કરે, તપસ્વીઓ વૈયાવચ્ચ કરે, વાચનાચાર્ય વાચના આપે. ત્રીજા છ મહિના વાચનાચાર્ય તપ કરે, એક વાચના આપે, અને બાકીના વૈયાવચ્ચ કરે.

| | | | |
|---|---|---|---|
| ઉનાળમાં તપ | જઘન્યથી ૧ ઉપવાસ | મધ્યમ ૨ ઉપ. | ઉત્કૃષ્ટ ૩ ઉપવાસ |
| ચોમાસામાં તપ | જઘન્યથી ૨ ઉપવાસ | મધ્યમ ૩ ઉપ. | ઉત્કૃટ ૪ ઉપવાસ |
| શિયાળમાં તપ | જઘન્યથી ૩ ઉપવાસ | મધ્યમ ૪ ઉપ. | ઉત્કૃટ ૫ ઉપવાસ |

પારણે આયંબિલ હોય છે. તપ કરનાર સિવાય બાકીના રોજ આયંબિલ કરે છે. ગોચરીના પણ અનેકવિધ નિયમો હોય છે, બીજા પણ અનેક નિયમો હોય છે. આ અઢાર મહિનાની સાધનાને પરિહારવિશુધ્ધિ ચારિત્ર કહેવાય છે. તેવા પરિહાર વિશુધ્ધિ ચારિત્રની મહાત્માઓની આરાધનાને ભાવથી અનુમોદું છું.

શ્રી જિનશાસનમાં સાધુઓ પવિત્ર છે. તેમની મન - વચન - કાયાની પ્રવૃત્તિ પવિત્ર છે, કેટલાક મુનિઓ સ્વાધ્યાય સૂત્ર-સિધ્ધાંતોનો આભ્યાસ કરે છે, કેટલાક ગુરુવર્યોની વૈયાવચ્ચ કરે છે, કેટલાક ઉગ્ર તપસ્યાઓ કરે છે, કેટલાક યોગોદ્‌વહન કરે છે, કેટલાક ધર્મકથાદિથી ભવ્ય આત્માઓને પ્રતિબોધ કરે છે, કેટલાક ધ્યાન કરે છે, કેટલાક જપ જપે છે, કેટલાક વિવિધ પ્રકારનાં વીરાસન, પદ્માસન આદિ કરે છે, કેટલાક મહાત્માઓ ચારે આહાર ત્યાગ કરીને અનશનની આરાધના કરે છે. મુનિ ભગવંતોની આ શ્રી જિનવચનાનુસારી બધી ચારિત્રપોષક પ્રવૃત્તિઓની ત્રિવિધે ત્રિવિધે અનુમોદના કરું છું.

ગચ્છમાંથી નીકળી, અનેકવિધ ઉપસર્ગો-પરિષહોને સહન કરતા, ઉત્સર્ગ માર્ગે જીવન જીવતા શ્રી જિનકલ્પી મુનિઓના ચારિત્રને ભાવથી અનુમોદું છું.

શ્રી ઋષભદેવ સ્વામીના પ્રથમ પુત્ર ભરત ચક્રવર્તી જેમણે આરિસા ભુવનમાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું અને પૃથ્વીતલ ઉપર વિચરી અનેક આત્માઓના ઉપર ઉપકાર કર્યો, તેમની ભાવથી અનુમોદના કરું છું.

ઋષભદેવ સ્વામીના ૯૮ પુત્રો, જેઓ ભરત જોડે યુધ્ધ કરવા તૈયાર થયેલા,

પરંતુ પ્રભુના ઉપદેશથી ચારિત્રને પ્રાપ્ત કર્યું.તેમજ શ્રી બાહુબલી-જેમને ભરત જોડે યુધ્ધ કરતાં વિજય પ્રાપ્ત થવા છતાં રણભૂમિ ઉપર જ ચારિત્ર લીધું તેઓના ચારિત્રને ભાવથી અનુમોદું છું.

ઋષભદેવપ્રભુથી આઠ પાટ સુધીના રાજાઓ જેઓમાં ષટ્ખંડાધિપ ભરતચક્રી સિવાય બાકીના ત્રણ ખંડના અધિપતિ હતા. ઈંદ્રે આપેલા મુગટને ધારણ કરનારા હતા, જેઓ આરિસા ભુવનમાં કેવલજ્ઞાન પામીને મોક્ષમાં ગયા, તેઓને ભાવથી અનુમોદું છું.

ઋષભદેવ સ્વામીના ગણધર શ્રી પુંડરિક સ્વામી જેઓ ભરત ચક્રવર્તીના પુત્ર હતા. વિશાળ સંપત્તિનો ત્યાગ કરી ચારિત્ર લઈ પ્રભુના પ્રથમ ગણધર થયા. પાંચ કરોડ મુનિઓની સાથે સિધ્ધાચળજી ઉપર ચૈત્ર સુદ ૧૫ના દિવસે નિર્વાણપદને પામ્યા-તેમની તથા ૫ કરોડ મુનિઓની ભાવથી અનુમોદના કરું છું.

દ્રાવિડ અને વારિખિલ્લજી દશ-દશ કરોડની સેનાયુક્ત પરસ્પર યુધ્ધ કરતા. બંનેના પાંચ પાંચ કરોડ સૈનિકો મૃત્યુ પામ્યા. યુધ્ધમાં વચ્ચે પ્રતિબોધ પામ્યા અને દશ કરોડ બાકીના સૈનિકો સાથે બંને ચારિત્ર લઈ શ્રી સિધ્ધગિરિજી ઉપર અણસણ કરી કારતક સુદ ૧૫ના દિવસે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા, તે દશ કરોડ અણગારોની સંયમ સાધનાને ભાવથી અનુમોદું છું.

પાંચ પાંડવો, નારદજી, શાંબ, પ્રદ્યુમ્ન વગેરે કરોડો મુનિઓ સાથે શ્રી સિધ્ધગિરિજીની પવિત્ર છાયામાં નિર્વાણપદને પામ્યા-તે કરોડો મુનિઓના ચારિત્રને અનુમોદું છું.

ઋષભદેવ સ્વામિની અસંખ્ય પાટ પરંપરા સુધી અયોધ્યાની ગાદી ઉપર આવનારા સર્વ રાજાઓએ ચારિત્ર લીધું અને બધાં જ મોક્ષ અથવા અનુત્તર દેવલોકમાં પહોંચ્યા. તેઓના પવિત્ર ચારિત્રની મન-વચન-કાયાથી અનુમોદના કરું છું.

સગર ચક્રવર્તીએ બીજા પ્રભુ શ્રી અજિતનાથ સ્વામિ પાસે ચારિત્ર લીધું અને મુક્તિને પામ્યા. તેઓની અનુમોદના કરું છું.

ચોવીશે ભગવાનના ૧૪૫૨ ગણધર ભગવંતો, ૨૮૪૮૦૦૦ સાધુઓ, તથા ૪૪૪૬૪૦૦ સાધ્વીઓની ચારિત્ર પાલનની, રત્નત્રયીની આરાધનાની "મને પણ તેવી આરાધના પ્રાપ્ત થાય તે અભિલાષાપૂર્વક" ભાવથી અનુમોદના કરું છું.

કૃષ્ણ મહારાજાની રાણીઓ તથા પુત્રીઓ તેમ જ શ્રેણિક મહારાજાની રાણીઓ

વગેરેએ ભગવાન શ્રી નેમિનાથ સ્વામિ તથા ભગવાન શ્રી મહાવીર સ્વામિજીની પાસે ચારિત્ર લીધું, તપ તપી કોઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયાં, કોઈક દેવલોકમાં ગયાં-તે સર્વેને ભાવથી અનુમોદું છું.

દિવ્ય નવ્વાણુ પેટીઓના વૈભવનો ત્યાગ કરી ચારિત્ર લેનાર શ્રી શાલિભદ્રમુનિ, વિશાળ વૈભવનો તથા આઠ કન્યાઓને છોડી સંયમને સ્વીકારનાર ધન્નાજી તથા જીવનભર ચારિત્રની સાથે જ છટ્ઠ તપ આયંબિલના પારણાથી કરવાનો ઉગ્ર અભિગ્રહ કરનાર કાકંદીના ધન્ના અણગાર, યંત્રમાં પીલાતાં શુક્લધ્યાન આરોહણ કરી ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પામીને નિર્વાણપદને પામનારા ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો, રાજસેવકોએ આખ્રી ચામડી ઉતારવા છતાં સમભાવમાં ઝીલી કેવળજ્ઞાન મેળવી અંતગડ કેવળી થનારા શ્રી ખંધકમુનિ, માથા ઉપર સળગતા અંગારાની વેદનાને સમભાવથી સહન કરી શ્મશાનભૂમિમાં કેવળજ્ઞાન પામીને નિર્વાણ પામનારા શ્રી ગજસુકુમાલ મુનિ, માથા ઉપર વાધર વીંટી, તડકામાં ઊભા રાખ્યા છતાં ક્રૌંચ પક્ષીની દયા ખાતર મૌનને ધારણ કરવા પૂર્વક ખોપરી તૂટવાની વેદના ભોગવતા સર્વકર્મને ખપાવી નિર્વાણપદને પામનારા શ્રી મેતારજ મુનિ વગેરે મહાન સંયમના પરાક્રમને ફોરવનારા, હે અણગાર ભગવંતો ! આપનાં અજબ ગજબના આ મહાપરાક્રમોથી શ્રી જિનસાસન ગૌરવવંતું છે. આપ સૌના આ મહાન ચારિત્ર પુરુષાર્થને ત્રિવિધે ત્રિવિધે શ્રી અરિહંત પરમાત્માદિની સાક્ષીએ શ્રી સંઘ સહિત ભાવથી અનુમોદું છું.

શાસનરત્ન અણગારોના દુર્ધર મહાવ્રત પાલન, ઘોર તપ, સ્વાધ્યાય, સંયમ, જીવદયા, કષાયનિગ્રહ, વિષયવિરાગ સમિતિ-ગુપ્તિમાં ઉપયોગ, વગેરે શુભકરણીને ભાવથી અનુમોદું છું.

કંઈક મુનિ-રત્નોએ કરોડોની સંપત્તિને છોડી છે, કંઈકે ભર-યુવાવસ્થામાં રમણીઓનો ત્યાગ કર્યો છે. કંઈકે વ્હાલસોયાં માતાપિતા, બંધુ, આદિ વિશાળ કુટુંબના સ્નેહને અવગણ્યા છે, અને તે બધા અણગારો પ્રભુએ બતાવેલ ચારિત્રમાર્ગની સાધનામાં લાગી ગયા છે, તે સર્વે અણગારોની આ શુભાતિશુભ આખા વિશ્વના સુખમાં કારણભૂત એવી ચારિત્રસાધનાને ભાવથી અનુમોદું છું.

ટૂંકમાં, શ્રી જિનેશ્વર ભગવાનના શાસનને પામીને જે આત્માઓએ ચારિત્રધર્મની આરાધના કરી છે. વર્તમાનમાં કરે છે અને ભવિષ્યકાળમાં કરશે, તે સર્વે મહાત્માઓની ચારિત્રસાધનાને, મને પણ તેવી સાધના પ્રાપ્ત થાય એ અભિલાષા પૂર્વક શ્રી અરિહંત પરમાત્મા, તથા શ્રી સિધ્ધભગવંતો, તેમજ ગુરૂવર્ય શ્રી મુનિ ભગવંતો, તથા શ્રી ચતુર્વિધ

સંઘ, અવધિજ્ઞાની દેવતાઓ અને મારા આત્માની સાક્ષીએ ભાવથી અનુમોદના કરું છું....

### શ્રાવકોની શુભ કરણીની અનુમોદના

શ્રાવકોની દેશવિરતિ ધર્મની, એકાદ વ્રતથી માંડીને બાર વ્રત સુધીની આરાધનાને ભાવથી અનુમોદું છું.

શ્રાવકોની શ્રી જિનભક્તિ, ગુરુઉપાસના, સામાયિક પ્રતિક્રમણ, પૌષધ આદિ ક્રિયાઓની નવકારથી માંડીને છ મહિના સુધીના તપની, સુપાત્રને વિષે દાનની, શીલ ધર્મના પાલનની અને શુભ-ભાવરૂપી ભાવધર્મની અનુમોદના કરું છું.

પૌષધવ્રતનું પાલન પ્રાણના જોખમે પણ સુર્યયશા રાજાએ કર્યું. ચંદ્રાવતંસક રાજાએ પ્રાણના ત્યાગે પણ કાઉસ્સગ્ગના અભિગ્રહનું પાલન કર્યું. પુણિયા શ્રાવકે સુંદર કોટિની સામાયિક વ્રતની આરાધના કરી, વગેરે શ્રાવકોની દ્રઢતાપૂર્વક વ્રતોના પાલનની શુભ-આરાધનાને ભાવથી અનુમોદું છું.

ચંપા શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસનો તપ કર્યો, પેથડશાહે ૩૨ વર્ષની ભરયુવાવસ્થામાં બ્રહ્મચર્યને ધારણ કર્યું વગેરે શ્રાવકોની સુંદર આરાધનાને ભાવથી અનુમોદું છું.

સાત-ક્ષેત્રમાં અઢળક સંપત્તિઓનો શ્રાવકોએ ઉપયોગ કર્યો. લક્ષ્મી ઉપરનું મમત્વ પણ છોડ્યું તથા જીવો ઉપર અનુકંપા-આદિ કર્યા તે શ્રાવકોની શુભકરણીની ભૂરિ અનુમોદના કરું છું.

ધન્ય છે સંપ્રતિ મહારાજાને કે જેમણે—-

૩૬૦૦૦ નવા શ્રી જિનમંદિર સ્થાપ્યા ૧૨૫૦૦ જીર્ણોધ્ધાર કર્યા ૧૨૫૦૦૦૦૦ જિનબિંબો ભરાવ્યા.

અનાર્યદેશમાં પણ સાધુના વિહાર કરાવી ધર્મપ્રભાવના કરાવી, તેમની ભાવપૂર્વક અનુમોદના કરું છું.

સંવત ૯૯૯ વર્ષે આબુ ઉપર વિમલશાહે મંદિરો બાંધ્યા. છ હજાર બિંબો સ્થાપ્યાં, તેની અનુમોદના કરું છું.

કુમારપાળ મહારાજાએ ૧૪૪૪ જિનમંદિરો નવા બાંધ્યા, જેમાં પાટણના ત્રિભુવન વિહારમાં ૯૬ કરોડ દ્રવ્ય ખર્ચ્યું, તેની ૭૨ દેરીઓમાં ૧૪ ભારની, ૨૪

રત્નની, ૨૪ સુવર્ણની, ૨૪ ચાંદીની પ્રતિમાઓ ભરાવી પ્રતિષ્ઠિત કરી. મૂળનાયકજીની ૧૨૫ અંગુલ ઊંચી અરિષ્ટ રત્નમય પ્રતિમા ભરાવી, તથા સાધર્મિક ભક્તિમાં ચૌદ કરોડ દ્રવ્ય ખર્ચ્યું, દઢતાપૂર્વક શ્રી જિનભક્તિ કરી, ગુરુની ભક્તિ કરી, દેવીના ઉપદ્રવ વખતે સમકિતમાં નિશ્ચલ રહ્યા વગેરે-તેમની શ્રાવકની કરણીઓની મન, વચન, કાયાપૂર્વક અનુમોદના કરું છું.

સવંત ૧૨૯૫ વર્ષે થયેલ વસ્તુપાળ-તેજપાળ બંધવબેલડીએ ૧૩૧૩ નવાં જિનમંદિર કરાવ્યાં. ૨૨૦૦ મંદિરના જીર્ણોદ્ધાર કરાવ્યા; ૯૮૪ પૌષધશાળા રચાવી, ૧૧ લાખ જિનબિંબો સ્થાપ્યાં અનેક જ્ઞાનભંડારો કરાવ્યા, સાધર્મિકોનાં દેવાં ચૂકવી અનૃણી કર્યા. સંઘપૂજાઓ, સાધર્મિક ભક્તિ, જિનભક્તિના મહોત્સવો વગેરે કર્યા.

શ્રી સિદ્ધગિરિજીના ૧૨ ॥ [1]'છ'રી પાળતા સંઘ કાઢયા, દીનદુઃખિયા પર અનુકંપા કરી આબુ ઉપર સુંદર કોતરણીવાળાં મંદિરો કરાવ્યાં. શ્રી જિનશાસનની સુંદર પ્રભાવના કરી, તેઓની શુભ કરણીને ત્રિવિધે અનુમોદું છું.

સંવત ૧૪૭૨માં ધન્ના સંઘવીએ ૯૯ કરોડ દ્રવ્ય ખરચીને રાણકપુરમાં દેરાસર કરાવ્યાં તેની ભાવભરી અનુમોદના કરું છું.

ભરત ચક્રવર્તીએ શ્રી સિધ્ધગિરિજીનો પ્રથમ ઉધ્ધાર કર્યો, ત્યાર પછી ઇન્દ્રો તથા રાજાઓએ તેમ જ છેલ્લે કર્માશાહે ઉધ્ધાર કર્યો, શ્રી સિધ્ધગિરિજીના કરોડો સંઘો શ્રાવકોએ કાઢ્યા, તીર્થોની યાત્રા કરી, કરાવી. તીર્થોની રક્ષાના કાર્યો પણ શ્રાવકોએ કર્યા. સગરચક્રવર્તીના ૬૦ હજાર પુત્રોએ અષ્ટાપદજીની રક્ષા કરવા પ્રાણ સમર્પણ કર્યા, વગેરે શ્રાવકોની શુભકરણીને ભાવથી અનુમોદું છું.

સિધ્ધરાજના મંત્રી સજ્જન સૌરાષ્ટ્ર તરફ મહેસૂલ ઉઘરાવવા ગયા. ગિરનાર તીર્થ ઉપર નેમિનાથસ્વામિના મંદિરને જીર્ણ જોઈ ૨૭ લાખ ઊપજના દ્રવ્યને જીર્ણોધ્ધારમાં ખર્ચી દેવવિમાન જેવું મંદિર કરાવ્યું. સિધ્ધરાજના કાને વાત જતાં તપાસ કરવા આવ્યો. સજ્જને બીજી બાજુ સંઘોને ભેગા કર્યા. સંઘોએ ૨૭ લાખ દ્રમ્મ ભેગા કરી દીધા, કોથળા તૈયાર રાખી, સજ્જન સિધ્ધરાજને ગિરનાર ઉપર લઈ ગયો, દેવવિમાન જેવું મંદિર દેખી, સિધ્ધરાજથી પ્રશંસા થઈ ગઈ. ધન્ય છે આ મંદિરના કરનારને...

---

૧. મહામંત્રી વસ્તુપાળને સિદ્ધગિરિના બાર સંઘ સંપૂર્ણ થયા. ત્યાર પછી તેરમી વખત ચતુર્વિધ સંઘ સાથે શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરવા જતાં રસ્તામાં વઢવાણ નજીક ગામે વસ્તુપાળનું મૃત્યુ થયું. તેથી ૧૨॥ સંઘ કહેવાય છે.

સજ્જન સહર્ષ કહે છે, 'મંદિર આપે કર્યું છે, કાં તો આ મંદિરનું પુણ્ય ગ્રહણ કરો યા તો ધન ગ્રહણ કરો.' સિધ્ધરાજે ખુશ થઈને મંદિરનો જીર્ણોધ્ધાર સ્વીકારી બીજાં ૫૨ ગામ પૂજા માટે આપ્યા. સજ્જનમંત્રીની આ ગિરનારના જીર્ણોધ્ધારની શુભ કરણીને ભાવથી અનુમોદું છું.

સૌરાષ્ટ્રમાં યુધ્ધાર્થે ગયેલા ઉદયન મંત્રીએ સિધ્ધગિરિની યાત્રા કરી. મંદિર લાકડાનું જોયું, ઉંદર દીવાની વાટ ખેંચતો જોયો, આરસનું મંદિર કરવાની ભાવના જાગી. અભિગ્રહ કર્યો, યુધ્ધમાં ઘા ઘણા વાગ્યા, મૃત્યુ નજીક આવતાં સાથે રહેલાઓને અભિગ્રહની વાત કરી. વાગ્ભટે પિતાની ભાવના પૂર્ણ કરી મંદિર આરસનું નવું કરાવ્યું. તૈયાર થયાના સમાચાર આપનારને ૩૨ જીભ સોનાની ભેટ આપી. થોડી વારમાં મંદિરની ભીંતમાં ફાટ પડ્યાના સમાચાર લાવનાર બીજાને ૬૪ જીભ સોનાની ભેટ આપી. આમ કેમ ? પુન: કરાવી શકીશ. શિલ્પીઓને બોલાવી પુન: મંદિર કરાવ્યું, કરોડોના ધનનો ઉપયોગ જિનેશ્વર દેવની ભક્તિમાં આ રીતે કર્યો. તેઓની શુભ કરણીને ભાવથી અનુમોદું છું.

પેથડશાહે ૮૪ જિનમંદિર બાંધ્યાં. સુરગિરિ નગરમાં બ્રાહ્મણોનું જોર ઘણું. મંદિર માટે જગ્યા ન મળી. ત્યાંનો રાજા વીરમદ તથા મંત્રી હેમાદે હતો. હેમાદેના નામે પેથડશાહે પોતાના ખર્ચે દાનશાળા કરાવી. ચારે બાજુ ખ્યાતિ ફેલાઈ. હેમાદેને આશ્ચર્ય થયું, તપાસ કરાવતાં પેથડશાહની પ્રવૃત્તિ જાણી મિત્રતા થઈ. જમીન માગી. રાજાએ સૌનેયા આપીને જમીન લેવા કહેતાં તેમ કર્યું. પાયો ખોદતાં મીઠું પાણી નીકળ્યું, બ્રાહ્મણોએ રાજાને ફરિયાદ કરતાં રાતોરાત ૧૨ હજાર ગુણ મીઠું નંખાવ્યું. રાજાની તપાસમાં પાણી ખારું નીકળ્યું, મંદિર બંધાવ્યું, વધામણી લાવનારને ૩ લાખ રૂપિયા ઈનામ આપ્યું. પેથડશાહની આ શુભ કરણીને અનુમોદું છું.

કચ્છ દેશના જગડુશાહે દુકાળમાં લાખો અને કરોડોનો ખર્ચ કરી ગરીબોને મફત અન્ન આપ્યું. જગડુશાહની અનુકંપાની પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

સૌરાષ્ટ્રનો મહુવા નગરીનો જગડશ્રાવક, પિતાએ ચાર રત્નો મરતી વખતે આપેલાં. ૧। કરોડની કિંમતનાં દરેક હતાં. બે રત્નોને તીર્થમાં વાપરવા તથા બે તેને પોતાને ઉપયોગ કરવા કહી પિતા મૃત્યુ પામ્યા. જાવડે કુમારપાળના સંઘમાં ૧। કરોડની ઉછામણી બોલીને સિધ્ધગિરિ તીર્થ તથા પ્રભાસપાટણમાં માળ પહેરી બે રત્નો સમર્પણ કર્યાં, ત્યાર પછી બાકીનાં બે રત્નો પણ તીર્થના ઉપયોગ માટે સમર્પણ કર્યાં. શ્રી જગડની આ શુભપ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

સિધ્ધગિરિની તળેટીમાં વાગ્ભટ્ટ મંત્રીની નિશ્રામાં અનેક સંઘો જીર્ણોધ્ધારની ટીપ કરવા બેઠેલા છે. લાખોના આંકડા લખાય છે. છ રૂપિયાની મૂડીવાળો ઘીનો વેપારી ભીમો કુલડિયો, ઘી વેંચીને આજે થયેલ રૂપિયાની કમાણીના ગિરિરાજ ઉપર પ્રભુને ફુલ ચડાવી નીચે ઉતર્યો છે. આ વાતાવરણ જોઈને પોતાની મૂડી આપી દેવાનું મન થાય છે પણ નાની રકમ હોઈ અચકાય છે. ચકોર મંત્રી તેની ભાવના પરખી, હાથ પકડી આગળ લઈ ગયા, પૂછ્યું, ભાવના જણાવી. મંત્રીએ તેનો સ્વીકાર કરી પ્રથમ નામ તેનું લખ્યું. આમ જિનભક્તિમાં સર્વસ્વને સમર્પણ કરવાની ભીમા કુલડિયાની કરણીની ભાવથી અનુમોદના કરુ છું...

આમ કેટકેટલા સુશ્રાવકોનાં પરાક્રમો ગાઈએ. શ્રી જિનશાસનમાં શ્રાવકોએ પોતાના મહાન સમર્પણ દ્વારા ઉજ્જવળ ઈતિહાસને સર્જ્યા છે. તે સર્વ શ્રાવકોની સર્વ પ્રકારની શુભ પ્રવૃત્તિને ભાવથી અનુમોદું છું.

તિર્યંચોમાં પણ અસંખ્ય જીવો નિર્મળ દેશવિરતિને ધારણ કરી રહ્યા છે તેવા મત્સ્ય, હાથી, ઘોડા વગેરે તિર્યંચોના પણ દેશવિરતિના વ્રતો અને અનુષ્ઠાનોને ભાવથી અનુમોદું છું.

## સમ્યગ્દષ્ટિ જીવોની અનુમોદના

तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं

શ્રી જિનેશ્વર ભગવંતોએ જે કહ્યું છે, તે જ નિ:શંક સાચું છે, તેવી સમ્યગ્દષ્ટિ જીવની શ્રી જિનવચન પ્રત્યેની દ્રઢતાની ભાવથી અનુમોદના કરું છું.

શ્રી શ્રેણિક મહારાજા, શ્રી કૃષ્ણ મહારાજા વગેરેના ક્ષાયિક સમ્યકત્વની અનુમોદના કરું છું.

સમ્યગ્દષ્ટિ દેવોની જિનભક્તિ, શ્રીતીર્થંકર દેવોના જન્માભિષેક આદિની ઉજવણીઓ, પ્રભુના અતિશયોની રચના, પ્રભુના સમવસરણની રચના, વગેરે શુભ અનુષ્ઠાનોને ભાવથી અનુમોદું છું.

પ્રભુ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં જઘન્યથી કરોડ અને ઉત્કૃષ્ટથી અસંખ્ય દેવો પ્રભુની સાથે વિચરે છે, પ્રભુના ચરણ પણ પૃથ્વીને ન અડે તે માટે સુવર્ણકમળની રચના પ્રભુજીની આગળ કરતા જાય છે, પ્રભુજીની અનેક પ્રકારે ભક્તિ કરે છે, પ્રભુના સમવસરણમાં નાટક આદિ કરે છે, પ્રભુને ચામર ઢાળે છે વગેરે સમ્યગ્દષ્ટિ દેવોની શુભ કરણીને ભાવથી અનુમોદું છું.

સૌધર્મેન્દ્ર પ્રભુના જન્મ વખતે સ્વયં પાંચ રૂપ કરીને પ્રભુને એક રૂપથી ગ્રહણ કરે છે. એક રૂપથી આગળ વજ્ર લઈને ચાલે છે, બે રૂપથી પ્રભુને ચામર ઢાળે છે, એક રૂપથી પ્રભુના ઉપર છત્ર ધારણ કરે છે, આમ પ્રભુને પોતાના પાંચ રૂપ કરી સૌધર્મેન્દ્ર સપરિવાર દેવો સાથે પર્વત ઉપર લઈ જાય છે, ત્યાં અન્ય ઈંદ્રો તથા દેવો આવે છે, પ્રભુને ખોળામાં લઈને શ્રી સૌધર્મેન્દ્ર મેરૂ પર્વતની શિલા ઉપર સિંહાસનમાં બેસે છે અને ત્યાર પછી અન્ય ઇન્દ્રો વગેરે પરિવાર સાથે પ્રભુજીને અભિષેક કરે છે. તથા વિલેપન તેમજ વસ્ત્ર, અલંકાર આદિ ધારણ કરાવે છે. અંતે આરતી, મંગળ દીપક વિગેરે કરે છે. ત્યાર પછી સૌધર્મેન્દ્ર પણ પ્રભુજીને ઈશાનેન્દ્રના ખોળામાં બેસાડીને પોતે ઊભા થઈ ચાર મુખવાળા બળદનું રૂપ લઈને આઠ શૃંગમાંથી અભિષેક કરે છે, અને વિલેપન આદિ અન્ય ઈંદ્રોની માફક કરે છે. ત્યાર પછી આડંબર સહિત પ્રભુજીને પુનઃ મૂળ સ્થાને મૂકી આવે છે અને નંદીશ્વર દ્વીપમાં જઈને મહોત્સવો કરે છે. ઈંદ્રો અને દેવોની પ્રભુના જન્માભિષેકની ઉજવણીની આ શુભ કરણીને ભાવથી અનુમોદું છું.

પ્રભુના જન્મ થતાંની સાથે જુદી જુદી દિશાઓમાંથી કુલ ૫૬ દિક્કુમારીઓ સૂતિકર્મ કરવા આવે છે અને તે કરીને પ્રભુની ભક્તિ કરે છે. તે દિક્કુમારીકાઓની શુભકરણીને ભાવથી અનુમોદું છું.

નૃપવિક્રમ રાજા કે જેને ધનંજય યક્ષે પ્રાણાંત ઉપદ્રવ કરવા છતાં શ્રી જિનેશ્વર સિવાય અન્ય દેવને નહીં નમવા અને માનવામાં દ્રઢતા રાખી, તેની તે દ્રઢતાની અનુમોદના કરું છું.

નારકીમાં રહેલ અસંખ્ય તીર્થંકર ભગવંતોના દ્રવ્ય તીર્થંકરપણાને ભાવથી અનુમોદું છું.

નારકીમાં અસંખ્ય તીર્થંકર ભગવંતોના જીવો ઉપરાંત બીજા પણ અસંખ્ય સમ્યગ્દષ્ટિ આત્માઓ છે, જેઓ નારકીની ઘોર પીડાને સમભાવે સહન કરે છે. પીડા આપનાર નારકીના બીજા જીવો કે પરમાધામી દેવો પ્રત્યે દ્વેષ ભાવને ધારણ કરતા નથી, પરંતુ પોતાના જ કર્મના ઉદયને માનીને ઉપશમભાવને ધારણ કરે છે, તે સર્વ જીવોના શુભ ભાવને મન, વચન, કાયાથી અનુમોદું છું.

ટૂંકમાં, મોક્ષમાર્ગના મુખ્ય પાયારૂપ સમ્યગ્દર્શન ગુણ જે પુણ્યવાન આત્માએ પ્રાપ્ત કર્યો છે, અને તે ગુણને અનુરૂપ સમ્યક્ત્વના આચારો આદિનું પાલન કરે છે તેવા અસંખ્ય સમ્યગ્દષ્ટિ જીવો વર્તમાન કાળમાં છે, ભૂતકાળમાં પણ અસંખ્ય સમ્યગ્દષ્ટિઓ

હતા, અને ભવિષ્યમાં જીવો સમ્યગ્દષ્ટિ થવાના છે તે સર્વ જીવોના સમ્યક્ત્વને ભાવપૂર્વક અનુમોદું છું.

### ભદ્રક-મિથ્યાદષ્ટિઓનાં સુકૃતોની અનુમોદના

જે જીવો હજી પણ સમ્યક્ત્વ પામ્યા નથી, પણ જેઓએ મિથ્યાત્વને મંદ કર્યું છે, જેઓ સમ્યક્ત્વની સન્મુખ આવેલા છે, જેઓ સમ્યક્ત્વની પૂર્વભૂમિકામાં છે, જેઓ જીવો ઉપર કરુણાથી પ્રેરાઈને દયા તથા દાનની પ્રવૃત્તિ કરી રહ્યા છે, તેઓની શ્રી જિનવચનને અપ્રતિકૂળ એવી સર્વ પ્રવૃત્તિને અનુમોદું છું...

આવા ભદ્રક જીવો જે ભદ્રક ભાવથી સાધુઓને પણ આહાર, વસ્ત્ર, પાત્ર વસતિ આદિનું દાન કરે છે, ઔષધ ઉપચાર કરે છે, સાધુઓને ગામ-નગરોનો માર્ગ બતાવે છે, પાપનો ભય રાખે છે, વગેરે તેઓની શ્રી જિનવચનથી પ્રતિકૂળ નહીં તેવી સર્વ શુભ પ્રવૃત્તિઓને ભાવથી અનુમોદું છું.

ભદ્રક એવા મિથ્યાદષ્ટિ જીવો પણ જે કોઈ પણ જાતની આશંસા વિના પરોપકાર કરી રહ્યા છે, દયા પાળી રહ્યા છે, અસત્ય વચનનો તથા અનીતિનો ત્યાગ કરે છે. સદાચારની મર્યાદાઓનું પાલન કરે છે. ક્રોધ, માન, માયા, પ્રપંચ, કામ, લોભ આદિને આંતરદુશ્મનો સમજી છોડી રહ્યા છે, આવી તેમની કરણી તેઓને પ્રભુશાસનની સન્મુખ લાવવામાં સહાયક થઈ રહી છે, તેવી તેઓની શ્રી જિનવચનને અપ્રતિકૂળ સર્વ શુભ કરણીને ભાવથી અનુમોદું છું.

ટૂંકમાં, શ્રી વીતરાગ પરમાત્માના માર્ગને અનુસરતા આ ચૌદરાજ લોકમય વિશ્વમાં જે કંઈ સુકૃતો ભૂતકાળમાં થઈ ગયાં, ભવિષ્યમાં થનાર છે, તથા વર્તમાનમાં થઈ રહ્યાં છે, તે સર્વે શ્રી અરિહંત પરમાત્માનાં સુકૃતોથી માંડીને સામાન્ય જનનાં સર્વે સુકૃતોને, આવાં સુકૃતો જીવનમાં પ્રાપ્ત થાય તેવા મનોરથો પૂર્વક, શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધ પરમાત્મા, શ્રી ગુરુ ભગવંતો, શ્રી અવધિજ્ઞાની દેવો, શ્રી ચતુર્વિધ સંઘ અને મારા આત્માની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે અનુમોદું છું.

સુકૃતની આ અનુમોદના મારી સમ્યક્ થાઓ. સુકૃતની આ અનુમોદનાથી મને સુકૃતોની પરંપરા પ્રાપ્ત થાવ. અને તે દ્વારા દુષ્કૃતોની વાસના અને પાપનો ક્ષય થઈ મારા આત્માનો સિધ્ધિપુરીમાં વાસ થાવ...

સુકૃત અનુમોદનાના આ શુભ અનુષ્ઠાનમાં મારાથી જે કંઈ પણ પ્રભુઆજ્ઞાની વિરુધ્ધ અવિધિ આદિ થયેલ હોય તો તેનું મિચ્છા મિ દુક્કડં દઉં છું....

# સુકૃતાનુમોદના અંગે કેટલાક શાસ્ત્રપાઠો

**ભાષાંન્તર સાથે**

**ચિરંતનાચાર્યકૃત પંચસૂત્ર—**

संविग्गो जहासत्तीए सेवेमि सुकडं, अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिध्धाणं सिध्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तपयाणं, सव्वेसिं साहूणं साहुकिरियं, सव्वेसिं सावगाणं मुक्खसाहणजोगे। सव्वेसिं देवाणं सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे।

સંવિગ્ન એવો હું યથાશક્તિ સુકૃતની સેવા કરું છું. એટલે કે અનુમોદના કરું છું. સર્વ અરહિંત પરમાત્માઓના તપ, સંયમ, શાસન-સ્થાપનાદિ અનુષ્ઠાનોને, સર્વ સિદ્ધ ભગવંતોના સિદ્ધપણાના ભાવને, સર્વે આચાર્યોના પાંચે પ્રકારના આચારને, સર્વે ઉપાધ્યાયોના સૂત્રપ્રદાનને, સર્વ સાધુઓની સાધુક્રિયાને, સર્વ શ્રાવકોના મોક્ષસાધક યોગોને, સર્વે દેવો તથા સર્વે મોક્ષની ઇચ્છાવાળા જીવોના કલ્યાણ આશયવાળા મોક્ષમાર્ગના સાધક યોગો (દર્શન, જ્ઞાન, ચારિત્ર) ને અનુમોદું છું.

**ચઉસરણ પયન્નો :**

अरिहंतत्तं अरिहंतेसु, जं सिध्धत्तणं च सिध्धेसु
आयारं आयरिए, उवज्झायत्तं उवज्झाए ॥५६॥

साहूण साहूचरिअं च, देसविरइं च सावयजणाणं,
अणुमन्ने सव्वेसिं, सम्मत्तं सम्मदिट्ठिणं ॥५७॥

अहवा सव्वं चिअ वीअरायवयणाणुसारि जं सुकयं।
कालत्तए वि तिविहं, अणुमोएमो तयं सव्वं ॥५८॥

અરિહંતોને વિષે અરિહંતપણું તથા સિદ્ધોમાં જે સિદ્ધપણું, આચાર્યોમાં આચાર, ઉપાધ્યાયોમાં ઉપાધ્યાયપણું, સાધુઓની સાધુચર્યા, તથા શ્રાવકોનું દેશવિરતિપણું તેમજ સર્વે સમ્યગ્દષ્ટિ જીવોના સમ્યક્ત્વની અનુમોદના કરું છું.

અથવા વીતરાગના વચનાનુસારી જે કંઈ સુકૃત ત્રણે કાળને વિષેનું છે તે સર્વેને ત્રિવિધે અનુમોદું છું.

जिणभवणबिंबपुत्थय, संघसरूवाइ सत्त खित्तीए।
जं ववि‌अं धणबीअं, तमहं अणुमोअए सुकयं ॥
जं सुध्धनाणदंसणचरणाइ, भवण्णवप्पवहणाइं।
सम्ममणुपालिआइं, तमहं अणुमोएमि सुकयं ॥
जिणसिध्धसूरिउवज्झायसाहू-साहम्मिअप्पवयणेसु।
जं विहिओ बहुमाणो, तमहं अणुमोएमि सुकयं ॥
सामाइअ-चउवीसत्थाइ-आवस्सगंमि छब्भेए।
जं उज्जमिअं सम्मं, तमहं अणुमोएमि सुकयं ॥

શ્રી જિનભવન, શ્રી જિનબિંબ, શ્રી જિન આગમ તથા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ, આ સાતે ક્ષેત્રોને વિષે જે ધનબીજને વાવ્યું છે તે સુકૃતને હું અનુમોદું છું.

સંસારરૂપી સમુદ્રમાં જહાજ સમાન જે વિશુધ્ધ જ્ઞાનદર્શન અને ચારિત્રને સમ્યક્‌પણે પાળ્યા તે સુકૃતને હું અનુમોદું છું.

શ્રીજિનેશ્વર ભગવંત, સિદ્ધભગવંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મિક તથા પ્રવચનને વિષે જે મેં બહુમાન કર્યું તે સુકૃતને હું અનુમોદું છું.

સામાયિક, ચતુર્વિંશતિસ્તવ વિગેરે છ આવશ્યકને વિષે મેં જે સમ્યક્ ઉદ્યમ કર્યો તે સુકૃતને હું અનુમોદું છું.

# કેટલાક મહાપુરુષોના જીવનની તથા ઉગ્ર આરાધનાની અનુમોદના

શ્રી અરિહંત પરમાત્માથી માંડીને ભદ્રક મિથ્યાદષ્ટિ સુધીના જીવોના સુકૃતની અનુમોદના કરી.

આપણો જૈન ઈતિહાસ અનેક મહાપુરુષોનાં ગૌરવવંતાં આરાધનાનાં પરાક્રમોથી ઉજ્જવળ છે. બધાનાં જીવનોને યાદ કરીને તેઓનાં સુકૃતોની વિસ્તૃત અનુમોદના તો આપણાથી શક્ય જ નથી. માત્ર અહીં કેટલાક મહાપુરુષોને યાદ કરી તેમની ભાવથી અનુમોદના કરી લઈએ જેથી આપણા જીવનમાં કાંઈક નવો આરાધનાનો ઉત્સાહ ઊભો થાય.

(૧) કંચનપુરનગરમાં જિનદાસ નામનો શ્રેષ્ઠી છે, પરિવ્રાજકના આગ્રહથી તેના ભક્ત રાજાએ શ્રેષ્ઠીની પીઠ ઉપર ઉષ્ણ ખીર રાખી પરિવ્રાજકને પારણું કરાવ્યું, થાળી ઉપાડતાં પીઠ ઉપરની ચામડી લોચાની માફક ઉખડી ગઈ. તેનો ઉપચાર ન કરતાં વૈરાગ્યવાસિત બની ચારિત્રલીધું. પૂર્વ દિશામાં આહાર તથા શરીરને વોસરાવીને કાઉસ્સગ્ગ ધ્યાને એક પખવાડિયા માટે ઊભા રહ્યા. પક્ષીઓ ગીધ, કાગડા, ઘુવડ વગેરે ચાંચો મારીને માંસ ખાય છે, ચાંદાં પહોળાં કરે છે, મચ્છર, કીડી, ડાંસ વગેરે પણ ચટકા ભરે છે. ત્યારે કર્મના વિપાકને યાદ કરીને દુઃખને ગણતા નથી. રાત્રે શિયાળીયાદિના ઉપસર્ગોને પણ સમભાવે સહન કરે છે, કર્મના વિપાકને યાદ કરતાં નારકીની ઘોર પીડાઓથી આ વધુ કષ્ટતર નથી-એમ શુભ ધ્યાનને કરતાં તેમણે એક પખવાડિયું પસાર કર્યું. બાકીની ત્રણે દિશામાં આ જ રીતે બાકીનાં ત્રણ પખવાડિયા પસાર કર્યાં. બે માસના અંતે 'નમો જિણાણં' નો ઉચ્ચાર કરતાં જમીન ઉપર પડી જાય છે, અને શુભ આરાધના કરી કાળધર્મ પામી દેવલોકમાં સૌધર્મેન્દ્ર થઈ પછી સનતકુમાર ચક્રવર્તી થાય છે. તે જિનદાસની શ્રાવકની તથા સાધુપણાની ઉગ્ર સહનશીલતાદિ આરાધનાની, સમભાવની અને શુભધ્યાનની ભાવપૂર્વક અનુમોદના કરું છું...

(૨) ચોથા ચક્રવર્તી સનતકુમારે ચારિત્ર લઈ ૭૦૦ વર્ષ સુધી ૧૬ ઉગ્ર અને ભયંકર રોગોને સહન કર્યા, છતી લબ્ધિએ પણ ઉપચાર ન કર્યા, કાળધર્મ પામીને દેવલોકમાં ગયા. સનતકુમાર મુનિની તે આરાધનાની ભાવથી અનુમોદના કરું છું...

(૩)ઉપશમ, વિવેક, સંવર આ ત્રણ પદની મુનિની પાસેથી પ્રાપ્તિ થતાં

હાથમાં રહેલું સુસીમાનું માથું ફેંકી દઈ, કાઉસ્સગ્ગ ધ્યાને રહી ગયા. લોહીની ગંધથી ખેંચાઈ આવેલી હજારો કીડીઓએ શરીર ચાલણી જેવું કરી નાખ્યું. ઘોર પીડાને ૨॥ દિવસ સુધી સમભાવે સહન કરીને દેવલોકમાં ગયા-તે ચિલાચિપુત્રની ભાવથી અનુમોદના કરું છું.

(૪) દેવકીનંદન શ્રીગજસુકુમાલ, કૃષ્ણ મહારાજાના લઘુબંધુ, સોમિલની પુત્રી સાથે કૃષ્ણે વિવાહ જોડ્યો, ભગવાન નેમિનાથ સ્વામીની દેશના સાંભળી, યૌવનના ઉંબરે પગ મૂકતા ગજસુકુમાલ વૈરાગી બન્યા. માતાની ઘણી આજીજી છતાં ચારિત્રભાવનામાં દઢ રહ્યા. "મારા પછી બીજી માતા કરીશ નહીં" તેવા માતાના આશીર્વાદ મેળવી ચારિત્ર લીધું. પ્રભુની રજા લઈને ગામ બહાર જઈ સ્મશાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. સોમિલને સમાચાર મળતાં ક્રોધથી ત્યાં આવી માથે પાળ બાંધી અંગારા મૂક્યા. ખોપરી બળવા માંડી, તીવ્ર વેદના સાથે શુભધ્યાનમાં આગળ વધતા ક્ષપકશ્રેણિ આરોહણ કરીને કેવળજ્ઞાન પામી મોક્ષમાં ગયા. તે ગજસુકુમાર મુનિની આરાધનાને ભાવથી અનુમોદું છું...

(૫) જિનધર્મ નામનો શ્રેષ્ઠી વૈરાગ્યવાસિત બન્યો. વિષયોથી પરાંઙ્મુખ થયો. શૂન્યગૃહ આદિમાં રાત્રિઓને વિષે કાઉસ્સગ્ગ ધ્યાને રહે છે. તેની સ્ત્રી ઉન્માર્ગે ગઈ. એક વખત શ્રેષ્ઠી શૂન્ય ઘરમાં કાઉસગ્ગ ધ્યાને ઊભો છે. તેની પત્ની અન્ય પુરુષ સાથે પલંગ લઈ આવી. પલંગ ભૂમિ ઉપર મૂકી બંનેએ દુષ્ટ આચરણ કર્યું, પલંગનો ખીલો જિનધર્મના પગમાં પેસી આરપાર ઊતર્યો. ઘાની વંદનાથી ભોંય પર પડી જવા છતાં શુભ ધ્યાન કરે છે" ધિક્કાર છે સંસારને. જીવો બીચારા પાપ કરીને દુઃખી થાય છે. વળી અમારી પણ કેવી ભાગ્યહીનતા છે કે આવા જીવોને ઉન્માર્ગથી પાછા વાળી શકાતા નથી, ખેર ! હવે આત્માનું ધ્યાન કરવા દે. આત્મભાવમાં સ્થિર થઈ, સર્વજીવોને ખમાવી, ચાર શરણ સ્વીકાર, દુષ્કૃતનિંદા, સુકૃતાનુમોદના કરી, વ્રતોચ્ચારણ કરી પરમેષ્ઠિમંત્રને યાદ કરતાં કાળધર્મ પામી દેવલોકમાં ગયા. ઉપયોગ મૂકી પૂર્વભવનું વૃત્તાન્ત જાણી બંનેને પ્રતિબોધ કરવા અર્થે પીડાથી આકુળવ્યાકુળ કરી, ત્યાં સાક્ષાત્ પ્રગટ થઈને પ્રતિબોધ કરી સન્માર્ગે સ્થિર કર્યા, આવા મહાન્ સાત્ત્વિક પરાક્રમને ભાવથી અનુમોદું છું.

(૬) રાત્રિના સમયે સ્વાધ્યાય કરતાં આચાર્યદેવના મુખે નલિનીગુલ્મ વિમાનનું વર્ણન સાંભળી, પ્રતિબોધ પામીને, માતાની રજા ન મળતાં સ્વયં લોચ કરી વેષને ધારણ કરી, આચાર્યદેવની રજા લઈ આહારપાણી-ત્યાગ કરી શ્મશાનમાં જઈ પાદપોપગમન અનશન સ્વીકાર્યું, કાયાને વોસિરાવી દીધી. અરિહંતાદિના ધ્યાનમાં

રમતાં આયુષ્ય પૂર્ણ કરી અનુત્તર દેવલોકમાં ગયા. મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષે જશે શ્રી ધન્નાજી તથા શાલિભદ્ર મુનિના ચારિત્રના શુભ પરાક્રમને ભાવથી અનુમોદું છું.

(૧૦) અચલ ગ્રામમાં પાંચ કુટુંબિકો (કુટુંબના મુખ્ય પુરુષ) તપસ્વી મુનિના દર્શનથી પ્રતિબોધ પામ્યા. શ્રી વાસુપૂજ્ય સ્વામીના તીર્થમાં યશોધર મુનિની પાસે ચારિત્ર લીધું. અનુક્રમે કનકાવલિ, મુક્તાવલિ, રયણાવલિ, સિંહનિષ્ક્રીડિત, અને વર્ધમાન આયંબિલ તપ કર્યો. શિલાતલ ઉપર અનશન કરીને કાળધર્મ પામી પાંચે અનુત્તર દેવલોકમાં ગયા. ત્યાંથી પાંચ પાંડવ તરીકે પાંડુ રાજાના પુત્રો થયા. કૃષ્ણનું મૃત્યુ સાંભળી ચારિત્ર લીધું. મોટા યુધિષ્ઠિર ચૌદપૂર્વી તથા બાકીના અગિયાર અંગધારી થયા. માસક્ષમણના પારણે માસક્ષમણ કરે છે. વિચરતા સૌરાષ્ટ્રમાં પધાર્યા. નેમિનાથ સ્વામીનાં દર્શન કરીને માસક્ષપણનું પારણું કરવાના ભાવથી ગિરનાર તરફ ચાલ્યા. રસ્તામાં પ્રભુજીનું નિર્વાણ સાંભળતાં ખેદ પામી શત્રુંજય ગયા. ત્યાં અનસન કરીને કેવળજ્ઞાન પામીને મુક્તિએ ગયા. તેઓની આરાધનાને ભાવથી અનુમોદું છું....

(૧૧) સુકોશલ મુનિ પોતાના પિતા કીર્તિધર સાથે પર્વત ઉપર ચિત્રકૂટમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા છે. વૈરિણી માતા મૃત્યુ પામીને વાઘણ બનેલી છે. મુનિને જોતાં જ દ્વેષ ભભૂકી ઉઠયો. મુનિ ઉપર હુમલો કર્યો, થોડીવારમાં મુનિને ફાડી નાખ્યા. પ્રાણાંત કષ્ટમાં સમાધિને જાળવી શુભ ધ્યાનમાં કેવળજ્ઞાન પામી, મુક્તિએ ગયેલા શ્રી સુકોશલ મુનિની ક્ષમાને ભાવથી અનુમોદું છે...

(૧૨) અરણિક મુનિવરે બાળપણમાં માતા સાથે ચારિત્ર લીધું. મોહના ઉદયથી પતન થયું, પણ માતાના કલ્પાંતથી પુનઃ ચારિત્ર લઈ તુરત જ શિલા તલ ઉપર સખત ગરમીમાં સંથારો કરી દેહને ઓગાળી નાખ્યો અને શુભ ધ્યાનમાં આરાધના કરી સ્વર્ગે સિધાવ્યા તે મહામુનિના તીવ્ર પ્રાયશ્ચિત્ત ભાવને અનુમોદું છું....

(૧૩) વજ્રસ્વામીજી ત્રણ વર્ષની ઉંમરે રાજદરબારમાં કસોટી વખતે માતાએ બતાવેલ લાલચોથી લલચાયા નહીં. પિતા મુનિ પાસેથી રજોહરણ લઈ રાજસભામાં નાચી ઊઠયા, ચારિત્ર લીધું. સાધ્વીઓના મોઢેથી સાંભળી ૧૧ અંગ મોઢે કર્યાં, દેવોની પરીક્ષામાં પાસ થઈ આકાશગામિની તથા વૈક્રિય લબ્ધિ મેળવી શાસનની અદ્‌ભુત પ્રભાવના કરી. અંતે પાંચસો મુનિ સાથે રથાવર્ત પર્વત ઉપર જઈ અનશન કર્યું અને પાંચસો મુનિઓ સાથે સ્વર્ગમાં ગયા, તેઓની આરાધનાને ભાવપૂર્વક અનુમોદું છું....

(૧૪) કાકંદી નગરીના ભદ્રા સાર્થવાહિનીના પુત્ર ધન્નાજી દોગુંદક દેવ જેવી

ભોગની ઋદ્ધિને ભોગવનારા, પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળી ૩૨ સ્ત્રીઓ તથા ૩૨ કરોડ સોનૈયાનો ત્યાગ કરીને અણગાર થયા. ચારિત્ર સાથે જ પ્રભુજીની પાસે છઠના પારણે છઠ તપ કરવાનો તથા પારણે માખી પણ ન ઈચ્છે તેવા નીરસ અન્નથી આયંબિલ કરવાનો અભિગ્રહ કર્યો. નવ મહિનાના અંતે હાડપિંજરમય કાયાવાળા ધન્ના અણગાર અનશન કરી અનુત્તર દેવલોકમાં ગયા, ત્યાંથી મહાવિદેહમાં જઈ મોક્ષે જશે.

પ્રભુજીના ૧૪૦૦૦ શિષ્યોમાં સૌથી ચડતા પરિણામે કોણ ? શ્રેણિકના પ્રશ્નના જવાબમાં જેમને પ્રભુજીએ વખાણ્યા તે ધન્ના અણગારની સંયમ તપની ઉગ્ર આરાધનાને ભાવથી અનુમોદું છું...

(૧૫) શકટાલ મંત્રીના પુત્ર શ્રીસ્થૂલભદ્ર; બાર વર્ષ કોશા વેશ્યાને ત્યાં રહી ભોગમાં લીન બન્યા. શકટાલનું મૃત્યુ થતાં રાજાના મંત્રીમુદ્રા માટેના નિમંત્રણને ફગાવી ચારિત્ર લીધું. ચૌદ પૂર્વધર થયા. કોશાની ચિત્રામણશાળામાં ચાતુર્માસ કર્યું. ષડ્રસનાં ભોજન કરવા છતાં પૂર્વ પરિચિત કોશાના અનેક પ્રકારના હાવભાવ, કટાક્ષો, નૃત્યો વગેરે આકર્ષણ કરવાના પ્રયત્નોને નિષ્ફળ બનાવી, તેને પ્રતિબોધ કરી સાચી શ્રાવિકા બનાવી, ગુરુ પાસે આવતાં ગુરુએ "દુષ્કર દુષ્કર કારક" તરીકે સન્માન્યા તે ચોરાશી ચોવિશી સુધી અમર નામને ધારણ કરનારા શ્રીસ્થૂલભદ્ર સ્વામીજીના દુર્ધર બ્રહ્મચર્યવ્રતની ત્રિવિધે ત્રિવિધે અનુમોદના કરું છું...

(૧૬) ગુપ્તવંશનો પાયો નાખનાર ચંદ્રગુપ્તનો મંત્રી ચાણક્ય, અંતિમ કાળે છાણના ઘરમાં અનશન સ્વીકારીને રહ્યો છે, ઈર્ષ્યાથી નવા મંત્રી સુબુદ્ધિએ અગ્નિનો અંગારો નાખી બાળી નાખ્યો છતાં ધ્યાનમાંથી ચલિત ન થતાં આરાધના કરી દેવલોકમાં ગયા તે ચાણક્ય મંત્રીના ધૈર્યને ભાવપૂર્વક અનુમોદું છું.

(૧૭) કચ્છ દેશના મહાશ્રાવક શ્રીવિજય તથા શ્રાવિકા શ્રી વિજયા, જેઓને લગ્ન પૂર્વે ભિન્નભિન્ન પક્ષના ચતુર્થ વ્રતનો નિયમ હોઈ લગ્ન પછી સાથે રહીને ઉભય પક્ષમાં યાવજ્જીવન દુર્ધર બ્રહ્મચર્યવ્રતને પાળ્યું. કેવળ જ્ઞાની ભગવંતે જિનદાસ શ્રાવકની સમક્ષ જેની ભક્તિને ૮૪૦૦૦ મુનિની ભક્તિની સમાન ગણાવી. તે દંપતીના વિશુદ્ધ કોટિના બ્રહ્મચર્યવ્રતની સાધનાને ભાવથી અનુમોદું છું.

(૧૮) મહેલના ગોખમાંથી મુનિદર્શનથી પ્રતિબોધ પામેલ શ્રેષ્ઠિપુત્ર ગુણસાગર માત-પિતાના આગ્રહથી લગ્ન કરવા નીકળ્યા. લગ્નની ચોરીમાં આઠ પત્નીઓ સાથે કર-મેલાપ કરતી વખતે સંયમના મનોરથો કરતાં ઉચ્ચ ભાવનામાં ક્ષપકશ્રેણિ માંડીને

કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર શ્રી ગુણસાગર મુનિ જયવંતા વર્તે છે, તેઓની શુભ ભાવનાને ભાવથી અનુમોદું છું.

(૧૯) પિતાના આગ્રહથી રાજ્યગાદી ઉપર વૈરાગ્યપૂર્વક રહેલ, આઠે પત્નીઓને પ્રતિબોધ કરી, ગુરુની વાટ જોતાં ગુણસાગર મુનિના વૃતાંતને સાંભળતાં શુભ ભાવનામાં ક્ષપકશ્રેણિ આરોહણ કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનાર શ્રી પૃથ્વીચંદ્ર કુમારની શુભ ભાવનાને અનુમોદું છું...

(૨૦) ઉભયના (વૃત્તાંત સાંભળી) માતાપિતાઓ તથા પત્નીઓએ પણ સંવેગ તરંગમાં ઝીલતાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું તે સંવેગભાવને મન, વચન, કાયાથી અનુમોદું છું....

(૨૧) મેતારજ મુનિ ગોચરી ગયા. જવલા ઘડતો સોની ઊઠીને વહોરાવવા અંદર ગયો. બહાર પક્ષી જવલા ગળી ગયું. જવલા ન દેખાતાં મુનિ ઉપર વહેમાઈ સોનીએ મેતારજ મુનિને માથે વાધર બાંધી, તડકે ઊભા રાખ્યા. ખોપરી તૂટવા માંડી, વેદના વધવા લાગી, છતાં પંખી પ્રત્યે દયાથી પ્રેરાઈને સાચી હકીકત ન જણાવી. શુભભાવમાં અંતગડ કેવળી થઈ મુક્તિએ જનારા શ્રી મેતારજ મુનિના સુકૃતને ભાવપૂર્વક અનુમોદું છું...

(૨૨) રાવણને ત્યાં રહેવા છતાં શીલની પવિત્રતાને અખંડ જાળવી રાખી, સળગતી જ્વાળાઓવાળા અગ્નિના ખાડામાં ભુસકો મારતાં જેમના શીલના પ્રભાવથી અગ્નિ પાણી રૂપે પરિણમ્યું તે મહાસતી સીતાના શીલગુણને ભાવથી અનુમોદું છું.

(૨૩) નંદન નગરના ચંદ્ર રાજાની રાણી રતિસુંદરીના રૂપથી મોહિત થઈ કુરુદેશના રાજા મહેન્દ્રસિંહે ચંદ્રરાજા પાસે તેની માંગણી કરી.

ચંદ્રરાજાએ તેની અયોગ્ય માગણીને ફગાવી દેતાં યુદ્ધ કરી ચંદ્રરાજાને હરાવી-ગ્રહણ કરી પોતાના અંતઃપુરમાં લઈ ગયો.

રાજાના અતિપ્રયત્નો છતાં રતિસુંદરીએ ચાર મહીનાની મુદત લઈ, શરીરને તપથી સુકવી દીધું. પારણાના દિવસે રાજા આવતાં પારણું કરી વમનફળ મોઢામાં રાખી ઉલટી કરી. રાજાને ''આ શરીર આવા અશુચિ રસોથી ભરપૂર છે, આ શરીરમાં મોહાવા જેવું શું છે'' ? એમ સમજાવી અનર્થથી પાછો ફેરવવા પ્રયત્ન કર્યો.

રાજા કહે છે, તપથી શોષિત એવા પણ તારા શરીરમાં ખરેખર તારલા જેવી ચમકતી તારી આંખો વિશ્વમાં મૂલ્યાંકન ન થઈ શકે તેવી છે.

રાજાનો જવાબ સાંભળીને તે જ ક્ષણે રતિસુંદરીએ કટારથી આંખો ભેદીને રાજાને હાથમાં મૂકી.

રાજા આશ્ચર્યમુગ્ધ બન્યો, પસ્તાયો, કલ્પાંત કરે છે. રતિસુંદરીએ રાજાને પ્રતિબોધ કર્યો, શાસનદેવનો કાઉસ્સગ્ગ કરી આંખો પાછી મેળવી.

આવા શીલના મહાપરાક્રમ કરનાર મહાસતી રતિસુંદરીની શીલ-ગુણની દઢતાને ભાવથી અનુમોદું છું....

(૨૪) યુવરાજ યુગબાહુની પત્ની મહાસતી મદનરેખા ઉપર રાજા મણિરથ મોહાંધ થયો. તેને મેળવવા ઉદ્યાનમાં ક્રીડાર્થે ગયેલા યુગબાહુને તલવારનો ઘા કરી મારી નાખ્યો.

અચાનક થયેલા ઘાથી ગુસ્સામાં આવેલા પતિને મહાસતી મદનરેખાએ ધીરજપૂર્વક ઉપદેશ આપી સમભાવમાં સ્થિર કર્યા. અંતિમ સમયે સુંદર આરાધના કરાવી દેવલોકમાં મોકલ્યા.

પોતે શીલની રક્ષા ખાતર જંગલમાં ગઈ. ત્યાં પુત્રને જન્મ આપ્યો. શરીરશુદ્ધિ કરવા સરોવરે ગયેલી તેને હાથીએ ઊછાળી, વિદ્યાધરના વિમાનમાં પડી. મોહિત થયેલા વિદ્યાધરને આગ્રહ કરીને નંદીશ્વર દ્વીપ લઈ ગઈ, ત્યાં મુનિની દેશના સાંભળી વિદ્યાધર બોધ પામ્યો.

યુગબાહુ દેવવિમાન સાથે આવી પ્રદક્ષિણાદિ કરે છે. જંગલમાં છોડેલા પુત્રને મિથિલાનો રાજા લઈ ગયો છે. દેવની વિનંતિથી મદનરેખા મિથિલા જઈને પુત્રનું મુખ જોઈ ચારિત્ર લેવાની ભાવના વ્યક્ત કરતાં દેવ તેને ત્યાં લઈ જાય છે. ત્યાં પુત્રનાં દર્શન કર્યા વિના જ સાધ્વીઓનો ઉપદેશ સાંભળી ચારિત્ર લીધું.

આગળ ઉપર યુદ્ધ માટે તૈયાર થયેલ બંને ભાઈઓને પણ પ્રતિબોધ કર્યો. મહાસતી સાધ્વી શિરોમણી શ્રી મદનરેખાનાં સુકૃતોને ભાવથી અનુમોદું છું.....

(૨૫) બાહુ, સુબાહુ મુનિ ગચ્છના પાંચસો સાધુનાં એક ગોચરી પાણી લાવે. બીજા શરીરશુશ્રુષા કરે. પીઠ, મહાપીઠ મુનિઓ દુષ્કર સ્વાધ્યાય કરતા હતાં.

ચારે કાળ કરીને સંયમધર્મની આરાધના પૂર્વક અનુત્તરમાં ગયા. ત્યાંથી બાહુ અને સુબાહુ શ્રી ઋષભદેવ સ્વામીના પુત્ર ભરત અને બાહુબલી તરીકે થયા. બીજા બે પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી તરીકે થયા.

ત્યાં પણ ધર્મની શુભ ભાવે અતિશ્રેષ્ઠ આરાધના કરી, કાળ કરી તે જ ભવમાં મુક્તિએ પહોંચ્યા.

એ મહાપુરુષોનાં વૈયાવચ્ચ, સ્વાધ્યાય, સંયમ આદિ સુકૃતોને ભાવથી અનુમોદું છું...

**ઉપસંહાર**

શ્રી જિનશાસન રત્નોની ખાણ છે, તેમાં ઉત્પન્ન થયેલ કંઈક મહાપુરુષોનાં જબરજસ્ત પરાક્રમો છે. હે શાસનના પરાક્રમી પુરુષો ! તમારાં રત્નત્રયીનાં પરાક્રમોને અમારી ભાવભરી વંદના.

હે નાથ ! કેટલાનાં પરાક્રમની ગૌરવગાથા ગાઈએ. સમય પરિમિત છે, શક્તિ ક્ષીણવત્ છે. ટૂંકમાં ભૂતકાળમાં થયેલા જે કોઈ જીવોએ જે કંઈ શ્રી જિનેશ્વરદેવની પવિત્ર આજ્ઞાને અનુસરીને કર્યું છે, વર્તમાનકાળમાં જે જીવો શ્રી જિનવચનાનુસારી શુભપ્રવૃત્તિ કરી રહ્યા છે, અને ભવિષ્યમાં પણ જે કોઈ જીવો શ્રી જિનેન્દ્ર પ્રભુના વચનને અનુકૂળ અપ્રતિકૂળ, શુભકરણી કરશે, તે ત્રણે કાળની શ્રી જિનાજ્ઞાઅનુસારી સર્વ જીવોની દાન, શીલ, તપ અને ભાવની તથા સંવર-નિર્જરાની સાધક પ્રવૃત્તિઓને, શુભ અનુષ્ઠાનોને, સુકૃતોને મારા જીવનમાં પણ ઉત્તમોત્તમ સુકૃતોનો વિસ્તાર વધે તેવા મનોરથપૂર્વક ત્રિવિધ ત્રિવિધ શ્રી અરિહંત પ્રભુ શ્રી સિદ્ધ પરમાત્મા ગુરુ ભગવંતો, અવધિજ્ઞાની ઉપયુક્ત દેવતાઓ, પૂજનીય શ્રી ચતુર્વિધ સંઘ તથા મારા આત્માની સાક્ષીએ અશઠ હૃદયથી, નિઃશલ્યપણે, બાહ્ય આશંસાથી રહિતપણે, હૃદયના સાચા આનંદના ભાવને પ્રગટ કરવાપૂર્વક વારંવાર ભૂરિ ભૂરિ અનુમોદના કરું છું...

મારી આ અનુમોદના ભાવપૂર્વકની થજો, તથા મારા જીવનમાં સુકૃતની સંપત્તિને પ્રાપ્ત કરાવનાર હોજો, અને તે દ્વારા કર્મમલનો નાશ થઈ, ભવ્યત્વનો પરિપાક થઈ મોક્ષસુખને આપનાર થજો, એ જ શુભાભિલાષા.

સુકૃતાનુમોદનાની આરાધનામાં જે કાંઈ પ્રભુવચનથી વિરૂદ્ધ થયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડમ્.

# ચાલો અનુમોદના કરીએ : પંચ પરમેષ્ઠીની

**અનુમોદક :-** ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય **મુનિ જયદર્શન વિ. મ.**

'સુ'ની અનુમોદના એટલે પ્રમોદભાવના, તેમાંય સુકૃતાનુમોદના એટલે તથા ભવ્યત્વના પરિપાક દ્વારા મોક્ષ મંજિલ કાપવાનો ધર્મપુરુષાર્થ, તેથીય વધીને સાધુ-સાધ્વીઓની/સાધ્વાચારની અનુમોદના એટલે સર્વોત્તમ આત્માઓના સમૂહરૂપ પંચપરમેષ્ઠીની અનુમોદના.

પરમેષ્ઠીઓનું અનુમોદન એટલે નમસ્કાર સ્મરણ, જન્મનું જ અજન્મ ને મરણનું જ મરણ, મોક્ષમાં ગમન. આમ નિકટભવી આત્માઓ મોક્ષને સાધ્ય બનાવી, સાધન બનાવે છે ગુણાનુરાગ તથા ગુણાનુવાદને અને સિદ્ધિ મેળવે છે સિદ્ધ પદની. આમ સાવ નાના-નજીવા-નમણા ને નગણ્ય બીજના સિંચનથી જેમ વિશાળ વટવૃક્ષ ફૂલે-ફાલે ને ફળ આપે, જેમ સહારાના રણના સાવ ખૂણામાંથી ઊભી થયેલી ધૂળની ડમરી પ્રચંડ ઝંઝાવાતમાં ફેરવાઈ જાય, જેમ વિરાટ સરોવરમાં નંખાયેલ નાની કાંકરી પણ તરંગો દ્વારા સંપૂર્ણ જળાશયને વ્યાપી જાય, અને શાસ્ત્રીય ભાષામાં કહીએ તો મહાપ્રયત્નપૂર્વક માનવથી બોલાયેલ પ્રચંડ શબ્દ ફક્ત ૩ થી ૫ સમય જેટલા ક્ષણિક કાળમાં જગત જેટલા મહાક્ષેત્રમાં વિસ્તરી જાય તેમ એક ભવમાં એક ભાવયતિની પણ કરેલ ભાવાનુમોદના-સર્વશ્રેષ્ઠ ભાવ ધર્મની સંપ્રાપ્તિ કરાવી ભવોભવના ભારે ફેરા મિટાવી દેવાની પ્રચંડ શક્તિ ધરાવે છે.

*મર્મજ્ઞ જ્ઞાનીઓ તો ત્યાં સુધી ફરમાવે છે કે માર્ગાભિમુખ* મિથ્યાત્વીઓના સુકૃતોની, માર્ગાનુસારી કે માર્ગપતિત જીવોની પણ ઉપબૃંહણા કર્તવ્ય છે, સમકિતવિહોણા જીવો પણ જો ભદ્રક હોય, ભાવુક હોય અને ભવભીરૂની જેમ સારા કાર્યો કરતા હોય તો તેમને પ્રોત્સાહિત કરી શકાય છે, તો પછી સમસ્ત જીવલોકમાં પ્રકર્ષતામાં પરમશ્રેષ્ઠ પરમેષ્ઠીની અનુમોદના દ્વારા શું પરમતત્ત્વ મોક્ષ મેળવી ન શકાય ?

પ્રમોદભાવનાને પ્રાધાન્ય આપતું આ પુસ્તક ઘણા જ ગંભીરાશય સાથે પ્રકાશિત થઈ રહ્યું છે, જેમાંના દૃષ્ટાંતો ફક્ત વાંચન માટે જ નહિ પણ મનન-ચિંતન-નિદિધ્યાસન કરી પોતાની જ વિભાવદશાનો ત્યાગ કરી સ્વભાવ દશાની પ્રાપ્તિ માટે આંગળી ચીંધે છે.

પૂ. ગણિવર્યશ્રી તરફથી શંખેશ્વર તીર્થની સ્પર્શના વખતે પ્રસંગોચિત

લખાણ માટે આમંત્રણ મળ્યું ને મન-મયૂર નાચવા લાગ્યો કે સમ્યક્ દર્શનની શુદ્ધિ કરવાના ક્ષેત્રમાં સાધુ-સાધ્વીઓની અનુમોદના એ તો જાણે રત્નત્રયીની આરાધનામાં દર્શન વિશુદ્ધિ કરવાનો રૂડો અવસર.

સામે ચડી ગંગા આવે તો સ્નાનશુદ્ધિ કરવાની બુદ્ધિ કોને ન જાગે ? તરત જ ઈતિહાસનો સ્વાધ્યાય પ્રારંભ કર્યો ને પાના ફેરવતાં એટલા અપૂર્વ દૃષ્ટાંતો જોવા-જાણવા મળ્યા ને તેને આવરી લેવા મર્કટ-મન લલચાઈ ગયું, પણ લેખનની, પુસ્તકની તથા વાંચકવૃંદના પાચનની પણ મર્યાદાઓ લક્ષમાં લેવી જ પડે તેથી "બહુરત્ના વસુંધરા"ના આ તૃતીય ભાગ માટે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદને સવિશેષ શોભાવનારા વિરલાત્માઓને ખાસ ભાવ વંદન કરી તે તે ગુણોની ગુણમાળા પહેરી મોક્ષલક્ષી પુરુષાર્થ પામવા આ નાનકડો પ્રયાસ કર્યો છે. આ ગુણાનુવાદની મહાસફર 'હું' 'તું', 'અમે', 'તમે'ના સંકુચિત ક્ષેત્રફળને ઓળંગી સર્વને સર્વશ્રેષ્ઠ સુખદ અનુભવ કરાવે તેવી જ શુભાપેક્ષા સહ ચાલો આપણે સૌ પણ સાચું ને સારું સમજવા, માનવા ને વિકસાવવા કટિબદ્ધ બનીએ.

નમો અરિહંતાણં - અરિહંતોને નમસ્કાર હો :-

અત્રે અરિહંત પરમાત્માઓની અનુમોદના છે, જેઓએ સૌ જીવો પ્રતિ મૈત્રીને આત્મસાત્ કરી ફક્ત જડ એવા કર્મોને શત્રુ માની હણ્યા ને અરિહંત બની શાસનની સ્થાપના કરી, ચતુર્વિધ શ્રી સંઘ સ્થાપ્યો અને મુક્તિનો માર્ગ મોકળો કર્યો.

(i) અરિહંત પદની પ્રાપ્તિ માટે પરમાત્મા આદિનાથે લાગટ ૪૦૦ દિવસના ઉપવાસ અને પૂરા હજાર વરસની સંયમ સાધનાઓ કરી, પરમાત્મા વીરે તો કર્મક્ષય માટે લાગટ સાડા બાર વરસ જેટલો કાળ ઉગ્ર તપોસાધનામાં વ્યતીત કર્યો, જ્યારે તે પદ પ્રભુ નેમિનાથજીને દીક્ષા પછી ફક્ત ૫૫ દિવસમાં તથા મલ્લિકુંવરીને ચારિત્ર ગ્રહણ કરતાં જ પ્રાપ્ત થઈ ગયું. ખૂબ ખૂબ અનુમોદના સૌ તીર્થપતિઓની સાધનાઓની.

(ii) તીર્થંકર તરીકે જન્મ લઈ જગતનું કલ્યાણ કરી શકનાર જીવાત્માઓ જૂજ, અને તેમના જીવદળ પણ કંઈક જુદા જ. ગત ચોવીશીના આજ ભરતક્ષેત્રના નવમા તીર્થંકર દામોદર, જેઓશ્રીએ તે સમયકાલીન અષાઢી શ્રાવકનો મોક્ષકાળ અસંખ્ય સમય (વરસો) પછી થનાર વર્તમાન ચોવીશીના ૨૩મા તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથના વારે જાણ્યો ને સ્વયંના જ્ઞાનબળે જણાવ્યો. શ્રાવકને સ્વયંના મોક્ષની ખાતરીનો

ખ્યાલ આવતાં જ અત્યંત હર્ષોલ્લાસ સાથે વાલુકાની પ્રતિમા ઘડી અને ભક્તિપૂર્વક પૂજી, શુભ અને શુદ્ધ અધ્યવસાયો સાથે રચાયેલી તે મૂર્તિને દેવોએ અધિષ્ઠિત કરી વજ્રકાય બનાવી, અને તેજ દ્રવ્ય તીર્થંકરની ભક્તિ થકી જ **અષાઢી શ્રાવક** પ્રભુપાર્શ્વના શાસનકાળે મોક્ષને વર્યા.

પરમાત્મા આદિનાથની ફક્ત પ્રતિમા દર્શન પછી અન્ન-પાનની પ્રતિજ્ઞાને કસોટી કાળમાં પણ અખંડિત રાખી ૭-૭ દિવસના ઉપવાસ પછી વરસાદના પૂર ઊતર્યે વનમાં જઈ દર્શન કરી પછી જ પારણું કરતા **ગોપાળ દેવપાલે** સ્વયં તીર્થંકર નામ બાંધી લીધું.

અષ્ટાપદ ઉપર પ્રભુ ભક્તિમાં પડેલ સ્ખલનાને દૂર કરવા સાથળમાંની નસ ખેંચી કાઢી મંદોદરીના ભક્તિનૃત્યને અસ્ખલિત રાખવા તેજ નસને તૂટેલ વીણાના તારના સ્થાને જોડી દઈ **રાવણે** સ્વયં તીર્થંકર નામકર્મ નિકાચિત કરી લીધું. આમ અરિહંતના ધ્યાને અરિહંત કે સામાન્ય કેવળી બનનાર જીવાત્માઓની સંખ્યા આછી-ઓછી પણ ઘણી છે.

(111) પરાર્થની પરાકાષ્ઠા સમા **મુનિસુવ્રતસ્વામીએ** પૂર્વ ભવના ઘોડા મિત્રને અગ્નિકુંડમાં હોમાતાં બચાવી પ્રતિબોધ કરવા એકજ રાત્રિમાં એકસો વીસ ગાઉનો ઉગ્ર વિહાર કર્યો. અરિહંતપણાની પૂર્વભૂમિકામાં જ રહેલ **શ્રી નેમિનાથજીએ** મુંગા પશુઓના જીવનસુખની રક્ષા કરવા પોતાના લગ્નજીવનના ભાવિસુખનું સમર્પણ કરી દીધું. પોતાની જાંઘનું માસં કાઢી આપી એક નિર્દોષ કબૂતરને બચાવવાનું પરાર્થકરણ કરનાર મેઘરથ રાજા તીર્થંકર શાંતિનાથ બન્યા. **પાર્શ્વનાથે** કુમારાવસ્થામાં બળતા નાગને ઉગારી ધરણેન્દ્ર દેવની પદવી અપાવી દીધી. પ્રભુ વીરે શાસન સ્થાપવા એક રાત્રિમાંજ ૧૫૩ ¾ કિ.મી. વિહાર કર્યો, તેમાંય છેલ્લા રાજર્ષિ ઉદયનને પણ સિદ્ધપદ સુધીની પ્રાપ્તિ કરાવવા ૧૬૦૦ માઈલ જેટલો વિહાર કરી ચારિત્ર આપ્યું. **પ્રભુ સંભવનાથે** બાળકનું અત્યલ્પ આયુ જાણી ઉજમણા જેટલોય સમય વિલંબ્યા વિના પિતાની પરવાનગી સાથે બાળકને પ્રવ્રજ્યા આપી. ઓઘો લેતાં ને નાચતાં જ આયુદોરી તૂટી ગઈ ને બાલમુનિ કાળધર્મ પામ્યા, પણ સંયમના સ્વીકારનો ભાવ જ તેને દેવભવ અપાવી ગયો. આમ સર્વે અરિહંતોમાં પૂર્વ કે તદ્ભવમાં "સર્વ જીવ કરૂં શાસન રસી" ની ભાવના થકી પેદા થયેલ પ્રમોદ ભાવનાની પરાકાષ્ઠા દેખાય છે. પ્રમોદભાવનાના પરમ પિતામહ જેવા તીર્થંકરોને પ્રમોદ ભાવથી

(iv) ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરે તો અરિહંત પદની પ્રાપ્તિ પૂર્વે નંદન મુનિના ભવમાંજ ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણની ઘોર સાધના એક લાખ વરસના ચારિત્રાચારમાં ચૂકવી, અને ચરમ ભવમાં પણ પ્રવ્રજ્યા પછી તરત આવેલ દેવ-દાનવ-માનવ ને પશુ-પંખીના ઉપદ્રવો-ઉપસર્ગો સહન કર્યા. શિકારી કૂતરાઓને ભસવા દીધા, ચંડકૌશિક નાગને ડંખ દેવા દીધા, ઝેરી જંતુઓને કરડવા દીધા. ફક્ત ૩૪૯ દિવસના પારણા છોડી ૧૨॥ વરસ તપ સાધના છ-છ માસના નિર્જળ ઉપવાસ સાથે કરવી પડી. અને અરિહંત પદ પ્રાપ્તિ પછી પણ રત્નત્રયીની લ્હાણી કરાવવામાં કશુંય બાકી ન રાખ્યું. દર્શનશુદ્ધિ માટે અંબડને સુલસાના દર્શન કરાવ્યા, જ્ઞાનશુદ્ધિ માટે ગૌતમગણધરને આનંદ શ્રાવકને ત્યાં જઈ જ્ઞાનીની આશાતના બદલ મિચ્છામિ દુક્કડં દેવા સંકેત કર્યો, ચારિત્રશુદ્ધિ માટે રાજા શ્રેણિકને પુણિયા શ્રાવકને ત્યાં જઈ તેનું સામાયિક ખરીદી લેવા સૂચન કર્યું. જીવનભર કરેલ પ્રતિબોધ-પરાર્થ ને પરમાર્થમાં કંઈક બાકી હોય તેમ નિર્વાણ પૂર્વે લાગટ સોળ પ્રહર સુધી દેશનાના ધોધ વહાવી ભાષા વર્ગણાના પુદ્‌ગલો ખપાવ્યાં. ધન્ય-ધન્ય તેઓશ્રીની સર્વાંગી અપ્રમત્ત સાધનાને.

(v) અરિહંતનું સ્મરણ કે શરણ પણ તરણ-તારણનું કારણ બની મરણને પણ સુધારી શકે છે. તેજ કારણે આગલા ભવનો ગોવાળપુત્ર મુનિમુખે સાંભળેલ "નમો અરિહંતાણં" એટલા જ પદને સાંભળી અર્થ સમજ્યા વગર બોલ્યો ને નદીમાં ભૂસકો મારતાં કાષ્ઠશૂળમાં ભોંકાઈ મર્યો, પણ નવો જન્મ મળતાં જ બ્રહ્મચર્યનો આદર્શ સુદર્શન શેઠ બન્યો. રાજદરબારમાં આવેલ આગંતુકને આવેલ છીંક વખતે જ મોઢામાંથી નીકળી પડેલ પદ 'નમો અરિહંતાણં' સાંભળતાં જ સુદર્શના કુમારીને જાતિસ્મરણ જ્ઞાન થવામાં મૂળ કારણ પૂર્વના સમડીના ભવમાં મૃત્યુ વખતે પ્રાપ્ત થયેલ 'નમો અરિહંતાણં' પદ હતું.

ચૌદ પૂર્વીઓ પણ મૃત્યુવેળાની નિકટતા જાણી આત્માર્થે પૂર્વોની પરાવર્તનાનો પરિશ્રમ લેવામાં અસમર્થ હોય ત્યારે અરિહંતોનું શરણું સ્વીકારી લે છે. વર્ધમાન આયંબિલ તપના આરાધકોને માટે પણ તે તપની સાધનામાં અરિહંત કે સિદ્ધને લક્ષ્યમાં રાખી સાધના કરવાનું વિધાન રહસ્યમય છતાંય રોચક છે જ.

"શ્રી અરિહંતો સકલ હિતદા ઉચ્ચ પુણ્યોપકારા" તરીકે ઓળખાય છે, તે

ઉક્તિની સાર્થકતા ઉપરોક્ત દૃષ્ટાંત - દલીલોથી સ્પષ્ટ પ્રતીત થયા વગર નહિ રહે. સિદ્ધોએ સઘળુંય સાધી લીધેલું હોવા છતાંય ચાર અઘાતી કર્મોની સત્તાવાળા અરિહંતો પ્રત્યક્ષ ઉપકારી હોવાથી વ્યવહાર પ્રધાન ધર્મમાં 'નમો અરિહંતાણં' પદ નવકારમાં પ્રથમ સ્થાન પામ્યું છે. આ પ્રથમ પરમેષ્ઠિઓ રાગ અને રોષથી પર હોવાથી તેમના એક-એક વચન-ઉપદેશ- આજ્ઞાઓ સાર્થક હોય છે. સ્વયં વીતરાગી-વીતદ્વેષી હોવાથી અરિહંત છે; અને તેઓ જ *અરિહંતનું માહાત્મ્ય દર્શાવી જિનબિંબ અને જિનાગમ દ્વારા અરિહંતોની* દ્રવ્ય-ભાવ ભક્તિનો પ્રકાર દર્શાવે છે.

૧૨ ગુણધારી અરિહંત પરમાત્મા-તીર્થંકરોને પ્રમોદભાવે પ્રકર્ષ વંદના, કારણ કે, અરિહંતો સ્વયં કર્મરૂપી અરિ/શત્રુના હંતાર/હણનાર છે, ભવસ્થ કેવળી ને ચરમ ભવી, ઉગ્ર પુણ્યશાળી, પુરુષોત્તમ છે, મહાગોપ -મહાનિર્યામક છે, સ્વયંસંબુદ્ધ, ત્રિલોકના નાથ છે, ગુણોના મહાસાગર સમા છે. તેવા સુગુણસિંધુનું એક બિંદુ પણ પ્રાપ્ત થાય તો આત્મા ન્યાલ થઈ શકે તેમ છે.

**નમો સિદ્ધાણં - સિદ્ધોને નમસ્કાર હો :-**

દ્વિતીય પરમેષ્ઠી સિદ્ધ ભગવંતોને કરેલો નમસ્કાર નિષ્ફળ કદાપિ ન જાય, કારણ કે જો કે સિદ્ધશિલા ઉપર બીરાજતાં સિદ્ધો સ્વયં નિરંજન-નિરાકાર-નિર્બાધસુખભોક્તા તરીકે નિરાળી નીતિના નાયક જેવા હોય છે, છતાંય નવનિધિ કે આઠ સિદ્ધિઓ કરતાં, શ્રેષ્ઠ સિદ્ધિ-મોક્ષ મેળવી-સાધી લીધેલી હોવાથી તેમની વંદનાનુમોદના કરનાર પણ વહેલો-મોડો સિદ્ધ બન્યા વગર રહેતો નથી. અંતકૃત કેવળી સિવાયના અરિહંતો પોતાની કેવળી અવસ્થામાં પરોપકારનો ધોધ વહાવી જ્યારે પ્રાંતે સિદ્ધ થાય છે ત્યારે પણ છેલ્લો વ્યાવહારિક ઉપકાર એવો થાય છે કે તેમના સિદ્ધ થતાં જ એક જીવ અવ્યવહાર રાશિમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવી જાય છે ને ક્રમશઃ સિદ્ધ પદ સુધી પ્રગતિ સાધી શકે છે. અનંતા સિદ્ધ થયા ને થશે, પણ તેમાંય જેઓ લાક્ષણિક રૂપ-સ્વરૂપે સિદ્ધિ ગતિને વર્યા છે તેઓની અનુમોદના નિમ્નલિખિત ઉદાહરણો વડે કરી ભારોભાર વંદના પાઠવીએ, અને તે દ્વારા આપણે પણ અનંતા સુખના જ્ઞાતા-દૃષ્ટા-ભોક્તા બનીએ તેવી શુભાપેક્ષા.

(1) એક-બે-ત્રણ નહિ પણ આઠ-આઠસો ચોવીશી સુધી જેમનું નામ-કામ ગવાશે તેવા પરમવંદનીય ચંદ્રરાજર્ષિ જ્યારે ચરમ ભવમાં રાજા બન્યા ત્યારે આયુષ્ય હતું ૧૫૫ વરસનું. ૧૨ વરસ કુમાર, ૧૦૦ વરસ રાજા, આઠ વરસ છદ્મસ્થ અને ૩૫ વરસ અરિહંત કેવળી બની સિદ્ધ થયા.

દીક્ષા પૂર્વે તેમને ૧૬ મુખ્ય રાણીઓ, તેની નીચે ૧૬૦૦ અને તેની નીચે પણ રહેનાર ૧૬૦૦૦ રાણીઓ થઈ, સર્વેનો ત્યાગ કરી દીક્ષા પછી નેવુ હજાર જીવોને દીક્ષા આપી/અપાવી. ખૂબ શાસન પ્રભાવના કરી. જેના મૂળમાં આગલા ભવમાં મંત્રીપુત્ર ચંદન રૂપે પૂર્ણ કરેલ વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળીની ઘોર સાધના અને તેનાય પૂર્વભવમાં સુલસશેઠના અવતારમાં કરેલ ફક્ત ૫૦૦ એકાંતર આયંબિલ તપની આરાધના હતી. ઘણી ઘણી ભાવાનુમોદના તપધર્મના પ્રેમી રાજર્ષિ આત્માની, કે જેમણે આયંબિલ તપને આત્મસાત્ કરતાં કરતાં સિદ્ધ પદને પણ સંપ્રાપ્ત કરી લીધો, પોતે તર્યા અનેકોને તાર્યા.

(ii) સસરાએ માથા ઉપર અંગારા મૂક્યા તો તેને મોક્ષની પાઘડી માની પ્રખર-પ્રશમભાવને પામી બળબળતા અંગારાના દાહને સહી કર્મો બાળી નાખ્યા ને ગજસુકુમાલ મુનિ લાક્ષણિક રૂપે અંતકૃત્ કેવળી બની સિદ્ધ થઈ ગયા.

(iii) ગંગા નદી ઓળંગતાં દેવી ઉપસર્ગને ખાળી જઈ, સૂલમાં પરોવાયેલા છતાંય સમભાવે પોતાની લોહી નીંગળતી કાયાની માયા મૂકી પાણીના જીવોનો ઘાત પોતાના ગરમ-ગરમ લોહી વડે થતો જોઈ તેમની અહિંસા-દયાના ભાવમાં શુભધ્યાનમાં આગળ વધતાં વધતાં અર્ણિકાપુત્ર આચાર્ય તત્કાળે જ કેવળી બની મોક્ષે સીધાવ્યા.

(iv) યમુનરાજા દ્વારા ફેંકાયેલ અણીયારો ભાલો તથા સૈનિકો - નોકરો વગેરે દ્વારા ફેંકાયેલ ઢેફા-પત્થરનો મરણાંત ઉપદ્રવ છતાંય કોઈ પ્રતિ લેશમાત્ર પણ દ્વેષ કર્યા વગર તપસ્વી દંડ મુનિ મથુરાપુરીની બહાર યમુનાદંડ ઉદ્યાનમાં આતાપના વખતે જ દેહ પર આવેલ તાડના વચ્ચે સમતા સાધી કેવળી બની ગયા, પણ રક્તરંજિત મસ્તક તથા દેહમાંથી પ્રાણ પરવારી જતાં અંતકૃત્ કેવળી બની સિદ્ધિ સાધી ગયા.

(v) જીવદયાની જ્વલંત મૂર્તિ સમા મેતારજ મુનિ વાધર વીંટવાથી અને ઉનાળાના પ્રખર તાપ વચ્ચે સોની દ્વારા સજા ફટકારેલા છતાંય ક્રૌંચ પક્ષીની હત્યા ટાળવા મૌન રાખી કષ્ટ સહેતા રહ્યા ને શરીરનું પાણી તપ-આતાપને કારણે શોષાઈ જવાથી આંખોના ડોળા બહાર નીકળી આવતાં જ ધબ દઈ ભૂમિ ઉપર પડ્યા છતાંય કેવળી બની મોક્ષ મહેલના રાજા બની ગયા.

(vi) રાજા મહાસેને ગૌતમ ગણધર પાસે દીક્ષા લઈ નિર્યામણાનું સ્વરૂપ સમજી ઓછા દીક્ષા પર્યાયમાં જ ભક્ત પરિજ્ઞા અણસણ સ્વીકાર્યું ને સર્વાર્થસિદ્ધમાં ગયા. આવતા ભવમાં જ રાજપુત્ર રત્નાકર તરીકે જન્મ

લઈ જાતિસ્મરણથી દીક્ષા લઈ ૧૪ પૂર્વધારી ધર્મયશ નામના આચાર્યની પાસે દીક્ષાના છેલ્લા કર્તવ્ય રૂપે સંલેખના કરી પાદપોપગમન અણસણ સ્વીકારી ફક્ત એક માસમાં જ કર્મક્ષય કરી મોક્ષે સીધાવશે.

(vii) ખંધકસૂરિજી સ્વયં શિષ્ય મોહમાં સમાધિ ચૂક્યા, પણ તેના ૫૦૦ ભાગ્યવંત શિષ્યો ગુરુવરની આંખ સમક્ષ પાલક પાપી દ્વારા ઘાણીમાં ધાન્યની જેમ પીલાવા છતાંય એક પછી એક મોક્ષ પામી ગયા.

(viii) કુરૂદત્તપુત્ર સાકેતપુરની બહાર ગાયોના માલિક ગોવાળ દ્વારા અજ્ઞાનવશ ચોર મનાણાને અગ્નિના પૂળાઓ દ્વારા બાળી નંખાણા છતાંય સમાધિ સાચવી સમાધિમરણ પામી સિદ્ધિને સાધી ગયા.

(ix) વલ્કલચીરી તાપસ હતા, છતાંય જૈનમાર્ગી શુભલેશ્યાઓ પામી જતાં અધ્યવસાયની શુદ્ધિ-વૃદ્ધિ વડે મોક્ષે પધારી ગયા ને અન્ય લિંગે સિદ્ધ થયા.

(x) એક સાથે જ પરમાત્મા વીરના સમયકાળ દરમ્યાન ૪-૪ પ્રત્યેક બુદ્ધ થયા. કરકંડુ, દ્વિમુખ, નમિરાજા તથા નગ્ગતિ રાજા સાથે જ દીક્ષા, કેવળજ્ઞાન ઉપરાંત મોક્ષ પામી ગયા.

આવા તો અનંતા દૃષ્ટાંતો છે, છતાંય બધામાં વૈવિધ્યતા વચ્ચે એકતા જેવું તત્ત્વ તે છે કે સિદ્ધ થયા પછી તેઓના સિદ્ધલોકના આલમમાં સર્વે સમાન હોય છે, સુખમાં તરતમતા હોતી નથી કે નાના-મોટાનો ભેદ પણ હોતો નથી. કારણકે સર્વે સૌભાગીઓ સંસાર વ્યવહારાતીત હોય છે.

આ સિદ્ધ પદના પ્રેમીઓ પરંપરાએ સિદ્ધ બન્યા વગર નથી રહેતા. સ્વયં તીર્થંકર થનાર આત્માઓ પણ ચારિત્ર અંગીકાર કરતી વખતે સિદ્ધની સાક્ષી રાખે છે, ઉપરાંત તેઓ ગૃહસ્થાવાસમાં હોય ત્યાં સુધી સિદ્ધ ભગવંતની પૂજા-ઉપાસના કરતા હોય તેવો શાસ્ત્રોલ્લેખ જોવા-જાણવા મળે છે. પોતાને યોગ્ય ગુરુવરની શોધમાં પ્રાયશ્ચિત્તના ખપી આત્માઓને જો કાળ કે ક્ષેત્રની મર્યાદાઓ નડે તો પોતાના પાપોનું પ્રગટ-અપ્રગટ પ્રાયશ્ચિત્ત અરિહંત કે સિદ્ધની સાક્ષીએ કરે છે તેવા દૃષ્ટાંતો પણ છે.

''સિદ્ધો સર્વે મુગતિપુરીના ગામી ને ધ્રુવ તારા'' સંસાર સાગરને તરી જવાની તમન્નાવાળા તરવૈયા જેવા સંયમીઓ - સાધકોને માટે સ્થિર-ધીર-સ્થવિર જેવા સિદ્ધાત્માઓ દીવાદાંડીની ગરજ સારે છે. આત્માના સર્વે ગુણોનો સર્વપ્રકારી વિકાસ પામી સિદ્ધો જાણે અનૂઠા આદર્શને અર્પણ કરે છે કે અરિહંતો અસંસારી છતાંય સંસારના વ્યવહારથી સંકળાયેલા હોય છે, જ્યારે અમે સંસારાતીત સુખ-સુખ ને સુખમાં જ

સદાકાળ-સનાતન સ્વરૂપે સ્થિત છીએ. આવા ગુણોના પૂર્ણચંદ્ર પ્રતિ ગુણાનુરાગ રાખનાર શા માટે ગુણોની ગંગાનો આસ્વાદ ન કરી શકે ?

સુદેવ-સુગુરુને સુધર્મના સુભગ સથવારે સૌ સિદ્ધિના સોપાનો સર કરી શકે છે, સિવાય અભવ્યો. તેમાં દેવ તરીકે સિદ્ધો ગણાય છે અને દેવાધિદેવ તરીકે અરિહંતો-તીર્થંકરો.

સ્વ. પૂ. વિક્રમસૂરીશ્વરજી મ. સા. દ્વારા લખાયેલ પુસ્તક 'સિદ્ધ પદ વિવેચન"નું વાંચન-મનન અને ચિંતન આ સિદ્ધ પદના સ્વરૂપને કંઈક અંશે સમજવા સુગમતા આપે તેવું છે, બાકી જ્યારે આઠમાંથી ચાર ઘાતીકર્મો જતાં અરિહંત બનેલા જીવોના પણ ગુણોનું વર્ણન અશક્ય છે ત્યાં આઠેય કર્મોથી સંપૂર્ણ મુક્ત થયેલ સિદ્ધોના શાશ્વતા આઠ ગુણનું વર્ણન તે તો સંપૂર્ણ જ્ઞાની એવા કેવળજ્ઞાનીઓ પણ અશક્ય જણાવે છે.

**નમો આયરિયાણં - આચાર્યોને નમસ્કાર હો :-**

**"આચાર્યો છે જિનધર્મના દક્ષ વ્યાપારી શૂરા"**ની પંક્તિ પંડિતલોકમાં પ્રશસ્ત પ્રશસ્તિ પામેલ છે, તેનું કારણ એ પણ છે કે વિશાળ ભરત ક્ષેત્રમાં ફક્ત ૨૫૩ આર્યભૂમિ તેમાંય અનાર્ય પ્રજાની બહુલતા ને આર્યગુણ સંપન્ન જૈન માર્ગને અનુસરતી પ્રજા જૂજ જ, અને રત્નરાશિ જેવા નાના જૈન સંઘના સંચાલક આચાર્યો છે, જેઓ પરમાત્માના વિરહ કાળમાં પરમાત્માના પ્રતિષ્ઠિત જ નહિ, પણ શાસનના શણગાર છે, પ્રભાવક છે, ગીતાર્થ છે, પરમાર્થના જ્ઞાતા-દૃષ્ટ છે, અજૈનોમાં પણ જૈનત્વની જ્યોત પ્રગટાવી ઘરઘરને ઘટઘટમાં વ્યાવહારિક ને નૈશ્ચયિક સમકિત દાન દ્વારા ઉભયપક્ષી નફો કરનાર-કરાવનાર વેપારી છે. ગણધરો વળી ગચ્છાધિપતિઓના પણ અધિપતિ છે, આચાર્યોના પણ પ્રાચાર્ય જેવા છે. અત્રે સુધર્મા સ્વામીની પાટપરંપરાએ અનેક પૂજ્યાચાર્યો પાક્યા, પાકે છે ને પાકશે, તે પૂર્વેના તથા પશ્ચાત્‌ના તૃતીય પરમેષ્ઠીપદવીધરોને ભાવવંદના કરી તેમના સુકૃતોની અનુમોદનાનો લ્હાવો પ્રસંગોચિત માનીએ.

(૧) પાર્શ્વપ્રભુના શાસનના પાંચમા પટ્ટધર રત્નપ્રભસૂરિજી, પોતાની વિશિષ્ટ શક્તિથી તેમણે મૂળભૂત શરીરથી ઓસિયામાં અને વૈક્રિય દેહ વડે તેજ વખતે કોરટામાં પ્રતિષ્ઠા કરી. કોરટા સંઘને દુઃખ લાગ્યું, જેથી સંઘે પોતાનો સ્વતંત્ર નિર્ણય લઈ ભાવ અને ભારપૂર્વક દબાણ લાવી રત્નપ્રભસૂરિજીના જ શિષ્ય કનકપ્રભવિજયજીને પરાણે આચાર્ય પદ એનાયત કરી દીધું, અને ઓસિયા સંઘ સાથે રૂસણા લીધા. પ્રભુ વીરના નિર્વાણના ૧૦૦ વર્ષમાં જ બે સંઘ વચ્ચે ભેદ જેવું થયેલું જાણી

સંઘના સંગઠનને માટે ઓસિયાના ચાતુર્માસ પછી તરત જ સૂરિજી કોરટા પધાર્યા, સંઘનો આભાર અભિવ્યક્ત કરી શિષ્યની આચાર્ય પદવીને વધાવી, વાસક્ષેપ પ્રદાન કરી અને સંઘના સમાધાન માટે આચાર્ય છતાંય ક્ષમાપના માગી. રાજસ્થાનના બેઉ સંઘોમાં ફરી ઐક્ય વ્યાપી ગયું.

(ii) **જિનપ્રભસૂરિજી** પદ્‌માવતીના વરપ્રાપ્ત બન્યા. યોગિનીપુરના શ્રી-પીરોજ સુરત્રાણ રાજા તથા મ્લેચ્છોને પણ પ્રતિબોધિત કર્યા. વડના ઝાડને ચલાવી સાથે સાથે વિહારમાં રાખવું, ઘડાની દોરી ચોરનાર ઉંદરડાને પકડી પાડી મુક્ત પણ કરવો, પાણી ભરેલો ઘડો આકાશમાં અદ્ધર કરાવી અજૈન યોગીના ચમત્કારને ઝાંખો પાડવો વગેરે અનેક ચમત્કારો દેખાડી રાજાને અને પ્રજાને જૈનધર્મમાં રાગી બનાવી દીધી હતી.

(iii) **આચાર્યશ્રી ધર્મઘોષસૂરિજી** માસક્ષમણના પારણે ચંપાનગરીની પાસે વહેતી ગંગા પાસે આવ્યા, ઘણીજ તરસ છતાંય પાણી સચિત હોવાથી તૃષાપરિસહ સહન કર્યો, પણ પ્રાણપંખેરું ઉડી ગયા, છતાંય નિર્દોષ ગોચરી-પાણીની ગવેષણાના જ ખપી હોવાથી શુભધ્યાન સાથે સમાધિમરણ મેળવી ગયા. ઉચ્ચપદ છતાંય ઉગ્રાચારની ઊંડી અસર શિષ્ય-પ્રશિષ્યો ઉપર ખૂબ પડી ને સકળ સમુદાયમાં સંયમ-સંવેગ વિકાસ પામ્યો.

(iv) શીલધર્મના પ્રખર હિમાયતી **શ્રી કાલિકસૂરિજી**એ સરસ્વતી સાધ્વી તથા અન્ય આર્યાઓના પણ બ્રહ્મચર્યની રક્ષા હેતુ મ્લેચ્છોની મૈત્રી સાધી ગર્દભિલ્લ રાજા સાથે યુદ્ધ કરાવી અપવાદી માર્ગદ્વારા જિનશાસનની તથા શ્રમણીસંસ્થાની રક્ષા કરી.

(v) **માનદેવસૂરિજી**ને જીર્ણજ્વર સખત બની ગયો, છતાંય આવેલ તાવને નિર્જરાનું અનુપમ સાધન માની સંયમ ધર્મની અડગતા વધારવા સંકલ્પ કર્યો, પોતાની લબ્ધિઓ વડે ફક્ત બે સમયના પ્રતિક્રમણ વખતે તાવને પોતાના વસ્ત્રમાં ખેંચી લઈ વસ્ત્ર ખીંટી ઉપર લટકાવી દેતા હતા અને આવશ્યક ક્રિયા પતી જતાં જ પાછો તાવને સ્વેચ્છાએ સ્વયં પોતાના દેહમાં પેસાડી દેતા હતા.

(vi) આચાર્યોના પ્રાચાર્યપ્રવર ગણધર **શ્રીગૌતમસ્વામી**એ તો સ્વયં કેવળજ્ઞાનથી વંચિત રહી અનેક શિષ્યોને કેવળી બનાવ્યા, પોતાના પદ કે પ્રતિષ્ઠાની પરવા કર્યા વગર થયેલ ભૂલનું મિચ્છામિ દુક્કડં દેવા સામે ચડી આનંદ શ્રાવકને ઘેર ફરીથી ગયા. પાર્શ્વપ્રભુના શાસનના

શાસનપ્રભાવક કેશી ગણધરને સામે વાંદવા ગયા અને તેમની સાથે મધુર વાર્તાલાપ કરી આવર્જિત કર્યા અને સૌને પ્રભુવીરના શાસનમાં સમ્મિલિત કર્યા, નાના બાળક અઈમુત્તાની સાથે બાળક જેવા બની સંયમનું દાન કર્યું, અને સ્વયંના ગુરુ પ્રભુવીરથી પણ વધુ પચાસ હજારશિષ્યો બનાવી જિનશાસનના શ્રેષ્ઠગુરુ બની ગયા. પોતાના ગુરુ પાસે બાળની જેમ તથા શિષ્યો પ્રતિ ગુરુતાહીન લઘુતાનું સૌજન્ય સ્થાપી, પ્રભુવીરના વિરહમાં કેવળી બની મોક્ષે સીધાવી ગયા.

(vii) **વજસ્વામીએ** પોતાની વિશિષ્ટ શક્તિનો ઉપયોગ **શાસન પ્રભાવનામાં** કર્યો, **હેમચંદ્રાચાર્યજીએ** જ્યારે સામે ચડી આવેલ સરસ્વતીની કૃપા પ્રાપ્ત કરી ત્યારે તેનો ઉપયોગ સાડા ત્રણ ક્રોડ શ્લોક પ્રમાણ શાસ્ત્રો લખી જ્ઞાનદાનનો ધર્મ અજવાળ્યો. **મલધારી હેમચંદ્રસૂરિજીએ** ભવભાવનાને પુષ્પમાલાવૃત્તિયુક્ત, અનુયોગદ્વારવૃત્તિ, આવશ્યકવૃત્તિ, વિશેષા-વશ્યક વગેરે શાસ્ત્રો રચ્યા. **હરિભદ્રસૂરિજીએ** રચેલ ૧૪૪૪ **ગ્રંથો** તે તો જૈન શાસનની જાહોજલાલી જેવા છે, **શય્યંભવસૂરિજીએ** પુત્ર મુનિના હિતાર્થે રચેલ દશવૈકાલિક સૂત્ર તો પાંચમા આરાના છેડા સુધી રહેનાર શાસ્ત્ર બની ગયું. આ ઉપરાંત પણ અનેક શાસ્ત્રો અનેક આચાર્યોની અપૂર્વ દેન છે, જે દ્વારા જ્ઞાનમાર્ગ હજુ પણ મોકળો છે.

(viii) જ્યારે જ્યારે જૈન સંઘ ઉપર આફતો આવી, ત્યારે ત્યારે આચાર્યોએ પોતાના પરાર્થને પ્રધાન બનાવી શાસનની અદ્‌ભૂત સેવા કરી છે. મરકીનો ઉપદ્રવ વરાહમિહિરે દેવતાઈ શક્તિથી ફેલાવ્યો તો **ભદ્રબાહુસ્વામીએ** તેને દૂર કરવા ઉવસગ્ગહરં સૂત્ર રચ્યું ને ઉપદ્રવ દૂર કર્યો. અજિતશાંતિ સ્તોત્ર દ્વારા **નંદિષેણસૂરિજીએ** આખી દેવકુલિકાને સ્થાનાંતરિત કરી, **માનતુંગસૂરિજીએ** ભક્તામર સ્તોત્ર રચી પોલાદી જંજીરો તોડી નાખી અને ઉજ્જૈનના મહાકાળ મંદિરમાં પાર્શ્વપ્રભુને પ્રગટ કરનાર **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીના** કરાયેલ ચમત્કારો જગજાહેર છે. અકબર પ્રતિબોધક **હીરસૂરીશ્વરજી** મ. સા. ને સંઘ-શાસનની રક્ષા માટે ઘણું જ ખમવું પડ્યું, છતાંય પોતાના ચારિત્રાચારને અણિશુદ્ધ રાખી કષ્ટો વેઠ્યા ને હિંસક સત્તાધારીને પણ અહિંસાધર્મથી વાસિત કરી હિન્દુસ્તાન સમગ્રમાં અહિંસા-સંયમ ને તપનો ડંકો વગાડી દીધો. આજે પણ અનેક તીર્થો જે આંખ સામે જિનશાસનની અનુપમ મૂડી જેવા દેખાય છે, તેમાં અનેક આચાર્યોએ પોતાની સાધનાનું બળ લગાડેલ છે.

(ix) મહાતપસ્વી આચાર્ય **શીલભદ્રસૂરિજી** - તેઓ ફક્ત ૧૨ વરસની નાની

વયે દીક્ષા પામ્યા. દીક્ષા દિનથી જ છએ વિગઈનો આજીવન ત્યાગ કર્યો, જેના પ્રભાવે તેમના વચનો-વ્યાખ્યાનો ને વાણી ક્યારેય નિષ્ફળ ન ગયા. વિ. સં. ૧૦૬ થી ૧૧૧ તેમનો પ્રભાવક કાળ રહ્યો, જેઓ પાછળથી આચાર્ય ફાલ્ગુમિત્ર તરીકે પંકાણા હતા.

(x) આગમ વ્યવહારી ખ્યાતનામ સ્થૂલભદ્રસૂરિજી વેશ્યાવાસમાં રહ્યા, ઉત્તમ આહાર આરોગ્યા, નિત્યપિંડ ને દોષપ્રધાન ગોચરીઓ વાપરી છતાંય પોતાની જ પૂર્વભોગ્યા કોશાના હાવભાવ, ચેનચાળા ને લટકા-મટકાથી લેવાઈ ન જઈ બ્રહ્મચર્ય સાધના બળે ૮૪ ચોવીશી સુધી કીર્તિ પામનાર બની ગયા.

આ પ્રમાણે ૩૬/૩૬ ગુણોના ધારક આચાર્યો આચારચુસ્ત તો હોય જ છે, ઉપરાંત જૈન ધર્મના પ્રચારમાં પાવરધા હોય છે. શક્ય તેટલું પરાર્થકરણ કરી સ્વસાધનાના સ્વાર્થને પણ સાધવા છેલ્લા સમયમાં સર્વ આશ્રિતો પ્રતિ પણ રાગ-દ્વેષથી મુક્ત બની રહેવા સંલેખના વગેરે પણ કરે છે.

**નમો ઉવજ્ઝાયાણં - ઉપાધ્યાયોને નમસ્કાર હો :-**

ઉપાધ્યાય પદ ખાસ કરીને કેવળજ્ઞાન પામવા જાણે કેવળ જ્ઞાનના પાઠકની મહત્તા દ્વારા જ્ઞાનાદાન કે જ્ઞાનદાનને જ જીવનમંત્ર બનાવી દેવા ગોઠવાયેલું હોય તેમ જ્ઞાનપ્રેમીઓને લાગ્યા વગર ન રહે. ગીત = સૂત્ર અને તેના અર્થને વિવિધ રૂપ-રીતિએ જાણનાર ગીતાર્થ બને છે; પણ તે અર્થની પ્રાપ્તિ સુધી જવા માટે આધાર બને છે સૂત્રો અને તે સૂત્રોના વળી આધાર છે હંમેશ અધ્યયન-અધ્યાપનમાં ઓતપ્રોત રહેનાર ઉપાધ્યાયો. જો કે લગભગ દરેક શાસનકાળમાં સાધુથી લઈ સિદ્ધપદના ધારકો સારી સંખ્યામાં જોવા મળે છે, પણ આ પદને વિભૂષિત કરનાર આત્માઓ અત્યલ્પ હોય છે, તેનું રહસ્ય પણ છે કે પ્રધાન જ્ઞાનયોગથી મુક્તિની ભુક્તિ કરી શકનાર જીવદળો પણ ઓછા હોય છે, જ્યારે સંયમના અન્ય અસંખ્ય યોગોની પ્રકર્ષતાથી કેવળી બની મોક્ષે જનાર જીવાત્માઓ ઝાઝા હોય છે.

"ઉપાધ્યાયો ગણધર તણા સૂત્રદાને ચકોરા." ચતુર્થ પરમેષ્ઠી પદના વાહક, ગીતાર્થ ગણધરોથી લઈ અગીતાર્થ સાધુ સુધીની શ્રૃંખલા બની સંયમજીવનનું પ્રાણસમું તત્ત્વજ્ઞાન રૂપી રત્ન સદાય સંરક્ષિત કરી જિનશાસનના અમૂલ્ય જ્ઞાન પ્રવાહને અસ્ખલિત વહેતો રાખવામાં અમૂલ્ય ભાગ ભજવે છે. કોઈ પણ નિજી સ્વાર્થના પોષણ વગર ફક્ત કર્મનિર્જરાના ઉમદા ઉદ્દેશ્યો રાખી જ્ઞાન-દાન કરનાર ઉપાધ્યાયોની ભાવભરી અનુમોદના સાથે ભાવવંદના.

(i) અનુમોદનાના આ અણમોલ પ્રસંગે નવદીક્ષિત બાળમુનિ વજ્રકુમારને કેમ ભૂલાય, જેઓ ગુરુની ગેરહાજરીમાં પૂર્વ ભવના સંસ્કારોને વશ, પોતાના વડીલોના વીંટીયા-ઉપધિને સ્થાપી વણમાગી વાચના આપવા લાગ્યા હતા, અને ઉપાધ્યાય જેવી અદાનું અદ્‌ભુત કૌશલ દેખાડી પછી તો લબ્ધિવિદ્યા સંપન્ન વજ્રસ્વામી... તરીકે પરમાત્માની પાટે પધાર્યા હતા. આજે પણ ઉપાધ્યાય પદના વ્યાખ્યાન તેમને જ સમર્પિત થાય છે.

(ii) મળતા પૂરાવાને આધારે પ્રભુ વીરની હયાતી વખતે દેવસ્વરૂપે દર્શન આપનાર આત્મા પ્રભુના નિર્વાણ પછી નવસો વરસ વીત્યે જન્મ્યા, ભાગવતી દીક્ષા લઈ દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણ બન્યા. ઉપાધ્યાયથી પણ વધુ વિદ્વત્તા છતાંય ગણિ પદમાં રહીને વીરનિર્વાણ પછીના ૯૮૦ મા વર્ષે (વિ. સં. ૫૧૦ અને ઈ. સ. ૪૫૪માં) સઘળાય જૈનાગમોને પુસ્તકારૂઢ કરવાનું પરમાર્થ કર્યું. પડતા કાળના ઘટતા સંઘયણ અને ખૂટતા ધૈર્ય-ધૃતિ-સ્મરણ બળોને પારખી લઈ જ્ઞાનમાર્ગને સાવ નવી દિશા દેખાડી ઉત્તમ પરોપકાર કર્યો. તે પૂર્વેના ઉપાધ્યાયોએ મુખપાઠ આપી અને મુનિવરોએ વાચનાઓને મૌખિક ઝીલી લઈ જ્ઞાનધનને કેવી જહેમત સાથે જતન કર્યું હશે તેની વિચારણા પણ આજના લખ-લખ ને વાંચ-વાંચના જમાનાને આશ્ચર્ય કરાવે તેવી હકીકત કહેવાય.

(iii) ઉપાધ્યાય સકલચંદ્રજીએ કર્મક્ષયનિમિત્તે કાઉસ્સગ્ગ કર્યો ને સંકલ્પ સાધ્યો કે પાડોશમાં કુંભારના ગધેડા ભૂંકે પછી જ કાયોત્સર્ગ પારવો. ખાસ્સા કલાકો વીતી ગયા પણ ગર્દભરાજો બીજે ગામ ગયા હતા જેથી અભિગ્રહની અખંડતા સાધતાં ધ્યાનયોગમાં જ સત્તરભેદી પૂજા રચી લીધી, પછી બીજા દિવસે જ્યારે ગધેડાઓ ભૂંક્યા ત્યારે કાઉસ્સગ્ગ પાર્યો. લાગટ લાંબા સમયની સ્થિરતા ધીરતાથી વ્યવહાર-નિશ્ચય નયની જોડલી પૂજા રચી એક ઉદાહરણ આપ્યું, જે પૂજા પ્રકર્ષ પવિત્રભાવોમાં પરિણામ પામેલી હોવાથી આજેય પ્રતિક્રમણમાં આવેલ છીંકનું અશુભ ટાળવા ભણાવાય છે.

(iv) શાસનપ્રભાવક હીરસૂરીશ્વરજી મ. સા.ના સમયકાળમાં થયેલ મહોપાધ્યાય ધર્મસાગરજી મ. સા.થી કોઈક સંઘના અગ્રણીને ઠપકો અપાઈ ગયો. જેથી માનભંગ પામી મન ભંગના કારણે તે શ્રાવકે ઉપાશ્રય આવવું છોડ્યું. પર્યુષણ આવ્યા ને સાંવત્સરિક પ્રતિક્રમણની વેળા આવી. છતાંય તે ગૃહસ્થ ન આવ્યા તેથી પ્રતિક્રમણને વાર્ષિક ક્ષમાપના દ્વારા

સફળ કરવા ઉપાધ્યાય સ્વયં સંઘની હાજરીમાં જ ઉપાશ્રય છોડી શ્રાવકના ઘરે ગયા. દરવાજો બંધ હતો તો વંડી ઠેકી પ્રવેશ કર્યો. સ્વયં પદસ્થ છતાંય ગૃહસ્થને હાર્દિક મિચ્છામિ દુક્કડં આપ્યું ને ક્ષમાધર્મનો ડંકો વગાડ્યો. અગ્રણી શ્રાવક રડી પડ્યા ને ઉપાધ્યાયના પગે પડ્યા. બેઉ આત્માઓ તરત ઉપાશ્રયે પધાર્યા અને સૌએ મળી સમૂહ પ્રતિક્રમણ કરી વેરાનુબંધને વિફળ કર્યો.

(v) ઉપાધ્યાય વિનયવિજયજી મ. સા. દ્વારા રચાયેલ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના વિભાગો સાથેનો લોકપ્રકાશ ગ્રંથ, કલ્પસૂત્ર સુબોધિકા, શાંત સુધારસ, શ્રીપાળ રાજાનો રાસ અને અન્ય કાવ્યાત્મક સર્જનોમાં પદાર્થોની પ્રરૂપણાની આગવી શૈલિ ખાસ અવગાહવા જેવી છે. તેઓશ્રીએ પોતાના પદને યથાર્થ શોભાવ્યું છે.

(vi) અકબરની ધર્મભાવના વધારવા-ટકાવવા ને તેના દ્વારા અહિંસા ધર્મનો વિજયડંકો વગડાવવા શ્રી હીરસૂરિજીએ ઉપાધ્યાય શાંતિચંદ્રને આજ્ઞા ફરમાવી, જેમણે અકબરને ચમત્કાર દ્વારા નમસ્કાર કરાવવા વિશિષ્ટ શક્તિથી અકબરપિતા - હુમાયુને રાજરસાલા સાથે માયાજાળ રચી દેખાડ્યો હતો. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની ટીકા તેમની તથા કાદમ્બરી કાવ્યની ઉમદા વૃત્તિ શ્રી ભાનુચંદ્ર ઉપાધ્યાયની અનોખી દેન છે.

(vii) સાવ નિકટના સૈકાઓમાં થયેલ ઉપાધ્યાય યશોવિજયજી મ. સા. તો સરસ્વતીના સાધકાત્મા હતા જ ઉપરાંત તેમણે પોતાના જીવનની લાખેણી ક્ષણો ન્યાયશાસ્ત્રોના ગ્રંથો રચી જિનાગમના સૂક્ષ્મ પદાર્થો પ્રકાશવામાં ખર્ચી નાખી છે. પ્રતિમાશતક, ધર્મપરીક્ષા, પ્રવચન પરીક્ષા, ઉપદેશ રહસ્ય, નય રહસ્ય, ભાષા રહસ્ય, શાસ્ત્રવાર્તા સમ્મુચયને લઈ સ્યાદ્વાદ કલ્પલતા નામની ટીકા વગેરે ઉપરાંત ગુજરાતી ભાષાના સ્તવન-સજ્ઝાયો રચી તેમણે જૈનમાર્ગીય જ્ઞાનધારાનો પ્રવાહ વેગવાન બનાવ્યો જ છે.

ગુરુથી ગ્રંથો ખૂલે અને ગ્રંથોથી ગ્રંથીઓ ખૂલે/તૂટે, ગુરુગમથી અભ્યાસિત પુસ્તક મસ્તક સુધી જઈ હસ્તક બને અને જ્ઞાનાચાર ચારિત્રાચારમાં પલટાય તે માટે પણ ઉપાધ્યાય પદનું શરણું જીવનતરણું બની રહે છે. 'અ'થી 'જ્ઞ' સુધીના અક્ષરો સમ્યક્ સ્વરૂપે ભણી જનાર સુજ્ઞ બન્યા વગર ન રહે. માટે જ પરિણત જ્ઞાન પામી પરિણતિ સુધારી લેનાર જ્ઞાની આત્મા વિદ્વાન તો હોય જ સાથે ક્યારેય શાસ્ત્રોને શસ્ત્ર બનાવી ધર્મના નામે યુદ્ધ ન આદરે, પણ અનેક નયોની સાપેક્ષતા સામે રાખી-દેખાડી દુન્યવી ધમાલથી પર રહે તે સઘળુંય આ ચતુર્થ પદધારીની કૃપાને આભારી છે.

આપણે પણ આ પ્રધાન પદને પોંખી લઈ શ્રુતિ અને સ્મૃતિ, ૧૪ વિદ્યાસ્થાનોના સ્વામી બનીએ તેજ એકમાત્ર શુભાપેક્ષા.

ચૌદપૂર્વીઓ પણ અભિલપ્યમાન શ્રુતજ્ઞાનના સર્વ અર્થોને કહેવા સમર્થ થતા નથી કારણકે શ્રુતનો દરિયો અગાધ છે, આયુબળ અલ્પ છે અને વાચા ક્રમવર્તી છે, છતાંય દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ તથા કથાનુયોગના વિભાગ દ્વારા શ્રુત સંપદાની લ્હાણી કરાવવાના અધિકારી પુરુષ આ પદના ધારકો છે. જેઓ કદાચ તે પદને ઓળંગી આચાર્ય પદ પણ અવધારી લે છતાંય જ્ઞાનદાનની જવાબદારી વહન કરે છે.

**ઉપાધ્યાય માનવિજયજીની** રચનાઓ જે કાવ્યમય સ્તુતિ, સ્તવનો, સજ્ઝાયોમાં સંકળાયેલી છે તે બાળ ભોગ્ય ભાષામાં જેમ છે તેમ સાક્ષરી ભાષામાં રચાયેલા શાસ્ત્રો વિદ્વાનોને પણ માથું ખંજવાળવા બાધ્ય કરે તેવા છે. જૈન જ્ઞાન-સાહિત્ય જેટલું પ્રગટ છે તેથીય કેટલું વધુ તો અપ્રગટ છે.

**નમો લોએ સવ્વ સાહૂણં :-** લોકના સર્વે સાધુઓને નમસ્કાર હો.

ઉપરોક્ત પાંચમા પદ દ્વારા અઢીદ્વીપમાં સર્વત્ર દીક્ષિત સાધુઓને જ વંદના નથી, પણ વ્યવહારનયથી સાધુના સૌમ્ય લેબાશથી સુસજ્જ સાધુ, ઉપાધ્યાય, આચાર્ય અને અરિહંતો પણ વંદનીય જણાવ્યા છે, જ્યારે નિશ્ચય નયથી સિદ્ધોમાં શાશ્વત સ્વરૂપે સાધુતાનો વિકાસ હોવાથી પાંચેય પરમેષ્ઠીઓને વંદન કર્યા છે.

સાધુનો જીવન મંત્ર છે - "Live for the best, but be ready for worst." માટે જ મુનિ મસ્તકના મુંડન સાથે જ મનનું પણ મુંડન કરી મૌનના મંડન સાથે વિષય-કષાય રૂપી આંતરશત્રુઓ સાથે ગુપ્ત યુદ્ધ આદરે છે. **"સાધુ આંતર અરિ સમૂહને વિક્રમી થઈ અ દરે."** જ્યાં સુધી મોહ હણાતો નથી ત્યાં સુધી મોક્ષ માટે મથતા મુનિવરો ક્યારેક જંગ જીતી જતા હોય છે ને ફરી હારી પણ જાય, છતાંય જેમ 'હાર્યો જુગારી બમણું રમે' તેમ 'કર્મોથી હારેલ મુનિ પણ બમણું લડે' અને ધીમે ધીમે પણ વિજયકૂચને વધારતો અંતે સાધના દ્વારા સિદ્ધ પદ સુધીના સોપાનો ચડી જાય જ છે. મધુરા સંસારને પણ અધૂરા માની નીકળી પડેલ સાધુ રૂપી લડવૈયાઓએ લડત કેવી કેવી આપી, હાલે પણ બકુશ કે કુશીલ ચારિત્ર છતાંય કેવા ઉત્તમ આદર્શો આંખ સામે જોઈ શકાય છે, તેનું જ સંક્ષેપિત ચિત્રણ પ્રસ્તુત પદધારીઓની અનુમોદના રૂપે દૃષ્ટાંતો સહ અગ્રે-વર્તમાન છે.

તો ચાલો, જાણીએ-માણીએ તેવા પાંચેય પરમેષ્ઠીઓમાં સાધુ પદનું આરોપણ કરીને, જેઓ પાંચ પદસ્થો, ચારધર્મો (દાન-શીલ-તપ-ભાવ)ની

રક્ષા કરવા ત્રણ રત્નો (દર્શન-જ્ઞાન-ચારિત્ર) ગાંઠે બાંધી બે શત્રુઓ (રાગ-દ્વેષ) સામે કેવા લડ્યા ને એકમાત્ર મોક્ષ માટે કેવા મથ્યા ? તે પાંચેય પરમેષ્ઠીઓ પૈકી સિદ્ધો તો સકળ સ્વરૂપે સિદ્ધિ વર્યા છે જ્યારે બાકીના ચાર પરમેષ્ઠીઓ છ જીવોની (છકાયના) રક્ષા, સાતેય ભયથી મુક્ત થઈ, આઠ કર્મોના મળને મોળા પાડવા, બ્રહ્મચર્યની નવવાડો યુક્ત, દશપ્રકારી યતિધર્મની સાધના સાથે સાધી શકે છે, અને અહિંસાના એકાવતાર અરિહંત બની સુખ સાગરની સિદ્ધિ સંપ્રાપ્ત કરી સિદ્ધ બની શકે છે. ક્રોડ-ક્રોડ વંદન-અભિનંદન અણગારોની અનોખી આલમને, સંસારમાં સારામાં સારૂં જે દેખાય છે તેમાં સુસાધુઓની સાધનાના સૂક્ષ્મ પરમાણુઓનો પ્રભાવ છે.

(i) તપધર્મ દ્વારા વિજય વાવટો ફરકાવી દેનાર નંદનઋષિની અનુમોદના કે જેમણે પૂરા એક લાખ વરસના દીર્ઘ સંયમ પર્યાયમાં લાગટ ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કરી કર્મો ખપાવ્યા ને પ્રાંતે મહાવીર બની મોક્ષે પધાર્યા.

(ii) તેવાજ ઉગ્ર તપસ્વી-ત્યાગી ઢંઢણકુમારને ધન્યવાદ, જેમણે સ્વોપલબ્ધિવાળો આહાર મેળવવા છ માસ પર્યન્ત ઉપવાસો કર્યા, છેલ્લે સિંહકેસરીયા મોદક મળ્યા તેને પણ શ્રી કૃષ્ણ વાસુદેવની લબ્ધિવાળા પ્રાદોષિત જાણી પ્રભુ નેમિનાથની સાક્ષીએ પરઠવતાં પરઠવતાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યુ ને ત્યાગ ધર્મ દીપાવ્યો.

(iii) ભાલાની અણી ઉપર આહારના દ્રવ્ય રાખી વહોરાવનારનો જ આહાર લેવો તેવો ઉગ્રાભિગ્રહ લઈ ભીમે તપ કર્યો,જે છેક છમાસના ઉપવાસ પછી સફળ થયો, ત્યાં સુધીના સ્થૈર્ય-ધૈર્યની અનુમોદના.

(iv) વૃત્તિસંક્ષેપ કરી તપના પારણા પણ ત્યાગ પૂર્વકના કરી આહારસંજ્ઞાની જબરાઈને જબ્બર પણે જીતનારા પ્રભુ વીર, દૃઢ-પ્રહારી, શાલિભદ્રજી, ક્ષેમર્ષિ, પાંડવો વગેરેના તપની હાર્દિક અનુમોદના.

(v) ગૌતમ ગણધરના પૂર્વભવના મિત્ર સ્કન્દક તાપસે જૈની દીક્ષા લઈ ભિક્ષુકની ૧૨ પ્રતિમાઓ વહન કરી. પછી અતિઉગ્ર ગુણરત્ન સંવત્સર તપ તપી સવારે સૂર્યની આતાપના ને રાત્રે નિર્વસ્ત્ર વીરાસનમાં સાધના કરી, હાડમાંસ શોષી ફક્ત ૧૨ વરસના સંયમ થકી ૧૨મો દેવલોક મેળવી લીધો.

(vi) સ્મશાનમાં કાયોત્સર્ગ તપ સાથે વરસમાં ફક્ત ૩૬ દિવસ જ પારણા ને શેષ દિવસો તપમાં વ્યતીત કરી મહાતપસ્વી કૃષ્ણર્ષિના

મળમૂત્ર-થૂંક-પરસેવામાં ઔષધીય લબ્ધિઓ ઉત્પન્ન થઈ ગઈ; જ્યાં જ્યાં પારણા થયા ત્યાં ત્યાં જિનાલયો બંધાયા, જેમના તપથી કેટલાય અજૈન જૈન બન્યા. ધન્ય તેમના તપ પ્રકારને.

(vii) ફક્ત ભાવધર્મને પ્રધાન બનાવી દઈ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરી લેનાર **ચક્રવર્તી ભરત, કૂર્માપુત્ર, અષાઢાભૂતિ, ઈલાચીકુમાર, પ્રસન્નચંદ્ર-રાજર્ષિના** અધ્યવસાયોની આગવી અનુમોદના.

(viii) શીલધર્મની રક્ષા માટે દીક્ષા પછી થયેલ કુલટા પત્નીના બીભત્સ ઉપસર્ગને ખમી ખાઈ, બ્રહ્મચર્યના જતન માટે વસ્ત્રનો ગાળીઓ બનાવી, ફાંસો ખાઈ મૃત્યુને પામી ૧૨મા દેવલોકમાં ચાલ્યા જનાર **જયસુંદર મ. સા.** તો જાણે જૈન ઈતિહાસના અણઓળખાયેલ આત્મા બન્યા.

(ix) ફક્ત છ માસમાં ચારિત્રાચાર થકી દેવલોકે જનાર મનકમુનિ, પ્રથમ વારના ઉપવાસમાં જ મૃત્યુ સાથે ઊર્ધ્વગતિ પામનાર **શ્રીયકમુનિ** તથા ના દિવસના ચારિત્રમાં ભીખારી મટી રાજા **સંપ્રતિ** બની જનારને ૧ રાત્રિનું ચારિત્ર પાળી નલિની ગુલ્મ વિમાનમાં જનાર **અવંતિસુકુમાલ**ની અનુમોદના.

(x) ગુરુભક્તિ માટે ગોશાળાની તેજોલેશ્યાથી પરમાત્મા વીરને બચાવવા વચ્ચે કૂદી, મૃત્યુ મેળવી, ૧૨મા ને ૮મા દેવલોકે જન્મ લઈ લેનાર **સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ મુનિ**ની અનુમોદના.

(xi) અનાર્યદેશના જન્મથી અજૈન પણ પ્રતિમાના દર્શનથી બોધ પામી સ્વયંદીક્ષા લઈ અણિશુદ્ધ ચારિત્ર પાળી જનાર **આર્દ્રકુમાર**ના જીવનકવનની વિચિત્રતા છે, છતાંય તેમનું દૃષ્ટાંત લાક્ષણિક જ છે.

(xii) વૃદ્ધ મુકુંદ મુનિ છતાંય રાત્રે પણ જોરશોરથી સ્વાધ્યાય કરતા. સાધુઓએ ઠપકો આપ્યો તેથી ૨૧ દિવસના ઉપવાસથી સરસ્વતી દેવીને સાધી, સૌને વાદમાં હરાવી-હંફાવી **વૃદ્ધવાદીવેતાલ** કહેવાણા. જેઓ સિદ્ધસેનદિવાકરસૂરિજીના પણ ગુરુ બન્યા, તેમના સ્વાધ્યાય પ્રેમની ખૂબ અનુમોદના.

(xiii) રોહિડા નગરમાં **સ્કંદમુનિ** ક્રૌંચ પક્ષીથી હણાયા છતાંય વેદના સહી સમાધિમરણ પામ્યા.

(xiv) કુણાલા નગરીમાં પાપી મંત્રીએ સાધુની વસતિ સળગાવી નાખી, છતાંય **ઋષભસેન** મુનિ સૌ પરિવાર સાથે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમની આરાધનાની અનુમોદના.

(xv) વ્રજસ્વામિના બાળમુનિ તપેલી શિલા ઉપર સૂઈ જઈ મીણની જેમ ઓગળી ગયા છતાંય આરાધનાને પામ્યા, તેમના સંયમ ભાવની હાર્દિક અનુમોદના, તેવી જ રીતે બાળમુનિ ધનશર્મા નદીનું જળ સ્વાધીન છતાંય પીધા વિના સંયમ સાધી સ્વર્ગે ગયા તેમની અચળતાની અનુમોદના.

(xvi) મચ્છરોના તીવ્ર ઉપદ્રવમાં જ રૂધિર શોષાવાથી ને શરીરના ડંખ ખમી ખાઈ જીવદયાના ભાવમાં જ રાત્રિમાં સમાધિમરણ સાધી દેવલોક મેળવી લેનાર સુમનભદ્રમુનિ ની અનુમોદના.

(xvii) રાજા જિતશત્રુના કુમારપુત્ર મુનિ ભદ્ર, જેઓ શત્રુ રાજ્ય શ્રાવસ્તીમાં રાજપુરુષો દ્વારા મરાઈ, કૂટાઈ, ઘામાં સખ્ત ક્ષાર દેવાણા ને દર્ભ વીંટાળી દુ:ખિત કરાવાયા છતાંય પોતાના કર્મોનો જ દોષ જોઈ સમાધિ સાથે દેવલોકે ગયા, તેમની તિતિક્ષાની તીવ્રાનુમોદના.

(xviii) ક્રોડોના વૈભવને ઠુકરાવી, સુકુમાલ શરીરધારી શાલિભદ્રે પોતાના દેહનું મમત્વ ત્યાગી વૈભાગિરિ ઉપર અનશન લઈ જંગ જીત્યો તેમના પરાક્રમની ખાસ અનુમોદના...

(ixx) પ્રભુઆદિનાથની પુત્રી સુંદરીએ આજ સંયમ સંપ્રાપ્ત કરવા પોતાની અપર માતાના પુત્ર ભાઈ ભરતની લગ્ન વિનંતિ ઠુકરાવી દીધી, સંયમની તલપમાંજ લાગટ સાઠ હજાર વરસ આયંબિલ કર્યા. કર્મો હીણા પડતાં જ સંયમ લીધું અને એવું રૂડું પાળ્યું કે તે તથા તેના બેન સાધ્વી બ્રાહ્મી પણ તેજ ભવમાં મોક્ષ પામ્યા.

(xx) ભાઈને જ ભર્તા બનાવી ભૂંડા ભોગના સંયોગમાં સપડાયા છતાંય દેવી માતા પુષ્પાવતીના પ્રયત્ને પ્રતિબોધિત થઈ જઈ દીક્ષા લઈ ઘણા જ સંવેગ અને પશ્ચાત્તાપથી પાળીને, તેજ ભવમાં કેવળી બની જનાર સાધ્વીજી પુષ્પચૂલા પ્રખ્યાત છે.

(xxi) શ્રેણિકરાજાના દસમા રાણી મહાસેન કૃષ્ણા સાધ્વી બન્યા પછી પારણા વગર જ લાગટ વર્ધમાન તપની ૧૦૦ ઓળીઓ પૂર્ણ કરી અને અલ્પ સંયમ પર્યાયમાં જ કેવળજ્ઞાન કેળવી મોક્ષે ગયા, તેમના તપધર્મની અનુમોદના.

(xxii) ક્ષમાધર્મને સામે રાખી ગુરુણીનો ઠપકો પણ ગળી જનાર મૃગાવતી સાધ્વીજી પોતાના ભાણેજી પણ ગુરુણી ચંદનબાળા કરતાં વહેલું કેવળજ્ઞાન વરી ગયા. સ્વદોષ દર્શનની મૂર્તિ જેવા તેમની અનુમોદના.

(xxiii) માતાની આત્મહત્યા પછી નિરાશાથી ન્યૂનતા અનુભવી ફરી

પુણ્યોદયે પ્રભુ વીરથી પ્રતિબોધ પામેલા **ચંદનબાળા સાધ્વી** પ્રથમ સાવ એકાકી અવસ્થામાં હતા, પણ સંયમ પછી ૩૬૦૦૦ સાધ્વી સમુદાયના સૂત્રધાર બની શાસનની શોભા વધારવા નિમિત્ત બન્યા, મોક્ષે પણ ગયા. તેમની ભવિતવ્યતાની અનુમોદના.

(xxiv) પુત્રમોહમાં પડી વ્રજસ્વામી જેવા પુત્રરત્નને પ્રવ્રજ્યા ન લેવા દેવા નાકામયાબ પ્રયત્ન કરી પાછળથી પુત્રમુનિથી જ બોધ પામી તેમના હસ્તે જ દીક્ષા લઈ દીપાવનાર **સુનંદા સાધ્વીને** ધન્યવાદ.

(xxv) સકળ સંઘને સાધના માર્ગે ચડાવી પોતાના પુણ્ય થકી સીમંધર સ્વામી સુધી જઈ આવનાર **યક્ષા સાધ્વીની** કહાણી વિખ્યાત છે. આજે પણ આચારાંગની બે ચૂલા તથા દશવૈકાલિકની બે ચૂલાઓ મહાવિદેહના ભગવાન પાસેથી મળેલ ભેટ રૂપે યક્ષા સાધ્વી થકી જ સંપ્રાપ્ત છે. વિશિષ્ટ સાધના બળની રૂડી અનુમોદના.

(xxvi) ફક્ત ૧૨ વરસના ચારિત્ર પર્યાયમાં જ આચાર્ય પદ પ્રાપ્ત કરી જનાર પુત્રમુનિના ઓવારણા લેતી **પાહિણી દેવીએ** નૂતનાચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજી પાસે જ દીક્ષા લીધી, ને ૪૫ વરસનો દીક્ષા પર્યાય પાળી પ્રવર્તિની પદ સુધી પહોંચી અનેક નારી આત્માઓનું સુકાન સંભાળ્યું.

(xxvii) ગોચરીએ ગયેલ ને ગુમભાન બનેલ પુત્ર **મુનિ અરણિકને** માનિનીના મોહપાશથી મુક્ત કરાવી ફરી સંયમમાં સ્થિરીકરણ કરાવી ગુરુમાતા જેવું ગૌરવ પ્રસ્તુત કરનાર **માતા સાધ્વી** ના સંયમ ધૈર્યની અનુમોદના.

(xxviii) ગુર્વાજ્ઞાને જ પ્રધાન માન આપી વિનયધર્મથી ઓપતા **યાકિની મહત્તરાની** વ્યવહાર કુશળતાની અનુમોદના કે જેમના સૂચનને સદ્ગ્રહી બ્રાહ્મણ હરિભદ્રએ પ્રાકૃત પંક્તિનો અર્થ ગુરુવરને પૂછ્યો, પરમાર્થ પામ્યા, પ્રવ્રજ્યા પ્રાપ્ત કરી અને ઊંડા આગમ રહસ્યો યુક્ત શાસ્ત્રો રચી જ્ઞાનગંગા વહાવી. હરિભદ્રજીએ સૂરિ બન્યા છતાંય યાકિની મહત્તરાને પોતાના માર્ગદર્શક માની સ્વેચ્છાએ પુત્રત્વ સ્વીકાર્યું ને સાધ્વીને માતા જેવું ગૌરવ બક્ષ્યું.

(xxix) આવા તો અનેક સાધુ-સાધ્વીઓના સંયમ સાધનાના સૂક્ષ્મ બળો આજે પણ પ્રશસ્ત પરમાણુ રૂપે પ્રત્યેકના પ્રોત્સાહન - પ્રગતિના નિમિત્ત બન્યા છે, સંક્ષેપમાં કેટલું તે લખી શકાય ? **મહાન યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજે** આત્મસાધનાની રક્ષા કાજે એકલવિહાર વધુ પસંદ કર્યો, પણ ચારિત્રાચાર ચોક્ખો જ પાળ્યો. તો બીજી

તરફ પુંડરિક સ્વામી વગેરે ગણધરો કૌટુંબિક ભાવનાથી અનેકોના સમૂહોદ્ધારનું તારણ-કારણ બન્યા. પિતા તથા પુત્રની પહેચાન કરાવી હિંસક યુદ્ધ ટાળનાર સાધ્વીઓથી પણ જૈન સાહિત્ય દીપે છે, તેમ શીલની રક્ષા માટે યુદ્ધનું નિમિત્ત બનનાર સાધ્વી પણ આ જ શ્રમણી સંસ્થાની ઉપજ છે. આવા સંયમીઓ કદાચ સાવ શિથિલાચારી પણ બને, તોય જો બ્રહ્મચર્યની નવવાડોથી વિશુદ્ધ રહે તો પ્રશંસનીય છે, અને એવો એક આત્મા પણ જગજાહેર બાવા, ફકીર, સંન્યાસી, તાપસો કે યોગીઓ કરતાં લાખ દરજ્જે ઊંચો જ્ઞાનીઓ કહે છે, કારણ કે તેજ આત્મા જૈનશાસનના અવલંબને શિથિલાચારી મરીચિ મટી મહાવીર બની શકે છે, તાપસમાંથી તપસ્વી, ત્રિદંડીમાંથી ત્રિભુવનપતિ, ને નારક-સિંહની દુર્ગતિથી ઊઠી સિદ્ધ ગતિને પણ સંપ્રાપ્ત કરી શકે છે.

મિથ્યાત્વનું વમન કરી દેશ-સર્વવિરતિનું ગ્રહણ, વિષયકષાયોનું દમન, સંસારભાવોનું દફન કરી મોક્ષમાં ગમન કરનાર-કરાવનાર આજ પાંચેય પરમેષ્ઠીઓ છે, જેમની કરેલ આરાધના ૧૪ રાજલોકના સર્વ શ્રેષ્ઠ સ્થાને મૂકી દે છે, અને કરાયેલી ઘોર આશાતના તેજ લોકના સૌથી નિકૃષ્ટ સ્થાન સાતમી નરક સુધી ધકેલી શકે છે. સર્વ સાધુઓને કરેલ નમન, સ્મરણ, અનુમોદન લેખે લાગે જ છે કારણ કે તે પુરુષ પુંગવોની કૃપાદૃષ્ટિમાં જ સુખની વૃષ્ટિ સંકળાયેલી છે.

ઉગ્રાચારી, શીતલાચારી કે શિથિલાચારીના ભેદભાવ વગર કૃષ્ણ મહારાજે પ્રભુ નેમિનાથના ૧૮,૦૦૦ સાધુઓને ભાવપૂર્વક દ્રવ્યવંદન કરતાં જ સાતમી નરકના દળિયા ઘટી ત્રીજી નરકના બંધ જેટલા ઓછા થઈ ગયા, ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ થઈ અને તીર્થંકર નામકર્મ ઉપાર્જિત થઈ ગયું. આ છે સાધુઓ પ્રતિ બહુમાનનો પ્રતાપ-પ્રભાવ. માટે જ તો કઠિયારાની દીક્ષા પછી રાજગૃહીના નાગરિકો દ્વારા થયેલ ઠઠ્ઠા-મશ્કરી નિવારી સુધર્મા સ્વામિના વિહાર નિર્ણયને પલટાવવા અભયકુમારે યુક્તિ રચી સૌને રત્નરાશિ લેવા એકઠા કર્યા ને પછી સ્ત્રી, સચિત્ત પાણી ને અગ્નિના ત્યાગીને તે આપવાની શરત ગોઠવતાં સૌને કઠિયારાએ કરેલ સંસારત્યાગ સમજાઈ ગયો.

(xxx) આ બધીય વાતો થઈ અતિ અતીતની કે ભવ્ય ભૂતકાળની પણ આજેય ઉતરતા કાળમાં સાધકાત્માઓનો તોટો નથી. નિમ્નલિખિત સત્ય હકીકતો જ તે તે સાધકોની પરિણત પરિણતિની ચાડી ખાય છે. ચાલો જાણી લઈએ સાધનાના પ્રકારોને

અને ગોતવા મથીએ તે તે સાધકોને...

૧. એક સાધકાત્માએ આયંબિલના રૂક્ષાહારમાં જ જીવનની મીઠાશ માની મન મનાવી લીધું છે. અત્યાર સુધીમાં દસ હજારથી વધુ આયંબિલ થઈ ગયા છે, આગળ ચાલુ છે, કદાચ આત્મસાત્ તે તપ આત્માની આ લોકની અલવિદા સુધી ચાલે, અને અંતે ભવાંતરમાં પણ તે તપથી જ તન્મયાત્મા તોફાની ભવસાગર તરી જાય.

૨. આવાજ તપસ્વીની મૂક સેવા દ્વારા અન્ય કોઈ આત્મા પોતાની આત્મીયતા સાધી રહ્યો છે. વરસમાં ભાગ્યે જ બે-ત્રણ માસના પારણા, ચાલુ વર્ધમાન તપમાં પણ છાશવારે ઉપવાસ, તદુપરાંત પોતે લૂખું ખાઈ અન્યને તો લીલું જ વપરાવી રાજી થાય છે. ધન્ય છે તપ તથા ત્યાગને.

૩. એક આત્મા સ્વયં સુજ્ઞ છે, જ્ઞાની છે. છતાંય શ્રુતને સરસ્વતીની ઉપમા આપી શીલ (ચારિત્ર)ને લક્ષ્મી તરીકે નવાજે છે. સ્વયં પઠન-પાઠનમાં કુશળ છતાંય પૂરતી શક્તિ લગાવી તપને તપે છે. ચૂનાના વધેલા પાણીથી કાપ કાઢવો, પાણીને ઘીની જેમ વાપરવું, સ્વયં લાઈટ વગેરે માટે નિર્દેશ ન કરવો, શક્ય તેટલી વસ્તુઓ-ઉપધિઓ કૃતદોષ વગરની વ્હોરવી, સમય આવ્યે સુંદર વ્યાખ્યાન આપવા, વ્યંગ કે વક્રોક્તિ તથા પરનિંદાથી બચી, સાધુ મર્યાદામાં પરમાત્મ ભક્તિ દ્વારા દર્શનશુદ્ધિ, સતત જ્ઞાનાભ્યાસ દ્વારા જ્ઞાન વિશુદ્ધિ ને વિવિધ અભિગ્રહો દ્વારા ચારિત્ર શુદ્ધિમાં ઊંડી આસ્થા ધરાવે છે. તપોસાધનાના ઉદ્દેશ્ય પણ બ્રહ્મચર્યરક્ષા, આરોગ્ય જાળવણી અને જ્ઞાનયોગ સહ સ્વલક્ષી જીવનધારામાં પ્રગતિ છે. લેખન, ચિંતન, મનન, અધ્યાપન, ધ્યાન જેમના પ્રિય અનુષ્ઠાનો છે. પ્રતિક્રમણ પણ ભાવાર્થના ચિંતન પૂર્વકના તથા સ્તવન-સજ્ઝાયો પણ સુંદર રાગ-રાગિણીમાં ગાવાની કુદરતી દેન છતાંય વાર્તાલાપ કે વ્યાખ્યાન પ્રદાન વખતે મુહપત્તિનો ઉપયોગ, નાના-નાના પ્રાયશ્ચિત્તોનું શોધન, તથા ગુરુકૃપાએ પ્રાપ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવને આશ્રી વિવિધ સાધુક્રિયાઓ તથા ઉત્સર્ગ અને અપવાદ પદોમાં અપ્રતિબદ્ધતા પૂર્વક આચરણ વગેરે વિશેષતાઓ છતાંય સ્વમુખે આત્મપ્રશંસા નથી કરતા. અન્યના આક્ષેપો કે અનુમોદનાને કેટલું વજન આપવું તે માટે સતત જાગ્રત રહે છે. સંકલ્પ-સાધનામાં દૃઢ આસ્થા રાખે છે, અને આગમોના રહસ્યો સુધી પહોંચવાની ઊંડી સૂઝ છતાંય બાળજીવ સાથે બોધવૃદ્ધિ થાય તેમ નિઃસ્વાર્થ-નિઃસ્પૃહિતાથી વર્તે છે. પરિમિત શક્તિથી પૂરતી આરાધના છતાંય પોતાને બકુશ ને

કુશીલ ચારિત્રવાળા કહી લઘુતાભાવ ધરે છે.

૪. સ્વયં વિશાળ સાધુ-સાધ્વીઓના અધિપતિ છે, પણ તેમની ગૂઢતા-ગંભીરતા વિલક્ષણ છે. જીવનમાં સરળતા જ સર્વસાથિની સહાયક શક્તિ છે તેમ માને છે. અનેકોને નિશ્રા આપી વ્યવહાર કુશળતાથી સંયમમાં સૌને સ્થિર કરે છે. વધુમાં વધુ જીવો જૈનધર્મની સર્વવિરતિ પામી શકે, અસંખ્ય યોગોમાં સૌ પોત પોતાની ક્ષાયોપશમિક શક્તિ પ્રમાણે વિકાસ સાધી શકે તથા કોઈ આશ્રિત પાસે અભિયોગ પૂર્વક કામ ન કરાવી ઈચ્છાકાર સમાચારીથી સાધુ-સંસ્થા ચલાવવાની જવાબદારી વહન કરે છે. ગુરુકૃપાએ સ્વયં અનેકોના ગુરુ છે, પણ ગુરુતાને બદલે લઘુતા વધુ પસંદ કરે છે. વિવિધ ગુણ સંપન્ન તથા જ્ઞાન પ્રધાન જીવન છતાંય અભિમાન લવલેશ પણ નહિ તેવી તેમની મુખાકૃતિ જ છે. અનેકોના જીવનની નાની મોટી ભૂલોની માહિતી, કારણો, નિમિત્તો વગેરેથી સુપેરે વાકેફ છતાંય કદીય કોઈનાય પ્રાયશ્ચિત્ત કે આલોચનાને અન્ય પાસે પ્રગટ ન કરી આલોચના લેનારને માર્ગદર્શક બને છે. સ્વયંની સંપૂર્ણશક્તિને સુસ્વાસ્થ્ય છતાંય પોતાના નામ-ઠામ સાથેના જિનાલયો, ઉપાશ્રયો કે અનુષ્ઠાનોથી પર રહે છે. તેમની સાથેની કરેલ જ્ઞાનચર્ચા જ તેમને ઓળખવા પર્યાપ્ત થાય તેમ છે.

૫. ફક્ત ૧૪-૧૫ વરસના અલ્પ પર્યાયમાં જ ચાર-ચાર વખત લાગટ ૫૦૦ આયંબિલ, ફક્ત ૩-૪ દ્રવ્યના વૃત્તિ સંક્ષેપ અને સવિશુદ્ધ ગોચરી ગવેષણા સાથે પૂર્ણ કરી હાલે ૯૦ ની આસપાસ ઓળીઓ પૂર્ણ કરી ભાવિમાં શક્તિ પહોંચ્યે ત્રણ વાર વર્ધમાન તપની ૧૦૦-૧૦૦ ઓળી પૂરી કરવાની ભાવના રાખે છે. અભ્યાસની રૂચિ સારી છે, ગોચરી-પાણીથી મહાત્માઓની ભક્તિ તેમનો મુખ્ય વિષય છે. હાલે ૩૦૦ની આસપાસ ઓળી સુધી પહોંચનાર ઘોર તપસ્વીની ભૂરિ-ભૂરિ પ્રશંસા કરે છે.

૬. મૈત્રી ભાવના તો સાધુના પ્રાણ છે પણ તેથીય વધુ દુઃસાધ્ય છે પ્રમોદ ભાવના. પણ તે આત્મા માટે તો પ્રમોદ ભાવના જાણે પરમ પ્રિય તત્ત્વ છે. નાનામાં નાના ગણાતા જીવાત્મામાં પણ જો જિનપ્રણિત ગુણોનું અંશમાત્ર દર્શન કરે તો ગુણાનુરાગથી તેમની સાથે વાર્તાલાપ કરી પરિચય સાધે છે, નોંધ લે છે, અન્યને જણાવી પરપ્રશંસાના માધ્યમે પ્રોત્સાહિત કરે છે. 'સારૂં એ મારૂં' એ જ ન્યાય તેમને પસંદ હોવાથી પોતે સંપ્રદાયનું બહુમાન જાળવી સંપ્રદાય કે ગચ્છવાદથી પર તટસ્થ

રહેવા ને શક્ય તેટલી સાધના-આરાધના કરવા પ્રયત્નશીલ છે.

૭. સાધક કોઈક એવા પણ છે જે ક્રોડપતિના પુત્ર તરીકે પંકાયેલા છતાંય દીક્ષા પછી પોતાને ભિક્ષુ માને છે. ખાખી જેવા વેશ-પરિધાન ને સાવ ખાખી મનોવૃત્તિ સાથે સંયમાચારમાં પ્રગતિ સાધવા સતત સાવધાન છે. કુશાગ્ર બુદ્ધિ છતાંય વિનયોપચાર વિશેષ ઝળકે છે તેમની દિનચર્યામાં પોતાનાથી વડીલોને પૂરતું માન અને નાનાઓનું ખાસ બહુમાન કરી પોતે જળકમળ જેમ અલિપ્ત રહેવા મથે છે.

૮. તેઓ વયોવૃદ્ધ સાધક છે. અનેક દીવાળીઓ જોયા પછી અનુભવોના અનુભાવથી ભાવિત છે. ઉમ્ર તથા જરાની લાચારી તેમને નડી નથી. પગપાળો વિહાર જૈફ વય છતાંય કરે છે, પ્રતિક્રમણ પણ સૂર્યોદય-સૂર્યાસ્તના સમયની આસપાસ જ કરી લે છે ને દિવસનો મોટો ભાગ સ્વાધ્યાય-જાપ-અને આત્મ સાધનામાં ગાળે છે, અણાહારી ઔષધનો પણ અણગમો રાખે છે. ઉગ્રાચારના પ્રખર હિમાયતી છે.

૯. અધ્યાત્મ પ્રેમી તે સાધકાત્મા પરમાત્મ ભક્તિમાં દૃઢ વિશ્વાસ રાખે છે. પોતાની વિશેષ સાધના બળે અમુક પ્રકારના આભાસો દ્વારા થનાર ઘટનાઓને જાણે છે, છતાંય તેવા ક્ષયોપશમમાં લેવાઈ ન જઈ તેને પણ ક્ષણિક લબ્ધિ માની અનુપાદેય ગણે છે, જેમની વાણી બ્રહ્મ વચનની જેમ નિષ્ફળ નથી જતી. મૈત્રી ભાવનાને આત્મસાત્ કરેલ હોવાથી કદીય પોતાની વ્યાખ્યાન શક્તિનો ઉપયોગ સ્વાર્થને સંવારવા પરદોષ-ઉદ્‌ઘાટન કરવા કે મત-મતાંતરોવાળા વાદ-વિવાદોમાં પડવા નથી કરતા. વિવિધ ગુણ સંપન્ન છે, આધ્યાત્મિક સાધનાઓ વડે આત્મનિરીક્ષણ જ તેમની સઘળીય સાધનાઓનો સાર છે.

૧૦. આવા સાધકોમાંથી અતિ જૂજ જ પુખ્ત પરિચયમાં આવ્યા હોવાથી અને પોતાની અલ્પમતિ ને હીનબુદ્ધિ હોવાથી અન્ય અનેક પવિત્ર સાધુ-સાધ્વીઓ વિશે સંક્ષેપમાં પણ લખી નથી શકાણું છતાંય આ જ પુસ્તકમાં અન્ય ગુણાનુરાગીઓ તરફથી થયેલ અનુમોદનાઓ ખાસ અવગાહવા જેવી છે. તત્વજ્ઞાન-તપ અને તિતિક્ષાની ત્રિરાશીવાળા જીવાત્માઓ વિરલા જોવા મળે છે, છતાંય જે જે અંશે રત્નત્રયીનો વિકાસ જે જે જીવોમાં જોઉં છું તેમના ગુણાધિક્યને મનોમન વાંદી અભિનંદી લઉં છું.

કારણ કે કોઈક કર્મસાહિત્યના તો કોઈક આગમોના, વ્યાકરણના, ન્યાયના, અન્ય દર્શનશાસ્ત્રોના તો કોઈક સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી,

અંગ્રેજી સહિત વિવિધ ભાષાઓના જ્ઞાતા છે, કોઈક સાધક જિનશાસનની પ્રશંસાપ્રભાવનાદ્વારા શાસનની જીવાદોરી જીવંત રાખી દર્શન તત્વને સાધી રહ્યા છે તો કેટલાય પુણ્યાત્માઓ ક્રિયાચુસ્તતા સાથેના તપ, વૈયાવચ્ચ અને વિવિધ ચારિત્રાચારોથી શાસન શોભાવી રહ્યા છે. દોષોથી ખદબદતી ખાઈ ને ખાડી જેવી દુનિયામાં આવા ઉત્તમ સાધુ-સાધ્વીઓના જીવન વિકાસનું સ્તર માપવા માટે ચર્મચક્ષુ જ નહિ પરંતુ જ્ઞાનચક્ષુ પણ ધોખો ખાઈ જાય, માટે એક છદ્‌મસ્થ તરીકે વધુ વર્ણન પણ કેટલું વજનદાર બની શકે. જે હોય તે આ પ્રસંગે પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.ને પણ નમ્રનિવેદન કરી લઉં કે હજુ પણ આ પ્રસંગોલ્લેખને અપૂર્ણ માની જે જે નવા પ્રેરક દૃષ્ટાંતો જાણવા મળે તે તે ગુણીજનોના ગુણો માણવાનો મોકો સૌને આપશો તથા જો નવી આવૃત્તિની જરૂર જણાય તો તે નવા સાધુ-સંતો તથા સાધ્વી ભગવંતોના જીવન ઝરમરને પ્રકાશિત કરી ઊંડી પ્રમોદભાવનાની વ્યાપકતામાં પણ વધારો કરશોજી. "બહુરત્ના વસુંધરા" એ અનેક રત્નો પેદા કર્યા, કરે છે અને કરશે...

**पए पए निहाणाई, जोयणे रस कूविगा । मग्गहीणा न पासंति, बहुमणी वसुंधरा ॥** વિધ-વિધ રત્નોના વિવિધ ગુણોને ગૂંથી લઈ ગૌરવશાળી ગુણમાળી સૌને પહેરવા આ પુસ્તક એક પ્રેરણા બળ પ્રદાન કરે છે, જે માટે થયેલ પ્રયાસ-પ્રયત્નને પુરુષાર્થને પણ અભિનંદન.

## પુણ્યવાન પ્રભુભક્તોની હાર્દિક અનુમોદના

**લેખકઃ- પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.**

પરમેષ્ઠી ભક્તિ જીવનમાં જેણે હાંસલ કરવી હોય તેમણે અનિવાર્ય રીતે અને આવશ્યક રૂપમાં ભકતોની આંતરિક ભક્તિનું હાર્દિક અનુમોદન કરવું જ જોઈએ. જે ગુણ આપણે પ્રાપ્ત કરવો હોય તે ગુણ જેનામાં સિદ્ધ થઈ ચૂકયો હોય તેની હાર્દિક વંદના કરવી જ જોઈએ. આ વંદના જ આપણા વિકાસના માર્ગે સરળતા પ્રાપ્ત કરવાનો ખૂબ જ સરળમાં સરળ રસ્તો છે. તો ચાલો ! જેઓ પ્રભુભક્ત છે તેઓને યાદ કરીને તેમના આત્મામાં પડેલી પ્રભુભક્તિની હાર્દિક અનુમોદના રૂપ પુષ્પાંજલિ અપીએ.

હે મગધરાજ મહારાજા શ્રેણિક, છેલ્લી ઉંમરમાં કારાગારમાં રોજ સો-સો હંટરોનો જ્યારે આપને માર પડતો હતો ત્યારે પ્રત્યેક હંટરે આપના

મોંમાંથી 'વીર' 'વીર' જે નાદ નીકળતો હતો તેને અમારા પ્રણામ !

હે સુલસા ! જ્યારે પરમાત્મા મહાવીરદેવે અંબડ દ્વારા તને ધર્મલાભ કહેવડાવ્યા અને તે વખતે તારા રોમરોમની અંદર જે અપાર આનંદ ઊભરાઈ ગયો અને જે અત્યંત ભાવવિભોર બનીને પરમાત્માને પ્રણામ કર્યા તે તારી પરા ભક્તિને અમારા પ્રણામ !

વસ્તુપાળના નાનકડા ભાઈ લૂણિગ ! તમે ખૂબ નાની વયમાં અવસાન પામ્યા, પણ અવસાનના છેલ્લા દિવસોમાં તમારી એક ભાવના રહી ગયા બદલ તમે આંસુ સાર્યાં. તમે તમારા ભાઈઓને કહ્યું કે, "મારી ભાવના હતી કે વિમળમંત્રીએ પ્રતિષ્ઠિત કરેલા ભગવાન જેવા જ ભગવાન મારા જીવનકાળમાં ભરાવીશ. પણ અફસોસ ! મૃત્યુકાળ નજદીક આવી જતાં મારી એ ભાવના અધૂરી રહી ગઈ છે." હે જિનભક્ત લૂણિગ ! તમારી એ ભાવનાને ભવિષ્યમાં લૂણિગ વસહી નામનું સુંદર જિનાલય નિર્માણ કરીને વડીલ બંધુઓએ પૂર્ણ કરી. એના મૂળમાં તમારી જે જિનભક્તિ હતી તેને અમારા પ્રણામ !

હે ગુર્જરેશ્વર કુમારપાળના કિશોર પુત્ર નૃપસિંહ ! તમને પણ અમે ભૂલી શકતા નથી. તમારું પણ અવસાન લૂણિગની જેમ નાની વયમાં થયું. તમારા તે છેલ્લી મિનિટોમાં કલિકાલ સર્વજ્ઞ ભગવંત પાસે ઉચ્ચારાયેલા છેલ્લા શબ્દો કે "મારા પિતા કૃપણ નીકળ્યા કે જેમણે સેંકડો શિખરબંધી જિનાલયો બનાવ્યાં પરંતુ આરસનાં જ બનાવ્યાં. મારી ભાવના હતી કે હું જ્યારે મોટો થઈશ ત્યારે સોનાના સેંકડો ગગનચુંબી જિનાલયો બનાવીશ." આપની આ જિનભક્તિ જોઈને કલિકાલ સર્વજ્ઞ ભગવંતની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. નૃપસિંહ ! તારી આ જિનભક્તિને અમારા પ્રણામ !

અરે ઓ ઉજમબેન ! તારો ભાઈ કરિયાવરમાં લગ્ન વખતે તને નવ ગાડાં ભરીને અનેક જાતની ભૌતિક સામગ્રી આપવા આવ્યો ત્યારે તેં કહ્યું, "આ કરિયાવરથી મને જરાય સંતોષ નથી. મારે તો કરિયાવરમાં એક સુંદર જિનાલયનું નિર્માણ જોઈએ છે." અને બહેન, તારા ભાઈએ તને કરિયાવરમાં માત્ર એક જિનાલય ન આપ્યું પણ કરિયાવરમાં શત્રુંજય ઉપર એક ટૂંક બનાવી દીધી જે આજે ઉજમફૂઈની ટૂંક તરીકે પ્રસિદ્ધ બન્યું છે. બહેન ! તારી એ જિનભક્તિને અમારા પ્રણામ !

### હે લંકાપતિરાજ !

મહારાણી મંદોદરી જ્યારે નૃત્ય કરી રહી હતી ત્યારે વીણાનો એક તાર તૂટયો અને આપે સાથળની નસને જોર મારીને ઉપર લાવીને તારેતાર

મિલાવી દઈને નૃત્યને અદ્ભુત બનાવી દીધું. શરીરની તે પીડાની જરા પણ પરવા ન કરી. અહો ! લંકાપતિ ! તે પરાભક્તિને કારણે જ સાંભળ્યું છે કે આપે તીર્થંકર નામકર્મ બાંધી લીધું. જ્યારે એ પરાભક્તિમાંથી આપ બહાર નીકળ્યા ત્યારે આપની પરાભક્તિ જોઈને સ્તબ્ધ થઈ ગયેલા ઈન્દ્રે આપને પ્રસન્ન થઈને કશુંક માગવાનું કહ્યું, ત્યારે આપે જે જિનભક્તિની મસ્ત ખુમારી સાથે જવાબ આપ્યો તે ખુમારીને અમારા પ્રણામ ! લંકાપતિ ! આપની શું વાત કરીએ ! દુષ્કર્મોના ઉદયથી સીતાજીના અપહરણનું એક કલંક આપના જીવનને ભલે લાગી ગયું હતું અને લંકામાં આવેલી સીતાના પગ પાસે કામ સુખની માંગણી કરતા આળોટતા, ઝૂરતા હતા- પરંતુ લંકાપતિ ! અમને એ વાતની પણ ખબર છે કે ત્યારબાદ આપના ગૃહમંદિરમાં પધરાવેલા માણિકય-રત્નના મુનિસુવ્રત સ્વામીનાં ચરણોમાં આળોટતા ઝૂરતા હતા અને પ્રભુને કહેતા હતા કે "મારામાં પ્રજ્વલિત થયેલી કામવાસનાને હે ભગવંત ! જલદીમાં જલદી શાંત કરી દો ! આપના એ મંદિરનું મહત્ત્વ ચારે બાજુ એવું પ્રસરી ગયું હતું કે રામચંદ્રજીએ લંકા ઉપર વિજય મેળવ્યો ત્યારે સહુ પ્રથમ તેમણે એ મહાન મંદિર જોવા માટેની ઈચ્છા દર્શાવી. લંકાપતિ ! આપની એ જિનભક્તિને અમારા પ્રણામ !

અને પેલો પીથો ભાઈ ! તારી તો શું વાત કરીએ ! બપોરના બારેક વાગ્યાનો સમય છે. તારી દુકાને બાદશાહની દાસી રોજ તાજું ઘી લેવા આવતી અને તને આ ખટકયું. કેમકે મધ્યાહ્નકાલીન પૂજામાં તેથી વિક્ષેપ પડતો હતો. પીથા તેં કમાલ કરી. તેં એવું ત્રાગું કર્યું કે જેથી દાસી આવતી બંધ થઈ ગઈ અને મધ્યાહ્નકાલીન પૂજામાં મસ્તાના બનીને તું લીન થઈ ગયો. પીથા ! તું જ ભવિષ્યમાં માંડવગઢનો મંત્રીશ્વર બન્યો. તારું નામ પેથડ બની ગયું.

તારી જિનભક્તિની શી વાત કરીએ ! જ્યારે કરોડો રૂપિયાના લોખંડનું સોનું તેં બનાવી લીધું અને આબુના પહાડ ઉપરથી માંડવગઢ લઈ જવા માટે સાંઢણીઓ ઉપર તૈયારી કરી દીધી અને ત્યાંથી વિદાય થતી વેળાએ વિમળમંત્રીના જિનાલયમાં તું દર્શન કરવા ગયો અને કમાલ થઈ ગઈ ! પરમાત્મામાં રહેલા સર્વસંગત્યાગના તેં દર્શન કર્યાં. પોતે ભયંકર પરિગ્રહનો ભોગ બન્યો છે તે વાતનો ખ્યાલ આવતાં ધ્રુસકે રડી પડયો. તેં પ્રતિજ્ઞા કરી કે આ તમામ સોનું સાતે ક્ષેત્રમાં વાપરી નાખવું અને સુવર્ણસિદ્ધિનો પ્રયોગ ફરી કયારેય કરવો નહિ. અરે ઓ જિનભક્ત પેથડ ! તેં અજૈનોના સ્થાનોમાં પણ તેમના જીવનમાંથી મિથ્યાત્વના ઝેર નીચોવવા માટે અને સમ્યગ્દર્શન પમાડવાની બુદ્ધિથી જૈનધર્મના કટ્ટર દ્વેષી બનેલા

દેવગિરિના રાજાને પરાજિત કર્યો અને ત્યાં શિખરબંધી જિનાલય બનાવ્યું. પેથડ ! તારે એની જમીન ખરીદવામાં જ કરોડો રૂપિયાનો ખર્ચ થઈ ગયો અને છતાં અનેક આપત્તિઓમાંથી પાર ઊતરી જઈ તેં દેવગિરિમાં જિનાલય બંધાવ્યું. હે માંડવગઢ મંત્રીશ્વર ! તમારી આ જિનભક્તિને અમારા કોટિકોટિ પ્રણામ !

કુમારનંદી સોની ! મનુષ્યજીવનની તારી કારમી કામવાસના અમે શાસ્ત્રોનાં પાનાં ઉપર જોઈ છે. તે પછીના તારા દેવ તરીકેના જીવનમાં પરમાત્મા મહાવીરદેવની પ્રતિમા બનાવીને તેમની તેં જે ભક્તિ કરી તેના પ્રભાવે તારી એ કામવાસના શાંત થઈ ગઈ. ઓ કામવાસનાને શાંત કરનારા ! તારી તે જિનભક્તિને અમારા પ્રણામ !

### અરે ઓ વાગ્ભટ્ટ મંત્રીશ્વર !

લાખો સોનામહોરો ખર્ચીને આપે પાલીતાણા ઉપર આદીશ્વર ભગવાનનાં જિનાલયનું નિર્માણ કરાવ્યું. કમનસીબે કાતિલ પવનના સુસવાટાના કારણે તેમાં તિરાડો પડી ગઈ. ત્યારે ફરીથી પોતાના પૈસે જ જિનાલય નિર્માણ કરવાનો સંકલ્પ શ્રીસંઘ સમક્ષ તમે જાહેર કર્યો. કમાલ છે તમારી જિનભક્તિને ! અમારા તેને પ્રણામ !

### ઓ વિમળ મંત્રીશ્વર !

તમારે ઘેર ઘોડિયું બંધાતું ન હતું. પત્નીને વારસ જોઈતો હતો. અંબિકાની આરાધના કરી. દેવીએ કહ્યું કે "વારસ જોઈતો હોય તો તે પણ મળશે અને તમારા મંદિરના કાર્યમાં આવતાં વિઘ્નોનો નાશ જોઈતો હશે તો તે પણ હું આપીશ. તો દસ કલાકમાં તમે બંને દંપતી નિર્ણય કરી લો કે તમારે આરસ (મંદિર) જોઈએ છે કે વારસ ? અને મંત્રીશ્વર ! પત્નીને સમજાવી દઈને તમે આરસ માંગ્યું. કમાલ છે તમારી પરમેષ્ઠિ ભક્તિને ! અમારા તેને પ્રણામ !

### ઓ સંપ્રતિ મહારાજા !

આપે પણ કમાલ કરી. માતાની ઈચ્છા પૂર્ણ કરવા દાતણ પહેલાં રોજ ઓછામાં ઓછા એક જિનાલયનો ભારતની ધરતી ઉપર પાયો નંખાવવાનો સંકલ્પ કરી આપે સવાલાખ જિનમંદિરો અને સર્વશ્રેષ્ઠ જિનેશ્વર ભગવંતોના બિંબની રચના કરી. તમારી એ જિનભક્તિને અમારા પ્રણામ.

## હે ગુર્જરેશ્વર કુમારપાળ !

ત્રિભુવનવિહાર જિનાલયમાં પરમાત્માની આરતી કરતાં કરતાં એકવાર તમે અટકી ગયા અને 'છયે ઋતુનાં પુષ્પો જ્યારે આ પરમાત્માના અંગ ઉપર ચઢતાં થઈ જશે ત્યારે હું અન્ન અને પાણી લઈશ.' એવી પ્રતિજ્ઞા લઈને જે પરમાત્માની ભક્તિનો ઉત્કૃષ્ટ ભાવ ધારણ કર્યો તેને અમારા પ્રણામ ! ગુર્જરેશ્વર ! એ ભક્તિના ભાવમાંથી જ સર્વવિરતિનો ભાવ જાગ્રત થઈ ગયો, જીવંત બની ગયો અને તેથી જ પરમાત્મા પાસે આપ હંમેશ પ્રાર્થના કરતા હતા કે 'હે ભગવાન ! મારું અઢાર દેશનું રાજાપણું પાછું ખેંચી લે અને તારા શાસનનું ભિક્ષુકપણું (સર્વવિરતિ) મને આપ. **तव शासनस्य भिक्षुत्वं देहि मे परमेश्वर ।** ગુર્જરેશ્વર ! પૂર્વના ભવમાં જયતાકના રૂપમાં આપે પરમાત્માની જે ભક્તિ કરી, જે પાંચ કોડીના ફૂલથી પ્રભુભક્તિમાં તન્મય બનવાની કેટલીક ક્ષણો પ્રાપ્ત કરી તે આત્મામાં પડી ગયેલા પ્રભુભક્તિના બીજનું જ આ કારણ છે કે આત્મામાં સર્વવિરતિ પામવાની ભાવના જાગ્રત થઈ. ગુર્જરેશ્વર ! તમારી એ ભક્તિને પ્રણામ !

હે ગુર્જરેશ્વર ! આપ જિનના ભક્ત તો હતા જ પણ જિનમંદિરમાં પ્રવેશતી વખતે કરવામાં આવતા ચાંલ્લાના પણ આપ ભક્ત હતા. આપના જીવનમાં એક અગ્રવાલે નિશ્ચિત સજામાંથી છુટકારો મેળવવા માટે પોતાના મિત્રની સલાહથી કેસરનો ચાંલ્લો કર્યો. તે સજા સાંભળવા માટે આપની રાજસભામાં ઉપસ્થિત થયો. ગુર્જરેશ્વર ! ચાંલ્લાના માશુક એવા આપે તેને પોતાનો સાધર્મિક ગણી તેને સભામાંથી દૂર કર્યો. અને એટલું જ કહ્યું કે 'હવે પછી આવું કદી કરીશ નહિ.' હે ગુર્જરેશ્વર ! ચાંલ્લાના આ ચમત્કારને જ્યારે તે અગ્રવાલ કોમે સાંભળ્યો ત્યારે એવી કિંવદંતી મળી છે કે સાડાત્રણ લાખ અગ્રવાલોએ આ મહાન જૈનધર્મનો સ્વીકાર કરી લીધો. ગુર્જરેશ્વર ! તમે જિનના તો પ્રેમી હતા જ પણ તમારા ચાંલ્લાના પ્રેમને પણ અમારા પ્રણામ !

ઓ સાકરિયા શેઠ ! ગિરનારના જીર્ણોદ્ધારમાં મંત્રીશ્વર સજ્જને મહેસૂલના સવા બાર કરોડ સોનામહોરો વાપરી નાખવાથી મહારાજા સિદ્ધરાજે તે રકમ સાત દિવસમાં હાજર કરવાનો આદેશ કર્યો. અને તમે એકલાએ સજ્જનમંત્રીને સવાબાર કરોડ સોનામહોરથી ભરેલા કોથળા ઉઠાવી લેવાની વિનંતી કરી. તમારી આ જિનભક્તિને અમારા પ્રણામ !

## ઓ સવચંદ અને સોમચંદ શેઠ !

તમારા બેનો ઝઘડો થયો અને તેમાંથી જ શત્રુંજય તીર્થ ઉપર સવા સોમાની ટૂંકનું નિર્માણ થયું. અરે ! આવા ઝઘડા તો કાયમ થતા રહે કે જેથી

તીર્થો ઉપર જિનાલયોના નિર્માણ થાય ! વંદન તે જિનભક્તિને !

## અરે ઓ મોતીશા શેઠ !

તમારી મોતીશાની ટૂંકમાં કામ કરતા કારીગરોના તમે સાત-સાત પેઢી સુધીના દારિદ્રય ફેડી નાખ્યાં. તમને એક વાર ખબર પડી કે કારીગરને ભેટમાં મળેલો હાર તેણે કોઈને દેવામાં ચૂકવી દીધો છે. તમે તેને બોલાવીને કહ્યું, "મોતીશા શેઠનો હાર આમ આપી ન દેવાય. લે આ આપી દેવાની રકમ ! અને દેવું ચૂકવી દે." ધન્ય છે મોતીશા શેઠ ! તમારી જિનભક્તિને અમારા પ્રણામ !

જ્યારે વસ્તુપાળના જિનાલયનું નિર્માણ આબુ ઉપર થઈ રહ્યું હતું ત્યારે શિયાળાની કડકડતી ઠંડીમાં કામ ધીમું પડી ગયું. કેમકે કારીગરનો હાથ ઠંડીથી ધ્રુજી રહ્યો હતો. બીજી બાજુ કામ સંભાળતાં અનુપમાદેવીને જીવનનો કોઈ ભરોસો જ રહ્યો ન હતો, તેથી તે કામમાં વેગ લાવવા માટે બહારથી અગ્નિના તાપણાં શરૂ થયાં અને અંદરથી પથ્થરની જેટલી કરચ પડે તેટલી ચાંદી જોખીને પગાર આપવાનો હુકમ કરીને તમે તમામ કારીગરોના હાથમાં ધનની એવી ગરમી પેદા કરી દીધી કે ચોવીસે કલાક ત્રણ પાળીમાં કારીગરો કામ કરવા લાગી ગયા. દેલવાડાનાં બેનમૂન મંદિરોના પ્રેરક અને સર્જક અનુપમા ! તારી જિનભક્તિને અમારા પ્રણામ !

**ઓ ભીમા કુંડળિયા !** તારું સર્વસ્વ સાત દ્રમ્મ જિનભક્તિમાં ન્યોચ્છાવર કર્યું. તારી જિનભક્તિને અમારા પ્રણામ !

**ઓ મયણા !** તારી ઉગ્ર કક્ષાની અને ઉત્કટ ભાવના સાથેની જિનપૂજાને અમારા પ્રણામ હો કે જે શ્રીફળ અને હાર સેવારૂપે તને તરત જ મળ્યો અને બીજી એક વખત તારો પતિ તારી અપ્રમત્ત ભક્તિના પ્રભાવે ચોવીસ જ કલાકમાં તારી પાસે હાજર થઈ ગયો.

## અરે ! પેલા ઉદાને તો કેમ ભુલાય ?

જે ભવિષ્યમાં ઉદયનમંત્રી થયા હતા. કોઈ પાસેથી ખરીદીને મેળવેલું ઘર પાયામાંથી નવું ઘર બનાવવા ખોદી કાઢવાનો તેણે પ્રયત્ન કર્યો. ત્યારે ખોદકામ કરતી વખતે નીકળેલા નિધાનનો તું માલિક બનવાને બદલે, તેનો ભોગવટો કરવાના બદલે નવા જિનાલયનું નિર્માણ કરી દીધું. ઓ ઉદા ! તને પણ અમારા પ્રણામ !

પેલો આદિનાથ ભગવાનના આત્માને વૈદ્ય તરીકેના ભવમાં પણ કેમ ભુલાય ? હે વૈદ્ય, તેં સાધુઓની ખૂબ સેવા કરી હતી. એકવાર તને

સાધુભક્તિમાં રત્નજડિત કંબલ કોઈકે ભેટ આપી. કામ પતી ગયા પછી તેં રત્નકંબલને વેચી નાખી. જે રકમ પ્રાપ્ત થઈ તેનું તેં જિનાલય બનાવ્યું હતું. એ જિનાલયમાં એક તકતીમાં લખવામાં આવ્યું કે આ જિનાલય વૈદ્યનું કોઈ માનશો નહિ ! તે તો વેચી નાખેલા રત્નકંબલના પૈસામાંથી આ જિનાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઓ વૈદ્ય ! તારી આ સરળતા અને શુદ્ધ જિનભક્તિને અમારા વંદન !

(મુક્તિદૂત" માંથી સાભાર ઉદ્ધૃત)

o

नमो नम : श्री गुणसिन्धुसूरये ॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

अनंत लब्धिनिधानाय श्री गौतमस्वामिने नमः

# ખુલ્લી કિતાબ પરીક્ષા - પ્રશ્નપત્ર

| | |
|---|---|
| **પુસ્તકનું નામ :-** | **બહુરત્ના વસુંધરા - ભાગ ૧** |
| **પ્રકાશક :-** | શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ, ૧૦૨ લક્ષ્મી એપાર્ટ, ડૉ. બેસન્ટ રોડ વરલીનાકા મુંબઈ-૧૮ |
| **સંપાદક તથા પરીક્ષક :-** | અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી<br>મ. સા. ના શિષ્ય પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ. સા. |
| **પરીક્ષા દિવસ :-** | સં. ૨૦૫૩ કા.સુદ ૮, રવિવાર, તા. ૧૭-૧૧-૯૬ સમય ૧ થી ૪.૩૦ |

નોંધ :- સારા અક્ષરે સ્વચ્છતા અને શુદ્ધ જોડણી પૂર્વક પ્રશ્નપત્રમાં જ જવાબ લખો.

**પ્રશ્ન :- નીચેના વાક્ય કોણ બોલે છે ? (ખાલી જગ્યામાં જવાબ લખો.) (૧૫ માર્ક)**

(૧) "મહારાજ સાહેબ ! મને એવા આશીર્વાદ આપો કે હવે આ ભવમાં જ શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થઈ જાય"

[ ]

(૨) "મરતી વખતે અરિહંતને યાદ કરવા હોય તો જીવતાં જ તેની ટેવ પાડવી જોઈએ" [ ]

(૩) "તમને બધાને બરફ કરતાં પણ ઠંડુ બનાવી ને ઉકાળેલું પાણી પીવડાવવની જવાબદારી મારી"

[ ]

(૪) "પૂંજ્યા વિના લાકડું સળગાવાય તો કેટલા જીવોને બાળી નાખવાનું પાપ આપણને લાગે."

[ ]

(૫) "મા તો દળાયુ હોય. તેને આવા બલિદાનની જરૂર ન હોય"
[ ]
(૬) "હે પ્રભુ ! બધાનું દુઃખ મને મળો, મારું સુખ બધાને મળો."
[ ]
(૭) "મારે તમારું ભોજન નહિ ચાલે કારણ કે તેમાં કંદમૂળ હોય, કોથમીર હોય તથા વાસી પણ હોય..."
[ ]
(૮) "સાહેબ ! પૂર્વ જન્મમાં કુળમદ કર્યો હશે એટલે આજે... કુળમાં જન્મ્યો છું." [ ]
(૯) "તમે નાળિયેર ચડાવશો તોપણ ચાલશે."
[ ]
(૧૦) "મ.સા.! ચોર્યાશીના ચક્કર પૂરા કરીને પંચ્યાશીમાં પ્રવેશ કર્યો છે."
[ ]
(૧૧) "હે ભગવન ! મને વધારે પૈસા ન આપીશ. કારણકે પૈસા વધે તો પાપ વધે." [ ]
(૧૨) "અલ્લા = જે કોઈની લા - લ્હાય - નિસાસો ન લે તે = જૈન સાધુ
[ ]
(૧૩) "ખરેખર જૈન ધર્મ ખૂબ જ મહાન છે. આવો મહાન ધર્મ મળવા બદલ હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું."
[ ]
(૧૪) "મ. સા. ! હું તૈયાર છું આ તપ કરવા માટે"
[ ]
(૧૫) "હવે ચોવીશે કલાક સહજ આનંદમય સ્થિતિ રહે છે. હવે ક્યાંય જવાની રૂચિ રહી નથી." [ ]

**પ્રશ્ન :- ૨ નીચેના સુવાક્યો પુસ્તકના ક્યા પાના ઉપર છે ? ફક્ત પાના નંબર લખો.**
**(૨૦ માર્ક)**

(૧) 'પારસમણિ કરતાં પણ સત્સંગનો મહિમા વધારે છે.'
[ ]
(૨) 'મનુષ્ય જન્મથી નહિ પરંતુ કર્મથી મહાન બની શકે છે.'
[ ]

(૩) 'બલિહારી છે શ્રી જિનશાસનની કે જેમાં જીવોના ઉત્થાન માટે આવા અનેકવિધ શુભ આલંબનોનું આયોજન કરવામાં આવ્યું છે.

[ ]

(૪) 'મને જવા દો, હું નહિ અટકું.' [ ]

(૫) 'પરિસ્થિતિ એ ભાગ્યાધીન છે, પરંતુ ધર્મ પુરુષાર્થ એ મનુષ્યને સ્વાધીન છે.' [ ]

(૬) 'ધન્ય છે સાધ્વીજી ભગવંતોને... જેમની નિર્દોષ દિનચર્યા જોઈને એક જ દિવસમાં અજૈન બાલિકાઓને પણ સાધ્વીજી બનવાના કોડ જાગી ગયા. [ ]

(૭) 'મનવા ! ધર તું નવપદ ધ્યાન.' [ ]

(૮) 'કરણ કરાવણ ને અનુમોદન સરખાં ફળ નીપજાવે.'

[ ]

(૯) 'અનાદિકાળથી મિથ્યાત્વથી મૂઢ બનેલા, કર્મોથી ઘેરાયેલા, સ્વ સ્વરૂપથી અજ્ઞાત એવા આ જીવમાં અનંત દોષો હોય તો પણ કશું આશ્ચર્ય નથી પરંતુ...' [ ]

(૧૦) 'મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને માધ્યસ્થ્ય ભાવના ભાવવાની ભવ્ય કળા જેને લાધી જાય તે જીવાત્મા કદાચ સ્વર્ગના સુખોને પણ આંબી જાય. [ ]

(૧૧) 'તમે કેવા પુસ્તકો વાંચો છો તથા કેવા મિત્રો સાથે સોબત રાખો છો ! એટલું જ કહો તો હું તમારું જીવન ચરિત્ર કહી દઉં.'

[ ]

(૧૨) 'ગુણવાનોના ગુણો જોઈ રાજી રાજી થવું ને જાહેરમાં ગુણાધિકનું ગૌરવ વધારવું ઘણું જ અઘરું છે. કારણ કે જીભલડીને ખાવું જેટલું ગમે છે તેટલું જ ખાંડવું પણ ગમે છે. [ ]

(૧૩) 'જડ નિધાનો કે રસકુંપિકાઓ ભલે કદાચ કાળના પ્રભાવે હાલ દૃષ્ટિગોચર ન થતા હોય પરંતુ ડગલે પગલે અનેક સંઘોમાં વિશિષ્ટ આરાધક ચૈતન્ય રત્નોનાં દર્શન તો આજે પણ અચૂક થઈ શકે છે.

[ ]

(૧૪) 'થોડલો પણ ગુણ પર તણો, સાંભળી હર્ષ મન આણ રે,
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજ આતમા જાણ રે.'

[ ]

(૧૫) 'તાવમાં લાંઘણ કરવું સારું.' [ ]

(૧૬) 'ધર્મની વાતનો અમલ આવતી કાલ પર મુલત્વી ના રાખવો.'

[ ]

(૧૭) 'પ્રભુનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને;
પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જો ને.'

[ ]

(૧૮) ગમે તેટલું ખાવું નહિ... ગમે તે ખાવું નહિ... ગમે તેટલી વાર ખાવું નહિ. [ ]

(૧૯-૨૦) જે થાય તે સારાને માટે જ તથા [ ]

**પ્રશ્ન ૩ :- નીચેના વિધાનો જેમના માટે કરવામાં આવેલ છે. તે વ્યક્તિનું નામ કૌંસમાં લખો (૧૫ માર્ક)**

(૧) નવ પરણિત જમાઈરાજની સાસુજી જેવી સરભરા કરે તેનાથી પણ અદકેરી સાધર્મિક ભક્તિ માટે તેઓ ખાસ જાણીતા છે.

[ ]

(૨) શ્રી જિનબિંબ માટે હીરા જડિત રત્નની ટીલડી તથા ચક્ષુ વિગેરે ભરાવવા માટે સદૈવ તૈયાર રહેનાર... [ ]

(૩) સગા ભાઈની દીકરીના લગ્ન પ્રસંગે પણ તેમણે રાત્રિભોજન ન જ કર્યું. [ ]

(૪) સ્વયં ધર્મચક્ર તપ કર્યું અને એ તપ કરનાર તમામ તપસ્વીઓને એક દિવસ બ્યાસણા કરાવવાનો લાભ પણ તેમણે લીધો.

[ ]

(૫) ૬૮મી ઓળી માત્ર ભાત અને પાણીથી કરી.

[ ]

(૬) દરફાગણ સુદ ૧૩ ના શત્રુંજય મહાતીર્થની છ ગાઉની પ્રદક્ષિણા કરે છે. પરંતુ ત્યાં પાલમાં જમતા નથી, તેમજ પ્રભાવના પણ લેતા નથી.

[ ]

(૭) તેમણે ચાર કર્મગ્રંથ સુધીનો અભ્યાસ કરી લીધો છે.

[ ]

(૮) તેમણે ૬૮ એકાસણા પૂર્વક નવકાર મહામંત્રની સાધના કરી છે.

[ ]

(૯) દર વર્ષે નવપદજીની બંને ઓળી એક ધાન્યથી અને એક જ દ્રવ્યથી કરે છે. [ ]

(૧૦) અતિચાર ત્રણ ચાર વાર સભામાં બોલેલ છે.
[ ]

(૧૧) અનેક સાધર્મિકોને શ્રી સિદ્ધાચલજી આદિ તીર્થોની યાત્રા કરાવવા વિગેરે દ્વારા આપશ્રીએ મહાન સુકૃત ઉપાર્જન કરેલ છે.
[ ]

(૧૨) ધ્યાન દ્વારા અંતરાત્મામાં ડૂબકી લગાવીને અવર્ણનીય આત્માનંદની અનુભૂતિ કરતા રહે છે. [ ]

(૧૩) હવે તેમને દૃઢ શ્રદ્ધા થઈ ગઈ છે કે બીજા બધા ધર્મો કરતાં સર્વજ્ઞ અને વીતરાગ પરમાત્મા દ્વારા પ્રણીત જૈન ધર્મ જ સર્વાંગ સંપૂર્ણ છે.
[ ]

(૧૪) સુશ્રાવક શ્રી ખેમચંદજી તથા તેમના પુત્ર મણિલાલભાઈ તથા પૌત્ર મનોહરલાલભાઈ એડવોકેટના નિકટના પરિચયથી તેમનું જીવનપરિવર્તન થયેલ છે. [ ]

(૧૫) સૌજન્યશીલતા, નિખાલસતા, નિઃસ્વાર્થ પરોપકાર, ગુપ્તદાન વિગેરે સદ્‌ગુણોને કારણે આજે પણ લોક હૃદયમાં જીવંત છે.
[ ]

**પ્રશ્ન ૪ :- નીચેના વિધાનો જેમના માટે કરવામાં આવેલ છે તે આરાધક વ્યક્તિ કઈ જાતિમાં જન્મ્યા છે. તે કૌંસમાં લખો (ફક્ત જ્ઞાતિ જ લખવી) (૨૦ માર્ક)**

(૧) તેઓ પીવામાં તો ઉકાળેલું જ પાણી વાપરે પરંતુ હાથ પગ ધોવા પણ ઉકાળેલા પાણીનો જ ઉપયોગ કરે. [ ]

(૨) સુખડ કેસર પણ જાતે જ ઘસે તથા પ્રક્ષાલ માટેનું પાણી પણ પોતાના ઘરેથી જ લાવે. તેમના માતુશ્રી પણ જાતે જ સુખડ ઘસીને જિનપૂજા કરે છે. [ ]

(૩) કુંડલિની શક્તિના જાગરણથી સહજ કવિત્વ શક્તિ તેમને વરેલી છે.
[ ]

(૪) પોતાના ઘરે ૧૮ અભિષેક યુક્ત પ્રભુજીને પધરાવીને રોજ પ્રભુપૂજાની ભવ્ય ભાવના પૂર્ણ કરી. [ ]

(૫) ૧૧ વર્ષની ઉંમરે એકાશણાની તપશ્ચર્યા સાથે ૧ લાખ નવકાર મહામંત્રના જાપની આરાધના કરી. [ ]

(૬) વિહારમાં આવતા સાધુ સાધ્વીજી ભગવંતોને ભાવપૂર્વક વિનંતિ કરીને પોતાના ઘરે ઉતારે છે. અને ખૂબ ઉલ્લાસપૂર્વક ગોચરી પણ વહોરાવે છે. [ ]

(૭) જિંદગીમાં એક પણ આયંબિલ કે ઉપવાસનો અનુભવ ન હોવા છતાં તેમણે થડો બાંધવાનો પ્રારંભ કરી દીધો. [ ]

(૮) તેમના સ્વર્ગસ્થ ભાઈએ પણ અપંગ હોવા છતાં માસક્ષમણ કરેલ.
[ ]

(૯) તેઓ દર વર્ષે પચીસેક બાળકોને વિવિધ જૈન તીર્થોની યાત્રાઓ કરાવે છે. [ ]

(૧૦) ખુદ તેમના પત્નીએ પણ આપઘાત કરવાની ધમકી આપી. તેમ છતાં તેઓ ધર્મશ્રદ્ધાથી ચલિત ન થયા. [ ]

(૧૧) જાપ દરમ્યાન આંખ કે મન ક્યાંય ભાગે નહિ એવી તેમની એકાગ્રતા સવિશેષ અનુમોદનીય છે. [ ]

(૧૨) કર્મ સંયોગે લકવાની અસર થયેલ હોવા છતાં પણ તેઓ નિયમિત પગે ચાલીને વ્યાખ્યાન સાંભળવા અચૂક જાય છે.
[ ]

(૧૩) આઠમ પાંખીના પાંખી પાળે છે. અર્થાત્ ખેતર વાડીએ જતા નથી તથા પૌષધ પણ કરે છે. [ ]

(૧૪) પોતે વૃદ્ધ હોવા છતાં આશ્રમમાં સ્થિરવાસ રહેલા વયોવૃદ્ધ તેમજ બિમાર સાધુ-સાધ્વીજીની ખૂબ જ ભાવથી અનેક પ્રકારે વૈયાવચ્ચ કરે છે. [ ]

(૧૫) મદ્રાસ જૈન સંઘે તેનું સુંદર રીતે બહુમાન કર્યું.
[ ]

(૧૬) તેમના સુપુત્ર રાજાજીભાઈ તથા પૌત્રો આજે પણ આ નિયમ પાળી રહ્યા છે. [ ]

(૧૭) મુનિવરોના સદુપદેશથી તેમણે માંસ મદિરા આદિ સાત મહાવ્યસનોના ત્યાગની પ્રતિજ્ઞા લીધી. એટલું જ નહિ પરંતુ પોતાના પરિવારમાં પણ માંસાહાર સર્વથા બંધ કરાવી દીધો.
[ ]

(૧૮) તેમણે છ'રી પાળતા સંઘમાં સંઘપતિ બનવાનો લાભ લીધો હતો.
[ ]

(૧૯) વ્યાખ્યાનમાં કેટલીકવાર મહાસતીજીઓને પણ જવાબ દેતાં વિચાર થઈ પડે તેવા પ્રશ્નો પૂછે છે. [ ]

(૨૦) પાઠશાળામાં બધા વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો.
[ ]

**પ્રશ્ન ૫ :- નીચેના વિધાનો જેમના માટે છે તેઓ મૂળ ક્યા ગામના વતની છે તે ગામનું નામ લખો** (૨૦ માર્ક)

(૧) એમના પરિવારમાં એમના સહિત કુલ ૭ જણાએ અઠ્ઠાઈ કે તેથી વધુ તપ કરી લીધેલ છે. [ ]

(૨) છેલ્લા ૧૧ વર્ષથી ચાતુર્માસમાં રોજ એકાશણાના પચ્ચક્ખાણ કરે છે. [ ]

(૩) નાનપણથી જ નેત્ર જ્યોતિ ચાલી ગઈ છતાં પણ પુરુષાર્થ અને ધર્મશ્રદ્ધાના બળે તેમણે બી.એ. સુધીનો વ્યાવહારિક અભ્યાસ કર્યો.
[ ]

(૪) મ.સા.ની નિશ્રામાં ૫૧ ઉપવાસ ચઢતા પરિણામે કર્યા. હવે તેઓ ૬૮ ઉપવાસ કરવાની ભાવના રાખે છે. [ ]

(૫) રોજ સવારે ૪:૩૦ વાગ્યે ઊઠીને ૧૦૮ નવકાર, ૧૦૮ લોગસ્સ તથા ૧૦૮ ઉવસગ્ગહરં નો જાપ કરે છે. [ ]

(૬) પાડોશી શ્રાવકોના સત્સંગથી ચુસ્ત જૈન ધર્મ પાળે છે... વ્યાખ્યાન શ્રવણની તક ચૂકે નહિ. [ ]

(૭) કોઈક વાર લાંબી મુસાફરીનો પ્રસંગ આવે ત્યારે પણ વચ્ચેના સ્ટેશને ઉતરી ને પૂજા પ્રતિક્રમણ કર્યા પછી જ આગળ વધે.
[ ]

(૮) જ્યાં સુધી ચારિત્ર સ્વીકારી ન શકાય ત્યાં સુધી તમામ લીલોતરી તેમજ મગ સિવાય તમામ કઠોળ નો પરિત્યાગ કર્યો છે.
[ ]

(૯) ભગવાનને પ્રક્ષાલના દૂધ માટે ખાસ ગાય રાખી છે ને ગાયનું દૂધ દેરાસરમાં ફ્રી આપે છે. [ ]

(૧૦) ૬૦ વર્ષની ઉંમરે પણ દરરોજ પોતાના માતુશ્રીને પગે લાગવામાં ગૌરવ અનુભવે છે. [ ]

(૧૧) ૨૫ છ'રી પાળતા સંઘોમાં યાત્રિક તરીકે જોડાઈને અનેક તીર્થોની યાત્રા કરી છે. [ ]

(૧૨) ભુજથી શંખેશ્વરના છ'રી પાળતા સંઘમાં યાત્રિક તરીકે જોડાયેલ.
[ ]

(૧૩) તેમના પુણ્યોદયે તેમના સાસુ ફોઈ પણ હંમેશાં નવકાર મહામંત્રની અનાનુપૂર્વી ગણે છે. [ ]

(૧૪) તેમની અંતિમ સમાધિના સ્થાને ગામ લોકોએ દેરી બનાવી ને પગલા સ્થાપિત કર્યા છે. [ ]

(૧૫) સં. ૨૦૪૯ના ચાતુર્માસમાં પર્યુષણ દરમ્યાન અમારી પાસે મણિનગર (અમદાવાદ) આવીને ૬૪ પ્રહરી પૌષધ અને અઠ્ઠાઈ કરી. [ ]

(૧૬) તેમના સત્સંગથી પ્રભાવિત થઈને ૬૦૦ હરિજનો હોટલનું પાણી પણ પીતા નથી. [ ]

(૧૭) આવી વિશિષ્ટ તપશ્ચર્યામાં પણ તેઓ વ્યાખ્યાનમાં નિયમિત હાજરી આપતા હતા. [ ]

(૧૮) તેમના નાના ભાઈ શ્યામભાઈ (ઉં.વ. ૨૮) એ પાંચ પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ કરેલ. [ ]

(૧૯) એક રાત્રે સ્વ. સિદ્ધિસૂરીશ્વરજી મ.સા. એ સ્વપ્નમાં તેમને દર્શન આપ્યા [ ]

(૨૦) ૧૧ થી ૫ વાગ્યા સુધી ફક્ત જૈન ધર્મના જ ચિત્રો બનાવે છે. [ ]

**પ્રશ્ન ૬ :- નીચેના વાક્યો જે દૃષ્ટાંતોમાં આવેલ છે તે દૃષ્ટાંતનું સંપૂર્ણ શીર્ષક લખો.**

**(૧૦ માર્ક)**

(૧) મોઢાના છાલાની તીવ્ર બિમારી દરમ્યાન ગહન ચિંતન મનનના પરિપાક રૂપે તેમના જીવનમાં શુદ્ધ આત્મજ્ઞાન ઉદય પામ્યું [ ]

(૨) તેમણે ૪ મહિનાનું સળંગ મૌન સ્વીકારેલ અને મોટા ભાગનો સમય મૌનમાં જ ગાળતા. [ ]

(૩) ઉપાશ્રયથી ઘર ૨ કિ.મી. દૂર હોવા છતાં ૮૪ વર્ષની વયે પણ તેઓ અવારનવાર પ્રવચનમાં આવતા. [ ]

(૪) બાલ્યવયમાં ૮૨ દિવસનું મોટું તપ કર્યું. [ ]

(૫) તપશ્ચર્યાની સાથે સાથે તેમણે કેળવેલો વૈયાવચ્ચનો ગુણ ઊડીને આંખે વળગે તેવો લાગે છે. [ ]

(૬) સંઘના મંત્રી શ્રી ટોકરશી ભાઈ તથા ૧૬ વર્ષના કિશોર સહિત કેટલાય શ્રાવકોને લોચ કરાવતા જોઈને તેમને પણ લોચ કરાવવાના ભાવ થઈ ગયા હતા. [ ]

(૭) રોજ સૂર્યાસ્તથી ૯૬ મિનિટ પહેલાં ચોવિહાર કરે છે.
[ ]

(૮) એમની એક પુત્રી અને ત્રણ પૌત્રીઓએ સંયમ સ્વીકારેલ છે. અને બે પ્રપૌત્રી સંયમની ભાવનાથી સાધ્વીજી પાસે ધાર્મિક અભ્યાસ કરી રહેલ છે. [ ]

(૯) ૫ વર્ષ પહેલા તેમણે શ્રાવકના ૧૨ વ્રતોનો વિધિવત સ્વીકાર કરી લીધો છે. [ ]

(૧૦) સાધુની માફક ગાદલા વિગેરેનો ત્યાગ કરી સંથારા ઉપર જ શયન કરે છે. [ ]

**પ્રશ્ન ૭ :- નીચે જણાવેલ પાંચ પ્રકારની આરાધનામાંથી કોઈપણ પ્રકારની આરાધના જેમણે કરી હોય તેવી બે બે વ્યક્તિઓના નામ દરેક કોઠામાં લખો. દરેક કોઠામાં નવા નામ લખવા. એક જ નામનું પુનરાવર્તન ન થવું જોઈએ નામ સાથે અટક અથવા જ્ઞાતિ લખવી. (૧૦ માર્ક)**

(૧) ઉભય ટંકપ્રતિક્રમણ
(૧)
(૨)

(૨) ઉપાશ્રયમાં જ શયન
(૧)
(૨)

(૩) ૬૪ પ્રહરી પૌષધ
(૧)
(૨)

(૪) અષ્ટ પ્રકારી જિનપૂજા
(૧)
(૨)

(૫) લોચ
(૧)
(૨)

**પ્રશ્ન ૮ :- બહુરત્ના વસુંધરા પુસ્તક વાંચ્યા બાદ તમારા અંતરમાં કેવા કેવા ભાવો જાગ્યા ? પુસ્તક વાંચીને તમે તમારા જીવનમાં શું શું શુભ સંકલ્પો કર્યા કે પરિવર્તન આણ્યું ? ક્યા દૃષ્ટાંતે તમને સૌથી વધુ અસર કરી ? આશરે ૧૦-૧૫ લીટીમાં લખો. (૧૦ માર્ક)**

卐 卐 卐

## કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટના પ્રકાશનો

| | | કિં.રૂ. |
|---|---|---|
| ★ (૧) | જેના હૈયે શ્રીનવકાર, તેને કરશે શું સંસાર (પાંચમી આવૃત્તિ) | ૬૦ |
| (૨) | શિવં સુન્દરં | ૭ |
| (૩) | સર્વ મંગલ માંગલ્યં | ૧ |
| ★ (૪) | પર્વોનું ભૂષણ જીવનનું આભૂષણ | ૧૦ |
| (૫) | સંસારનું મરણ મુક્તિનું શરણ | ૧૦ |
| (૬) | મને જવા દો, હું નહીં અટકું | ૧૦ |
| (૭) | સરસ્વતી ઉપાસના | ૫ |
| (૮) | નિકલ સૂરજ હુઆ સબેરા | ૨ |
| ★ (૯) | શ્રી શત્રુંજય ગુણ સ્તવમાલા | ૫ |
| ★ (૧૦) | શ્રી વર્ધમાન શક્રસ્તવ (સાર્થ) | નિત્યસ્વાધ્યાય |
| ★ (૧૧) | ગિરનાર મંડન શ્રીનેમિનાથ ગુણ ગુંજન | ૧૫ |
| ★ (૧૨) | Miracles of Mahamantra Navkar | ૫૦ |
| ★ (૧૩) | પ્રભુ સાથે પ્રીત | ૪૦ |
| ★ (૧૪) | બહુરત્ના વસુંધરા ભાગ-૧ | ૧૫ |
| ★ (૧૫) | બહુરત્ના વસુંધરા ભાગ-૨ | ૪૦ |
| ★ (૧૬) | બહુરત્ના વસુંધરા ભાગ-૩-૪ | ૩૦ |
| ★ (૧૭) | બહુરત્ના વસુંધરા ભાગ-૧-૨-૩-૪ | ૮૫ |

નોંધ :- ★ આવી નિશાનીવાળા પુસ્તકો જ હાલ ઉપલબ્ધ છે.

## પૂ. ગણિવર્ય શ્રી મહોદય સાગરજી મ.સા. દ્વારા લિખિત - સંપાદિત સાહિત્યની યાદી

| | | |
|---|---|---|
| | ૧ દાદાશ્રી કલ્યાણસાગરસૂરી જીવનચરિત્ર (હિન્દી) | ૧ |
| ★ | ૨ આરાધના દીપીકા | ૫ |
| ★ | ૩ દેશ વિરતિ દીપિકા | ૫ |
| | ૪ શ્રાવકજન તો તેને રે કહીએ | |
| | ૫ શ્રાવકના ૧૨ વ્રતોનો ચાર્ટ | |
| ★ | ૬ શ્રાવકના ૨૧ ગુણોનો ચાર્ટ | |
| | ૭ ૧૪ નિયમનો ચાર્ટ | |
| | ૮ મનવા ! ધર તું નવપદ ધ્યાન | |
| | ૯ ચાહ એક, રાહ અનેક | |
| ★ | ૧૦ શ્રી શત્રુંજય ગુણસ્તવમાલા | |
| ★ | ૧૧ દર્શન-વંદન-સામાયિક સૂત્રો (અંગ્રેજી-હિન્દી-ગુજરાતી) | ૧૦ |
| | ૧૨ ભક્તિસુધા | |
| ★ | ૧૩ જેને હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર (પાંચમી આવૃત્તિ) ? | ૬૦ |
| ★ | ૧૪ શ્રી વર્ધમાન શક્રસ્તવ (સાર્થ) (દ્વિતિયાવૃત્તિ) અમૂલ્ય | |
| ★ | ૧૫ Miracles of Mahamantra Navakar | ૫૦ |
| ★ | ૧૬ ગિરનાર મંડન શ્રી નેમિનાથ ગુણ ગુંજન | ૧૫ |
| ★ | ૧૭ પ્રભુ સાથે પ્રીત | ૪૦ |
| ★ | ૧૮ બહુરત્ના વસુંધરા ભાગ-૧ | ૧૫ |
| ★ | ૧૯ બહુરત્ના વસુંધરા ભાગ-૨ | ૪૦ |
| ★ | ૨૦ બહુરત્ના વસુંધરા ભાગ-૩-૪ | ૩૦ |
| ★ | ૨૧ બહુરત્ના વસુંધરા (ભાગ-૧-૨-૩-૪) | ૮૫ |

નોંધ : ★ આવી નિશાનીવાળી પુસ્તકો જ હાલ ઉપલબ્ધ છે.

લીન બન્યા. રાત્રિમાં એક ભૂખી શિયાળણી બચ્ચા સાથે આવી. મુનિની સુકોમળ કાયાને ભક્ષ્ય બનાવી ખાવા લાગી. પહેલા પહોરે પહેલો પગ; બીજા પહોરે બીજો પગ ફાડયો. ત્રીજા પહોરે પેટ વિદારી આંતરડાં કાપ્યાં, લોહી ગટગટ પીધાં, માંસના લોચા દાંતથી બટબટ ચાવ્યા; હાડકોને તડતડ તોડયાં. આવી ઘોર વેદનાને પૂર્ણ સમભાવે સહન કરી કાળધર્મ પામી દેવલોકમાં નલિનીગુલ્મ વિમાને પહોંચી ગયેલ શ્રી અવંતિસુકુમાલની ભાવભરી અનુમોદના કરું છું....

(૭) શ્રી ચંદ્રાવતંસક રાજા કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા છે. પાસે દીવો સળગી રહ્યો છે. દીવો બળે ત્યાં સુધી ધ્યાનમાં રહેવાનો અભિગ્રહ રાજાએ કર્યો. અભિગ્રહથી અજ્ઞાત દાસીએ રાજાનું ધ્યાન ચાલે ત્યાં સુધી દીવો રાખવા અંદર ઘી પૂરવા માંડયું. આખી રાત્રિ આમ ચાલ્યું. રાજા ધ્યાનમાંથી ચલાયમાન ન થયા. સુકોમળ કાયા ઊભા ઊભા આ ધ્યાનમાં કષ્ટ સહન કરી ન શકી. પ્રભાત થતાં તો રાજા ભૂમિ ઉપર પડી ગયા. પણ શુભ ધ્યાનથી પડયા વિના મૃત્યુ પામીને દેવલોકમાં ગયા. ચંદ્રાવતસંક રાજાની પ્રતિજ્ઞાની દૃઢતાની ભાવપૂર્વક અનુમોદના કરું છું.

(૮) ખંધકસૂરિ ૫૦૦ શિષ્યો સાથે વિચરતા પધાર્યા. નગરના મંત્રી પાલકે રાજાને ભંભેરી ખોટાં દોષારોપણ કરી પાંચસો સાધુને મરણાંત સજા કરી. યંત્ર તૈયાર કરી એક પછી એક સાધુને પીલવા માંડ્યા. લોહીની નદીઓ વહી, ખોપરીઓ તૂટવા માંડી. ખંધકસૂરી સાધુઓને અંતિમ નિર્યામણા કરાવે છે. યંત્રમાં પીલાવાની પીડા પણ સમભાવે સહન કરતાં, આરાધનાના શુભ ધ્યાનમાં મુનિઓ કેવળજ્ઞાન પામીને મુક્તિએ ગયા-તે ખંધક સૂરિના શિષ્યોની ભાવથી અનુમોદના કરું છું.

(૯) શાલિભદ્ર-ધન્નાજી-સાળા-બનવીએ અપાર વૈભવ છોડીને દિવ્ય ભોગોને તિલાંજલી આપી પ્રભુ મહાવીર પાસે ચારિત્ર લીધું, ઉગ્ર તપસ્યાઓ કરીને કાયા કૃશ બનાવી દીધી. બાર વર્ષે પુનઃ રાજગૃહી નગરી પધારતાં "માતાના હાથે પારણું થશે" તેવા પ્રભુના વચનથી ભદ્રા શેઠાણીના ઘેર ગોચરી અર્થે ગયા, પ્રભુને અને શાલિભદ્ર-ધન્ના મુનિને વંદન કરવા તૈયારીમાં પડેલા સ્વજનોનું ધ્યાન ન ગયું, ઓળખ્યા નહિ, પાછા વળતાં રસ્તામાં (પૂર્વ ભવની માતા) રબારણના હાથે દહીં વ્હોરી પ્રભુને બતાવ્યું, પ્રભુના ખુલાસાથી પૂર્વ ભવની માતા જાણી, પારણું કરીને પ્રભુ પાસે અંતિમ અણસણની રજા મેળવી વૈભારગિરિ ઉપર પહોંચી ગયા. ક્ષેત્ર પડિલેહણાદિ કરી, વોસિરાવીને સંથારો કર્યો, શુભ ધ્યાનમાં સ્થિર થયા. પ્રભુજીની પાસેથી હકીકત સાંભળી કલ્પાંત કરતી બત્રીશ સ્ત્રીઓની સાથે ભદ્રા માતા વૈભારગિરિ ઉપર આવી પહોંચ્યાં, પરંતુ તેમની સામે નજર પણ ન કરતાં આત્મધ્યાનમાં સ્થિરતા રાખી શુભભાવનામાં

## આત્મગૃહના ચાર દરવાજા

એક સભાગૃહને ચાર દરવાજા છે. પ્રથમ બે દરવાજા ક્રમશઃ સજ્જનોને અને દુર્જનોને આવવા માટે છે. ત્રીજો - ચોથો દરવાજો ક્રમશઃ એ બંનેને નીકળવા માટે છે, હવે આ ચારમાંથી પહેલો (સજ્જનોને આવવાનો)ને ચોથો (દુર્જનોને જવાનો) દરવાજો હંમેશા બંધ રહેતા હોય ને શેષ બે ખુલ્લા...તો હાલત શું થાય ?

આપણા આત્મગૃહને પણ ચાર દરવાજા છે. બે દરવાજા સદ્‌ગુણોની અવરજવર માટે ને બે દુર્ગુણોની અવરજવર માટે.

અન્યના સદ્‌ગુણો - સુકૃતોની પ્રશંસા - અનુમોદના એ સજ્જનશા સદ્‌ગુણોનું પ્રવેશદ્વાર (Entrance) છે, અન્યના દોષો - દુષ્કાર્યોની નિંદા (પરનિંદા) એ દુર્જનશા દુર્ગુણોનું પ્રવેશદ્વાર છે. સ્વગુણો - સ્વ સુકૃતોની પ્રશંસા એ સદ્‌ગુણોનું નિર્ગમનદ્વાર (Exit) છે...સ્વદોષો - સ્વદુષ્કાર્યોની નિંદા - ગર્હા - આલોચના એ દોષોનું નિર્ગમનદ્વાર છે.

પહેલું ને ચોથું દ્વાર બંધ રાખવું અને બીજું તથા ત્રીજું દ્વાર ખુલ્લું રાખવું એ આપણી અનાદિની ચાલ છે... ને આ આતમઘરની હાલત જે જોવા જેવી થઈ છે !!! શું એ આપણાથી અજાણ છે ?